بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

નુઝ્હતુલ્ ફ઼ારી

શરહે સહીહ બુખારી

[ભાગ : ૫]

અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી

હસ્બે ફર્માઈશ

હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી

અઝ : ફ઼ક્રીહુલ્ હિંદ હઝરત અલ્લામા

મુફ્તી મુહમ્મદશરીફુલ હક્ક઼ અમજદી رحمۃ اللہ علیہ

(પૂર્વ સદર મુફ્તી જામિઆ અશ્રફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

GRWB/059/
Bharuch/02
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ
પિન. ૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net
Email :anjuman2006@hotmail.com

સુન્ની દા'વતે ઈસ્લામી-દયાદરા શાખા

GRWB/058/
Bharuch/02
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ
પિન. ૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net
Email :anjuman2006@hotmail.com

VISIT…

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا رَسُوۡلَ اللّٰہِ ﷺ

وَعَلٰی آلِكَ وَاَصۡحَابِكَ یَا حَبِیۡبَ اللّٰہِ ﷺ

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન

કિતાબનું નામ : **નુઝ્હતુલ્ ક़ારી શરહે સહીહ બુખારી (ભાગ : ૫)**

અઝ : *ફ़ક़ીહુલ્ હિંદ હઝરત અલ્લામા મુફ્તી*

મુહમ્મદશરીફુલ હક્ક़ અમજદી رحمۃ اللہ علیہ

(પૂર્વ સદર મુફ્તી જામિઆ અશ્રફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **Email : anjuman2006@hotmail.com**

કંપોઝિંગ & ડિઝાઇન : સાદિક़ યાકૂબ પટેલ દયાદરવી (મો. ૯૪૨૭૮ ૧૭૩૯૯)

: હાફિઝ વહીદ ઈકબાલ જમાદાર (૯૭૨૫૫ ૧૯૮૨૨)

પેજીસ : ૫૨૮ ★ **કિંમત** : ₹ **200/-** ★ **આવૃત્તિ** : પ્રથમ

પ્રકાશન વર્ષ : ૧૨ જમાદિઉલ આખર, હિ.સ. ૧૪૩૫ ★ **પ્રકાશન નં.** : ૨૦૪
અંગ્રેજી તા. ૦૬/માર્ચ/૨૦૧૪, વાર : જુમેરાત

પ્રાપ્તિસ્થાન : **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**
મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com
www.barkatekhwaja.net

પ્રકાશકો

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા | **સુન્ની દા'વતે ઈસ્લામી** (દયાદરા શાખા)

★ **નકલ** : ૩૦૦૦ | ★ **નકલ** : ૧૦૦૦

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

નોંધ : ડોનરો-મેમ્બરોને દરેક કિતાબની એક કોપી ફ્રીમાં મોકલવામાં આવે છે. (મેમ્બર ફી રૂા. ૪૦૦/-)

અ.....નુ.....ક.....મ.....ણિ.....કા.....

વિષય	પેજ નં
કલેમાતે ખૈર	
(અઝ :મુહમ્મદ શાકિર નૂરી રઝવી–મુંબઈ)	013
અનુવાદકના બે બોલ...	
(અઝ :પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)	014
રોઝા વિશે પ્રકરણ	
"રોઝાનું વાજિબ હોવું"	015
રોઝા ક્યારે ફર્ઝ થયા	016
[હદીષ : ૧૧૦૬–૧૧૦૭]	016
રોઝાની ફઝીલત	018
[હદીષ : ૧૧૦૮]	018
રૈયાન રોઝાદારો માટે છે	020
[હદીષ : ૧૧૦૯]	020
[હદીષ : ૧૧૧૦]	021
શું રમઝાન કે શહરે રમઝાન કહેવામાં આવે ?	023
રમઝાન આવતાં જન્નતના દરવાજા ખુલી જાય છે	024
[હદીષ : ૧૧૧૧]	024
ચાંદ જોવાનું બયાન	025
[હદીષ : ૧૧૧૩]	025
રોઝામાં બુરી વાત બુરો અમલ છોડવા વિશે	029
[હદીષ : ૧૧૧૪]	029
રોઝાદારને કોઈ ગાળ આપે તો શું કરે ?	030
[હદીષ : ૧૧૧૫]	030
રોઝા વાસનાને તોડનાર છે	031
[હદીષ : ૧૧૧૬]	031
ચાંદ જુઓ તો રોઝો રાખો/ચાંદ વિશે હુકમો	033
[તઅલીક : ૩૨૮]	033
[હદીષ : ૧૧૧૭–૧૧૧૮]	035
[હદીષ : ૧૧૧૯–૧૧૨૦]	036
[હદીષ : ૧૧૨૧]	037
[હદીષ : ૧૧૨૨]	038

વિષય	પેજ નં
રમઝાનથી એક બે દિવસ અગાઉ રોઝા ન રાખે	039
[હદીષ : ૧૧૨૩]	039
રોઝાની રાતોમાં પત્નીઓ પાસે જવું	040
[હદીષ : ૧૧૨૪]	040
રોઝાની શરૂઆત અને અંત વિશે	042
[હદીષ : ૧૧૨૫]	042
[હદીષ : ૧૧૨૬]	044
સહરી વાજિબ ન હોવા વિશે	045
[હદીષ : ૧૧૨૭]	045
[હદીષ : ૧૧૨૮]	047
જ્યારે દિવસમાં રોઝાની નિય્યત કરે	048
[તઅલીક : ૩૨૯]	048
આશૂરાના દિવસના રોઝા વિશે	049
[હદીષ : ૧૧૨૯]	049
જનાબતની હાલતમાં રોઝા વિશે	051
[હદીષ : ૧૧૩૦]	051
[તઅલીક : ૩૩૦]	055
રોઝાદારનું સંભોગ કરવું	056
[તઅલીક : ૩૩૧, હદીષ : ૧૧૩૧]	056
રોઝાદારે બોસો લેવું (કીસ કરવું)	057
[તઅલીક : ૩૩૨, હદીષ : ૧૧૩૨]	057
રોઝાદારનું ગુસ્લ કરવું, ચાખવું વગેરે	058
[તઅલીક : ૩૩૩–૩૩૪]	058
[તઅલીક : ૩૩૫–૩૩૬–૩૩૭]	059
[તઅલીક : ૩૩૮–૩૩૯–૩૪૦]	060
રોઝાની હાલતમાં સુરમો લગાડવો	060
[તઅલીક : ૩૪૧]	060
રોઝાદારનું ભૂલથી ખાવું પીવું, મિસ્વાક કરવું	062
[તઅલીક : ૩૪૨]	062
નાકમાં પાણી, નાકમાં દવા નાખવા વિશે	062

વિષય	પેજ નં
[તઅલીક઼ : ૩૪૩]	062
રોઝાની હાલતમાં સંભોગ કરનાર વિશે	063
[તઅલીક઼ : ૩૪૪–૩૪૫]	063
[હદીષ : ૧૧૩૩]	063
હુઝૂર ﷺના અધિકાર વિશે	064
[તઅલીક઼ : ૩૪૬]	064
[તઅલીક઼ : ૩૪૭–૩૪૮]	065
વુઝૂમાં નસ્કોરામાં પાણી નાખે	065
[તઅલીક઼ : ૩૪૯–૩૫૦]	066
જેણે રમઝાનમાં સંભોગ કર્યો [તઅલીક઼ : ૩૫૧]	067
[તઅલીક઼ : ૩૫૨, હદીષ : ૧૧૩૪	068
[હદીષ : ૧૧૩૫]	069
હુઝૂર ﷺનો ઈખ્તિયાર જુઓ	071
રોઝાની હાલતમાં પછના લગાડવું (લોહી ચૂંસાવવું) તથા ઉલ્ટી કરવું	073
[હદીષ : ૧૧૩૬]	073
[તઅલીક઼ : ૩૫૩]	074
[તઅલીક઼ : ૩૫૪ થી ૩૫૬]	075
લોહી ચૂસાવવા વિશે	076
[તઅલીક઼ : ૩૫૭ થી ૩૫૯]	076
[હદીષ : ૧૧૩૭–૧૧૩૮]	078
સફરની હાલતમાં રોઝા વિશે	079
[હદીષ : ૧૧૩૯]	079
[હદીષ : ૧૧૪૦]	081
[હદીષ : ૧૧૪૧]	082
[હદીષ : ૧૧૪૨–૧૧૪૩]	083
સહાબાએ એકબીજા પર રોઝા રાખવા ન રાખવા પર અયબ નથી લગાડયો	085
[હદીષ : ૧૧૪૪–૧૧૪૫]	085
રોઝાના બદલામાં ફિદિયા વિશે વર્ણન	086
[તઅલીક઼ : ૩૬૦–૩૬૧, હદીષ : ૧૧૪૬]	
રમઝાનના છોડેલા રોઝાની ક઼ઝા ક્યારે કરશે ?	090
[તઅલીક઼ : ૩૬૨ થી ૩૬૫, હદીષ : ૧૧૪૭]	

વિષય	પેજ નં
હૈઝવાળી રોઝા ન રાખે ન નમાઝ પઢે	090
[તઅલીક઼ : ૩૬૬]	
મરનાર પર રોઝા બાકી હોય તો શું કરવું ?	094
[તઅલીક઼ ૩૬૭થી ૩૭૦, હદીષ : ૧૧૪૮, ૧૧૪૯]	
રોઝાદારે રોઝો ખોલવો ક્યારે જાઈઝ છે ?	099
[તઅલીક઼ ૩૭૧, હદીષ : ૧૧૫૦]	
ઈફ્તારમાં જલ્દી કરવું	100
[હદીષ : ૧૧૫૧–૧૧૫૨]	
બાળકોનું રોઝો રાખવું	102
[હદીષ : ૧૧૫૩, તઅલીક઼ –૩૭૨]	
રાતમાં રોઝો નથી	103
સૌમે વિસાલ વિશે	104
[તઅલીક઼ : ૩૭૩, હદીષ : ૧૧૫૪ થી ૧૧૫૮]	104
રોઝો તોડવા પર ક઼ઝા તથા કફ્ફારા વિશે	107
[હદીષ : ૧૧૫૯]	107
શાબાનના રોઝાનું બયાન	110
[હદીષ : ૧૧૬૦]	110
[હદીષ : ૧૧૬૧]	114
રોઝા રાખવા ન રાખવા વિશે	115
[હદીષ : ૧૧૬૨–૧૧૬૩]	115
રોઝામાં શરીરનો હક્ક઼	116
[હદીષ : ૧૧૬૪]	116
દાઊદ عليه السلام નો રોઝો	119
[હદીષ : ૧૧૬૫]	119
અય્યામે બીજના રોઝા	120
[હદીષ : ૧૧૬૬]	120
જે કોઈ ક઼ૌમની મુલાકાત માટે ગયો અને ત્યાં રોઝો ન તોડયો	121
[હદીષ : ૧૧૬૭]	122
અંતિમ મહિનાનો રોઝો	125
[હદીષ : ૧૧૬૮]	125
જુમ્આના દિવસના રોઝાનું બયાન	126

વિષય	પેજ નં
[હદીષ : ૧૧૬૯]	127
[હદીષ : ૧૧૭૦–૧૧૭૧]	128
ઉમ્મુલ મોમિનીન હઝરત જુવૈરિયહ رضی اللہ عنہا	128
શું રોઝો માટે અમુક દિવસો ખાસ કરે ?	129
[હદીષ : ૧૧૭૨]	129
અરફાના દિવસનો રોઝો	130
[હદીષ : ૧૧૭૩]	130
ઈદુલ ફિત્ર તથા કુર્બાની દિવસોમાં રોઝો મના	130
[હદીષ : ૧૧૭૪–૧૧૭૫]	131
યૌમે નહરના રોઝાનું બયાન	132
[હદીષ : ૧૧૭૬–૧૧૭૭]	132
અૈયામે તશરીકના રોઝા	134
[હદીષ : ૧૧૭૮ થી ૧૧૮૦, તઅલીક઼ : ૩૭૪]	134
આશૂરાના દિવસે રોઝો	136
[હદીષ : ૧૧૮૧ થી ૧૧૮૫]	136
રમઝાનમાં ક઼યામ કરવાની ફ઼ઝીલત	140
[હદીષ : ૧૧૮૬ થી ૧૧૮૮]	140
બિદઅતની વ્યાખ્યા અને તેના પ્રકારો	143
લયલતુલ ક઼દ્રની ફ઼ઝીલત	144
[તઅલીક઼ : ૩૭૫]	144
છેવટની સાત રાતોમાં શબેક઼દ્રને શોધો	145
[હદીષ : ૧૧૮૯]	145
શબેક઼દ્રની તલાશ	148
[હદીષ : ૧૧૯૦ થી ૧૧૯૨]	148
[હદીષ : ૧૧૯૩]	149
શબેક઼દ્રનો સમય બતાવવા વિશે	150
[હદીષ : ૧૧૯૪]	150
રમઝાનના છેલ્લા દસકામાં અમલનું બયાન	151
[હદીષ : ૧૧૯૫]	151
એ'તેકાફનું પ્રકરણ	152
એ'તેકાફ કરનાર ઘરમાં દાખલ ન થશે	153
[હદીષ : ૧૧૯૬ થી ૧૧૯૮]	153
રાતમાં એ'તેકાફનું બયાન	154

વિષય	પેજ નં
[હદીષ : ૧૧૯૯]	154
ઔરતોના એ'તેકાફનું પ્રકરણ	155
[હદીષ : ૧૨૦૦]	155
પોતાની જરૂરત માટે મોઅતકિફ મસ્જિદના દરવાજા સુધી જઈ શકે	157
[હદીષ : ૧૨૦૧]	157
રમઝાનના મધ્ય દસકામાં એ'તેકાફ	159
[હદીષ : ૧૨૦૨]	159
ખરીદ વેચાણનું બયાન	160
[હદીષ : ૧૨૦૩]	161
મુશબ્બહાતની તફ઼સીર	164
[તઅલીક઼ : ૩૭૬]	164
[હદીષ : ૧૨૦૪]	165
[હદીષ : ૧૨૦૫]	168
શંકાસ્પદ ચીજોનું બયાન	169
[હદીષ : ૧૨૦૬, ૧૨૦૭, તઅલીક઼ : ૩૭૭, ૩૭૮]	169
જેને એની પરવા ન હોય કે ક્યાંથી માલ કમાયો	171
[હદીષ : ૧૨૦૮]	171
કપડાં વગેરેમાં વેપારનું બયાન	172
[તઅલીક઼ : ૩૭૯, હદીષ–૧૨૦૯]	172
વેપાર માટે નીકળવું....અલ્લાહનો ફ઼ઝ્લ તલાશ કરો	174
[હદીષ : ૧૨૧૦]	174
દરિયામાં વેપારનું બયાન	176
[તઅલીક઼ : ૩૮૦–૩૮૧]	176
પોતાની પાક કમાઈમાંથી ખર્ચવું	177
[હદીષ : ૧૨૧૧]	177
રોઝીમાં વધારાનો ઉપાય	177
[હદીષ : ૧૨૧૨]	177
નબી ﷺનું ઉધાર ખરીદવું	178
[હદીષ : ૧૨૧૩ થી ૧૨૧૫]	178
પોતાના હાથની કમાઈ	179
[હદીષ : ૧૨૧૬ થી ૧૨૧૮]	181

વિષય	પેજ નં
ખરીદ વેચાણ તથા તક़ાઝામાં નરમી કરવી	182
[હદીષ : ૧૨૧૯]	182
જેણે માલદાર તથા ગરીબને મોહલત આપી	182
[હદીષ : ૧૨૨૦–૧૨૨૧, તઅલીક़ : ૩૮૨ થી ૩૮૪]	183
અયબ બતાવ્યા વિના વેચવું નાજાઈઝ	185
[તઅલીક़ : ૩૮૫ થી ૩૮૮]	186
[હદીષ : ૧૨૨૨]	187
હઝરત ઉક़બા બિન આમિર رضی اللہ عنہ	187
મિશ્ર ખજૂરો વેચવી	189
[હદીષ : ૧૨૨૩]	189
ગોશ્ત વેચનાર વિશે	189
[હદીષ : ૧૨૨૪]	189
વિના દાવતે ખાવા જનાર વિશે	190
[તઅલીક़ : ૩૮૯]	191
વ્યાજ ખાવા ખવડાવવા વિશેનું બયાન	191
[હદીષ : ૧૨૨૫]	192
ફોટો (તસ્વીર) પાડનાર પર લઅનતનો આદેશ	192
[હદીષ : ૧૨૨૬]	193
ખરીદ વેચાણમાં ક़સમ ખાવી મકરૂહ	194
[હદીષ : ૧૨૨૭]	194
જે કાંઈ સોનીના બારામાં કહેવામાં આવ્યું	195
[હદીષ : ૧૨૨૮]	195
લુહારનું વર્ણન	196
[હદીષ : ૧૨૨૯]	196
દરજીનું બયાન	198
[હદીષ : ૧૨૩૦]	198
સુથારનું બયાન	199
[હદીષ : ૧૨૩૧]	199
ચોપગાં અને ગધેડાને ખરીદવું	200
[હદીષ : ૧૨૩૨]	200
ખુજલીની બીમારીવાળુ ઊંટ ખરીદવું	204
[હદીષ : ૧૨૩૩]	204
ઝઘડા તથા અમ્નમાં હથિયાર વેચવું	204
[તઅલીક़ : ૩૯૦]	204
[હદીષ ૧૨૩૪]	205
અત્તર તથા મુશ્ક વેચવાનું બયાન	206
[હદીષ : ૧૨૩૫]	206
સેંગી લગાડનાર (લોહી ચૂંસનાર)નું બયાન	207
[હદીષ : ૧૨૩૬–૧૨૩૭]	208
મકરૂહ ચીજોના વેચાણનું બયાન	208
[હદીષ : ૧૨૩૮]	208
તસવીરવાળા કપડાના વેચાણનું બયાન	209
[હદીષ : ૧૨૩૯]	209
કેટલા દિવસો સુધી ખિયાર જાઈઝ છે	211
[હદીષ : ૧૨૪૦–૧૨૪૧, તઅલીક़ : ૩૯૧]	212
સોદામાં ધોકો નાપસંદીદા છે	216
[હદીષ : ૧૨૪૨]	216
બજારો વિશે વર્ણન	217
[તઅલીક़ : ૩૯૨, હદીષ : ૧૨૪૩ થી ૧૨૪૬]	217
બજારોમાં શોરોગુલનું નાપસંદ હોવું	222
[હદીષ : ૧૨૪૭]	222
માપવું વેચનાર તથા આપનાર પર છે	225
[તઅલીક़ : ૩૯૩–૩૯૪]	225
હુઝૂર ﷺની હાજરીથી ખજૂરોમાં બરકત થઈ	226
[હદીષ : ૧૨૪૮]	226
માપવાનું મુસ્તહબ હોવું	227
[હદીષ : ૧૨૪૯]	227
નબી ﷺના સાઅ તથા મુદ (માપિયાં)ની બરકત	229
[હદીષ : ૧૨૫૦–૧૨૫૧]	229
અનાજ વેચવા તથા રોકવા વિશે બયાન	230
[હદીષ : ૧૨૫૨ થી ૧૨૫૪]	230
જાનવર ખરીદવા વેચવા વિશે	233
[તઅલીક़ : ૩૯૫]	233
સોદા પર સોદો ન કરે	235
[હદીષ : ૧૨૫૬–૧૨૫૭]	235
લીલામ (હરાજી)નું બયાન	237

વિષય	પેજ નં
[તઅલીક઼ : ૩૯૬, હદીષ–૧૨૫૮]	237
બોલી આપવાનું બયાન	238
[તઅલીક઼ : ૩૯૭, ૩૯૮, હદીષ : ૧૨૫૯]	238
ધોકાનો સોદો અને ગર્ભના ગર્ભનો સોદો	239
[હદીષ : ૧૨૬૦]	239
બયએ મુલામસતનું બયાન	240
[હદીષ : ૧૨૬૧]	240
દૂધવાળાં જાનવર વેચવા વિશે	241
[હદીષ : ૧૨૬૨ થી ૧૨૬૪, તઅલીક઼ : ૩૯૯ થી ૪૦૧]	242
ઝિનાકાર ગુલામનું ખરીદ વેચાણ	244
[તઅલીક઼ : ૪૦૨, હદીષ : ૧૨૬૫–૧૨૬૬]	245
શહેરી ગામડાવાળાની ચીજ વેચે એના વિશે	246
[તઅલીક઼ : ૪૦૩, ૪૦૪]	246
[હદીષ : ૧૨૬૭ થી ૧૨૭૨]	247
મુનક્કાના બદલામાં મુનક્કા, અનાજના બદલામાં અનાજ વેચવું	250
[હદીષ : ૧૨૭૩–૧૨૭૪]	250
સોનાને સોનાના અને ચાંદીને ચાંદીના બદલામાં વેચવું	251
[હદીષ : ૧૨૭૫–૧૨૭૬]	251
[હદીષ : ૧૨૭૭]	252
દીનારને દીનારના બદલામાં ઉધાર વેચવું	253
[હદીષ : ૧૨૭૮]	253
બયએ મુઝાબનહ	255
[હદીષ : ૧૨૭૯]	255
ફળોનું સોના ચાંદીના બદલામાં વેચવું	257
[હદીષ : ૧૨૮૦ થી ૧૨૮૫]	257
સહલ બિન અબૂ હષ્મા رضی اللہ عنہما	258
અરાયાની તફ઼સીર	260
[તઅલીક઼ : ૪૦૭ થી ૪૧૦]	260
ખાવા લાયક થતા પહેલાં ફળોનું ખરીદ વેચાણ	262
[તઅલીક઼ : ૪૧૧, ૪૧૨, હદીષ : ૧૨૮૬ થી ૧૨૮૯]	265
ઉપયોગને પાત્ર થતા પહેલાં ફળો વેચ્યાં	265

વિષય	પેજ નં
[હદીષ : ૧૨૯૦ થી ૧૨૯૨]	266
ફસલને માપેલા અનાજના બદલામાં વેચવું	268
[હદીષ : ૧૨૯૩]	268
બયએ મુખાદરાનું બયાન	269
[હદીષ : ૧૨૯૪ થી ૧૨૯૭, તઅલીક઼ : ૪૧૩ થી ૪૧૫]	270
એક ભાગીદારનું બીજા ભાગીદાર સાથે સંયુક્ત માલનું વેચવું	273
[હદીષ : ૧૨૯૭]	273
કોઈના માટે કોઈ ચીજ એની રજા વિના ખરીદી	275
[હદીષ : ૧૨૯૮]	275
હર્બી તથા મુશ્રિકો સાથે ખરીદ વેચાણ	277
[હદીષ : ૧૨૯૯]	277
હર્બીથી ગુલામ ખરીદવો, હર્બીનું ભેટ ધરવું, આઝાદ કરવું	279
[તઅલીક઼ : ૪૧૬]	279
હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ	279
હઝરત સુહૈબ رضی اللہ عنہ	282
[તઅલીક઼ : ૪૧૭]	282
હઝરત બિલાલ رضی اللہ عنہ	284
હઝરત ઈબ્રાહીમ علیہ السلام ની સારહ સાથે હિજરતવાળો બનાવ	286
[હદીષ : ૧૩૦૦]	286
[હદીષ : ૧૩૦૧]	289
સુવ્વરને ક઼ત્લ કરવાનું બયાન	289
[હદીષ : ૧૩૦૨]	289
મુરદારની ચરબી ન પીસવામાં આવે ન વેચવામાં	291
[હદીષ : ૧૩૦૩–૧૩૦૪]	291
ગૈર જાનદારની તસ્વીર વેચવી	292
[હદીષ : ૧૩૦૫]	292
આઝાદને વેચવાનો ગુનોહ	293
[હદીષ : ૧૩૦૬]	293
નબી ﷺ નું યહૂદીઓને પોતાની જમીન વેચવાનો હુકમ આપવું	294

વિષય	પેજ નં
ગુલામોને ગુલામના બદલે, જાનવરોને જાનવરના બદલે	295
[તઅલીક़ : ૪૧૮ થી ૪૨૨]	296
[હદીષ : ૧૩૦૭–૧૩૦૮]	296
અઝ્લ જાઈઝ, ગર્ભ નિરોધક દવા, ઓપરેશન તથા લુપ લગાડવા વિશે	297
મુદબ્બરનું ખરીદ વેચાણ / ઈસ્તબરાથી પહેલાં લોંડી સાથે સફર	298
[હદીષ : ૧૩૦૯, તઅલીક़ : ૪૨૩ થી ૪૨૫]	298
મુરદાર તથા મૂર્તિઓનું ખરીદ વેચાણ	300
[હદીષ : ૧૩૧૦]	300
એડવાન્સ રકમ લઈ વેચાણ કરવા વિશે (કિતાબુસ્સલમ)	301
[હદીષ : ૧૩૧૧]	301
[હદીષ : ૧૩૧૨]	302
[હદીષ : ૧૩૧૩]	303
ઝાડ પર લાગેલી ખજૂરનો વેપાર	304
[હદીષ : ૧૩૧૪, તઅલીક़ : ૪૨૫–૪૨૬]	304
શફ઼અહના હક્કદાર પર વેચતા પહેલાં શફ઼અહ રજૂ કરવું	305
[તઅલીક़ : ૪૨૭, હદીષ : ૧૩૧૫]	305
કયો પડોશી સૌથી નજીક છે ?	307
[હદીષ : ૧૩૧૬]	307
ઈજારા વિશે પ્રકરણ	308
[હદીષ : ૧૩૧૭]	308
ક़રારીત પર બકરીઓ ચરાવવી	309
[હદીષ : ૧૩૧૮]	309
મુશ્રિકોને મજૂર રાખવા વિશે	310
[હદીષ : ૧૩૧૯]	310
દલાલીની મજૂરી	312
[તઅલીક़ : ૪૨૮ થી ૪૩૧]	312
[તઅલીક़ : ૪૩૨ થી ૪૩૫]	313
મસાઈલ : બીમાર પર દમ કરવું.....વગેરે	313
[હદીષ : ૧૩૨૦]	315

વિષય	પેજ નં
સેંગી લગાડનારની મજૂરી	317
[હદીષ : ૧૩૨૧]	317
બદકાર સ્ત્રીઓ તથા બાંદીઓની કમાઈ વિશે	318
[તઅલીક़ : ૪૩૬–૪૩૭, હદીષ : ૧૩૨૨]	319
નરની 'જુફ઼્તી'ની મજૂરી	319
[હદીષ : ૧૩૨૩]	319
જમીનના ઈજારા વિશે	320
[તઅલીક़ : ૪૩૮ થી ૪૪૦, હદીષ : ૧૩૨૪]	321
હવાલાનું બયાન	322
[તઅલીક़ : ૪૪૧–૪૪૨]	322
માલદારનું ક़ર્ઝની અદાયગીમાં ટાળમટોળ કરવું જુલ્મ છે	323
[હદીષ : ૧૩૨૫]	323
મૈયતનું કરજ કોઈ શખ્સ પર હવાલો કરવું જાઈઝ	324
[હદીષ : ૧૩૨૬]	324
કફ઼ાલત વિશે પ્રકરણ	326
કરજ તથા દૈનમાં માલી જમાનત લેવા વિશે	326
[તઅલીક़ : ૪૪૩–૪૪૪–૪૪૫]	327
જેનાથી તમે ક़સમ ખાયને વાયદો કર્યો	328
[હદીષ : ૧૩૨૭–૧૩૨૮]	329
મૈયતના કરજની જમાનત લેનાર ફરી ન શકે	330
[તઅલીક़ : ૪૪૬, હદીષ : ૧૩૨૯]	330
અબૂબક્ર رضی اللہ عنہ નું એક મુશ્રિકની અમાન સ્વીકારવું	331
[હદીષ : ૧૩૩૦]	331
કરજદાર મૈયતની નમાઝે જનાઝા	335
[હદીષ : ૧૩૩૧]	335
વકાલતનું બયાન	336
[હદીષ : ૧૩૩૨]	336
મુલમાન હર્બીને દારુલ ઈસ્લામમાં વકીલ બનાવે તો જાઈઝ	337
[હદીષ : ૧૩૩૩]	337
ચરાવનાર કે વકીલ બકરીને મરતી જુએ	339
[હદીષ : ૧૩૩૪]	339

વિષય	પેજ નં
હાજર તથા ગેરહાજરને વકીલ કરવો જાઈઝ	340
[તઅલીક़ : ૪૪૭, હદીષ : ૧૩૩૫]	340
જ્યારે કોઈ ક़ૌમના વકીલ કે શફીઅને આપ્યું તો જાઈઝ	341
[હદીષ : ૧૩૩૬]	341
કોઈ સ્ત્રીનું ઈમામને નિકાહનો વકીલ બનાવવું	344
[હદીષ : ૧૩૩૭]	344
જ્યારે કોઈને વકીલ બનાવ્યો અને.....	346
[હદીષ : ૧૩૩૮]	346
જ્યારે વકીલ કોઈ ચીજને ફ़ાસિદ બયઅના તરીક़ા પર વેચે	349
[હદીષ : ૧૩૩૯]	349
વક़્ફ અને એના આવક જાવક માટે વકીલ બનાવવો	350
[હદીષ : ૧૩૪૦]	350
હદો (સજાઓ)માં વકીલ કરવો	351
[હદીષ : ૧૩૪૧]	351
શરાબીને મારવા વિશે	352
[હદીષ : ૧૩૪૨]	352
ખેતીવાડીના પ્રકરણો / ઝાડ લગાડવાની ફ़ઝીલત	353
[હદીષ : ૧૩૪૩]	353
ખેતીના ઓજારોમાં મશ્ગૂલ હોવાનાં પરિણામ	354
[હદીષ : ૧૩૪૪]	354
ખેતી માટે કૂતરો પાળવો	355
[હદીષ : ૧૩૪૫–૧૩૪૬]	355
ખેતી માટે બળદનો ઉપયોગ	356
[હદીષ : ૧૩૪૭]	356
ખજૂર વગેરેમાં માલિકે કહ્યું, એના પર મહેનત કરો અને ફળમાં મને ભાગીદાર રાખજો	357
[હદીષ : ૧૩૪૮]	357
ખજૂર અથવા કોઈ ઝાડ કાપવું	358
[હદીષ : ૧૩૪૯]	358
ખેતર ભાડે આપવા વિશે	359
[હદીષ : ૧૩૫૦]	359
અડધી અથવા વધઘટ ઉપજ પેટે ખેતી	360
[હદીષ : ૧૩૫૧, તઅલીક़ : ૪૪૮ થી ૪૫૨]	361
આધ પર રૂ તથા કપડુ વણવું	361
[તઅલીક़ : ૪૫૩–૪૫૪]	361
પાલતુ પ્રાણીઓ નિશ્ચિત મુદ્દત સુધી ત્રીજા કે ચોથાઈ પર આપવાં, [તઅલીક़ : ૪૫૫]	362
મુખાબરા છોડી આપો તો બેહતર	363
[હદીષ : ૧૩૫૧–૧૩૫૨]	363
સહાબાએ કિરામની વક़્ફવાળી તથા ખિરાજવાળી જમીન, [હદીષ : ૧૩૫૩]	364
જેણે કોઈ માલિકી વિનાની ઉજ્જડ જમીનને આબાદ કરી, [તઅલીક़ : ૪૫૬ થી ૪૫૯]	365
[હદીષ : ૧૩૫૪]	366
જ્યારે જમીનનો માલિક કોઈને એવું કહે કે.....	367
[હદીષ : ૧૩૫૫]	367
નબી ﷺના સાથીઓ ખેતી તથા ફળોમાં એકબીજાને કઈ રીતે મદદ કરતા	368
[હદીષ : ૧૩૫૬ થી ૧૩૫૯]	368
જમીન આધ પર આપવા વિશે [હદીષ : ૧૩૬૦]	371
સોના ચાંદીના બદલામાં ભાડે આપવી	372
[તઅલીક़ : ૪૬૦, હદીષ : ૧૩૬૧ થી ૧૩૬૨]	372
(કિતાબુલ મુસાક़ાત)	
મુસાક़ાતનું બયાન	375
બીરે રૂમા (રૂમા કૂવો) હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ ખરીદયો [તઅલીક़ : ૪૬૧]	376
પાણી આપવામાં બાળકના હક્કનો લેહાઝ	377
[હદીષ : ૧૩૬૩]	377
[હદીષ : ૧૩૬૪]	377
પાણીનો માલિક પાણીનો સૌથી અધિક હક્ક़દાર	378
[હદીષ : ૧૩૬૫–૧૩૬૬]	378
કૂવામાં ઝઘડો અને એમાં ક़ઝાનું બયાન	379
[હદીષ : ૧૩૬૭]	379
મુસાફરને પાણી પીવાથી મના કરવાનો ગુનોહ	380
[હદીષ : ૧૩૬૮]	380

વિષય	પેજ નં
નહેરોને બંધ કરવું	381
[હદીષ : ૧૩૬૯]	381
હોજ અથવા મશકનો માલિક	383
[હદીષ : ૧૩૭૦]	383
મેહફૂઝ ચરાગાહ કેવળ અલ્લાહ અને તેના રસૂલના માટે છે	384
[હદીષ : ૧૩૭૧]	384
જાગીરોનું બયાન	385
[હદીષ : ૧૩૭૨]	385
કરજ લેવા, અદા કરવા, તસર્રુફથી રોકવા....	386
[હદીષ : ૧૩૭૩]	386
કરજોને અદા કરવું	387
[હદીષ : ૧૩૭૪–૧૩૭૫]	387
હક્કવાળાના માટે ચર્ચાની ગુંજાઈશ	389
[તઅલીક : ૪૬૨]	389
મુફલિસ વિશે વર્ણન	389
[તઅલીક : ૪૬૩, ૪૬૪, હદીષ : ૧૩૭૬]	390
કરજ તથા ખરીદ વેચાણમાં મુદ્દત નક્કી કરવું	391
[તઅલીક : ૪૬૫–૪૬૬]	391
માલ વેડફવાથી મના કરવામાં આવ્યું	392
[હદીષ : ૧૩૭૭]	392
મુકદ્દમા (કેસો) વિશે બયાન	394
[હદીષ : ૧૩૭૮–૧૩૭૯–૧૩૮૦]	394
જેણે બેવકૂફ તથા કમજોર બુધ્ધિવાળાના મામલાને રદ કરી આપ્યો	399
[તઅલીક : ૪૬૭]	399
મુદ્દઈ, મદ્દઆ અલૈહનું આપસમાં વાત કરવું	399
[હદીષ : ૧૩૮૧]	399
ગુનાહ કરનારા તથા દુશ્મનને ઓળખ્યા બાદ ઘરોએથી કાઢી મૂકવું	401
[તઅલીક : ૪૬૮]	401
લુકતા વિશે બયાન	402
[હદીષ : ૧૩૮૨]	402

વિષય	પેજ નં
ગુમ થયેલ ઊંટ વિશે	403
[હદીષ : ૧૩૮૩]	403
મક્કાવાસીઓના લુકતાની જાહેરાત કેવી હોવી જોઈએ	405
[હદીષ : ૧૩૮૪]	405
કોઈનુ પશુ તેની રજા વિના કોઈ ન દોહે	407
[હદીષ : ૧૩૮૫–૧૩૮૬]	407
જુલ્મ અને કેસાસ વિશે	409
[હદીષ : ૧૩૮૭]	410
જાલિમો પર અલ્લાહની લઅનત	411
[હદીષ : ૧૩૮૮]	411
જુલ્મ ન કરે ન થવા દે	412
[હદીષ : ૧૩૮૯]	412
પોતાના ભાઈની મદદ કર ચાહે જાલિમ હોય કે મઝલૂમ	413
[હદીષ : ૧૩૯૦]	414
જાલિમથી બદલો લેવા વિશે	415
[તઅલીક : ૪૬૯, હદીષ : ૧૩૯૧]	415
હક્ક માફ કરવા વિશે	416
[હદીષ : ૧૩૯૨–૧૩૯૩]	416
નાહક્ક જમીન પચાવવાનો ગુનોહ	418
[હદીષ : ૧૩૯૪–૧૩૯૫–૧૩૯૬]	418
જ્યારે માણસ બીજાના માટે ઈજાઝત આપી દે	421
[હદીષ : ૧૩૯૭, ૧૩૯૮]	421
અલ્લાહને ઝઘડાળુ નાપસંદ છે	422
જાણી બુઝીને નાહક્ક ઝઘડો કરનારનો ગુનોહ	422
[હદીષ : ૧૩૯૯]	422
જાલિમનો માલ જો મળી જાય તો મઝલૂમ પોતાનો બદલો લઈ શકે	424
[હદીષ : ૧૪૦૦, તઅલીક : ૪૭૦]	424
પડોશી દીવાલમાં ખૂંટી ખોસવાની મના ન કરે	425
[હદીષ : ૧૪૦૧]	425
રસ્તામાં શરાબ વહાવવી	426

વિષય	પેજ નં
[હદીષ : ૧૪૦૨]	426
ઘરના વરંડા તથા રસ્તામાં બેસવા વિશે	428
[હદીષ : ૧૪૦૩]	428
હુઝૂર ﷺ ના એક મહિનો પત્નીઓથી અલગતાનો બનાવ	429
[હદીષ : ૧૪૦૪]	429
આમ રસ્તા પર ઈમારત બનાવવા વિશે	439
[હદીષ : ૧૪૦૫]	439
રજા વિના કોઈનો માલ લેવા વિશે	439
[તઅલીક઼ : ૪૭૧]	439
લૂટવા તથા ચહેરો બગાડવા વિશે	440
[હદીષ : ૧૪૦૬]	440
ઝાની તથા શરાબીના ઈમાન વિશે	440
[હદીષ : ૧૪૦૭]	440
શરાબનાં માટલાં તથા મશકો વિશે હુકમ	442
[હદીષ : ૧૪૦૮]	442
કાબાની આસપાસથી મૂર્તિઓ હટાવવા વિશે	443
[હદીષ : ૧૪૦૯]	443
પડદા પર તસ્વીરો હોવા વિશે	443
[હદીષ : ૧૪૧૦]	443
જે પોતાના માલને બચાવતાં માર્યો જાય	444
[હદીષ : ૧૪૧૧]	444
જ્યારે કોઈ બીજાનો પ્યાલો કે અન્ય ચીજ તોડે	445
[હદીષ : ૧૪૧૨]	445
ખાવા તથા ઝાદે રાહ અને સામાનના ભાગીદારનું બયાન	446
[હદીષ : ૧૪૧૩]	448
સહાબાને દીન માટે પડેલી તકલીફની ઝલક	450
થોડા ખાણામાં ખૂબ બરકતવાળા મોજિઝાનું વર્ણન	450
[હદીષ : ૧૪૧૪]	450
ગઝવહમાં મોહતાજ થનારને અનાજ	450
[હદીષ : ૧૪૧૫]	450
બકરીઓને (ગણીને) વહેંચવી	451

વિષય	પેજ નં
[હદીષ : ૧૪૧૬]	451
ભાગીદારો વચ્ચે ચીજોની વહેંચણી	453
[હદીષ : ૧૪૧૭–૧૪૧૮]	453
વહેંચણીમાં ડ્રો કરવું	455
[હદીષ : ૧૪૧૯]	455
યતીમ અને વારસોની ભાગીદારી	456
[હદીષ : ૧૪૨૦]	456
રુજૂઅ તથા શુફ઼અહના હક્ક઼ વિશે	459
અનાજ વગેરેમાં ભાગીદારનું બયાન	459
[તઅલીક઼ : ૪૭૨, હદીષ : ૧૪૨૧]	459
હદી તથા ઊંટમાં ભાગીદાર થવું	461
હઝરમાં રહન (ગીરો)નું બયાન	462
[હદીષ : ૧૪૨૨]	462
હથિયારને ગીરો મૂકવું	463
[હદીષ : ૧૪૨૩]	463
ગીરો ચીજ પર સવાર થવું, દોહવું	466
[તઅલીક઼ : ૪૭૩, હદીષ : ૧૪૨૪]	466
ગીરો મૂકનાર રાખનાર મતભેદ કરે તો...	467
[હદીષ : ૧૪૨૫]	467
ગુલામ આઝાદ કરવો અને એની ફ઼ઝીલત	469
[હદીષ : ૧૪૨૬]	469
સઈદ બિન મરજાના رضی اللہ عنہ	469
હઝરત અબ્દુલ્લાહ બિન જઅફ઼ર رضی اللہ عنہ	470
કયો ગુલામ આઝાદ કરવો અફ઼ઝલ	470
[હદીષ : ૧૪૨૭]	470
ગુલામ આઝાદ કરવા અને તલાક઼ વગેરેમાં ભૂલચૂકનું બયાન	472
[હદીષ : ૧૪૨૮, હદીષ : ૧૪૨૯]	473
વિલાની બયઅ અને હિબા	474
[હદીષ : ૧૪૩૦]	474
મુશ્રિક ભાઈ કે કાકો પકડાય તેનો ફ઼िદિયો	475
[તઅલિક઼–૪૭૪, હદીષ : ૧૪૩૧]	476
જે શખ્સ અરબના કોઈ ગુલામનો માલિક થયો	478

વિષય	પેજ નં
[હદીષ : ૧૪૩૨, હદીષ : ૧૪૩૩]	479
ગુલામ જ્યારે રબની ઈબાદત તથા પોતાના માલિકની ભલાઈ ચાહે	481
[હદીષ : ૧૪૩૪ થી ૧૪૩૬]	481
ગુલામ વિશે મોટાઈ મારવી	483
હુઝૂર તમામ લોકોના સરદાર (સૈયદ) છે	485
[હદીષ : ૧૪૩૭]	486
જ્યારે કોઈનો ખાદિમ તેની પાસે તેનું ખાવા લાવે	487
[હદીષ : ૧૪૩૮]	487
જ્યારે ગુલામને મારે તો [હદીષ : ૧૪૩૯]	488
કિતાબુલ મુકાતબ (મુકાતબ અને તેના હપ્તા વિશે)	489
[તઅલીક઼ : ૪૭૫ થી ૪૭૬]	490
મુકાતબ રાજી હોય તો તેનું ખરીદ વેચાણ	491
[તઅલીક઼ : ૪૭૭ થી ૪૭૯]	492
[હદીષ : ૧૪૪૦]	493
હિબાની ફ઼ઝીલત અને તેના માટે પ્રોત્સાહિત કરવું	494
[હદીષ : ૧૪૪૧–૧૪૪૨]	494
થોડા સરખા હિબાનુ બયાન	495
[હદીષ : ૧૪૪૩]	495
શિકારનો હદિયો ક઼બૂલ કરવો	496
[હદીષ : ૧૪૪૪]	496
હદિયાને ક઼બૂલ કરવો	497
[હદીષ : ૧૪૪૫ થી ૧૪૪૬]	497
[હદીષ : ૧૪૪૭]	498
હુઝૂર ﷺને હદિયો આપવામાં સહાબાનો તરીક઼ો	499
[હદીષ : ૧૪૪૮]	499
કયો હદિયો પરત ન કરવો જોઈએ	503
[હદીષ : ૧૪૪૯]	503
હિબાનો બદલો આપવો	504
[હદીષ : ૧૪૫૦]	504
ઔલાદ હિબા કરવા વિશે	505

વિષય	પેજ નં
હિબા પર ગવાહ બનાવવું	506
[હદીષ : ૧૪૫૧]	506
પતિ પત્નીનું એકબીજાને હિબા કરવું	507
[તઅલીક઼ : ૪૮૦ થી ૪૮૨]	507
[હદીષ : ૧૪૫૨]	508
પત્નીનું પતિ સિવાય અન્યને હિબા કરવું	509
[હદીષ : ૧૪૫૩]	509
[હદીષ : ૧૪૫૪]	510
કોઈ કારણે હદિયો ન સ્વીકારવા વિશે	511
[તઅલીક઼ : ૪૮૩]	511
હિબા કરનાર મૃત્યુ પામે તો	511
[તઅલીક઼ : ૪૮૪ થી ૪૮૫]	511
ગુલામ તથા સામાન પર કબજો	513
[હદીષ : ૧૪૫૫]	513
કરજદાર પર કરજ હિબા	514
[તઅલીક઼ : ૪૮૬ થી ૪૮૮]	514
એક શખ્સનું પૂરી જમાઅતને હિબા કરવું	515
[તઅલીક઼ : ૪૮૯]	515
હદિયાનો હક્ક઼દાર કોણ ?	516
[તઅલીક઼ : ૪૯૦]	516
નાપસંદ ચીજનો હદિયો	517
[હદીષ : ૧૪૫૬ થી ૧૪૫૭]	517
મુશ્રિકોનો હદિયો ક઼બૂલ કરવો તથા આપવો	519
[હદીષ : ૧૪૫૮ થી ૧૪૬૧]	519
ઉમરા તથા રુકબાના બારામાં	522
[હદીષ : ૧૪૬૨, ૧૪૬૩, તઅલીક઼ : ૪૯૧]	523
ઘોડો તથા ચોપગુ ઉછીનું લેવા બાબત	524
[હદીષ : ૧૪૬૪]	524
નિકાહના સમયે દુલ્હન માટે મંગની માગવું	525
[હદીષ : ૧૪૬૫]	525
લાભ ઉઠાવવા માટે તોહફો	526
[હદીષ : ૧૪૬૬ થી ૧૪૬૭]	526
સૌથી ઉમદા બકરીની ભેટ	527
[હદીષ : ૧૪૬૮]	528

કલેમાતે ખૈર

અઝ : અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી

હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી (મુંબઈ)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

યહ અલ્લાહ ﷻ કા ખુસૂસી કરમ ઔર ઉસકે પ્યારે હબીબ ﷺ કા ફયૂઝાન હૈ ઔર ગૌષો ખ્વાજાઓ રઝા વ જુમ્લા અવલિયા رِضۡوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَ કા કરમે ખાસ હૈ કે અઝીઝમ્ શબ્બીરભાઈ નકાહતુલ જિસ્મ (કમજોર શરીર) હોનેકે બાવજૂદ અપને કલ્મી શહકાર કે ઝરીએ ગુજરાતી ઝબાન કે જાનનેવાલોં કો આકાએ કરીમ ﷺ કી તઅલીમાતસે રૂસનાશ કરા રહે હૈં. કઈ ઉન્કી તસ્નીફાત, બહોતસી કિતાબોં કે તર્જમેં મન્ઝરે આમ પર આ ચૂકે હૈં જિસસે ગુજરાતી ઝબાન જાનનેવાલોંને ઈસ્તેફાદા કિયા. ખાસ તૌર પર ચાર જિલ્દેં **"નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી"** કી ગુજરાતી ઝબાનમેં તર્જમા હોકર મન્ઝરે આમ પર આ ચૂકી હૈં ઔર અબ યહ પાંચવી જિલ્દ આપ કે હાથોંમેં હૈ જિસ્કા તર્જમા શબ્બીર પટેલ સાહબને કિયા હૈ. હમારી દુઆ હૈ કે ઉન્હેં અલ્લાહ ﷻ સલામત રખ્ખે ઔર પરવરદિગાર ﷻ મજીદ દીને હનીફ કી ખિદમત કી સઆદત નસીબ ફર્માએ. અલ્લાહ ﷻ આકાએ કરીમ ﷺ કે સદકા વ તુફૈલ દારૈન કી સઆદતોંસે માલમાલ ફર્માએ. આમીન બિ જાહિન્નબીકરીમ ﷺ.

ખાકપાએ ઉલમા વ સુલહા

–મુહમ્મદશાકિર નૂરી રઝવી (મુંબઈ)

(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

૦૭–જમાદિઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૫, અંગ્રેજી તા. ૯–૩–૨૦૧૪

અનુવાદકના બે બોલ.....

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો બેપનાહ ફઝ્લો કરમ છે કે તેણે મારી જેવા અજ્ઞાની પાસેથી તેના પ્યારા હબીબ ﷺની મુબારક હદીષોની શરહની કિતાબ **"નુઝહતુલ ક़ારી શરહે સહીહ બુખારી (ભાગ–૫)"**ના ગુજરાતી અનુવાદને આપના મુબારક હાથોમાં રાખવાનો શરફ બખ્શ્યો. હું અત્રે અલ્લાહના શુક્રની સાથે દિલી ખુશી મહેસૂસ કરું છું કે અન્ય ભાગોની જેમ કેટલીય મુશ્કેલ મંઝિલોએથી પસાર થઈને આ પાંચમો ભાગ આજે આપના હાથોમાં રાખી રહ્યો છું. અલ્હમ્દુલિલ્લાહ ! ઉલમાએ કિરામને ગુઝારિશ કે એમાં કોઈ ગલતી કે કચાશ રહી ગઈ હોય તો લેખિત જણાવશો જેથી નવી એડિશનમાં સુધારણા કરી શકાય.

આ મુબારક પ્રસંગે મને આ નેક કાર્યમાં ભરપુર સાથ સહકાર આપનાર ઉલમાએ કિરામ હઝરત મુફ્તી મુઝમ્મિલ બરકાતી સાહબ (મુફ્તી વ મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) તથા હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી (સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) તેમજ જનાબ મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી સાહબનો હું ખૂબ જ આભારી છું કે તેમના સહકાર વિના આ કિતાબ મન્ઝરે આમ પર આવવી મુશ્કેલ કાર્ય હતું.

એ ઉપરાંત હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી (હાલ ખતીબો ઈમામ મક્કા મસ્જિદ–બોલ્ટન) સાહબનો પણ હું ખૂબ આભારી છું કે તેમણે પણ કઠિન ઈલ્મી વાતોના અનુવાદમાં મને ફોનથી તથા લેખિત દર્શાવીને ભરપુર સહકાર કર્યો છે.

તેમજ કિતાબના કંપોઝિંગ તથા અરબી–ગુજરાતી સેટિંગમાં જનાબ સાદિક़ભાઈ પટેલ દયાદરવી તથા જનાબ હાફિઝ અ. વાહિદ સાહબ તેમજ અન્ય સર્વે સાથ આપનારાઓનો પણ હું ખૂબ આભાર માનું છું.

તેમજ જેમના સહકાર વિના મંઝિલે મક़્સૂદ સુધી કિતાબને પહોંચાડવી શક્ય નથી તેવા નેક ખયાલ સર્વે સખીદાતાઓનો હું ખૂબ ખૂબ આભાર માનુ છું કે નાચીઝની અપીલ પર લોકોએ દિલ ખોલીને પોતાના તથા મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે લિલ્લાહ પણ અને ઝકાત, સદક़ા, ઉશ્ર, નિયાઝના રૂપે..... સર્વ રીતે ભરપુર સહકાર કર્યો છે. સૌની નેકીઓને રબ તઆલા તેના હબીબ ﷺના સદક़ામાં ક़બૂલ ફર્માવે અને સૌની નેક જાઈઝ મુરાદોને પૂરી ફર્માવે, તેમની ઔલાદને નેક બનાવે, બંને જહાનમાં સલામત રાખે, તેમની તથા તેમનાં સગાં મર્હૂમોની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મક़ામ અતા કરે એવી અમારી દિલના અંતઃકરણપૂર્વકની દુઆ છે. આમીન બિજાહિન્નબીકરીમ ﷺ.

ઉમ્મીદ છે કે ભાગ–૬ માટે પણ આવો જ સહકાર મળશે. ઈન્શાઅલ્લાહ ! સૌને દુઆની દરખાસ્ત !

સુન્નીઓનો નાચીઝ ખાદિમ

પટેલ શબ્બીર અલી રઝવી *(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ગુજરાત ઝોન)*

ઈસ્લામી ચાંદ ૧૧ જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૪૩૫ અંગ્રેજી તા. ૧૩ માર્ચ ૨૦૧૪, જુમેરાત

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

كِتَابُ الصَّوْمِ

(કિતાબુસ્સોમ) "રોઝા વિશે પ્રકરણ"

بَابُ وُجُوْبِ صَوْمِ رَمَضَانَ ص۲۵۴

"રમઝાનના રોઝાનું વાજિબ હોવુ" *–(પેજ : ૨૫૪)*

સુંદર ક્રમ : કુર્આન મજીદ અને હદીષોમાં ઈમાન પછી વિના અંતરે નમાઝનું વર્ણન છે એટલા માટે ઈમામ બુખારીએ ઈબાદતમાં નમાઝને સૌ પ્રથમ વર્ણવી, અને નમાઝ પછી વિના અંતરે ઝકાતનું વર્ણન છે એટલા માટે નમાઝ પછી ઝકાતને વર્ણવી. નમાઝ કેવળ બદની (શારીરિક) ઈબાદત છે અને ઝકાત કેવળ માલી ઈબાદત છે. અને હજ બંનેનો સમૂહ છે. અલગ અલગ વર્ણવીને બંનેના સંગમને વર્ણવ્યું. ઝકાત તથા હજમાં એ એકરૂપતા હતી કે બંનેમાં માલ ખર્ચ કરવાનો છે એટલા માટે ઝકાત બાદ હજ વર્ણવી. હવે રોઝા માટે છેવટમાં મોકો નીકળ્યો.

અકૂલ (હું કહું છું) : એક ખાસ વાત એ છે કે નમાઝ જો કે સર્વ ઈબાદતોથી વધુ મહત્વની છે પણ તેને છોડનારાઓ પુષ્કળ પ્રમાણમાં છે, ઝકાત અદા કરનારાઓ પણ ન અદા કરનારાઓથી ઓછા છે પણ નમાઝ ત્યજનારાઓની સરખામણીમાં ઓછા છે. અને હજ કરનારાઓની સંખ્યા પણ એમની સરખામણીએ અધિક છે. રોઝા એ ચાર ફર્ઝો કરતાંય ઘણા અધિક પ્રમાણમાં લોકો રાખે છે. સ્ત્રીઓ ૯૯% બેનમાઝી છે પરંતું ૯૯% સ્ત્રીઓ રોઝા રાખે છે. ઈમામ બુખારીએ અવામ (પબ્લિક)ના અમલ તથા ત્યાગને નજરો સમક્ષ રાખીને જેના પ્રતિ આકર્ષણ ઓછું હતું તેને અગ્રતા આપી અને ક્રમમાં પબ્લિકના આકર્ષણને બાકી રાખ્યું.

સૌમનો અર્થ : સૌમ (રોઝા)નો અર્થ ઈમ્સાક એટલે રોકવું છે. ખાવા પીવા, ચાલવા, ફરવા, વાતચીત કોઈ ચીજથી રોકાવું. કુર્આન મજીદમાં છે કે હઝરત મરયમ رضی اللہ عنہا એ ફર્માવ્યું, اِنِّیْ نَذَرْتُ لِلرَّحْمٰنِ صَوْماً فَلَنْ اُكَلِّمَ الْيَوْمَ اِنْسِيًّا۔ "મેં અલ્લાહના માટે રોઝાની મન્નત માની છે, આજે કોઈ માણસ સાથે વાત કરીશ નહીં." *(મરયમ–૨૬)*

વાતચીતથી રોકાવાને સૌમ કહ્યું. અને આ રોઝા એમની શરીઅતમાં દુરુસ્ત હતા. અરબવાળા તે ઘોડાને જે ચારો ન ખાય અને અડી જાય તેને خَيْلٌ صَيَّام કહેતા.

શરીઅતમાં સુબ્હ સાદિક થવાથી લઈને સૂર્યાસ્ત થતા સુધી ઈબાદતની નિય્યતથી ખાવા, પીવા, સંભોગ તથા સંભોગને લગતી ચીજોથી રોકાવાને સૌમ (રોઝા) કહે છે.

حديث ૧૧૦૬ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُمَا قَالَ صَامَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالٰى

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી ﷺ એ આશૂરાના દિવસનો રોઝો [હદીષ : ૧૧૦૬]

عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ عَاشُوْرَاءَ وَاَمَرَ بِصِيَامِهٖ فَلَمَّا فُرِضَ رَمَضَانُ تُرِكَ وَكَانَ

રાખ્યો અને એને રાખવાનો હુકમ આપ્યો. જ્યારે રમઝાન ફર્ઝ થઈ ગયો તો છોડી દેવામાં આવ્યો. અને અબ્દુલ્લાહ

عَبْدُ اللهِ لَا يَصُوْمُهٗ اِلَّا اَنْ يُّوَافِقَ صَوْمَهٗ

(ઈબ્ને ઉમર) આશૂરાનો રોઝો રાખતા ન હતા, પણ એ કે તેમના કોઈ રોઝાના પ્રમાણે હોય."

حديث ૧૧૦૭ اَنَّ عُرْوَةَ اَخْبَرَهٗ عَنْ

"ઉમ્મુલ મોમિનીન [હદીષ : ૧૧૦૭]

عَائِشَةَ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهَا اَنَّ قُرَيْشًا كَانَتْ تَصُوْمُ يَوْمَ عَاشُوْرَاءَ فِي

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે કુરૈશ જાહિલિયતમાં આશૂરાનો રોઝો રાખતા હતા. પછી

الْجَاهِلِيَّةِ ثُمَّ اَمَرَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِصِيَامِهٖ حَتّٰى فُرِضَ

રસૂલુલ્લાહ ﷺ એ આશૂરાનો રોઝો રાખવાનો હુકમ આપ્યો, ત્યાં સુધી કે રમઝાનના રોઝા ફર્ઝ

رَمَضَانُ فَقَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ شَاءَ فَلْيَصُمْهُ

થઈ ગયા તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે ચાહે આશૂરાનો

وَمَنْ شَاءَ اَفْطَرَ

રોઝો રાખે જે ચાહે ન રાખે." (મુસ્લિમ–અસ્સિયામ, નિસાઈ–હજ)

રોઝા ક્યારે ફર્ઝ થયા ? : બીજી હિજરીના દસ શાબાને રમઝાનના રોઝા ફર્ઝ થયા. આ રીતે હુઝૂરે અકદસ ﷺ એ નવ વરસ રમઝાનના રોઝા રાખ્યા. એના પહેલાં આશૂરાનો રોઝો ફર્ઝ હતો. પછી જ્યારે આ આયતે કરીમા નાઝિલ થઈ તો એ મન્સૂખ થઈ ગયા. અને રમઝાનના ફર્ઝ થઈ ગયા. فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ "તમારામાંથી જે કોઈ આ મહિનામાં મૌજૂદ હોય તેને લાઝિમ કે આ મહિનાના રોઝા રાખે." (બકરહ–૮૫)

અમુક હઝરાતે ફર્માવ્યું કે આશૂરાના રોઝા પછી દર મહિને ત્રણ દિવસના રોઝા ફર્ઝ હતા.

સમજૂતી : હદીષ : ૧૧૦૬–૧૧૦૭ હઝરત ઉમ્મુલ મોમિનીનની હદીષના સમાનઅર્થી મુસ્લિમ (૧/૩૫૮ અસ્સિયામ, બાબુસ્સૌમે યૌમે આશૂરા)માં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી પણ મરવી છે. તેમના ઉપરાંત અન્ય પણ સહાબાથી આ વિષયની હદીષ આવી છે. આ એની દલીલ છે કે રમઝાનથી પહેલાં આશૂરાનો

રોઝો ફર્ઝ હતો. હદીષમાં છે : اَمَرَرَسُوْلُ اللّٰهُ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ અને અમ્ર વાજિબ હોવાના માટે આવે છે. આશૂરા મદ તથા ક़સ્ર બંનેની સાથે છે, અને મદ મોટાભાગે છે. દસમી મુહર્રમને કહે છે.

એક વર્ગીકરણ : બુખારી તથા મુસ્લિમ વગેરેમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે. નબી ﷺ મદીના આવ્યા તો જોયું કે યહૂદી આશૂરાનો રોઝો રાખે છે. પૂછયું તો તેમણે બતાવ્યું કે આ સારો દિવસ હતો. આ દિવસે અલ્લાહે બની ઈસ્રાઈલને તેમના દુશ્મનથી નજાત આપી હતી તો એના શુક્રિયામાં હઝરત મૂસા عليه السلام એ રોઝો રાખ્યો હતો. આ સાંભળીને હુઝૂર ﷺ એ ફર્માવ્યું, તમારા કરતાં વધુ અમે મૂસા عليه السلام ના અનુસરણના હક્ક़દાર છીએ. જેથી હુઝૂરે પણ રોઝો રાખ્યો. ચર્ચા હેઠળની હદીષ અને એ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષમાં હઝરત અલ્લામા અયનીએ વર્ગીકરણ કર્યું છે કે શક્ય છે કે ક़ુરૈશ આશૂરાનો રોઝો રાખતા હતા. બઅષત પહેલા હુઝૂર ﷺ પણ રાખતા હતા. બઅષત પછી ત્યજી દીધો. જ્યારે મદીના તશરીફ લાવ્યા અને એ માલૂમ થયું કે આ રોઝો હઝરત મૂસા عليه السلام ની શરીઅતમાં મશ્રૂઅ છે તો પછી રાખ્યો. જ્યારે રમઝાનના રોઝા ફર્ઝ થયા તો ફર્માવ્યું, જેનો જીવ ચાહે (આશૂરાનો રોઝો) રાખે જેનો જીવ ચાહે ન રાખે.

الا ان يوافق صومه : દા.ત. તેમની આદત રહી હોય કે દરેક (દો શમ્બા) સોમવારે રોઝો રાખતા હોય અને આશૂરા સોમવારે પડયો જેથી રાખ્યો ન એ કારણે કે આ આશૂરાનો દિવસ છે. બલ્કે એ બિના પર કે આ તેમના રોઝાનો દિવસ છે. હેતુ એ છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ આશૂરાના રોઝાને નફ્લ જાણતા ન હતા, પણ સહીહ એ છે કે એ નફ્લ છે.

بَابُ فَضْلِ الصَّوْمِ

"રોઝાની ફઝીલત" –(પજે : ૨૫૪)

حديث ૧૧૦૮ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે રોઝો ઢાલ **[હદીષ : ૧૧૦૮]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَلصِّيَامُ جُنَّةٌ فَلَا يَرْفُثْ وَلَا يَجْهَلْ فَاِنِ امْرُؤٌ قَاتَلَهٗ اَوْ شَاتَمَهٗ

છે. રોઝાદાર બેહૂદા ન બકે ન જેહાલત કરે, જો કોઈ તેનાથી લડે કે ગાળ આપે તો કહી આપે, હું રોઝાદાર

فَلْيَقُلْ اِنِّيْ صَائِمٌ مَرَّتَيْنِ وَالَّذِيْ نَفْسِيْ بِيَدِهٖ لَخُلُوْفُ فَمِ الصَّائِمِ اَطْيَبُ

છું. બેવાર : ક़સમ છે એ જાતની જેના કબજામાં મારી જાન છે કે રોઝાદારના મોઢાની બૂ અલ્લાહ عزوجل ની

عِنْدَ اللّٰهِ مِنْ رِيْحِ الْمِسْكِ يَتْرُكُ طَعَامَهٗ وَشَرَابَهٗ وَشَهْوَتَهٗ مِنْ اَجْلِيْ

નજીક મુશ્કની ખુશ્બુ કરતાં પણ વધુ ઉમદા છે. રોઝાદાર પોતાનુ ખાવા, પીવા અને નફ્સની ખ્વાહિશ મારા

اَلصِّيَامُ لِيْ وَاَنَا اَجْزِيْ بِهٖ وَالْحَسَنَةُ بِعَشْرِ اَمْثَالِهَا ـ

લીધે છોડે છે. રોઝો મારા માટે છે અને હું એનો બદલો આપીશ. અને નેકી દસ ગણી સુધી છે."

(અબૂ દાઊદ, નિસાઈ–અસ્સૌમ)

સમજૂતી : ૧૧૦૮

તિર્મિઝીમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી જ આ પ્રમાણે રિવાયત થયેલ છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમારો રબ عزوجل ફર્માવે છે : દરેક નેકી દસ ગણીથી લઈને સાતસો ગણી સુધી છે. રોઝો મારા માટે છે અને હું એનો બદલો આપીશ. અને રોઝા જહન્નમથી ઢાલ છે અને રોઝાદારના મોઢાની બૂ અલ્લાહની નજીક મુશ્કથી અધિક ખુશ્બુદાર છે. જો કોઈ જાહિલ જહાલત કરે અને તે રોઝાદાર હોય તો કહી આપે હું રોઝાથી છું.

اَلصَّوْمُ جُنَّةٌ : દરેક તે ચીજ જે બીજાને છુપાવી લે جُنَّةٌ જુન્નતુન કહેવાય છે. આમ બોલીમાં ઢાલને કહે છે. રોઝા કઈ ચીજથી ઢાલ છે તે આ રિવાયતમાં વર્ણન થયેલ નથી પણ તિર્મિઝીની રિવાયતમાં مِنَ النَّارِ (જહન્નમથી ઢાલ છે) વર્ણન થયેલ છે.ઈમામ ક़ાઝી અયાઝે ફર્માવ્યું છે કે આમ અર્થ પણ લઈ શકાય છે, એટલે કે જહન્નમથી પણ ઢાલ છે અને તમામ ગુનાહોથી પણ.

فلا يرفث : 'રફષ' વર્ણન થઈ ચૂક્યું કે સ્ત્રીઓ સામે સંભોગની વાત કરવાને કહે છે પણ ઉર્દમાં એનો મતલબ બિભત્સવાણી છે. એટલે રોઝાની હાલતમાં બિભત્સ બેહૂદા ન બકે. ولا يجهل એટલે જાહિલિયતના જમાનાનું કામ ન કરે જેવું કે બદમાશ લોકો કરે છે, જેમ કે ચીસો પાડવી, ચિલ્લાવું, ઠઠ્ઠા મશ્કરી કરવી.

قَاتَلَهٗ اوشَاتَمَهٗ : એટલે ખૂદ લડાઈ, ગાળ ગલોચની પ્રવૃતિ ન કરે અને કોઈ એવું કામ ન કરે કે કોઈ તેની સાથે લડે, તેને ગાળ ગલોચ આપે. અને જો કોઈ શખ્સ તેના સાથે લડવા તૈયાર થાય અથવા તેને ગાળ ગલોચ

આપે તો સબ્ર કરે અને જવાબી કાર્યવાહીમાં લડવા ન માંડે, તેને ગાળ ન આપે, બલ્કે એવું કહી આપે કે હું રોઝાદાર છું. જીભથી કહી આપે એ જ જાહેર છે. નહીં તો પોતે પોતાને સમજાવી લે કે હું રોઝાથી છું અને મને લડાઈ ઝઘડો શોભતો નથી.

હું કહું છું : અલ્લાહની તૌફીક़થી : રોઝો ઈબાદત છે. રોઝાદાર જ્યાં સુધી રોઝાથી છે ત્યાં સુધી ઈબાદતમાં છે અને ઈબાદતમાં એહસાન (સંપૂર્ણપણે સર્વોચ્ચ દરજ્જો) એ છે કે એ ખયાલ હોય કે ક્યાં તો તમે અલ્લાહને જોઈ રહ્યા છો અથવા કમસે કમ એ ખયાલ રહે કે અલ્લાહ ﷻ આપણને જોઈ રહ્યો છે. **ان تعبد ربك كانك تراه وان لم تكن تراهُ فانه يراك** જો કોઈ બંદો આ દરજા પર રોઝામાં બિરાજમાન હોય તો આ સૌ વાતોને કોઈ અવકાશ ક્યાં મળવાનો હતો. એની તફસીલ એ છે કે રોઝાના ચાર પ્રકાર છે :

પ્રથમ : આમ લોકોનો રોઝો એટલે કે ઈબાદતની નિય્યતથી ખાવા, પીવા સંભોગથી રોકાયેલા રહેવું. **બીજા** : મધ્યમ સ્થિતિના લોકોનો રોઝો કે તેની સાથે સાથે ગુનાહોથી પણ દૂર રહેવું. **ત્રીજો** : ખાસ લોકોનો રોઝો કે એ સૌની સાથે ગૈરે ખુદાના ઝિક્રથી બચવું. **ચોથો** : ખાસુલખાસનો રોઝો કે ગૈરે ખુદા સાથે કોઈ પ્રકારનો કોઈ લગાવ ન રહે, તે જાહેરી રીતે ન આંત્રિક રીતે. આ રોઝો દવામી (क़ાયમી) હોય છે જે કેવળ લિક़ાએ રબ્બાની (રબના દીદાર)ના દિવસે ઈફતાર થશે.

وَلَخُلوف : خُلف ખલૂફ઼ 'ખા' ના પેશ (ઝમ્મા)ની સાથે. હદીષની લુગતની કિતાબોમાં એ જ મઅરૂફ (પ્રચલિત) છે. ઈમામ क़ાઝી અયાઝે ફર્માવ્યું કે ઘણા મશાઈખ ફતહા (ઝબર) સાથે રિવાયત કરે છે. ખિતાબીએ કહ્યું, આ ગલત છે. ભૂખના કારણે મોઢામાં જે બદબૂ પેદા થાય છે તેને خُلف ખલૂફ઼ કહે છે. મુશ્ક़થી વધુ ખુશ્બુદાર હોવું અલ્લાહની નજીક છે જે દુનિયામાં બાતિની ચીજ છે અને ઈન્શાઅલ્લાહ આખેરતમાં જાહેર પણ થશે અને એ રઝા તથા क़બૂલથી કિનાયા (નિર્દેશ) છે. જેવી રીતે મુશ્ક़ સૌને પસંદ છે અને મુશ્ક़ની ખુશ્બુથી દરેક શખ્સ ખુશ થાય છે, એ જ પ્રમાણે મુરાદ એ છે કે અલ્લાહ ﷻ રોઝાને क़બૂલ ફર્માવે છે, અને રોઝાથી અલ્લાહ ﷻની ખુશ્નુદી હાંસલ થાય છે.

الصَّوْمُ لِى : નમાઝ ખાસ શર્તો સાથે ખાસ સ્થિતિ સાથે ખાસ અરકાનની અદાયગીનું નામ છે, જેને જોઈને દરેક શખ્સ જાણી શકે છે કે આ માણસ નમાઝ પઢી રહ્યો છે, હજનો પણ એ જ હાલ છે, બલ્કે એના માટે સફ઼ર, ઘરથી બહાર રહેવું અને આમ મજમામાં એની અદાયગીથી દરેક શખ્સ જાણી શકે છે કે આ હજ કરવા જઈ રહ્યો છે, હજ અદા કરી રહ્યો છે. ઝકાત ફકીરો તથા મિસ્કીનોને આપવામાં આવે છે એના પર પણ બીજાને જાણ થઈ જવી લાઝિમ છે, પણ રોઝો એવી ઈબાદત છે જેમાં કોઈ એવું કામ નથી જેના લીધે લોકો તેનાથી માહિતગાર થઈ જાય, વળી એકાંતમાં ઘણા એવા મોક़ા મળે છે કે જો માણસ ખાય, પી લે તો કોઈને જાણ ન થશે. એટલા માટે અન્ય ઈબાદતોની સરખામણીમાં રોઝામાં રિયાકારીની મિલાવટને દખલ નથી. બંદો રોઝા રાખે છે તો ખાસ અલ્લાહની રઝા માટે રાખે છે. એને જ ફર્માવ્યું, રોઝો મારા માટે છે અને હું એનો બદલો આપીશ. બાદશાહ જ્યારે કોઈને કાંઈ આપે છે તો પોતાની શાનના મુજબ આપે છે તે પણ જ્યારે કોઈ પસંદીદા કામ પર ખુશ થઈને આપે છે તો પછી એનો અંદાજો કોણ કરી શકે છે ? એને જ એક અન્ય હદીષમાં ફર્માવ્યું :–

كل حسنة بعشرا مثا لها الىٰ سبع مائة ضعف الا الصيام فهولى وانا اجزى به ''દરેક નેકી રોઝાના સિવાય દસ ગણીથી સાતસો ગણી સુધી છે, પણ રોઝો મારા માટે છે અને હું એનો બદલો આપીશ.'' *(મુસ્લિમ, ૧/૩૬૩ અસ્સિયામ, તિર્મિઝી–અસ્સૌમ–૯૫, નિસાઈ ૧/૩૧૦ અસ્સિયામ, ઈબ્ને માજહ–અસ્સિયામ–૧૧૯, મોઅત્તા ઈમામ માલિક–અસ્સિયામ, ૧૦૩, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૩૪)*

وَالحسَنةُ بعشرا مثا لهَا : આ તહદીદ (હદબંધી, સીમિત કરવા)ના માટે નથી, કમસે કમનું બયાન છે. અને સંખ્યાનો ભાવાર્થ દલીલ નથી, એટલા માટે આ પણ વર્ણન થયેલ હદીષથી વિરૂદ્ધ નથી.

بَابُ الرَّيَّانِ لِلصَّائِمِيْنَ صـ۲۵۴

"રૈયાન રોઝાદારો માટે છે" –(પેજ : ૨૫૪)

હદીષ ૧૧૦૯ عَنْ سَهْلٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِنَّ

"હઝરત સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું : **[હદીષ : ૧૧૦૯]**

فِي الْجَنَّةِ بَابًا يُقَالُ لَهُ الرَّيَّانُ يَدْخُلُ مِنْهُ الصَّائِمُوْنَ يَوْمَ الْقِيَامَةِ

જન્નતમાં એક દરવાજો છે જેનું નામ રૈયાન છે. ક્યામતના દિવસે એ દરવાજેથી કેવળ રોઝાદાર દાખલ થશે,

لَا يَدْخُلُ مِنْهُ اَحَدٌ غَيْرُهُمْ يُقَالُ اَيْنَ الصَّائِمُوْنَ ..... فَيَقُوْمُوْنَ لَا

એમના સિવાય અન્ય કોઈ એ દરવાજેથી દાખલ થશે નહીં. ફર્માવવામાં આવશે, રોઝાદાર ક્યાં છે ? તો એ લોકો

يَدْخُلُ مِنْهُ اَحَدٌ غَيْرُهُمْ فَاِذَا دَخَلُوْا اُغْلِقَ فَلَمْ يَدْخُلْ مِنْهُ اَحَدٌ ؏

ઉભા થશે. એમના સિવાય અન્ય કોઈ એ દરવાજેથી દાખલ થશે નહીં. જ્યારે રોઝાદાર દાખલ થઈ જશે તો એ દરવાજો બંધ કરી દેવામાં આવશે, પછી કોઈ દાખલ થશે નહીં." (મુસ્લિમ–હજ)

સમજૂતી : ૧૧૦૯

اِنَّ فِي الْجَنَّةِ بَابًا : જન્નતમાં કુલ આઠ દરવાજા છે, બાબે રૈયાન એ આઠમાનો એક છે અથવા અલગથી એ કોઈ અન્ય દરવાજો છે. હદીષોથી બંને વાતો જાહેર થાય છે. બુખારી બદઉલખલ્કમાં એ જ સહલ رضی اللہ عنہ થી મરવી છે : **"في الجنة ثما نية ابواب فيها باب يسمى الرَّيان لايد خله الا الصائمون** "જન્નતમાં આઠ દરવાજા છે એમાં એક દરવાજાનું નામ રૈયાન છે જેનાથી કેવળ રોઝાદાર દાખલ થશે." *(બાબુ સિફતે અબ્વાબિલ જન્નત–૪૮૧)*

આ હદીષમાં **فيها**ની ઝમીરે મજરૂર મુત્તસિલમાં બે સંભાવનાઓ છે, એક એ કે એનો મરજઅ જન્નત હોય. એનાથી જાહેરી રીતે એવું જણાય છે કે એ આઠ દરવાજાઓ સિવાય અન્ય કોઈ દરવાજો છે જેનું નામ **رَيَّانْ** (રૈયાન) છે. બીજી સંભાવના પણ છે કે એનો મરજઅ અબ્વાબ હોય. હવે એ મતલબ થશે કે **رَيَّانْ** (રૈયાન) તે જ આઠમાંથી કોઈ એક છે. એની સમર્થક જવઝકીની તે રિવાયત છે જે અબૂ ગ્સ્સાન અન અબી હાઝિમના તરીકાથી મરવી છે જેમાં **فيها**ના બદલે **منها** છે.

પ્રથમની સમર્થક ઘણી બધી હદીષો છે જેમાં આના પછી બુખારીની જ હદીષ આવી રહી છે. **رَيَّانْ** (રૈયાન) **فَعْلَانْ**ના વજન પર છે, એનો માદ્દો **رَيٌّ** છે. જેનો અર્થ તૃપ્ત થવું છે. નિસાઈ (અસ્સૌમ–૩૧૨)માં છે કે જે આ દરવાજામાં દાખલ થશે પીશે અને પછી કદી તરસ્યો ન થશે.

حديث ૧૧૧૦ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ اَنْفَقَ زَوْجَيْنِ فِيْ سَبِيْلِ اللّٰهِ نُوْدِيَ مِنْ

જેણે અલ્લાહની રાહમાં જોડ ખર્ચ કર્યો તેને જન્નતના કેટલાયે દરવાજાઓએથી પોકારવામાં આવશે,

اَبْوَابِ الْجَنَّةِ يَا عَبْدَ اللّٰهِ هٰذَا خَيْرٌ فَمَنْ كَانَ مِنْ اَهْلِ الصَّلٰوةِ دُعِيَ

હે ખુદાના બંદા ! આ દરવાજો ઉમદા છે. જે નમાઝી હશે તેને બાબુસ્સલાતથી પોકારવામાં આવશે. જે

مِنْ بَابِ الصَّلٰوةِ وَمَنْ كَانَ مِنْ اَهْلِ الْجِهَادِ دُعِيَ مِنْ بَابِ الْجِهَادِ وَمَنْ

મુજાહિદ હશે તેને બાબુલજેહાદથી પોકારવામાં આવશે. જે રોઝાદાર હશે તેને બાબુરૈયાનથી પોકારવામાં

كَانَ مِنْ اَهْلِ الصِّيَامِ دُعِيَ مِنْ بَابِ الرَّيَّانِ وَمَنْ كَانَ مِنْ اَهْلِ

આવશે. જે સદકો આપનાર હશે તેને બાબુસ્સદકાથી પોકારવામાં આવશે. એના પર અબૂબકએ અર્ઝ કરી,

الصَّدَقَةِ دُعِيَ مِنْ بَابِ الصَّدَقَةِ فَقَالَ اَبُوْ بَكْرٍ بِاَبِيْ اَنْتَ وَاُمِّيْ

આપના પર મારાં માબાપ કુર્બાન ! યા રસૂલુલ્લાહ ! ﷺ આ દરવાજાઓમાંથી કોઈ એકથી

يَا رَسُوْلَ اللّٰهِ مَا عَلٰى مَنْ دُعِيَ مِنْ تِلْكَ الْاَبْوَابِ مِنْ ضَرُوْرَةٍ فَهَلْ

પોકારવામાં આવશે તેને બીજા દરવાજાની શું જરૂર ? શું કોઈ એવો પણ હશે જેને આ સૌ

يُدْعٰى اَحَدٌ مِّنْ تِلْكَ الْاَبْوَابِ كُلِّهَا قَالَ نَعَمْ وَاَرْجُوْ اَنْ تَكُوْنَ مِنْهُمْ ؕ

દરવાજાઓથી પોકારવામાં આવશે ? ફર્માવ્યું, હા ! મને ઉમ્મીદ છે કે તમે એમનામાંથી હશો."

(બુખારી ૧/૫૧૭ મનાકિબ બાબિ ફઝ્લિ અબીબક્ર رضی اللہ عنہ, મુસ્લિમ–ઝકાત, તિર્મિઝી–મનાકિબ, નિસાઈ–મનાકિબ, ઝકાત–સૌમ, જેહાદ)

સમજૂતી : ૧૧૧૦

من انفق زوجين એટલે જે ચીજ આપે તે બે (ડબલ) હોય, દા.ત. બે દિરહમ, બે દીનાર, બે ઊંટ, બે ઘોડા વગેરે વગેરે. જેમ કે અબૂઝરની હદીષ (ઉમ્દતુલ કારી, ૧૦/૨૬૪)માં ખૂદ એમની તફસીર વર્ણન થયેલી છે. અને એ પણ મતલબ થઈ શકે છે કે બે ચીજો આપે ભલે તે વિવિધ જાતની હોય. દા.ત. એક દિરહમ એક દીનાર, એક દીનાર એક કપડુ, એક કપડુ એક જાનવર. અને **انفاق**થી નફલ રૂપે ખર્ચ કરવું મુરાદ છે.

ابواب الجنة : એની પણ સંભાવના છે કે એનાથી જન્નતના આઠેવ મશહૂર દરવાજાઓ મુરાદ હોય. જેમ કે એક રિવાયત (ઉમ્દતુલ કારી, ૧૦/૨૬૪)માં છે **فتحت له ابواب الجنة الثمانيه** "એના માટે જન્નતના આઠેવ

દરવાજાઓ ખોલી દેવામાં આવશે. હઝરત અબૂઝર رضی اللہ عنہ (ઉપર મુજબ)ની હદીષમાં છે કે તેનુ જન્નતના દરવાન સ્વાગત કરશે, સૌ પોતાની તરફ બોલાવશે.

من باب الصلٰوة : આ હદીષમાં એની પણ સંભાવના છે કે જન્નતના આઠેવ દરવાજાઓમાંથી કોઈનું નામ બાબુસ્સલાત હશે, કોઈનું બાબુલ જેહાદ, કોઈનું બાબુસ્સદકા વગેરે વગેરે. પણ અન્ય હદીષોથી જાહેર થાય છે કે આ ખાસ દરવાજાઓની સંખ્યા આઠથી વધુ છે. ઈમામ હકીમ તિર્મિઝીએ નવાદિરુલ ઉલૂસમાં રિવાયત કર્યું છે કે જન્નતના એક દરવાજાનું નામ બાબે મુહમ્મદ ﷺ છે. આ બાબે રહમત છે, બાબે તૌબા છે. જ્યારથી અલ્લાહ ﷻએ એને બનાવ્યો છે ત્યારથી ખુલ્લો છે, કદી બંધ ન થયો. જ્યારે સૂર્ય પૂર્વને બદલે પશ્ચિમથી ઉગશે તો બંધ થઈ જશે અને પછી કયામત સુધી ખુલશે નહીં. બાકીના દરવાજાઓ આમાલે હસના (નેક અમલો)ના નામ પર છે. જેમ કે બાબુઝ્ઝકાત, બાબુલ હજ, બાબુલ ઉમરા. ઈમામ કાઝી અયાઝે રિવાયત કરી કે એક દરવાજાનું નામ બાબુલ કાઝિમીનલ ગયઝ છે અને એક બાબુર્રાદ્દીય્યીન (રાઝીનું બહુવચન) છે. એ જ પ્રમાણે એકનું નામ **બાબુદ્દુહા** છે. **એ એમના માટે છે જેઓ ચાશ્તની નમાઝ પાબંદી સાથે પઢનારા છે.** એક નામ **બાબુલ ફરહ** છે જે **બાળકોને ખુશ કરવાવાળાના માટે** છે. એક બાબુઝ્ઝિક્ર છે, એક બાબુસ્સાબિરીન છે. એક દરવાજો તે છે જે બંદાના હક્કો માફ કરનારા માટે છે, એક દરવાજો ખુશ અખ્લાક લોકો માટે છે.

એનો ખુલાસો એ છે કે મોટા કેન્દ્રિય આઠ દરવાજા છે આ સૌ એમના હેઠળના દરવાજા છે. આ ખાસ દરવાજાઓ એ લોકો માટે છે જેઓ ફર્ઝોની સંપૂર્ણપણે પાબંદીની સાથે સાથે નફલોની સાથે ખાસ લગાવ રાખતા હોય. જે શખ્સ જે નફલની અદાયગીમાં વિશિષ્ટ હશે તે તેના ખાસ દરવાજેથી દાખલ થશે.

وعَلىٰ مَنْ دُعىَ : હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની આ અરજનો મતલબ એ છે કે મૂળ હેતુ તો જન્નતમાં પ્રવેશ છે, જો કોઈને કોઈપણ એક દરવાજેથી બોલાવવામાં આવે તો તેને બીજા દરવાજાની જરૂરત નથી. કેમ કે તેનો હેતુ સિધ્ધ થઈ ગયો. અને એની પણ સંભાવના છે કે **ضرورة**નો **ضرر** (નુકસાન) લેવામાં આવે તો હવે એ મતલબ થશે કે એમાં કોઈ નુકસાન તથા વાંધો નથી.

يدعى من تلك الابواب كلها એટલે કે શું કોઈ એવો છે જે ફર્ઝોની પાબંદીની સાથોસાથ સર્વ નફલોની અદાયગીમાં એટલું આકર્ષણ ધરાવે છે કે તે સૌમાં વિશિષ્ટ હોય, અને તેને સર્વે દરવાજાઓએથી પોકારવામાં આવે. ફર્માવ્યું, એવા લોકો પણ છે અને તમે એમનામાંથી છો. હદીષમાં વર્ણન થયું છે : **وارجو** હું ઉમ્મીદ કરું છું કે તમે એમનામાંથી હશો અને દરેક ઉમ્મીદનું પૂર્ણ થવું જરૂરી નથી. પણ એ અમારી તથા તમારી ઉમ્મીદના બારામાં છે, વર્ણન થઈ ચૂક્યું કે અલ્લાહ ﷻ તથા રસૂલુલ્લાહ ﷺની રિજા (ઉમ્મીદ) તેહકીક્ના માટે હોય છે.

بَابُ هَلْ يُقَالُ رَمَضَانُ أَوْ شَهْرُ رَمَضَانَ۔ وَمَنْ رَأَى كُلَّهُ وَاسِعًا ۲۵۵

[પ્રકરણ] : શું રમઝાન કે શહરે રમઝાન કહેવામાં આવે ? અને જે સૌને (બંનેવ કહેવાને) જાઈઝ જાણે –(પેજ–૨૫૫)

સ્પષ્ટતા : અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)માં હઝરત ઈમામ અતા અને ઈમામ મુજાહિદ કેવળ રમઝાન કહેવાને નાપસંદ કરતા હતા, શહરે રમઝાન એટલે (રમઝાન સાથે) શહર શબ્દનો વધારો કરવાને જરૂરી જાણતા હતા. એના અનુસંધાનમાં કામિલ ઈબ્ને અદીની એક હદીષ પણ છે કે, હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, રમઝાન ન કહો કેમ કે રમઝાન અલ્લાહ عزوجل નાં નામોમાંથી છે. હા ! શહરે રમઝાન કહો. પણ એ ઝઈફ છે. જમહૂર મુહક્કિક્રોનો મસ્લક એ છે કે એમાં કોઈ વાંધો નથી કે 'શહર'ના વધારા વિના રમઝાન કહેવામાં આવે. ખૂદ ઈમામ બુખારીના પોતાનો મસ્લક શું છે ? આદત પ્રમાણે મોટાભાગે એને પ્રદર્શિત નથી કર્યો, પણ જે હદીષો લાવ્યા છે એનાથી એનું જ સમર્થન થાય છે કે તે બંનેવ જાઈઝ જાણે છે.

اِفَادَہ (ફાયદો) : શહરનો વધારો કેવળ ત્રણ મહિનાઓ પ્રતિ સહીહ છે. રબીઉલ અવ્વલ, રબીઉલ આખર તથા રમઝાન. જેમ કે અલ્લામા ઈબ્ને હાજિબે સ્પષ્ટતા કરી છે. એના સિવાય બીજા મહિનાઓ પ્રતિ શહરનો વધારો કરવો જાઈઝ નથી.

રમઝાન (رمضان) : رَمَضَ (રમઝ)નો મસ્દર છે એ رمضاء (રમઝા)થી છે. એનો અર્થ સળગવું છે. જ્યારે રમઝાનનું નામ રાખી રહ્યા હતા ત્યારે સખત ગરમી પડી રહી હતી.

પહેલાં મહિનાનાં નામો આ પ્રમાણે હતાં : મુહર્રમનું નામ મઉકર, સફરનું નામ નાજર, રબીઉલ અવ્વલનું ખ્વાન, રબીઉલ આખરનું વયદ્રાન, જમાદીલ અવ્વલનું રિબા, જમાદીલ આખરનું હનીન, રજબનું અસમ, શાબાનનું આઝિલ, રમઝાનનું નાતિક્ર, શવ્વાલનું વઅલ, ઝીક્રઅદાનું દરના, ઝીલહજ્જનું બરક.

મોહકમમાં છે કે શહરનો અસલ અર્થ ચાંદ છે. ચાંદને શહર તેની શોહરત (ખ્યાતિ)ના કારણે કહે છે.

حديث ١١١١ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

[હદીષ : ૧૧૧૧] "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِذَا جَاءَ رَمَضَانُ فُتِحَتْ اَبْوَابُ الْجَنَّةِ -

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે રમઝાન આવે છે તો

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِذَا جَاءَ رَمَضَانُ فُتِحَتْ اَبْوَابُ الْجَنَّةِ -

જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે."

حديث ١١١٢ اَنَّهٗ سَمِعَ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُوْلُ قَالَ رَسُوْلُ

[હદીષ : ૧૧૧૨] "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا دَخَلَ رَمَضَانُ فُتِحَتْ اَبْوَابُ السَّمَاءِ

જ્યારે રમઝાન આવે છે તો આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે અને જહન્નમના દરવાજા

وَغُلِّقَتْ اَبْوَابُ جَهَنَّمَ وَسُلْسِلَتِ الشَّيَاطِيْنُ ؕ

બંધ કરી દેવામાં આવે છે અને શૈતાનોને જંઝીરોમાં જકડી દેવામાં આવે છે."

(બુખારી ૧/૪૮૩ બદઉલ ખલ્ક બાબ સિફતુ ઈબ્લીસ, મુસ્લિમ, નિસાઈ–અસ્સિયામ)

સમજૂતી : હદીષ : ૧૧૧૧–૧૧૧૨ ઈબ્ને અબી અનસ મૌલા અત્તયમીય્યીન–અબૂ અનસથી મુરાદ મલિક બિન અબૂ આમિર છે. એ હઝરત ઈમામ માલિક સાહિબે મઝહબના કાકા હતા. ઈબ્ને અબી અનસથી તેમના સાહબઝાદા અબૂ સુહૈલ મુરાદ છે. અબૂ આમિર મક્કા મોઅઝ્ઝમા આવ્યા તો હઝરત તલ્હા બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ના ભાઈ ઉષ્માન બિન તલ્હાના હલીફ બની ગયા. એટલા માટે મૌલા તયમીય્યીન કહેવાવા લાગ્યા. હઝરત ઈમામ માલિક કહ્યા કરતા હતા, અમે આલે તયૂમના મવાલી નથી અમે કબીલા અસ્બહના અરબ છીએ, પણ અમારા દાદા આલે તયૂમના હલીફ બની ગયા હતા એટલા માટે અમને લોકો મૌલા આલે તયૂમ કહે છે. અબૂ સુહૈલ નાફેઅ ઉમરમાં હઝરત ઈમામ ઝુહરીથી ઓછા છે એના કારણે ઈમામ ઝુહરીના શાગિર્દોએ પણ એમનો સમય મેળવ્યો. એ ઈમામ ઝુહરીથી પહેલાં વફાત પણ પામ્યા. હિ.સ. ૧૦૦ કે હિ.સ. ૧૧૨ માં તેમની વફાત થઈ. અને ઈમામ ઝુહરીનો વિસાલ હિ. ૧૨૪ માં થયો છે.

فتحت ابوابُ الجنَّة ـ السَّماء : એમાં કોઈ વાંધો નથી કે દરવાજો ખોલવાથી તેનો હકીકી અર્થ મુરાદ લેવામાં આવે. મતલબ એ થયો કે રમઝાનમાં રાત દિવસ મુસલમાન નેક અમલો પુષ્કળ પ્રમાણમાં કરે છે જેથી દરવાજા ખોલી દેવામાં આવે છે કે તેમને ઉચ્ચતા તથા કબૂલના દરજે પહોંચવામાં કોઈ રુકાવટ ન નડે. તેમજ એ કે જ્યારે જન્નત અને આસ્માનના દરવાજા ખુલેલા છે તો રહમત તથા બરકતનો નુઝૂલ સતત થતો રહેશે. એ જ પ્રમાણે જહન્નમના દરવાજાઓનું બંધ થવું અને શયતાનોનું સાંકળો (જંઝીરો)માં જકડાવું પણ હકીકી અર્થોમાં છે.

بَابُ رُؤيَةِ الهِلَالِ ص۲۵۵

"ચાંદ જોવાનું બયાન" –(પેજ–૨૫૫)

حديث ۱۱۱۳ أَخْبَرَنِي سَالِمُ بْنُ عَبْدِ اللهِ أَنَّ ابْنَ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને એ ફર્માવતાં સાંભળ્યા, **[હદીષ : ૧૧૧૩]**

عَنْهُمَا قَالَ سَمِعْتُ رَسُولَ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ إِذَا

જ્યારે ચાંદ જોઈ લો તો રોઝો રાખો અને જ્યારે ચાંદ જોઈ લો તો રોઝો છોડો. અને જો ૨૯ ના ચાંદ નજર

رَأَيْتُمُوهُ فَصُومُوا وَإِذَا رَأَيْتُمُوهُ فَأَفْطِرُوا فَإِنْ غُمَّ عَلَيْكُمْ فَاقْدِرُوا لَهُ وَ

ન આવે તો ચાંદના માટે અંદાજો કરી લો. અને યહયા ઈબ્ને બુકેરના સિવાય એક શખ્સે લયષથી રિવાયત

قَالَ غَيْرُهُ عَنِ اللَّيْثِ قَالَ ثِنِي عُقَيْلٌ وَيُونُسُ لِهِلَالِ رَمَضَانَ ؏

કરતાં કહ્યું, મારાથી અકીલ અને યૂનુસે હદીષ બયાન કરી જેમાં એ છે કે રમઝાનનો ચાંદ."

(ઉપર મુજબ, બાબુ કૌલિન્નબી ﷺ સૂમૂલેરૂયતિહી–૨૫૬)

સમજૂતી : ૧૧૧૩

اذا رأيتموه : આ હદીષમાં ઝમીરે મન્સૂબ મુત્તસિલનો મરજઅ હિલાલ (ચાંદ) છે જે સૌને માલૂમ તથા નિશ્ચિત છે. જેમ કે આયતે કરીમા **وَلِأَبَوَيْهِ لِكُلِّ وَاحِدٍ مِّنْهُمَا السُّدُسُ** માં **وَلِأَبَوَيْهِ** ની ઝમીરે મજરૂર મુત્તસિલનો મરજઅ શાબ્દિક રીતે કે ભાવાર્થની રીતે વર્ણન થયેલ નથી. પણ લખાણની વર્ણન પધ્ધતિથી માલૂમ તથા નિશ્ચિત છે.

આ હદીષ અને તેના સમાનાર્થી અન્ય હદીષો એના માટે દલીલ છે કે રમઝાન અને એના જેમ અન્ય મહિનાઓના પ્રારંભ અને અંતનો આધાર રૂયત (ચાંદ દેખાવા) પર છે. **એટલા માટે જ્યોતિષો તથા ખગોળ શાસ્ત્રનો હિસાબ શરીઅતની રૂએ ગેર મોઅતબર (અવિશ્વસનીય) છે એની ભારપૂર્વકની તાકીદ આગળના આ ઈર્શાદથી થાય છે. فان غم عليكم فاقدروا له "અને જો ચાંદ છુપાય જાય તો ગણત્રી પૂરી કરો.** غُمّ નો માઝી મજહૂલ છે. غَمّ નો અર્થ છુપાવું છે, ઢાંકી લેવું છે. બોલે છે : **غَمَمْتُ الشَّيْءَ غَطَّيْتُهُ** "મેં એને છુપાવી લીધો, ઢાંકી લીધો." એટલા માટે **فان غم عليكم** નો અર્થ શરહકર્તાઓએ આ પ્રમાણે લખ્યો : **اى سنز الهلال عليكم** એટલે "તમારાથી ચાંદ છુપાવી લેવામાં આવે." એનું સમર્થન અબૂ દાઉદ (૧/૩૧૮ અસ્સિયામ, નિસાઈ ૧/૩૦૨ ઈકમાલ) તથા નિસાઈની આ હદીષથી થાય છે જે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે જેમાં **غم عليكم** ને બદલે આ છે : **فان حال دونه غمامه** -[وفى رواية] એટલે કે, **"જો વાદળ અને અંધકાર આડ બની જાય." એનો કતઈ (નિશ્ચિત) મતલબ એ થયો કે ચાંદ ક્ષિતિજથી એટલા ઉપર છે કે જો વાદળ ધૂળ ગુબાર, ધૂમાડો, ધુમ્મસ ન હોત તો દેખાઈ જાત, પણ વાદળ વગેરેથી ઢંકાઈ જવાના કારણે દેખાતો નથી.** જેથી હુકમ એ છે કે મહિનો બાકી છે ત્રીસની ગણત્રી પૂરી કરો. જ્યોતિષ

તથા ખગોળ શાસ્ત્રના હિસાબથી એ જ ખબર પડી જશે ને કે ચાંદ આકાશ પર એટલી ઊંચાઈ પર આવી ગયો છે કે જો કોઈ ચીજ આડી ન હોય તો દેખાઈ જશે. (હુઝૂરે અકૃદસ ﷺએ એને ગૈર મોઅતબર (અવિશ્વસનીય) ઠરાવ્યું અને આધાર ચાંદના દેખાવા (રૂયત) પર રાખ્યો. એટલા માટે ખગોળ શાસ્ત્રીઓ લાખ કહે કે ચાંદ આટલી સપાટીએ પહોંચી ચૂક્યો છે કે જો વાદળ વગેરે ન હોત તો જરૂર દેખાઈ જાત, છતાંય વિશ્વસનીય નથી.

هیئت کا عجز : મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ કિતાબ દરઅુલ દરકે કુબ્હ અન દર્કે વક્તિસ્સુબ્હમાં ફર્માવ્યું :–

ભાવાર્થ : "જેનો આધાર માત્ર આંખથી જોવા પર છે તે ચાંદ છે. હદીષે પાકમાં છે : નિઃશંક ! અલ્લાહ عزوجلએ તેની મુદ્દત માત્ર જોવા પર જ રાખી છે. (એટલે કે જ્યારે ચાંદ દેખાય ૨૯ કે ૩૦ના રોજ ત્યારે જ હિલાલ, પ્રથમ ચાંદ કહેવાય) ચાંદના ઉગવા તથા આથમવાના કારણો આજ સુધી માણસના કાબૂમાં નથી આવ્યાં, ન તો એવો કોઈ કાયદો બનાવી શકાયો છે કે અગાઉથી યકીનની સાથે એવું કહી શકાય કે ચાંદ ૨૯ કે ૩૦ના દેખાશે. એટલા માટે સાઈન્ટિસ્ટ બત્લીમૂસે પોતાના પુસ્તક મજીસ્તીમાં પાંચ તારાઓ ઝોહલ, મુશ્તરી, મિર્રીખ, અતારદ, ઝોહરા અને ગ્રહો (Planets)ના ઉગવા આથમવાનાં પ્રકરણો લખ્યાં, પરંતું ચાંદ વિશે તદ્દન ચર્ચા ન કરી. કારણ કે તે જાણતો હતો કે આ મારા કાબૂમાં આવી શકે તેમ નથી, એના માટે કોઈ શંકા વિનાનો કાયદો આપી શકાય તેમ નથી.

તેના પછીના લોકોએ પોતાના અનુભવોથી ચાંદ વિશે અમુક ચર્ચા કરી, જેમ કે ૨૯, ૩૦ એ ચાંદ અને સૂર્ય વચ્ચે કેટલા ડિગ્રી ગેપ હશે. અથવા ચાંદ હોરાઈઝનથી કેટલી ડિગ્રી ઉપર હશે.....વિગેરે અમુક વાતો વર્ણન કરી. પરંતું તે લોકો આ વર્ણનમાં એકબીજા સાથે વિવાદ ધરાવે છે, વિવિધ મંતવ્યો ધરાવે છે, અને એક પણ પોતાની વાતમાં સો ટકા ગેરન્ટી નથી આપતો. જ્યારે કે તે માણસ જે ખગોળશાસ્ત્ર જાણે છે તેને ખબર છે કે યૂરોપના વૈજ્ઞાનિકો અમુક ચાંદને લગતી ગૈરજરૂરી વાતોમાં પણ ઊંડે જાય છે અને દરવર્ષે એક પુસ્તક અલ્મનક છાપે છે જેમાં ચાંદ વિશે દરેક દિવસનું મૈલ (Decliletion) ડેકલીલેશન અને ચાંદ ઉગવાની જગ્યા, દરેક મહિને સૂર્ય તથા ચંદ્ર વચ્ચે ૧૦ ડિગ્રીથી ઓછી હશે, અને ક્યારે વધારે હશે ૧૮૦ ડિગ્રી સુધી અને ક્યારે ૯૦ ડિગ્રી અંતર હશે તેના ટાઈમ આપે છે. અને દરેક તારીખે ચાંદની પ્લાનેટસ્ તથા પાંચ તારાઓ સાથે તકૃવીમ બરાબર હશે તે વર્ણન કરે છે. પરંતું હિલાલ ચાંદ દેખાવવાનો ૧૦૦% સમય નથી આપતા. તેઓ પણ જાણી ગયા છે કે ચાંદ કાબૂમાં નથી આવી શકતો. એટલા માટે ફૂકહા (ફકીહો)એ જ્યોતિષીઓની ચાંદ સંબંધે વાત રદ કરી આપી છે. (ફતાવા રઝવિય્યહ, ૪/૬૪૪)

*(**નોંધ** : આજે પણ વૈજ્ઞાનિકો વિવાદ ધરાવે છે કે ચાંદ ઉગ્યા પછી કેટલા કલાક દેખાશે, અને તેના તથા સૂર્ય વચ્ચે કેટલા ડિગ્રી અંતર હોય તો દેખાય, અને હોરાઈઝનથી કેટલી ડિગ્રી ઉપર હોય તો દેખાય. જેથી એનો પણ એતબાર થશે નહીં. **–નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી**)*

હું કહું છું : પણ આ ચોર્યાસી વરસો પહેલાંની વાત છે, આ સમય ગાળામાં વિવિધ અનુભવો તથા અર્વાચીન ઓટોમેટિક હિસાબનાં યંત્રોમાં કોમ્પ્યુટરની મદદથી રૂયતે હિલાલ (ચંદ્ર દર્શન)ની માહિતી પણ આપવા લાગ્યાં છે જે વરસો વરસના અનુભવોથી સહીહ પણ નીકળે છે. તો જેવી રીતે નમાઝોના સમયો જાણવાનો આધાર પણ રૂયત જ હતી પણ વરસો વરસના અનુભવોથી કાયદા નિશ્ચિત થયા જે અનુભવોથી જ સહીહ સાબિત થયા તો એના પર વિશ્વાસ મુસ્લિમોના ઈજમાઅથી થઈ રહ્યો છે. મુજદ્દિદે આઝમ એ જ કિતાબ (ઉપર મુજબ)માં લખે છે :–

"હિસાબ તો નિશ્ચિત (ક़તઈ) હતો જ જેટલી વાતની તરફ એને માર્ગ ન હતો તે વારંવારની રૂયતે અનુભવની રીતે બતાવી આપ્યું. અને અનુભવ તથા હિસાબ બે ક़તઈઓ (નિશ્ચિતો)એ મળીને ક़તઈ હુકમ આપણા હાથ લાગી ગયો."

એટલા માટે કોઈ કહી શકે છે કે રિસાલતકાળમાં બલ્કે હિ.સ. ૧૩૨૯ સુધી કેમ કે રૂયતના ક़ાયદા નિશ્ચિત ન હતા એટલા માટે એનો એતબાર ન થયો અને હવે જ્યારે કે નમાઝના સમયોની જેમ એના ક़ાયદા પણ નિશ્ચિત થઈ ગયા જેથી એતબાર થવો જોઈએ. આ ઉલમાએ કિરામ ખાસ કરીને મુફ્તિયાને એઝામના માટે ચિંતનનો વિષય છે. ખાસ કરીને આવા સંજોગોમાં જ્યારે કે રૂયત (ચાંદ જોવા) પર આધાર રાખવાના કારણે દર વર્ષે રમઝાન, ઈદુલ ફિત્ર, ઈદુલ્લુહાના મોક़ા પર પૂરા દેશમાં હંગામો, ઝઘડા થઈ જતા હોય છે, ત્યાં સુધી કે અવામ ઉલમાના ક़ાબૂમાં નથી રહેતી. રોઝા અલગ છોડે છે અને તોડે છે, ઈદની નમાઝ સમયથી પહેલાં પઢી લે છે. અવામના ઈમાનની સલામતીના માટે કેમ ન નમાઝના સમયોની જેમ ચાંદ દેખાવામાં પણ વર્તમાન ચંદ્ર દર્શનના ક़ાયદાનો એતબાર કરી લેવામાં આવે ?!

રૂયત (ચાંદ જોવા) પર આધાર રાખવામાં આસાની છે : રૂયત પર આધાર રાખવામાં આસાની છે. ખગોળ વિદ્યા થકી માહિતી મેળવવામાં કેટલી મુશ્કેલીઓ છે તે ખગોળ શાસ્ત્રીઓ જ જાણે છે. વર્તમાન ખગોળ શાસ્ત્રથી કામ લેવામાં વર્તમાન અવકાશ નિરીક્ષણના આધુનિક સ્વચલિત યંત્રો તથા કોમ્પ્યુટર વગેરે પૂરુ પાડવુ તથા તેનાથી કામ લેનારા નિષ્ણાતો તે પણ પ્રમાણિક મળવા કેટલા દુર્લભ છે એ કોનાથી છુપુ છે. એની સરખામણીમાં રૂયતમાં (ચાંદ જોવામાં) કેટલી આસાની છે તે બતાવવાની વાત નથી, અને ન શરીઅતે આપણને એના માટે બાંધ્યા છે કે પૂરી દુનિયાના મુસલમાન એક જ દિવસે રોઝા રાખવા શરૂ કરે અને એક જ દિવસે છોડે. એક જ દિવસે ઈદો પઢે, કુર્બાની કરે. પછી વળી તે શું શરઈ તથા અક़્લી સબબ થઈ શકે છે કે આપણે ખગોળ વિદ્યા વેધશાળાઓ (પ્લેનેટોરિયમ) તથા તેના સાધનોમાં તથા કોમ્પ્યૂટરના ગુંચવાડામાં ફસાઈએ ? સાફ તથા સ્પષ્ટ હુકમ છે કે જે સ્થળવાળાઓ માટે જેવી રૂયત થાય અથવા સાબિત થાય તેના પ્રમાણે અમલ કરે. કાશ ! કે દરેક મુસલમાન આ મુદ્દાને સમજી લે તો તો ન ગરબડ ખડી થતી ન હંગામો ન લડાઈ ન ઝઘડો. પણ પબ્લિક થોડી અને આધુનિક શિક્ષણ પામેલ તબક़ો વધુ પ્રમાણમાં આના આગ્રહી છે કે આખા હિંદુસ્તાનમાં એક જ દિવસે ઈદ થાય, આ શોખે સર્વ હંગામાં ખડા કરી આપ્યા છે. આ શોખ યક़ીનન ગલત છે એટલા માટે એના પર આધારિત સર્વ આક્ષેપો ગલત છે. પણ ઉલમાએ પણ આના પર ગુંજાઈશની શર્તે એના પર વિચારણા કરવી જરૂરી છે.

ચાંદ જોવાના સંબંધે ઉભય સ્થાનોની વિવિધતા : એના અનુસંધાનમાં એક ઘણી જ મહત્વની ચર્ચા ચાંદના ઉભય સ્થાનોની વિવિધતાની આવે છે કે એ મોઅતબર (વિશ્વસનીય) છે કે નહીં. હઝરત ઈમામ શાફ઼ઈ رضی اللہ عنہ વગેરેના ત્યાં વિશ્વસનીય છે. હનફ઼ી ઈમામોમાં હઝરત ઈમામ અબૂ જઅફ઼ર તહાવી, ઈમામ ઝયલઈ, ઈમામ મલિકુલ ઉલમા કાશાની સાહિબે ફ઼ૈઝની નજીક મોઅતબર છે, પણ આપણા નજીક સહીહ તથા મુખ્તાર (ઉત્તમ) એ જ છે કે મોઅતબર નથી. એ જ જાહેર મઝહબ છે, એની થોડીક તફ઼સીલ આ મુજબ છે.

હક़ીક़ત એ જ છે કે ચાંદના ઉભય સ્થાનોની વિવિધતાથી ચાંદ દર્શન અલગ અલગ પડે છે. એ તદ્દન શક્ય છે કે હિંદુસ્તાનમાં ચાંદ જુમેરાતે ન દેખાય પણ હિજાઝ મુક़દ્દસમાં દેખાય જાય બલ્કે ખૂદ હિંદુસ્તાનમાં શક્ય છે. દા.ત. એવું બની શકે કે કલકત્તા (કોલકટા)માં જુમેરાતે ચાંદ ન દેખાય અને દિલ્હી કે મુંબઈમાં દેખાય જાય. એટલા માટે પ્રસંગને અનુરૂપ હુકમ એ જ હોવા જોઈએ કે ઉભય સ્થાનોની વિવિધતા મો'તબર છે. પણ આપણા ઉલમા એને બે કારણે ગૈર મોઅતબર (અવિશ્વસનીય) દર્શાવે છે, એક એ કે આધાર રૂયત (ચાંદ દેખાવા) પર

રાખવામાં આવ્યો છે. ઈર્શાદ છે : **صوموا لرويته وافتروالرويته** અને આ સંબોધન દુનિયાના તમામ મુસલમાનોથી છે અને ક્યામત સુધી આવનારા સર્વ મુસલમાનોથી છે, એટલા માટે જ્યાં ક્યાંક પણ રૂયત થશે (ચાંદ દેખાશે) તો જ્યાં જ્યાંના મુસલમાનોને શરીઅતના તરીક્રા પ્રમાણે સાબિતી મળી જશે તો એના પર અમલ વાજિબ થશે. બીજું કે ઉભય સ્થાનોની વિવિધતા કેટલા અંતર પર થશે એને નિશ્ચિત કરવામાં ખૂદ ઈલ્મે તૌક્રીત (ઈલ્મે તૌક્રીત એ ઈલ્મ (વિદ્યા) છે જેની મદદથી દુનિયાના કોઈપણ સ્થળ માટે તૂલુઅ, ગુરૂબ, સવાર અને ઈશા વગેરેના સમય જાણવામાં આવે છે)ના નિષ્ણાતો ગુંથાયેલા છે. છેવટે એ નક્કી થયું છે કે ૭૨ માઈલ પર ઉભય સ્થાનો વિવિધ થાય છે, પણ એ ત્યારે છે એતબાર કરવાની જગ્યા તથા ચાંદ જ્યાં દેખાય તે જગ્યા બંનેની ક્ષિતિજ પૂર્વ દિશામાં સીધી રેખામાં હોય અને જો ઉત્તર તથા દક્ષિણે વહેંચાયેલા છે તો અંતર કાંઈક વધારે થશે, જેવું કે વિદ્યા જાણનાર પર એ છુપુ નથી. આ એક પછી એક ગુંચવણોની તકલીફોને લીધે શરીઅતે ચંદ્ર જોવાના બારામાં હિસાબને ગૈર મોઅતબર (અવિશ્વસનીય) ઠરાવ્યો. આપણે ન હિસાબ કરીએ છીએ ન કિતાબ.

فَاقْدِرُوْالَهٗ : આ નસર યન્સર દ્રરબ યદ્રરબ બંનેવથી આવે છે. વધુ ઉપયોગ દ્રરબ યદ્રરબથી છે. ત્યાં સુધી કે મુગરબમાં છે કે અયનનો પેશ (ઝિમ્મા) ગલત છે એનો મસ્દર **قَدَرٌ** છે અંદાજો કરવાના અર્થમાં. અને અહીં શરઈ તરીક્રા પ્રમાણે અંદાજો કરવો મુરાદ છે અને મહિનાઓના માટે શરઈ અંદાઝો એ જ છે કે મહિનો ૨૯ નો નહીં ૩૦ નો થાય છે, એટલા માટે એનો ઉઘાડો અર્થ એ થયો કે શાબાનના ૩૦ દિવસ પૂરા કરી લો. એનુ સમર્થન ખૂદ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની આ હદીષથી થાય છે જે નાફેઅ (લાભદાયી) છે કે ફર્માવ્યું : **فاقدروالہ ثلثین** અને બુખારી મુસ્લિમમાં અબ્દુલ્લાહ બિન દીનારથી આ શબ્દોમાં રિવાયત થયેલ છે : **فَاكْمِلُوْاالعِدَّةَ ثَلٰثِيْنَ** "તો ત્રીસની ગણત્રી પૂર્ણ કરો."

એ જ આપણો તથા હઝરત ઈમામ શાફઈ તથા ઈમામ માલિક તથા જમહૂર (બહુમતિ)નો મઝહબ છે. ઈમામ અહમદ બિન હંબલે ફર્માવ્યું, એનો અર્થ એ છે કે એને માની લો કે વાદળની નીચે છે. હવે એનો સાર એ થયો કે જો ૨૯ શાબાને ચાંદ ન દેખાય અને વાદળ સાફ ન હોય તો બીજા દિવસે રોઝો રાખો. ઈબ્ને શરીહ મતરફ બિન અબ્દુલ્લાહ તથા કુતૈબાએ કહ્યું, **فاقدروالہ** નો અર્થ આ છે કે તારા તથા ચંદ્રની મંઝિલોના આધારે હિસાબ લગાડીને અંદાજો કરો. એટલે જો ઈલ્મે નજૂમ (**Astronomy**)ની રૂએ ૨૯ મીએ ચંદ્ર દર્શન ક્તઈ (ચોક્કસ) હતું પણ આકાશ સાફ ન હોવાને લીધે ચાંદ ન દેખાયો તો મહીનો પૂરો થઈ ગયો, બીજા દિવસથી રમઝાન શરૂ થઈ ગયો. કેટલાક અગ્રગણ્ય તાબઈનનો પણ એ જ મઝહબ હતો. ઈબ્ને શરીએ ઈમામ શાફઈનો પણ એક ક્રૌલ આ જ નક્લ કર્યો છે. અહનાફમાંથી ઈબ્ને મક્રાતિલે પણ કહ્યું છે કે અહલે નજૂમ **Astrologist** (ખગોળ શાસ્ત્રીઓ)ના ક્રૌલ પર વિશ્વાસ રાખવામાં કાંઈ વાંધો નથી જ્યારે કે એના પર એમની એક જમાઅતની એકમતિ હોય. પણ આ રિવાયત સાઝ તથા મરજૂહા છે. આપણો સહીહ તથા મુખ્તાર મઝહબ એ જ છે કે એના બારામાં ગણત્રીનો એતબાર નથી. **પ્રથમ** એટલા માટે કે હદીષમાં નસ (દલીલ) છે કે ચાંદ જોઈને રોઝો રાખો અને રોઝો છોડો. આધાર રિવાયત પર રાખ્યો. **બીજુ** એના બારામાં હિસાબ કિતાબને નિરર્થક ઠરાવવામાં આવ્યું. ફર્માવ્યું, **نحن امة امية لا نكتب ولانحسب** "અમે ઉમૈયાની ઉમ્મત છીએ, લખતા વાંચતા નથી." **ત્રીજુ** એમાં હર્જે અઝીમ (મોટી મુશ્કેલી) છે જેવું કે વર્ણન થઈ ચૂક્યું. **ચોથુ** જ્યારે ખૂદ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની બીજી હદીષમાં **فاقدروا ثلثين** છે. **فَاكْمِلُوْاالعِدَّةَ ثَلٰثِيْنَ** છે. તો **فاقدروا** નો પ્રથમ અર્થ હદીષની નસ (દલીલ)થી નિશ્ચિત થઈ ગયો. હદીષની તફસીર જ્યારે હદીષમાં છે તો પોતાની રાયથી એનો કોઈ અર્થ બતાવવો વિશ્વાસપાત્ર નથી. **وقال غيره** : એટલે કે હદીષના રાવી યહયા બિન બુકેર સિવાય અન્ય સાહબે ઈમામ લયષથી જ એ જ તરીક્રાથી આ હદીષ રિવાયત કરી એમાં **لهلال رمضان** છે. આ રમઝાનના ચાંદના બારામાં ફર્માવ્યું આ બીજા સાહબ એ અબૂ સાલેહ, અબ્દુલ્લાહ ઈબ્ને સાલેહ લયષના કાતિબ છે.

بَابُ مَنْ لَّمْ يَدَعْ قَوْلَ الزُّوْرِ وَالْعَمَلِ بِهٖ فِي الصَّوْمِ ص ٢٥٥

"જેણે રોઝામાં બુરી વાત તથા બુરો અમલ ન છોડયો" *–(પેજ–૨૫૫)*

حديث ١١١٤ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ النَّبِيُّ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, **[હદીષ : ૧૧૧૪]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ لَّمْ يَدَعْ قَوْلَ الزُّوْرِ وَالْعَمَلِ بِهٖ فَلَيْسَ

જે શખ્સ (રોઝામાં) બુરી વાત અને બુરો અમલ ન છોડે

لِلّٰهِ حَاجَةٌ فِيْ اَنْ يَّدَعَ طَعَامَهٗ وَشَرَابَهٗ -

તો અલ્લાહને કાંઈ જરૂર નથી કે તેણે ખાવા પીવાનુ છોડી આપ્યું છે."

(બુખારી, ૨/૮૯૫ અલ્અદબ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ દરેકમાં અલ્સૌમ)

સમજૂતી : ૧૧૧૪

قول الزورનો અર્થ જૂઠ, હક્કથી હટવું અને બાતિલ (ખોટા) પર અમલ કરવો, અને તોહમત છે. એટલા માટે મેં સામાન્ય અનુવાદકોથી હટીને એનો તર્જુમો 'બુરી વાત' કર્યો છે, જે સૌને સમાવે છે. એ જ કારણે અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈએ સુનને કુબરામાં, અને ઈબ્ને માજહએ આ હદીષ પર જે પ્રકરણ રચ્યું છે એમાં ગીબતનો પણ વધારો છે, જ્યારે કે ગીબતમાં જૂઠી વાત નથી હોતી. ગીબત એને કહે છે કે માણસમાં જે ખરેખર અયબ છે તેને વર્ણવવામાં આવે, કે જેનું વર્ણન કરવું તેને માટે તકલીફદાયક હોય. અને જે અયબ એનામાં નથી એને વર્ણવ્યું તો એ ગીબત નથી પણ બોહતાન (આક્ષેપ) છે. (બુખારી, ૨/૧૫ અલ્બિર્ર બાબુલ ગીબત) હવે જો **قول الزور** નો અર્થ જૂઠ લઈશું તો ગીબત એમાં સામેલ થશે નહીં, અને જો બુરી વાત લઈશું તો ગીબત પણ એમાં સામેલ થશે.

કિતાબુલ અદબ તથા નિસાઈ વગેરેની રિવાયતમાં **والعمل به** પછી **والجهل** પણ છે, આ તઅમીમ પછી તખસીસ છે. મુરાદ એ છે કે દરેક નાપસંદીદા વાત જેમાં પડનારને જાહિલ ઉર્ફમાં કહેવામાં આવે છે. આ રિવાયતમાં **فى الصوم** નથી એટલા માટે મુનાસિબ તઅમીમ છે, એટલે કે જે ગુનાહોનો આદી છે તેને રોઝાથી ફાયદો થશે નહીં. તેનો રોઝો કબૂલ થશે નહીં. બીજુ એ કે જે ખાસ રોઝો રાખવાની હાલતમાં ગુનાહો ન છોડે તેનો રોઝો મકબૂલ ન થશે. એનું સમર્થન નિસાઈની એ રિવાયતથી થાય છે જેમાં **فى الصوم** અધિક છે.

આ હદીષથી જાણવા મળ્યું કે તાઅત (આજ્ઞાપાલન) એ સમયે લાભદાયી થશે જ્યારે કે ગુનાહોથી બચવામાં આવે. ગુનાહમાં સંડોવણી આજ્ઞાપાલન (ઈબાદત)ને બેનૂર કરી આપે છે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે નેકીનાં કામ નેક તથા બદ બંનેવ કરે છે, અને ગુનાહોથી કેવળ સિદ્દીક બચે છે.

بَابُ هَلْ يَقُولُ إِنِّي صَائِمٌ إِذَا شُتِمَ

"જ્યારે રોઝાદારને ગાળ આપવામાં આવે તો શું તે એવું કહે કે હું રોઝાદાર છું ?" *–(પેજ–૨૫૫)*

હદીષ : ૧૧૧૫ — **حديث ١١١٥**

عَنْ أَبِي صَالِحٍ الزَّيَّاتِ أَنَّهُ سَمِعَ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللهُ

"હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه ફર્માવતા હતા કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૧૧૫]**

تَعَالَى عَنْهُ يَقُولُ قَالَ رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ – لِلصَّائِمِ

રોઝાદારના માટે ખુશ થવાના બે મોકા છે જે વખતે તે ખુશ થાય છે : જ્યારે ઈફતાર કરશે

فَرْحَتَانِ يَفْرَحُهُمَا إِذَا أَفْطَرَ فَرِحَ وَإِذَا لَقِيَ رَبَّهُ

તો ખુશ થશે અને જ્યારે પોતાના રબથી મુલાકાત કરશે

فَرِحَ بِصَوْمِهِ –

તો પોતાના રોઝા પર ખુશ થશે."

સમજૂતી : ૧૧૧૫

આ હદીષ ૧૧૧૪ નો હિસ્સો છે, જેના શબ્દો આ પ્રમાણે અહીં છે :–

واذاكان يوم صوم احدكم فلايرفث ولا يصخب فان سابه احداًوقاتله فليقل انى امرء صائم

"અને જ્યારે તમારા રોઝાનો દિવસ હોય તો બેહૂદા ન બકે ન ચીસો પાડે. જો કોઈ તેને ગાળ આપે તો કહી આપે કે હું રોઝાદાર છું." એનાથી પ્રકરણની સાબિતી છે.

للصائم فرحتان : ઈફતાર વખતે આમ લોકોની ખુશી ખાવા પીવાના કારણે હોય છે અને આ ખુશી પ્રાકૃતિક સ્વભાવિક છે. આ ખુશી પર કોઈ બદલો નથી. અને ખાસ લોકોની ખુશી એટલા માટે હોય છે કે તેમને રોઝા જેવી નફસ પર ભારે પણ પ્રિય ઈબાદતને પૂર્ણ કરવાની તૌફીક મળી. અને આપણી ઈબાદત (તાઅત)માં એક રોઝાનો વધારો થયો. આ ખુશી એવી છે કે અજર (બદલા)ને પાત્ર છે. બીજી ખુશી બદલાના દિવસે (કયામતમાં) થશે જ્યારે અલ્લાહ ﷻ રોઝાદારને પોતાના દસ્તે ખાસ વડે જઝા અતા ફર્માવશે. એ સમયની ખુશીનો કોઈ અંદાઝો નથી કરી શકાતો. ભગ્નહૃદયી આશિકોને પૂછો ! જો અલ્લાહ ﷻ કાંઈ બદલો ન આપે, મવાજહે અકદસમાં વારંવાર બોલાવીને પોતાની રઝા જાહેર કરી આપે તો એ કૌનેનની નેઅમતોથી વધીને છે.

હર સિતમ હર જફા ગવારા હૈ–ઈત્ના કહ દે કે તૂ હમારા હૈ

بَابُ الصَّوْمِ لِمَنْ خَافَ عَلٰى نَفْسِهِ الْعُزُوْبَةَ۔

"એના માટે રોઝાનો હુકમ જેને અવિવાહિત હોવાના કારણે ગુનાહનો અંદેશો હોય." –(પેજ–૨૫૫)

حديث ١١١٦ عَنْ عَلْقَمَةَ قَالَ بَيْنَا اَنَا اَمْشِىْ مَعَ عَبْدِ اللّٰهِ فَقَالَ كُنَّا مَعَ النَّبِىِّ صَلَّى اللّٰهُ

"અલ્કમા કહે છે કે હું હઝરત અબ્દુલ્લાહ (ઈબ્ને મસ્ઊદ) رضی اللہ عنہ ની સાથે જઈ રહ્યો **[હદીષ : ૧૧૧૬]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ مَنِ اسْتَطَاعَ الْبَاءَةَ فَلْيَتَزَوَّجْ فَاِنَّهٗ اَغَضُّ لِلْبَصَرِ وَاَحْصَنُ

હતો એવામાં એમણે ફર્માવ્યું, અમે નબી ﷺ ની સાથે હતા કે ફર્માવ્યું, તમારામાંથી જે કોઈ નિકાહની

لِلْفَرْجِ وَمَنْ لَمْ يَسْتَطِعْ فَعَلَيْهِ بِالصَّوْمِ فَاِنَّهٗ لَهٗ وِجَاءٌ ـــ قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ۔

શક્તિ ધરાવતો હોય તે શાદી કરી લે કેમ કે તે નજર નીચે કરાવનાર અને શર્મગાહની રક્ષા કરનારી છે. અને

اَلْبَاءَةُ النِّكَاحُ ؕ

જે નિકાહની શક્તિ ન ધરાવતો હોય તે રોઝા રાખે, એટલા માટે કે રોઝા વાસનાને તોડનાર છે.

અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું : الباءة નિકાહ છે."

(બુખારી, ૨/૭૫૮ અન્નિકાહ, મુસ્લિમ, અબૂ દાઊદ–નિકાહ, નિસાઈ–અસ્સોમ, ઈબ્ને માજહ–નિકાહ)

સમજૂતી : ૧૧૧૬

પરિપૂર્ણતા : બુખારી કિતાબુન્નિકાહમાં આનાથી પહેલાં આટલુ વધારે છે : અલ્કમા કહે છે, અમે અબ્દુલ્લાહ (ઈબ્ને મસ્ઊદ) رضی اللہ عنہ ની સાથે હતા. એમનાથી હઝરત ઉષ્માને મિનામાં મુલાકાત કરી અને ફર્માવ્યું, હે અબૂ અબ્દુર્રહમાન ! મને તમારાથી કાંઈક જરૂરત છે. એના પર તે બંનેવ એકાંતમાં ચાલ્યા ગયા. હઝરત ઉષ્માને તેમને ફર્માવ્યું, શું તમે ચાહો છો કે તમારી શાદી કોઈ કુંવારી સ્ત્રી સાથે કરી દેવામાં આવે ? હઝરત ઈબ્ને મસ્ઊદે જ્યારે જોયું કે તેમને હાજત નથી તો તેમણે મારી તરફ ઈશારો કર્યો તો તેમણે મને બોલાવ્યો. હું જ્યારે તેમની ખિદમતમાં હાજર થયો તો તે કહેવા લાગ્યા, સાંભળો ! જો મેં આ કહ્યું છે તો એ આશ્ચર્યની વાત નથી, અમને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે યુવાનો ! તમારામાં જે નિકાહની શક્તિ ધરાવે તે શાદી કરી લે. અલ્હદીષ.

એના પછીના પ્રકરણમાં આ પ્રમાણે છે : અબ્દુર્રહમાન બિન યઝીદ કહે છે કે હું અલ્કમા તથા અસ્વદની સાથે હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ ની ખિદમતમાં હાજર થયો તો તેમણે ફર્માવ્યું, અમે નબી ﷺ ની સાથે યુવાન તથા તદ્દન નાદાર હતા. અમને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે યુવાનો !

العزوبة : પ્રકરણમાં العزوبة નો શબ્દ આવ્યો છે એનો માદ્દો عَزَبَ છે. عزوبة એનો મસ્દર છે. એના ઉપરાંત عُزَابَةٌ۔عُزُوْبٌ પણ મસ્દર આવે છે. عَزِبَ۔اَعْزَبَ પુરૂષના માટે અને عَزِبَة સ્ત્રીના માટે આવે છે, અપરણિત મુજર્રદ એનો મૂળ અર્થ દૂર થવું છે. نَصَرَ તથા ضَرَبَ થી, એનો અર્થ દૂર થવું છે. કહેવામાં આવે છે : عزب عنى فلان اى بعد અને ખાસ નસરથી એનો અર્થ મુજર્રદ હોવું, અને પત્ની વિના કે પતિ વિના હોવું છે.

બાબે તફઈલમાં જઈને એનો અર્થ આ પ્રમાણે થઈ જાય છે. મુદ્દત સુધી અવિવાહિત રહ્યો પછી ઘર વસાવ્યું. અહીં عزوبة થી મુરાદ અવિવાહિત રહેવું છે. પ્રકરણનો મતલબ આ પ્રમાણે થયો :

અવિવાહિત રહેવાના કારણે જે વ્યભિચારનો ખતરો મેહસૂસ કરે તે રોઝા રાખીને વાસનાના જોરને તોડી નાખે.

الباءة : ઈમામ બુખારીએ ફર્માવ્યું કે الباءة નો અર્થ નિકાહ છે. એમાં ચાર લુગાત છે : પ્રથમ الباءة મદ તથા બાઅ્ની સાથે. આ જ સૌથી અધિક મશહૂર તથા ફસીહ છે. બીજો મદ વિના الباة, ત્રીજો મદની સાથે બાઅ્ વિના الباء. ચોથો મદ વિના ડબલ બાઅ્ની સાથે الباهة મશહૂર હોવાને લીધે આ અઝવફે વાવી મહમૂઝુલ્લામ છે, એનો માદ્દો بوءٌ છે પરત થવાના અર્થમાં, એનાથી تَبَوُّءُ الدّار છે. કેમ કે નિકાહના પછી માણસે કોઈ ન કોઈ ઘર બનાવવું પડે છે જ્યાં તે પરત ફરે છે. એ હિસાબથી الباءة ઉર્ફમાં નિકાહના અર્થમાં છે. وِجَاء નાકિસે યાઈ છે. سَمِعَ થી આવે છે. અંડકોશને અથવા રગોને કાપીને એ રીતે બેકાર કરી આપવી કે સંભોગ માટેની શક્તિ ખત્મ થઈ જાય. અહીં વાસનાની તીવ્રતા ખત્મ કરવું મુરાદ છે.

હુકમો :–

૧. સામાન્ય સંજોગોમાં એટલે કે જ્યારે ન વાસનાનુ દબાણ હોય ન નામર્દ હોય અને મહેર તથા ભરણ પોષણ પર શક્તિમાન હોય તો નિકાહ કરવા **સુન્નતે મોઅક્કદા** છે. એ સમયે નિકાહ ન કરવા પર અડી રહેનાર ગુનેહગાર છે. અને **જો એ ઈરાદાથી નિકાહ કરે કે હરામથી સુરક્ષિત રહે, સુન્નતની અદાયગી થાય અને હુકમનું પાલન થાય, તો સવાબનો પણ હક્કદાર છે.** અને જો કેવળ આનંદ પામવા, વાસના સંતોષવાના હેતુથી હોય **તો સવાબને પાત્ર નથી,** કેવળ મુબાહ છે.

૨. અને જો વાસનાનો એટલો પ્રભાવ હોય કે એનો મજબૂત અંદેશો હોય કે જો નિકાહ નહીં કરે તો વ્યભિચારમાં સપડાઈ જશે અને કોઈ અપ્રાકૃતિક કામ કરવા મજબૂર થઈ જશે, અને મહેર તથા ભરણ પોષણ માટે શક્તિમાન પણ છે તો **વાજિબ** છે.

૩. અને જો યકીન હોય કે આ સ્થિતિમાં નિકાહ ન કરવા પર વ્યભિચારમાં પડી જશે તો **ફર્ઝ** છે.

૪. અને જો એનો અંદેશો હોય કે ભરણ પોષણ આપી શકશે નહીં તથા અન્ય જે જરૂરી હક્કો છે તે અદા કરી શકશે નહીં તો **મકરૂહ** છે, અને એનું યકીન હોય **હરામ** છે. પરંતું જો નિકાહ કરશે તો સહીહ થઈ જશે.

بَابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا رَأَيْتُمُ الْهِلَالَ فَصُوْمُوْا وَاِذَا رَأَيْتُمُوْهُ فَاَفْطِرُوْا۔ ص۲۵۵

નબી ﷺનો ઈર્શાદ : જ્યારે ચાંદ જુઓ તો રોઝો રાખો અને જ્યારે ચાંદ જુઓ તો રોઝો છોડી આપો. *(પેજ–૨૫૫)*

وَقَالَ صِلَةُ عَنْ عَمَّارٍ مَنْ صَامَ يَوْمَ الشَّكِّ فَقَدْ عَصٰى اَبَا الْقَاسِمِ ص

ت ૩૨૮

"અને સિલાએ કહ્યું કે હઝરત અમ્માર رضی اللہ عنہ થી રિવાયત છે કે જેણે શકના **[તઅલીક : ૩૨૮]**

صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

દિવસે રોઝો રાખ્યો એણે અબુલ કાસિમ ﷺની નાફર્માની કરી."

તઅલીક : ૩૨૮ની સમજૂતી

પ્રકરણનું હેડીંગ **بلفظه** આ જ શબ્દોમાં મુસ્લિમ (૧/૩૪૭ અસ્સિયામ)ની એક હદીષ છે જે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે, એના અંતમાં આ પણ છે : **فان غم عليكم فصوموا ثلثين يوماً** "અને જો ચાંદ તમારાથી છુપાવી દેવામાં આવે તો ત્રીસ દિવસના રોઝા રાખો."

આ તઅલીકને અસ્હાબે સુનને અરબઆ (અબૂ દાઉદ–અસ્સિયામ, ૩૧૯, તિર્મિઝી–અસ્સોમ, ૮૭, નિસાઈ ૧/૩૦૬ અસ્સિયામ, ઈબ્ને માજહ–અસ્સિયામ, ૧૨૦)એ રિવાયત કરેલ છે એ સૌમાં પ્રારંભમાં આ પ્રમાણે છે કે રાવી 'સિલહ' કહે છે કે અમે હઝરત ઉષ્માન رضی اللہ عنہ ની ખિદમતમાં હતા. કોઈ ભાઈ સેકેલી બકરી લાવ્યા. હઝરત અમ્મારે ફર્માવ્યું, ખાવ ! તો એક ભાઈ અલગ થઈ ગયા અને કહ્યું, હું રોઝાથી છું. એના પર હઝરત અમ્મારે આ મુજબ ફર્માવ્યું.

સિલહ : આ અષરના રાવી સિલહ બિન ઝૂફર અબસી કૂફી છે. એમની કુન્નિયત અબૂબક્ર અથવા અબુલ અલાઅ છે. આ હઝરત મુસ્અબે બિન ઝુબેર رضی اللہ عنہ ના સમયમાં અલ્લાહને પ્યારા થઈ ગયા. આ અગ્રગણ્ય તાબઈનમાંથી છે. જાહેરી રીતે (આ અષર) મૌકૂફ છે એટલે હઝરત અમ્માર رضی اللہ عنہ નો ઈર્શાદ છે, પણ મરફૂઅના હુકમમાં છે કેમ કે કઈ ચીજ હુઝૂર ﷺની નાફર્માની છે એ શારેઅ (હુઝૂર ﷺ)થી જ્યાં સુધી સાંભળવામાં ન આવ્યું હોય ત્યાં સુધી બુદ્ધિ વડે નથી જાણી શકાતું. વળી નાફર્માનીનો શબ્દ દર્શાવી રહ્યો છે કે આના અનુસંધાનમાં શારેઅનું કોઈ ફર્માન હઝરત અમ્માર رضی اللہ عنہ ની જાણમાં હતું જેથી મના ફર્માવ્યું, નહીં તો કેવી રીતે નાફર્માની મુરાદ થશે.

:: અહકામ (હુકમો) ::

૧. શકનો અર્થ છે સાબિતી તથા નકાર બંનેવ સમાન હોય. યૌમે શકથી મુરાદ શાબાનની તે ત્રીસમી તારીખ છે જેના બારામાં ન એ યકીન હોય કે આ શાબાન છે, ન એ યકીન હોય કે આ રમઝાન છે. દા.ત. ૨૯ શાબાને આકાશ સાફ ન હતું, ચાંદ નજર ન આવ્યો. અથવા એકાદ બે ફાસિકોએ ખબર આપી કે ગવાહી આપી જે

ક़બૂલ ન થઈ. અથવા ૨૯ રજબે આકાશ સાફ ન હતુ જેથી ૩૦ની ગણત્રી પૂર્ણ કરીને શાબાનનો મહિનો ગુજર્યો, એ હિસાબે ૨૯ શાબાને ફરી આકાશ સાફ ન રહ્યું અને ચાંદ ન દેખાયો, તો બીજો દિવસ યૌમે શક છે. શંકા છે કે આ ત્રીસ શાબાન છે કે પ્રથમ રમઝાન છે ?! પરંતું જો ૨૯ શાબાને આકાશ સાફ હોય અને ચાંદ ન દેખાય, અથવા સબૂત થાય એટલી મોટી જમાઅત ચાંદ ન જુએ, તો હવે બીજો દિવસ યૌમે શક નથી. જો ધારો કે એ દિવસે રમઝાન હોવાની શંકા પણ હોય તો ખૂબ જ કમજોર હશે જેના કારણે શંકાની ખાત્રી થશે નહીં.

૨. યૌમે શકનો રોઝો રાખવાની પાંચ સ્થિતિઓ છે :–

પ્રથમ : ખાસ નફલની નિય્યતથી રોઝો રાખ્યો એ ખાસ લોકો માટે મુસ્તહબ છે, અવામના માટે મના છે. અહીં ખાસથી ઉલમા જ મુરાદ નથી બલ્કે દરેક તે શખ્સ અહીં ખાસમાં સામેલ છે જે એવું જાણતો હોય કે આ રીતે રોઝો રાખવાની ઈજાઝત છે. **બીજી** : કેવળ રમઝાનની નિય્યતથી રોઝો રાખ્યો. આ અવામ તથા ખાસ સર્વ લોકો માટે મના છે. **ત્રીજી** : જો આ શાબાનનો દિવસ છે તો નફલ, નહીં તો રમઝાનનો રોઝો છે. આ પણ બંનેવ માટે મના છે. આ ત્રણેવ સ્થિતિઓમાં જો એ રમઝાનનો દિવસ હશે તો એ રોઝો રમઝાનનો થઈ જશે, જો કે બીજી તથા ત્રીજી સ્થિતિમાં કરાહત ઉપસ્થિત થશે. **ચોથી** : જો આ દિવસ રમઝાનનો છે તો રોઝો, નહીં તો રોઝો નથી. આ પણ સૌના માટે મના છે. અને રોઝો થશે નહીં ભલે તે દિવસ રમઝાનનો હોય. **પાંચમી** : કોઈ અન્ય વાજિબની નિય્યતથી રોઝો રાખ્યો, દા.ત. કોઈ કફ્ફારાનો અથવા રમઝાનની ક़ઝાનો અથવા મન્નતનો. આ પણ સૌના માટે મકરૂહ છે, પણ એની કરાહત આગલા કરતાં ઓછી છે. હવે જો એવું જાહેર થયું કે આ દિવસ શાબાનનો છે તો જે રોઝાની નિય્યત કરી હતી તે થઈ ગયો. એ જ સહીહ છે. **છઠ્ઠી** : એવી નિય્યત કરી કે જો કાલે રમઝાન છે તો રમઝાનનો રોઝો અને જો રમઝાન નથી તો ફલાણો વાજિબ રોઝો. તો આ પણ સૌના માટે મકરૂહ છે. છેવટની બંનેવ સ્થિતિઓમાં જો એવું જાહેર થયું કે આ દિવસ રમઝાનનો છે, તો રમઝાનનો થશે.

૩. આ હુકમ મુક़ીમના માટે છે, મુસાફરે જે રોઝાની નિય્યત કરી હતી તે જ થયો.

૪. જે સ્થિતિઓમાં રમઝાનની નિય્યત હોય એ સ્થિતિઓમાં મુક़ીમના માટે મકરૂહે તન્ઝીહી છે અને મુસાફરના માટે મકરૂહે તહરીમી.

૫. યૌમે શકના રોજ અફઝલ એ છે કે ઝહવાએ કુબરા સુધી કાંઈ ખાવા પીવામાં ન આવે. જો ઝહવાએ કુબરા સુધી રમઝાન હોવાની સાબિતી મળી જાય તો રોઝા નિય્યત કરી લે, નહીં તો ખાય પી લે.

حديث ١١١٧

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ دِيْنَارٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, [હદીષ : ૧૧૧૭]

اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ

મહિનો ૨૯ રાતનો હોય છે, તો જ્યાં સુધી ચાંદ ન જોઈ

اَلشَّهْرُ تِسْعٌ وَّعِشْرُوْنَ لَيْلَةً فَلَا تَصُوْمُوْا حَتّٰى تَرَوْهُ فَاِنْ غُمَّ عَلَيْكُمْ فَاَكْمِلُوا

લો રોઝો ન રાખો ! પછી જો છુપાઈ જાય

الْعِدَّةَ ثَلٰثِيْنَ

તો ત્રીસની ગણત્રી પૂર્ણ કરી લો.''

حديث ١١١٨

عَنْ جَبَلَةَ بْنِ سُحَيْمٍ قَالَ سَمِعْتُ

''જબલા બિન સુહૈમે કહ્યું, મેં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને એવું ફર્માવતાં [હદીષ : ૧૧૧૮]

ابْنَ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَقُوْلُ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

સાંભળ્યા કે નબી ﷺ એ ફર્માવ્યું, મહિનો આ પ્રમાણે આ પ્રમાણે છે.

عَلَيْهِ وَسَلَّمَ اَلشَّهْرُ هٰكَذَا وَهٰكَذَا وَخَنَسَ الْاِبْهَامَ فِي الثَّالِثَةِ ع

ત્રીજીવાર અંગૂઠો સમેટી લીધો.'' (મુસ્લિમ, નિસાઈ–અસ્સિયામ)

સમજૂતી : હદીષ : ૧૧૧૭–૧૧૧૮

મુસ્લિમમાં એની તફસીલ આ પ્રમાણે છે કે બંનેવ હાથોની સર્વ આંગળીઓને ફેલાવીને બે વાર ઈશારો કર્યો. એટલે ઉપરથી નીચે લાવ્યા અને ત્રીજીવાર એક હાથનો અંગૂઠો વાળી લીધો. બંનેવ હાથોની દસ આંગળીઓ છે, બે વાર સર્વ આંગળીઓને ફેલાવી ઈશારો કરવાથી ૨૦ થયા અને ત્રીજીવાર એક અંગૂઠો સમેટીને ઈશારો કર્યો તો નવ થયા, જેનો સરવાળો ૨૯ થયો. નિસાઈમાં પણ આ જ વિગત છે. મતલબ એ છે કે મહિનો ૨૯ દિવસનો હોય છે. મુસ્લિમમાં જ હઝરત ઈબ્ને ઉમરની જ હદીષમાં જે સઈદ બિન અબ્ર બિન સઈદથી મરવી છે, તેના પછી છે : **والشهر هكذاوهكذايعنى تمام ثلٰثين** ''અને મહિનો આ પ્રમાણે છે આ પ્રમાણે છે અને આ પ્રમાણે છે, એટલે પૂરા ૩૦ દિવસનો છે.

મતલબ એ છે કે મહિનો કદીક ૨૯ દિવસનો હોય છે કદીક ૩૦ દિવસનો. મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ બહવાલા તોહફાએ શામિયહ અલ્લામા કુત્બુદ્દીન શીરાઝી તથા ઝિજે અલગ્ બૈગી લખ્યું છે કે, ''ત્રીસના ચાર મહિના સતત થઈ શકે છે અને ૨૯ ના ત્રણ થઈ શકે છે.''

حديث ١١١٩ حَدَّثَنَا مُحَمَّدُ بْنُ زِيَادٍ قَالَ سَمِعْتُ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللهُ

"મુહમ્મદ બિન ઝિયાદે કહ્યું, મેં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી સાંભળ્યું, [હદીષ : ૧૧૧૯]

تَعَالَى عَنْهُ يَقُولُ قَالَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ أَوْ قَالَ أَبُو الْقَاسِمِ صَلَّى اللهُ

તે કહી રહ્યા હતા કે નબી ﷺ એ ફરમાવ્યું, અથવા અબુલ કાસિમ ﷺ એ ફરમાવ્યું, ચાંદ જોઈને

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ صُومُوا لِرُؤْيَتِهِ وَأَفْطِرُوا لِرُؤْيَتِهِ فَإِنْ أُغْمِيَ عَلَيْكُمْ فَأَكْمِلُوا عِدَّةَ

રોઝો રાખો અને ચાંદ જોઈને રોઝો છોડી આપો. પછી જો ચાંદ છુપાવી લેવામાં આવે તો

شَعْبَانَ ثَلَاثِينَ ـ عه

શાબાનની ત્રીસની ગણત્રી પૂર્ણ કરો." (મુસ્લિમ, નિસાઈ–સિયામ)

حديث ١١٢٠ عَنْ أُمِّ سَلَمَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهَا

"ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ એ [હદીષ : ૧૧૨૦]

أَنَّ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ آلَى مِنْ نِسَائِهِ شَهْرًا فَلَمَّا مَضَى تِسْعَةٌ وَعِشْرُونَ

કસમ ખાધી કે એક મહિનો પોતાની પત્નીઓ પાસે નહીં જાય. જ્યારે ૨૯ દિવસ વહી ગયા તો સવારે કે

يَوْمًا غَدَا أَوْ رَاحَ فَقِيلَ لَهُ إِنَّكَ حَلَفْتَ أَلَّا تَدْخُلَ شَهْرًا فَقَالَ إِنَّ الشَّهْرَ

સાંજે (પવિત્ર પત્નીઓ)ની પાસે તશરીફ લઈ ગયા. હુઝૂરને અર્ઝ કરવામાં આવી કે હુઝૂરે

يَكُونُ تِسْعَةً وَعِشْرُونَ يَوْمًا ـ عه

એક મહિના માટે કસમ ખાધી હતી ! તો ફરમાવ્યું, મહિનો ૨૯ દિવસનો પણ હોય છે."

(ઉપર મુજબ, ૨/૭૮૩, ૭૮૪ અન્નિકાહ, મુસ્લિમ–અસ્સોમ, નિસાઈ–ઉશ્રતુન્નિસાઅ, ઈબ્ને માજહ–તલાક)

સમજૂતી : હદીષ : ૧૧૧૯–૧૧૨૦

ايلاء નો માદ્દો اَلْوٌ છે મુજર્રદનો મસ્દર اَلِيَّةٌ આવે છે. આ મહમૂઝેફા નાકિસ વાવી છે એનો અર્થ ઉણપ છે, કમી કરવું છે. ايلاء બાબે ઈફઆલથી કસમ ખાવાના અર્થમાં છે. આ બનાવ સ.હિ. નવમાં થયો હતો. એના પર વિસ્તારપૂર્વક ચર્ચા ભાગ–૨, પેજ–૩૫૬માં થઈ ચૂકી છે. હુઝૂરે કસમ ખાધી હતી કે એક મહિના સુધી નહીં આવે, એવું અર્ઝ કરનારા હઝરત સિદ્દીકા رضی اللہ عنہا હતાં. મુદ્દત પૂર્ણ થયા બાદ સૌ પ્રથમ એમની જ પાસે તશરીફ લઈ ગયાં હતાં. તેમણે એ પણ અર્ઝ કરી કે, આ દિવસો મેં ગણી ગણીને કાપ્યા છે.

حديث ١١٢١

حَدَّثَنِي عَبْدُ الرَّحْمٰنِ بْنُ أَبِي بَكْرَةَ عَنْ أَبِيهِ عَنِ النَّبِيِّ

"હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે બે મહિના અપૂર્ણ નથી [હદીષ : ૧૧૨૧]

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ شَهْرَانِ لَا يَنْقُصَانِ شَهْرَا عِيدٍ رَمَضَانُ وَذُو الْحِجَّةِ

હોતા. બે ઈદના મહિના રમઝાન તથા ઝીલ હજ્જ*. અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, અને હઝરત

قَالَ أَبُو عَبْدِ اللّٰهِ وَقَالَ أَحْمَدُ بْنُ حَنْبَلٍ إِنْ نَقَصَ رَمَضَانُ تَمَّ ذُو الْحِجَّةِ وَ

ઈમામ અહમદ બિન હંબલે ફર્માવ્યું, જો રમઝાન અપૂર્ણ હશે તો ઝિલ હજ્જ પૂરો થશે. અને જો ઝિલ હજ્જ

إِنْ نَقَصَ ذُو الْحِجَّةِ تَمَّ رَمَضَانُ ـ وَقَالَ أَبُو الْحَسَنِ كَانَ إِسْحٰقُ بْنُ رَاهَوَيْهِ

અપૂર્ણ થશે તો રમઝાન પૂરો થશે. અને અબુલ હસને કહ્યું, ઈસ્હાક બિન રાહવિય્યહ કહેતા હતા, ફઝીલતમાં

يَقُولُ لَا يَنْقُصَانِ فِي الْفَضِيلَةِ إِنْ كَانَ تِسْعَةً وَّعِشْرُونَ أَوْ ثَلٰثِينَ ـ

ઓછા હશે નહીં, ભલે ૨૯ ના હોય કે ૩૦ ના."

(★ મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–અસ્સોમ, મુસ્નદે ઈમામ અહમદ–૫/૪૮, ૫૧)

સમજૂતી : ૧૧૨૧

આ હદીષનો જાહેરી મતલબ એ છે કે એક સાલમાં રમઝાન તથા ઝીલ હજ્જ બંનેવ મહિના ૨૯ ના થશે નહીં, એમનામાં એક જરૂર ૩૦ નો હશે. એનું સમર્થન એ રિવાયતથી થાય છે જે ઝયદ ઈબ્ને ઉકૂબા હઝરત સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہ ના તરીકાથી મરવી છે. شهرا عيد لايكون ثمانية وخمسون يوماً ઈદના બંનેવ મહિના ૫૮ દિવસના નથી થતા. (ફતાવા રઝવિય્યહ, ૪/૫૮૪) અને આ જ ઈમામ ઈબ્ને સીરીન (દિલ્હીની છપાયેલ બુખારીમાં નથી. પણ અલ્લામા ઈબ્ને હજર અને અલ્લામા અયનીએ જે મતન (મૂળ લખાણ) લીધુ છે એમાં તથા મિસ્રી પ્રિન્ટમાં છે.) તથા ઈમામ અહમદ બિન હંબલનું કથન છે જેમ કે બુખારીમાં જ છે. આના આધાર પર આ હુકમ અધિક્તાના એતેબારે છે. નહીં તો એવું ઘણુ બને છે કે રમઝાન તથા ઝીલ હજ્જ બંનેવ મહિના ૨૯ ના થાય છે. ઈમામ તહાવીએ ફર્માવ્યું કે, મેં કેટલાય વરસો એવું જોયું છે. ઉલમાએ એના વિવિધ ઘણા ઉમદા ઉમદા અર્થો વર્ણન કર્યા છે. સૌથી આ'લા તથા ઉમદા આ છે કે, ફઝીલત તથા સવાબમાં અપૂર્ણ નથી હોતા, ભલે સંખ્યામાં બંનેવ અપૂર્ણ હોય, એટલે ૨૯ ના હોય. મતલબ એ થયો કે દરેક દિવસે રોઝાની એક વિશેષ ફઝીલત છે. દા.ત. બે દિવસ રોઝો રાખવો એ એક દિવસ રાખવા કરતાં અધિક સવાબને પાત્ર છે. જેથી જાહેરી રીતે એવું લાગે છે કે જો ૨૯ નો રમઝાન થયો તો ત્રીસની સરખામણીએ તેના સવાબમાં કમી છે. તેના નિવારણ માટે ફર્માવ્યું, રમઝાન તથા ઝિલ હજ્જ ૨૯ નો હોય કે ૩૦ નો બંનેનો સવાબ સરખો છે. ૨૯ દિવસનો રમઝાન થાય તો સવાબમાં કમી થશે નહીં.

રહી ગઈ હઝરત સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہ ની સહીહ હદીષ, તો એ સહીહ પણ છે એ માલૂમ નથી. અને જો સહીહ છે તો એની સંભાવના છે કે આ રિવાયત બિલ્માઅનાનો કરિશ્મો છે. કોઈ રાવીએ અસલ હદીષના જાહેર પરથી જે સમજ્યું તેને પોતાના શબ્દોમાં વર્ણવી આપ્યું.

بَابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ لَا نَكْتُبُ وَلَا نَحْسُبُ

"નબી ﷺ નો ઈર્શાદ : "આપણે ન લખીએ ન ગણત્રી કરીએ." *–(પેજ–૨૫૬)*

حديث ١١٢٢

حَدَّثَنَا سَعِيدُ بْنُ عُمَرَ وَأَنَّهُ سَمِعَ ابْنَ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે નબી ﷺ એ ફર્માવ્યું, આપણે ઉમ્મી **[હદીષ : ૧૧૨૨]**

عَنِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَالَ إِنَّا أُمَّةٌ أُمِّيَّةٌ لَا نَكْتُبُ وَلَا نَحْسُبُ الشَّهْرُ

ઉમ્મત છીએ, ન લખીએ ન ગણત્રી કરીએ, મહિનો આવો છે અને આવો છે. એટલે કે કદી ઓગણત્રીસનો

هٰكَذَا وَهٰكَذَا يَعْنِي مَرَّةً تِسْعًا وَعِشْرِينَ وَمَرَّةً ثَلَاثِينَ ـ ع ـ

કદી ત્રીસનો." (મુસ્લિમ, અબૂ દાઊદ–અસ્સિયામ, નિસાઈ–અસ્સ્યિામ, અલ્ઈલ્મ, મુસ્નદે ઈમામ અહમદ ૨/૫૨, ૪૩)

કામિલ ઈબ્ને અદીમાં અબૂ શયબા અબ્દુર્રહમાન બિન ઈસ્હાક઼ બિન અબૂબક્ર અન અબિહિથી મરવી છે કે નબી ﷺ એ ફર્માવ્યું, દરેક હુર્મતવાળો મહિનો પૂર્ણ છે ત્રીસ દિવસ અને ત્રીસ રાતનો. પણ અબ્દુર્રહમાન ઈબ્ને ઈસ્હાક઼ ઝઈફ છે જેમ કે ઈમામ અહમદ, યહ્યા, બુખારી, નિસાઈએ ફર્માવ્યું. અને અલ્લામા ઈબ્ને અબ્દુલબરે તમ્હીદમાં ફર્માવ્યું, આ કાબિલે એહતેજાજ (દલીલરૂપ) નથી. એનો આધાર અબ્દુર્રહમાન બિન ઈસ્હાક઼ પર છે અને તે ઝઈફ છે.

પરંતું અલ્લામા અયનીએ પોતાના શયખથી નક઼્લ ફર્માવ્યું કે એનો આધાર કેવળ અબ્દુર્રહમાન બિન ઈસ્હાક઼ પર નથી. તિબ્રાનીએ મોઅજમે કબીરમાં ખાલિદુલ હિઝાના તરીક઼ાથી પણ રિવાયત કરી છે. મતલબ એ થયો કે અબ્દુર્રહમાન બિન ઈસ્હાક઼ના કારણે જે કમજોરી હતી તે ખાલિદના તરીક઼ાથી પૂર્ણ થઈ ગઈ અને હવે રિવાયત ઝઈફ ન રહી, હસન થઈ ગઈ.

હું કહું છું : પણ ઈલ્લતે ક઼ાદિહા (કમજોર કરનાર સબબ) એ છે કે આ હક઼ીક઼તની વિરૂદ્ધ છે, અનુભવ એને જૂઠલાવી રહેલ છે એટલા માટે એ મઅલૂલ (કમજોર, ઝઈફ) રહી.

સમજૂતી : ૧૧૨૨

આ હદીષ એના પર દલીલ છે કે ચાંદ દેખાવાના બારામાં ખગોળ શાસ્ત્રીઓનું કથન સંપૂર્ણપણે રદ છે. અને ચાંદ દેખાવા પર આધાર છે અથવા ત્રીસની ગણત્રી પૂર્ણ થવાનો. અમે અગાઉ એના પર સંપૂર્ણ ચર્ચા કરી ચૂક્યા. અને દર્શાવી ચૂક્યા કે એમાં ઉમ્મતના માટે આસાની છે, એટલા માટે એના પર અમલ વાજિબ છે.

بَابُ لَا يَتَقَدَّمُ رَمَضَانُ بِصَوْمِ يَوْمٍ أَوْ يَوْمَيْنِ

"રમઝાનથી એક બે દિવસ અગાઉ રોઝા ન રાખે." *–(પેજ–૨૫૬)*

حديث ١١٢٣ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે ફર્માવ્યું, **[હદીષ : ૧૧૨૩]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَتَقَدَّمَنَّ أَحَدُكُمْ رَمَضَانَ بِصَوْمِ يَوْمٍ أَوْ يَوْمَيْنِ إِلَّا أَنْ يَكُونَ رَجُلٌ

રમઝાનથી એક અથવા બે દિવસ પહેલાં કોઈ રોઝા ન રાખે. હા ! એ દિવસે કોઈ રોઝા

كَانَ يَصُومُ صَوْمَهُ فَلْيَصُمْ ذٰلِكَ الْيَوْمَ ـ ع ـ

રાખતો હતો તો રાખી લે." (અલ્ખમ્સતુ ફીસ્સોમ)

સમજૂતી : ૧૧૨૩

ઈસાઈઓની આદત હતી કે ફર્ઝોમાં અધિક્તા કરી આપ્યા કરતા હતા અને આપણને તેમની વિરૂદ્ધતાનો હુકમ છે. એનાથી ઉમ્મતને બચાવવા માટે રમઝાનથી બે એક દિવસ પહેલાં રોઝા રાખવાથી મના ફર્માવ્યું. જો એને લોકો પાબંદીથી રાખવા લાગશે તો શક્ય છે કે લોકો સમજવા લાગે કે રમઝાનથી પહેલાં એક બે દિવસના આ રોઝા પણ ફર્ઝ છે.

كان يصوم صومه : દા.ત. સોમવારે રોઝો રાખવાની આદતવાળો (આદી) હતો અને રમઝાનની ત્રીસે કે ઓગણત્રીસે સોમવાર આવી ગયો, અથવા કફ્ફારાનો રોઝો રાખવાનું શરૂ કર્યું હતું અને એક બે દિવસ રહી ગયા હતા તો પૂરા કરી લે. આ હદીષથી જાણવા મળ્યું કે નફ્લો તથા મુસ્તહબો પર પાબંદી એટલી પ્રિય છે કે શરીઅતની મનાઈ છતાં ઈજાઝત આપી દીધી. એટલા માટે મીલાદ, ફાતિહા, ઉર્સ વગેરે પર પણ પાબંદી પ્રિય છે, ન કે પાબંદી કરવાથી હરામ તથા ગુનોહ થઈ જશે. હદીષોમાં પંદર શાબાન પછી પણ રોઝો રાખવાની મનાઈ આવેલી છે એનો સબબ લાગણીની ભાવના (શફ્કત) છે કે લાંબા અરસા સુધી રોઝા રાખવાના કારણે કમજોરી તથા સુસ્તી પેદા થઈ જાય છે અને રમઝાનના રોઝામાં સ્ફૂર્તિ રહેશે નહીં.

بَابُ قَوْلِ اللّٰهِ أُحِلَّ لَكُمْ لَيْلَةَ الصِّيَامِ الرَّفَثُ إِلٰى نِسَائِكُمْ الآية ١٨٧

"અલ્લાહના મઝકૂર ક़ૌલ વિશે પ્રકરણ" *(પેજ–૧૮૭)*

"અલ્લાહ ﷻ ના ઈર્શાદનું બયાન : રોઝાની રાતમાં પોતાની પત્નીઓની પાસે જવું તમારા માટે હલાલ કરી આપ્યું છે. પત્નીઓ તમારા માટે લિબાસ છે અને તમો તેમના માટે. અલ્લાહને ખબર છે કે તમે તમારા હક્ક़માં ખયાનત કરતા હતા, અલ્લાહે તમારી તૌબા ક़બૂલ ફ઼ર્માવી અને તમને માફ કરી આપ્યા. (હવે રોઝાની રાતમાં) એમની સાથે સંભોગ કરો અને અલ્લાહે જે તમારા મુક़દ્દરમાં લખી આપ્યું છે તેને તલાશ કરો." (પેજ–૨૫૬)

حديث ١١٢٤

عَنِ الْبَرَاءِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَ أَصْحَابُ مُحَمَّدٍ

"હઝરત બરાઅ رضی اللہ عنہ એ ફ઼ર્માવ્યું, સહાબીઓમાં જ્યારે કોઈ રોઝાદાર હોતુ **[હદીષ : ૧૧૨૪]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِذَا كَانَ الرَّجُلُ صَائِمًا فَحَضَرَ الْإِفْطَارُ فَنَامَ قَبْلَ أَنْ

અને ઈફ઼્તારના સમયે ઈફ઼્તાર કર્યા વિના સૂઈ જતુ તો એ રાત તથા દિવસે કાંઈ ન ખાતુ, જ્યાં સુધી કે

يُفْطِرَ لَمْ يَأْكُلْ لَيْلَتَهُ وَلَا يَوْمَهُ حَتّٰى يُمْسِيَ وَإِنَّ قَيْسَ بْنَ صِرْمَةَ الْأَنْصَارِيَّ كَانَ

મગરિબ ન થઈ જાય. અને ક़ૈસ બિન સિરમા અન્સારી રોઝાથી હતા. જ્યારે ઈફ઼્તારનો સમય થયો તો

صَائِمًا فَلَمَّا حَضَرَ الْإِفْطَارُ أَتَى امْرَأَتَهُ فَقَالَ لَهَا أَعِنْدَكِ طَعَامٌ قَالَتْ لَا وَلٰكِنْ

પોતાની પત્ની પાસે આવ્યા અને પૂછ્યું, શું તારી પાસે જમવાનુ છે ? તેણીએ કહ્યું, નહીં ! પણ હું જાઉં છું

أَنْطَلِقُ وَأَطْلُبُ لَكَ وَكَانَ يَوْمَهُ يَعْمَلُ فَغَلَبَتْهُ عَيْنُهُ فَجَاءَتِ امْرَأَتُهُ فَلَمَّا رَأَتْهُ

અને ક્યાંકથી તમારા માટે લાવુ છું. એ દિવસે કામ કરતા હતા જેથી તેમની આંખ તેમના પર સવાર થઈ ગઈ

સમજૂતી : ૧૧૨૪

ઈબ્ને હઝમ (ઉમ્દતુલ ક़ારી, ૧૦/૨૯૦)એ સદીના તરીક़ાથી રિવાયત કરી છે કે અહલે કિતાબ પર એ ફ઼ર્ઝ હતું કે રોઝામાં ગુરૂબ આફ઼તાબ (સૂર્યાસ્ત) પછી સૂતા પહેલાં જે ચાહે ખાઈ પી લે. સૂઈ ગયા પછી ખાવું પીવું મના હતું. ઈસ્લામના પ્રારંભમાં મુસલમાનોને પણ આ જ હુકમ હતો ત્યાં સુધી કે એક અન્સારી આવ્યા. પછી ક़ૈસ બિન સિરમાનો પૂરો બનાવ વર્ણવ્યો. અબૂ દાઊદ (૧/૩૧૭ અસ્સ્યિામ)માં છે : કે ઈશા પઢતા સુધી ખાવા પીવાની ઈજાઝત હતી, ત્યારબાદ મના હતું. બંનેમાં વિરોધાભાસ નથી, ટેવ એ જ હતી કે લોકો ઈશા પહેલાં સૂતા ન હતા, બલ્કે હુઝૂરે અક़્દસ ﷺએ ઈશાથી પહેલાં સૂવાથી મના પણ ફ઼ર્માવ્યું હતું. મૂળ હુકમ આ જ હતો કે જ્યાં સુધી સૂએ નહીં ખાઈ પી શક્તો હતો, ત્યારબાદ નહીં.

તફ઼સીરે તબરી (ઉમ્દતુલ ક़ારી, ૧૦/૨૮૯)માં હઝરત કઅબ બિન માલિક رضی اللہ عنہ થી મરવી છે. રમઝાનમાં રોઝાદાર જો રાતમાં સૂઈ જતો તો એના પર ખાવા, પીવા તથા પત્નીઓ હરામ થઈ જતી. હઝરત ઉમર رضی اللہ عنہ એક રાતે નબી અકરમ ﷺની ખિદમતમાં વાતો કરતા રહી ગયા. જ્યારે ઘરે આવ્યા તો તેમનાં પત્ની સૂઈ ગયાં

قَالَتْ خَيْبَةً لَّكَ فَلَمَّا انْتَصَفَ النَّهَارُ غُشِيَ عَلَيْهِ فَذُكِرَ ذٰلِكَ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ

(ઊંઘ આવી ગઈ). હવે તેમનાં પત્ની આવ્યાં અને જ્યારે તેમને જોયા તો કહ્યું, તમારા માટે મેહરૂમી છે !

وَسَلَّمَ فَنَزَلَتْ هٰذِهِ الْاٰيَةُ اُحِلَّ لَكُمْ لَيْلَةَ الصِّيَامِ الرَّفَثُ اِلٰى نِسَآئِكُمْ فَفَرِحُوْا

જ્યારે બપોર થયો તો તેમના પર બેહોશી છવાઈ ગઈ. એનો ઉલ્લેખ નબી ﷺ ને કરવામાં આવ્યો. તો આ

بِهَا فَرَحًا شَدِيْدًا وَنَزَلَتْ كُلُوْا وَاشْرَبُوْا حَتّٰى يَتَبَيَّنَ لَكُمُ الْخَيْطُ الْاَبْيَضُ مِنَ الْخَيْطِ

આયત નાઝિલ થઈ, રોઝાની રાતમાં તમારા માટે તમારી પત્નીઓ પાસે જવું હલાલ કરી દેવામાં આવ્યું છે.

الْاَسْوَدِ مِنَ الْفَجْرِ

એના પર લોકો ખૂબ જ ખુશ થયા. અને આ આયત નાઝિલ થઈ, જ્યાં સુધી ફજરનો સફેદ દોરો કાળા દોરાથી જાહેર ન થઈ જાય, ખાવ, પીઓ." (અબૂ દાઊદ, તિર્મિઝી–અસ્સોમ)

હતાં. હઝરત ઉમરે એવું વિચારીને કે હું તો નથી સૂઈ ગયો, પત્ની સાથે સંભોગ કરી લીધો. અને હઝરત કઅબ બિન માલિકે પણ એવું જ કર્યું. સવારે હઝરત ઉમરે હુઝૂરે અકદસ ﷺની ખિદમતમાં હાજર થઈને બનાવ સંભળાવ્યો તો આયત નાઝિલ થઈ, અને રમઝાનની પૂરી રાતોમાં સુબ્હ સાદિક સુધી ખાવા, પીવા તથા સંભોગની ઈજાઝત થઈ ગઈ.

ક़ૈસ બિન સિરમા : તિર્મિઝી, બયહકી, ઈબ્ને હબ્બાન વગેરેમાં આ જ પ્રમાણે છે, ત્યાં સુધી કે ઈમામ અબૂ નુઐમના બંનેવ મુસ્તખરજમાં પણ આ જ છે, પણ ખૂદ ઈમામ અબૂ નુઐમે જ કિતાબુસ્સહાબામાં કહ્યું છે કે આ સિરમા અબૂ અનસ છે. અને એક ક़ૌલ એ છે કે સિરમા બિન ક़ૈસ છે જેમની કુન્નિયત અબૂ ક़ૈસ છે. અબૂ દાઊદમાં સિરમા બિન ક़ૈસ છે. અલ્લામા ઈબ્ને અબ્દુલબરે ફર્માવ્યું, આ સિરમા અબૂ અનસ બિન ક़ૈસ બિન માલિક બિન અદી બુખારી છે. એમની કુન્નિયત અબૂ ક़ૈસ છે. અને અમુક લોકોએ કહ્યું કે આ સિરમા બિન માલિક છે જે પોતાના દાદા પ્રતિ સંબંધિત છે. સહીહ સિરમા બિન અબૂ અનસ છે.

كان يومه يعمل : અબૂ દાઊદની રિવાયતમાં છે કે તે પોતાની જમીનમાં દિવસના કામ કરતા હતા, અને મુરસલે સદીમાં છે કે તે મદીનાના બાગોમાં મજૂરી પર કામ કરતા હતા. એમનાં પત્ની ખજૂર લાવ્યાં તો તેમણે કહ્યું કે ખજૂરે મારા પેટમાં ગરબડ પેદા કરી આપી છે, એને બદલીને આટો લાવો અને પકાવો એની 'સખીન' (તે સમયનુ એક પ્રકારનું ખાણુ) બનાવો. એટલામાં તે સૂઈ ગયા. તેમનાં પત્નીએ તેમને જગાડયા. તેમણે ખાવાથી ઈન્કાર કરી આપ્યો, અલ્લાહની નાફર્માની ન કરી. એમનાં પત્નીએ એવું પણ કહ્યું કે તમે સૂતા નથી, પણ તેમણે ન ખાધુ અને ભૂખ્યા રહી ગયા.

આ આયતે કરીમા પૂરી : كُلُوْا وَاشْرَبُوْا حَتّٰى يَتَبَيَّنَ لَكُمُ الْخَيْطُ الْاَبْيَضُ مِنَ الْخَيْطِ الْاَسْوَدِ એક સાથે હઝરત ઉમર તથા હઝરત સિરમાના બનાવ પર નાઝિલ થઈ. અલબત્ત من الفجر બાદમાં નાઝિલ થઈ છે, જેમ કે હમણા આવી રહ્યું છે.

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى كُلُوْا وَاشْرَبُوْا حَتّٰى يَتَبَيَّنَ لَكُمُ الْخَيْطُ الْاَبْيَضُ مِنَ الْخَيْطِ الْاَسْوَدِ مِنَ الْفَجْرِ ثُمَّ اَتِمُّوا الصِّيَامَ اِلَى اللَّيْلِ

"અલ્લાહ ﷻ ના આ ઈર્શાદનું બયાન : જ્યાં સુધી સુબ્હ સાદિક઼નો સફ઼ેદ દોરો કાળા દોરાથી જાહેર ન થઈ જાય, ખાવ પીઓ. પછી રોઝાને રાત સુધી પૂરો કરો. ત્યારબાદ છે :–

فيه البراء رضى الله تعالىٰ عنه عن النبى صلى الله تعالىٰ عليه وسلم *મતલબ એ છે કે આ આયતના શાને નુઝૂલના બારામાં હઝરત બરાઅ رضی اللہ عنہ ની ઉપરોક્ત હદીષ છે, એટલે હમણા જે વર્ણન થઈ છે."*

حديث ૧૧૨૫

عَنْ عَدِيِّ بْنِ حَاتِمٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ لَمَّا نَزَلَتْ

"હઝરત અદી બિન હાતિમ رضی اللہ عنہ એ કહ્યું, જ્યારે આ આયતે કરીમા નાઝિલ થઈ, **[હદીષ : ૧૧૨૫]**

حَتّٰى يَتَبَيَّنَ لَكُمُ الْخَيْطُ الْاَبْيَضُ مِنَ الْخَيْطِ الْاَسْوَدِ عَمَدْتُ اِلٰى عِقَالٍ اَسْوَدَ وَاِلٰى عِقَالٍ

ત્યાં સુધી કે સફ઼ેદ દોરો કાળા દોરાથી જાહેર થઈ જાય. તો મેં એક સફ઼ેદ રસ્સી અને એક કાળી રસ્સી લીધી

اَبْيَضَ فَجَعَلْتُهُمَا تَحْتَ وِسَادَتِىْ فَجَعَلْتُ اَنْظُرُ فِى اللَّيْلِ فَلَا يَسْتَبِيْنُ لِىْ

અને એને તકીયાની નીચે રાખી લીધી. અને રાતમાં જોતો રહ્યો, પણ તે બંનેવ તફાવતવાળી નજર ન આવી. તો

فَغَدَوْتُ عَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرْتُ ذٰلِكَ لَهٗ فَقَالَ اِنَّمَا

હું સવારમાં રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયો અને એને વર્ણવ્યું. તો ફ઼ર્માવ્યું,

ذٰلِكَ سَوَادُ اللَّيْلِ وَبَيَاضُ النَّهَارِ ـ ع ه

આ રાતની કાળાશ અને દિવસની સફ઼ેદી છે."

(બુખારી, ૨/૬૪૭ અત્તફ઼સીર : બક઼રહ, મુસ્લિમ, અબૂ દાઉદ, તિર્મિઝી–અસ્સોમ, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૩૭૭)

સમજૂતી : ૧૧૨૫

બુખારી કિતાબુત્તફ઼સીરમાં આટલુ અધિક છે : **قال ان وسادتك اذالعريض** ફ઼ર્માવ્યું, જ્યારે તો તમારો તકીયો ઘણો જ પહોળો છે.

આ રાતનો અંધકાર અને દિવસનું અજવાળુ છે. ત્યાં જ બીજી રિવાયતમાં છે. હઝરત અદી બિન હાતિમ કહે છે કે મેં અર્ઝ કરી, આ સફ઼ેદ દોરો કાળો દોરો શું છે ? શું આ દોરા છે ? ફ઼ર્માવ્યું, તું પહોળી બોચીવાળો છે કે બંને દોરાઓને જોઈ લીધા. પછી ફ઼ર્માવ્યું, આ રાતનો અંધકાર અને દિવસનુ અજવાળુ છે.

قفاઃ ગરદનના પાછલા હિસ્સાને કહે છે. પહોળી બોચી જાડા શરીરવાળાની હોય છે અને જાડો માણસ

સામાન્યતઃ બેવકૂફ હોય છે, આ રીતે આ નિર્દેશ થયો. અમુક હઝરાતે ફર્માવ્યું કે આ નિર્દેશ છે બેવકૂફી, અણસમજ પ્રતિ એટલા માટે કે બોચીનું પહોળી હોવું અને માથાનુ ઘણુ મોટુ હોવું એની નિશાની છે, જેવી રીતે કે માથાનુ મધ્યમ માપનું હોવું તીવ્ર બુધ્ધિમાન અને ઉચ્ચ હિમ્મતવાળા હોવાની નિશાની છે. અલ્લામા કુર્તબીએ આ ખુલાસાને નાપસંદ કર્યો કેમ કે એમાં નિંદા છે. એમનું કહેવું છે કે આ કટાક્ષમાં ફર્માવ્યું છે કે પછી તો તમારો તકીયો ઘણો જ પહોળો છે કે એમાં નીચે સુબ્હ સાદિકનુ આકાશ સમાઈ ગયું. આ દોરા રાતનો અંધકાર અને દિવસનો ઉજાસ છે. એનું સમર્થન અબૂ દાઉદની હદીષથી થાય છે કે ફર્માવ્યું, જ્યારે તો તમારો તકીયો ઘણો લાંબો ચોળો છે.

શંકાનુ નિવારણ : રોઝો હિ.સ. ૨ ના રોજ ૧૦ શાબાને ફર્ઝ થયો છે (દુર્રે મુખ્તાર) એ જ વખતે વર્ણવેલી આયત નાઝિલ થઈ હતી અને હઝરત અદી બિન હાતિમ رضی اللہ عنہ હિ.સ. નવ કે દસમાં ઈસ્લામથી પાવન થયા છે. (નુઝહતુલ ક़ારી, ૧/૫૨૭ પર હઝરત અદી બિન હાતિમ رضی اللہ عنہ ના ઈમાન વડે પાવન થવાનું હિ.સ. ૭માં (કિતાબ) ઈકમાલ પર ભરોસો કરીને લખ્યું છે, પણ સહીહ હિ.સ. ૯ અથવા ૧૦ છે. જેમ કે ઈસાબા વગેરેમાં છે કેમ કે મક્કા હિ.સ. ૮ માં ફતહ થયું છે. અને એમનું ઈમાન લાવવું જો કે ફતહેમક્કા બાદ છે.) પછી એમનું એવું કહેવું કે જ્યારે આયતે કરીમા નાઝિલ થઈ તો મેં બે રસ્સીઓ સફેદ તથા કાળી લીધી. કઈ રીતે દુરુસ્ત છે ? એનો જવાબ એ છે કે તેમનો આશય એ છે કે જ્યારે મને આ આયતે કરીમાના નુઝૂલની જાણ થઈ. અને જાહેર છે કે આ ઈલ્મ ઈમાન લાવ્યા બાદ જ થયો. એનું સમર્થન મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ ની આ રિવાયતથી થાય છે જે મુજાલિદના તરીકાથી મરવી છે (૪/૩૭૭). હઝરત અદી કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ મને નમાઝ તથા રોઝા શીખવ્યા. અને ફર્માવ્યું, આ રીતે નમાઝ પઢ અને આ રીતે રોઝા રાખ. જ્યારે સૂર્ય ડૂબી જાય તો ખા ત્યાં સુધી કે સફેદ દોરો કાળા દોરાથી જુદો જાહેર થવા લાગે. તો મેં સફેદ તથા કાળા દોરા લીધા. –અલ્હદીષ

اقول و باللہ التوفیق : પરંતું એ સવાલ હજી પણ બાકી છે કે જ્યારે કે **من الفجر** નાઝિલ થઈ ચૂકેલ હતુ તો આયતનો અર્થ સમજવામાં કોઈને પણ મુશ્કેલી ન રહેવી જોઈતી હતી, તો કઈ રીતે હઝરત અદી જેવા બુધ્ધિવાન અને સમજદાર માણસને તકલીફ રહે. આ ખાદિમની દષ્ટિએ સહીહ સ્પષ્ટતા એ છે કે હઝરત અદીનો બનાવ કેવળ હુઝૂરે અક્દસ ﷺના આ ઈર્શાદથી સંબંધિત છે જે હમણા મુસ્નદે ઈમામ અહમદના હવાલાથી વર્ણન થયો. આ કોઈ રાવીની મહેરબાની છે કે તેમણે એને આયતથી સંબંધિત કરી આપ્યો. અલ્લાહ બેહતર જાણનાર છે.

حديث ١١٢٦ عَنْ سَهْلِ بْنِ سَعْدٍ قَالَ أُنْزِلَتْ وَكُلُوا وَاشْرَبُوا حَتَّى يَتَبَيَّنَ

''હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, આ આયત નાઝિલ થઈ : ''અને ખાવ [હદીષ : ૧૧૨૬]

لَكُمُ الْخَيْطُ الْأَبْيَضُ مِنَ الْخَيْطِ الْأَسْوَدِ وَلَمْ يُنْزَلْ مِنَ الْفَجْرِ فَكَانَ رِجَالٌ إِذَا أَرَادُوا

પીઓ ત્યાં સુધી કે સફેદ દોરો કાળા દોરાથી જાહેર થઈ જાય.'' અને مِنَ الْفَجْرِ નાઝિલ થઈ ન હતી. તો લોકો

الصَّوْمَ رَبَطَ أَحَدُهُمْ فِي رِجْلَيْهِ الْخَيْطَ الْأَبْيَضَ وَالْخَيْطَ الْأَسْوَدَ

જ્યારે રોઝો રાખવા ચાહતા તો પોતાના પગોમાં સફેદ તથા કાળો દોરો બાંધી લેતા અને ખાતા રહેતા, ત્યાં સુધી

وَلَا يَزَالُ يَأْكُلُ حَتَّى يَتَبَيَّنَ لَهُ رُؤْيَتُهُمَا فَأَنْزَلَ اللَّهُ بَعْدُ مِنَ الْفَجْرِ

કે બંનેવ જુદા જુદા દેખાવા લાગતા. એના પર અલ્લાહ તઆલાએ مِنَ الْفَجْرِ નાઝિલ કરી, હવે લોકોએ જાણ્યું

فَعَلِمُوا أَنَّمَا يَعْنِي اللَّيْلَ وَالنَّهَارَ ـه

કે એનાથી મુરાદ રાત તથા દિવસ છે.'' (બુખારી ૨/૬૪૭ તફસીર, મુસ્લિમ, નિસાઈ–અસ્સિયામ)

સમજૂતી : ૧૧૨૬ મુસ્લિમની રિવાયતમાં છે કે સફેદ તથા કાળો દોરો લઈને તકીયાની નીચે રાખી દેતા. બંનેમાં વિરોધાભાસ નથી, અમુક લોકો આ પ્રમાણે કરતા હતા તો અમુક લોકો પગોમાં બાંધી લેતા હતા.

رؤيتهما : આ રૂયત રૂયતે બસરી છે, આંખ વડે જોવાના અર્થમાં છે. રૂયતે ક્લ્બી નથી કે દિલોના કાર્યોથી હોય. એટલા માટે એક મફઉલ પર ઈક્તેસાર જાઈઝ છે. નસફીની રિવાયતમાં رِأْيُهُمَا છે 'રા'ને ઝેર, હમ્ઝા સાકિન અથવા પેશ. આ મન્ઝર (દૃશ્ય)ના અર્થમાં છે જેમ કે કુર્આન મજીદમાં છે : اَحْسَنُ اِثَاثًا وَّرِءْيًا ''જે સરોસામાન તથા દેખાવમાં એમનાથી કેટલાય અંશે સારા હતા.'' (મરયમ)

رِءْيٌ નો અર્થ દૃશ્ય છે. હઝરત સુહેલ બિન સઅદ رضی اللہ عنہ ની આ હદીષના જાહેર પરથી ફલિત થાય છે કે مِنَ الْفَجْرِ નો નુઝૂલ પણ શરૂમાં થયો હતો. અને ક્યાસની નિકટ પણ એ જ છે અને વિવિધ હદીષોથી એનું સમર્થન પણ થાય છે એટલા માટે અમુક બુઝુર્ગોનું એવું ફર્માવવું કે مِنَ الْفَجْرِ હઝરત અદી બિન હાતિમના બનાવ પછી નાઝિલ થઈ, એ દુરુસ્ત નથી.

توضيح باب : (પ્રકરણનો ખુલાસો) એટલે કે સહરી ખાવું વાજિબ નથી જો કે એના ખાવામાં બરકત છે એટલા માટે એ મુસ્તહબ છે. ઈમામ બુખારીએ એના વાજિબ ન હોવાની દલીલ આ આપી કે નબી ﷺ એ સૌમે વિસાલ રાખ્યા અને દરમ્યાનમાં સેહરી ખાવાનો ક્યાંય ઉલ્લેખ નથી. જો સેહરી વાજિબ હોત તો હુઝૂરે અક્દસ ﷺ અને સહાબા જરૂર ખાતા, વળી તેનો ઉલ્લેખ પણ થાત અને હદીષમાં પણ વર્ણવેલ હોત.

اقول وباللّٰه التوفيق : સૌમે વિસાલમાં સહાબાએ કિરામ સેહરી ખાતા ન હતા, એની દલીલ એ છે કે એ સહાબાને ભારે પડયું. અમુક રિવાયતોમાં છે કે હરવુ ફરવુ મુશ્કેલ થઈ ગયું હતું. જો સહાબા સેહરી ખાતા રહેત તો આવો હાલ કદી ન થાત. વળી સહાબાએ કિરામના અર્ઝ કરવા પર હુઝૂરે અક્દસ ﷺ નું આ ઈર્શાદ ફર્માવવું اِنِّي اَبِيتُ عِنْدَ رَبِّي يطعمني ويسقيني ''હું મારા રબની હુઝૂર રહું છું, એ ખવડાવે પીવડાવે છે.'' એના પર દલીલ છે કે સૌમે વિસાલના દરમ્યાન દુનિયવી ખોરાક ખાતા ન હતા.

بَابُ بَرَكَةِ السَّحُورِ مِنْ غَيْرِ إِيجَابٍ ـ ص ٢٥٧

"સહરી વાજિબ ન હોવા વિશે" *(પેજ–૨૫૭)*

حديث ١١٢٧

عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّ النَّبِيَّ صَلَّى

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ એ સૌમે વિસાલ રાખ્યા તો **[હદીષ : ૧૧૨૭]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاصَلَ فَوَاصَلَ النَّاسُ فَشَقَّ عَلَيْهِمْ فَنَهَاهُمْ قَالُوا فَإِنَّكَ

અન્ય લોકોએ પણ રાખ્યા અને લોકોને ભારે પડયા એના કારણે તેમને મના ફર્માવ્યું. લોકોએ અર્ઝ કરી,

تُوَاصِلُ قَالَ لَسْتُ كَهَيْئَتِكُمْ إِنِّي أَظَلُّ أُطْعَمُ وَأُسْقَى ـ ع

હુઝૂર સૌમે વિસાલ રાખે છે ! ફર્માવ્યું, હું તમારા જેવો નથી, મને ખવડાવવા પીવડાવવામાં આવે છે."

(બુખારી ૧/૨૬૩, મુસ્લિમ, અબૂ દાઊદ–અસ્સિયામ, મુસ્નદે અહમદ, પેજ–૨૧ વગેરે)

સમજૂતી : ૧૧૨૭

મુસ્નદે ઈમામ અહમદમાં છે કે આ સૌમે વિસાલ રમઝાનમાં હતા. **સૌમે વિસાલનો મતલબ** એ છે કે રોઝો રાખીને ન ઈફતાર કરે ન સહરી ખાય, ન અન્ય કોઈ સમયમાં કોઈ ખાવા ખાય પીએ, ત્યાં સુધી કે પાણીનો એક ઘૂંટડો પણ ન લે. અને પછી બીજા દિવસે રોઝો રાખે. (ખાધા પીધા વિનાના સતત રોઝા) આ મકરૂહે તન્ઝીહી છે. *(બહારે શરીઅત, ૫/૯૯)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર رضی اللہ عنہما પંદર દિવસ સુધી સૌમ વિસાલ રાખતા હતા. ઈમામ તબરીએ ફર્માવ્યું કે અમુક સહાબીઓના બારામાં મરવી છે કે તેઓ કેટ કેટલા દિવસો સુધી ખાવા પીવા છોડી આપતા હતા, પણ એનાથી એમનાં રોજિંદા કામોમાં કોઈ ખલેલ પડતી ન હતી. આ એ કારણે હતું કે તેમને ખાવા પીવાની હાજત ન હતી, એનાથી બેપરવા હતા. પોતાનુ ખાવા હાજતમંદ તથા ફાકાકશ લોકોને આપી દેતા હતા. હઝરત ઈબ્રાહીમ તયમી કદી કદી એક એક મહિનો અને કદી કદી બબ્બે મહિના ખાધા પીધા વિના રહી જતા હતા. કરાહત દૂર કરવાના માટે એક ઘૂંટડો નબીઝ પી લેતા હતા. રિયાઝત તથા મુજાહિદાના માટે મશાઈખ સાલિકીનને સૌમે વિસાલ રાખવાનો હુકમ આપતા હતા. પણ કરાહત દૂર કરવા માટે એક ઘૂંટડો પાણી અથવા અન્ય કોઈ ચીજ ખૂબ જ ઓછી માત્રામાં ખાવાની ઈજાઝત આપતા હતા. દા.ત. કિસમિસના થોડાક દાણા, સૂકા રોટલાના ટુકડા વગેરે. **મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ એ એકવાર ચાલીસ પીસ્તાળીસ દિવસ સુધી ૨૪ કલાકો દરમ્યાન એક ઘૂંટડા પાણી સિવાય અન્ય કાંઈ ન ખાધુ પીધુ. તેમ છતાં લેખન, સંપાદન, ફત્વા લેખન, મસ્જિદમાં હાજર થઈને નમાઝ બાજમાઅત, ઈર્શાદ તથા તલ્ક્રીન, આવનાર લોકોથી મુલાકાતો વગેરે મામૂલાતમાં કોઈ ફરક નથી આવ્યો. અને ન કમજોરી કે થાકની અસરો જાહેર થઈ.**

لَسْتُ كَهَيْئَتِكُمْ : અલ્લામા અયનીએ ફર્માવ્યું, કેટલાક હઝરાત એવું કહે છે કે અહીં 'હયઅત' અધિક છે, અર્થ એ છે કે હું તમારા જેવો નથી, **હું કહું છું** : 'હયઅત' ને અધિક ન માને તો મતલબ એ થશે કે મારો હાલ

તમારા હાલ જેવો નથી. એનાથી સિફતોમાં તફાવત હોવો અને ભાગીદારી ન હોવું જાહેર થાય છે. સાર એ થયો કે મારી સિફતો (ખૂબીઓ)માંથી કોઈ સિફતમાં તમે મારા શરીક (ભાગીદાર) નથી. એટલા માટે કે નફીનો મુક્તદા ઈસ્તેગરાક઼ છે અને વજૂદે તશબીહ (મળતાપણુ હોવા)ના માટે કોઈ સિફત (ખૂબી, ગુણ)માં મામૂલી સરખી શિર્કત પૂરતી છે. જ્યારે હાલાતમાં નફીએ મમાષિલત મળતાપણાની મનાઈ થઈ તો તેનો સિદ્દ્ક઼ ઈસ્તેગરાક઼ વિના ન થશે. એટલા માટે આ ઈર્શાદનો મતલબ એ થયો કે મારા કોઈ વસ્ફ (ગુણ)માં તમે લોકો ભાગીદાર નથી, અને જ્યારે સહાબા શરીક નથી તો ગૈર સહાબા (તમારા મારા જેવા)ની શિર્કતની કલ્પના પણ નથી થઈ શક્તી. અને અલ્લામા બુસૈરી رحمۃ اللہ علیہ ક઼સીદા બુર્દામાં ફર્માવ્યું છે :–

منزه عن شريك فى محاسنه ؛فجوهر الحسن فيه غير منقسم "હુઝૂર ﷺ પોતાની ખૂબીઓમાં ભાગીદાર હોવાથી પાક છે. એટલે કે કોઈ એવો ખૂબીવાળો નથી. હુઝૂર ﷺની જાતમાં હુસ્નનું જૌહર અવિભાજીત છે."

આ હક઼ીક઼તમાં હઝરત હસ્સાન બિન ષાબિત અન્સારી رضی اللہ عنہ ના આ શેઅર પરથી છે. તેમણે અર્ઝ કરી છે : **واحسن منك لم تر قط عينى ؛واجمل منك لم تلد النساء** "હુઝૂરથી અધિક હસીન મારી આંખોએ કદી નથી જોયો. હુઝૂરથી અધિક જમીલ (હેન્ડસમ) સ્ત્રીઓએ પેદા જ નથી કર્યો."

અને જે સાહબે ફર્માવ્યું કે 'હયઅત' શબ્દ વધારે છે એનું સમર્થન એનાથી થાય છે કે ખૂદ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની બીજી રિવાયત **باب الوصَال** બાબુલ વિસાલમાં આ શબ્દોમાં છે : **اِنى لَستُ مِثلكُمْ** અને ખૂદ હઝરત અનસ رضی اللہ عنہ ની હદીષમાં છે. **لَستُ كَاَحَدٍ مِّنْكُمْ** આ ઈર્શાદ જાતમાં મળતાપણાની નફી (નકાર) કરે છે. એટલે કે મારી જાત તમારી જાતની જેમ નથી, અને એ જ હક઼ીક઼ત છે જેના માટે પછીનો ઈર્શાદ દલીલ છે : **اَظَلُّ اُطعَمُ واُسقىٰ يُطعِمُنِىْ رَبّى وَ يسقِينِىْ** "મને ખવડાવવા પીવડાવવામાં આવે છે. મને મારો પરવરદિગાર ખવડાવે પીવડાવે છે." એટલા માટે એક હદીષ (મતાલિઉલ મસર્રાત, શરહે દલાઈલુલ્ ખયરાત–૧૨૯)માં ફર્માવ્યું : **يا ابا بكر لم يعلمنى حقيقته غير ربى** "હે અબૂબક્ર ! મારી હક઼ીકતને મારા રબના સિવાય કોઈ નથી જાણતું."

એનો સાર એ નીકળ્યો કે હુઝૂરે અક઼્દસ ﷺ પોતાની જાતમાં પણ શરીકથી પાક છે. હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે અંબિયાએ કિરામ અલ્લાહ ﷻ ના ઝાતી નામોથી પેદા કરવામાં આવ્યા છે અને હુઝૂરે અક઼્દસ ﷺ હક્ક઼ની ઝાતથી છે. મુબારક શબ્દો આ પ્રમાણે છે : "અને રસૂલે ખુદા ﷺ ઝાતે હક્ક઼થી મખ્લૂક઼ છે અને હક્ક઼ તઆલાનો ઝહૂર પોતાની ઝાતમાં બિઝ્ઝાત છે. એટલા માટે તે તમામ કમાલની સિફતો સાથે સંકલિત હોવામાં અજોડ છે, કેમ કે સિફતો ઝાતની પ્રતિ રાજેઅ (રજૂઅ થયેલી) છે." *(મદારિજુન્નબુવ્વત, ૨/૬૧૫)*

اَظَلُّ اُطعَمُ و اُسقىٰ : એ પોતાના જાહેર પર પણ આધારિત હોય શકે છે અલ્લાહ ﷻ જન્નતના ખાણાઓ વડે ખરેખર ખવડાવતો પીવડાવતો હોય. અને એ પણ સંભાવના છે કે અલ્લાહ ﷻ તેના જમાલના મુશાહેદામાં વ્યસ્ત કરી આપતો હોય કે ખોરાકની હાજત જ નહીં રહેતી હોય અથવા એવી રાહત ફર્માવી આપતો હોય જે અનાજ પાણીના સ્થાને થઈ જાય, જેના કારણે ન કમજોરી પેદા થાય ન શરીરની શક્તિમાં પરેશાની, જેમ કે એક શાયરે કહ્યું છે :–

وذكر للمشتاق خير شراب۔ وكل شراب دونه كسراب

તેરા ઝિક્ર મુશ્તાક઼ કે લિએ શરાબસે બઢકર હૈ
ઔર હર શરાબ ઉસ્કે મુક઼ાબિલ સરાબ હૈ

حدیث ۱۱۲۸ حَدَّثَنَا عَبْدُ الْعَزِيزِ بْنُ صُهَيْبٍ قَالَ سَمِعْتُ أَنَسَ بْنَ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ કહ્યું, નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, સહરી ખાવ [હદીષ : ૧૧૨૮]

لِنَبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ تَسَحَّرُوا فَإِنَّ فِي السَّحُورِ بَرَكَةً ۝ ع۵

એટલા માટે કે સહરીમાં બરકત છે." (મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ–અસ્સૌમ)

سحور : સીનના ઝબરની સાથે પણ અને પેશની સાથે પણ. ઝબરની સાથે તે ખાવા જે એ વખતે ખાવામાં આવે. પેશની સાથે એ કાર્ય છે. **برکة**નો અસલ અર્થ વધારો છે, અને અહીં દુનિયવી બરકાત પણ મુરાદ છે અને આખેરતની પણ મુરાદ છે. દુનિયવી બરકત જાહેર છે કે એના વડે શક્તિ મળે છે, આખેરતની બરકત એ છે કે હુઝૂરે અકરમ ﷺની સુન્નત છે. એના માટે હદીષોમાં જાત જાતની રીતે પ્રોત્સાહિત કરવામાં આવેલ છે બલ્કે તાકીદ પણ, ત્યાં સુધી કે ફર્માવ્યું કે સહરી ખાવ ભલે એક ઘૂંટડો પાણી પણ હોય. તેમજ નસારા (ઈસાઈ) સહરી ખાતા ન હતા એમાં એમની વિરૂદ્ધતા છે. એ પણ અજરનો સબબ છે. તેમજ એમાં નિય્યતને દોહરાવવું પણ છે જેના લીધે રોઝો એકમતિએ સહીહ થશે. તેમજ એ કે એના કારણે કાંઈ ન કાંઈ ઝિક્રે ઈલાહી થઈ જશે અથવા અલ્લાહ عزوجل ની તરફ ધ્યાન જરૂર થશે અને જેને તૌફીક મળે તે અન્ય ઝિક્રો અઝકાર, તહજ્જુદ વગેરે પઢી લેશે.

باب اذ انویٰ با النهار صوما

"જ્યારે દિવસમાં રોઝાની નિય્યત કરે." –(પેજ–૨૫૭)

પ્રકરણની સ્પષ્ટતા : *રોઝાનો સમય સુબ્હ સાદિક઼થી લઈને ગુરૂબ આફ઼તાબ સુધી છે, તે પણ એ રીતે કે એ પૂરા સમયમાં રોઝાથી રહેવું જરૂરી છે અને નિય્યત વિના ઈબાદતનો વજૂદ જ ન થશે. હવે પ્રશ્ન એ ઉઠે છે કે જો કોઈએ સુબ્હ સાદિક઼થી પહેલાં અથવા સુબ્હ સાદિક઼ના સમયે રોઝાની નિય્યત કરી ન હતી અને દિવસ નીકળી આવ્યો, રોઝાના સમયનો કેટલોક હિસ્સો રોઝા વિના ગુજાર્યો. હવે રોઝાની નિય્યત કરી તો સહીહ છે કે નહીં ? ક઼યાસ એવું ચાહે છે કે સહીહ ન થશે પણ સહાબાએ કિરામના અમલ અને ખૂદ હુઝૂરે અક઼દસ ﷺના ઈર્શાદથી સાબિત થાય છે કે સહીહ છે. એટલા માટે પૂર્વજ બુઝુર્ગોના સમયમાં એમાં મતભેદ રહ્યો છે. એ જ કારણે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું અને આદત મુજબ પોતાનું કોઈ મંતવ્ય જાહેર ન કર્યું.*

આપણે ત્યાં રમઝાન, નફ઼લ, નઝરના માનેલા રોઝાઓમાં દિવસની નિય્યત પૂરતી છે. એનું સમર્થન આગળ આવી રહ્યું છે.

ت ૩૨૯ وَقَالَتْ اُمُّ الدَّرْدَاءِ كَانَ اَبُو الدَّرْدَاءِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ يَقُوْلُ عِنْدَ كُمْ طَعَامٌ

"અને ઉમ્મે દરદાએ કહ્યું કે અબૂ દરદા رضی اللہ عنہ પૂછતા, તમારી પાસે ખાણુ છે ? **[તઅલીક઼ : ૩૨૯]**

فَاِنْ قُلْنَا لَا قَالَ فَاِنِّیْ صَائِمٌ يَوْمِیْ هٰذَا ـــ وَفَعَلَهٗ اَبُوْ طَلْحَةَ وَاَبُوْ هُرَيْرَةَ وَابْنُ

જો અમે કહેતાં નહીં તો કહેતા, હું આજના દિવસે રોઝાથી છું. અને એવું અબૂ તલ્હા અને

عَبَّاسٍ وَحُذَيْفَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمْ

અબૂ હુરૈરહ તથા ઈબ્ને અબ્બાસ તથા હુઝૈફા رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ કહ્યું છે.

તઅલીક઼ : ૩૨૯ની સમજૂતી

ઉમ્મે દરદાના અષરને ઈમામ અબૂબક્ર બિન અબી શયબાએ મૌસલૂન વર્ણન કરેલ છે. હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ ના બારામાં ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે પોતાના મુસન્નફમાં અને ઈમામ અબૂબક્ર અબી શયબાએ રિવાયત કરી છે. અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ના વિશે બયહક઼ીમાં છે. હઝરત ઈબ્ને અબ્બાસના અષરને ઈમામ તહાવીએ. અને હઝરત હુઝૈફાના બારામાં ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ અને ઈમામ અબૂબક્ર બિન અબી શયબાએ રિવાયત કરી છે. ઈમામ અબૂબક્ર બિન અબી શયબાએ ક઼તાદાનો ક઼ૌલ વર્ણવ્યો છે કે હઝરત મઆઝે પણ એવું કર્યું છે.

આ આષારથી જાહેર છે કે જો કોઈએ રાતમાં નિય્યત નથી કરી તો સુબ્હ સાદિક઼ તુલૂઅ થયા પછી રોઝાની નિય્યત કરી શકે છે અને એનો રોઝો સહીહ છે. પણ આપણે ત્યાં એ જરૂરી છે કે ઝહ્વએકુબ્રા નિસ્ફ઼ુન્નહારે શરઈ (ઝવાલ)થી પહેલાં નિય્યત કરી લે અને આ કેવળ રમઝાન, નઝરના માનેલા તથા નફ઼લના રોઝાઓના માટે છે. એના સિવાયના અન્ય રોઝાઓના માટે જરૂરી છે કે સુબ્હ સાદિક઼થી પહેલાં નિય્યત કરી લે, જેમ કે કફ઼્ફારાના રોઝા નઝરે ગૈર મુઅય્યનના રોઝા, ઝહ્વએ કુબ્રા થઈ ગયા પછી નિય્યત કરી તો રોઝો થશે નહીં. તેમજ એ પણ જરૂરી છે કે સુબ્હ સાદિક઼થી લઈને નિય્યત કરતી વખતે ન કાંઈ ખાધુ હોય ન પીધુ હોય અને ન સંભોગ કર્યો હોય.

حديث ૧૧૨૯ عَنْ سَلَمَةَ بْنِ الْاَكْوَعِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَعَثَ رَجُلًا

''હઝરત સલમા બિન અકૂવ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺએ આશૂરાના દિવસે [હદીષ : ૧૧૨૯]

يُنَادِي فِي النَّاسِ يَوْمَ عَاشُوْرَاءَ اَنَّ مَنْ اَكَلَ فَلْيُتِمَّ اَوْ فَلْيَصُمْ وَمَنْ لَمْ يَاْكُلْ فَلَا يَاْكُلْ ٢٥٨

એક શખ્સને મોકલ્યો કે એ મુનાદી (એલાન) કરી આપે, જેણે ખાય લીધુ હોય તે પૂર્ણ કરી લે અથવા રોઝો રાખે અને જેણે ન ખાધુ હોય તે (અત્યારથી) ન ખાય.''

(બુખારી ૧/૨૫૭–સિયામો યૌમે આશૂરા, ૨/૧૦૮૯, મુસ્લિમ, નિસાઈ–અસ્સૌમ)

સમજૂતી : ૧૧૨૯

باب صيام يوم عاشوراء : (આશૂરાના દિવસના રોઝા વિશે પ્રકરણ) અને કિતાબ અખ્બારુલ અહાદમાં આ પ્રમાણે છે કે રસૂલુલ્લાહ ﷺએ આશૂરાના દિવસે કબીલા અસ્લમના એક સાહબને હુકમ આપ્યો કે લોકોમાં એલાન કરી આપે. અખ્બારુલ અહાદમાં રદિયાની સાથે છે કે પોતાની કૌમમાં એલાન કરવાનો હુકમ આપ્યો હતો અથવા લોકોમાં. અહીં **فليتم او فليصم** શકની સાથે છે. અને સિયામે આશૂરામાં વિના શંકાએ આ પ્રમાણે છે કે બાકીનો દિવસ રોઝાથી રહે. એટલા માટે કે આજે આશૂરાનો દિવસ છે. અને અખ્બારુલ આહાદમાં છે કે બાકીનો દિવસ પૂર્ણ કરી લે. મતલબ એ થયો કે જેણે ખાય લીધું હોય તે બાકીનો દિવસ ખાધા પીધા વિના રોઝાદારની જેમ રહે. અને જેણે હજી સુધી કાંઈ નથી ખાધુ પીધુ તે રોઝાની નિય્યત કરી લે અને ખરેખર રોઝો રાખે. એના પરથી સાબિત થયું કે દિવસમાં રોઝાની નિય્યત દુરુસ્ત છે. તેમજ એ પણ સાબિત થયું કે જે દિવસે રોઝો વાજિબ થયો તે દિવસે કોઈ કારણે રોઝો ન રાખી શક્યો અથવા રોઝો તૂટી ગયો તો પણ બાકીનો દિવસ રોઝાદારની જેમ ખાધા પીધા વિના રોઝો તોડનાર ચીજોથી બચવું વાજિબ છે.''

સિયામે યૌમે આશૂરામાં આ હદીષ મક્કી બિન ઈબ્રાહીમ હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ના શાગિર્દથી મરવી છે અને બુખારીની ષલાષિયાતમાં છઠ્ઠી છે.

જેમને એલાન કરવાનો હુકમ આપ્યો હતો તેમનું નામ હિંદ બિન અસ્મા બિન હારિષા અસ્લમી છે. જેમ કે મુસ્નદે ઈમામ અહમદ (૨/૪૮૪)માં તેમનાથી જ રિવાયત છે કે મને રસૂલુલ્લાહ ﷺએ મારી કૌમ અસ્લમમાં મુનાદી (એલાન) કરવા મોકલ્યો હતો.

સહીહ એ જ છે કે રમઝાનના રોઝા ફર્ઝ થતા પહેલાં આશૂરાનો રોઝો ફર્ઝ હતો. અને એ ખૂદ એ જ હદીષથી સાબિત છે કેમ કે જો ફર્ઝ ન હોત તો ખાધા પીધા પછી બાકીનો દિવસ રોઝાદારની જેમ રહેવાનો હુકમ શાથી ઈર્શાદ ફર્માવતા. તદ્ઉપરાંત હદીષોની નસ (દલીલ)થી એ સાબિત છે.

ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી મરવી છે કે કુરૈશ જાહિલિયતના જમાનામાં આશૂરાનો રોઝો રાખતા હતા અને હુઝૂર પણ રાખતા હતા. (મદીના આવ્યા તો પણ રાખ્યો) અને લોકોને રાખવાનો હુકમ આપ્યો. જ્યારે રમઝાનના રોઝા ફર્ઝ થઈ ગયા તો ફર્માવ્યું, જે ચાહે રાખે જે ચાહે છોડી આપે. *(બુખારી ૧/૨૫૪ અસ્સૌમ)*

ઈબ્ને શદ્દાદે પોતાના અહકામમાં ઉમ્મુલ મોમિનીન હઝરત સિદ્દીકા તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, હઝરત ઈબ્ને ઉમર, હઝરત જાબિર رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ થી રિવાયત કરી કે રમઝાનના રોઝાઓના ફર્ઝ

થતા પહેલાં આશૂરાનો રોઝો ફર્ઝ હતો. જ્યારે રમઝાનના રોઝા ફર્ઝ થઈ ગયા તો ફર્માવ્યું, જે ચાહે રાખે જે ચાહે ન રાખે.

બુખારી તથા મુસ્લિમમાં છે કે નબી ﷺએ મદીનાની આસપાસ અન્સારની વસ્તીઓમાં માણસ મોકલીને કહેવડાવ્યું, જેણે રોઝાની હાલતમાં સવાર કરી હોય તે રોઝો પૂર્ણ કરી લે. અને જેણે સવાર એ હાલતમાં કરી છે કે કાંઈ ખાય પી લીધુ છે તે બાકીનો દિવસ રોઝાદારની જેમ રહે. *(ઉમ્દતુલ ક़ારી, ૧૦/૪૦૪)*

આ હદીષથી જાણવા મળ્યું કે જો કોઈના પર કોઈ નિશ્ચિત દિવસનો રોઝો વાજિબ હોય તો તેણે દિવસે નિય્યત કરવી દુરુસ્ત છે. જે લોકો રોઝો સહીહ થવા માટે સુબ્હ સાદિક़થી પહેલાં નિય્યતને જરૂરી ઠરાવે છે તેઓ અબૂ દાઊદ (૧/૩૨૩ અસ્સિયામ), તિર્મિઝી (૧/૯૧ અસ્સૌમ) અને નિસાઈ (૧/૩૨૦ અસ્સિયામ)ની આ હદીષથી દલીલ લાવે છે કે ઉમ્મુલ મોમિનીન હઝરત હફ્સા رضی اللہ عنہا થી મરવી છે કે નબી ﷺએ ફર્માવ્યું, "જેણે ફજરથી પહેલાં રોઝાની નિય્યત નથી કરી તેને રોઝો નથી." એનો જવાબ એ છે કે **પ્રથમ** : આ હદીષ ઝઈફ છે જેમ કે અલ્લામા અયનીએ પૂરી તફ્સીલ તથા તેહક़ીક़થી કર્યું છે. **બીજુ** : આ હદીષ પર અમલ કરવાથી કિતાબુલ્લાહનો નસ્ખ (મન્સુખ કરવું, રદ કરવું) ખબરે વાહિદથી લાઝિમ આવશે. તે એ રીતે કે પ્રથમ ઈર્શાદ થયો :–

وَ كُلُوْا وَاشْرَبُوْا حَتّٰى يَتَبَيَّنَ لَكُمُ الْخَيْطُ الْاَبْيَضُ مِنَ الْخَيْطِ الْاَسْوَدِ مِنَ الْفَجْرِ "જ્યાં સુધી ફજરનો સફેદ દોરો રાતના કાળા દોરાથી જાહેર ન થઈ જાય, ખાવ પીઓ." (સૂ. બક़રહ–૧૮૭) તેના પછી ઈર્શાદ ફર્માવ્યો : **ثُمَّ اَتِمُّوا الصِّيَامَ اِلَى الَّيْلِ** "પછી રોઝાને રાત સુધી પૂર્ણ કરો."

અને **ثُمَّ** તરાખીના માટે છે, શરઈ દિવસ સુબ્હ સાદિક़ થતાં જ શરૂ થઈ ગયો. રોઝાના હુકમનો મતલબ રોઝાની નિય્યત કરવું છે, કેમ કે નિય્યત વિના ઈબાદતનું અસ્તિત્વ જ નથી. હવે સાબિત થયું કે દિવસનો અમુક હિસ્સો ગુજર્યા પછી પણ રોઝાની નિય્યત સહીહ છે. આ વાત **ثُمَّ**થી સાબિત છે. જે ખાસ શબ્દ છે બનાવવામાં (મૂકવામાં) આવ્યો છે તઅક़ીબ મઅત્તરાખીના માટે. એટલા માટે એવું કહેવું કે જ્યાં સુધી ફજરથી પહેલાં નિય્યત નહીં કરશે તો રોઝો દુરુસ્ત થશે નહીં, એ આ ખાસ હુકમ (કુર્આની)ને ખબરે વાહિદથી મન્સૂખ કરવું ગણાશે, અને એ જાઈઝ નથી. તેમજ આ ઈર્શાદ કે ફર્માવ્યું, "રોઝો પૂર્ણ કરો" એ દર્શાવે છે કે જે દિવસ રોઝાના માટે નિશ્ચિત છે તેમાં દિવસના શરૂમાં ખાસ રીતે ખાવા, પીવા, સંભોગથી રોકવું રોઝો થશે ભલે તે વખતે નિય્યત ન હોય કેમ કે કોઈ બાબત પૂર્ણ થવા માટે તક़ાદો એ છે કે તે પ્રથમથી જોવા મળે અને સંપૂર્ણ ન થાય. એમાં ભેદ છે કે જ્યારે આ દિવસો રોઝાના માટે નિશ્ચિત છે ચાહે અલ્લાહ તરફથી કે બંદા તરફથી તો એ બંનેને રોઝાના માટે નિશ્ચિત કરવાની કોઈ હાજત નથી જેમ કે રમઝાનના રોઝા, નિશ્ચિત નઝર (મન્નત)ના રોઝા, અન્ય દિવસોથી ઉલ્ટુ કે તે રોઝાના માટે નિશ્ચિત નથી એટલા માટે તે દિવસે રોઝાને નિશ્ચિત કરવા માટે રાતથી જ નિય્યત જરૂરી છે. રહી ગયા નફલ તો એની દલીલ આગળ આવી રહી છે. **ત્રીજુ** : એની પણ સંભાવના છે કે આ હદીષમાં નફી (નકાર)થી નફીએ કમાલ (સંપૂર્ણ થવાની નફી) મુરાદ હોય, જેમ કે **لا صلوة لجار المسجد الا فى المسجد** માં છે.

નફલ રોઝાની નિય્યત દિવસમાં સહીહ છે, એની દલીલ આ હદીષ છે જેને ઉમ્મુલ મોમિનીન હઝરત સિદ્દીક़ા رضی اللہ عنہا થી ઈમામ મુસ્લિમ (૧/૩૬૪ અસ્સિયામ), ઈમામ અબૂ દાઊદ (૧/૩૩૩ અસ્સિયામ), ઈમામ તિર્મિઝી (૧/૯૨ અસ્સૌમ) તથા ઈમામ નિસાઈ (૧/૩૧૯ અસ્સિયામ)એ રિવાયત કરી. આપ ફર્માવે છે : "એક દિવસે મને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે આઈશા ! તમારી પાસે કાંઈક ખાવાનુ છે ? મેં અર્ઝ કરી, કાંઈ નથી. ફર્માવ્યું, હું રોઝાથી છું."

بَابُ الصَّائِمُ يُصْبِحُ جُنُبًا ص ٢٥٧

"રોઝાદારે જ્યારે જનાબતની હાલતમાં સવાર કરી." –(૨૫૭)

حديث ١١٣٠ [હદીષ : ૧૧૩૦] عَنْ مَالِكٍ عَنْ سُمَيٍّ مَوْلَى أَبِي بَكْرِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ بْنِ

"અબૂબક્ર બિન અબ્દુર્રહમાન બિન હારિષ બિન હિશામ બિન મુગીરાએ કહ્યું, હું તથા મારા બાપ

الْحَارِثِ بْنِ هِشَامٍ بْنِ الْمُغِيرَةِ أَنَّهُ سَمِعَ أَبَا بَكْرِ بْنَ عَبْدِ الرَّحْمٰنِ

અબ્દુર્રહમાન ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા તથા ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલ્માની ખિદમતમાં

قَالَ جِئْتُ أَنَا وَأَبِي حَتّٰى دَخَلْنَا عَلٰى عَائِشَةَ وَأُمِّ سَلَمَةَ رَضِيَ اللّٰهُ

હાજર થયા. બીજી સનદથી ઝહરીના તરીક़ાથી મરવી છે કે અબૂબક્ર બિન અબદુર્રહમાન બિન હારિષ બિન

تَعَالٰى عَنْهُمَا ح عَنِ الزُّهْرِيِّ أَخْبَرَنِي أَبُوبَكْرِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ بْنِ

હિશામે ખબર આપી કે તેમના પિતા અબ્દુર્રહમાને મરવાનને ખબર આપી કે હઝરત આઈશા તથા

الْحَارِثِ بْنِ هِشَامٍ أَنَّ أَبَاهُ عَبْدَ الرَّحْمٰنِ أَخْبَرَ مَرْوَانَ أَنَّ عَائِشَةَ

હઝરત ઉમ્મે સલ્માએ ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺ પોતાનાં પત્ની સાથે નિકટતાને કારણે ફજરના સમયે

وَأُمَّ سَلَمَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَخْبَرَتَاهُ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ

જુનુબ થતા ત્યારબાદ ગુસ્લ કરતા અને રોઝો રાખતા. અને મરવાને અબ્દુલ્લાહ બિન હારિષથી કહ્યું, હું તમને

સમજૂતી : ૧૧૩૦

મુસ્લિમ (૧/૩૫૩ અસ્સિયામ)માં આ હદીષ આ પ્રમાણે છે : અબૂબક્ર બિન અબ્દુર્રહમાને કહ્યું, મેં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ને આ પ્રમાણે બયાન કરતા સાંભળ્યા, જે શખ્સ ફજરના સમયે જુનુબી થાય તે રોઝો ન રાખે. મેં મારા પિતા અબ્દુર્રહમાન ઈબ્ને હારિષથી આ વર્ણવ્યું તો એમણે એને ન સ્વીકાર્યું. હવે અબ્દુર્રહમાન અને હું બંનેવ ચાલ્યા અને હઝરત આઈશા અને હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ની ખિદમતમાં હાજર થયા અને અબ્દુર્રહમાને તે બંનેવને પૂછયું તો એ બંનેવે જણાવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એહતેલામ વિના સવારમાં જુનુબ થતા પછી રોઝો રાખતા. ત્યારબાદ અમે લોકો મરવાનની પાસે ગયા અને તેને આ વર્ણવ્યું તો મરવાને કહ્યું, હું તમને ક़તઈ તૌર પર (નિશ્ચિતપણે) હુકમ આપુ છું કે તમે અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની પાસે જાવ, અને તે જે કહે છે એનો રદ કરો. હવે અમે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની પાસે પહોંચ્યા. અબ્દુર્રહમાને (બંનેવ) ઉમ્મુલ મોમિનીનના ઈર્શાદોને વર્ણવ્યા. તો હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ પૂછયું, શું એ બંનેવે તમને આવુ જ કહ્યું છે ? અબ્દુર્રહમાને કહ્યું, હા ! તો ફર્માવ્યું, તે બંનેવ અધિક જાણનાર છે. ત્યારબાદ હઝરત અબૂ હુરૈરહ જે કાંઈ ફર્માવતાં હતા તેને ફઝ્લ બિન અબ્બાસ તરફ વાળ્યું અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, મેં આ ફઝ્લથી સાંભળ્યું, નબી ﷺ થી નથી સાંભળ્યું. હઝરત અબૂ હુરૈરહ જે કહેતા હતા એનાથી રુજૂઅ કરી લીધું. (ઈબ્ને જરીહે) કહ્યું, મેં

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يُدْرِكُهُ الْفَجْرُ وَهُوَ جُنُبٌ مِّنْ اَهْلِهٖ ثُمَّ

અલ્લાહની ક़સમ આપુ છું, આ બતાવીને અબૂ હુરૈરહને ગભરાહટમાં જરૂર નાખજો.

يَغْتَسِلُ وَيَصُوْمُ وَقَالَ مَرْوَانُ لِعَبْدِ الرَّحْمٰنِ بْنِ الْحَارِثِ اُقْسِمُ

અને એ વખતે મરવાન મદીનાનો હાકિમ હતો. અબૂબક્રએ કહ્યું, અબ્દુર્રહમાને એને નાપસંદ કર્યું.

بِاللّٰهِ لَتُفْرِزَنَّ عَنَّا بِهَا اَبَا هُرَيْرَةَ وَمَرْوَانُ يَوْمَئِذٍ عَلَى الْمَدِيْنَةِ فَقَالَ

પછી એવો સંજોગ બન્યો કે અમે ઝુલ હલીફામાં ભેગા થઈ ગયા અને ત્યાં અબૂ હુરૈરહની જમીન હતી.

اَبُوْبَكْرٍ فَكَرِهَ ذٰلِكَ عَبْدُ الرَّحْمٰنِ ثُمَّ قُدِّرَ لَنَا اَنْ نَجْتَمِعَ بِذِيْ

અબ્દુર્રહમાને હઝરત અબૂ હુરૈરહને કહ્યું, હું તમને એક વાત વર્ણવી રહ્યો છું.

الْحُلَيْفَةِ وَكَانَتْ لِاَبِيْ هُرَيْرَةَ هُنَالِكَ اَرْضٌ فَقَالَ عَبْدُ الرَّحْمٰنِ

અને જો મરવાને ક़સમ ન અપાવી હોત તો હું ન વર્ણવત. ત્યારબાદ તેમણે હઝરત આઈશા તથા હઝરત ઉમ્મે

અબ્દુલ મલિક બિન અબૂબક્ર બિન અબ્દુર્રહમાન (આ હદીષના રાવી)થી પૂછયું, શું બંનેવ ઉમ્મુલ મોમિનીને રમઝાનના બારામાં કહ્યું હતું ? તેમણે કહ્યું, એવું જ છે કે હુઝૂર એહતેલામ વિના સવારના સમયે જુનુબી થતા પછી રોઝા રાખતા.

વિવિધતાવાળી રિવાયતો : બુખારીની રિવાયતથી એ નથી જણાતુ કે **من ادرك الصبح جنبا فلا صوم له** હુઝૂરનો ઈર્શાદ છે કે નહીં. પણ મુસ્લિમ (૧/૩૫૩)ની રિવાયતમાં એ સ્પષ્ટતા છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ એને ખૂદ હુઝૂરથી નથી સાંભળ્યું પણ સંભાવના છે કે ફઝૂલ رضی اللہ عنہ થી સાંભળ્યું હોય. ઈમામ અબ્દુર્રઝ્ઝાક़ે (ઉમ્દતુલ ક़ારી, પેજ–૩) રિવાયત કરી કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એમાં પણ એ સંભવ છે કે એ ફઝૂલથી સાંભળ્યું હોય અને ફઝૂલે હઝરત અબૂ હુરૈરહ ﷺ થી બયાન કર્યું હોય. હજી પણ **قال رسول الله** કહેવું દુરૂસ્ત છે.

મારા ખયાલમાં આ સર્વ રિવાયતોમાં વર્ગીકરણની સ્થિતિ આ જ છે કે હઝરત અબૂ હુરૈરહ ﷺ એ ખૂદ હુઝૂર ﷺ થી નથી સાંભળ્યું. તેમણે ફઝૂલ બિન અબ્બાસથી સાંભળ્યું છે અને તેમણે નબી ﷺ થી સાંભળ્યું છે.

ફઝૂલ બિન અબ્બાસ : બુખારી તથા મુસ્લિમની રિવાયતમાં ફઝૂલ બિન અબ્બાસનું નામ છે પણ નિસાઈની એક રિવાયતમાં હઝરત ઓસામા બિન ઝયદનું નામ છે કે તેમણે મારાથી બયાન કર્યું. શક્ય છે બંનેવથી સાંભળ્યું હોય.

وهو اعلم મુસ્લિમ તથા ઈબ્ને હબ્બાનની રિવાયતમાં છે : **هُما اَعلَمُ** હઝરત આઈશા તથા હઝરત ઉમ્મે સલમા અધિક જાણનારાં છે. અને ઈમામ નિસાઈની એક રિવાયતમાં છે : **هن اعلم** અને એ જ મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક़માં પણ છે. નિસાઈની એક રિવાયતમાં આ પ્રમાણે છે કે કેવળ હઝરત આઈશાથી મુલાકાત કરી. અને તેમણે એ રિવાયત કર્યું. હઝરત ઉમ્મે સલમાનો ઉલ્લેખ નથી. એમાં આ પ્રમાણે છે કે **وهى اعلم** આ સૌનો સાર એ નીકળ્યો કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ હઝરત આઈશા અને હઝરત ઉમ્મે સલમા બંનેવને અથવા

لِاَبِيْ هُرَيْرَةَ اِنِّيْ ذَاكِرٌ لَّكَ اَمْرًا وَّلَوْلَا اَنَّ مَرْوَانَ اَقْسَمَ عَلَيَّ

સલ્માની વાત વર્ણવી. તો હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે

فِيْهِ لَمَا ذَكَرْتُهٗ لَكَ فَذَكَرَ قَوْلَ عَائِشَةَ وَاُمِّ سَلَمَةَ فَقَالَ كَذٰلِكَ

મને ફઝ્લ બિન અબ્બાસે આ જ પ્રમાણે હદીષ વર્ણવી હતી

حَدَّثَنِي الْفَضْلُ بْنُ عَبَّاسٍ وَّهُوَ اَعْلَمُ ۝

અને તે સારી રીતે જાણે છે." (મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ બ ઈખ્તિલાફ ફીસ્સુયૂમ)

કેવળ એકલાં હઝરત આઈશાને **اعلم** કહ્યું. અને બનાવની સાથે એને જ અધિક મળતાપણુ પણ છે, હવે બુખારીની આ રિવાયતનું કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ હઝરત ફઝ્લને **اعلم** કહ્યું, મતલબ એ નિશ્ચિત છે કે તે કહેવા એવું ચાહે છે કે ફઝ્લ બિન અબ્બાસે મને આ હદીષ વર્ણન કરી, અને તે સારી રીતે જાણે છે. એટલે આ રિવાયતની હક़ીક़તને. એ મતલબ નથી કે ખાસ આ મામલામાં ફઝ્લ બિન અબ્બાસ અઝવાજે મુતહ્હરાતથી અધિક જાણતા હતા. એ ન તો બનાવના લેહાઝથી દુરુસ્ત છે અને ન હઝરત અબૂ હુરૈરહ જેવા બુઝુર્ગ સહાબી એવું કહી શકે છે. એનું દૃષ્ટાંત એ છે કે જેમ કે આપણા ઉર્ફમાં એ છે કે જ્યારે કોઈ ષિક़હની કોઈ વાત હક़ીક़તથી વિરૂદ્ધ સાબિત થઈ જાય છે તો તે કહે છે, મેં ફલાણાથી સાંભળ્યું હતું તે જાણે. એ જ પ્રમાણે હઝરત અબૂ હુરૈરહ જે બયાન કરતા હતા તેની સચ્ચાઈ જ્યારે હઝરત આઈશા તથા હઝરત ઉમ્મે સલમાના ઈર્શાદથી વિરૂદ્ધ થવાના કારણે શંકાસ્પદ થઈ ગઈ તો મજબૂરીના તૌર પર હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, મને ફઝ્લ બિન અબ્બાસે વર્ણવ્યું હતું, તે જ એને સારી રીતે જાણે છે કે કઈ રીતે એમણે એને બયાન કર્યું છે.

બુખારીની આ રિવાયતથી માલૂમ થાય છે કે અબૂબક્ર તથા તેમના વાલિદ અબ્દુર્રહમાને ડાયરેક્ટ હઝરત આઈશા તથા હઝરત ઉમ્મે સલ્માથી વાતચીત કરી હતી. પણ નિસાઈ (ઉમ્દતુલ ક़ારી ૧૦/૩)ની એક રિવાયતમાં છે કે હઝરત આઈશાથી તેમના ગુલામ ઝકવાનના વાસ્તાથી અને હઝરત ઉમ્મે સલ્માથી તેમના ગુલામ નાફેઅના થકી વાતચીત થઈ હતી.

અલ્લામા અયનીએ પહેલાને અકષર તથા અસ્સહ (સહીહ) કહ્યું. એમના કહેવાનો મતલબ એ છે કે સનદના એતબારથી અકષર તથા અસહ છે, પણ મારા ખયાલમાં હક़ીક़તના એતબારથી પણ રાજેહ છે કે ગુલામોના થકી વાતચીત કરી. અને એ મુહાવરો આમ છે કે મોટાઓ સાથે ખાદિમોના વાસ્તાથી જ વાત થાય છે, ખાસ કરીને સ્ત્રીઓ સાથે. એને એ રીતે વર્ણવે છે જાણે ડાયરેક્ટ વાતચીત થઈ.

અહીં ઈમામ બુખારીએ બે સનદોની સાથે આ હદીષને વર્ણન કરી છે. આ પરથી જાહેરી રીતે એ જ માલૂમ પડે છે કે બંનેવ સનદોનું મતન (મૂળ લખાણ) એક છે. જ્યારે કે એવું નથી, પ્રથમ સનદ જે અબ્દુલ્લાહ બિન મુસ્લિમા અન માલિકના તરીક़ાથી છે એના મતનમાં ન મરવાનનો ઉલ્લેખ છે ન હઝરત અબૂ હુરૈરહનો. એનું મતન કેવળ એટલું છે કે અમે હઝરત આઈશા તથા હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ની ખિદમતમાં હાજર થયા, તે બંનેવે આ પ્રમાણે બયાન આપ્યું.

બીજી સનદ જે અબુલ યમાન અને ઝુહરીના તરીક़ાથી છે તેનું મતન તે છે જે બુખારીમાં અહીં વર્ણન થયેલ છે.

અલ્લામા ખિતાબી (ઉમ્દતુલ ક़ારી, ૧૦/૪) તથા ઈબ્ને મુન્ઝિરે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ના આ ફત્વા તથા રિવાયતના બારામાં એ ખુલાસો કર્યો છે કે શરૂમાં સૂઈ ગયા પછી ખાવુ, પીવું તથા સંભોગ રોઝાદારના માટે મના હતું, તેમ જ એ હુકમ હતો કે જે સવાર સુધી જુનુબી રહે તે રોઝો ન રાખે. પણ જ્યારે સૂઈ ગયા બાદ પણ સુબ્હ સાદિક़ સુધી ખાવા, પીવા, સંભોગ મુબાહ થઈ ગયું તો આ હુકમ પણ મન્સૂખ થઈ ગયો. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ને એના મન્સૂખ થવાનો ઈલ્મ ન હતો એટલા માટે તે એ જ ફત્વો આપતા રહ્યા. અને હઝરત ફઝ્લ બિન અબ્બાસથી જે સાંભળ્યું હતું તેને રિવાયત કરતા રહ્યા. પણ જ્યારે હઝરત આઈશા તથા હઝરત ઉમ્મે સલમાની રિવાયતથી ઈલ્મ થઈ ગયો તો રુજૂઅ (પોતાની વાત પરત) કરી લીધું.

જનાબતની હાલતમાં રોઝો : જો કોઈ જનાબતની હાલતમાં સુબ્હ સાદિક़ પછી સુધી રહે તો તેનો રોઝો સહીહ છે કે નહીં ? જમહૂર તથા ચારેવ ઈમામોનો મઝહબ એ જ છે કે તેનો રોઝો સહીહ છે, જેમ કે વર્ણવેલ હદીષથી સાબિત છે. એનાથી સાબિત થયું કે રોઝો સહીહ થવા માટે તહારત (પાકી) શર્ત નથી, ન હક़ીક़ી ન હુકમી. અલ્બત્ત એટલું જરૂર છે કે એના પર ફર્ઝ છે કે દિવસ નીકળવાથી એટલા અગાઉ નહાય લે કે ફજરની નમાઝ પઢી શકે. એ સૌ પર ફર્ઝ છે, ચાહે રોઝાદાર હોય કે ન હોય. જો એ સમય સુધી ગુસ્લ ન કર્યું તો ગુનેહગાર થયો. અને હવે રોઝામાં પણ કરાહત થશે. એ જ ભાવાર્થ છે એનો જે અુમક ફતાવાની કિતાબોમાં છે કે જનાબતની હાલતમાં રોઝો મકરૂહ છે.

તેમજ આના પરથી નીચે પ્રમાણેના મસ્અલા જાણવા મળ્યા :

૧. જ્યારે કોઈ શરઈ હુકમમાં ઉલઝન હોય તો ઉલમાની પાસે હાજર થઈને તહક़ીક़ કરવી લાઝમી છે. ઈર્શાદ છે : فَاسْئَلُوا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ "જો તમને ઈલ્મ નથી તો જાણવાવાળાઓથી પૂછો."

૨. જો ઉલમામાં મતભેદ પડી જાય તો અગ્રતા એના કથનને આપવામાં આવશે જે અઅલમ (અધિક જાણકાર) હોય.

૩. હદીષની રિવાયતમાં સ્ત્રીઓ પુરૂષોના સમાન છે.

૪. પતિ પત્નીના ખાસ સંબંધોના બારામાં અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)ની રિવાયત સૌના પર રાજેહ (પસંદીદા) છે.

૫. અગ્રેસર આલિમથી જો કોઈ લગઝિશ થઈ જાય તો એમની ખિદમતમાં તેને અર્ઝ કરવી જરૂરી છે.

૬. અગ્રેસર આલિમ (અકાબિર)ની લગઝિશ અર્ઝ કરવામાં અદબનો લેહાઝ જરૂરી છે.

૭. હદીષની રિવાયતમાં ગવાહીની જરૂરત નથી.

૮. ખબરે વાહિદ હુજ્જત છે.

ت ٣٣٠ وَقَالَ هَمَّامٌ وَّابْنُ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

''અને હમ્મામ તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના સાહબઝાદાએ [તઅલીક़ : 330]

عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે નબી ﷺ રોઝો ન રાખવાનો હુકમ આપતા હતા.

وَسَلَّمَ يَأْمُرُ بِالْفِطْرِ وَالْاَوَّلُ اَسْنَدُ

અને પ્રથમ હદીષ સનદના એતબારથી અધિક क़વી છે.''

હમ્મામ : થી મુરાદ હમ્મામ બિન મુનબ્બહ સનઆની છે. ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી કોણ સાહબ મુરાદ છે એ નિશ્ચિત ન થઈ શક્યું. પણ અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે એ સાલિમ છે, એટલા માટે કે એ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરે છે. પણ અલ્લામા અયનીએ ફર્માવ્યું, એ જરૂરી નથી. શક્ય છે કે ઓબૈદુલ્લાહ હોય, બની શકે કે અબ્દુલ્લાહ હોય. એટલા માટે ઈમામ બુખારીએ નામ ન લીધું કેવળ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ફમાવ્યું.

હમ્મામ બિન મુનબ્બહની તઅલીક़ને ઈમામ અહમદે પોતાની સહીહમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. એના શબ્દો આ પ્રમાણે છે, જ્યારે સવારની નમાઝના માટે અઝાન કહેવામાં આવે અને તમારામાંથી કોઈ જુનુબી હોય તો રોઝો ન રાખે. ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની તઅલીક़ને ઈમામ અબ્દુર્રઝ્ઝાક़ પોતાની મુસન્નફમાં તથા ઈમામ નસાઈએ તથા તબ્રાનીએ મુસ્નુદુશ્શામિય્યિનમાં રિવાયત કર્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર અથવા ઓબૈદુલ્લાહ ઈબ્ને ઉમરે કહ્યું કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ અમને રોઝો ન રાખવાનો હુકમ આપતા હતા જ્યારે કોઈ સવારે જુનુબી રહે.

ولاول اسند : આ હઝરત ઈમામ બુખારીનો ઈર્શાદ છે. અલ્લામા કિર્માનીએ કહ્યું કે એનો મતલબ એ છે કે ઉમ્મહાતુલ મોમિનીનની હદીષ હઝરત અબૂ હુરૈરહની હદીષ કરતાં અધિક સહીહ છે. અલ્લામા અયનીએ એના પર એ પકડ કરી કે મોટાભાગના તરીક़ાઓમાં બંનેની સનદો એક જ છે, પછી એકને અસહ (વધુ સહીહ) કઈ રીતે કહી શકીએ છીએ. એનો મતલબ એ છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષમાં ખૂદ મતભેદ છે. કોઈમાં છે કે તે એવું કહે છે કે ફઝ્લ બિન અબ્બાસથી સાંભળ્યું, કોઈમાં છે હઝરત ઓસામા બિન ઝયદથી સાંભળ્યું. કોઈમાં છે કે એક શખ્સથી સાંભળ્યું, ફલાણાથી સાંભળ્યું. ઉમ્મહાતુલ મોમિનીનની હદીષથી વિરૂદ્ધ કે એની દરેક રિવાયતમાં આ પ્રમાણે છે કે ઉમ્મહાતુલ મોમિનીને ખૂદ બયાન કર્યું. હવે **ولاول اسند** નો મતલબ એ થયો કે ઉમ્મહાતુલ મોમિનીનની હદીષ આ અર્થમાં क़વી છે કે મરફૂઅ હોવામાં કોઈ શંકા નથી. અથવા તેનું રસૂલુલ્લાહ ﷺ સુધી પહોંચવું અધિક સ્પષ્ટ તથા ઉઘાડુ છે. એથી ઉલ્ટુ હઝરત અબૂ હુરૈરહની હદીષથી કે તેનું મરફૂઅ હોવું શંકાસ્પદ છે.

بَابُ الْمُبَاشِرَةِ لِلصَّائِمِ ص ٢٥٨

"રોઝાદારનું સંભોગ કરવું" –(પેજ–૨૫૮)

وَقَالَتْ عَائِشَةُ رَضِيَ اللّٰهُ عَنْهَا يَحْرُمُ عَلَيْهِ فَرْجُهَا۔ ت ٣٣١

[તઅલીક़ : 331]

"અને ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, રોઝાદાર માટે ઔરતની શર્મગાહ હરામ છે."

عَنِ الْاَسْوَدِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كَانَ النَّبِيُّ حديث ١١٣١

'ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, નબી ﷺ રોઝાની હાલતમાં **[હદીષ : ૧૧૩૧]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُقَبِّلُ وَيُبَاشِرُ وَهُوَ صَائِمٌ وَكَانَ اَمْلَكَكُمْ

બોસો લેતા હતા અને મુબાશિરત એટલે શરીરને શરીર સાથે ચિપકાવતા હતા અને તે પોતાની હાજતના

لِاَرَبِهٖ۔ قَالَ ابْنُ عَبَّاسٍ اِرْبٌ حَاجَةٌ وَقَالَ طَاؤُسٌ۔ غَيْرِ اُولِي الْاِرْبَةِ۔

તમારા કરતાં અધિક માલિક હતા. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہا એ ફર્માવ્યું : اِرْبٌ નો અર્થ હાજત છે અને

اَلْاَحْمَقِ لَاحَاجَةَ لَهٗ فِي النِّسَاءِ ع ه

ઈમામ તાઉસે غَيْرِ اُولِي الْاِرْبَةِ નો અર્થ એ બતાવ્યો, તે મૂર્ખ જેને સ્ત્રીઓનું આકર્ષણ ન હોય."

(મુસ્લિમ, અબૂ દાઉદ, તિર્મિઝી, ઈબ્ને માજહ : અસ્સિયામ, દારમી : વુઝૂ મોઅત્તા ઈમામ માલિક–અસ્સિયામ, મુસ્નદે ઈમામ અહમદ, ૬/૪૦)

તઅલીક़ : 331ની સમજૂતી

આ તઅલીક़ને ઈમામ અબૂ જઅફર તહાવી (શરહે મઆનિયુલ આષાર, ભાગ–૧/૨૯૪ અસ્સિયામ)એ મૌસૂલન રિવાયત કરી છે. હકીમ ઈબ્ને અક़ાલે કહ્યું, મેં હઝરત આઈશા رضی اللہ عنہا ને પૂછ્યું, રોઝાની હાલતમાં મારા પર મારી પત્ની સાથે શું હરામ છે ? ફર્માવ્યું, તેની શર્મગાહ. ઈબ્ને હઝમએ મહલ્લામાં પણ એના જેવી રિવાયત કરી છે.

સમજૂતી : ૧૧૩૧

મુબાશિરતનો માદ્દો بَشَرٌ (બશરુન્) છે. આ બાબે મફાઅલતનો મસ્દર છે એનો શાબ્દિક અર્થ છે, બે માણસોનું શરીરથી શરીર ચિપકાવવું, સંભોગ એના અર્થમાં સામેલ નથી. અલ્બત્ત ક્યારેક સંભોગના અર્થમાં બોલવામાં આવે છે. સંભોગ કરવાથી રોઝો ફાસિદ થઈ (તૂટી) જાય છે. અને રમઝાનના રોઝાઓમાં એના પર 'क़ઝા'ની સાથે 'કફ્ફારો' પણ છે. મુબાશિરત અને બોસા પછી નફ્સ પર क़ાબૂ કરવો મુશ્કેલ થઈ જાય છે અને એ સંભોગ પ્રતિ ખેંચી જાય છે એટલા માટે રોઝાની હાલતમાં બંનેવ મના છે, એનાથી રોઝો મકરૂહ થઈ જાય છે, જો વિર્ય સ્ખલન થવાનો કે સંભોગમાં સપડાવાનો ભય હોય તો. હુઝૂરે અક़્દસ ﷺને સંપૂર્ણપણે क़ાબૂ હતો એટલા માટે હુઝૂર ﷺના માટે મના નથી.

بَابُ الْقُبْلَةِ لِلصَّائِمِ ص ۲۵۸

"રોઝાદારે બોસો લેવો" *–(પેજ–૨૫૮)*

ت ૩૩૨ وَقَالَ جَابِرُ بْنُ زَيْدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اِنْ نَظَرَ فَاَمْنٰى يُتِمُّ صَوْمَهٗ

"અને હઝરત જાબિર બિન ઝયદ رضی اللہ عنہما એ ફર્માવ્યું, જો સ્ત્રીને જોયી અને વિર્ય નીકળી આવ્યું તો પણ રોઝો પૂર્ણ કરી લે."

حدیث ૧૧૩૨ عَنْ هِشَامٍ عَنْ اَبِيْهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ **[હદીષ : ૧૧૩૨]**

اِنْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَيُقَبِّلُ بَعْضَ اَزْوَاجِهٖ

રોઝાની હાલતમાં પોતાની અમુક પત્નીઓનો બોસો લેતા.

સૂરએ નૂરમાં غير اولى الاربة છે : "અને મોમિન ઔરતોને કહી આપો પોતાની નજરો નીચી રાખે અને પોતાની શર્મગાહની રક્ષા કર્યા કરે, અને પોતાનો શણગાર જાહેર ન કરે, પણ જે આપોઆપ જાહેર થાય. અને પોતાના ગેરવાનો પર ઓઢણીઓ નાખેલી રાખે સિવાય પોતાના પતિ તથા બાપ તથા સસરા તથા પુત્રો અને પતિના પુત્રો તથા ભાઈઓ તથા ભત્રીજાઓ અને ભાણીયાઓ અને પોતાના જેવી જ સ્ત્રીઓ અને પોતાની લોંડીઓ તથા ગુલામો અને તે ખાદિમો જેઓ સ્ત્રીઓની ઈચ્છા ન ધરાવતા હોય, અથવા એવા બાળકો જે સ્ત્રીઓની છુપી ચીજોની ખબર ન ધરાવતાં હોય, કોઈની સામે પોતાનો શણગાર જાહેર ન કરે." આ આયતમાં આ પ્રમાણે હતું : اَوِالتَّابِعِيْنَ غَيْرِ اُولِى الْاِرْبَةِ مِنَ الرِّجَالِ [ايت ٣١] "અથવા નોકર જે વાસનાવાળા પુરૂષ ન હોય."

એમાં اَلْاِرْبَةِ છે. ઈમામ બુખારી આદત મુજબ એની તફસીરમાં ફર્માવે છે કે એનો અર્થ હાજતનો છે અને ઈમામ તાઉસે ફર્માવ્યું, غَيْرِ اُولِى الْاِرْبَةِ થી મુરાદ તે મૂર્ખ છે જેને સ્ત્રીઓની હાજત ન હોય.

તઅલીક : ૩૩૨ની સમજૂતી આ અષરને ઈમામ અબૂબક્ર બિન અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. અને હુકમ એ જ છે કે જો સ્ત્રીને જોયી અને વિર્ય સ્ખલન થઈ ગયું તો રોઝો ન તૂટયો, અલ્બત્ત જો બોસો લીધો અથવા ગળે લગાડી અથવા શરીર સ્પર્શ્યું ભલે કપડુ આડ હોય અને વિર્ય સ્ખલન થઈ ગયું તો રોઝો તૂટી ગયો. બલ્કે જો એ અંદેશો હોય કે વિર્ય સ્ખલન થઈ જશે અથવા સંભોગમાં સપડાય જશે તો મકરૂહ છે ભલે હોઠ કે જીભ ચૂંસી અને ફાહિશ (બિભત્સ) મુબાશિરત તદ્દન મકરૂહ છે, ચાહે વિર્ય સ્ખલન કે સંભોગમાં પડવાનો ભય હોય કે ન હોય. બિભત્સ મુબાશિરત એ છે કે સ્ત્રી પોતાનું ગુપ્તાંગ સ્ત્રી કે પુરૂષની શર્મગાહ સાથે અથવા સ્ત્રી સ્ત્રીની શર્મગાહ સાથે વાસનાની હાલતમાં કોઈ આડ વિના સ્પર્શ કરાવે. પુરૂષમાં વાસના એ છે કે ગુપ્તાંગમાં ઉત્તેજના હોય, અને સ્ત્રીમાં વાસના એ છે કે બેકાબૂપણુ અને જોશ હોય.

સમજૂતી : ૧૧૩૨ અમુક પત્નીઓથી ખૂદ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ પોતાને મુરાદ લીધાં, અંતમાં હસવાથી એ નિશ્ચિત થઈ ગયું. એનાથી આ રિવાયત અધિક કતઈ થઈ ગઈ. ત્યારબાદ ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ની હદીષ ૨૧૨ વર્ણવી જે ૨/૨૧૭ (ગુજરાતીમાં પેજ નં. ૧૯૯) પર વર્ણન થઈ ચૂકી છે. એમાં અહીં આટલુ અધિક છે :–

وَهُوَ صَائِمٌ ثُمَّ ضَحِكَتْ ع ه

ત્યારબાદ તે હસ્યાં." (નિસાઈ–અસ્સિયામ)

بَابُ اِغْتِسَالِ الصَّائِمِ ص ٢٥٨

"રોઝાદારનું ગુસ્લ કરવું" *–(પેજ–૨૫૮)*

"પ્રકરણનો હેતુ *: જાહેરી રીતે આ પ્રકરણની કોઈ જરૂરત હતી નહીં, પણ હઝરત અલી મુર્તઝા كرم الله تعالى وجهه الكريم થી એક રિવાયત મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક (ઉમ્દતુલ ક़ારી, પેજ–૧૧)માં છે કે તેમણે રોઝાદારને હમ્મામ (બાથરૂમ)માં જવાથી મના ફર્માવ્યું છે, એટલા માટે જરૂરી થયું કે તેને સ્પષ્ટ કરી દેવામાં આવે. વર્ણન થયેલ રિવાયત ઝઈફ છે દલીલને પાત્ર નથી, આપણે ત્યાં પણ રાજેહ તથા મુખ્તાર (પસંદીદા) એ જ છે કે રોઝાદારે નહાવા બાથરૂમમાં જવામાં કાંઈ વાંધો નથી. એ જ પ્રમાણે માથા પર પાણી નાખવામાં, કપડાં ભીનાં કરી શરીર પર રાખવામાં પણ વાંધો નથી.*

અબૂ દાઊદ (ઉમ્દતુલ ક़ારી, પેજ–૧૧)માં છે કે હઝરત અબ્દુર્રહમાન બિન અબૂબક્રએ કેટલાક સહાબાથી રિવાયત કરી. તેમણે કહ્યું, મેં નબી કરીમ ﷺ ને અ़ર્જમાં જોયા કે રોઝાદાર હતા અને સરે અક़્દસ (માથા મુબારક) પર ગરમી કે તરસની સખ્તીના કારણે પાણી રેડવામાં આવી રહ્યું હતું."

ت ٣٣٣ وَبَلَّ ابْنُ عُمَرَ ثَوْبًا فَأُلْقِيَ عَلَيْهِ -

"હઝરત ઈબ્ને ઉમર رضي الله عنهما એ કપડુ પલાળ્યું અને એમના પર નાખવામાં આવ્યું." **[તઅલીક़ : 333]**

ت ٣٣٤ وَدَخَلَ الشَّعْبِيُّ الْحَمَّامَ وَهُوَ صَائِمٌ

"અને ઈમામ શઅબી (તાબઈ) રોઝો રાખીને બાથરૂમમાં ગયા." **[તઅલીક़ : 334]**

كَانَتْ هِيَ وَرَسُولُ اللّٰهِ ﷺ يَغْتَسِلَانِ مِنْ اِنَاءٍ وَّاحِدٍ وَكَانَ يُقَبِّلُهَا وَهُوَ صَائِمٌ "તેણી અને હુઝૂર ﷺ એક વાસણમાં ગુસ્લ કરતાં હતાં અને હુઝૂર રોઝાદાર હોવા છતાં તેમનો બોસો લીધા કરતા હતા."

તઅલીક़ : 333ની સમજૂતી

આ અષરને ઈમામ ઈબ્ને અબી શયબાએ મૌસૂલ કરી. પ્રકરણથી મળતાપણુ એ છે કે જેવી રીતે નહાવામાં શરીર પર પાણી પડે છે અને છિદ્રો વડે શરીરની અંદર પહોંચે છે, એ જ પ્રમાણે ભીનુ કપડુ નાખવાથી પણ પાણીને શરીર શોષે છે. શરીર પર ભીનુ કપડુ રાખવામાં વાંધો નથી, જેથી નહાવામાં પણ કોઈ વાંધો ન હોવો જોઈએ.

તઅલીક़ : 334ની સમજૂતી

આ તઅલીક़ને ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. ઈમામ શઅબીનું નામ "આમિર બિન શરાહીલ" હતું.

ت ૩૩૫ وَ قَالَ ابْنُ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا لَا بَاْسَ اَنْ يَّتَطَعَّمَ

"અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું એમાં કોઈ વાંધો નથી કે રોઝાદાર [તઅલીક : ૩૩૫]

الْقِدْرَ اَوِ الشَّيْءَ -

હાંડી કે અન્ય કોઈ ચીજ ચાખે."

ت ૩૩૬ وَ قَالَ الْحَسَنُ لَا بَاْسَ بِالْمَضْمَضَةِ وَالتَّبَرُّدِ لِلصَّائِمِ - [તઅલીક : ૩૩૬]

"અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, કુલ્લી કરવા અને પાણી વડે ઠંડક હાંસલ કરવામાં કાંઈ વાંધો નથી."

ت ૩૩૭ وَ قَالَ ابْنُ مَسْعُوْدٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اِذَا كَانَ صَوْمُ اَحَدِكُمْ

"અને હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, જ્યારે તમારો રોઝો હોય [તઅલીક : ૩૩૭]

فَلْيُصْبِحْ دَهِيْنًا مُّتَرَجِّلًا -

તો સવારે તેલ લગાડેલ અને કાંસકી કરેલ રહો."

તઅલીક : ૩૩૫ની સમજૂતી આ તઅલીકને પણ ઈમામ અબૂબકર ઈબ્ને અબી શયબાએ મૌસૂલન રિવાયત કરી છે. ان يَتَطَعَّمَ નો માદ્દો طَعْمٌ છે. سمع થી છે એનો અર્થ ચાખવું થાય છે. تَطَعَّمَ નો અર્થ સ્વાદ ચાખવો મોમાં મૂકવું. મતલબ એ છે કે રસા વગેરેને મોઢામાં એટલા માટે રાખવું કે તેનો સ્વાદ જણાય આવે પછી થૂકી દેવું એ રોઝામાં મના નથી. એનાથી રોઝો તૂટતો નથી, પણ વિના જરૂરતે મકરૂહ છે. પણ હા ! જો પતિ કટુસ્વભાવનો છે તો ચાખવાની ઈજાઝત છે, મકરૂહ પણ નથી. એ રીતે નાના બાળકને ખાવા માટે કાંઈ ન હોય તો તેને ખવડાવવા માટે રોટી વગેરે ચાવવામાં કોઈ વાંધો નથી.

તઅલીક : ૩૩૬ની સમજૂતી અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે આ તઅલીકને મઅનન (અર્થના આધારે) ઈમામ અબ્દુર્રઝ્ઝાકે મૌસૂલ કરી છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, એ જાહેર ન થઈ શક્યું, બલ્કે ઈમામ અબૂબકર ઈબ્ને અબી શયબાએ તેમને એનાથી ઉલ્ટી રિવાયત કરી છે કે ઈમામ હસન બસરીએ ફર્માવ્યું કે ઈફ્તારના સમયે અને પાણી પીવાના સમયે કુલ્લી કરવી મકરૂહ છે. આ બંને તઅલીકોને પ્રકરણ સાથે એ સંબંધ છે કે જ્યારે મોઢામાં ખાણુ અને પાણી લઈ જવું રોઝો તોડનાર નથી તો ગુસ્લમાં એથી અધિક અંશે નથી.

તઅલીક : ૩૩૭ની સમજૂતી فليصبح નો મતલબ એ છે કે રાતમાં જ તેલ લગાડી લો, કાંસકી કરી લો. મતલબ એ થયો કે રોઝો ઈબાદત છે. જ્યાં સુધી કોઈ રોઝો રાખેલ હાલતમાં છે ત્યાં સુધી તે ઈબાદતની હાલતમાં છે, અને ઈબાદતગુઝાર હકીકતમાં બારગાહે ઈલાહીમાં હાજર થાય છે તો બેહતર એ છે કે ઉમદા દેખાવ બનાવીને રાખે.

પ્રકરણથી નિસ્બત જાહેર છે કે સવારે જ્યારે વાળોમાં તેલ મૌજૂદ હશે તો શોષાયને દિમાગમાં પહોંચશે. જ્યારે એમાં કોઈ વાંધો નથી તો ગુસ્લમાં પણ કોઈ વાંધો નથી. તેમજ ગુસ્લથી પણ હેતુ સફાઈનો છે અને વાળોમાં તેલ નાખવા તથા કાંસકી કરવામાં પણ સફાઈ છે. આ સમૃધ્ધ અર્થને કારણે વર્ણન કર્યું. આનાથી સાબિત થયું કે દિવસમાં રોઝાની હાલતમાં માથા અથવા શરીર પર તેલ માલિશ કરવામાં કોઈ વાંધો નથી.

ت ٣٣٨ وَقَالَ أَنَسٌ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ إِنَّ لِي أَبْزَنَ أَتَقَحَّمُ فِيهِ وَأَنَا صَائِمٌ [તઅલીક़ : ૩૩૮]

અને હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મારી પાસે પાણીનું એક પાત્ર છે જેમાં રોઝાની હાલતમાં દાખલ થાઉં છું.

ت ٣٣٩ وَكَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَسْتَاكُ أَوَّلَ النَّهَارِ وَآخِرَهُ [તઅલીક़ : ૩૩૯]

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما દિવસના પ્રથમ તથા અંતિમ હિસ્સાઓમાં મિસ્વાક કરતા હતા."

ت ٣٤٠ وَقَالَ ابْنُ سِيرِينَ لَا بَأْسَ بِالسِّوَاكِ الرَّطْبِ قِيلَ لَهُ طَعْمٌ

"અને ઈબ્ને સીરીને કહ્યું, ભીની મિસ્વાકમાં કાંઈ વાંધો નથી. અર્ઝ કરવામાં આવી, એના [તઅલીક़ : ૩૪૦]

قَالَ وَالْمَاءُ لَهُ طَعْمٌ وَأَنْتَ تُمَضْمِضُ بِهِ

માટે સ્વાદ છે ! ફર્માવ્યું, પાણીના માટે પણ સ્વાદ છે, જ્યારે કે તમે એના વડે કુલ્લી (કોગળો) કરો છો."

ت ٣٤١ وَلَمْ يَرَ أَنَسٌ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ وَالْحَسَنُ وَإِبْرَاهِيمُ

"અને હઝરત અનસ رضی اللہ عنہ અને હસન બસરી તથા ઈબ્રાહીમ નખઈ રોઝાદારને [તઅલીક़ : ૩૪૧]

بِالْكُحْلِ لِلصَّائِمِ بَأْسًا

સુરમો લગાડવામાં કોઈ વાંધો જાણતા ન હતા."

તઅલીક़ : ૩૩૮ની સમજૂતી આ તઅલીક़ને ક़ાસિમ બિન ષાબિતે ગરીબુલ્ હદીષમાં મૌસૂલન વર્ણન કરી છે. أَبْزَنْ એ آبزَن થી અરબી બનાવેલ છે. પથ્થર અથવા ધાતુનું ઘણુ ઊંડુ પાત્ર જેમાં માણસ કમસે કમ બેસી શકે. જેમ કે આજકાલ નહાવાના માટે ટબ હોય છે. ગુસ્લમાં પાણી શરીર પર પડીને વહી જાય છે અને જો પાત્રમાં પાણી ભેગુ થયું અને માણસ એમાં બેસે તો પાણી શરીરની આસપાસ મોડે સુધી રહેવાને કારણે અંદર વધુ શોષાતુ જશે. જ્યારે એમાં વાંધો નથી તો નહાવામાં એથી વિશેષ અંશે વાંધો નથી.

તઅલીક़ : ૩૩૯ની સમજૂતી આ અષરના અંતિમ ભાગના સમાનઅર્થી ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ મૌસૂલન વર્ણવ્યું છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما જ્યારે ઝોહરના માટે જવાનો ઈરાદો કરતા તો મિસ્વાક કરતા. પ્રકરણથી મળતાપણાની એ જ વર્ણવેલ વિગત છે કે મિસ્વાકને દાંતો વડે ઘસવાના કારણે તેના કણો થૂંકમાં મિશ્ર થઈને જીભ તથા તાળવામાં શોષાય જાય છે, પણ તે રોઝાને ફાસિદ કરતાં (તોડતાં) નથી, તો ગુસ્લ એથી અધિક અંશે ફાસિદ કરશે નહીં.

તઅલીક़ : ૩૪૦ની સમજૂતી આ અષરને પણ ઈમામ અબૂબક્ર બિન અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે.

તઅલીક़ : ૩૪૧ની સમજૂતી હઝરત અનસની આ તઅલીક़ને ઈમામ અબૂ દાઊદે પોતાની સુનન (૧/૩૨૩ અસ્સિયામ)માં મૌસૂલન્ રિવાયત કરી. પ્રકરણથી મળતાપણુ એ છે કે સૂરમો છિદ્રો દ્વારા દિમાગ સુધી પહોંચે છે અને ઘણીવાર ગળાની નીચે ચાલ્યો જાય છે, જ્યારે એ રોઝામાં રુકાવટ નથી તો ગુસ્લ કઈ રીતે

રુકાવટ બની શકે છે. ઈમામ હસન બસરીની તઅલીક़ને ઈમામ અબ્દુર્રુઝ્ઝાક़ે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરેલ છે. અને હઝરત ઈબ્રાહીમ નખઈની તઅલીક़ને ઈમામ સઈદ બિન મન્સૂર તથા ઈમામ અબૂ દાઉદ (૧/૩૨૪ અસ્સિયામ)એ રિવાયત કરી છે. ઈમામ ઈબ્ને અબી શયબાએ એમનાથી એ પણ રિવાયત કરી છે કે રોઝાદારને સુરમો લગાડવામાં કોઈ વાંધો નથી જો તેનો સ્વાદ મેહસૂસ ન કરે.

મસાઈલ : રોઝાની હાલતમાં સુરમો લગાડવાના બારામાં અમારો તથા ઈમામ શાફ઼ઈનો મઝહબ એ છે કે કાંઈ વાંધો નથી, ભલે સુરમાનો સ્વાદ મેહસૂસ થાય, ચાહે મેહસૂસ ન થાય. હઝરત ઈમામ માલિકના બંનેવ કથનો છે. મુદવ્વનામાં છે, જો ગળા સુધી પહોંચી જાય તો રોઝો તૂટી જશે. હઝરત ઈમામ અહમદે ફ઼ર્માવ્યું કે રોઝાદારે સુરમો લગાડવો મકરૂહ છે જો સુરમાનો સ્વાદ ગળામાં મેહસૂસ કરી લેશે તો રોઝો તૂટી જશે. આપણી દલીલ ઈબ્ને માજહ (અસ્સિયામ–૧૨૨)ની આ હદીષ છે : ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફ઼ર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ રોઝાની હાલતમાં સુરમો લગાડયો.

તેમજ અબૂ આસિમની કિતાબુસ્સિયામ (ઉમ્દતુલ ક़ારી–૧૫)માં છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہا એ ફ઼ર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ રમઝાનમાં રોઝાની હાલતમાં બહાર તશરીફ઼ લાવ્યા, અને હુઝૂરની આંખો અખ્મદથી ભરેલી હતી.

તેમજ તિબરાનીએ અવસતમાં હઝરત બુરીદા رضی اللہ عنہا થી રિવાયત કરી, તેણી કહે છે : મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે રોઝો હોવા છતાં સુરમો લગાડી રહ્યા છે.

આ પ્રકરણના હેઠળ હઝરત ઈમામ બુખારી એ જ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા તથા ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ની હદીષ લાવ્યા છે હમણા બાબુસ્સાઈમ યસ્બહુ જુનુબનમાં વર્ણન થઈ ચૂકી છે, ત્યાં **الصائم يصبح جنبا** છે અને રમઝાનનો ઉલ્લેખ નથી, અને અહીં **وهو جنب من اهله** છે એટલે ફજરના સમય સુધી એહતેલામ વિના જનાબતની હાલતમાં રહેતા પછી ગુસ્લ કરતા અને રોઝો રાખતા. હિંદુસ્તાની નુસ્ખામાં **فى رمضان من غير حلم** નથી પણ ફ઼ત્હુલ બારી, ઉમ્દતુલ ક़ારી, ઈર્શાદુસ્સારી ત્રણેવ શરહોના મતન (મૂળ લખાણ)માં છે, એટલા માટે મેં એવો તર્જુમો કર્યો :–

قَالَ اَبُو جَعْفَرَ سَئَلْتُ اَبَا عَبْدُاللّٰهِ اِذَا اَفْطَرَ يُكَفِّرُ مِثْلُ الْمُجَامِعِ قَالَ لَا اَلَا تَرَى اَلْاَحَادِيثَ لَمْ يَقْضِهِ وَاِنْ صَامَ الدَّهْرَ

"અબૂ જઅફરે કહ્યું, મેં અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)ને પૂછયું, જો રોઝો તોડી આપે તો શું સંભોગ કરનારની જેમ કફ્ફારો આપે ? ફ઼ર્માવ્યું, નહીં ! શું તું એ નથી જોતો કે હદીષોમાં છે, જો કોઈ એક રોઝો છોડી આપે તો જમાનાભરના રોઝા તેનો બદલો નથી બની શક્તા."

સ્પષ્ટતા : આ અબૂ જઅફર ઈમામ બુખારીના વર્ઝ઼માં છે. એમના સવાલનો મક़્સદ એ છે કે જો કોઈ ખાય પીને રોઝો તોડી નાખે તો તેના પર કફ્ફારો વાજિબ છે કે નહીં ? હઝરત ઈમામ બુખારીએ ફ઼ર્માવ્યું કે એના પર કફ્ફારો વાજિબ નથી. દલીલમાં જે કાંઈ ફ઼ર્માવ્યું એનાથી જાહેર થઈ રહ્યું છે કે એના પર ક़ઝા પણ નથી. દલીલનો સાર એ છે કે હદીષોમાં આવ્યું છે કે જેણે રમઝાનનો એક રોઝો તોડી નાખ્યો તે જમાનાભર (જીવનભર) રોઝા રાખે છતાં તેનો બદલો નથી થઈ શક્તો, અને જ્યારે બદલો નથી થઈ શક્તો તો ક़ઝા બેકાર છે. આ પરથી એ પણ જાહેર થઈ ગયું કે સંભોગ કરનારા પર પણ કેવળ કફ્ફારો છે ક़ઝા નથી. પણ બાબ **باب اذا جامع فى رمضان** માં જે અષરો લાવ્યા છે એનાથી સંભોગ કરનારાના બારામાં બંનેવ વાતો જાહેર થઈ રહી છે. પ્રથમ તથા બીજા અષરથી તો એ જાહેર થાય છે કે ક़ઝા નથી, પણ ત્રીજા અષરથી જાહેર થાય છે કે ક़ઝા છે.

આ લખાણમાં જે કાંઈ વર્ણન થયેલ છે તે સંભોગ સિવાય અન્ય કોઈ કારણે રોઝો તોડનારના બારામાં છે કે એના પર કફ્ફારો નથી, ક़ઝા છે કે નથી, લખાણ બંનેવને સમાવે છે. એક એ કે એના પર ક़ઝા નથી. બીજુ એ કે ક़ઝા રોઝો રાખે તો પણ તે અસલ રોઝાના સ્થાને નથી. આ લખાણ કેવળ હિંદુસ્તાની નુસ્ખામાં છે અન્ય નુસ્ખાઓમાં નથી. જાહેરી રીતે જોતાં આ લખાણ અહીં તાલમેલ વિનાનુ જણાય છે, રોઝાદારના ગુસ્લના બયાન સાથે એને શું સંબંધ ?!

بَابُ الصَّائِمِ إِذَا أَكَلَ أَوْ شَرِبَ نَاسِيًا ٢٥٩

"રોઝાદાર જ્યારે ભૂલથી ખાય પી લે....." *(પેજ–૨૫૯)*

ت ٣٤٢ وَقَالَ عَطَاءٌ إِنِ اسْتَنْثَرَ فَدَخَلَ الْمَاءُ فِي حَلْقِهِ لَا بَأْسَ

"અને ઈમામ અતાએ ફર્માવ્યું, જો નાકમાં પાણી ચઢાવ્યું અને ગળામાં પ્રવેશી ગયું **[તઅલીક़ : ૩૪૨]**

لَمْ يَمْلِكْ رَدَّهُ

તો કાંઈ વાંધો નથી કે એને પાછુ નથી વાળી શક્તો."

ت ٣٤٣ وَقَالَ الْحَسَنُ إِنْ دَخَلَ حَلْقَهُ الذُّبَابُ فَلَا شَيْءَ عَلَيْهِ **[તઅલીક़ : ૩૪૩]**

"અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, જો તેના ગળામાં માખી ચાલી જાય તો એના માટે કાંઈ નથી."

તઅલીક़ : ૩૪૨ની સમજૂતી

આ તઅલીક़ને ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ મૌસૂલન રિવાયત કરી છે. اَسْتِنْثَار નો અર્થ નાક સાફ કરવું છે, પણ ક્યારેક નાકમાં પાણી નાખવાના અર્થમાં પણ આવે છે. અહીં એ જ મુરાદ છે. આ ઈમામ અતાનો પોતાનો ફત્વો છે. આપણે ત્યાં એવું છે કે એવો માણસ દિવસભર રોઝાદારની જેમ રહે અને એ રોઝાની क़ઝા કરે. અલ્બત્ત કફ્ફારો કે ગુનોહ નથી, કેમ કે એનું આ કૃત્ય એના ઈખ્તિયારથી નથી. પણ જ્યારે ગળામાં પાણી પહોંચી ગયું તો પીવાથી રોકાવું ન રહ્યું એટલા માટે રોઝો ન રહ્યો. क़ઝા વાજિબ છે. આ તઅલીક़ થકી ઈમામ બુખારી એ દર્શાવવા ચાહે છે કે નિસ્યાનના (ભૂલી જવાના) હુકમમાં ખતા પણ છે, નહીં તો અહીં કોઈ મુનાસિબત (મળતાપણુ) નથી. નિસ્યાનમાં રોઝો યાદ નથી રહેતો, અને ખાવા પીવાનું ઈરાદાપૂર્વક અને ઈખ્તિયારની સાથે હોય છે, જ્યારે ખતામાં રોઝો યાદ રહે છે પણ ગળા સુધી પાણીનું ચાલ્યા જવું ઈરાદા વિના હોય છે.

امساك عن الشرب : આ તઅ્લીલ (કારણ)ના સ્થાને છે એટલે કે ગળા સુધી પાણી તેના ઈરાદા તથા ઈખ્તિયારથી નથી ગયું અને એ મજબૂર પણ છે કે હવે પાણી પાછુ વાળી નથી શક્તો. અન્ય નુસ્ખાઓમાં **ان لم يملك** છે. હવે એ શર્તના સ્થાને છે, એટલે વાંધો તે સમયે નથી જ્યારે તે પાણી પાછુ વાળી ન શકે. એનાથી ઉલ્ટુ કે જો પાછુ વાળી શકે તો વાંધો છે, એટલે પાછુ વાળી શક્તો હતો છતાં ન વાળ્યું તો રોઝો તૂટી ગયો. પરંતું દરેક શખ્સને ખબર છે કે ગળા સુધી પાણી પહોંચ્યા બાદ પાછુ વાળવું શક્ય નથી. એટલા માટે એને શરત ઠરાવવું જાહેરના વિરૂદ્ધ છે. એ જ હુકમ એનો પણ છે કે કુલ્લી કરવામાં પાણી ગળા સુધી ચાલ્યુ જાય.

તઅલીક़ : ૩૪૩ની સમજૂતી

આ અષરને પણ ઈમામ અબૂબક્ર ઈબ્ને શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. ચારેવ ઈમામોનો પણ આ જ મઝહબ છે અને આ જ હુકમ દરેક તે ચીજનો છે જે દવા કે ખોરાક ન હોય અને ઈરાદા તથા ઈખ્તિયાર વિના ગળામાં ચાલી જાય, જેમ કે ધૂમાડો, ધૂળ વગેરે. અલ્બત્ત ઈરાદાપૂર્વક ધૂમાડો વગેરે ઉતારવાથી રોઝો તૂટી જશે, જેમ કે હુક્કો, સિગરેટ, બીડી વગેરે પીવી, એમાં क़ઝા પણ છે અને કફ્ફારો પણ છે.

ت ૩૪૪ [તઅલીક़ : ૩૪૪] وَقَالَ الْحَسَنُ إِنْ دَخَلَ حَلْقَهُ الذُّبَابُ فَلَا شَيْءَ عَلَيْهِ

"અને ઈમામ હસન બસરી તથા ઈમામ મુજાહિદે ફ़રમાવ્યું, જો ભૂલથી સંભોગ કરે તો એના માટે કાંઈ નથી."

حديث ૧૧૩૩ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે ફ़રમાવ્યું, [હદીષ : ૧૧૩૩]

عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِذَا نَسِيَ فَأَكَلَ أَوْ شَرِبَ فَلْيُتِمَّ صَوْمَهُ فَإِنَّمَا أَطْعَمَهُ اللهُ وَسَقَاهُ

જ્યારે કોઈ ભૂલથી ખાય પી લે તો પોતાનો રોઝો પૂરો કરી લે, એને અલ્લાહે ખવડાવ્યું પીવડાવ્યું."

(બુખારી, ૨/૯૮૬ અલઅયમાન વન્નુઝૂર)

بَابُ السِّوَاكِ الرَّطْبِ وَالْيَابِسِ لِلصَّائِمِ ص ૨૫૯

"રોઝાદારે લીલી તથા સૂકી મિસ્વાક કરવું" –(પેજ : ૨૫૯)

ت ૩૪૫ [તઅલીક़ : ૩૪૫] وَيُذْكَرُ عَنْ عَامِرِ بْنِ رَبِيعَةَ قَالَ رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى

"અને હઝરત આમિર બિન રબીઅહ رضی اللہ عنہ થી રિવાયત કરતાં વર્ણન કરવામાં આવે છે કે તેમણે ફ़રમાવ્યું,

عَلَيْهِ وَسَلَّمَ يَسْتَاكُ وَهُوَ صَائِمٌ مَا لَا أُحْصِي أَوْ أَعُدُّ

મેં નબી ﷺ ને રોઝાની હાલતમાં મિસ્વાક કરતાં એટલી વાર જોયા છે કે ગણી નથી શક્તો."

તઅલીક़ : ૩૪૪ની સમજૂતી આ બંનેવ તઅલીક़ોને ઈમામ અબ્દુર્રઝ્ઝાક़ે પોતાના મુસન્નફમાં મૌસૂલન રિવાયત કરી છે. હદીષમાં કેવળ ભૂલથી ખાવા પીવાનો હુકમ વર્ણન થયેલો છે, સંભોગનો નથી. એટલા માટે ઈમામ બુખારીએ સંપૂર્ણ ફાયદા માટે આ તઅલીક़ને વર્ણવી. ભૂલથી ખાવું પીવું મોટાભાગે થઈ જાય છે પણ ભૂલથી સંભોગ થઈ જાય એ મુશ્કેલ છે. એટલા માટે એના અલગથી વર્ણનની હાજત હતી.

સમજૂતી : ૧૧૩૩ **فليتم صومه** એની દલીલ છે કે તેનો રોઝો ફાસિદ ન થયો. (ન તૂટયો).

اتمام બાકી ચીજને પૂર્ણ કરવાને કહે છે. જો ધારો કે રોઝો તૂટી જાત તો રોઝો પરિપૂર્ણ ન થાત. અને જ્યારે રોઝો પૂર્ણ થઈ ગયો તો ન એના પર કફ્ફારો છે અને ન એની ક़ઝા છે.

તદ્ઉપરાંત ઈબ્ને હબ્બાન (ઉમ્દતુલ ક़ારી–૧૭)ની રિવાયતમાં સાફ ખુલાસો છે કે એના પર ન ક़ઝા છે ન કફ્ફારો. ફ़રમાવ્યું, જેણે રમઝાનમાં ભૂલથી રોઝા વિરૂદ્ધ કોઈ કામ કર્યું તો એના પર ન ક़ઝા છે ન કફ્ફારો. આ જ રિવાયત એના માટે પણ દલીલ છે કે આ મામલામાં ફ़ર્ઝ તથા નફલ સૌનો એક જ હુકમ છે.

તઅલીક़ : ૩૪૫ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ અબૂ દાઊદ (૧/૩૨૨ અસ્સિયામ) તથા ઈમામ તિર્મિઝી (૧/૯૧ અસ્સૌમ)એ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. હઝરત ઈમામ બુખારીએ આ હદીષને તમરીઝના સેગાની સાથે એટલા માટે વર્ણવી છે કે એના એક રાવી આસિમ બિન ઓબૈદુલ્લાહ મતઉન છે.

ت ٣٤٦ وَقَالَ اَبُوْهُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરતાં કહ્યું કે ફર્માવ્યું, [તઅલીક : ૩૪૬]

عَلَيْهِ وَسَلَّمَ لَوْلَا اَنْ اَشُقَّ عَلٰى اُمَّتِيْ لَاَمَرْتُهُمْ بِالسِّوَاكِ عِنْدَ كُلِّ وُضُوْءٍ

જો મારી ઉમ્મતના પર ભારે ન પડત તો હું તેમને દરેક વુઝૂના સમયે મિસ્વાકનો હુકમ આપતો. અને એના

وَيُرْوٰى نَحْوُهٗ عَنْ جَابِرٍ وَزَيْدِ بْنِ خَالِدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ

જેમ હઝરત જાબિર અને હઝરત ઝયદ બિન ખાલિદ رضی اللہ عنہما થી પણ નબી ﷺ થી રિવાયત કરવામાં

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَلَمْ يَخُصَّ الصَّائِمَ مِنْ غَيْرِهٖ

આવી છે. હુઝૂરે રોઝેદારને ગૈર રોઝેદારથી ખાસ નથી ફર્માવ્યા."

ઈમામ બુખારીએ ફર્માવ્યું કે આ મુન્કરુલ હદીષ છે. ઈમામ નવવીએ ખુલાસામાં ફર્માવ્યું, ઈમામ તિર્મિઝીએ આ હદીષને હસન કહી, પણ એનો આધાર આસિમ બિન ઓબૈદુલ્લાહ પર છે. જમહૂરે એને ઝઈફ બતાવી. શક્ય છે એને કોઈ અન્ય તરીકાથી કુવ્વત મળી ગઈ હોય. ઈમામ મઝીએ કહ્યું, આસિમ બિન ઓબૈદુલ્લાહના બારામાં સૌથી સારી વાત તે છે જે અજલીએ કહી કે તેમની રિવાયતમાં કાંઈ વાંધો નથી. ઈબ્ને અદીએ કહ્યું, એના ઝઈફ હોવા છતાં એની હદીષ લખવામાં આવે છે.

રોઝાની હાલતમાં મિસ્વાક કરવાના બારામાં આ સહાબાએ કિરામથી હદીષ રિવાયત પામેલ છે : ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા, હઝરત અનસ, હઝરત હબ્બાન બિન મુન્ઝિર, હઝરત ખબ્બાબ બિન અરત અને હઝરત અબૂ હુરૈરહ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ. **હુકમો** : રોઝાની હાલતમાં મિસ્વાક સુન્નત છે, મિસ્વાક લીલી હોય કે સૂકી. બપોરથી પહેલાં કરે અથવા બપોર પછી, દરેક સમયે મસ્નૂન છે.

તઅલીક : ૩૪૬ની સમજૂતી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષને મુત્તસિલ સનદની સાથે ઈમામ માલિક (બાબુલ મિસ્વાક–૨૪)એ મોઅત્તામાં અને ઈમામ અહમદ (મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૫૦, ૪૩૩)એ મુસ્નદમાં, ઈમામ ઈબ્ને ખુઝૈમાએ પોતાની સહીહમાં, દાર કુત્નીએ ગરાઈબે માલિકમાં, ઈમામ હાકિમે મુસ્તદરકમાં મૌસૂલન વર્ણવી છે.

અને હઝરત જાબિરની હદીષને (ઉમ્દતુલ ક़ારી–૧૯) ઈમામ અબૂ નુઐમે રિવાયત કરી છે. અને હઝરત ઝયદ બિન ખાલિદની હદીષને તેમના સિવાય અબૂ દાઊદ (અત્તહારત, બાબુલ મિસ્વાક, પેજ–૭)એ પણ મુત્તસિલ સનદની સાથે વર્ણવી છે. અલબત્ત એ બંનેની રિવાયતોમાં عند كل صلوٰة છે. આ શબ્દની સાથે ખૂદ ઈમામ બુખારીએ કિતાબુલ જુમ્આ (૧/૧૨૨)માં રિવાયત કરી છે, અને કેવળ بالسواك વિના عند كل صلوٰة ના કિતાબુત્તમનીમાં, તેમજ બાકીના અસ્હાબે સિહાહ સિત્તહ દારમી તથા ઈમામ અહમદે પણ عند كل صلوٰة ની સાથે રિવાયત કરી છે. وَلَمْ يَخُصَّ ઈમામ બુખારી એવું ફર્માવવા ચાહે છે કે જ્યારે દરેક વુઝૂના વખતે મિસ્વાકનો હુકમ એમાં રોઝેદાર અપવાદ નથી તો જેથી એના ઉમૂમ (સામાન્ય હુકમ)માં રોઝેદાર પણ સામેલ છે એટલા માટે આ હુકમ એના માટે પણ આમ થયો. રોઝેદારને આ હુકમથી ખાસ કરવું દુરુસ્ત નથી. જેથી સાબિત થયું કે રોઝાની હાલતમાં મિસ્વાક મસ્નૂન છે. અને આ જ તક़રીર عند كل صلوٰة માં પણ થશે.

એ રીતે એમાં સૂકી કે લીલીનું ન ખાસપણુ છે ન અપવાદ, જેથી બંનેવ મસ્નૂન થઈ.

ت ٣٤٧ وَقَالَتْ عَائِشَةُ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"અને ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ નબી ﷺ થી રિવાયત કરતાં **[તઅલીક્ : ૩૪૭]**

عَلَيْهِ وَسَلَّمَ اَلسِّوَاكُ مَطْهَرَةٌ لِّلْفَمِ مَرْضَاةٌ لِّلرَّبِّ ـ

કહ્યું કે ફર્માવ્યું, મિસ્વાક મોં સાફ કરનારી છે અને રબને રાજી કરનાર છે."

ت ٣٤٨ وَقَالَ عَطَاءٌ وَّقَتَادَةُ يَبْتَلِعُ رِيْقَهٗ ـ

"અને ઈમામ અતા અને કતાદાએ કહ્યું, રોઝાદાર પોતાનું થૂક ગળી શકે છે." **[તઅલીક્ : ૩૪૮]**

بَابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا تَوَضَّأَ فَلْيَسْتَنْشِقْ بِمَنْخِرِهِ الْمَاءَ

"નબી ﷺનો ઈર્શાદ છે, જ્યારે વુઝૂ કરો તો તમારાં નસકોરામાં પાણી નાખો." *–(૨૫૯)*

તઅલીક્ : ૩૪૭ની સમજૂતી

આ તઅલીક્ને ઈમામ અહમદે (૬/૪૭) મુસ્નદમાં, અને ઈમામ નિસાઈ (૧/૫ તહારત)એ સુનનમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. મિસ્વાકના આ ફઝાઈલ પણ કોઈ સમય કે દિવસની સાથે ખાસ નથી એ પોતાના સામાન્યપણા સાથે રોઝાની હાલતમાં પણ સામેલ છે. એટલા માટે સાબિત થયું કે રોઝામાં મિસ્વાક પસંદીદા છે.

તઅલીક્ : ૩૪૮ની સમજૂતી

ઈમામ અતાના અષરને ઈમામ સઈદ બિન મન્સૂર તથા ઈમામ અબ્દુર્રઝ્ઝાક્, અને કતાદાના અષરને ઈમામ અબ્દ બિન હુમૈદે મૌસૂલન રિવાયત કરી છે.

પ્રકરણની સાબિતી : આ પ્રકરણના હેઠળ ઈમામ બુખારી હદીષ–૧૧૭ લાવ્યા છે જે હિમરાન મૌલા હઝરત ઉષ્માન બિન અફ્ફાન رضی اللہ عنہ થી રિવાયત પામેલ છે. આ હદીષ ભાગ–૧/૪૮૯ ઉપર વર્ણન થયેલી છે. જેમાં વુઝૂની વિગત છે એમાં મિસ્વાકનું વર્ણન નથી અને ન રોઝાનુ. એટલા માટે હવે એ પ્રશ્ન છે કે એને પ્રકરણથી શું સંબંધ છે.

નિસ્બતનું વર્ણન એ છે કે આ હદીષમાં હુઝૂરે અક્દસ ﷺના વુઝૂનું વર્ણન છે, છેવટમાં છે : મેં રસૂલુલ્લાહ ﷺને આ પ્રમાણે વુઝૂ કરતા જોયા છે એટલા માટે સુન્નતના પાબંદ મુસલમાન રોઝાની હાલતમાં પણ એ જ પ્રમાણે વુઝૂ કરશે. એમાં કુલ્લી (કોગળા) કરવાનું પણ વર્ણન છે અને કુલ્લી કરવાથી પાણી મોઢામાં જાય છે. તો જ્યારે પાણી મોઢામાં લઈ જવું રોઝામાં કોઈ ખલેલ નથી પાડતુ તો મિસ્વાક એથી અધિક કક્ષાએ ખલેલ પાડશે નહીં. હઝરત ઈમામ ઈબ્ને સીરીનનો ઈસ્તિંબાત છે જેમ કે વર્ણન થઈ ચૂક્યું.

તેમજ એ કે એમાં વુઝૂથી કામિલ વુઝૂ મુરાદ છે અને કામિલ વુઝૂ મિસ્વાક વિના થશે નહીં જેથી એના માટે લાઝિમ કે મિસ્વાક પણ જરૂર કરે, ચાહે રોઝાદાર હોય ચાહે ન હોય.

આ રીતે આ હદીષથી રોઝાની હાલતમાં મિસ્વાક કરવું સાબિત થયું.

પ્રકરણની સ્પષ્ટતા : ઈમામ બુખારી આ પ્રકરણથી એ ફાયદો કરવા ચાહે છે કે નાક અને મોઢાની

ت ٣٤٩ وَقَالَ الْحَسَنُ لَا بَأْسَ بِالسَّعُوطِ لِلصَّائِمِ إِنْ لَمْ يَصِلْ إِلَى حَلْقِهِ وَيَكْتَحِلُ

"અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, રોઝદાર માટે નાકમાં દવા નાખવામાં કોઈ વાંધો નથી જો ગળા સુધી ન પહોંચે અને સુરમો લગાડે." [તઅલીક़ : ૩૪૯]

ت ٣٥٠ وَقَالَ عَطَاءٌ إِنْ مَضْمَضَ ثُمَّ أَفْرَغَ مَا فِي فِيهِ مِنَ الْمَاءِ لَا يُفْطِرُ

"અને ઈમામ અતાએ ફર્માવ્યું, જો કોગળો (કુલ્લી) કરી અને મોઢાનું પાણી [તઅલીક़ : ૩૫૦]

أَنْ يَزْدَرِدَ رِيقَهُ وَمَا بَقِيَ فِي فِيهِ - وَلَا يَمْضَغُ الْعِلْكَ فَإِنِ ازْدَرَدَ

ફેંકી દીધુ તો જો થૂક તથા મોઢામાં પાણી રહી ગયું છે તેને ગળી જાય તો કાંઈ નુકસાન આપશે નહીં,

رِيقَ الْعِلْكِ - لَا أَقُولُ إِنَّهُ يُفْطِرُ وَلَكِنَّهُ يُنْهَى عَنْهُ -

અને ગુંદર ન ચાવે પછી જો ગુંદરનુ થૂક ગળી ગયો તો હું એવું નથી કહેતો કે એ રોઝો તોડી નાખશે, પરંતું એનાથી મના કર્યું છે."

અંદરના ભાગની બે હૈસિયતો છે, આંત્રિક તથા બાહ્ય. બાહ્ય હૈસિયત એ છે કે જો મોઢામાં પાણી અથવા ખાવા જાય અને ગળા સુધી ન પહોંચે તો રોઝો ફાસિદ ન થયો (તૂટયો નહીં). આ એતબારથી મોં અંદરના ભાગથી બહાર છે, અંદરના ભાગની શરૂઆત ગળાથી છે પરંતું જો લીંટ કે થૂક ગળી ગયો તો રોઝો જશે નહીં, આ નાક તથા મોઢાની આંત્રિક હૈસિયત છે. આ એતબારથી નાક તથા મોઢુ જાણે અંદરનો જ એક ભાગ છે. આ ખુલાસા પછી આ પ્રકરણમાં જેટલી તઅલીક़ો વર્ણન થયેલ છે સૌને પ્રકરણ સાથે નિસ્બત થઈ જશે.

قول النبى صلى الله عليه وسلم : આ હદીષને ઈમામ મુસ્લિમે (૧/૧૨૪ અત્તહારત) હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મૌસૂલન રિવાયત કરી છે. એના શબ્દો આ પ્રમાણે છે :

إِذَا تَوَضَّأَ أَحَدُكُمْ فَلْيَسْتَنْشِقْ بِمَنْخِرَيْهِ مِنَ الْمَاءِ ثُمَّ لِيَنْثُرْ "જ્યારે વુઝૂ કરો તો નાકમાં પાણી નાખો પછી છીંક લો."

પ્રકરણ પર દલીલ કરતાં ઈમામ બુખારીએ ફર્માવ્યું : **لم يميز بين الصائم وغيره** રોઝાદાર અને ગૈર રોઝાદારની વચ્ચે હુઝૂરે તફાવત નથી દર્શાવ્યો, એટલે કે એવું નથી કર્યું કે આ હુકમ કેવળ ગૈર રોઝાદારને આપ્યો હોય અને રોઝાદારને અપવાદ રાખ્યો હોય, બલ્કે આમ હુકમ આપ્યો જેમાં રોઝાદાર પણ સામેલ છે, એટલા માટે રોઝાદાર પણ રોઝાની હાલતમાં નાકમાં પાણી નાખે.

તઅલીક़ : ૩૪૯ની સમજૂતી

આ તઅલીક़ને ઈમામ અબૂબક્ર બિન અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. આ હુકમ આમ છે ચાહે દવા સૂકી હોય કે પ્રવાહી, નાકના થકી દવા કે ખોરાક ગળા સુધી પહોંચશે તેનાથી રોઝો તૂટી જશે.

તઅલીક़ : ૩૫૦ની સમજૂતી

આ તઅલીક़ના બે હિસ્સા છે, એક **يكتحل** સુધી બીજો એના પછીનો. પ્રથમ હિસ્સાને ઈમામ અબૂબક્ર ઈબ્ને શયબાએ અને બીજાને ઈમામ અબ્દુર્રઝ્ઝાક़ે મૌસૂલન રિવાયત કર્યો.

بَابُ مَنْ جَامَعَ فِي رَمَضَانَ ص ٢٥٩

"જેણે રમઝાનમાં સંભોગ કર્યો." –(૨૫૯)

પ્રકરણનો ખુલાસો : *મતલબ એ છે કે જેણે રમઝાનમાં રોઝો રાખીને સંભોગ કરી લીધો તેના પર શું વાજિબ છે ? કેવળ કફ્ફારો કે કેવળ ક઼ઝા કે પછી બંનેવ ? આદત પ્રમાણે ઈમામ બુખારીએ પોતાનો કોઈ ફૅસલો નથી વર્ણવ્યો. એના હેઠળ જે અષરો લાવ્યા છે એમાં પ્રથમ બંનેવ થકી જાહેર થાય છે કે એના પર ક઼ઝા નથી. ત્રીજીથી જાહેર થાય છે કે ક઼ઝા છે. અને હદીષથી કેવળ કફ્ફારાનું વાજિબ હોવું જાહેર થાય છે.*

ت ٣٥١ وَيُذْكَرُ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ رَفْعَهُ مَنْ اَفْطَرَ

"અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરફૂઅન રિવાયત કરવામાં આવે છે કે (ફર્માવ્યું) **[તઅલીક઼ : ૩૫૧]**

يَوْمًا مِّنْ رَمَضَانَ مِنْ غَيْرِ عُذْرٍ وَّلَا مَرَضٍ لَمْ يَقْضِهِ صِيَامُ الدَّهْرِ

જેણે રમઝાનમાં એક દિવસ વિના મજબૂરી કે બીમારીના રોઝો ન રાખ્યો તો જીવનભરના રોઝા તેનો બદલો

وَاِنْ صَامَهُ وَبِهٖ قَالَ ابْنُ مَسْعُوْدٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

નથી થઈ શક્તા, ભલે કોઈ જીવનભર રોઝા રાખે. અને આવુ જ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું છે."

مابقي : આ રિવાયતમાં **ما** કલમાએ મૌસૂલા છે અને એક રિવાયત **ماذابقي في فيه** છે. આ રિવાયતમાં **ما** ઈસ્તફહામિયહ છે, એટલે કે જ્યારે કુલ્લી કરે તો પાણી થૂકી દે, તો હવે મોઢામાં શું બાકી છે ?!

العلك : આનાથી મુરાદ મુસ્તગી (એક પ્રકારનો પીળો ગુંદર જે પિસ્તાના ઝાડમાંથી નીકળે છે.)ના જેમ સખત ગુંદર છે, નરમ ગુંદર જે મોઢામાં રાખતાં ઓગળી જાય તે મુરાદ નથી. આ પ્રકરણમાં ઈમામ બુખારીએ કોઈ મુસ્નદ હદીષ નથી વર્ણવી.

તઅલીક઼ : ૩૫૧ની સમજૂતી

આ તઅલીક઼ અસ્હાબે સુનને અરબાએ મૌસૂલન વર્ણવી છે. ઈમામ બુખારીએ એને તમરીઝના સેગા સાથે વર્ણવી એટલા માટે કે એ હદીષ ઝઈફ છે. ઝોઅફનું (ઝઈફ હોવાનુ) કારણ અલ્લામા ઈબ્ને હજર તથા અલ્લામા અયનીએ વિગતવાર વર્ણવી આપ્યું છે. પણ કેમ કે એ વિવિધ તરીક઼ાઓથી રિવાયત પામેલ છે અને તેની સમર્થનમાં અન્ય પણ હદીષો છે એટલા માટે કમસે કમ હસન લેગૈરિહી જરૂર છે.

من افطر : આ બંનેવ સ્થિતિઓ માટે સામાન્ય છે, રોઝો રાખીને તોડી નાખે અથવા રોઝો રાખે જ નહીં. અને તોડવાની ત્રણ સ્થિતિઓ છે : કાંઈ ખાય લે, કાંઈક પી લે અથવા સંભોગ કરી લે. અંતિમ સ્થિતિને પ્રકરણ સાથે મળતાપણુ છે. હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ના ઈર્શાદની ઈમામ બયહક઼ીએ બે રીતે તખરીજ કરી છે. આ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ નો ફત્વો છે અને એમના પર મૌકુફ છે.

ت ٣٥٢ وَقَالَ سَعِيدُ بْنُ الْمُسَيِّبِ وَالشَّعْبِيُّ وَابْنُ جُبَيْرٍ وَّ إِبْرَاهِيمُ وَقَتَادَةُ وَ

"અને સઈદ બિન મુસૈયિબ તથા શઅબી તથા ઈબ્ને જુબૈર તથા ઈબ્રાહીમ [તઅલીક : ૩૫૨]

حَمَّادٌ يَقْضِي يَوْمًا مَكَانَهُ

તથા કતાદા અને હમ્માદે કહ્યું, એની જગાએ એક દિવસ કઝા રાખે."

حديث ١١٣٤ عَنْ عَبَّادِ بْنِ عَبْدِ اللهِ بْنِ الزُّبَيْرِ أَخْبَرَهُ أَنَّهُ سَمِعَ عَائِشَةَ

"હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે એક સાહબ [હદીષ : ૧૧૩૪]

تَقُولُ إِنَّ رَجُلًا أَتَى النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ إِنَّهُ احْتَرَقَ

નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી કે તે સળગી ગયો ! ફર્માવ્યું, શું વાત છે ? અર્ઝ કરી,

قَالَ مَالَكَ قَالَ أَصَبْتُ أَهْلِي فِي رَمَضَانَ فَأَتَى النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى

રમઝાનમાં પોતાની પત્ની સાથે સંભોગ કરી નાખ્યો છે. નબી ﷺની ખિદમતમાં એક ઝંબીલ લાવવામાં

عَلَيْهِ وَسَلَّمَ بِمِكْتَلٍ يُدْعَى الْعَرَقَ فَقَالَ أَيْنَ الْمُحْتَرِقُ قَالَ أَنَا قَالَ تَصَدَّقْ

આવી જેને અર્ક કહેવામાં આવે છે. ફર્માવ્યું, ક્યાં છે સળગી જનારો ?! અર્ઝ કરી, હું છું ! ફર્માવ્યું, આને

بِهٰذَا - ع

સદકો કરી આપ." (બુખારી ૨/૧૦૦૭ અલ્મુહારિબીન, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–અસ્સૌમ)

તઅલીક : ૩૫૨ની સમજૂતી

સઈદ બિન મુસૈયિબના કથનને મુસદ્દદે અને ઈમામ શઅબી, ઈમામ સઈદ બિન જુબૈર શહીદ તથા ઈમામ ઈબ્રાહીમ નખઈના અકવાલ (કથનો)ને ઈબ્ને શયબાએ, અને કતાદા તથા ઈમામ હમ્માદના કથનને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે મૌસૂલન વર્ણવેલ છે.

આ હઝરાતના ઈર્શાદનો જાહેરી મતલબ એ છે કે જે રમઝાનમાં રોઝો રાખીને તોડી નાખે તેના પર કેવળ કઝા છે કફ્ફારો નથી, પણ જમહૂરનો મઝહબ એ છે કે તેના પર કઝા તથા કફ્ફારો બંનેવ છે.

સમજૂતી : ૧૧૩૪

પરિપૂર્ણતા : કિતાબુલ મુહારિબમાં આ હદીષ વિગતવાર આ પ્રમાણે છે. હઝરત ઉમ્મુલ મોમિનીન ફર્માવે છે, એક સાહબ મસ્જિદમાં નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, હું સળગી ગયો ! પૂછયું, કઈ ચીજ વડે ?! અર્ઝ કરી, રમઝાનમાં મારી પત્ની સાથે સોહબત કરી લીધી છે. તો તેને ફર્માવ્યું, સદકો કરો. તેણે અર્ઝ કરી, મારી પાસે કાંઈ નથી ! અને બેસી ગયા. અને એક સાહબ ગધેડો હાંકતા આવ્યા, તેમની સાથે ખાવા હતું જે નબી ﷺની ખિદમતમાં લાવ્યા હતા. હદીષના રાવી અબ્દુર્રહમાને કહ્યું, હું નથી જાણતો તે શું છે ? હવે

بَابٌ إِذَا جَامَعَ فِي رَمَضَانَ وَلَمْ يَكُنْ لَهُ شَيْءٌ فَتُصُدِّقَ عَلَيْهِ فَلْيُكَفِّرْ ٢٥٩

"જ્યારે કોઈ રમઝાનમાં સંભોગ કરે અને એની પાસે કાંઈ ન હોય, અને સદકો આપવામાં આવે તો કફ્ફારો અદા કરી આપે." *(પેજ–૨૫૯)*

حديث ١١٣٥ أَنَّ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ بَيْنَمَا نَحْنُ جُلُوسٌ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે લોકો નબી ﷺની ખિદમતમાં **[હદીષ : ૧૧૩૫]**

عِنْدَ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ إِذْ جَاءَهُ رَجُلٌ فَقَالَ

બેઠેલા હતા એવામાં એક સાહબ હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું બર્બાદ થઈ ગયો ! ફર્માવ્યું, હુઝૂરે ફર્માવ્યું, સળગી જનારો ક્યાં છે ? તેમણે અર્ઝ કરી, હુઝૂર ! એ હું છું. ફર્માવ્યું, આને લઈ લો અને સદકો કરી આપો ! તેમણે અર્ઝ કરી, મારાથી અધિક મોહતાજ પર ?! મારાં ઘરવાળાં માટે ખાવા નથી ! ફર્માવ્યું, તમે લોકો જ ખાઈ લો.

احترق : એ સાહબે એવું ખયાલ કરીને કે મેં રમઝાન તથા રોઝાની પોતે પણ બેહુર્મતી કરી અને મારી પત્નીને પણ તેમાં સપડાવી. એ યકીન કરી બેઠા કે હવે મારું ઠેકાણુ જહન્નમ છે. આ યકીનને સેગાએ માઝી (ભૂતકાળ વાચક) સેગા સાથે અર્ઝ કર્યું. અમુક રિવાયતોમાં છે કે આ સાહબ થપ્પડ મારતા, છાતી કૂટતા, વાળો ખેંચતા, માથા પર માટી ફેંકતા, એવું કહેતા કહેતા આવ્યા કે ખરાબી થાય ! હલાક થઈ ગયો !

بمكتل : **مكتل** મોટી ટોપલી (ઝંબીલ)ને કહે છે. **عرق** પણ મોટી ટોપલીને કહે છે. હદીષના આગળ પાછળના વર્ણનથી જાહેર થાય છે કે **مكتل** આમ છે અને **عرق** ખાસ પ્રકારની મોટી ટોપલીને કહે છે. મુસ્લિમ (૧/૩૫૫ અસ્સિયામ)ની એક રિવાયતમાં છે કે બે **عرق** હતા, એક **عرق**માં કમસે કમ પંદર સાઅ (વજન) આવે છે, તો એ ખાણુ કમસે કમ ત્રણ સાઅ હતું. આ હદીષના સંબંધે અન્ય ચર્ચાઓ એના પછીના પ્રકરણમાં આવે છે.

સમજૂતી : ૧૧૩૫ આ હદીષને ઈમામ ઝુહરીથી લગભગ ચાલીસ રાવીઓએ રિવાયત કરી છે અને બુખારીમાં મારા નાકિસ સંશોધનના આધારે નવ તરીકાથી રિવાયત થયેલ છે.

અહકામ : આ બંનેવ હદીષોના જાહેર પરથી દલીલ કરતાં ઘણા ઈમામોએ ફર્માવ્યું કે રોઝો રાખીને તોડવા પર કફ્ફારો નથી. શક્તિ અનુસાર અથવા કમસે કમ પંદર સાઅ ખજૂરનો સદકો આપે. પરંતું હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષ ખૂબ જ સ્પષ્ટ ઉઘાડી રીતે બતાવી રહી છે કે એમાં કફ્ફારએ ઝિહાર *(**ઝિહાર** : પોતાની પત્ની અથવા તેના કોઈ અનિશ્ચિત અંગને અથવા એવા અંગને જેને કુલથી તાબીર કરવામાં આવતો હોય એવી સ્ત્રી સમાન કહેવો જે તેના પર હમેશાં હરામ હોય અથવા કોઈ એવા અંગ સમાન કહેવો જેના તરફ જોવું હરામ હોય. દા.ત. કહ્યું કે તું મારા પર મારી માં સમાન છે અથવા તારું માથુ અથવા તારી ગરદન અથવા તારું અડધુ શરીર મારી માતાની પીઠની જેમ છે. બહારે શરીઅત, ૮/૨૦૫ દાવતે ઈસ્લામી. **કફ્ફારો** : ગુલામ આઝાદ કરવો અથવા બે મહિનાના સતત રોઝા રાખવા અથવા સાઈઠ મિસ્કીનોને ખાવા ખવડાવવું.)* છે. અને એ જ આપણો મઝહબ છે. અને કફ્ફારો સાકિત નથી થતો (ઉઠી નથી જતો). જો જુર્મ કરતી વેળા અદા કરવાની શક્તિ ન હોય તો શક્તિ આવતાં અદા કરવું વાજિબ છે. રહી ગયો એ સાહબનો મામલો, તો એ એમના પર ખાસ કરમ હતો કે તેમને એકી સાથે બે અહકામ (હુકમો)થી અપવાદ કરી આપ્યા. પ્રથમ : રોઝા પર શક્તિ હોવા છતાં ઈત્આમ (ખવડાવવા)ની ઈજાઝત

يَارَسُوْلَ اللّٰهِ هَلَكْتُ قَالَ مَالَكَ قَالَ وَقَعْتُ عَلٰى اِمْرَأَتِيْ وَاَنَا صَائِمٌ

શું વાત છે ? અર્ઝ કરી, રોઝાની હાલતમાં મારી પત્ની સાથે મેં સંભોગ કરી નાખ્યો છે.

فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ هَلْ تَجِدُ رَقَبَةً

તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તારી પાસે ગુલામ છે જેને આઝાદ કરી આપે ? અર્ઝ કરી, નહીં !

تُعْتِقُهَا قَالَ لَا قَالَ فَهَلْ تَسْتَطِيْعُ اَنْ تَصُوْمَ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ

ફર્માવ્યું, તો શું બે મહિના સતત રોઝા રાખવાની શક્તિ ધરાવે છે ? તો તેણે અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું,

قَالَ لَا قَالَ فَهَلْ تَجِدُ اِطْعَامَ سِتِّيْنَ مِسْكِيْنًا قَالَ لَا قَالَ

સાઈઠ મિસ્કીનોને ખાણુ ખવડાવવાની શક્તિ ધરાવે છે ? અર્ઝ કરી, નહીં ! નબી ﷺ થોડીવાર આમ જ

આપી. બીજુ : કફ્ફારાનો સદકો વાજિબ છે જે પોતાના પર કે પોતાનાં બીવી બચ્ચાં પર ખર્ચ કરવાથી અદા થશે નહીં, પણ એમને પોતે ખાવા તથા પોતાનાં બીવી બચ્ચાંને ખવડાવવાની ઈજાઝત આપી દીધી. હુઝૂર ﷺ શારેઅ છે તે જેને ચાહે જે હુકમથી ચાહે અપવાદ કરી આપે. એની ભરપૂર તેહકીક જોવી હોય તો મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની કિતાબ ''મુનબ્બિહુલ્ લબીબ બે અન્નત્તશરીઅ બે યદિલ હબીબ'' જુએ અને ટૂંકાણમાં જાણકારી પ્રાપ્ત કરવા ચાહતા હોઉ તો 'મકાલાતે અમજદી'નો અભ્યાસ કરો. અને જ્યારે આ સાહબને ખાસ છૂટ આપવામાં આવી હતી તો એનાથી એ લોકોની દલીલ પણ ઉઠી ગઈ જેઓ એવું કહેતા હતા કે રોઝા તોડવામાં કફ્ફારો નથી, નહીં તો એમના માટે જરૂરી ઠરશે કે એ ફૌલ પણ કરે કે કફ્ફારાનું ખાણુ પોતે પણ ખાઈ શકે છે અને પોતાના બીવી બચ્ચાંને પણ ખવડાવી શકે છે.

કફ્ફારાની માત્રા : આપણે (હનફીઓને) ત્યાં રોઝા દીઠ એક સાઅ ખજૂર વગેરે છે અને અડધો સાઅ ઘઉં. ઈમામ દારકુત્નીએ (ઉમ્દતુલ કારી, ભાગ–૧૧, પેજ–૨૭) હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે દરેક દિવસે એક મિસ્કીનને અડધો સાઅ ઘઉં આપે. તદ્ઉપરાંત મુસ્લિમમાં હઝરત ઉમ્મુલ મોમિનીનની હદીષમાં છે : **فجائه عرقان فيهما طعام** હુઝૂર ﷺની ખિદમતમાં બે 'અરક' આવ્યાં જેમાં ખાણુ હતું. અને એક અરકમાં ૧૫ થી લઈને ૨૦ સાઅ સુધી હોય છે. પંદર રાખીએ તો બે અરકના ત્રીસ સાઅ થયા. તો જ્યારે સાઈઠ મિસ્કીનો માટે ત્રીસ સાઅ થયું, જેથી એક મિસ્કીનના માટે અડધો સાઅ થશે. ખૂદ અલ્લામા નવવીએ સ્પષ્ટતા કરી છે કે તઆમ (અનાજ) મદીનાવાસીઓની આમ બોલીમાં ઘઉંને કહે છે જેવું કે સદકએ ફિત્રમાં વર્ણન થઈ ચૂક્યું છે. જેથી સાબિત થયું કે રોઝાનો કફ્ફારો અડધો સાઅ છે.

જેની સાથે સંભોગ થયો તેના પર કફ્ફારો : આ હદીષમાં સ્ત્રી પર કફ્ફારાનો હુકમ નથી, જ્યારે કે મોકો એવો હતો કે જો સ્ત્રી પર પણ કફ્ફારો વાજિબ હોત તો એનો પણ હુકમ ઈર્શાદ ફર્માવતા. એનાથી જાહેર જોનારાઓએ કહ્યું કે સંભોગથી પુરૂષ તથા સ્ત્રી પર કેવળ એક જ કફ્ફારો છે. આપણે ત્યાં તફસીલ છે, કે જો સ્ત્રી સંભોગ માટે રાજી હોય તો તેના પર પણ કફ્ફારો વાજિબ છે અને પુરૂષ ઉપર પણ. વાત એકદમ સ્પષ્ટ છે કે સંભોગના કારણે પુરૂષની જેમ સ્ત્રી પણ રોઝાની બેહુર્મતીમાં સપડાયી છે પછી એના પર કફ્ફારો શાથી વાજિબ નહીં થાય ? રહી ગયું એ કે હુઝૂરે અકદસ ﷺએ સ્ત્રીને કફ્ફારાનો હુકમ નથી આપ્યો, એનું કારણ એ હોય શકે છે કે આ સ્ત્રી એ હાલમાં રહી હોય કે એ દિવસે એના પર રોઝો ફર્ઝ ન રહ્યો હોય. દા.ત. એ જ દિવસે

فَمَكَثَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَبَيْنَا نَحْنُ عَلٰى ذٰلِكَ أُتِيَ

રહ્યા, અમે લોકો એ જ પ્રમાણે રહ્યા. એવામાં નબી ﷺની ખિદમતમાં

النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِعَرَقٍ فِيْهِ تَمْرٌ وَالْعَرَقُ

એક મોટી ઝંબીલ રજૂ કરવામાં આવી જેમાં ખજૂરો હતી. 'અરક્' મોટી ઝંબીલ (ટોપલી) છે.

الْمِكْتَلُ قَالَ أَيْنَ السَّائِلُ فَقَالَ أَنَا قَالَ خُذْ هٰذَا فَتَصَدَّقْ بِهِ

ફર્માવ્યું, સવાલ કરનાર ક્યાં છે ? તેમણે અર્ઝ કરી, હું છું ! ફર્માવ્યું, આને લઈ લો અને સદક્ો કરી આપો !

فَقَالَ الرَّجُلُ أَعَلٰى أَفْقَرَ مِنِّيْ يَا رَسُوْلَ اللّٰهِ فَوَاللّٰهِ مَا بَيْنَ لَابَتَيْهَا

એના પર તેમણે કહ્યું, મારા કરતાં વધુ મોહતાજ ઉપરને ?! યા રસૂલલ્લાહ ! ખુદાની ક્સમ ! આ બંનેવ

સુબ્હ સાદિક પછી હેઝથી પાક થઈ હોય. તેમજ એની પણ સંભાવના છે કે જ્યારે હુઝૂર ﷺએ જોઈ લીધું કે આ સાહબ એટલા તંગદસ્ત છે કે પોતાનો કફ્ફારો અદા નથી કરી શક્તા, તો દયા ખાઈને હુઝૂરે પોતાના ખાસ અધિકાર વડે તેમનો કફ્ફારો માફ કરી આપ્યો, જેથી એની પત્નીના બારામાં પણ અંદાજો આવી ગયો કે એમની પણ એ જ હાલત હશે જેથી તેમનાં પત્ની ઉપર કફ્ફારનો ઉલ્લેખ જ ન કર્યો, કેમ કે એ જ થશે કે છેવટે માફ કરવું પડશે.

اطعام ستين : એમાં એ પણ જાઈઝ છે કે એક દિવસ સાઈઠ મિસ્કીનોને પેટ ભરીને બંને ટાઈમ ખવડાવે, અથવા સાઈઠ મિસ્કીનોને ત્રીસ સાઅ ઘઉં અથવા સાઈઠ સાઅ ખજૂર આપી દે. અથવા એક મિસ્કીનને સાઈઠ દિવસ બંને સમય ખવડાવે, અથવા દરરોજ અડધો સાઅ ઘઉં આપી દે.

તરતીબ એટલે ક્રમ : દારકુત્ની (ઉમ્દતુલ ક્વારી–૨૮)માં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺએ તેને જેણે રમઝાનમાં રોઝો તોડી નાખ્યો હતો, ઝેહારના કફ્ફારાનો હુકમ આપ્યો. અને ઝેહારના કફ્ફારામાં ક્રમ છે. તેમજ આ હદીષની આગલી પાછલી વર્ણન શૈલી પણ એના પર દલીલ છે. સૌ પ્રથમ ગુલામ આઝાદ કરવો. એ ગુલામ પુરૂષ હોય કે લોંડી, મુસલમાન હોય કે કાફિર, બાળક હોય કે વૃધ્ધ. જો એની શક્તિ ન હોય તો બે મહિના સતત રોઝા રાખે. એની પણ શક્તિ ન હોય તો સાઈઠ ફકીરોને બંને ટાઈમ ખાવા ખવડાવે.

શરઈ હીલો : જરૂરતના સમયે શરઈ હીલો જાઈઝ છે. એની અસ્લ (દલીલ) આ હદીષ પણ છે કે હુઝૂરે અક્દસ ﷺએ તેને આ તોહફો અપર્ણ કરીને સદક્ો કરવાનો હુકમ આપ્યો.

હુઝૂરે અક્દસ ﷺ શારેઅ છે : શરીઅતનો હુકમ એ જ છે કે રોઝાના કફ્ફારામાં જે ગુલામ આઝાદ કરવા શક્તિમાન ન હોય તે સતત બે મહિના રોઝા રાખે. રોઝા રાખવા શક્તિમાન હોવા છતાં જો કોઈ સાઈઠ ફકીરોને ખવડાવે તો કફ્ફારો અદા થશે નહીં. જ્યાં સુધી એ સાહબનો જાહેરી હાલ સાક્ષી છે તેઓ સાઈઠ રોઝા રાખવા શક્તિમાન હતા એટલા માટે કે તે સાહબ રમઝાનના રોઝા રાખી રહ્યા હતા જે એક મહિનાના છે. અને રોઝાની હાલતમાં સંભોગ કર્યો. આ પરથી ક્યાસ થાય છે કે તે જેવી રીતે એક મહિનાના રોઝા રાખી શક્તા હતા તેવી રીતે બે મહિનાના પણ રાખી શક્તા હતા. પણ હુઝૂરે અક્દસ ﷺએ તેમ છતાં પણ ખાણુ ખવડાવવા વિશે પૂછયું, અને પછી તોહફો આપીને તેને સદક્ો કરવાનો હુકમ આપ્યો. પછી તેને ખૂદ ખાય લેવા અને બીવી

يُرِيْدُ الْحَرَّتَيْنِ اَهْلُ بَيْتٍ اَفْقَرُ مِنْ اَهْلِ بَيْتِيْ فَضَحِكَ رَسُوْلُ

પહાડીઓ એટલે બંનેવ હ़ર્રા (કાળા પથ્થરોવાળી જમીન) વચ્ચે કોઈ ઘરવાળો

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ حَتّٰى بَدَتْ اَنْيَابُهٗ ثُمَّ قَالَ

મારાં ઘરવાળાંથી વધુ મોહતાજ નથી ! એના પર રસૂલુલ્લાહ ﷺ ખૂબ હસ્યા ત્યાં સુધી કે અણીયારા દાંતો

اَطْعِمْهُ اَهْلَكَ ؕ

જાહેર થઈ ગયા. પછી ફર્માવ્યું, તારા બીવી બચ્ચાંને ખવડાવી આપ."

(બુખારી, ૧/૨૬૦ ૧/૩૫૪ ૧/૮૦૮, ૨/૮૯૯ અલ્અદબ, ૨/૯૯૨, ૯૯૩ અલ્ઈમાન, ૨/૧૦૦૮ અલ્મહારિબીન)

બચ્ચાંને ખવડાવી દેવાનો હુકમ આપ્યો, એ દલીલ છે કે **હુઝૂરે અકદસ ﷺને અધિકાર હાંસલ છે કે જેને ચાહે જે હુકમથી ચાહે અપવાદ કરી આપે.** આ ઈખ્તિયાર બે રીતે સાબિત થઈ રહ્યો છે. એક એ કે રોઝાથી મુક્તિ આપી ખાવા ખવડાવવાનો હુકમ આપ્યો. બીજુ કે ફકીરોને ખવડાવવાને બદલે ખૂદ ખાવાનો તથા બીવી બચ્ચાંને ખવડાવવાનો હુકમ આપ્યો. રહી ગયું તે સાહબનું એવું કહેવું કે હું બે મહિના રોઝા નથી રાખી શક્તો, તે એ કારણે છે કે તે મજૂરી કરનાર માણસ છે અને દિવસભર મજૂરી કરતા હોય અને એના પર જ પત્ની તથા બાળકોનું ભરણ પોષણ થઈ રહ્યું હોય. અને રોઝો રાખીને દિવસભર કામ કરવું એ ખૂબ જ મુશ્કેલ અને અશક્યની નજીક છે. તેને લક્ષમાં રાખીને અર્ઝ કરી કે મારી સ્થિતિ એવી છે કે બે મહિના સતત રોઝા નથી રાખી શક્તો. એમનો આશય એ ન હતો કે મારામાં એ શક્તિ નથી કે બે મહિનાના સતત રોઝા રાખી શકું. અલ્લાહ બેહતર જાણનાર છે.

العرق المكتل : એમાં કેટલુ ખાવા હતું ? કોઈમાં છે કે પંદર સાઅ હતું, કોઈમાં છે કે વીસ સાઅ હતું. અને મુસ્લિમની રિવાયત વર્ણન થઈ ચૂકી કે બે અરક઼ હતું. એક અરક઼માં કમસે કમ પંદર સાઅ આવે છે, તો કમસે કમ ત્રીસ સાઅ હતું. અને મામલો કફ્ફારાનો છે જેમાં સાવચેતી (એહતેયાત) પર અમલ કરવો અવલા (અફઝલ) છે જેથી અહનાફે ત્રીસ સાઅ અપનાવ્યા.

મસાઈલ : આ હદીષથી જાણવા મળ્યું : **(૧)** જો કોઈ શખ્સ ગુનોહ કરીને આલિમની પાસે પૂછવા આવે કે હવે શું કરું ?! તો આલિમ તેને ધમકાવે નહીં પણ પ્રેમપૂર્વક તેને શરીઅતનો હુકમ બતાવી આપે. એના પર કફ્ફારો હોય તો કફ્ફારો, તૌબા હોય તો તૌબાનો હુકમ કરે. **(૨)** જે શખ્સ કફ્ફારો અદા કરવા પર શક્તિમાન ન હોય તેની મદદ કરવી સુન્નત છે. **(૩)** કફ્ફારાના સૌથી વધુ મુસ્તહિક઼ આપણા નજીકનાં સગાં છે, શર્ત એ છે કે એટલા નજીકનાં ન હોય કે વાજિબ સદક઼ો એમને આપવાથી અદા ન થતો હોય **(૪)** આશ્ચર્યની સાથે અતિશયોક્તિ સાથે હસવું સુન્નત છે. **(૫)** અધિક્તર ગુમાનના આધારે ક઼સમ ખાવી દુરુસ્ત છે. તેમણે ક઼સમ ખાઈને અર્ઝ કરી કે મદીનામાં મારાથી વધુ મોહતાજ અન્ય કોઈ નથી. એ અધિક્તર ગુમાનના જ આધાર પર છે, નહીં તો એ વખતે મદીના તયબહ મોહતાજોની વસ્તી હતી, અધિક શક્યતા છે કે ઘણા એનાથી પણ અધિક મોહતાજ રહ્યા હોય. **(૬)** હિબા અને સદક઼ામાં શબ્દોમાં કુબૂલ કરવું શર્ત નથી હિબા કરેલ તથા આપેલી વસ્તુ પર કબ્જો પૂરતો છે. જમહૂર ઉમ્મતનો એના પર ઈત્તેફાક઼ છે કે રોઝામાં સંભોગથી કફ્ફારો વાજિબ છે. રોઝામાં ખાવા પીવાથી પણ કફ્ફારો વાજિબ છે કે નથી ? એમાં મતભેદ છે. હઝરત ઈમામે આ'ઝમ અને હઝરત ઈમામ માલિક رضی اللہ عنہما ફર્માવે છે કે વાજિબ છે એટલા માટે કે જેવી રીતે સંભોગ કરવું રોઝો તોડનાર છે એ જ પ્રમાણે ખાવુ પીવુ

بَابُ الْحِجَامَةِ وَالْقَيْءِ لِلصَّائِمِ ٢٦

"રોઝાદારનુ પછના લગાડવા તથા ઉલ્ટી કરવા વિશે બયાન" –(૨૬૦)

પ્રકરણની સ્પષ્ટતા : *ઉલ્ટી તથા પછના કરાવવા (લોહી ચૂંસાડવા)થી રોઝો તૂટે છે કે નહીં ? એના બારામાં ખૂદ સહાબાએ કિરામના વચ્ચે મતભેદ હતો અને અમુક હદીષો એની પોતાના જાહેરી અર્થના લેહાઝથી સમર્થનકર્તા હતી કે ઉલ્ટી કરવાથી રોઝો નથી તૂટતો, જો આપોઆપ આવી જાય અને હજામત (પછના)થી તૂટી જાય છે એટલા માટે આ બંનેવ મસ્અલાઓની તન્ક્રીહના માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું.*

حديث ١١٣٦ عَنْ عُمَرَ بْنِ الْحَكَمِ بْنِ ثَوْبَانَ سَمِعَ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه એ ફર્માવ્યું જ્યારે કોઈ ઉલ્ટી કરે તો રોઝો તૂટશે નહીં, **[હદીષ : ૧૧૩૬]**

تَعَالٰى عَنْهُ اِذَا اقَاءَ فَلَا يُفْطِرُ اِنَّمَا يَخْرُجُ وَلَا يُوْلِجُ

ઉલ્ટી નીકળે છે અંદર પ્રવેશતી નથી."

પણ રોઝો તોડનાર છે. હઝરત ઈમામ શાફઈ તથા હઝરત ઈમામ અહમદ ફર્માવે છે કે ખાવા પીવામાં કફ્ફારો નથી, એટલા માટે કે કફ્ફારાનું વાજિબ હોવુ તઅઝીરન્ (સજાના રૂપે) છે અને હદની જેમ તઅઝીર પણ ગૈર ક્યાસી ચીજ છે એટલા માટે તે પોતાના સંબધિત બાબતની સાથે ખાસ થશે. તેમજ એ કે ખાવુ પીવુ (અખ્ફ) હલ્કુ છે, અને સંભોગ કરવું સખત છે, અખ્ફનો અગલઝ પર (જેનો હુકમ હલ્કો હોય એને એ વસ્તુ પર ક્યાસ કરવો જેનો હુકમ સખત હોય) ક્યાસ દુરુસ્ત નથી. એના જવાબમાં અમારી તરફથી એ ગુજારિશ છે કે ખાવા પીવા પર કફ્ફારો વાજિબ થવું ક્યાસથી નથી. એની બુનિયાદ તન્કીહે મનાત (બુનિયાદ, કારણ) સુનિશ્ચિત કરવા પર છે. હઝરત ઈમામ શાફઈ વગેરેએ તેની મનાત (બુનિયાદ) સંભોગને ઠરાવ્યું છે અને આપણે ત્યાં કફ્ફારાનું મનાત (કારણ) રોઝો તોડવું છે જે રોઝાની બેહુર્મતી થઈ. અને મુફતિર (રોઝો તોડનાર) હોવામાં ખાવા પીવા અને સંભોગ એક દરજાનાં છે એટલા માટે સંભોગની જેમ ખાવા પીવાથી પણ કફ્ફારો વાજિબ છે. તન્ક્રીહે મનાત અલગ ચીજ છે અને ક્યાસ અલગ ચીજ છે, જેમ કે પોતાના સ્થાને મોહક્ક્ક્ (સાબિત થયેલ) છે.

સમજૂતી : ૧૧૩૬

આ હદીષ હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه પર મૌકૂફ છે એટલે કે આ તેમનો પોતાનો ફત્વો છે જેનો પાયો એના પર છે કે રોઝો તોડનાર તે ચીજ છે જે અંદર જાય, અંદરથી નીકળનાર ચીજ નથી. અને એ જ હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما અને તેમના શાર્ગિદ ઈકરમાનો એ જ ફત્વો છે. એના પર અલ્લામા અયનીએ એ વાંધો રજૂ કર્યો કે આ ક્યાદો પણ સહીહ નથી, સંભોગને લગતી બાબતોથી જો વિર્ય સ્ખલન થઈ જાય તો રોઝો તૂટી જાય છે.

اقول وبالله التوفيق : આ વાંધો એ લોકો પર એ રીતે લાગુ થતો નથી કે તેમની મુરાદ ખોરાક તથા દવા છે એટલે કે દવા તથા ખોરાક તે વખતે રોઝા તોડનાર સાબિત થશે જ્યારે કે અંદર જાય. અને જો અંદરથી ખાધેલો ખોરાક, પાણી, દવા બહાર આવે તો તે રોઝો તોડનાર નથી. એને એ પ્રમાણે સમજો કે રોઝો તોડનાર દવા તથા ખોરાકને ખાવુ તથા પાણી પીવુ છે, અને ઉલ્ટી કરવું ન ખાવું છે ન પીવું છે એટલા માટે તે રોઝો તોડનાર નથી. રહી ગયુ વિર્ય સ્ખલનનું રોઝો તોડનાર હોવું તે એક અલગ સ્થિતિ છે સંભોગ રોઝો તોડનાર છે. સંભોગને લગતી

ت ٣٥٣ وَيُذْكَرُ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهٗ قَالَ يُفْطِرُ

"અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી નકલ કરવામાં આવ્યું કે તેમણે ફર્માવ્યું કે ઉલ્ટી **[તઅલીક़ : ૩૫૩]**

وَالْاَوَّلُ اَصَحُّ

રોઝો તોડી નાખશે (ઈમામ બુખારીએ ફર્માવ્યું) પ્રથમ રિવાયત અધિક સહીહ છે."

બાબતો વિર્ય સ્ખલન બાદ સંભોગના હુકમમાં છે એટલા માટે રોઝો તોડનાર છે. એ જ કારણે સ્ત્રી સાથે સંભોગમાં ઈન્દ્રિયનો ગોળ સોપારી જેવો ભાગ તેણીના ગુપ્તાંગમાં પ્રવેશે તો રોઝો તૂટી જાય છે ભલે પછી વિર્ય સ્ખલન ન થાય.

ثم اقول હું કહું છું : એટલા માટે એ હઝરાતથી આવી ગુઝારિશ મુનાસિબ છે કે રોઝો તોડનાર **صوم مالايدرك الابالسماع** છે. સહીહ હદીષોથી ઉલ્ટીનું અમુક સ્થિતિઓમાં રોઝો તોડનાર હોવું સાબિત છે એટલા માટે એ ખાસ સ્થિતિમાં રોઝો તોડી નાખશે. **كما سيجيء آنفاً**

તઅલીક़ : ૩૫૩ની સમજૂતી

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ના આ ફત્વાને હાઝમીએ **عن بعضهم** ના શબ્દ સાથે વર્ણવ્યો છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ના બંનેવ ફત્વાઓમાં વિરોધાભાસ છે. હઝરત ઈમામ બુખારીએ પોતાનો ફૈસલો એ આપ્યો કે પ્રથમ ફત્વો સનદના લેહાઝથી અધિક સહીહ છે. મતલબ એ છે કે તે જ અમલને પાત્ર છે. એનાથી જાહેર થાય છે કે ઈમામ બુખારીનો મઝહબ એ છે કે ઉલ્ટી કરવાથી રોઝો નથી તૂટતો.

આપણો મઝહબ : આ બધામાં આપણો મઝહબ એ છે કે **જો રોઝો યાદ હોવા છતાં મોઢુ ભરીને જાણી જોઈને ઉલ્ટી કરી તો રોઝો તૂટી ગયો, અને જો આપોઆપ ઉલ્ટી થઈ તો રોઝો ન તૂટયો, ભલે મોઢુ ભરીને થાય.** હા ! જો આપોઆપ મોઢુ ભરીને ઉલ્ટી થઈ અને તેણે પાછી વાળી ત્યાં સુધી કે તેનો અમુક હિસ્સો ચણા જેટલો કે એનાથી વધુ ગળા નીચે ચાલ્યો ગયો તો પણ રોઝો તૂટી ગયો, નહીં તો નહીં. આ હુકમ ત્યારે છે જ્યારે ઉલ્ટીમાં ખોરાક, પિત્ત કે લોહી આવ્યું અને જો કફ આવ્યો તો રોઝો ન તૂટયો ભલે ઈરાદાપૂર્વક હોય, ભલે મોઢું ભરીને હોય.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ના બંનેવ ફત્વાઓને બે આધારો પર આધારિત કરી શકાય છે કે બીજા ફત્વાથી મુરાદ એ છે કે ઈરાદાપૂર્વક મોં ભરીને ઉલ્ટી કરી હોય. અને પ્રથમ ફત્વાથી મુરાદ એ છે કે ઈરાદાપૂર્વક ન કરી હોય. એનુ સમર્થન આ હદીષથી થાય છે જે ખૂદ એમનાથી મરફૂઅન મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું : **من ذرعه القيء فليس عليه قضاء ومن استقاء عمدا فليقض** "જેને આપોઆપ ઉલ્ટી થઈ જાય એના પર ક़ઝા નથી અને જે ઈરાદાપૂર્વક ઉલ્ટી કરે તે રોઝાની ક़ઝા કરે."

આ હદીષ પર કેટલાય તરીક़ાથી ચર્ચા કરવામાં આવી શકે છે પણ તેમ છતાં ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું કે અહલે ઈલ્મનો એના પર અમલ છે.

ت ٣٥٤ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا وَعِكْرِمَةُ الصَّوْمُ

"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما તથા ઈકરમાએ કહ્યું, રોઝો **[તઅલીક્ : ૩૫૪]**

مِمَّا دَخَلَ وَلَيْسَ مِمَّا خَرَجَ

એનાથી તૂટે છે જે અંદર જાય અને એનાથી નથી તૂટતો જે બહાર જાય."

ت ٣٥٥ وَكَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَحْتَجِمُ وَهُوَ صَائِمٌ

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ રોઝાની હાલતમાં (સાધન વડે) લોહી **[તઅલીક્ : ૩૫૫]**

ثُمَّ تَرَكَهُ فَكَانَ يَحْتَجِمُ بِاللَّيْلِ ـ

ચૂંસાવ્યા કરતા હતા પછી છોડી આપ્યું અને રાતમાં ચૂંસાવતા હતા."

ت ٣٥٦ وَاحْتَجَمَ أَبُو مُوسٰى لَيْلًا

"અને અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ રાતમાં લોહી ભૂંગળી વડે ચૂંસાવ્યું." **[તઅલીક્ : ૩૫૬]**

તઅલીક્ : ૩૫૪ની સમજૂતી

આ બંનેવ તઅલીક્ને ઈમામ અબૂબક્ર બિન અબી શયબાએ મૌસૂલન વર્ણવી છે. એનુ લખાણ એ છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما તથા ઈકરમાએ રોઝાની હાલતમાં પછના લગાડવા (લોહી ચૂંસાવવા)ના બારામાં આ પ્રમાણે ફર્માવ્યું.

તઅલીક્ : ૩૫૫ની સમજૂતી

આ તઅલીક્ને ઈમામ બુખારીએ મોઅત્તા (પેજ–૯૭, અસ્સિયામ)માં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે, તેમજ ઈમામ ઈબ્ને અબી શયબાએ પણ. તેમણે એ પણ વર્ણવ્યું છે કે નાફેએ કહ્યું, હું નથી જાણતો કે તેમણે (લોહી ચૂંસાવવાનું) કેમ છોડયું ન એને નાપસંદ કર્યું કે એ કારણે કે અશક્ત થઈ ગયા હતા. મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક્માં છે કે સાલિમે કહ્યું, હઝરત ઈબ્ને ઉમર ઘણા જ સાવધાનીવાળા હતા એટલા માટે એને છોડયું.

તઅલીક્ : ૩૫૬ની સમજૂતી

ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ આ તઅલીક્ને મૌસૂલન રિવાયત કરી છે. અબુલ આલિયાએ કહ્યું, જ્યારે હઝરત અબૂ મૂસા અશ્અરી બસરાના અમીર હતા. હું તેમની પાસે રાતમાં ગયો તો જોયું કે ખજૂર તથા સિરકાની ચટણી ખાઈ રહ્યા હતા અને ભૂંગળી વડે લોહી ચૂંસાવી રહ્યા હતા. મેં કહ્યું કે દિવસે કેમ ન લગાડી ? તો કહ્યું, કે શું તમે મને એ હુકમ આપો છો કે રોઝો રાખીને મારું લોહી વહાવું ?! એનાથી જાહેર થયું કે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ રોઝાની હાલતમાં લોહી ચૂંસાવવાને ના પસંદ કરતા હતા. એની પણ સંભાવના છે કે તેઓ તેને રોઝો તોડનાર સમજી રહ્યા હોય.

ت ૩૫૭ وَيُذْكَرُ عَنْ سَعْدٍ وَّزَيْدِ بْنِ اَرْقَمَ وَاُمِّ سَلَمَةَ اِحْتَجَمُوْا صِيَامًا -

"હઝરત સઅદ, હઝરત ઝયદ બિન અરકમ તથા ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા [તઅલીક્ : ૩૫૭]

رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ના બારામાં નક્લ થયેલ છે કે એ લોકોએ રોઝાની હાલતમાં લોહી ચૂંસાવ્યું."

ت ૩૫૮ وَقَالَ بُكَيْرٌ عَنْ اُمِّ عَلْقَمَةَ كُنَّا نَحْتَجِمُ عِنْدَ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى

"અને અબૂબક્રએ ઉમ્મે અલ્ક્મા થી રિવાયત કરતાં કહ્યું કે ઉમ્મે અલ્ક્માએ કહ્યું, અમે ઉમ્મુલ [તઅલીક્ : ૩૫૮]

عَنْهَا فَلَا نَنْهٰى -

મોમિનીન હઝરત આઈશા رَضِيَ اللّٰهُ عَنْهَا ના સામે ચૂંસણી વડે લોહી ચૂંસાવતા અને અમને મના કરવામાં ન આવતું."

ت ૩૫૯ وَيُرْوٰى عَنِ الْحَسَنِ عَنْ غَيْرِ وَاحِدٍ مَرْفُوْعًا - اَفْطَرَ الْحَاجِمُ

"ઈમામ હસન બસરીથી રિવાયત કરવામાં આવી છે કે તેમણે એકથી અધિક રાવીઓ થકી [તઅલીક્ : ૩૫૯]

وَالْمَحْجُوْمُ - وَقَالَ لِيْ عَيَّاشٌ ثَنَا عَبْدُ الْاَعْلٰى ثَنَا يُوْنُسُ عَنِ الْحَسَنِ

મરફૂઅન રિવાયત કરી છે. ચૂંસણીથી લોહી ચૂંસનાર અને ચૂંસાવનાર બંનેવના રોઝા તૂટી ગયા. અને

તઅલીક્ : ૩૫૭ની સમજૂતી

સઅદથી હઝરત સઅદ બિન વક્કાસ رَضِيَ اللّٰهُ عَنْهُ ફાતેહે ઈરાન મુરાદ છે. તેમની તઅલીક્ને હઝરત ઈમામ માલિકે મોઅત્તા (પેજ–૯૭ અસ્સિયામ)માં મૌસૂલન રિવાયત કરી છે, અલ્બત્ત સનદ મુન્ક્તઅ છે. ઈમામ ઝુહરી હઝરત સઅદ رَضِيَ اللّٰهُ عَنْهُ થી રિવાયત કરે છે, જ્યારે કે ઈમામ ઝુહરીની હઝરત સઅદથી મુલાકાત નથી. પણ એને જ અબૂ ઉમરે (ઉમ્દતુલ ક્વારી–૨૭) બીજી સનદની સાથે વર્ણવી છે જેમાં ઈમામ ઝુહરી તથા હઝરત સઅદના વચ્ચે એમના સાહબઝાદા આમિર છે. હવે સનદ મુત્તસિલ થઈ ગઈ. હઝરત ઝયદ બિન અરકમ رَضِيَ اللّٰهُ عَنْهُ ના અષરને ઈમામ અબ્દુર્ઝઝાક્ પોતાના મુસન્નફમાં મુત્તસિલ સનદ સાથે વર્ણવેલ છે. ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા رَضِيَ اللّٰهُ عَنْهَا ના અષરને ઈમામ ઈબ્ને અબી શયબાએ. આ આષારથી સાબિત થયું કે એ હઝરાતની નજીક ચૂંસણી વડે લોહી ચૂંસાવવાથી રોઝો તૂટતો નથી બલ્કે મકરૂહ પણ નથી.

તઅલીક્ : ૩૫૮ની સમજૂતી

આ અષરને ઈમામ બુખારીએ પોતાની તારીખમાં વર્ણવી. એનાથી પણ સાબિત છે કે ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رَضِيَ اللّٰهُ عَنْهَا ચૂંસણીથી લોહી ચૂંસાવવાને રોઝો તોડનાર સમજતાં ન હતાં.

તઅલીક્ : ૩૫૯ની સમજૂતી

હદીષ **افطر الحاجم والمحجوم** "ચૂંસણીથી લોહી ચૂંસનાર અને ચૂંસાવનાર બંનેનો રોઝો તૂટી ગયો" ને ઈમામ હસન બસરી رَضِيَ اللّٰهُ عَنْهُ એ વિવિધ સહાબાએ કિરામ થકી રિવાયત કરી છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, તે સહાબીઓ આ છે : હઝરત અબૂ હુરૈરહ, હઝરત ષૌબાન, હઝરત મઅક્લ બિન યસાર, હઝરત અલી મુર્તઝા તથા હઝરત ઓસામા બિન ઝયદ, હઝરત સમુરહ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ.

مِثْلَهٗ قِيْلَ لَهٗ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ نَعَمْ ثُمَّ قَالَ

અયાશના તરીક़ાથી એક અધિક સનદ વડે તેના જેમ જ મરવી છે. ઈમામ હસન બસરીને કહેવામાં આવ્યું

اَللّٰهُ اَعْلَمُ ۔

કે આ નબી ﷺથી મરવી છે ? તો કહ્યું, હા ! પછી કહ્યું, અલ્લાહ સારી રીતે જાણે છે.''

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષને ઈમામ નિસાઈએ કેટલાયે તરીક़ાઓ વડે રિવાયત કરી છે. અને હઝરત ષૌબાનની હદીષને ઈમામ અબૂ દાઉદ, ઈમામ નિસાઈ અને ઈમામ હાકિમે. અને હઝરત મઅક़લ બિન યસાર رضی اللہ عنہ તથા હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ તથા હઝરત ઓસામા ઈબ્ને ઝયદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની હદીષોને ઈમામ નિસાઈએ.

અલ્લામા અયનીએ આ છ સહાબીઓ ઉપરાંત અધિક આ અગ્યાર સહાબીઓ થકી પણ તખરીજ કરી. હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ : એને ઈમામ તિર્મિઝી, ઈમામ હાકિમ, ઈમામ બઝ્ઝારે વર્ણવી. હઝરત શદ્દાદ બિન અવસ رضی اللہ عنہ : એને ઈમામ અબૂ દાઉદ તથા ઈમામ નિસાઈએ વર્ણવી. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما : એને પણ ઈમામ નિસાઈએ રિવાયત કરી. હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ : એને પણ ઈમામ નિસાઈએ જ વર્ણવી છે. હઝરત બિલાલ رضی اللہ عنہ : એને પણ ઈમામ નિસાઈએ રિવાયત કરી છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما : એની ઈબ્ને અદીએ તખરીજ કરી, એને પણ ઈમામ નિસાઈએ રિવાયત કરી છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما : એની ઈબ્ને અદીએ તખરીજ કરી. હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ : એમની હદીષ હઝરત ઓક़ૈલીએ ઝોઅફામાં રિવાયત કરી છે. હઝરત જાબિર رضی اللہ عنہ : એને બઝ્ઝારે રિવાયત કરી. હઝરત અબૂ ઝયદ અન્સારી رضی اللہ عنہ : એમની હદીષને ઈબ્ને અદીએ વર્ણન કરી. હઝરત અબૂ દરદા رضی اللہ عنہ : એને નિસાઈએ રિવાયત કરી. આ કુલ મિલાવીને સત્તર સહાબીઓ થયા. ઈમામ અબૂ જઅફર તહાવીએ આ હદીષના રાવીઓમાં હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ નું પણ નામ વર્ણવ્યું છે. આ રીતે કુલ અઢાર થઈ ગયા.

وقال لی عیاش : આ હિસ્સાને ઈમામ બુખારીએ તારીખમાં અને ઈમામ બયહક़ીએ વર્ણન કર્યો છે. એનો મતલબ એ છે કે આ હદીષ અયાશ બિન વલીદના તરીક़ાથી હઝરત ઈમામ હસન બસરીથી રિવાયત પામી છે પણ એમાં એ ફેરફાર છે કે એમને પૂછવામાં આવ્યું કે આપ નબી ﷺથી રિવાયત કરો છો ? તો ફર્માવ્યું, હા ! એટલે કે નબી ﷺથી રિવાયત કરું છું. ત્યારબાદ કહ્યું, અલ્લાહ બેહતર જાણનાર છે. એમનું આ કથન તબર્રુક રૂપે પણ હોઈ શકે છે, જેમ કે સલફની આદત છે કે એક લખાણના અંતમાં લખે છે અને એ પણ થઈ શકે છે કે અશમંજશ અને શંકાના લીધે કહ્યું હોય. અને એ શક તથા અશમંજશ પોતાની યાદ શક્તિ પર સંપૂર્ણપણે ભરોસો ન હોવાને લીધે હોય, અથવા એ કારણે કે આ ખબરે વાહિદ છે અને ખબરે વાહિદમાં શંકાની શક્યતા છે. એટલા માટે કે ખબરે વાહિદ મુફીદે યક़ીન નથી મુફીદે ઝન છે.

ت ١١٣٧ عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ એ એહરામની હાલતમાં **[હદીષ : ૧૧૩૭]**

النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِحْتَجَمَ وَهُوَ مُحْرِمٌ وَاحْتَجَمَ وَهُوَ

ચૂંસણીથી લોહી ચૂંસાવ્યું અને રોઝાની

صَائِمٌ ع ه

હાલતમાં ચૂંસાવ્યું." (અબૂ દાઊદ, નિસાઈ, તિર્મિઝી)

સમજૂતી : ૧૧૩૭

આ હદીષના અંતિમ ભાગને ઈમામ બુખારીએ અધિક એક અન્ય તરીકાથી રિવાયત કરી. ઈમામ બુખારી ઉપરાંત અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈએ વિવિધ તરીકાઓથી અને ઈમામ તહાવીએ દસ તરીકાથી રિવાયત કરી. તદ્ઉપરાંત આ લખાણની (વિષયની) હદીષો હઝરત અબૂ સઈદ, હઝરત જાબિર, હઝરત અનસ, હઝરત ઈબ્ને ઉમર, હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા, હઝરત મઆઝ, હઝરત અબૂ મૂસા અશઅરી رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ થી રિવાયત થયેલી છે જે નિસાઈ, દારકુત્ની, કામિલ ઈબ્ને અદી, કિતાબુલ ઈલલ લેઅબી હાતિમ, કિતાબુલ ઝુઅફા લેઈબ્ને હબ્બાન, મુસન્નફે ઈબ્ને અબી શયબામાં વર્ણન પામેલી છે.

આ બંનેવ વિરોધાભાસી હદીષોના ખુલાસામાં ઘણી બધી વાતો લખવામાં આવેલી છે એમાં સૌથી કવી (મજબૂત) એ છે કે હદીષ **افطر الحاجم والمحجوم** મન્સૂખ છે એટલા માટે હઝરત શદ્દાદ બિન અવસની હદીષમાં આ પ્રમાણે ખુલાસો છે કે નબી ﷺ એ આમ્મુલ ફતહમાં આવું ફર્માવ્યું હતું. અને મક્કા હિ.સ. ૮ માં ફતહ થયું. અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما હજ્જતુલ વિદાઅના પ્રસંગનો બનાવ વર્ણન કરે છે એટલા માટે હજ્જતુલ વિદાઅ સિવાય અન્ય કોઈ સફરમાં હઝરત ઈબ્ને અબ્બાસ હુઝૂરે અકદસ ﷺ ની સાથે ન હતા. તેમજ દારકુત્ની (ઉમ્દતુલ કારી, પેજ–૪૧)એ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે **افطر الحاجم والمحجوم** ફર્માવ્યા બાદ રસૂલુલ્લાહ ﷺ એ રોઝાની હાલતમાં લોહી ચૂંસાવ્યું. આ ઉપરાંત ઉલમાએ આ હદીષના કેટલાય ખુલાસા આપ્યા છે. પ્રથમ એ કે એનાથી મુરાદ એ છે કે એને રોઝાનો સવાબ થશે નહીં. જેમ કે મરવી છે કે જુમ્આના દિવસે ખુત્બાના સમયે વાત કરનારના બારામાં અમુક સહાબાએ કહ્યું : **لاجمعة لك** "તારો જુમ્આ ન થયો." તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું, તેમણે સાચુ કહ્યું. બીજુ એ કે મુરાદ એ છે કે તે નજીક છે કે રોઝો તોડી બેસે લોહી ચૂંસનાર, તો એ રીતે કે એનો મજબૂત અંદેશો એ છે કે મોઢામાં લોહી ખેંચે અને ગળામાં ચાલ્યું જાય અને ચૂંસાવનાર એ રીતે કે લોહી ચૂંસાવવાથી કમજોરી પેદા થઈ જાય એને સહન ન કરી શક્તાં રોઝો તોડી નાખે. જેવી રીતે જે મરવાને આડે પહોંચી જાય, એને કહે છે : **هلك** તે હલાક થઈ ગયો. લગભગ એના જેમ હઝરત અબૂ સઈદ, હઝરત અનસ, હઝરત ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ થી રિવાયત થયેલ છે કે ફર્માવ્યું, અમે ચૂંસણીથી લોહી ચૂંસાવવાને કમજોરી પેદા થવાને લીધે નાપસંદ કરતા હતા. હવે આ હદીષનો સાર એ નીકળ્યો કે, એણે પોતાના રોઝાને તોડવાની હદ સુધી પહોંચાડી આપ્યો. જેમ કે હદીષમાં છે : જેને કાઝી બનાવવામાં આવ્યો તેને વિના છરીએ ઝબહ કરવામાં આવ્યો. જ્યારે કે તે ઝબહ નથી થતો. મતલબ એ છે કે એણે પોતે પોતાને ઝબહ થવા માટે રજૂ કરી આપ્યો. **وغيرذالك**.

حديث ١١٣٨ سَمِعْتُ ثَابِتَ نِ الْبُنَانِيَّ قَالَ سُئِلَ اَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللّٰهُ [હદીષ : ૧૧૩૮]

"ષાબિત બુનાનીએ કહ્યું, હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી પૂછવામાં આવ્યું, શું તમે લોકો

تَعَالٰى عَنْهُ اَكُنْتُمْ تَكْرَهُوْنَ الْحِجَامَةَ لِلصَّائِمِ قَالَ لَا اِلَّا مِنْ اَجْلِ

રોઝાદારના માટે લોહી ચૂંસાવવાને નાપસંદ કરતા હતા ? તો ફર્માવ્યું, નહીં ! હા ! કમજોરી પેદા થવાને લીધે

الضَّعْفِ وَزَادَ شَبَابَةُ ثَنَا شُعْبَةُ عَلٰى عَهْدِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

નાપસંદ કરતા હતા. અને શબાબાએ શોઅબાથી રિવાયત કરતાં આટલો વધારો કર્યો કે નબી ﷺ ના જમાનામાં."

بَابُ الصَّوْمِ فِي السَّفَرِ وَالْاِفْطَارِ ٢٦

"સફરમાં રોઝો રાખવો અને છોડવો." –(૨૬૦)

حديث ١١٣٩ عَنْ اَبِيْ اِسْحٰقَ الشَّيْبَانِيِّ سَمِعَ ابْنَ اَبِيْ اَوْفٰى قَالَ كُنَّا مَعَ [હદીષ : ૧૧૩૯]

"હઝરત ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે એક

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِيْ سَفَرٍ فَقَالَ

સફરમાં હતા. રસૂલુલ્લાહ ﷺ એ એક સાહબને ફર્માવ્યું, સવારીથી ઉતર અને મારા માટે સત્તુ ઘોળ. તેમણે

لِرَجُلٍ اُنْزِلْ فَاجْدَحْ لِيْ قَالَ يَا رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! સૂરજ છે. ફર્માવ્યું, ઉતર અને મારા માટે સત્તુ ઘોળ. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ !

સમજૂતી : ૧૧૩૮

શબાબાના આ વધારાનો મતલબ એ છે કે સવાલ એ હતો કે આપ લોકો નબી ﷺ ના જમાનામાં લોહી ચૂંસાવવાને નાપસંદ કરતા હતા ? એ પ્રશ્નકર્તા ખૂદ ષાબિત બુનાની હતા. જેમ કે અબુલ વક્ત તથા ઈબ્ને મુંદાની રિવાયતમાં ખુલાસો છે. આ હદીષ એની દલીલ છે કે **افطر الحاجم والمحجوم** થી મુરાદ એ છે કે લોહી ચૂંસાવવાથી કમજોરી પેદા થશે જે રોઝો તોડાવાનું કારણ થશે. મતલબ એ થયો કે જાણે રોઝો તૂટી ગયો.

સમજૂતી : ૧૧૩૯

મુસ્લિમની રિવાયતમાં છે, અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે એક સફરમાં રમઝાનના મહિનામાં હતા. આ સફર ગઝવાએ ફતહનો હતો. એટલા માટે કે રમઝાનમાં હુઝૂરે અકદસ ﷺ એ કેવળ બે સફર કર્યા છે. એક ગઝવએ બદરના માટે, બીજો ફતહે મક્કાના માટે. હઝરત અબ્દુલ્લાહ બિન અબી ઔફા નાનપણને કારણે શરીક ન હતા. પ્રથમ તે ગઝવહ જેમાં એમણે ભાગ લીધો તે હુદૈબિયહ છે. (ઈકમાલ) એટલા માટે નિશ્ચિત છે કે એ ફતહે મક્કાનો સફર હતો.

قال لرجل : ખૂદ બુખારીની અન્ય રિવાયતોમાં છે : **فلمّا غربت الشمس وغابت الشمس** જ્યારે સૂરજ ડૂબી

وَسَلَّمَ اَلشَّمْسُ قَالَ اُنْزِلْ فَاجْدَحْ لِيْ قَالَ يَا رَسُوْلَ اللّٰهِ الشَّمْسُ

સૂરજ છે. ફર્માવ્યું, ઉતર અને મારા માટે સત્તુ ઘોળ. હવે તે ઉતર્યા અને હુઝૂરના માટે સત્તુ ઘોળ્યા જે

قَالَ اِنْزِلْ فَاجْدَحْ لِيْ فَنَزَلَ فَجَدَحَ لَهٗ فَشَرِبَ ثُمَّ رَمٰى بِيَدِهٖ هٰهُنَا

હુઝૂરે પીધા. પછી એ (પશ્ચિમ) તરફ હાથથી ઈશારો કર્યો, જ્યારે જુઓ કે રાત એ બાજુથી સામે આવી

ثُمَّ قَالَ اِذَا رَاَيْتُمُ اللَّيْلَ اَقْبَلَ مِنْ هٰهُنَا فَقَدْ اَفْطَرَ الصَّائِمُ ؕ

રહી છે તો ઈફ્તારનો સમય થઈ ગયો."

(બુખારી ૧/૨૬૨, ૩૬૩, ૨/૯૯૮ તલાક, મુસ્લિમ, અબૂ દાઉદ, નિસાઈ, અસ્સૌમ, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૩૮૦, ૮૧)

ગયો, ગાયબ થઈ ગયો.

એ સાહબ જેમને સત્તુ ઘોળવાનુ ફર્માવ્યું હતું તે હઝરત બિલાલ رضی اللہ عنہ હતા, જેમ કે અબૂ દાઉદમાં છે.

الشمس : એનો રફઅ એ બિના પર કે એ મુબ્તદા મહઝૂફ હાઝાની ખબર છે અથવા એનું ઉલ્ટુ. અને નસબ એ બિના પર કે એ ફેઅલ મહઝૂફ ઉન્ઝુરનો મફઉલબિહ છે. બુખારીની જ અમુક રિવાયતોમાં છે : **لوامسيت** સાંજ થવા દે. અમુક રિવાયતોમાં છે કે બીજીવાર આ અર્ઝ કરી. **ان عليك نهارا** હજી દિવસ બાકી છે. કદી કદી અમુક મોસમમાં સૂરજ ડૂબ્યા બાદ પશ્ચિમમાં એવી રોશની થાય છે કે જાણે તડકો છે, જેનાથી શંકા થાય છે કે સૂરજ હજી ડૂબ્યો નથી. જેના કારણે હઝરત બિલાલે આ પ્રમાણે અર્ઝ કર્યું. જો કે હુઝૂર ﷺના ઈર્શાદ પછી તેમણે મોડુ કરવું જોઈતું ન હતું. અને ન કાંઈ ઉઝર કરતા, પણ તેમણે ઈફ્તારના સમયની સંતોષકારક હદ સુધી તસલ્લી કરવા માટે એ પ્રમાણે અરજ કરી.

ثم رمىٰ بيده : બીજી રિવાયતોમાં છે કે પોતાની આંગળી વડે પૂર્વ તરફ ઈશારો કર્યો કે જ્યારે રાત એ બાજુથી આગળ વધે, એટલે કે પૂર્વ બાજુથી અંધકાર ઉઠવા લાગે. આ સૂરજ ડૂબવાની નિશાનીના રૂપે ઈર્શાદ ફર્માવ્યું.

મસાઈલ : આ હદીષથી સાબિત થયું કે સફરમાં રોઝો રાખવો અફઝલ છે, જેમ કે હુઝૂરે અકદસ ﷺએ રાખ્યો. હા, જો રોઝો રાખવાથી કમજોરીનો અંદેશો હોય તે સહન નહીં થઈ શક્શે અને રોઝો છોડવો પડે તો રોઝો ન રાખવો અફઝલ છે. આ હદીષથી સાબિત થયું કે રોઝાની ઈફ્તારીમાં જલ્દી કરવી મુસ્તહબ છે. એટલા માટે કે હુઝૂરે અકદસ ﷺએ એટલા જલ્દી રોઝો ખોલવાનો ઈરાદો કર્યો અને ખોલ્યો કે હઝરત બિલાલ رضی اللہ عنہને શંકા હતી કે સૂરજ હજી નથી ડૂબ્યો. એનાથી સાબિત થયું કે મગરિબની નમાઝ સલાતુલ લૈલ છે. એ રીતે કે રોઝાના બારામાં ફર્માવ્યું, જ્યારે રાત એ બાજુ (પશ્ચિમ)થી આગળ વધે તો રોઝાદાર રોઝો તોડી નાખે. એનાથી જાણવા મળ્યું કે ઈફ્તારનો સમય રાત આવ્યા બાદ છે અને એ જ મગરિબના સમયની શરૂઆત છે.

حديث ١١٤٠ عَنْ هِشَامٍ ثَنِيْ اَبِيْ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ حَمْزَةَ بْنَ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે હઝરત હમ્ઝા બિન અમ્ર [હદીષ : ૧૧૪૦]

عَمْرِوِنِ الْاَسْلَمِيَّ قَالَ يَا رَسُوْلَ اللّٰهِ اِنِّيْ اَسْرُدُ الصَّوْمَ ـ ح ـ عَنْ هِشَامٍ

અસ્લમીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું સતત રોઝા રાખુ છું. બીજી સનદની સાથે આ પ્રમાણે છે, ઉમ્મુલ

بْنِ عُرْوَةَ عَنْ اَبِيْهِ عَنْ عَائِشَةَ زَوْجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا નબી ﷺ ના પત્ની સાહેબાથી રિવાયત છે કે હમ્ઝા બિન અમ્ર

اَنَّ حَمْزَةَ بْنَ عَمْرِوِنِ الْاَسْلَمِيَّ قَالَ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

અસ્લમીએ નબી ﷺ થી અર્ઝ કરી, હું સફરમાં રોઝા રાખુ છું. અને એ ખૂબ જ

اَصُوْمُ فِي السَّفَرِ وَكَانَ كَثِيْرَ الصِّيَامِ فَقَالَ اِنْ شِئْتَ فَصُمْ وَاِنْ

રોઝા રાખતા હતા. તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું, તું ચાહે તો રાખ અને

شِئْتَ فَاَفْطِرْ ـه

જો તું ન ચાહે તો ન રાખ." (મુસ્લિમ, અબૂ દાઉદ, નિસાઈ–અસ્સિયામ, મુસ્નદે ઈમામ અહમદ, ૬/૪૬)

સમજૂતી : ૧૧૪૦

سَرَدٌ-اَسْرُدُના અર્થમાં છે, સતત ગેપ વિના કોઈ કામ કરવું. આ હદીષથી જાણવા મળ્યું કે જેનામાં શક્તિ હોય તેણે સૌમે દહર રાખવામાં કોઈ વાંધો નથી. તેમજ એ પણ સાબિત થયું કે સફરમાં રોઝા રાખવા ન રાખવાનો અધિકાર છે, પણ જેનામાં શક્તિ હોય તેણે રોઝા રાખવા અફઝલ છે. એક તો એમાં હુઝૂરે અકદસ ﷺની ઈત્તેબાઅ (આજ્ઞાપાલન) છે બીજુ એ કે ઈબાદતને તેના સમયમાં અદા કરવું છે. હમણા હદીષ વર્ણન થઈ ચૂકી કે જે શખ્સ એક રોઝો છોડી આપે તો તેનો બદલો સૌમે દહર નથી થઈ શકતા.

بَابٌ إِذَا صَامَ أَيَّامًا مِنْ رَمَضَانَ ثُمَّ سَافَرَ ٢٦

"જ્યારે રમઝાનના અમુક દિવસોમાં રોઝા રાખ્યા પછી સફર કરી." *–(૨૬૦)*

حديث ١١٤١ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ રમઝાનમાં મક્કા **[હદીષ : ૧૧૪૧]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ خَرَجَ إِلٰى مَكَّةَ فِي رَمَضَانَ فَصَامَ حَتّٰى بَلَغَ الْكَدِيْدَ

ચાલ્યા અને રોઝો રાખ્યો જ્યારે કદીદ પહોંચ્યા તો ઈફતાર કરી નાખ્યો અને લોકોએ

أَفْطَرَ فَأَفْطَرَ النَّاسُ ع د

પણ ઈફતાર કર્યો." *(બુખારી ૧/૪૧૫ અલ્જિહાદ, ૨/૬૧૨, ૬૧૩ અલ્મગાઝી–બે તરીકાથી, મુસ્લિમ, નિસાઈ–અસ્સૌમ)*

સમજૂતી : ૧૧૪૨

પરિપૂર્ણતા : કિતાબુલ મગાઝીમાં છે કે નબી ﷺ મદીનાથી રમઝાનમાં નીકળ્યા અને હુઝૂરની સાથે દસ હજાર સહાબા હતા અને મદીના તશરીફ લાવવાના સાડા આઠ સાલ પરની વાત છે. અયનીમાં છે કે જ્યારે સલસલ પહોંચ્યા જે ઝુલ હલીફાની પાસે એક પહાડ છે, તો એલાન કરી આપ્યું, જે ચાહે રોઝો રાખે જે ચાહે ન રાખે. કદીદ પહોંચીને અસર બાદ સવારી પર બેઠા બેઠા (સમય થતાં) ઈફતાર કર્યો કે જેથી લોકો જોઈ લે. એના અગાઉની રિવાયતોમાં છે કે કદીદ પછી રોઝો નથી રાખ્યો, ત્યાં સુધી કે મહિનો પસાર થઈ ગયો. આ કિસ્સો ગઝવએ ફતહનો છે.

હુઝૂરે અકદસ ﷺ દસ રમઝાન બુધના દિવસે અસર પછી મદીના તયબહથી નીકળ્યા હતા અને ૧૯ના રોજ મક્કા મોઅઝ્ઝમામાં દાખલ થયા.

કદીદના બારામાં ઈમામ બુખારીએ બતાવ્યું કે ઉસ્ફાન અને કુદૈદના દરમ્યાન છે. મગાઝીમાં ખૂદ હદીષમાં છે અને આ વધારો છે કે એ એક ઝરણુ છે. અયનીમાં છે કે ખૂબ જ હરિયાળી જગા છે, અહીં ખજૂરના બાગો છે. હુઝૂરે અકદસ ﷺએ કઈ જગાએ રોઝા રાખવાનુ છોડયું હતું એના બારામાં વિવિધ રિવાયતો છે. હમણા ખૂદ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની બીજી રિવાયત આ જ બુખારીમાં આવી રહી છે કે એ જગા અસ્ફાન હતી. મુસ્લિમની એક રિવાયતમાં છે કે એ કિરાઉલ ગમીમ છે. અને નિસાઈમાં છે કે જ્યારે કદીદ પહોંચ્યા તો એક પ્યાલુ દૂધ લાવવામાં આવ્યું તો એને પીધું. વાત એમ છે કે આ ત્રણેવ જગાઓ નજીક નજીક છે અને એ સૌ અસ્ફાનને અડેલી છે એટલા માટે કદીક કોઈનું નામ લીધું કદીક કોઈનું. કદીદનું અંતર મક્કા મોઅઝ્ઝમાંથી બે મંઝિલ છે અને અસ્ફાનનું ચાર બરીદ. કદીદ અને અસ્ફાનમાં કેવળ છ માઈલનું અંતર છે. ઈબ્ને કરકૂલે કહ્યું કે કદીદ મક્કાથી બેંતાલીસ માઈલની દૂરી પર છે.

حديث ١١٤٢ عَنْ اُمِّ الدَّرْدَاءِ عَنْ اَبِي الدَّرْدَاءِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

"હઝરત અબૂ દરદા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે અમે સખત ગરમીમાં નબી ﷺની સાથે [હદીષ : ૧૧૪૨]

خَرَجْنَا مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِي بَعْضِ اَسْفَارِهٖ فِي

એક સફરમાં નીકળ્યા. તાપ એટલો સખત હતો કે માણસ પોતાનો હાથ

يَوْمٍ حَارٍّ حَتّٰى يَضَعَ الرَّجُلُ يَدَهٗ عَلٰى رَاْسِهٖ مِنْ شِدَّةِ الْحَرِّ وَمَا

પોતાના માથા પર રાખતો હતો અને અમારામાં

فِيْنَا صَائِمٌ اِلَّا مَا كَانَ مِنَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَابْنِ رَوَاحَةَ

નબી ﷺ તથા ઈબ્ને રવાહાના સિવાય કોઈ રોઝાથી ન હતું." (મુસ્લિમ, અબૂ દાઊદ–અસ્સૌમ)

بَابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِمَنْ ظُلِّلَ عَلَيْهِ وَاشْتَدَّ الْحَرُّ لَيْسَ مِنَ الْبِرِّ الصَّوْمُ فِي السَّفَرِ ص ٢٦١

"નબી ﷺનો ઈર્શાદ એ શખ્સના બારામાં જેના પર સાયો કરવામાં આવ્યો હતો અને સખત ગરમી હતી, સફરમાં રોઝા ઈબાદત નથી." –(૨૬૧)

حديث ١١٤٣ سَمِعْتُ مُحَمَّدَ بْنَ عَمْرِو بْنِ الْحَسَنِ بْنِ عَلِيٍّ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ

"મુહમ્મદ ઈબ્ને અમ્ર ઈબ્ને હસન ઈબ્ને અલીએ હઝરત જાબિર ઈબ્ને [હદીષ : ૧૧૪૩]

સમજૂતી : ૧૧૪૨

મુસ્લિમની રિવાયતમાં છે કે અમે રમઝાનના મહિનામાં સખત ગરમીમાં નીકળ્યા. એ ગઝવએ ફતહનો સફર ન હતો, કેમ કે એમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા رضی اللہ عنہ પણ હતા, જ્યારે કે તે ગઝવાએ મૌતામાં શહીદ થઈ ચૂક્યા હતા જે ફતહે મક્કાથી પહેલાં થયો હતો. સાહિબે તલ્વીહ (તલ્વીહના કર્તા)એ ફર્માવ્યું, એની સંભાવના છે કે આ ગઝવએ બદરનો સફર રહ્યો હોય. એટલા માટે કે તિર્મિઝી (૧/૮૯ અસ્સિયામ)માં હઝરત ઉમર رضی اللہ عنہ થી મરવી છે કે, અમે રસૂલુલ્લાહ ﷺની સાથે રમઝાનમાં બદર તથા ફતહે મક્કાનો જેહાદ કર્યો છે અને એ બંનેમાં અમે રોઝો રાખ્યો ન હતો. મતલબ એ છે કે આ બંનેના સિવાય રમઝાનમાં અન્ય કોઈ ગઝવહ થયો નથી. અને જો એ ફતહે મક્કાનો સફર નથી તો નિશ્ચિત કે બદરનો સફર હતો.

સમજૂતી : ૧૧૪૩

અલ્લામા અયનીએ લખ્યું કે તિર્મિઝીની રિવાયતથી એ જાહેર છે કે એ સફર ગઝવાએ ફતહનો હતો. આ અલ્લામા અયનીનો અંદાઝો છે. તિર્મિઝીની આ રિવાયતમાં એ કિસ્સો વર્ણન પામેલ નથી કે કોના

قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِىْ سَفَرٍ فَرَأٰى زِحَامًا

અબ્દુલ્લાહ રઝિ.થી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ એક સફરમાં હતા તો ભીડ જોઈ

وَرَجُلًا قَدْ ظُلِّلَ عَلَيْهِ فَقَالَ مَا هٰذَا فَقَالُوْا صَائِمٌ فَقَالَ لَيْسَ

અને એક શખ્સને જોયો કે એના પર છાંયડો કરવામાં આવ્યો છે, તો ફર્માવ્યું, આ શું છે ? લોકોએ અર્ઝ કરી,

مِنَ الْبِرِّ الصَّوْمُ فِى السَّفَرِ ع

રોઝાદાર છે ! ફર્માવ્યું, સફરમાં રોઝો ઈબાદત નથી." (મુસ્લિમ, અબૂ દાઉદ, નિસાઈ–અસ્સિયામ)

પર છાંયડો કરવામાં આવ્યો. એવું જરૂર છે કે રોઝો રાખવું લોકો પર ભારે પડી ગયું હતું. બંનેના રાવી હઝરત જાબિર જ છે એટલા માટે અલ્લામા અયનીએ એ અંદાઝો લગાડયો. આ હદીષમાં તથા તે હદીષોમાં જેનામાં સફરમાં રોઝાની ઈજાઝત, બલ્કે અમુક ફઝાઈલ વર્ણવ્યા છે, તેનું વર્ગીકરણ થઈ ચૂક્યું કે જેનામાં શક્તિ ન હોય, રોઝો રાખવાના કારણે પોતે પણ મુશ્કેલીમાં સપડાવાનો સહીહ અંદેશો હોય અને સાથીઓ પણ તકલીફમાં પડવાનો ખતરો હોય તેણે રોઝો રાખવો જોઈએ નહીં. બલ્કે જો જાન જવાનો કે બીમાર પડવાનો સહીહ અંદેશો હોય તો તેણે રોઝો રાખવો જાઈઝ નથી, ગુનોહ છે. જેમ કે તિર્મિઝીની હઝરત જાબિરવાળી હદીષમાં છે કે રોઝો રાખનારાઓને ફર્માવ્યું, اولئك العصاة એ લોકો નાફર્માન કે ગુનેહગાર છે. અને જેનામાં શક્તિ હોય, કોઈ ખતરો ન હોય તેણે રોઝો રાખવો અફઝલ છે, પણ ન રાખે તો પણ કોઈ ગુનોહ નથી.

આજકાલ રેલગાડી, વિમાન વગેરેના સફરમાં જ્યારે ઋતુ ઠંડી અથવા સમતોલ હોય તો રોઝો રાખવામાં કાંઈ મુશ્કેલી નથી હોતી એટલા માટે બેહતર એ જ છે કે રોઝો રાખવામાં આવે, ન રાખવામાં ગુનોહ નથી પણ ગૈર મુસ્લિમોની નજરમાં રમઝાનનુ અપમાન જરૂર છે. એક દાઢીવાળી વૃધ્ધ વ્યક્તિ એક સ્ટેશન પર રમઝાનના મહિનામાં ચાયની દુકાન પર જઈને નમકીન લઈને ખાઈ રહ્યા હતા અને ચાયનો ઓર્ડર આપી ચૂક્યા હતા. એટલામાં એક હિંદુ આવ્યો અને ચાયવાળાને કહ્યું કે મને પણ ચાય આપો, હું પણ રોઝો ખોલી લઉં ! તે સાહબે તે હિંદુને જણાવ્યું કે હું સફરમાં છું અને સફરમાં રોઝો રાખવો જરૂરી નથી. તો તે હિંદુએ કહ્યું કે, હું તમને કાંઈ નથી કહી રહ્યો, હું એમની સાથે એટલે ચાયવાળા સાથે મજાક કરી રહ્યો છું !

بَابُ لَمْ يَعِبْ أَصْحَابُ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَعْضُهُمْ بَعْضًا فِي الصَّوْمِ وَالْإِفْطَارِ ص٢٦١

"નબી ﷺના સહાબાએ એકબીજા પર રોઝો રાખવા ન રાખવા પર અયબ નથી લગાડયો." –(૨૬૧)

حديث ١١٤٤ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كُنَّا نُسَافِرُ مَعَ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું અમે નબી ﷺની **[હદીષ : ૧૧૪૪]**

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَلَمْ يَعِبِ الصَّائِمُ عَلَى الْمُفْطِرِ

સાથે સફર કરતા હતા તો રોઝાદાર રોઝો ન રાખનારાને તથા રોઝો ન રાખનારા

وَلَا الْمُفْطِرُ عَلَى الصَّائِمِ عه

રોઝાદારને અયબ લગાડતા ન હતા." (મુસ્લિમ–અસ્સૌમ)

بَابُ مَنْ اَفْطَرَ فِي السَّفَرِ لِيَرَاهُ النَّاسُ ص٢٦١

"જેણે સફરમાં એટલા માટે રોઝો ઈફતાર કર્યો કે લોકો જુએ." –(૨૬૧)

حديث ١١٤٥ عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ خَرَجَ رَسُوْلُ اللّٰهِ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ મદીનાથી મક્કા ચાલ્યા **[હદીષ : ૧૧૪૫]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنَ الْمَدِيْنَةِ اِلٰى مَكَّةَ فَصَامَ حَتّٰى بَلَغَ

તો રોઝો રાખ્યો. જ્યારે અસ્ફાન પહોંચ્યા તો પાણી માગ્યું અને તેને પોતાના હાથથી ઉઠાવ્યું

સમજૂતી : ૧૧૪૫

તિર્મિઝીમાં હઝરત જાબિર رضی اللہ عنہ ની હદીષમાં છે, રસૂલુલ્લાહ ﷺ આમ્મુલ ફતહે (વિજયનું વર્ષ) મક્કા ચાલ્યા તો રોઝો રાખ્યો ત્યાં સુધી કે કરાઉલ ગમીમ પહોંચ્યા. હુઝૂરની સાથે લોકોએ પણ રોઝો રાખ્યો. અર્ઝ કરવામાં આવી કે લોકો પર રોઝો ભારે પડી રહ્યો છે અને લોકો હુઝૂરની રાહ જોઈ રહ્યા છે કે હુઝૂર શું કરે છે. તો એક પ્યાલો પાણી અસર બાદ મંગાવ્યું અને પીધું. ત્યારબાદ કેટલાક લોકોએ રોઝો તોડી નાખ્યો અને કેટલાક લોકોએ રાખ્યો. જ્યારે હુઝૂરને આ ખબર મળી તો ફર્માવ્યું, એ લોકો એટલે રોઝો રાખનારા નાફર્માન છે.

રોઝો રાખનારાઓ પર ગુસ્સો એટલા માટે કર્યો કે એ જેહાદનો મોકો હતો અને દુશ્મનની ભૂમિ નજીક હતી. રોઝાથી ખરેખર શારીરિક કમજોરી ઉદ્ભવે છે એટલા માટે એ લોકોએ રોઝો તોડી નાખવો જ યોગ્ય હતું, ખાસ

عُسْفَانَ ثُمَّ دَعَا بِمَاءٍ فَرَفَعَهُ إِلَى يَدِهِ لِيُرِيَهُ النَّاسَ فَأَفْطَرَ

જેથી લોકો જોઈ લે અને રોઝો તોડયો ત્યાં સુધી કે મક્કા આવ્યા. અને આ બનાવ રમઝાનમાં

حَتَّى قَدِمَ مَكَّةَ وَذَلِكَ فِي رَمَضَانَ فَكَانَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللَّهُ

બન્યો હતો. ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહ્યા કરતા હતા કે (સફરમાં) રસૂલુલ્લાહ ﷺ એ રોઝો

تَعَالَى عَنْهُمَا يَقُولُ قَدْ صَامَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

રાખ્યો અને ન પણ રાખ્યો, જે

وَأَفْطَرَ فَمَنْ شَاءَ صَامَ وَمَنْ شَاءَ أَفْطَرَ

ચાહે રાખે જે ચાહે ન રાખે." (બુખારી ૨/૬૧૩ મગાઝી, મુસ્લિમ, અબૂ દાઉદ, નિસાઈ–અસ્સૌમ)

بَابٌ وَعَلَى الَّذِينَ يُطِيقُونَهُ فِدْيَةٌ طَعَامُ مِسْكِينٍ بقرة (۱۸۴) ص ۳۶۱

"(બકરહ–૧૮૪) આ આયતની તફસીર કે ફર્માવ્યું, અને એ લોકો પર જેઓ રોઝો રાખવાની શક્તિ નથી ધરાવતા એક મિસ્કીનનું ખાણુ ફિદિયો આપવું છે." –(૨૬૧)

ت ٣٦٠ وَقَالَ ابْنُ عُمَرَ وَسَلَمَةُ بْنُ الْأَكْوَعِ رَضِيَ اللَّهُ تَعَالَى عَنْهُمَا

"અને હઝરત ઈબ્ને ઉમર તથા હઝરત સલમા બિન અકવઅ رضی اللہ عنہما એ ફર્માવ્યું, **[તઅલીક : ૩૬૦]**

نَسَخَتْهَا شَهْرُ رَمَضَانَ الَّذِي أُنْزِلَ فِيهِ الْقُرْآنُ هُدًى لِلنَّاسِ وَ

એને આ આયતે મન્સૂખ (હુકમ રદ) કરી નાખ્યુ (કે ફર્માવ્યું) રમઝાનનો મહિનો તે છે જેમાં કુર્આન ઉતર્યું જે

કરીને જ્યારે કે હુઝૂરે અકદસ ﷺ એ રોઝો તોડી નાખ્યો હતો અને તે પણ અસર બાદ, જ્યારે કે રોઝો પૂરો થવામાં થોડો સમય બાકી રહી ગયો હતો . એનાથી જાણવા મળ્યું કે હુઝૂરે અકદસ ﷺ ની ઈત્તેબાઅ (અનુસરણ) દરેક હાલતમાં અગ્રસ્થાને છે.

એના પર વિગતવાર ચર્ચા થઈ ચૂકી છે કે સફરમાં રોઝો રાખવા ન રાખવાનો અધિકાર છે, જે લોકો કમજોર હોય અને તેમને એનો ભય હોય કે રોઝો રાખવામાં અન્ય કામોમાં મુશ્કેલી પડશે, તેમના માટે અફઝલ એ જ છે કે રોઝો ન રાખે અને જે લોકો કવી (મજબૂત) હોય તેમના માટે અફઝલ એ છે કે રોઝો રાખે.

તઅલીક : ૩૬૦ની સમજૂતી

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની તઅલીકને ઈમામ બુખારીએ એ જ પ્રકરણના અંતમાં અને તફસીરે સૂરએ બકરહમાં વર્ણન કરી છે. અને હઝરત સલમા બિન અકવઅની તઅલીકને સૂરએ બકરહની તફસીરમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી.

بَيِّنٰتٍ مِّنَ الْهُدٰى وَالْفُرْقَانِ فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ

લોકોના માટે હિદાયત અને રહનુમા અને સ્પષ્ટ ફૈસલો કરનાર છે. તમારામાં જે

وَمَنْ كَانَ مَرِيْضًا اَوْ عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ اِلٰى قَوْلِهٖ

આ મહિનો પામે (તે) જરૂર એના રોઝા રાખે અને જે બીમાર થાય અથવા સફરમાં હોય

تَشْكُرُوْنَ - بقرة (١٨٥)

તે એટલા રોઝા અન્ય દિવસોમાં રાખે." પૂરી આયત تَشْكُرُوْنَ *સુધી – બકરહ, ૧૮૫*

ت ٣٦١ وَقَالَ ابْنُ نُمَيْرٍ (اِلٰى اَنْ قَالَ) حَدَّثَنَا ابْنُ اَبِيْ لَيْلٰى ثَنَا

"ઈબ્ને અબી લયલાએ કહ્યું કે અમારાથી કેટલાયે સહાબાએ વર્ણન કર્યું. **[તઅલીક : ૩૬૧]**

આ બંનેવ તઅલીકો તથા આ પ્રકરણમાં વર્ણન પામેલ અધિક એક તઅલીક તથા હદીષનો સાર એ છે કે શરૂમાં દરેક શખ્સને અધિકાર હતો કે ચાહે તો રોઝો રાખે ચાહે તો ફિદિયો આપે, ભલે તેનામાં રોઝો રાખવાની શક્તિ હોય. પછી તેને બાદવાળી આયતે કરીમાએ મન્સૂખ કરી આપ્યું. આ પ્રમાણે હુકમ થયો : فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ "તમારામાં જે આ મહિનો પામે તે જરૂર રોઝા રાખે." અલબત્ત 'શયખે ફાની'ના માટે જે રોઝા રાખવાની શક્તિ ન ધરાવતો હોય અને એની પણ આશા ન હોય કે હવે પછી તેને એટલી શક્તિ આવી જશે કે રોઝા રાખી શકશે, તેના માટે ફિદિયાનો હુકમ બાકી છે. હા ! જો બાદમાં રોઝા રાખવાની શક્તિ આવી જાય તો તેના પર કઝા વાજિબ છે. પણ મુહક્કિકોએ ફર્માવ્યું કે આ આયત મન્સૂખ નથી મોહકમ છે. يطيقونه બાબે ઈફઆલનો સેગો છે એની ખાસિયત સલબે માખઝ છે એટલા માટે એનો તર્જમો આ પ્રમાણે થયો : "અને જેમને રોઝો રાખવાની શક્તિ ન હોય તો રોઝો રાખવાને બદલે મિસ્કીનોને ખાવા આપે." કુર્આન મજીદની વર્ણન શૈલી તથા આગળ પાછળના વર્ણનના આધારે એ જ અર્થ છે. એટલા માટે કે શરૂમાં ફર્માવ્યું, હે ઈમાનવાળાઓ ! તમારા પર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા જેવી રીતે કે તમારાથી આગલા લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા." ત્યારબાદ બીમાર તથા મુસાફિરના માટે એ આસાનીનું વર્ણન છે કે તે અન્ય દિવસોમાં કઝા રાખે. પછી એ લોકોનું વર્ણન છે જેઓ ન હવે રોઝાની શક્તિ ધરાવે છે અને ન ભવિષ્યમાં આશા છે. તો એમના પરથી રોઝા સાકિત (રાખવાનો હુકમ ન રહ્યો) અને તેમના પર રોઝાના બદલામાં ફિદિયો છે. વિચારવા પાત્ર વાત એ છે કે આયતનો પ્રારંભિક હિસ્સો તો રોઝા કતઈ ફર્ઝ હોવા માટે દલીલ છે અને જ્યારે يطيقونه નો અર્થ એ લઈશું, "જેમને રોઝાની શક્તિ હોય" તો એનું ફર્ઝ હોવું જ સાકિત થઈ જશે કેમ કે એનો સ્પષ્ટ ફાયદો એ છે કે રોઝો ફર્ઝ નથી. બે વાતોમાંથી એક ફર્ઝ છે, રોઝો રાખે અથવા ફિદિયો આપે. તેમજ એ પણ અસંભવ વાત લાઝિમ આવશે કે 'શયખે ફાની'ના માટે ફિદિયાની સાબિતી આ આયત થકી કોઈ રીતે થઈ શકશે નહીં, કેમ કે શયખે ફાની રોઝા રાખવાની શક્તિ જ નથી ધરાવતો એટલા માટે એ આમાં સામેલ જ નથી. પછી એના હક્કમાં ફિદિયાનો હુકમ બાકી રાખવાનો શો અર્થ ?!

તઅલીક : ૩૬૧ની સમજૂતી

આ તઅલીકને ઈમામ બયહકીએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. પૂરી હદીષ આ પ્રમાણે છે : નબી ﷺ મદીના તયબહ તશરીફ લાવ્યા તો લોકો દર મહિને ત્રણ દિવસ રોઝા રાખતા હતા. જ્યારે રમઝાનના

اَصْحَابُ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَزَلَ رَمَضَانُ فَشَقَّ عَلَيْهِمْ

રમઝાન (નો રોઝો) ઉતર્યો તો તેમના પર ભાર રૂપ થયો. રોઝાની શક્તિ રાખવાવાળાઓમાંથી જે દરરોજ

فَكَانَ مَنْ اَطْعَمَ كُلَّ يَوْمٍ مِسْكِيْنًا تَرَكَ الصَّوْمَ مِمَّنْ يُّطِيْقُهٗ وَرُخِّصَ

એક મિસ્કીનને ખાવા ખવડાવી આપે તે રોઝો નથી રાખતો. એના બારામાં એમને ઈજાઝત હતી તેને આ

لَهُمْ فِيْ ذٰلِكَ فَنَسَخَتْهَا وَاَنْ تَصُوْمُوْا خَيْرٌ لَّكُمْ فَاُمِرُوْا

આયતે મન્સૂખ કરી કે ફર્માવ્યું, "અને રોઝો રાખવો તમારા માટે બેહતર છે."

بِالصَّوْمِ

એના બાદ લોકોને હુકમ આપવામાં આવ્યો કે તેઓ રોઝો જ રાખે."

રોઝાનો હુકમ આવ્યો તો લોકોએ એને અધિક જાણ્યા અને એમને ભારરૂપ જણાયા, તો તેમને ઈજાઝત આપવામાં આવી કે જેને રોઝાની શક્તિ હોય તે રોઝા રાખે, નહીં તો એક મિસ્કીનને ખાવા ખવડાવી આપે અને રોઝો ન રાખે. પછી આ આયતે કરીમા اَنْ تَصُوْمُوْا خَيْرٌ لَّكُمْ એ મન્સૂખ કરી આપ્યું, ત્યારબાદ લોકોને રોઝાનો હુકમ આપવામાં આવ્યો. فنسختها : ها નો મરજઅ اطعام છે જેના પર اطعم દલીલ પૂરી પાડે છે. મસ્દરની તરફ ઝમીરે મુઅન્નષનું પલટવું દુરુસ્ત છે.

સદીએ કહ્યું, હઝરત અબ્દુલ્લાહ (ઈબ્ને મસ્ઊદ) رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, જ્યારે આ આયતે કરીમા وعلى الذين يطيقونه فدية طعام مسكين નાઝિલ થઈ તો જેનો જીવ ચાહતો રોઝો રાખતો અને જેનો જીવ ચાહતો ન રાખતો અને એના બદલામાં એક મિસ્કીનને ખાવા ખવડાવી દેવામાં આવતું, જે વધારે આપે એટલે કે બીજા ફકીરને પણ ખવડાવી આપે તો બેહતર છે, અને રોઝો રાખો તો તમારા માટે બેહતર છે. લોકો એ જ પ્રમાણે રહ્યા ત્યાં સુધી કે આયતે કરીમા فمن شهد منكم الشهر فليصمه એ એને મન્સૂખ કરી આપ્યું. એનો સાર એ નીકળ્યો કે અબ્દુર્રહમાન ઈબ્ને અબી લયલાની રિવાયતમાં હઝફ તથા ઈખ્તેસાર (ટૂંકાણ) છે. فافهم

حديث ١١٤٦ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَرَأَ فِدْيَةٌ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ પઢયું, ફર્માવ્યું, [હદીષ : ૧૧૪૬]

طَعَامُ مَسَاكِيْنَ قَالَ هِيَ مَنْسُوْخَةٌ ''

આ મન્સૂખ છે.'' (બુખારી ૨/૬૪૭ તફસીરે સૂરએ બકરહ)

સમજૂતી : ૧૧૪૬

એટલે કિર્અતે મુતવાતિર તો فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ છે પણ હઝરત ઈબ્ને ઉમરની કિરાઅત مساكين છે બહુવચનના સેગા સાથે. આ રિવાયતમાં એ તો છે કે આ આયત મન્સૂખ છે તેની નાસિખ શું છે એ વર્ણન નથી. પણ તિબરી (ફત્હુલ બારી ૪/૧૬૪)માં આ રિવાયત વિગતવાર આ પ્રમાણે છે કે આ આયત એટલે وعلى الذين يطيقونهને એના બાદવાળી આયત એટલે فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُએ મન્સૂખ કરી આપી.

પ્રકરણની સ્પષ્ટતા : ઉલમાનો એમાં મતભેદ છે કે રમઝાનની કઝા સતત લગાતાર રાખવી જરૂરી છે કે અલગ અલગ રીતે પણ દુરુસ્ત છે. અહલે ઝાહિર એવું કહે છે કે મુતાબિઅત (લગાતાર રાખવા) વાજિબ છે, ચારેવ મઝહબોના ઈમામો અને જમહૂરનો કૌલ એ છે કે મુતાબિઅત વાજિબ નથી, અલગ અલગ (મુતફર્રિક) રીતે પણ કઝા દુરુસ્ત છે.

બીજો મતભેદ એ છે કે જો રમઝાનના રોઝા ન રાખ્યા અને કઝા પણ નથી રાખ્યા ત્યાં સુધી કે બીજો રમઝાન આવી ગયો તો હવે કઝા સાકિત છે અને ફિદિયો વાજિબ છે અથવા રમઝાન બાદ તેની કઝા વાજિબ થશે. આપણો તથા જમહૂરનો મઝહબ એ જ છે કે હજી પણ કઝા વાજિબ છે, ફિદિયો પૂરતો નથી. હઝરત ઈમામ સઈદ બિન જુબૈર શહીદ તથા ઈમામ કતાદા ફર્માવે છે કે હવે કઝા સાકિત અને ફિદિયો વાજિબ છે.

ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદનો મઝહબ એ છે કે તે ગુનેહગાર છે અને એના પર કઝા પણ વાજિબ છે અને ફિદિયો પણ. એક કૌલ એ પણ છે કે રમઝાનની કઝા અલલ ફોર (તુરંત) વાજિબ છે અને મોડુ કરવું ગુનોહ છે. જો સફરના પૂર્ણ થતાં અને તંદુરસ્તી તથા શક્તિ મળતાં મોડુ કરનાર ગુનેહગાર થશે, ભલે બીજી રમઝાન આવતાં પહેલાં પહેલાં અદા કરી લે. પણ સહીહ એ છે કે તુરંત જ કઝા વાજિબ નથી અને મોડુ કરવામાં ગુનોહ નથી, જેવું કે હમણા હઝરત ઉમ્મુલ મોમિનીન رضی اللہ عنہا ની હદીષ આવી રહી છે એટલા માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું અને કેમ કે દલીલો વિરોધાભાસી છે એટલે પોતાનો કોઈ ફૈસલો ઈર્શાદ નથી ફર્માવ્યો. અલબત્ત જે અષરો આ પ્રકરણમાં લાવ્યા છે એનાથી એ જ જાહેર થાય છે કે એમની નજીક લગાતાર રાખવા શર્ત નથી.

દલીલો : અલ્લાહ عزوجل એ મુત્લક્ન (બિનશર્તી) ઈર્શાદ ફર્માવ્યો : فعدة من ايام اخر આમાં તતાબુઅની કૈદ (શર્ત) નથી, એનો ઈત્લાક (બિન શર્તી હોવું) એનો તકાઝો રાખે છે કે તતાબુઅ વિના પણ કઝા દુરુસ્ત છે, એનાથી ઉલ્ટુ કયાસ એવું ચાહે છે કે તતાબુઅ જરૂરી હોય, એટલા માટે કે કઝાને અદાના જેમ હોવું જરૂરી છે અને અદામાં તતાબુઅ છે તો કઝામાં પણ તતાબુઅ જરૂરી હોવું જોઈએ, પણ કેમ કે કયાસ વડે કિતાબુલ્લાહના મુત્લક (બિન શર્તી)ને પાબંદ કરવું જાઈઝ નથી એટલા માટે જમહૂરે કયાસ ત્યજીને કિતાબુલ્લાહ પર અમલ કર્યો છે.

بَابُ مَتٰى يُقْضٰى قَضَاءُ رَمَضَانَ صـ٢٦١

"રમઝાનના છોડેલા રોઝાની ક़ઝા ક્યારે કરશે ?" –(૨૬૧)

ت ٣٦٢ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا لَا بَأْسَ اَنْ يُّفَرِّقَ

"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, એમાં કોઈ વાંધો નથી કે અલગ **[તઅલીક़ : ૩૬૨]**

لِقَوْلِ اللّٰهِ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ

અલગ રીતે ક़ઝા રાખે કેમ કે અલ્લાહ عزوجل એ ફર્માવ્યું, એટલા રોઝા અન્ય દિવસોમાં રાખે."

ت ٣٦٣ وَقَالَ سَعِيْدُ بْنُ الْمُسَيِّبِ فِيْ صَوْمِ الْعَشْرِ لَا يَصْلُحُ

"અને સઈદ બિન મુસૈયિબે ફર્માવ્યું, જેના પર રમઝાનના રોઝાઓની ક़ઝા હોય **[તઅલીક़ : ૩૬૩]**

حَتّٰى يَبْدَاَ بِرَمَضَانَ -

તેણે ઝિલ હજ્જના દસ રોજના રોઝા રાખવા મુનાસિબ નથી, જ્યાં સુધી કે રમઝાનના છૂટી ગયેલા ન રાખી લે."

ت ٣٦٤ وَقَالَ اِبْرَاهِيْمُ النَّخَعِيُّ اِذَا فَرَّطَ حَتّٰى جَاءَ رَمَضَانُ

"અને ઈબ્રાહીમ નખઈએ ફર્માવ્યું, જો કોઈએ રમઝાનની ક़ઝામાં ઉણપ વર્તી ત્યાં **[તઅલીક़ : ૩૬૪]**

તઅલીક़ : ૩૬૨ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ અબ્દુર્રઝ્ઝાક़ે પોતાના મુસન્નફમાં મૌસૂલન્ રિવાયત કરી છે કે આયતે કરીમાથી ઈસ્તેદલાલની તક़રીર (દલીલ કરવાની વિગત) એ છે કે મુત્લક़ન્ ફર્માવ્યું : فَعِدَّةٌ مِنْ اَيَّامٍ اُخَرَ એટલા રોઝા અન્ય દિવસોમાં રાખે. એ શર્ત વર્ણવી નથી કે બીજો રમઝાન આવતા પહેલાં રાખે. એટલા માટે બીજા રમઝાન પછી પણ ક़ઝાનો સમય છે અને ક़ઝા વાજિબ થશે.

તઅલીક़ : ૩૬૩ની સમજૂતી આ તઅલીક़થી એ સાબિત નથી થતું કે રમઝાનના છૂટી ગયેલા રોઝા રાખ્યા વિના ઝિલ હજ્જના દસ રોજના રોઝા સહીહ નથી. કેવળ એ સાબિત થાય છે કે અફ઼ઝલ એ છે કે પ્રથમ છૂટી ગયેલા રોઝા રાખે. એના સાથે કોઈને મતભેદ નથી. એની દલીલ મુસન્નફ઼ ઈબ્ને અબી શયબાની રિવાયત છે. ક़તાદાથી મરવી છે કે સઈદ (બિન મુસૈયિબ) ઝિલ હજ્જના દસ રોજમાં રમઝાનની ક़ઝામાં કાંઈ વાંધો જાણતા ન હતા. આ પરથી સ્પષ્ટ જાહેર કે ઝિલ હજ્જના દસ દિવસોમાં નફલ રોઝા રાખે તો મના નથી.

તઅલીક़ : ૩૬૪ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. શબ્દો આ પ્રમાણે છે : ઈમામ હસન બસરી તથા ઈમામ નખઈએ ફર્માવ્યું, જ્યારે સતત એના પર બે રમઝાન આવી જાય તો બંનેના રોઝા રાખે. જો એના દરમ્યાનમાં તંદુરસ્ત થઈ ગયો અને પહેલાની ક़ઝા નથી અદા કરી તો તેણે બુરુ કર્યું, અલ્લાહથી ઈસ્તિગફાર કરે અને રોઝા રાખે. મુરાદ એ છે કે છૂટી ગયેલા ફર્ઝોની અદામાં જેટલી થઈ શકે જલ્દી કરવી લાઝિમ છે. મોતનો સમય માલૂમ નથી, જો અદા કર્યા વિના મૃત્યુ પામ્યો તો ફર્ઝો માથે રહી જશે.

آخَرُ يَصُوْمُهُمَا وَلَمْ يَرَ عَلَيْهِ طَعَامًا

સુધી કે બીજો રમઝાન આવી ગયો તો બંનેના રોઝા રાખે. એના પર ખાવા ખવડાવવું વાજિબ જાણતા ન હતા."

ت ٣٦٥ وَيُذْكَرُ عَنْ اَبِيْ هُرَيْرَةَ مُرْسَلًا وَّابْنِ عَبَّاسٍ اَنَّهُ يُطْعِمُ

"અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મુરસલન અને હઝરત [તઅલીક़ : ૩૬૫]

وَلَمْ يَذْكُرِ اللّٰهُ اِلَّا طَعَامًا اِنَّمَا قَالَ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ۔

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરવામાં આવી છે કે તે ખાવા ખવડાવે અને

અલ્લાહ عزوجل એ ખવડાવવાનુ વર્ણન નથી કર્યું, તેણે ફક્ત આટલુ ફર્માવ્યું, એ રોઝા અન્ય દિવસોમાં રાખે."

حديث ١١٤٧ عَنْ اَبِيْ سَلَمَةَ قَالَ سَمِعْتُ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا

"અબૂ સલમાએ કહ્યું, મેં ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી [હદીષ : ૧૧૪૭]

تَقُوْلُ كَانَ يَكُوْنُ عَلَيَّ الصَّوْمُ مِنْ رَّمَضَانَ فَمَا اَسْتَطِيْعُ اَنْ

સાંભળ્યું, તે ફર્માવે છે : મારો રમઝાનનો રોઝો છૂટતો રહેતો

તઅલીક़ : ૩૬૫ની સમજૂતી

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ના અષરને ઈમામ અબ્દુર્રઝ્ઝાક़ે પોતાના મુસન્નફમાં મુત્તસિલ સનદ સાથે મૌક़ૂફન અને ઈમામ દારકુત્નીએ મરફુઅન્ રિવાયત કરી છે. પણ દારકુત્નીની રિવાયતમાં છે કે મુજાહિદે હઝરત અબૂ હુરૈરહથી રિવાયત કરી અને મુજાહિદનું હઝરત અબૂ હુરૈરહથી સાંભળવું સાબિત નથી, એટલા માટે ઈમામ બુખારીએ એને મુરસલ કહી. તેમજ એના બે રાવી છે, ઈબ્રાહીમ બિન નાફેઅ અને અમ્ર બિન મૂસા બિન દહિયા ઝઈફ છે એટલા માટે એને તમરીઝના સેગા વડે વર્ણન કરી.

અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની તઅલીક़ને ઈમામ સઈદ બિન મન્સૂર તથા ઈમામ દારકુત્નીએ મૌસૂલન રિવાયત કરી છે.

ولم يذكر : આ હઝરત ઈમામ બુખારીનો ઈર્શાદ છે જે હઝરત અબૂ હુરૈરહ તથા હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના ઈર્શાદની વિરૂદ્ધ ફર્માવ્યું છે કે અલ્લાહ عزوجل એ બીમાર તથા મુસાફિરના માટે કેવળ એવું ફર્માવ્યું કે, "એ રોઝા અન્ય દિવસોમાં રાખે." ફિદિયાનો ઉલ્લેખ નથી કર્યો. એટલા માટે બીજો રમઝાન આવ્યા બાદ પણ કેવળ ક़ઝા વાજિબ થશે, ફિદિયો વાજિબ થશે નહીં અને ન ક़ઝા સાક़િત થશે. અને ન ફિદિયો પૂરતો થશે.

સમજૂતી : ૧૧૪૭

قال يحيىٰ : આ યહ્યા બિન સઈદ અન્સારી છે જેવું કે હાફિઝ મઝીએ આ હદીષના વર્ણનના વખતે નસ ફર્માવી આપી છે. **كان يكون** – **كان** ભૂતકાળ અને **يكون** ભવિષ્યને સાથે સાથે વર્ણન કરવામાં બનાવની તેહક़ીક़ તથા તાઝીમ તથા ઈસ્તમરાર (લગાતાર હોવું) તથા તકરાર (વારંવાર હોવું)નો હેતુ છે એટલે કે એવું વારંવાર થતુ હતું અથવા હમેશાં થતુ હતું. હાફિઝ મઝીના અતરાફમાં **ان كان يكون** છે. આ اَنَّ મુષક્કલાથી

اَقْضِيَ اِلَّا فِي شَعْبَانَ - قَالَ يَحْيٰى - اَلشُّغْلُ مِنَ النَّبِيِّ صَلَّى اللّٰهُ

અને હું તેને શાબાનથી પહેલાં અદા ન કરવા પામતી. યહ્યાએ કહ્યું,

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَوْ بِالنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

નબી ﷺની ખિદમતમાં મશ્ગૂલ થવાના કારણે મોડુ થઈ જતુ હતું."

بَابُ الْحَائِضِ تَتْرُكُ الصَّوْمَ وَالصَّلٰوةَ ص ٢٦١

"હૈઝવાળી રોઝા ન રાખે નમાઝ ન પઢે." *-(૨૬૧)*

وَقَالَ اَبُو الزِّنَادِ اَنَّ السُّنَنَ وَوُجُوهَ الْحَقِّ لَتَاتِي كَثِيرًا عَلٰى ت ٣٦٦

"અબૂ ઝિનાદે કહ્યું, સુન્નતો તથા હક્ક વાતો કેટલીકવાર રાયના વિરૂદ્ધ હોય છે **[તઅલીક : ૩૬૬]**

خِلَافِ الرَّاْيِ فَمَا يَجِدُ الْمُسْلِمُوْنَ بُدًّا مِّنِ اتِّبَاعِهَا مِنْ ذٰلِكَ

તેમ છતાં પણ મુસલમાનો પર તેનું પાલન જરૂરી છે, એનામાંથી આ પણ છે

اَنَّ الْحَائِضَ تَقْضِي الصِّيَامَ وَلَا تَقْضِي الصَّلٰوةَ

કે હૈઝવાળી પર રોઝાની ક઼ઝા છે, નમાઝની ક઼ઝા નથી."

મુખફ઼્ફ઼ા છે એટલે હર્ફે મુશબ્બહ બિલ ફેઅલ اَنَّ નો મુખફ઼્ફ઼ા છે, જેમ કે عَلِمَ اَنْ سَيَكُوْنُ માં છે. આ અધિક તેહક઼ીક઼ના માટે છે.

આ હદીષથી જાણવા મળ્યું કે રમઝાનની ક઼ઝા તુરંત વાજિબ નથી અને મોડુ કરવામાં ગુનોહ નથી. સ્ત્રી સંબધિત બીમારી (જેમ કે હૈઝ નિફાસ વગેરે)ના કારણે હઝરત ઉમ્મુલ મોમિનીન رضی اللہ عنہا નો રોઝો છૂટી જતો હતો અને અગ્યાર મહિના સુધી તેમને મોક઼ો ન મળતો. શાબાનમાં ખૂદ હુઝૂરે અક઼્દસ ﷺ ઘણા રોઝા રાખતા હતા એટલા માટે હઝરત ઉમ્મુલ મોમિનીન رضی اللہ عنہا ને પણ રોઝા રાખવાનો મોક઼ો મળી જતો હતો.

તઅલીક઼ : ૩૬૬ની સમજૂતી

આ અબૂ ઝિનાદ અબ્દુલ્લાહ બિન ઝકવાન કર્શી અબૂ અબ્દુર્રહમાન મદની છે. તેમનો વિસાલ હિ.સ. ૧૩૦ માં ૬૬ વરસની વયે થયો. ઈમામ ઈબ્ને મુઈને ફર્માવ્યું, આપષિક઼હ તથા હુજ્જત છે. સુફ઼યાન કહ્યા કરતા હતા કે અમીરુલ મોમિનીન ફિલ્ હદીષ છે.

તેમના આ ઈર્શાદનો સાર એ છે કે **જો કે દરેક શરીઅતના હુકમનો પાયો કોઈ ન કોઈ હિકમત પર છે, પણ એ જરૂરી નથી કે આપણે એ હિકમતને જાણી પણ લઈએ. એક માણસ પોતાનાથી અધિક બુધ્ધિશાળી તથા ચાલાક માણસના વાણી તથા વર્તનનાં રહસ્યો નથી જાણી શક્તો તો પછી અલ્લાહ ﷻ તથા રસૂલુલ્લાહ ﷺના ઈર્શાદો તથા હુકમોની હિકમતો તથા રહસ્યો જાણી જ લે**

એ જરૂરી નથી. એટલા માટે ઘણા એહકામ આપણને આપણી બુધ્ધિ તથા આપણા ક़યાસની વિરૂદ્ધ જણાય છે. આપણે તેનાં રહસ્યો તથા ભેદોથી વાકેફ઼િયત નથી પ્રાપ્ત કરી શક્તા, એનાથી એ જરૂરી નથી બનતુ કે તે એહકામ તથા ઈર્શાદો બુધ્ધિ વિરૂદ્ધ જ છે અને હિકમતથી ખાલી છે. આપણા પર ચૂંચા કર્યા વિના શરીઅતના દરેક હુકમનું પાલન વાજિબ છે. રહસ્યો તથા હિકમતોને અલ્લાહ ﷻ તથા રસૂલુલ્લાહ ﷺના હવાલે કરી આપવામાં આવે.

શૈતાન પ્રથમ માણસને "શા માટે અને કેવી રીતે ?!" નો ચસ્કો નાખે છે જેના કારણે માણસ દરેક ચીજને પોતાની અપૂર્ણ બુધ્ધિના ત્રાજવામાં તોલવાનો આદી થઈ જાય છે, ક્રમે ક્રમે એની આદતવાળો બની જાય છે કે જે વાત એની સમજમાં આવે તેને સ્વીકારે છે અને જે સમજમાં ન આવે તો તેને નથી સ્વીકારતો અને છેવટે ગુમરાહ થઈ જાય છે. આજે મોટાભાગની ગુમરાહીઓનો પાયો આ જ છે. આ જ પ્રમાણેનો એ મસ્અલો પણ છે કે હૈઝની હાલતમાં ન રોઝા દુરુસ્ત છે ન નમાઝ, પણ રોઝાની ક़ઝા છે નમાઝની નથી, જ્યારે કે બંનેવ ફ઼ર્ઝ છે, બલ્કે નમાઝ કેટલાય કારણે રોઝાથી મહત્વની છે. એવું હોવું જોઈતુ હતું કે નમાઝની પણ ક़ઝા હોય, પણ હુઝૂરે અક़્દસ ﷺએ રોઝાની ક़ઝા વાજિબ કરી છે નમાઝની નહીં. એટલા માટે આપણે સ્વીકાર કર્યા સિવાય કોઈ ચારો નથી. ફ઼ક़ીહોએ એને બુધ્ધિથી નિકટ કરવાની કોશિશ કરી છે કે હૈઝવાળીથી રોઝા વરસમાં વધુથી વધુ દસ છૂટશે જેની ક़ઝામાં કોઈ ખાસ મુશ્કેલી નથી. એથી ઉલ્ટુ નમાઝ કે તે દર મહિને દસ દિવસ રહી જાય તો દર મહિનામાં પચાસ વખતની ક़ઝા કરવાની થશે જે યક़ીનન ખૂબ જ મુશ્કેલ છે. એનો સાર એ નીકળ્યો કે શરીઅતે મુકલ્લફ઼ (જેના પર શરીઅતના હુકમો લાગુ થતા હોય)ની આસાનીને લક્ષમાં રાખી, ભલે નમાઝની હૈસિયતનો તક़ાઝો એ જ હતો કે એની પણ ક़ઝા વાજિબ થાત.

بَابُ مَنْ مَّاتَ وَعَلَيْهِ صَوْمٌ

"જે મૃત્યુ પામે એના પર રોઝા હોય તો શું કરવામાં આવે ?" –(૨૬૧)

وَقَالَ الْحَسَنُ إِنْ صَامَ عَنْهُ تَلْثُوْنَ رَجُلًا يَوْمًا وَاحِدًا اجْزَأَ [تઅલીક़ : ૩૬૭] ت ٣٦٧

"અને ઈમામ હસન બસરીએ ફ઼ર્માવ્યું, જો એના તરફથી ત્રીસ માણસો એક દિવસ રોઝો રાખી લે તો પૂરતુ છે."

પ્રકરણની સ્પષ્ટતા : જો કોઈ મરી જાય અને તેના માથે જો ફ઼ર્ઝ કે વાજિબ રોઝા હોય તો શું કરવામાં આવે ? આના બારામાં કેટલાયે મઝહબ છે. **પ્રથમ હનફ઼ીનો** કે દરેક રોઝાના બદલામાં એક ફ઼કીર મિસ્કીનને પેટ ભરીને ખાવા ખવડાવે અથવા અડધો સાઅ ઘઉં અથવા એક સાઅ જવ સદક़ો કરે. એના તરફથી રોઝો રાખવો પૂરતો થશે નહીં. હનફ઼ીઓની દલીલ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની આ હદીષ છે કે રસૂલુલ્લાહ ﷺએ ફ઼ર્માવ્યું, જે મૃત્યુ પામ્યો અને એના પર એક મહિનાના રોઝા છે તો દરેક દિવસના બદલામાં એક મિસ્કીનને ખાવા ખવડાવવું છે. (તિર્મિઝી, ૯૦–અસ્સૌમ) અલ્લામા કર્તબીએ શરહે મોઅત્તામાં કહ્યું, એની અસ્નાદ (સનદો) હસન છે. આ હદીષ પર જે જરહો (પકડો) કરવામાં આવી છે એ સૌના જવાબો અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયનીએ ઉમ્દતુલ ક़ારીમાં લખી આપ્યા છે. હદીષ બીજી : ઈમામ નિસાઈ (ઉમ્દતુલ ક़ારી, ૧૦/૬૨)એ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફ઼ર્માવ્યું, કોઈ કોઈના તરફથી ન નમાઝ પઢે ન રોઝા રાખે, અલ્બત્ત દરેક દિવસના બદલામાં એક મુદ (એક માપ) ખાણુ ખવડાવે. ઈમામ શાફ઼ઈનો ક़ૌલે જદીદ પણ એ જ છે. ફ઼રક એ છે કે તે માત્રા એક મુદ (માપ) ઘઉં દર્શાવે છે. ઈમામ માલિકનો પણ એ જ મઝહબ છે. વલી (વારસ) પર ફ઼িદિયો ત્યારે વાજિબ છે જ્યારે કે મૈયત વસિયત કરી ગયેલ હોય, અને જો વસિયત નથી કરી ગયો તો વલી પર ફ઼িદિયો આપવો વાજિબ નથી. આપણે ત્યાં એ છે કે જો વલી (વારસ) ફ઼িદિયો અદા કરી આપે તો ક़બૂલ થવાની ઉમ્મીદ છે, અને એ જ હુકમ નમાઝનો પણ છે.

બીજુ : એ કે વલી પોતાના તરફથી રોઝા રાખે. આ ઈમામ શાફ઼ઈનો ક़ૌલે કદીમ છે. આ જ દાઉદ ઝાહિરી તથા ઈબ્ને હઝ્મ વગેરેનો મઝહબ છે.

ત્રીજુ : જો એ રોઝા રમઝાનના છે તો દરેક રોઝાના બદલામાં એક મુદ ઘઉં આપે અને જો નઝર (મન્નત) કે કફ઼્ફારાના છે તો તેના તરફથી તેનો વલી રાખે. આ ઈમામ અહમદ વગેરેનો મઝહબ છે. એના બારામાં અધિક મઝહબો પણ છે જેનો કોઈ અનુસરનાર નથી.

તઅલીક़ : ૩૬૭ની સમજૂતી

આ અષરને દારકુત્નીએ કિતાબુલ મઝબહ઼માં મુત્તસિલ સનદ સાથે વર્ણન કરી છે. આ અષરથી બે વાતોના ફ઼ાયદા થયા. એક એ કે, એ જરૂરી નથી કે મૈયતનો વલી જ મૈયત તરફથી રોઝો રાખે બલ્કે બીજો પણ રોઝો રાખી શકે છે. બીજુ એ કે જરૂરી નથી કે એક શખ્સ સર્વ છૂટેલા રોઝા રાખે બલ્કે અમુક માણસો મળીને ચાહે તો એક દિવસે સૌ રોઝો રાખી શકે છે. આપણે ત્યાં ક़ઝા થયેલ નમાઝો તથા રોઝાની ક़ઝા બીજો કોઈ નથી રાખી શક્તો, એટલા માટે એનાથી મૈયત જિમ્મેદારીથી મુક્ત થશે નહીં.

حديث ١١٤٨ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ رَسُوْلَ اللّٰهِ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે [હદીષ : ૧૧૪૮]

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ مَّاتَ وَعَلَيْهِ صِيَامٌ صَامَ

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મૈયતના જિમ્મે જો રોઝા હોય તો તેનો

عَنْهُ وَلِيُّهٗ ؕ

વલી એના તરફથી રોઝા રાખે." (મુસ્લિમ, નિસાઈ–અસ્સિયામ)

حديث ١١٤٩ عَنْ سَعِيْدِ بْنِ جُبَيْرٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે એક સાહબ નબી ﷺ ની ખિદમતમાં [હદીષ : ૧૧૪૯]

قَالَ جَاءَ رَجُلٌ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ يَا رَسُوْلَ

હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી મા મૃત્યુ પામ્યાં છે અને એમના માથે રોઝા રહી

اللّٰهِ اِنَّ اُمِّيْ مَاتَتْ وَعَلَيْهَا صَوْمُ شَهْرٍ اَفَاَقْضِيْهِ عَنْهَا قَالَ نَعَمْ

ગયા છે હું તેને અદા કરી આપુ ? ફર્માવ્યું, અદા કરી આપો, અલ્લાહનુ દૈન (ક઼र्ઝ) અદા કરી આપવાને

فَدَيْنُ اللّٰهِ اَحَقُّ اَنْ يُّقْضٰى ؕ قَالَ سُلَيْمَانُ فَقَالَ الْحَكَمُ وَسَلَمَةُ

અધિક પાત્ર છે. સુલૈમાન અઅમશે કહ્યું, પછી હકમ તથા સલમાને કહ્યું અને અમો સૌ બેઠા હતા જ્યારે

وَنَحْنُ جَمِيْعًا جُلُوْسٌ حِيْنَ حَدَّثَ مُسْلِمٌ بِهٰذَا الْحَدِيْثِ قَالَا

મુસ્લિમે આ હદીષ વર્ણવી હતી. એ બંનેવે કહ્યું કે અમે મુજાહિદથી સાંભળ્યું.

سَمِعْنَا مُجَاهِدًا اَيْضًا يَّذْكُرُهٗ عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

તે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરતા હતા.

સમજૂતી : હદીષ : ૧૧૪૮–૧૧૪૯ એટલે કે મઝકૂર (વર્ણવેલ) સનદની સાથે એ પણ છે કે સુલૈમાન અઅમશ મશહૂર મુહદ્દિષ તથા આ હદીષના રાવીએ કહ્યું કે જ્યારે મુસ્લિમ બિન ઈમરાન બતૈને આ હદીષ વર્ણવી તો હું અને હકમ બિન ઉતૈબા અને સલમા બિન કુહૈલ એમની મજલિસમાં બેઠા હતા અને એ જ મજલિસમાં અધિક હકમ બિન ઉતૈબા અને સલમા બિન કુહૈલથી પણ સાંભળ્યું. قال ની ઝમીરે તષ્નિયાનો મરજઅ એ જ બંનેવ છે. સાર એ નીકળ્યો કે સુલૈમાન અઅમશે આ હદીષ એક મજલિસમાં ત્રણ બુઝુર્ગોથી સાંભળી છે, એમ મુસ્લિમ બતીનથી અને તે સઈદ બિન જુબૈરથી, તે હઝરત ઈબ્ને અબ્બાસથી. બીજા ત્રીજા હકમ બિન ઉતૈબા અને સલમા બિન કુહૈલથી, આ બંનેવ મુજાહિદથી, તે હઝરત ઈબ્ને અબ્બાસથી.

ت ٣٦٨ وَيُذْكَرُ عَنْ اَبِي خَالِدٍ الْاَحْمَرِ قَالَ حَدَّثَنَا الْاَعْمَشُ عَنِ

"અબૂ ખાલિદ અહમરથી રિવાયત કરવામાં આવે છે કે તેમણે કહ્યું કે [તઅલીક़ : ૩૬૮]

الْحَكَمِ وَمُسْلِمِ الْبَطِيْنِ وَسَلَمَةَ بْنِ كُهَيْلٍ عَنْ سَعِيْدِ بْنِ جُبَيْرٍ وَعَطَاءٍ

અમને હકમ તથા મુસ્લિમ બતીન તથા સલમા બિન કુહેલથી રિવાયત કરતાં અઅમશે હદીષ વર્ણવી.

وَمُجَاهِدٍ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قَالَتِ امْرَاَةٌ

આ ત્રણેવ સઈદ બિન જુબૈર તથા અતા તથા મુજાહિદથી, અને આ ત્રણેવ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી

لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ اُخْتِيْ مَاتَتْ

રિવાયત કરે છે કે, એક ખાતૂન નબી ﷺની ખિદમતમાં હાજર થઈ અને અર્ઝ કરી કે મારી બહેન મૃત્યુ

وَقَالَ يَحْيٰى وَاَبُوْ مُعَاوِيَةَ حَدَّثَنَا الْاَعْمَشُ عَنْ مُسْلِمٍ عَنْ سَعِيْدٍ

પામી છે. અને યહ્યા તથા અબૂ મુઆવિયહએ કહ્યું અમને અઅમશે અન સઈદ અન

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَتِ امْرَاَةٌ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ

ઈબ્ને અબ્બાસ હદીષ વર્ણવી કે એ ખાતૂને નબી ﷺ થી અર્ઝ કરી,

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ اُمِّيْ مَاتَتْ -

મારી મા મૃત્યુ પામી."

તઅલીક़ : ૩૬૮ની સમજૂતી

આ તઅલીક़ને ઈમામ તિર્મિઝી (અસ્સૌમ) તથા ઈબ્ને માજહ (અસ્સિયામ–૧૨૭)એ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. પણ એમાં હકમ બિન ઉતૈબાનો ઉલ્લેખ નથી. ઈમામ મુસ્લિમ (૧/૩૬૨ અસ્સિયામ)એ એ જ તિર્મિઝીવાળી સનદથી હકમ બિન ઉતૈબાના વધારાની સાથે આ મતનને વર્ણવ્યું છે જે ઉપર દર્શાવેલ છે, એટલે جاء رجل. ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે આ હદીષના મતન (મૂળ લખાણ)માં પણ ઈઝતેરાબ (જેના મતન અથવા સનદમાં રિવાયતકર્તાઓ દરમ્યાન મતભેદ હોય એને મુઝતરિબ અને આવા મતભેદને ઈઝતેરાબ કહેવામાં આવે છે) છે અને સનદમાં પણ, જે સામાન્ય સરખી સમજ રાખનાર પર પણ ઉઘાડુ છે.

સ્પષ્ટતા : યહ્યા બિન સઈદ તથા અબૂ મુઆવિયહએ સુલૈમાન અઅમશથી જ જે રિવાયત કરી એમાં મુસ્લિમ બિન બતીને શયખ સઈદ બિન જુબૈરને સ્વીકાર્યા પણ મતન બદલી નાખ્યું.

ت ٣٦٩ وَقَالَ عُبَيْدُ اللّٰهِ عَنْ زَيْدِ بْنِ أَبِي أُنَيْسَةَ عَنِ الْحَكَمِ عَنْ

"અને અબ્દુલ્લાહે અન ઝયદ બિન અબી ઉનૈસા અન હકમ અન સઈદ અન [તઅલીક : ૩૬૯]

سَعِيدٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَتِ امْرَأَةٌ لِلنَّبِيِّ

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહ્યું કે એક ખાતૂને નબી ﷺથી અર્ઝ કરી કે મારી વાલિદા (મા) મૃત્યુ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَاتَتْ أُمِّي وَعَلَيْهَا صَوْمُ نَذْرٍ

પામ્યાં છે અને એમના પર મન્નતના રોઝા છે."

ت ٣٧٠ وَقَالَ أَبُو حَرِيزٍ ثَنِي عِكْرِمَةُ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى

"અને અબૂ હરીઝે કહ્યું, મને ઈકરમાએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત [તઅલીક : ૩૭૦]

عَنْهُمَا قَالَتِ امْرَأَةٌ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَاتَتْ أُمِّي

કરતાં હદીષ વર્ણવી કે એક ખાતૂને નબી ﷺથી અર્ઝ કરી કે મારી મા મૃત્યુ પામ્યાં છે અને

وَعَلَيْهَا صَوْمُ خَمْسَةَ عَشَرَ يَوْمًا -

એમના પર પંદર દિવસના રોઝા છે."

તઅલીક : ૩૬૯ની સમજૂતી

એને ઈમામ મુસ્લિમે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. આ રિવાયતમાં નિશ્ચિત છે કે મરનારી પર મન્નતના રોઝા હતા.

તઅલીક : ૩૭૦ની સમજૂતી

આ તઅલીકને ઈમામ બયહકીએ મૌસૂલન્ વર્ણન કરી છે. એમાં રોઝાઓની સંખ્યા વર્ણન થયેલી છે. **حل اشکال** હઝરત ઉમ્મુલ મોમિનીનની હદીષનો જવાબ એ છે કે આ હદીષ ઓબૈદુલ્લાહ બિન જઅફરના કારણે ઝઈફ છે. તેમજ ખૂદ ઉમ્મુલ મોમિનીનનો ફત્વો એનાથી વિરૂદ્ધ છે. ઈમામ તહાવીએ ઉમરા બિન્તે અબ્દુર્રહમાનથી રિવાયત કરી, તેણી કહે છે : મેં હઝરત આઈશાથી પૂછયું, મારી મા મૃત્યુ પામ્યાં છે અને તેમના માથે રમઝાનના રોઝા છે, શું એ દુરુસ્ત છે કે હું એની કઝા રાખી લઉં ? ફર્માવ્યું, નહીં ! બલ્કે દરેક દિવસના બદલામાં તેણી તરફથી સદકો આપ, એ તારા રોઝાથી બેહતર છે.

અમે એવું સાબિત કરી ચૂક્યા છીએ કે રાવી જ્યારે પોતાની રિવાયત કરેલ હદીષની વિરૂદ્ધ ફત્વો આપે તો એ એની દલીલ છે કે તે હદીષ મન્સૂખ છે, નહીં તો લાઝિમ થશે કે સહાબીએ હદીષ વિરૂદ્ધ ઈરાદાપૂર્વક ફત્વો આપ્યો.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષ ઉપરાંત અલ્લામા કુર્તબીએ વિવિધ જવાબો આપ્યા છે. **પ્રથમ** : એ કે એના પર મદીનાવાસીઓનો અમલ નથી એટલા માટે ઈમામ માલિકે એને નથી લીધી. **બીજુ** : આ હદીષની

ઈસ્નાદ તથા મતનમાં સખત મતભેદ છે. **ત્રીજુ** : બઝ્ઝારે જે રિવાયત કરી એના અંતમાં છે : **لمن شاء** "જે ચાહે." એ દલીલ છે કે એ વાજિબ નથી. **ચોથુ** : એ ખૂદ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની બીજી હદીષથી વિરૂદ્ધ છે જેને ઈમામ નિસાઈએ રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "કોઈ કોઈના તરફથી ન નમાઝ પઢે ન રોઝા રાખે. હા ! દરેક દિવસના બદલામાં એક મુદ અનાજ આપે." **પાંચમુ** : ઈર્શાદે ખુદાવંદી છે : لَاتَزِرُوَازِرَةٌ وِّزْرَاُخْرٰى કોઈ બીજાનો બોજ ઉઠાવશે નહીં. અને આ ક़ૌલમાં એકનો બોજ બીજા પર લાદવું છે. **છઠ્ઠુ** : સ્પષ્ટ ક़યાસની વિરોધાભાસી છે એટલા માટે કે રોઝો શારીરિક ઈબાદત છે અને શારીરિક ઈબાદતમાં નાયબપણુ કે વકાલત દુરુસ્ત નથી, નહીં તો માલદારોને છૂટ્ટી મળી જશે કે નમાઝ અને રોઝા અદા કરવાના માટે મજૂર રાખી લીધા કરે.

તદ્ઉપરાંત હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ફત્વો એનાથી વિરૂદ્ધ છે, તેમજ એ કે 'શયખે ફાની' જ્યારે રોઝા પર શક્તિમાન નથી તો રોઝાના હક્ક़માં મૈયત સમાન છે, પણ એના તરફથી બીજાનો રોઝો પૂરતો નથી, ફિદિયો વાજિબ છે. એ જ પ્રમાણે મૈયતના તરફથી પણ. તેમજ નમાઝના બારામાં ઈજમાઅ છે કે બીજાની તરફથી અદાયગી દુરુસ્ત નથી. રોઝા તથા નમાઝ શારીરિક ઈબાદતો હોવામાં શરીક છે જેથી નમાઝની જેમ રોઝામાં પણ એ જાઈઝ નથી કે બીજો રાખે. જ્યારે એક વાત વિવિધતામય થઈ જાય છે તો જરૂરી છે કે મુત્તફક़ અલૈહ (જેના પર સહમત હોવી)ની તરફ રાજેહ કરવામાં આવે.

સ્પષ્ટતા : ઈમામ બુખારીએ આ (૧૧૪૯) હદીષને અહીં છ તરીક़ાઓ વડે રિવાયત કરી છે. ચાર હઝરત સુલૈમાન ઈબ્ને અઅમશના તરીક़ાથી અને એક ઝયદ બિન અબી ઉનૈસા અને એક અબૂ હરીઝના તરીક़ાથી. તેમજ આ હદીષ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના ચાર શાગિર્દો હઝરત સઈદ બિન જુબૈર, હઝરત મુજાહિદ, હઝરત ઈકરમા, હઝરત અતાથી રિવાયત કરી છે, પણ એ રિવાયતોમાં નીચે જણાવેલ વિરોધાભાસ છે : પ્રથમ એ કે પહેલા બે તરીક़ામાં મતન એ છે કે, એક સ્ત્રી નબી ﷺની ખિદમતમાં હાજર થઈ અને અર્ઝ કરી કે મારી મા વફાત કરી ગયાં છે અને એમના પર એક મહિનાના રોઝા છે. આ રિવાયત હઝરત ઈબ્ને અબ્બાસના બે શાગિર્દો સઈદ બિન જુબૈર અને મુજાહિદથી છે. આ બંને તરીક़ાઓમાં ફરક એ છે કે પ્રથમ તરીક़ામાં અઅમશના શયખ મુસ્લિમ બતીન છે અને રાવી સઈદ બિન જુબૈર, અને બીજા તરીક़ામાં મુસ્લિમ બતીનની સાથે તેમના શયખ હકમ બિન ઉતૈબા તથા સલમા બિન કુહૈલ પણ છે. મુસ્લિમ બતીન તો સઈદ બિન જુબૈરથી રિવાયત કરે છે અને હકમ તથા સલમા, મુજાહિદથી. **બીજુ** : ત્રીજા તરીક़ામાં અઅમશના મશાઈખ હકમ, મુસ્લિમ બતીન, સલમા બિન કુહૈલ ત્રણેવ છે. અને આ ત્રણેવ સઈદ બિન જુબૈર, અતા તથા મુજાહિદ એ હઝરત ઈબ્ને અબ્બાસના ત્રણ શાગિર્દોથી રિવાયત કરે છે. એનું મતન એ છે કે એક ખાતૂન ખિદમતે અક़્દસમાં હાજર થઈ અને અર્ઝ કરી, મારી બહેન મૃત્યુ પામી છે. બુખારીમાં આટલુ જ છે પણ તિર્મિઝી તથા ઈબ્ને માજહમાં આગળ આ પ્રમાણે છે : અને એના પર બે મહિનાના સતત રોઝા છે. આ બંનેવ મતનોમાં ચાર વિવિધતા થઈ. **પ્રથમ** : પહેલામાં **رجل** (રજુલુન) છે અને એમાં **امرأة** છે. **બીજુ** : પહેલામાં **امی** છે અને એમાં **اختی** છે. **ત્રીજુ** : પહેલમાં **صوم شهر** છે અને આમાં **شهرين** છે. પહેલામાં મુતતાબેઅનની (સતતની) શર્ત નથી અને આમાં છે. વર્ણન થઈ ચૂક્યું કે મુસ્લિમમાં આ જ સનદ સાથે પહેલુ મતન છે. હવે પાંચ ઈઝતેરાબ (વિરોધાભાસ) થયાં.

ત્રીજુ : યહ્યા તથા મુઆવિયહના તરીક़ાથી અઅમશની જ જે રિવાયત સઈદ બિન જુબૈરથી છે એમાં આ પ્રમાણે છે : એક ખાતૂને ખિદમતે અક़્દસમાં અર્ઝ કરી, મારાં વાલિદા વફાત કરી ગયાં છે. બુખારીમાં આગળ કાંઈ નથી અને એની બીજી તખરીજનો પણ પતો નથી મળી શક્યો. અલ્લામા અયનીએ અબૂ દાઊદનો અને અલ્લામા ઈબ્ને હજરે નિસાઈનો હવાલો આપ્યો છે, પણ મને બંનેવમાં આ રિવાયત નથી મળી. આ રિવાયત પહેલીના **رجل** માં વિરોધી છે અને બીજીના **اختی**ની.

بَابُ مَتٰى يَحِلُّ فِطْرُ الصَّائِمِ

"રોઝાદારે રોઝો ખોલવો ક્યારે જાઈઝ છે" –(૨૬૨)

ت ૩૭૧ وَأَفْطَرَ أَبُوْ سَعِيْدِ الْخُدْرِيُّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ حِيْنَ غَابَ قُرْصُ الشَّمْسِ

"અને હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ સૂરજ ડૂબતાં જ રોઝો ખોલી નાખ્યો." **[તઅલીક : ૩૭૧]**

حديث ૧૧૫૦ سَمِعْتُ عَاصِمَ بْنَ عُمَرَ بْنِ الْخَطَّابِ عَنْ أَبِيْهِ قَالَ قَالَ

"હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૧૫૦]**

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَقْبَلَ اللَّيْلُ مِنْ هٰهُنَا وَأَدْبَرَ

જ્યારે જ્યારે રાત અહીંથી આગળ વધે અને દિવસ અહીંથી પાછો ચાલ્યો જાય અને સૂરજ ડૂબી જાય

النَّهَارُ مِنْ هٰهُنَا وَغَرَبَتِ الشَّمْسُ فَقَدْ أَفْطَرَ الصَّائِمُ ع ه

તો રોઝો પૂરો થઈ ગયો." (મુસ્લિમ, અબૂ દાઉદ, તિમિઝી, નિસાઈ–અસ્સિયામ, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૨૮)

ચોથુ : ઓબૈદુલ્લાહની રિવાયત ઝયદ બિન અબી ઉનૈસા અનિલહકમ અન સઈદના તરીકામાં એ છે કે એક ખાતૂને ખિદમતે અકદસમાં અર્ઝ કરી, મારી મા કઝા કરી ગયાં. મારી મા કઝા કરી ગયાં છે અને એના પર મન્નતના રોઝા છે. આ રિવાયત પહેલીના رجل (રજુલુન)ના વિરૂદ્ધ છે અને બીજીના اختی માં. રહી ગયા મન્નતના રોઝા તો એ પાછલી રિવાયતોની વિરૂદ્ધ નથી.

પાંચમુ : અબૂ હરીઝની ઈકરમાથી જે રિવાયત છે એમાં એ છે કે મારી મા મરી ગયાં અને એમના પર પંદર દિવસના રોઝા છે. આ રિવાયત પહેલીના رجل (રજુલુન) અને સૌમે શહરની વિરૂદ્ધ છે અને બીજીના اختی ના શહરૈનની તેમજ મુતતાબિઅતની આ ચૌદ ઈઝતેરાબ કેવળ મતનમાં છે. ઈસ્નાદનો ઈઝતેરાબ તો એથી અલગ છે. પ્રથમ, બીજી, ત્રીજી, ચોથીથી એ નથી માલૂમ થતુ કે આ રોઝા મરનાર પર રમઝાનના રોઝા હતા કે મન્નતના, એમાં બંનેની સંભાવના છે પણ બીજી તથા પાંચમીથી જણાય છે કે એ મન્નતના રોઝા હતા. પાંચમીમાં મન્નતના રોઝાની સ્પષ્ટતા છે. અને બીજીમાં شهرين متتابعين દર્શાવે છે કે મન્નતના જ રોઝા હતા.

તઅલીક : ૩૭૧ની સમજૂતી

આ તઅલીકને ઈમામ સઈદ બિન મન્સૂર અને ઈમામ ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. એનો સાર એ છે કે સૂર્ય ડૂબતાં જ રોઝો પૂરો થઈ ગયો. રોઝાની પૂર્ણતા માટે રાતના કોઈ હિસ્સા સુધી રોઝો રાખવો જરૂરી નથી.

સમજૂતી : ૧૧૪૦

ગુરૂબ આફતાબના બે અર્થ છે, એક હકીકી એટલે સૂરજનો ગોળો ક્ષિતિજની નીચે ચાલ્યો જાય કે નજર ન આવે. હકીકી ગુરૂબ બાદ પણ સૂરજ ક્ષિતિજ ઉપર દેખાતો રહે છે, એટલા માટે ગુરૂબે શરઈ ગુરૂબે હકીકી બાદ થાય છે. સૂરજના ડૂબવાથી ઘણા અગાઉ પશ્ચિમથી કાળાશ ઉઠવાની શરૂ થઈ જાય છે એના પછી રોશની ગાયબ

بَابُ تَعْجِيلِ الْاِفْطَارِ صـ ٢٦٣

"ઈફ્તારમાં જલ્દી કરવું." –(૨૬૩)

حديث ١١٥١ عَنْ سَهْلِ بْنِ سَعْدٍ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا

"હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૧૫૧]**

يَزَالُ النَّاسُ بِخَيْرٍ مَّا عَجَّلُوا الْفِطْرَ ٥

લોકો હમેશાં ભલાઈમાં રહેશે જ્યાં સુધી ઈફ્તાર જલ્દી કરશે." (મુસ્લિમ, ઈબ્ને માજહ–અસ્સૌમ)

થાય છે અને સૂરજ હજી ક્ષિતિજે નજરે આવ્યા કરે છે બાદમાં ડૂબે છે. એટલા માટે હુઝૂર ﷺ એ પ્રથમ **اقبال لیل** વર્ણન કર્યું પછી **ادبار نهار** પછી **غروب شمس** ને વર્ણવ્યું, પશ્ચિમથી કાળાશ ઉઠતાં જ સૂરજ નથી ડૂબતો, અને ન રોશની ગાયબ થવાનો મતલબ એ છે કે સૂર્ય ડૂબી જાય. રોશની ગાયબ થયા પછી પણ સૂર્ય ક્ષિતિજ પર રહે છે. આ હદીષમાં **ليل** થી મુરાદ અંધારું અને **نهار** થી રોશની છે.

હદીષ : ૧૧૫૧ની સમજૂતી અબૂ દાઉદ (૧/૩૨૧ અસ્સિયામ)માં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષમાં છે : દીન હમેશાં ગાલિબ (સવાર, છવાયેલો) રહેશે જ્યાં સુધી લોકો ઈફ્તારીમાં જલ્દી કરશે. **لان اليهود والنصارىٰ يوخرون** એટલા માટે કે યહૂદી તથા નસારા મોડેથી ઈફ્તાર કરે છે. એ લોકો તારાઓ જાહેર થતા સુધી મોડુ કરે છે અને એમના જેમ રાફઝીઓ પણ કરે છે. તઅજીલ (જલ્દી)થી મુરાદ એ છે કે જ્યારે સૂરજ ડૂબવાનુ ગુમાન અધિક થઈ જાય તો જરા પણ મોડુ ન કરે અને એવું વિચારીને કે થોડીવાર અધિક રોકાઈ જઈએ તો શું વાંધો છે, એ આ ઈર્શાદના વિરૂદ્ધ છે બલ્કે આ હદીષમાં બારીક દષ્ટિ નાખવાથી જાહેર થશે કે એમાં એક પ્રકારની વોર્નિંગ પણ ઝલકી રહી છે. એટલા માટે કે એવું ફર્માવ્યું, "જ્યાં સુધી ઈફ્તારમાં જલ્દી કરશે ભલાઈમાં રહેશે." એનાથી જાહેર કે જો મોડુ કરશે તો ભલાઈથી વંચિત રહેશે. હુઝૂરે અકદસ ﷺ ની આદતે કરીમા હતી કે પ્રથમ રોઝો ઈફ્તાર કરતા પછી નમાઝ પઢતા. ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબા (ઉમ્દતુલ ક़ારી, ૧૦/૬૭)એ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી, તે કહે છે : મેં નબી કરીમ ﷺ ને કદી નથી જોયા કે રોઝો ઈફ્તાર કર્યા વિના મગરિબ પઢી હોય, ભલે એક ઘૂંટડા પાણીથી પણ ઈફ્તાર કરતા.

જરૂરી ચેતવણી : આપણા પૂરા હિંદુસ્તાનમાં એ રિવાજ આમ થઈ ગયો છે કે રમઝાન મુબારકમાં ઈફ્તારીના માટે જાત જાતની ચીજો લઈને લોકો મસ્જિદમાં જાય છે અને સૂરજ ડૂબતાં જ એના પર તૂટી પડે છે. અઝાન થતી રહે છે અને લોકો ખાતા રહે છે. અઝાનનો જવાબ પણ નથી આપતા. અઝાન પૂરી થયા પછી પણ મોડે સુધી ખાતા રહે છે જેના કારણે જમાઅતમાં મોડુ થઈ જાય છે બલ્કે જો કોઈ ખુદાના ડરવાળો ઈમામ અઝાન બાદ જમાઅત શરૂ કરી આપે તો એના પર ટીકા ટીપ્પણો થાય છે. જ્યારે કે રમઝાનમાં પણ **બે રકાત પઢાય એટલો સમય મગરિબમાં મોડુ કરવું મકરૂહ છે.** એમાં શરીઅતની રૂએ ત્રણ ખરાબીઓ છે : અઝાનનો જવાબ વાજિબ છે એને ત્યજી દે છે. મગરિબની નમાઝમાં મોડુ કરીને કરાહતમાં પડે છે અને એતેકાફની નિય્યત કર્યા વિના મસ્જિદમાં ખાય છે, અને ખાણા વડે મસ્જિદને ખરાબ કરે છે. મુસલમાનો પર લાઝિમ છે કે એનાથી બચે. અફઝલ એ જ છે કે થોડીક ખજૂરો ખાઈને પાણી પી લે અથવા થોડીક ચીજો ખાઈ લે અને અઝાન ખત્મ થતાં જ જમાઅત ઉભી કરે. અને જ્યાં સુધી અઝાન થતી રહે ન કાંઈ ખાય ન પીએ, અઝાનનો જવાબ આપે. મસ્જિદમાં દાખલ થતાં જ નફલી એતેકાફની નિય્યત કરી લે. એનો ખાસ ખયાલ રાખે કે મસ્જિદ ખાવાની ચીજો શરબત વગેરેથી ખરાબ ન થાય.

بَابٌ إِذَا أَفْطَرَ فِي رَمَضَانَ ثُمَّ طَلَعَتِ الشَّمْسُ ٢٦٣

"જ્યારે રમઝાનમાં ઈફ્તાર કરે પછી સૂરજ દેખાય આવે."

حديث ١١٥٢ عَنْ أَسْمَاءَ بِنْتِ أَبِي بَكْرٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا قَالَتْ أَفْطَرْنَا عَلَى عَهْدِ النَّبِيِّ صَلَّى اللهُ

"હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે નબી ﷺ ના જમાનામાં **[હદીષ : ૧૧૫૨]**

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فِي يَوْمٍ غَيْمٍ ثُمَّ طَلَعَتِ الشَّمْسُ قِيلَ لِهِشَامٍ فَأُمِرُوا بِالْقَضَاءِ قَالَ بُدٌّ

વાદળના દિવસે રોઝો ખોલી નાખ્યો ત્યારબાદ સૂરજ દેખાય આવ્યો. હિશામને કહેવામાં આવ્યું,

مِنْ قَضَاءٍ وَقَالَ مَعْمَرٌ سَمِعْتُ هِشَامًا لَا أَدْرِي أَقَضَوْا أَمْ لَا ٥٩

ત્યારબાદ લોકોને ક़ઝાનો હુકમ ફર્માવ્યો. ક़ઝા જરૂરી છે. મઅમિરે કહ્યું,
મેં હિશામથી સાંભળ્યું, હું નથી જાણતો કે લોકોએ ક़ઝા કરી કે નહીં."

હદીષ : ૧૧૫૨ની સમજૂતી

કોઈકે એવા ગુમાન પર કે સૂરજ આથમી ગયો છે અને ઈફ્તાર કરી લીધો. પછી જણાયું કે સૂરજ ડૂબ્યો નથી તો એના પર વાજિબ છે કે બાકીનો દિવસ રોઝાદાર જેમ રહે અને એ રોઝાની ક़ઝા કરે. એ જ ઈમામે આ'ઝમ, ઈમામ માલિક, ઈમામ શાફ઼ઈ, ઈમામ અહમદનો મઝહબ છે. એના પર કફ્ફારો નથી. અલ્બત્ત ઈમામ અહમદ ફર્માવે છે કે જો સંભોગ કરી લીધો તો કફ્ફારો પણ વાજિબ છે. ઈમામ મુજાહિદ, ઈમામ અતા, ઈમામ ઉરવહ બિન ઝુબૈર એવું કહે છે કે એના પર ક़ઝા પણ નથી, એ એવું જ છે જેવી રીતે કોઈએ ભૂલીને ખાય પી લીધું. હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી જે રિવાયત આવી છે તે એ જ છે કે એના પર ક़ઝા છે, એ રિવાયત કે એના પર ક़ઝા નથી એ સહીહ નથી. ઈમામ બયહક़ીએ ઝયદ બિન વહબથી રિવાયત કરી કે અમે મસ્જિદે નબવીમાં રમઝાનમાં બેઠેલા હતા અને આસ્માન વાદળોમય હતું. સૂરજ દેખાતો ન હતો. સાંજ થઈ ગઈ. ઉમ્મુલ મોમિનીન હઝરત હફ઼સા رضی اللہ عنہا ના ઘરેથી દૂધ આવ્યું તે અમે પી કાઢયું. ત્યારબાદ વાદળ હટી ગયું અને સૂરજ દેખાય આવ્યો. અમે આપસમાં કહ્યું કે એના બદલામાં એક દિવસ ક़ઝા કરી લઈશું. એને હઝરત ઉમરે સાંભળ્યું તો ફર્માવ્યું, આપણે ક़ઝા કરીશુ નહીં, આપણે કાંઈ ગુનોહ કર્યો નથી. પણ આ રિવાયતને મુહદ્દિષોએ ગલત કહી. હઝરત ઉમર رضی اللہ عنہ થી અન્ય ઘણી બધી રિવાયતો આવેલી છે જેમાં તેમણે ક़ઝાનો હુકમ આપ્યો છે. આ રિવાયત એનાથી વિરૂદ્ધ છે. આ રિવાયતમાં ઈરસાલ પણ છે.

ઈફ્તારની જે સહરીમાં પણ મતભેદ છે. જો સહરી ખાધા પછી જાણવા મળ્યું કે સુબ્હ સાદિક़ તુલૂઅ થઈ ગઈ હતી તો ચારેવ ઈમામો તથા જમહૂરને ત્યાં એ જ હુકમ છે કે આખો દિવસ રોઝાદારની જેમ રહે અને એના બદલામાં એક રોઝો રાખે. અલ્બત્ત ઈમામ ઈસ્હાક़ે કહ્યું કે ક़ઝા વાજિબ નથી. જો કે પસંદીદા એ જ છે (કે ક़ઝા કરે).

قال معمر આ મઅમિર બિન રાશિદ અઝદી હેરાની બસરી છે. આ તઅલીક़ને ઈમામ અબ્દ બિન હુમૈદે મૌસૂલન્ રિવાયત કરી છે.

بَابُ صَوْمِ صِبْيَانَ ص ٢٦٣

"બાળકોનુ રોઝો રાખવું"

ت ٣٧٢ وَقَالَ عُمَرُ لِنَشْوَانَ فِيْ رَمَضَانَ وَيْلَكَ وَصِبْيَانُنَا صِيَامٌ فَضَرَبَهُ

"અને હઝરત ઉમર رضی اللہ عنہ એ એક નશાવાળાને ફર્માવ્યું, તારા માટે ખરાબી થાય અને અમારાં બાળકો રોઝાથી છે, પછી તેને માર્યો." [તઅલીક : ૩૭૨]

حديث ١١٥٣ عَنِ الرُّبَيِّعِ بِنْتِ مُعَوِّذٍ قَالَتْ اَرْسَلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત રૂબય્યીઅ બિન્તે મુઅવ્વિઝે ફર્માવ્યું, નબી صلی اللہ علیہ وسلم એ આશૂરાના દિવસે [હદીષ : ૧૧૫૩]

عَلَيْهِ وَسَلَّمَ غَدَاةَ عَاشُوْرَاءَ اِلٰى قُرَى الْاَنْصَارِ مَنْ اَصْبَحَ مُفْطِرًا

અન્સારની આબાદીઓમાં ખબર મોકલી, જેણે સવાર એ હાલતમાં કરી છે કે તે રોઝાદાર નથી તો બાકીનો

فَلْيُتِمَّ بَقِيَّةَ يَوْمِهٖ وَمَنْ اَصْبَحَ صَائِمًا فَلْيَصُمْ قَالَتْ فَكُنَّا نَصُوْمُهُ

દિવસ રોઝાદારની જેમ રહે. અને જેણે સવાર એ હાલતમાં કરી છે કે તે રોઝાદાર છે તો તે રોઝાથી રહે.

بَعْدُ وَنُصَوِّمُ صِبْيَانَنَا وَنَجْعَلُ لَهُمُ اللُّعْبَةَ مِنَ الْعِهْنِ فَاِذَا بَكٰى

ત્યારબાદ અમે આશૂરાનો રોઝો રાખતા હતા અને બાળકો પાસે રખાવતા હતા અને તેમના માટે તેમનુ

اَحَدُهُمْ عَلَى الطَّعَامِ اَعْطَيْنَاهُ ذٰلِكَ حَتّٰى يَكُوْنَ عِنْدَ الْاِفْطَارِ

રમકડુ બનાવી આપતા. જ્યારે કોઈ ખાવા માટે રડતું તો તે રમકડુ તેને આપી દેતા ત્યાં સુધી કે ઈફતારનો

قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ الْعِهْنُ الصُّوْفُ ع ه

સમય થઈ જતો. અબૂ અબ્દુલ્લાહ બુખારીએ ફર્માવ્યું عهن છે. " (મુસ્લિમ–અસ્સિયામ)

તઅલીક : ૩૭૨ની સમજૂતી આ તઅલીકને ઈમામ સઈદ બિન મન્સૂર ઈમામ બગવીએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. પૂરી તઅલીક આ પ્રમાણે છે કે, એક શખ્સે રમઝાનમાં શરાબ પી લીધી. જ્યારે તેને હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની ખિદમતમાં લાવવામાં આવ્યો તો ગબડી પડયો. એના પર હઝરત ઉમરે ફર્માવ્યું, તારા માટે ખરાબી થાય ! અને અમારા બાળકો રોઝાથી છે ! પછી તેને એંસી કોરડા માર્યા અને શામ (સીરિયા) તડીપાર કરી આપ્યો.

હદીષ : ૧૧૫૩ની સમજૂતી આ હદીષથી સાબિત થયું કે રમઝાનનો રોઝો ફર્ઝ થવાથી પહેલાં શરૂમાં આશૂરાનો રોઝો ફર્ઝ હતો. બાળકો જ્યારે રોઝો રાખવા પાત્ર થઈ જાય તો એમને રોઝો રાખવાનો હુકમ આપવો જોઈએ જેથી આદત રહે. બાળકોનું દિલ બેહલાવવા માટે એમને રમકડાં આપવાં જાઈઝ અને એ રીતે બનાવવાં પણ જાઈઝ છે, શર્ત એ કે કોઈ જાનદારની તસવીર ન હોય.

بَابُ الْوِصَالِ وَمَنْ قَالَ لَيْسَ فِي اللَّيْلِ صَوْمٌ لِقَوْلِهِ ثُمَّ أَتِمُّوا الصِّيَامَ إِلَى اللَّيْلِ ﴿١٦٣﴾

"સૌમે વિસાલ અને તેનું બયાન કે રાતમાં રોઝો નથી, કેમ કે અલ્લાહ ﷻએ ફર્માવ્યું, તો તમે લોકો રાત સુધી રોઝો પૂરો કરો." –(૨૬૩)

ت ٣٧٣ وَنَهَى النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ عَنْهُ رَحْمَةً لَهُمْ وَإِبْقَاءً عَلَيْهِمْ وَمَا يُكْرَهُ مِنَ التَّعَمُّقِ

"અને નબી ﷺએ લોકો પર મહેરબાની અને એમને બાકી (જીવંત) રાખવા માટે **[તઅલીક્ : ૩૭૩]**
સૌમે વિસાલથી મના ફર્માવ્યું અને તઅમ્મુક નાપસંદ છે."

ખુલાસો : સૌમે વિસાલ પર ચર્ચા થઈ ચૂકી છે. રોઝાનો સમય કેવળ દિવસ છે, રાતમાં રોઝો નથી, એટલા માટે કે આયતે કરીમામાં **الی اللیل** ઈમ્તિદાદે હુકમ (હુકમની મુદ્દત દર્શાવવા)ના માટે છે અને આ સ્થિતિમાં ગાયત (હદ, સિમા) મુગ્યામાં (જેના માટે હદ વર્ણવામાં આવી હોય) દાખલ નથી થતી. એની વિગત એ પ્રમાણે છે કે ગાયત બે પ્રકારની હોય છે એક ઈસ્કાતના માટે બીજી ઈમ્તિદાદના માટે. ઈસ્કાતનો મતલબ એ થાય છે કે જો ગાયત વર્ણન થયેલ ન હોત તો હુકમ અધિક આગળ સુધીને સામેલ થાત. જેમ કે આયતે વુઝૂમાં **الی المرافق** છે, જો એ વર્ણન ન થાત તો ખભાઓ સુધી હાથ ધોવા ફર્ઝ થાત. એટલા માટે કે **يد** હાથ શબ્દકોશના એતબારથી એને સમાવે છે. (એટલે ત્યાં સુધી હાથ ગણાય છે) પણ **الی المرافق** ફર્માવવાથી ધોવાના હુકમમાં કોણીઓના ઉપરના હિસ્સાને મુક્ત કરી આપ્યો. ગાયત ઈસ્કાતમાં ગાયત મુગ્યામાં દાખલ હોય છે.

ગાયત ઈમ્તિદાદનો મતલબ એ છે કે જો વર્ણવેલ ગાયત ન હોત તો હુકમ ત્યાં સુધી લાંબો ન થાત જેમ કે આ રોઝાની આયત છે, કેમ કે સૌમનો અર્થ શબ્દોકોશમાં ખાવા, પીવા, સંભોગથી મુત્લકન રોકાવુ છે, જે થોડીવાર રોકાવા પર પણ લાગુ થાય છે. એટલા માટે જો **الی اللیل** ન ફર્માવવામાં આવત તો પૂરા દિવસનો રોઝો ફર્ઝ ન થાત. **الی اللیل** ફર્માવવાથી હુકમ લંબાઈ જઈને પૂરા દિવસનો સમાવેશ થઈ ગયો. ગાયત ઈમ્તેદાદમાં ગાયત મુગય્યામાં દાખલ નથી થતું. એટલા માટે રાતમાં રોઝા નથી. એની અન્ય પણ વિગતો છે જે ફિકહની કિતાબોમાં વિસ્તારપૂર્વક વર્ણન થયેલ છે.

તઅલીક્ : ૩૭૩ની સમજૂતી

આ પણ પ્રકરણના જ હિસ્સા છે. પ્રથમ હિસ્સામાં હદીષથી માખઝ છે. આ પ્રકરણમાં ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે ફર્માવ્યું, નબી ﷺએ સૌમે વિસાલથી લોકો પર મહેરબાનીના કારણે મના ફર્માવ્યું. તેમજ અબૂ દાઉદ (૧/૩૨૩ અસ્સિયામ)માં છે કે નબી ﷺએ લોહી ચૂંસાવવા અને મવાસિલત એટલે સૌમે વિસાલથી મના ફર્માવ્યું અને એ બંનેવને કેવળ એ કારણે હરામ ફર્માવ્યું કે સહાબીઓની શક્તિ બાકી રહે.

બીજો હિસ્સો પણ હદીષથી માખૂઝ (લીધેલ) છે. બુખારી (૨/૧૦૭૫)માં જ છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો મહિનો અધિક લાંબો થઈ જાત તો પણ સૌમે વિસાલ રાખતો, એટલા તઅમ્મુક (જબરદસ્તી તકલીફ) કરવાવાળા તઅમ્મુક છોડી આપત. તઅમ્મુકથી મુરાદ એ છે કે ઈન્સાન જેનો બંધાયેલો નથી એને તકલીફ વેઠીને કરે.

حديث ١١٥٤ عَنْ قَتَادَةَ عَنْ اَنَسٍ رَّضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

"હઝરત અનસ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે ફર્માવ્યું, સૌમે વિસાલ ન રાખો. **[હદીષ : ૧૧૫૪]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا تُوَاصِلُوْا قَالُوْا اِنَّكَ تُوَاصِلُ قَالَ اِنِّىْ لَسْتُ

લોકોએ અર્ઝ કરી, હુઝૂર રાખે છે ! તો ફર્માવ્યું, **હું તમારામાંથી કોઈના જેવો નથી,** મને ખવડાવવામાં આવે

كَاَحَدٍ مِّنْكُمْ قَالَ اِنِّىْ اُطْعَمُ وَاُسْقٰى اَوْ اِنِّىْ اَبِيْتُ اُطْعَمُ وَاُسْقٰى ؏

છે પીવડાવવામાં આવે છે. અથવા એવું ફર્માવ્યું, હું રાત ગુજારું છું, મને ખવડાવવા પીવડાવવામાં આવે છે."

(બુખારી ૨/૧૦૭૫, મુસ્લિમ, અસ્સિયામ–૨૫૧)

حديث ١١٥٥ عَنْ اَبِىْ سَعِيْدٍ رَّضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهٗ سَمِعَ النَّبِيَّ صَلَّى اللّٰهُ

"હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી મરવી છે કે તેમણે નબી ﷺ થી સાંભળ્યું કે ફર્માવ્યું, **[હદીષ : ૧૧૫૫]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا تُوَاصِلُوْا فَاَيُّكُمْ اَرَادَ اَنْ يُّوَاصِلَ فَلْيُوَاصِلْ حَتّٰى السَّحَرِ

સૌમે વિસાલ ન રાખો, અને જે સૌમે વિસાલ રાખવા ચાહે તે સહરી સુધી રાખે. લોકોએ અર્ઝ કરી, યા

قَالُوْا فَاِنَّكَ تُوَاصِلُ يَا رَسُوْلَ اللّٰهِ قَالَ اِنِّىْ لَسْتُ كَهَيْئَتِكُمْ اِنِّىْ اَبِيْتُ

રસૂલુલ્લાહ ! હુઝૂર સૌમે વિસાલ રાખે છે ! ઈર્શાદ ફર્માવ્યો, **હું તમારા જેમ નથી !** હું રાત ગુજારું છું,

لِىْ مُطْعِمٌ يُّطْعِمُنِىْ وَ سَاقٍ يَّسْقِيْنِىْ ؏

મારા માટે ખવડાવનારો છે જે મને ખવડાવે છે અને પીવડાવનારો છે જે મને પીવડાવે છે."

(બુખારી ૨/૧૦૭૫, મુસ્લિમ, અસ્સિયામ–૨૫૧)

હદીષ : ૧૧૫૪ની સમજૂતી

પરિપૂર્ણતા : આ જ હદીષ બુખારી, ભાગ–૨ કિતાબુત્તમનીમાં વિગતવાર આ પ્રમાણે છે : હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ એ મહિનાના આખરમાં સૌમે વિસાલ રાખ્યા અને લોકોએ પણ રાખ્યા. આ ખબર નબી ﷺ ને પહોંચી તો ફર્માવ્યું, જો મહિનો લાંબો થઈ જાત તો હું એટલા સૌમે વિસાલ રાખતો કે તઅમ્મુક કરવાવાળા પોતાનું તઅમ્મુક છોડી આપત. **હું તમારા જેવો નથી, મને મારો રબ ખવડાવે પીવડાવે છે.**

હદીષ : ૧૧૫૫, ૧૧૫૬,૧૧૫૭,૧૧૫૮ની સમજૂતી

ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની હદીષ જે મુસ્નદે ઈમામ અહમદમાં છે એના શબ્દો આ પ્રમાણે છે : اِنِّى لَسْتُ مِثْلَكُمْ اَبِيْتُ يُطْعِمُنِىْ رَبِّى وَ يُسْقِيْنِى **હું હરગિઝ તમારા સમાન નથી, હું એ હાલતમાં રાત ગુજારું છું કે મારો રબ મને ખવડાવે પીવડાવે છે.** આ હદીષ બુખારીમાં આ સહાબાએ

حديث ١١٥٦ عَنْ هِشَامِ بْنِ عُرْوَةَ عَنْ اَبِيْهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ એ સહાબા [હદીષ : ૧૧૫૬]

عَنْهَا قَالَتْ نَهٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنِ الْوِصَالِ

પર મહેરબાનીના કારણે તેમને સૌમે વિસાલથી મના ફર્માવ્યું. લોકોએ અર્ઝ

رَحْمَةً لَّهُمْ - فَقَالُوْا اِنَّكَ تُوَاصِلُ قَالَ اِنِّيْ لَسْتُ كَهَيْئَتِكُمْ اِنِّيْ يُطْعِمُنِيْ

કરી, હુઝૂર ! સૌમે વિસાલ રાખે છે ! ફર્માવ્યું, **હું તમારા જેવો નથી,**

رَبِّيْ وَيَسْقِيْنِيْ ع

મને મારો રબ ખવડાવે છે." (મુસ્લિમ ૧/૨૫૮ અસ્સિયામ)

بَابُ التَّنْكِيْلِ لِمَنْ اَكْثَرَ الْوِصَالَ ص ٢٦٣

"સૌમે વિસાલ રાખનારાની પકડ !" (પેજ–૨૬૩)

حديث ١١٥٧ اَنَّ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ نَهٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ એ સૌમે વિસાલથી મના [હદીષ : ૧૧૫૭]

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنِ الْوِصَالِ فِي الصَّوْمِ فَقَالَ لَهٗ رَجُلٌ مِّنَ

ફર્માવ્યું છે. તો મુસલમાનોમાંથી એક સાહબે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂર સૌમે વિસાલ રાખે છે ?!

الْمُسْلِمِيْنَ اِنَّكَ تُوَاصِلُ يَا رَسُوْلَ اللّٰهِ قَالَ وَاَيُّكُمْ مِّثْلِيْ اِنِّيْ اَبِيْتُ يُطْعِمُنِيْ

એના પર ઈર્શાદ ફર્માવ્યો, તમારામાં કોણ મારા જેવો છે ?! હું એ હાલતમાં રાત પસાર કરું છું કે મને મારો

رَبِّيْ وَيَسْقِيْنِيْ فَلَمَّا اَبَوْا اَنْ يَّنْتَهُوْا عَنِ الْوِصَالِ وَاصَلَ بِهِمْ يَوْمًا ثُمَّ

રબ ખવડાવે પીવડાવે છે. હવે જ્યારે લોકો સૌમે વિસાલ ન રોકાયા તો એ લોકોની સાથે બે દિવસ સૌમે

કિરામથી મરવી છે : હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા, હઝરત ઈબ્ને ઉમર, હઝરત અનસ, હઝરત અબૂ હુરૈરહ, હઝરત અબૂ સઈદ ખુદરી رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ આ હદીષોમાં હઝરત ઈબ્ને ઉમરની હદીષમાં છે : **لست مثلكم**. હઝરત અનસની હદીષમાં છે : **لست كاحد منكم** હઝરત અબૂ સઈદ અને હઝરત ઉમ્મુલ મોમિનીનની હદીષમાં છે : **لست كهيئتكم** અને હઝરત અબૂ હુરૈરહની હદીષમાં **وايكم مثلى** છે એટલે હું તમારા જેવો નથી, તમારામાંથી કોઈના સમાન નથી, તમારી જેમ નથી, તમારામાં કોણ મારા જેવો છે. આ સર્વ હદીષો એના પર દલીલ છે કે હુઝૂરે અકદસ ﷺ પોતાની ઝાતમાં પણ અને સિફતો (ખૂબીઓ)માં પણ અજોડ

رَأَوُا الْهِلَالَ فَقَالَ لَوْ تَأَخَّرَ لَزِدْتُكُمْ كَالتَّنْكِيلِ لَهُمْ حِينَ أَبَوْا أَنْ

વિસાલ રાખ્યા. પછી લોકોએ ચાંદ જોઈ લીધો તો ફર્માવ્યું, જો મહિનો અધિક હોત તો હું વધુ

يَّنْتَهُوْا ؕ

સૌમે વિસાલ રાખતો. આ ઈર્શાદ એમના પર ધમકીના માટે હતો કે સૌમે વિસાલથી અટક્યા નહીં."

(બુખારી, ૨/૧૦૧૨, ૧૦૭૫, ૧૦૮૪ મુસ્લિમ–અસ્સિયામ, પેજ–૩૫૨, મોઅત્તા ઈમામ માલિક–અસ્સિયામ, પેજ–૯૮)

حديث ૧૧૫૮ عَنْ هَمَّامٍ أَنَّهُ سَمِعَ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى

"હમ્મામથી રિવાયત છે કે તેમણે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી સાંભળ્યું, તે **[હદીષ : ૧૧૫૮]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِيَّاكُمْ وَالْوِصَالَ مَرَّتَيْنِ قِيلَ إِنَّكَ تُوَاصِلُ

નબી ﷺ થી રિવાયત કરે છે કે બે વાર ફર્માવ્યું, સૌમે વિસાલથી બચો ! અર્ઝ કરવામાં આવી, હુઝૂર સૌમે

قَالَ إِنِّي أَبِيتُ يُطْعِمُنِي رَبِّي وَيَسْقِينِي فَاكْلَفُوا مِنَ الْأَعْمَالِ مَا تُطِيقُونَ

વિસાલ રાખે છે ! ફર્માવ્યું, હું એ હાલતમાં રાત પસાર કરું છું કે મારો રબ મને ખવડાવે પીવડાવે છે. એટલા જ અમલોની તકલીફ ઉઠાવો જેટલાની શક્તિ હોય."

તથા અનુપમ છે તો તમે અને અમે તો શું ગણત્રીમાં ?! સહાબાએ કિરામમાં પણ કોઈ હુઝૂર જેવો નથી અને ન હુઝૂરે અકદસ ﷺ સહાબાના કે આપણા જેવા છે. બંને તરફથી સમાનતાનો નકાર છે. એ જ કારણે એ સર્વ આયતોની તફસીરમાં જેમાં એવું ફર્માવવામાં આવ્યું છે : قُلْ اِنَّمَا اَنَا بَشَرٌ مِّثْلُكُمْ સર્વ મુફસ્સિરોએ ફર્માવ્યું કે આ ઈર્શાદનો હુકમ આજીજી પ્રદર્શિત કરવાના રૂપે આપવામાં આવ્યો છે અને તે પણ કેવળ જાહેરી સૂરતના એતબારથી અથવા કેવળ માનવ જાતના વ્યક્તિ હોવાના એતબારથી, નહીં તો હકીકત એ છે જે ખૂદ હુઝૂરે અકદસ ﷺ એ ફર્માવ્યું : **يا ابابكر لم يعلمنى حقيقة غيرربى** "હે અબૂબક્ર ! મારી હકીકતને મારા રબના સિવાય કોઈ નથી જાણતું." *(મતાલિઉલ મસર્રત)*

حتى السحر : એનો મતલબ એ છે કે ઈફતારના વખતે કાંઈક ખાઈ લે અથવા પી લે, પછી રાતભર કાંઈ ન ખાય ન પીએ, ત્યાં સુધી કે સહરીનો સમય થઈ જાય એ વખતે કાંઈક ખાય પી લે. જેમ કે રિયાઝત તથા મુજાહિદામાં સાલિકીન કરે છે કે ઈફતારના સમયે એક ઘૂંટ પાણી પી લે છે અને એ જ રીતે સહરીના સમયે પણ કરે છે.

સૌમે વિસાલના બારામાં સંપૂર્ણ ચર્ચા બાબુ બરકાતિસ્સુજૂદમાં વર્ણન થઈ ચૂકી છે. એ જ પ્રમાણે **يطعمنى ويسقينى** પર પણ થઈ છે.

بَابُ مَنْ اَقْسَمَ عَلٰى اَخِيْهِ لِيُفْطِرَ فِي التَّطَوُّعِ وَلَمْ يَرَ عَلَيْهِ قَضَاءً اِذَا كَانَ اَوْفَقَ لَهٗ ص ٢٦٤

"જેણે નફ્લ રોઝામાં પોતાના ભાઈને ક़સમ અપાવી કે તોડી નાખે, જ્યારે કે એ એની સ્થિતિને અધિક લાયક હોય. એના પર ક़ઝા પણ વાજિબ નથી જાણતો."

પ્રકરણનો ખુલાસો *: મતલબ એ છે કે કોઈ શખ્સ નફ્લ રોઝો રાખેલ છે, પછી કોઈએ એને ક़સમ અપાવી કે રોઝો તોડી નાખે. અને એ રોઝો તોડવો એની સ્થિતિના લાયક હોય તો તે રોઝો તોડી નાખે, અને એના પર ક़ઝા પણ નથી. દા.ત. તે કમજોર છે અને રોઝાથી અધિક કમજોરીનો ખતરો છે. રહી ગયુ એ કે ખરેખર તેના પર ક़ઝા છે કે નથી ? એના પર વિગતે ચર્ચા આગળ આવી રહી છે, એક રિવાયતમાં* **اوفق** *ના બદલે* **ارفق** *છે, બંનેવ સહીહ છે.*

حديث ١١٥٩ عَنْ عَوْنِ بْنِ اَبِيْ جُحَيْفَةَ عَنْ اَبِيْهِ قَالَ اٰخَى النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત અબૂ જુહૈફા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ *એ સલ્માન અને* **[હદીષ : ૧૧૫૯]**

عَلَيْهِ وَسَلَّمَ بَيْنَ سَلْمَانَ وَاَبِي الدَّرْدَاءِ فَزَارَ سَلْمَانُ اَبَا الدَّرْدَاءِ فَرَاٰى

અબૂ દરદા رضی اللہ عنہما ના વચ્ચે ભાઈચારાનો સંબંધ ક़ાયમ કર્યો. સલ્માન એકવાર અબૂ દરદાથી મુલાકાતના માટે

اُمَّ الدَّرْدَاءِ مُتَبَذِّلَةً فَقَالَ لَهَا مَا شَاْنُكِ قَالَتْ اَخُوْكَ اَبُو الدَّرْدَاءِ لَيْسَ

આવ્યા તો ઉમ્મે દરદાને કફોડી હાલતમાં જોઈને પૂછ્યું, તમારો શો હાલ છે ?! તેમણે કહ્યું, તમારા ભાઈને

હદીષ : ૧૧૫૯ની સમજૂતી **સામ્યતા** : પ્રકરણમાં આ પ્રમાણે છે, જે પોતાના ભાઈને ક़સમ અપાવે. આ હદીષમાં ક़સમ અપાવવાનો ઉલ્લેખ નથી. અલ્લામા ઈબ્ને હજરે એ પકડ કરી, અલ્લામા અયનીએ એનો જવાબ આપ્યો, કે બઝ્ઝાર ઈબ્ને ખુઝૈમા, દારકુત્ની, તબ્રાનીમાં ઈબ્ને હબ્બાને ઈમામ બુખારીના શૈખ મુહમ્મદ બિન બશારથી જ આ હદીષની જે રિવાયત કરી છે એમાં આ ક़સમ છે. શબ્દો આ પ્રમાણે છે : **اقسمت عليك لتفطرمعى** "હું તમને ક़સમ આપુ છું કે મારી સાથે રોઝો ખોલી નાખો." અને ઈમામ બુખારીની આ આદત ખબર છે કે તે કદી કદી પ્રકરણ હેઠળમાં હદીષનું તે મતન (મૂળ લખાણ) વર્ણન કરે છે જેનાથી પ્રકરણ સાબિત થાય છે તેમજ એની પણ સંભાવના છે કે ક़સમ મહઝૂફ હોય. જેમ કે આયતે કરીમા **وَاِنْ مِنْكُمْ اِلَّا وَارِدُهَا** માં છે. એના પર કરીનાએ અક़્લિયા છે કે આવા ઈબાદતના શોખિન સહાબી આસાનીથી રોઝો ન તોડી શક્તા હતા જ્યાં સુધી એમના પર એવું દબાણ ન થયું હોય જેનાથી એ મજબૂર થઈ ગયા હોય.

كل فانى صائم : બુખારીની આ રિવાયતનો સાર એ નીકળ્યો કે હઝરત અબૂ દરદાએ હઝરત સલમાનને કહ્યું, ખાવ ! હું રોઝાથી છું. અને એ જ તિર્મિઝીમાં પણ છે. પણ અબૂઝરની રિવાયત આ પ્રમાણે છે : **فقال كل قال افى صائم** સલ્માને અબૂ દરદાથી કહ્યું, ખાવ ! તો અબૂ દરદાએ કહ્યું, હું રોઝાથી છું.

آخر الليل : તિર્મિઝીમાં છે : **عندالصبح** એટલે જ્યારે સવાર નજીક થઈ ગઈ, તો ફર્માવ્યું, હવે ઉઠો ! નમાઝ પઢો. તિર્મિઝીમાં આ પણ વધારે છે : **لضيفك عليك حق** "તારા મહેમાનનો તારા પર હક્ક છે. દારકુત્નીમાં આ પણ છે : **فَصُمْ وَافطروصل وَنَمْ وَاْتِ اهلك** રોઝો રાખો અને બેરોઝા પણ રહો, નમાઝ પણ

لَهُ حَاجَةٌ فِي الدُّنْيَا فَجَاءَ أَبُو الدَّرْدَاءِ فَصَنَعَ لَهُ طَعَامًا فَقَالَ كُلْ فَإِنِّي

દુનિયા પ્રત્યે કોઈ આકર્ષણ નથી ! અબૂ દરદા આવ્યા તો તેમણે સલ્માનના માટે ખાવા તૈયાર કર્યું તો

صَائِمٌ قَالَ مَا أَنَا بِآكِلٍ حَتَّى تَأْكُلَ فَأَكَلَ فَلَمَّا كَانَ اللَّيْلُ ذَهَبَ أَبُو الدَّرْدَاءِ

સલ્માનને કહ્યું કે ખાવ ! હું રોઝાથી છું. સલમાને કહ્યું, જ્યાં સુધી તમે નહીં ખાવ ત્યાં સુધી હું પણ ખાઈશ

يَقُومُ قَالَ نَمْ فَنَامَ ثُمَّ ذَهَبَ يَقُومُ فَقَالَ نَمْ فَلَمَّا كَانَ مِنْ آخِرِ اللَّيْلِ

નહીં. તો અબૂ દરદાએ ખાધુ. જ્યારે રાત પડી તો અબૂ દરદાએ ચાહ્યું કે નમાઝ પઢું, તો સલ્માને કહ્યું, સૂઈ

પઢો અને સૂઓ પણ અને તમારાં પત્ની પાસે પણ જાવ.

ક઼ઝા છે : નફલ રોઝો રાખીને જો તોડી નાખે તો ક઼ઝા છે કે નથી ? એના બારામાં ઉલમાની વચ્ચે મતભેદ છે. આપણો મઝહબ એ છે કે એના પર જો કે ક઼ઝા વાજિબ છે. આપણી દલીલ આ આયતે કરીમા છે કે ઈર્શાદ છે : وَلَا تُبْطِلُوا أَعْمَالَكُمْ "તમારા અમલોને બર્બાદ ન કરો. *(સૂ. મુહમ્મદ, આ. ૩૩)*

કોઈ પણ અમલ શરૂ કર્યા પછી તેને પૂરો કરવો વાજિબ છે અને તેને અધૂરો છોડી મૂકવો કેમ કે તેને બર્બાદ કરવા સમાન છે એટલા માટે અપૂર્ણ છોડવો ગુનોહ થયો, પણ મજબૂરી ગુનોહ ઉઠાવી લે (એટલે મજબૂરીવશ છોડવામાં ગુનોહ નથી) છે. પણ જે અધૂરો છોડયો છે તેની પરિપૂર્ણતા મજબૂરી ખત્મ થયા પછી જરૂરી છે, અને એ જ ક઼ઝા છે. એના બારામાં વિવિધ હદીષો પણ આવેલી છે. ઈમામ તિર્મિઝી (૧/૯૨ અસ્સૌમ)એ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરી કે હું અને હફ઼સા બંનેવ રોઝાથી હતાં. અમને ખાવા પેશ કરવામાં આવ્યું તો અમને એની ઈચ્છા પણ હતી તો અમે તેને ખાય લીધું. જ્યારે રસૂલુલ્લાહ ﷺ અંદર તશરીફ઼ લાવ્યા તો હફ઼સા મારાથી આગળ પડયાં, તે પોતાના બાપનાં પુત્રી હતાં, અને કિસ્સો અર્ઝ કરી આપ્યો તો ફ઼ર્માવ્યું, એની જગાએ બીજો રોઝો ક઼ઝા રાખો. ઈમામ તિર્મિઝીએ ફ઼ર્માવ્યું, ઈમામ માલિકનો પણ આ જ મઝહબ છે. તેમજ અબૂ દાઊદ (૧/૩૩૩ અસ્સૌમ) તથા નિસાઈ (ઉમ્દતુલ ક઼ારી, ૧૧/૭૭)માં પણ આ હદીષ થોડાક ફેરફ઼ાર સાથે રિવાયત પામેલી છે. આ હદીષ પર ઈમામ તિર્મિઝી તથા ઈમામ બુખારીએ જે જરહો (ટિપ્પણી) કરી છે એ સૌના જવાબો અલ્લામા બદરુદ્દીન અયનીએ આપ્યા છે. આ હદીષ મુત્તસિલ અને કમસે કમ હસન જરૂર છે.

આ હદીષ પર એક ટિપ્પણી એ પણ હતી કે એ મુન્ક઼તઅ છે. ઈમામ ઝુહરીએ ફ઼ર્માવ્યું, કેટલાક તરીક઼ાઓમાં એવું જ છે પણ ઘણા તરીક઼ાઓમાં એ મુત્તસિલ છે, જેમ કે બુખારીથી. જઅફ઼ર બિન બરક઼ાન, સુફ઼યાન બિન હુસૈન, મુહમ્મદ બિન હફ઼સા, સાલેહ બિન અબીલ અખ્ઝર, ઈસ્માઈલ બિન ઈબ્રાહીમ બિન ઉક઼બા, સાલેહ બિન કૈસાન અને હજ્જાજ બિન ઈરતાત, તેમની સાથે તેમના શાગિર્દોએ અન ઉરવા અન આઈશા رضی اللہ عنہا એને રિવાયત કરી છે. તદ્ઉપરાંત ઈમામ તહાવીએ આઈશા બિન્તે તલ્હા અન આઈશા رضی اللہ عنہا ના તરીક઼ાથી રિવાયત કરી છે.

ઉમ્મુલ મોમિનીન ફ઼ર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ મારી પાસે તશરીફ઼ લાવ્યા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મેં હુઝૂરના માટે હયૂસ (એક પ્રકારનું ખાણુ જે ખજૂર, ઘી અને સત્તુ વડે તૈયાર કરવામાં આવે છે.) છુપાવીને રાખેલ છે. હુઝૂરે ફ઼ર્માવ્યું, મેં રોઝાનો ઈરાદો કરી લીધો હતો પરંતું એને નજીક લાવો, હું નજીકમાં જ એના સ્થાને બીજો રોઝો રાખીશ. *(શરહે મઆનિયુલ આષાર, ૧/૩૦૦ અસ્સૌમ)*

ઈમામ નિસાઈએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત કરી કે નબી ﷺ હફ઼સા તથા આઈશાની પાસે અંદર તશરીફ઼ લઈ ગયા. તે બંનેવ રોઝાથી હતાં. પછી બહાર તશરીફ઼ લઈ ગયા. બીજીવાર અંદર આવ્યા તો

قَالَ سَلْمَانُ قُمِ الْآنَ فَصَلِّيَا فَقَالَ لَهُ سَلْمَانُ إِنَّ لِرَبِّكَ عَلَيْكَ

જાવ ! જ્યારે રાતનો અંતિમ હિસ્સો થયો તો સલ્માને કહ્યું, હવે નમાઝ પઢો ! ત્યારબાદ બંનેવે નમાઝ પઢી.

حَقًّا وَّلِنَفْسِكَ عَلَيْكَ حَقًّا وَّلِأَهْلِكَ عَلَيْكَ حَقًّا فَأَعْطِ كُلَّ ذِيْ حَقٍّ

સલ્માને તેમને કહ્યું, બેશક ! તમારા રબનો તમારા પર હક્ક છે, તમારા નફ્સનો તમારા પર હક્ક છે, તમારા

حَقَّهُ فَأَتَى النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرَ ذٰلِكَ لَهُ فَقَالَ

ઘરવાળાનો તમારા પર હક્ક છે. દરેક હક્કવાળાને એનો હક્ક આપો. ત્યારબાદ અબૂ દરદા رضی اللہ عنہ

النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ صَدَقَ سَلْمَانُ ؕ

નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને આ સર્વ વર્ણવ્યું, તો ફર્માવ્યું, સલ્માને સાચુ કહ્યું."

(બુખારી ૨/૮૯૮, ૯૦૬, અદબ, તિર્મિઝી ૨/૬૪)

બંનેવ ખાઈ રહ્યા હતાં. આપે ફર્માવ્યું, તમે બંનેવ રોઝાથી ન હતાં ? બંનેવે અર્ઝ કરી, હતાં પરંતું અમારી પાસે ખાવા હદિયામાં આવ્યું અને અમને પસંદ આવ્યું તો અમે તેમાંથી ખાય લીધું. ફર્માવ્યું, એની જગાએ એક અધિક રોઝો રાખી લેજો. *(ઉમ્દતુલ ક़ારી, ૧૧/૭૮)*

ઈમામ ઓકૈ્લીએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે હઝરત આઈશા તથા હફ્સાના માટે હદિયો આવ્યો. તેણીઓ રોઝાથી હતાં પછી તેમાંથી ખાય લીધું અને એનું રસૂલુલ્લાહ ﷺને વર્ણન કર્યું તો ફર્માવ્યું, એની જગાએ એક દિવસ ક़ઝા રાખજો. *(ઉમ્દતુલ ક़ારી, ૧૧/૭૮)* ઈમામ દારકુત્નીએ ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત કરી. તે ફર્માવે છે કે તેમણે એક દિવસે નફ્લ રોઝો રાખ્યો પછી તોડી નાખ્યો. તો રસૂલુલ્લાહ ﷺએ તેમને હુકમ આપ્યો કે એક દિવસ એની જગાએ ક़ઝા રાખે. *(ઉમ્દતુલ ક़ારી, ૧૧/૭૮)*

તેમજ ઈમામ દારકુત્નીએ હઝરત મુહમ્મદ બિન મુન્કદિર رضی اللہ عنہ થી રિવાયત કરી કે એક સહાબીએ ખાવા તૈયાર કર્યું અને નબી ﷺ તથા સહાબાને નિમંત્ર્યા. જ્યારે ખાણુ લાવવામાં આવ્યું તો તેમાંથી એક સાહબ કિનારે હટી ગયા. તેમને નબી ﷺએ ફર્માવ્યું, શું વાત છે ? તેમણે અર્ઝ કરી, હું રોઝાથી છું ! તો ફર્માવ્યું, તારા ભાઈએ તારા માટે તકલીફ ઉઠાવીને ખાવા તૈયાર કર્યું અને તું કહે છે કે હું રોઝાથી છું ! ખા અને એની જગાએ એક રોઝો રાખી લેજે. *(ઉમ્દતુલ ક़ારી, ૧૧/૭૮)*

આ હદીષો પર અમુક જરહો (ટિપ્પણી) કરવામાં આવેલી છે જેના દલીલબધ્ધ તથા વિગતવાર જવાબો અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયનીએ આપ્યા છે. તદ્ઉપરાંત સહાબાએ કિરામમાંથી હઝરત ફારૂક़ે આ'ઝમ, હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત સિદ્દીક़ે અકબર, હઝરત અલી, હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ, હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીક़ા, હઝરત ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ أَجْمَعِيْنَ તથા અન્ય સહાબાએ કિરામનો મઝહબ આ જ હતો કે નફ્લ રોઝા રાખ્યા બાદ તોડી આપવાથી ક़ઝા છે.

ઈમામ અબૂબકર બિન અબી શયબા ઉસ્તાઝે ઈમામ બુખારી તથા મુસ્લિમે અનસ બિન સીરીનથી રિવાયત કરી કે તે અરફાના દિવસે રોઝાથી હતા. તેમને સખત તરસ લાગી તો રોઝો તોડી નાખ્યો. પછી તેમણે વિવિધ સહાબાએ કિરામથી ફત્વો પૂછયો તો સૌએ તેમને હુકમ આપ્યો કે એના જગાએ એક દિવસ રોઝો ક़ઝા રાખે. *(ઉમ્દતુલ ક़ારી, ૧૧/૭૮)*

بَابُ صَوْمِ شَعْبَانَ ص ٢٦٤

"શાબાનના રોઝાનું બયાન" –(૨૬૪)

حديث ١١٦٠ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ રોઝા રાખતા **[હદીષ : ૧૧૬૦]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَصُوْمُ حَتّٰى نَقُوْلَ لَا يُفْطِرُ وَيُفْطِرُ حَتّٰى نَقُوْلَ لَا

ત્યાં સુધી કે અમે કહેતાં કે રોઝા છોડશે નહીં, અને રોઝા રાખવાનું છોડી આપતા ત્યાં સુધી કે અમે કહેતાં કે

يَصُوْمُ وَمَا رَأَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اسْتَكْمَلَ صِيَامَ

હવે રોઝા નહીં રાખે. અને મેં રસૂલુલ્લાહ ﷺને રમઝાનના સિવાય કોઈ મહિનામાં પૂરો મહિનો રોઝા

شَهْرٍ اِلَّا رَمَضَانَ وَمَا رَأَيْتُهُ اَكْثَرَ صِيَامًا مِّنْهُ فِيْ شَعْبَانَ ع ٥

રાખતા અને શાબાનથી વધુ કોઈ મહિનામાં રોઝા રાખતા નથી જોયા."

(મુસ્લિમ, અબૂ દાઊદ–અસ્સૌમ, તિર્મિઝી–શમાઈલ)

હદીષ : ૧૧૬૦ની સમજૂતી

આ પ્રકરણથી ઈમામ બુખારી નફ્લ રોઝાનું વર્ણન શરૂ કરે છે. રમઝાનની સાથે નિકટતાના કારણે સૌ પ્રથમ શાબાનના રોઝાનું વર્ણન કર્યું. આમ તો હુઝૂર ﷺ અન્ય મહિનાઓમાં પણ પુષ્કળ પ્રમાણમાં રોઝા રાખતા હતા પણ અન્ય મહિનાઓ કરતાં શાબાનમાં અધિક રોઝા રાખતા હતા ત્યાં સુધી કે ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી એ પણ રિવાયત આવી છે કે પૂરા શાબાનના મહિનામાં રોઝા રાખતા હતા.

અબૂ દાઊદમાં ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે તે ફર્માવે છે કે નબી ﷺ વરસના કોઈ મહિનામાં આખો મહિનો રોઝો રાખતા ન હતા સિવાય શાબાનના, જેને રમઝાનથી મિલાવતા. *(૧/૩૧૯ અસ્સૌમ, નિસાઈ, ૧/૧૩૨ અસ્સિયામ)*

તેમજ તેમનાથી જ મરવી છે કે ફર્માવે છે : મેં રસૂલુલ્લાહ ﷺને શાબાન તથા રમઝાન સિવાય બે મહિના સતત રોઝા રાખતા નથી જોયા. *(તિર્મિઝી, ૧/૯૨ અસ્સૌમ)*

જાહેરી રીતે આ હદીષો બુખારીની આ હદીષથી ટકરાય છે. શારેહીને (શરહ કર્તાઓએ) તેના ખુલાસામાં ફર્માવ્યું કે મુરાદ એ છે કે શાબાનના મોટાભાગના દિવસોમાં રોઝા રાખતા હતા એને કુલથી (સર્વથી) તાબીર કરી આપ્યું. જેમ કે કહે છે કે, "ફલાણાએ આખી રાત ઈબાદત કરી." જ્યારે કે એ રાતમાં ખાવા પણ ખાધુ હોય અને તો જરૂરતોથી ફારિગ પણ થયો હોય. અહીં મોટાભાગનાને કુલ (આખુ) કહી આપ્યું. એ રીતે હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ની હદીષમાં મોટાભાગનાને કુલ (બધા જ)થી તાબીર કરી આપ્યું. એની સમર્થનકર્તા હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની તે હદીષ છે જેને ઈમામ અબૂ દાઊદે રિવાયત કરી છે. તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ શાબાનમાં રોઝા રાખતા હતા પણ થોડાક નહીં બલ્કે પૂરા મહિનાના રોઝા રાખતા. *(અબૂ દાઊદ ૧/૩૩૧)*

શાબાનમાં અધિકતર રોઝાનો સબબ : અઝવાજે મુતહ્હરાત (હુઝૂર ﷺની પાક બીવીઓ ઉમ્મતની માઓ શાબાનમાં) રોઝા રાખતી હતી જે હૈઝના કારણે ન રાખી શકતી, તો હુઝૂરે અક્દસ ﷺ પણ એમની સાથે રોઝા રાખતા.

(૨) આ મહિનામાં અમલો અલ્લાહ ﷻના સમક્ષ રજૂ થાય છે. હુઝૂરે અક્દસ ﷺ એ પસંદ કરતા હતા કે હુઝૂરના અમલો એ હાલતમાં રજૂ થાય કે પોતે રોઝાદાર હોય. ઈમામ નિસાઈએ હઝરત ઓસામાથી રિવાયત કરી કે મેં પૂછયું, યા રસૂલલ્લાહ ! હું હુઝૂરને જોઈ રહ્યો છું કે કોઈ મહિનામાં એટલા રોઝા નથી રાખતા જેટલા શાબાનમાં રાખો છો. ફર્માવ્યું, આ તે મહિનો છે જેમાં અમલો રબ્બુલ આલમીનની બારગાહમાં પેશ કરવામાં આવે છે, હું એ પસંદ કરું છું કે મારો અમલ એ હાલતમાં રજૂ થાય કે હું રોઝાની હાલતમાં હોઉં. *(નિસાઈ ૧/૩૨૨ અસ્સિયામ)*

(૩) આ મહિનામાં વરસ દરમ્યાન મૃત્યુ પામનારાઓનાં નામ મલકુલ મૌત લખી લીધા કરે છે. હુઝૂરે ફર્માવ્યું મને એ પસંદ છે કે મારી વફાત એ હાલમાં લખવામાં આવે કે હું રોઝાની હાલતમાં રહું. જેવું કે ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે. તેમણે રસૂલુલ્લાહ ﷺને પૂછયું કે હુઝૂર ! શું વાત છે કે આપ આ મહિનામાં અધિક રોઝા રાખો છો ? ફર્માવ્યું, હે આઈશા ! આ તે મહિનો છે જેમાં મલકુલ મૌત એ લોકોનાં નામ લખે છે જેઓ મૃત્યુ પામનારા છે, અને હું પસંદ કરું છું કે મારું નામ એ હાલતમાં લખવામાં આવે કે હું રોઝાથી રહું. *(ઉમ્દતુલ ક़ારી, ભાગ–૧૧, પેજ–૮૩)*

(૪) રમઝાનની તાઝીમના માટે જેમ કે ઈમામ તિર્મિઝીએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺથી પૂછવામાં આવ્યું કે રમઝાન પછી કયો રોઝો અફઝલ છે ? ફર્માવ્યું : શાબાનનો, રમઝાનની તાઝીમના માટે. *(તિર્મિઝી, ૧/૮૪ ઝકાત)*

(૫) હુઝૂરે અક્દસ ﷺની આદતે કરીમા એ હતી કે દર મહિને ત્રણ રોઝા રાખતા હતા. જેમ કે હઝરત ઈબ્ને ઉમરે ફર્માવ્યું છે, પણ કદીક કોઈ ઉઝર (મજબૂરી)ના લીધે અમુક મહિનાઓમાં ન રાખી શક્તા તો એ સૌને શાબાનમાં રાખતા હતા.

(૬) આ વિશિષ્ટતાઓ છતાં પબ્લિક એનાથી ગાફેલ હતી. પુષ્કળ (કષરતથી) રોઝા રાખવાથી હેતુ એ હતો કે લોકો માહિતગાર થઈ જાય.

શબે બરાત : આ જ મુબારક મહિનાની પંદરમી રાત શબે બરાત છે. આ રાતમાં અલ્લાહ ﷻ દુનિયાવાળાઓ પર ખાસ તજલ્લી ફર્માવે છે અને બંદાઓને ખિતાબ ફર્માવે છે, તેમને માંગી મુરાદો આપે છે. આ રાતના ફઝાઈલ હદીષોમાં પુષ્કળ પ્રમાણમાં આવ્યા છે.

હદીષ–૧ : ઈમામ તિર્મિઝી (૧/૯૨ અસ્સૌમ)એ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરી. તે ફર્માવે છે કે એક રાતે મેં હુઝૂરને બિસ્તર પર ન જોયા તો તલાશના માટે નીકળી. હુઝૂરને બક્રીઅમાં જોયા. ફર્માવ્યું, શું તને એ અંદેશો હતો કે તારા પર અલ્લાહ અને તેના રસૂલ જુલ્મ કરશે ?! મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં ગુમાન કર્યું કે હુઝૂર પોતાનાં કોઈ અન્ય પત્ની પાસે તશરીફ લઈ ગયા છે. ફર્માવ્યું, અલ્લાહ ﷻ શાબાનની પંદરમી રાતમાં આસ્માની દુનિયા પર તજલ્લી ફર્માવે છે અને બની કલ્બની ઘેટાં અને બકરાંઓના વાળથી અધિક લોકોની મગફેરત ફર્માવે છે.

હદીષ–૨ : ઈમામ નિસાઈ (૧/૨૮૬, ૨૮૭ જનાઈઝ) ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا થી રિવાયત કરે છે. તે ફર્માવે છે, મારી વારીની રાત હતી એવામાં રસૂલુલ્લાહ ﷺ ઉઠયા અને પોતાની નાલૈન પોતાના પગો પાસે રાખી અને પોતાની ચાદરના કિનારાને પોતાના બિછૌના પર ફેલાવી દીધો. એટલીવાર

રોકાયા કે ગુમાન કર્યું કે હું સૂઈ ગઈ. ત્યારબાદ પોતાનાં નાલૈન (પગરખાં મુબારક)ને ધીમેથી પહેર્યાં અને પોતાની ચાદર ધીરેથી લીધી પછી દરવાજાને ધીમેથી ખોલ્યો અને ધીમે રહીને બહાર તશરીફ લઈ ગયા. અને મેં મારો કુર્તો પહેર્યો અને ઓઢણી ઓઢી લીધી અને હુઝૂરની પાછળ ચાલી ત્યાં સુધી કે હુઝૂર બક़ીઅમાં તશરીફ લાવ્યા અને પોતાના હાથોને ત્રણવાર ઉઠાવ્યા અને મોડે સુધી ત્યાં રોકાયા. ત્યારબાદ પલટયા તો હું પણ પલટી. હુઝૂર ઝડપથી ચાલ્યા તો હું પણ ઝડપથી ચાલી. પછી હુઝૂર દોડયા, પછી ત્યારબાદ પૂરી શક્તિભેર દોડયા તો હું પણ પૂરી શક્તિભેર દોડી અને હુઝૂરની આગળ આવી ગઈ અને હુજરાની અંદર ચાલી ગઈ. હું આડી પડી જ હતી એવામાં હુઝૂર પણ અંદર તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, શું વાત છે આઈશા ! કે હાંફી રહી છો ? મેં કહ્યું, કાઈ વાત નથી ! ફર્માવ્યું, તેં મને ન બતાવ્યું તો લતીફો ખબીર અલ્લાહ તઆલા મને જરૂર બતાવશે. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારાં મા બાપ હુઝૂર પર કુર્બાન ! ત્યારબાદ મેં હુઝૂરને પૂરો બનાવ સંભળાવ્યો. ઈર્શાદ ફર્માવ્યું, તું જ તે વ્યક્તિ હતી જેને મેં મારી આગળ જોઈ ?! મેં અર્ઝ કરી, જી ! હુઝૂરે મારા સીના પર હથેળી વડે એવું માર્યું કે મને તકલીફ મેહસૂસ થઈ. પછી ફર્માવ્યું, તેં એવું ગુમાન કર્યું કે તારા પર અલ્લાહ અને તેના રસૂલ જુલ્મ કરશે ?! મેં અર્ઝ કરી, ક્યાં સુધી લોકો છુપાવશે ?! બેશક ! એને અલ્લાહે જાણી લીધું. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો કે જિબ્રઈલ મારી ખિદમતમાં હાજર થયા જ્યારે તેં જોયું હતું, અને અંદર ન આવ્યા, કેમ કે તું તારાં કપડાં ઉતારી ચૂકી હતી. તેમણે મને પોકાર્યું અને તારાથી છુપાવ્યું. મેં એમને જવાબ આપ્યો અને તારાથી છુપાવ્યો. હું સમજ્યો તું સૂઈ ગઈ છે અને તને જગાડવાનું પસંદ ન કર્યું. મને એ અંદેશો થયો કે તું ગભરાય જઈશ. જિબ્રલે મને હુકમ આપ્યો કે હું બક़ીઅ જાઉં અને એમના માટે ઈસ્તિગફાર કરું. મેં પૂછયું, યા રસૂલલ્લાહ ! શું કહું ? ફર્માવ્યું, આ પ્રમાણે કહે :–

السلام علی اهل الدیار من المومنین والمسلمین ویرحم الله المستقدمین منا و المستاخرون وانا ان شاء الله بکم لاحقون

ઈબ્ને માજહ (અસ્સલાત, પેજ–૧૦૦)માં હઝરત અલી رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે શાબાનની પંદરમી રાત આવી જાય તો એ રાતે ક़યામ કરો અને દિવસે રોઝો રાખો, કેમ કે રબ તબારક વ તઆલા ગુરૂબ આફતાબથી આસ્માની દુનિયા પર પોતે તજલ્લી ફર્માવે છે અને ફર્માવે છે : છે કોઈ બખ્શિશ ચાહનાર ! કે એને બખ્શી દઉં ! છે કોઈ રોજી તલબ કરનાર ! કે એને રોજી આપુ ! છે કોઈ પરેશાનીમાં સપડાયેલ કે તેને રાહત આપું ! છે કોઈ આવો, છે કોઈ તેવો. આવું ત્યાં સુધી ફર્માવતો રહે છે કે ફજર તુલૂઅ થઈ જાય. ઈમામ બયહક़ી (ઉમ્દતુલ ક़ારી, પેજ–૯૩, ૯૪)એ કિતાબુલ અલ અદઈય્યહમાં હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા સિદીક़ા رضی اللہ عنہا થી જ રિવાયત કરી. તે કહે છે કે હુઝૂરે મને પૂછયું, કાંઈ જાણો છો એ રાતમાં શું થાય છે ? ઉમ્મુલ મોમિનીને અર્ઝ કરી, શું છે એમાં યા રસૂલુલ્લાહ ?! ફર્માવ્યું, એ રાતમાં એ છે કે એક સાલમાં જેટલાં બાળકો પેદા થનારાં હોય છે તે લખવામાં આવે છે અને એ વરસમાં જેટલા મૃત્યુ પામનારા હોય છે તે લખવામાં આવે છે, અને એમાં એમના અમલો ઉપર ઉઠાવવામાં આવે છે, એ જ રાતમાં એમની રોજીઓ ઉતરે છે.

આ હદીષોથી સાબિત થયું કે શબે બરાત એક મુક़દ્દસ અને બાબરકત રાત છે જેથી આ રાતને ઈબાદતમાં ગુજારવી જોઈએ અને એના દિવસમાં રોઝો રાખવો જોઈએ અને રાતમાં क़ब્રોની ઝિયારત કરવી જોઈએ અને અલ્લાહ عزوجل થી પોતાની નેક તથા જાઈઝ મુરાદો માગવી જોઈએ. ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદીક़ા رضی اللہ عنہا થી જ બયહક़ીમાં આ હદીષ છે કે હુઝૂરે અક़્દસ ﷺએ ફર્માવ્યું, મારી પાસે જિબ્રઈલ આવ્યા અને કહ્યું **કે આ શાબાનની પંદરમી રાત છે એમાં અલ્લાહ તઆલા જહન્નમથી એટલા લોકોને આઝાદ ફર્માવે છે જેટલા બની કલ્બની બકરીઓ તથા ઘેટાંઓના વાળ છે, પણ કાફિરને તેમજ મુસલમાનથી અદાવત રાખનારને અને સગાઈ કટ કરનારને તથા કપડુ લટકાવનારા તથા માબાપની નાફ઼ર્માની**

કરનારા તથા શરાબ પીવાની આદત રાખનારાની તરફ રહમતની નજર નથી ફર્માવતો. ઈમામ અહમદે પોતાની મુસ્નદ (મુસ્નદે ઈમામ અહમદ, ૨/૧૭૬)માં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી જે રિવાયત કરી છે એમાં ખૂનીનું વર્ણન છે. *(બહારે શરીઅત, ૫/૧૮૩)*

આ પણ હદીષોથી સાબિત છે કે શબે બરાતને અને એ જ પ્રમાણે **ઈદ, જુમ્આ તથા આશૂરાના દિવસે મુડદાંઓની રૂહો પોતાનાં ઘરો પર આવીને ઉભી રહે છે અને કહે છે : છે કોઈ કે અમને યાદ કરે ! છે કોઈ કે અમારા પર દયા ખાય ! છે કોઈ કે અમારી ગુર્બતને યાદ અપાવે !** *(ફતાવા રઝવિય્યહ, ૪/૨૩૩ બહવાલા ખઝાનતુર્રિવાયાત વ કન્ઝુલ ઈબાદ વ કશ્ફુલ ખતા)*

શબે બરાતનો હલવો : મુસલમાનોમાં પૂરાણા સમયથી આ રિવાજ છે કે શબે બરાતે હલવો બનાવે છે. એમાં શરીઅતની રૂએ કોઈ વાંધો નથી બલ્કે એ મુસ્તહસન છે. બે કારણે : **૧.** એ કે એક ખાસ બરકતવાળી રાત છે જે અલ્લાહની નેઅમત છે અને એનો ફઝૂલ છે. કુર્આન મજીદમાં ફર્માવ્યું : **قل بفضل الله وبرحمته فبذلك فليفرحوا** "ફર્માવી દો, અલ્લાહના ફઝૂલ અને તેની નેઅમત પર ખુશી મનાવો." *(સૂ. યૂનુસ, આ. ૫૮)*

ખુશી મનાવવાનો તરીકો એ પણ છે કે ઉમદા ઉમદા ભોજનો ખાય તથા ખવડાવવામાં આવે અને મીઠો ખોરાક હુઝૂર ﷺને પ્રિય હતો. ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે : **كان رسول الله ﷺ يحب العسل والحلوى** "રસૂલુલ્લાહ ﷺ મધ તથા મીઠી ચીજ પસંદ કરતા હતા." *(બુખારી, ૨/૮૧૭, અલ્અત્એમહ)*

બીજુ કારણ એ છે કે હમણા ગુજર્યું કે મુડદાંઓની રૂહો શબે બરાતે દરવાજાઓ પર આવીને સવાલ કરે છે. એમના ઈસાલે સવાબના માટે ફકીરો તથા મિસ્કીનોને હલવો ખવડાવવામાં અધિક સવાબ છે, કેમ કે ખાવા જેટલુ ટેસ્ટી તથા ઉમદા હશે એટલો જ અધિક સવાબ મળશે.

શબે બરાતની રોશની : મુસલમાનોમાં એ પણ રિવાજ છે કે શબે બરાત તથા **મુકદ્દસ રાતોમાં રોશની (લાઈટિંગ)** કરે છે, એ પણ **જાઈઝ** તથા **મુસ્તહસન** છે. એક તો એ કારણે કે એ રહમતવાળી રાત મળ વા પર ખુશી મનાવવાની નિશાની છે. બીજુ કે એ **રાતની મહાનતાનું પ્રદર્શન** છે. અને કુર્આને કરીમમાં ફર્માવ્યું છે : **وَمَنْ يُّعَظِّمْ حُرُمٰتِ اللّٰهِ فَهُوَ خَيْرٌ لَّهٗ عِنْدَ رَبِّهٖ** "અને અલ્લાહની મોહતરમ (સન્માનનીય) બનાવેલી ચીજોની તાઝીમ કરે એ એના માટે એના રબને ત્યાં બેહતર છે." *(અલ્હજ્જ–૩૦)*

હદીષો અગાઉ વર્ણન થઈ ચૂકી કે શબે બરાત ખૂબ જ મોહતરમ તથા મુકદ્દસ રાત છે એના માટે રોશની કરવી એની તાઝીમ છે એટલા માટે એ અલ્લાહની નજીક બેહતર છે.

મસાઈલ : આ હદીષથી જણાયું કે શાબાનમાં જેને શક્તિ હોય તે વધુથી વધુ રોઝા રાખે. અલ્બત્ત જે કમજોર હોય તે રોઝા ન રાખે, કેમ કે એનાથી રમઝાનના રોઝાઓ પર અસર પડશે. આ જ ભાવાર્થ છે એ હદીષોનો જેમાં ફર્માવવામાં આવ્યું કે અડધા શાબાન પછી રોઝા ન રાખો.

حديث ١١٦١ عَنْ اَبِيْ سَلَمَةَ اَنَّ عَائِشَةَ حَدَّثَتْهُ قَالَتْ لَمْ يَكُنِ النَّبِيُّ صَلَّى اللّٰهُ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, નબી ﷺ કોઈ મહિનામાં [હદીષ : ૧૧૬૧]

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَصُوْمُ شَهْرًا اَكْثَرَ مِنْ شَعْبَانَ فَاِنَّهُ كَانَ يَصُوْمُ

શાબાનથી વધુ રોઝા રાખતા ન હતા. હુઝૂર પૂરા શાબાનમાં રોઝા રાખતા હતા અને ફર્માવતા હતા, એટલો

شَعْبَانَ كُلَّهُ وَكَانَ يَقُوْلُ خُذُوْا مِنَ الْعَمَلِ مَا تُطِيْقُوْنَ فَاِنَّ اللّٰهَ

અમલ અપનાવો જેટલાની શક્તિ ધરાવતા હોઉ, એટલા માટે કે અલ્લાહ ઉકતાઈ નથી શકતો, હા ! તમે લોકો

لَا يَمَلُّ حَتّٰى تَمَلُّوْا وَاَحَبُّ الصَّلٰوةِ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

થાકી જશો અને નબી ﷺ ને સૌથી વધુ તે નમાઝ પસંદ હતી જેના પર હમેશગી હોય ભલે થોડી હોય. અને

مَا دِيْمَ عَلَيْهِ وَاِنْ قَلَّتْ وَكَانَ اِذَا صَلّٰى صَلٰوةً دَاوَمَ عَلَيْهَا ؕ

જ્યારે નમાઝ પઢતા તો ગેપ ન પાડતા." (મુસ્લિમ, નિસાઈ–અસ્સૌમ)

હદીષ : ૧૧૬૧ની સમજૂતી

كله : વર્ણન થઈ ચૂક્યું કે એનાથી મુરાદ મોટા ભાગનો મહિનો છે. આ શબ્દો પણ આવ્યા છે : **كان يصومه كله الا قليل** અને અમુકમાં આ શબ્દો આવેલ છે : **كان يصوم شعبان او عامة شعبان** એટલે કે શાબાનમાં રોઝા રાખતા. પૂરા શાબાનમાં રોઝા રાખતા પણ અમુક દિવસ (છોડતા). **يَمَلّ** : એનો મસ્દર **ملال** છે જેનો અર્થ ઉકતાવું (આંચી જવું) છે. અલ્લાહ તઆલાની ઝાત માટે એ મુહાલ છે. અહીં એનો લાઝમી અર્થ મુરાદ છે. ઉકતાવનાર (અરૂચી જન્માવનાર) કામ છોડી આપે છે. અહીં મુરાદ એ છે કે અલ્લાહ તઆલા અમલનો સવાબ રોકશે નહીં. ન એના ખજાનામાં કમી છે અને ન તે આજિઝ છે અને ન કંજૂસ. **مادیم علیه** એટલે કે એ અધિક પસંદ નથી કે કદી કદી ખૂબ નમાઝો પઢવામાં આવે પછી છોડી મૂકવામાં આવે અથવા એમાં કમી કરી દેવામાં આવે. બલ્કે એવું હોવું જોઈએ કે માણસ પોતાની શક્તિભેર અને વ્યસ્તતાનો લેહાઝ કરીને નફ્લ નમાઝ તથા રોઝા અથવા કોઈપણ નેક કાર્ય, ઝિક્ર, વિર્દ વઝીફો એટલા પ્રમાણમાં કરે જેને ગેપ પાડયા વિના પાબંદી સાથે અદા કરી શકે. આ પરથી જાણવા મળ્યું કે નફલ કામ પર પાબંદી અલ્લાહ ﷻ તથા રસૂલુલ્લાહ ﷺ ને પસંદ છે. આ પરથી વહાબીઓના તે ફાસિદ (ગલત) ગુમાનનો રદ થઈ ગયો જે તેઓ કહે છે કે મીલાદ, ફાતિહા વગેરે લોકો અચૂક પાબંદી સાથે કરે છે એટલા માટે તે હરામ તથા ગુનોહ છે. અલ્બત્ત કોઈ મુસ્તહબ કામને વાજિબ સમજવું જાઈઝ નથી, એ એક અલગ વાત છે, કોઈ મુસલમાન મીલાદ, કયામ, નિયાઝ, ફાતિહા, ઉર્સ વગેરેને વાજિબ નથી સમજતો. સર્વ મુસલમાન એને મુસ્તહબ તથા મુસ્તહસન જાણે છે, અલ્બત્ત પાબંદી સાથે કરે છે કે જે નબી ﷺ ને પસંદ છે.

بَابُ مَا يُذْكَرُ مِنْ صَوْمِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَإِفْطَارِهِ ٢٦٤

નબી ﷺના રોઝા રાખવા અને ન રાખવા બાબતમાં જે વર્ણવવામાં આવે છે. *(પેજ–૨૬૪)*

حديث ١١٦٢ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ مَا صَامَ النَّبِيُّ صَلَّى

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી ﷺએ રમઝાનના સિવાય કોઈ **[હદીષ : ૧૧૬૨]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ شَهْرًا كَامِلًا قَطُّ غَيْرَ رَمَضَانَ وَيَصُوْمُ حَتّٰى

મહિનામાં પૂરો મહિનો રોઝા નથી રાખ્યા અને રોઝા એટલા રાખતા કે કહેનાર કહેતો કે બખુદા છોડશે નહીં,

يَقُوْلَ الْقَائِلُ لَا وَاللّٰهِ لَا يُفْطِرُ وَيُفْطِرُ حَتّٰى يَقُوْلَ الْقَائِلُ لَا وَاللّٰهِ لَا يَصُوْمُ

અને રોઝા છોડી આપતા ત્યાં સુધી કે કહેનાર કહેતો કે બખુદા હવે રોઝા રાખશે નહીં."

(મુસ્લિમ–અસ્સૌમ, તિર્મિઝી– શમાઈલ, નિસાઈ, ઈબ્ને માજહ–અસ્સૌમ)

حديث ١١٦٣ أَخْبَرَنَا حُمَيْدٌ قَالَ سَأَلْتُ أَنَسًا عَنْ صِيَامِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હુમૈદે કહ્યું, મેં હઝરત અનસ رضی اللہ عنہ થી નબી ﷺના રોઝાના બારામાં પૂછ્યું તો **[હદીષ : ૧૧૬૩]**

عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ مَا كُنْتُ أُحِبُّ أَنْ أَرَاهُ مِنَ الشَّهْرِ صَائِمًا إِلَّا رَأَيْتُهُ

તેમણે ફર્માવ્યું કે મહિનામાં જ્યારે હું ચાહતો કે હુઝૂરને રોઝેદાર જોઉં તો રોઝેદાર જોતો. અને જ્યારે રોઝા

وَلَا مُفْطِرًا إِلَّا رَأَيْتُهُ وَلَا مِنَ اللَّيْلِ قَائِمًا إِلَّا رَأَيْتُهُ وَلَا نَائِمًا إِلَّا رَأَيْتُهُ وَلَا

વિનાના જોવા ચાહતો તો રોઝા વિનાના જોતો. અને રાતમાં જ્યારે નમાઝ પઢતા જોવા ચાહતો તો નમાઝ

مَسِسْتُ خَزَّةً وَلَا حَرِيْرَةً أَلْيَنَ مِنْ كَفِّ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

પઢતા જોતો. અને સૂતેલા જોવા ચાહતો તો સૂતેલા જોતો. અને મેં કોઈ રેશમ કે

عَلَيْهِ وَسَلَّمَ وَلَا شَمَمْتُ مِسْكَةً وَلَا عَنْبَرَةً أَطْيَبَ رَائِحَةً مِنْ رَائِحَةِ

રેશમી કપડાને નથી સ્પર્શ્યું જે હુઝૂરની હથેળીથી અધિક નરમ હોય અને મેં કોઈ મુશ્ક કે

સમજૂતી : હદીષ : ૧૧૬૨–૧૧૬૩

આ હદીષનો સાર એ છે કે હુઝૂરે અકૃદસ ﷺ રમઝાનના સિવાય અન્ય મહિનાઓમાં રોઝા પણ રાખતા અને રોઝા વિના પણ રહેતા. એ જ પ્રમાણે રાતમાં સૂતા પણ હતા અને તહજ્જુદ પણ પઢતા હતા. ન એવું કરતા કે સતત આખો મહિનો રોઝો રાખતા કે કોઈ મહિને તદ્દન રોઝા ન રાખતા અથવા પૂરી રાત સૂતા કે પૂરી રાત જાગતા. હુઝૂરે અકૃદસ ﷺએ ન કદી સૌમે દહર રાખ્યા અને ન રાતભર ઈબાદત કરી, જેથી ઉમ્મતના માટે

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عـه

અંબરને નથી સૂંઘયું જે રસૂલુલ્લાહ ﷺથી અધિક ખુશબુદાર હોય." (બુખારી, ૧/૧૫૩ અત્તહજ્જુદ)

بَابُ حَقِّ الْجِسْمِ فِي الصَّوْمِ ص ٢٦٥

"રોઝામાં શરીરનો હક્ક" –(૨૬૫)

حديث ١١٦٤ حَدَّثَنِي عَبْدُ اللّٰهِ بْنُ عَمْرِو بْنِ الْعَاصِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

"અબૂ સલ્મા બિન અબ્દુર્રહમાને કહ્યું, મને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ઈબ્ને **[હદીષ : ૧૧૬૪]**

قَالَ قَالَ لِي رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَا عَبْدَ اللّٰهِ أَلَمْ أُخْبَرْ

આસ رضی اللہ عنہما એ હદીષ વર્ણવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે અબ્દુલ્લાહ ! શું મને એ ખબર નથી

أَنَّكَ تَصُوْمُ النَّهَارَ وَتَقُوْمُ اللَّيْلَ فَقُلْتُ بَلٰى يَا رَسُوْلَ اللّٰهِ قَالَ فَلَا

આપવામાં આવી કે તમે (હમેશાં) દિવસમાં રોઝા રાખો છો અને રાતમાં ક્યામ કરો છો ? મેં અર્ઝ કરી, હા !

تَفْعَلْ صُمْ وَأَفْطِرْ وَقُمْ وَنَمْ فَإِنَّ لِجَسَدِكَ عَلَيْكَ حَقًّا وَإِنَّ لِعَيْنَيْكَ

યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું, હવે એવું ન કર. રોઝા રાખ અને રોઝા વિનાનો રહે. રાતે ક્યામ પણ કર અને સૂઈ

عَلَيْكَ حَقًّا وَإِنَّ لِزَوْجِكَ عَلَيْكَ حَقًّا وَإِنَّ لِزَوْرِكَ عَلَيْكَ حَقًّا وَ

પણ જા. બેશક ! તારા શરીરનો તારા પર હક્ક છે અને બેશક ! તારી આંખોનો તારા પર હક્ક છે અને બેશક !

આસાની થાય. જો કે હુઝૂર ﷺ એટલી શક્તિ ધરાવતા હતા કે જો જીવનભર રોઝા રાખતા અને જીવનભર પૂરી રાત શબબેદારી કરતા તો પણ હુઝૂરની શક્તિમાં કોઈ અસર ન પડતી.

હદીષ : ૧૧૬૪ની સમજૂતી એના બાદવાળી રિવાયતમાં દરેક મહિનામાં ત્રણ દિવસ રોઝાના હુકમ આપ્યા બાદ છે કે એક દિવસ રોઝો રાખ અને બે દિવસ ન રાખ.

زور : અસલમાં મસ્દર હતું. ઈસ્મની જગાએ વપરાવા લાગ્યું. એ વાહિદ તષ્નિયહ, જમા, મુઝક્કર, મુઅન્નષ સૌના માટે વપરાય છે. અને એ જ રાજેહ છે. એક ક્વૌલ એ છે કે એ "ઝાઈર"નું બહુવચન છે જેમ કે તાજિરનું તજરુન. એનાથી મુરાદ ખાસ મહેમાન છે અથવા મુલાક઼ાતી. એટલે કે **જો કોઈ મહેમાન આવે તો તેની શાનને લાયક તેની સાથે વર્તાવ કરવો જોઈએ.** એ જ પ્રમાણે **જો કોઈ મુલાક઼ાતના માટે આવે તો તેનાથી પણ ખુશ ચહેરે મુલાક઼ાત કરવી જોઈએ અને સારો વર્તાવ કરવો જોઈએ.** શરીરનો હક્ક એ છે કે એને જરૂરત પ્રમાણે હજમ થયેલ ખોરાકના બદલામાં માટે ખોરાક આપવામાં આવે અને એને આરામ પહોંચાડવામાં આવે. અને **આંખનો હક્ક એ છે કે એને જરૂરત પ્રમાણે સૂવાનો મોક઼ો આપવામાં આવે.** અને **પત્નીનો હક્ક એ છે કે ભરણ પોષણની સાથોસાથ તેની વાસનાની ખ્વાહિશનો ખયાલ**

إِنَّ بِحَسْبِكَ أَنْ تَصُومَ مِنْ كُلِّ شَهْرٍ ثَلٰثَةَ أَيَّامٍ فَإِنَّ لَكَ بِكُلِّ حَسَنَةٍ

તારી પત્નીનો તારા પર હક્ક છે અને બેશક ! તારા મુલાકાતીઓનો તારા પર હક્ક છે. અને તને એ પૂરતુ છે

عَشْرَ أَمْثَالِهَا فَإِذَا ذٰلِكَ صِيَامُ الدَّهْرِ كُلِّهِ فَشَدَّدْتُ عَلَيْهِ فَشُدِّدَ

કે દર મહિને ત્રણ દિવસ રોઝા રાખી લે કેમ કે દરેક નેકી દસગણી સુધી છે, આ સિયામે દહર થઈ ગયા. મેં

عَلَيَّ قُلْتُ يَا رَسُولَ اللّٰهِ إِنِّي أَجِدُ قُوَّةً قَالَ فَصُمْ صِيَامَ نَبِيِّ اللّٰهِ

હુઝૂરથી સખ્તી ચાહી તો મારા પર સખ્તી કરવામાં આવી. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શક્તિ ધરાવું છું !

دَاوُدَ وَلَا تَزِدْ عَلَيْهِ قُلْتُ وَمَا كَانَ صِيَامُ نَبِيِّ اللّٰهِ دَاوُدَ قَالَ

ફર્માવ્યું, અલ્લાહના નબી દાઉદ عليه السلام નો રોઝો રાખ અને એના પર અધિકતા ન કર. મેં અર્ઝ કરી, અલ્લાહના

રાખવામાં આવે અને તેને પૂર્ણ કરવામાં આવે.

આ હદીષથી સાબિત થયું કે **દર મહિને ત્રણ રોઝા રાખવા એવું છે કે જીવનભર રોઝાદાર રહ્યો.** એટલા માટે કે એક નેકી અલ્લાહ عزوجل ને ત્યાં દસગણી છે તો ત્રણ રોઝા એક મહિના બરાબર થઈ ગયા. અને ત્રણ રોઝાથી ક્યાં તો અય્યામે બીજના રોઝા મુરાદ છે અથવા મુત્લક્ન (બિનશર્તી), નિશ્ચિત વિના કોઈ પણ તારીખના ત્રણ રોઝા મુરાદ છે.

જેમ કે મુસ્લિમ (૧/૩૬૭ અસ્સૌમ)માં હઝરત આઈશા સિદ્દીક્ા رضی اللہ عنہا થી મરવી છે કે મઆઝા અદવિય્યહ્એ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ને સવાલ કર્યો કે શું રસૂલુલ્લાહ ﷺ દર મહિને ત્રણ દિવસ રોઝા રાખતા હતા ? ફર્માવ્યું, હા ! પછી મેં તેમને પૂછયું, મહિનાના કયા દિવસોમાં ? ફર્માવ્યું, એની પરવા કરતા ન હતા કે કયા દિવસોમાં રોઝા રાખતા.

એના બારામાં ઉલમાનાં દસ કથનો છે : બે આ. ત્રીજુ : બાર, તેર, ચૌદ. ચોથુ : શરૂની ત્રણ તારીખોના રોઝા. પાંચમુ : મહિનાના પ્રથમ શનિવારે, રવિવાર, સોમવારે. પછી બીજા મહિનામાં પ્રથમ મંગળ, બુધ, જુમેરાતના રોઝા. છઠ્ઠુ : દરેક મહિનાની છેલ્લી તારીખોના રોઝા એટલે ૨૭, ૨૮, ૨૯ના. સાતમુ : સોમવાર, જુમેરાત પછી સોમવારના રોઝા. આઠમુ :દર મહિનાની પહેલી, દસમી, વીસમીના રોઝા. નવમુ : પહેલી, અગ્યારમી, વીસમીના રોઝા. દસમુ : ઐયામે બીઝના રોઝા તો રાખ્યા જ, તે ઉપરાંત કોઈ પણ ત્રણ દિવસ અધિક રોઝા રાખ્યા.

ઈમામ મુસ્લિમે હુસૈન મુઅલ્લિમના તરીક્ા **وان لولدك عليك حقا** ને બદલે **وان لزورك عليك حقا** એટલે કે "તારી ઔલાદનો તારા પર હક્ક છે" રિવાયત કર્યું. નિસાઈમાં આખરમાં આટલુ અધિક છે : અને યક્ીનન ! તારી ઉમર અધિક થશે. આ એના પ્રતિ નિર્દેશ છે કે તમે ઉમ્મરવાળા અને લાંબી વયના થઈ જશો ત્યારે પસ્તાશો. જેમ કે આ હદીષના અંતમાં છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہما જ્યારે વૃધ્ધ થયા તો અફસોસ સાથે ફર્માવ્યા કરતા, હે કાશ ! કે મેં રસૂલુલ્લાહ ﷺ ની રુખસદ (છૂટ) સ્વીકારી લીધી હોત. એના પછી અબુલ અબ્બાસ શાઈરના તરીક્ાથી જે રિવાયત છે તેમાં આખરમાં આટલુ વધારે છે :–

قال كان يصوم يوما و يفطر يوما و كان قال كان يصوم يومًا و يفطر يوما و كان لا يفر اذا لاقىٰ قال من لى بهٰذه يانبى الله قال عطاء لا ادرى كيف ذكر صيام الابدقال النبى ﷺ لا صام من صام البد مرتين

"હુઝૂરે ફર્માવ્યું કે દાઉદ عليه السلام એક દિવસ રોઝો રાખતા અને એક દિવસ છોડતા. અને જ્યારે દુશ્મનથી

نِصْفُ الدَّهْرِ قَالَ فَكَانَ عَبْدُ اللّٰهِ يَقُوْلُ بَعْدَ مَا كَبِرَ يَا لَيْتَنِيْ

નબી દાઉદ عليه السلام નો રોઝો શું હતો ? ફર્માવ્યું, અડધા સમયનો. હદીષના રાવીએ કહ્યું, હઝરત અબ્દુલ્લાહ

قَبِلْتُ رُخْصَةَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ع

ઉમ્મરવાળા થયા પછી કહ્યા કરતા હતા કે, હે કાશ ! મેં નબી ﷺ ની રુખસદને કબૂલ કરી લીધી હોત."

(બુખારી, ૧/૨૮૫ બાબુસ્સૌમ)

મુકાબલો થતો તો ભાગતા ન હતા. હઝરત અબ્દુલ્લાહે કહ્યું, મારા માટે આ આદતનો કોણ કફીલ થશે હે અલ્લાહના નબી ?! ઈમામ અતાએ કહ્યું, એ તો મને યાદ નથી કે એ મોકા પર કાયમી રોઝાનું વર્ણન કેવી રીતે આવ્યું પણ એ યાદ છે કે નબી ﷺ એ ફર્માવ્યું, જેણે હમેશાં રોઝા રાખ્યા એણે રોઝા નથી રાખ્યા. બેવાર ફર્માવ્યું."

આ હદીષના એક રાવી અબ્બાસ મક્કી શાઈર હતા. શાઈરો સામાન્યતઃ અતિશયોક્તિ કરવાના આદી હોય છે એટલા માટે એ શંકા થઈ શક્તી હતી કે એમની રિવાયત મોઅતબર ન હોય. એના નિવારણના માટે રાવીએ એ પણ કહ્યું : **وكان لا يتهم فى الحديث** અને તે હદીષમાં તોહમત લગાડવામાં આવતા ન હતા.

وكان لا يفر : એટલે તેમ છતાં એક દિવસની ગેપ બાદ સતત રોઝા રાખતા હતા. હઝરત દાઉદ عليه السلام માં કોઈ કમજોરી નથી પેદા થઈ.

من لى بهذه : એટલે કે જો હું આ પ્રમાણે રોઝા રાખુ અને મારી અંદર આટલી કમજોરી પેદા ન થાય અને એટલી શક્તિ બાકી રહે કે દુશ્મન સાથે મુકાબલા વખતે અડગ રહી શકું એની ઝમાનત કોણ લેશે ?

قال عطاء : ઈમામ અતા એવું કહેવા ચાહે છે કે એ તો મને યાદ છે કે હુઝૂરે અકદસ ﷺ એ ફર્માવ્યું, જેણે હમેશાં રોઝા રાખ્યા એણે રોઝા નથી રાખ્યા. પણ એનો ઉલ્લેખ શાથી આવ્યો એ મને યાદ નથી. આ એમની હદીષની રિવાયતમાં અતિશય કક્ષાની સાવધાની છે.

صيام ابد (સિયામે અબદ) એને સિયામે દહર પણ કહે છે. એનાથી મુરાદ એ છે કે વરસભર સુધી સતત ગેપ પાડયા વિના રોઝા રાખવામાં આવે અને રાતમાં ખાવા પીવામાં આવે. અને સૌમે વિસાલથી મુરાદ એ છે કે રાતમાં પણ કાંઈ ખાવા પીવામાં ન આવે, ભલે બે ચાર દિવસ જ હોય. એ જે ઈર્શાદ ફર્માવ્યો, જેણે સૌમે અબદ રાખ્યા એણે રોઝા નથી રાખ્યા. એનાથી મુરાદ એ છે કે જ્યારે તે લગાતાર રોઝા રાખશે તો તેની તબીઅત રોઝાથી ટેવાઈ જશે, દિવસમાં ખાવા પીવાની ઈચ્છા નહીં થાય. તો એ એવું છે જેમ કે એણે રોઝો જ નથી રાખ્યો. આ ખબર છે, અને આ ખબરને 'નેહી'ના અર્થમાં માનીએ તો આ ઈર્શાદ એ લોકો માટે છે જેમને સતત રોઝા રાખવાના કારણે એવું અધિક્તર ગુમાન છે કે એટલા કમજોર થઈ જશે કે જે હક્કો એમના પર વાજિબ છે તેને અદા કરી શક્શે નહીં, ચાહે તે હક્કો દીની હોય કે દુનિયવી દા.ત. નમાઝ, જેહાદ, બાળકોના ઉછેર માટે કમાઈ. અને જો સતત રોઝા રાખવાના કારણે એનુ ગુમાન અધિક્તર હોય કે વાજિબ હક્કો તો પૂર્ણપણે અદા કરી લેશે પણ ગૈર વાજિબ હક્કો અદા કરવાની શક્તિ ન રહેશે, તેમના માટે રોઝા મકરૂહ અથવા ખિલાફે ઉલા છે, અને જેમને એનુ અધિક્તર ગુમાન હોય કે સૌમે દહર રાખવા છતાં સર્વ વાજિબ હક્કો, સુન્નત હક્કો, મુસ્તહબ હક્કો સંપૂર્ણપણે અદા કરી લેશે તેમના માટે કરાહત પણ નથી.

અમુક સહાબાએ કિરામ જેમ કે અબૂ તલ્હા અન્સારી તથા હમ્ઝા બિન અમ્ર અસ્લમી رضی اللہ عنہما સૌમે દહર રાખતા હતા અને હુઝૂરે અકદસ ﷺ એ તેમને મના નથી ફર્માવ્યું. એ જ પ્રમાણે ઘણા બધા તાબઈન તથા અવલિયાએ કિરામથી પણ સૌમે દહર રાખવું નક્લ થયેલ છે. *(અશિઅતુલ લમ્આત, ૨/૧૦૦)*

بَابُ صَوْمِ دَاوُدَ عَلَيْهِ السَّلَامُ ص ٢٦٥

"દાઉદ عليه السلام નો રોઝો" –(પેજ : ૨૬૫)

حديث ١١٦٥ أَخْبَرَنِي أَبُو الْمَلِيحِ قَالَ دَخَلْتُ مَعَ أَبِيكَ عَلَى عَبْدِ اللهِ بْنِ

"અબુલ મલીહે મને ખબર આપી કે હું તારા બાપની સાથે હઝરત અબ્દુલ્લાહ **[હદીષ : ૧૧૬૫]**

عَمْرٍو رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا فَحَدَّثَنَا أَنَّ رَسُولَ اللهِ صَلَّى اللهُ

ઈબ્ને અમ્ર رضي الله عنه ની ખિદમતમાં હાજર થયો તો તેમણે અમને હદીષ વર્ણવી કે રસૂલુલ્લાહ ﷺ થી

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ ذُكِرَ لَهُ صَوْمِي فَدَخَلَ عَلَيَّ فَأَلْقَيْتُ لَهُ وِسَادَةً مِنْ

મારા રોઝાને વર્ણવવામાં આવ્યો તો હુઝૂર મારી પાસે તશરીફ લાવ્યા. મેં હુઝૂરની ખિદમતમાં ચામડાનો

أَدَمٍ حَشْوُهَا لِيفٌ فَجَلَسَ عَلَى الْأَرْضِ وَصَارَتِ الْوِسَادَةُ بَيْنِي وَ

ગાદલો પેશ કર્યો જેમાં ખજૂરની છાલો ભરવામાં આવી હતી. હુઝૂર જમીન પર બેસી ગયા અને ગાદલો

بَيْنَهُ فَقَالَ أَمَا يَكْفِيكَ مِنْ كُلِّ شَهْرٍ ثَلَاثَةُ أَيَّامٍ قَالَ قُلْتُ يَا رَسُولَ

મારા તથા હુઝૂર વચમાં રહી ગયો. હુઝૂરે ફર્માવ્યું, શું દરેક મહિનામાં ત્રણ રોઝા તારા માટે પૂરતા નથી ? મેં

اللهِ قَالَ خَمْسًا قُلْتُ يَا رَسُولَ اللهِ قَالَ سَبْعًا قُلْتُ يَا رَسُولَ اللهِ قَالَ

અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું, પાંચ દિવસ રોઝાથી રહો. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું, સાત

હદીષ : ૧૧૬૫ની સમજૂતી

مع ابيك : આ સંબોધન અબૂ ક़લાબા હદીષના રાવીને છે. એમના પિતાનું નામ ઝયદ હતું. જેમ કે કિતાબુલ ઈસ્તીઝાનની રિવાયતમાં સ્પષ્ટતા છે : **مع ابيك زيد** આ હદીષમાં વિગતવાર છે. આ વિષયની બીજી હદીષોમાં ટૂંકાણમાં છે કે પ્રથમ ઈર્શાદ ફર્માવ્યો કે મહિનામાં ત્રણ દિવસ રોઝા રાખ. અને ત્યારબાદ ફર્માવ્યું, સૌમે દાઉદ રાખ. અને આ હદીષમાં આ પ્રમાણે છે કે ક્રમસર પાંચ, સાત, નવ, અગ્યાર દિવસ રોઝા રાખવાની ઈજાઝત આપી. પછી એનો અધિક શોખ જોઈને સૌમે દાઉદ (એક છોડી એક દિવસ) રોઝા રાખવાની ઈજાઝત આપી. આ હદીષમાં પણ એક શંકા રહી ગઈ જે બાબે સૌમુદ્દહરમાં નક़્લ થયેલ છે કે એક દિવસ રોઝો રાખ અને એક દિવસ ગેપ રાખ. આ હદીષમાં યા રસૂલલ્લાહની પહેલાં **لا يكفيني** મહઝૂફ છે મતલબ એ છે કે, "એ મને પૂરતુ નથી યા રસૂલલ્લાહ !" આ હદીષમાં **صم** આદેશ વાજિબ થવા માટે નથી બલ્કે મુસ્તહબ હોવાના માટે છે જેના પર હદીષ વર્ણનની આગળ પાછળની સ્થિતિ ક़રીના છે. આ હદીષથી સાબિત થયું કે સતત, ગેપ વિના રોઝા રાખવા કરતાં સૌમે દાઉદ રાખવા અફ઼ઝલ છે કે સ્પષ્ટપણે ઈર્શાદ છે : **لا صوم فوق صوم داؤد** "સૌમે દાઉદની ઉપર કોઈ રોઝો નથી." એટલે કે એનાથી અફ઼ઝલ નથી. તેમજ એ પણ સાબિત થયું કે પોતાના નેક અમલો એવી વ્યક્તિને બતાવવું જાઈઝ છે જે તેનો શુભેચ્છક હોય, દા.ત. ઉસ્તાદ અથવા પીર, તેમજ એ પણ

تِسْعًا. قُلْتُ يَارَسُوْلَ اللّٰهِ قَالَ اِحْدٰى عَشْرَةَ ثُمَّ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

દિવસ. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું, નવ દિવસ. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું,

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا صَوْمَ فَوْقَ صَوْمِ دَاوٗدَ عَلَيْهِ السَّلَامُ شَطْرَ الدَّهْرِ

અગ્યાર દિવસ. ત્યારબાદ નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, સૌમે દાઉદની ઉપર કોઈ રોઝા નથી અડધા

صُمْ يَوْمًا وَّاَفْطِرْ يَوْمًا ع ه

સમયના, એક દિવસ રોઝો રાખ એક દિવસ છોડી આપ."

(બુખારી, ૨/૯૨૮ અલ્ઈસ્તીઝાન, મુસ્લિમ, નિસાઈ–અસ્સૌમ)

بَابُ صِيَامِ الْبِيْضِ ثَلٰثَ عَشْرَةَ وَاَرْبَعَ عَشْرَةَ وَخَمْسَ عَشْرَةَ ص ٢٦٦

"ઐયામે બીઝ તેર, ચૌદ, પંદરના રોઝા" –(૨૮૯)

حديث ١١٦٦ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ اَوْصَانِيْ خَلِيْلِيْ صَلَّى اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું, મારા ખલીલ ﷺએ મને **[હદીષ : ૧૧૬૬]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِـ... صِيَامِ ثَلٰثَةِ اَيَّامٍ مِّنْ كُلِّ شَهْرٍ وَّرَكْعَتَيِ الضُّحٰى

ત્રણ વાતો વસિયત કરી છે : દર મહિને ત્રણ દિવસ રોઝા રાખવાની અને ચાશતની

وَاَنْ اُوْتِرَ قَبْلَ اَنْ اَنَامَ ـ

બે રકાતોની અને સૂવાથી પહેલાં વિત્ર પઢવાની."

સાબિત થયું કે નફલોમાં આટલી તઅમ્મુક અને આટલી સખ્તી અથવા આટલી અધિકતા જેને નિભાવવું મુશ્કેલ હોય એ પસંદીદા નથી. તેમજ એ પણ સાબિત થયું કે જ્યારે કોઈ દીની પેશવા આપણા ઘરે આવે તો તેની શાનને લાયક તેનું સ્વાગત કરવું જોઈએ, ઈજ્જત તથા સન્માન કરવું જોઈએ. આ હદીષથી જાહેર થયું કે સહાબાએ કિરામ એ યુગમાં કેટલા ગરીબી તથા તંગદસ્તીમાં હતા કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્મ رضی اللہ عنہما એ હુઝૂરના માટે ખજૂરની ખાલોથી ભરેલો ચામડાનો ગાદલો પેશ કર્યો. જો એમની પાસે એનાથી ઉમદા બિસ્તર હોત તો જરૂર એને પેશ કરત.

હદીષ : ૧૧૬૬ની સમજૂતી

البيض : ابيض નુ બહુવચન છે જેનો અર્થ સફેદ થાય છે. એટલે કે તે દિવસો જેના દિવસ તથા રાત બંનેવ રોશન હોય અથવા જેની રાતો રોશન છે. એ ત્રણ તારીખોમાં રાતભર ચાંદની રહે છે એટલા માટે એવું કહેવું પણ સહીહ છે કે એના દિવસ તથા રાતો બંનેવ મુનવ્વર (પ્રકાશિત) છે.

આ હદીષ ચોથા ભાગમાં વર્ણન થઈ ચૂકી છે ત્યાં એટલુ અધિક છે કે હું એને મરતા દમ સુધી છોડીશ નહીં.

એનાથી એ વાત સમજમાં આવે છે કે નફલો ઉપર પણ હમેશગી અપનાવવી તથા પાબંદી કરવું શરીઅતની રૂએ મહબૂબ છે.

પ્રકરણથી સામ્યતા : અહીં પ્રકરણનું ટાઈટલ છે કે બીઝના દિવસોના તેર, ચૌદ, પંદરના રોઝા. હદીષમાં ન ઐયામે બીઝનું વર્ણન છે ન એ તારીખોનું. કેવળ એટલુ જ વર્ણન થયેલું છે કે દર મહિને ત્રણ દિવસ રોઝા રાખવાનો હુકમ આપ્યો. મળતાપણાની તક્રીર (ચર્ચા) એ છે કે આ હદીષમાં અહીં જે રિવાયત છે એમાં ન ઐયામે બીઝનું વર્ણન થયેલ છે ન તારીખો, પણ બીજી હદીષોમાં બંને વાતો વર્ણન થયેલ છે.

ક़ાઝી યૂસુફ બિન ઈસ્માઈલે "કિતાબુસ્સૌમ"માં મૂસા બિન તલ્હાથી રિવાયત કરી છે કે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ એ અબૂઝર, અમ્માર, અબૂ દરદા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ને ફર્માવ્યું, શું તમને લોકોને તે દિવસ યાદ છે આપણે રસૂલુલ્લાહ ﷺની સાથે ફલાણી ફલાણી જગ્યાએ હતા એવામાં હુઝૂર ﷺની સેવામાં એક જણ સસલુ લાવ્યો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મેં એની સાથે લોહી જોયું છે (એને માસિક આવ્યું છે) હુઝૂરે અમને ખાવાની ઈજાઝત આપી, અમે ખાધુ અને હુઝૂરે ન ખાધુ. તે લોકોએ અર્ઝ કરી, હા ! યાદ છે. પછી હુઝૂરે તે શખ્સને કહ્યું, એની નજીક જા અને ખા. તો તેણે અર્ઝ કરી, હું રોઝાથી છું. પૂછયું, કયો રોઝો ? કહ્યું, દર મહિનાના ત્રણ દિવસવાળો રોઝો, શરૂનો કે છેવટનો કે જે પણ આસાન હોય. હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, શું જાણો છો કે રસૂલુલ્લાહ ﷺએ શાનો હુકમ આપ્યો છે ? તે લોકોએ અર્ઝ કરી, હા ! તેર, ચૌદ, પંદરનો હુકમ આપ્યો હતો. એ જ પ્રમાણે રસૂલુલ્લાહ ﷺએ હુકમ ફર્માવ્યો છે. *(ઉમ્દતુલ ક़ારી, પેજ–૯૫)*

અસલ હદીષ નિસાઈ (૨/૧૯૭)માં પણ છે. હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું યૌમુલ ક़ાહા અમારી સાથે કોણ હતું ? હઝરત અબૂઝર رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું ! નબી ﷺની ખિદમતમાં સસલુ લાવવામાં આવ્યું. જે સાહબ લાવ્યા હતા તેમણે અર્ઝ કરી, મેં જોયું છે કે એને લોહી (હૈઝ) આવે છે. તો નબી ﷺએ એને ન ખાધુ. પછી હુઝૂરે હાજરજનોને ફર્માવ્યું કે ખાવ ! તો એક સાહબે કહ્યું, હું રોઝાથી છું. હુઝૂરે પૂછયું, અને તારો રોઝો શું છે ? તેમણે અર્ઝ કરી, દર મહિને ત્રણ દિવસ. ફર્માવ્યું, તું ક્યાં છે ? ત્રણ સફેદ રોશન દિવસોથી તેર, ચૌદ, પંદર. (મુરાદ છે) ક़ાહા મદીના તયબહ તથા મક્કા મુઅઝ્ઝમાની વચ્ચે મદીનાથી ત્રણ મંઝિલના અંતરે એક જગાનું નામ છે.

તેમજ નિસાઈ (૧/૩૨૮ અસ્સિયામ)માં હઝરત જરીર બિન અબ્દુલ્લાહ બજલી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, દર મહિનામાં ત્રણ દિવસના રોઝા સિયામે દહર છે. અને ઐયામે બીઝ તેર, ચૌદ, પંદર છે. એક રિવાયતમાં ઐયામે બીજ વાવ વિના છે. અને એક રિવાયતમાં ઐયામે બીજ **البيض صبيحة ثلث عشر** الخر .. છે. *(ઉમ્દતુલ ક़ારી–૯૫)*

આ બંનેવ રિવાયતોના આધારે ઐયામે બીઝ સિયામો ષલાષત અય્યામિનથી બદલ છે. એનો અર્થ એ થયો કે ઐયામે બીઝ તેર, ચૌદ, પંદરની તારીખો છે.

અબ્દુલ મલિક બિન મન્હાલ પોતાના પિતાથી, તે રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરે છે કે હુઝૂર ઐયામે બીઝ તેર, ચૌદ, પંદર તારીખના રોઝા રાખવાનો હુકમ આપતા હતા. અને ફર્માવતા હતા, આ સૌમે દહરના સમાન છે. *(અબૂ દાઊદ, ૧/૩૩૨, નિસાઈ ૧/૩૨૯ સિયામ, ઈબ્ને માજહ–અસ્સૌમ, ૧૨૩)*

તેમજ નિસાઈમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું : **ان كنت صائما فصم الغر** જો તારે રોઝા રાખવા છે તો રોશન દિવસોના રોઝા રાખ. (૨/૧૯૭, ૧/૩૨૮) **الغر** એ **اغر**નું બહુવચન છે એનુ મૌસૂફ **الايام** મહઝૂફ છે. મતલબ એ થયો કે રોશન દિવસોના રોઝા રાખ. આ ઐયામે બીઝની બીજી તાવીલ (અર્થઘટન) છે. જેમ કે મૂસા ઈબ્ને તલ્હાની હદીષના એક તરીક़ામાં આ પ્રમાણે

بَابُ مَنْ زَارَ قَوْمًا فَلَمْ يُفْطِرْ عِنْدَهُمْ صـ ٢٦٦

"જે કોઈ ક़ૌમની મુલાકાત માટે ગયો અને ત્યાં રોઝો ન તોડયો" –(૨૬૬)

حديث ١١٦٧ عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ دَخَلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ ઉમ્મે સુલૈમના ત્યાં તશરીફ લાવ્યા. **[હદીષ : ૧૧૬૭]**

وَسَلَّمَ عَلٰى اُمِّ سُلَيْمٍ فَاَتَتْهُ بِتَمْرٍ وَّسَمْنٍ فَقَالَ اَعِيْدُوْا سَمْنَكُمْ فِيْ سِقَائِهٖ

ઉમ્મે સુલૈમે હુઝૂરની ખિદમતમાં ખારેક તથા ઘી પેશ કર્યું તો હુઝૂરે ફર્માવ્યું, ઘીને તેના મશકમાં અને ખારેકને

وَتَمْرَكُمْ فِيْ وِعَائِهٖ فَاِنِّيْ صَائِمٌ ثُمَّ قَامَ اِلٰى نَاحِيَةٍ مِّنَ الْبَيْتِ فَصَلّٰى غَيْرَ

તેના પાત્રમાં પાછુ રાખી દો એટલા માટે કે હું રોઝાથી છું. ત્યારબાદ હુઝૂર ઘરના એક ખૂણામાં ઉભા થયા

الْمَكْتُوْبَةِ فَدَعَا لِاُمِّ سُلَيْمٍ وَاَهْلِ بَيْتِهَا فَقَالَتْ اُمُّ سُلَيْمٍ يَا رَسُوْلَ اللّٰهِ

અને નફલ નમાઝ પઢી અને સુલૈમ તથા તેમનાં ઘરવાળાંઓ માટે દુઆ ફર્માવી. ત્યારબાદ ઉમ્મે સુલૈમે અર્ઝ

આવેલ છે : **بالغر البيض ثلث عشرة الخر** એનાથી નિશ્ચિત થઈ જાય છે કે **غره** બીઝના અર્થમાં છે અને ઈમામ બુખારીની આદત માલૂમ છે કે જો કોઈ હદીષ વિવિધ તરીક़ાઓથી રિવાયત પામેલ હોય અને તેના અમુક તરીક़ા ઝઈફ અથવા વાંધાજનક હોય અથવા ઈમામ બુખારીની શર્ત પર સહીહ ન હોય પરંતું જો તે હદીષ અથવા તેના અમુક ભાગો કોઈ એવા તરીક़ાથી વર્ણન થયેલ હોય જે ઈમામ બુખારીની શર્ત પર સહીહ હોય તો ઈમામ બુખારી પોતાના ત્યજેલા તરીક़ાને સામે રાખીને પ્રકરણ રચી નાખે છે. અને આ પ્રકરણ હેઠળ એ હદીષનો તે હિસ્સો વર્ણવી આપે છે જે તેમની શર્ત પર સહીહ હોય. એ જ તરીક़ો અહીં પણ અપનાવ્યો છે.

મસ્અલા : અમારી વર્ણવેલ હદીષોથી સાબિત થયું કે તે જે અમુકની હદીષોમાં વર્ણન થયેલ છે : દર મહિને ત્રણ દિવસ રોઝા રાખો, એનાથી અૈયામે બીઝના જ રોઝા મુરાદ છે અને એ જ જમહૂરનો ક़ૌલ છે અને એ જ રાજેહ (પસંદીદા) છે.

હદીષ : ૧૧૬૭ની સમજૂતી

આ હદીષ ઈફ્રાદે બુખારી (જેને કેવળ ઈમામ બુખારીએ રિવાયત કર્યું)માંથી છે. ઉમ્મે સુલૈમ : આમ શારેહોએ એવું લખ્યું છે કે હઝરત ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا હુઝૂર ﷺના રઝાઈ ખાલા (દૂધ માસી) હતાં એટલા માટે હુઝૂરે અક़્દસ ﷺ તેમને ત્યાં તથા તેમનાં બહેન ઉમ્મે હરામ બિન્તે મલ્હાન رضی اللہ عنہا નાં ત્યાં તશરીફ લઈ જયા કરતા હતા. પણ અલ્લામા અયનીએ ફર્માવ્યું કે હુઝૂરે અક़્દસ ﷺ કોઈ સ્ત્રીના ઘરે તશરીફ લઈ જતા ન હતા. એટલે કે ખાસ તેમની મુલાકાતના માટે સિવાય ઉમ્મે સુલૈમ. હુઝૂરને એના બારામાં સવાલ થયો તો ફર્માવ્યું, એમના પર આ મહેરબાની એટલા માટે કરું છું કે એમના ભાઈ હરામ رضی اللہ عنہ શહીદ થઈ ચૂક્યા છે. *(ઉમ્દતુલ ક़ારી, ભાગ–૧૧, પેજ–૯૯)*

જો ખરેખર ઉમ્મે સુલૈમ હુઝૂરનાં માસી હોત તો કોઈ સવાલ જ શાથી કરત ? અને જો કોઈ સવાલ કરત તો

اِنَّ لِيْ خُوَيْصَّةً قَالَ مَا هِيَ قَالَتْ خَادِمُكَ اَنَسٌ فَمَا تَرَكَ خَيْرَ

કરી કે મારો એક ખાસ બાળક છે. પૂછયું, તે કોણ છે ? અર્ઝ કરી, આપનો ખાદિમ અનસ. હવે હુઝૂરે દુનિયા

آخِرَةٍ وَّلَا دُنْيَا اِلَّا دَعَا لِيْ بِهٖ اَللّٰهُمَّ اَرْزُقْهُ مَالًا وَّوَلَدًا وَّبَارِكْ لَهٗ

તથા આખેરતની દરેક ભલાઈની મારા માટે દુઆ કરી. (આ પ્રમાણે દુઆ ફર્માવી) હે અલ્લાહ ! એને માલ

فَاِنِّيْ لَمِنْ اَكْثَرِ الْاَنْصَارِ مَالًا وَّحَدَّثَتْنِيْ ابْنَتِيْ اُمَيْنَةُ اَنَّهٗ دُفِنَ

તથા ઔલાદ આપ ! અને એને બરકત અતા ફર્માવ. (હઝરત અનસ કહે છે) હું અન્સારમાં સૌથી અધિક

بِصُلْبِيْ مَقْدَمَ الْحَجَّاجِ الْبَصْرَةَ بِضْعٌ وَعِشْرُوْنَ وَمِائَةٌ ۔ ۸۵

માલદાર છું અને મારી પુત્રી ઓમૈનાએ મને વર્ણવ્યું કે બસરામાં હજ્જાજના આવવાના

સમય સુધીમાં મારા સુલ્બના એકસો વીસથી વધુ શખ્સો દફન કરવામાં આવી ચૂક્યા હતા."

(મુસ્નદે ઈમામ અહમદ, ૭/૧૦૮, ૧૮૮, ૨૩૮)

ઈર્શાદ ફર્માવી આપત કે તે મારાં માસી છે, એવું ન ફર્માવતા કે તેમના ભાઈ શહીદ થઈ ગયા છે એટલા માટે એમના પર મહેરબાની કરું છું. જરૂરતના સમયે વર્ણન ન કરવાનો શો અર્થ છે ? બીજો જવાબ એ છે કે આ પર્દાના હુકમના પહેલાંનો મામલો છે. ત્રીજો જવાબ એ આપ્યો કે હુઝૂરે અકૃદસ ﷺ માસૂમ છે એટલા માટે હુઝૂરના માટે જાઈઝ હતું અને આમ સ્ત્રીઓને ત્યાં ન જવું એ સાવચેતીને અનુલક્ષીને હતું કે અન્ય લોકો એને સુન્નત ન બનાવી લે અથવા મુનાફિકોને ગલત પ્રોપેગન્ડાનો મોકૃો ન મળે.

فانی صائم : આ પરથી જાણવા મળ્યું કે મેજબાનની ખુશીના માટે નફલ રોઝો તોડી નાખવો મેહમાન પર વાજિબ નથી બલ્કે મજબૂરી વિના તોડી નાખવો મના છે. એની પૂરી ચર્ચા આગળ વર્ણન થઈ ચૂકી છે.

خادمك انس : હુઝૂરે અકૃદસ ﷺ જ્યારે મદીના તયબહ તશરીફ લાવ્યા તો અનસનાં વાલિદા હઝરત ઉમ્મે સુલૈમે તેમને લાવીને ખિદમતે અકૃદસમાં હાજર કરી દીધા કે ખિદમત કરશે. દસ વરસો સુધી તેમણે ખિદમત કરી. તેમની કુન્નિયત અબૂ હમ્ઝા છે. હમ્ઝા એક પ્રકારનુ સાગ હોય છે જેને અરબીમાં જરજીર (એક પ્રકારની શાકભાજી જે પાણીમાં ઉગે છે.) પણ કહે છે જેને આપણે ત્યાં ચન્સર કહે છે અને ફારસીમાં તરા તેઝક. હઝરત અનસને એ ખૂબ પસંદ હતું, એને વીણી વીણીને લાવતા હતા. એના પર હુઝૂરે અકૃદસ ﷺએ એમની કુન્નિયત અબૂ હમ્ઝા રાખી. અહીં શરૂમાં છે કે દુનિયા તથા આખેરતની દરેક ભલાઈની મારા માટે દુઆ કરી પરંતું દુઆના જે શબ્દો વર્ણન થયેલા છે એમાં આખેરતના માટે કોઈ શબ્દ નથી. અહીં ટૂંકાણમાં છે. ઈબ્ને સઅદે જઅદથી સહીહ સનદો સાથે જે રિવાયત કરી એના શબ્દો આ પ્રમાણે છે : **اللهم اكثر ماله وولده واطل عمره واغفرذنبه** "હે અલ્લાહ ! એના માલ તથા ઔલાદને ખૂબ જ વધાર અને તેની ઉમરને લાંબી કર અને તેના ગુનાહોને બખ્શી આપ." *(ઉપર મુજબ, પેજ–૯૯)*

જઅદથી જ મુસ્લિમ (૨/૨૯૮)ની રિવાયતમાં આ પ્રમાણે છે. હુઝૂરે મારા માટે ત્રણ દુઆઓ કરી, મેં એમાંથી બેને દુનિયામાં જોઈ અને ત્રીજીની આખેરતમાં ઉમ્મીદ કરું છું. આ ત્રીજી તે જ દુઆ મગફેરતની દુઆ છે જેને ઈબ્ને સઅદે રિવાયત કરી. તિર્મિઝીમાં છે કે અબુલ આલિયાએ કહ્યું કે હઝરત અનસનો એક બાગ હતો

જે વરસમાં બે વાર ફળો આપતો, અને એમાં એક ફૂલ હતું જેનાથી મુશ્કની ખુશ્બુ આવતી હતી. અબૂ નુઐમની હિલ્યતુલ અદલિયામાં છે કે હઝરત અનસે કહ્યું, મારી જમીન વરસમાં બે વાર ફળો આપે છે અને શહેરમાં કોઈ ઝાડ એવું નથી જે બે વાર ફળો આપતુ હોય. *(તિર્મિઝી, ૨/૨૨૪, મનાકિબ)*

أُمَيْنَة : આ આમિનાની તસ્ગીર (તુકારવાચક) છે. એ હઝરત અનસ رضی اللہ عنہ નાં સૌથી મોટાં સાહબઝાદી હતાં. અહીં એ ખાસ વાત છે કે હઝરત અનસ رضی اللہ عنہ એ પોતાનાં સાહબઝાદીથી રિવાયત કરી. એમાં એ વાતની તરફ ઈશારો છે કે ખૂદ હઝરત અનસને યાદ ન હતું કે મારી કેટલી ઔલાદ મૃત્યુ પામી ચૂકી છે. બુખારીની આ રિવાયતમાં છે કે એકસો વીસથી કાંઈક ઉપર. **بضع**નો શબ્દ ત્રણથી નવ સુધી આવે છે. અહીં રિવાયતો વિવિધ છે. બયહકીની એક રિવાયત એકસો ઓગણત્રીસથી કાંઈક ઉપર છે. અને ખતીબની રિવાયત **الآباء عن الاولاد**માં એ જ તરીકાથી એકસો ત્રેવીસ છે અને હફસા બિન્તે સીરીનની રિવાયતમાં એકસો પચીસ છે, એમાંથી કોઈ પૌત્ર કે નવાસો ન હતો, સૌ એમના પુત્રો કે પુત્રીઓ હતાં. આ તો તે હતાં જે મૃત્યુ પામી ચૂક્યાં હતાં તે પણ સ. હિ. ૭૮ સુધી, જે વરસે હજ્જાજ બસરાનો વાલી બનીને આવ્યો હતો. જે જીવતાં હતાં તેમના બારામાં ખૂદ હઝરત અનસ ફર્માવે છે, મારી ઔલાદ અને ઔલાદની ઔલાદ સૌથી વિશેષ છે. *(મુસ્લિમ, ૨/૨૮૮ ફઝાઈલે સહાબા)*

આ ઔલાદમાં બરકત હતી. ઉમરમાં બરકત એ હતી કે સો વરસથી વધુ ઉમર મેળવી. ખૂદ ફર્માવ્યા કરતા કે હું જિંદગીથી આંચી ગયો છું. હિજરત સમયે તેમની ઉમર દસ વરસની હતી. હિ.સ. ૯૩ માં વિસાલ ફર્માવ્યો. અહીં બુખારીની રિવાયતમાં છે કે હું અન્સારમાં સૌથી અધિક માલદાર છું. પણ મુસ્નદે ઈમામ અહમદમાં આ પ્રમાણે છે કે તે પોતાની વિંટી સિવાય સોના તથા ચાંદીના માલિક ન હતા. (૩/૨૪૮, ૧૦૮) એનો મતલબ એ છે કે રોકડ એમની પાસે ન હતું, બાગો વગેરે હતું.

મસાઈલ : આ હદીષથી નીચે પ્રમાણેના મસ્અલા નીકળ્યા : **૧.** જ્યારે કોઈ શખ્સ મુલાકાતના માટે આવે તો શક્તિ અનુસાર તેને ખવડાવવું પીવડાવવું જોઈએ. અરબવાસીઓની કહાવત છે :–

من زار احداولم یاکل عندہ شیئا فکانمازار میتا "જે કોઈની મુલાકાતના માટે ગયો અને તેને ત્યાં કાંઈ ખાધુ નહીં તો જાણે કે મુડદાની મુલાકાતના માટે ગયો. **૨.** મેજબાનને ખુશ કરવા માટે શરઈ ઉઝર વિના નફલ રોઝો પણ તોડવો જાઈઝ નથી. **૩.** દુઆથી પહેલાં કમસે કમ બે રકાત નમાઝ પઢી લેવી જોઈએ, એના કબૂલ થવાની અધિક ઉમ્મીદ છે. **૪.** બુઝુર્ગોએ જોઈએ કે પોતાના ખાદિમોના હક્કમાં દુઆએ ખૈર કરતા રહે.

આ હદીષથી ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا ના માતૃપ્રેમનો અંદાજો થાય છે કે તેમણે પોતાના માટે દુઆ કરવા ન કહ્યું પણ પોતાના સાહબઝાદાના માટે અર્ઝ કર્યું. એમાં હુઝૂરે અકદસ ﷺનો મહાન મોજિઝો છે કે જે દુઆ ફર્માવી તે શબ્દસઃ પૂર્ણ થઈ. આ બનાવ એ બનાવ કરતાં બીજો છે જે અગાઉ વર્ણન થઈ ચૂક્યો છે જેમાં વર્ણન છે કે હુઝૂરે અકદસ ﷺ હઝરત ઉમ્મે સુલૈમના ઘરે તશરીફ લઈ ગયા અને ત્યાં ખાવા ખાધુ અને એક જૂની ચટાઈ પર નમાઝ પઢી, એટલા માટે કે અહીં આ હદીષમાં એવું છે કે હુઝૂરે ત્યાં કાંઈ ખાધુ નહીં, રોઝાથી હતા. આ હદીષમાં છે કે ખાવા ખાધુ. એ હદીષમાં એવું છે કે હુઝૂરની પાછળ હું તથા યતીમ ઉભાં હતાં અને મારી પાછળ વૃધ્ધા. અને અહીં મુસ્લિમની રિવાયતમાં છે કે ઉમ્મે હરામ અને ઉમ્મે સુલૈમને અમારી પાછળ ઉભા કર્યા અને મને પોતાની જમણી તરફ. *(મુસ્લિમ, ૧/૨૩૪ મસાજિદ)*

بَابُ الصومِ مِنْ آخرِ الشَّهرِ صـ ٢٦٦

"અંતિમ મહિનાનો રોઝો" –(૨૬૬)

حديث ١١٦٨ عَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

"હઝરત ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે કે હુઝૂરે [હદીષ : ૧૧૬૮]

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَّهُ سَأَلَهُ اَوْ سَأَلَ رَجُلًا وَّعِمْرَانُ يَسْمَعُ فَقَالَ يَا اَبَا

અકદસ ﷺએ ઈમરાનથી અથવા કોઈ અન્ય સાહબને પૂછયું અને ઈમરાન સાંભળી રહ્યા હતા, હે ફલાણા !

فُلَانٍ اَمَا صُمْتَ سَرَرَ هٰذَا الشَّهْرِ قَالَ اَظُنُّهُ قَالَ يَعْنِيْ رَمَضَانَ قَالَ

શું તેં આ મહિનાના સરરનો રોઝો નથી રાખ્યો ? અબૂ નોઅમાને કહ્યું, હું ગુમાન કરું છું કે હુઝૂરે ફર્માવ્યું હતું

الرَّجُلُ لَا يَا رَسُوْلَ اللّٰهِ قَالَ فَاِذَا اَفْطَرْتَ فَصُمْ يَوْمَيْنِ لَمْ يَقُلْ

એટલે કે રમઝાનના. એ સાહબે અર્ઝ કરી, ના યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું, જ્યારે તેં આ રોઝો નથી રાખ્યો તો

الصَّلْتُ اَظُنُّهُ يَعْنِيْ رَمَضَانَ وَ قَالَ ثَابِتٌ عَنْ مُطَرِّفٍ عَنْ عِمْرَانَ

બે દિવસ રોઝો રાખ. સલ્તે એવું નથી કહ્યું કે મારું ગુમાન છે એટલે રમઝાન. અને ષાબિતે અન મુતર્રિફ અન

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنْ سَرَرِ شَعْبَانَ قَالَ

ઈમરાન અનિન્નબી ﷺ મિન સરરે શાબાન કહ્યું. અને અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું,

اَبُوْ عَبْدِ اللّٰهِ - وَشَعْبَانُ اَصَحُّ - عه

અને શાબાન અસ્સહ (સહીહ) છે." (મુસ્લિમ, અબૂ દાઉદ, નિસાઈ–અસ્સૌમ)

હદીષ : ૧૧૬૮ની સમજૂતી

انه سأل : આ શક મુતર્રિફ તથા ષાબિત બંનેવથી થયો છે. મુસ્લિમમાં પણ એ જ પ્રમાણે છે. (૧/૩૬૫ અસ્સિયામ) ઈમામ મુસ્લિમે બીજા તરીકાથી મુતર્રિફથી જ વિના શંકાએ રિવાયત કરી છે. (ઉપર મુજબ) **انه قال الرجل** અબૂ અવાનાએ પોતાના મુસ્તખરજમાં (ઉમ્દતુલ કારી, ભાગ–૧૧, પેજ–૧૦૧,) અને ઈમામ અહમદે પોતાની મુસ્નદ (મુસ્નદે ઈમામ અહમદ, ૪/૪૪૨)માં સુલેમાન તયમીના તરીકાથી મુતર્રિફથી જ શંકા વિના આ પ્રમાણે રિવાયત કરી : **قال لعمران** એના ઉપરાંત પેજ–૪૨૮, ૪૪૨, ૪૪૪ પર ઈબ્હામની સાથે **لرجل** છે અને પેજ ૪૩૯, ૪૪૩, ૪૪૯ પર રદિયા અને શકની સાથે છે.

سرر هذاالشهر : એનો અર્થ છુપાવવું છે અથવા છુપાવેલ. જમહૂરે કહ્યું, આ મહિનાનો છેલ્લો દિવસ મુરાદ છે કેમ કે એ દિવસે ચાંદ છુપો રહે છે, રાતે પણ નથી દેખાતો. ઈમામ અબૂ દાઉદે ઈમામ અવઝાઈથી રિવાયત

بَابُ صَوْمِ يَوْمِ الْجُمُعَةِ ص ٢٦٦

"જુમ્આના દિવસના રોઝાનું બયાન" –(પેજ : ૨૬૬)

وَإِذَا أَصْبَحَ صَائِمًا يَوْمَ الْجُمُعَةِ فَعَلَيْهِ أَنْ يُفْطِرَ يَعْنِي إِذَا لَمْ

"જ્યારે જુમ્આના દિવસે રોઝાદાર હોય તો એના પર વાજિબ છે કે રોઝો તોડી નાખે

يَصُمْ قَبْلَهُ وَلَا يُرِيدُ أَنْ يَصُومَ بَعْدَهُ

જ્યારે કે એના એક દિવસ પહેલાં રોઝો ન રાખ્યો હોય અને ન બાદમાં રાખવાનો ઈરાદો હોય."

કરી કે એનાથી મુરાદ મહિનાનો પ્રથમ દિવસ છે. અમુકે કહ્યું કે એનાથી મુરાદ મહિનાનો વચ્ચેવાળો દિવસ છે. એટલા માટે કે સરરનો અર્થ વચ્ચેનુ પણ થાય છે. અને એ ઐયામે બીઝ છે. ઈમામ બુખારીએ આ હદીષ પર પ્રકરણનું હેડિંગ આ રાખ્યું છે : મહિનાનો અંતિમ રોઝો, એનાથી સ્પષ્ટ છે કે તેમની દૃષ્ટિએ સરરથી મુરાદ છેલ્લો દિવસ છે.

એ સાહબને એ રોઝો રાખવાનો હુકમ કેમ ફર્માવ્યો ? અલ્લામા ખિતાબીએ ફર્માવ્યું કે શક્ય છે કે તેમણે એની મન્નત માની હોય અથવા એમને એની આદત રહી હોય. આ ખાદિમની રાય એ છે કે કોઈ ખાસ વાત રહી હશે જેના કારણે એમને એ રોઝો રાખવાનો હુકમ આપ્યો.

قال ابو عبدالله : આ રિવાયતમાં એટલે 'રમઝાન' છે, એ સહીહ નથી. એટલા માટે કે રમઝાનના રોઝા ફર્ઝ હતા, કોઈ સહાબીથી એ અપેક્ષા રાખી શકાય કે તે રમઝાનનો એક રોઝો પણ છોડે ! વળી ખાસ કરીને રમઝાનના અંતિમ દિવસે આ રોઝા વિશે પૂછવાનુ કોઈ કારણ નથી હોઈ શક્તું. એટલા માટે ઈમામ બુખારીએ ચેતવણી આપી કે આ રિવાયતમાં 'એટલે રમઝાન' એ રાવીનો વહેમ છે અને સહીહ શાબાન છે. એની સમર્થનકર્તા અન્ય ઘણી રિવાયતો છે.

اذا اصبح ـ الخ : આ શબ્દો અબૂ ઝર તથા અબુલવક્તના નુસ્ખાઓમાં છે અન્ય નુસ્ખાઓમાં નથી. એમાં એવી શંકા કરવામાં આવી કે ઈમામ બુખારીનું ખૂદ પોતાના કલામની તફસીરમાં યઅની (અર્થાત, એટલે કે) લખવું દુરુસ્ત નથી. તેમણે **اعنى** કહેવું જોઈતુ હતું. એટલા માટે અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે આ વધારો ફરબરી અથવા કોઈ અન્ય રાવીએ કર્યો છે, નસફીના નુસ્ખામાં એ નથી. અલ્લામા અયનીએ એનો રદ ફર્માવ્યો અને એને ઈમામ બુખારીનો જ ક़ૌલ હોવાની સ્થિતિમાં એને તજરીદના તરીક़ાથી સહીહ ઠરાવ્યું છે. એનાથી હટીને એ ખુલાસો પણ થઈ શકે છે કે ભલે 'યઅની' ગાયબનો સેગો છે પણ એ પોતાના હક़ીક़ી અર્થથી હટીને મુત્લક़ન તફસીરના માટે પણ પ્રચલિત છે.

પ્રકરણનો ખુલાસો : ઈમામ બુખારી પ્રકરણથી એ ફાયદો કરવા ચાહે છે કે જો કોઈ જુમ્આના રોજ રોઝો રાખી લે તો એના પર વાજિબ છે કે એને તોડી નાખે, તે કેવળ જુમ્આના દિવસે રોઝો રાખવાને જાઈઝ નથી જાણતા. એટલા માટે કે હદીષમાં એનાથી મનાઈ છે. જાહેરી રીતે એવું જણાય છે કે એમની નજીક કેવળ જુમ્આનો રોઝો રાખવો ગુનોહ છે. આ હુકમ એ સ્થિતિમાં છે કે જ્યારે કોઈ ખાસ જુમ્આનો રોઝો રાખે. પરંતું જો કોઈકે જુમેરાતે રોઝો રાખ્યો તો જુમ્આના રોઝો રાખી શકે છે. અથવા એનો ઈરાદો એવો હોય કે શનિવારે પણ રોઝો રાખશે તો પણ કોઈ વાંધો નથી. અથવા એ કે કોઈ દર મહિનાની પ્રથમ તારીખે કે છેલ્લી તારીખે રોઝો રાખવાનો આદી હતો અને એ તારીખો જુમ્આના પડી તો પણ કોઈ વાંધો નથી.

حديث ١١٦٩ عَنْ مُحَمَّدِ بْنِ عَبَّادٍ قَالَ سَأَلْتُ جَابِرًا رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"મુહમ્મદ ઈબ્ને અબ્બાદે કહ્યું, મેં હઝરત જાબિર رضی اللہ عنہ થી સવાલ કર્યો, [હદીષ : ૧૧૬૯]

اَنَهَى النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنْ صَوْمِ يَوْمِ الْجُمُعَةِ

શું નબી ﷺ એ જુમ્આના દિવસે રોઝો રાખવાથી મના ફર્માવ્યું છે ? તેમણે જવાબ આપ્યો કે હા !

قَالَ نَعَمْ - زَادَ غَيْرُ اَبِيْ عَاصِمٍ اَنْ يَّتَفَرَّدَ بِصَوْمِهٖ ؕ

અબૂ આસિમના સિવાય અન્યોએ એ અધિક ઉમેર્યું કે એકલો જુમ્આનો રોઝો રાખે."

હદીષ : ૧૧૬૯ની સમજૂતી

મુસ્લિમ (૧/૩૬૦ અસ્સૌમ)માં આ પ્રમાણે છે કે મુહમ્મદ અબ્બાદ કહે છે. મેં હઝરત જાબિર رضی اللہ عنہ થી સવાલ કર્યો અને તે બયતુલ્લાહનો તવાફ કરી રહ્યા હતા. હઝરત જાબિરે જવાબ આપ્યો, હા ! રબ્બે કા'બાની કસમ !

زاد غير ابى عاصم : એનાથી મુરાદ એ છે કે આસિમના સિવાય ઈમામ બુખારીના અન્ય મશાઈખમાંથી કેટલાકે આ હદીષના આ શબ્દો પણ રિવાયત કર્યા છે. **ان يتفرد بصومه** કે કેવળ જુમ્આએ જ રોઝો ન રાખે. આ યહ્યા બિન સઈદ કત્તાન છે. આમ તો ઈમામ નિસાઈએ આ હદીષને ઉપરોક્ત વર્ણવેલ વધારાની સાથે નીચે જણાવેલ હઝરાત થકી રિવાયત કરી છે : અમ્ર બિન અલી, નઝર બિન શમીલ, હફ્સ બિન ગ્યાષ.

આનાથી પ્રકરણ સાબિત થઈ રહ્યું છે કે મના એ છે કે, "કેવળ જુમ્આનો રોઝો રાખવામાં આવે. પરંતું એક દિવસ પહેલાં કે એક દિવસ પછી રાખવામાં આવે તો મના નથી."

શંકાઓ અને તેનું નિવારણ : ઈમામ તિર્મિઝી (ભાગ–૧, અસ્સૌમ)એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ દરેક મહિનાની પ્રારંભિક તારીખોમાં ત્રણ રોઝા રાખતા હતા અને જવલ્લે જ એવું થતું કે જુમ્આના દિવસે રોઝો છોડતા હતા. તેમજ ઈમામ ઈબ્ને અબી શયબા (ઉમ્દતુલ ક્વારી, પેજ–૧૦૪)એ હઝરત ઈબ્ને ઉમર તથા હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી. બંને હઝરાતે ફર્માવ્યું કે અમે કદી હુઝૂરને જુમ્આના દિવસે રોઝા વિના નથી જોયા. આ હદીષો ચર્ચા હેઠળની હદીષથી વિરોધાભાસી છે. એનો જવાબ એ છે કે એવું તો નથી કહી શકાતુ કે હુઝૂરે અક્દસ ﷺ કોઈ ચીજથી મના કરે અને ખૂદ એને કરે, જ્યાં સુધી દલીલથી એ સાબિત ન થાય કે એ હુઝૂરની વિશિષ્ટતાઓમાંથી છે. અને અહીં એના પર કોઈ દલીલ નથી કે જુમ્આના દિવસે રોઝો રાખવું હુઝૂરની વિશિષ્ટતાઓમાંથી હોય. એટલા માટે અનાયાસે કહેવું પડશે કે જુમ્આના એક દિવસ પહેલાં કે એક દિવસ બાદ પણ જરૂર રોઝો રાખતા હતા, જેથી કરીને વાણી તથા વર્તનમાં મતભેદ બાકી ન રહે. એનું સમર્થન આનાથી પણ થાય છે કે જુમેરાત અને શનિવારે રોઝો રાખવાનો હુકમ આપ્યો છે.

حديث ١١٧٠ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ થી મેં સાંભળ્યું કે ફર્માવતા [હદીષ : ૧૧૭૦]

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ لَا يَصُوْمَنَّ اَحَدُكُمْ يَوْمَ الْجُمُعَةِ اِلَّا يَوْمًا

હતા, જુમ્આના દિવસે કદી પણ રોઝો ન રાખો પણ એ કે એક દિવસ પહેલાં પણ રાખો

قَبْلَهٗ اَوْ بَعْدَهٗ ؏

અને એક દિવસ બાદમાં પણ." (મુસ્લિમ, ઈબ્ને માજહ–અસ્સૌમ)

حديث ١١٧١ عَنْ جُوَيْرِيَةَ بِنْتِ الْحَارِثِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ النَّبِيَّ

"ઉમ્મુલ મોમિનીન હઝરત જુવૈરિયહ બિન્તે હારિષ رضی اللہ عنہا થી રિવાયત છે કે [હદીષ : ૧૧૭૧]

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ دَخَلَ عَلَيْهَا يَوْمَ الْجُمُعَةِ وَهِيَ صَائِمَةٌ

નબી ﷺ એમની પાસે તશરીફ લાવ્યા જુમ્આના દિવસે અને આપ રોઝાથી હતાં. ફર્માવ્યું, શું કાલે તેં રોઝો

فَقَالَ اَصُمْتِ اَمْسِ قَالَتْ لَا قَالَ اَتُرِيْدِيْنَ اَنْ تَصُوْمِيْ غَدًا قَالَتْ

રાખ્યો હતો ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, શું કાલે રોઝો રાખવાનો ઈરાદો ધરાવે છે ? અર્ઝ કરી, નહીં !

لَا قَالَ فَاَفْطِرِيْ ؏ وَقَالَ حَمَّادُ بْنُ الْجَعْدِ سَمِعَ قَتَادَةَ حَدَّثَنِيْ

ફર્માવ્યું તો રોઝો તોડી નાખો ! હમ્માદ ઈબ્ને જઅદે કહ્યું કે તેમણે કતાદાથી સાંભળ્યું. તેમણે કહ્યું, મને અબૂ

اَبُوْ اَيُّوْبَ اَنَّ جُوَيْرِيَةَ حَدَّثَتْهُ فَاَمَرَهَا فَاَفْطَرَتْ ؏

ઐયૂબે હદીષ વર્ણવી કે ઉમ્મુલ મોમિનીન હઝરત જુવૈરિયહ رضی اللہ عنہا એ એમને હદીષ વર્ણવી કે હુઝૂરે તેમને હુકમ આપ્યો તો તેમણે રોઝો તોડી નાખ્યો." (મુસ્લિમ, ઈબ્ને માજહ, અસ્સૌમ)

હદીષ : ૧૧૭૧ની સમજૂતી

قال حماد : આ તઅલીક છે એને ઈમામ બગવીએ **جمع حديث هُدبةِ بن خالد** માં મુત્તસિલ સનદ સાથે વર્ણવેલ છે.

ઉમ્મુલ મોમિનીન હઝરત જુવૈરિયહ رضی اللہ عنہا : ઉમ્મુલ મોમિનીન હઝરત જુવૈરિયહ બિન્તે હારિષ رضی اللہ عنہا બની મુસ્તલકના સરદાર હારિષનાં સાહબઝાદી હતાં. હિ.સ. ૫ માં હુઝૂરે અકદસ ﷺ એ બની મુસ્તલક પર ચઢાઈ કરી જેમાં ઉમ્મુલ મોમિનીન હઝરત જુવૈરિયહ رضی اللہ عنہا ગિરફતાર થયાં. ગનીમતના માલોની વહેંચણી પછી ષાબિત બિન કૈસ رضی اللہ عنہ ના હિસ્સામાં આવ્યાં હતાં. હઝરત કૈસે એક ભારે રકમના બદલામાં તેમને મકાતિબ બનાવી દીધાં હતાં. એ હુઝૂરે અકદસ ﷺ ની ખિદમતમાં હાજર થયાં અને કિતાબતના

بَابُ هَلْ يَخُصُّ شَيْئًا مِّنَ الْاَيَّامِ ص ٢٦٧

"શું રોઝા માટે અમુક દિવસો ખાસ કરે ?" *(પેજ–૨૬૭)*

حديث ١١٧٢ عَنْ عَلْقَمَةَ قُلْتُ لِعَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا هَلْ كَانَ رَسُوْلُ

"અલ્કમાએ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી પૂછયું કે **[હદીષ : ૧૧૭૨]**

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَخْتَصُّ مِنَ الْاَيَّامِ شَيْئًا قَالَتْ لَا۔ كَانَ

શું રસૂલુલ્લાહ ﷺ કોઈ દિવસને રોઝા સાથે ખાસ કરતા હતા ? ફર્માવ્યું, નહીં ! હુઝૂરનો અમલ પાબંદીની

عَمَلُهٗ دِيْمَةً وَّاَيُّكُمْ يُطِيْقُ مَا كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُطِيْقُ

સાથે રહેતો હતો. હુઝૂર જેટલી શક્તિ ધરાવતા હતા એટલી તમારામાંથી કોણ ધરાવે છે ?"

બદલાવ માટે મદદ કરવા સવાલ કર્યો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, હું તમારા કિતાબતનો બદલાવ પણ અદા કરીશ અને એનાથી બેહતર સુલૂક કરીશ. હુઝૂર ﷺએ એમનો પૂરો કિતાબતનો બદલ અતા કર્યો પછી તેમને પોતાનાં પત્ની થવાનો શરફ અતા કર્યો. જ્યારે સહાબાએ કિરામને આ સ્થિતિ માલૂમ થઈ તો તેમણે સર્વ કેદીઓને મુક્ત કરી આપ્યા કે જે ક઼બીલામાં હુઝૂરનો રિશ્તો થઈ ગયો એ ક઼બીલાવાળાઓને ગુલામ નહીં રાખીએ. ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاએ ફર્માવ્યું, જુવૈરિયહથી અધિક બાબરકત ખાતૂન મેં કોઈને નથી જોઈ. ઉમ્મુલ મોમિનીન હઝરત જુવૈરિયહએ ફર્માવ્યું કે મેં પ્રથમ ખ્વાબ જોયો કે યષરબના તરફથી એક ચાંદ મારી ગોદમાં આવી ગયો. મેં એ ખ્વાબ કોઈને વર્ણવ્યો નહીં.

આપ ખૂબ જ હસીના, જમીલા, મીઠી વાણીવાળાં હતાં. હિ.સ. ૫૬ માં અલ્લાહને પ્યારા થઈ ગયાં.

હદીષ : ૧૧૭૨ની સમજૂતી

એટલે કે એવું ન હતું કે મહિનાની અમુક તારીખો રોઝાના માટે અથવા કોઈ પણ અમલના માટે ખાસ કરી લીધી હોય કે એ તારીખોમાં એને જરૂર કરે. એમાં રહસ્ય એ હતું કે હુઝૂરે અક઼દસ ﷺની એવી પાબંદી તે અમલના વાજિબ હોવાની દલીલ હોય છે. એટલા માટે અમુક દિવસોમાં અમુક તારીખોમાં અધિકતર વધારે સંખ્યામાં રોઝા રાખતા પણ કદી કદી છોડી પણ આપતા જેથી વાજિબ હોવાની શંકા ન થાય. નહીં તો વર્ણન થઈ ચૂક્યું કે શાબાનમાં પાબંદી સાથે પુષ્કળ પ્રમાણમાં રોઝા રાખતા, એ પ્રમાણે સોમવારે તથા જુમેરાતે પણ રાખતા. આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂરે અક઼દસ ﷺ ઉમ્મત પર પ્રેમભાવના કારણે પોતાની શક્તિ મુજબની ઈબાદત જાણી જોઈને કરતા ન હતા. *(બુખારી, ૨/૯૫૭, અર્રિક઼ાક઼, મુસ્લિમ–અસ્સિયામ, અબૂ દાઊદ–અસ્સલાત, તિર્મિઝી–શમાઈલ)*

باب صوم يوم عرفة ص ٢٦٧

"અરફાના દિવસનો રોઝો" –(૨૬૮)

حديث ١١٧٣ عَنْ مَيْمُوْنَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ النَّاسَ شَكُّوْا فِيْ صِيَامِ

"ઉમ્મુલ મોમિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہا થી રિવાયત છે કે લોકોએ અરફાના [હદીષ : ૧૧૭૩]

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ عَرَفَةَ فَاَرْسَلَتْ اِلَيْهِ بِحِلَابٍ

દિવસે નબી ﷺ ના રોઝામાં શંકા કરી. તો મેં હુઝૂરની ખિદમતમાં એક પ્યાલો દૂધ મોકલ્યું અને હુઝૂર

وَهُوَ وَاقِفٌ فِي الْمَوْقِفِ فَشَرِبَ مِنْهُ وَالنَّاسُ يَنْظُرُوْنَ ؕ

મવક્રિફમાં વકૂફ કરેલ હતા. હુઝૂરે એમાંથી પીધું અને લોકો જોઈ રહ્યા હતા."

(મુસ્લિમ–અવ્વલ, અસ્સિયામ, તિર્મિઝી–શમાઈલ)

باب صوم يوم الفطر ص ٢٦٧

"ઈદુલ ફિત્રનો રોઝો" –(૨૬૯)

حديث ١١٧٤ عَنْ اَبِيْ عُبَيْدٍ مَّوْلَى ابْنِ اَزْهَرَ قَالَ شَهِدْتُّ الْعِيْدَ مَعَ عُمَرَ

"અબૂ ઓબૈદ ઈબ્ને અઝહરના આઝાદ થયેલા ગુલામે કહ્યું કે હું ઈદમાં [હદીષ : ૧૧૭૪]

بْنِ الْخَطَّابِ فَقَالَ هٰذَانِ يَوْمَانِ نَهٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ના સાથે હાજર થયો તો ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ એ આ બંનેમાં રોઝા

હદીષ : ૧૧૭૩ની સમજૂતી

અરફા એટલે નવમી ઝિલહજ્જનો રોઝો રાખવો મુસ્તહબ છે. એક હદીષમાં ફર્માવ્યું (મુસ્લિમ, ૧/૩૩, અસ્સિયામ)કે **અરફાના દિવસના રોઝાથી "હું ગુમાન કરું છું" કે અલ્લાહ તઆલા એક સાલ પહેલાંના અને એક સાલ બાદના ગુનાહોને મિટાવી આપશે.** એટલા માટે સહાબાએ કિરામને એ શક થયો કે કદાચ હુઝૂર ﷺ આજે હજ્જતુલ વિદાઅના મોકા પર અરફાના રોઝાથી હોય. આ હદીષના પ્રમાણે હુકમ એ છે કે અરફાના દિવસે હાજી માટે મુસ્તહબ એ છે કે રોઝો ન રાખે. એની દલીલ અબૂ દાઊદ (૧/૩૩૧ અસ્સૌમ)ની આ હદીષ છે કે હુઝૂરે અકદસ ﷺ એ અરફાના દિવસે અરફામાં રોઝાથી મના ફર્માવ્યું. ઈમામુલ અઈમ્મા ઈબ્ને ખુઝૈમા (ઉમ્દતુલ કારી–૧૦૯, ભાગ–૧૧) અને હાકિમે આ હદીષને સહીહ બતાવી છે.

હદીષ : ૧૧૭૪ની સમજૂતી

કિતાબુલ અઝાહીની રિવાયતમાં આ પ્રમાણે છે : અબૂ ઓબૈદ કહે છે કે હું ઈદુદ્દોહાના દિવસે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ની સાથે હાજર થયો. તેમણે ખુત્બાથી પહેલાં નમાઝ પઢી ત્યારબાદ લોકોને ખુત્બો આપ્યો

عَلَيْهِ وَسَلَّمَ عَنْ صِيَامِهِمَا يَوْمُ فِطْرِكُمْ مِنْ صِيَامِكُمْ وَالْيَوْمُ

રાખવાથી મના ફર્માવ્યું છે, તમારી ઈદુલ ફિત્રના દિવસે અને બીજુ એ દિવસે જેમાં

الْآخِرُ تَأْكُلُونَ فِيهِ مِنْ نُسُكِكُمْ ٥

તમે તમારી કુર્બાની ખાવ છો." (બુખારી ૨/૮૩૫ અલ અઝાહી, અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)

حديث ١١٧٥ عَنْ أَبِي سَعِيدٍ قَالَ نَهَى رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ યૌમે ફિત્ર તથા [હદીષ : ૧૧૭૫]

عَنْ صَوْمِ يَوْمِ الْفِطْرِ وَالنَّحْرِ وَعَنِ الصَّمَّاءِ وَأَنْ يَحْتَبِيَ الرَّجُلُ فِي

યૌમે નહરના દિવસે રોઝા તથા સમ્માઅથી અને એ રીતે કપડુ લપેટવાથી કે એની શર્મગાહ પર કાંઈ ન

ثَوْبٍ وَاحِدٍ وَعَنِ الصَّلٰوةِ بَعْدَ الصُّبْحِ وَالْعَصْرِ

હોય, અને સવાર તથા અસર બાદ નમાઝ પઢવાથી મના ફર્માવ્યું."

અને ફર્માવ્યું, બેશક ! રસૂલુલ્લાહ ﷺ એ આ બંનેવ ઈદોના દિવસે રોઝા રાખવાથી મના ફર્માવ્યું છે. પછી હું હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાનની સાથે હાજર થયો અને જુમ્આનો દિવસ હતો. તેમણે ખુત્બાથી પહેલાં નમાઝ પઢી ત્યારબાદ ખુત્બો આપ્યો અને ફર્માવ્યું, હે લોકો ! આજના દિવસે અલ્લાહ તઆલા તમારા માટે બે ઈદો ભેગી કરી આપી છે તો અહલે અવાલીમાંથી જેને પસંદ હોય કે જુમ્આનો ઈન્તેઝાર કરે તેણે જોઈએ કે ઈન્તેઝાર કરે અને જે પરત થવા ચાહે તેને મેં ઈજાઝત આપી દીધી.

અબૂ ઓબૈદે કહ્યું, પછી હું અલી ઈબ્ને અબી તાલિબની સાથે હાજર થયો તો તેમણે ખુત્બાથી પહેલાં નમાઝ પઢી ત્યારબાદ ખુત્બો આપ્યો અને ફર્માવ્યું, બેશક ! રસૂલુલ્લાહ ﷺ એ એ વાતથી તમને મના ફર્માવ્યું છે કે પોતાની કુર્બાનીઓનો ગોશ્ત ત્રણ દિવસથી અધિક ખાવ. *(અલ હદીષ)*

આ હદીષથી સાબિત થયું કે ઈદુલ ફિત્ર તથા ઈદે અદહાએ રોઝો રાખવો મના છે.

ઈસ્લામના પ્રારંભમાં કેમ કે ખૂબ જ ગરીબી અને તંગદસ્તી હતી એટલા માટે એની ઈજાઝત ન હતી કે ત્રણ દિવસથી વધુ કુર્બાનીનો ગોશ્ત રાખવામાં આવે, બાદમાં એ મન્સૂખ થઈગયું.

હદીષ : ૧૧૭૫ની સમજૂતી

આ હદીષ ભાગ–૪ માં વર્ણન થઈ ચૂકી છે ત્યાં સમ્માઅ તથા ઈહતેબાઅની સ્પષ્ટતા કરવામાં આવી ચૂકી છે અહીં કેવળ પ્રકરણની મુનાસિબતથી કે ફર્માવ્યું, નબી ﷺ એ યૌમુલ ફિત્ર તથા યૌમુન્નહરના રોઝાથી મના ફર્માવ્યું, આ હદીષ વર્ણવવામાં આવી. નહી (મનાઈ)નું અસ્લ મુજિબ તેહરીમ છે અને કેમ કે આ ખબરે વાહિદ છે એટલા માટે એનાથી કૃતઈ હરામની સાબિતી થશે નહીં. અલ્બત્ત એ જરૂર સાબિત થશે કે એ બંને દિવસોમાં રોઝા રાખવા મકરૂહે તહરીમી છે જેમાં પડવુ ગુનોહ છે. ત્યાં આ હદીષની તખરીજો પણ વર્ણન થયેલ છે.

بَابُ صَوْمِ يَوْمِ النَّحْرِ ص ٢٦٧

"યૌમે નહરના રોઝાનુ બયાન" –(૨૬૭)

حديث ١١٧٦ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ يُنْهٰى عَنْ صِيَامَيْنِ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, બે રોઝાઓ અને બે સોદાઓથી **[હદીષ : ૧૧૭૬]**

وَبَيْعَتَيْنِ اَلْفِطْرِ وَالنَّحْرِ وَالْمُلَامَسَةِ وَالْمُنَابَذَةِ

મના કરવામાં આવ્યું છે : ઈદુલ ફિત્રના દિવસે, યૌમે નહરના દિવસે, અને ગુલામસત તથા મુનાબઝતથી."

حديث ١١٧٧ عَنْ زِيَادِ بْنِ جُبَيْرٍ قَالَ جَاءَ رَجُلٌ اِلَى ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ

"ઝિયાદ બિન જુબૈરે કહ્યું, એક શખ્સ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની ખિદમતમાં **[હદીષ : ૧૧૭૭]**

تَعَالٰى عَنْهُمَا فَقَالَ رَجُلٌ نَذَرَ اَنْ يَّصُوْمَ يَوْمًا اَظُنُّهٗ قَالَ الْاِثْنَيْنِ

હાજર થયા તો કહ્યું, એક શખ્સે મન્નત માની હતી કે એક દિવસ રોઝો રાખશે. હું ગુમાન કરું છું કે સોમવાર

فَوَافَقَ يَوْمَ عِيْدٍ فَقَالَ ابْنُ عُمَرَ اَمَرَ اللّٰهُ تَعَالٰى بِوَفَاءِ النَّذْرِ

એ ઈદના દિવસે પડી ગયો. તો ઈબ્ને ઉમરે ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ નઝર (મન્નત) પૂરી કરવાનો હુકમ

وَنَهَى النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنْ صَوْمِ هٰذَا الْيَوْمِ ؕ

આપ્યો છે અને નબી ﷺ એ એ દિવસના રોઝાથી મના ફર્માવ્યું છે." (મુસ્નદે ઈમામ અહમદ, ૨/૬૦)

હદીષ : ૧૧૭૬ની સમજૂતી

આ હદીષ પણ ભાગ–૪ માં વર્ણન થઈ ચૂકી છે, અહીં પ્રકરણને અનુરૂપ ફરીવાર વર્ણવવામાં આવી છે. બયએ મુલામસત અને મુનાબઝતની તફસીર ત્યાં વર્ણન થયેલ છે અને તખરીજો પણ વર્ણન થયેલ છે.

હદીષ : ૧૧૭૭ની સમજૂતી

બુખારીની આ રિવાયતમાં **يوم عيد** છે એમાં ઈબ્હામ છે, એ ઈદુલ ફિત્ર પણ હોય શકે છે અને ઈદે અદહા પણ. મુસ્નદે ઈમામ અહમદની રિવાયતમાં શકની સાથે બંનેવ વર્ણન થયેલ છે. પરંતું બુખારી (૨/૯૯૨ અલઅયમાનુ વન્નુઝૂર) કિતાબુલ ઈમાન વન્નુઝૂરમાં ઝિયાદ બિન જુબૈરથી જ એક રિવાયત આ પ્રમાણે છે કે પ્રશ્નકર્તાએ એ અર્ઝ કરી કે મેં મન્નત માની છે કે જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી દરેક મંગળ કે બુધવારે રોઝો રાખીશ, અને તે દિવસે યૌમે નહર (ઈદે અદહા)ના પડયો છે. તો હઝરત ઈબ્ને ઉમરે તે જવાબ આપ્યો. છેવટમાં એટલુ વધારે છે કે પ્રશ્ન કરનારે ફરી સવાલ દોહરાવ્યો તો હઝરત ઈબ્ને ઉમરે એના જેવું જ ફર્માવ્યું, કાંઈ વધુ નહીં. પ્રશ્નકર્તા એ પૂછવા ચાહતો હતો કે હું રોઝો રાખુ કે નહીં ? હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના જવાબથી એ

વાત સ્પષ્ટ ન થઈ જેથી તેણે સ્પષ્ટ હુકમ માલૂમ કરવા ફરીથી સવાલ કર્યો તો હઝરત ઈબ્ને ઉમરે એ જ જવાબ આપ્યો. આ તેમની સાવધાની હતી કે એ વખતે મસ્અલાનો હુકમ એમના દિમાગમાં સ્પષ્ટ રીતે ન આવ્યો તો વર્ણવ્યો નહીં. આ જ ઉલમાએ રબ્બાનિય્યીનની શાન છે. એને હદીષમાં ફર્માવવામાં આવ્યું : ان من العلم ان تقول لا اعلم "એ ઈલ્મની વાત છે કે જે ન જાણતો હોય તેના બારામાં કહી આપે કે હું નથી જાણતો." *(ઉપર મુજબ)*

પરંતું બુખારીમાં જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરના જ બારામાં આ રિવાયત છે કે તેમને એ શખ્સના બારામાં સવાલ કરવામાં આવ્યો કે તે દરરોજ રોઝો રાખશે તો યૌમે અદહા તથા યૌમે ફિત્રના રોજ શું કરે ? ફર્માવ્યું, તમારા માટે રસૂલુલ્લાહ ﷺની જાતમાં સારો અમલનો નમૂનો છે. હુઝૂર યૌમે ફિત્ર તથા યૌમે નહર રોઝો રાખતા ન હતા અને ન એને જાઈઝ સમજતા હતા. બુખારીની આ રિવાયતમાં નિશ્ચિત છે કે એ દિવસ યૌમે નહર (ઈદે અદહા) હતો. રહી ગઈ તેમની મન્નત સોમવાર કે મંગળવાર કે બુધવારની હતી, એ નિશ્ચિત ન થઈ શક્યું. ત્યાં اظنه છે અને અહીં اظنه વિના ત્રીજો દિવસ કે ચોથો દિવસ છે. બુખારીની અહીંની રિવાયતમાં આવનારા સાઈલનું કથન છે : رجل نذر એનાથી ફલિત થાય છે કે આ મન્નત માનનાર કોઈ અન્ય સાહબ હતા. પણ બુખારી કિતાબુલ ઈમાનની તથા મુસ્લિમ (૧/૩૬૦ અસ્સૌમ)ની રિવાયતમાં છે : نذرت મેં મન્નત માની છે. એનાથી સાબિત થયું કે મન્નત માનનારા જ સવાલ કરનાર હતા. એનાથી એ જાહેર થાય છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ એને હુકમ ઈર્શાદ ફર્માવ્યો, ભલે નિર્દેશ થકી કે તે રોઝો ન રાખે. પરંતું સવાલ હવે એ રહી જાય છે કે પછી અન્ય દિવસોમાં રોઝા રાખે કે નહીં. આપણો (હનફીઓનો) મઝહબ એ છે કે અન્ય દિવસોમાં જરૂર રાખે, કેમ કે એની મન્નત સહીહ છે અને જ્યારે મનાઈના કારણે તે દિવસે ન રાખ્યો તો અન્ય દિવસોમાં તેની ક઼ઝા વાજિબ છે.

અલ્બત્ત ઈમામ ઝુફર, ઈમામ શાફ઼ઈ, ઈમામ અહમદ ફર્માવે છે કે આ મન્નત જ સહીહ નથી એટલા માટે ક઼ઝાનો કોઈ સવાલ જ નથી. પૂરી ચર્ચા ફિક઼્હની કિતાબો તથા ઉસૂલની કિતાબોમાં મૌજૂદ છે.

بَاب صِيَامِ اَيَّامِ التَّشْرِيقِ صـ ٢٦٨

"ઐયામે તશરીકના રોઝા" –(૨૬૮)

حديث ١١٧٨ عَنْ هِشَامٍ اَخْبَرَنِيْ اَبِيْ كَانَتْ عَائِشَةُ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا

"હેશામથી રિવાયત છે કે મને મારા વાલિદ (ઉરવા)એ ખબર આપી કે ઉમ્મુલ મોમિનીન હઝરત **[હદીષ : ૧૧૭૮]**

تَصُوْمُ اَيَّامَ مِنًى وَكَانَ اَبُوْهُ يَصُوْمُهَا.

આઈશા رضی اللہ عنہا મિનાના દિવસોમાં રોઝો રાખતાં હતાં અને તેમના વાલિદ رضی اللہ عنہ પણ રાખતા હતા."

حديث ١١٧٩ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا وَعَنْ سَالِمٍ عَنِ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા તથા હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہم એ **[હદીષ : ૧૧૭૯]**

ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَا لَمْ يُرَخَّصْ فِيْ اَيَّامِ

ફર્માવ્યું કે ઐયામે તશરીકમાં રોઝા રાખવાની ઈજાઝત નથી આપવામાં

التَّشْرِيْقِ اَنْ يُّصَمْنَ اِلَّا لِمَنْ لَّمْ يَجِدِ الْهَدْيَ.

આવી સિવાય તે શખ્સના જે હદી ન પામે."

હદીષ : ૧૧૭૮ની સમજૂતી

ઈમામ બુખારીએ "અન" કે "અખ્બરની" કે "હદ્દષની"ના બદલે આ હદીષની સનદના શરૂમાં ફર્માવ્યું : **قال لی محمد بن المثنی ایسا** આવું એટલા માટે કર્યું કે આ હદીષ તેમણે મુહમ્મદ બિન મુષન્નાથી મુઝાકિરતન્ (મૌખિક) સાંભળી હતી. અને આ એમની આદત છે કે જે હદીષ મુઝાકિરતન્ સાંભળે છે તેને "ક़ાલ"થી વર્ણવે છે.

આ હદીષ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا પર મૌકુફ છે. **وكان ابوها** આ કરીમાની રિવાયત છે. એના સિવાય અન્યોની રિવાયતમાં **وكان ابوه** છે. હવે મતલબ એ થયો કે હઝરત ઉરવા ઐયામે તશરીક़નો રોઝો રાખતા હતા. હઝરત ઉરવા તાબઈ છે સહાબી નથી. પ્રથમ રિવાયતના આધારે એના કહેનાર ઉરવા છે અને બીજી રિવાયતના આધારે એના કહેનાર યહ્યા અલ્કિ़ત્તાન છે.

હદીષ : ૧૧૭૯ની સમજૂતી

આ હદીષમાં **وكان ابوه** એટલે કે મિનાના દિવસોમાં રાખવાની ઈજાઝત નથી આપી. કોણે નથી આપી એ વર્ણન નથી પણ જાહેર છે કે આ હુઝૂરે અક़્દસ ﷺ છે. જેમ કે દારકુત્ની (ઉમ્દતુલ ક़ારી, ભાગ–૧૧, પેજ–૧૧૪)માં સ્પષ્ટતા છે કે રસૂલુલ્લાહ ﷺએ મુતમત્તેઅ (તમત્તુઅવાળા)ને ઈજાઝત આપી કે તશરીક़ના દિવસોમાં રોઝો રાખે જ્યારે કે હદી ન પામે. તહાવી (શરહે મઆનિયુલ આષાર, ૧/૩૬૩–અસ્સિયામ)માં છે કે રસૂલુલ્લાહ ﷺએ મુતમત્તેઅને એ વાતની ઈજાઝત આપી છે કે તશરીક़ના દિવસોમાં રોઝા રાખે જ્યારે હદી ન હોય. અને ઝુલ હજ્જહના પ્રથમ અશરામાં રોઝા ન રાખી શક્યો હોય. અને એ જ ઈમામ માલિક, ઈમામ

حديث ૧૧૮૦ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ الصِّيَامُ لِمَنْ تَمَتَّعَ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે રોઝા એના માટે છે જેણે ઉમરાને [હદીષ : ૧૧૮૦]

بِالْعُمْرَةِ اِلَى الْحَجِّ اِلٰى يَوْمِ عَرَفَةَ فَاِنْ لَّمْ يَجِدْ هَدْيًا وَّلَمْ يَصُمْ

હજની સાથે મિલાવીને તમત્તુઅ હાંસલ કર્યો. અરફાના દિવસે જો હદી ન પામે અને અરફાના દિવસ સુધી

صَامَ اَيَّامَ مِنًى ؕ

રોઝો નથી રાખ્યો તો મિનાના દિવસોમાં રોઝો રાખે." (મોઅત્તા ઈમામ માલિક, અલ હજ્જ, પેજ–૧૭૫)

શાફઈ, ઈમામ અહમદ ઈબ્ને હંબલ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ નો મઝહબ છે. પણ આ હદીષ ઝઈફ છે એના બે રાવી યહ્યા બિન સલામ અને ઈબ્ને અબી લયલા ઝઈફ છે.

અમારો મઝહબ એ છે કે કોઈને પણ યૌમે નહર તથા ઐયામે તશરીક઼માં રોઝા રાખવાની ઈજાઝત નથી, ભલે તે મુતમત્તેઅ અને ક઼ારિન હોય, અને હદીની શક્તિ ન ધરાવતો હોય. અને યૌમે નહરથી પહેલાં રોઝા ન રાખી શક્યો હોય. બલ્કે જો યૌમે નહરથી પહેલાં ત્રણ રોઝા ન રાખ્યા હતા તો હવે દરેક રીતે એ બંનેવ પર કુર્બાની વાજિબ છે, જો કુર્બાની ન કરી અને માથુ મૂંડાવીને એહરામથી બહાર થઈ ગયો તો એના પર બે દમ વાજિબ થઈ ગયા, એક જુર્માનાનો બીજો એ જ શુક઼ાનાનો. આપણી દલીલ તે હદીષો છે જેમનામાં સ્પષ્ટપણે એવું વર્ણન છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઐયામે તશરીકમાં એ મુનાદી (એલાન) કરાવી હતી કે આ ખાવા પીવાના દિવસો છે. અમુક હદીષોમાં એ પણ છે કે એ દિવસોમાં રોઝા નથી. અને અમુક હદીષોમાં મુત્લક઼ન (બિન શર્તી) એ છે કે એ દિવસોમાં રોઝા ન રાખે. મિનાની અંદર એ દિવસોમાં એલાન કરાવવાથી જાહેર છે કે આ હુકમ સૌના માટે છે, ચાહે ક઼ારિન હોય કે મુતમત્તેઅ કે મુન્ફરિદ, અને કુર્બાનીની શક્તિ હોય કે ન હોય, તેણે રોઝા રાખ્યા હોય કે ન રાખ્યા હોય. એમનામાંથી અમુક હદીષો નિસાઈ (૨/૪૩ મનાસિક) તથા ઈબ્ને માજહ (અસ્સિયામ, પેજ–૧૨૪) અને મોઅત્તા ઈમામ માલિક (અલ્હજ્જ–૧૫૫)માં પણ વર્ણન થયેલ છે. આ સોળ હદીષો છે જે આ સહાબીઓથી મરવી છે : હઝરત અલી, હઝરત સઅદ બિન વક્ક઼ાસ, હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીક઼ા, હઝરત અમ્ર ઈબ્ને આસ, હઝરત અબ્દુલ્લાહ બિન હુઝાફ઼ા, હઝરત અબૂ હુરૈરહ, હઝરત બિશ્ર બિન શહીમ, હઝરત અનસ બિન માલિક, હઝરત ઉમ્મુલ ફ઼ઝ્લ, ઉમ્મે ઉમર બિન ખાલિદ ઝરક઼ી વગેરે.

હદીષ : ૧૧૮૦ની સમજૂતી

ઈમામ બુખારીએ પ્રકરણમાં આદત પ્રમાણે પોતાનો મઝહબ સ્પષ્ટ નથી કર્યો પરંતું પ્રકરણના હેઠળ જે હદીષો લાવ્યા છે એના પરથી એ જાહેર થાય છે કે એમનો મઝહબ એ જ છે કે મુતમત્તેઅ અને ક઼ારિન જો અરફાના દિવસ સુધી રોઝો નથી રાખી શક્યા અને તેમનામાં કુર્બાનીની પણ શક્તિ નથી તો તે મિનાના દિવસોમાં ત્રણ રોઝા રાખે.

પરંતું ઈમામ બુખારી જેટલી હદીષો લાવ્યા તે સૌ મૌકુફ છે અને એનાથી ઉલ્ટુ અલ્લામા અયનીના કથનાનુસાર **ત્રીસ સહાબાએ કિરામથી તે હદીષો મરવી છે જેમનામાં ઐયામે તશરીક઼ના રોઝાઓથી મનાઈ આવેલી છે,** એમાં ઘણી બધી હદીષો તે છે જેમનામાં આ સ્પષ્ટતા છે. ખાસ મિનાના દિવસોમાં આવુ ફર્માવ્યું અને એનું એલાન કરાવ્યું. એટલા માટે આપણો મઝહબ દલીલની હૈસિયતથી ક઼વી છે.

٣٧٤ ت عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا مِثْلَهٗ ـه

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી પણ એના જેમ રિવાયત થયેલ છે." **[તઅલીક़ : ૩૭૪]**

(મોઅત્તા ઈમામ માલિક, અલ હજ્જ, પેજ–૧૭૪, ૧૭૫)

بَابُ صِيَامِ يَوْمِ عَاشُوْرَاءَ صـ٢٦٨

"આશૂરાના દિવસે રોઝો" *–(૨૬૮)*

حديث ١١٨١ عَنْ سَالِمٍ عَنْ اَبِيْهِ قَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું કે **[હદીષ : ૧૧૮૧]**

وَسَلَّمَ يَوْمَ عَاشُوْرَاءَ اِنْ شَاءَ صَامَ ـه

આશૂરાના દિવસે જો ચાહે તો રોઝો રાખે." *(મુસ્લિમ, નિસાઈ–અસ્સૌમ)*

حديث ١١٨٢ عَنْ حُمَيْدِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ اَنَّهٗ سَمِعَ مُعَاوِيَةَ بْنَ اَبِيْ سُفْيَانَ

"હુમૈદ બિન અબ્દુર્રહમાનથી રિવાયત છે કે તેમણે મુઆવિયા બિન અબી **[હદીષ : ૧૧૮૨]**

يَوْمَ عَاشُوْرَاءَ عَامَ حَجَّ عَلَى الْمِنْبَرِ يَقُوْلُ يَا اَهْلَ الْمَدِيْنَةِ اَيْنَ

સુફ્યાનથી સાંભળ્યું જે વરસે તેમણે હજ કરી આશૂરાના દિવસે મિમ્બર પર કહે છે, હે મદીનાવાળાઓ !

عُلَمَاءُكُمْ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ

ક્યાં છે તમારા ઉલમા ?! મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે, આ આશૂરાનો દિવસ છે

هٰذَا يَوْمُ عَاشُوْرَاءَ وَلَمْ يَكْتُبِ اللّٰهُ عَلَيْكُمْ صِيَامَهٗ وَاَنَا صَائِمٌ

અલ્લાહ તઆલાએ તમારા પર એનો રોઝો ફર્ઝ નથી કર્યો. હું રોઝાથી છું,

સમજૂતી : હદીષ : ૧૧૮૧–૧૧૮૨

عام حج : હઝરત મુઆવિયહએ ખલીફા બન્યા બાદ પ્રથમ હજ હિ.સ. ૪૪ માં કર્યો હતો અને છેલ્લો હજ હિ.સ. ૫૭ માં કર્યો હતો. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે એનાથી મુરાદ છેલ્લો હિ.સ. ૫૭ વાળો હજ છે. અલ્લામા અયનીએ એના પર એ પકડ કરી કે એના પર કોઈ દલીલ નથી, કોઈ પણ હજ હોઈ શકે છે. મુસ્લિમ (૧/૩૫૮ અસ્સિયામ)માં આ હદીષ આ પ્રમાણે છે. હુમૈદ બિન અબ્દુર્રહમાન કહે છે, મેં મુઆવિયહ બિન સુફ્યાનથી સાંભળ્યું અને તે મદીનામાં ખુત્બો આપી રહ્યા હતા. પોતાના કોઈપણ આગમનના મોક़ા પર તેમણે આશૂરાના દિવસે ખુત્બો આપ્યો હતો.

اين علماء كم : ઈમામ નવવીએ ફર્માવ્યું, શક્ય છે કે આ તેમણે એના કારણે ફર્માવ્યું હોય કે એમને એ ખબર ન પહોંચી હોય કે કેટલાક લોકો એને ફર્ઝ કહે છે, અથવા હરામ બતાવે છે અથવા મકરૂહ જાણે છે, તો તેમણે એવું ચાહ્યું કે આમ મજમામાં એ એલાન થઈ જાય કે આશૂરાનો રોઝો ન વાજિબ છે ન હરામ તથા મકરૂહ,

فَمَنْ شَاءَ فَلْيَصُمْ وَمَنْ شَاءَ فَلْيُفْطِرْ ـه

જે ચાહે રોઝો રાખે જે ચાહે ન રાખે."

حديث ૧૧૮૩ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قَدِمَ النَّبِيُّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી ﷺ મદીના તશરીફ લાવ્યા [હદીષ : ૧૧૮૩]

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ الْمَدِيْنَةَ فَرَاَى الْيَهُوْدَ تَصُوْمُ يَوْمَ عَاشُوْرَا

તો યહૂદીઓને જોયા કે આશૂરાના દિવસે રોઝો રાખતા હતા. તો ફર્માવ્યું, આ શું છે ? તેમણે કહ્યું, આ સારો

فَقَالَ مَا هٰذَا قَالُوْا هٰذَا يَوْمٌ صَالِحٌ هٰذَا يَوْمٌ نَجَّى اللّٰهُ بَنِيْ اِسْرَائِيْلَ

દિવસ છે, આ તે દિવસ છે જેમાં અલ્લાહે બની ઈસ્રાઈલને તેમના દુશ્મનથી નજાત આપી હતી તો

مِنْ عَدُوِّهِمْ فَصَامَهُ مُوْسٰى قَالَ فَاَنَا اَحَقُّ بِمُوْسٰى مِنْكُمْ

મૂસા عليہ السلام એ એ દિવસે રોઝો રાખ્યો. ફર્માવ્યું, હું મૂસા عليہ السلام ની મુવાફિકત કરવામાં તમારા કરતાં અધિક

فَصَامَهُ وَاَمَرَ بِصِيَامِهٖ ـه

હક્કદાર છું જેથી હુઝૂરે ખૂદ પણ રોઝો રાખ્યો અને એ દિવસે રોઝો રાખવાનો હુકમ આપ્યો."

(બુખારી, ૧/૪૮૧ ઝિકુલ અંબિયા, ૨/૬૯૨ તફસીરે સૂરએ તાહા, ૨/૬૭૭ તફસીરે સૂરએ યૂનુસ, મુસ્લિમ, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ)

બલ્કે મુસ્તહબ છે. અને એ પણ થઈ શકે છે કે આ મામલામાં ઉલમાની મુવાફેકતનો હેતુ હોય અથવા એની તબ્લીગ કરવાનો હેતુ હોય.

હદીષ : ૧૧૮૩ની સમજૂતી

فصامه : આ ભાગના શરૂમાં જ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ની હદીષ વર્ણન થઈ ચૂકી કે કુરૈશ જાહિલિયતમાં આશૂરાનો રોઝો રાખતા હતા અને હુઝૂર ﷺ પણ ઈસ્લામના પ્રારંભમાં રાખ્યા કરતા હતા. જ્યારે રમઝાનના રોઝા ફર્ઝ થયા તો ફર્માવ્યું, જે ચાહે આશૂરાનો રોઝો રાખે જે ચાહે ન રાખે. એનાથી જાહેર છે કે આશૂરાનો રોઝો ઈસ્લામની શરૂઆતથી જ સતત ચાલ્યો આવ્યો છે. પણ આ હદીષમાં આશૂરાના રોઝાની શરૂઆત એ બતાવવામાં આવી છે કે યહૂદીઓએ જ્યારે એ બતાવ્યું કે આ દિવસે હઝરત મૂસા عليہ السلام ને ફિરઔનથી નજાત મળી હતી, તો હઝરત મૂસા عليہ السلام એ શુક્રિયામાં આ દિવસે રોઝો રાખ્યો હતો. હુઝૂરે અકદસ ﷺ એ હઝરત મૂસા عليہ السلام ની મુવાફિકતમાં પણ રોઝો રાખ્યો અને રોઝો રાખવાનો હુકમ પણ આપ્યો. અલ્લાહની તૌફીકથી હું કહું છું : બંનેમાં ટકરાવ નથી, વધુમાં વધુ એવું કહેવામાં આવશે કે પહેલાં એ રોઝો કુરૈશની આદતના પ્રમાણે હુઝૂર પણ રાખતા હતા કે એ મુદ્દલે એક ઈબાદત છે. જ્યારે મદીના તયબહ આવ્યા અને એ ઈલ્મ થયો કે એ દિવસે હઝરત મૂસા عليہ السلام એ રોઝો રાખ્યો હતો અને આ એમની સુન્નત છે તો હઝરત મૂસા عليہ السلام ની મુવાફિકતથી એ રોઝાની ફઝીલત અધિક માલૂમ પડી તો આયોજનપૂર્વક રોઝો રાખ્યો અને આયોજનપૂર્વક તેનો હુકમ પણ આપ્યો.

حديث ١١٨٤ عَنْ اَبِيْ مُوْسٰى رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَ يَوْمُ عَاشُوْرَاءَ تَعُدُّهُ

"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ ફર્માવ્યું, આશૂરાના દિવસને યહૂદી [હદીષ : ૧૧૮૪]

الْيَهُوْدُ عِيْدًا قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَصُوْمُوْهُ اَنْتُمْ ؕ

ઈદનો દિવસ ગણતા હતા. નબી ﷺ એ ફર્માવ્યું, એ દિવસે તમે પણ રોઝો રાખો."

(બુન્યાનુલ કા'બા, પેજ–૫૬૨, મુસ્લિમ–અસ્સૌમ)

حديث ١١٨٥ عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ مَا رَاَيْتُ النَّبِيَّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, એ દિવસે એટલે કે આશૂરાના [હદીષ : ૧૧૮૫]

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَتَحَرّٰى صِيَامَ يَوْمٍ فَضَّلَهُ عَلٰى غَيْرِهٖ

અને એ મહિનાના સિવાય કોઈ દિવસના રોઝાની આવી રગબત (આકર્ષણ) નથી જોવામાં

اِلَّا هٰذَا الْيَوْمَ يَوْمَ عَاشُوْرَاءَ وَهٰذَا الشَّهْرَ ؕ

આવી જેને અન્ય પર ફઝીલત આપી હોય." (મુસ્લિમ, નિસાઈ–અસ્સૌમ)

સમજૂતી : હદીષ : ૧૧૮૪–૧૧૮૫

هذا الشهر થી મુરાદ રમઝાન છે. એના રોઝાઓની ફઝીલત તમામ રોઝાઓ પર જાહેર છે કેમ કે એ ફર્ઝ છે અને બાકીના સર્વ નફલ છે. ફર્ઝ દરેક સ્થિતિમાં નફલથી અફઝલ છે. રહી ગયા આશૂરાના રોઝા, તો એના બારામાં ઈર્શાદ ફર્માવ્યો. અબૂ દાઊદ (૧/૩૩૦ સિયામ, તિર્મિઝી, ૧/૯૩ અસ્સિયામ)માં સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ રમઝાનના મહિના પછી તમામ રોઝાઓથી અફઝલ અલ્લાહના મહિના મુહર્રમના રોઝા છે, જો કે એની સંભાવના છે કે એનાથી મુરાદ પૂરો મહિનો હોય. બલ્કે તિર્મિઝી (૧/૯૩ અસ્સિયામ)માં હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સે રસૂલલ્લાહ ﷺ ને પૂછ્યું અને હું ત્યાં બેઠેલો હતો, **યા રસૂલલ્લાહ ! રમઝાન બાદ કયા મહિનાના રોઝાનો મને હુકમ આપો છો? ફર્માવ્યું, જો રમઝાન બાદ કોઈ મહિનામાં રોઝા રાખવા ચાહે છે તો મુહર્રમના રાખ, એટલા માટે કે એ અલ્લાહનો મહિનો છે. આ મહિનામાં એક દિવસ એવો છે જેમાં અલ્લાહ તઆલાએ એક ક઼ૌમની તૌબા ક઼બૂલ ફર્માવી અને એ દિવસે ભવિષ્યમાં અન્યોની તૌબા ક઼બૂલ ફર્માવશે.** પણ ચર્ચા હેઠળની હદીષમાં જે એવું ફર્માવ્યું કે હુઝૂરને જેટલી તલબ તથા ચાહત તથા આકર્ષણ આશૂરાના રોઝાથી હતું એટલું કોઈ અન્ય નફલી રોઝાથી ન હતું. એ દર્શાવી રહ્યું છે કે **આશૂરાના રોઝા તમામ નફલી રોઝાઓથી અફઝલ છે.** અલ્લાહ બેહતર જાણનાર છે.

આશૂરા : મુઅન્નષનો સેગો **فاعولاء** ના વજન પર. **عشر** દસના અર્થથી મુશ્તક઼ છે. એ **معدول**થી મઅદૂલ છે. એ અસલમાં **الليلة** ની સિફત છે યૌમની એની તરફ ઈઝાફત થાય છે તો એનો મતલબ આ થાય છે : **يوم الليلة العاشوراء** પરંતું જ્યારે એને સિફતના અર્થથી નકલ કરીને ઈસ્મિયતના અર્થ પ્રતિ લાવે તો **الليلة** ને હઝફ કરી આપ્યું અને યૌમે આશૂરા કહેવા લાગ્યા. ટૂંકાણ કરવામાં એવું કરવામાં આવ્યું છે.

فاعولاء ના વજન પર અમુક જ કલેમાઓ આવે છે : ضاروزة એ ضراء ના અર્થમાં, سارورة એ سرآء ના અર્થમાં, والولة એ والة ના અર્થમાં. خابورة એક જગાનું નામ છે. عاشوراء મદની સાથે અને عاشورا મદ વિના, બંનેવ રીતે આવેલ છે. ખલીલે કહ્યું કે આશૂરા ઈબરાની ભાષાનો શબ્દ છે પણ જમહૂરએ કહ્યું કે એ તદ્દન અરબી તથા ઈસ્લામી શબ્દ છે. જાહિલિયતના જમાનામાં આ શબ્દ વપરાતો ન હતો. પરંતું એને ઈસ્લામી કહેવું સહીહ નથી. હદીષોમાં આવેલ છે કે કુરૈશ જાહિલિયતમાં આશૂરાના રોઝા રાખતા હતા.

આશૂરા કયો દિવસ છે ? : એમાં મતભેદ છે કે આશૂરા કયો દિવસ છે. નવ મુહર્રમ અથવા દસ મુહર્રમ અથવા અગ્યાર મુહર્રમ. રાજેહ તથા મશ્હૂર એ જ છે કે આ દસ મુહર્રમ છે. એના પર શબ્દની બનાવટ પણ દલીલ પૂર્ણ પાડે છે. એ જ જમહૂર તથા આમ સહાબા તથા તાબઈનનો મઝહબ છે. સહાબાએ કિરામમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ફ઼ૌલ એ છે કે આશૂરા મુહર્રમની નવમી તારીખ છે. જેમ કે મુસ્લિમ (૧/૩૫૮ અસ્સિયામ), અબૂ દાઉદ (૧/૩૩૨ સિયામ) તથા તિર્મિઝી (૧/૯૪ સૌમ)માં છે. હકમ ઈબ્ને અઅરજે કહ્યું, હું હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની ખિદમતમાં હાજર થયો અને તે ઝમઝમથી ટેક લગાડીને બેઠેલા હતા. મેં અર્ઝ કરી, મને બતાવો યૌમે આશૂરા કયો દિવસ છે ? ફર્માવ્યું કે જ્યારે તું મુહર્રમનો ચાંદ જોઈ લે તો દિવસોને ગણ, જ્યારે નવમી તારીખે તું સવાર કરે તો રોઝો રાખ. મેં અર્ઝ કરી, શું રસૂલુલ્લાહ ﷺ એ જ પ્રમાણે રોઝો રાખતા હતા ? તેમણે ફર્માવ્યું, હા ! પરંતું એમનો આ ફ઼ૌલ આશૂરાના રોઝાના બારામાં આવેલ આમ હદીષોથી અલગ પડે છે. આમ હદીષોમાં એવું છે કે હુઝૂરે અક઼દસ ﷺ આશૂરાના દિવસે રોઝો રાખતા હતા. અંતિમ ઉમ્ર શરીફમાં ફર્માવ્યું કે હું હવેથી નવમીના દિવસે પણ રોઝો રાખીશ. યહૂદીઓની વિરૂદ્ધ કરીશ. પણ એ જ વરસે હુઝૂર ﷺ નો વિસાલ થઈ ગયો, અને નવનો રોઝો ન રાખ્યો.

અલ્લામા અયનીએ એ ખુલાસો કર્યો કે હુઝૂરે અક઼દસ ﷺ એ ઈરાદો કરી લીધો હતો કે આવતા વરસે નવમીનો પણ રોઝો રાખીશ. એને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું. ક઼ાઝી અયાઝે આ પ્રમાણે સ્પષ્ટતા કરી. મુરાદ એ છે કે નવ તથા દસના સાથે સાથે રોઝા રાખ્યા.

મુહિબ્બ તિબરીએ તફ઼સીરે ફ઼ક઼ીહ અબુલ લયષ સમરકંદીથી નક઼્લ કર્યું કે આશૂરા ૧૧મી તારીખ છે. આશૂરાનો રોઝો મુસ્તહબ છે અને અફ઼ઝલ એ છે કે નવ તથા દસ બંનેનો રોઝો રાખે. એમાં એક તો યહૂદીઓની વિરૂદ્ધતા છે, બીજો ફાયદો એ છે કે બંને દિવસ રોઝા રાખવામાં ખરેખર આશૂરાનો દિવસ મળવો તેની સરખામણીમાં વધુ યક઼ીની છે. એના લીધે અબૂ ઈસ્હાક઼ે ફર્માવ્યું કે અગ્યારનો પણ રોઝો રાખે. અમુક ઉલમાએ ફર્માવ્યું કે કેવળ દસ તારીખે રોઝો રાખવો એ યહૂદીની મુશાબેહતના કારણે મકરૂહ છે. જેમ કે મુહીત અને બદાએઅમાં છે. પરંતું **સહીહ એ છે કે મકરૂહ નથી,** એટલા માટે કે ખૂદ હુઝૂરે અક઼દસ ﷺ એ આશૂરાનો રોઝો રાખ્યો છે. અને આશૂરાનો દિવસ શરીઅતની રૂએ ફ઼ઝીલતવાળો છે.

નામનો સબબ : દસમી મુહર્રમને આશૂરા શા માટે કહે છે ? એનું એક કારણ તો એ જ છે કે એ મુહર્રમની દસમી તારીખને કહે છે. અને એ પણ કહેવામાં આવ્યું છે કે એ દિવસને આશૂરા એટલા માટે કહેવામાં આવે છે કે એ દિવસે અલ્લાહ તઆલાએ દસ અંબિયાએ કિરામ પર ખાસ ઈકરામ ફર્માવ્યો છે : **૧.** હઝરત મૂસા عليہ السلام ની અલ્લાહ તઆલાએ એ દિવસે મદદ ફર્માવી, તેમના માટે બહરે કુલ્ઝુમ ચીરી નાખીને રસ્તો બનાવી આપ્યો અને ફિરઔને ડૂબાડી દીધો. **૨.** હઝરત નૂહ عليہ السلام ની કશ્તી આ જ તારીખે 'જૂદી' પહાડ પર રોકાયી હતી. **૩.** હઝરત યૂનુસ عليہ السلام ને એ જ તારીખમાં માછલીના પેટથી કાઢયા હતા. **૪.** એ જ દિવસે હઝરત આદમ عليہ السلام ની તૌબા ક઼બૂલ ફર્માવી. **૫.** એ જ તારીખે હઝરત યૂસુફ़ عليہ السلام ને કૂવાથી કાઢયા હતા. **૬.** એ જ તારીખે હઝરત ઈસા عليہ السلام પેદા થયા અને એ જ તારીખે આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યા. **૭.** એ જ તારીખે હઝરત દાઉદ عليہ السلام ની તૌબા ક઼બૂલ ફર્માવી. **૮.** હઝરત ઈબ્રાહીમ عليہ السلام એ જ તારીખે પેદા થયા. **૯.**

باب فضل من قام رمضان ص ٢٦٩

"રમઝાનમાં કયામ કરવાની ફઝીલત" –(૨૬૯)

١١٨٦ ١١٨٨ حديث عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ **[હદીષ : ૧૧૮૬ થી ૧૧૮૮]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ قَامَ رَمَضَانَ اِيْمَانًا وَّاِحْتِسَابًا غُفِرَ لَهٗ

ફર્માવ્યું, જે રમઝાનમાં ઈમાન તથા સવાબની નિય્યતથી કયામ કરે (નમાઝ પઢે) તેના પાછલા સર્વ ગુનાહો

مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ قَالَ ابْنُ شِهَابٍ فَتُوُفِّىَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

માફ કરી દેવામાં આવશે.★ ઈબ્ને શિહાબે કહ્યું, રસૂલુલ્લાહ ﷺ વફાત પામી ગયા અને અમલ એના પર

હઝરત યાકૂબ عليہ السلام ની બીનાઈ એ જ તારીખે પરત આવી. **૧૦.** એ જ તારીખે આપણા હુઝૂર ﷺ થી વાયદો થયો કે આપના સર્વ ખાસ લોકોના આગળના તથા પાછળના ગુનાહ બખ્શી દેવામાં આવશે. પણ આ નામનો સબબ સહીહ નથી. એટલા માટે કે આ ખાસ કરવું દુરુસ્ત નથી. અન્ય અંબિયાએ કિરામ પર પણ એ જ તારીખે ખાસ નવાઝિશ થઈ છે, જેમ કે એ તારીખે હઝરત ઈદરીસ عليہ السلام ને આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યા. એ જ તારીખે હઝરત અૈયૂબ عليہ السلام ની આજમાઈશ પૂર્ણ થઈ અને તે શિફાયાબ થયા અને હઝરત સુલૈમાન عليہ السلام ને એ જ તારીખે સલ્તનત આપવામાં આવ્યો.

ઉલમાની એના પર એકમતિ છે કે આશૂરાનો રોઝો વાજિબ નથી, અલ્બત્ત એમાં મતભેદ છે કે રમઝાનના રોઝાઓના ફર્ઝ થતા પહેલાં આશૂરાનો રોઝો વાજિબ હતો કે સુન્નત ?! હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે વાજિબ હતો. અને શાફઈ હઝરાતનાં એમાં બે કથનો છે. મશહૂર ક઼ૌલ એ છે કે એ સમયે પણ સુન્નત જ હતો જેવો કે અત્યારે છે, કદી વાજિબ ન હતો. અલ્બત્ત પહેલાં મોઅક્કદ (તાકિદ સાથે) હતો, જ્યારે રમઝાનના રોઝા ફર્ઝ થયા તો તાકિદ જતી રહી અને મુસ્તહબ થઈ ગયો. બીજો ક઼ૌલ શાફઈઓનો એ છે કે પહેલાં વાજિબ હતો હવે સુન્નત થઈ ગયો. એક ક઼ૌલ એ પણ છે કે હજી પણ ફર્ઝ છે, પણ આ ક઼ૌલ ભરોસાપાત્ર નથી. હવે એના પર ઉમ્મતની એકમતિ છે કે એ મુસ્તહબ છે.

સમજૂતી : ૧૧૮૬–૧૧૮૭–૧૧૮૮

મુસ્તમલીની રિવાયતમાં અહીં પ્રકરણથી પહેલાં **كتاب التراويح** (કિતાબુત્તરાવીહ) વધારે છે, અન્યની રિવાયતમાં નથી. ક઼યામે રમઝાનનો અર્થ રમઝાનની રાતમાં નમાઝ પઢવી. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે એના પર એકમતિ છે કે અહીં ક઼યામે રમઝાનથી મુરાદ તરાવીહ છે. તરાવીહ પર સંપૂર્ણ ચર્ચા પહેલાં કરવામાં આવી ચૂકી છે જેથી હવે દોહરાવવાની જરૂરત નથી.

فيصلى بصلاته : એટલે કે કેટલાક લોકો એકલા એકલા તરાવીહ પઢી રહ્યા હતા અને કેટલાક લોકો જમાઅતથી પઢી રહ્યા હતા. કેમ કે એમાં વેરવિખેર હતું એટલા માટે હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ એ એને નાપસંદ કર્યું અને હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ ને ઈમામ મુક઼ર્રર કરીને સૌને એમની પાછળ નમાઝ પઢ વાનો હુકમ આપ્યો જેને સર્વ સહાબીઓએ પસંદ કર્યું. તરાવીહ અસલમાં બાજમાઅત મશરૂઅ (હુકમ આપવામાં

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَالْاَمْرُ عَلٰى ذٰلِكَ ثُمَّ كَانَ الْاَمْرُ عَلٰى ذٰلِكَ فِيْ

જ રહ્યો. પછી અબૂબક્રની ખિલાફતમાં અને ઉમરની ખિલાફતના પ્રારંભિક દૌરમાં એવું જ થતુ રહ્યું. અને

خِلَافَةِ اَبِيْ بَكْرٍ وَّصَدْرًا مِّنْ خِلَافَةِ عُمَرَ رضى الله عنه وَعَنِ ابْنِ شِهَابٍ عَنْ

ઈબ્ને શિહાબથી જ મરવી છે, તે ઉરવા બિન ઝુબૈરથી, તે અબ્દુર્રહમાન બિન અબ્દુલ કાદિરથી રિવાયત કરે

عُرْوَةَ بْنِ الزُّبَيْرِ عَنْ عَبْدِ الرَّحْمٰنِ ابْنِ عَبْدٍ الْقَارِيِّ اَنَّهٗ قَالَ

છે કે અબ્દુર્રહમાને કહ્યું, હું રમઝાનમાં એક રાતે ઉમર બિન ખત્તાબની સાથે મસ્જિદની તરફ ગયો તો જોયું કે

خَرَجْتُ مَعَ عُمَرَ بْنِ الْخَطَّابِ لَيْلَةً فِيْ رَمَضَانَ اِلَى الْمَسْجِدِ فَاِذَا

લોકો છૂટા છવાયા અલગ અલગ નમાઝ પઢી રહ્યા છે. કોઈ અલગ પઢી રહ્યો છે, કેટલાક લોકો જમાઅતની

النَّاسُ اَوْزَاعٌ مُّتَفَرِّقُوْنَ يُصَلِّي الرَّجُلُ لِنَفْسِهٖ وَيُصَلِّي الرَّجُلُ فَيُصَلِّيْ

સાથે પઢી રહ્યા છે. એના પર ઉમરે કહ્યું કે હું મુનાસિબ સમજુ છું કે જો આ લોકોને એક કારી પર જમા કરી

بِصَلَاتِهِ الرَّهْطُ فَقَالَ عُمَرُ اِنِّيْ اَرٰى لَوْ جَمَعْتُ هٰؤُلَاءِ عَلٰى قَارِئٍ

દઉં તો બેહતર થશે. પછી પાકો ઈરાદો કરી લીધો અને તેમને ઉબય ઈબ્ને કઅબ પર જમા કરી આપ્યા.

وَاحِدٍ لَكَانَ اَمْثَلَ ثُمَّ عَزَمَ فَجَمَعَهُمْ عَلٰى اُبَيِّ ابْنِ كَعْبٍ ثُمَّ خَرَجْتُ

ત્યારબાદ હું તેમની સાથે બીજી રાત્રે નીકળ્યો તો જોયું કે લોકો પોતાના કારીની પાછળ નમાઝ પઢી રહ્યા છે.

આવ્યો હતો) થઈ હતી, જેવું કે વર્ણન થઈ ચૂક્યું. બુખારીમાં એના બાદવાળી હદીષમાં સ્પષ્ટતા છે કે ત્રણ દિવસો સુધી હુઝૂર ﷺએ સહાબાએ કિરામને તરાવીહ પઢાવી, ચોથા દિવસે બહાર તશરીફ ન લાવ્યા અને સવારે ઈર્શાદ ફર્માવ્યો, હું એટલા માટે તશરીફ ન લાવ્યો કે મને અંદેશો થયો કે ક્યાંક તમારા પર ફર્ઝ ન કરી દેવામાં આવે, પછી તમે તેની અદાયગીથી આજિઝ રહો. ત્યારબાદ સહાબાએ કિરામ પોતપોતાની યથાશક્તિ અલગ અલગ એકલા એકલા અથવા બાજમાઅત તરાવીહ પઢયા કરતા હતા. જ્યારે હઝરત ફારૂકે આ'ઝમના સમયમાં એ અંદેશો ખત્મ થઈ ગયો કે ક્યાંક ફર્ઝ ન થઈ જાય, તો તેમણે સૌને બાજમાઅત હુઝૂરે અકદસ ﷺની સુન્નત પ્રમાણે નમાઝ પઢવાનો હુકમ આપ્યો.

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ વીસ રકાત તરાવીહ પઢવાનો હુકમ આપ્યો જેના પર સર્વ સહાબાએ કિરામે સુકૂત (મૌન) ફર્માવ્યું એટલા માટે વીસ રકાત તરાવીહ પર સહાબાએ કિરામનો ઈજમાઅ થઈ ગયો. તેમજ એનાથી લાઝમી તૌર પર એ સાબિત થયું કે હુઝૂરે અકદસ ﷺએ વીસ રકાત જ તરાવીહ પઢી હતી, નહીં તો સહાબાએ કિરામ જરૂર મતભેદ કરતા. સહાબાએ કિરામથી એ અપેક્ષા નથી થઈ શક્તી કે દીનમાં એવા પ્રકારનો વધારો સહન કરી શકે, બલ્કે એના અનુસંધાનમાં સ્પષ્ટ રિવાયત પણ છે કે હુઝૂરે અકદસ ﷺએ વીસ રકાત તરાવીહ પઢી, જેમ કે વર્ણન થઈ ચૂક્યું.

مَعَهُ لَيْلَةً اُخْرٰى وَالنَّاسُ يُصَلُّوْنَ بِصَلَاةِ قَارِئِهِمْ قَالَ

હઝરત ઉમરે ફર્માવ્યું, આ "સારી બિદઅત" છે જેને છોડીને તમે લોકો સૂઈ જતા હતા.

عُمَرُ نِعْمَ الْبِدْعَةُ هٰذِهٖ وَالَّتِيْ تَنَامُوْنَ عَنْهَا اَفْضَلُ مِنَ الَّتِيْ

આ એનાથી અફઝલ છે જેને તમે લોકો અદા કરો છો. એમની મુરાદ છેવટ રાતની નમાઝ હતી

تَقُوْمُوْنَ يُرِيْدُ اٰخِرَ اللَّيْلِ وَكَانَ النَّاسُ يَقُوْمُوْنَ اَوَّلَهٗ ۞

અને લોકો રાતના પહેલા હિસ્સામાં નમાઝ અદા કરતા હતા. ✪

(★ બુખારી ૧/૧૦ અલ ઈમાન, ૧/૨૫૫, ૧/૨૭૦, મુસ્લિમ–સલાતુલ મુસાફિરીન, અબૂ દાઊદ–રમઝાન, તિર્મિઝી–સૌમ, નિસાઈ–સિયામ–ઈમાન, દારમી–સૌમ, મોઅત્તા ઈમામ માલિક–રમઝાન, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૮૧ ✪ મોઅત્તા ઈમામ માલિક–૪૩)

نعم البدعة هذه : અસલમાં તરાવીહ મશ્રૂઅ (શરીઅતમાં જેનો હુકમ હોય) છે. ત્રણ દિવસો સુધી હુઝૂરે અકદસ ﷺએ તરાવીહ બાજમાઅત પઢી ત્યારબાદ એકલા પઢી. અને સહાબાએ કિરામ એકલા એકલા પણ પઢતા હતા અને જમાઅતની સાથે પણ પઢતા હતા. એનાથી સાબિત થયું કે તરાવીહના માટે જમાઅતની શર્ત નથી. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ જમાઅત સાથે તરાવીહ પઢવાની પાબંદી કરી આપી. એનાથી સાબિત થયું કે કોઈ બિનશર્તી મશ્રૂઅ કાર્યને કોઈ ચોક્કસ સ્થિતિ સાથે ખાસ કરવું હરામ તથા ગુનોહ તથા બિદઅતે સૈયેઅહ (બુરી બિદઅત) નથી, જેમ કે આપણને હુઝૂરે અકદસ ﷺના ઝિક્રનો મુત્લક (અબાધિત) હુકમ આપવામાં આવ્યો છે, ઉમ્મતે તેને ખાસ સ્થિતિની સાથે મીલાદ શરીફના નામથી રિવાજ આપ્યો. એ જ પ્રમાણે ઈસાલે સવાબનો મુત્લક (બિનશર્તી) હુકમ છે. પૂરી ઉમ્મતે તેને ત્રીજા દિવસે કે દસમા દિવસે કે ચાલીસમાં દિવસે અથવા વરસ પૂર્ણ થતાં રિવાજ આપ્યો. ખાસ કરવું પણ હરામ, ગુનોહ કે બિદઅતે સૈયઅહ નથી, બલ્કે તમામ સહાબાએ કિરામ તથા હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની સુન્નત છે.

બિદઅતની વ્યાખ્યા અને તેના પ્રકારો : અલ્લામા નવવીએ તહઝીબુલ અસ્મા વલ્લુગાતમાં લખ્યું છે અને સંક્ષિપ્તપણે શરહે મુસ્લિમ (૧/૨૮૫ જુમ્આ)માં પણ બિદઅતનો શાબ્દિક અર્થ એ છે કે દરેક તે ચીજ જેનું પહેલાંથી દૃષ્ટાંત ન હોય, એટલે નવી ચીજ કાઢવી, અને શરીઅતમાં એવું કામ કાઢવું જે રસૂલુલ્લાહ ﷺના જમાનામાં ન રહ્યું હોય. શયખ ઈઝઝુદ્દીન બિન અબ્દુસ્સલામે કિતાબુલ ફવાઈદના આખરમાં કહ્યું, બિદઅતના પાંચ પ્રકારો છે : વાજિબ, હરામ, મુસ્તહબ, મુબાહ અને મકરૂહ. ઈમામ શાફઈએ ફર્માવ્યું કે એવી નવી ચીજ કાઢવી જે કિતાબ તથા સુન્નત તથા અષર અથવા ઈજમાઅની વિરૂદ્ધ હોય તે ગુમરાહી છે અને એવી સારી વાત કાઢવી જે એમનામાંથી કોઈની વિરૂદ્ધ ન હોય તે બુરી નથી. (મિર્કાત શરહે મિશકાત, ૪/૩૬૦) અને હઝરત ઉમરે તરાવીહના બારામાં ફર્માવ્યું, આ સારી બિદઅત છે. એનું સમર્થન આ હદીષથી પણ થાય છે જે હઝરત જરીર બિન અબ્દુલ્લાહ બજલીથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

من سن فی الاسلام سنة حسنه فله اجرها واجر من عمل بها من بعده من غیر ان ینقص من اجورهم شیء ومن سن فی الاسلام سنة سیئة کان علیه وزرها ووزر من عمل بها من بعده من غیر ان ینقص من اوزارهم شیء

"જે શખ્સ ઈસ્લામમાં કોઈ સારો તરીકો કાઢશે એને એનો સવાબ મળશે અને જેટલા લોકો એના પછી એના

પર અમલ કરશે સૌના બરાબર તેને સવાબ મળશે, એના વિના કે એઓના સવાબમાં કાંઈ કમી કરવામાં આવે. અને જે ઈસ્લામમાં કોઈ બુરો તરીક़ો શોધી કાઢશે એના પર એને ગુનોહ થશે અને જે લોકો એના પછી એના પર અમલ કરશે સૌના બરાબર એના પર ગુનોહ થશે એ વિના કે એમના ગુનાહમાં કોઈ કમી કરવામાં આવે. *(મુસ્નદે ઈમામ અહમદ, ૫/૪૫૭, મુસ્લિમ–ઝકાત, પેજ–૩૨૭, ૨/૩૪૧ અલ ઈલ્મ, નિસાઈ–ઝકાત, પેજ–૩૫૬, મિશ્કાત, પેજ–૩૩)*

આ હદીષ એના માટે દલીલ છે કે **બિદઅતના બે પ્રકાર** છે : **હસના** તથા **સૈયેઅહ** (**સારી** તથા **બુરી**) એના પર ઉમ્મતની એકમતિ છે કે હદીષ كل بدعة ضلالة માં બિદઅતથી મુરાદ બુરી બિદઅત છે.

ખૂદ **આ હદીષમાં ફારૂક़ે આ'ઝમનો ઈર્શાદ** نعم البدعة هذه **એના પર દલીલ છે કે બિદઅતે હસના (સારી બિદઅત) પણ હોય છે.** આ પૈકીથી એક મસ્જિદમાં એક ઈમામ પાછળ બાજમાઅત તરાવીહ પઢવું પણ છે.

والتى تنامون عنها : સામાન્યતઃ અનુવાદકોએ એનો અનુવાદ એ કર્યો છે કે રાતનો તે હિસ્સો જેમાં તમે લોકો સૂઈ જાવ છો એનાથી બેહતર છે કે જેમાં નમાઝ પઢો છો. અને લોકો રાતના પાછલા હિસ્સામાં નમાઝ પઢ તા હતા. પરંતું આ ખાદિમની નજીક એનો સહીહ તર્જુમો એ છે કે જે નમાઝને છોડીને તમે લોકો સૂઈ જાવ છો તે એનાથી બેહતર છે જેને તમે લોકો અદા કરો છો. عن મુજાવઝતના માટે આવે છે જેના માટે તર્ક લાઝિમ છે, જેનો મતલબ એ થશે કે તહજ્જુદની નમાઝ તરાવીહ કરતાં અફ઼ઝલ છે. એનાથી એ વાત પણ સાબિત થઈ કે **તરાવીહ અલગ નમાઝ છે અને તહજ્જુદ અલગ. એવું નથી કે બંનેવ એક જ હોય, જેવું કે આજકાલના ગૈરમુક़લ્લિદ કહે છે.**

રહી ગયું ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا નું આવું ફર્માવવું કે હુઝૂરે અક़દસ ﷺ રમઝાન અથવા તેના સિવાયના અન્ય દિવસોમાં અગ્યાર રકાતથી વધુ પઢતા ન હતા, એ તહજ્જુદના માટે છે, તરાવીહ સાથે એને કોઈ સંબંધ નથી.

باب فضل ليلة القدر ص۲۷

"લયલતુલ ક़દ્રની ફ઼ઝીલત" –(૨૭૦)

ت ۳۷۵ وَقَالَ ابْنُ عُيَيْنَةَ مَا كَانَ فِي الْقُرْآنِ وَمَا أَدْرَاكَ فَقَدْ أَعْلَمَهُ

"સુફ઼યાન બિન ઉયયનાએ ફ઼ર્માવ્યું, કુર્આનમાં જે ચીજના બારામાં وَمَا اَدْرٰكَ *હોય તો તેને* **[તઅલીક઼ : ૩૭૫]**

وَمَا قَالَ وَمَا يُدْرِيكَ فَإِنَّهُ لَمْ يُعْلِمْهُ

અલ્લાહે હુઝૂરને બતાવી આપ્યું અને જેના બારામાં ફ઼ર્માવ્યું : وَمَا يُدْرِيْكَ *એને (એ સમય સુધી) નથી બતાવ્યું."*

તઅલીક઼ : ૩૭૫ની સમજૂતી

આ તઅલીક઼ને મુહમ્મદ બિન યહ્યા બિન અબી ઉમરે કિતાબુલ ઈમાનમાં મુત્તસિલ સનદ સાથે વર્ણન કરી છે. એનો મતલબ એ છે કે કુર્આન મજીદમાં જ્યાં ક્યાંક ફ઼ર્માવવામાં આવ્યું وَمَا يُدْرِيْكَ "અને તમે શું જાણ્યું !" જેમ કે ફ઼ર્માવવામાં આવ્યું : وما ادرٰك ماالقارية "અને તે શું જાણ્યું શું છે દેહલાવવાવાળી" તો આ એની દલીલ છે કે અલ્લાહ તઆલાએ એ ચીજની ખબર હુઝૂરને આ આયતના નુઝૂલથી પહેલાં આપી દીધી છે. اعلم ભૂતકાળ વાચક (માઝીનો સેગો) છે જે ગુજરી ગયેલા સમયમાં થયેલા માટે દલીલ પૂરી પાડે છે અને જે ચીજોના બારામાં ફ઼ર્માવ્યું : وَمَا يُدْرِيْكَ એમને આ આયતના નુઝૂલના સમય સુધી એની ખબર નથી આપી. જેમ કે ફ઼ર્માવ્યું : وَمَا يُدْرِيكَ لَعَلَّ السَّاعَةَ تَكُونُ قَرِيبًا "અને તમે શું જાણો કદાચ ક઼યામત નજીક જ હોય" (સૂ. અહઝાબ) પરંતુ وَمَا يُدْرِيكَ પર તેમણે જે કાંઈ ફ઼ર્માવ્યું તેના પર આયતે કરીમા وَمَا يُدْرِيكَ لَعَلَّهُ يَزَّكّٰى. (સૂ. અબસ)થી વાંધો આવે છે. કેમ કે આયતે કરીમા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમ رضی اللہ عنہ ના બારામાં નાઝિલ થઈ છે જ્યારે કે હુઝૂરે અક઼દસ ﷺએ એમના બારામાં જાણી લીધુ હતું કે એ કુફ઼ તથા શિર્કથી પાક થઈ ગયા અને તેમને નસીહત ફાયદો કરશે.

અલ્લાહની તૌફ઼ીક઼થી હું કહું છું : આ વાંધાને અલ્લામા ઈબ્ને હજર અસ્ક઼લાની તથા અલ્લામા અયની, અલ્લામા અહમદ ખતીબ ક઼સ્તલાની ત્રણેવ શારેહોએ વર્ણન કર્યું. આ ખાદિમનો ખયાલ એ છે કે જ્યારે આ આયતે કરીમા નાઝિલ થઈ હતી તે વખતે શક્ય છે હુઝૂરે અક઼દસ ﷺને ન બતાવવામાં આવ્યું હોય કે એ મુખ્લિસ મોમિન થઈ ગયા, બાદમાં બતાવવામાં આવ્યું હોય. જેમ કે પ્રથમ આયતમાં ક઼યામત ક઼ાયમ થવાના સમય વિશે ઈર્શાદ થયો : وَمَا يُدْرِيْكَ પણ ઉલમાએ એની સ્પષ્ટતા કરી છે કે હુઝૂરે અક઼દસ ﷺ દુનિયાથી એ સમય સુધી તશરીફ઼ ન લઈ ગયા જ્યાં સુધી અલ્લાહ તઆલાએ આપને એ પાંચેવ વાતોનો ઈલ્મ ન અતા ફ઼ર્માવ્યો જેમાં ક઼યામતનો ઈલ્મ પણ છે. *(શરહે ક઼સીદા બુર્દા, અલ્લામા ઈબ્રાહીમ બીજોરી, પેજ–૭૪, સાવી ભાગ–૩, પેજ–૩૬૦)*

આ તઅલીક઼ના વર્ણનથી હેતુ એ છે કે હુઝૂરે અક઼દસ ﷺને એનો ઈલ્મ હતો કે શબે ક઼દ્ર કઈ રાતમાં છે.

بَابُ التَّمِسُوْا لَيْلَةَ الْقَدْرِ فِي السَّبْعِ الْاَوَاخِرِ

"છેવટની સાત રાતોમાં શબે ક़દ્રને શોધો." –(૨૭૦)

હદીષ ૧૧૮૯ عَنِ ابْنِ عُمَرَ اَنَّ رِجَالًا مِّنْ اَصْحَابِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે કેટલાક સહાબાને લયલતુલ ક़દ્ર ખ્વાબમાં **[હદીષ : ૧૧૮૯]**

أُرُوا لَيْلَةَ الْقَدْرِ فِي الْمَنَامِ فِي السَّبْعِ الْاَوَاخِرِ فَقَالَ رَسُوْلُ اللّٰهِ

અંતિમ સાત રાતોમાં દેખાડવામાં આવી તો રસૂલુલ્લાહ ﷺએ ફ઼ર્માવ્યું, મને માલૂમ છે કે

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَرٰى رُؤْيَاكُمْ قَدْ تَوَاطَاَتْ فِي السَّبْعِ

તમારા લોકોનું જોવું છેવટના સાત દિવસોમાં એકબીજાના પ્રમાણે છે. તો જે એને તલાશ

الْاَوَاخِرِ فَمَنْ كَانَ مُتَحَرِّيْهَا فَلْيَتَحَرَّهَا فِي السَّبْعِ الْاَوَاخِرِ ع

કરવા ચાહે તો તે છેવટની સાત રાતોમાં તલાશ કરે."

(બુખારી, ૨/૧૦૩૫ તઅબીર, મુસ્લિમ–સિયામ, અબૂ દાઊદ–રમઝાન, તિર્મિઝી–સૌમ, મોઅત્તા ઈમામ માલિક–એતેકાફ઼, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૬, ૮)

હદીષ : ૧૧૮૯ની સમજૂતી

કિતાબુત્તાબીરમાં બતરીક़ે ઝુહરી અન સાલિમ જે રિવાયત છે એના અંતમાં આ પણ છે. અને કેટલાક લોકોને (ખ્વાબમાં) દેખાડવામાં આવ્યું કે લૈલતુલ ક़દ્ર છેલ્લા દસકામાં છે, તો નબી કરીમ ﷺએ ફ઼ર્માવ્યું કે તેને છેવટની સાત રાતોમાં જુઓ. મુસ્નદે ઈમામ અહમદની રિવાયતમાં **فی الوتر** પણ છે એટલે કે એકી રાતોમાં.

હવે અહીં સવાલ એ પેદા થાય છે કે જ્યારે અમુક લોકોને છેવટની સાત રાતોમાં દેખાડવામાં આવી અને અમુક લોકોને છેવટની દસ રાતોમાં તો હુઝૂરે અક़્દસ ﷺએ એ ખાસ કેમ ફ઼ર્માવ્યું કે છેવટની સાત રાતોમાં શોધો. એનો સબબ એ છે કે છેવટની સાત રાતોમાં દેખાડવામાં આવવું એ એની વિરુદ્ધમાં નથી કે આખરની દસ રાતોમાં દેખાડવામાં આવી. શક્ય છે એ મુરાદ હોય કે દસકાની સાત રાતોમાંથી કોઈ એકમાં દેખાડવામાં આવી. હજી પણ એ કહેવું દુરુસ્ત છે કે છેવટના દસકા (અશરા)માં દેખાડવામાં આવી અથવા આમ કહો કે બંને ક़ૌલ પર છેવટની સાત રાતો એક રીતે નિશ્ચિત છે, એટલા માટે એમનામાં શોધવાનો હુકમ ફ઼ર્માવ્યો.

આ હદીષથી જાહેર થયું કે શબેક़દ્ર રમઝાનના અંતિમ દસકાની કોઈ એકી રાતમાં છે પણ તે નિશ્ચિત નથી કે કઈ રાતમાં છે. ઉલમાનો એમાં મતભેદ છે. એક ક़ૌલ એ છે કે એ રમઝાનની પ્રથમ રાતમાં છે. બીજો ક़ૌલ એ છે કે સત્તરમી રાતમાં છે. ત્રીજો ક़ૌલ એ છે કે અઢારમી રાતમાં છે. ચોથો ક़ૌલ એ છે કે ઓગણીસમી રાતમાં છે. પાંચમો ક़ૌલ એ છે કે એકવીસમી રાતમાં છે. છઠ્ઠો ક़ૌલ એ છે કે તેવીસમી રાતમાં છે. સાતમો ક़ૌલ એ છે કે પચ્ચીસમી રાતમાં છે. આઠમો ક़ૌલ એ છે કે સત્તાવીસમી રાતમાં છે. નવમો ક़ૌલ એ છે કે ઓગણત્રીસમી રાતમાં છે. દસમો ક़ૌલ એ છે કે રમઝાનની છેલ્લી રાતમાં છે. અગ્યારમો ક़ૌલ એ છે કે તેમની બેકી રાતોમાં.

બારમો ક़ૌલ એ છે કે પૂરા વરસમાં કોઈ એક રાતમાં. તેરમો ક़ૌલ એ છે કે પૂરા રમઝાનની રાતો. ચૌદમો ક़ૌલ એ છે કે અશરાની રાતોમાં બદલાતી રહે છે.

અલ્લામા અયનીએ ફર્માવ્યું કે હઝરત ઈમામે આ'ઝમનો મઝહબ એ છે કે શબે ક़દ્ર રમઝાનમાં જ છે. આગળ પાછળ થતી રહે છે. અને ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદની દૃષ્ટિએ રમઝાનમાં જ છે પણ આગળ પાછળ નથી થતી, પણ નિશ્ચિત માલૂમ નથી. અને એક ક़ૌલ એ છે કે સાહિબૈનની નજીક રમઝાનના નિસ્ફે આખિર (છેલ્લા અડધા ભાગ)માં છે. અને હઝરત ઈમામ શાફઈની નજીક રમઝાનના અંતિમ દસકામાં છે, એનાથી બદલાતી નથી, એમાં ક़યામત સુધી રહેશે. ઈમામ અબૂ બકર રાઝીએ ફર્માવ્યું કે એ કોઈ મહિના સાથે ખાસ નથી. અહનાફે એવું જ કહ્યું. ફતાવા ક़ાઝીખાનમાં છે કે હઝરત ઈમામે આ'ઝમનો મશ્હૂર મઝહબ એ છે કે તે વરસભર ઘૂમતી રહે છે, ક્યારેક રમઝાનમાં હોય છે ક્યારેક અન્ય મહિનાઓમાં. હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ તથા ઈકરમા વગેરેથી સહીહ રિવાયત સાથે એ સાબિત છે.

આ કથન પર અલ્લામા મુહલ્લબે નાપસંદ લહેજામાં ટીકા કરી છે. તેમણે એવું કહ્યું છે કે એનો પાયો એના પર કાયમ છે કે મહિનો ૨૯ દિવસનો હોવાના લીધે સમય બદલાતો રહે છે, જ્યારે કે શરીઅતમાં એનો એતબાર નથી. અલ્લામા અયનીએ ઘણા જ અફસોસની સાથે ફર્માવ્યું કે આ ક़ૌલ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ, હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ નો પણ છે. એનો મુહલ્લબે ખયાલ ન કર્યો. ખરેખર ઘણા જ અફસોસની વાત છે. દુશ્મનાવટમાં કોઈના પણ માથે આવી ઝઈફ વાત ગલત સંબંધિત કરવી એ સખ્ત નાપસંદીદા વાત છે. કહેનાર (ક़ાઈલ) જ્યારે પોતાની દલીલમાં આ બે ચુનંદા સહાબાએ કિરામનો ક़ૌલ પેશ કરે છે તો પછી એક કઢંગી દલીલ ઘડીને એના પ્રતિ સંબંધિત કરવું કદાપિ પસંદીદા વાત નથી હોઈ શક્તી. જાહેર છે કે શબે ક़દ્ર ક્યારે છે ? એ ક़યાસ તથા બુધ્ધિથી નથી જાણી શકાતી. અને ઉસૂલે હદીષમાં એ મુસલ્લમ છે કે સહાબીનો ક़ૌલ જે શારેઅ (હુઝૂર)થી સાંભળ્યા વિના ન જાણી શકાય તે મરફૂઅ હદીષના હુકમમાં છે, એટલા માટે એ વાત નિશ્ચિત છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ તથા અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ જે ફર્માવ્યું છે તે હુઝૂરે અક્દસ ﷺથી સાંભળીને ફર્માવ્યું છે એટલા માટે એના પર ટીકા કરતી વખતે દિમાગમાં એ ખયાલ રાખવો જરૂરી છે કે વાત ક્યાં સુધી પહોંચી શકે છે. એનાથી ઉલ્ટુ જ્યારે હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہ થી ઝિર બિન જયશે એ શિકાયત કરી કે આપના ભાઈ હઝરત ઈબ્ને મસ્ઊદ એવું કહે છે કે જે વરસભર ક़યામુલ્લૈલ કરશે તે શબે ક़દ્ર પામશે. તો ઉબય બિન કઅબે ફર્માવ્યું, અલ્લાહ એમના પર રહમ ફર્માવે, એમણે એવું ચાહ્યું કે લોકો (કેવળ થોડા દિવસો પર) ભરોસો ન કરી લે (કે કેવળ આ જ થોડા દિવસોમાં શબબેદારી કરીએ અને અન્ય દિવસોમાં છોડી દઈએ) તેઓ સારી રીતે જાણે છે કે શબે ક़દ્ર રમઝાનમાં છે અને છેલ્લા દસકામાં છે અને સત્તાવીસમી રાતમાં છે. પછી હઝરત ઉબય બિન કઅબે કોઈ અપવાદ વિના ક़સમ ખાઈને કહ્યું કે એ સત્તાવીસમી રાત છે. *(મુસ્લિમ, ૧/૩૭૦, સિયામ બાબુ ફઝલે લૈલતલ ક़દ્ર)*

એક સહાબીનું બીજા સહાબી સાથે આવો સારો અદબનો અંદાઝ ! તો પછી આપણને કઈ રીતે એ જાઈઝ થશે કે સહાબાએ કિરામના બારામાં એવી વાત કરીએ જે નાપસંદીદા હોય.

આ સત્તર અક़્વાલ (કથનો) અમે નક़્લ કરી આપ્યા, એના ઉપરાંત અધિક અન્ય કથનો છે એનામાં રાજેહ તથા મુખ્તાર (પસંદીદા) એ છે કે રમઝાનના છેલ્લા અશરા (દસકા)ની કોઈ એકી રાતમાં હોય છે. અધિક રિવાયતો એની છે કે એ સત્તાવીસમી રાતમાં છે.

નિશાનીઓ : હઝરત શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ અમુક ઉલમાથી નક્લ ફર્માવ્યું છે કે શબે ક્દ્રની કેટલીક નિશાનીઓ જે હદીષો અને આષાર તથા અહલે કશ્ફના અનુભવોથી તારવવામાં આવેલ છે. ઈમામ ગઝાલીએ ફર્માવ્યું કે દરેક શખ્સના હક્કમાં તે રાત શબે ક્દ્ર છે જેમાં એના પર આલમે મલકૂતથી કાંઈક કશ્ફ કરવામાં આવે. તબરીએ અમુક લોકોથી નક્લ કર્યું છે કે, **શબે ક્દ્રમાં ઝાડ જમીન પર પડીને સજદા કરે છે પછી પોતાની જગાએ ઉભાં થઈ જાય છે. અને એ રાતે દરેક ચીજ સજદો કરે છે.** ઈમામ બયહક્રીએ ફઝાઈલે અવક્તમાં ઈમામ અવઝાઈના તરીક્થી ઓબૈદા ઈબ્ને અબી લુબાબાથી રિવાયત કરી છે કે, **એ રાત્રે ખારુ પાણી મીઠુ થઈ જાય છે.** અલ્લામા અબ્દુલબર્રે ઝહરા બિન મઅબદના તરીક્થી એની જેમ રિવાયત કર્યું છે, **એ રાતમાં અન્વાર (રોશની) બુલંદ થાય છે ત્યાં સુધી કે અંધાર્યી અને તારીક જગાઓમાં પણ.** *(અશિઅતુલ લમ્આત, ૨/૧૧૨)*

આ ખાદિમે અમુક બુઝુર્ગોથી એ સાંભળ્યું હતું કે જો **આખરી દસકાની એકી રાતોમાં વરસાદ થઈ જાય તો એ એના શબે ક્દ્ર** હોવાની ખાસ નિશાની છે જે સહીહ હદીષથી મુસ્તખરજ પણ છે. મેં એનો અનુભવ કર્યો અને એને સાચુ પામ્યું. અને **આ રાતનુ પાણી આબે શિફા છે,** એનો પણ મેં અનુભવ કર્યો છે.

નિશાનીઓ ગણાવ્યા બાદ હઝરત શયખે લખ્યું કે સહીહ એ છે કે એ જરૂરી નથી કે આ નિશાનીઓને દરેક વ્યક્તિ જોઈ લે કે જાણી લે. એવું થઈ શકે છે કે બે શખ્સો ભેગા ઈબાદતમાં મશ્ગૂલ હોય અને એક શખ્સને નિશાનીઓ મેહસૂસ થાય અને બીજાને ન થાય.

ચેતવણી : એમાં કોઈ શંકા નથી કે શબે ક્દ્રમાં એક રાતની ઈબાદત હજાર મહિનાઓની ઈબાદતોથી બેહતર છે. એ નસ્સે કુર્આની (દલીલ)થી સાબિત છે, પણ એ ત્યારે છે જ્યારે રાત્રે જાગવાના કારણે ફર્ઝો તથા વાજિબોની અદાયગીમાં કોઈ પ્રકારની ઉણપ ન વર્તવામાં આવે. ઘણા રિયાકાર જાહિલોને મેં જોયા છે કે તેઓ રાતભર જાગે છે અને ફજરના શરૂ સમયમાં નમાઝ પઢીને સૂઈ જાય છે અને ફજરની જમાઅત છોડી આપે છે, અને કેટલાક તો એવા પણ છે જેઓ ફજરની નમાઝ જ નથી પઢતા અને લગભગ એવો જ હાલ ઝોહરની નમાઝનો પણ થાય છે, ક્યાં તો સૂતેલા રહી જશે અને ઝોહરની નમાઝ નહીં પઢે અથવા જમાઅત છોડી બેસશે. આ ઘણી મહાન મેહરૂમી છે. એવા લોકોના માટે શબ બેદારી જાઈઝ જ નથી ! અલ્લાહ બેહતર જાણનાર છે.

باب تحرى ليلة القدر فى الوتر من العشر الاواخر

صـ ٢٧٠

"છેલ્લા દસકાની વિત્ર (એકી) રાતોમાં શબે ક़દ્રની તલાશ" –(૨૭૦)

حديث ١١٩٠ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ એ ફ઼ર્માવ્યું, **[હદીષ : ૧૧૯૦]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ تَحَرَّوْا لَيْلَةَ الْقَدْرِ فِى الْوِتْرِ مِنَ الْعَشْرِ الْاَوَاخِرِ مِنْ رَمَضَانَ

રમઝાનના આખરી દસ દિવસોની એકી રાતોમાં શબે ક़દ્ર તલાશ કરો." (તિર્મિઝી, ભાગ–૧ અસ્સૌમ, બાબ : ફ઼ીલૈલતિલ ક़દ્ર, મુઅત્તા ઈમામ માલિક, બાબ : લૈલતુલ ક़દ્ર, મુસ્નદે ઈમામ અહમદ, ભાગ–૬, પેજ–૭૩)

حديث ١١٩١ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફ઼ર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ **[હદીષ : ૧૧૯૧]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مُجَاوِرٌ فِى الْعَشْرِ الْاَوَاخِرِ مِنْ رَمَضَانَ وَيَقُوْلُ تَحَرَّوْا لَيْلَةَ الْقَدْرِ

રમઝાનના આખરી અશરા (દસકા)માં એ'તેકાફ઼ કરતા હતા અને ફ઼ર્માવતા હતા

فِى الْعَشْرِ الْاَوَاخِرِ مِنْ رَمَضَانَ ـ

કે શબે ક़દ્ર રમઝાનના આખરી અશરામાં શોધો."

حديث ١١٩٢ عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે **[હદીષ : ૧૧૯૨]**

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ الْتَمِسُوْهَا فِى الْعَشْرِ

નબી ﷺ એ ફ઼ર્માવ્યું, એને રમઝાનના છેલ્લા અશરામાં શોધો.

الْاَوَاخِرِ فِى رَمَضَانَ لَيْلَةَ الْقَدْرِ فِى تَاسِعَةٍ تَبْقٰى فِى سَابِعَةٍ تَبْقٰى فِى خَامِسَةٍ تَبْقٰى

શબે ક़દ્ર બાક़ી રહેનારી નવમી કે સાતમી કે પાંચમી રાત છે.

સમજૂતી : હદીષ : ૧૧૯૦–૧૧૯૧ ચોવીસમી રાત પણ એકી રાત છે જ્યારે કે મહિનાના અંતમાંથી એટલે કે ત્રીસમી તારીખથી નીચે તરફ઼ ગણવામાં આવે. તો એ સાતમી રાત થઈ ગઈ.

હદીષ : ૧૧૯૨ની સમજૂતી છેલ્લા અશરા (દસકા)ની વિત્ર (એકી) રાતોનો હિસાબ બે રીતે થાય

تَابَعَهُ عَبْدُ الْوَهَّابِ عَنْ أَيُّوبَ وَعَنْ خَالِدٍ عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ

એક અન્ય રિવાયતમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી

رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا الْتَمِسُوهَا فِي أَرْبَعٍ وَعِشْرِينَ ـ

જ મરવી છે કે ફર્માવ્યું, ચોવીસમી રાતમાં તલાશ કરો."

حديث ١١٩٣ عَنْ أَبِي مِجْلَزٍ وَ عِكْرِمَةَ قَالَا قَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا

"અબૂ મિજલઝ અને ઈકરમાએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે **[હદીષ : ૧૧૯૩]**

قَالَ رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ هِيَ فِي الْعَشْرِ الْأَوَاخِرِ هِيَ فِي تِسْعٍ يَمْضِينَ

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આ એટલે શબે ક़દ્ર છેલ્લા દસકામાં છે

أَوْ فِي سَبْعٍ يَبْقَيْنَ يَعْنِي لَيْلَةَ الْقَدْرِ

ગુજરેલી નવમી રાતમાં કે બાકી રહેલી સાતમી રાતમાં."

છે. એક મહિનાની પ્રથમ તારીખના હિસાબથી એકી રાતો આ પ્રમાણે થશે : એકવીસમી, ત્રેવીસમી, પચીસમી, સત્તાવીસમી, ઓગણત્રીસમી. અને બીજો હિસાબ ત્રીસ તારીખથી લેવામાં આવે તો હવે એકી રાતો આ પ્રમાણે થશે : ત્રીસમી, અઠ્ઠાવીસમી, છવ્વીસમી, ચોવીસમી, બાવીસમી. આ બીજા હિસાબ પ્રમાણે એક હદીષમાં એવું ફર્માવ્યું, શબે ક़દ્રને રમઝાનના આખરી દસ દિવસોમાં શોધો. નવમી રાતમાં જે બાકી રહી જાય, સાતમીમાં જે બાકી રહી જાય, પાંચમીમાં જે બાકી રહી જાય. આ બીજી સ્થિતિમાં જો રમઝાનનો ચાંદ ૨૯ નો થઈ જાય તો એ પહેલાના પ્રમાણે થઈ જશે.

હદીષ : ૧૧૯૩ની સમજૂતી

فی تسع یمضینનો અર્થ તો નિશ્ચિત છે કે એ ૨૯મી રાત છે અલબત્ત **فی سبع یبقین**માં બે સંભાવનાઓ છે, એક એ કે ૨૪ મી રાત છે જ્યારે કે મહીનો ત્રીસનો થાય. બીજી એ કે ત્રેવીસમી રાત હોય જ્યારે મહિનો ૨૯નો થાય. અને આ બંનેવ સંભાવનાઓ હદીષ–૧૧૯૨માં પણ છે. મહિનો જ્યારે સંપૂર્ણ ત્રીસનો થશે તો બાકી રહેનારી નવમી, સાતમી, પાંચમી રાતો એ છવ્વીસમી, ચોવીસમી, બાવીસમી થશે. અને ૨૯ નો થશે તો પચીસમી, તેવીસમી, એકવીસમી થશે. બીજી તક़દીર પર એકી રાતો એ જ થશે જે સામાન્યતઃ મોટા ભાગની મશ્હૂર રિવાયતોના મુતાબિક़ છે. અને પહેલી તક़દીર પર પહેલી તારીખના હિસાબથી એ રાતો એકી ન થશે પણ મહિનાના અંતથી ઉપરથી ગણત્રી કરવાના એતબારથી એને એકી કહેવામાં આવી.

بَابُ رَفْعِ مَعْرِفَةِ لَيْلَةِ الْقَدْرِ لِتَلَاحِي النَّاسِ ص ۲۷۱

"શબે ક़દ્રનો સમય બતાવવા વિશે" *(પેજ–૨૭૧)*

حديث ١١٩٤ عَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُ قَالَ خَرَجَ النَّبِيُّ صَلَّى اللهُ

"હઝરત ઓબાદા બિન સામિત رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ એવો ઈરાદો કરીને **[હદીષ : ૧૧૯૪]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِيُخْبِرَنَا بِلَيْلَةِ الْقَدْرِ فَتَلَاحٰى رَجُلَانِ مِنَ الْمُسْلِمِيْنَ فَقَالَ خَرَجْتُ لِأُخْبِرَكُمْ

બહાર તશરીફ લાવ્યા કે શબે ક़દ્રના (સમય)ના બારામાં બતાવી આપે. બે મુસલમાન આપસમાં લડી પડયા,

بِلَيْلَةِ الْقَدْرِ فَتَلَاحٰى فُلَانٌ وَّفُلَانٌ فَرُفِعَتْ وَعَسٰى اَنْ يَّكُوْنَ خَيْرًا لَّكُمْ فَالْتَمِسُوْهَا فِي

એના પર ઈર્શાદ ફર્માવ્યો, હું શબે ક़દ્રનો સમય બતાવવા માટે બહાર તશરીફ લાવ્યો હતો, ફલાણા ફલાણા લડી

التَّاسِعَةِ وَالسَّابِعَةِ وَالْخَامِسَةِ ؏

પડયા તો ઉઠાવી લેવામાં આવી કે એ તમારા માટે બેહતર થાય એને નવમી, સાતમી, પાંચમીમાં તલાશ કરો."

(અલ્ઈમાન, પેજ–૧૨, ૨/૮૯૩ અલ્અદબ, દારમી સૌમ–૫૬,
મુઅત્તા ઈમામ માલિક–એતેકાફ, મુસ્નદે ઈમામ અહમદ, ૫/૨૧૨, ૨૧૯)

હદીષ : ૧૧૯૪ની સમજૂતી

આ હદીષની અંતિમ સનદમાં અહીં એ છે કે **حدثنا انس عن عبادة بن الصامت رضی الله تعلی عنهما** અને કિતાબુલ ઈમાનમાં છે : **عن انس اخبرنی عبادة الصامت رضی الله تعالی عنه**. આ બંનેવ સનદોનો મતલબ એ છે કે આ હદીષ હઝરત ઓબાદાની મુસ્નદ છે. પણ મુઅત્તા ઈમામ માલિક (બાબ : લયલતુલ ક़દ્ર, પેજ–૧૦૪)માં હઝરત ઓબાદાનો વાસ્તો નથી. આ તક़દીર પર એ મુસ્નદે અનસ થઈ. અબૂ અમ્રએ કહ્યું, સહીહ એ છે કે હઝરત ઓબાદા વચ્ચે છે અને એ મુસ્નદે હઝરત ઓબાદા છે.

فتلاحیٰ : મુસ્લિમ (અસ્સિયામ–૩૬૮)માં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ની હદીષમાં છે : બે શખ્સ આવ્યા અને એકબીજાથી પોતાનો હક્ક માગવા લાગ્યા. કેટલાક લોકોએ કહ્યું કે આ લડનારા અબ્દુલ્લાહ ઈબ્ને અબી હદરદ તથા હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہما હતા. હઝરત ઉબય ઈબ્ને કઅબનું કરજ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હદરદ પર હતું. તેમણે મસ્જિદમાં તકાદો શરૂ કરી આપ્યો. બંનેના અવાજો મોટા થઈ ગયા હતા. હુઝૂરે અક़દસ ﷺ એ હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ ને ફર્માવ્યું કે અડધુ માફ કરી આપો. તેમણે ક़બૂલ કરી લીધું. તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હદરદથી ફર્માવ્યું, હવે અદા કરી આપો. *(બુખારી, ૧/૬૫ અસ્સલાત)* જેવું કે *ભાગ–૨, પેજ–૪૪૬ (ગુજરાતીમાં પેજ. ૪૩૯) પર વર્ણન થઈ ચૂક્યું છે.*

فرفعت : એના ખુલાસા ઉલમાએ કેટલાયે કર્યા છે : **૧.** હું લડવાવાળાઓ પ્રતિ ધ્યાનિત થઈ ગયો અને ભૂલી ગયો કે એ કઈ રાત હતી. એટલે કે એની નિશ્ચિતતા ઉઠાવી લેવામાં આવી. **૨.** એ વરસે એની બરકત ઉઠાવી લેવામાં આવી. **૩.** રૂફેઅતની ઝમીરે મરફૂઅ મુત્તસિલનો મરજઅ **ملئكة** છે **الليلة** નથી. **૪.** અલ્લામા તયબીએ

بَابُ الْعَمَلِ فِي الْعَشْرِ الْاَوَاخِرِ مِنْ رَمَضَانَ ص۲۷۱

"રમઝાનના છેલ્લા દસકામાં અમલનું બયાન" –(૨૭૧)

حديث ١١٩٥ عَنْ مَسْرُوْقٍ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كَانَ

[હદીષ : ૧૧૯૫]

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, જ્યારે (રમઝાન)ના આખરી દસ

النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا دَخَلَ الْعَشْرُ شَدَّ مِئْزَرَهٗ وَاَحْيٰى لَيْلَهٗ وَاَيْقَظَ اَهْلَهٗ ع

દિવસ આવે તો હુઝૂર ﷺ તૈયાર થઈ જતા અને શબ બેદારી કરતા અને પોતાનાં ઘરવાળાંને જગાડતા."

(મુસ્લિમ–અસ્સૌમ, અબૂ દાઉદ–અસ્સલાત, નિસાઈ–અસ્સલાત–એ'તેકાફ, ઈબ્ને માજહ–અસ્સૌમ)

ફર્માવ્યું કે મુરાદ એ છે કે એની નિશ્ચિતતાની ઓળખ એટલે પહેચાન ઉઠાવી લેવામાં આવી. ઈમામ બુખારીએ આ હદીષ પર જે પ્રકરણ રચ્યું છે એ એના મુતાબિક છે.

આ હદીષના પ્રથમ ખુલાસાથી જાહેર છે કે તે વખતે શબે ક઼દ્રની નિશ્ચિતતા હુઝૂરે અક઼દસ ﷺના પાક દિલ પરથી ઉઠાવી લેવામાં આવી. તો હવે સવાલ એ છે કે બાદમાં એને બતાવવામાં આવ્યું કે નહીં ? અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયની رحمۃ اللہ علیہ એ ઈમામ સુફ્યાન ઈબ્ને ઉયયનાથી નક઼્લ કર્યું કે બાદમાં એને બતાવી દેવામાં આવ્યું. *(ઉમ્દતુલ ક઼ારી, ભાગ–૧૧, પેજ–૧૩૮)*

عسى ان يكون خير الكم : એ એના કારણે કે જો નિશ્ચિતપણે લોકોને બતાવી દેવામાં આવતું તો લોકો કેવળ એ જ રાતમાં શબ બેદારી કરતા, અને જ્યારે નિશ્ચિત ખબર નથી તો લોકો શબે ક઼દ્રની ફ઼ઝીલત પામવાના શોખમાં દરેક સંભવિત રાતમાં ઈબાદત કરશે. આ સબબ છે અધિકપણે ઈબાદત થવાનો.

فالتمسوها : અહીં કેવળ નવમી, સાતમી, પાંચમીનો ઉલ્લેખ છે, પણ સંખ્યાનો ભાવાર્થ વિશ્વનીય નથી. એટલા માટે ઉપરોક્ત રિવાયતોની વિરુદ્ધ નથી. એ તારીખોમાં પણ બંનેવ સંભાવનાઓ છે કે પ્રથમ તારીખના એતબારથી છેલ્લા દસકાની નવમી, સાતમી, પાંચમી કે પછી રમઝાનના છેવટથી નીચે તરફ નવમી, સાતમી કે પાંચમી ?

હદીષ : ૧૧૯૫ની સમજૂતી

العشر થી મુરાદ રમઝાનના છેલ્લા દસ દિવસો છે. **شدميزره** નો મજાઝી અર્થ મુરાદ છે. એટલે ઈબાદતના માટે તૈયાર થઈ જતા, ખૂબ જદ્દોજેહદ કરતા, સંભોગ વગેરેથી પરહેઝ કરતા. **احياء ليل** થી મુરાદ રાતોમાં જાગીને ઈબાદતમાં ગુજારવી. એનાથી એ પણ મુરાદ હોય શકે છે કે પૂરી રાત સંપૂર્ણ ઈબાદતમાં પસાર કરતા. બે એક અથવા કેટલીયે રાતો પૂરી ઈબાદતમાં પસાર કરવામાં કાંઈ વાંધો નથી. અથવા એ મુરાદ છે કે રાતના મોટાભાગના હિસ્સામાં.

ايقظ اهله થી મુરાદ એ છે કે પોતાના ઘરવાળાંને એ રાતોમાં શબ બેદારીનો હુકમ આપતા, આ હુકમ ક્યાં તો મસ્જિદમાં રહીને આપતા હતા, એ રીતે કે મસ્જિદે કરીમની તરફ જે દરવાજો હતો એનાથી અવાજ આપતા અથવા જ્યારે ક઼ઝાએ હાજતના માટે અંદર તશરીફ઼ લઈ જતા ત્યારે તેમને જગાડતા હતા.

بسم الله الرحمن الرحيم

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

ابواب الاعتكاف

(અબ્વાબુલ્ એતેકાફ્) "એતેકાફ વિશે પ્રકરણો"

بَابُ الْاِعْتِكَافِ فِي الْعَشْرِ الْاَوَاخِرِ وَالْاِعْتِكَافِ فِي الْمَسَاجِدِ كُلِّهَا ص ۲۷۱

"રમઝાનના આખરી અશરા (દસકા)માં એતેકાફ, અને દરેક મસ્જિદમાં એતેકાફ દુરુસ્ત છે" *–(પેજ:૨૭૧)*

એતેકાફનો માદ્દો અક્ફ છે, એનો અર્થ ક્યાંક રોકાવું છે. એનાથી ફર્માવવામાં આવ્યું : وَالْهَدْيُ مَعْكُوْفاً ـ فتح ـ (ફતહ–૨૪) અને હદીને જોર કરેલી હતી. ઉર્ફે આમમાં ઈબાદતની નિય્યતથી ક્યાંક રોકાઈ રહેવું છે. એનાથી કુર્આન મજીદમાં છે : يَعْكِفُوْنَ عَلٰى اَصْنَامٍ لَّهُمْ ـ الاعراف ـ ۱۳۸ (અઅરાફ–૧૩૮) એ લોકો પોતાની મૂર્તિઓની પાસે ઈબાદત (પૂજા)ના માટે બેસી રહેતા. શરીઅતની પરિભાષામાં અલ્લાહની નિકટતાની નિય્યતથી મસ્જિદમાં રોકાવું. કુર્આન મજીદમાં ફર્માવ્યું : وَلَا تُبَاشِرُوْهُنَّ وَاَنْتُمْ عَاكِفُوْنَ فِي الْمَسٰجِدِ ـ بقره ـ ۱۸۷ (બકૃરહ–૧૮૭) અને જ્યારે મસ્જિદોમાં એતેકાફ બેઠા હોઉ તો એમની સાથે સંભોગ ન કરો. એતેકાફને કદીક મુજાવરતથી પણ તાબીર કરવામાં આવે છે. જેમ કે અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ની હદીષમાં છે :–

وكان رسول الله ﷺ يجاورفى العشراللتى فى وسط الشهر રસૂલુલ્લાહ ﷺ રમઝાનના વચ્ચેના દસકામાં મજાવરત એટલે એતેકાફ કરતા હતા. *(બુખારી, ૧/૨૭૦ બાબ : લયલતુલ કૃદ્ર)*

એતેકાફની શર્ત એ છે કે જે એતેકાફ કરવા ચાહે તે મુસલમાન આકિૃલ હેઝ તથા નિફાસથી પાક હોય. બાલિગ, આઝાદ મર્દ હોવું શર્ત નથી. એતેકાફ દરેક મસ્જિદમાં સહીહ છે અને એ જ મુખ્તાર છે. જામેઅ મસ્જિદ કે જમાઅતવાળી મસ્જિદ શર્ત નથી. સૌથી અફઝલ મસ્જિદે હરામ પછી મસ્જિદે નબવી પછી મસ્જિદે અકૃસામાં પછી સ્થાનિક તે મોટી મસ્જિદમાં જેમાં સૌથી મોટી જમાઅત થતી હોય.

એતેકાફના ત્રણ પ્રકારો છે : નફલ, સુન્નતે મોઅક્કદા કિફાયા, વાજિબ.

નફલ : કોઈ પણ સમયે એતેકાફની નિય્યતથી ભલે થોડીક જ વારના માટે મસ્જિદમાં જાય. એના માટે રોઝા શર્ત નથી. **સુન્નતે મોઅક્કદા કિફાયા** : રમઝાન મુબારકના છેલ્લા દસ દિવસનો એતેકાફ. **વાજિબ** : એતેકાફની મન્નત માની. આ બંનેવ માટે રોઝા શર્ત છે.

حديث ١١٩٦

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ કહ્યું, રસૂલુલ્લાહ ﷺ રમઝાનના છેલ્લા [હદીષ : ૧૧૯૬]

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَعْتَكِفُ الْعَشْرَ الْاَوَاخِرَ مِنْ رَمَضَانَ ـ ع ه

દસ દિવસોમાં એતેકાફ કરતા હતા." (મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ–અસ્સૌમ)

حديث ١١٩٧

عَنْ عَائِشَةَ زَوْجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَعْتَكِفُ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا નબી ﷺ નાં રફીક્એ હયાતથી [હદીષ : ૧૧૯૭]

الْعَشْرَ الْاَوَاخِرَ مِنْ رَمَضَانَ حَتّٰى تَوَفَّاهُ اللّٰهُ ثُمَّ اعْتَكَفَ اَزْوَاجُهُ مِنْ بَعْدِهٖ ـ ع ه

મરવી છે કે નબી ﷺ રમઝાનના છેલ્લા દસ દિવસોમાં એતેકાફ કરતા રહ્યા, ત્યાં સુધી કે અલ્લાહે એમને ઉઠાવી લીધા. પછી એમના બાદ એમની બીવીઓ એતેકાફમાં બેસતી હતી."

(મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–અસ્સૌમ)

باب المعتكف لا يدخل البيت الا لحاجة ص ٢٧١

"એતેકાફ કરનાર ઘરમાં દાખલ ન થશે પણ હાજતના માટે"

حديث ١١٩٨

عَنْ عُرْوَةَ وَعَنْ عَمْرَةَ بِنْتِ عَبْدِ الرَّحْمٰنِ اَنَّ عَائِشَةَ زَوْجَ النَّبِيِّ صَلَّى

"ઉરવા અને અમરા બિન્તે અબ્દુર્રહમાનથી મરવી છે કે ઉમ્મુલ મોમિનીન [હદીષ : ૧૧૯૮]

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَتْ وَاِنْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَيُدْخِلُ عَلَيَّ رَاْسَهٗ

હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ મસ્જિદમાં મોઅતકિફ હોવા છતાં પોતાનુ માથુ મુબારક

સમજૂતી : હદીષ : ૧૧૯૬–૧૧૯૭

હુઝૂર ﷺનું છેલ્લા અશરા (દસકા)ના એતેકાફ પર એવી પાબંદી કે કદી ન છોડયો એ એના સુન્નતે મોઅક્કદા હોવાની દલીલ છે. અને કેમ કે સહાબાએ કિરામે એને પાબંદીથી ન કર્યો બલ્કે હઝરત અબૂ બક્ર તથા હઝરત ઉમર હઝરત ઉષ્માનગની رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ સુધ્ધાંએ ન કર્યો એ એની દલીલ છે કે એ કિફાયા છે. નહીં તો સહાબાએ કિરામ ખાસ કરીને ખુલફાએ રાશિદીન એને કદી ન છોડતા.

હદીષ : ૧૧૯૮ની સમજૂતી

لحجة : મુસ્લિમની રિવાયતમાં છે : **لحاجة الانسان**. ઈમામ ઝુહરીએ એની પેશાબખાનાથી તફસીર કરી પણ એ બંનેવ જ ખાસ નથી, જો મસ્જિદમાં એ રીતે વુઝૂ કરવું શક્ય ન હોય કે વુઝૂના ધોવણથી મસ્જિદ ખરાબ ન થાય તો વુઝૂ માટે બહાર થઈ શકે છે. એ જ પ્રમાણે જો ગુસ્લ વાજિબ થઈ જાય તો એના માટે પણ જઈ શકે છે. એ જ પ્રમાણે જુમ્આની નમાઝ માટે પણ. અલ્બત્ત સફાઈ તથા ઠંડકના માટે ગુસ્લ કરવા, બીમારપુર્સી કરવા,

وَهُوَ فِي الْمَسْجِدِ فَأُرَجِّلُهُ وَكَانَ لَا يَدْخُلُ الْبَيْتَ إِلَّا لِحَاجَةٍ إِذَا كَانَ مُعْتَكِفًا ـ ع ـ

મારી તરફ કરી આપતા. હું કાંસકી કરી આપતી, અને જ્યારે મોઅતકિફ હોતા તો ઘરમાં જરૂરી હાજત વિના તશરીફ ન લાવતા."

(મુસ્લિમ–તહારત, અબૂ દાઊદ, તિર્મિઝી–અસ્સૌમ, નિસાઈ–એતેકાફ, ઈબ્ને માજહ–અસ્સૌમ)

بَابُ الاعتكافِ ليلاً ٢٧٢

"રાતમાં એતેકાફનું બયાન" –(૨૭૨)

حديث ١١٩٩

أَخْبَرَنِي نَافِعٌ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا أَنَّ عُمَرَ سَأَلَ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ **[હદીષ : ૧૧૯૯]**

النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ كُنْتُ نَذَرْتُ فِي الْجَاهِلِيَّةِ أَنْ أَعْتَكِفَ لَيْلَةً فِي

નબી ﷺ ને પૂછ્યું કે મેં જાહિલિયતના જમાનામાં મન્નત માની હતી કે એક રાત મસ્જિદે હરામમાં એતેકાફ

الْمَسْجِدِ الْحَرَامِ قَالَ فَأَوْفِ بِنَذْرِكَ ـ ع ـ

કરીશ. ફર્માવ્યું, તારી મન્નત પૂરી કર."

(બુખારી, ૧/૨૩૪ અલ્એ'તિકાફ, ૧/૪૪૪ અલ્જેહાદ, ૨/૬૧૮ અલ્મગ્ઝી, ૨/૯૯૧ અલઅયમાન વન્નુઝૂર,મુસ્લિમ–અયમાન વન્નુઝૂર, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ–અલઅયમાન વન્નુઝૂર, ઈબ્ને માજહ–અસ્સિયામ, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૩૭)

જનાઝાની નમાઝ વગેરે માટે નથી જઈ શક્તો. જો બહાર જશે તો એતેકાફ બાતિલ થઈ જશે.

આ હદીષથી જાણવા મળ્યું કે મોઅતકિફ મસ્જિદમાં રહીને પોતાના એક બે અંગોને મસ્જિદની બહાર કરી આપે તો કાંઈ વાંધો નથી. સ્ત્રીને સ્પર્શવુ એતેકાફ તોડનાર નથી

હદીષ : ૧૧૯૯ની સમજૂતી

ان عمر : આ હદીષ હઝરત ઉમરની મસાનીદમાં છે અથવા તેમના સાહબઝાદા હઝરત ઈબ્ને ઉમરના મસાનીદમાં, બંને રીતે રિવાયત પામેલ છે. બુખારીના સર્વ તરીકામાં મુસ્નદે ઈબ્ને ઉમર છે. ઈમામ મુસ્લિમ (૨/૫૦ અલઅયમાન વન્નૂઝૂર)એ બંને રીતે તખરીજ કરેલ છે. અબૂ દાઊદ (૨/૧૧૪ અલ્અયમાન વન્નઝૂર) તથા નિસાઈ (૨/૧૪૭ અલઅયમાન વન્નૂઝૂર)ની એક રિવાયતના પ્રમાણે મુસ્નદે ઉમર છે. તાઈફથી પરત થયા પછી જિઈર્રાનામાં હઝરત ઉમરે એ સવાલ કર્યો હતો જેવું કે મુસ્લિમ (૨/૫૦ અલઅયમાન વન્નૂઝૂર)માં છે. બુખારીની મગ્ઝીની રિવાયતમાં આ પ્રમાણે છે : જ્યારે અમે હુનૈનથી પરત થયા. બુખારીની તમામ રિવાયતોમાં **ليلة** છે, એટલે કે રાતમાં એતેકાફની મન્નત માની હતી. એનાથી અલ્લામા કિર્માનીએ એ દલીલ કરી છે કે એતેકાફના માટે રોઝો શર્ત નથી. અલ્લામા અયનીએ એની પકડ કરી. મુસ્લિમમાં શઅબા અન ઓબૈદુલ્લાહના તરીકાથી જે રિવાયત છે એમાં **ليلة** ના બદલે **يوما** છે. એ જ પ્રમાણે નિસાઈની અમુક રિવાયતોમાં

بَابُ اِعْتِكَافِ النِّسَاءِ ص۲۷۲

"ઔરતોના એતેકાફનું પ્રકરણ" –(૨૭૨)

حديث ۱۲۰۰ عَنْ عَمْرَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كَانَ النَّبِيُّ صَلَّى

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, નબી ﷺ રમઝાનના [હદીષ : ૧૨૦૦]

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَعْتَكِفُ فِي الْعَشْرِ الْأَوَاخِرِ مِنْ رَمَضَانَ فَكُنْتُ أَضْرِبُ لَهُ خِبَاءً

છેલ્લા અશરામાં એતેકાફ કરતા હતા. હું હુઝૂરના માટે તંબૂ તાણતી. સવારની નમાઝ પઢયા બાદ એમાં

فَيُصَلِّي الصُّبْحَ ثُمَّ يَدْخُلُهُ فَاسْتَأْذَنَتْ حَفْصَةُ عَائِشَةَ أَنْ تَضْرِبَ خِبَاءً فَأَذِنَتْ لَهَا

તશરીફ લઈ જતા. હફસાએ આઈશાથી તંબૂ તાણવાની ઈજાઝત માંગી, તેમણે ઈજાઝત આપી દીધી અને

કાંઈક વાંધો કરવામાં આવેલ છે પણ તે વજન વિનાનો છે જેમ કે અલ્લામા અયનીએ આ મોકા પર સાબિત કર્યું.

તદ્ઉપરાંત અબૂ દાઊદમાં પણ છે કે હઝરત ઉમર رضی اللہ عنہ ને ફર્માવ્યું, **اعتكف وصم** "એતેકાફ કરો અને રોઝો રાખો."

હુઝૂરે અકદસ ﷺ એ હઝરત ઉમર رضی اللہ عنہ ને એ મન્નતને પૂરી કરવાનો હુકમ ઈસ્તિહબાબના (મુસ્તહબ હોવાના) રૂપે આપ્યો હતો, નહીં તો કુફ્રના જમાનાની માનેલી મન્નતને પૂરી કરવાની નથી હોતી, એટલા માટે કે વાજિબ થવા માટે ઈમાન શર્ત છે ઈમાન નથી તો કાંઈ વાજિબ નથી. નહીં તો લાઝિમ થશે કે નવ મુસ્લિમો પર ઈસ્લામ સ્વીકાર પછી બાલિગ થવાના જમાનાથી લઈને ઈસ્લામના સ્વીકાર સુધીના સમયની નમાઝો, રોઝાની કઝા વાજિબ થાય.

હદીષ : ૧૨૦૦ની સમજૂતી

خباء ઊંટના વાળ અથવા ઊંટનો તે નાનો તંબૂ કે જે કેવળ બે કે ત્રણ તણાવા પર હોય. પણ બાબુલ એતેકાફ ફી શવ્વાલમાં **قبة** આવેલ છે. કુબ્બા ગોળ તંબૂને કહે છે.

فيصلي الصبح : એટલે કે **સવારની નમાઝ પઢીને એ તંબૂમાં તશરીફ લઈ જતા જે એતેકાફના માટે તાણેલો હોતો.** એનાથી એ લોકોએ દલીલ કરી છે જેઓ કહે છે કે એતેકાફની શરૂઆત સવારની નમાઝથી છે. પણ ચારેવ ઈમામો તથા જમહૂરનો મઝહબ એ છે કે એતેકાફની શરૂઆત ૨૦ મીના સૂર્યના ડૂબવાના સમયથી છે અને એમાં કોઈ વાંધો નથી કે પહેલેથી પોતાના એતેકાફની જગામાં ચાલ્યો જાય. આ હદીષનો ભાવાર્થ એ છે કે એતેકાફના માટે વીસમીના ગુરૂબના સમયથી જ મસ્જિદમાં પ્રવેશી જતા. રાતે મસ્જિદના અન્ય ભાગોમાં ઈબાદતમાં વ્યસ્ત રહેતા, સવારે ફજરની નમાઝ પછી **આરામ તથા એકાંતના માટે તંબૂમાં સ્થાન જમાવતા.**

فاستاذنت عائشة : એટલે કે ઉમ્મુલ મોમિનીન હઝરત હફસાએ હઝરત સિદ્દીકાથી ઈજાઝત માગી પરંતું ઈમામ અવઝાઈની રિવાયત **باب من اراد ان يعتكف ثم بداله ان يخرج** માં આ પ્રમાણે છે કે ઉમ્મુલ મોમિનીન હઝરત હફસાએ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશાને સવાલ કર્યો કે હુઝૂરે અકદસ ﷺ થી એમના

فَضَرَبَتْ خِبَاءً فَلَمَّا رَأَتْهُ زَيْنَبُ بِنْتُ جَحْشٍ ضَرَبَتْ خِبَاءً آخَرَ فَلَمَّا أَصْبَحَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ

તેમણે એક તંબૂ તાણી લીધો. ઝયનબ બિન્તે જહશે જ્યારે એને જોયો તો એક અધિક તંબૂ તાણી લીધો.

وَسَلَّمَ رَأَى الْأَخْبِيَةَ فَقَالَ مَا هٰذَا فَأُخْبِرَ فَقَالَ لِلنَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ الْبِرَّ تَرَوْنَ بِهِنَّ

સવારના સમયે નબી ﷺ એ એ તંબૂઓને જોયા તો ફર્માવ્યું, આ શું છે ? હુઝૂરને બતાવવામાં આવ્યું.

فَتَرَكَ الْاِعْتِكَافَ ذَالِكَ الشَّهْرَ ثُمَّ اعْتَكَفَ عَشْرًا مِّنْ شَوَّالٍ ؕ

ફર્માવ્યું, શું તમે લોકો એમની સાથે એતેકાફ કરવાને નેકી ગુમાન કરો છો ?! એ મહિનાનો એતેકાફ છોડી આપ્યો પછી શવ્વાલમાં દસ દિવસ એતેકાફ કર્યો."

(બુખારી ૧/૨૭૨ બાબુલ અખ્બિયહ ફિલ્ મસ્જિદ, ૧/૨૭૩ બાબુલ એતેકાફ ફિશ્શવ્વાલ, ૧/૨૪૭, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી–અસ્સૌમ, નિસાઈ–અસ્સલાત, અલ્એતેકાફ, ઈબ્ને માજહ–અસ્સૌમ, મુસ્નદે ઈમામ અહમદ)

માટે ઈજાઝત માગે. તો તેમણે કહ્યું. અને એ જ સહીહ છે. ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશાને ઈજાઝત આપવાનો હક્ક જ ન હતો. આ રિવાયત એના પર આધારિત છે કે હઝરત આઈશાથી ઈજાઝત માટે કહ્યું અથવા એમના વાસ્તાથી ઈજાઝત માગી.

આ રિવાયતમાં ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશાના તંબૂનો ઉલ્લેખ નથી. એ ટૂંકાણ છે. ઈમામ અવઝાઈની વર્ણવેલ ઉપરોક્ત રિવાયતમાં આ પ્રમાણે છે કે ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશાએ હુઝૂરથી ઈજાઝત લીધી તો હુઝૂરે ઈજાઝત આપી દીધી બલ્કે બાબુલ એતેકાફ ફિશ્શવ્વાલમાં મુહમ્મદ બિન ફુઝૈલ બિન ગઝવાનની રિવાયતમાં છે કે ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશાએ એતેકાફની ઈજાઝત માગી તો તેમને ઈજાઝત આપી દીધી અને તેમણે મસ્જિદમાં ગોળ તંબૂ તાણ્યો. અલ્બત્ત ઉમ્મુલ મોમિનીન હઝરત ઝયનબ બિન્તે જહશના બારામાં કોઈ રિવાયતમાં નથી કે એમણે ઈજાઝત લઈને તંબૂ તાણ્યો હોય, એટલા માટે અધિક નારાઝગી થઈ.

الاخبيه : મુહમ્મદ બિન ફુઝૈલ બિન ગઝવાનની રિવાયતમાં **اربع قباب** ની સ્પષ્ટતા છે, એટલે કે ચાર તંબૂઓ જોયા.

البر ترون بهن : **البر ترون**નો મફઊલે બિહિ છે અને હમ્ઝા ઈસ્તિખ્બાર (ખબર તલબ કરવા) અથવા ઈન્કારના માટે છે. **بهن** નો મુતઅલ્લિક એતેકાફ મહઝૂફ છે. **ترون تظنون** ના અર્થમાં છે, અને સંબોધન હાજરજનોથી છે. હવે તર્જુમો આ પ્રમાણે થયો, શું તમે લોકો એ ગુમાન કરો છો કે એમની સાથે એતેકાફ નેકી છે ? બીજી સ્પષ્ટતા એ છે : **بهن متلبسا** મહઝૂફનો મુતઅલ્લિક છે અને **ترون** નો મફઊલે ષાની છે. હવે તર્જુમો આ પ્રમાણે થયો, શું તમે લોકો ગુમાન કરો છો કે આ નેકીની સાથે સંબધિત છે. એટલે કે એ સ્ત્રીઓનું મસ્જિદમાં આવીને એતેકાફ કરવું નેકી છે ? એ મસ્જિદમાં આવીને એતેકાફ કરીને નેકી કરી રહી છે ?

ઈમામ માલિકની રિવાયતમાં **تقولون** છે અને એ **تظنون** ના અર્થમાં છે. ક઼ૌલ એ ઝન (ગુમાન)ના અર્થમાં પણ આવે છે. અઅશાએ કહ્યું : **اما الرحيل فدون بعد غد فمتى تقول الدار تجمعنا**

કૂચ નજીક છે, કાલ પછી છે તે કહે છે ક્યારે આપણને બંનેને ઘર એકત્ર કરશે

ઈમામ અવઝાઈની રિવાયતમાં **البر اردن بهذا** છે એટલે કે શું એમણે એના વડે નેકીનો ઈરાદો કર્યો છે ?

بَابُ هَلْ يَخْرُجُ الْمُعْتَكِفُ لِحَوَائِجِهِ إِلَى بَابِ الْمَسْجِدِ ص٢٧٢

"પોતાની જરૂરતો માટે મોઅતકિફ મસ્જિદના દરવાજા સુધી જઈ શકે છે."

حديث ١٢٠١ أَخْبَرَنِي عَلِيُّ بْنُ حُسَيْنٍ إِنَّ صَفِيَّةَ زَوْجَ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى

"ઈમામ ઝયનુલ આબિદીન અલી બિન હુસૈન رضی اللہ عنہ એ ખબર આપી કે" **[હદીષ : ૧૨૦૧]**

عَلَيْهِ وَسَلَّمَ أَخْبَرَتْهُ أَنَّهَا جَاءَتْ إِلَى رَسُولِ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ تَزُورُهُ فِي

નબી ﷺનાં પત્ની સફિય્યહ નબી ﷺની ઝિયારતના માટે આવ્યાં. અને હુઝૂર રમઝાનના છેલ્લા દસકામાં

اِعْتِكَافِهِ فِي الْمَسْجِدِ فِي الْعَشْرِ الْأَوَاخِرِ مِنْ رَمَضَانَ فَتَحَدَّثَتْ عِنْدَهُ سَاعَةً ثُمَّ قَامَتْ تَنْقَلِبُ

મસ્જિદમાં એતેકાફમાં હતા. તેમણે હુઝૂર ﷺ સાથે થોડીવાર માટે વાતચીત કરી પછી ઉઠયાં અને પરત

فَقَامَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ مَعَهَا يَقْلِبُهَا حَتَّى إِذَا بَلَغَتْ بَابَ الْمَسْجِدِ عِنْدَ بَابِ أُمِّ سَلَمَةَ مَرَّ

થવા લાગ્યાં તો નબી ﷺ પણ તેમને વિદાય કરવા માટે તેમની સાથે ઉભા થયા. તે જ્યારે મસ્જિદના તે

فترك الاعتكاف : ઈબ્ને ફુઝૈલની રિવાયતમાં એ પણ છે કે હુકમ આપ્યો, આ તંબૂઓને ઉખેડી કાઢો ! તો ઉખેડી કાઢવામાં આવ્યા. હુઝૂરે અકદસ ﷺએ શવ્વાલના અંતિમ અશરામાં એતેકાફ કર્યો.

મસાઈલ : આ હદીષ પરથી જણાયું કે સ્ત્રીઓએ મસ્જિદમાં એતેકાફ કરવું મના છે, તેણીઓ પોતાના ઘરમાં એતેકાફ કરે. એ પણ જાણવા મળ્યું કે સ્ત્રીઓને પતિઓની રજા વિના એતેકાફ મના છે. એ પણ જાણવા મળ્યું કે **મસ્જિદમાં તંબૂ તાણવો જાઈઝ (પર્દો કરવો) છે.** એ પણ જાણવા મળ્યું કે બુરાઈને દૂર કરવું લાભ પ્રાપ્ત કરવા કરતાં અગ્રેસર છે. એટલે કે **કોઈ નેક કામ કરવામાં કોઈ ઝઘડાનો સહીહ અંદેશો હોય તો તેને છોડી આપવું જોઈએ.**

હદીષ : ૧૨૦૧ની સમજૂતી

બુખારી બદઉલ ખલ્ક અને મુસ્નદે ઈમામ અહમદમાં આ પણ છે કે ઉમ્મુલ મોમિનીન હઝરત સફિય્યહ રાતમાં હાજર થયાં હતાં. **باب زيارة المرأة زوجها في اعتكافه** માં આટલુ અધિક છે કે નબી ﷺ મસ્જિદમાં હતા અને હુઝૂરની ખિદમતમાં હુઝૂરનાં પવિત્ર પત્નીઓ હતી સૌ ચાલી ગઈ. હુઝૂરે હઝરત સફિય્યહને ફર્માવ્યું, જવામાં જલ્દી ન કરશો હું તમને પહોંચાડી દઈશ. અને એમનું ઘર દારે ઓસામામાં હતું. નબવી યુગમાં હઝરત ઓસામા رضی اللہ عنہ નું કોઈ ઘર જ ન હતું પણ ઉમ્મુલ મોમિનીન હઝરત સફિય્યહ જે ઘરમાં રહેતાં હતાં તેમના વિસાલ પછી હઝરત ઓસામા એમાં રહેવા લાગ્યાં હતાં. અને હઝરત ઈમામ ઝયનુલ આબિદીન પોતાના જમાનાની વાત કરી રહ્યા હતા. મુરાદ એ છે કે હઝરત સફિય્યહને તેમના હુજરા (ઓરડા) સુધી પહોંચાડી આપ્યાં. એ હુજરો ત્યાં હતો જે દારે ઓસામાના નામથી મશહૂર છે.

فسلما : જે અન્સાર મળ્યા હતા એમના બારામાં આગળ છે : તેમણે નબી ﷺને જોયા અને આગળ વધી ગયા. તો હુઝૂરે ફર્માવ્યું. અહીં અમુક રિવાયતોમાં **تعاليا** છે, એનાથી પણ મુરાદ એ જ છે કે થોભી જાવ. મુસ્નદે

رَجُلَانِ مِنَ الْاَنْصَارِ فَسَلَّمَا عَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لَهُمَا النَّبِيُّ

દરવાજા પર પહોંચ્યા જે ઉમ્મે સલમાના હુજરાના દરવાજાની પાસે છે તો અન્સારના બે સાહબ પસાર થયા

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَلٰى رِسْلِكُمَا اِنَّمَا هِيَ صَفِيَّةُ بِنْتُ حُيَيٍّ فَقَالَ سُبْحَانَ اللّٰهِ

અને નબી ﷺને સલામ કરી. તે બંનેવને નબી ﷺએ ફર્માવ્યું, થોભો ! (અને ફર્માવ્યું) આ સફિય્યહ બિન્તે

يَا رَسُوْلَ اللّٰهِ وَكَبُرَ عَلَيْهِمَا فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ الشَّيْطَانَ يَبْلُغُ

હુય્ય છે. તે બંનેવ સાહબોએ અર્ઝ કરી, સુબ્હાનલ્લાહ ! યા રસૂલલ્લાહ ! અને એમના પર હુઝૂરનો ઈર્શાદ

مِنَ الْاِنْسَانِ مَبْلَغَ الدَّمِ وَاِنِّيْ خَشِيْتُ اَنْ يَّقْذِفَ فِيْ قُلُوْبِكُمَا شَيْئًا ـــ ع ـــ

ભારરૂપ લાગ્યો. એના પર નબી ﷺએ ફર્માવ્યું, માણસના શરીરમાં જ્યાં જ્યાં લોહી પહોંચે છે શૈતાન પણ પહોંચી જતો. મને અંદેશો થયો કે તમારા દિલોમાં કાંઈ (બદગુમાની) ન નાખી દે."

(બુખારી ૧/૨૭૩, ૧/૪૩૭ અલ્જેહાદ, ૧/૪૬૪ બદઉલ ખલ્ક, ૧/૯૧૮ અલ્અદબ, ૧/૧૦૬૩ અલ્અહકામ, મુસ્લિમ–અલ ઈસ્તીઝાન, અબૂ દાઉદ–અસ્સૌમ, અલ્અદબ, નિસાઈ–અલ્એતેકાફ, ઈબ્ને માજહ–અસ્સૌમ, મુસ્નદે અહમદ ૬/૩૩૭)

ઈમામ અહમદ અને બુખારી બદઉલ ખલ્કમાં છે કે **اسرعا** એટલે કે ઝડપભેર આગળ વધી ગયા. અંતમાં અહીં **شيئا** છે. મુસ્નદે ઈમામ અહમદમાં **سُوءا** છે અને બુખારી બદઉલ ખલ્કમાં **شرا** છે. સાર સૌનો એક છે. મુરાદ એ છે કે રાતમાં એક સ્ત્રીને મસ્જિદથી નીકળતાં અને મને દરવાજા પર ઉભેલો જોઈને ક્યાંક શૈતાન તમારા દિલોમાં મારા તરફથી કોઈ બુરો ખયાલ ન નાખી દે, તેને બહેકાવવામાં વાર નથી લાગતી એટલા માટે મેં તમને જણાવી આપ્યું છે કે આ સફિય્યહ બિન્તે હુય્યય છે. એ બંને સાહબો હઝરત ઉસૈદ બિન હઝીર અને એબાદ બિન બશર હતા.

على رسلكما : નો અર્થ એ છે કે જેવા છો એવા જ રહો. સારાંશ કે થોભી જાવ.

મસાઈલ : આ હદીષથી સાબિત થયું કે **મોઅતકિફ માટે જાઈઝ છે કે મુબાહ કામમાં વ્યસ્ત રહે. એ પણ જાઈઝ છે કે મુલાકાતીઓ સાથે મળે અને વાતો કરે.** મોઅતકિફ સાથે મુલાકાતના માટે તેની પત્ની મસ્જિદમાં જઈ શકે છે. સ્ત્રીઓએ રાતમાં જરૂરત પૂરતુ નીકળવુ જાઈઝ છે.

શૈતાનનો માણસ પર કબજો : હદીષના આ શબ્દોથી ફર્માવ્યું : **ان الشيطان يبلغ من الانسان مبلغ الدم** "માણસના શરીરમાં જ્યાં જ્યાં લોહી પહોંચે છે શૈતાન પણ પહોંચી જાય છે." જાહેરી રીતે એવું જણાય છે કે શૈતાન માણસને બેકાબૂ કરીને સવાર થઈ શકે છે. જેમ કે આસેબઝદા (વળગણવાળા) લોકોમાં અનુભવ છે અને એ ખૂદ કુર્આને કરીમથી સાબિત છે કે ફર્માવ્યું : **يَتَخَبَّطُهُ الشَّيْطَانُ مِنَ الْمَسِّ** "જેને સ્પર્શીને શૈતાન પાગલ બનાવી દે છે." (બકરહ)

باب الاعتكاف في العشر الاوسط من رمضان ص٢٧٤

"રમઝાનના મધ્ય દસકામાં એતેકાફ" –(૨૭૪)

حديث ١٢٠٢

عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَعْتَكِفُ فِيْ كُلِّ رَمَضَانَ عَشَرَةَ اَيَّامٍ فَلَمَّا كَانَ الْعَامُ الَّذِيْ قُبِضَ فِيْهِ اعْتَكَفَ عِشْرِيْنَ ؕ

[હદીષ : ૧૨૦૨]

"હઝરત અબૂ હુરૈરહ રઝિયલ્લાહુ અન્હુ એ ફર્માવ્યું, નબી ﷺ દરેક રમઝાનમાં દસ દિવસ એતેકાફ કરતા હતા, અને જે વરસે વિસાલ થયો વીસ દિવસ એતેકાફ કર્યો."

(બુખારી ૨/૪૮, ફઝાઈલુલ કુર્આન, અબૂ દાઉદ–અસ્સૌમ, નિસાઈ–ફઝાઈલુલ કુર્આન, અલ એતેકાફ, ઈબ્ને માજહ–અસ્સૌમ)

હદીષ : ૧૨૦૨ની સમજૂતી

જાહેર છે કે એ એતેકાફ સતત હતો એનાથી લાઝિમ કે મધ્ય દસકામાં પણ કર્યો હોય. વીસ દિવસ એતેકાફ કરવાની હિકમત શું હતી એની વિવિધ સ્પષ્ટતાઓ કરવામાં આવેલી છે. ફઝાઈલે કુર્આનની રિવાયત આ છે : નબી ﷺ પર કુર્આન મજીદ એકવાર રમઝાન શરીફમાં પેશ કરવામાં આવતુ હતું પણ જે વરસે વિસાલ ફર્માવ્યો ત્યારે બે વાર પેશ કરવામાં આવ્યું. દર વરસે દસ દિવસ એતેકાફ કરતા હતા અને જે વરસે વિસાલ ફર્માવ્યો તો વીસ દિવસ એતેકાફ કર્યો, એનાથી કેટલાક લોકોએ એ તારવ્યું કે બે વાર કુર્આનના દૌરની લીધે વીસ દિવસ એતેકાફ ફર્માવ્યો. પણ આ તે વખતે સહીહ થશે જ્યારે એ નક્કી થાય કે કુર્આનનો દૌર કેવળ એતેકાફની હાલતમાં જ થાય છે, જ્યારે કે એવું નથી. હઝરત ઈબ્ને અબ્બાસની હદીષમાં સ્પષ્ટતા છે કે રમઝાનની દરેક રાતમાં જિબ્રઈલ કુર્આનનો દૌર કરતા હતા. (બુખારી ૧/૩ બદઉલ વહી, ૨/૭૪૮ ફઝાઈલુલ કુર્આન) પણ એ કહી શકાય છે કે બે વાર કુર્આનના દૌરની ખુશીમાં બમણો એતેકાફ કર્યો. બીજી સ્પષ્ટતા એ કરવામાં આવી કે હમણા હદીષ વર્ણન થઈ કે અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)ના મસ્જિદમાં એતેકાફને માટે તંબૂઓ લગાડવા પર રમઝાનનો એતેકાફ ત્યજી આપ્યો અને શવ્વાલમાં કર્યો. એની સંભાવના છે કે રમઝાનમાં જ એના ભરણાના માટે દસ દિવસ અધિક એતેકાફ કર્યો.

ત્રીજો ખુલાસો એ કરવામાં આવ્યો કે ગયા વરસે સફરના કારણે રમઝાનના છેલ્લા અશરાનો એતેકાફ ન કરી શક્યા જેથી તેના ભરણાના માટે વીસ દિવસ કર્યો. જેમ કે અબૂ દાઉદ (૧/૩૩૪) અસ્સિયામ) તથા નિસાઈ (ફત્હુલબારી, ૪/૨૪૧)માં હઝરત ઉબય ઈબ્ને કઅબ રઝિયલ્લાહુ અન્હુથી મરવી છે કે નબી ﷺ રમઝાનના આખરી અશરામાં એતેકાફ કર્યા કરતા હતા. એક વરસે સફરના કારણે એતેકાફ ન કરી શક્યા જેથી આવતા વરસે વીસ દિવસ કર્યો. હું કહું છું : આ સફર ફતહે મક્કા હતો.

ચોથો ખુલાસો એ છે કે જાહેરી હયાતનું છેલ્લુ વરસ હતું, જેથી ઈરાદો કર્યો કે વધુને વધુ ફર્માંબરદારીની સાથે પોતાના રબથી મુલાકાત કરે. એમાં ઉમ્મતને તલ્કીન છે કે વૃધ્ધાવસ્થામાં જ્યાં સુધી થઈ શકે ફર્માંબરદારી તથા ઈબાદતોમાં કોશિશ કરે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

كتاب البيوع ص۲۷۴

(કિતાબુલ્ બુયૂઅ્) "ખરીદ વેચાણનું બયાન" –(૨૭૪)

باب ملجاء فى قول الله تبارك وتعالىٰ فَإِذَا قُضِيَتِ الصَّلٰوةُ فَانْتَشِرُوا فِى الْأَرْضِ - الآية ص۲۷۴

અલ્લાહ તબારક વ તઆલાના એ ઈર્શાદના બારામાં જે મરવી છે કે ફર્માવ્યું, જ્યારે નમાઝ પૂરી કરી લેવામાં આવે તો જમીન પર ફેલાય જાવ, અને અલ્લાહનો ફઝ્લ તલાશ કરો અને ખૂબ જ પ્રમાણમાં અલ્લાહનો ઝિક્ર કરો જેથી કામયાબી હાંસલ કરો. અને જ્યારે તેમણે કોઈ વેપાર અથવા ખેલ જોયો તો તેની તરફ ચાલી નીકળ્યાં અને તમને ઉભેલા છોડી આપ્યાં. ફર્માવી દો ! અલ્લાહની સમક્ષ જે કાંઈ છે તે ખેલ તથા વેપારથી બેહતર છે, અને અલ્લાહની રોજી સૌથી સારી છે. *(જુમ્અહ)*

સુંદર ક્રમ : દીની બાબતોના પાંચ પ્રકારો છે : અક્ફીદા, ઈબાદતો, મામલાઓ, ઝવાજિર, આદાબ. એમાંથી સૌથી મહત્વના અક્ફીદા (એતેક્ફાદિયાત) છે. એટલા માટે કે એ સૌનો પાયો છે એટલા માટે એમને સૌથી પ્રથમ વર્ણન કર્યા, પછી ઈબાદતોને એટલા માટે કે એ મામલાઓના કરતાં ઘણી મહત્વની છે. પછી મામલાઓને, અને મામલાઓમાં સૌથી અગ્ર સ્થાને બુયૂઅ (ખરીદ વેચાણ)ને રાખ્યું એટલા માટે કે એની જરૂરત સૌથી અધિક છે બલ્કે વિચાર કરો તો આ જીવનનો સ્તંભ છે.

બયૂઅનો અર્થ : બોયૂઅ બયૂઅનુ બહુવચન છે એનો શાબ્દિક અર્થ વેચવું પણ છે અને ખરીદવું પણ છે. ફિક્હમાં એનો અર્થ છે : مبادلة المال بالمال بالتراضى "માલને માલ વડે રાજીખુશીથી બદલવો." એના વિવિધ પ્રકારો પર નજર કરતાં બહુવચન લાવ્યા. બયઅના પ્રકારો આ પ્રમાણે છે : જો અયૂન સામાનને ષમનના બદલામાં વેચે તો મુત્લક્ બયૂઅ[૧] છે. અને જો અયૂન અયૂનના બદલામાં હોય તો મુકાએઝા[૨] છે. અને જો દૈનને અયૂનના બદલે વેચે તો એ સલમ[૩] છે. અને જો ષમનને ષમનના બદલે વેચે તો એ બયૂએ સરફ[૪] છે. અને જો કોઈ ચીજને તેની કિંમત બતાવીને કાંઈક અધિક લઈને વેચે તો મુરાબહા[૫] છે અને જો અસલ કિંમત પર વેચે તો તૌલિયા[૬] છે. અને જો થોડીક કિંમત ઓછી કરીને વેચે તો વઝીઆ[૭] છે. અને જો બયૂએ તામ છે એમાં કોઈ ખિયાર નથી તો લાઝિમ[૮] છે. અને જો ખિયાર છે તો ગૈરલાઝિમ[૯] છે. આ નવ પ્રકારો થયા. પછી એ સૌના ચાર પ્રકારો છે : **સહીહ** : જો તેના તમામ અરકાન તથા શર્તો જોવા મળે. **બાતિલ** : જો કોઈ રુકન ન જોવા મળે. **ફાસિદ** : જો કોઈ શર્ત ન જોવા મળે. **મકરૂહ** : તે જો કારણના લીધે મના હોય. હવે કુલ છત્રીસ પ્રકારો થયા.

અરકાન તથા શર્તો : એના અરકાન ઈજાબ તથા કુબૂલ છે એનો મહલ (આધાર) માલે મુતક્વ્વિમ. અને શર્ત ખરીદ તથા વેચાણ કરનારનું અહલ હોવું. તદ્ઉપરાંત દરેક પ્રકારની ખાસ શર્તો અલગ અલગ છે જે ફિક્હની કિતાબોમાં સ્પષ્ટતાથી વર્ણન થયેલી છે. એના ફાયદા આ છે : –

૧. માણસ જીવતો રહેવા માટે જે ચીજોનો મોહતાજ છે એમાં વિશાળતા છે. **૨.** ઝઘડા, લડાઈ, લૂટમાર, ચોરી ડકૈતી વગેરેને રોક લગાડે છે. **૩.** જગતની સલામતી તથા તેની વ્યવસ્થાનુ નિયંત્રણ.

حديث ١٢٠٣

حَدَّثَنَا اِبْرَاهِيمُ بْنُ سَعْدٍ عَنْ اَبِيهِ عَنْ جَدِّهٖ قَالَ قَالَ عَبْدُ

"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ એ ફર્માવ્યું, જ્યારે અમે મદીના આવ્યા [હદીષ : ૧૨૦૩]

الرَّحْمٰنِ بْنُ عَوْفٍ لَمَّا قَدِمْنَا الْمَدِينَةَ اٰخَى رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَيْنِي وَ

તો રસૂલુલ્લાહ ﷺ એ મારા તથા સઅદ બિન રબીઅના વચ્ચે ભાઈ ભાઈનો સંબંધ સ્થાપી આપ્યો તો સઅદ

بَيْنَ سَعْدِ بْنِ الرَّبِيعِ فَقَالَ سَعْدُ بْنُ الرَّبِيعِ اِنِّي اَكْثَرُ الْاَنْصَارِ مَالًا فَاَقْسِمُ لَكَ نِصْفَ

બિન રબીએ કહ્યું ,હું અન્સારમાં સૌથી અધિક માલદાર છું, હું તમને અડધો માલ આપુ છું. અને મારી બંનેવ

مَالِي وَانْظُرْ اَيَّ زَوْجَتَيَّ هَوِيتَ نَزَلْتُ لَكَ عَنْهَا فَاِذَا حَلَّتْ تَزَوَّجْتَهَا فَقَالَ لَهٗ عَبْدُ الرَّحْمٰنِ

પત્નીઓને જુઓ જે તમને પસંદ હોય તેને તલાક આપી દઉં અને જ્યારે ઈદ્દત પસાર કર્યા બાદ હલાલ થઈ

હદીષ : ૧૨૦૩ની સમજૂતી

આ રિવાયત ખૂદ અબ્દુર્રહમાન ઈબ્ને ઔફથી મરવી છે એ જ પ્રકરણમાં એનાથી જ જોડાયેલ આ જ હદીષ હઝરત અનસ رضی اللہ عنہ થી થોડા ફેરફાર સાથે મરવી છે. હઝરત અનસ رضی اللہ عنہ ની હદીષમાં છે કે જ્યારે હઝરત સઅદ બિન રબીએ ઉપરોક્ત રજૂઆત કરી તો હઝરત અબ્દુર્રહમાન બિન ઔફે ફર્માવ્યું, અલ્લાહ તમારા માલ તથા ઘરવાળાંમાં બરકત આપે, કોઈ બજારનો રસ્તો બતાવો ! જ્યારે પરત થયા તો નફામાં માખણ તથા ઘી લાવ્યા. હાશિયામાં જે હવાલાઓ છે તે બંનેના છે.

સનદની સ્પષ્ટતા : આ હદીષની સનદમાં આ પ્રમાણે છે :–

حدثنا ابراهيم بن سعد عن ابيه عن جده قال قال عبدالرحمٰن بن عوف ઈબ્રાહીમનો વંશવેલો આ પ્રમાણે છે : ઈબ્રાહીમ બિન સઅદ બિન ઈબ્રાહીમ બિન અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ. આ સનદમાં એ નિશ્ચિત છે કે **ابيه** ની ઝમીરે મુજર્રદ મુત્તસિલનો મરજઅ ઈબ્રાહીમ બિન સઅદ જ છે. મતલબ એ થયો કે ઈબ્રાહીમ પોતાના પિતા સઅદથી રિવાયત કરે છે. એમાં કોઈ ખલેલ નથી. અલ્બત્ત **عن جده** ની ઝમીરે (મુજર્રદ મુત્તસિલના મરજઅના બારામાં બે સંભાવનાઓ છે અને બંનેવ મખદૂશ છે. એક એ કે એનો મરજઅ ઈબ્રાહીમ બિન સઅદ હોય, એટલે ઈબ્રાહીમ પોતાના દાદાથી રિવાયત કરે છે. એમના દાદા હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફના ફરઝંદ ઈબ્રાહીમ છે. ઈબ્રાહીમ ઈબ્ને ઔફ ભાઈ ભાઈનો રિશ્તો સ્થાપિત થયો ત્યારે પેદા પણ થયા ન હતા. એટલા માટે કે એના પર એકમતિ છે કે તેમનો વિસાલ હિ.સ. ૯૦ માં ૭૫ વરસની વયે થયો એનો મતલબ એ થયો કે એમનો જન્મ હિ.સ. ૧૫ માં થયો.

બીજી સંભાવના એ છે કે **جده** ની ઝમીરનો મરજઅ સઅદ બિન ઈબ્રાહીમને બનાવીએ તો મતલબ એ થશે કે સઅદ બિન ઈબ્રાહીમે પોતાના દાદા હઝરત અબ્દુર્રહમાન બિન ઔફથી રિવાયત કરી છે જ્યારે કે સઅદે તેમનો જમાનો નથી જોયો, એટલા માટે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફનો વિસાલ હિ.સ. ૩૨ માં થયો છે અને સઅદ બિન ઈબ્રાહીમનો જન્મ હિ.સ. ૫૩ માં થયો છે, કેમ કે એમનો વિસાલ હિ.સ. ૧૨૬ માં ૭૩ વરસની વયે થયો છે. બંને તક્દીર પર આ હદીષ મુરસલ થઈ.

لَاحَاجَةَ لِيْ فِيْ ذَالِكَ هَلْ مِنْ سُوْقٍ فِيْهِ تِجَارَةٌ قَالَ سُوْقُ قَيْنُقَاعَ قَالَ فَغَدَا اِلَيْهِ عَبْدُالرَّحْمٰنِ

જાય તો એની સાથે શાદી કરી લો. એના પર અબ્દુર્રહમાન બિન ઔફે કહ્યું, એની મને જરૂરત નથી. એવું કોઈ

فَاَتٰى بِاَقِطٍ وَّسَمْنٍ قَالَ ثُمَّ تَابَعَ الْغُدُوَّ فَمَالَبِثَ اَنْ جَاءَ عَبْدُالرَّحْمٰنِ عَلَيْهِ اَثَرُ صُفْرَةٍ فَقَالَ

બજાર છે જ્યાં વેપાર થાય. સઅદે બતાવ્યું, કેનુકાઅનું બજાર છે. અબ્દુર્રહમાન સવારે ત્યાં ગયા અને માખણ

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ تَزَوَّجْتَ قَالَ نَعَمْ قَالَ وَمَنْ قَالَ اِمْرَأَةً

તથા ઘી લાવ્યા. પછી સતત સવારે જતા રહ્યા. કેટલાક દિવસો પછી અબ્દુર્રહમાન આવ્યા અને એમના પર

مِّنَ الْاَنْصَارِ قَالَ كَمْ سُقْتَ قَالَ زِنَةَ نَوَاةٍ مِّنْ ذَهَبٍ اَوْ نَوَاةً مِّنْ ذَهَبٍ فَقَالَ لَهُ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَوْلِمْ وَلَوْ بِشَاةٍ

પીળાશનું નિશાન હતું તો રસૂલુલ્લાહ ﷺએ પૂછ્યું, તમે શાદી કરી લીધી ? અર્ઝ કરી, જી ! પૂછ્યું, કોની

સાથે ? અર્ઝ કરી, એક અન્સારી સ્ત્રી સાથે. પૂછ્યું, કેટલી મહેર આપી ? અર્ઝ કરી, ખજૂરના

ઠળિયા જેટલુ સોનું. ફર્માવ્યું, વલીમો કરો ચાહે એક બકરીથી જ."

(બુખારી ૧/૩૦૬ અલ્કિફાલહ, ૧/૫૩૩ મનાકિબુલ અન્સાર, ૧/૫૬૧, ૨/૭૭૪ અન્નિકાહ, ૨/૭૭૭ બાબુલ વલીમા ૨/૮૯૮ અલ્અદબ, મુસ્લિમ–ફઝાઈલે સહાબા, તિર્મિઝી–અલબિર્, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૧૯૦)

હું કહું છું : આ તન્કીદ (ટિપ્પણી) બીજી સનદ પર છે જે મનાકિબુલ અન્સાર બાબુ ઈખાઉન્નબી ﷺમાં વર્ણન થયેલ છે. જેમાં આ પ્રમાણે છે : **عن جده قال لما قد موا المدينة** *(અલ હદીષ)* અહીં એનો અવકાશ જ નથી. અહીં પ્રથમ પાસુ નિશ્ચિત છે એટલે **جده**ની ઝમીરનો મરજઅ ઈબ્રાહીમ બિન સઅદ છે. અને જદથી મુરાદ ઈબ્રાહીમ બિન હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ છે. એ જો કે અકદેમુ મુવાખાતના સમયે મૌજૂદ ન હતા પણ તે કહે છે **قال عبدالرحمٰن بن عوف** તે પોતાના પિતાથી સાંભળીને રિવાયત કરે છે એટલા માટે એમાં ઈરસાલનો અવકાશ નથી.

اٰخى رسول الله ﷺ : મુહાજિરો અલ્લાહ ﷻ તથા રસૂલ ﷺની રઝાને માટે પોતાનું ઘરબાર, માલ સામાન, છોડીને અલ્લાહના ભરોસે ખાલી હાથે મદીના તયબહ આવ્યા હતા. તેમની પાસે કાંઈપણ ન હતું જેનાથી તેઓ જીવનનિર્વાહ કરતા, રહેવા સહેવા માટે ઘરબાર બનાવતા. એટલા માટે હુઝૂરે અકદસ ﷺએ એમની એ વ્યવસ્થા કરી કે મુહાજિરોની હૈસિયતનો લેહાઝ કરીને અન્સારે કિરામ સાથે તેમનો ભાઈ ભાઈનો સંબંધ, ભાઈચારગીનો સંબંધ સ્થાપિત કરી આપ્યો. સેર ચશ્મ (ઉદાર દિલ) અન્સારે કિરામે એને ખુશીથી કબૂલ કર્યો અને સગા ભાઈથી વધીને તેમનો લેહાઝ રાખ્યો.

આ બાજુ મુહાજિરો પણ અન્સાર પર બોજરૂપ ન રહ્યા. તેઓ ઘણા જ જલ્દી પોતાની મહેનત તથા આવડતના કારણે પોતાના પગો પર ઉભા થઈ ગયા. જેનું એક દષ્ટાંત આ હદીષમાં વર્ણન થયેલ છે. આ ભાઈચારાના આધારે એકબીજાના વારસદાર થતા હતા, ત્યાં સુધી કે આયતે કરીમા નાઝિલ થઈ : **وَاُولُوا الْاَرْحَامِ بَعْضُهُمْ اَوْلٰى بِبَعْضٍ** (انفال، ٨٥) "રિશ્તાવાળા એકબીજા કરતાં અધિક હકદાર છે." (અન્ફાલ–૭૫) તો વારસાનો હક્ક ઉઠી ગયો. એક રિવાયત પ્રમાણે મવાખાત (ભાઈચારો) ગઝવએ બદર સુધી રહ્યો.

عليه اثر صفرة : નિકાહ વખતે પીળા રંગની ખુશ્બુ વાપરતા હતા એની અસર હતી. હઝરત અનસ رضی اللہ عنہ ની હદીષમાં **وضر من صفرة** છે તે પીળા રંગથી રંગાયેલા હતા. અમુક રિવાયતોમાં છે કે ઝાફરાનનો રંગ હતો. મુરાદ એ છે કે મુલાકાતની રાતમાં દુલ્હને જે ખુશબોદાર રંગ વાપર્યો હતો તે તેમનાં કપડાંમાં લાગી ગયો હતો એને જોઈને પૂછયું. જે ખાતૂન સાથે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ એ શાદી કરી હતી તે અબુલ બસર અનસ બિન રાફેઅનાં સાહબઝાદી હતાં જેમનાથી ક़ાસિમ અને અબૂ ઉષ્માન અબ્દુલ્લાહ જન્મ્યા. હઝરત અનસની હદીષમાં છે કે હુઝૂરે અક़્દસ ﷺ એ પૂછયું : **مُيْهَمْ** આ યમનની લુગત (ડીક્ષનરી)નો શબ્દ છે, એનો અર્થ છે : **مَا هٰذا** આ શું છે ?

زنة نواة من ذهب : نواةનો શાબ્દિક અર્થ ખજૂરનો ઠળિયો થાય છે. એ નાની મોટી હોય છે એટલા માટે એમાં મતભેદ છે કે રિવાજ મુજબના વજનથી એ કેટલુ થયું. અબૂ ઓબૈદે કહ્યું કે પાંચ દિરહમ છે. ઈમામ અહમદ બિન હંબલે ફર્માવ્યું, ત્રણ દિરહમ. તિર્મિઝીમાં હઝરત ઈમામ અહમદથી જ મરવી છે કે ૩ $^{1}/_{3}$ દિરહમ, એક કથન એ છે કે $^{1}/_{4}$ દિરહમ.

એક દિરહમ શરઈ ત્રણ માશા ૧ $^{1}/_{5}$ રતી છે તો પાંચ દિરહમના ૧૫ માશા છ રતી થયા. **فرعلىٰ هذا** એ પ્રમાણે ગણતા દીનાર સાડા ચાર માશાનો ચોથાઈ દીનાર એક માશા $^{1}/_{6}$ રતીનો થયો.

اولم : એનાથી જાણવા મળ્યું કે વલીમો સુન્નત છે, વધારેની શક્તિ ન હોય તો જેટલો થઈ શકે એટલો જ કરે. હુઝૂરે અક़્દસ ﷺ એ હઝરત સફિય્યહ رضی اللہ عنہا ની સાથે નિકાહ વખતે સત્તુ તથા ખજૂર વડે વલીમો કર્યો હતો. એનો સમય સુહાગરાતની સવાર છે. રુખસદથી પહેલાં અથવા રુખસદ બાદ જે દાવત કરવામાં આવે છે એ વલીમો નથી. રિયા તથા વાહ વાહ માટે હોય તો હરામ છે. અને જ્યાં તેને કરજ સમજે છે ત્યાં કરજ ઉતારી દેવાની નિય્યતમાં વાંધો નથી, પણ આ નિય્યત મહમૂદ (પસંદીદા) નથી. કે હવે આ વલીમાની દાવત ન રહી પણ એક કરજની અદાયગી થઈ. આ હદીષથી નીચે મુજબના ફાયદા હાંસલ થયા : **૧.** ઈજ્જતદાર તથા શરીફ વ્યક્તિઓને બજારોમાં ખરીદ વેચાણ કરવામાં કોઈ વાંધો નથી. **૨.** પોતાની આર્થિક સ્થિતિ સારી બનાવવામાં મહેનત તથા કોશિશ પસંદીદા છે. **૩.** વ્યવસાય તથા કારીગરી, વેપાર બલ્કે નોકરી કરીને જીવન નિર્વાહ કરવો અફઝલ છે એના કરતાં કે લોકોના તોહફા તથા સદકાઓ વગેરે પર જીવન નિર્વાહ કરવામાં આવે.

હઝરત સઅદ બિન રબીઅ رضی اللہ عنہ : આ અન્સારે કિરામના બની ખઝરજના અગ્રગણ્ય તથા લોકપ્રિય વ્યક્તિઓમાંથી હતા. બયઅતે ઉક़્બામાં શરીક થયા. અને બાર નકીબોમાંથી એક આ પણ છે. ગઝવએ બદરમાં શરીક થયા. ગઝવએ ઓહદમાં શહાદતથી સરફરાઝ થયા.

باب تفسير المشبهات ص ٢٧٤

"મુશબ્બહાતની તફસીર"–*(૨૭૪)*

અમુક નુસ્ખાઓમાં મુશાબિહાત છે અને અમુકમાં અશ્શુબહાત છે, શુબ્હાનું બહુવચન. એનાથી મુરાદ દરેક તે ચીજો છે જે મુજતહિદની નજરમાં અમુક કારણે હલાલના મુશાબેહ (મળતી) હોય અને અમુક કારણે હરામને. (મુશાબિહાત–શંકામય ચીજો)

ت ٣٧٦ وَقَالَ حَسَّانُ بْنُ أَبِي سِنَانٍ مَا رَأَيْتُ شَيْئًا أَهْوَنَ مِنَ الْوَرَعِ عَمَّا يَرِيبُكَ إِلَى مَا لَا يَرِيبُكَ

"અને હસ્સાન બિન અબી સિનાને ફર્માવ્યું, મેં વરઅથી આસાન કોઈ ચીજ **[તઅલીક : ૩૭૬]**

નથી જોઈ, જેમાં શંકા હોય તેને છોડી આપે અને તે અપનાવે જેમાં શંકા ન હોય."

તઅલીક : ૩૭૬ની સમજૂતી

આ તઅલીકને ઈમામ અબૂ નુઐમે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. તેમના શબ્દો આ છે : યૂનુસ બિન ઓબૈદ અને હસ્સાન બિન અબી સનાન આબિદે બસરા એક જગાએ ભેગા થયા. યૂનુસે કહ્યું, મેં વરઅથી સખ્ત કોઈ અમલ નથી જોયો. તો હસ્સાને કહ્યું, વરઅથી આસાન મેં કોઈ ચીજ નથી જોયી. યૂનુસે કહ્યું, કેવી રીતે ? તો જણાવ્યું, જે ચીજે મને શંકામાં નાખ્યો તેને છોડીને તે અપનાવ્યું જેમાં કોઈ શંકા ન હતી. એનું દૃષ્ટાંત એ છે કે એક શખ્સ જેની આવક શંકાસ્પદ છે તે હલાલ કારોબાર પણ કરે છે અને હરામ પણ. એણે કોઈ હદિયો પેશ કર્યો તો એ શંકાથી કે તેણે કોઈ હરામ માલ ન આપ્યો હોય એ શંકા થઈ, પણ કોઈનો હદિયો કબૂલ ન કરવામાં કોઈ ગુનોહ નથી, તો વરઅ એ છે કે હદિયો કબૂલ ન કરે.

એનું સમર્થન આ હદીષથી પણ થાય છે જે હઝરત સૈયદેના અબૂ ઉમામા رضی اللہ عنہ થી મરવી છે કે એક સાહબે રસૂલુલ્લાહ ﷺ થી પૂછયું, **ઈમાન શું છે ?** ફર્માવ્યું, **જ્યારે કોઈ નેકી પર તું ખુશ થાય અને બુરાઈ પર તને તકલીફ થાય, તો તું મોમિન છે.** પૂછવામાં આવ્યું, **ગુનોહ શું છે ?** ફર્માવ્યું, **જે તને ખટકે તેને છોડી આપ.** *(મુસ્નદે ઈમામ અહમદ, ૫/૨૫૨)*

ورع (વરઅ) : વરઅનો શાબ્દિક અર્થ બચવું છે. શરીઅતમાં વરઅ એ છે કે માણસ દરેક તે ચીજથી બચે જે શરીઅતની રૂએ નાપસંદીદા હોય. એના ચાર પ્રકારો છે. **ફર્ઝ** : દરેક કતઈ હરામથી બચવું. **વાજિબ** : શંકાસ્પદ ચીજોથી બચવું. **મકરૂહ** : શરીઅતની રૂએ જે ચીજોથી બચવાનું કોઈ કારણ નથી એનાથી પણ પરહેઝ કરવું. ઈમામ ગઝાલીએ વરઅના પાંચ પ્રકારો કર્યા છે : **૧.** વરઉસ્સિદ્દીકીન (સિદ્દીકોનો વરઅ) કે ઈબાદતની નિય્યત વિના કોઈ ચીજ ન ખાય. **૨.** વરઉલ્ મુત્તકીન (મુત્તકીઓનો વરઅ) જે ચીજ શંકામય નથી પણ એનો અંદેશો છે કે ક્યાંક હરામ સુધી ન ખેંચી જાય, એને પણ છોડવી. **૩.** વરઉસ્સાલિહીન (નેક લોકોનો વરઅ) જેમાં કોઈ દલીલથી સંભાવના ઉત્પન્ન થતી હોય કે ક્યાંક એ હરામ તો નથી ?! **૪.** વરઉલ મૌસૂસીન : શંકાની દલીલ કર્યા વિના છોડવું. **૫.** વરઉશ્શહૂદ : એવી જાઈઝ વાતોને છોડવી જેનાથી અદાલત ઉઠી જતી હોય. જેમ કે કેવળ તેહબંદ પહેરીને બહાર નીકળવું અને બજારોમાં ખાવુ પીવું.

حديث ١٢٠٤

عَنْ عُقْبَةَ بْنِ الْحَارِثِ أَنَّ امْرَأَةً سَوْدَاءَ جَاءَتْ فَزَعَمَتْ

''હઝરત ઉકબા બિન હારિષ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક હબ્શી ખાતૂન આવ્યાં [હદીષ : ૧૨૦૪]

أَنَّهَا أَرْضَعَتْهُمَا فَذَكَرَ لِلنَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَأَعْرَضَ عَنْهُ وَتَبَسَّمَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى

અને તેમણે કહ્યું કે આ બંનેવને મેં દૂધ પીવડાવ્યું છે. એનો ઉલ્લેખ નબી ﷺ ને કર્યો તો હુઝૂરે મોં ફેરવી

عَلَيْهِ وَسَلَّمَ قَالَ كَيْفَ وَقَدْ قِيلَ وَكَانَتْ تَحْتَهُ ابْنَةُ أَبِي إِهَابٍ التَّمِيمِيِّ ـ ع ـ

લીધું અને નબી ﷺ એ સ્મિત કર્યું. ઈર્શાદ ફર્માવ્યો, કઈ રીતે ? જ્યારે કે કહેવામાં આવ્યું છે અને એમના નિકાહમાં અબૂ ઈહાબ તયમીનાં પુત્રી હતાં.''

(બુખારી ૧/૧૯ અલ્ઈલ્મ, ૧/૩૬૦, ૩૬૩ અશ્શહાદત, ૨/૮૬૪ અન્નિકાહ, તિર્મિઝી–રિઝાઅ, નિસાઈ–નિકાહ, દારમી–નિકાહ, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૩૮૪)

હદીષ : ૧૨૦૪ની સમજૂતી

આ હદીષ કિતાબુલ ઈલ્મમાં વિગતવાર આ પ્રમાણે છે : ઉકબા બિન હારિષ رضی اللہ عنہ એ અબૂ ઈહાબની પુત્રીથી શાદી કરી તો એમની પાસે એક સ્ત્રી આવ્યાં અને તેમણે કહ્યું કે મેં ઉકબાને અને જે સ્ત્રીથી શાદી કરી છે તેને દૂધ પીવડાવ્યું છે. એના પર ઉકબાએ કહ્યું, હું નથી જાણતો કે તેં મને દૂધ પીવડાવ્યું છે અને ન તેં મને (પહેલાં) જણાવ્યું. હવે તે સવાર થઈને રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં મદીના હાજર થયા અને હુઝૂરને પૂછયું. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કેવી રીતે ? જ્યારે કે કહેવામાં આવ્યું તો ઉકબાએ તેમનાથી જુદાઈ અપનાવી લીધી અને તેમણે તેમના સિવાય કોઈ અન્યથી નિકાહ કરી લીધા.

ارضعتهما : એ હબ્શી સ્ત્રીએ એવું કહ્યું કે મેં ઉકબાને પણ દૂધ પીવડાવ્યું છે અને અબૂ ઈહાબની આ પુત્રીને પણ જેની સાથે એમણે નિકાહ કર્યા છે. એમનું નામ ગુન્યહ બિન અબૂ ઈહાબ હતું અને કુન્નિયત ઉમ્મે યહ્યા.

فذكر النبى ﷺ : હઝરત ઉકબા બિન હારિષ કુરૈશી સહાબી છે. ફતહે મક્કાના પ્રસંગે ઈમાનથી પાવન થયા અને મક્કામાં જ રહેતા હતા. એ હબ્શી સ્ત્રીએ જ્યારે એવું કહ્યું તો મદીના તયબહ ખિદમતે અકદસમાં હાજર થયા. હુઝૂરે એ સાંભળીને મોં ફેરવી લીધું. મુસ્નદે ઈમામ અહમદ (૪/૩૮૪, તિર્મિઝી, ૧/૧૩૭ અર્રિઝાઅ)માં છે કે તેમણે આ અર્ઝ કરી કે મેં ફલાણાની પુત્રી ફલાણી સાથે શાદી કરી તો એક હબ્શી સ્ત્રીએ આવીને એ બતાવ્યું કે મેં તમને બંનેને દૂધ પીવડાવ્યું છે. જ્યારે કે તે જૂઠી છે. એના પર નબી ﷺ એ મોં ફેરવી લીધું. તો તે હુઝૂરની સામે આવ્યા અને ફરી એ જ અર્ઝ કર્યું. તો ફર્માવ્યું, કઈ રીતે એને તમારી પત્ની તરીકે રાખશો જ્યારે કે તેણી કહે છે કે મેં તમને બંનેને દૂધી પીવડાવ્યું છે ? એને છોડી આપો ! બુખારી કિતાબુલ ઈલ્મની રિવાયતમાં છે કે તેમણે એનાથી અલગતા અપનાવી લીધી. એનો ભાવાર્થ એ છે કે તેમણે એને તલાક આપી દીધી.

એ જ હદીષના પ્રમાણે હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલે ફર્માવ્યું કે રઝાઅતની (દૂધના સંબંધની) સાબિતીના માટે દૂધ પીવડાવનાર સ્ત્રીની ગવાહી પૂરતી છે. પણ અહનાફ (હનફીઓ) અને જમહૂરનો મઝહબ એ છે કે શહાદત (ગવાહીના નિસાબ પ્રમાણે) ગવાહ જરૂરી છે. અને હઝરત ઉકબાને જે હુકમ આપ્યો હતો તે સાવચેતીના કારણે હતો. આ જ તકદીર પર આ હદીષને પ્રકરણ સાથે સામ્યતા છે. એક તરફ એ છે કે જો આ સ્ત્રી સાચી હોય

حديث ૧૨૦૫

عَنْ عُرْوَةَ بْنِ الزُّبَيْرِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كَانَ

'ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, ઉત્બા બિન અબૂ વક્કાસે [હદીષ : ૧૨૦૫]

عُتْبَةُ بْنُ أَبِي وَقَّاصٍ عَهِدَ إِلَى أَخِيهِ سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ أَنَّ ابْنَ وَلِيدَةِ زَمْعَةَ مِنِّي فَاقْبِضْهُ

પોતાના ભાઈ સઅદ બિન અબૂ વક્કાસને વસિયત કરી હતી કે ઝમ્આની લોંડીનો બાળક મારા નુત્ફાથી છે

قَالَتْ فَلَمَّا كَانَ عَامُ الْفَتْحِ أَخَذَهُ سَعْدُ بْنُ أَبِي وَقَّاصٍ وَقَالَ ابْنُ أَخِي قَدْ عَهِدَ إِلَيَّ فِيهِ فَقَامَ عَبْدُ بْنُ

એને લઈ લેજો. ફતહે મક્કાના મોકા પર સઅદ બિન અબૂ વક્કાસે એને લઈ લીધો અને કહ્યું કે મારા ભાઈનો

زَمْعَةَ فَقَالَ أَخِي وَابْنُ وَلِيدَةِ أَبِي وُلِدَ عَلَى فِرَاشِهِ فَتَسَاوَقَا إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ سَعْدٌ

પુત્ર છે, મારા ભાઈએ મને એના બારામાં વસિયત કરી હતી. તો અબ્દ ઈબ્ને ઝમ્આ ઉભા થયા અને કહ્યું એ

તો નિકાહ તદ્દન બાતિલ થશે (થયા જ નથી ગણાશે) સંભોગ, ઝિના ગણાશે. અને કોઈપણ સ્ત્રીને પોતાના નિકાહમાં રાખવી ફર્ઝ નથી અને તલાક આપવી ગુનો નથી. જેથી વરઅનો તકાઝો એ જ છે કે તેણીને અલગ કરી આપે.

فاعرض عنه : અહીં એક પ્રશ્ન એ છે કે જો કેવળ દૂધ પીવડાવનાર સ્ત્રીની શહાદત રિઝાઅત (દૂધ સંબંધ) માટે પૂરતી હોત તો હુઝૂરે અકદસ ﷺના હઝરત ઉકબાએ સવાલ પર વાંધો ન ઉઠાવવો જોઈતો હતો, તે આટલા દૂરથી હુકમ માલૂમ કરવા માટે હાજર થયા હતા. યોગ્ય એ હતું કે તરત જ વિના વિલંબે જણાવી આપતા કે તેણીને અલગ કરી દો, એ તમારા માટે હરામ છે. મોં ફેરવવાથી તથા સ્મિત કરવાથી નિર્દેશ એ મળી રહ્યો છે કે તમે મને એની રજૂઆત ન કરતા, તેણીને પત્ની તરીકે રહેવા દેત તો કોઈ વાંધો ન હતો. પણ જ્યારે મારાથી વર્ણન કરી આપ્યું તો હું તમારી શાનને લાયક જે હુકમ છે તે જણાવી આપુ છું કે સાવચેતી એમાં છે કે એને છોડી આપો.

હદીષ : ૧૨૦૫ની સમજૂતી

ઉત્બા બિન અબી વક્કાસ આ જ તે બદબખ્ત છે જેણે ગઝવએ ઓહદમાં હુઝૂરે અકદસ ﷺના સરે અકદસને ઝખ્મી કર્યું હતું અને દાંત મુબારક શહીદ કર્યા હતા. હુઝૂરે અકદસ ﷺએ તેના હક્કમાં આવી દુઆ કરી હતી, હે અલ્લાહ ! આ એક વરસની અંદર કાફિર હોવાની હાલતમાં મરે. અને એવું જ થયું. જે લોકોએ એને સહાબીમાં ગણ્યો તેઓ ખતા પર છે. એ હઝરત સઅદનો (અલ્લાતી : એક પિતા અને સાવકી માતાથી થયેલા ભાઈ–બહેન) ભાઈ હતો. એની માનુ નામ હિંદ બિન્તે વહબ બિન અલ્હારિષ બિન ઝુહરા છે. અને હઝરત સઅદ رضی اللہ عنہ નાં વાલિદનું નામ હમ્નહ છે.

وعده (ઝમ્અહ) : આ ઉમ્મુલ મોમિનીન હઝરત સૌદા رضی اللہ عنہا ના વાલિદ છે. અબ્દ ઈબ્ને ઝમ્અહ رضی اللہ عنہ એમના ભાઈ છે ઘણા જ શરીફ તથા સાદાત સહાબામાંથી છે. જેના બારામાં આ વિવાદ થયો હતો તે બાળકનું નામ અબ્દુર્રહમાન છે એ પણ સહાબી છે. વલીદાનો અર્થ નાની બાળકી થાય છે અને લોંડી પણ. અહીં બીજો અર્થ મુરાદ છે.

يَا رَسُوْلَ اللّٰهِ اِبْنُ اَخِيْ كَانَ قَدْ عَهِدَ اِلَيَّ فِيْهِ فَقَالَ عَبْدُ بْنُ زَمْعَةَ اَخِيْ وَابْنُ وَلِيْدَةِ اَبِيْ وُلِدَ عَلٰى

મારો ભાઈ છે અને મારા બાપની બાંદીનો પુત્ર જે એના બિછૌના પર પેદા થયો છે. હવે બંનેવ નબી ﷺની

فِرَاشِهٖ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ هُوَ لَكَ يَا عَبْدُ بْنَ زَمْعَةَ ثُمَّ قَالَ النَّبِيُّ

ખિદમતમાં હાજર થયા. સઅદે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ મારા ભાઈનો પુત્ર છે જેના બારામાં વસિયત

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَلْوَلَدُ لِلْفِرَاشِ وَلِلْعَاهِرِ الْحَجَرُ - ثُمَّ قَالَ لِسَوْدَةَ بِنْتِ زَمْعَةَ

કરી ગયા હતા. એના પર ઈબ્ને ઝમ્આએ કહ્યું, એ મારો ભાઈ છે અને મારા બાપની લોંડીનો પુત્ર છે જે મારા

زَوْجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِحْتَجِبِيْ لِمَا رَاٰى مِنْ شَبَهِهٖ بِعُتْبَةَ فَمَا رَاٰهَا حَتّٰى لَقِيَ اللّٰهَ عَزَّ وَجَلَّ

બાપના બિછૌના પર પેદા થયો છે. નબી ﷺએ ફર્માવ્યું, એ તારા માટે છે હે અબ્દ ઈબ્ને ઝમ્આ. પછી ફર્માવ્યું, બાળક બિછૌનાવાળાનું છે, અને ઝાનીના માટે પથ્થર છે. ત્યારબાદ ઉમ્મુલ મોમિનીન હઝરત સૌદા બિન્તે ઝમ્આને ફર્માવ્યું કે એનાથી પર્દો કરજો કેમ કે એ બાળકને ઉત્બાથી મળતો જોયો. તેણે સૌદાને જિંદગીભર ન જોયાં."

(બુખારી ૧/૨૯૫, ૧/૩૨૬ અલ્ખુસૂમાત, ૧/૩૮૩ વસાયા, ૨/૬૧૬ અલ્મગ્ઝી, ઈબ્ને માજહ–નિકાહ, તિર્મિઝી–નિકાહ, મોઅત્તા ઈમામ માલિક–અલ્અક્ઢિયહ, મુસ્નદે ઈમામ અહમદ, ૬/૩૭ વગેરે.)

فاقبضه : જાહિલિયતના જમાનામાં આમ દસ્તૂર હતો કે રઈસો પોતાની લોંડીઓના થકી ઝિનાનો ધંધો કરતા હતા. એ બેહયાઈને બંધ કરવા માટે આદેશ થયો : **وَلَا تُكْرِهُوْا فَتَيَاتِكُمْ عَلَى الْبِغَاءِ** "તમારી બાંદીઓને બદકારી માટે મજબૂર ન કરો." (સૂ. નૂર–૧૨) આવી લોંડીઓને જ્યારે ગર્ભ રહી જતો અને જો હવે તે લોંડીનો માલિક એવો દાવો કરે કે મારી ઔલાદ છે તો તેની જ ઔલાદ માની લેવામાં આવતી, અને જો તે એવો દાવો ન કરતો હોય અને લોંડીના ઓળખીતાઓમાંથી કોઈ દાવેદાર થાય તો તેની ઔલાદ માની લેવામાં આવતી. અને જો તે લોંડીનો માલિક કોઈ દાવો કર્યા વિના મરી જતો અને એના વારસોમાંથી કોઈ દાવેદાર થતો તો તેને મળી જતો. આ બદનામ દસ્તૂરના પ્રમાણે ઉત્બા બિન અબૂ વક્ક્વાસનો સંબંધ ઝમ્અહની લોંડી સાથે હતો. તેણી સગર્ભા થઈ. ઝમ્અહએ એના બારામાં કોઈ દાવો કર્યો ન હતો અને મરી ગયો. ઉત્બાએ પોતાના ભાઈ હઝરત સઅદ બિન અબૂ વક્ક્વાસથી વસિયત કરી હતી કે ઝમ્અહની લોંડીના પેટે જે બાળક પેદા થયું છે એ મારું છે, તમે એને લઈ લેજો. કેમ કે આ જાહિલી દસ્તૂરની વિરૂદ્ધ હજી કોઈ હુકમ નાઝિલ થયો ન હતો એટલા માટે હઝરત સઅદે એ બાળકને લઈ લીધો અને અબ્દ બિન ઝમ્અહએ વાંધો ઉઠાવ્યો. તો હુઝૂર ﷺએ એક એવો ક્વાનૂન ઈર્શાદ ફર્માવ્યો જેના થકી ક્યામત સુધી કરોડો નિર્દોષોની જિંદગી સંવરી જ ગઈ નહીં બલ્કે એમને સમાજમાં બાઈજ્જત સ્થાન મળી ગયું.

الولد للفراش : **فراش**નો અર્થ બિસ્તર છે. અહીં બિસ્તરવાળો મુરાદ છે એટલે કે જેને એ સ્ત્રી સાથે સંભોગ હલાલ હોય, ચાહે નિકાહ થકી ચાહે મિલ્કે યમીન (બાંદી હોવના કારણે) **وللعاهر الحجر** "અને ઝાની માટે પથ્થર છે, એટલે કે કાંઈ નહીં." સંગસાર કરવું મુરાદ નથી. એટલા માટે કે દરેક ઝાનીને સંગસાર કરવાનો હુકમ નથી, બલ્કે એના માટે ઝાનીનું મુહસિન (અપરણીત) હોવું શર્ત છે.

هولك : બુખારી મગાઝીમાં છે : **هولك هو اخوك يا عبد بن زمعه** "આ તારા માટે છે, આ તારો ભાઈ છે. હે અબ્દ બિન ઝમ્અહ !" એનાથી જાહેર છે કે **هولك** થી મુરાદ એ છે કે તમે એને લઈ જાવ, તમારા કુટુંબમાં નાના ભાઈની હૈસિયતથી એનો ઉછેર કરો. એનો નસબ તમારા બાપથી સાબિત છે. એ મુરાદ નથી કે એ તમારી માલિકીમાં છે, તમારો ગુલામ છે, જેવો કે દસ્તૂર હતો કે લોંડીની જે ઔલાદ આક़ા (માલિક)થી ન હોય તે ગુલામ માનવામાં આવતી હતી. આ મુરાદના બાતિલ (ગલત) હોવા માટે ખૂદ **الولد للفراش** દલીલ છે. અને મગાઝીનું ઉપરોક્ત લખાણ કે "આ તારો ભાઈ છે" એના પર નસ્સે જલી (સ્પષ્ટ પુરાવો) છે.

احتجبی : મુસ્નદે અહમદ (૪/૫) તથા નિસાઈ (૨/૧૧૦–અત્તલાક़)માં હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેરની હદીષમાં આ પણ છે : **فانه ليس لك باخ** "એ તમારો ભાઈ નથી." હવે સવાલ એ પેદા થાય છે કે હુઝૂરે અક़દસ ﷺએ ફૈંસલો ફર્માવી આપ્યો કે ઝમ્અહનો પુત્ર છે તો ઉમ્મુલ મોમિનીન હઝરત સૌદા رضی اللہ عنہا ને એનાથી પર્દો કરવાનો હુકમ શાથી આપ્યો ? એક જવાબ તો જાહેર છે કે એ હુકમ વરઅના રૂપે હતો, અને એનાથી પ્રકરણને સામ્યતા છે. અને બીજો જવાબ એ છે કે હુઝૂરે અક़દસ ﷺને એ હક્ક़ હાંસલ છે કે આંત્રિક રૂપે હક़ીક़તના પ્રમાણે જે સ્થિતિ હોય એના પર અમલ કરવાનો કોઈને હુકમ આપી દે. હુઝૂરે અક़દસ ﷺ માકાન વમાયકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ના આલિમ હતા. પોતાના ઈલ્મ થકી જાણી લીધું હતું કે આ બાળક ઉત્બાના નુત્ફાથી છે. વળી તેનું ઉત્બાની સાથે મળતાપણુ એના પર ક़રીનો છે. એટલા માટે હઝરત સૌદા رضی اللہ عنہا ને એનાથી પર્દો કરવાનો હુકમ આપ્યો.

મહાન ફાયદો : હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ એ આ ઈર્શાદ **احتجبی منه** થી દલીલ રજૂ કરી કે ઝિનાથી હુર્મતે મુસાહેરત (હંમેશ માટે વિવાહ હોવા) સાબિત થઈ જાય છે. જો કોઈએ કોઈ સ્ત્રીની સાથે બદકારી કરી તો તે સ્ત્રી ઝિના કરનારના ઉસૂલ તથા ફુરૂઅ (ઔલાદ તથા ઔલાદની ઔલાદ) પર હરામ થઈ જાય છે. દલીલ રજૂ કરવાનુ કારણ એ છે કે, એમ છતાં કે ફૈંસલો એ આપ્યો કે આ બાળક ઝમ્અહનું છે. આ તક़દીર પર એ ઉમ્મુલ મોમિનીન હઝરત સૌદાનો ભાઈ થયો. પણ બાતિની (આંત્રિક) નજરમાં કેમ કે એ ઉત્બાના નુત્ફાનો હતો એટલા માટે એનાથી પર્દો કરવાનો હુકમ આપ્યો. જો ઝિના, હુર્મતની (હરામ થવાની) સાબિતીમાં અસરકારક ન હોત તો પર્દાના હુકમનું કોઈ કારણ ન હતું.

બીજો ફાયદો : હદીષ **الولد للفراش وللعاهر الحجر** અગ્યાર સહાબાએ કિરામથી રિવાયત થયેલી છે. ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા, અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન, હઝરત અબૂ હુરૈરહ, હઝરત અબૂ ઉમામા, અમીરુલ મોમિનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર, હઝરત અમ્ર ઈબ્ને ખારિજહ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, હઝરત બરાઅ બિન આઝિબ, હઝરત ઝયદ બિન અરક़મ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ.

بَابُ مَا يُتَنَزَّهُ مِنَ الشُّبُهَاتِ ص ٢٧٦

"શંકાસ્પદ ચીજોથી બચવામાં આવે." –(૨૭૬)

حديث ١٢٠٦ عَنْ طَلْحَةَ عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ مَرَّ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, નબી ﷺ જઈ રહ્યા હતા અને એક **[હદીષ : ૧૨૦૬]**

عَلَيْهِ وَسَلَّمَ بِتَمْرَةٍ مَسْقُوْطَةٍ فَقَالَ لَوْلَا اَنْ تَكُوْنَ صَدَقَةً لَاَكَلْتُهَا۔

ખજૂર પડેલી હતી. ફર્માવ્યું, જો એની શંકા ન હોત કે સદકો હોય તો હું ખાઈ લેત."

ت ٣٧٧ وَقَالَ هَمَّامٌ عَنْ اَبِيْ هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَجِدُ تَمْرَةً سَاقِطَةً عَلٰى فِرَاشِيْ ۔

"હમ્મામે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે હુઝૂરે ફર્માવ્યું, **[તઅલીક : ૩૭૭]**

હું મારા બિસ્તર પર ખજૂર જોઉં છું."

–અલહદીષ (બુખારી ૧/૩૨૮ અલ્ લુકતા, મુસ્લિમ–ઝકાત, અબૂ દાઉદ–ઝકાત)

તઅલીક : ૩૭૭ની સમજૂતી

وقال همام આ તઅલીક છે એને કિતાબુલ્ લુકતા મુત્તસિલ સનદ સાથે વિગતવાર આ પ્રમાણે વર્ણવી છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺ એ ફર્માવ્યું, હું મારા ઘરવાળાંમાં પાછો ફરીને આવું છું તો ક્યારેક બિછૌના પર ખજૂર પડેલી જોઉં છું. અને ખાવાની નિય્યતથી ઉઠાવું છું પછી અંદેશો થાય છે કે ક્યાંક સદકો ન હોય જેથી ફેંકી દઉં છું. આ હમ્મામ બિન મુનબ્બહ, વહબ બિન મુનબ્બહના ભાઈ છે.

પ્રકરણનો ફાયદો : વસવસા તથા શંકામાં એક હદ સુધી મળતાપણુ છે. એટલા માટે જરૂરી હતું કે બંનેવ વચ્ચેનો ફરક સ્પષ્ટ કરી દેવામાં આવે, એના માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું છે. માણસના દિલમાં જે પાયા વિનાની વાતો આવે તે વસવસો છે. એમાં શૈતાની દખલ હોય છે એનાથી બચવાનો હુકમ છે. શંકાસ્પદ વાત એ છે જેનો કોઈ પાયો હોય. આ ફરકને સ્પષ્ટ કરવા માટે ઈમામ બુખારી પ્રથમ ઓબાદ બિન તમીમની તે હદીષ જેને તે પોતાના કાકા (અબ્દુલ્લાહ બિન ઝયદ)થી રિવાયત કરે છે કે નબી ﷺ થી એ શિકાયત કરવામાં આવી કે એક શખ્સ નમાઝમાં વા સરવાનુ મેહસૂસ કરે છે શું તે નમાઝ તોડી નાખે ? તો ફર્માવ્યું, નહીં ! જ્યાં સુધી અવાજ સાંભળે અથવા ગંધ ન સૂંઘી લે. આ હદીષ ભાગ–૧, પેજ–૪૪૮ પર વર્ણન થઈ ચૂકી છે. ત્યાં મેં સાબિત કર્યું છે કે એનાથી મુરાદ હવા ખારિજ થવાનુ યકીન છે, ભલે ન અવાજ પેદા થાય ન બદબૂ મેહસૂસ થાય. દરેક માણસ જાણે છે કે કદી કદી હવા અવાજ વિના ખારિજ થાય છે અને તેનું સરવુ વિના કોઈ શંકા કુશંકાએ મેહસૂસ થાય છે અને એમાં દુર્ગંધ પણ નથી હોતી. પણ ક્યારેક એવું થાય છે કે હવા ખારિજ થવાનો અંદેશો થાય છે જો કે ખારિજ નથી થતી. તો આ આખરી સ્થિતિના બારામાં એ ફર્માવ્યું કે એનાથી વુઝૂ નથી તૂટતુ કે એ પાયા વિનાનું હોવાના કારણે વસવસો છે. શૈતાનનો હેતુ એનાથી સમય વેડફાવવું છે, એના પર ધ્યાન ન આપો. આ પરથી જણાયું કે વસવસો તે છે જે પાયાહિન હોય અને એના પર ધ્યાન આપવું જોઈએ નહીં.

بَابُ مَنْ لَمْ يَرَ الْوَسَاوِسَ وَنَحْوَهَا مِنَ الشُّبُهَاتِ ص ٢٧٦

"વસવસો વગેરે શંકાસ્પદ ચીજોમાં સામેલ નથી" –(૨૭૬)

ت ٣٧٨ وَقَالَ ابْنُ أَبِي حَفْصَةَ عَنِ الزُّهْرِيِّ لَا وُضُوءَ إِلَّا فِيمَا وَجَدْتَ التِّرِّيحَ أَوْ سَمِعْتَ الصَّوْتَ

[તઅલીક : ૩૭૮]

"ઈમામ ઝુહરીએ ફર્માવ્યું, વુઝૂ એ સ્થિતિમાં છે કે ગંધ મેહસૂસ કરે અથવા અવાજ સાંભળે."

حديث ١٢٠٧ حَدَّثَنَا هِشَامُ بْنُ عُرْوَةَ عَنْ أَبِيهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهَا أَنَّ

[હદીષ : ૧૨૦૭]

"હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે કેટલાક લોકોએ

قَوْمًا قَالُوا يَا رَسُولَ اللهِ إِنَّ قَوْمًا يَأْتُونَنَا بِاللَّحْمِ لَا نَدْرِي أَذَكَرُوا اسْمَ اللهِ عَلَيْهِ أَمْ لَا فَقَالَ النَّبِيُّ

અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમુક લોકો અમારી પાસે ગોશ્ત લાવે છે, અમે નથી જાણતા કે એના પર (ઝબહ

صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ سَمُّوا اللهَ عَلَيْهِ وَكُلُوهُ –

વખતે) અલ્લાહનું નામ લીધું છે કે નહીં ?! તો નબી ﷺએ ફર્માવ્યું, એના પર બિસ્મિલ્લાહ પઢી લો અને ખાવ."

તઅલીક : ૩૭૮ની સમજૂતી

આ તઅલીકનો પણ એ જ ખુલાસો છે જે ઓબાદ બિન તમીમની હદીષનો છે. આ હદીષના રાવી ઈમામ ઝુહરી છે. તેમણે હદીષના પાક શબ્દોમાં પોતાનો મુદ્દો બયાન ફર્માવ્યો. હેતુ એ જ યકીન છે. વસવસો ભરોસાપાત્ર નથી. એની દલીલ આ હદીષ છે કે હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું :–

ان الله تجاوز عن امتى ما حدثت به انفسها ما لم تعمل به او تتكلم "બેશક ! અલ્લાહ તઆલાએ મારી ઉમ્મતના જીવમાં જે વાતો આવી એને દરગુઝર ફર્માવી આપી જ્યાં સુધી એના પર અમલ ન કરે, અથવા જીભ વડે ન કહે." (બુખારી, ૨/૭૯૪) આ હુકમ નમાઝની હાલત સાથે ખાસ છે. શકમાં નમાઝ તોડવામાં નુકસાન એ છે કે દા.ત. જમાઅત સાથે નમાઝ પઢી રહ્યો છે અને તોડી નાખી તો જમાઅતથી મેહરૂમ રહેશે. અને જો એકલો (મુન્ફરિદ) પઢે છે તો સમય બર્બાદ થશે, નહીં તો વુઝૂ હોવા છતાં વુઝૂ કરવું નૂરુન આ'લા નૂર છે. તો શંકાની હાલતમાં એથી વિશેષ અફઝલ થશે.

હદીષ : ૧૨૦૭ની સમજૂતી

ياتوننا بالحم : જાહેર છે કે એ લાવનાર મુસલમાન હતા પણ કેમ કે શરીઅતના હુકમોથી સારી પેઠે વાકેફ ન હતા એટલા માટે શંકા ગઈ કે ક્યાંક બિસ્મિલ્લાહ પઢયા વિના તો ઝબહ નથી કર્યું ! જવાબનો સાર એ છે કે મુસલમાન સાથે સારું ગુમાન રાખવુ લાઝિમ છે એટલા માટે કે અસ્લ એ જ છે કે જ્યારે લાવનાર મુસલમાન છે તો તેમણે બિસ્મિલ્લાહ પઢીને ઝબહ કર્યું હશે. છેવટમાં જે ફર્માવ્યું **سموا الله وكلوه** એને ખાતી વખતે બિસ્મિલ્લાહ પઢવાના હુકમનો હેતુ છે. એ મુરાદ નથી કે જો જાણીબુઝીને બિસ્મિલ્લાહ પઢયા વિના ઝબહ કર્યું હોય અને ખાતી વખતે બિસ્મિલ્લાહ પઢી લીધું તો હલાલ છે. અહીં પણ શંકા પાયા વિનાની હતી એટલા માટે એનો એતેબાર ન કર્યો અને રદ કરી આપ્યો.

باب من لم يبال من حيث كسب المال ص۲۷۶

"જેને એની પરવા ન હોય કે ક્યાંથી માલ કમાયો." *–(૨૭૯)*

حدیث ۱۲۰۸ [હદીષ : ૧૨૦૮] حَدَّثَنَا سَعِيدُ الْمَقْبُرِيُّ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ عَنِ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે ફર્માવ્યું, લોકો પર એવો જમાનો આવશે કે કોઈ

النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ يَأْتِي عَلَى النَّاسِ زَمَانٌ لَا يُبَالِي الْمَرْءُ مَا أَخَذَ مِنْهُ أَمِنَ الْحَلَالِ أَمْ مِنَ الْحَرَامِ۔

એવી પરવા નહીં કરે કે કઈ રીતે માલ લીધો છે, હલાલ તરીકાથી કે હરામ." (બુખારી, ૧/૨૭૯, નિસાઈ–બુયૂઅ)

હદીષ : ૧૨૦૮ની સમજૂતી

દુનિયાની લિજ્જતોમાં ગુમ થઈ જવાનું પરિણામ એ નીકળે છે કે ખુદાથી ન ડરવું અને દીનમાં સુસ્તી આવવી તથા માલ ભેગો કરવાની હવસ જાગે છે. એ વખતે માણસ એ નથી જોતો કે મારી આવક હલાલ ઝરીયાથી થઈ રહી છે કે હરામ ઝરીયાથી. એક હદીષમાં છે, ફર્માવ્યું : એક જમાનો એવો આવશે કે વ્યાજથી કોઈ બચશે નહીં. કાંઈ નહીં તો તેની ધૂળથી પણ ખરડાશે. (મુસ્તદરક લિલ હાકિમ, ૨/૧૧) હરામ માલની સૌથી મોટી નહૂસત એ છે કે **હરામ માલ ખાનારની દુઆ કબૂલ નથી થતી.** હઝરત અનસ رضی اللہ عنہ એ હુઝૂરે અકદસ ﷺ ને અર્ઝ કરી **اجعلنی مستجاب الدعوة** "મને મુસ્તજાબુદ્દુઆ બનાવી આપો. ફર્માવ્યું, હે અનસ ! તારી કમાઈ પાક કર ! તારી દુઆ કબૂલ કરવામાં આવશે." **જો કોઈ હરામનો એક કોળિયો પોતાના મોઢામાં રાખી દે છે તો ચાલીસ દિવસ સુધી તેની દુઆ કબૂલ નથી થતી.** *(ઉમ્દતુલ કારી ૧૧, પેજ–૧૭૪)*

بَابُ التِّجَارَةِ فِي الْبَزِّ وَغَيْرِهِ ٢٧٨

"કપડાં વગેરેમાં વેપારનું બયાન" –(૨૭૮)

وَقَوْلِ اللّٰهِ عزوجل رِجَالٌ لَّا تُلْهِيْهِمْ تِجَارَةٌ وَّلَا بَيْعٌ عَنْ ذِكْرِاللّٰهِ (النور-٣٧) અને અલ્લાહના આ ઈર્શાદનો કે "તે લોકો જેમને સોદો અને ખરીદ વેચાણ અલ્લાહની યાદથી ગાફેલ નથી કરતાં." (સૂ. નૂર–૩૭) અહીં ત્રણ રિવાયતો છે : البز وغيره અને બીજી البَرّ ખુશ્કી (જમીન)ના અર્થમાં. ત્રીજી البُرُّ ઘઉંના અર્થમાં. હદીષમાં કોઈ શબ્દ એવો નથી જે આ ત્રણેવમાંથી કોઈ પર ખાસ કરીને દલીલ પૂરી પાડે. આ ત્રણેવ પણ હદીષના ઉમૂમ (સામાન્યપણા)થી જ દલીલ થઈ શકે છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, નજીકતર એ છે કે આ શબ્દ البَرُّ ખુશ્કીના અર્થમાં હોય. કેમ કે એના પછી બહર એટલે દરિયાનું પ્રકરણ રચ્યું છે. મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ બુખારીના હાશિયામાં એને જ અગ્રતા આપી છે. મોટાભાગના નુસ્ખાઓમાં وغيره નથી કેવળ ઈસ્માઈલી અને કરીમાના નુસ્ખામાં છે. وغيره હોવાની સ્થિતિમાં અધિક સહીહ એ છે કે આ શબ્દ البَزُّ ઝાએ મુઅજમા ("ઝે")ની સાથે હોય.

ت ٣٧٩ وَقَالَ قَتَادَةُ كَانَ الْقَوْمُ يَتَبَايَعُوْنَ وَيَتَجَرُوْنَ وَلٰكِنَّهُمْ اِذَا نَابَهُمْ حَقٌّ مِّنْ حُقُوْقِ اللّٰهِ لَمْ

"અને કતાદાએ કહ્યું, લોકો ખરીદ વેચાણ કરતા, વેપાર કરતા, પરંતું જ્યારે **[તઅલીક : ૩૭૯]**

تُلْهِهِمْ تِجَارَةٌ وَّلَا بَيْعٌ عَنْ ذِكْرِاللّٰهِ حَتّٰى يُؤَدُّوْهُ اِلَى اللّٰهِ.

અલ્લાહના હક્કોમાંથી કોઈ હક્ક સામે આવી જતો તો વેપાર તથા ખરીદ વેચાણ અલ્લાહના ઝિકથી એમને ગાફેલ નથી કરતું ત્યાં સુધી કે એને અદા કરી લેતા."

તઅલીક : ૩૭૯ની સમજૂતી

આ તઅલીકમાં કૌમથી મુરાદ **સહાબાએ કિરામ** છે. **તેમનો હાલ એ હતો કે ખરીદ વેચાણમાં હોતા. જ્યારે અઝાન સાંભળતા તો ઝડપભેર અલ્લાહના હક્કની અદાયગીના માટે ચાલી નીકળતા.** ઈમામ અબ્દુર્રઝ્ઝાકે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી છે કે **એ બજારમાં હતા એવામાં નમાઝ કાયમ થઈ, લોકોએ દુકાનોને તાળાં લગાડયાં અને મસ્જિદે ચાલ્યા ગયા.** એમના જ બારામાં આ આયત નાઝિલ થઈ છે. અલ્લામા ઈબ્ને બત્તાલે કહ્યું, મેં આ આયતની તફસીરમાં જોયું છે કે **લુહાર હથોડો ઉઠાવી ચૂક્યો હોતો અને અઝાન સાંભળતો તો તે મારતો નહીં પણ ફેંકીને નમાઝના માટે ચાલી નીકળ તો. મોચી સોય ભોંકી દેતો અને અઝાન સાંભળતો તો એ જ સ્થિતિમાં છોડીને મસ્જિદ તરફ ચાલી નીકળતો.** એનાથી પ્રકરણના બંને ભાગ સાબિત થઈ ગયા. સહાબાએ કિરામ, વેપાર ખરીદ વેચાણ કર્યા કરતા હતા અને એમાં કોઈ ખાસ વેપાર નિશ્ચિત ન હતો. તેમજ વેપારમાં કારોબારમાં વ્યસ્તતા અલ્લાહની યાદથી ગાફેલ કરતી ન હતી.

حديث ١٢٠٩ أَخْبَرَنِي عَمْرُو بْنُ

"અબુલ મિન્હાલથી મરવી છે કે એમણે કહ્યું, હું સર્ફનો વેપાર કરતો હતો. **[હદીષ : ૧૨૦૯]**

دِينَارٍ عَنْ أَبِي الْمِنْهَالِ قَالَ كُنْتُ أَتَّجِرُ فِي الصَّرْفِ فَسَأَلْتُ زَيْدَ بْنَ أَرْقَمَ فَقَالَ قَالَ النَّبِيُّ صَلَّى

મેં હઝરત ઝયદ ઈબ્ને અરકમથી પૂછયું તો બતાવ્યું કે નબી ﷺએ ફર્માવ્યું, અમ્ર બિન દીનાર અને આમિર

اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ - ح - أَخْبَرَنِي عَمْرُو بْنُ دِينَارٍ وَعَامِرُ بْنُ مُصْعَبٍ أَنَّهُمَا سَمِعَا أَبَا الْمِنْهَالِ

બિન મુસ્અબે ખબર આપી કે બંને સાહબોએ અબુલ મિન્હાલથી સાંભળ્યું, તે કહેતા હતા કે મેં બરાઅ બિન

يَقُولُ سَأَلْتُ الْبَرَاءَ بْنَ عَازِبٍ وَزَيْدَ بْنَ أَرْقَمَ عَنِ الصَّرْفِ فَقَالَا كُنَّا تَاجِرَيْنِ عَلَى عَهْدِ

આઝિબ અને હઝરત ઝયદ બિન અરકમથી સર્ફના બારામાં પૂછયું તો એ બંને સાહબોએ બતાવ્યું કે અમે

رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَسَأَلْنَا رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ عَنِ

રસૂલુલ્લાહ ﷺના જમાનામાં વેપારી હતા. અમે રસૂલુલ્લાહ ﷺથી સર્ફના બારામાં પૂછયું તો ફર્માવ્યું, જો

الصَّرْفِ فَقَالَ إِنْ كَانَ يَدًا بِيَدٍ فَلَا بَأْسَ وَإِنْ كَانَ نَسِيئًا فَلَا يَصْلُحُ - ع -

હાથોહાથ છે તો કાંઈ વાંધો નથી અને જો ઉધાર હોય તો દુરુસ્ત નથી."

(બુખારી, ૧/૨૯૧, ૧/૩૪૦, ૧/૫૬૧ હિજરતુન્નબી ﷺ, મુસ્લિમ, નિસાઈ–બુયૂઅ)

હદીષ : ૧૨૦૯ની સમજૂતી હિજરતુન્નબી ﷺ માં આ હદીષ આ પ્રમાણે વિગતવાર છે. અબુલ મિન્હાલ અબ્દુર્રહમાન બિન મુત્ઈમ બિનાનીએ કહ્યું કે મારા એક ભાગીદારે બજારમાં અમુક દિરહમો ઉધાર વેચ્યા તો મેં કહ્યું, સુબ્હાનલ્લાહ ! શું આ દુરુસ્ત છે ? તો એણે કહ્યું, સુબ્હાનલ્લાહ ! મેં બજારમાં વેચ્યું તો કોઈએ અયબ ન સમજ્યું. હવે મેં બરાઅ ઈબ્ને આઝિબથી પૂછયું તો તેમણે બતાવ્યું કે નબી ﷺ (મદીના) તશરીફ લાવ્યા અને અમે આ ખરીદ વેચાણ કરતા હતા તો ફર્માવ્યું, જે હાથોહાથ (રોકડ) હોય એમાં કોઈ વાંધો નથી અને જો ઉધાર હોય તો દુરુસ્ત નથી. અને તમે ઝયદ બિન અરકમથી મળો અને પૂછો કેમ કે એ અમારાથી મોટા વેપારી હતા. મેં હઝરત ઝયદ બિન અરકમથી પૂછયું તો એમણે એના જેમ જ ફર્માવ્યું. આ હદીષના રાવી સુફ્યાન બિન માઉયયના ક્યારેક આ પ્રમાણે રિવાયત કરતા કે હઝરત બરાઅ બિન આઝિબે ફર્માવ્યું કે નબી ﷺ મદીના તયબહ તશરીફ લાવ્યા અને અમે હજની મોસમ સુધીના વાયદા પર ઉધાર આ ખરીદ વેચાણ કરતા હતા.

باب بيع الورق بالذهب نسيئة માં એટલું અધિક છે કે **فكل واحد منها يقول هذا خير مني** હઝરત બરાઅ અને હઝરત ઝયદ બિન અરકમમાંથી દરેક બુઝુર્ગ એવું કહેતા હતા કે આ એટલે બીજા સાહબ મારાથી બેહતર છે.

બયએ સરફ : ષમન (કિંમત)ને ષમનના બદલામાં વેચવાને બયએ સરફ કહે છે. દા.ત. ચાંદીને ચાંદીના બદલામાં અથવા સોનાના બદલામાં. ષમનના બે પ્રકારો છે : ખલ્ક઼ી, ઈસ્તેલાહી. ષમને ખલ્ક઼ી સોનુ તથા ચાંદી છે. ષમને ઈસ્તેલાહી : બે ચીજો જે ષમનિયતના માટે મખ્લૂક઼ નથી પણ લોકો તેનાથી ષમનનું કામ લે છે,

بَابُ الْخُرُوجِ فِي التِّجَارَةِ وَقَوْلِ اللهِ تَعَالَى فَانْتَشِرُوا فِي الْأَرْضِ وَابْتَغُوا مِنْ فَضْلِ اللهِ - پ۲۸ ع۱۵

"વેપાર માટે નીકળવું અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન કે ફર્માવ્યું, હવે જમીનમાં ફેલાય જાવ અને અલ્લાહનો ફઝ્લ તલાશ કરો." –જુમ્અહ (૨૭૭)

حديث ١٢١٠ عَنْ عُبَيْدِ بْنِ عُمَيْرٍ أَنَّ أَبَا مُوسَى الْأَشْعَرِيَّ اسْتَأْذَنَ عَلَى عُمَرَ بْنِ الْخَطَّابِ فَلَمْ يُؤْذَنْ

"હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ એ હઝરત ઉમર رضی اللہ عنہ ને ત્યાં હાજરીના **[હદીષ : ૧૨૧૦]**

لَهُ وَكَأَنَّهُ كَانَ مَشْغُولًا فَرَجَعَ أَبُو مُوسَى فَفَرَغَ عُمَرُ فَقَالَ أَلَمْ أَسْمَعْ صَوْتَ عَبْدِ اللهِ بْنِ قَيْسٍ

માટે ઈજાઝત માગી. તો એમને ઈજાઝત ન મળી કદાચ એ મશ્ગૂલ હતા. હઝરત અબૂ મૂસા પરત થઈ ગયા.

ષમનની જગાએ વાપરે છે, જેમ કે સોના ચાંદી સિવાય અન્ય ધાતુઓના રૂપિયા, પરચુરણ, નોટ. ષમને ખલ્ક઼ી (સોનુ ચાંદી વગેરે) દરેક હાલતમાં ષમન જ રહેશે ભલે ઢાળેલો સિક્કો ન હોય. સિલ (ટુકડો) હોય, ઝવેરાત હોય, વાસણો વગેરે હોય. ષમને ખલ્ક઼ીને ષમને ખલ્ક઼ીના બદલામાં વેચે અથવા ઈસ્તેલાહીના બદલામાં અથવા ઉલ્ટુ અથવા ષમને ઈસ્તેલાહીને ષમને ઈસ્તેલાહીના બદલામાં વેચે. આ સૌ બયએ સરફ઼ છે. બયએ સરફ઼ના સહીહ થવા માટે બે શરતો છે : પ્રથમ ઉધાર ન હોય રોકડે હોય. એટલે કે જે મજલિસમાં ખરીદ વેચાણ થયું એ જ મજલિસમાં ખરીદનાર માલને પોતાના કબજામાં કરી લે. બીજી જો માલ અને કિંમત એક જ જાતથી હોય તો બંનેનું વજનમાં બરાબર હોવું જરૂરી છે. એટલે કે વેચનાર અને ખરીદનાર એ જ મજલિસમાં જાણી લે કે બંનેવ બરાબર છે, વધઘટ વ્યાજ છે. એટલે કે જો ચાંદીને ચાંદીના બદલામાં અથવા સોનાને સોનાના બદલામાં વેચ્યું તો વજનમાં બરાબરી પણ શર્ત છે અને સોદાની મજલિસમાં કબજો પણ. અને બે જાતિ હોય તો વજનમાં વધઘટ જાઈઝ છે. પણ મજલિસમાં કબજો હજી પણ જરૂરી છે, નહીં તો એ પણ વ્યાજ છે. દા.ત. આજે ચાંદીનો ભાવ નક્કી કરીને સોનાના બદલામાં વેચ્યું અને કિંમતના માટે વાયદો નક્કી કર્યો તો એ પણ હરામ અને વ્યાજ છે.

એમાં રહસ્ય એ છે કે સોના ચાંદીની પહેચાન ખૂબ જ મુશ્કેલ છે, જો એમાં થોડીઘણી મિલાવટ હોય તો કસોટી પર પરખ્યા વિના નિષ્ણાત સર્રાફના સિવાય અન્ય કોઈ જાણી પણ નથી શક્તું. તો એનો ખતરો તો એ છે કે અદાયગીના સમયે ઝઘડો થઈ જાય. વેચનાર કહે કિંમત આનાથી ઊંચી નિશ્ચિત થઈ હતી તમે હલકી આપી રહ્યા છો. ખરીદનાર કહે માલ આવો નક્કી ન હતો આનાથી સારો નક્કી થયો હતો એટલા માટે શારેએ (હુઝૂર ﷺએ) આ ખરીદ વેચાણમાં ઉધાર મના કરી આપ્યું.

હદીષ : ૧૨૧૦ની સમજૂતી

استأذن : મુસ્નદે ઈમામ અહમદ અને મુસ્લિમમાં છે કે હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ એ ત્રણવાર ઈજાઝત માગી હતી. મુસ્લિમની બીજી રિવાયતમાં છે કે આ પ્રમાણે અર્ઝ કર્યું હતું :

السلام عليكم هذا عبدالله بن قيس۔ السلام عليكم هذا ابو موسى السلام عليكم هذا ابو موسى الاشعرى

મુસ્લિમની જ એક રિવાયતમાં છે કે હઝરત ઉમરે અર્ઝ કરી, હું મશ્ગૂલ હતો.

نومر بذالك : કિતાબુલ ઈસ્તીઝાન (૨/૯૨૩)માં આ જ બનાવ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની રિવાયતથી આ પ્રમાણે છે. હું અન્સારની એક મજલિસમાં હતો એવામાં અબૂ મૂસા આવ્યા. તે ગભરાયેલા જણાય રહ્યા હતા અને કહ્યું, મેં ઉમરથી ત્રણવાર રજા માગી. મને અંદર જવાની ઈજાઝત ન મળી તો હું પાછો આવી ગયો. તેમણે બોલાવીને પૂછ્યું, કઈ ચીજે તમને મના કર્યું ? મેં અર્ઝ કરી, મેં ત્રણવાર રજા માગી અને

اِئْذَنْ لَهُ اِلَيْهِ قِيْلَ قَدْ رَجَعَ فَدَعَاهُ فَقَالَ كُنَّا نُؤْمَرُ بِذٰلِكَ فَقَالَ تَأْتِيْنِيْ عَلٰى ذٰلِكَ بِالْبَيِّنَةِ فَانْطَلَقَ

એના પર હઝરત ઉમર ગભરાયા અને ફર્માવ્યું, શું મેં અબ્દુલ્લાહ ઈબ્ને કૈસનો અવાજ સાંભળ્યો ન હતો ?

اِلٰى مَجْلِسِ الْاَنْصَارِ فَسَاَلَهُمْ فَقَالُوْا لَا يَشْهَدُ عَلٰى هٰذَا اِلَّا اَصْغَرُنَا اَبُوْ سَعِيْدِ الْخُدْرِيُّ فَذَهَبَ بِاَبِيْ

એમને અંદર આવવા પરવાનગી આપો. અર્ઝ કરવામાં આવી, તે પાછા જતા રહ્યા. તો એમને બોલાવ્યા.

سَعِيْدِ الْخُدْرِيِّ فَقَالَ عُمَرُ اَخْفٰى عَلَيَّ مِنْ اَمْرِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَلْهٰكُمُ الصَّفْقُ بِالْاَسْوَاقِ يَعْنِيْ

હઝરત અબૂ મૂસાએ કહ્યું, અમને એનો જ હુકમ આપવામાં આવ્યો છે. ફર્માવ્યું, સબૂત લાવો ! હવે હઝરત

اَلْخُرُوْجُ اِلَى التِّجَارَةِ

અબૂ મૂસા અન્સારની મજલિસમાં ગયા અને એમને પૂછ્યું, તેમણે કહ્યું, એના માટે અમારામાં જે સૌથી નાનો છે તે ગવાહી આપશે, એટલે અબૂ સઈદ ખુદરી. એ અબૂ સઈદ ખુદરીને લઈને હાજર થયા તો હઝરત ઉમરે ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺનો આ હુકમ મારાથી છુપો રહ્યો, મને બજારોમાં ખરીદ વેચાણે મેહરૂમ રાખ્યો. એટલે કે વેપારમાં મશ્ગૂલિયતના કારણે દરબારથી ગેરહાજરી."

(બુખારી, ૨/એઅતેસામ, મુસ્લિમ–ઈસ્તીઝાન, અબૂ દાઉદ–અદબ, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૪૦૦)

જ્યારે રજા ન મળી તો પરત થઈ ગયો. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે જ્યારે કોઈ ત્રણવાર ઈજાઝત માગે અને તેને ન મળે તો પરત થઈ જાય.

تاتني على ذالك بالبينة : કિતાબુલ એઅતેસામ અને મુસ્લિમમાં આ પણ છે, "નહીં તો તમારી સાથે આવું કરીશ, તમને શિક્ષા કરીશ." એનાથી હઝરત ઉમર رضی اللہ عنہ નો હેતુ એ ન હતો કે ખબરે વાહિદ મક્બૂલ નથી બલ્કે કેમ કે હઝરત ઉમર ખૂદ બારગાહે રિસાલતમાં ખાસ હાજરી આપનારા હતા અને એને સાંભળ્યું ન હતું, જેથી આશ્ચર્ય થયું. અને અધિક સમર્થન માટે આવુ ફર્માવ્યું. મોઅત્તામાં છે : **لا اتهمك** હું તમને જૂઠો ન માનતો. એનાથી એ જરૂર સાબિત થયું કે ખબરે વાહિદ ગુમાન માટે ફાયદાકારક છે યક્ીન માટે ફાયદાકારક નથી. પણ હવે એ પ્રશ્ન રહી જાય છે કે હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ મહાન સહાબાએ કિરામ તથા ખાસ વિશ્વાસુઓમાંથી હતા. ખૂદ હઝરત ઉમરે તેમને આમિલ બનાવ્યા. હુઝૂર ﷺએ તેમને સદકા વસૂલ કરવા માટે મોકલ્યા, તો પછી હઝરત ઉમરે એમની વાત પર વિશ્વાસ કેમ ન કર્યો ? બલ્કે એનું સમર્થન ન લાવવાની સ્થિતિમાં એમને સજાની ધમકી પણ આપી. શક્ય છે કે એ વખતે હઝરત ઉમરની પાસે કેટલાક નવ મુસ્લિમ અન્ય શહેરથી હાજર હોય તેમને સાવધાન કરવાનો હેતુ રહ્યો હોય કે રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરવું એટલું આસાન નથી ! કે જે ચાહે કહી આપે અને માની લેવામાં આવે, જેથી એમાં જેઓ દિલના બીમાર હોય એમનાથી હિંમત ન થાય.

فقالوا : કિતાબુલ ઈસ્તીઝાનમાં છે કે આવું કહેનાર હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ હતા. એમણે જે ફર્માવ્યું કે એની ગવાહી અમારામાં જે સૌથી નાનો છે તે આપશે એ આશ્ચર્ય પ્રદર્શિત કરવા માટે છે કે આ હદીષ ખૂબ જ મશ્હૂર તથા પ્રખ્યાત છે, લગભગ દરેક શખ્સને ખબર છે ત્યાં સુધી કે અમારાં નાનાં બાળકોને પણ ખબર છે. જ્યારે કે હઝરત ઉમરના ઈલ્મનો આલમ એ છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, જો ઉમરનો ઈલ્મ એક પલ્લામાં અને પૂરી જમીનના જીવંત લોકોના ઈલ્મ બીજા પલ્લામાં હોય તો હઝરત ઉમરનો ઈલ્મ વધી જશે.

بَابُ التِّجَارَةِ فِي الْبَحْرِ ص ٢٧٧

"દરિયામાં વેપારનું બયાન" –(૨૭૭)

ت ٣٨٠ وَقَالَ مَطَرٌ لَا بَأْسَ بِهِ وَمَا ذَكَرَهُ اللّٰهُ فِي الْقُرْاٰنِ إِلَّا بِحَقٍّ ثُمَّ تَلَا وَتَرَى

"અને મતરે કહ્યું કે એમાં કોઈ વાંધો નથી. અને કુર્આનમાં અલ્લાહ ﷻ એ સાચુ જ **[તઅલીક़ : ૩૮૦]**

الْفُلْكَ فِيهِ مَوَاخِرَ لِتَبْتَغُوا مِنْ فَضْلِهِ - نا ١٢ وَالْفُلْكُ السُّفُنُ الْوَاحِدُ وَالْجَمْعُ سَوَاءٌ.

વર્ણન કર્યું છે. પછી તેમણે આ આયત તિલાવત કરી : "અને તમે આ (દરિયા)માં નાવડીઓને જુઓ છો કે પાણી ચીરે છે જેથી તમે અલ્લાહના ફ઼ઝ્લને તલાશ કરો." (ફ઼ાતિર–૧૨)

ફુલ્કનો અર્થ નાવડીઓ છે. એકવચન અને બહુવચન બરાબર છે.

ت ٣٨١ وَقَالَ مُجَاهِدٌ تَمْخَرُ السُّفُنُ مِنَ الرِّيحِ وَلَا تَمْخَرُ الرِّيحُ مِنَ السُّفُنِ إِلَّا الْفُلْكُ الْعِظَامُ.

"અને ઈમામ મુજાહિદે ફ઼ર્માવ્યું, નાવડીઓ હવાથી ફાટે છે અને હવા **[તઅલીક़ : ૩૮૧]**

નાવડીઓથી નથી ફાટતી પણ એ નાવો કે જે મોટી હોય."

તઅલીક़ : ૩૮૦ની સમજૂતી

એ મતર વર્રાક़ બસરીની સાથે મશ્હૂર છે. એમનું નામ અબૂ મતર બિન તુહમાન અબૂ રજા હિરાની છે. બસરામાં આવ્યા હતા એટલા માટે બસરી મશ્હૂર થયા. મુસ્હફ઼ શરીફ઼ લખ્યા કરતા હતા એટલા માટે વર્રાક़ કહેવાયા. હઝરત અનસથી હદીષ રિવાયત કરે છે. એક ક़ૌલ એ છે કે એ ઈરસાલ કર્યા કરતા હતા. ઈમામ અતાથી એમની રિવાયતને યહ્યા બિન સઅદે ઝઈફ઼ બતાવી. ઈબ્ને મુઈનથી પણ એ જ રિવાયત થયેલ છે, પણ ઈબ્ને હબ્બાને તેમને षિક़ાતમાં વર્ણવ્યા છે. ઈમામ બુખારીએ કિતાબુલ અફ઼આલમાં એમનાથી રિવાયત કરી અને અન્ય અસ્હાબે સિહાહ સિત્તહએ પણ. અલ્લામા કિર્માનીએ ફ઼ર્માવ્યું, એ ઈમામ બુખારીના ઉસ્તાદ મતર બિન ફ઼ઝ્લ મરૂઝી છે. મઝી અને શયખ કુત્બુદ્દીન હલ્બી વગેરેએ તેમને પણ વર્રાક़ કહ્યા.

પ્રકરણનો ફ઼ાયદો : કેમ કે દરિયાનો સફ઼ર ખતરનાક છે એટલા માટે સવાલ એ પેદા થાય છે કે વેપાર તથા દુનિયાવી કારોબારના માટે દરિયાની મુસાફ઼રીની તકલીફ઼ ઉઠાવીને ખતરો વહોરી લેવામાં આવે કે નહીં ? એના નિવારણના માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું.

والفلك : જાહેર છે કે ઈમામ બુખારીના આ ઈર્શાદનો મતલબ એ છે કે **فلك** તે થોડાક શબ્દોમાંથી છે જે એકવચન પણ છે અને બહુવચન પણ.

તઅલીક़ : ૩૮૧ની સમજૂતી

ઈમામ મુજાહિદના આ ઈર્શાદનો મતલબ એ છે કે કુર્આને કરીમમાં જે ફ઼ર્માવ્યું : **وترى الفلك فيه مواخر** "અને તમે સમુદ્રમાં કશ્તીઓને ફાડતાં જુઓ છો." એનાથી મુરાદ મોટી કશ્તીઓ (સ્ટીમરો) છે અને મુરાદ હવાને ફાડવું છે એટલા માટે કે નાની નાવડીઓ હવાનો મુક़ાબલો નથી કરી શક્તી. પરંતું સહીહ એ છે કે **فلك عام** સામાન્ય છે નાની મોટી સર્વ કશ્તીઓ મુરાદ છે અને "મુવાખિર"થી મુરાદ એ છે કે પાણીને ચીરે છે.

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى اَنْفِقُوْا مِنْ طَيِّبَاتِ مَا كَسَبْتُمْ ص ٢٧٧

"અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : તમારી પાક કમાઈઓમાંથી ખર્ચ કરો" –(૨૭૭)

حديث ١٢١١ عَنْ هَمَّامٍ قَالَ سَمِعْتُ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે ફર્માવ્યું, જ્યારે **[હદીષ : ૧૨૧૧]**

وَسَلَّمَ قَالَ اِذَا اَنْفَقَتِ الْمَرْاَةُ مِنْ كَسْبِ زَوْجِهَا مِنْ غَيْرِ اَمْرِهٖ فَلَهَا نِصْفُ اَجْرِهٖ ـــ ع ـه

પત્ની પોતાના પતિની કમાઈથી તેના હુકમ વિના ખર્ચ કરે તો એને અડધો સવાબ છે."

(બુખારી ૨/૮૦૦ અનૂનફકાત, મુસ્લિમ, અબૂ દાઊદ–ઝકાત)

بَابُ مَنْ اَحَبَّ الْبَسْطَ فِي الرِّزْقِ ص ٢٧٧

"જે રોજીમાં વિશાળતા પસંદ કરે" –(૨૭૭)

حديث ١٢١٢ قَالَ مُحَمَّدٌ هُوَ الزُّهْرِيُّ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ سَمِعْتُ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ ને એવું ફર્માવતાં **[હદીષ : ૧૨૧૨]**

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ مَنْ سَرَّهٗ اَنْ يُّبْسَطَ لَهٗ رِزْقُهٗ اَوْ يُنْسَاَ فِيْ اَثَرِهٖ فَلْيَصِلْ رَحِمَهٗ

સાંભળ્યા છે, જે રોજીમાં વિશાળતા અથવા ઉમરમાં વધારો (દરાઝી) ચાહતો હોય તે સિલએ રહમી (સગાંઓના સાથે સદવર્તાવ) કરે." *(મુસ્લિમ–અદબ, અબૂ દાઊદ–ઝકાત)*

હદીષ : ૧૨૧૧ની સમજૂતી

અહીં એ છે કે આ સ્થિતિમાં પત્નીને અડધો સવાબ છે. અને ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ની હદીષમાં છે **لا ينقص بعضهم اجر بعض شيئا**: એમાંથી કોઈ કોઈના અજરને કાંઈ કમ નહીં કરે. હું કહું છું : એનો જવાબ ખૂદ હઝરત ઉમ્મુલ મોમિનીનની હદીષમાં મૌજૂદ છે કે **كان لها اجرها بما انفقت ولزوجها بما كسبت** પત્નીને ખર્ચ કરવાનો સવાબ અને પતિને કમાવાનો. એટલે કે આ સદકામાં જે કુલ સવાબ થશે એનું અડધુ પતિનું થશે એટલા માટે કે એણે કમાયુ અને અડધુ પત્નીને, સદકો કરવા પર.

હદીષ : ૧૨૧૨ની સમજૂતી

يُنْسَأَ એનો માદ્દો **نَسْأ** છે બાબે ઈફઆલથી **انساء** મસ્દરથી મુઝારેઅ મજહૂલ છે. એનો અર્થ તાખીર છે. **اثر** નો અર્થ અહીં બાકીની ઉમર છે. **يُنْسَا فِى اثره** નો અર્થ છે **يؤخر فى بقية عمره** એનો સાર એ થયો કે એને પસંદ હોય કે તેની ઉમર લાંબી થઈ જાય. ઉમરની દરાઝી (લાંબી)થી મુરાદ અહીં બરકત છે. એટલે કે થોડી ઉમરમાં તે એટલાં મહત્વનાં અને અધિક પ્રમાણમાં કામો કરી જાય જે અધિક ઉમરવાળા ન કરી શકે. ઈમામ કાઝી અયાઝે ફર્માવ્યું, એનાથી મુરાદ ઝિક્રે ખૈરનું બાકી રહેવું છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

بَابُ شِرَاءِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِالنَّسِيْئَةِ ص ٢٧٨

"નબી ﷺનું ઉધાર ખરીદવું" –(૨૭૭)

حديث ١٢١٣ حَدَّثَنِي الْأَسْوَدُ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે નબી ﷺ એ [હદીષ : ૧૨૧૩]

عَلَيْهِ وَسَلَّمَ اِشْتَرٰى طَعَامًا مِّنْ رَّجُلٍ يَّهُوْدِيٍّ اِلٰى اَجَلٍ وَّرَهَنَهٗ دِرْعًا مِّنْ حَدِيْدٍ ؕ

એક યહૂદીથી અનાજ ખરીદયું અને પોતાનું લોખંડનુ બખ્તર ગીરો મૂક્યું."

(૧/૨૮૧, ૨૯૩, ૧/૩૨૧ અલ્ઈસ્તિક્રાદ, ૧/૩૦૦ અસ્સલમ, ૧/૩૪૧ અર્રહન, ૧/૪૦૯ અલ જિહાદ, ૨/૬૪૧ અલ મગાઝી, મુસ્લિમ, નિસાઈ–બુયૂઅ, ઈબ્ને માજહ–અલ્અહકામ)

فليصل رِحمه : رِحِمٌનો અર્થ રિશ્તાઓ (સગાઈઓ) છે. **સિલાએ રહમીથી મુરાદ સગાઈઓનો લેહાઝ કરવો,** એમની સાથે સદ્વર્તાવ કરવો. ઈમામ ક़ાઝી અયાઝે ફર્માવ્યું, સિલએ રહમી ગમે તે રીતે વાજિબ છે અને **સગાઈ કટ કરવી હરામ તથા કબીરા ગુનોહ છે.** આટલા સુધી એકમતિ છે. અલ્બત્ત સિલએ રહમી તથા ક़તએ રહમીના દરજાઓ અલગ અલગ છે. સિલએ રહમીનો અદના દરજો મળવુ જુલવું, વાતચીત કરવી છે અને ક़તએ રહમી એને છોડી દેવું છે. સિલએ રહમીના ફઝાઈલ હદીષોમાં પુષ્કળ પ્રમાણમાં આવેલ છે અને ક़તએ રહમીની ધમકીઓ પણ આવેલી છે જે એના પ્રકરણમાં વર્ણન પામશે. અહીં પ્રકરણથી સામ્યતા એ છે કે રોજી હાંસલ કરવા માટે ખરીદ વેચાણ સુન્નત મુજબ (મશરૂઅ) છે પણ રોજીમાં બરકત અલ્લાહ عزوجل ની દેન છે અને એક જાહેરી સબબ સિલએ રહમી (સગાંથી સદ્વર્તાવ) છે.

હદીષ : ૧૨૧૩ની સમજૂતી બીજા પ્રકરણમાં પ્રારંભમાં આટલુ વધારે છે : ઈમામ અઅમશે કહ્યું, અમે હઝરત ઈબ્રાહીમ નખઈને ત્યાં **સલમ એટલે ઉધાર** ખરીદવાના બારામાં રહન (ગીરો) વિશે ઉલ્લેખ કર્યો તો ફર્માવ્યું, એમાં વાંધો નથી. અમને અસ્વદે આ હદીષ વર્ણન કરી. અલ્જેહાદ અને મગાઝીમાં આટલુ અધિક છે કે નબી ﷺની વફાત એ હાલતમાં થઈ કે હુઝૂરનું બખ્તર ૩૦ સાઅ જવના બદલામાં એક યહૂદીને ત્યાં ગીરો હતું. પણ આ બારામાં વિવિધ રિવાયતો છે. એક રિવાયતમાં વીસ સાઅ આવ્યું છે. તિર્મિઝીમાં પણ ઈબ્ને અબ્બાસના તરીક़ાથી વીસ સાઅ જ છે. મુસ્નદે બઝ્ઝાઝમાં એમના તરીક़ાથી ચાલીસ સાઅ છે. મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક़માં એક વસક़ છે. નિસાઈની રિવાયતમાં ત્રીસ સાઅ છે. એ યહૂદીનું નામ અબૂ શહમા અથવા અબૂ શહમ હતું. વરઅનો અર્થ કુર્તો પણ થાય છે એટલા માટે **من حديد**થી એની તફસીર કરી આપી. આ (અજીબોગરીબ) મજાની વાત છે કે **دِرْعًا**નો શબ્દ બખ્તરના અર્થમાં મુઅન્નષ (સ્ત્રીવાચક) છે. અને કમીસના અર્થમાં મુઝક્કર (પુરૂષવાચક) છે. એ બખ્તર જે ગીરો રાખ્યું હતું એનું નામ **ذات الفضول** (ઝાતુલ ફુઝૂલ) હતું. બીજી રિવાયતોમાં 'સલમ'નો શબ્દ આવ્યો છે એનાથી બયએ સલમ મુરાદ નથી જેમાં ષમન (કિંમત) તરત આપવામાં આવે છે અને માલના માટે ગાળો નક્કી હોય છે, બલ્કે ઉધાર ખરીદવું મુરાદ છે.

મસાઈલ : આ હદીષથી માલૂમ પડયું કે અસલી કાફિરો સાથે ખરીદ વેચાણ જાઈઝ છે, ભલે તેમના માલો શંકાસ્પદ હોય, જ્યાં સુધી ખરીદેલી ચીજના બારામાં નિશ્ચિતપણે એ માલૂમ ન થાય કે એ હરામ માલ છે. અને એ જ હુકમ મુસલમાનોથી પણ ખરીદ વેચાણનો છે. જો કોઈ મુસલમાન હરામ તથા હલાલ બંનેવ કારોબાર કરતો હોય તો એની સાથે લેવડ દેવડ જાઈઝ છે જ્યાં સુધી ખરીદેલી કે વેચેલી ચીજના બારામાં નિશ્ચિતપણે

حدیث ١٢١٤ حَدَّثَنَا قَتَادَةُ عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهُ مَشٰى اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે (તેમણે વર્ણન કર્યું) કે તે જવની રોટી અને [હદીષ : ૧૨૧૪]

وَسَلَّمَ بِخُبْزِ شَعِيْرٍ وَّاِهَالَةٍ سَنِخَةٍ وَلَقَدْ رَهَنَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ دِرْعًا لَّهُ

બુદાર (ગંધરહિત) ચરબી લઈને નબી ﷺની ખિદમતમાં ગયા અને નબી ﷺએ મદીનામાં પોતાનું

بِالْمَدِيْنَةِ عِنْدَ يَهُوْدِيٍّ وَّاَخَذَ مِنْهُ شَعِيْرًا لِّاَهْلِهٖ وَلَقَدْ سَمِعْتُهُ يَقُوْلُ مَا اَمْسٰى عِنْدَ

બખ્તર એક યહૂદીને ત્યાં ગીરો રાખ્યું હતું અને એનાથી પોતાનાં ઘરવાળાં માટે જવ લીધા હતા. અને મેં

اٰلِ مُحَمَّدٍ صَاعُ بُرٍّ وَّلَا صَاعُ حَبٍّ وَّاِنَّ عِنْدَهٗ لَتِسْعَ نِسْوَةٍ ـ ع ـ

એમનાથી સાંભળ્યું છે, કહેતા હતા કે આલે મુહમ્મદે કોઈ સાંજ એવી નથી પાડી કે એમની પાસે એક સાઅ ઘઉં કે અનાજ રહ્યું હોય, જ્યારે કે હુઝૂરની નવ પત્નીઓ હતી." (બુખારી ૧/૩૪૧ અર્રહન, બાબુ રૅહન ફિલ હદ્ર)

بَابُ كَسْبِ الرَّجُلِ وَعَمَلِهٖ بِيَدِهٖ ص ٢٧٨

"માણસનું પોતાના હાથ વડે કોઈ કામ કે અમલ કરવું" –(૨૭૮)

حدیث ١٢١٥ حَدَّثَنِيْ عُرْوَةُ بْنُ الزُّبَيْرِ اَنَّ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا قَالَتْ لَمَّا اسْتُخْلِفَ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ ફર્માવ્યું જ્યારે અબૂબક્ર સિદ્દીક [હદીષ : ૧૨૧૫]

اَبُوْبَكْرٍ الصِّدِّيْقُ قَالَ لَقَدْ عَلِمَ قَوْمِيْ اَنَّ حِرْفَتِيْ لَمْ تَكُنْ تَعْجِزُ عَنْ مَّؤُوْنَةِ اَهْلِيْ وَشُغِلْتُ

ખલીફા બનાવવામાં આવ્યા તો ફર્માવ્યું, મારી કૌમ જાણે છે મારો ધંધો મારા ઘરવાળાંઓના ખર્ચાનો બોજ

માલૂમ ન થાય કે એ હરામ છે. ગીરો રાખવું જાઈઝ છે, ભલે માણસ પોતાના ઘરે હોય. ઉધાર ખરીદ વેચાણ જાઈઝ છે. જરૂરતના સમયે કરજ લેવું જાઈઝ છે.

હદીષ : ૧૨૧૪ની સમજૂતી

اهالة ઘેટાની ચક્કી, એની પીગાળેલી ચરબી, મુત્લક્ન દરેક ઓગળેલી ચીજ, દરેક ચરબી તથા તેલ જે શાકના કામમાં આવે. **سنخة** અધિક દિવસો થઈ જવાના કારણે જેમાં કાંઈક ગંધ પેદા થઈ જાય.

لقد سمعته : જાહેર અને રાજેહ (પસંદીદા) એ જ છે કે આ કતાદાનો કૌલ છે. તે કહી રહ્યા છે કે મેં હઝરત અનસને એવું કહેતાં સાંભળ્યા. એની પણ સંભાવના છે કે એ હઝરત અનસ رضی اللہ عنہ નો કૌલ હોય કે તે કહી રહ્યા છે કે રસૂલુલ્લાહ ﷺને આવું કહેતાં સાંભળ્યા. હઝરત અલ્લામા ઈબ્ને હજરે એને જ અગ્રતા આપી છે.

હદીષ : ૧૨૧૫ની સમજૂતી

حرفتي - حرفةનો અર્થ કામ કરવું છે કોઈ પણ કામ હોય, એ પોતાના સામાન્યપણાના હિસાબથી વેપાર, કારીગરી વગેરેને માટે પણ આમ છે. હવે ઉર્ફમાં એનો અર્થ ધંધો છે. દા.ત. વણવું, સીવવું વગેરે. હઝરત સિદ્દીકે

بِأَمْرِ الْمُسْلِمِيْنَ فَسَيَاكُلُ آلُ اَبِيْ بَكْرٍ مِّنْ هٰذَا الْمَالِ وَيَحْتَرِفُ لِلْمُسْلِمِيْنَ فِيْهِ

ઉઠાવવાથી આજિઝ ન હતો. અને હવે હું મુસલમાનોના કામમાં વ્યસ્તતાના કારણે મારો કારોબાર નથી કરી

શક્તો. હવે આલે અબૂ બક્ર આ માલ વડે ખાશે અને અબૂબક્ર મુસલમાનોના માટે કામ કરશે."

અકબર ઈસ્લામ પહેલાં પણ અને ઈસ્લામના જમાનામાં પણ વેપાર કરતા હતા. મુસ્નદે ઈમામ અહમદ (૬, પેજ–૩૧૬), ઈબ્ને માજહ (બાબુલ મઝાહ, પેજ–૨૭૨) વગેરેમાં ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ ના વિસાલથી એક વરસ પહેલાં બુસ્રા વેપારના માટે ગયા. તિર્મિઝી (૨/૨૦૨ ફી બદએ નબુવ્વતિન્નબી ﷺ) તથા ઈમામ હાકિમ (૨/૬૧૫)ની મુસ્તદરકમાં છે કે જ્યારે એલાને નબુવ્વતથી પહેલાં હુઝૂરે અક़દસ ﷺ શામ વેપારના માટે જઈ રહ્યા હતા, બુહૈરા રાહિબથી મુલાકાત થઈ તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہ પણ સાથે હતા.

ચેતવણી : ઈમામ તિર્મિઝીએ આ હદીષને હસન ગરીબ કહી અને ઈમામ હાકિમે એને શયખૈનની શર્ત પર કહી. એના પર શિબ્લી મહાશયે સીરતુન્નબી (૧/૧૭૯, ૧૮૦)માં એ વાંધો ઉઠાવ્યો કે હઝરત અબૂબક્ર એ વખતે બાળક હતા એટલા માટે એમનું સાથે હોવું મુશ્કેલ છે અને હઝરત બિલાલ હજી પેદા પણ થયા ન હતા. અલ્લામા મુહમ્મદ બિન અબ્દુલ બાક़ી ઝુર્ક़ાનીએ ફર્માવ્યું કે એ કહેવું સહીહ નથી કે હઝરત બિલાલ હજી પેદા થયા ન હતા, એટલા માટે કે તે હઝરત અબૂબક્રની સમાન ઉમરવાળા હતા. રહી ગયું હઝરત અબૂબક્રનું બાળક હોવું એ એના વિરૂદ્ધ નથી કે તે સાથે રહ્યા હોય. ખૂદ હુઝૂર ﷺ પણ બાર વરસના હતા, જેમ કે ખૂદ આ અલ્લામાએ લખેલું હોય શકે છે જેવી રીતે અબૂ તાલિબે હુઝૂરે અક़દસ ﷺને સાથે લઈ લીધા હોય. હઝરત અબૂબક્રના પિતા અથવા અન્ય કોઈ બુઝુર્ગ એ કાફલામાં હોય અને એમને સાથે લઈ લીધા હોય. એ જ રીતે બની શકે છે કે હઝરત બિલાલનો માલિક પણ એ કાફલામાં રહ્યો હોય અને એમને સાથે લઈ લીધા હોય. અને હુઝૂર પરત થવા લાગ્યા તો હઝરત બિલાલને સાથે કરી આપ્યા હોય.

રહી ગયા આ હદીષના રાવી હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ ના કારણે એનું મુરસલ હોવું, તો જાણવુ જોઈએ કે સહાબીની મુરસલ હદીષ એકમતિ સાથે સહીહ હદીષ તથા મુત્તસિલના હુકમમાં છે અને અબ્દુર્રહમાન બિન ગઝવાનના કારણે એને મજરૂહ ઠરાવવી એટલા માટે બાતિલ છે કે એ બુખારીના રાવીઓમાંથી છે.

وللتفصيل موضع اٰخر

મદીના તયબહના આસપાસના ઈલાકા, અવાલી મનાઝિલ બની હારિષ બિન ખઝરજ સનહમાં હઝરત અબૂબક્રનુ એક કપડાનું કારખાનું હતું. હુઝૂરે અક़દસ ﷺના વિસાલના સમયે ત્યાં જ હતા. સવારે ફજરની નમાઝ પઢાવીને ચાલ્યા ગયા હતા.

فسیاکل : ઈબ્ને સઅદે તબક़ાતમાં રિવાયત કરી છે કે ખિલાફતના સ્થાને બિરાજમાન થયા બાદ બીજા દિવસે માથા પર કપડાં મૂકીને હઝરત અબૂબક્ર સિદ્દીક़ બજાર જઈ રહ્યા હતા. રસ્તામાં હઝરત ઉમર, હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ મળ્યા અને કહ્યું, તમે વેપાર કેવી રીતે કરી શક્શો, તમો મુસલમાનનો વાલી છો ?! ફર્માવ્યું, તો પછી હું મારાં બાળબચ્ચાંને શું ખવડાવીશ ? તે હઝરાતે કહ્યું કે અમે તમારા માટે વઝીફો નિશ્ચિત કરી આપીએ છીએ. એ લોકોએ અડધી બિક્રી (વકરો) નિશ્ચિત કરી આપી. એમાં એક રિવાયત છે કે સહાબીઓએ ત્રણ હજાર દિરહમ વાર્ષિક નિશ્ચિત કરી આપ્યા હતા. જ્યારે વિસાલનો સમય નજીક આવ્યો તો વસિયત કરી ગયા કે મેં અત્યાર સુધીમાં બયતુલ માલથી સાત હજાર રૂપિયા લીધા છે, મારી જમીન છોડીને બાકીના મારા માલ વડે આ સાત હજાર બયતુલ માલમાં સામેલ કરી દેવામાં આવે.

حديث ١٢١٦ عَنْ عُرْوَةَ قَالَ قَالَتْ عَائِشَةُ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا كَانَ اَصْحَابُ رَسُوْلِ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ ના [હદીષ : ૧૨૧૬]

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عُمَّالَ اَنْفُسِهِمْ فَكَانَ يَكُوْنُ لَهُمْ اَرْوَاحٌ فَقِيْلَ لَهُمْ لَوِ اغْتَسَلْتُمْ۔

સહાબા જાતે પોતાનુ કામ કરતા હતા જેના કારણે તેમના શરીરમાં બૂ પેદા થઈ જતી હતી. તો એમને કહેવામાં આવ્યું, કાશ ! તમે લોકો ગુસ્લ કરી લેતા.

حديث ١٢١٧ عَنْ خَالِدِ بْنِ مَعْدَانَ عَنِ الْمِقْدَامِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

"હઝરત મિક્દામ رضی اللہ عنہ નબી ﷺ થી રિવાયત કરે છે કે ફર્માવ્યું, [હદીષ : ૧૨૧૭]

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَا اَكَلَ اَحَدٌ طَعَامًا قَطُّ خَيْرًا مِّنْ اَنْ يَّاْكُلَ مِنْ عَمَلِ يَدِهٖ وَاِنَّ

કોઈએ કોઈ ખોરાક પોતાના હાથની કમાઈથી બેહતર નથી ખાધો અને અલ્લાહના

نَبِيَّ اللّٰهِ دَاوٗدَ عَلَيْهِ السَّلَامُ كَانَ يَاْكُلُ مِنْ عَمَلِ يَدِهٖ

નબી દાઉદ عليہ السلام પોતાના હાથની કમાઈ ખાતા હતા."

حديث ١٢١٨ عَنْ هَمَّامِ بْنِ مُنَبِّهٍ حَدَّثَنَا اَبُوْهُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ دَاوٗدَ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ હદીષ વર્ણવી કે નબી દાઉદ عليہ السلام [હદીષ : ૧૨૧૮]

મસાઈલ : રોજી કમાવાના ત્રણ ઝરીયા છે : વેપાર, ખેતી તથા કારીગરી. ઉલમાનો એમાં મતભેદ છે કે કોણ અફઝલ છે. હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે વેપાર અફઝલ છે પણ માવર્દીએ ફર્માવ્યું કે ખેતી વધુ સારી છે, એટલા માટે કે એમાં તવક્કુલ અધિક છે. ઈમામ નવવીએ ફર્માવ્યું કે બુખારીની હદીષથી સ્પષ્ટપણે સાબિત થાય છે કે ખેતી તથા કારીગરી અગ્રસ્થાને છે (રાજેહ છે), એટલા માટે કે આ બંનેવમાં હાથ વડે કામ કરવું પડે છે. અને હદીષમાં છે કે માણસ સૌથી પાક જે ખાય છે તે પોતાના હાથની કમાઈની આવક છે. આ બંનેવમાં ખેતી અફઝલ છે, કેમ કે એનો ફાયદો આમ છે ત્યાં સુધી કે માણસો સિવાય જાનવરોને પણ પહોંચે છે અને એની સૌથી વિશેષ જરૂરત છે. સુલ્તાને ઈસ્લામને એની ઈજાઝત છે કે પોતાની જરૂરત પૂરતો બયતુલ માલથી ખર્ચ લઈ લે. એનાથી અન્ય હાકિમો તથા કાઝીઓ વગેરે માટે પણ જાઈઝ હોવાનુ સાબિત થયું. અલબત્ત એ જાતે નહીં લે, એમના ઉપર જે હાકિમ હોય તે નિશ્ચિત કરીને આપે.

હદીષ : ૧૨૧૬ની સમજૂતી આ હદીષ ઉરવાની રિવાયતથી કિતાબુલ જુમ્અહ, નુઝહતુલ ક़ારી ભાગ–૩, પેજ–૩૪૩ (ગુજરાતીમાં પેજ–૩૨૩) પર શબ્દોના ફેરફાર સાથે વર્ણન થઈ ચૂકી છે.

સમજૂતી : હદીષ : ૧૨૧૭–૧૨૧૮ પ્રથમ હદીષના રાવી મિક્દામ ઈબ્ને મઅદી કર્બ رضی اللہ عنہ છે એમનાથી ખાલિદ બિન મઅદાનનુ સાંભળવું સાબિત નથી એટલા માટે હદીષ મુન્ક़તઅ છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષ વિગતવાર કિતાબુલ અંબિયામાં આવશે. હઝરત દાઉદ عليہ السلام ખલીફતુલ્લાહ અને જાહેરી હુકૂમતના પણ માલિક હતા. તે બયતુલ માલથી ખાઈ શક્તા હતા, તેમ છતાં પોતાના હાથ વડે બખ્તર બનાવીને

وَسَلَّمَ كَانَ لَا يَاكُلُ اِلَّا مِنْ عَمَلِ يَدِهٖ۔

પોતાના હાથ વડે કામ કરીને ખાતા હતા."

بَابُ السُّهُوْلَةِ وَالسَّمَاحَةِ فِي الشِّرٰى وَالْبَيْعِ وَمَنْ طَلَبَ حَقًّا فَلْيَطْلُبْهُ فِيْ عَفَافٍ ص۲۷۸

"ખરીદ વેચાણમાં નમ્રતા અને સહૂલત વર્તવી અને જે હક તલબ કરે એને સખ્તીથી પરહેઝ કરવું જોઈએ." -(૨૭૮)

حدیث ۱۲۱۹ حَدَّثَنِيْ مُحَمَّدُ بْنُ الْمُنْكَدِرِ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ એવા **[હદીષ : ૧૨૧૯]**

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ رَحِمَ اللّٰهُ رَجُلًا سَمْحًا اِذَا بَاعَ وَاِذَا اشْتَرٰى وَاِذَا اقْتَضٰى ع

શખ્સ પર રહેમ ફર્માવે જે ખરીદ વેચાણ અને તકાઝામાં નરમીવાળો હોય." (તિર્મિઝી–બુયૂઅ, ઈબ્ને માજહ–તિજારત)

بَاب مَنْ اَنْظَرَ مُوْسِرًا ص۲۷۸

"જે માલદારને મોહલત આપે" -(૨૭૮)

حدیث ۱۲۲۰ اَنَّ رِبْعِيَّ بْنَ حِرَاشٍ حَدَّثَهٗ اَنَّ حُذَيْفَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ حَدَّثَهٗ

"હઝરત હુઝૈફા رضی اللہ عنہ એ હદીષ બયાન કરી કે નબી ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૨૨૦]**

قَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ تَلَقَّتِ الْمَلَائِكَةُ رُوْحَ رَجُلٍ مِّمَّنْ كَانَ قَبْلَكُمْ فَقَالُوْا

પ્રથમ એક શખ્સની રૂહથી ફરિશ્તાઓએ મુલાકાત કરી અને પૂછયું કે શું તેં કાંઈ નેકી કરી છે ? તો તેણે

તેની આવક પર ગુજારો કરતા હતા. જેવું કે કુર્આન મજીદમાં છે. એટલા માટે ખાસ કરીને એમનો ઉલ્લેખ કર્યો.

હદીષ : ૧૨૧૯ની સમજૂતી رحم الله એમાં એની પણ સંભાવના છે કે એ ખબર હોય. હવે અર્થ આ પ્રમાણે થશે : અલ્લાહે એવા શખ્સ પર રહમ ફર્માવી. અને એની પણ સંભાવના છે કે દુઆ હોય.

હદીષ : ૧૨૨૦, તઅલીક : ૩૮૨–૩૮૩–૩૮૪ની સમજૂતી

કિતાબુલ અંબિયામાં અબ્દુલમલિકના તરીકાથી શરૂમાં આ પ્રમાણે છે કે ઉકબા બિન આમિરે હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી કહ્યું, આપે રસૂલુલ્લાહ ﷺ થી જે કાંઈ સાંભળ્યું છે શું અમને વર્ણન નહીં કરો ? તો તેમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે, ફર્માવતા હતા : પ્રથમ દજ્જાલની હદીષ ટૂંકમાં વર્ણવી પછી આ વર્ણવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને એવું ફર્માવતાં સાંભળ્યાં કે તમારાથી પહેલાં એક શખ્સ હતો જેમની પાસે મલકુલ મૌત રૂહ કબ્ઝ કરવા આવ્યા તો તેને કહેવામાં આવ્યું, શું તેં કોઈ નેકી કરી છે ?

عن الموسى : આ અબૂઝર અને નસફીની રિવાયત છે અને એના સાથે પ્રકરણને સામ્યતા છે. બુખારીની

أَعْمِلْتَ مِنَ الْخَيْرِ شَيْئًا قَالَ كُنْتُ آمُرُ فِتْيَانِي أَنْ يُنْظِرُوا وَيَتَجَاوَزُوا عَنِ الْمُوسِرِ قَالَ

કહ્યું, હું મારા ખાદિમોને હુકમ આપતો હતો કે માલદારને મોહલત આપો અને દરગુઝર કરી દો. તો ફરિશ્તાઓએ

قَالَ فَتَجَاوَزَ وَا عَنْهُ

તેનાથી દરગુઝર કર્યું."

(બુખારી, ૧/૩૨૦ અલ્ઇસ્તિક્રાદ્ ૧/૪૫૧ અલ્અંબિયા, મુસ્લિમ બુયૂઅ, ઈબ્ને માજહ, અલ્અહકામ)

ت ٣٨٢ وَقَالَ أَبُو مَالِكٍ عَنْ رِبْعِيِّ بْنِ حِرَاشٍ كُنْتُ

"અને એ જ હદીષને અબૂ માલિકે રિબ્ઈ બિન હિરાશથી આ પ્રમાણે રિવાયત **[તઅલીક્ : ૩૮૨]**

أَيْسِرُ عَلَى الْمُوسِرِ وَأُنْظِرُ الْمُعْسِرَ

કરી છે કે હું માલદારને આસાની આપતો હતો અને તંગદસ્તને મોહલત."

ت ٣٨٣ وَقَالَ أَبُو عَوَانَةَ عَنْ عَبْدِ الْمَلِكِ

"અને અબૂ અવાનાએ અબ્દુલમલિક રિબઈના જ તરીકાથી આ પ્રમાણે રિવાયત **[તઅલીક્ : ૩૮૩]**

عَنْ رِبْعِيٍّ فَأُنْظِرُ الْمُوسِرَ وَأَتَجَاوَزُ عَنِ الْمُعْسِرِ

કરી, હું માલદારને મોહલત આપતો હતો અને તંગદસ્તને માફ કરી આપતો હતો."

ت ٣٨٤ وَقَالَ نُعَيْمُ بْنُ أَبِي هِنْدٍ عَنْ رِبْعِيٍّ فَأَقْبَلُ مِنَ الْمُوسِرِ وَأَتَجَاوَزُ عَنِ الْمُعْسِرِ

"અને નુએમ બિન અબી હિંદે હઝરત રિબઈથી જ આ પ્રમાણે રિવાયત કરી, **[તઅલીક્ : ૩૮૪]**

હું માલદારનું ઉઝર (મજબૂરી) કબૂલ કરતો હતો અને તંગદસ્તથી દરગુઝર કરતો હતો."

બાકીની રિવાયતોમાં ان ينظر والمعسر ويتجاوزوا عن الموسى છે. ઈમામ મુસ્લિમે ઈમામ બુખારીના શયખ અહમદ બિન યૂનુસથી આ જ પ્રમાણે રિવાયત કર્યું છે. હવે આ હદીષ પ્રકરણ પ્રમાણે નથી. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું, આ જ કારણે એના પછી એ જ હદીષને ત્રણ તરીકાથી તઅલીક્ન્ વર્ણવી છે.

وقال ابو مالك : આ તઅલીક્ને ઈમામ મુસ્લિમે પોતાની સહીહમાં મુત્તસિલ સનદની સાથે વર્ણન કરી છે કે અલ્લાહની બારગાહમાં એના બંદાઓમાંથી એક એવા બંદાને લાવવામાં આવ્યો જેને અલ્લાહ તઆલાએ માલ અતા કર્યો હતો. **અલ્લાહ ﷻ એને પૂછશે, દુનિયામાં તેં શો અમલ કર્યો ? બંદો અર્ઝ કરશે, હે પરવરદિગાર ! તેં તારો માલ મને આપ્યો, હું લોકો સાથે ખરીદ વેચાણ કરતો હતો, મારી આદત દરગુઝરની હતી. માલદારને આસાની આપતો હતો. અને ગરીબને મોહલત. અલ્લાહ ફર્માવશે, હું એનો અધિક હક્દાર છું ! હે ફરિશ્તાઓ ! મારા બંદાથી દરગુઝર કરો !**

وقال شعبة عن عبد الملك : એટલે શઅબાએ અબૂ માલિક્ની. અબ્દુલ મલિકથી રિવાયત કરવામાં આ

بَابُ مَنْ أَنْظَرَ مُعْسِرًا ص٢٧٩

"જેણે ગરીબને મોહલત આપી" *–(૨૭૯)*

حديث ١٢٢١ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَبْدِ اللّٰهِ أَنَّهُ سَمِعَ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, ***એક વેપારી*** **[હદીષ : ૧૨૨૧]**

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ كَانَ تَاجِرٌ يُدَايِنُ النَّاسَ فَإِذَا رَأٰى مُعْسِرًا قَالَ

હતો જે લોકોને કરજ આપતો હતો. જ્યારે કોઈ ગરીબને જોતો તો પોતાના ખાદિમોને કહેતો,

لِفِتْيَانِهِ تَجَاوَزُوا عَنْهُ لَعَلَّ اللّٰهَ أَنْ يَتَجَاوَزَ عَنَّا فَتَجَاوَزَ اللّٰهُ عَنْهُ ـ ع ـ

એનાથી દરગુઝર કરો એ ઉમીદ પર કે અલ્લાહ આપણી સાથે દરગુઝર કરે. તો અલ્લાહે તેનાથી દરગુઝર કરી આપ્યું." *(બુખારી, ૧/૪૯૫ અલ્અંબિયા, મુસ્લિમ–બુયૂઅ, નિસાઈ–બુયૂઅ)*

ભાગ પર **وانظر المعسر** મુતાબેઅત કરી છે. આ મુતાબેઅતને ઈમામ બુખારીએ કિતાબુલ ઈસ્તિક્રાદમાં વર્ણન કર્યું છે.

وقال ابو عوانة : આ તઅલીક્રને ઈમામ બુખારીએ ઝિક્રે બની ઈસ્રાઈલમાં એક લાંબી હદીષના હેઠળ વર્ણવી છે.

وقال نعيم بن ابى هند : આ તઅલીક્રને ઈમામ મુસ્લિમે મૌસૂલન્ વર્ણન કરી છે કે હઝરત હુઝૈફા તથા ઈબ્ને મસ્ઊદ એક જગાએ ભેગા થયા તો હુઝૈફાએ આ હદીષ બયાન કરી. અને સાંભળ્યા પછી ઈબ્ને મસ્ઊદે ફર્માવ્યું, આવું જ મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે.

હદીષ : ૧૨૨૧ની સમજૂતી

ઈમામ નિસાઈએ જે રિવાયત કરી છે એમાં એ છે કે પોતાના ક્રાસિદને કહેતો, જે એનાથી બની શકે લઈ લેજે અને જે ન થઈ શકે તેને છોડી આપજે અને દરગુઝર કરજે. ઈમામ મુસ્લિમે હુસૈન ઈબ્ને અલીના તરીક્રાથી હઝરત અબુલ યુસર رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે તંગદસ્તને મોહલત આપે અથવા તેને માફ કરી આપે, તેને અલ્લાહ તઆલા અર્શના સાયામાં રાખશે.**

ક્યારેક એવું પણ થાય છે અને આજકાલ એવું જ છે કે લોકો કરજને અદા કરવાને તાવાન (દંડ) સમજે છે, શક્તિ હોવા છતાં કરજ અદા નથી કરતા એનાથી ઘણીવાર કરજ આપનારને નુકસાન પણ થાય છે એના નિવારણના માટે ફર્માવ્યું : **مطل الغنى ظلم** "માલદારોનું અદાયગીમાં મોડુ કરવું જુલ્મ છે."

بَابُ إِذَا بَيَّنَ الْبَيِّعَانِ وَلَمْ يَكْتُمَا وَنَصَحَا ٢٧٩

"જ્યારે ખરીદનાર તથા વેચનાર જાહેર કરે અને એની ખામી ન છુપાવે શુભેચ્છા અપનાવે –(૨૭૯)

ت ٣٨٥ وَيُذْكَرُ عَنِ الْعَدَّاءِ بْنِ خَالِدٍ قَالَ كَتَبَ لِي النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ هَذَا

"અદ્દાઅ બિન ખાલિદથી રિવાયત કરતાં વર્ણન કરવામાં આવે છે કે તેમણે કહ્યું, **[તઅલીક્ : ૩૮૫]**

مَا اشْتَرَى مُحَمَّدٌ رَسُولُ اللهِ مِنَ الْعَدَّاءِ بْنِ خَالِدٍ بَيْعُ الْمُسْلِمِ الْمُسْلِمَ لَا دَاءَ وَلَا خُبْثَةَ وَلَا غَائِلَةَ

મારા માટે નબી ﷺએ લખ્યું, આ તે છે જે મુહમ્મદરસૂલુલ્લાહ ﷺએ અદ્દાઅ બિન ખાલિદથી ખરીદયું.

મુસલમાનનો મુસલમાનથી સોદો છે જેમાં ન કાંઈ બીમારી છે અને ન કોઈ અયબ અને ન ફિસ્કો ફુજૂર."

ت ٣٨٦ وَقَالَ قَتَادَةُ الْغَائِلَةُ الزِّنَى وَالسَّرِقَةُ وَالْإِبَاقُ -

"અને કતાદાએ કહ્યું ગાઈલાથી મુરાદ ઝિના અને ચોરી અને ભાગવાની આદત છે." **[તઅલીક્ : ૩૮૬]**

તઅલીક્ : ૩૮૫ની સમજૂતી

અદ્દાઅ બિન ખાલિદ બિન હૂઝા رضی اللہ عنہ એ સહાબી છે. એમનાથી ઘણી ઓછી હદીષો મરવી છે. એ ગામડાના રહેવાસી હતા એમનાથી હુઝૂર ﷺએ કોઈ ગુલામ કે બાંદી ખરીદી હતી એ વખતે એક સનદ લખાવી હતી એનો આ હદીષમાં ઉલ્લેખ છે. તિર્મિઝી (૧/૧૨૪ બુયૂઅ)માં આ પ્રમાણે છે : અબ્દુલ મજીદ બિન વહબ કહે છે કે મને અદ્દાઅ ઈબ્ને ખાલિદ ઈબ્ને હૂઝાએ કહ્યું, હું એ લખાણ તમને ન વાંચી સંભળાવું જે હુઝૂર ﷺએ મારા માટે લખ્યું હતું ?! મેં કહ્યું, જરૂર ! તો એમણે એક લખાણ કાઢયું. આ વાતની સનદ છે કે અદ્દાઅ ઈબ્ને ખાલિદ ઈબ્ને હૂઝાએ હઝરત મુહમ્મદ ﷺથી એક ગુલામ અથવા બાંદી ખરીદી જેમાં કોઈ અયબ તથા ખરાબી નથી અને ન ધોકો છે, મુસલમાન સાથે મુસલમાનના ખરીદ વેચાણની જેમ. બુખારીની તઅલીકથી એ જાહેર થઈ રહ્યું છે કે ખરીદનાર હુઝૂર ﷺ હતા, પણ તિર્મિઝીની રિવાયતથી એ જાહેર થઈ રહ્યું છે કે હુઝૂરે અકદસ ﷺ વેચનાર હતા. તિર્મિઝીની જ રિવાયતના પ્રમાણે ઈબ્ને માજહ (અત્તિજારત, ૧૬૪)માં પણ છે. હકીકત શું છે એનો ફૈસલો મુશ્કેલ છે. બુખારીમાં આ રિવાયત તમરીઝના સેગા સાથે છે એનાથી એ પરિણામ કાઢી શકાય છે કે તિર્મિઝી અને ઈબ્ને માજહની રિવાયત રાજેહ (અગ્રતા પાત્ર) છે.

તઅલીક્ : ૩૮૬ની સમજૂતી

الغائلة નો અર્થ બુરાઈ છે. એ બુરાઈઓ જે સામાન્યતઃ લોંડી તથા ગુલામમાં જોવા મળે છે તે આ જ ત્રણેવ છે. એટલા માટે ઈમામ કતાદાએ એ જ ત્રણેવની સાથે એની તફસીર કરી. મતાલિઅમાં છે કે જાહેર એ છે કે કતાદાની આ તફસીર હકીકતમાં خبثة તથા غائلة બંનેની છે. આ તઅલીકને ઈબ્ને મુન્દાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે.

ت ٣٨٧ وَقِيلَ لِإِبْرَاهِيمَ إِنَّ بَعْضَ النَّخَّاسِينَ يُسَمِّي أُرَيَّ خُرَاسَانَ وَسَجِسْتَانَ

''હઝરત ઈબ્રાહીમ નખઈને કહેવામાં આવ્યું કે કેટલાક નખ્ખાસો (જાનવરોના તબેલા)નાં [તઅલીક़ : ૩૮૭]

فَيَقُولُ جَاءَ أَمْسِ مِنْ خُرَاسَانَ وَجَاءَ الْيَوْمَ مِنْ سَجِسْتَانَ فَكَرِهَهُ كَرَاهِيَةً شَدِيدَةً

નામો આરી ખુરાસાન, આરી સજિસ્તાન રાખે છે, અને કહે છે કે કાલે ખુરાસાનથી આવ્યું છે અને આજે સજિસ્તાનથી આવ્યું છે. એમણે એને સખત નાપસંદ કર્યું.''

ت ٣٨٨ وَقَالَ عُقْبَةُ بْنُ عَامِرٍ رَضِيَ اللَّهُ تَعَالَى عَنْهُ لَا يَحِلُّ لِامْرِئٍ أَنْ يَبِيعَ سِلْعَةً يَعْلَمُ أَنَّ بِهَا دَاءً إِلَّا أَخْبَرَهُ

''અને હઝરત ઉક़બા બિન આમિર رضی اللہ عنہ એ ફર્માવ્યું, ''એવું જાણવા છતાં કે [તઅલીક़ : ૩૮૮]

સામાનમાં અયબ છે એને બતાવ્યા વિના કોઈને વેચવું જાઈઝ નથી.''

તઅલીક़ : ૩૮૭ની સમજૂતી

نَخَّاس (નખ્ખાસ) એનો માદ્દો نخس (નખસ) છે. જાનવરને પાસાંમાં અથવા પાછલા હિસ્સામાં લાકડી વગેરેનો ગોદો મારી ઉશ્કેરવું. કેમ કે જાનવર વેચનારા ખરીદારને દેખાડવા માટે આ રીતે ઉશ્કેરીને ઉઠાડે છે એટલા માટે જાનવર વેચનારાને نَخَّاس (નખ્ખાસ) કહેવામાં આવ્યું. પછી એમાં વધારો થયો અને લોંડી ગુલામ વેચનારને પણ એ જ કહેવાવા લાગ્યું.

اُرَى : એના ત્રણ અર્થો શબ્દકોશના કર્તાઓએ લખ્યા છે : જ્યાં જાનવરને ચારો ખવડાવવામાં આવે, જ્યાં બાંધીને રાખવામાં આવે જેને તબેલો કહે છે, તે રસ્સી જેને જમીનમાં દાટીને જાનવરને બાંધવામાં આવે. અહીં સૌથી યોગ્ય તબેલો છે.

ખુરાસાન : મશહૂર દેશ છે જે ક્યારેક ઈરાનનો હિસ્સો હતો, હવે રશિયાનો ભાગ છે. **ખુરાસાન સદીઓ સુધી ઉલમા તથા મશાઈખનું મર્કઝ રહી ચૂક્યું છે.**

સજિસ્તાન : ઈરાનનું એક રાજ્ય જે અખંડ ભારત (હાલના પાકિસ્તાન)ની સરહદ સાથે મળેલું છે.

فيقول : જે રીતે માર્કેટમાં દરેક નવી ચીજ પ્રતિ અધિક આકર્ષણ હોય છે અને પૂરાની ચીજો પ્રતિ ધ્યાન ઓછું હોય છે એ જ પ્રમાણે જાનવરો અને ગુલામોમાં પણ છે, એ જાહેર કરવાના માટે કે આ ઘોડો હમણા તદ્દન નવો આવ્યો છે એવું કહ્યા કરે છે કે કાલે ખુરાસાનથી આવ્યો છે અને આજે સજિસ્તાનથી આવ્યો છે, જેમાં ખરીદનારાઓને અધિક આકર્ષણ પેદા થાય છે. એમાં એક પ્રકારની છેતરપિંડી તથા ધોકો હતો તેમજ જૂઠ્ઠ પણ બોલવું હતું એટલા માટે હઝરત ઈમામ નખઈએ એને સખ્ત નાપસંદ કર્યું.

તઅલીક़ : ૩૮૮ની સમજૂતી

આ તઅલીક़ને ઈબ્ને માજહ (અત્તિજારત–૧૬૩)એ મૌસૂલ કરી છે. શરૂમાં આ પ્રમાણે છે : એમનાથી મરવી છે કે મેં રસૂલુલ્લાહ ﷺને આવું ફર્માવતાં સાંભળ્યા, મુસલમાન મુસલમાનનો ભાઈ છે. કોઈ મુસલમાનને એ હલાલ નથી કે અયબદાર ચીજનો અયબ બતાવ્યા વિના મુસલમાનના હાથે વેચે.

સામાનમાં ખામી તથા અયબ હોવા છતાં ખરીદનારને બતાવ્યા વિના વેચવું ધોકો તથા પ્રપંચ છે. એના પર સખત ચેતવણી આવી છે. ઈબ્ને માજહ (૧૬૩)માં જ હઝરત વાષિલા બિન અસ્ક़અ رضی اللہ عنہ થી મરવી છે કે મેં

حديث ૧૨૨૨ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ الْحَارِثِ رَفَعَهُ إِلٰى حَكِيْمِ بْنِ حِزَامٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى

''હઝરત હકીમ બિન હિઝામ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૨૨૨]**

عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَلْبَيِّعَانِ بِالْخِيَارِ مَالَمْ يَتَفَرَّقَا اَوْ

વેચનાર તથા ખરીદનારને અધિકાર છે કે જ્યાં સુધી અલગ ન થાય, અથવા એવું ફર્માવ્યું, ત્યાં સુધી કે જુદા

قَالَ حَتّٰى يَتَفَرَّقَا فَاِنْ صَدَقَا وَبَيَّنَا بُوْرِكَ لَهُمَا فِيْ بَيْعِهِمَا وَاِنْ كَذَبَا وَكَتَمَا مُحِقَتْ بَرَكَةُ بَيْعِهِمَا

થઈ જાય. હવે જો સાચુ બોલે અને જે અયબ હોય તેને બતાવી આપે તો તેમના ખરીદ વેચાણમાં બરકત થશે અને જો જૂઠુ બોલે અને અયબ છુપાવે તો બરકત મિટાવી દેવામાં આવશે.''

(બુખારી, ૧/૨૭૯, ૧/૨૮૩, ૨૮૪, મુસ્લિમ–બુયૂઅ, અબૂ દાઉદ–બુયૂઅ, તિર્મિઝી–બુયૂઅ, નિસાઈ–બુયૂઅ, અશ્શુરૂત)

રસૂલુલ્લાહ ﷺ ને એવું ફર્માવતાં સાંભળ્યા, ''જેણે કાંઈક વેચ્યું અને તેનો અયબ ન બતાવ્યો તો હમેશાં અલ્લાહના અઝાબમાં રહેશે અને ફરિશ્તા લઅનત કરતા રહેશે.''

હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہ : એ સહાબી છે અને શામ (સીરિયા)ની ફતેહમાં શરીક રહ્યા. દમિશ્કની ફતહની ખુશખબરી એઓ જ હઝરત ઉમર رضی اللہ عنہ ની ખિદમતમાં લઈને આવ્યા હતા. **સાત દિવસમાં દમિશ્કથી મદીના સુધી પહોંચ્યા હતા. પરત થતી વેળા હુઝૂરે અક્દસ ﷺ ના મઝારે અક્દસ પર જમીન સમેટાઈ જવાની કે લાંબો રસ્તો જલ્દી પાર પડી જવાની દુઆ માગી તો અઢી દિવસમાં દમિશ્ક પહોંચી ગયા.**

હદીષ : ૧૨૨૨ની સમજૂતી

باب اذا كان البائع بالخيار هل يجوز البيع માં આ પણ છે. હમ્મામે કહ્યું, મેં મારી કિતાબમાં આ પ્રમાણે જોયું : **يختار ثلث مرار** એટલે **بالخيار**ની જગાએ **يختار** છે અને **ثلث مرار** વધારે છે. એટલે કે **يختار** ત્રણવાર, અને અમુક રિવાયતોમાં **بخيارٍ** નકેરા અલિફ લામ વિના છે એટલે **بخيارٍ** ત્રણવાર છે. જણાવવા એવું ચાહે છે કે યાદશક્તિમાં મેહફૂઝ એ છે જે મેં રિવાયત કરી. એટલે **بالخيار** અને **ثلث مرار** નથી. પણ મારી કિતાબમાં છે. ઈબ્ને તયને કહ્યું કે હમ્મામે જે કહ્યું તે મહફૂઝ નથી, રિવાયત એના વિરૂદ્ધ છે. અને જ્યારે કોઈ રાવી તમામ રાવીઓની વિરૂદ્ધ રિવાયત કરે તો તે સ્વીકાર્ય નથી. ખાસ કરીને જ્યારે કે તે એ રિવાયતને કેવળ પોતાની કિતાબમાં પામે, અને તેને ખૂદ એની વિરૂદ્ધ યાદ હોય.

اَلْبَيِّعَانِ : **بَيِّعٌ** ષુલાષી મુજર્રદ મુઅતલુલ અયનના અમુક શબ્દોમાંથી છે જે ક્યાસની વિરૂદ્ધ **فَعِلٌ** ના વજન પર ઈસ્મે ફાઈલના અર્થમાં વપરાય છે. જેમ કે **طَيِّبٌ-مَيِّتٌ-كَيِّسٌ-رَيِّضٌ-لَيِّنٌ-هَيِّنٌ** અમુક રિવાયતોમાં **المتبايعان** આવ્યું છે. તેમ છતાં **بائع** બાએઅનો શબ્દ ઉર્ફમાં અધિક મશહૂર છે, પણ કોઈ રિવાયતમાં આવેલ નથી.

ما لم يتفرقا : હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ એ ફર્માવ્યું, વેચનાર તથા ખરીદનારને ઈજાબ તથા કુબૂલ પછી પણ ખિયારે મજલિસ હાંસલ રહે છે જ્યાં સુધી મજલિસ ન બદલે બંનેને ઈખ્તિયાર રહે છે કે ચાહે તો સોદો રદ કરી આપે. એમની દલીલ આ હદીષનો જાહેરી ભાવાર્થ છે, કેમ કે **تفرق**થી ઉર્ફમાં **تفرق ابدان** શરીરોનું અલગ

થવું (છુટા થવું) સમજવામાં આવે છે.

આપણે ત્યાં ઈજાબ તથા કુબૂલ પછી વેચનાર તથા ખરીદનારમાંથી કોઈ ખિયાર નથી, કેમ કે ઈજાબ તથા કુબૂલ પછી સોદો પૂરો થઈ ગયો, માલ ખરીદનારનો અને કિંમત વેચનારની માલિકીમાં થઈ ગઈ, હવે કોઈને ખિયારનો હક્ક આપવો અન્યના હક્કને બાતિલ કરવું છે. અને તફર્રુકનો ઈત્લાક (લાગુ થવું) તફર્રુક બિલ અકવાલ પર કુર્આન મજીદમાં આવેલ છે. ઈર્શાદ છે : **وما تفرق الذين اوتواالكتٰب الا من بعد ما جائتهم البينة** ''અને અહલે કિતાબમાં ફૂટ (વિભાજન) ન પડી પણ એના પછી કે તેમની પાસે સ્પષ્ટ દલીલ આવી.'' *(અલ્બૈયિનહ–૪)* **ولا تكونوا كاالذين تفرقوا واختلفوا من بعد ما جائهم البينة** ''એમના જેવા ન થઈ જશો જેમનામાં ફૂટ (વિભાજન) પડી અને આપસમાં મતભેદ કરી બેઠા એના પછી કે એમની પાસે સ્પષ્ટ દલીલો આવી.'' *(આલે ઈમરાન–૧૦૫)* આ પ્રકારની વિવિધ આયતો છે જેમાં તફર્રુકથી મુરાદ અકીદાનો મતભેદ છે. એટલા માટે આ હદીષમાં ''તફર્રુક'' થી મુરાદ કથનોનું તફર્રુક (અલગ થવું) જ મુરાદ લેવું રાજેહ (પસંદીદા) છે જેથી ગૈરના હક્કને બાતિલ ઠરાવવું લાઝિમ ન આવે. એને એ રીતે સમજો કે બાએઅ (વેચનાર) અને મુશ્તરી (ખરીદનાર) કોઈને ત્રણ રીતે કહી શકાય છે. સોદો (અક્દ) કરવાથી પહેલાં, ''માયઉલ''ના (ભવિષ્યકાળ) આધારે, અક્દના પછી ''માકાન'' (ભૂતકાળ)ના આધારે અને અક્દની હાલતમાં. પ્રથમ બંને અર્થો મજાઝી છે અને ત્રીજો હકીકી કેમ કે બાએઅ અને મુશ્તરી ઈસ્મે ફાઈલના સેગા છે અને ઈસ્મે ફાઈલની દલાલત ઝમાનાએ હાલ (વર્તમાનકાળ) પર હકીકી છે. અને એ નિશ્ચિત છે કે જ્યાં મજાઝી તથા હકીકી બંને અર્થની સંભાવના હોય તો રાજેહ હકીકી અર્થ છે. અને સોદા (અક્દ)ની હાલત ઈજાબથી શરૂ થઈ કબૂલ સુધી જ છે, કબૂલ પછી સોદો સંપૂર્ણ થઈ ગયો હવે ખરીદ વેચાણની હાલત ન રહી. હવે હકીકી અર્થના એતબારથી ન વેચનાર વેચનાર છે ન ખરીદનાર ખરીદનાર. એમના પર આ બંને શબ્દોનું લાગુ થવું મજાઝન માકાન (ભૂતકાળ)ના એતબારથી છે અને હદીષના હુકમ અનુસાર ખિયાર વેચનાર તથા ખરીદનારને છે. હવે જ્યારે વેચનાર વેચનાર ન રહ્યો અને ખરીદનાર ખરીદનાર ન રહ્યો તો એને ખિયાર પણ ન રહ્યો. અલ્લાહ બેહતર જાણનાર છે.

فان بينا : એટલે કે **વેચનારે માલનો અયબ ખરીદનારને અને ખરીદનારે ષમન (કિંમત)નો અયબ વેચનારને બતાવી આપ્યો તો એ સોદામાં અલ્લાહ ﷻ બરકત આપશે,** ભલે એની શક્યતા છે કે અયબ બતાવ્યા બાદ સોદો ન વેચાય અથવા ઓછી કિંમતે વેચાય કે જે જાહેરી રીતે નુકસાન છે, પણ અલ્લાહ ﷻની બરકત એનાથી ઘણી મહાન છે. અને **જો એવું વિચારીને કે જો અયબ બતાવી દઈશ તો કિંમત ઓછી મળશે અથવા વસ્તુ નહીં વેચાય, અયબ છુપાવી રાખી અને ન બતાવી તો અલ્લાહ ﷻ બરકત ખત્મ કરી આપશે.**

અલ્લાહ ﷻનું બરકત આપવું અને બરકત ખત્મ કરી આપવું બાતિની (છુપી) ચીજ છે પણ અનુભવ સાક્ષી છે કે જે દુકાનદાર અયબવાળી ચીજો ધોકો આપીને વેચે છે તેનું વેચાણ ઓછુ થાય છે અને ક્રમે ક્રમે દુકાન ખત્મ થઈ જાય છે અને જે સચ્ચાઈની સાથે સામાન આપે છે એની દુકાન ખૂબ ચાલે છે અને વેચાણ ખૂબ થાય છે.

بَابُ بَيْعِ الْخِلْطِ مِنَ التَّمْرِ ص٢٧٩

"મિશ્ર ખજૂરો વેચવી" –(૨૭૯)

حديث ١٢٢٣ عَنْ اَبِيْ سَلَمَةَ عَنْ اَبِيْ سَعِيْدٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ كُنَّا نُرْزَقُ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમને મિશ્ર ખજૂરો મળતી જેમાં **[હદીષ : ૧૨૨૩]**

تَمْرَ الْجَمْعِ وَهُوَ الْخِلْطُ مِنَ التَّمْرِ وَكُنَّا نَبِيْعُ صَاعَيْنِ بِصَاعٍ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

સારી ખરાબ, મામૂલી ઉમદા સૌ રહેતી. અમે એક સાઅ (સારી ખજૂરોના બદલામાં) બે સાઅ વેચી આપતા.

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا صَاعَيْنِ بِصَاعٍ وَلَا دِرْهَمَيْنِ بِدِرْهَمٍ ـ ع ـ

એના પર નબી ﷺ એ ફર્માવ્યું, એક સાઅના બદલે બે સાઅ અને એક દિરહમના બદલે બે દિરહમ ન વેચો."

(મુસ્લિમ–બુયૂઅ, નિસાઈ–બુયૂઅ, ઈબ્ને માજહ–અત્તિજારત)

بَابُ مَا قِيْلَ فِي اللَّحَّامِ وَالْجَزَّارِ ص٢٧٩

"ગોશ્ત વેચનાર અને કસાઈના બારામાં શું કહેવામાં આવ્યું ?" –(૨૭૯)

حديث ١٢٢٤ حَدَّثَنِيْ شَقِيْقٌ عَنْ اَبِيْ مَسْعُوْدٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ جَاءَ رَجُلٌ مِّنَ الْاَنْصَارِ

"હઝરત અબૂ મસ્ઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે અન્સારના એક સાહબ આવ્યા જેમની **[હદીષ : ૧૨૨૪]**

يُكْنٰى اَبَا شُعَيْبٍ فَقَالَ لِغُلَامٍ لَّهُ قَصَّابٍ اجْعَلْ لِّيْ طَعَامًا يَّكْفِيْ خَمْسَةً فَاِنِّيْ اُرِيْدُ

કુન્નિયત અબૂ શોએબ હતી. તેમણે પોતાના ગુલામને કહ્યું જે કસાઈ હતો, મારા માટે પાંચ માણસોનું ખાવા

اَنْ اَدْعُوَ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ خَامِسَ خَمْسَةٍ فَاِنِّيْ قَدْ عَرَفْتُ فِيْ

તૈયાર કર, કેમ કે હું નબી ﷺ સહિત પાંચ માણસોને નિમંત્રણ આપવા ચાહું છું. મેં હુઝૂરના ચહેરાએ

હદીષ : ૧૨૨૩ની સમજૂતી

આ હદીષનો સાર એ છે કે અમને સારી તથા ખરાબ, ઉમદા તથા મામૂલી મિશ્ર ખજૂરો મળતી તો અમે ચૂંટેલી સારી ખજૂરોના બદલામાં વેચી દેતા, એ રીતે કે એક સાઅ સારી ખજૂરો લઈને બે સાઅ ખજૂરો (મિશ્ર) આપી દેતા. હુઝૂરે અક્દસ ﷺ ને જ્યારે ખબર મળી તો એનાથી મના ફર્માવી આપ્યું કેમ કે એ વ્યાજ છે. સંપૂર્ણ ચર્ચા આગળ આવી રહી છે.

હદીષ : ૧૨૨૪ની સમજૂતી

لَحَّامٌ ગોશ્ત વેચનારને અને **جَزَّارٌ** ઊંટ ઝબહ (નહર) કરનારને અને **قصاب** ગાય, બકરી ઝબહ કરનારને કહે છે. **قصاب**નો માદ્દો **قصاب** થી છે જેનો અર્થ કાપવું છે. કહેવાય છે : **قصب القصاب الشاة** એને કાપીને ટુકડે

وَجْهِهِ الْجُوْعَ فَدَعَاهُمْ فَجَاءَ مَعَهُمْ رَجُلٌ فَقَالَ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ

અન્વરમાં ભૂખની અસરો જોઈ છે. તેમણે હુઝૂરને નિમંત્ર્યા અને હુઝૂરની સાથે એક સાહબ અધિક આવી ગયા.

هٰذَا قَدْ تَبِعَنَا فَاِنْ شِئْتَ اَنْ تَاْذَنَ لَهُ فَاَذِنَ لَهُ وَاِنْ شِئْتَ اَنْ يَّرْجِعَ رَجَعَ فَقَالَ لَا بَلْ قَدْ اَذِنْتُ لَهُ

એના પર નબી ﷺએ ફર્માવ્યું, આ અમારી પાછળ આવી ગયેલ છે જો તમે ચાહો તો એને ઈજાઝત આપો અને જો ચાહો છો કે પરત થઈ જાય તો પરત થઈ જશે. તેમણે અર્ઝ કરી, નહીં ! બલ્કે મેં ઈજાઝત આપી.''

(બુખારી, ૧/૩૩૨ અલ્મઝાલિમ, ૨/૮૨૧ અલ્ઈત્એમહ, મુસ્લિમ–અલ્ઈત્એમહ, તિર્મિઝી–નિકાહ, નિસાઈ–વલીમા)

ટુકડા કરી આપ્યું.

પ્રકરણનો ફાયદો : કસાઈનો ધંધો એવો છે કે જરૂરત હતી કે એને સ્પષ્ટ કરી દેવામાં આવે કે એમાં કોઈ વાંધો નથી. એના માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું છે. આ હદીષથી જાણવા મળ્યું કે માણસ કેટલો પણ મોઅઝ્ઝમ (ઈજ્જતવાન) હોય જો તેની સાથે દાવતમાં કોઈ જોડાય જાય તો માલિકની ઈજાઝત વિના તુફૈલીએ (જોડે થનારે) ખાવું જાઈઝ નથી, પણ એ કે નિમંત્રક તથા તુફૈલીમાં એટલો લગાવ તથા સંબંધ હોય કે તે એના ખાવાને ખુશીપૂર્વક માન્ય કરી લે, અથવા એ કે નિમંત્રિત (દાવતમાં જનાર) એવો હોય જેના બારામાં એ ઉર્ફ હોય કે તેની સાથે જે આવે છે તેને નિમંત્રક ખુશીભેર માન્ય કરી લે છે.

વિના દાવતે ક્યાંક ખાવા જવાની તથા ખાવાની બુરાઈ હદીષોમાં આવેલી છે. ઈમામ અબૂ દાઉદ તથા તયાલ્સી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે બોલાવ્યા વિના કોઈ દાવતમાં ગયો તો ફાસિક્ હોવાની હાલતમાં ગયો, હરામ ખાધુ, ચોર બનીને દાખલ થયો, લૂટેરો બનીને બહાર આવ્યો.

ઈમામ બયહક્ીએ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **વિના નિમંત્રણે જે કોઈને ત્યાં ખાવાના માટે ગયો અને ખાધુ તો ફાસિક્ થઈને દાખલ થયો અને જે હલાલ ન હતું તે ખાધુ.**

بَابُ مُوْكِلِ الرِّبٰوا لِقَوْلِ اللّٰهِ تَعَالٰى يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَذَرُوْا مَا بَقِيَ مِنَ الرِّبٰوا ـ اِلٰى ـ مَا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ـ

વ્યાજ ખવડાવનારનું બયાન અલ્લાહ તઆલાના આ ઈર્શાદના કારણે કે ફર્માવ્યું, હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો ! અને જે વ્યાજ રહી ગયું છે તેને છોડી આપો જો તમે મોમિન છો. અને જો એવું નહીં કરો તો અલ્લાહ તથા રસૂલથી લડાઈનું યક્ફીન કરી લો અને જો તમે એવું કરો તો પોતાનો અસલી માલ લઈ લો, ન તમે કોઈના પર જુલ્મ કરો અને ન તમારા પર જુલ્મ થાય. અને જો કરજદાર તંગદસ્ત છે તો જ્યાં સુધી એને છૂટ થાય (ત્યાં સુધી) મોહલત આપો. અને જો માફ કરી આપો તો એ તમારા માટે અધિક બેહતર છે જો જાણો તો. *અને એ દિવસથી ડરો જેમાં અલ્લાહની બારગાહમાં હાજર થશો, પછી દરેક શખ્સને તેની કરની પર પૂરો બદલો આપવામાં આવશે, એમના પર જુલ્મ થશે નહીં. –સૂ. બકરહ, ૨૭૮ થી ૨૮૧ (૨૮૦)*

ت ૩૮૯ قَالَ ابْنُ عَبَّاسٍ هٰذِهٖ اٰخِرُ اٰيَةٍ نَزَلَتْ عَلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ـ **[તઅલીક્ : ૩૮૯]**

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, આ અંતિમ આયત છે જે નબી ﷺ પર નાઝિલ થઈ."

તઅલીક્ : ૩૮૯ની સમજૂતી તફસીરવેત્તાઓનો એમાં મતભેદ છે કે કઈ આયત સૌથી છેલ્લે નાઝિલ થઈ. આ તઅલીક્થી જાહેરી રીતે એવું માલૂમ પડે છે કે વર્ણવેલ ચારેવ આયતો સૌથી છેલ્લે નાઝિલ થઈ. પણ ખૂદ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી આ જ બુખારીની કિતાબુત્તફસીરમાં જે રિવાયત છે તે એ છે કે સૌથી આખરમાં આયતે રિબા (વ્યાજ સંબંધી) નાઝિલ થઈ છે. અલ્લામા ઈબ્ને તયને દાઉદથી રિવાયત કરી તે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે કે તેમણે ફર્માવ્યું, સૌથી છેલ્લે આ આયત નાઝિલ થઈ : **واتقوا يوما ترجعون فيه الى الله.**

હું કહું છું : એનામાં ટકરાવ નથી. ઉપરોક્ત ચારેવ આયતોથી જાહેરી રીતે કેવળ પહેલી આયતમાં વ્યાજનું વર્ણન છે, પણ બારીક દૃષ્ટિએ જોતાં ચારેવ આયતો હક્ફીક્તમાં વ્યાજ સાથે એક મહત્વનો સંબંધ ધરાવે છે. વ્યાજના માટે કરજ લેવું લાઝિમ છે. પ્રથમ ઈર્શાદ ફર્માવ્યો, હવે **વ્યાજ લેવાનું બંધ કરી દો.** બીજીમાં ફર્માવ્યું, **જો નહીં બંધ કરો તો અલ્લાહ તથા રસૂલ સાથે લડાઈનું યક્ફીન કરી લો,** અલ્બત્ત મૂળ માલના હક્કદાર છો એને વસૂલ કરી શકો છો. ત્રીજી આયતમાં ફર્માવ્યું, **જો કરજદાર તંગદસ્ત છે તો મોહલત આપો.** ચોથીમાં ફર્માવ્યું, એ દિવસથી ડરો ! જ્યારે અલ્લાહ عزوجل ના સમક્ષ હાજર થશો, અને દરેક શખ્સને તેના અમલનો બદલો પૂરો પૂરો આપવામાં આવશે. આ આમ ડરાવવા (ચેતવણી)માં વ્યાજ લેવું પણ છે કે **દરેક હરામ કામની જેમ એના પર પણ ભરપૂર સજા મળશે.**

આ તફસીલથી જાહેર છે કે જો આ ચારેવ આયતોને આયતે રિબા કહી દેવામાં આવે તો યોગ્ય સ્થાને છે. શક્ય છે આ ચારેવ આયતો એક સાથે નાઝિલ થઈ હોય, કેમ કે એમનામાં સૌથી છેલ્લે **واتقوا يوما ترجعون فيه الى الله** છે. એટલા માટે એવું કહેવું પણ દુરુસ્ત છે કે સૌથી છેલ્લે એ નાઝિલ થઈ. કહેવામાં આવ્યું છે કે આયતે કરીમા **واتقوا يوما ترجعون فيه الى الله** હજ્જતુલ વિદાઅના મોકા પર યૌમે નહર એટલે દસમી ઝિલ હજ્જના રોજ મિનામાં નાઝિલ થઈ. ઈમામ ષૌરીએ કલ્બીના તરીકાથી ઈબ્ને અબ્બાસ

حديث ١٢٢٥ عَنْ عَوْنِ بْنِ اَبِىْ جُحَيْفَةَ قَالَ رَاَيْتُ اَبِىْ اِشْتَرٰى عَبْدًا حَجَّامًا فَاَمَرَ بِمَحَاجِمِهٖ

"ઔન બિન અબી જુહેફાએ કહ્યું, મેં મારા પિતાને જોયા કે પછના લગાડનાર એક [હદીષ : ૧૨૨૫]

فَكُسِرَتْ فَسَاَلْتُهٗ فَقَالَ نَهَى النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنْ ثَمَنِ الْكَلْبِ وَثَمَنِ الدَّمِ وَ

ગુલામને ખરીદયો તો એને ફૂંકણી (ચૂંસણી) લગાડવાના ઓજારને તોડી નંખાવ્યું. મેં પૂછયું તો ફર્માવ્યું,

نَهٰى عَنِ الْوَاشِمَةِ وَالْمُوْشُوْمَةِ وَاٰكِلِ الرِّبٰوا وَمُوْكِلِهٖ وَلَعَنَ الْمُصَوِّرَ ـ ع ـ

નબી ﷺએ કૂતરા તથા લોહીની કિંમતથી મના ફર્માવ્યું છે અને ગોદવું (શરીર પર ચિતરામણ કરવું)

તથા ગોદાવવું (ચિતરામણ કરાવનાર) તથા **વ્યાજ ખાવા તથા ખવડાવવાથી મના કર્યું** છે,

અને **તસવીર બનાવનારા પર લઅનત ફર્માવી.**"

(બુખારી ૧/૨૯૮ બાબુ ષમનુલ કલ્બ, ૨/૮૦૫ અત્તલાક, ૨/૮૭૯ અલ્લિબાસ, ૨/૮૮૧ બાબુ મન લઅનલ મુસવ્વિર)

رضی اللہ عنہما થી રિવાયત કરી, એના નુઝૂલ પછી હુઝૂરે અકદસ ﷺએ એકત્રીસ દિવસ પછી વિસાલ ફર્માવ્યો. ઈબ્ને જરીહે કહ્યું, લોકો કહેતા હતા કે વિસાલથી નવ દિવસ પહેલાં નાઝિલ થઈ. મકાતિલે કહ્યું કે સાત દિવસ પહેલાં. હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે કે સૌથી છેલ્લે આ આયત નાઝિલ થઈ છે : يستفتونك قل الله يفتيكم فى الكلالة "હે મહબૂબ ! તમારાથી ફત્વો પૂછે છે ફર્માવી દો કલાલાના બારામાં અલ્લાહ તમને ફત્વો આપે છે. (છેવટ સુધી) –સૂ. નિસાઅ : ૧૭૭

સૈયદુલ કુર્રા હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે સૌથી છેલ્લે સૂરએ તૌબાની આ આખરી આયત નાઝિલ થઈ : لقد جاء كم رسول من انفسكم "બેશક ! તમારી પાસે એક રસૂલ તમારામાંથી તશરીફ લાવ્યા." અલ્લાહ બેહતર જાણનાર છે.

હદીષ : ૧૨૨૫ની સમજૂતી

باب ثمن الكلب : માં આ પ્રમાણે છે કે રસૂલુલ્લાહ ﷺએ લોહીની કિંમત અને કૂતરાની કિંમત અને લોંડીની કમાઈથી મના ફર્માવ્યું છે. શરીર પર ચિતરામણ કરનાર તથા કરાવનાર અને **વ્યાજ ખાનારા** અને **ખવડાવનારા પર લઅનત ફર્માવી** અને **તસવીર બનાવનારા પર લઅનત ફર્માવી.**

فسالته : ઔન કહે છે કે મેં મારા પિતાને પૂછયું, એના હજામતના ઓજારો તમે શા માટે તોડી નાખ્યાં ? તો ફર્માવ્યું.

ثمن الكلب : એટલે કૂતરાની કિંમત લેવાથી મના ફર્માવ્યું. ઈમામ તહાવીએ ફર્માવ્યું કે આ હુકમ ત્યારે હતો જ્યારે કે કૂતરાંને મારી નાખવાનો હુકમ હતો, પણ જ્યારે તેમને ઘર તથા પાલતુ પશુઓની રક્ષાના માટે પાલવા તથા શિકારી કૂતરાઓને રાખવાની ઈજાઝત મળી ગઈ તો એમના ખરીદ વેચાણની ઈજાઝત પણ મળી ગઈ. કારણ એ છે કે પહેલાં માલ ન હતાં પણ હવે માલ બની ગયા.

ثمن الدم : અહી ષમન (કિંમત)થી મુરાદ મજૂરી છે એટલે સેંગી (ચૂંસણી) લગાડીને લોહી કાઢવાની મજૂરીથી મના કર્યું. પણ બુખારીમાં જ આ કિતાબુલ બુયૂઅમાં બાબુ ઝિક્રિલ હજ્જામમાં હદીષ આવી રહી છે કે અબૂ તયબહએ રસૂલુલ્લાહ ﷺને સેંગી લગાડી (લોહી ચૂસ્યું) તો હુઝૂરે એમને એક સાઅ ખજૂર અતા કર્યા. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, જો એ હરામ હોત તો હુઝૂર શા માટે આપત ? તેમજ એ કે એના પર

بَابُ يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا وَيُرْبِي الصَّدَقٰتِ وَاللّٰهُ لَا يُحِبُّ كُلَّ كَفَّارٍ اَثِيْمٍ - بقرہ (۲۷۶) ص ۲۸۰

"અલ્લાહ ﷻના આ ઈર્શાદનું બયાન કે ફર્માવ્યું, અલ્લાહ વ્યાજને મિટાવે અને ખૈરાતને વધારે છે અને અલ્લાહ કોઈ નાશુકા બદકિરદારને પસંદ નથી કરતો." –સૂ. બકરહ–૨૭૬ (૨૮૦)

حديث ١٢٢٦ قَالَ ابْنُ الْمُسَيَّبِ اِنَّ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ سَمِعْتُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને એવું ફર્માવતાં સાંભળ્યા, [હદીષ : ૧૨૨૬]

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ الْحَلْفُ مَنْفَقَةٌ لِّلسِّلْعَةِ وَمَحْقَةٌ لِّلْبَرَكَةِ ع ٥

ક઼સમ માલ વેચનારી છે અને બરકત મિટાવનારી છે." (મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ : બુયૂઅ)

એના માલિકે જે રોજ નક્કી કરી રાખેલ હતો એમાં કેવળ ઘટાડો ન કરતા બલ્કે એમના માલિકને હુકમ આપતા કે એ આવક હરામ છે એમાંથી કાંઈ ન લો.

ઈમામ તહાવીએ અહીં એ પણ સ્પષ્ટતા કરી છે કે નેહીની હદીષ મન્સૂખ (હુકમ ઉઠેલી) છે. અમુક ઉલમાએ ફર્માવ્યું કે આ મનાઈ મકરૂહે તન્ઝીહીની હદ સુધી છે. એનું સમર્થન આ હદીષ (ઉમ્દતુલ ક़ારી, ભાગ–૧૧, પેજ–૨૨૨)થી થાય છે કે હઝરત મુહૈસા رضی اللہ عنہ એ હજામ (લોહી ચૂંસનાર)ની કમાઈના બારામાં પૂછયું તો એને ખાવાથી મના ફર્માવ્યું. તેમણે વારંવાર સવાલ કર્યો તો દરેકવાર મના ફર્માવ્યું. છેવટમાં ફર્માવ્યું, એના વડે તારાં જાનવરોને ઘાસ ખવડાવી દે અથવા ગુલામોને ખવડાવી દે. જો હરામ હોત તો જાનવરોને ઘાસ ખવડાવવાની અને ગુલામોને ખવડાવવાની ઈજાઝત પણ ન આપત. હરામ માલ વડે ન જાનવરોને ચારો આપવો જાઈઝ છે ન ગુલામને ખોરાક આપવો દુરુસ્ત છે, પણ વારંવાર મના કરવાથી એની કરાહત જાહેર છે.

اكل الربوٰ : આ ઈર્શાદમાં હઝફ છે પૂરુ લખાણ આ પ્રમાણે છે : **اكل الربوٰ عن اكله موكله عن اطعامه** વ્યાજખોરને વ્યાજ ખાવાથી વ્યાજ આપનારાને વ્યાજ ખવડાવવાથી મના ફર્માવ્યું. આ મનાઈ એટલી સખત છે કે આ જ હદીષના બીજા તરીક़ામાં છે કે એ બંનેવ પર લઅનત ફર્માવી. લોહી આપનારા પર લઅનતનું કારણ એ છે કે એ વ્યાજ ખાવાનો સબબ છે અને ગુનાહનો સબબ પણ ગુનોહ છે.

ولعن المصور : તસવીર બનાવવાનો (ફોટોગ્રાફ)નો કેટલો સખત ગુનોહ છે એનો આ આદેશથી અંદાજો કરો કે એના પર લઅનત ફર્માવી. પણ આજકાલના મુસલમાન ત્યાં સુધી ઉલમા મશાઈખ બનનારા શોખથી ફોટા પડાવે છે અને એમાં જાણે કે કોઈ વાંધો નથી જાણતા, જ્યારે આ ફોટા ખેંચાવવું સબબ છે ફોટોગ્રાફીનો. અને ગુનાહનો સબબ ગુનોહ છે. ફોટા ખેંચાવનારાઓએ વિચારવું જોઈએ કે જેવી રીતે વ્યાજ આપનારાઓ પર એ કારણે લઅનત કે એ સબબ છે વ્યાજ ખાવાનો. એ જ પ્રમાણે એનો મજબૂત અંદેશો છે કે ફોટા પડાવનારાઓ પણ ક્યાંક લઅનતના હક્ક़દાર ન બને.

એક ગલતફહમીનો રદિયો : કેટલાક લોકો કેમેરાથી બનેલી તસ્વીર ના જાઈઝ હોવા વિશે બહાનાં બનાવે છે કે આ તસ્વીર નથી પ્રતિબિંબ (છબી) છે એવા લોકોથી ગુઝારિશ છે કે છબી (પ્રતિબિંબ) પાયદાર તથા સલામત નથી રહેતી, અને આ સલામત રહે છે એટલા માટે એ છબી નથી ફોટો જ છે. પૂરી વિગત એના સ્થાને આવશે.

હદીષ : ૧૨૨૬ની સમજૂતી હદીષને પ્રકરણ સાથે કોઈ મળતાપણુ નથી પણ શરહ કર્તાઓએ કોઈ ન કોઈ રીતે મળતાપણુ કાઢયું છે. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું, જૂઠી ક़સમ ખાવી હરામ છે. એનાથી જાણવા

بَابُ مَا يُكْرَهُ مِنَ الْحَلِفِ فِي الْبَيْعِ ص٢٨

"ખરીદ વેચાણમાં ક़સમ ખાવી મકરૂહ છે" *–(૨૮૦)*

حديث ١٢٢٧ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ اَبِيْ اَوْفٰى رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَجُلًا اَقَامَ سِلْعَةً وَّ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہ થી મરવી છે કે એક શખ્સે બજારમાં **[હદીષ : ૧૨૨૭]**

هُوَ فِي السُّوْقِ فَحَلَفَ بِاللّٰهِ لَقَدْ اَعْطٰى بِهَا مَا لَمْ يُعْطِ لِيُوْقِعَ فِيْهَا رَجُلًا مِّنَ الْمُسْلِمِيْنَ

સામાન લગાડયો અને એ ક़સમ ખાધી કે એની આટલી કિંમત લગાડવામાં આવી છે, જ્યારે એટલી કિંમત

فَنَزَلَتْ ـ اِنَّ الَّذِيْنَ يَشْتَرُوْنَ بِعَهْدِ اللّٰهِ وَاَيْمَانِهِمْ ثَمَنًا قَلِيْلًا ـ الْاٰيَةَ - اٰلِ عمران ٧٧

લગાડવામાં આવી ન હતી. એનો મક़સદ એ હતો કે કોઈ મુસલમાનને ફ़સાવી લે. એના પર આ આયત નાઝિલ થઈ, જે લોકોના અહદ અને પોતાની ક़સમોના બદલામાં હલકી કિંમત લે છે તેમના માટે આખેરતમાં કાંઈ હિસ્સો નથી." *(સૂ. આલે ઈમરાન–૭૭)*

મળ્યું કે ગુનાહ થકી જે માલ લેવામાં આવે એમાં બરકત નથી. અલ્લામા અયનીએ ફર્માવ્યું, આયતમાં ઈર્શાદ હતો, અલ્લાહ **ربو** વ્યાજને નષ્ટ કરે છે જ્યારે કે રિબાનો અર્થ ઝિયાદતી (જુલ્મ) છે ઝિયાદતી અને નક़્સ વિરોધાભાસી છે, ભેગાં નથી હોય શક્તાં. તો ઈમામ બુખારી આ હદીષ લાવીને એને સ્પષ્ટ કરી રહ્યા છે કે આ આયતમાં **محق** મિટાવવાથી મુરાદ બરકત ઉઠાવી દેવું છે, જેમ કે આ હદીષમાં છે કે ક़સમથી વેપાર તો ખૂબ થાય છે પણ બરકત ખત્મ થઈ જાય છે.

હદીષ : ૧૨૨૭ની સમજૂતી

આ આયતના નુઝૂલના બારામાં અન્ય પણ કથનો છે : ૧. એ કે આ આયત હઝરત અશઅષ બિન ક़ૈસ رضی اللہ عنہ ના એક મામલામાં નાઝિલ થઈ. ઈમામે અહમદે પોતાની મુસ્નદ (૫/૨૧૨)માં રિવાયત કરી. શક़ીક़ ઈબ્ને સલમા કહે છે કે અમને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ આ હદીષ વર્ણવી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું જે શખ્સ કોઈ મુસલમાનનો માલ નાહક़ લેશે, જ્યારે અલ્લાહ عزوجل થી મુલાકાત કરશે તો અલ્લાહ તઆલા ગઝબનાક હશે. અશઅષ ઈબ્ને ક़ૈસ આવ્યા તો કહ્યું, આ હદીષ ખાસ મારા મામલામાં આવેલી છે. એક એવા કૂવાના બારામાં મારા એક કાકાના છોકરા સાથે મારે ઝઘડો થયો જે મારો હતો પણ એના કબજામાં હતો. હું રસૂલુલ્લાહ ﷺ ને ત્યાં મામલો લઈ ગયો. તેણે મારા માલિકીપણાથી ઈન્કાર કરી આપ્યો, તો રસૂલુલ્લાહ ﷺ એ મને ફર્માવ્યું કે સબૂત પેશ કરો, નહીં તો એના પર ક़સમ છે. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂર એની ક़સમ પર જો રાખે છે તો તે મારો માલ લઈ જશે, મારો પિત્રાઈ ફાજિર માણસ છે. તો હુઝૂર ﷺ એ આ ફર્માવ્યું અને આ આયત તિલાવત ફર્માવી.

તફ़સીરે તબરીમાં છે કે આ આયત યહૂદીઓના રઈસો અબૂ રાફ़ેઅ કનાના બિન અબુલ હક़ીક़ અને હુય્ય બિન અખ્તબના બારામાં નાઝિલ થઈ છે. ઝમુખ્શરીએ કહ્યું કે તૌરાતની તેહરીફ (હેરફેર) કરનારાઓના બારામાં નાઝિલ થઈ. મક़ાતિલે કહ્યું, કઅબ બિન અશરફ તથા ઈબ્ને સૂરયા યહૂદી રઈસોના બારામાં નાઝિલ થઈ.

بعهد الله : એટલે અલ્લાહ جل جلالہ ની સાથે તેમણે જે વાયદો કર્યો હતો કે ઈમાન લાવશે અને તેની રબૂબિયત

بَابُ مَا قِيْلَ فِي الصَّوَّاغِ ص٢٨٠

"જે કાંઇ સોનીના બારામાં કહેવામાં આવ્યું" –(૨૮૦)

حديث ١٢٢٨ أَخْبَرَنِي عَلِيُّ بْنُ حُسَيْنٍ أَنَّ حُسَيْنَ بْنَ عَلِيٍّ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا أَخْبَرَهُ أَنَّ

"શેરે ખુદા હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ ફર્માવ્યું, મારી એક મોટી ઊંટણી હતી જે માલે **[હદીષ : ૧૨૨૮]**

عَلِيًّا قَالَ كَانَتْ لِي شَارِفٌ مِنْ نَصِيبِي مِنَ الْمَغْنَمِ وَكَانَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

ગનીમતથી મારા હિસ્સામાં મળી હતી અને નબી ﷺ એ ખમ્સમાંથી એક મોટી ઊંટણી આપી હતી. જ્યારે

أَعْطَانِي شَارِفًا مِنَ الْخُمُسِ فَلَمَّا أَرَدْتُ أَنْ أَبْتَنِيَ بِفَاطِمَةَ بِنْتِ رَسُولِ اللهِ صَلَّى اللهُ تَعَالَى

મેં ઈરાદો કર્યો કે રસૂલુલ્લાહ ﷺ નાં સાહબઝાદી ફાતિમાની સાથે નિકાહ કરું તો બની કૈનુકાઅ એક સોની

عَلَيْهِ وَسَلَّمَ وَأَعْدَتْ رَجُلًا صَوَّاغًا مِنْ بَنِي قَيْنُقَاعَ أَنْ يَرْتَحِلَ مَعِيَ فَنَأْتِيَ بِإِذْخِرٍ

સાથે મામલો નક્કી કરી લીધો કે તે મારી સાથે ચાલે અને અમે ઈઝખિર લાવીએ કે તેને સોનીઓના હાથે

أَرَدْتُ أَنْ أَبِيعَهُ مِنَ الصَّوَّاغِينَ وَأَسْتَعِينَ بِهِ فِي وَلِيمَةِ عُرْسِي

વેચીને મારી શાદીના વલીમામાં મદદ લઉં."

(બુખારી ૧/૩૧૯ અલ્મસાકાત, ૧/૪૩૪ અલ્જિહાદ, ૨/૫૮૦ મગ્ઝી, મુસ્લિમ–અલ્અશ્રબા, અબૂ દાઉદ–ખિરાજ, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૧૧૨)

તથા વહદાનિયતનો ઈકરાર કરશે. **ايمانهم**થી મુરાદ જૂઠી કસમો છે.

لا يكلمهم الله : એટલે મહેરબાની તથા રહમતની સાથે કલામ નહીં કરે, નહીં તો ડાંટ ફટકાર (ધમકી)ની સાથે કલામ ફર્માવશે.

ولا ينظر اليهم : એટલે કે રહમતની નજર નહીં ફર્માવે, એટલે કે એમના પર કોઈ કરમ તથા ઈનાયત નહીં ફર્માવે. નહીં તો અલ્લાહ તઆલા નજરથી પાક છે.

હદીષ : ૧૨૨૮ની સમજૂતી

اَلصَّواغ સ્વાદના ઝબર સાથેના **فَعَّال** વજન પર સોનારના અર્થમાં છે, એટલે કે જે સોનીનું કામ કરતો હોય. **اَلصُّوَّاغ** સ્વાદના પેશની સાથે **صائغ**નું બહુવચન છે : **شارف**નો અર્થ ઉમરવાળી ઊંટણી છે. એનો તર્જુમો સામાન્યતઃ અનુવાદકોએ વૃધ્ધ ઊંટણી કર્યો છે, પણ મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليه એ પોતાના બુખારીના હાશિયામાં એની તફસીર **ناقة عظيمة** કરી છે અને એ જ અહીં ઉચિત છે. એટલા માટે મેં એનો તર્જુમો એક મોટી ઊંટણી કર્યો છે.

આ એક લાંબી હદીષનો પ્રારંભિક ભાગ છે જે કિતાબુલ મસાકાતમાં આવશે. અહીં કેવળ **من الغنم** છે. બીજા પ્રકરણમાં **من البدر**નો વધારો પણ છે એટલે કે બદરના માલે ગનીમતમાંથી મને એક મોટી ઊંટણી

بَابُ ذِكْرِ الْقَيْنِ وَالْحَدَّادِ ص٢٨٠

"લુહારનું વર્ણન" –(૨૮૦)

ઈબ્ને દરીદે કહ્યું કે **قينه** *નો અસલી અર્થ લુહાર છે પછી ઉર્ફમાં દરેક સોનીને "કયન" કહેવા લાગ્યા. ઝુજાજે કહ્યું, કયન નેઝો (ભાલો) બનાવનારને કહે છે અને લુહારને પણ. અલ્લામા અયનીએ ફર્માવ્યું, કયન શબ્દ સંયુક્ત છે, કયન લુહારને પણ કહે છે અને ગુલામને પણ, લોંડીને* **قينه** *કયના. સિંગાર કરવાવાળીને પણ કયના કહે છે. ઈમામ બુખારીએ* **والحداد** *નો અતફ કરીને એની તફસીર કરી આપી, એનાથી "તકીન" "તઝીન"ના અર્થમાં આવે છે. હઝરત ઉમ્મે અયમન رضی اللہ عنہا એ ફર્માવ્યું* **انا قينت عائشة رضى الله عنها** *મેં આઈશા رضی اللہ عنہا નો શણગાર કર્યો હતો.*

حديث ١٢٢٩ عَنْ مَسْرُوقٍ عَنْ خَبَّابٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كُنْتُ قَيْنًا فِي الْجَاهِلِيَّةِ

"હઝરત ખબ્બાબ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું જાહિલિયતના જમાનામાં લુહાર હતો અને **[હદીષ : ૧૨૨૯]**

وَكَانَ لِي عَلَى الْعَاصِ بْنِ وَائِلٍ دَيْنٌ فَأَتَيْتُهُ أَتَقَاضَاهُ فَقَالَ لَا أُعْطِيكَ حَتّٰى تَكْفُرَ بِمُحَمَّدٍ

મારુ આસ બિન વાઈલ પર કરજ હતું. હું એની પાસે તકાઝો કરવા ગયો તો એણે કહ્યું, જ્યાં સુધી મુહમ્મદનો

હિસ્સામાં મળી હતી. અને એનાથી પહેલાં ખમ્સમાંથી રસૂલુલ્લાહ ﷺએ એક મોટી ઊંટણી આપી હતી. બાકીની હદીષ એના સ્થાને આવશે ત્યાં વિગતવાર ચર્ચા થશે.

આ હદીષ એની દલીલ છે કે હઝરત અલી મુર્તઝાએ નિકાહ ગઝવએ બદરના પછી કર્યો હતો અને સહીહ એ છે કે અકદ પણ બદરના બાદ થયો હતો.

પ્રકરણનો હેતુ : અહીંથી ઈમામ બુખારી થોડાક પેશાવરો (ધંધાદારીઓ)ના બારામાં પ્રકરણ બાંધીને એવું બતાવવા ચાહે છે કે આ સર્વ ધંધા જાઈઝ છે કેમ કે હુઝૂરે અકદસ ﷺને એ ધંધાઓનો ઈલ્મ હતો અને મના નથી કર્યું. આ હદીષ સાથે પ્રકરણની સામ્યતા એ છે કે જો સોનારનો ધંધો જાઈઝ ન હોત તો તેની સાથે કામમાં જોડાણ ન થાત અને એના હાથે ઈઝખિર વેચવું જાઈઝ ન હોતું.

فقال عكرمة هل تدرى ما ينفر صيدها هو ان تحيه من الظل و تنزل مكانه : ઈકરમાએ કહ્યું, શું તું જાણે છે કે શિકાર ભડકાવવાનો શો અર્થ છે ? એ છે કે સાયાએથી તેને ભગાડીને તેની જગાએ ખૂદ બેસે.

કિતાબુલ મનાસિકમાં વર્ણન થઈ ચૂકેલી હદીષમાં હતું **ولا ينفر صيدها** "અને એના શિકારને ન ભડકાવવામાં આવે. એની તફસીર હઝરત ઈકરમાએ આ પ્રમાણે કરી. પણ આ એનો એક અર્થ છે, નહીં તો આ ઈર્શાદ તેના ઉમૂમ (સામાન્યપણા) પર છે, કોઈ રીતે ભડકાવવું જાઈઝ નથી, આ ભડકાવવાની સૌથી હલકી સ્થિતિ છે એટલા માટે ઈમામ ઈકરમાએ એને વર્ણન કરી.

હદીષ : ૧૨૨૯ની સમજૂતી

તફસીરમાં મુહમ્મદ ઈબ્ને કષીરના તરીકાથી જે રિવાયત છે એમાં આ પ્રમાણે છે કે મેં આસ બિન વાઈલના માટે તલ્વાર બનાવી હતી અને આયતે કરીમામાં **موثقا** પછી **عهدا** પણ રિવાયત થયેલ છે. કિતાબુલ ઈજારાત અને તફસીરની અમુક રિવાયતોમાં આટલુ અધિક છે કે આસ બિન વાઈલે કહ્યું, (શું) હું મરીશ અને ફરી જીવતો

فَقُلْتُ لَا أَكْفُرُ بِمُحَمَّدٍ حَتَّى يُمِيتَكَ اللّٰهُ ثُمَّ تُبْعَثُ قَالَ دَعْنِي حَتَّى أَمُوتَ وَأُبْعَثَ فَسَأُوتَى مَالًا

ઈન્કાર નહીં કરો આપીશ નહીં. મેં કહ્યું, એમનો ઈન્કાર કરીશ નહીં ત્યાં સુધી કે તું મૃત્યુ પામે અને ફરી

وَّوَلَدًا فَأَقْضِيكَ فَنَزَلَتْ - أَفَرَأَيْتَ الَّذِي كَفَرَ بِآيَاتِنَا وَقَالَ لَأُوتَيَنَّ مَالًا وَّوَلَدًا - مريم (٧٧) ع٥

જીવતો થઈને ઉઠે. તો તેણે કહ્યું, રહેવા દે કે હું મરું ફરી જીવતો થઈને ઉઠું અને મને માલ તથા ઔલાદ આપવામાં આવે તો હું અદા કરી આપીશ. એના પર આયત નાઝિલ થઈ : શું તેં એને ન જોયો જેણે અલ્લાહની આયતોનો ઈન્કાર કર્યો અને કહ્યું મને માલ તથા ઔલાદ જરૂર આપવામાં આવશે.''

(બુખારી ૧/૩૦૪, અલ્ઈજારાત, ૨/૬૯૧, ૬૯૨, મુસ્લિમ–અલ્મુનાફિકીન, તિર્મિઝી, નિસાઈ–તફસીર)

થઈને ઉઠીશ ? હઝરત ખબ્બાબે ફર્માવ્યું, હા ! તો તેણે આવો જવાબ આપ્યો.

فسأوتىٰ એટલે તમારી માન્યતા પ્રમાણે જ્યારે જીવતો થઈને ઉઠીશ અને જન્નતમાં માલ તથા અવલાદ મળશે તો અદા કરી આપીશ. તેણે મઝાકના રૂપે આ પ્રમાણે કહ્યું હતું.

શંકા તથા નિવારણ : આ હદીષ પર એ શંકા છે કે એના પર ઈજમાઅ છે કે **જો કોઈએ કાફિર થવા માટે મર્યાદા નિશ્ચિત કરી તો તે તુરત જ કાફિર થઈ ગયો. દા.ત. એવું કહ્યું કે વરસ પછી કાફિર થઈ જઈશ, તો તે અત્યારે કાફિર થઈ ગયો,** તો પછી આવા મજબૂત ઈમાનવાળા મહાન શાનવાળા સહાબીએ એવું શાથી કહ્યું ? એનો જવાબ એ છે કે હઝરત ખબ્બાબે આસ બિન વાઈલના એતેકાદ (માન્યતા) પ્રમાણે એને ગુસ્સો અપાવવા માટે એવું કહ્યું કે જેમ કે તારો અકીદો છે કે મૃત્યુ બાદ ફરી કદી નહીં ઉઠે, એ જ પ્રમાણે હું કદી હુઝૂરે અકદસ ﷺનો ઈન્કાર કરીશ નહીં. આ કાફિર થવા માટે મર્યાદા નિશ્ચિત કરવું નથી, બલ્કે સંપૂર્ણપણે કુફથી હમેશાં હમેશાં માટે ઈન્કાર કરવું છે. એ મોકા પર આ ચાર આયતો નાઝિલ થઈ હતી : ★ શું તેં એને જોયો જેણે અમારી આયતોથી ઈન્કાર કર્યો, અને કહે છે, મને જરૂર માલ તથા ઔલાદ આપવામાં આવશે. ★ શું તે ગયબથી માહિતગાર થઈ ગયો છે અથવા રહમાનથી કોઈ વાયદો લઈ લીધો છે ?! ★ હરગિઝ નહીં ! જે કાંઈ તે કહે છે એને લખી રાખીશું અને તેને ઘણો જ લાંબો અઝાબ આપીશું ! ★ અને તે જે કહે છે એના અમો જ વારિસ થાશું અને તે અમારી પાસે એકલો આવશે.

આસ બિન વાઈલ : જાહિલિયતના જમાનાના અધર્મી, નાસ્તિકોમાંથી એક હતો. એમનામાં જ ઉકબા બિન અબૂ મુઈત, વલીદ બિન મુગીરા અને ઉબય ઈબ્ને ખલફ પણ છે. આસ બિન વાઈલ ઈસ્લામ અને હુઝૂરે અકદસ ﷺના અગ્રગણ્ય દુશ્મનોમાંથી હતો. એના મૃત્યુનો બનાવ અજબનો ઈબ્રતનાક છે. એ છેલ્લી ઉમરમાં સફરમાં ગયો તો થાકના કારણે એક ઝાડ સાથે ટેકો લગાડીને બેસી ગયો. જિબ્રઈલે અમીન અલ્લાહ રબ્બુલ આલમીનના હુકમથી તશરીફ લાવ્યા અને માથુ પકડીને ઝાડ સાથે અફાડવાનુ શરૂ કર્યું. તે ચીસો પાડતો હતો અને કોણ મારા માથાને ઝાડ સાથે અથાડી રહ્યું છે ?! એના સાથે કહેતો હતો, અમને કોઈ દેખાતુ નથી ! ત્યાં સુધી કે તે જહન્નમમાં પહોંચી ગયો. *(અલ્મલ્ફૂઝ ૧/૯૦)*

بَابُ الْخَيَّاطِ ص۲۸۱

"દરજીનું બયાન" –(૨૮૧)

حديث ۱۲۳۰ عَنْ اِسْحَاقَ بْنِ عَبْدِاللّٰهِ بْنِ اَبِىْ طَلْحَةَ اَنَّهٗ سَمِعَ اَنَسَ بْنَ مَالِكٍ رَضِىَ اللّٰهُ

"હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવતા હતા કે એક દરજીએ રસૂલુલ્લાહ ﷺ ને ખાવા **[હદીષ : ૧૨૩૦]**

تَعَالٰى عَنْهُ يَقُوْلُ اِنَّ خَيَّاطًا دَعَا رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِطَعَامٍ صَنَعَهٗ قَالَ

માટે દાવત આપી જેને એણે તૈયાર કર્યું હતું. અનસ બિન માલિકે કહ્યું, હું રસૂલુલ્લાહ ﷺ ની સાથે એ

اَنَسُ بْنُ مَالِكٍ فَذَهَبْتُ مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِلٰى ذَالِكَ الطَّعَامِ

દાવતમાં ગયો. એણે રસૂલુલ્લાહ ﷺ ને રોટી અને શેરવો પેશ કર્યો જેમાં દૂધી અને ગોશતની બોટીઓ હતી.

فَقَرَّبَ اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ خُبْزًا وَّمَرَقًا فِيْهِ دُبَّاءٌ وَقَدِيْدٌ فَرَاَيْتُ النَّبِىَّ صَلَّى اللّٰهُ

મેં નબી ﷺ ને જોયા કે દૂધીને પ્યાલાના છેડાઓએથી તલાશ કરતા હતા. હઝરત અનસે કહ્યું, તે દિવસથી હું

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَتَتَبَّعُ الدُّبَّاءَ مِنْ حَوَالَىِ الْقَصْعَةِ فَلَمْ اَزَلْ اُحِبُّ الدُّبَّاءَ مِنْ يَوْمَئِذٍ –عه

દૂધી પસંદ કરવા લાગ્યો."

(બુખારી, ૧/૮૧૭ અલ્અત્ઈમહ, મુસ્લિમ–અત્ઈમહ, અબૂ દાઊદ–વલીમા, તિર્મિઝી–વલીમા, શમાઈલ)

હદીષ : ૧૨૩૦ની સમજૂતી કિતાબુલ અત્ઈમહમાં અબ્દુલ્લાહ ઈબ્ને મુનીરના તરીકાથી આ પ્રમાણે રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ પોતાના એક ગુલામની પાસે ગયા જે દરજી હતો. આગળ છે : રસૂલુલ્લાહ ﷺ દૂધીની તલાશ કરવા લાગ્યા. જ્યારે મેં આ જોયું તો હુઝૂરની સમક્ષ દૂધી ભેગી કરવા લાગ્યો અને ગુલામ પોતાના કામમાં લાગી ગયો. એમાં અબ્દુલ્લાહ ઈબ્ને મુસ્લિમાના તરીકાથી આ પ્રમાણે છે કે તેણે જવની રોટી પેશ કરી. કદીદનો અર્થ કાપેલો ગોશત અથવા સૂકાવેલો ગોશત છે. અહીં અધિક મુનાસિબ પહેલો અર્થ છે એટલા માટે મેં એનો તર્જુમો ગોશતની બોટીઓ કર્યો છે.

સિલાઈમાં કયાસ એવું ચાહે છે કે જાઈઝ ન હોય, એટલા માટે કે એમાં ઈજારો અને બયઅ બે અકદ એક સાથે છે. સિલાઈ ઈજારો છે અને દરજીએ પોતાના તરફથી જે દોરો લગાડયો એ બયઅ સિલાઈની મજૂરી અને દોરાની કિંમત એકબીજાથી અલગ નથી. મજૂરી એક જ નિશ્ચિત થાય છે. એવું નથી થતું કે સિલાઈની અલગ મજૂરી નક્કી થાય અને દોરાની કિંમત અલગ. પણ એ હુઝૂરે અકદસ ﷺ ના મુબારક સમયથી રિવાજ પામેલ છે એટલા માટે વિના કરાહતે જાઈઝ છે. એ જ પ્રમાણે કપડાનું રંગકામ, જોડાની સિલાઈ, ચામડાને પકવવાનુ કામ વગેરે પણ છે. એટલા માટે ઈમામ બુખારીએ એનું સંપૂર્ણ અલગ પ્રકરણ રચ્યું. આ હદીષથી સાબિત થયું કે હુઝૂરે અકદસ ﷺ ને દૂધી ઘણી પસંદ હતી. ઉલમાએ લખ્યું છે કે **જો કોઈએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ ને દૂધી પસંદ હતી અને બીજાએ કહ્યું કે મને દૂધી પસંદ નથી તો એના પર કુફ્રનો અંદેશો છે.**

بَابُ النَّجَّارِ ص۲۸۱

"સુથારનું બયાન" –(૨૮૧)

حديث ١٢٣١ حَدَّثَنَا عَبْدُ الْوَاحِدِ بْنُ أَيْمَنَ عَنْ أَبِيهِ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللهِ رَضِيَ

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી رضی اللہ عنہ થી મરવી છે કે અન્સારની એક **[હદીષ : ૧૨૩૧]**

اللهُ تَعَالَى عَنْهُمَا أَنَّ امْرَأَةً مِنَ الْأَنْصَارِ قَالَتْ لِرَسُولِ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

ખાતૂને રસૂલુલ્લાહ ﷺને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું હુઝૂરના માટે કોઈ એવી ચીજ ન બનાવું જેના પર

يَا رَسُولَ اللهِ أَلَا أَجْعَلُ لَكَ شَيْئًا تَقْعُدُ عَلَيْهِ فَإِنَّ لِي غُلَامًا نَجَّارًا قَالَ إِنْ شِئْتِ

હુઝૂર બેસે. મારો એક ગુલામ સુથાર છે. ફર્માવ્યું, જો તું ચાહે (તો બનાવી દે) એ ખાતૂને મિમ્બર બનાવ્યો.

قَالَ فَعَمِلَتْ لَهُ الْمِنْبَرَ فَلَمَّا كَانَ يَوْمُ الْجُمُعَةِ قَالَ لِلنَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

જ્યારે જુમ્આનો દિવસ આવ્યો અને નબી ﷺએ મિમ્બર પર બેઠા જે બનાવવામાં આવ્યો હતો તો **એ**

عَلَى الْمِنْبَرِ الَّذِي صُنِعَ فَصَاحَتِ النَّخْلَةُ الَّتِي كَانَ يَخْطُبُ عِنْدَهَا حَتَّى كَادَتْ

ખજૂરની ડાળીએ ચીસ પાડી જેની પાસે ઉભા રહીને હુઝૂર ખુત્બો આપતા હતા, ત્યાં સુધી કે

أَنْ تَنْشَقَّ فَنَزَلَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ حَتَّى أَخَذَهَا فَضَمَّهَا إِلَيْهِ فَجَعَلَتْ

જણાતુ હતું કે ફાટી જશે. આ જોઈને નબી ﷺ મિમ્બરથી ઉતર્યા અને ખજૂરની ડાળીને

تَئِنُّ أَنِينَ الصَّبِيِّ الَّذِي يُسَكَّتُ حَتَّى اسْتَقَرَّتْ قَالَ فَبَكَتْ عَلَى مَا كَانَتْ تَسْمَعُ مِنَ الذِّكْرِ

પકડીને (શરીરથી) ચિમટાવી લીધી તો તે એ બાળકની જેમ ધુસ્કાં લેવા લાગી જેને શાંત કરવામાં આવે છે ત્યાં સુધી કે તેને સાંત્વન થઈ જાય.

તેમણે કહ્યું, આ ડાળી એના માટે રડી હતી કે ઝિક્ર સાંભળતી હતી."

હદીષ : ૧૨૩૧ની સમજૂતી

આ હદીષનો અંતિમ હિસ્સો ભાગ–૩, પેજ–૩૫૫ (ગુજરાતીમાં પેજ–૩૩૫) પર વર્ણન થઈ ચૂક્યો છે ત્યાં જ મિમ્બરે અકૃદસના બારામાં પૂરી વિગત લખવામાં આવેલી છે. આ હદીષથી જાણવા મળ્યું કે વનસ્પતિ પથ્થરમાં એકગણી જિંદગી છે, તેમને સમજ પણ છે અને પહોંચ પણ છે અને એમનામાં વાત કરવાની શક્તિ પણ છે.

بَابُ شِرَاءِ الدَّوَابِّ وَالْحَمِيْرِ ـ وَإِذَا اشْتَرَى دَابَّةً أَوْ جَمَلاً وَهُوَ عَلَيْهِ هَلْ يَكُوْنُ ذَالِكَ قَبْضاً قَبْلَ أَنْ يَنْزِلَ ـ ٢٨

"ચોપગાં તથા ગધેડાંને ખરીદવું અને જ્યારે કોઇ ચોપગુ અથવા ઊંટ ખરીદે અને તે એના પર સવાર રહે, ઉતરે નહીં તો એ કબજો છે" –(૨૮૧)

પ્રકરણની સ્પષ્ટતા : **حمير** (હમીર) **حمار** હેમારનું બહુવચન છે તેમજ એનું બહુવચન **حُمُرٌ** અને **اَحْمُرٌ** પણ આવે છે. **دابه** દરેક ચોપગાને કહે છે એમાં ગધેડો પણ સામેલ છે. પણ ખાસ રીતે એના ઉલ્લેખની શું જરૂરત છે ? આ પ્રકરણ હેઠળ ઈમામ બુખારીએ એક તઅલીક઼ વર્ણવી છે જેમાં એવું છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ એક તેજ સ્વાભાવવાળુ ઊંટ ખરીદયું. બીજી હઝરત જાબિરની હદીષ જેમાં ઊંટ ખરીદવાનો ઉલ્લેખ છે. ઊંટ હલાલ જાનવર છે એનાથી એ ખયાલ થઈ શક્તો હતો કે ખરીદ વેચાણનું જાઈઝ હોવું હલાલ જાનવરો સાથે ખાસ છે. શક્ય છે હરામ જાનવરોનું ખરીદ વેચાણ મના હોય. ઈમામ બુખારીએ પ્રકરણનું હેડિંગ **دواب** (દવાબ)થી રચીને એ ફાયદો કર્યો કે આ જાઈઝ હોવું દરેક ચોપગા સાથે આમ છે. અને હમીરનો વધારો કરીને અધિક સામાન્યપણુ જાહેર કર્યું કે હરામ જાનવરોનું પણ ખરીદ વેચાણ જાઈઝ છે, જો એમાં કોઈ ફાયદો હોય. એનાથી જાઈઝ હોવાની ઈલ્લત (સબબ)ની તરફ઼ ઈશારો ફ઼રમાવ્યો કે તે ફાયદો છે, જે જાનવરમાં કોઈ ફાયદો હોય તેનું ખરીદ વેચાણ જાઈઝ છે.

حديث ١٢٣٢ عَنْ وَهْبِ بْنِ كَيْسَانَ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللهِ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ કહ્યું, હું નબી ﷺ ની સાથે એક **[હદીષ : ૧૨૩૨]**

قَالَ كُنْتُ مَعَ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فِيْ غَزَاةٍ فَأَبْطَأَ بِيْ جَمَلِيْ وَأَعْيَا فَأَتَى

ગઝવહમાં હતો. મારા ઊંટે મને પાછળ પાડી દીધો. તે થાકી ગયું હતું. મારી પાસે નબી ﷺ તશરીફ઼

عَلَيَّ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ جَابِرٌ فَقُلْتُ نَعَمْ قَالَ مَا شَأْنُكَ قُلْتُ

લાવ્યા અને ફ઼રમાવ્યું, જાબિર ! મેં અર્ઝ કરી, જી હુઝૂર ! ફ઼રમાવ્યું, તારો શો હાલ છે ? મેં અર્ઝ

أَبْطَأَ عَلَيَّ جَمَلِيْ وَأَعْيَا فَتَخَلَّفْتُ فَنَزَلَ يَحْجُنُهُ بِمِحْجَنِهِ ثُمَّ قَالَ ارْكَبْ فَرَكِبْتُ

કરી, મારા ઊંટે વાર લગાડી, તે થાકી ગયું છે એટલા માટે હું પાછળ રહી ગયો. તો હુઝૂર

હદીષ : ૧૨૩૨ની સમજૂતી

ઈમામ બુખારીએ આ હદીષને એકવીસ તરીક઼ાથી મુસ્નદન રિવાયત કરી છે અને પેજ–૩૭૫ પર ૧૪ તરીક઼ાથી તઅલીક઼ન એનો એક હિસ્સો નુઝહતુલ ક઼ારી, ભાગ–૨, પેજ–૪૩૬ (ગુજરાતીમાં પેજ–૩૯૯) પર વર્ણન થઈ ચૂક્યો છે, પણ ત્યાં હદીષ ટૂંકાણમાં હતી અહીં વિગતવાર છે જેનાથી કેટલાય મસાઈલ કાઢી શકાય છે.

فی غزاة : અલ્લામા ઈબ્ને હજરે લખ્યું છે કે આ બનાવ ગઝવએ ઝાતુર્રિક઼ાઅમાં થયો હતો. પણ ખૂદ બુખારી કિતાબુશ્શુરૂતમાં પેજ–૩૭૫ પર તઅલીક઼ન દાઉદ બિન ક઼ૈસ બિન ઔબેદુલ્લાહ બિન મક઼સમના

فَلَقَدْ رَأَيْتُهُ أَكُفُّهُ عَنْ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ تَزَوَّجْتَ قُلْتُ

ઉતર્યા અને પોતાની અસા (લાકડી) વડે તેને મારવા લાગ્યા. પછી ફર્માવ્યું, સવાર થઈ જા !

نَعَمْ قَالَ بِكْرًا أَمْ ثَيِّبًا قُلْتُ بَلْ ثَيِّبًا قَالَ أَفَلَا جَارِيَةً تُلَاعِبُهَا وَتُلَاعِبُكَ قُلْتُ إِنَّ

હું સવાર થઈ ગયો. હવે તે એટલુ ઝડપી ચાલવા લાવ્યું કે હું તેને રોકતો હતો કે ક્યાંક

لِي أَخَوَاتٍ فَأَحْبَبْتُ أَنْ أَتَزَوَّجَ امْرَأَةً تَجْمَعُهُنَّ وَتَمْشُطُهُنَّ وَتَقُومُ عَلَيْهِنَّ قَالَ أَمَا

રસૂલુલ્લાહ ﷺની બરાબર ના થઈ જાય. હૂઝૂરે પૂછયું, તમે શાદી કરી લીધી ? મેં અર્ઝ કરી,

إِنَّكَ قَادِمٌ فَإِذَا قَدِمْتَ فَالْكَيْسَ الْكَيْسَ ثُمَّ قَالَ أَتَبِيعُ جَمَلَكَ قُلْتُ نَعَمْ فَاشْتَرَاهُ مِنِّي

જી હુઝૂર ! પૂછયું, કુંવારી સાથે કે પરણી ચૂકેલી સાથે ? મેં અર્ઝ કરી, પરણી ચૂકેલી. ફર્માવ્યું, કુંવારી સાથે

بِأُوقِيَةٍ ثُمَّ قَدِمَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَبْلِي وَقَدِمْتُ بِالْغَدَاةِ فَجِئْنَا إِلَى

કેમ ન કરી ? જે તમારી સાથે ખેલતી તમે એની સાથે ખેલતા. મેં અર્ઝ કરી, મારી બહેનો છે, મેં પસંદ કર્યું કે

الْمَسْجِدِ فَوَجَدْتُهُ عَلٰى بَابِ الْمَسْجِدِ قَالَ الْآنَ قَدِمْتَ قُلْتُ نَعَمْ قَالَ فَدَعْ جَمَلَكَ وَادْخُلْ

કોઈ એવી સ્ત્રી સાથે શાદી કરું જે એમને ભેગી રાખે અને એમને કાંસકી કરે, સંભાળ રાખે. ફર્માવ્યું,

તરીકાથી સ્પષ્ટ છે કે તબૂકના રસ્તામાં આ બનાવ ઉપસ્થિત થયો હતો.

ان لی اخوات : મુસ્લિમની એક રિવાયતમાં છે કે મારા પિતા અબ્દુલ્લાહ શહીદ થઈ ગયા અને તેમણે નવ કે સાત પુત્રીઓ છોડી છે. મેં એ પસંદ ન કર્યું કે એમના જેવી જ જોડે શાદી કરું જે ન તેણીઓની કેળવણી કરી શકે અને ન દેખભાળ કરી શકે. એટલા માટે મેં પરણી ચૂકેલીથી શાદી કરી જે તેમની દેખરેખ કરે અને તેમને સારો તૌર તરીકો શીખવાડે. તો ફર્માવ્યું, અલ્લાહ તને બરકત આપે.

فالكيس الكيس : એના પહેલાં હતું **فاذا قدمت** આ એનો બદલો છે. અને ફેઅલે મહઝૂફનો મફઊલબિહિ છે. એટલે **فالزم الكيس** – **كيس** નો અર્થ બુધ્ધિ તથા સમજ થાય છે. આ ઈર્શાદ એના કારણે છે કે હઝરત જાબિર કુંવારા હતા એમને દાંમ્પત્ય જીવનનો કોઈ અનુભવ ન હતો એટલા માટે ચેતવણી આપી.

باوقية : હુઝૂરે અકદસ ﷺએ હઝરત જાબિરથી એમનું ઊંટ કેટલામાં લીધુ હતું એના બારામાં વિવિધ રિવાયતો છે. કિતાબુશ્શુરૂત પેજ–૩૭૫ પર. આ હદીષની જે તઅલીકો વર્ણન કરવામાં આવી છે એમાં એક રિવાયતમાં **بوقية** છે એ ઔકિયાની જ એક લુગત (બોલી) છે. એક રિવાયતમાં ચાર દીનાર છે. એક ઔકિયા ચાલીસ દિરમ થાય છે. એ હિસાબથી એક દીનાર દસ દિરમનો થયો. ત્યાં એક રિવાયતમાં ચાર ઔકિયા છે, અને એક રિવાયતમાં વીસ દીનાર છે. અહીં ઈમામ બુખારીએ ફર્માવ્યું કે ઈમામ ષઅલ્બીએ જે ફર્માવ્યું કે એક ઔકિયામાં લીધું. એ જ વધારે પ્રમાણમાં છે. આમ રિવાયતોમાં કેવળ ઔકિયા આવેલ છે. એ સ્પષ્ટતા નથી કે એક ઔકિયા સોનાના બદલે કે ચાંદીને બદલે. પણ એક રિવાયતમાં **اوقية ذهب** આવ્યું છે. ઔકિયા ચાંદીનું

فَصَلِّ رَكْعَتَيْنِ فَدَخَلْتُ فَصَلَّيْتُ فَأَمَرَ بِلَالًا أَنْ يَزِنَ لِي أُوقِيَةً فَوَزَنَ لِي بِلَالٌ فَأَرْجَحَ

સાંભળો ! તમે પહોંચનારા છો, જ્યારે પહોંચી જાવ તો ખૂબ સમજદારીથી કામ લેજો. પછી ફર્માવ્યું, શું

لِي فِي الْمِيزَانِ فَانْطَلَقْتُ حَتَّى وَلَّيْتُ فَقَالَ ادْعُ لِي جَابِرًا قُلْتُ الْآنَ يَرُدُّ عَلَيَّ الْجَمَلَ وَلَمْ

તમારું ઊંટ વેચશો ? મેં અર્ઝ કરી, જી હા ! તો હુઝૂરે એને એક ઔક્વિયામાં ખરીદી લીધું. ત્યારબાદ

يَكُنْ شَيْءٌ أَبْغَضَ إِلَيَّ مِنْهُ قَالَ فَخُذْ جَمَلَكَ وَلَكَ ثَمَنُهُ ـ ع

રસૂલુલ્લાહ ﷺ મારાથી પહેલાં પહોંચી ગયા અને હું બીજા દિવસે સવારે પહોંચ્યો અને મસ્જિદે હાજર થયો. હુઝૂરને મસ્જિદના દરવાજા પર ઉભેલા જોયા. પૂછ્યું, હમણા તમે આવ્યા છો ? મેં અર્ઝ કરી, જી હા ! ફર્માવ્યું, તમારું ઊંટ છોડી જાવ અને અંદર જઈને બે રકાત નમાઝ પઢી લો. હું અંદર ગયો અને નમાઝ પઢી. હવે હુઝૂરે બિલાલને હુકમ આપ્યો, એના માટે ઔક્વિયા તોલી આપ. બિલાલે તોલી આપી અને વધારીને તોલી. હું ચાલ્યો. જ્યારે વળી ગયો તો ફર્માવ્યું, જાબિરને બોલાવો ! મેં મનમાં કહ્યું, હવે હુઝૂર ઊંટ પાછુ આપી દેશે. અને એનાથી નાપસંદીદા કોઈ ચીજ ન હતી. ફર્માવ્યું, તારું ઊંટ પણ લે અને કિંમત પણ લઈ જા."

(બુખારી, ૧/૬૩ અસ્સલાત, ૧/૩૨૧, ૩૨૨, ૩૨૪, ૩૫૫, ૪૦૧, ૪૧૬, ૪૩૪, અલ્ઇસ્તિકરાદ્, બાબ : ઈઝ હમ્મત તાઈફતાને.... ૨/૫૮૦ મગાઝી, ૨/૭૬૦ નિકાહ, ૧/૭૮૯ બાબ : તલબુલ વલદ, ત્રણ તરીક્વાથી, ૨/૮૦૮ ઈન્ક્વિાત, ૨/૯૪૫ દઅવાત, મુસ્લિમ–મુસાક્વિરૈન, મસાક્વાત, ૨૩ા, અબૂ દાઉદ–નિકાહ, જેહાદ, નિસાઈ બુયૂઅ, ઈબ્ને માજહ–નિકાહ, દારમી–નિકાહ, મુઅત્તા ઈમામ માલિક હુદૂદ, મુસ્નદે ઈમામ અહમદ ૩/૨૯૪, ૩૦૨ વગેરે)

વજન છે એ ચાલીસ દિરહમ થાય છે, સોનાનુ વજન નથી. એનો એક ખુલાસો એ થઈ શકે છે કે એક ઔક્વિયા ચાંદીને બદલે એ યુગમાં જેટલુ સોનુ મળતુ હોય એના બદલે વેચ્યું. શક્ય છે કે એ યુગમાં એક દીનારની કિંમત દસ દિરમ હોય. હવે ચાર દીનારવાળી રિવાયત અને એક ઔક્વિયાવાળી રિવાયત બંનેનો મતલબ એક થશે. અને જે રિવાયતોમાં વીસ દીનાર આવ્યું છે એનાથી મુરાદ નાના દીનાર છે. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે ઔક્વિયાવાળી રિવાયત રાવીની ભૂલ છે.

અલ્લાહની તૌફીક્વથી હું કહું છું : એ મુબારક યુગમાં વિવિધ દેશોના સિક્કા મદીના પાકમાં ચલણમાં હતા. રાવીઓએ પોત પોતાના ઈલ્મના પ્રમાણે એની વિવિધ તાબીરો કરી છે. તેમજ હદીષથી જાહેર છે કે જે કિંમત નિશ્ચિત થઈ હતી તેના કરતાં હુઝૂર ﷺએ વધારે આપ્યું. કેટલું વધારે આપ્યું એની સ્પષ્ટતા કોઈ રિવાયતમાં નથી. શક્ય છે કે મોટાભાગના રાવીઓએ કિંમતની તે માત્રા બતાવી જે નિશ્ચિત થયેલી હતી. તો શક્ય છે અમુક લોકોએ તે કિંમત વર્ણવી હોય જે અદા કરવામાં આવી હતી. એની પણ શક્યતા છે કે ખૂદ હઝરત જાબિર رضی اللہ عنہ એ કદીક એનો ઉલ્લેખ નથી કર્યો કદીક ઉલ્લેખ કર્યો. અલ્લાહ બેહતર જાણનાર છે.

બયઅ (સોદા)માં શરત : કિતાબુશ્શુરૂતની રિવાયત છે : **فاستثنيت حملانه الى اهلى** મેં મારાં ઘરવાળાંઓ સુધી જવાનાં અપવાદ કરી લીધું. બીજી રિવાયતોમાં પણ એના સમાનાર્થી શબ્દો આવેલા છે.

ખરીદવેચાણમાં એવી શર્ત લગાડવી જેમાં ખરીદ વેચાણ કરનારમાંથી કોઈનો એવો ફાયદો જે ખરીદ વેચાણનો તકાદો ન હોય તે ફાસિદ છે. એ જમહૂરનો મઝહબ છે. જમહૂરની દલીલ હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીક્વા رضی اللہ عنہا ની તે હદીષ જેમાં હઝરત બરીરાના ખરીદવાનો ઉલ્લેખ છે. એમના માલિકોએ ઉમ્મુલ

મોમિનીનની સામે એ શર્ત રાખી હતી કે આપ ખરીદીને આઝાદ કરી આપો પણ વિલાનો હક્ક અમને હાંસલ હશે. હઝરત ઉમ્મુલ મોમિનીને ખિદમતે અક્દસમાં અર્ઝ કરી, તો હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, તમે ખરીદી લો અને આઝાદ કરી આપો. વિલા એના માટે છે જે આઝાદ કરશે. અને ફર્માવ્યું, કેટલાક લોકોને શું થઈ ગયું છે કે એવી શરતો કરે છે જે કિતાબુલ્લાહમાં નથી ! દરેક એવી શર્ત જે કિતાબુલ્લાહમાં નથી તે બાતિલ છે, ભલે સો શર્તો હોય. *(બુખારી ૧/૩૪૮ મકાતિબ)* અને એ જ બુધ્ધિનો તકાદો છે એટલા માટે એને અગ્રતા છે. તદ્ઉપરાંત હઝરત જાબિરની આ હદીષના શબ્દો વિવિધ આવ્યા છે. અમુક રાવીઓએ શર્તના રૂપે ઝિક્ર કરેલ છે અને અમુક રાવીઓએ એવા શબ્દો વર્ણવ્યા છે જેનાથી સમજમાં આવે છે કે હુઝૂરે અક્દસ ﷺએ દયાભાવના કારણે એમને એની ઈજાઝત આપી દીધી હતી. તદ્ઉપરાંત ખૂદ હઝરત જાબિર رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ બયઅ અને શર્તથી મના ફર્માવ્યું છે.

فصل ركعتين : એ સફરથી વાપસીની નમાઝ હતી, પણ અમુક રિવાયતોમાં એ આવ્યું છે કે એ ચાશ્તનો સમય હતો એનાથી અમુકે કહ્યું કે નમાઝ ચાશ્તની હતી, પણ એ સહીહ નથી.

فار حج فى الميزان : અન્ય રિવાયતોમાં છે કે ખૂદ હુઝૂર ﷺએ હઝરત બિલાલને એનો હુકમ આપ્યો હતો કે થોડુક વધારે તોલજો. કિતાબુલ જિહાદ પ્રકરણ **باب من ضرب دابة غيره** માં છે : **فبعث النبى ﷺ باواقى من ذهب** "નબી ﷺએ કેટલીયે ઔક્યિા સોનુ મોકલ્યું." જ્યારે કે મુસ્લિમની એક રિવાયતના છેવટમાં છે : **خذ جملك و دراهمك** "પોતાનું ઊંટ અને પોતાના દિરહમ લે." એનાથી જાણવા મળ્યું કે કિંમતમાં દિરહમો આપ્યા હતા. ખુલાસો એ જ છે કે ક્યારેક નિશ્ચિત કરેલું વર્ણવ્યું તો ક્યારેક અદા કરવામાં આવેલ વર્ણવ્યું. ક્યારેક એ સ્થિતિને વર્ણવી જે કિંમતમાં આપી હતી અને ક્યારેક તેની એ કિંમતને જે બીજી સ્થિતિથી થતી હતી.

પ્રકરણની સ્પષ્ટતા : هِيم નું બહુવચન છે. જેને اَهْيَم એટલે ઈસ્તિસ્ક્રાઅની બીમારી હોય. આ هُيَام નું બહુવચન નથી. هائم નો અર્થ છે પાગલનપનની હદ સુધીનું આશ્ચર્ય. જે કોઈ કામ સહીહ તૌરથી ન કરી શકે. ઈશ્ક્માં પાગલ. એનું બહુવચન هُيَّمٌ આવે છે. هَيَامٌ સિફતે મુશબ્બહા અને هائم ઈસ્મે ફાઈલ.

هائم નો અર્થ બતાવીને ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે ભલે બંનેનો માદ્દો એક છે પણ સિફતે મુશબ્બહા અને ઈસ્મે ફાઈલના અર્થમાં આ ફરક છે. اهيم ઈસ્તિસ્ક્રાઅની બીમારીવાળાના અર્થમાં છે અને هائم હેરાન અને પરેશાનના અર્થમાં છે. અથવા એ કે اَهْيَم ની લુગ્વી (શાબ્દિક) અર્થની સાથે મળતાપણાની તરફ નિર્દેશનો હેતુ છે કે اهيم નો લુગ્વી (શાબ્દિક) અર્થ સખત હેરાન પરેશાન છે. અને ઈસ્તિસ્ક્રાઅની બીમારીવાળો પણ તરસની સખતીના કારણે હોશ હવાસ વિનાનો રહે છે.

بَابُ شِرَاءِ الْاِبِلِ الْهِيْمِ اَوِ الْاَجْرَبِ ـ اَلْهَائِمُ الْمُخَالِفُ لِلْقَصْدِ فِيْ كُلِّ شَيْءٍ ـ ص ۲۸۲

ઈસ્તિસ્ક़ાઅ અને ખારિશ (ખુજલી)ની બીમારીવાળા ઊંટનું ખરીદવું اَلْهَائِمُ નો અર્થ દરેક ચીજમાં મધ્યમ માર્ગથી આગળ વધનાર

حديث ۱۲۳۳ حَدَّثَنَا سُفْيَانُ قَالَ قَالَ عَمْرٌو كَانَ هٰهُنَا رَجُلٌ اِسْمُهُ نَوَّاسٌ وَكَانَتْ عِنْدَهُ

"અમ્ર બિન દીનારે કહ્યું, અહીં એક શખ્સ હતો જેનું નામ નવ્વાસ હતું. [હદીષ : ૧૨૩૩]

اِبِلٌ هِيْمٌ فَذَهَبَ ابْنُ عُمَرَ فَاشْتَرٰى تِلْكَ الْاِبِلَ مِنْ شَرِيْكٍ لَهُ فَجَاءَ اِلَيْهِ شَرِيْكُهُ فَقَالَ

એની પાસે ઈસ્તિસ્ક़ાઅ (જલંધર)ની બીમારીવાળાં ઊંટ હતાં. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ ગયા અને એ

بِعْنَا تِلْكَ الْاِبِلَ فَقَالَ مِمَّنْ بِعْتَهَا فَقَالَ مِنْ شَيْخٍ كَذَا وَكَذَا فَقَالَ وَيْحَكَ ذَاكَ وَاللّٰهِ ابْنُ

ઊંટોને તેના ભાગીદારથી ખરીદી લીધાં. ત્યારબાદ તેનો ભાગીદાર આવ્યો તો એને જણાવ્યું કે અમે આ

عُمَرَ فَجَاءَهُ فَقَالَ اِنَّ شَرِيْكِيْ بَاعَكَ اِبِلًا هِيْمًا وَلَمْ يَعْرِفْكَ قَالَ فَاسْتَقْهَا فَلَمَّا ذَهَبَ يَسْتَاقُهَا

ઊંટોને વેંચી દીધાં છે. તેણે પૂછયું, કોના હાથે વેચ્યાં છે ? તો એણે જણાવ્યું, આ દેખાવવાળા એક બુઝુર્ગના

قَالَ دَعْهَا رَضِيْنَا بِقَضَاءِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا عَدْوٰى ـ

હાથે. તેણે કહ્યું, તને ખરાબી થાય ! તે બખુદા ઈબ્ને ઉમર છે ! હવે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની ખિદમતમાં

હાજર થયો અને અર્ઝ કરી, મારા ભાગીદારે તમને ઓળખ્યા નહીં અને ઈસ્તિસ્ક़ાઅવાળાં ઊંટોને આપના

હાથે વેચી કાઢયાં છે. ફ઼ર્માવ્યું, તું હાંકીને લઈ જા. જ્યારે હાંકવા ગયો તો ફ઼ર્માવ્યું, રહેવા દે,

અમે રસૂલુલ્લાહ ﷺ ના ફ઼ૈસલા પર રાજી છીએ કે ફ઼ર્માવ્યું, બીમારીમાં ચેપ નથી."

بَابُ بَيْعِ السِّلَاحِ فِي الْفِتْنَةِ وَغَيْرِهَا ص ۲۸۲

"ઝઘડા તથા અમ્નમાં હથિયારનું વેચવું" –(૨૮૨)

ت ۳۹۰ وَكَرِهَ عِمْرَانُ بْنُ حُصَيْنٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ بَيْعَهُ فِي الْفِتْنَةِ ـ [તઅલીક़ : ૩૯૦]

"અને ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہ એ લડાઈના દિવસોમાં હથિયારના ખરીદ વેચાણને નાપસંદ કર્યું છે."

હદીષ : ૧૨૩૩ની સમજૂતી આ હદીષથી જાણવા મળ્યું કે અયબદાર ચીજ વેચવી મના છે. પણ એ કે ખરીદનારને અયબથી માહિતગાર કરી દેવામાં આવે અને તે રાજી થઈ જાય. એનાથી જાણવા મળ્યું કે તાબઈન, સહાબાએ કિરામનો કેટલો લેહાઝ તથા ખયાલ કરતા હતા. તેમજ જાણવા મળ્યું કે સહાબાએ કિરામને હુઝૂર ﷺ ના ઈર્શાદ પર કેટલું ઈત્મિનાન અને યક़ીન હતું, તેમજ એ પણ જાણવા મળ્યું કે એ અક़ીદો કે એકની બીમારી બીજાને લાગી જાય છે એ બાતિલ છે.

તઅલીક़ : ૩૯૦ની સમજૂતી આ તઅલીક़ને ઈબ્ને અદીએ કામિલમાં મુત્તસિલ સનદ સાથે વર્ણવી

حديث ١٢٣٤ عَنْ اَبِىْ مُحَمَّدٍ مَوْلٰى اَبِىْ قَتَادَةَ عَنْ اَبِىْ قَتَادَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે હુનૈનના વરસે રસૂલુલ્લાહ ﷺ ની [હદીષ : ૧૨૩૪]

قَالَ خَرَجْنَا مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَامَ حُنَيْنٍ فَاَعْطَاهُ يَعْنِىْ

સાથે નીકળ્યાં તો હુઝૂરે તે એટલે બખ્તર મને અતા ફર્માવ્યું. મેં એ બખ્તરને વેચીને એક બાગ ખરીદયો.

الدِّرْعَ فَبِعْتُ الدِّرْعَ فَابْتَعْتُ بِهٖ مَخْرَفًا فِىْ بَنِىْ سَلِمَةَ فَاِنَّهٗ اَوَّلُ مَالٍ تَاَثَّلْتُهٗ فِى الْاِسْلَامِ

આ પહેલો માલ હતો જેને મેં ઈસ્લામ લાવ્યા બાદ ભેગો કર્યો."

(બુખારી, ૧/૪૪૪ જેહાદ, ૨/૬૧૮ મગાઝી, ૨/૧૦૬૩ અલઅહકામ, મુસ્લિમ, અબૂ દાઊદ, મોઅત્તા ઈમામ માલિક : જેહાદ)

છે. તબરાનીએ મોઅજમે કબીરમાં મરફુઅન રિવાયત કરી છે, પણ એની સનદ ઝઈફ છે. સહીહ અને અગ્રતાપાત્ર એ છે કે ફિત્ના (લડાઈ ઝઘડા)ના સમયમાં હથિયાર વેચવું મના છે, એટલા માટે કે બે સ્થિતિથી ખાલી નથી, જો મુસલમાનોના હાથે વેચ્યું તો ખૂદ વિના હથિયાર રહેવું સારું નથી અને જો દુશ્મનોના હાથે વેચ્યું તો બીજી ખરાબી એ થઈ કે દુશ્મનને શક્તિ પહોંચી.

હદીષ : ૧૨૩૪ની સમજૂતી

આ એક લાંબી હદીષનો અંતિમ ભાગ છે. હઝરત અબૂ કતાદાએ ફર્માવ્યું, હુનૈનના મોર્ચા પર જ્યારે ઝપાઝપી થઈ તો મુસલમાનોમાં કાંઈક ભાગદોડ પેદા થઈ ગઈ. મેં જોયું કે એક મુશ્રિક એક મુસલમાન પર ચઢેલો છે. હું ફરીને એની પાછળથી આવ્યો અને તેના ખભાના જોડ (સાંધા) પર તલ્વાર મારી. મુશ્રિકે ઝપટ મારીને મને એટલા જોરથી દબોચી લીધો કે હું સમજ્યો કે હવે ગયો. પણ થયું એવું કે તે ખૂદ મરી ગયો અને મને છોડી આપ્યો. ત્યારબાદ હઝરત ઉમર رضی اللہ عنہ ને મળ્યો અને પૂછયું, લોકોનો શો હાલ છે ? ફર્માવ્યું, અલ્લાહની મરજી. ત્યારબાદ લોકો પાછા ફર્યા અને અલ્લાહ તઆલાએ મુસલમાનોને ફતહ અતા ફર્માવી.

જંગના પૂર્ણ થયા બાદ રસૂલુલ્લાહ ﷺ બેઠા અને ફર્માવ્યું, જેણે કોઈને કત્લ કર્યો હોય અને તેની પાસે સાબિતી છે તો એનો સામાન કત્લ કરનારનો છે. મેં કહ્યું મારા માટે કોણ ગવાહી આપશે. પછી હું બેસી ગયો. બીજીવાર હુઝૂર ﷺ એ એ જ ફર્માવ્યું, તો હું ઉભો થયો કે કોણ મારા માટે ગવાહી આપે છે ? પછી બેસી ગયો. હવે ફરી હુઝૂરે એ જ ઈર્શાદ ફર્માવ્યો. તેના પર હું ફરી ઉભો થઈ ગયો તો પૂછયું, શું વાત છે હે અબૂ કતાદા ? મેં બનાવ રજૂ કર્યો તો એક મુસલમાને કહ્યું, એમણે સાચુ કહ્યું છે. અને તેનો છીનવેલો સામાન મારી પાસે છે, હુઝૂર એમને રાજી કરી આપો. એના પર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ અર્ઝ કરી, આ કુરૈશના બિજજુ (એક જાનવર, નાની આંખોવાળો મનુષ્ય)ને ન આપો ! એને નહીં મળે. અલ્લાહના શેરોમાંથી એક શેર અલ્લાહ અને તેના રસૂલની હિમાયતમાં લડે અને કત્લ થનારનો સામાન તને આપે. તો નબી ﷺ એ ફર્માવ્યું, અબૂબક્રે સાચુ ફર્માવ્યું, અબૂ કતાદાને સામાન આપી દે. તેમણે લાવીને હુઝૂરની ખિદમતમાં હાજર કરી આપ્યો અને રસૂલુલ્લાહ ﷺ એ મને અતા ફર્માવી આપ્યો. તે બખ્તર હતું જેને વેચીને બની સલમાના મહોલ્લામાં એક બાગ ખરીદયો. મુસલમાન બન્યા બાદ આ પહેલો એવો માલ હતો જેને મેં ભેગો કર્યો. એટલે કે પહેલાં જે માલ મળ્યો હતો તે ખર્ચ થઈ ગયો પણ આના વડે બાગ ખરીદયો.

હુનૈન : મક્કા મોઅઝ્ઝમાંથી ત્રણ માઈલના અંતરે એક મેદાન છે જ્યાં હિ.સ. ૮માં રસૂલુલ્લાહ ﷺ

بَابُ الْعَطَّارِ وَبَيْعِ الْمِسْكِ ص٢٨٢

"અત્તર અને મુશ્ક વેચવાનું બયાન" –(૨૮૨)

حديث ૧૨૩૫ حَدَّثَنَا أَبُو بُرْدَةَ بْنُ عَبْدِ اللهِ سَمِعْتُ أَبَا بُرْدَةَ بْنَ أَبِي مُوسَى عَنْ أَبِيهِ

"હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, નેક સાથી **[હદીષ : ૧૨૩૫]**

قَالَ قَالَ رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ مَثَلُ الْجَلِيسِ الصَّالِحِ وَالْجَلِيسِ السَّوْءِ مَثَلُ صَاحِبِ

અને બુરા સાથીનું દૃષ્ટાંત મુશ્કવાળા અને લુહારની ભઠ્ઠીનું છે. મુશ્કવાળાથી તું મેહરૂમ નહીં રહે ક્યાં તો

الْمِسْكِ وَكِيرِ الْحَدَّادِ لَا يَعْدَمُكَ مِنْ صَاحِبِ الْمِسْكِ إِمَّا أَنْ تَشْتَرِيَهُ وَإِمَّا تَجِدَ رِيحَهُ.

ખરીદીશ અથવા તેની ખુશ્બુ સુંઘીશ અને લુહારની ભઠ્ઠી ક્યાં તો તારૂ ઘર સળગાવી નાખશે

وَكِيرُ الْحَدَّادِ يُحْرِقُ بَيْتَكَ أَوْ ثَوْبَكَ أَوْ تَجِدُ مِنْهُ رِيحًا خَبِيثَةً ؏

અથવા તારા કપડાં અને બદબૂ પામીશ.

(બુખારી ૨/૮૩૦ અઝ્ઝબાએહ, મુસ્લિમ–અલ્બિર્ર, અબૂ દાઊદ–અદબ, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૪૦૮)

અને ષકીફ તથા હવાઝુન તાઈફવાળાઓ સાથે જબરદસ્ત જંગ થયો હતો જેમાં એટલો માલેગનીમત હાથ આવ્યો હતો કે જંગલનાં જંગલ પાલક પશુઓથી ભરેલાં પડયાં હતાં અને હુઝૂરે અકદસ ﷺની દાદ તથા અર્પણનો એ આલમ હતો કે કોઈ કોઈને સો સો ઊંટો, કોઈને ચાલીસ ચાલીસ ઔકિયા ચાંદી અર્પણ કરી.

تاثلته એનો માદ્દો **ا ث ل** છે, એનો અર્થ અસ્લ, પાયો છે. બાબે તફઅુલમાં તકલ્લુફનો ફાયદો કરે છે એટલે કે એને ઈરાદાપૂર્વક આવકના માટે આધાર બનાવ્યો

પ્રકરણથી સામ્યતા : પ્રકરણના બે ભાગ હતા. લડાઈના દિવસોમાં હથિયાર વેચવું. આ તઅલીકથી સાબિત થયું કે મના છે. બીજો ભાગ અમ્નના દિવસોમાં હથિયાર વેચવું. એ હઝરત અબૂ કતાદાની હદીષથી સાબિત થયું. આ હદીષ પર ઈમામ બુખારીએ બે પ્રકરણો અધિક રચ્યાં છે. જેણે માલે ગનીમતથી ખુમ્સ નથી આપ્યું. હુકમ એ છે કે જંગમાં જેટલો માલે ગનીમત એકત્ર થાય એમાંથી ખુમ્સ એટલે પાંચમો હિસ્સો કાઢીને હુકૂમતના હવાલે કરવામાં આવે, બાકીનો મુજાહિદોમાં વહેંચી કાઢવામાં આવે. બનાવ પરથી જાહેર છે કે એ કાફિરના સામાનમાંથી ખુમ્સ કાઢવામાં આવ્યું ન હતું. અને પૂરેપૂરો હઝરત કતાદાને આપી દેવામાં આવ્યો હતો.

ત્રીજુ પ્રકરણ એ રચ્યું કે ગવાહી હાકિમની રૂબરૂ તેની કઝાની મજલિસમાં થવી જરૂરી છે. એ પણ સાબિત છે કે જેમની પાસે સામાન હતો તેમણે હુઝૂરે અકદસ ﷺની રૂબરૂ હઝરત કતાદાનું સમર્થન કર્યું.

હદીષ : ૧૨૩૫ની સમજૂતી મુશ્ક (કસ્તુરી) એક ખાસ પ્રકારના હરણની ટૂંટીમાં લોહી ભેગુ થઈને બને છે. જ્યારે મુશ્ક તૈયાર થઈ જાય છે તો હરણને ખંજવાળ ઉપડે છે અને બેચેન થઈને પથ્થરો પર ટૂંટી રગળ છે જેથી તે ખરી જાય છે. એ જ કસ્તૂરી છે જેની અંદર મુશ્ક હોય છે. કેમ કે જીવતાં જાનવરના શરીરથી જે હિસ્સો અલગ કરવામાં આવે તે હરામ અને નાપાક છે એટલા માટે પૂર્વજ બુઝુર્ગોમાં કેટલાક બુઝુર્ગોનો મઝહબ એ હતો

بَابُ ذِكْرِ الْحَجَّامِ صـ٢٨٣

"સેંગી લગાડનાર (લોહી ચૂંસનાર)નું વર્ણન" –(૨૮૩)

પ્રકરણની સ્પષ્ટતા : باب موكل الربوٰ માં જે હદીષ વર્ણન થઈ છે એનાથી જાહેર થતુ હતું કે લોહી ચૂંસાવવાની મજૂરી જાઈઝ નથી એટલા માટે યાદ અપાવવા માટે આ પ્રકરણ રચ્યું. ખુલાસો વર્ણન થઈ ચૂક્યો કે મનાઈ મકરૂહે તન્ઝીહી પર આધારિત છે.

حديث ١٢٣٦ عَنْ حُمَيْدٍ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ حَجَمَ اَبُوْطَيْبَةَ رَسُوْلَ

"હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે અબૂ તયબહએ રસૂલુલ્લાહ ﷺ ને **[હદીષ : ૧૨૩૬]**

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَاَمَرَ لَهٗ بِصَاعٍ مِّنْ تَمْرٍ وَّاَمَرَ اَهْلَهٗ اَنْ يُّخَفِّفُوْا مِنْ خَرَاجِهٖ ـ ع ـه

સેંગી લગાડી (લોહી ચૂંસ્યું)તો હુઝૂરે તેને એક સાઅ ખજૂર આપવાનો હુકમ આપ્યો અને તેના માલિકોને હુકમ આપ્યો કે તેના મહેસૂલને ઓછુ કરે.

(બુખારી ૧/૨૯૨, ૧/૩૦૪ અલ્ઈજારાત, ૨/૮૪૯ અત્તિબ્બ, મુસ્લિમ–મસાકાત, અબૂ દાઊદ–બુયૂઅ, તિર્મિઝી, દારમી : બુયૂઅ, મોઅત્તા ઈમામ માલિક–ઈસ્તીઝાન, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૧૦૦ વગેરે.)

કે મુશ્ક નાપાક છે, અને જ્યારે એ નાપાક છે તો એનો વેપાર હરામ થશે. પણ જમહૂર સલફનો મઝહબ એ છે કે એ પાક તથા તૈયબ છે. ખૂદ હુઝૂરે અકૃદસ ﷺ એ એનો ઉપયોગ કરેલો છે અને તે પણ એહરામની હાલતમાં તેમજ ફર્માવ્યું છે : المسك اطيب الطيب "મુશ્ક સૌથી ઉમદા ખુશ્બુ છે." *(મુસ્લિમ, ૨/૩૯૩ અલ્અલ્ફાઝ, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૬૮)* બાદમાં મુશ્કની તહારત તથા હલાલ હોવા પર ઈજમાઅ થઈ ગયો છે. આ દલીલનો જવાબ એ છે કે જીવતાના શરીરનું તે અંગ નાપાક તથા હરામ છે જેમાં લોહી હોય. અને કસ્તૂરીથી જ્યારે મુશ્ક તૈયાર થઈ જાય છે તો મુદ્દલે લોહી રહેતું જ નથી, જે લોહી પહેલાં જમા થયું હતું હવે વાસ્તવિકતા બદલાઈ ગઈ છે અને હવે તે બીજી ચીજ બની ગઈ. રંગ, ગંધ, સ્વાદ, અસલિયત, ખાસિયત સર્વ કાંઈ બદલાય ગયું છે.

ઈમામ બુખારી આ પ્રકરણ રચીને એ ફાયદો કરવા ચાહે છે કે મુશ્ક પાક તથા તૈયબ અને હલાલ છે, એનુ ખરીદ વેચાણ સૌ જાઈઝ છે.

આ હદીષથી જાહેર થયું કે સોહબત અસરકારક ચીજ છે. સારા લોકોની સોહબતમાં બેસવાથી માણસમાં સારી વાતો પેદા થાય છે અને બુરાઓની સોહબતમાં માણસ બગડી જાય છે.

હદીષ : ૧૨૩૬ની સમજૂતી કિતાબુલ ઈજારા બાબ ضربه العبد باب માં بصاع او صاعين છે અને બાબ من كلم موالى العبد باب માં بصاع او صاعين અને مد او مدين છે. અબૂ તયબહનું નામ દીનાર અથવા નાફેઅ અથવા મૈસરા હતું અને તેમના માલિકનું નામ મુહૈસા બિન મસ્ઊદ અન્સારી હતું. તેમને ઘણી લાંબી ઉમર મળી. ૧૪૩ વરસના થઈને અલ્લાહની રહમતમાં પહોંચ્યા. આ અબૂ તયબહ બની બયઝાના ગુલામ હતા.

عن خراجه : એ યુગમાં દસ્તૂર હતો કે ગુલામો તથા લોંડીઓ પર દરરોજ અથવા માસિક મહેસૂલ લગાડી આપતા કે તમે આટલુ કમાઈને લાવો. જેમ કે અબૂ તયબહ પર સાત સાઅ મહેસૂલ હતું. હુઝૂરે અકૃદસ ﷺ એ

حديث ૧૨૩૭ عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ એ સેંગી લગાડવી [હદીષ : ૧૨૩૭]

اِحْتَجَمَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاَعْطَى الَّذِيْ حَجَمَهُ وَلَوْ كَانَ حَرَامًا لَمْ يُعْطِهِ

(લોહી ચૂંસાવ્યું) અને સેંગી લગાડનારને કાંઈ આપ્યું. જો તેની મજૂરી હરામ હોત તો ન આપતા."

(બુખારી ૧/૩૦૪ અલ્ઈજારાત–બે તરીકાથી, મુસ્લિમ–અલ્મસાકાત, અબૂ દાઉદ–બુયૂઅ, ઈબ્ને માજહ અત્તિજારાત, મુસ્નદે ઈમામ અહમદ–૩૨૪, ૨૫૦)

بَابُ التِّجَارَةِ فِيْمَا يُكْرَهُ لُبْسُهُ لِلرِّجَالِ وَالنِّسَاءِ صـ ٢٨٣

"એના વેપારનુ બયાન જેનો ઉપયોગ પુરૂષો તથા સ્ત્રીઓ બંને માટે મકરૂહ છે" –(૨૮૩)

પ્રકરણની સ્પષ્ટતા : અહીં لُبْسُهُ થી મુરાદ ઉપયોગ કરવું છે, કેવળ પહેરવું મુરાદ નથી, નહીં તો પ્રકરણથી મળતાપણુ (સામ્યતા) નહીં થવા પામે. એટલા માટે કે એના હેઠળ બે હદીષો લાવ્યા છે એમાં કોઈનામાં પહેરવાનો ઉલ્લેખ નથી, અન્ય તરીકાથી ઉપયોગમાં લેવાનો ઉલ્લેખ છે. ઈમામ બુખારીએ આદત અનુસાર અહીં પણ પોતાનો કોઈ ફૈસલો નથી લખ્યો, પણ એના હેઠળ જે હદીષો લાવ્યા છે એનાથી જાહેર થાય છે કે એનું ખરીદ વેચાણ જાઈઝ છે.

حديث ૧૨૩૮ عَنْ سَالِمِ بْنِ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ اَرْسَلَ النَّبِيُّ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ એ હઝરત ઉમરની [હદીષ : ૧૨૩૮]

તેમના માલિક મુહૈસાને બોલાવીને એક સાઅ ઓછુ કરાવી આપ્યું.

મસાઈલ : આ હદીષથી સાબિત થયું કે સેંગી લગાડવી (લોહી ચૂંસાવવું) જાઈઝ છે એની મજૂરી પણ મુબાહ છે. ગુલામ તથા લોંડી પર મહેસૂલ લગાડવું જાઈઝ છે. કોઈનાથી કામ લેવામાં આવે ભલે મજૂરીએ કેમ ન હોય તેના પર પ્રેમભાવ તથા મહેરબાની પસંદીદા છે.

હદીષ : ૧૨૩૭ની સમજૂતી મુસ્નદે ઈમામ અહમદમાં શઅબીના તરીકાથી જે રિવાયત છે એમાં આ તફસીલ પણ છે હુઝૂરે અકદસ ﷺ પોતાના બંને 'અખદઅ' અને બંનેવ ખભાઓના વચ્ચે સેંગી લગાડતા (લોહી ચૂંસાવતા). બની બયાઝાના એક ગુલામને બોલાવ્યો અને સેંગી લગાવડાવી. એની અમુક રિવાયતોમાં નામ પણ વર્ણન કરેલ છે કે એ અબૂ તયબહ હતા. એનાથી જાહેર થઈ ગયું કે આ તે જ કિસ્સો છે જે હઝરત અનસની હદીષમાં વર્ણન થયેલ છે. અલ્બત્ત તેની મજૂરી અને મહેસૂલની માત્રામાં થોડાક અંશે મતભેદ છે. એમાં એવું છે કે મજૂરી દોઢ મુદ આપી અને તેમનુ મહેસૂલ રોજનું દોઢ મુદ હતું, હુઝૂરે સિફારિશ કરીને અડધો મુદ ઓછુ કરાવ્યું. શક્ય છે કે આ મતભેદ સાઅ તથા મુદના તફાવત પર આધારિત હોય. (સાઅ અને મુદ બંને વજનના માપો છે) એટલા માટે એ યુગમાં ખૂદ મદીના તયબહમાં વિવિધ માત્રાનાં (માપનાં) સાઅ તથા મુદ રિવાજ પામેલ હતાં. 'અખદઅ' બે બારીક નસો છે જે બંનેવ પાસાંઓએથી પસાર થાય છે.

હદીષ : ૧૨૩૮ની સમજૂતી આ હદીષ વિગતે થોડા ફેરફાર સાથે નુઝહતુલ કારી, ભાગ–૩, પેજ–૩૨૮ (ગુજરાતીમાં પેજ : ૩૦૮) પર વર્ણન થઈ ચૂકી છે ત્યાં એનો ઉલ્લેખ નથી કે હઝરત ઉમર رضی اللہ عنہ એ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِلٰى عُمَرَ حُلَّةَ حَرِيْرٍ اَوْ سِيَرَاءَ فَرَاَهَا عَلَيْهِ فَقَالَ اِنِّيْ لَمْ اُرْسِلْ

પાસે રેશમી પોશાક મોકલ્યો. (હઝરત ઉમરે એને પહેરી લીધો) જ્યારે એને હુઝૂરે જોયો તો ફર્માવ્યું, મેં

بِهَا اِلَيْكَ لِتَلْبَسَهَا اِنَّمَا يَلْبَسُهَا مَنْ لَّا خَلَاقَ لَهٗ اِنَّمَا بَعَثْتُ اِلَيْكَ لِتَسْتَمْتِعَ بِهَا يَعْنِيْ تَبِيْعَهَا.

તમારી પાસે એટલા માટે નથી મોકલ્યો કે તમે એને પહેરો. એને તે જ પહેરે છે જેના માટે આખેરતમાં કોઈ

હિસ્સો નથી. મેં એટલા માટે મોકલ્યો છે કે એનાથી ફાયદો ઉઠાવો એટલે કે એને વેચી નાખો.''

حديث ૧૨૩૯ عَنِ الْقَاسِمِ بْنِ مُحَمَّدٍ عَنْ عَائِشَةَ اُمِّ الْمُؤْمِنِيْنَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّهَا

''ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ એમને (કાસિમ બિન મુહમ્મદ)ને [હદીષ : ૧૨૩૯]

اَخْبَرَتْهُ اَنَّهَا اشْتَرَتْ نُمْرُقَةً فِيْهَا تَصَاوِيْرُ فَلَمَّا رَاٰهَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

ખબર આપી કે તેમણે એક એવી કાલીન (કારપેટ) ખરીદયું જેના પર તસવીરો હતી. જ્યારે એને

قَامَ عَلَى الْبَابِ فَلَمْ يَدْخُلْ فَعَرَفْتُ فِيْ وَجْهِهِ الْكَرَاهِيَةَ فَقُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ اَتُوْبُ اِلَى

રસૂલુલ્લાહ ﷺ એ જોયું તો દરવાજા પર રોકાઈ ગયા, અંદર તશરીફ ન લાવ્યા. મેં ચહેરા મુબારકમાં

اللّٰهِ وَاِلٰى رَسُوْلِهٖ مَاذَا اَذْنَبْتُ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَا بَالُ

નાપસંદીદગી જોયી તો અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું અલ્લાહ અને રસૂલની બારગાહમાં તૌબા કરું છું, મેં

એ પોશાકને પહેર્યો. ત્યાં એવું છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ મસ્જિદના દરવાજા પર રેશમી પોશાક જોયો તો ખિદમતે અકદસમાં અર્ઝ કરી, જો હુઝર આને ખરીદી લે અને જુમ્આના દિવસે એને પ્રતિનિધિમંડળ માટે પહેર્યા કરે. ફર્માવ્યું, એને તે જ પહેરે જેનો આખેરતમાં કોઈ હિસ્સો નથી. ત્યારે ખિદમતે અકદસમાં કેટલાંક કપડાંની જોડ આવી તો હુઝૂરે હઝરત ઉમરને એક જોડ ઈનાયત કરી. એના પર હઝરત ઉમરે અર્ઝ કરી, હુઝૂર ! મને આ પહેરવા માટે આપી રહ્યા છો અને અત્તારોના કપડાં બાબતે તે ફર્માવ્યું ?! ઈર્શાદ ફર્માવ્યો, મેં તમને પહેરવા માટે નથી આપી. હઝરત ઉમરે એ જોડ પોતાના એક મુશ્રિક (જેમનું નામ ઉષ્માન બિન હકીમ હતું. તેઓ હઝરત ઉમરના અખ્યાફી અથવા રઝાઈ ભાઈ હતા. સહીહ એ છે કે તેઓ બાદમાં મુસલમાન થઈ ગયા હતા. નુઝહતુલ કારી, ૩/૩૨) ભાઈને આપી દીધી.

હદીષ : ૧૨૩૯ની સમજૂતી

બદઉલ ખલ્કમાં اِشْتَرَيْتُ ને બદલે حَشَوْتُ છે એટલે મેં ભર્યું હતું એટલે કે કપડુ ખરીદીને ખૂદ એમાં કાંઈ ભરીને ગાદલું બનાવ્યું હતું. આગળ છે وجعل يتغير وجهه હુઝૂરના ચહેરાનો રંગ બદલાવા લાગ્યો. પછી لتقعد ની જગાએ لتضطجع છે જેથી હુઝૂર એના પર સૂએ. ઈબ્નુસ્સકીતે કહ્યું કે نمرقه 'નૂન' અને 'રા'ને પેશ તેમજ નૂન અને 'રા'ને ઝેર અને 'બાઅ' વિના પણ છે. ઈબ્ને તયને કહ્યું, અમે એને નૂનના ઝબર અને 'રા'ના પેશની સાથે યાદ કરેલ છે. અર્થ નાનો તકિયો, ફર્શ (ફલોર), કારપેટ વગેરે છે. મારા ખયાલમાં અહીં સૌથી યોગ્ય કારપેટ અથવા ફર્શ છે જેના પર ''બેસે'' અને ''સૂએ''ના શબ્દો સ્પષ્ટ કરીનો છે.

هٰذِهِ النُّمْرُقَةِ قَالَتْ قُلْتُ اشْتَرَيْتُهَا لَكِ لِتَقْعُدَ عَلَيْهَا وَتَوَسَّدَهَا فَقَالَ رَسُوْلُ اللّٰهِ

કયો ગુનોહ કર્યો છે ?! તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આ કારપેટ શું છે ? મેં અર્ઝ કરી, મેં એટલા

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ اَصْحَابَ هٰذِهِ الصُّوَرِ يَوْمَ الْقِيَامَةِ يُعَذَّبُوْنَ

માટે ખરીદયું છે કે હુઝૂર એના પર બેસે અને ટેક લગાડે. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **આ તસવીર**

فَيُقَالُ لَهُمْ اَحْيُوْا مَا خَلَقْتُمْ وَقَالَ اِنَّ الْبَيْتَ الَّذِىْ فِيْهِ هٰذِهِ الصُّوَرُ لَا تَدْخُلُهُ الْمَلٰئِكَةُ ؏ه

બનાવનારાઓને (ફોટો પાડનારાઓને) કયામતના દિવસે અઝાબ આપવામાં આવશે, તેમને કહેવામાં આવશે, જે તમે બનાવ્યું છે એમાં પ્રાણ પૂરો ! *અને ફર્માવ્યું,* ***જે ઘરમાં આ તસ્વીરો હોય છે એમાં ફરિશ્તા નથી આવતા.''***

(બુખારી ૧/૪૫૮ બદઉલ ખલ્ક, ૨/૭૭૮ અન્નિકાહ, ૨/૮૮૧ લિબાસ, મુસ્લિમ–લિબાસ)

કપડુ જેના પર તસવીર હોય : પ્રકરણની સાબિતીમાં ઈમામ બુખારી બે હદીષો લાવ્યા છે. એક હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની તે હદીષ છે જેમાં આ પ્રમાણે છે કે હુઝૂરે અકદસ ﷺ એ હઝરત ઉમર رضی اللہ عنہ ને રેશમી કપડુ આપ્યું અને ફર્માવ્યું કે મેં એટલા માટે આપ્યું છે કે તમે એને વેચી દો. આ એના પર સ્પષ્ટ દલીલ છે કે **જે કપડાંઓને પહેરવું મના છે એનુ ખરીદ વેચાણ જાઈઝ છે.** બીજી હઝરત ઉમ્મુલ મોમિનીન رضی اللہ عنہا ની હદીષે મસ્તૂર, એ પણ બારીક દૃષ્ટિએ જોતાં ખરીદ વેચાણ જાઈઝ હોવાની દલીલ છે. કેમ કે હુઝૂરે અકદસ ﷺ એ હઝરત ઉમ્મુલ મોમિનીનને સોદો ફોગ કરવાનો હુકમ નથી આપ્યો. તદ્ ઉપરાંત નુઝહતુલ કારી, ભાગ–૩, પેજ–૩૫૭, ૩૫૯ (ગુજરાતીમાં પેજ : ૩૩૭, ૩૩૯) પર વર્ણન થયેલી ખૂદ ઉમ્મુલ મોમિનીનની હદીષ નિસાઈમાં આ પ્રમાણે છે કે એ પર્દાને ફાડીને ઉમ્મુલ મોમિનીને બે ટુકડા કરી નાખ્યા, એકના પર હુઝૂરે ટેક લગાડયો. એનાથી બે વાતો સાબિત થઈ, એનું ખરીદ વેચાણ પણ જાઈઝ છે અને એ રીતે ઉપયોગ કરવો કે તેમાં તેનું (તસ્વીરનું) અપમાન હોય એ જાઈઝ છે. દા.ત. બેસવું અથવા ટેકો લગાડવો.

રહી ગઈ એ વાત કે એ કારપેટને ઉમ્મુલ મોમિનીને બેસવા તથા સૂવા માટે જ ખરીદયો હતો પછી શા માટે નારાઝગી દર્શાવી ? શક્ય છે એ પહેલો મોકો રહ્યો હોય. તસ્વીરના આમ ઉપયોગને રોકવાના માટે શરૂમાં આ સખ્તી વર્તી. જેમ કે હન્તુમુ ડુબ્બા, મુઝફ્ફત અને નકીર (તે જમાનામાં ઉપયોગ થતાં અમુક વાસણો)ના બારામાં શરૂમાં સંપૂર્ણપણે મનાઈ ફર્માવી.

لا تدخله الملائكة : એનાથી મુરાદ મુત્લકન ફરિશ્તા નથી કેવળ રહમત તથા ઈસ્તિગફારના ફરિશ્તા છે. રહી ગયા બીજા ફરિશ્તા કિરામન કાતિબીન, માણસની હિફાઝત કરવાવાળા કે હઝરત મલકુલ મૌત એ દરેક જગાએ જાય છે, એ ઘરોમાં જાય છે જ્યાં તસ્વીરો હોય છે. એનાથી મુરાદ જાનદારની તસ્વીર છે જેમાં ચહેરો હોય. નિર્જીવની તસ્વીર જેમ કે ઝાડ, મકાન, નદી, જંગલ વગેરેની વિના શંકાએ જાઈઝ છે. એ પ્રમાણે માણસનો ફોટો જેમાં ચહેરો ન હોય એ જાઈઝ છે.

આ હુકમ ત્યારે છે જ્યારે કે (તસ્વીર) અપમાનની જગાએ ન હોય, જો એવી જગાએ હોય તો પણ હરામ નથી. દા.ત. પાથરણા, ફલોર વગેરેમાં તસ્વીરો બની હોય તો કાંઈ વાંધો નથી. ઈમામ અબૂ જઅફર તહાવી رضی اللہ عنہ એ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી, જિબ્રઈલે અમીને રસૂલુલ્લાહ ﷺ થી હાજરીની ઈજાઝત માગી. ફર્માવ્યું, આવો ! અર્ઝ કરી, કેવી રીતે આવું કે આપના ઘરમાં પર્દો છે જેના પર ઘોડા તથા માણસોની

بَابُ كَمْ يَجُوزُ الْخِيَارُ - ص٢٨٣

"કેટલા દિવસો સુધી ખિયાર જાઈઝ છે ?" –(૨૮૩)

حديث ١٢٤٠ سَمِعْتُ نَافِعًا عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નબી ﷺથી રિવાયત કરે છે કે નબી ﷺએ ફર્માવ્યું, **[હદીષ : ૧૨૪૦]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِنَّ الْمُتَبَايِعَيْنِ بِالْخِيَارِ فِي بَيْعِهِمَا مَالَمْ يَتَفَرَّقَا اَوْ يَكُوْنُ الْبَيْعُ

વેચનાર તથા ખરીદનારને પોતાના સોદામાં અધિકાર છે જ્યાં સુધી છૂટા ન પડે અથવા વેચાણ ખિયારની

خِيَارًا — قَالَ نَافِعٌ وَكَانَ ابْنُ عُمَرَ اِذَا اشْتَرٰى شَيْئًا يُعْجِبُهُ فَارَقَ صَاحِبَهُ ـه

સાથે હોય. નાફેએ કહ્યું, હઝરત ઈબ્ને ઉમરની આદત એ હતી, જ્યારે કોઈ ચીજ ખરીદતા અને પસંદ આવી જતી તો ખરીદારથી અલગ થઈ જતા. (બુખારી ૧/૨૮૩, ૨૮૪, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ : બુયૂઅ)

તસ્વીર છે, ક્યાં તો એનાં માથાને કટ કરી દો અથવા એનું પાથરણુ બનાવી આપો. અમે ફરિશ્તા એ ઘરોમાં નથી જતા જેમાં તસ્વીરો (ફોટા) હોય.

મુસ્લિમ (૨/૨૦૨ લિબાસ)માં સઈદ બિન અબુલ હસનથી મરવી છે કે એક શખ્સ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી, હું આ તસ્વીરો બનાવું છું એના બારામાં ફત્વો આપો. તો ફર્માવ્યું, મારી નજીક થા ! મારી નજીક થા ! તે નજીક થયો ત્યાં સુધી કે આપે પોતાનો હાથ મુબારક તેના માથા પર રાખ્યો અને ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺથી એના બારામાં જે કાંઈ સાંભળ્યું છે તે બતાવું છું. રસૂલુલ્લાહ ﷺને એવું ફર્માવતાં સાંભળ્યા છે, **દરેક તસ્વીર બનાવનાર જહન્નમમાં છે, દરેક તસ્વીરને જાનદાર કરી દેવામાં આવશે અને એને સજા આપશે.** જો એના વિના ઉપાય નથી તો ઝાડ વગેરે એવી ચીજોની (તસ્વીર) બનાવ જેમાં રૂહ ન હોય.

હદીષ : ૧૨૪૦ની સમજૂતી

આ હદીષને ઈમામ બુખારીએ એના પછી સતત ત્રણ પ્રકરણોમાં વિવિધ શબ્દોની સાથે રિવાયત કરી છે. સૌના અર્થ એક જ છે. આ હદીષનો ફાયદો પણ એ જ છે જે હઝરત હકીમ બિન હેઝામ رضی اللہ عنہ ની હદીષ–૧૨૨૫ નો છે. હઝરત ઈમામ શાફઈ **ما لم يتفرقا**થી ખિયારે મજલિસ મુરાદ લે છે, અને આપણે ત્યાં એનાથી મુરાદ ખિયારે કુબૂલ છે અને **يتفرقا**થી તફર્રુક બિલ અક્વાલ (એકની વેચવાની વાત એકની ખરીદવાની) મુરાદ છે. પૂરી ચર્ચા ત્યાં થઈ ચૂકી છે.

او يكون البيع خيارا : એનાથી મુરાદ ખિયારે શર્ત છે એટલે કે વેચનાર તથા ખરીદનાર એ શર્ત કરી લે કે મહેફિલ બદલ્યા પછી પણ અમને ખિયાર થશે, ચાહીશું તો સોદાને ખત્મ કરી દઈશું. આપણે ત્યાં એની મુદ્દત ત્રણ દિવસ છે અને નિશ્ચિત મુદ્દત વિના ખિયાર બાતિલ છે. ઈમામ બુખારીએ પ્રકરણનું ટાઈટલ રાખ્યું છે : કેટલા દિવસો સુધી ખિયાર જાઈઝ છે. પણ એના હેઠળ જેટલી હદીષો લાવ્યા છે કોઈનામાં એ વર્ણન નથી કે ખિયારની શર્ત કેટલા દિવસો સુધી રહેશે.

بَابُ الْبَيِّعَانِ بِالْخِيَارِ مَالَمْ يَتَفَرَّقَا ص ۲۸۳

"વેચનાર તથા ખરીદનારને ખિયાર હાંસલ છે જ્યાં સુધી બંને અલગ ન થઈ જાય" –(૨૮૩)

ت ۳۹۱ وَبِهٖ قَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا وَشُرَيْحٌ وَالشَّعْبِيُّ وَالطَّاوُسُ وَعَطَاءٌ وَابْنُ اَبِيْ مُلَيْكَةَ ـ

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما તથા શુરૈહ તથા શઅબી તથા તાઉસ તથા અતા તથા ઈબ્ને અબી મુલૈકા ખિયારે મજલિસના માનનાર હતા." **[તઅલીક़ : ૩૯૧]**

قال نافع : એનો સાર એ છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર **ما لم يتفرقا** થી તફર્રુક़ બિલ અબદાન (સોદો કર્યા બાદ અલગ થવું) મુરાદ લેતા હતા અને ખિયારે મજલિસના માનનાર હતા. એટલા માટે એ કિંમત નક્કી થતાં જ મજલિસ બદલી નાખતા હતા જેથી વેચનાર સોદો ફોગ ન કરી આપે.

ان المتبايعان મોટાભાગનાની અસલ રિવાયત મુજબ "યાઅ્" સાકિન (જઝમવાળો)મા क़ब्ल फ़तહાની સાથે છે. પણ ઈબ્ને તીને क़ાબસીની રિવાયત **ان المتباعيان** અલિફની સાથે નકલ કરી છે. આ હારિષ બિન કઅબની લુગત (શબ્દકોશ) છે. એ તષ્નિયાને દરેક હાલતમાં અલિફ પઢે છે.

પ્રકરણની સ્પષ્ટતા : ખિયારના ત્રણ પ્રકાર છે : **૧. ખિયારે મજલિસ** : ઈજાબ તથા કુબૂલ (સોદો થઈ ગયા) પછી જ્યાં સુધી મજલિસ ન બદલવામાં આવે વેચનાર ખરીદનાર બંનેને રદ કરવાનો કે क़બૂલ રાખવાનો અધિકાર છે. આપણે ત્યાં ખિયારે મજલિસ કોઈ ચીજ નથી. **૨. ખિયારે શર્ત** : ઈજાબ તથા કુબૂલ (સોદો પત્યા) પછી વેચનાર તથા ખરીદનાર એવું નક્કી કરે કે અમને અધિકાર હાંસલ રહેશે કે આ સોદો ખત્મ કરી દઈએ, એ એકમતિએ સહીહ છે. આપણે ત્યાં એની મર્યાદા ત્રણ દિવસ સુધી છે, એનાથી વધુ નથી. **૩. ખિયારે રૂયત** : ખરીદનારે માલ જોયો નથી તો એને એ હક્ક़ હાંસલ છે કે જોયા પછી સોદો ફોગ કરી આપે. **૪. ખિયારે અયબ** : માલમાં કોઈ અયબ છે જેની સોદો થઈ ગયા પછી ખરીદનારને જાણ થઈ તો એને સોદો ફોગ કરવાનો હક્ક़ છે. આ ત્રણેવ ખિયાર એકમતિએ સહીહ છે. અસ્લાફમાં ઘણા બધા અકાબિર ખિયારે મજલિસના માનનારા હતા એમનામાં હઝરત ઉમર رضی اللہ عنہما પણ છે.

તઅલીક़ : ૩૯૧ની સમજૂતી

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના બારામાં હમણા વર્ણન થઈ ચૂક્યું. क़ાઝી શુરૈહના क़ૌલને ઈમામ સઈદ બિન મન્સૂરે અને ઈમામ શઅબી તથા ઈમામ અતા અને અબ્દુલ્લાહ ઈબ્ને મુલૈકાના क़ૌલને ઈમામ અબૂબકર ઈબ્ને અબી શયબાએ વર્ણવ્યો છે. ઈમામ તાઉસના क़ૌલની તખરીજ ન મળી, અલબત્ત હઝરત ઈમામ શાફ઼ઈએ અલામમાં એમનાથી મરફુઅન એક હદીષ વર્ણવી છે.

بَابُ إِذَا اشْتَرَى شَيْئًا فَوَهَبَ مِنْ سَاعَتِهِ قَبْلَ أَنْ يَتَفَرَّقَا وَلَمْ يُنْكِرِ الْبَائِعُ عَلَى الْمُشْتَرِي أَوِ اشْتَرَى عَبْدًا فَأَعْتَقَهُ ٢٨٣

"જ્યારે કાંઈક ખરીદીને અલગ થતા પહેલાં તરત જ હિબા કરી આપે અને વેચનાર ખરીદનાર પર ઈન્કાર કરે અથવા ગુલામ ખરીદીને આઝાદ કરી આપે." *–(૨૮૩)*

પ્રકરણની સ્પષ્ટતા : *કેવળ (વેચનાર ખરીદનારના) છૂટા પડી જવાથી કબજો સંપૂર્ણ થઈ જાય છે કે નહીં ? એટલે વેચનાર જો પોતાનો કબજો ઉઠાવી લે તો એ ખરીદનારનો કબજો થયો કે નહીં ? એના બારામાં અહનાફ (હનફીઓ) તથા માલિકીઓનો મઝહબ એ છે કે દરેક પ્રકારની ચીજોમાં કેવળ તખલિયા (એટલે કે ખરીદનાર કબજો કરવા ચાહે તો કરે અને કબજો કરવામાં કોઈ ચીજ રુકાવટ ન હોય) પૂરતુ છે ચાહે તે મન્કૂલાત (એક જગ્યાએથી બીજે ખસેડી શકાય એવી વસ્તુઓ, જેમ કે રૂપિયા, પૈસા સામાન વગેરે) હોય ચાહે ગૈર મન્કૂલાત (એ વસ્તુઓ જે એક જગાએથી બીજે ખસેડી ન શકાય, જેમ કે મકાન, જમીન વગેરે.) હઝરત ઈમામ શાફઈ અને હઝરત ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہما ફર્માવે છે કે મકાન તથા જમીન, ગૈર મન્કૂલાતમાં પૂરતુ છે મન્કૂલાતમાં નહીં. ઈમામ બુખારીએ અહીં પણ પોતાના નિયમ મુજબ પોતાનો કોઈ ફૈસલો નથી આપ્યો, સવાલ કરીને છોડી આપ્યું છે.*

આ પ્રકરણથી બીજો ફાયદો એ કરવા ચાહે છે કે સોદા પછી એ જ મજલિસમાં ખરીદનારે માલમાં કાંઈ હેરફેર કરી નાખી અને વેચનાર ખામોશ રહ્યો તો ખિયારે મજલિસ જતો રહ્યો.

ت ٣٩٢ وَقَالَ طَاوُسٌ فِيمَنْ يَشْتَرِي السِّلْعَةَ عَلَى الرِّضَا ثُمَّ

"અને ઈમામ તાઉસે કહ્યું, જો કોઈએ રઝામંદીની શરત પર સામાન ખરીદયો અને **[તઅલીક : ૩૯૨]**

بَاعَهَا وَجَبَتْ لَهُ وَالرِّبْحُ لَهُ۔

વેચી કાઢયો તો સોદો વાજિબ થઈ ગયો અને નફો ખરીદનારનો છે."

તઅલીક : ૩૯૨ની સમજૂતી

આ તઅલીકને ઈમામ સઈદ બિન મન્સૂર તથા ઈમામ અબ્દુર્રઝ્ઝાકે મૌસૂલન્ રિવાયત કરી છે. ઈમામ અબ્દુર્રઝ્ઝાકની રિવાયતમાં આ પણ અધિક છે કે ઈબ્ને સીરીનથી મરવી છે કે તેમણે ફર્માવ્યું, જ્યારે તું કાંઈ વેચે રઝામંદીની શર્ત પર તો વેચનાર તથા ખરીદનાર બંને પર ખિયાર છે જ્યાં સુધી છૂટા ન થઈ જાય.

حديث ١٢٤١ وَقَالَ لَنَا الْحُمَيْدِيُّ ـ ثَنَا سُفْيَانُ ثَنَا عَمْرٌو وَعَنِ ابْنِ عُمَرَ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી ﷺની સાથે અમે [હદીષ : ૧૨૪૧]

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ كُنَّا مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

લોકો એક સફરમાં હતા. હું હઝરત ઉમરના એક નવા નાફર્માન ઊંટ પર સવાર હતો

فِيْ سَفَرٍ فَكُنْتُ عَلٰى بَكْرٍ صَعْبٍ لِّعُمَرَ فَكَانَ يَغْلِبُنِيْ فَيَتَقَدَّمُ

જે મારા કાબૂથી નીકળીને સૌથી આગળ વધ્યા કરતુ હતું. એના પર હઝરત ઉમર એને

اَمَامَ الْقَوْمِ فَيَزْجُرُهُ عُمَرُ وَيَرُدُّهُ ثُمَّ يَتَقَدَّمُ فَيَزْجُرُهُ عُمَرُ

ધમકાવી ધમકાવીને પાછુ વાળતા. ફરી તે આગળ વધી જયા કરતું અને હઝરત ઉમર તેને

وَيَرُدُّهُ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِعُمَرَ بِعْنِيْهِ فَقَالَ

ધમકાવીને પાછળ કરતા. નબી ﷺએ આ જોઈને હઝરત ઉમરને ફર્માવ્યું,

هُوَ لَكَ يَا رَسُوْلَ اللّٰهِ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

એને મને વેચી દો ! હઝરત ઉમરે અર્ઝ કરી, એ હુઝૂરની ખિદમતમાં નઝર છે.

بِعْنِيْهِ فَبَاعَهُ مِنْ رَّسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મને વેચી દો ! તો તેમણે હુઝૂર ﷺના હાથે વેચી આપ્યું.

النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ هُوَ لَكَ يَا عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ تَصْنَعُ

તો નબી ﷺએ ફર્માવ્યું, એ તમારું છે હે ઉમર !

بِهٖ مَا شِئْتَ ؕ

જેવું ચાહે તેવું કરો !" (બુખારી ૧/૩૫૪, ૩૫૬, ૩૫૫ અલ્હિબા)

હદીષ : ૧૨૪૧ની સમજૂતી

وقال لنا الحميدی : قال لنا એ એ સમયે વાપરે છે કે હદીષ જ્યારે વાતચીતના રૂપે સાંભળી હોય, આ તકદીર (આધાર) પર આ હદીષ મુસ્નદ થઈ. પણ સામાન્યતઃ રિવાયતમાં **قال الحميدی لنا** છે (લના) વિના, આ તકદીર પર એ તઅલીક છે. આ હદીષના અમુક હિસ્સાને કિતાબુલ હિબા બાબ : મન ઈહદીલહુ હદિયતનમાં અબ્દુલ્લાહ ઈબ્ને મુહમ્મદના તરીકાથી મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે.

على بكر صعب : بكر એ ઊંટનું નર બચ્ચુ જેના પર પ્રથમવાર સવારી કરવામાં આવી રહી હોય. માદાને

ت ٣٩٣ عَنْ سَالِمِ بْنِ عَبْدِ اللّٰهِ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું, અમીરુલ મોમિનીન ઉષ્માન બિન [તઅલીક્ : ૩૯૩]

عَنْهُمَا قَالَ بِعْتُ مِنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُثْمَانَ بْنِ عَفَّانَ مَالًا بِالْوَادِيْ

અફ્ફાનને મારી તે જમીન જે વાદી (બે પહાડ વચ્ચે સપાટ જગા)માં હતી તેના બદલામાં વેચી જે ખયબરમાં

بِمَالٍ لَّهٗ بِخَيْبَرَ فَلَمَّا تَبَايَعْنَا رَجَعْتُ عَلٰى عَقِبَيَّ حَتّٰى خَرَجْتُ

એમની હતી. જ્યારે સોદો થઈ ચૂક્યો તો હું પલ્ટયો ત્યાં સુધી કે તેમના ઘરથી બહાર થઈ ગયો એ અંદેશાના

مِنْ بَيْتِهٖ خَشْيَةَ اَنْ يَّرُادَّنِيْ الْبَيْعَ وَكَانَتِ السُّنَّةُ اَنَّ الْمُتَبَايِعَيْنِ

કારણે કે ક્યાંક સોદો રદ ન કરાવી લે. અને તરીકો એ હતો કે વેચનાર તથા ખરીદનારને ખિયાર હાંસલ રહેતો

بِالْخِيَارِ حَتّٰى يَتَفَرَّقَا قَالَ عَبْدُ اللّٰهِ فَلَمَّا وَجَبَ بَيْعِيْ وَبَيْعُهٗ رَاَيْتُ

જ્યાં સુધી છૂટા ન પડી જાય. હઝરત અબ્દુલ્લાહે કહ્યું, જ્યારે સોદો નિશ્ચિત થઈ ગયો તો મેં જોયું કે તે

اَنِّيْ قَدْ غَبَنْتُهٗ بِاَنِّيْ سُقْتُهٗ اِلٰى اَرْضِ ثَمُوْدَ بِثَلٰثِ لَيَالٍ وَسَاقَنِيْ اِلٰى

નુકસાનમાં રહ્યા કેમ કે મેં તેમને ત્રણ રાતની મુસાફરીના અંતર બરાબર ષમૂદની ભૂમીથી નજીક કરી

الْمَدِيْنَةِ بِثَلٰثِ لَيَالٍ

આપ્યા છે અને તેમણે મને ત્રણ રાતોની સફરના બરાબર મદીનાથી નજીક કરી આપ્યા છે.''

بكرة કહે છે. صعب સખ્ત, તે ઊંટ જે સવારના કાબૂમાં ન આવતુ હોય. આ હદીષથી સાબિત થયું કે માલ પર કબજો કરવા તથા કિંમત આપતા પહેલાં હેબા કરવું (ભેટ આપવું) સહીહ છે, એ જ પ્રમાણે સદકો કરવું, ગીરો મૂકવું પણ સહીહ છે. તેમજ એ પણ સાબિત થયું કે છૂટા પડવાથી પહેલાં પણ સોદો સંપૂર્ણ છે, નહીં તો લાઝિમ આવશે કે માલિકી સાબિત થતા પહેલાં જ હુઝૂર ﷺએ તસર્રુફ (હેરફેર) કરી, જ્યારે કે એ જાઈઝ નથી. પરંતું આ દલીલ પર એવું કહી શકાય છે કે આ હેબા (ભેટ) ફુઝૂલી હોવાના કારણે મૌકૂફ હતું જ્યારે તફરૂકે અબદાનના પછી સોદો સંપૂર્ણ થઈ ગયો તો હેબા (ભેટ ધરવું) લાગુ થઈ ગયું.

તઅલીક્ : ૩૯૩ની સમજૂતી આ તઅલીકને ઈસ્માઈલીએ મૌસૂલન રિવાયત કરી છે. ما لا بالوادی અલ્લામા ઈબ્ને હજરની રાય છે કે એનાથી મુરાદ વાદિયુલ કુરા છે. અલ્લામા કિર્માનીની રાય છે કે આ કોઈ ખાસ વાદી હતી જેને તે વખતે અલ્વાદી કહેતા હતા. અલ્લામા અયની એના સમર્થક છે. એમનુ કહેવું છે કે વાદીયુલ કુરા મદીનાથી સંકળાયેલ વિસ્તારમાંથી છે.

قد غبنته : ગબનનો અર્થ છે ખરીદ વેચાણમાં નુકસાન પહોચાડવું. મદીના તયબહ એ બંનેવ હઝરાતનું વતન હતું. જમીન જાયદાદનું વતનની નજીક હોવું એક ફાયદો છે અને દૂર હોવું એક નુકસાન છે. તેમજ એવી ભૂમીની નિકટતા પણ એક નુકસાન છે જ્યાં અઝાબ નાઝિલ થઈ ચૂક્યો હોય. કેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને

بَابُ مَا يُكْرَهُ مِنَ الْخِدَاعِ فِي الْبَيْعِ صـ ٢٨٤

"સોદામાં ધોકો નાપસંદીદા છે." –(૨૮૪)

حديث ١٢٤٢ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ دِيْنَارٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ ની **[હદીષ : ૧૨૪૨]**

عَنْهُمَا اَنَّ رَجُلًا ذَكَرَ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ يُخْدَعُ

ખિદમતમાં એક સાહબે અર્ઝ કરી કે મને સોદામાં ધોકો આપવામાં આવે છે.

فِي الْبُيُوْعِ فَقَالَ اِذَا بَايَعْتَ فَقُلْ لَا خِلَابَةَ صـ

ફર્માવ્યું, જ્યારે સોદો કરો તો કહી દીધા કરો, ધોકો ન થવો જોઈએ."

(બુખારી ૧/૩૨૪ અલ્ઈસ્તિક્રાદ, ૧/૩૨૫ અલ્ખુસૂમાત, ૨/૧૦૩૦ અલ્હીયલ, મુસ્લિમ, અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ, મોઅત્તા ઈમામ માલિક બુયૂઅ, મુસ્નદે ઈમામ અહમદ–૨/૮૦ વગેરે)

ઉમર رضی اللہ عنہما ની આ જમીન ખયબરથી ત્રણ દિવસની મુસાફરીના અંતર બરાબર દૂર થઈ ગઈ અને ષમૂદની જમીનથી નજીક થઈ ગઈ.

પ્રકરણની સાબિતી : ઈજાબ તથા કુબૂલ પછી એ પહેલાં કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર પોતાની જમીનથી અને હઝરત ઉષ્માન પોતાની જમીનથી પોતપોતાનો કબજો ઉઠાવે, કેવળ તફર્રૂકે અબદાન પછી ઈબ્ને ઉમરે ફર્માવ્યું, **وجب بيعى و بيعه** "સોદો વાજિબ અને કૃતઈ (નિશ્ચિત) થઈ ગયો." એનાથી જાણવા મળ્યું કે કબજો સંપૂર્ણ થવા માટે છૂટા પડવું જરૂરી નથી જ્યારે કે તે વસ્તુ જેનો સોદો થયો તે ઘર, જમીન (વગેરે) ગૈર મન્કૂલ હોય.

હદીષ : ૧૨૪૨ની સમજૂતી

એ સાહબનું નામ હબ્બાન ઈબ્ને મુન્કિઝ હતું એ અન્સારી માદરઝાદ સહાબી ઈબ્ને સહાબી છે. સૌ પ્રથમ જે ગઝવામાં શરીક થયા તે ઓહદ હતો. ત્યારબાદ સર્વ જંગોમાં હાજર રહ્યા. એકસો ત્રીસ વરસની લાંબી ઉમર પામી. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં અલ્લાહના પ્યારા થયા. હુઝૂરે અકૃદસ ﷺ ની હમરાહીમાં જેહાદ કરવાની હાલતમાં કોઈ કિલ્લા પરથી એક પથ્થર એમના માથા પર આવીને વાગ્યો જેનાથી જીભમાં તોતડાપણુ આવી ગયું અને સમજમાં પણ કાંઈક કમી આવી ગઈ, જો કે તમીઝ તથા સમજશક્તિ બાકી રહી. તેમને વેપારનો ઘણો જ શોખ હતો. ત્યાં સુધી કે છેવટમાં આંખો પણ સફેદ થઈ ગઈ હતી એ વખતે પણ વેપારનો શોખ હતો. લોકો સામાન્યતઃ તેમને ધોકો આપી જતા છેવટે હુઝૂરે અકૃદસ ﷺ ના ઈર્શાદ પ્રમાણે તે આવું કહી આપતા **لا خزابة** જ્યારે **خلابة** (લાખલાબત) કહેતા તો ઉચ્ચાર સહીહ ન થતો અને **لا حذابة** (હઝાબત) નીકળતુ હતું. 'ખાએ' મુઅજમાની જગાએ 'હાએ' હુત્તી અને લામની જગાએ ઝાલ નીકળતો.'ગબન'નો અર્થ છે કિંમતમાં વધારો ઘટાડો. આપણે ત્યાં બંનેવની ખુશીથી જે કિંમત નક્કી થઈ જાય છે તે લાઝિમ છે અને એના પ્રમાણે સોદો લાગુ થાય છે. ભલે તે બજાર ભાવથી ગમે એટલી ઓછી કિંમત કેમ ન હોય, નહીં તો દરેક વખતે ઝઘડા ફસાદ ચાલુ રહેશે અને આ ઈર્શાદ ખાસ એમના માટે હતો અને એમના માટે ખાસ છે.

باب ماذكر فى الاسواق ص ٢٨٤

"બજારો વિશે જે કાંઈ વર્ણન થયેલ છે" –(૨૮૪)

حديث ١٢٤٣ عَنْ نَافِعِ بْنِ جُبَيْرِ بْنِ مُطْعِمٍ حَدَّثَتْنِي عَائِشَةُ رَضِيَ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہ એ કહ્યું કે **[હદીષ : ૧૨૪૩]**

اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એક લશ્કર કાબા પર હુમ્લો કરશે જ્યારે તે બયદા સ્થળે પહોંચશે તો તેમના

يَغْزُو جَيْشٌ الْكَعْبَةَ فَإِذَا كَانُوْا بِبَيْدَاءَ مِنَ الْأَرْضِ يُخْسَفُ بِأَوَّلِهِمْ

આગલા પાછલા સૌને જમીનમાં ધસાવી દેવામાં આવશે. ઉમ્મુલ મોમિનીને કહ્યું, મેં અર્ઝ કરી કે તેમના

وَآخِرِهِمْ قَالَتْ قُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ كَيْفَ يُخْسَفُ بِأَوَّلِهِمْ وَآخِرِهِمْ

આગલા પાછલા સૌ કેવી રીતે ધસાવી દેવામાં આવશે ? જ્યારે કે એનામાં એમનાં બજારો હશે અને તે લોકો

وَفِيهِمْ أَسْوَاقُهُمْ وَمَنْ لَيْسَ مِنْهُمْ قَالَ يُخْسَفُ بِأَوَّلِهِمْ وَآخِرِهِمْ

પણ હશે જેઓ એમનામાં નહીં હોય ! ફર્માવ્યું, આગલા પાછલા

ثُمَّ يُبْعَثُوْنَ عَلٰى نِيَّاتِهِمْ

સૌ ધસાવી દેવામાં આવશે પછી પોતપોતાની નિય્યતો પર ઉઠાડવામાં આવશે."

હદીષ : ૧૨૪૩ની સમજૂતી

بيداء એનો શાબ્દિક અર્થ તે મેદાન છે જેમાં ઝાડ ટેકરી વગેરે કાંઈ ન હોય. અને મદીના તયબહ અને મક્કા મુકર્રમાની વચ્ચેની એક જગાનું નામ પણ છે જે ઝુલ હુલૈફા પછી એની નજીક છે. આ હદીષમાં પણ આ જ મુરાદ છે જેમ કે મુસ્લિમની આ રિવાયતમાં જે હઝરત ઈમામ બાકિરના તરીકાથી ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ની રિવાયતમાં **بيداء المدينة** ની સ્પષ્ટતા છે. મુસ્લિમમાં જ એ જ પેજ ઉપર હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہ થી મરવી છે કે ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ખ્વાબમાં પોતાના હાથોને એવી રીતે હરકત આપી જાણે કાંઈક પકડી રહ્યા છે અથવા કોઈને ધક્કો આપી રહ્યા છે. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂરે ખ્વાબમાં આ વખતે એવું કહ્યું છે જે પહેલાં કદી નથી કહ્યું. ફર્માવ્યું, વિચિત્ર વાત છે ! મારી ઉમ્મતના કેટલાક લોકો કુરૈશના એક શખ્સના કારણે જેણે બયતુલ્લાહમાં પનાહ લીધી છે બયતુલ્લાહ પર હુમ્લાના ઈરાદાથી જઈ રહ્યા છે. જ્યારે એ લોકો બયદામાં પહોંચ્યા તો તે સૌને જમીનમાં ધસાવી દેવામાં આવ્યા. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! રસ્તો સૌને ભેગા કરી આપે છે ! ફર્માવ્યું, હા ! એમાં જાણીબુઝીને શરીક થનારા પણ છે અને મજબૂર પણ અને મુસાફિર પણ છે. ફર્માવ્યું, સૌ એક સાથે

હલાક થશે અને અલગ અલગ પોત પોતાની નિય્યતો પ્રમાણે ઉઠાવવામાં આવશે. એમાં જ હઝરત ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہا થી આ પણ મરવી છે કે ભાગેડુઓ સિવાય અન્ય કોઈ બચશે નહીં જે એમની ખબર આપે.

તેમજ આ જ ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ની એક રિવાયતમાં છે, આ અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરના જમાનામાં થયું. ઈમામ કાઝી અયાઝે ફર્માવ્યું કે અબૂ વલીદ કિનાનીએ કહ્યું, આ સહીહ નથી, કેમ કે ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا હઝરત મુઆવિયહના સમયમાં વિસાલ ફર્માવી ચૂક્યાં હતાં. ઈબ્ને ઝુબૈરનો ખિલાફત કાળ એમને મળ્યો નથી. પણ અલ્લામા અબૂ ઉમર બિન અબ્દુલ બર્ર તથા અબૂબક્ર બિન અબી ખૈષમાએ ફર્માવ્યું કે એ યઝીદના જમાનામાં અલ્લાહની રહમતમાં પહોંચ્યાં. અને નિશ્ચિત છે કે હઝરત ઈબ્ને ઝુબેરે યઝીદના ખિલાફતના એલાન પછી જ એના સામે પોતાની ખિલાફતનું એલાન કરી આપ્યું હતું એટલા માટે હઝરત ઈબ્ને ઝુબેરના ખિલાફતના શરૂના દિવસોમાં એ બાહયાત હતા.

અલ્લાહની તૌફીક્રથી હું કહું છું : એના પર આ હદીષ પણ દલીલ છે કે ઈમામ તિર્મિઝી (જામેઅ ૨/૨૧૮ મનાકિબ)એ રસૂલુલ્લાહ ﷺનાં આઝાદ કરેલા અબૂ રાફેઅનાં પત્ની સલમાથી રિવાયત કરી કે હું ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہ ની ખિદમતમાં હાજર થઈ તો તે રડી રહ્યાં હતાં. મેં પૂછયું, શા માટે રડી રહ્યાં છો ?! તો ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને ખ્વાબમાં એ હાલતમાં જોયા કે હુઝૂર ﷺના સરે અક્રદસ અને દાઢી મુબારક પર ધૂળ છે. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ શો હાલ છે ?! ફર્માવ્યું, હમણા હુસૈનના શહાદતના સ્થળે ગયો હતો. તેમજ એમને હુઝૂરે અક્રદસ ﷺએ ઈમામ હુસૈનના શહાદતના સ્થળ કરબલાની ધૂળ આપી હતી જે શહાદતના સમયે લોહી થઈ ગઈ હતી. *(અસ્સવાઈકુલ મુહર્રિકા, પેજ–૧૧૫ બ હવાલા ઝિયાદતુલ મુસ્નદ લિ ઈબ્ને ઈમામ અહમદ બિન હંબલ)* એ દલીલ છે કે આપ તે સમય સુધી બાહયાત હતાં. અબૂ નુઐમે કહ્યું કે એમનો વિસાલ હિ.સ. ૬૨ માં થયો છે. અઝવાજે મુતહ્હરાતમાં સૌથી છેલ્લે એમનો વિસાલ થયો.

وفيهم اسواقهم : એ સમયે દસ્તૂર હતો કે મોટા લશ્કરની સાથે જરૂરતની ચીજો લઈને વેપારી પણ રહ્યા કરતા હતા જેઓ કેવળ પોતાના વેપાર ધંધા માટે જતા હતા, તેમનો હેતુ લડવાનો ન રહેતો હતો. **اسواقهم** થી મુરાદ આ જ લોકો છે.

આ હદીષ એની દલીલ છે કે **જાલિમો તથા ગુનેહગારો સાથે રહેવું ખતરનાક છે.** અઝાબ એ ખુદાના નાફર્માનો પર આવ્યો હતો પણ જે લોકો એમની સાથે હતા તેઓ પણ હલાક થઈ ગયા. અલ્અયાઝુ બિલ્લાહિ તઆલા.

حديث ١٢٤٤ عَنْ حُمَيْدِنِ الطَّوِيْلِ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ બજારમાં હતા. **[હદીષ : ૧૨૪૪]**

عَنْهُ قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِي السُّوْقِ فَقَالَ

એક (યહૂદીએ) કહ્યું, હે અબુલ કાસિમ ! તો નબી ﷺએ

رَجُلٌ يَا اَبَا الْقَاسِمِ فَالْتَفَتَ اِلَيْهِ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

પાછા ફરીને તેની તરફ જોયું. તો તેણે કહ્યું, મેં આને બોલાવ્યો હતો.

فَقَالَ اِنَّمَا دَعَوْتُ هٰذَا فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ سَمُّوْا

એના પર નબી ﷺએ ફર્માવ્યું, મારા નામ પર નામ રાખો,

بِاسْمِيْ وَلَا تَكْتَنُوْا بِكُنْيَتِيْ ؏

મારી કુન્નિયત પર કુન્નિયત ન રાખો."

(એના પછી મુસ્નદે ઈમામ અહમદ, ૩/૧૭૫, ઈબ્ને માજહ–અલ્અદબ)

હદીષ : ૧૨૪૪ની સમજૂતી

એના બાદવાળી રિવાયતમાં આ પ્રમાણે છે કે રસૂલુલ્લાહ ﷺ બકીઅમાં હતા એવામાં એક શખ્સે પોકાર્યું, હે અબુલ કાસિમ ! તો તેની તરફ નબી ﷺએ પાછળ ફરીને જોયું, તો તેણે કહ્યું, આપ મુરાદ નથી. એના પર ફર્માવ્યું, મારા નામ પર નામ રાખો, મારી કુન્નિયત પર કુન્નિયત ન રાખો.

આના પર નુઝહતુલ કારી, ભાગ : ૧, પેજ : ૪૦૦ (ગુજરાતીમાં પેજ : ૨૨૪) ઉપર સંપૂર્ણ ચર્ચા થઈ ચૂકી છે કે આ હુકમ જાહેરી હયાત સુધી સીમિત હતો. વિસાલ બાદ નિઃસંકોચ જાઈઝ છે. ખૂદ અલી كرم الله تعالى وجهه الكريم એ હુઝૂર ﷺથી ઈજાઝત લઈને પોતાના સાહબઝાદા મુહમ્મદ બિન હન્ફિયાનું નામ મુહમ્મદ અને કુન્નિયત અબુલ કાસિમ રાખી હતી.

ઘણા બધા સહાબાએ કિરામે પોતાના સાહબઝાદાઓનાં નામ બરકત પ્રાપ્તિ માટે મુહમ્મદ રાખ્યાં અને કુન્નિયત અબુલ કાસિમ રાખી. અલ્લામા અયનીએ એવાં ઘણા બધાં નામો ગણાવ્યાં છે. (૧) મુહમ્મદ બિન અબૂ તલ્હા رضی اللہ عنہما એ જ્યારે પેદા થયા તો તેમના પિતા તેમને લઈને હુઝૂરની ખિદમતમાં હાજર થયા. હુઝૂર અકદસ ﷺએ એમના માથા પર હાથ ફેરવ્યો અને નામ મુહમ્મદ રાખ્યું. એમની કુન્નિયત અબુલ કાસિમ હતી. તેમનો લકબ સજ્જાદ હતો. ઈબાદત સાથે ખૂબ જ લગાવ હતો. હિ.સ. ૬૩માં પોતાના વાલિદ માજિદની સાથે શહીદ થયા. આ હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ના સમર્થકોમાંથી હતા. હઝરત અલીએ એમના બારામાં ફર્માવ્યું કે **قتله برايه** એને પિતાના આજ્ઞાપાલને કત્લ કર્યો. (૨) મુહમ્મદ બિન શઅબ બિન કૈસ કંદી. એમના બારામાં વિવિધ રિવાયતો છે. એક કૌલ એ છે કે નબવી યુગમાં પેદા થયા. અને ઈમામ અબૂ નુઐમ કહે છે કે એમનું સહાબી હોવું સહીહ નથી. હું કહું છું : આ બંનેવમાં ટકરાવ નથી. આ યમનના રહેવાસી હતા એટલા માટે નબવી

حديث ١٢٤٥ عَنْ نَافِعِ بْنِ جُبَيْرِ بْنِ مُطْعِمٍ عَنْ اَبِىْ هُرَيْرَةَ الدَّوْسِىِّ قَالَ

"હઝરત અબૂ હુરૈરહ્ દવસી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ દિવસના [હદીષ : ૧૨૪૫]

خَرَجَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِىْ طَائِفَةِ النَّهَارِ لَا يُكَلِّمُنِىْ

એક હિસ્સામાં નીકળ્યા ન હુઝૂર મારી સાથે બોલ્યા અને ન હું હુઝૂર સાથે બોલ્યો ત્યાં સુધી કે બની કયનુકા઼અના

وَلَا اُكَلِّمُهٗ حَتّٰى اَتٰى سُوْقَ بَنِىْ قَيْنُقَاعَ فَجَلَسَ بِفِنَاءِ بَيْتِ فَاطِمَةَ

બજારમાં તશરીફ લાવ્યા અને સૈયદા ફાતિમા رضی اللہ عنہا ના ઘરે સહનમાં બેઠા અને ફર્માવ્યું, શું અહીં બાળક છે ?

فَقَالَ اَثَمَّ لُكَعُ اَثَمَّ لُكَعُ فَحَبَسَتْهُ شَيْئًا فَظَنَنْتُ اَنَّهَا تُلْبِسُهٗ شِخَابًا اَوْ

હઝરત ફાતિમાએ તેમને થોડીવાર રોકી રાખ્યા. મેં ગુમાન કર્યું કે એમને હાર પહેરાવી રહ્યાં છે અથવા નવડાવી

تُغَسِّلُهٗ فَجَاءَ يَشْتَدُّ حَتّٰى عَانَقَهٗ وَقَبَّلَهٗ وَقَالَ اَللّٰهُمَّ اَحِبَّهٗ وَاَحِبَّ

રહ્યાં છે, એટલામાં તે (ઈમામ હસને મુજતબા) દોડતા દોડતા આવ્યા. હુઝૂરે એમને ગળેથી ચિમટાવી લીધા અને

યુગ મુબારકમાં પેદા થવા છતાં ઝિયારતથી મુશર્રફ ન થઈ શક્યા. (૩) મુહમ્મદ બિન હુઝૈફા બિન ઉત્બા. એ હબ્શામાં પેદા થયા. એ મુઆવિયહ બિન સુફ્યાન رضی اللہ عنہ ના મામાના પુત્ર છે. જ્યારે એમના પિતા અબૂ હુઝૈફા જંગે યમામામાં શહીદ થઈ ગયા તો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ તેમનો ઉછેર કર્યો પછી એ મિસર ચાલ્યા ગયા. ત્યાં હઝરત ઉષ્માનગનીના વિરોધી થઈ ગયા, તે પણ એકદમ સખત વિરોધી ! હઝરત ઉષ્માનને શહીદ કરવાના માટે જે લોકો અંદર (ઘરમાં) ગયા એમનામાં આ પણ હતા. જ્યારે હઝરત મુઆવિયહ્એ મિસર પર કબજો કરી લીધો તો હઝરત મુઆવિયહના ગુલામના પુત્ર રુશ્દે પકડીને ક઼ત્લ કરી નાખ્યા. એ ઉપરાંત ખાસ ખાસ સહાબાએ કિરામના નીચે પ્રમાણેના સાહબઝાદાઓનાં નામ પણ મુહમ્મદ અને કુન્નિયત અબુલ ક઼ાસિમ હતી. મુહમ્મદ જઅફર બિન અબૂ તાલિબ, મુહમ્મદ બિન સઈદ બિન અબુલ વક્ક઼ાસ, મુહમ્મદ બિન હાતિબ, મુહમ્મદ બિન મુન્તશિર.

لاتكنوا : એને ત્રણ રીતે પઢવામાં આવ્યું : **تَكَنُّوْا** એનો માદ્દો **كُنُوْا** છે. મુજર્રદનો મસ્દર **كُنَّيَة** અને **كناية** આવે છે. મુજર્રદના સિવાય ઈફ઼આલ, તફ઼ઉલ, તફ઼ઈલથી પણ આવે છે.

હદીષ : ૧૨૪૫ની સમજૂતી

અહીં આ હદીષ થોડાક ટૂંકાણ સાથે છે. વિગતવાર કિતાબુલ્ લિબાસમાં આ પ્રમાણે છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહે છે કે હું મદીનાના બજારોમાંથી એક બજારમાં રસૂલુલ્લાહ ﷺ ની સાથે હતો. હુઝૂર પરત થયા. હું પણ પરત થયો. ત્રણવાર ફર્માવ્યું, બાળક ક્યાં છે? હસન બિન અલીને બોલાવો ! તો તે ઉભા થયા અને હાજર થયા અને એમના ગળામાં હાર હતો. તો હુઝૂરે પોતાનો હાથ આ પ્રમાણે આપ્યો તો એમણે પણ એ જ પ્રમાણે કર્યું એટલે કે ફેલાવી દીધા. હુઝૂરે એમને ચિમટાવી લીધા અને આ દુઆ કરી : હે અલ્લાહ ! હું એનાથી મહોબ્બત કરું છું તું પણ એનાથી મહોબ્બત કર. અને એની સાથે જે એનાથી મહોબ્બત કરે એની સાથે પણ મહોબ્બત કર. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું, આ ઈર્શાદ પછી હસન બિન અલીથી વધારે મને કોઈ પ્યારું નથી.

مَنْ يُحِبُّهُ ۔ قَالَ سُفْيَانُ قَالَ عُبَيْدُاللّٰهِ اَخْبَرَنِيْ اَنَّهُ رَاٰى

બોસો આપ્યો અને ફર્માવ્યું, હે અલ્લાહ ! તું એને મહબૂબ બનાવી લે, અને જે એનાથી મહોબ્બત કરે એનાથી

نَافِعَ بْنَ جُبَيْرٍ اَوْتَرَ بِرَكْعَةٍ ؕ

મહોબ્બત ફર્માવ. અબ્દુલ્લાહે ખબર આપી કે તેમણે નાફેઅ બિન જુબેરને જોયા કે એક રકાત વિત્ર પઢતા હતા."

(બુખારી ૨/૮૭૪ લિબાસ, મુસ્લિમ–ફઝાઈલ)

حديث ١٢٤٦ عَنْ نَّافِعٍ حَدَّثَنَا ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّهُمْ كَانُوْا

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ ના જમાનામાં લોકો [હદીષ : ૧૨૪૬]

يَشْتَرُوْنَ الطَّعَامَ مِنَ الرُّكْبَانِ عَلٰى عَهْدِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

સવારોથી અનાજ ખરીદી લેતા હતા એટલા માટે હુઝૂર એમની પાસે માણસ મોકલતા કે જ્યાં ખરીદયું છે ત્યાં

فَبَعَثَ عَلَيْهِمْ مَنْ يَّمْنَعُهُمْ اَنْ يَّبِيْعُوْهُ حَيْثُ اشْتَرَوْهُ حَتّٰى يَنْقُلُوْا

અનાજ વેચવાથી રોકી આપે જ્યાં સુધી ત્યાંથી સ્થળાંતર ન કરી લે જ્યાં વેચાય રહ્યું છે. અને નાફેએ કહ્યું કે

حَيْثُ يُبَاعُ الطَّعَامُ وَقَالَ حَدَّثَنَا ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا نَهٰى

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ હદીષ વર્ણવી કે નબી ﷺ એ અનાજ ખરીદયા પછી એના પર કબજો

فجلس : એનાથી પહેલાં હઝફ છે. જે કિતાબુલ્ લિબાસની રિવાયતમાં **اللباس** છે કે ત્યાંથી પરત થયા અને હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہا ના દૌલતકદાના સહનમાં બેઠા.

سخاب : લવિંગ વગેરે ખુશબુદાર ચીજોથી બનેલો હાર. અરબવાસીઓની આદત હતી કે બાળકને આ પ્રકારના હાર પહેરાવ્યા કરતા હતા.

قال سفيان : عن عبيدالله بن ابى يزيد عن نافع بن جبير આ સનદ મુઅ્નઅન હતી. એના પર સંભાવના હતી ઓબૈદુલ્લાહે નાફેઅ બિન જુબૈરથી હદીષ સાંભળી છે કે નહીં. સુફયાન બિન ઉયયનાનો આ કૌલ વર્ણન કરીને ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે ઓબૈદુલ્લાહની નાફેઅથી મુલાકાત સાબિત છે. અને આ મુદલ્લિસ નથી તો સાંભળવું સાબિત છે. કેમ કે એના પર એકમતિ છે કે જેની મુલાકાત શયખથી સાબિત થાય અને તે મુદલ્લિસ ન હોય તો એનું સાંભળવું સાબિત છે. અલ્બત્ત જે મુદલ્લિસ હોય અને જેની મુલાકાત સાબિત ન હોય એના અન્અનામાં તદલીસની સંભાવના રહે છે.

હદીષ : ૧૨૪૬ની સમજૂતી **رُكْبَان** એ **راكب** નું બહુવચન છે. એ અસલમાં ઊંટના સવારને કહે છે, પછી એના અર્થને વિસ્તારીને દરેક સવારને કહેવા લાગ્યા. એના પર એકમતિ છે કે ખરીદયા બાદ કબજો કરવાથી પહેલાં વેચવું જાઈઝ નથી અને જ્યાં ખરીદયું છે ત્યાં વેચવામાં એની સંભાવના રહે છે કે શક્ય છે કે કબજાથી પહેલાં વેચી દેવામાં આવે. એટલા માટે આ પાબંદી લગાડી આપી કે જ્યાં સુધી ત્યાંથી સ્થળાંતર કરીને મંડીમાં ન આવી જાય ત્યાં સુધી વેચવામાં ન આવે. તેમજ એમાં જરૂરતમંદના માટે આસાની પણ છે. એટલા

النَّبِيُّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنْ يُّبَاعَ الطَّعَامُ اِذَا اشْتَرَاهُ حَتّٰى يَسْتَوْفِيَهُ

કરવાથી પહેલાં વેચવાથી મના ફર્માવ્યું છે."

بَابُ كَرَاهِيَةِ الصَّخَبِ فِي الْاَسْوَاقِ صـ ٢٨٥

"બજારોમાં શોરોગુલનું નાપસંદ હોવું" –(૨૮૫)

حديث ١٢٤٧ عَنْ عَطَاءِ بْنِ يَسَارٍ لَقِيْتُ عَبْدَ اللهِ بْنَ عَمْرِو بْنِ الْعَاصِ

"અતાઅ બિન યસારથી રિવાયત છે કે મેં અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને **[હદીષ : ૧૨૪૭]**

رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُمَا قُلْتُ اَخْبِرْنِيْ عَنْ صِفَةِ رَسُوْلِ اللهِ صَلَّى اللهُ

આસ رضی اللہ عنہما થી મુલાકાત કરીને અર્ઝ કરી કે રસૂલુલ્લાહ ﷺની જે ખૂબીઓ (વસ્ફ) તૌરાતમાં છે એને

عَلَيْهِ وَسَلَّمَ فِي التَّوْرَاةِ قَالَ اَجَلْ وَاللهِ اِنَّهٗ لَمَوْصُوْفٌ فِي التَّوْرَاةِ

વર્ણવો. તો તેમણે ફર્માવ્યું, હા ! ખુદાની કસમ ! કુર્આનમાં જે ખૂબીઓ હુઝૂરની વર્ણન થયેલી છે એમાંની

بِبَعْضِ صِفَتِهٖ فِي الْقُرْاٰنِ يٰاَيُّهَا النَّبِيُّ اِنَّا اَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّ

કેટલીક તૌરાતમાં પણ વર્ણન થયેલી છે. હે નબી ! અમે તમને હાઝિર નાઝિર, બશારત આપનાર, ડરાવનાર

نَذِيْرًا وَّحِرْزًا لِّلْاُمِّيِّيْنَ ۔ اَنْتَ عَبْدِيْ وَرَسُوْلِيْ سَمَّيْتُكَ الْمُتَوَكِّلَ

બનાવીને મોકલ્યા છે, અને ઉમ્મીઓની પનાહ બનાવીને. તમે મારા બંદા તથા રસૂલ છો. મેં તમારું નામ

માટે આ હુકમ ઈર્શાદ ફર્માવી આપ્યો.

પ્રકરણની સામ્યતા : આ હદીષમાં ક્યાંય બજારનો ઉલ્લેખ નથી પણ સામાન્યતઃ અનાજ બજારોમાં જ વેચાય છે એટલા માટે **بياع الطعام** બજાર સૂચવે છે. બલ્કે એમ કહે છે કે બજાર એને કહે છે કે જ્યાં ખરીદ વેચાણ થાય, જેથી જ્યાં અનાજ વેચાતુ હોય એ બજાર છે.

હદીષ : ૧૨૪૭ની સમજૂતી

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہما એ તૌરાત પઢી હતી. બઝ્ઝારમાં વહબથી રિવાયત થયેલ છે કે હઝરત અબ્દુલ્લાહ બિન અમ્રએ ખ્વાબ જોયો કે તેમના એક હાથમાં મધ છે અને બીજા હાથમાં ઘી, અને તે બંનેવ ચાટી રહ્યા છે. સવારે હુઝૂરે અકદસ ﷺને વર્ણન કર્યું તો ફર્માવ્યું, તમે તૌરાત તથા કુર્આન બંનેવ કિતાબો પઢો છો. એ બંનેવ કિતાબો પઢતા હતા. મુસ્નદે ઈમામ અહમદમાં આટલુ વધારે છે કે એના પછી મેં કઅબ અહબારથી મુલાકાત કરીને પૂછયું તો તેમણે તદ્દન આ જ પ્રમાણે વર્ણન કર્યું, ક્યાંય મતભેદ ન કર્યો. અલ્બત્ત કઅબે પોતાની ઝબાનમાં **اعيناعموى اذاناصموى قلو باغلوفى** કહ્યું. એ સહીહ છે કે તૌરાત તથા ઈન્જીલ વગેરે આગલી આસ્માની કિતાબોમાં હુઝૂરે અકદસ ﷺની ખૂબીઓ એટલી સ્પષ્ટતા તથા વિગતવાર વર્ણન થયેલી છે કે એની રોશનીમાં અહલે કિતાબ હુઝૂર ﷺને વિના શંકા કુશંકાએ યકીની તૌર પર પહેચાનતા હતા. કુર્આને કરીમમાં

لَيْسَ بِفَظٍّ وَّلَا غَلِيْظٍ وَّلَا صَخَّابٍ فِي الْاَسْوَاقِ وَلَا يَدْفَعُ بِالسَّيِّئَةِ

મુતવક્કિલ રાખ્યું છે. ન તો તમે બદ્ખુલ્ક (બુરી આદતવાળા) અને ન પાષાણહૃદયી અને ન બજારોમાં શોર

السَّيِّئَةَ وَلٰكِنْ يَّعْفُوْ وَيَغْفِرُ وَلَنْ يَّقْبِضَهُ اللّٰهُ حَتّٰى يُقِيْمَ بِهِ الْمِلَّةَ

મચાવનારા, અને બુરાઈનો બદલો બુરાઈથી નથી આપતા. હા ! માફ અને દરગુઝર કરી આપો છો. અને એ

الْعَوْجَاءَ بِاَنْ يَّقُوْلُوْا لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَتُفْتَحُ بِهَا اَعْيُنٌ عُمْيٌ

સમય સુધી એમને નહીં ઉઠાવે જ્યાં સુધી કે ટેઢા મઝહબને સીધો ન કરી લે કે લોકો લાઈલાહ ઈલ્લલ્લાહ

وَّاٰذَانٌ صُمٌّ وَّقُلُوْبٌ غُلْفٌ ؕ

કહેવા લાગે અને એનાથી આંધળી આંખો, બહેરા કાન અને પર્દા પડેલાં દિલોને ખોલી ન લે."

(બુખારી, ૨/૭૧૭, તફસીરે સૂરએ ફતહ, મુસ્નદે ઈમામ અહમદ, પેજ : ૧૭૪)

ફર્માવવામાં આવ્યું : يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَآءَهُمْ "અહલે કિતાબ એમને એવી રીતે ઓળખે છે જેવી રીતે પોતાની ઔલાદને ઓળખે છે." *(બકરહ, આયત : ૧૪૬)*

એના જ લીધે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہ એ ફર્માવ્યું :–

لقدعرفته حين رأيته كمااعرف ابنى ومعرفتي بمحمداشد "મેં એમને જોતાં જ ઓળખી લીધા જેવી રીતે મારી ઔલાદને ઓળખું છું, બલ્કે એથીય વિશેષ." *(જલાલૈન, પેજ : ૨૧, બહવાલા બુખારી)*

اَجَل : આ ઈજાબનો શબ્દ છે **نَعَمْ** (નઅમ)ની જેમ છે. એ ખબર આપનારના સમર્થન અને ખબર તલબ કરનારના આગાહ કરવા તથા તાલિબથી વાયદાના માટે આવે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہما એ અહીં ચાર તાકીદો એકત્ર કરી આપી છે. પ્રથમ **قَسَم** બીજી **جمله اسميه** ત્રીજી **اِنَّ** ચોથી લામની તાકીદ. આ મોકા પર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર એ સૂરએ અહઝાબની આયત ૪૫ તિલાવત કરી છે જેમાં હુઝૂરે અકદસ ﷺની પાંચ સિફતો (ખૂબીઓ) વર્ણન થયેલી છે. નબી, રસૂલ, શાહિદ, મુબશ્શિર, નઝીર. નબીનો શાબ્દિક અર્થ ગયબની ખબર આપનાર છે, ત્યાં સુધી કે અરબીની ખૂબ જ પ્રખ્યાત અર્વાચીન લુગત (ડિક્ષનરી)ની કિતાબ અલ્મુન્જિદમાં લખ્યું છે : **નબીને નબી એટલા માટે કહે છે કે તે ગયબની ખબર આપે છે. ગયબની ખબર આપવી એ નબીની ખાસ લાઝિમ બાબતોમાંથી છે.** જેમ કે પ્રથમ ભાગમાં હઝરત ઈમામ ગિઝાલીનો ઈર્શાદ વર્ણન થયો. એટલા માટે મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા قدس سرہ એ એનો આ પ્રમાણે તર્જુમો કર્યો, "હે ગયબની ખબર આપનાર !" **ارسلنا** નો અર્થ છે કોઈને પયગામ પહોંચાડવા માટે ક્યાંક મોકલવો. અહીં શરઈ અર્થમાં રસૂલ બનાવવું મુરાદ છે. શાહિદનો મૂળ અર્થ "હાઝિર" છે. હજ્જતુલ વિદાઅના ખુત્બામાં છે : **فليبلغ الشاهد الغائب** "હાજર ગાયબને (ગેર હાજરને) પહોંચાડી આપે."

એટલા માટે કન્ઝુલ ઈમાનમાં એનો તર્જુમો "હાઝિર નાઝિર" કર્યો છે. શાહિદનો અર્થ ગવાહ પણ થાય છે અને અહીં એ પણ મુરાદ હોય શકે છે. એટલા માટે કે કયામતના દિવસે હુઝૂરે અકદસ ﷺ સર્વ અંબિયાએ કિરામના ગવાહ થશે. મુબશ્શિરનો અર્થ બશારત આપનાર, એટલે મો'મિનોને જન્નતની, અલ્લાહની મુલાકાતની, અલ્લાહની રઝાની બશારત (ખુશખબર) આપનાર, નઝીરનો અર્થ જે નાફર્માની કરે તેને અલ્લાહના ગઝબ અને

જહન્નમથી ડરાવનાર છે.

حرزاللامين : **حرز**નો અર્થ પનાહગાહ (શરણસ્થાન) છે. ઉમ્દતુલ ક़ારી ફ़ત્હુલબારીમાં છે : **واللفظ للاول الحرزفى الاصل الموضع الحصين** અસલમાં **حرز**નો અર્થ સુરક્ષિત જગા છે. એટલા માટે ક़સ્તલાનીમાં એની તફ़સીર **حصنا** કરેલી છે અને મેં પનાહ તર્જુમો કર્યો છે. પરંતુ બંનેવ શરહોમાં તફ़સીર કરી છે **حافظا** અને જાહેર છે કે બંને વાતો હુઝૂર ﷺમાં જોવા મળે છે.

المتوكل : એટલે કે દરેક મામલામાં અલ્લાહ ﷻ પર વિશ્વાસ કરવાવાળા, રોજી હોય અથવા અન્ય કોઈ નેઅમત, કોઈ મુસીબત તકલીફ़ હોય, દરેક મામલામાં અલ્લાહ પર ભરોસો કરવાવાળા **فظ**નો અર્થ કુટેવવાળો ો ગંદો છે, અર્થ સખત વાત કહેવાવાળો. હદીષમાં છે કે સહાબાએ કિરામે હઝરત ઉમર رضی اللہ عنہ થી કહ્યું, **انت افظ واغلظ من رسول تعالىٰ عليه وسلم**. આ હદીષમાં **اقظ** તથા **غلظ**ના ઈસ્મે તફ़ઝીલના અર્થમાં નથી, બલ્કે અહીં સિફ़તે મુશબ્બહા છે. જેમ કે **احمراسوداعرج۔اصم** વગેરે. એટલા માટે કે કુટેવ, સખત વાતચીત અયબ છે અને ઈસ્મે તફ़ઝીલ ઐબ તથા રંગ વાચક શબ્દો નથી આવતો. એટલા માટે કે અર્થ એ થયો કે રસૂલુલ્લાહ ﷺ સદ્વર્તાવવાળા, મધૂર વાણીવાળા હતા અને તમે કટુવર્તાવવાળા અને કટુવાણીવાળા છો.

والاسخاب સીન અને સ્વાદ બંને સાથે આવે છે એનો અર્થ શોર મચાવવાવાળા છે. એ વસ્ફ़ નથી કે બજાર નથી જતા, એટલા માટે કે બજારમાં જરૂરત પૂરતા રહેવુ અયબવાળુ નથી બલ્કે જીવન નિર્વાહ માટે જરૂરી છે. અયબવાળુ એ છે કે બજારમાં જઈને ત્યાં જરૂરત વિના શોર મચાવવામાં આવે, સોદાની પ્રશંસા અને જૂઠી ક़સમોથી આસ્માન માથે લેવામાં આવે, બજાર જઈને પ્રભાવપૂર્વક શાંતિપૂર્વક રહેવામાં આવે તો એ અયબ નથી. એટલા માટે હુઝૂરે અક़્દસ ﷺનો મુબારક ગુણ એ બતાવ્યો કે બજારોમાં શોર મચાવનારા નથી.

يقم به الملة الغوجاء : મિલ્લતથી અરબ મિલ્લત મુરાદ છે કે તેમણે મિલ્લતે ઈબ્રાહીમીમાં કુફ़ તથા શિર્ક અને વહેમો તથા ખરાબીઓની ભેળસેળ કરીને એને બગાડી નાખેલ છે. એને સીધા કરવાથી મુરાદ કુફ़ તથા શિર્ક અને વહેમો તથા ખરાબીઓના મિશ્રણથી પાક તથા સાફ़ કરવું છે. **اعينُ عميٌ** આ રિવાયત પર **اعمى عميا**નું બહુવચન છે, એટલે આંધળી આંખ. બીજી રિવાયતમાં **اعينٌ عميٌ** ઈઝાફ़તની સાથે છે. આ રિવાયતના આધારે એ **اعمى**નું બહુવચન છે અને આ જ તફ़સીલ **اذاناصماً**માં પણ છે, સિફ़ત તથા ઈઝાફ़ત બંને સાથે રિવાયત છે. પહેલી તક़્દીર પર **صماء**નું બહુવચન અને બીજી તક़્દીર પર **اصم**નું બહુવચન છે. **قلوباغلفا**માં સિફ़ત માનવામાં આવે કે ઈઝાફ़ત **اغلف، غلف**નુ બહુવચન છે એમાં વસ્ફ़ હોવું અધિક સ્પષ્ટ છે. મુરાદ એ છે કે જે લોકો હક્ક़ જોવા, સાંભળવા, સ્વીકારવાથી મહેરૂમ હતા તેઓને હક્ક़ પરસ્ત બનાવી આપશે **حرز اللامیین**થી લઈને **قلوباغلفا** સુધી પંદર અવસાફ़ (ગુણો) થયા, એમાં અમુક કુર્આને કરીમમાં પણ છે અને બાકીના તૌરાત શરીફ़માં છે.

وقال سعيدعن هلال عن عطاء عن عبدالله بن سلام ઈમામ બુખારીના આ ઈર્શાદનો મતલબ એ છે કે આ હદીષને ઈમામ અતાએ બે સહાબીથી અખ્ઝ કરી છે. એક અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાથી બીજા અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہما થી. જેમ કે તિર્મિઝી તથા તબ્રાની, દારમી વગેરેએ અબ્દુલ્લાહ ઈબ્ને સલામથી જ રિવાયત કરી છે : **غلف كل شيء في غلاف وسيف اغلف وقوس غلفاورجل اگلف اذالم يكن مختونا،قاله ابوعبدالله** જે ચીજ કોઈ ગિલાફ़માં હોય તેને ગલફ़ કહે છે. **سيف اغلف** (સૈફ़ે અગલફ़) મ્યાનમાં રાખેલી તલ્વાર અને **قوس اغلف**કોઈ ગિલાફ़માં રાખેલી કમાન. **رجل اغلف** તે શખ્સ જેની ખત્ના ન કરવામાં આવી હોય. એને અબૂ અબ્દુલ્લાહ બુખારીએ કહ્યું. **قلوب غلف** તે દિલ જેના પર પર્દો પડેલો હોય જે ન હક્ક़ ક़બૂલ કરે ન યાદ રાખે.

بَابُ الْكَيْلِ عَلَى الْبَائِعِ وَالْمُعْطِي ص ٢٨٥

"માપવુ વેચનાર તથા આપનાર પર છે." –(૨૮૫)

وَقَوْلِ اللّٰهِ تَعَالٰى وَاِذَا كَالُوْهُمْ اَوْوَزَنُوْاهُمْ يُخْسِرُوْنَ અને અલ્લાહ તઆલાના ઈર્શાદનું બયાન : "અને જ્યારે લોકોને માપી કે તોલી આપે તો ઓછુ કરી દે." (મુતફ્ફીફીન–૩)

يعنيكالوالهم اووزنوالهم كقولهم يسمعونكم يسمعونه لكم ઈમામ બુખારી પોતાના આ ક़ૌલથી એ ફ़ાયદો કરવા ચાહે છે કે **كَالُوْا** તથા **وَزَنُوْا** બંને રીતે વપરાય છે. લામના સિલાની સાથે પણ અને સિલા વિના પણ, જેમ કે **يُسْمِعُ** છે કે એ પણ બંને રીતે વપરાય છે.

પ્રકરણની સ્પષ્ટતા : માલનું તોલવું કે માપવું વેચનારના જિમ્મે છે, કેમ કે સોદા પછી વાજિબ છે કે તે માલને વેચાયેલ વસ્તુને ન વેચાયેલથી અલગ કરીને ખરીદનારને સુપ્રત કરી આપે. અને આ માપ તોલ પછી જ થશે. એના પર અલ્લાહ ﷻ નો ઈર્શાદ પણ દલીલ છે કેમ કે અલ્લાહ ﷻ એ **كالوهم اووزنوهم** ફ઼ર્માવ્યું. માપ અને વજન વેચનારનુ કામ દર્શાવ્યું. જેથી જાણવા મળ્યું કે માપવું તથા તોલવું વેચનારના માથે છે. ઈસા ઈબ્ને ઉમર **كالو** તથા **وزنوا** પર વકફ़ કરતા અને **هم** ને **يخسرون** થી મિલાવીને પઢતા. પણ સહીહ એ છે કે બંને જગાએ **هم** ઝમીરે મન્સૂબ મુત્તસિલ મફ઼ઊલેબિહિ છે. **همام** ક़તાદા તથા મુહમ્મદ બિન ષૌરે મુઅમ્મરથી રિવાયત કરી, આ આયત મક્કી છે. અને સદીએ કહ્યું કે મદની છે. અને કલ્બીએ કહ્યું કે મક્કાથી મદીના જતાં માર્ગમાં નાઝિલ થઈ. અબુલ અબ્બાસે મકામાતુત્ત-ઝીલમાં કહ્યું કે સૂરતની શરૂઆત મદની છે અને છેવટ મક્કી છે. સદીએ રિવાયત કરી કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ મદીના તશરીફ़ લાવ્યા ત્યાં એક શખ્સ અબૂ જુહૈના હતો જેની પાસે બે સાઅ (માપિયાં) હતા, એક લેવા માટે અને એક આપવા માટે. તો આ આયતે કરીમા નાઝિલ થઈ.

ت ٣٩٣ **وَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِكْتَالُوْا حَتّٰى يَسْتَوْفُوْا۔**

"અને નબી ﷺ એ ફ઼ર્માવ્યું, માપ કરી લો જેથી પૂરું લો." **[તઅલીક़ : ૩૯૩]**

ت ٣٩٤ **وَيُذْكَرُ عَنْ عُثْمَانَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى**

"વર્ણન કરવામાં આવે છે કે હઝરત ઉષ્માન رضی اللہ عنہ થી રિવાયત છે કે **[તઅલીક़ : ૩૯૪]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَهٗ اِذَا بِعْتَ فَكِلْ وَاِذَا ابْتَعْتَ فَاكْتَلْ۔

નબી ﷺ એ તેમને ફ઼ર્માવ્યું, જ્યારે ખરીદ તો માપીને લે અને જ્યારે વેચ તો માપીને આપ."

તઅલીક़ : ૩૯૩ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ અબૂ બકર અબી શયબાએ તારિક़ બિન અબ્દુલ્લાહ મુહાસબીની હદીષમાં સહીહ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. પોતાને લેવા માટેના માપિયાને "ઈકતિયાલ" કહે છે અને "કૈલ" એનાથી આમ છે, ચાહે પોતાના માટે હોય કે બીજાના માટે હોય.

તઅલીક़ : ૩૯૪ની સમજૂતી આ તઅલીક़ને દારકુત્નીએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. અલ્લામા કિર્માનીએ ફ઼ર્માવ્યું, એનો મતલબ એ છે કે જ્યારે કાંઈ વેચો તો માપીને પૂરું આપો, અને જ્યારે

حديث ١٢٤٨ عَنِ الشَّعْبِيِّ عَنْ جَابِرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ تُوُفِّيَ عَبْدُ اللّٰهِ

"હઝરત જાબિર رضی اللہ عنہ એ કહ્યું (મારા પિતા) અબ્દુલ્લાહ [હદીષ : ૧૨૪૮]

بْنُ عَمْرِو بْنِ حَرَامٍ وَعَلَيْهِ دَيْنٌ فَاسْتَعَنْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

બિન અમ્ર બિન હરામની વફાત થઈ ગઈ અને એમના પર કરજ હતું. મેં નબી ﷺ થી

عَلَيْهِ وَسَلَّمَ عَلٰى غُرَمَائِهِ اَنْ يَّضَعُوْا مِنْ دَيْنِهٖ فَطَلَبَ النَّبِيُّ صَلَّى

તેમના કરજ પરત માગનારાઓના બારામાં મદદ માગી કે તેઓ એમના કરજને કાંઈક માફ કરી

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِلَيْهِمْ فَلَمْ يَفْعَلُوْا فَقَالَ لِيَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

આપે. નબી ﷺ એ તેમને કહ્યું પણ તેમણે ઓછુ ન કર્યું. હવે નબી ﷺ એ મને ફર્માવ્યું, જાવ ! તમારી

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذْهَبْ فَصَنِّفْ تَمْرَكَ اَصْنَافًا الْعَجْوَةَ عَلٰى حِدَةٍ

ખજૂરોને અલગ અલગ કરો. અજવહને અલગ, અઝક ઝયદને અલગ, પછી મારી પાસે ખબર મોકલજો. મેં

وَعَذْقَ زَيْدٍ عَلٰى حِدَةٍ ثُمَّ اَرْسِلْ اِلَيَّ فَفَعَلْتُ ثُمَّ اَرْسَلْتُ اِلَى

એ જ પ્રમાણે કર્યું અને નબી ﷺ ની પાસે ખબર મોકલી તો તશરીફ લાવ્યા અને તેની ઉપર અથવા તેની

ખરીદો તો માપીને પૂરું લો. અલ્લામા અયનીએ ફર્માવ્યું, એનો એ અર્થ પણ દુરુસ્ત છે પણ બીજો અર્થ એ પણ છે કે જ્યારે વેચો તો જાતે તોલો. એની સાથે પ્રકરણને સામ્યતા છે કે માલને તોલવું વેચનારના જિમ્મે છે. એટલા માટે કે એક અન્ય હદીષમાં જેને ઈમામ લયષે રિવાયત કરી તે આ પ્રમાણે છે : હઝરત ઉષ્માન એવું કહે છે કે હું ક़યનુક़ાઅના બજારેથી ખજૂરો ખરીદીને મદીના લાવતો અને લોકોની સમક્ષ રાખી દેતો અને બતાવી આપતો કે આ આટલી છે, એટલે આટલા સાઅ અથવા વસક़ છે. જેટલા નફા પર રાજી થતો (એટલા પર) લોકો ખરીદી લેતા. એની ખબર જ્યારે નબી ﷺ ને થઈ તો ફર્માવ્યું, જ્યારે વેચો તો માપો. એની આગળ પાછળની સ્થિતિ એના માટે સ્પષ્ટ દલીલ છે કે ઓછુ વત્તુ લેવું મુરાદ નથી, બલ્કે મતલબ એ જ છે કે તમે જ્યારે વેચનાર છો તો માલનું માપવું તમારા માથે છે.

હદીષ : ૧૨૪૮ની સમજૂતી

આ હદીષ બુખારીમાં વિવિધ શબ્દો અને ટૂંકાણમાં તથા વિગતવાર સાત સ્થળે વર્ણન થયેલી છે. એ સૌને એકત્ર કરતાં પૂરી વિગત આ પ્રમાણે છે : હઝરત જાબિર رضی اللہ عنہ એ કહ્યું કે મારા પિતા ગઝવએ ઓહદમાં શહીદ થઈ ગયા. છ પુત્રીઓ અને કરજ છોડી ગયા અને ખજૂરોના બાગ સિવાય કાંઈ માલ ન છોડયો. કરજ એટલું હતું કે ખજૂરોની વરસો વરસની ઉપજ પણ પૂરતી ન થાત. જ્યારે ખજૂર કાપવાનો સમય આવ્યો તો હું હુઝૂરે અક़દસ ﷺ ની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી કે કરજ પરત માગનારાઓને સિફારિશ કરી આપો. હુઝૂરે સિફારિશ કરી પણ કેમ કે તેઓ યહૂદી હતા એટલા માટે કાંઈ પણ ઓછુ કરવા માટે રાજી ન થયા. તો ફર્માવ્યું, સારું ! એમને કહી આપો કે કાલે સવારે આવે. અને મને હુકમ આપ્યો કે ખજૂરની વિવિધ જાતિઓના અલગ

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَجَاءَ فَجَلَسَ عَلٰى اَعْلَاهُ اَوْ فِي وَسَطِهٖ

વચ્ચે બેઠા પછી ફર્માવ્યું, માપીને એ લોકોને આપો. મેં તેમને માપીને આપ્યું

ثُمَّ قَالَ كِلْ لِلْقَوْمِ فَكِلْتُهُمْ حَتّٰى اَوْفَيْتُهُمُ الَّذِيْ لَهُمْ وَبَقِيَ تَمْرِيْ

ત્યાં સુધી કે મેં એમની જેટલી માગણી હતી પૂરું આપી દીધું★

كَاَنَّهٗ لَمْ يَنْقُصْ مِنْهُ شَيْئٌ وَقَالَ فِرَاسٌ عَنِ الشَّعْبِيِّ ثَنِيْ جَابِرٌ

અને મારી ખજૂરમાં એવું જણાતું હતું કે કાંઈ પણ ઓછી નથી થઈ !

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَمَازَالَ يَكِيْلُ لَهُمْ حَتّٰى اَدّٰى

એક રિવાયતમાં આ પ્રમાણે છે, એ માપી માપીને આપતા રહ્યા

وَقَالَ هِشَامٌ عَنْ وَهْبٍ عَنْ جَابِرٍ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

ત્યાં સુધી કે પૂરેપૂરું અદા કરી આપ્યું. અને એક રિવાયતમાં છે કરજ

جُذَّ لَهٗ فَاَوْفِ لَهٗ -

માગનારાઓ માટે ખજૂર કાપ અને પૂરું આપ."

(★ બુખારી ૨/૩૨૪, ૩૨૨, ૩૨૩, અલ્ઇસ્તિકરાઝ, ૧/૩૯૦, કઝાઉલવસી દુયૂનલ મય્યત, ૧/૫૦૫ અલામાત્તુન્નબુવ્વત, ૨/૫૮૦ મગાઝી, નિસાઈ–અલ્વસાયા)

અલગ ઢગલા મારો. અજવહના અલગ, અઝકે ઝયદના અલગ, લય્યનહના અલગ. મેં એવું જ કર્યું અને પછી હુકમાનુસાર હુઝૂરે અકદસ ﷺને બીજા દિવસે સવારે ખબર મોકલી. હુઝૂર તશરીફ લાવ્યા. મેં વિચાર્યું હતું કે હુઝૂરને જોઈને કરજ પરત માગનારા કાંઈક નરમી વર્તશે. પણ હુઝૂરને જોઈને અધિક બૂમાબૂમ કરવા લાગ્યા. હુઝૂરે કાંઈક દુઆ કરી પછી સૌથી મોટા ઢગલાની આસપાસ ત્રણ વાર ચક્કર માર્યો અને મને હુકમ આપ્યો, આમાંથી માપી માપીને કરજ માગનારાઓને આપો. મેં આપવાનું શરૂ કર્યું. સૌ કરજ પરત માગનારાઓને પૂરે પૂરી માગણી પ્રમાણે આપી દીધું. **હું તો એના પર રાજી હતો કે કરજ અદા થઈ જવુ જોઈએ ભલે મારી બહેનો માટે એક ખજૂર ન બચે, પણ થયું એવું કે બાકીના ઢગલા તો બચી જ ગયા હતા પણ જે ઢગલામાંથી કરજ અદા કર્યું હતું એમાંથી પણ એવું જણાતુ હતું કે એક ખજૂર પણ ઓછી નથી થઈ !** છેવટે ફર્માવ્યું, ઈબ્ને ખત્તાબને બતાવી દો. આવું એટલા માટે ફર્માવ્યું કે હઝરત ઉમર પણ હુઝૂરની સાથે ગયા હતા. હઝરત જાબિર તો ત્યાં કરજ પરત માગનારાઓને ખજૂર માપતા રહ્યા અને એ લોકો ચાલ્યા આવ્યા. હઝરત જાબિર અસ્રના વખતે સર્વ કરજ અદા કરીને પાછા આવ્યા.

સામ્યતા : પ્રકરણનો બીજો ભાગ આ હતો. કૈલ (માપવું, તોલવું) મુઅતી (તોલી આપનાર) પર છે. હઝરત જાબિર رضی اللہ عنہ કરજ પરત માગનારાઓને આપી રહ્યા હતા. તેમને ફર્માવ્યું, كلهم તેમને માપીને આપ.

અઝકે ઝયદ : કિતાબુલ ઈસ્તિકરાઝમાં અઝક ઈબ્ને ઝયદ છે અને لين નો વધારો છે. અહીં પ્રેસ અહમદી

بَابُ مَا يُسْتَحَبُّ مِنَ الْكَيْلِ ص ٢٨٦

"માપવાનું મુસ્તહબ હોવું" (૨૮૬)

حديث ١٢٤٩ عَنْ جَابِرِ بْنِ مَعْدَانَ عَنِ الْمِقْدَامِ بْنِ مَعْدِيْ كَرِبَ رَضِيَ

"હઝરત મિક્દામ બિન મઅદી કરિબ رضی اللہ عنہ નબી ﷺ થી **[હદીષ : ૧૨૪૯]**

اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ كِيْلُوْا

રિવાયત કરે છે કે ફર્માવ્યું, તમારા

طَعَامَكُمْ يُبَارَكْ لَكُمْ -

અનાજને માપી લો બરકત આપવામાં આવશે."

મેરઠ નૂર મુહમ્મદ તથા રશીદિયહના નુસ્ખાઓમાં તેમજ ક़સ્તલાની ઉમ્દતુલ ક़ારીની સાથે જે મતન છપાયેલ છે તેમજ અત્તજરીદુસ્સહીહમાં અઝક़ ઝયદ જ છે. પણ ફત્હુલ બારીની સાથે જે મતન છે અઝક़ ઈબ્ને ઝયદ છે. કિતાબુલ ઈસ્તિક़રાઝમાં અલ્લામા અયની અને ક़સ્તલાની બંનેવે લખ્યું છે કે તવઝીહમાં દુમયાતીના ખતથી અઝક ઝયદ છે. એટલે કિતાબુલ ઈસ્તિક़રાઝમાં પણ અઝક़ ઝયદ જ છે. ખજૂરના ઘણા પ્રકારો છે. અબૂ મુહમ્મદ જુવૈનીએ અલ્ફરૂક़માં લખ્યું છે કે એકવાર મદીના તયબહના અમીરને ત્યાં કાળી ખજૂરોની જાતોને એકત્ર કરવામાં આવી તો સાઈઠ સુધી પહોંચી ગઈ. અને લાલ ખજૂરોની જાતો એનાથી વિશેષ છે. મદીના તયબહની ખજૂરોમાં સૌથી ઉમદા અજવહ છે એના ફઝાઈલ પણ હદીષોમાં આવેલા છે જે કિતાબુત્તિબ્બમાં વર્ણન થયેલ છે.

હદીષ : ૧૨૪૯ની સમજૂતી

એટલે કે અનાજ જ્યારે રાખો તો માપીને રાખો અને જ્યારે વાપરવા માટે કાઢો તો માપીને કાઢો, અલ્લાહ તઆલા એમાં બરકત આપશે. એમાં રાઝ એ છે કે માપીને મૂકશે તો એને માલૂમ રહેશે કે આ આટલી મુદ્દત માટે પૂરતુ થઈ રહેશે. એ જ હિસાબે માપી માપીને કાઢશે તો ઓછું નહીં થાય, પૂરું થઈ જશે. અંદાજાથી કાઢવામાં વધારે નીકળી શકે છે એવી સ્થિતિમાં કમી પડી શકે છે. તેમજ દરેક શખ્સને ખબર છે કે આપણા ઘરનો આટલો વપરાશ છે જેથી માપીને લેશે તો ખાવા ફોગટ બચશે નહીં અને એમાં બરકત મહેસૂસ થશે. **આ બૌદ્ધિક ખુલાસાઓથી હટીને ઈમાનની વાત એ છે કે જ્યારે હુઝૂરે અક़્દસ ﷺએ ફર્માવી આપ્યું છે કે એમાં બરકત છે તો એમાં નિશ્ચિતપણે બરકત થશે, બલ્કે અનુભવ સાક્ષી છે કે બરકત થાય છે.**

بَابُ بَرَكَةِ صَاعِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَ مُدِّهٖ

"નબી ﷺના સાઅ તથા મુદ (માપિયાં)ની બરકત" –(૨૮૬)

હદીષ ૧૨૫૦ عَنْ عَبَّادِ بْنِ تَمِيْمٍ الْاَنْصَارِيِّ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ زَيْدٍ رَّضِيَ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદ رضی اللہ عنہ એ નબી ﷺથી **[હદીષ : ૧૨૫૦]**

اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِنَّ اِبْرَاهِيْمَ

રિવાયત કરી કે ફર્માવ્યું, બેશક ! ઈબ્રાહીમે મક્કાને હરમ બનાવ્યું અને એના માટે દુઆ કરી અને મેં

حَرَّمَ مَكَّةَ وَدَعَا لَهَا وَحَرَّمْتُ الْمَدِيْنَةَ كَمَا حَرَّمَ اِبْرَاهِيْمُ مَكَّةَ

મદીનાને હરમ બનાવ્યું જેવી રીતે ઈબ્રાહીમે મક્કાને બનાવ્યું હતું. અને મેં મદીનાના માટે તેના મુદ અને

وَدَعَوْتُ لَهَا فِيْ مُدِّهَا وَصَاعِهَا مِثْلَ مَا دَعَا اِبْرَاهِيْمُ لِمَكَّةَ ۔ عه

સાઅમાં બરકતની દુઆ કરી જેવી રીતે ઈબ્રાહીમે મક્કાના માટે કરી હતી." (બુખારી–મનાસિક)

હદીષ ૧૨૫૧ عَنْ اِسْحٰقَ بْنِ عَبْدِ اللّٰهِ بْنِ اَبِيْ طَلْحَةَ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે **[હદીષ : ૧૨૫૧]**

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે અલ્લાહ ! એમના માપિયામાં બરકત આપ !

قَالَ اَللّٰهُمَّ بَارِكْ لَهُمْ فِيْ مِكْيَالِهِمْ وَبَارِكْ لَهُمْ فِيْ صَاعِهِمْ وَمُدِّهِمْ

તેમના સાઅમાં બરકત આપ ! તેમના મુદમાં બરકત આપ !

يَعْنِيْ اَهْلَ الْمَدِيْنَةِ

એટલે કે મદીનાવાળાઓના."

(બુખારી, ૨/૯૯૩, બાબુ સાઉલ્ મદીના, ૨/૧૦૯૦ અલ્એઅ્તેસામ, મુસ્લિમ, નિસાઈ–મનાસિક)

સમજૂતી : હદીષ : ૧૧૫૦–૧૧૫૧

મદીનાના હરમ હોવાની ચર્ચા ચોથા ભાગના પેજ નં. ૪૮૦ (ગુજરાતીમાં પેજ :૪૭૯) પર વર્ણન થઈ ચૂકી છે અને સાઅ તથા મુદની તેહકીક ભાગ : ૨, પેજ : ૭૬, ૭૭ (ગુજરાતીમાં પેજ : ૬૪) પર વર્ણન થઈ ચૂકી છે.

باب مايذكر فى بيع الطعام والحكرة

"અનાજ વેચવા તથા રોકવા વિશે બયાન" –(૨૮૬)

حكره નો અર્થ સામાન રોકવું, **સંગ્રહખોરી કરવી જેથી બજારમાં માલની અછત ઉભી થાય અને મોંઘો થઈ જાય ત્યારે વેચે.** એનાથી احتكار આવે છે. આ એ સમયે મના છે ખાસ કરીને અનાજ વગેરે ખોરાકની ચીજોમાં જ્યારે એ બજારમાં ન મળતુ હોય.

حديث ૧૨૫૨ عَنِ الزُّهْرِيِّ عَنْ سَالِمٍ عَنْ اَبِيْهِ قَالَ رَاَيْتُ الَّذِيْنَ يَشْتَرُوْنَ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ના [હદીષ : ૧૨૫૨]

الطَّعَامَ مُجَازَفَةً يُضْرَبُوْنَ عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ

જમાનામાં એ લોકોને માર ખાતા જોયા છે જેઓ અંદાજાથી માલ ખરીદતા,

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنْ يَّبِيْعُوْهُ حَتّٰى يُؤْوُوْهُ اِلٰى رِحَالِهِمْ ؕ

પોતાના ઠેકાણે લાવવાથી પહેલાં વેચી દેતા."

(બુખારી, ૧/૨૮૬, ૨/૧૦૧૩ અલ્મુહારિબીન, મુસ્લિમ, અબૂ દાઉદ, નિસાઈ–અલ્બુયૂઅ)

حديث ૧૨૫૩ عَنِ ابْنِ طَاؤُسٍ عَنْ اَبِيْهِ عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِىَ اللّٰهُ تَعَالٰى

"ઈમામ તાઉસે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે [હદીષ : ૧૨૫૩]

હદીષ : ૧૨૫૨ની સમજૂતી કોઈપણ ચીજનું માપ્યા તોલ્યા વિના ખરીદ વેચાણ જાઈઝ છે જ્યારે કે માલ તથા કિંમત બંનેવ અલગ અલગ જાતિનાં હોય. અલ્બત્ત જ્યાં સુધી ખરીદનાર એના પર કબજો ન કરી લે ત્યાં સુધી એને વેચવું જાઈઝ નથી. એ સખ્તી (મારની) લગભગ એ જ કારણે હશે કે એ લોકો કબજો લીધો વિના વેચી કાઢતા હતા. અને જાહેરી રીતે કબજો ગૈર જરૂરી પણ જણાય છે પરંતુ એમાં કદીક ઝઘડો પણ પડી શકે છે. દા.ત. વેચનારે વિવિધ ઢગલા લગાડયા છે એમાંથી એક વેચ્યો અને ઈશારાથી બતાવ્યો કે આ ઢગલો. પછી ખરીદનારે તેને વેચી કાઢયો અને બીજો ખરીદનારો ઉઠાવવા લાગ્યો. તો એની શક્યતા છે કે મતભેદ થઈ જાય છે કે કયો ઢગલો છે, અને આ મતભેદ ભૂલચૂકથી પણ થઈ શકે છે અને અપ્રમાણિકતાના કારણે પણ. એટલા માટે પહેલાં ખરીદનારને પાબંદ કરી દેવામાં આવ્યો કે કબજો કર્યા વિના ન વેચે.

حتى يوووه : એનાથી મુરાદ કબજો છે. જ્યાં ખરીદયુ છે ત્યાં જ વેચવામાં એનો ખતરો છે કે સુસ્તી તથા આસાનીના માટે કબજો કર્યા વિના વેચી નાખે. એટલા માટે આ હુકમ આપવામાં આવ્યો કે પોતાના ઘરે પોતાની દુકાને લાવીને વેચે. તે પ્રારંભિક દૌર હતો એટલા માટે આટલી સખ્તી વાપરવામાં આવી.

હદીષ : ૧૨૫૩ની સમજૂતી હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના ઈર્શાદની સ્થિતિ આ પ્રમાણે છે કે કોઈએ કોઈની પાસેથી દસ રૂપિયાનું ઉધાર અનાજ ખરીદયું કે દા.ત. એક અઠવાડિયા પછી આપજે. તેણે કબજો કરતા પહેલાં તેના જ હાથે કે કોઈ અન્યના હાથે દા.ત. વીસ રૂપિયામાં વેચી આપ્યું. તો એ હકીકતમાં દસ

عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَهٰى اَنْ يَّبِيْعَ

રસૂલુલ્લાહ ﷺ એ એનાથી મના ફર્માવ્યું કે કોઈ કબજો કરવાથી પહેલાં

الرَّجُلُ طَعَامًا حَتّٰى يَسْتَوْفِيَهٗ قُلْتُ لِاِبْنِ عَبَّاسٍ كَيْفَ ذَاكَ

પોતાનુ અનાજ વેચે. મેં ઈબ્ને અબ્બાસને પૂછયું,આવુ કેવી રીતે ? તો ફર્માવ્યું કે

قَالَ ذَاكَ دَرَاهِمُ بِدَرَاهِمَ وَالطَّعَامُ مُرْجَأٌ. قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ

આ દિરહમને દિરહમના બદલામાં વેચવાનું થયું, અનાજ તો બાદમાં છે.

مُرْجَوْنَ مُؤَخَّرُوْنَ ؏

અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું **مرجون** = **موخرون** ના અર્થમાં છે."

(મુસ્લિમ, અબૂ ઊાદ, નિસાઈ–બુયૂઅ)

حديث ١٢٥٤ عَنِ الزُّهْرِيِّ عَنْ مَالِكِ بْنِ اَوْسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهٗ

"હઝરત માલિક બિન અવસ رضی اللہ عنہ એ એકવાર કહ્યું, કોણ છે જેની પાસે સરફના **[હદીષ : ૧૨૫૪]**

દિરહમનો સોદો વીસ દિરહમના બદલામાં થયો. એટલા માટે કે અનાજ હજી ગાયબ છે. અને આ વ્યાજ છે.

قال ابو عبدالله : આ હદીષમાં **مرجأ**નો શબ્દ આવ્યો હતો એનો બહુવચનવાચક **مرجون** છે. કુર્આને કરીમમાં છે : **وَآخَرُوْنَ مُرْجَوْنَ لِاَمْرِ اللّٰهِ اِمَّا اَنْ يُّتُوْبَ عَلَيْهِمْ اَوْيُعَذِّبَهُمْ** "અને કેટલાક લોકોનો મામલો અલ્લાહના હુકમ પર આધારિત છે (હજી ફૈસલો નથી થયો કે નથી કરવામાં આવ્યો) ક્યાં તો એમની તૌબા કબૂલ ફર્માવે અથવા એમને અઝાબ આપે." *(સૂરએ તૌબા–૧૦૬)*

આ આયત ગઝવએ તબૂકમાં વિના મજબૂરીએ શરીક ન થનારાઓમાં એ લોકોના બારામાં નાઝિલ થઈ છે જેમણે માફી તલબ કરવામાં તથા તૌબામાં મોડુ કર્યું હતું. આદત મુજબ ઈમામ બુખારીએ એની શાબ્દિક તફસીર ફર્માવી આપી કે એઓ મોઅખ્ખરૂનના અર્થમાં છે. એટલે કે એ લોકોના બારામાં હજી કોઈ ફૈસલો નથી કરવામાં આવ્યો, બાદમાં થશે. **مرجا**નો માદ્દો **رجاءٌ** છે. અને નાકિસે વાવી પણ છે અને મહમૂઝે લામ પણ. એનો અર્થ મુઅખ્ખર કરવું (પાછળ ઠેલવું) છે. **رجا**નો અર્થ ઉમ્મીદ એટલા માટે છે કે તે પાછળ ફેલાતી હોય છે. **مرجأ** બાબે ઈફઆલથી મહમૂઝે લામનો ઈસ્મે મફઉલ છે. **مرجون** નાકિસે વાવી ઈસ્મે મફઉલનો સેગો જમા મુઝક્કર છે.

હદીષ : ૧૨૫૪ની સમજૂતી આ હદીષ બાબુ બયઉશશઈર બિશશઈરમાં આ પ્રમાણે છે : માલિક બિન અવસે કહ્યું, તેમણે સો દીનારના બદલામાં દિરહમ શોધવા શરૂ કર્યા તો તેમને હઝરત તલ્હા ઈબ્ને ઓબૈદુલ્લાહે બોલાવ્યા. અમે ભાવ નક્કી કરી લીધો અને તે સોનુ મારા હાથથી લઈને ઉલટવા પલટવા લાગ્યા. પછી ફર્માવ્યું, થોભો ! ત્યાં સુધી કે મારો ખજાનચી ગાબાથી આવી જાય. અને હઝરત ઉમર رضی اللہ عنہ આ સાંભળી રહ્યા હતા. ફર્માવ્યું, ખુદાની કસમ ! એનાથી અલગ ન થશો. જ્યાં સુધી એનાથી લઈ ન લો. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સોનાના બદલે સોનું.... *(અલ હદીષ)*

من كان عنده صرف : એટલે કોઈ એવો છે જે બયએ સરફ એટલે કિંમત (ષમન)ના બદલામાં કિંમત વેચવા, અને ખરીદવાનો કારોબાર કરે છે.

قَالَ مَنْ كَانَ عِنْدَهُ صَرْفٌ فَقَالَ طَلْحَةُ أَنَا حَتَّى يَجِيئَ خَازِنُنَا

માટે દિરહમ કે દીનાર છે ? તો તલ્હાએ કહ્યું, હું છું ત્યાં સુધી કે અમારો ખજાનચી ગાબાથી આવી જાય.

مِنَ الْغَابَةِ قَالَ سُفْيٰنُ هُوَ الَّذِيْ حَفِظْنَاهُ مِنَ الزُّهْرِيِّ لَيْسَ فِيْهِ

સુફયાને કહ્યું, એ જ અમે ઝુહરીથી યાદ કર્યું છે, એમાં વધારો નથી. ઝુહરીએ કહ્યું કે મને

زِيَادَةٌ قَالَ أَخْبَرَنِيْ مَالِكُ بْنُ أَوْسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ سَمِعَ عُمَرَ

માલિક બિન અવસ رضی اللہ عنہ એ ખબર આપી કે તેમણે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ થી સાંભળ્યું કે

بْنَ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يُخْبِرُ عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સોનાના બદલામાં સોનુ વ્યાજ છે પણ એ કે રોકડ હોય.

عَلَيْهِ وَسَلَّمَ قَالَ الذَّهَبُ بِالْوَرِقِ رِبًى إِلَّا هَاءَ وَهَاءَ وَالْبُرُّ بِالْبُرِّ رِبًى

અને ઘઉંના બદલામાં ઘઉં વ્યાજ છે પણ એ કે રોકડ હોય, અને ખજૂરના

إِلَّا هَاءَ وَهَاءَ وَالتَّمْرُ بِالتَّمْرِ رِبًى إِلَّا هَاءَ وَهَاءَ وَالشَّعِيْرُ بِالشَّعِيْرِ

બદલામાં ખજૂર વ્યાજ છે પણ એ કે રોકડ હોય, અને જવના બદલામાં

رِبًى إِلَّا هَاءَ وَهَاءَ ٥٥

જવ વ્યાજ છે પણ એ કે રોકડ હોય.''

(બુખારી ૧/૨૯૦ બાબે બયઉત્તમર બિત્તમર, મુસ્લિમ, અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ : બુયૂઅ)

غابه (ગ़ાબા) : **غابه** (ગ़ાબા)નો અર્થ ગાઢ જંગલ છે પરંતુ આનાથી મુરાદ ગ़ાબતુલ મદીના છે જે મદીનાની નજીક એક જગાનું નામ છે જ્યાં મદીનાવાસીઓની જમીનો હતી. એ જ ગ़ાબાની ઝાવ (એક પ્રકારનું ઝાડ જે દરિયા કિનારે ઉગે છે)ની લાકડી વડે મિમ્બરે અક़્દસ બન્યો હતો.

قال سفيٰن : એટલે કે સુફયાન ઈબ્ને ઉયયનાએ કહ્યું કે આ અસ્નાદ એટલે અમ્ર બિન દીનાર ઝુહરીના વાસ્તાથી અમને આટલુ જ યાદ છે, એનાથી વધુ નહીં એટલે કે બાદવાળો બનાવ જે હઝરત ઉમરે ફર્માવ્યો. અલ્બત્ત ઈમામ ઝુહરીથી એમના બીજા શાગિર્દો દા.ત. ઈમામ માલિકે પૂરો ક़िસ્સો યાદ રાખ્યો છે અને તે આ પ્રમાણે છે કે માલિક ઈબ્ને અવસે કહ્યું કે તેમણે ઉમર બિન ખત્તાબથી સાંભળ્યું જેવું કે વર્ણન થયું.

الذهب بالورق : બીજી રિવાયતોમાં **ورق**ની જગાએ **الذهب** છે એટલા માટે **ورق**થી સોનુ મુરાદ લેવું નિશ્ચિત છે.

هاءوهاء : ઈસ્મે ફેઅલ **خذ** ના અર્થમાં છે આ ક़िનાયો છે તકાબુઝે બદલૈનથી. મતલબ એ થયો કે વેચનાર કિંમત પર અને ખરીદનાર માલ પર એ જ મજલિસમાં કબજો કરી લે. એમાં બે લુગત છે : **ها** મદ વિના **هاء** હમ્ઝાના ઝબરની સાથે અને ઝેર પણ આવેલ છે.

بَابُ إِذَا اشْتَرَى مَتَاعًا أَوْ دَابَّةً فَوَضَعَ عِنْدَ البَائِعِ فَبَاعَ أَوْ مَاتَ قَبْلَ أَنْ يُقْبَضَ ص ٢٨٧

"જ્યારે કોઈ સામાન કે ચોપગુ ખરીદે અને વેચનારની પાસે રાખી દે પછી કબજો કરતા પહેલાં તેને વેચે અથવા મરી જાય. –(૨૮૭)

પ્રકરણની સ્પષ્ટતા : *એટલે કે કોઈએ કોઈ ચીજ ખરીદી અને કબજો કર્યા વિના વેચનાર પાસે રહેવા દીધી પછી તેને વેચી દીધી તો એ બીજુ ખરીદ વેચાણ સહીહ થયું કે નહીં ? અથવા ખરીદનાર મૃત્યુ પામ્યો તો એ ચીજ કોની માલિકીમાં ગણાશે ? વેચનારની કે ખરીદનારની ? અને જો તે નષ્ટ થઈ ગઈ તો વેચનાર પર તાવાન (બદલો ચૂકવવું) છે કે નથી ? હઝરત ઈમામ બુખારીએ આદત પ્રમાણે સવાલોના જવાબો નથી આપ્યા, કેમ કે એમાં મતભેદ છે.*

આપણા મઝહબના પ્રમાણે જવાબ આ પ્રમાણે છે : આ બીજીવારનું ખરીદ વેચાણ ફાસિદ (ફોગ) થયું. અને એ ચીજ નષ્ટ થઈ ગઈ તો વેચનાર પર તાવાન છે. ખરીદનાર જો મરી ગયો તો વેચનાર પર વાજિબ છે કે ખરીદનારના વારસોને તે ચીજ આપે, અને જો વેચનાર મરી ગયો તો તેના વારસો પર વાજિબ છે કે વેચનારને તે ચીજો આપે. અમુક જુના નુસ્ખાઓમાં فباع *ની જગાએ* ضاع *છે, અને એ જ બેહતર છે.*

ت ٣٩٥ وَقَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا مَا أَدْرَكْتِ الصَّفْقَةُ حَيًّا

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, જે ચીજ ઈજાબો કુબૂલ **[તઅલીક : ૩૯૫]**

مَجْمُوعًا فَهُوَ مِنَ الْمُبْتَاعِ.

વખતે જીવંત સલામત હતી અને એ હાલત પર રહી ગઈ તે ખરીદનારની છે."

حديث ١٢٥٥ عَنْ هِشَامٍ عَنْ أَبِيهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهَا قَالَتْ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, ઓછા પ્રમાણમાં **[હદીષ : ૧૨૫૫]**

તઅલીક : ૩૯૫ની સમજૂતી

આ અષરને ઈમામ અબૂ જઅફર તહાવી અને દારકુત્નીએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે, પણ એમાં مجموعاً નો શબ્દ નથી. مجموعا થી મુરાદ એ છે કે જે હાલત પર અકદ (સોદો) થયો હતો એ જ હાલત પર કબજાના સમય સુધી રહી, એનામાં કાંઈ ફેરફાર ન થયો હોય. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના આ ઈર્શાદથી માલૂમ થયું કે સોદો ઈજાબ તથા કબૂલ પર સંપૂર્ણ થઈ જાય છે. સોદો પૂર્ણ થવા માટે તફર્રુકે અબદાન શર્ત નથી. કેમ કે તેમણે કેવળ અકદ એટલે ઈજાબ તથા કબૂલ પર ખરીદનારની માલિકી સાબિત કરી. અને આ કૌલ છે જે ફેઅલ પર રાજેહ થાય છે. એનાથી સાબિત થયું કે જો માલ વેચનારની પાસે ખરીદનારના કબજાથી પહેલાં નષ્ટ થઈ જાય તો વેચનાર પર તાવાન નથી. એ જ પ્રમાણે આ તઅલીક પ્રકરણને અનુરૂપ છે.

હદીષ : ૧૨૫૫ની સમજૂતી

આ એક હદીષનો પ્રારંભિક હિસ્સો છે જે હિજરતના પ્રકરણમાં વિગતવાર વર્ણન થયેલ છે. અહીં પ્રકરણના અનુરૂપ એ છે કે એ વખતે હુઝૂરે અકદસ ﷺ એ તે ઊંટણી ખરીદીને હઝરત અબૂબકની પાસે રહેવા દીધી.

لَقَلَّ يَوْمٌ كَانَ يَأْتِيْ عَلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِلَّا يَأْتِيْ

(ભાગ્યે જ) એવો દિવસ હોતો કે સવારે કે સાંજે નબી ﷺ અબૂબકરના ઘરે ન આવતા હોય.

فِيْهِ بَيْتَ اَبِيْ بَكْرٍ اَحَدَ طَرَفَيِ النَّهَارِ فَلَمَّا اُذِنَ لَهٗ فِي الْخُرُوْجِ اِلٰى

જ્યારે મદીના જવાનો હુકમ મળી ગયો તો અમને એ વાતે ગભરાટમાં નાખી દીધા કે બપોરના સમયે

الْمَدِيْنَةِ لَمْ يَرُعْنَا اِلَّا وَقَدْ اَتَانَا ظُهْرًا فَاُخْبِرَ بِهٖ اَبُوْ بَكْرٍ فَقَالَ مَا

તશરીફ લાવ્યા. અબૂબકરને ખબર કરવામાં આવી તો તેમણે કહ્યું, અત્યારે નબી ﷺ નું આગમન કોઈ

جَاءَ بِالنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِيْ هٰذِهِ السَّاعَةِ اِلَّا مِنْ

આકસ્મિક ઘટનાના કારણે થયું છે. જ્યારે તે હાજર થયા તો ફર્માવ્યું કે સૌને આપણી પાસેથી કાઢી મૂકો !

حَدَثٍ فَلَمَّا دَخَلَ عَلَيْهِ قَالَ لِاَبِيْ بَكْرٍ اَخْرِجْ مَا عِنْدَكَ قَالَ يَا رَسُوْلَ

તેમણે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! આ મારી પુત્રીઓ જ છે એટલે આઈશા તથા અસ્મા. ફર્માવ્યું,

اللّٰهِ اِنَّمَا هُمَا ابْنَتَايَ يَعْنِيْ عَائِشَةَ وَاَسْمَاءَ قَالَ اَشَعَرْتَ اَنَّهٗ قَدْ اُذِنَ

તમે જાણી ગયા હશો કે મને હિજરતની ઈજાઝત મળી ગઈ છે. તેમણે અર્ઝ કરી, હું સાથે રહીશ યા

لِيْ فِي الْخُرُوْجِ قَالَ الصُّحْبَةَ يَا رَسُوْلَ اللّٰهِ قَالَ الصُّحْبَةَ قَالَ يَا رَسُوْلَ اللّٰهِ اِنَّ

રસૂલલ્લાહ ?! ફર્માવ્યું કે સાથે રહેશો. અર્ઝ કરી, મારી પાસે બે ઊંટણીઓ છે જેમને

عِنْدِيْ نَاقَتَيْنِ اَعْدَدْتُهُمَا لِلْخُرُوْجِ فَخُذْ اِحْدٰيهُمَا فَقَالَ اَخَذْتُهَا بِالثَّمَنِ -

મેં હિજરતના માટે તૈયાર કરી લીધી છે, એક હુઝૂર લઈ લે. ફર્માવ્યું, કિંમત પર મેં લીધી."

કબજો તો મોટી ચીજ છે એને જોઈ પણ નથી. આ હદીષથી સાબિત થયું કે સોદો કેવળ ઈજાબ તથા કબૂલથી સંપૂર્ણ થઈ જાય છે, જેનાથી વેચનારની માલિકીથી બહાર અને ખરીદનારની માલિકીમાં સમાવેશ થઈ જાય છે, તફર્રૂકે અબદાન જરૂરી નથી. કેમ કે હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું, મેં એને કિંમતના બદલામાં લીધું. લેવું એ વખતે સહીહ છે જ્યારે તે હઝરત અબૂબકરની માલિકીથી બહાર થઈ જાય. અને આવું ત્યારે ફર્માવ્યું જ્યારે એ બંનેવ હઝરાત એ જ મજલિસમાં હતા.

સ્પષ્ટતા : પ્રથમ સ્થિતિ એ છે કે વેચનાર અથવા ખરીદનાર અથવા બંનેને ખેયાર હાસિલ હતો. હવે કોઈ વેચનારને કહે સોદો ફોગ કરી દો હું અધિક કિંમત આપીશ અથવા લેનારને કહે કે સોદો ફોગ કરી દો હું એનાથી સસ્તામાં આપીશ. બીજી સ્થિતિ એ છે કે કોઈ ચીજની કિંમત નક્કી થઈ ગઈ હજી ઈજાબો કુબૂલ ન થયુ હતું એવામાં ત્રીજાએ કહ્યું હું આટલા વધારે આપીશ મારા હાથે વેચી દો અથવા લેનારને કહે હું એનાથી ઓછામાં આપીશ, મારાથી ખરીદી લો, આ હરામ તથા ગુનોહ છે. પરંતુ કિંમત નક્કી થતા પહેલાં જે ચાહે ભાવ લગાડે એને નિલામ કહે છે એ જાઈઝ છે. જેમ કે હમણા આવી રહ્યું છે.

بَابُ لَا يَبِيْعُ عَلٰى بَيْعِ اَخِيْهِ وَلَا يَسُوْمُ عَلٰى سَوْمِ اَخِيْهِ حَتّٰى يَاْذَنَ لَهٗ اَوْ يَتْرُكَ ۲۰۸۳

"પોતાના ભાઈના સોદા પર સોદો ન કરે અને ન તેની કિંમત પર કિંમત કરે, જ્યાં સુધી તે ઈજાઝત ન આપી દે અથવા છોડી ન આપે." –(૨૮૭)

حديث ૧૨૫૬ عَنْ نَافِعٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૨૫૬]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَبِيْعُ بَعْضُكُمْ عَلٰى بَيْعِ اَخِيْهِ ع ه

તમારામાંથી કોઈ પોતાના ભાઈના સોદા પર સોદો ન કરે."

(બુખારી ૧/૨૮૯, ૨/૭૭૨, નિકાહ, મુસ્લિમ–બુયૂઅ, અબૂ દાઉદ, નિસાઈ–બુયૂઅ, ઈબ્ને માજહ–તિજારત)

حديث ૧૨૫૭ عَنْ سَعِيْدِ بْنِ الْمُسَيَّبِ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ એનાથી મના ફર્માવ્યું **[હદીષ : ૧૨૫૭]**

قَالَ نَهٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنْ يَّبِيْعَ حَاضِرٌ

કે શહેરી ગામડાવાળાના હાથે વેચે અને ખરીદવાનો હેતુ ન હોય અને બોલી બોલે, અને કોઈ પોતાના

لِبَادٍ وَّلَا تَنَاجَشُوْا وَلَا يَبِيْعُ الرَّجُلُ عَلٰى بَيْعِ اَخِيْهِ وَلَا يَخْطُبُ عَلٰى

ભાઈના સોદા પર સોદો ન કરે, અને ન પોતાના ભાઈની મંગની પર મંગની કરે અને કોઈ સ્ત્રી પોતાની

خِطْبَةِ اَخِيْهِ وَلَا تَسْاَلُ الْمَرْاَةُ طَلَاقَ اُخْتِهَا لِتَكْفَاَ مَا فِيْ اِنَائِهَا ع ه

બહેનની તલાક઼ની માગણી કરે જેથી કરીને જે કાંઈ એના વાસણમાં છે તેને ઊંધું વાળે"

(બુખારી, ૧/૩૭૮, અશ્શુરૂત, ૨/૭૭૨ નિકાહ, મુસ્લિમ–નિકાહ; બુયૂઅ, અબૂ દાઉદ બુયૂઅ તથા નિકાહ, તિર્મિઝી–બુયૂઅ તથા નિકાહ, નિસાઈ–નિકાહ, ઈબ્ને માજહ–નિકાહ તથા તિજારત)

સમજૂતી : હદીષ : ૧૧૫૬–૧૧૫૭

શહેરીનું ગામડાવાળાથી ખરીદવું એ વખતે મના છે જ્યારે રોજબરોજની મહત્વની જરૂરતોની શહેરમાં ઉણપ હોય અને એ નિય્યતથી ખરીદવામાં આવે કે ખૂબ જ મોંઘી કરીને વેચવામાં આવે, નહીં તો સામાન્ય સંજોગોમાં મના નથી.

لا تناجشوا : એનાથી મુરાદ એ છે કે કેટલાક સોદો વેચનારા દલાલ ઉભા કરી દે છે કે જેઓ વધારી વધારીને ભાવ બોલે છે, તેઓ ખરીદવા નથી ચાહતા કેવળ ભાવ વધારવા ચાહે છે. એમાં કેમ કે ધોકો છે જેથી એ મના છે. એ હરાજીથી અલગ છે, હરાજીમાં એવું હોય છે કે અમુક ખરીદવાનો ઈરાદો રાખનારા પોતાની શક્તિ મુજબ ખરીદવા માટે બોલી બોલે છે, એ જાઈઝ છે અને ખૂદ હુઝૂર ﷺથી નક્લ થયેલ છે, જેવું કે હમણા આવી રહ્યું છે.

ولا يخطب : મંગની પર મંગની ન કરવાનો મતલબ એ છે કે જ્યારે સંબંધ નક્કી થઈ જાય તો પયગામ ન આપવામાં આવે. પ્રકરણનો પ્રથમ ભાગ એ છે કે પોતાના ભાઈના સોદા પર સોદો ન કરે. એના અનુરૂપ તો બંનેવ હદીષોનું મતન (અસલ લખાણ) છે. બીજો ભાગ એ છે કે કિંમત પર કિંમત ન કરે, એને અનુરૂપ બંને હદીષોમાં કોઈ શબ્દ નથી. શરહકર્તાઓએ એ જવાબ આપ્યો કે કિતાબુશ્શુરૂતમાં મુહમ્મદ ઈબ્ને અરઅરા અન અબી હાઝિમના તરીક્ાથી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી જે રિવાયત છે એમાં આટલુ વધારે છે : **وان يستام الرجل على سوم اخيه** પોતાના ભાઈના ભાવ પર ભાવ ન કરે. અલ્બત્ત **وان يستام الرجل على سوم اخيه** બુખારીની કોઈ રિવાયતમાં નથી. હું કહું છું અલ્લાહની તૌફીક્થી : મંગનીના ખુત્બાના બારામાં ખૂદ બુખારી કિતાબુન્નિકાહમાં બંનેવ બુઝુર્ગ હઝરત ઈબ્ને ઉમર તથા અબૂ હુરૈરહ્ رضی اللہ عنہما થી જ જે રિવાયત છે એમાં છે : હઝરત ઈબ્ને ઉમરની હદીષના અંતમાં **حتى يترك الخاطب قبله اويأذن له الخاطب** અને હઝરત અબૂ હુરૈરહ્ની હદીષોમાં **حتى ينكح اويترك**. રહી ગયું બયઅ અને સોમમાં, તો ક્યાસથી સાબિત છે. લગભગ ઈમામ બુખારીએ આ જ ફાયદા માટે પ્રકરણના બંને ભાગો સાથે આ શર્ત લગાડી છે કે ભલે હદીષમાં આ હદ કેવળ મંગનીના માટે વર્ણવેલી છે, પણ બયઅ તથા સોમમાં પણ આ હદ રાખેલી છે. જાહેર છે કે કેવળ સોદો તથા ભાવ નક્કી થઈ ગયા બાદ જો બીજાએ ખરીદવું મના થઈ જાય ભલે નક્કી કરનારો મના કરી આપે. બીજાને ઈજાજત આપી છે તો એમાં મહાન નુકસાન છે, જેનો જીવ ચાહે કોઈ પણ વેચનારને ફસાવી શકે છે. એટલા માટે જો કોઈ હદીષમાં એ પાબંદી (શર્ત) ન પણ હોય તો બુદ્ધિની રીતે જરૂરી છે. જ્યારે કે મુસ્લિમ (૨/૩ બુયૂઅ)ની રિવાયતમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની હદીષમાં સ્પષ્ટપણે આ શરત વર્ણન થયેલી છે. **الا ان ياذن له** હઝરત ઈમામ બુખારીની આદત માલૂમ છે કે તે કદી કદી પ્રકરણમાં એવી શરત વધારી આપે છે જે એમની રિવાયતોમાં નથી હોતી પણ અન્ય મુહદ્દિષોની રિવાયતોમાં હોય છે. શક્ય છે કે ઈમામ બુખારીનો હેતુ એ જ હોય.

مزايدةનો માદો ઝિયાદતુન છે. એનાથી અહીં મુરાદ એ છે કે બે અથવા બેથી વધુ શખ્સો કોઈ ચીજને ખરીદવા ચાહતા હોય અને તે લોકો એની કિંમત એકબીજાથી વધુ લગાડે જેને આપણા ઉર્ફમાં હરાજી કહે છે, એમાં કોઈ વાંધો નથી.

بَاب بَيْعِ الْمَزَايِدَةِ صـ ٢٨٧

"લીલામ (હરાજી)નું બયાન" –(૨૮૭)

ت ٣٩٦ وَقَالَ عَطَاءٌ اَدْرَكْتُ النَّاسَ لَا يَرَوْنَ بَاسًا بِبَيْعِ الْمَغَانِمِ فِيْمَنْ يَّزِيْدُ -

"અને ઈમામ અતાએ ફર્માવ્યું, મેં લોકોનો એમાં સતત અમલ જોયો કે **[તઅલીક : ૩૯૬]**

એમાં કોઈ વાંધો જાણતા ન હતા કે ગનીમતના માલો એના હાથે વેચે જે વધુ કિંમત આપે."

حديث ١٢٥٨ عَنْ عَطَاءِ بْنِ اَبِيْ رَبَاحٍ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી રિવાયત છે કે એક સાહબે પોતાના **[હદીષ : ૧૨૫૮]**

تَعَالٰى عَنْهُمَا اَنَّ رَجُلًا اَعْتَقَ غُلَامًا لَّهٗ عَنْ دُبُرٍ فَاحْتَاجَ فَاَخَذَهُ النَّبِيُّ

ગુલામને કહી આપ્યું કે મારા મૃત્યુ પછી તમે આઝાદ છો. પછી તેમને તે ગુલામને વેચવાની જરૂરત ઉભી

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ مَنْ يَّشْتَرِيْهِ مِنِّيْ فَاشْتَرَاهُ نُعَيْمُ

થઈ ગઈ તો નબી ﷺ એ એને લીધો અને ફર્માવ્યું, એને મારા હાથથી કોણ ખરીદે છે ? એના પર નુઐમ

بْنُ عَبْدِ اللّٰهِ بِكَذَا وَكَذَا فَدَفَعَهُ اِلَيْهِ ٥٥

ઈબ્ને અબ્દુલ્લાહે આટલા તથા આટલામાં ખરીદયો, તો હુઝૂરે તેમને આપી દીધો."

(બુખારી, ૧/૩૨૩, ૩૨૫, ૩૪૪, અલ્ઈસ્તિક્રાઝ, ૨/૧૦૬૫, અલ્અહકામ, ૨/૯૪૪, અલ અયમાન, ૨/૧૦૨૭, અલ્ઈકરાહ, મુસ્નદે ઈમામ અહમદ, પેજ–૨૦૫)

તઅલીક : ૩૯૬ની સમજૂતી

આ તઅલીક્ને ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે પણ એમાં માલે ગનીમતનું ખાસપણુ વર્ણન થયેલ નથી, આમ છે. ફર્માવ્યું, જે વધારે કિંમત આપે એના હાથે વેચવામાં કોઈ વાંધો નથી. બીજો ફરક એ છે કે બુખારીમાં જે વર્ણન થયેલ છે એનાથી સાબિત થાય છે કે એના પર સહાબાએ કિરામ અને તાબઈનના જમાનામાં અમલ હતો, અને ઈમામ અબૂબક્રએ જે રિવાયત કરી છે તે એમનો પોતાનો ફત્વો છે, એમાં ઈમામ મુજાહિદનો પણ એ જ ક્વૌલ વર્ણન થયેલો છે.

હદીષ : ૧૨૫૮ની સમજૂતી

એ સાહબ જેમના ગુલામને હુઝૂરે અક્દસ ﷺ એ વેચ્યો હતો તેમની કુન્નિયત અબૂ મઝકૂર છે. એ અન્સારે કિરામમાંથી બની ઉઝરહના વ્યક્તિ હતા. એ ગુલામ જેને એમણે મુદબ્બર બનાવ્યા તે યાકૂબ નામના હતા. *(મુસ્લિમ ૧/૩૨૨ ઝકાત)* અબૂ નુઐમ ઈબ્ને અબ્દુલ્લાહ નહ્હામ رضی اللہ عنہ એ એને આઠસો★ અથવા સાતસો અથવા નવસો દિરહમમાં ખરીદયો હતો★. *(★ બુખારી ૨/૯૯૪ અલ અયમાન વન્નુઝૂર, ✪ અબૂ દાઉદ, ૨/૧૯૫)*

بَابُ النَّجْشِ وَمَنْ قَالَ لَا يَجُوزُ ذٰلِكَ الْبَيْعُ ص ٢٨٧

"બોલી આપવાનું બયાન અને જેણે કહ્યું કે આ સોદો જાઈઝ નથી." –(૨૮૭)

પ્રકરણની સ્પષ્ટતા : *નજશનો અર્થ શિકાર ભડકાવવુ છે. અહીં મુરાદ એ છે કે કેટલાક પ્રપંચી સોદો વેચનારાઓ બે એક માણસોને રાખે છે, જ્યારે કોઈ ઘરાક કિંમત લગાડે છે તો તે આવી જાય છે અને વધીને બોલી બોલે છે જેથી ગ્રાહક પણ અધિક ભાવ વધારી આપે. કેમ કે આ ધોકો આપવું છે એટલા માટે હરામ છે.*

ت ٣٩٧ وَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ الْخَدِيْعَةُ فِي النَّارِ

"અને નબી ﷺએ ફર્માવ્યું, ધોકો જહન્નમમાં છે." **[તઅલીક્ : ૩૯૭]**

ت ٣٩٨ وَمَنْ عَمِلَ عَمَلًا لَيْسَ عَلَيْهِ أَمْرُنَا فَهُوَ رَدٌّ

"અને જેણે એ કામ કર્યું જે અમારા હુકમની વિરુદ્ધ છે તે રદને પાત્ર છે." **[તઅલીક્ : ૩૯૮]**

نعيم بن عبدالله : નહહામ رضی اللہ عنہ કુરૈશી અદવી સહાબી છે. એ કદીમુલ ઈસ્લામ (શરૂમાં ઈમાન લાવનાર) બુઝુર્ગોમાંથી છે. મદીના તયબહ હિજરત કરવા ચાહ્યું તો તેમના કબીલાવાળાઓએ હિજરત કરવા ન દીધી કેમ કે એ ખૂબ સખી તથા શરીફ માણસ હતા. પોતાની ફૌમ પર ખચકાટ વિના ખર્ચ કરતા હતા. તેમણે કહ્યું કે તમે મક્કામાં જ રહો, જે દીન પર ચાહો રહો. ફતહે મક્કાથી થોડાક અગાઉ હિજરત કરીને મદીના ખિદમતે અકૃદસમાં હાજર થયા. તો હુઝૂરે અકૃદસ ﷺએ તેમને ગળે લગાડી દીધા અને એમને બોસો આપ્યો, નહહામનો અર્થ ખૂબ જ ખાંસી ખાનાર છે. એમનો એ લકૃબ એટલા માટે પડયો કે હુઝૂરે અકૃદસ ﷺએ ફર્માવ્યું, **હું જન્નતમાં દાખલ થયો તો એમાં નુઐમનું નહમહ એટલે ખાંસી સાંભળી.** એ હિ.સ. ૧૫ના ઐતિહાસિક જંગે યરમૂકમાં શહીદ થયા. અને એક ફૌલ એ છે કે જંગે અજનાદૈનમાં શહીદ થયા જે સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના મુબારક યુગમાં રૂમીઓ સાથે થયો હતો.

مُدَبَّر : એ ગુલામને કહે છે જેના માલિકે એનાથી એવું કહી દીધું હોય કે તું મારા મૃત્યુ બાદ આઝાદ છે. એનો હુકમ એ છે કે આકા (માલિક)ના મૃત્યુ બાદ ૧/૩ માલથી આઝાદ થઈ જશે, પણ જ્યાં સુધી માલિક જીવે છે તે પોતાના માલિકની માલિકીમાં રહેશે અને આ માલિકીપણુ સંપૂર્ણ થશે પણ પૂર્ણ થવાની અણી પર છે એટલા માટે મુત્લકૃ મુદબ્બરનું ખરીદ વેચાણ જાઈઝ નથી. અમારી દલીલ દારકુત્નીની આ હદીષ છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મુદબ્બરને ન વેચવામાં આવે ન ભેટ આપવામાં આવે. એ ૧/૩ માલથી આઝાદ છે અને કૃયાસ પર એનો તકાદો કરે છે.

સમજૂતી : તઅલીક્ ૩૯૭–૩૯૮

હઝરત ઈમામ બુખારીએ પ્રકરણની સાબિતી માટે પ્રથમ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ ઔફા رضی اللہ عنہ નો આ ઈર્શાદ નકૃલ ફર્માવ્યો કે નાજીશ વ્યાજખોર ખયાનત કરનાર છે. પછી ફર્માવ્યું કે નજશ ધોકો છે બાતિલ છે હલાલ નથી. ત્યારબાદ દલીલમાં આ હદીષ વર્ણન કરી. તેને ઈબ્ને અદીએ કામિલમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કર્યું છે.

ماليس عليه امرونا : એનો શાબ્દિક તર્જુમો તો આ છે જેના પર આપણો અમ્ર એટલે દીન નથી, પણ મુરાદ તો નવી કાઢેલી (શોધેલી) ચીજો છે જે દીનની વિરુદ્ધ અને એને બદલનારી હોય. હઝરત શયખ અબ્દુલ હક્ક્

حديث ١٢٥٩ عَنْ نَّافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ نَهَى النَّبِيُّ

[હદીષ : ૧૨૫૯] હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે નબી ﷺ એ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنِ النَّجَشِ ؕ

નજશથી મના ફર્માવ્યું.

بَابُ بَيْعِ الْغَرَرِ وَحَبَلِ الْحَبَلَةِ ؕ ٢٨٦

"ધોકાનો સોદો અને ગર્ભના ગર્ભનો સોદો" –(૨૮૭)

حديث ١٢٦٠ عَنْ نَّافِعٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ

[હદીષ : ૧૨૬૦] "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَهٰى عَنْ بَيْعِ حَبَلِ الْحَبَلَةِ وَ

ગર્ભના ગર્ભનું ખરીદ વેચાણ મના ફર્માવ્યું. જાહિલિયતના લોકો આ ખરીદ વેચાણ કરતા હતા.

كَانَ بَيْعًا يَتَبَايَعُهُ اَهْلُ الْجَاهِلِيَّةِ كَانَ الرَّجُلُ يَبْتَاعُ الْجَزُوْرَ اِلٰى

એક શખ્સ એ શરત પર ઊંટણી ખરીદતો કે તેની કિંમત એ વખતે આપે જ્યારે

اَنْ تُنْتَجَ النَّاقَةُ ثُمَّ تُنْتَجُ الَّتِيْ فِيْ بَطْنِهَا

એ ઊંટણીના પેટમાં જે બાળક છે તે બાળકને જન્મ આપે." (અબૂ દાઊદ, નિસાઈ–બુયૂઅ)

મુહદ્દિષ દહેલ્વીએ અશિઅતુલ લમ્આત (૧/૧૨૫)માં લખ્યું છે : **مراد چیزیست کہ مخالف ومغیراں باشد** "મુરાદ એ ચીજ છે જે દીનની વિરુદ્ધ અને એને બદલનારી હોય."

એ ત્યારે થશે જ્યારે કે શરીઅતમાં કોઈ હુકમ આવેલો હોય, એના વિરુદ્ધમાં કોઈ તરીકો કોઈ અકીદો કાઢ વામાં આવે. રહી ગઈ તે વાતો જે કોઈ શરીઅતના હુકમથી વિરુદ્ધ કે ટકરાવવાળી નથી તે એબાહતે અસલિયા (વાસ્તવિક રીતે મુબાહ હોવું) પર બાકી રહેશે. ખૂદ હદીષમાં ફર્માવ્યું, **مراد چیزیست کہ مخالف ومغیراں باشد** "અને જેનાથી સુકૂત ફર્માવ્યો (મૌન રાખ્યું) તે માફ છે એટલે મુબાહ છે." તઅલીકને ખૂદ ઈમામ બુખારીએ કિતાબુસ્સુલહમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે.

હદીષ : ૧૨૬૦ની સમજૂતી

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી જે હદીષ મરવી છે કે તે **حبل الحبلة** સુધી છે અને આગળ જે તફસીર છે. ઈમામ નાફેઅનો કૌલ છે : **حبل الحبلة**નો મતલબ આ છે, કોઈ સગર્ભા ઊંટણીના બારામાં એ સોદો કરે કે એના પેટમાં જે બાળક છે તે પેદા થયા બાદ યુવાન થઈને બાળક આપશે, એને ખરીદયું એ ખરીદ વેચાણ બાતિલ છે કે અનઅસ્તિત્વવાળાનુ ખરીદ વેચાણ છે અને એમાં ધોકો પણ છે. શું ખબર એ ઊંટણી સગર્ભા

باب بيع الملامسة ص٢٨٦

"બયએ મુલામસતનું બયાન" –(૨૮૭)

حديث ١٢٦١ أَخْبَرَنِي عَامِرُ بْنُ سَعِيدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَخْبَرَهُ أَنَّ رَسُولَ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺ એ **[હદીષ : ૧૨૬૧]**

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَهٰى عَنِ الْمُنَابَذَةِ وَهِيَ طَرْحُ الرَّجُلِ

મુનાબઝતથી મના ફર્માવ્યું છે. એની સ્થિતિ એ હતી. વેચનાર પોતાનુ કપડુ ખરીદનાર

ثَوْبَهُ بِالْبَيْعِ إِلَى الرَّجُلِ قَبْلَ أَنْ يُقَلِّبَهُ أَوْ يَنْظُرَ إِلَيْهِ وَنَهٰى عَنِ الْمُلَامَسَةِ

તરફ ફેંકી દેતો તે એને ઉલ્ટાવી પુલ્ટાવી લે અથવા જોઈ લે. અને હુઝૂરે અકદસ ﷺ એ

وَالْمُلَامَسَةُ لَمْسُ الثَّوْبِ لَا يَنْظُرُ إِلَيْهِ ع

મુલામસતથી મના ફર્માવ્યું. એની સ્થિતિ એ હતી કે ખરીદનાર કપડુ જોયા વિના તેને સ્પર્શી લે."

(બુખારી ૧/૩૮૮ બાબ બયઉલ મનાબિઝહ, ૨/૮૬૫ લિબાસ, મુસ્લિમ, અબૂ દાઉદ, નિસાઈ : બુયૂઅ)

છે ?! શક્ય છે કે કોઈ બીમારીના કારણે સગર્ભા જેવી લાગતી હોય. ગર્ભ છે તો પણ શું ખબર કે નર છે કે માદા ? અને જો માદા જ છે તો શું ખબર યુવાન થતા પહેલાં જ મૃત્યુ પામે ? યુવાન પણ થઈ જાય તો શું ખબર વાંઝિયુ થાય ? અને વાંઝિયુ ન પણ થાય અને સભર્ગા થઈ પણ જાય તો શક્ય છે કે સગર્ભા કાચુ જ (અસંપૂર્ણ) પડી જાય, બાળક પેદા થાય પણ મરેલું !

નાફેઅની તફસીરનો મતલબ એ છે કે માલની કિંમત આપવાની મર્યાદા એ નિશ્ચિત થઈ કે ઊંટણીનું જે બાળક જન્મે અને યુવાન થઈને બચ્ચુ જણે તે વખતે કિંમત આપવામાં આવશે. આ સોદો ઉપરોક્ત કારણને લીધે ફાસિદ છે. આ હદીષ મુસ્નદે ઈમામ અહમદ, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈમાં વિવિધ તરીકાઓથી જ આ તફસીર વિના રિવાયત પામેલી છે.

હદીષ : ૧૨૬૧ની સમજૂતી

કિતાબુલ લિબાસમાં બયઉલ મલામસ્ત અને મનાબઝતની એનાથી સ્પષ્ટ તફસીર એ છે કે મલામસતનો તરીકો એ હતો કે વેચનાર ખરીદનાર એકબીજાના કપડાને ચાહે દિવસમાં ચાહે રાતમાં જોયા ભાળ્યા વિના સોદાની નિય્યતથી સ્પર્શી આપે તો એને પૂર્ણ સોદો માનતા હતા. એકબીજાને ખિયાર ન હોતો હતો. મનાબઝતની સ્થિતિ એ હતી કે વેચનાર ખરીદનાર પોત પોતાનાં કપડાં બીજાની તરફ જોયા ભાળ્યા વિના ફેંકી દે તો તેને પૂર્ણ સોદો માનતા હતા, એને ખત્મ કરવાનો અધિકાર કોઈને પણ ન હતો. આ બંનેવ સોદામાં ધોકાની પણ શક્યતા છે અને જબરદસ્તી પણ છે એટલા માટે એનાથી મના ફર્માવ્યું.

بَابُ النَّهْيِ لِلْبَائِعِ اَنْ لَّا يُحَفِّلَ الْاِبِلَ وَالْبَقَرَ وَالْغَنَمَ وَكُلَّ مُحَفَّلَةٍ ص ٢٨٨

"એ વાતની મનાઈ કે વેચનાર ઊંટ, ગાય તથા બકરી તથા કોઈ પણ દૂધવાળા જાનવરનું દૂધ ન દોહે જેથી ખરીદાર એવું સમજે આ ઘણુ જ દૂધ આપનારું જાનવર છે." *–(૨૮૮)*

પ્રકરણની સ્પષ્ટતા *: જાહિલિયતમાં (ઈસ્લામ પહેલાના સમયમાં) દસ્તૂર હતો અને હજી પણ ક્યાંક ક્યાંક છે કે જ્યારે જાનવરને વેચવાનુ હોતુ તો તેનું દૂધ દોહવાનુ છોડી આપતા જેથી જાનવરનુ બાવલુ ભરાઈ જાય અને ખરીદનાર એવું સમજે કે આ ઘણુ જ દૂધ આપનારુ જાનવર છે, એનાથી મના કરવામાં આવ્યું. એવા જાનવરને* **مصراة** *(મુસર્રાત : તે બકરી અથવા ઊંટણી જેના બાવલામાં કેટલાય દિવસ દૂધ છોડી રાખવામાં આવે જેથી ભેગુ થઈ જાય.) તથા* **محفل** *(મુહ્ફ્ફલા : તે બકરી અથવા ઊંટણી જેના બાવલામાં કેટલાય દિવસ દૂધ છોડી રાખવામાં આવે જેથી ભેગુ થઈ જાય) કહે છે.*

ઈમામ બુખારીએ **مصراة** *ની તફ્સીર આ પ્રમાણે કરી છે, જે જાનવરનું દૂધ દોહવાનું છોડી દેવામાં આવ્યું હોય અને એનું દૂધ બાવલામાં ભેગુ કરવામાં આવ્યું હોય અને કેટલાય દિવસો સુધી દોહવામાં ન આવ્યું હોય.* **مصراة - تصرّى** *નો ઈસ્મે મફ્ઉલ જે બાબે તફ્ઈલથી આવે છે, એનો અર્થ પાણી રોકવું છે. એનાથી છે જે બોલવામાં આવે છે :* صَرَّيْتُ الْمَاءَ *"જ્યારે પાણી રોકી લે."*

حديث ١٢٦٢ عَنِ الْاَعْرَجِ قَالَ اَبُوْهُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ નબી ﷺ *થી રિવાયત કરતાં કહ્યું કે ફર્માવ્યું, ઊંટ તથા* **[હદીષ : ૧૨૬૨]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا تُصَرُّوا الْاِبِلَ وَالْغَنَمَ فَمَنِ ابْتَاعَهَا بَعْدُ فَاِنَّهٗ

બકરીના બાવલામાં દૂધ ન છોડો રોક્યા પછી. જો તેને કોઈએ ખરીદયું તો દૂધ દોહ્યા પછી બે વાતોમાંથી જે

بِخَيْرِ النَّظَرَيْنِ بَعْدَ اَنْ يَّحْلُبَهَا اِنْ شَاءَ اَمْسَكَ وَاِنْ شَاءَ رَدَّهَا وَ

એને પસંદ આવે એનો એને અધિકાર છે, ચાહે તો તે જાનવર રાખી લે ચાહે તો તેને પરત કરી

صَاعَ تَمْرٍ عِوَضَ

આપે અને એક સાઅ ખજૂર પણ.

ت ૩૯૯ وَيُذْكَرُ عَنْ اَبِىْ صَالِحٍ وَّمُجَاهِدٍ وَّالْوَلِيْدِ بْنِ رَبَاحٍ وَمُوْسَى بْنِ

''અબૂ સાલેહ અને મુજાહિદ અને વલીદ બિન રબાહ અને મૂસા બિન [તઅલીક़ : ૩૯૯]

يَسَارٍ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

યસારથી રિવાયત વર્ણવવામાં આવે છે અને એ લોકો હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ તથા

وَسَلَّمَ صَاعَ تَمْرٍ ـ

તેઓ નબી ﷺ થી રિવાયત કરે છે કે એક સાઅ ખજૂર ફ़ર્માવ્યું.''

ت ૪૪૦ وَقَالَ بَعْضُهُمْ عَنِ ابْنِ سِيْرِيْنَ صَاعًا مِّنْ طَعَامٍ وَهُوَ

''અને કેટલાકે ઈમામ ઈબ્ને સીરીનથી રિવાયત કરતાં કહ્યું, [તઅલીક़ : ૪૦૦]

بِالْخِيَارِ ثَلٰثًا ـ

એક સાઅ ખાવાનુ આપે અને તેને ત્રણ દિવસ સુધી ઈખ્તિયાર છે.''

ت ૪૦૧ وَقَالَ بَعْضُهُمْ عَنِ ابْنِ سِيْرِيْنَ صَاعًا مِّنْ تَمْرٍ وَّلَمْ يَذْكُرْ ثَلَاثًا

''અને અમુક લોકોએ ઈમામ ઈબ્ને સીરીનથી રિવાયત કરતાં કહ્યું, એક સાઅ [તઅલીક़ : ૪૦૧]

وَالتَّمْرُ اَكْثَرُ

ખજૂર આપ અને ત્રણ દિવસ ખિયારનો ઉલ્લેખ ન કર્યો અને ખજૂરવાળી રિવાયત મોટા ભાગે છે.''

તઅલીક़ : ૩૯૯ની સમજૂતી આ હક़ીક़તમાં ચાર તઅલીક़ો છે : (૧) અબૂ સાલેહના તરીક़ાથી, એને ઈમામ મુસ્લિમે મૌસૂલન રિવાયત કરી છે. (૨) મુજાહિદના તરીક़ાથી, એને ઈમામ બઝ્ઝાર અને તિબ્રાની અને દારકુત્નીએ રિવાયત કરી છે. (૩) વલીદ બિન રબાહના તરીક़ાથી, એને ઈમામ અહમદ બિન મુનીએ રિવાયત કરી છે. (૪) મૂસા ઈબ્ને યસારના તરીક़ાથી, એને ઈમામ મુસ્લિમે રિવાયત કરી છે.

તઅલીક़ : ૪૦૦ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ મુસ્લિમે રિવાયત કરી.

તઅલીક़ : ૪૦૧ની સમજૂતી આ તઅલીક़ને પણ ઈમામ મુસ્લિમે રિવાયત કરી છે. ઈમામ શાફ़ઈ رضی اللہ عنہ અને જમહૂરનો મઝહબ એ જ છે જે આ હદીષથી સાબિત છે. હઝરત ઈમામે આ'ઝમ અને ઈમામ મુહમ્મદ અને એક રિવાયત હઝરત ઈમામ અબૂ યૂસુફ़થી પણ આ જ છે કે સોદો પૂર્ણ થઈ ગયો. ખરીદનારને પરત કરવાનો અધિકાર નથી. જાહેરી રીતે જોતાં એ માલૂમ પડે છે કે અહનાફ़े (હનફ़ીઓએ) હદીષની તદ્દન વિરુદ્ધ વર્તન કર્યું છે પણ હક़ીક़તમાં સ્થિતિ શું છે તેના પર વિગતવાર ચર્ચા મુક़દ્દમામાં વર્ણન થઈ ચૂકી છે જે પેજ–૧૪૬થી પેજ–૧૫૧ પર ફ़ેલાયેલી છે. વાંચકો એનો જરૂર અભ્યાસ કરે અને વધુ તફ़સીલની હાજત હોય તો આ મોક़ા પર ઉમ્દતુલ ક़ારીમાં અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયનીએ જે ફ़ાઝિલાના બહષ કરી છે એને જોઈ લે.

حدیث ١٢٦٣ حَدَّثَنَا اَبُوْعُثْمَانَ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُوْدٍ رَّضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, [હદીષ : ૧૨૬૩]

قَالَ مَنِ اشْتَرٰی شَاةً مُّحَفَّلَةً فَرَدَّهَا فَلْيَرُدَّ مَعَهَا صَاعًا مِّنْ تَمْرٍ

જેણે એવી બકરી ખરીદી જેનું દૂધ રોકવામાં આવ્યું હોય અને પછી તેને પરત કરે તો તેની સાથે એક સાઅ

وَنَهٰی النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ اَنْ تُلَقَّی الْبُيُوْعُ ؕ

ખજૂર પણ આપે. અને નબી ﷺ એ દૂધના વેપારીઓની પેશવાઈ કરવાથી (માલના બજારમાં આવતાં

પહેલાં વેપારી પાસે પહોંચી ખરીદવાથી–બહારે શરીઅત ૧૦/૭૨૪, દાવતે ઈસ્લામી) મના ફર્માવ્યું."

(૧/૨૮૯ બાબુન્નહીઅન તલક્કીયુર્રકબાન, મુસ્લિમ, તિર્મિઝી–બોયૂઅ, ઈબ્ને માજહ–અત્તિજારત)

بَابُ اِنْ شَاءَ رَدَّ الْمُصَرَّاةَ وَفِیْ حَلْبَتِهَا صَاعٌ مِّنْ تَمْرٍ ص ٢٨٨

"જો ચાહે તો મુસર્રાત જાનવર પરત કરી દે અને તેના દૂધના બદલામાં એક સાઅ ખજૂર" –(૨૮૮)

حدیث ١٢٦٤ اَنَّ ثَابِتًا مَوْلٰی عَبْدِ الرَّحْمٰنِ بْنِ زَيْدٍ اَخْبَرَهٗ اَنَّهٗ سَمِعَ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, [હદીષ : ૧૨૬૪]

اَبَاهُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ يَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ

જેણે મુસર્રાત ઘેટું, બકરી ખરીદી પછી તેને દોહયી તો જો તેને પસંદ હોય

تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ مَنِ اشْتَرٰی غَنَمًا مُّصَرَّاةً فَاحْتَلَبَهَا فَاِنْ رَضِيَهَا

તો રાખી લે અને જો નાપસંદ હોય તો પરત કરી આપે અને દૂધના

اَمْسَكَهَا وَاِنْ سَخِطَهَا فَفِیْ حَلْبَتِهَا صَاعٌ مِّنْ تَمْرٍ ؕ

બદલામાં એક સાઅ ખજૂર છે." (અબૂ દાઉદ, બુયૂઅ)

باب بيع العبد الزانى ص ٢٨٨

"ઝિનાકાર ગુલામનુ ખરીદ વેચાણ" –(૨૮૮)

ت ٤٠٢ وَقَالَ شُرَيْحٌ إِنْ شَاءَ رَدَّ مِنَ الزِّنَا

"અને ક़ાઝી શુરૈહે કહ્યું, અને જો ચાહે તો ઝિનાના કારણે રદ કરી આપે." **[તઅલીક़ : ૪૦૨]**

حديث ١٢٦٥ حَدَّثَنِي سَعِيدٌ الْمَقْبُرِيُّ عَنْ أَبِيهِ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى

"સઈદ મકબુરીએ પોતાના પિતા અબૂ સઈદ કયસાન મદનીથી રિવાયત કરતાં **[હદીષ : ૧૨૬૫]**

عَنْهُ أَنَّهُ سَمِعَهُ يَقُولُ قَالَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ إِذَا

હદીષ વર્ણવી. તેમણે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ને એવું કહેતાં સાંભળ્યા કે નબી ﷺ એ ફર્માવ્યું, બાંદી જો

زَنَتِ الْأَمَةُ فَتَبَيَّنَ زِنَاهَا فَلْيَجْلِدْهَا وَلَا يُثَرِّبْ ثُمَّ إِنْ زَنَتْ فَلْيَجْلِدْهَا

ઝિના કરાવે અને ઝિના જાહેર થઈ જાય તો તેને કોરડા મારો અને ખૂબ જ અધિક ભલુબુરુ ન કહો. જો ફરી

وَلَا يُثَرِّبْ ثُمَّ إِنْ زَنَتِ الثَّالِثَةَ فَلْيَبِعْهَا وَلَوْ بِحَبْلٍ مِنْ شَعَرٍ ع ه

ઝિના કરાવે તો તેને કોરડા મારો પણ ખૂબ જ વધારે ભલુબુરુ ન કહો. ત્રીજીવાર જો ફરી ઝિના કરાવે તો તેને વેચી દો, ભલે વાળની દોરડીના બદલામાં." *(બુખારી ૧/૨૮૯, ૨૯૭ બાબુન્નહી અન્નતલક़ીયુર્કબાન, ૨/૧૦૧૧)*

તઅલીક़ : ૪૦૧ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ સઈદ બિન મન્સૂરે હઝરત ઈબ્ને સીરીનથી આ પ્રમાણે રિવાયત કરી છે કે એક શખ્સે એક બાંદી ખરીદી જે વ્યભિચાર કરાવી ચૂકી હતી અને ખરીદતી વેળા ખરીદનાર એને જાણતો હતો, તેણે ક़ાઝી શુરૈહને ત્યાં મામલો પેશ કર્યો તો એમણે ફર્માવ્યું કે જો ચાહે તો ઝિનાના કારણે પરત કરી આપ.

અક़્દ (સોદા) વખતે વેચનારે ખરીદનારથી માલના અયબને છુપાવ્યો અથવા ખરીદનારને બતાવ્યો નહીં. ખરીદારી પછી ખરીદનારને ત્યાં તે અયબ મૌજૂદ રહ્યો તો ખરીદનારને અધિકાર છે કે ચાહે તો એને પરત કરી આપે. ઝિના પણ લોંડીમાં અયબ છે. કેમ કે એક શરીફ માણસ ઝાનિયાથી સંભોગ કરવામાં ઘૃણા અનુભવે છે તેમજ બાળકો માટે શરમનો પણ સબબ છે. પણ ગુલામમાં અયબ નથી કેમ કે ગુલામથી ખિદમત લેવાનો હેતુ હોય છે અને ઝિના તેમાં આડરૂપ નથી.

તેમજ આપણે ત્યાં ખરીદનારને પરત કરવાનો હક્ક़ એ વખતે હશે જ્યારે ખરીદનારને ત્યાં એ અયબ જોવા મળે. લોંડી વેચનારને ત્યાં બદ્કાર હતી પણ ખરીદનારને ત્યાં આવીને પાકબાઝ રહી તો તેને પરત કરવાનો હક્ક़ ન રહ્યો. ક़ાઝી શુરૈહનો ફૈંસલો આ બીજા શક પર આધારિત છે.

સમજૂતી : હદીષ : ૧૨૬૫–૧૨૬૬ આ પ્રકરણની પ્રથમ હદીષની સનદમાં સઈદ મક़્બુરી અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ના દરમ્યાન સઈદ મક़્બુરીના પિતા અબૂ સઈદ કયસાન છે. પણ મુસ્લિમમાં સઈદ મક़્બુરી

حديث ١٢٦٦ عَنْ عُبَيْدِ اللّٰهِ بْنِ عَبْدِ اللّٰهِ عَنْ اَبِىْ هُرَيْرَةَ وَزَيْدِ بْنِ خَالِدٍ

"હઝરત અબૂ હુરૈરહ્ અને હઝરત ઝયદ બિન ખાલિદ رضی اللہ عنہم થી રિવાયત છે કે [હદીષ : ૧૨૬૬]

رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

રસૂલુલ્લાહ ﷺ ને પૂછવામાં આવ્યું એ બાંદીના બારામાં જે ઝિના કરાવે અને મુહસના ન હોય.

سُئِلَ عَنِ الْاَمَةِ اِذَا زَنَتْ وَلَمْ تُحْصَنْ قَالَ اِنْ زَنَتْ فَاجْلِدُوْهَا ثُمَّ

ફર્માવ્યું, જો એવી બાંદી ઝિના કરાવે તો એને કોરડા મારો, ફરી જો કરાવે

اِنْ زَنَتْ فَاجْلِدُوْهَا ثُمَّ اِنْ زَنَتْ فَبِيْعُوْهَا وَلَوْ بِضَفِيْرٍ — قَالَ ابْنُ

તો ફરી કોરડા મારો અને જો ફરી કરાવે તો તેને વેચી દો ભલે એક દોરડીના બદલામાં."

شِهَابٍ لَا اَدْرِىْ بَعْدَ الثَّالِثَةِ اَوِ الرَّابِعَةِ ؏

(બુખારી ૧/૨૯૭, ૧/૨૪૭, અલ્ઈતક્, ૨/૧૦૧૧, અલ્મુહારિબીન, મુસ્લિમ, અબૂ દાઉદ—અલ્હુદૂદ, નિસાઈ—અર્રજમ, ઈબ્ને માજહ—અલ્હુદૂદ)

અને હઝરત અબૂ હુરૈરહ્ના દરમ્યાન અબૂ સઈદ કયસાનનો વાસ્તો નથી. ઈમામ દારકુત્નીએ કહ્યું, આ હદીષને ઈમામ લયષના સિવાય આઠ હઝરાતે સઈદ મક્બુરીથી રિવાયત કરી છે, કોઈનામાં અબૂ સઈદનો વાસ્તો નથી.

فتبين زناها : એટલે કે એના ઝિનાની સાબિતી મળી જાય. દા.ત. નિસાબની માત્રામાં ચશ્મદીદ (નજરે જોનારા) ગવાહોએ ગવાહી આપી અથવા એ બાંદીએ ખૂદ ઈકરાર કર્યો અથવા ગર્ભ જાહેર થઈ ગયો. કેમ કે શંકા કુશંકા અને અફ્વા ન હોય તો પ્રથમ તથા બીજીવાર કોરડા મારવાનો હુકમ છે. ગુલામ અને બાંદીના માટે ઝિનાની હદ પચાસ કોરડા છે, એટલા માટે કે ઈર્શાદ છે : **فَاِذَا اُحْصِنَ فَاِنْ اَتَيْنَ بِفَاحِشَةٍ فَعَلَيْهِنَّ نِصْفُ مَا عَلَى الْمُحْصَنَاتُ مِنَ الْعَذَابِ** "જો બાંદીઓ શાદી કરે લે અને પછી બદ્કારી કરે તો એમના પર અડધી તે સજા છે જે આઝાદ સ્ત્રીઓ પર છે." *(નિસાઅ્—૫૨)*

તેમજ નિસાઈ (ઉમ્દતુલ ક્વારી, ભાગ—૧૧, પેજ—૨૮૫)માં હદીષ છે કે હુઝૂરે અક્દસ ﷺએ બાંદીને ઝિનામાં પડવાને કારણે પચાસ કોરડાનો હુકમ આપ્યો હતો.

لا يثرب : **تثيبه**નો અર્થ ખૂબ જ ભલુબુરુ કહેવું તેમજ મુત્લક્ મલામત કરવું છે.

وَلَمْ تُحْصَنْ : એનો માદ્દો **حصن** હિસ્ન છે એનો અર્થ મજબૂત જગાએ મહેફૂઝ કરવું. **احصان**નો અર્થ શાદી કરવી અને પાકદામન થવું છે. અહીં હદીષ તથા આયત બંનેમાં શાદી કરવાના અર્થમાં છે. તેનુ ઈસ્મે ફાઈલ અને ઈસ્મે મફ્ઉલ બંનેવ **محصن** છે. અ્યન (સ્વાદ)ના ઝબરની સાથે આવે છે. આ તે ત્રણ દુર્લભ શબ્દોમાંથી છે જેનો ઈસ્મે ફાઈલ અયનના ઝબરની સાથે આવે છે. બે આ છે : **اَسْهَبَ**થી **اَفْلَحَ** લાલચી, બેહોશના અર્થમાં. અને **اَفْلَحَ**થી **مُفْلَحٌ** ગાલિબ તથા કામયાબના અર્થમાં.

ફિક્હની બોલીમાં મુહસન (**محصن**) થવાની સાત શરતો છે : ઈસ્લામ, બાલિગ હોવું, આક્લ હોવું, આઝાદ હોવું, વતી. વતીનું સહીહ નિકાહ પછી થવું. આ વર્ણવેલ છએ ચીજોનું વતીના સમયે મૌજૂદ હોવું. આ અર્થમાં

بَابُ هَلْ يَبِيْعُ حَاضِرٌ لِّبَادٍ بِغَيْرِ اَجْرٍ وَّهَلْ يُعِيْنُهٗ اَوْ يَنْصَحُهٗ ص ٢٨٩

શું શહેરી કોઈ ગામડાવાળાની કોઈ ચીજ મહેનતાણા વિના વેચે અને એની મદદ કરે અને એની સાથે ભલાઈ વર્તે. –(૨૮૯)

ت ٤٠٣ وَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا اسْتَنْصَحَ اَحَدُكُمْ اَخَاهُ فَلْيَنْصَحْ لَهٗ

"અને નબી ﷺએ ફર્માવ્યું કે જ્યારે કોઈ પોતાના ભાઈથી ખૈરખ્વાહી **[તઅલીક્ : ૪૦૩]**

(ભલાઈ ચાહવા)નો ઈચ્છુક હોય તો તેની સાથે ખૈરખ્વાહી કરે."

ت ٤٠٤ وَرَخَّصَ فِيْهِ عَطَاءٌ

"એની અતાએ ઈજાઝત આપી છે." **[તઅલીક્ : ૪૦૪]**

બાંદી નથી મુહસના થઈ શકતી. એટલા માટે હદીષમાં لَمْ تحصن નો અર્થ આ છે કે તે પરણીત ન હોય. પણ ક્રૈદ વાક્ઈ છે એનો મફ્હૂમે મુખાલિફ મોઅતબર નથી, નહીં તો વર્ણવેલ આયતે કરીમાથી વિરોધાભાસ ઉપસ્થિત થશે. કેમ કે એમાં ફર્માવ્યું فاذا احصن તો જ્યારે مُحصنه હોય અને બદ્કારી (વ્યભિચાર)માં સપડાય, તો જાહેર છે કે પાક દામની અને બદ્કારીમાં વિરોધાભાસ છે. કેમ કે અધિક્તર તે જ બાંદીઓ વ્યભિચારી હોય છે જે પરણીત નથી હોતી, પરણીત કદાચ હોય એટલા માટે બહુમતિના એતેબારથી એવું ફર્માવ્યું અને કુર્આન મજીદે સામાન્ય હુકમના માટે فاذا احصن વર્ણન કર્યું.

ખતીબમાં છે કે સહાબાએ કિરામે સવાલ કર્યો કે અપરણીત બાંદીનો હુકમ માલૂમ છે ? જો પરણીત હોય તો શું સજા છે ? તો ઉપરોક્ત આયત નાઝિલ થઈ. ઉપરોક્ત આયતથી એ જણાયું કે બાંદીને સંગસાર કરવાની ઈજાઝત નથી, એટલા માટે કે રજ્મ (સંગસાર કરવાનું) અડધુ નથી.

આ હદીષથી જાણવા મળ્યું કે કિંમતી ચીજ ખૂબ જ મામૂલી કિંમતમાં વેચવી વિના કરાહતે જાઈઝ છે. જેમ કે **ફત્હુલ ક્દીરમાં છે : لو باع كاغذة بالف يجوز ولا يكره "જો કાગળના નાના સરખા ટુકડાને હજારના બદલામાં વેચવામાં આવે તો એ વિના કરાહતે જાઈઝ છે.**

ફાયદો : આ હદીષના પાયાના રાવી ઈમામ ઝુહ્રી છે, તેમને ઈમામ માલિક સુફ્યાન બિન ઓયૈનહ, યહયા બિન સઈદે જે રિવાયત કરી છે એમાં لَمْ تحصن છે, બાકીના એમના શાગિર્દોએ لَمْ تحصن નથી રિવાયત કર્યું અને એ જ અધિક ઉચિત છે.

તઅલીક્ : ૪૦૩ની સમજૂતી આ તઅલીક્ને ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં આ શબ્દોમાં રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, લોકોને એમના હાલ પર છોડી દો. અલ્લાહ તઆલા અમુકને અમુકથી રોજી આપે છે. અને જ્યારે કોઈ કોઈનુ ભલુ ઈચ્છતો હોય તો જોઈએ કે ભલાઈ કરે.

તઅલીક્ : ૪૦૪ની સમજૂતી એટલે કે ઈમામ અતાએ એની ઈજાઝત આપી છે કે શહેરી ગામડાવાળાનો માલ વેચે. આ તઅલીક્ને ઈમામ અબ્દુર્ઝ્ઝાક્ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. પરંતુ ઈમામ અતાનો ક્વૌલ ઈમામ સઈદ બિન મન્સૂરે એનાથી વિરુદ્ધ નક્લ કર્યો છે. અલ્લામા અયનીએ એ વર્ગીકરણ કર્યું કે ઉજ્જત વિના જાઈઝ છે અને ઉજ્જત (મહેનતાણુ) લઈને મના છે.

حديث ١٢٦٧ عَنْ عَبْدِاللّٰهِ بْنِ طَاؤُسٍ عَنْ اَبِيْهِ عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આગળ વધીને [હદીષ : ૧૨૬૭]

عَنْهُمَا قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا تَلَقَّوُا

વેપારી કાફલાઓને ન મળો, અને શહેરી ગામડાવાળાની ચીજ ન વેચે. તાઉસે પૂછ્યું, આ

الرُّكْبَانَ وَلَا يَبِيْعُ حَاضِرٌ لِبَادٍ فَقُلْتُ لِابْنِ عَبَّاسٍ مَا قَوْلُهٗ لَا يَبِيْعُ

ઈર્શાદનો શો મતલબ કે શહેરી ગામડાવાળાની ચીજ ન વેચે ? ફર્માવ્યું,

حَاضِرٌ لِبَادٍ قَالَ لَا يَكُوْنُ لَهٗ سِمْسَارًا ؏

એનો દલાલ ન બને, એટલે કે મજૂરી લઈને ન વેચે."

(બુખારી ૧/૨૮૯ બાબુન્નહી અન તલક્કિયુર્રકબાન, ૧/૩૦૩, મુસ્લિમ, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ–અત્તિજારાત)

بَابُ مَنْ كَرِهَ اَنْ يَّبِيْعَ حَاضِرٌ لِبَادٍ ص ٢٨٩

"જેણે એ મકરૂહ જાણ્યું કે શહરી ગામડાવાળાની ચીજ વેચે." *(પેજ–૨૮૯)*

حديث ١٢٦٨ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ دِيْنَارٍ حَدَّثَنِيْ اَبِيْ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ [હદીષ : ૧૨૬૮]

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا نَهٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

એનાથી મના ફર્માવ્યું છે કે કોઈ શહેરી ગામડાવાળાની કોઈ ચીજ વેચે.

اَنْ يَّبِيْعَ حَاضِرٌ لِبَادٍ وَبِهٖ قَالَ ابْنُ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

અને એ જ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ નો પણ ક़ૌલ છે."

સમજૂતી : હદીષ : ૧૨૬૭–૧૨૬૮

બંનેમાં વર્ગીકરણ એ છે કે ગામડાવાળાથી મજૂરી લઈને તેનો માલ વેચવો મના છે અને ભલાઈ ચાહવાના તૌર પર મના નથી.

بَابٌ لَّايَشْتَرِىْ حَاضِرٌ لِّبَادٍ بِا السَّمْسَرَةِ

"કોઇ શહરી ગામડાવાળા માટે કોઇ ચીજ દલાલી પર ન ખરીદે" *(૨૮૯)*

પ્રકરણની સ્પષ્ટતા : *આ પ્રકરણથી ઈમામ બુખારીએ એ ફાયદો કરવા ચાહે છે કે જવી રીતે એ મના છે કે શહેરી ગામડાવાળાની કોઈ ચીજ વેચે, એવી રીતે શહેરીને ગામડાવાળાની કોઈ ચીજ ખરીદવી પણ મના છે. ખરીદ વેચાણ પર કયાસ કરીને અમુક નુસ્ખાઓમાં لا يبيع છે. એનો મતલબ એ થયો કે કોઈ શહેરી કોઈ ગામડાવાળાથી એ મામલો નિશ્ચિત કરીને કે તમે શહેરમાં જે ચીજ પણ લાવશો હું વેચીશ અને આટલી મજૂરી લઈશ, એ પણ મના છે.*

ت ٤٠٥ وَكَرِهَهُ ابْنُ سِيْرِيْنَ وَاِبْرَاهِيْمُ لِلْبَائِعِ وَالْمُشْتَرِىْ - [તઅલીક़ : ૪૦૫]

"અને એને ઈબ્ને સીરીન અને ઈબ્રાહીમ નખઈએ વેચનાર તથા ખરીદનાર બંનેના માટે મકરૂહ જાણ્યું."

ت ٤٠٦ وَقَالَ اِبْرَاهِيْمُ اِنَّ الْعَرَبَ تَقُوْلُ بِعْ لِىْ ثَوْبًا وَهِىَ تَعْنِى الشِّرَاءَ - [તઅલીક़ : ૪૦૬]

"અને ઈબ્રાહીમે કહ્યું કે અરબ કહે છે بع لي ثوبا *અને એમની મુરાદ (આશય) એ હોય છે કે ખરીદવું."*

حديث ١٢٦٩ عَنْ مُحَمَّدٍ قَالَ اَنَسُ بْنُ مَالِكٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ نُهِيْنَا اَنْ يَّبِيْعَ حَاضِرٌ لِّبَادٍ - [હદીષ : ૧૨૬૯]

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમને એનાથી મના કરવામાં આવ્યું કે કોઈ શહેરી ગામડાવાસીની કોઈ ચીજ ન વેચે."

بَابُ النَّهْىِ عَنْ تَلَقِّى الرُّكْبَانِ وَاَنَّ بَيْعَهُ مَرْدُوْدٌ اِذَا كَانَ صَاحِبُهُ عَاصٍ اٰثِمٌ

આગળ વધીને વેપારી કાફલાઓથી મળવાની મનાઈ અને એ કે એનું ખરીદ વેચાણ મરદૂદ છે. એટલા માટે કે

كَانَ بِهٖ عَالِمًا وَّهُوَ خِدَاعٌ فِى الْبَيْعِ وَالْخِدَاعُ لَا يَجُوْزُ

ગુનાહ કરનાર છે, ગુનાહગાર છે. જ્યારે કે એ જાણતો હોય, અને આ ધોકો છે અને ધોકો આપવો જાઈઝ નથી.

حديث ١٢٧٠ عَنْ نَّافِعٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ [હદીષ : ૧૨૭૦]

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમારામાંથી અમુક

તઅલીક़ : ૪૦૫-૪૦૬ની સમજૂતી ઈબ્ને સીરીનની તઅલીક़ને ઈમામ અબૂ અવાનાએ પોતાની સહીહમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. એ અસલમાં હઝરત અનસ رضی اللہ عنہ નો ઈર્શાદ છે. તે ફર્માવતા હતા, બયઅ (સોદો) ખરીદવા તથા વેચવા બંનેનો સમૂહ છે. આ તક़દીર પર આ હદીષથી બંનેની મનાઈ સાબિત થઈ. અને એ હઝરત ઈબ્રાહીમ નખઈના પણ ઈર્શાદનો મતલબ છે.

સમજૂતી : હદીષ : ૧૨૭૦-૧૨૭૧ આ બંને હદીષોથી એ જાણવા મળ્યું કે તલક્કિયુર્રુકબાન મના નથી. એટલે કે એ મના નથી કે બજારની બહાર અથવા શહેરની બહાર જઈને અનાજ ખરીદવામાં આવે. મના એ છે કે ખરીદીને ત્યાં બજારમાં લાવ્યા વિના વેચી કાઢવામાં આવે, કેમ કે હુઝૂરે અક़દસ ﷺ એ તલક્કીથી મના

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَبِيْعُ بَعْضُكُمْ عَلٰى بَيْعِ

અમુકના સોદા પર સોદો ન કરે અને વેપારનો સામાન જ્યાં સુધી બજારમાં ન ઉતારી દેવામાં આવે.

بَعْضٍ وَّلَا تَلَقَّوُا السِّلَعَ حَتّٰى يُهْبَطَ بِهَا اِلَى السُّوْقِ ؏

આગળ વધીને ન લે."

(એના પછી મુત્તસિલન બે તરીક़ાથી, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–બુયૂઅ, ઈબ્ને માજહ–તિજારત)

بَابُ مُنْتَهَى التَّلَقِّيْ، ص ٢٨٩

"વેપારી કાફ़લાને મળવાની અંતિમ હદ" *(પેજ–૨૮૯)*

حديث ١٢٧١ حَدَّثَنَا جُوَيْرِيَةُ عَنْ نَّافِعٍ عَنْ عَبْدِ اللّٰهِ قَالَ كُنَّا نَتَلَقَّى الرُّكْبَانَ

"હઝ્રત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ કહ્યું, અમે લોકો આગળ વધીને વેપારી **[હદીષ : ૧૨૭૧]**

فَنَشْتَرِيْ مِنْهُمُ الطَّعَامَ فَنَهَانَا النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

કાફ़લાઓથી અનાજ ખરીદી લેતા હતા તો નબી ﷺ એ એનાથી મના ફ़ર્માવ્યું કે

اَنْ نَّبِيْعَهٗ حَتّٰى نَنْقُلَهٗ مِنْ مَّكَانِهٖ اِلٰى سُوْقِ الطَّعَامِ ـ

અમે બજારમાં પહોંચાડવાથી પહેલાં વેચીએ."

حديث ١٢٧٢ عَنْ عُبَيْدِ اللّٰهِ عَنْ نَّافِعٍ عَنْ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى

"હઝ્રત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ ફ़ર્માવ્યું કે લોકો બજારના છેડા પર **[હદીષ : ૧૨૭૨]**

عَنْهُ كَانُوْا يَتَبَايَعُوْنَ الطَّعَامَ فِيْ اَعْلَى السُّوْقِ فَيَبِيْعُوْنَهٗ فِيْ مَكَانِهٖ

અનાજ ખરીદી લેતા અને ત્યાં જ વેચી કાઢતા.

فَنَهَاهُمْ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنْ يَّبِيْعُوْهُ فِيْ

તો રસૂલુલ્લાહ ﷺ એ એનાથી મના ફ़ર્માવ્યું કે અનાજ

નથી ફ़ર્માવ્યું પણ બજારમાં લાવતા પહેલાં વેચી દેવાથી મના ફ़ર્માવ્યું. આ એનાથી પહેલાં વર્ણન થઈ ચૂકેલી હદીષથી વિરોધાભાસી છે. આ ટકરાવને દૂર કરવા માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું છે. અને અધિક સ્પષ્ટતા માટે ફ़ર્માવ્યું : **قَالَ ابو عبدالله هٰذَا فِى اَعْلَى السُّوْقِ وَبَيَّنَهٗ حَدِيْثُ عُبَيْدِاللّٰهِ** "અબૂ અબ્દુલ્લાહ (બુખારી)એ ફ़ર્માવ્યું, આ હુકમ બજારના છેડાના બારામાં છે જેને અબ્દુલ્લાહની હદીષે વર્ણન કર્યો. તે હદીષ આ છે.

હદીષ : ૧૨૭૨ની સમજૂતી અબ્દુલ્લાહની આ હદીષે સ્પષ્ટ કરી આપ્યું કે બજારના છેડા પર પહોંચવાથી પહેલાં અને આગળ વધીને અનાજ અથવા કોઈ સામાન ખરીદવો મના છે. અને જે તલક્કિ્યુર્રુકબાન

مَكَانِهٖ حَتّٰى يَنْقُلُوْهُ

ત્યાં જ વેચે ત્યાં સુધી કે સ્થળાંતર કરી લે."

بَابُ بَيْعِ الزَّبِيْبِ بِالزَّبِيْبِ وَالطَّعَامِ بِالطَّعَامِ ص ٢٩٠

"મુનક્કાના બદલામાં મનુક્કા અનાજના બદલામાં અનાજ વેચવું" –(૨૯૦)

حديث ١٢٧٣ حَدَّثَنِيْ مَالِكٌ عَنْ نَّافِعٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ **[હદીષ : ૧૨૭૩]**

تَعَالٰى عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَهٰى عَنِ

મુઝાબનહથી મના ફર્માવ્યું છે. મુઝાબનહ એ છે કે લીલી ખજૂરને

اَلْمُزَابَنَةِ قَالَ وَالْمُزَابَنَةُ بَيْعُ الثَّمَرِ بِالتَّمْرِ كَيْلًا وَبَيْعُ الزَّبِيْبِ

સૂકી ખજૂર અને કિસમિસને દ્રાક્ષના બદલામાં

بِالْكَرْمِ كَيْلًا ؕ ع ه

માપીને વેચવું." (૧/૨૯૧, બાબુ બયઉલ મુઝાબનહ, મુસ્લિમ, નિસાઈ–બુયૂઅ)

حديث ١٢٧٤ عَنْ اَيُّوْبَ عَنْ نَّافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ મુઝાબનહથી મના **[હદીષ : ૧૨૭૪]**

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَهٰى عَنِ الْمُزَابَنَةِ قَالَ وَ

ફર્માવ્યું છે. ફર્માવ્યું, મુઝાબનહ એ છે કે ફળોને માપીને વેચે કે જો વધારે થાય તો

الْمُزَابَنَةُ اَنْ يَّبِيْعَ الثَّمَرَ بِكَيْلٍ اِنْ زَادَ فَلِيْ وَاِنْ نَقَصَ فَعَلَيَّ ع ه

મારો નફો છે અને જો ઓછુ થાય તો મારું નુકસાન છે." (મુસ્લિમ, નિસાઈ–બુયૂઅ)

મના છે. એનાથી એ જ મુરાદ છે પણ જ્યારે સામાન બજારના છેડે પહોંચી જાય તો ખરીદવામાં વાંધો નથી, અલ્બત્ત તેને ત્યાં વેચવો મના છે. મંડીમાં લાવીને વેચવામાં આવે.

સમજૂતી : હદીષ : ૧૨૭૩–૧૨૭૪ મુઝાબનાનો માદો زبن (ઝબન) છે. તેનો મૂળ અર્થ દફઅ (દૂર) કરવું, ધોકો આપવો, ટક્કર મારવી છે. અને ઉર્ફમાં એનો અર્થ એ છે કે ઝાડ પર જે ફળ હોય તેને વેચવાં. દસ્તૂર એ હતો કે ઝાડ પર જે ખજૂરો હોતી એનો અંદાઝો કરી લેતા કે આટલા વસક઼ (વજનનું માપ) થશે તેને આટલા વસક઼ ઉતરેલી સૂકી ખજૂરોના બદલામાં વેચી દેતા કેમ કે એ એક જાતિનું સમાન જાતિ સાથેનુ ખરીદ વેચાણ છે

بَابُ بَيْعِ الذَّهَبِ بِالذَّهَبِ ص٢٩٠

"સોનાને સોનાના બદલામાં વેચવું ચાંદીના બદલે ચાંદી વેચવું" –(૨૯૦)

حديث ١٢٧٥ حَدَّثَنَا عَبْدُ الرَّحْمٰنِ بْنُ أَبِي بَكْرَةَ قَالَ قَالَ أَبُو بَكْرَةَ رَضِيَ اللّٰهُ

"હઝરત અબૂ બકરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ [હદીષ : ૧૨૭૫]

تَعَالٰى عَنْهُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَلَا تَبِيْعُوا

ફર્માવ્યું, અને સોનાને સોના બરાબર બરાબર જ વેચો અને

الذَّهَبَ بِالذَّهَبِ إِلَّا سَوَاءً بِسَوَاءٍ وَالْفِضَّةَ بِالْفِضَّةِ إِلَّا سَوَاءً

ચાંદીને ચાંદીના બદલામાં બરાબર બરાબર જ વેચો અને સોનાને ચાંદીના

بِسَوَاءٍ وَبِيْعُوا الذَّهَبَ بِالْفِضَّةِ وَالْفِضَّةَ بِالذَّهَبِ كَيْفَ شِئْتُمْ

બદલામાં અને ચાંદીને સોનાના બદલામાં જેમ ચાહો એમ વેચો."

بَابُ بَيْعِ الْفِضَّةِ بِالْفِضَّةِ ص٢٩٠

"ચાંદીના બદલે ચાંદી વેચવું" *(પેજ–૨૯૦)*

حديث ١٢٧٦ حَدَّثَنِي سَالِمُ بْنُ عَبْدِ اللّٰهِ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ

"સાલિમ ઈબ્ને અબ્દુલ્લાહે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી [હદીષ : ૧૨૭૬]

تَعَالٰى عَنْهُمَا أَنَّ أَبَا سَعِيْدِنِ الْخُدْرِيَّ حَدَّثَهُ مِثْلَ ذٰلِكَ حَدِيْثًا عَنْ

રિવાયત કરી કે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ હઝરત અબૂબક્રની હદીષના જેમ રસૂલુલ્લાહ ﷺ થી

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَلَقِيَهُ عَبْدُ اللّٰهِ بْنُ عُمَرَ فَقَالَ

હદીષ બયાન કરી તો અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે હઝરત અબૂ સઈદથી મુલાકાત કરી અને પૂછ્યું, આપ

અને વધઘટ થવાની સંભાવના છે જે વ્યાજ છે, એટલા માટે એનાથી મના ફર્માવ્યું છે. ખજૂર જ ખાસ નહીં કોઈ પણ ફળનું આ રીતે ખરીદ વેચાણ જાઈઝ નથી.

ઈમામ બુખારીએ પ્રકરણમાં **الطعام** (ખાવાની ચીજ)નો જે વધારો કર્યો છે તે એ જ ફાયદા માટે છે કે કોઈ એવું ન સમજે કે હદીષમાં કેવળ ખજૂર તથા કિસમિસનો ઉલ્લેખ છે જેથી આ મનાઈ એમની સાથે ખાસ છે.

ان زاد فلی આ કથન વેચનારનું પણ હોઈ શકે છે. હવે મુરાદ એ થશે કે જમીન પર જે ફળ છે તે વધુ કે ઓછાં હોય. અને ખરીદનારનો પણ ફ઼ૌલ હોય શકે છે. હવે મતલબ એ થયો કે ઝાડ પર જે ફળો છે તે થોડાં કે વધુ હોય.

يَا اَبَا سَعِيْدٍ مَّا هٰذَا الَّذِىْ تُحَدِّثُ عَنْ رَّسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

રસૂલુલ્લાહ ﷺથી આ કેવું બયાન કરો છો ?

عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ اَبُوْسَعِيْدٍ فِى الصَّرْفِ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

તો અબૂ સઈદે કહ્યું કે બયએ સર્ફના બારામાં મેં રસૂલુલ્લાહ ﷺથી

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ الذَّهَبُ بِالذَّهَبِ مِثْلٌ بِمِثْلٍ وَالْوَرِقُ بِالْوَرِقِ

સાંભળ્યું, ફર્માવતા હતા, સોનુ સોનાના બદલામાં સરખે સરખુ અને ચાંદી ચાંદીના

مِثْلٌ بِمِثْلٍ

બદલામાં સરખે સરખી.''

حديث ١٢٧٧ عَنْ نَافِعٍ عَنْ اَبِىْ سَعِيْدِ نِ الْخُدْرِيِّ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

''નાફેએ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી, [હદીષ : ૧૨૭૭]

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا تَبِيْعُوا الذَّهَبَ

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સોનાને સોનાના બદલે ન વેચો પણ સરખે સરખુ અને વધઘટ

بِالذَّهَبِ اِلَّا مِثْلًا بِمِثْلٍ وَلَا تُشِفُّوْا بَعْضَهَا عَلٰى بَعْضٍ وَلَا تَبِيْعُوا

ન કરો. અને ચાંદીને ચાંદીના બદલામાં ન વેચો પણ એ કે સરખે સરખુ હોય અને

الْوَرِقَ بِالْوَرِقِ اِلَّا مِثْلًا بِمِثْلٍ وَلَا تُشِفُّوْا بَعْضَهَا عَلٰى بَعْضٍ وَلَا

વધઘટ ન કરો. અને ઉધારને

تَبِيْعُوْا مِنْهَا غَائِبًا بِنَاجِزٍ ؕ

રોકડાના બદલે ન વેચો.'' (મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ–બુયૂઅ)

بَابُ بَيْعِ الدِّيْنَارِ بِالدِّيْنَارِ نَسَأً ص٢٩١

"દીનારને દીનારના બદલામાં ઉધાર વેચવા" –(૨૯૧)

حديث ١٢٧٨ اَنَّ اَبَا صَالِحٍ الزَّيَّاتَ اَخْبَرَهٗ اَنَّهٗ سَمِعَ اَبَا سَعِيْدِنِ الْخُدْرِيَّ

"અબૂ સાલેહ ઝય્યાતે ખબર આપી કે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ કહે છે, **[હદીષ : ૧૨૭૮]**

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُوْلُ الدِّيْنَارُ بِالدِّيْنَارِ وَالدِّرْهَمُ بِالدِّرْهَمِ

દીનાર દીનારથી અને દિરહમ દિરહમથી સરખે સરખા વેચવામાં આવે (વધઘટ વ્યાજ છે).

فَقُلْتُ لَهٗ اِنَّ ابْنَ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا لَا يَقُوْلُهٗ فَقَالَ اَبُوْ

તો મેં એમને કહ્યું કે હઝરત ઈબ્ને અબ્બાસ એને નથી કહેતા. એના પર હઝરત અબૂ સઈદે ફર્માવ્યું,

سَعِيْدٍ سَاَلْتُهٗ فَقُلْتُ سَمِعْتَهٗ مِنَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

મેં એમને પૂછ્યું હતું કે તમે રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે કે કિતાબુલ્લાહમાં તમે એમને જોયું છે ?

اَوْ وَجَدْتَّهٗ فِيْ كِتَابِ اللّٰهِ فَقَالَ كُلٌّ ذٰلِكَ لَا اَقُوْلُ وَاَنْتُمْ اَعْلَمُ

તો ઈબ્ને અબ્બાસે કહ્યું, આ બધું હું નથી કહેતો, અને તમે લોકો રસૂલુલ્લાહ ﷺ ના ઈર્શાદોને

بِرَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَلٰكِنْ اَخْبَرَنِيْ اُسَامَةُ

મારાથી વધુ જાણો છો. હા ! મને ઓસામા ઈબ્ને ઝયદ رضی اللہ عنہ એ ખબર

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ

આપી કે નબી ﷺ એ ફર્માવ્યું કે

لَا رِبًا اِلَّا فِي النَّسِيْئَةِ ؏ه

વ્યાજ કેવળ ઉધારમાં છે." (મુસ્લિમ, નિસાઈ–બુયૂઅ, ઈબ્ને માજહ–તિજારાત)

હદીષ : ૧૨૭૮ની સમજૂતી મુસ્લિમમાં સુફ્યાન ઈબ્ને ઉયયના તરીકાથી આ તફસીલ છે :– **الدينار بالدينار والدرهم بالدرهم مثلا بمثل من زاد او ازداد فقد ارىٰ** દીનારના બદલે દીનાર અને દિરહમના બદલે દિરહમ સરખે સરખા વેચવામાં આવે. જેણે વધુ લીધું કે આપ્યું એણે વ્યાજ લીધુ અને આપ્યું.

ઈમામ હાકિમે રિવાયત કરી કે અબૂ મુજલઝે કહ્યું કે હઝરત ઈબ્ને અબ્બાસ એક જમાના સુધી એવું કહેતા હતા કે બયએ સર્ફમાં વાંધો નથી. એટલે કે સોનાને સોનાના અને ચાંદીને ચાંદીના બદલામાં વેચવામાં કોઈ વાંધો નથી. ત્યાં સુધી કે અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ તેમનાથી મુલાકાત કરી. અને આ હદીષ વર્ણવી કે ખજૂર ખજૂરના, ઘઉં ઘઉંના, જવ જવના, સોનુ સોનાના, ચાંદી ચાંદીના બદલામાં હાથોહાથ અને સરખે સરખુ વેચો અને જે વધારે

قَالَ اَبُوْعَبْدِ اللّٰهِ سَمِعْتُ سُلَيْمٰنَ بْنَ حَرْبٍ يَقُوْلُ لَا رِبٰى اِلَّا فِى

''અને અબૂ અબ્દુલ્લાહ ઈમામ બુખારીએ કહ્યું, મેં સુલેમાન બિન હર્બથી એ કહેતાં સાંભળ્યું

النَّسِيْئَةِ قَالَ هٰذَا عِنْدَنَا فِى الذَّهَبِ بِالْوَرِقِ وَالْحِنْطَةِ بِالشَّعِيْرِ

કે વ્યાજ કેવળ ઉધારમાં છે. તેમણે કહ્યું, અમારી નજીક સોનાને ચાંદીના બદલે તથા ઘઉંને જવના બદલામાં

مُتَفَاضِلًا لَا بَأْسَ بِهٖ يَدًا بِيَدٍ وَلَا خَيْرَ فِيْهِ نَسِيْئَةً

અધિક્તાની સાથે વેચવામાં કોઈ વાંધો નથી કે હાથો હાથ હોય, અને ઉધારમાં ભલાઈ નથી.

થશે તે વ્યાજ થશે. તો ઈબ્ને અબ્બાસે કહ્યું, હું અલ્લાહથી ઈસ્તિગફાર કરું છું અને તૌબા કરું છું. ત્યાર બાદ ઘણા જ સખ્તીની સાથે એનાથી મના કરતા હતા. *(ઉમ્દતુલ ક़ારી, ભાગ–૧૧, પેજ : ૨૯૬)*

સારાંશ : હદીષોમાં કેવળ છ ચીજોના બારામાં સ્પષ્ટપણે વ્યાજની વિગત છે. સોનુ, ચાંદી, ખજૂર, ઘઉં, જવ, નમક (મીઠુ). એમના સિવાય અન્ય ચીજોમાં વ્યાજ છે કે નથી, અને છે તો કઈ કઈ ચીજોમાં છે, એ હદીષોમાં વર્ણન થયેલ નથી. એટલા માટે સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યુ. *(મિશ્કાત કિતાબુલ બુયૂઅ બાબુ રિબાઅ, પેજ : ૨૪૬)*

સૌથી છેલ્લે વ્યાજની આયત નાઝિલ થઈ અને રસૂલુલ્લાહ ﷺ દુનિયાથી તશરીફ લઈ ગયા અને એને ખૂબ સ્પષ્ટપણે વર્ણન નથી કર્યું, એટલા માટે વ્યાજથી પણ બચો અને તેની શંકાથી પણ બચો.

મુજ્તહિદીને કિરામે પોતાની ઈસ્તિંબાતની (મસ્અલા કાઢવાની) ખુદાદાદ શક્તિ વડે છ ચીજોમાં સંપૂર્ણ વિચારણા ચિંતન કરીને પોત પોતાની પાત્રતા પ્રમાણે વ્યાજનો પાયો નિશ્ચિત કર્યો છે. હઝરત ઈમામે આ'ઝમે ફર્માવ્યું કે વ્યાજનો પાયો, માત્રા અને જાતમાં એકતા છે. જો બંનેમાં એકતા હોય તો (વધારો) પણ વ્યાજ અને ઉધાર પણ વ્યાજ. અને જો કેવળ એકમાં બરાબરી હોય તો (વધારો) જાઈઝ, ઉધાર હજી પણ વ્યાજ છે. દા.ત. સોનાને ચાંદીના બદલામાં વેચ્યું અથવા ઉલટુ તો વધારો જાઈઝ અને ઉધાર હરામ તથા વ્યાજ. માત્રાથી મુરાદ વજન તથા માપ છે. એનો સાર એ નીકળ્યો કે વ્યાજ કેવળ એ ચીજોમાં છે જે કોઈ માપિયાથી માપીને કે તોલીને વેચાય છે. અને જે ચીજો માપીને કે તોલીને નથી વેચાતી, જેમ કે ઈંડાં તથા કપડાં, એમાં વ્યાજ નથી.

હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ એ વ્યાજની ઈલ્લત (સબબ) મતઉમાત એટલે કે ખાવા પીવાની ચીજોમાં તઅમ એટલે ટેસ્ટ અને જે ચીજો ષમન (કિંમત) છે તેમાં ષમનિયત નિશ્ચિત કર્યું. બદલામાં લેવા દેવામાં આવતી વસ્તુઓનું એક જાતિથી હોવું. એટલા માટે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ને ત્યાં ઈંડામાં પણ વ્યાજ છે. એટલા માટે એમને ત્યાં એક ઈંડાને બદલે બે ઈંડાં વેચવાં જાઈઝ નથી.

હુઝૂરે અક્દસ ﷺ એ જે ચીજોને ''કયલી'' એટલે કે માપીને વેચનારી બતાવી દીધી છે તે વ્યાજના મામલામાં કયલી જ માનવામાં આવશે. અને એ જ પ્રમાણે જે ચીજોને વજની એટલે તોલીને વેચનારી બતાવી છે તે વજની જ માનવામાં આવશે ભલે અત્યારે રિવાજ બદલાય ગયો હોય. જેમ કે ઘઉં, ખજૂર, નમક. એમને હુઝૂર ﷺ એ બતાવેલ મકીલ છે એટલે કે સાઅ વગેરે વડે માપીને વેચનારી. હવે તોલીને વેચવાનો રિવાજ થઈ ગયો છે, પણ વ્યાજના મામલામાં સૌ મકીલ જ છે. સોના તથા ચાંદીને વજન કરવામાં આવનાર બતાવેલ છે અને એ હાલ પણ વજન થનાર છે. અને વ્યાજના મામલામાં હમેશાં વજન થનાર જ રહેશે, ભલે કદીક એવું થઈ જાય કે વજનથી ન વેચાય.

بَابُ بَيْعِ الْمُزَابَنَةِ ص ٢٩١

"બયએ મુઝાબનહ" –(૨૯૧)

وَهِيَ بَيْعُ الثَّمَرِ بِالتَّمْرِ وَبَيْعُ الزَّبِيبِ بِالْكَرْمِ وَبَيْعُ الْعَرَايَا

"અને આ સૂકી ખજૂરને ઝાડ પર લાગેલી ખજૂરના બદલામાં અને કિસમસિને વેલમાં લાગેલી દ્રાક્ષના બદલામાં અને અ્રાયાનું ખરીદ વેચાણ છે."

حديث ١٢٧٩ أَخْبَرَنِي سَالِمُ بْنُ عَبْدِ اللهِ عَنْ عَبْدِ اللهِ بْنِ عُمَرَ رَضِيَ اللهُ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ **[હદીષ : ૧૨૭૯]**

تَعَالَىٰ عَنْهُمَا أَنَّ رَسُولَ اللهِ صَلَّى اللهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا تَبِيعُوا

ફર્માવ્યું, ફળને તે સમય સુધી ન વેચો જ્યાં સુધી તે નફો ઉઠાવવાને લાયક ન થઈ જાય,

الثَّمَرَ حَتَّىٰ يَبْدُوَ صَلَاحُهُ وَلَا تَبِيعُوا الثَّمَرَ بِالتَّمْرِ ـ

અને ઝાડ પર લાગેલ ફળને સૂકી ખજૂરના બદલામાં ન વેચો."

અને જે ચીજોના બારામાં કાંઈ આવેલ નથી એમાં ઉર્ફનો એતેબાર થશે. જો તે માપીને વેચાતી હોય તો તે મકીલ છે અને તોલીને વેચાતી હોય તો વજન થનાર છે. અને જો ઉર્ફ બદલાય જાય તો લેણદેણ વખતે જે ઉર્ફ હશે એનો એતબાર છે. દા.ત. ચોખા પહેલાં માપીને વેચાતા હતા પણ હવે તોલાઈને વેચાય છે તો અત્યારે એ વજન થનાર માનવામાં આવશે.

હદીષ : ૧૨૭૯ની સમજૂતી

يبدوصلاحه : "સલાહ"નો અર્થ લાયક થવું છે. અહીં એ મુરાદ છે કે તે એવાં થઈ જાય કે તેનાથી ફાયદો હાંસલ કરવામાં આવી શકે. મુસ્લિમ (૨/૧૧–બુયૂઅ)માં હઝરત જાબિર رضی اللہ عنہ ની એક રિવાયતમાં છે : **حتى تطعم** અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષ (૨/૮ બુયૂઅ)માં છે : **حتى يوكل منه** ત્યાં સુધી કે તે ખાવા લાયક થઈ જાય. અને એ દરેક ફળમાં વિવિધ છે. ખજૂરોનો જ્યારે અમુક હિસ્સો પીળો કે લાલ થઈ જાય છે તો એને ખાવામાં આવે છે. આપણા વિસ્તારમાં કેરી એવું ફળ છે જ્યારે એમાં ખટાશ આવી જાય છે તો એને વાપરવામાં આવે છે, દા.ત. ચટણીમાં. કેળુ તદ્દન કાચુ હોય તો પણ શાક બનાવવાના કામમાં આવે છે, એટલા માટે એની કોઈ સ્પષ્ટ હદ નક્કી નથી. કોઈપણ રીતે જ્યારે તે વાપરવા પાત્ર બની જાય તો એને વેચવું જાઈઝ છે. ફાયદો ઉઠાવવા પાત્ર થતા પહેલાં એનું ખરીદ વેચાણ મના હોવાનું કારણ એ છે કે જ્યારે એ ફાયદો ઉઠાવવા પાત્ર નથી તો માલ નથી તેમજ ઝઘડો ગરબડ થવાનો મજબૂત અંદેશો છે.

حديث ١٢٨٠ عَنْ اَبِي سُفْيَانَ مَوْلَى ابْنِ اَبِي اَحْمَدَ عَنْ اَبِي سَعِيْدِ نِ الْخُدْرِيِّ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે" [હદીષ : ૧૨૮૦]

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

રસૂલુલ્લાહ ﷺ એ મુઝાબનહ અને મુહાક़લહથી મના ફર્માવ્યું.

نَهٰى عَنِ الْمُزَابَنَةِ وَالْمُحَاقَلَةِ وَالْمُزَابَنَةُ اِشْتِرَاءُ الثَّمَرِ بِالتَّمْرِ فِيْ

ઝાડોમાં જે ફળ હોય તેને સૂકા ખજૂરના બદલામાં ખરીદવાને

رُؤُسِ النَّخْلِ ـ عه

મુઝાબનહ કહે છે." (મુસ્લિમ–બુયૂઅ, ઈબ્ને માજહ–અલ અહકામ)

حديث ١٢٨١ عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ نَهٰى

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ એ" [હદીષ : ૧૨૮૧]

النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنِ الْمُحَاقَلَةِ وَالْمُزَابَنَةِ

મુહાક़લા તથા મુઝાબનહથી મના ફર્માવ્યું."

حديث ١٢٨٢ عَنِ ابْنِ عُمَرَ عَنْ زَيْدِ بْنِ ثَابِتٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ

"હઝરત ઝયદ બિન ષાબિત رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ" [હદીષ : ૧૨૮૨]

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ رَخَّصَ لِصَاحِبِ الْعَرِيَّةِ

અરિય્યહના માલિકને એની ઈજાઝત આપી કે તે તેને

હદીષ : ૧૨૮૦ની સમજૂતી مُحاقله નો માદ્દો حَقَلٌ છે. ઉમદા ખેતી પાત્ર જમીન. ખેતી જ્યાં સુધી હરીયાળી રહે ડૂંડાની અંદર જે દાણા હોય તેને સાફ કરેલ, દાણાના બદલામાં વેચવા. મુઝાબનહ અને મુહાક़લહના નાજાઈઝ હોવાનું કારણ એ છે કે એની શક્યતા છે કે એ બંનેમાંથી એક વધારે અને એક કમ હોય. અને એ જાતિથી જાતિની બયઅ (ખરીદ વેચાણ) છે જેમાં વધારો કે ઘટાડો વ્યાજ છે.

ઈબ્ને અબી અહમદનું નામ અબ્દુલ્લાહ છે. એ ઉમ્મુલ મો'મિનીન હઝરત ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہا ના ભત્રીજા અહમદ બિન જહશના સાહબઝાદા છે. આ હદીષના રાવી અબૂ સુફ્યાન એમના જ ગુલામ હતા.

હદીષ : ૧૨૮૨ની સમજૂતી આ હદીષ તઅલીક़ન એ જ પ્રકરણમાં ત્રણ હદીષ પહેલાં સાલિમના તરીક़ાથી આ શબ્દોમાં વર્ણન થયેલી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ત્યાર બાદ લીલી કે સૂકી ખજૂરના બદલામાં "અરિય્યહ"ના ખરીદ વેચાણની ઈજાઝત આપી. એના સિવાય અન્ય કોઈમાં નથી આપી.

أَنْ يَّبِيْعَهَا بِخَرْصِهَا - عه

અંદાજાથી વેચે." (બુખારી, ૧/૨૯૨, ૧/૩૨૦ અલ્મસાક़ાત, મુસ્લિમ–બુયૂઅ, તિર્મિઝી, નિસાઈ, અશ્શુરૂત, ઈબ્ને માજહ–અત્તિજારાત)

بَابُ بَيْعِ الثَّمَرِ عَلٰى رُءُوْسِ النَّخْلِ بِالذَّهَبِ وَالْفِضَّةِ ص ٢٩١

"ઝાડનાં ફળોનું સોના તથા ચાંદીના બદલામાં ખરીદ વેચાણ" –(૨૯૧)

حديث ١٢٨٣ عَنْ عَطَاءٍ وَّاَبِي الزُّبَيْرِ عَنْ جَابِرٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

"હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ એ ફળને વેચવાથી મના ફર્માવ્યું **[હદીષ : ૧૨૮૩]**

نَهَى النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنْ بَيْعِ الثَّمَرِ حَتّٰى يَطِيْبَ

જ્યાં સુધી સ્વાદિષ્ટ ન થઈ જાય અને અરાયા સિવાય એમાંથી કોઈને દીનાર તથા દિરહમના

وَلَا يُبَاعُ شَيْءٌ مِّنْهُ اِلَّا بِالدِّيْنَارِ وَالدِّرْهَمِ اِلَّا الْعَرَايَا عه

સિવાય કોઈ અન્ય ચીજના બદલામાં ન વેચવામાં આવે." (અબૂ દાઉદ–બુયૂઅ, ઈબ્ને માજહ–અત્તિજારાત)

حديث ١٢٨٤ حَدَّثَنَا عَبْدُ اللّٰهِ بْنُ عَبْدِ الْوَهَّابِ قَالَ سَمِعْتُ مَالِكًا وَّسَاَلَهُ

"અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ વહહાબે કહ્યું, મેં માલિકથી સાંભળ્યું અને તેમનાથી **[હદીષ : ૧૨૮૪]**

عُبَيْدُ اللّٰهِ بْنُ الزُّبَيْعِ اَحَدَّثَكَ دَاوُدُ عَنْ اَبِيْ سُفْيَانَ عَنْ اَبِيْ

ઓબૈદુલ્લાહ બિન રબીએ પૂછ્યું હતું કે શું તમારાથી દાઉદે, અબૂ સુફ્યાનથી રિવાયત કરતાં

هُرَيْرَةَ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ رَخَّصَ فِيْ بَيْعِ الْعَرَايَا

અને તે હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત કરતાં આ હદીષ વર્ણવી છે ? કે નબી ﷺ એ પાંચ વસક़ કે એનાથી

હદીષ : ૧૨૮૩ની સમજૂતી આ હદીષનો સાર એ છે કે ઝાડ પર લાગેલાં ફળોને સોના ચાંદી અથવા કોઈપણ ષમને ઈસ્તેલાહીના બદલામાં વેચવું જાઈઝ છે, ભલે ઉધાર હોય. અને એ જાતિ સાથે વેચવું દરેક રીતે મના છે એના સિવાય અન્ય જાતિ સાથે વેચવામાં જો સોદો રોકડો હોય કે ખરીદનાર એ જ મજલિસમાં કિંમત અદા કરી આપે અને ઝાડનાં ફળ ઉતારી લે તો જાઈઝ છે, અને ઉધાર મના છે. શરત એ કે તે જે બદલે વેચેલ હોય તે મકીલ (માપીને વેચાતું) હોય, નહીં તો ઉધાર પણ જાઈઝ છે.

હદીષ : ૧૨૮૪ની સમજૂતી ઉબૈદુલ્લાહના બાપ રબીઅ અબૂ જઅફર, મન્સૂર અબ્બાસી શહનશાહના ચોકીદાર છે. એમનો જ પુત્ર ફઝ્લ શહનશાહ હારૂન રશીદનો બાદમાં વઝીર બન્યો. અબૂ સુફ્યાન તે જ છે જે પહેલાં વર્ણન થઈ ચૂક્યા છે એટલે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઝયનબના ભત્રીજા અબૂ અહમદ ઈબ્ને જહશના પુત્રના ગુલામ. મુહદ્દિષોની ઈસ્તેલાહ (બોલી) આ પ્રમાણે છે કે શયખ શાગિર્દ પર કિર્અત કરે

فِيْ خَمْسَةِ اَوْسُقٍ اَوْدُوْنَ خَمْسَةِ اَوْسُقٍ قَالَ نَعَمْ ع

કમમાં અરાયાના ખરીદ વેચાણની ઈજાઝત આપી છે. તેમણે કહ્યું, હા !''

(મુસ્લિમ, અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ–બુયૂઅ, અશ્શરૂત)

حديث ١٢٨٥ قَالَ يَحْيٰى بْنُ سَعِيْدٍ سَمِعْتُ بَشِيْرًا قَالَ سَمِعْتُ سَهْلَ بْنَ اَبِيْ

''હઝરત સહલ બિન અબૂ હષ્મહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ઝાડના [હદીષ : ૧૨૮૫]

حَثْمَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

ફળોનો અંદાજો લગાડીને સૂકી ખજૂરોના બદલામાં વેચવાથી મના ફર્માવ્યું છે. હા ! અરિય્યામાં એની

نَهٰى عَنْ بَيْعِ التَّمْرِ بِالتَّمْرِ وَرَخَّصَ فِي الْعَرِيَّةِ اَنْ تُبَاعَ بِخَرْصِهَا

ઈજાઝત આપી જેથી એના માલિક લીલી ખજૂરો ખાય.★ અને સુફ્યાન (બિન ઉયયના)એ બીજીવાર

يَاْكُلُهَا اَهْلُهَا رُطَبًا ع وَقَالَ سُفْيَانُ مَرَّةً اُخْرٰى اِلَّا اَنَّهُ رَخَّصَ

આ કહ્યું, હા ! અરિય્યામાં અંદાઝા (અનુમાન)ની સાથે વેચવાની ઈજાઝત આપી જેથી એના

તો તેને **حدّث**થી વર્ણવે છે અને જો શાગિર્દ શયખ પર કિર્અત કરે તો તેને **اخبرنا**થી રિવાયત કરે છે. આ સનદમાં એ છે કે અબ્દુલ્લાહ ઈબ્ને વહબની સામે ઓબૈદુલ્લાહ ઈબ્ને રબીએ ઈમામ માલિકને હદીષ પઢીને સંભળાવી અને ઈમામ માલિકે ''હા'' કહ્યું તો એને પણ ઈમામ બુખારીએ **حدثنا**થી તાબીર કર્યું, જ્યારે કે તેને **اخبرنا** તાબીર કરવું જોઈતુ હતું. આ કોઈ કોઈ વાંધાની વાત નથી. પ્રથમ વિભાગમાં વર્ણન થઈ ચૂક્યું કે ઈમામ બુખારીની નજીક **اخبرنا** સમાનાર્થી છે. આ ખાસ તરીક઼ાને મુહદ્દિષોની બોલીમાં **عرض السامع** કહે છે. હઝરત માલિક આ તરીક઼ાને વધુ પસંદ કરતા હતા. એનો સબબ એ છે કે શયખે હદીષ વર્ણન કરી તો એની સંભાવના રહે છે કે શાગિર્દથી એના યાદ રાખવામાં કોઈ ખામી રહી જાય, પણ જ્યારે શાગિર્દે ખૂદ હદીષ પઢીને સંભળાવી અને શયખે સાંભળીને તેના સમર્થનમાં નઅમ (હા) કહ્યું તો યાદ રાખવામાં કોઈ ખામીની સંભાવના ન રહી.

اودون خمسة اوسق : આ શક દાઉદ ઈબ્ને હુસૈનથી થયો, જેમ કે મુસ્લિમ (૨/૯ અલ્બુયૂઅ)માં છે. આ ઈર્શાદનો મતલબ એ છે કે અરાયામાં એની ઈજાઝત છે કે ઝાડ પર જે ફળ હોય તેનો અંદાજો લગાડીને સૂકી ખજૂરોના બદલામાં વેચી દીધુ. જ્યારે કે તે પાંચ વસક઼ અથવા એથી કમ હોય, દા.ત. એ અનુમાન લગાડયું કે ઝાડ પર વસક઼ ખજૂરો છે તેમને ચાર વસક઼ સૂકી ખજૂરોના બદલે વેચી દીધી. લગભગ પાંચ વસક઼ની ક઼ૈદ (શરત) એટલા માટે છે કે એ દૌરમાં પાંચ વસક઼થી વધુ ખજૂરો એક ઝાડમાં થતી ન હતી.

હદીષ : ૧૨૮૫ની સમજૂતી **સહલ બિન અબૂ હષ્મા** رضی اللہ عنہ : એમનું નામ આમિર બિન સાઅદા છે અને કુન્નિયત અબૂ યહયા અથવા અબૂ મુહમ્મદ, અન્સારી મદની સહાબી છે. એ બચપણના સહાબીઓમાંથી છે. હુઝૂર ﷺ ના વિસાલના સમયે એ સાત આઠ વરસના હતા. હુઝૂરે અક઼દસ ﷺ થી હદીષો રિવાયત કરી છે. હઝરત ઝયદ બિન ષાબિત અને મુહમ્મદ બિન મુસ્લિમા رضی اللہ عنہم થી પણ રિવાયત કરી છે. હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ની ખિલાફતના પ્રારંભિક દિવસોમાં રબના પ્યારા થયા. *(ઈસાબા, ૨/૮૬)*

فِي الْعَرِيَّةِ يَبِيعُهَا أَهْلُهَا بِخَرْصِهَا يَأْكُلُونَهَا رُطَبًا وَقَالَ هُوَ سَوَاءٌ۔

માલિક લીલી ખજૂરો ખાય. અને કહ્યું કે બંનેવનો ભાવાર્થ એક છે. સુફ્યાને કહ્યું, મેં યહયાને કહ્યું અને હું એ વખતે

قَالَ سُفْيَانُ قُلْتُ لِيَحْيَى وَأَنَا غُلَامٌ إِنَّ أَهْلَ مَكَّةَ يَقُولُونَ إِنَّ

બાળક હતો કે મક્કાવાળા કહે છે કે નબી ﷺએ અરાયાને વેચવાની ઈજાઝત આપી છે. એના પર યહયાએ

النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ رَخَّصَ فِي بَيْعِ الْعَرَايَا فَقَالَ

કહ્યું કે મક્કાવાસીઓને કેવી રીતે ખબર પડી ? મેં બતાવ્યું કે તે લોકો હઝરત જાબિરથી રિવાયત કરે છે. તો તે

وَمَا يُدْرِي أَهْلُ مَكَّةَ قُلْتُ إِنَّهُمْ يَرْوُونَهُ عَنْ جَابِرٍ فَسَكَتَ

મૌન રહ્યા. સુફ્યાને કહ્યું, મારો આશય એ હતો કે હઝરત જાબિર

قَالَ سُفْيَانُ إِنَّمَا أَرَدْتُ أَنَّ جَابِرًا مِنْ أَهْلِ الْمَدِينَةِ قِيلَ

મદીનાવાળાઓમાંથી છે (તે સારી રીતે જાણે છે) સુફ્યાનને પૂછવામાં આવ્યું કે

لِسُفْيَانَ وَلَيْسَ فِيهِ نَهْيٌ عَنْ بَيْعِ الثَّمَرِ حَتّٰى يَبْدُوَ صَلَاحُهُ

આ હદીષમાં એ નથી કે લાભદાયક હોવાથી પહેલાં ફળનુ ખરીદ વેચાણ મના છે ? બતાવ્યું કે

قَالَ لَا۔

એવું નથી. (★ બુખારી ૧/૩૨૧, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ–બુયૂઅ–અશ્શરૂત)

ياكلها اهلها : **ياكلها**ની ઝમીરે મન્સૂબ મુત્તસિલનો મરજઅ **اثمار** "અષ્માર" છે જેના પર **خرص** દલીલ પૂરી પાડે છે કે એ ફળોને તે ખાય જે ખરીદયા બાદ એનો માલિક છે, એટલે ખરીદનાર.

ياكلونها : એમાં ઝમીર મન્સૂબ મુત્તસિલનો મરજઅ પ્રથમ વાક્યની જેમ "અષ્માર" છે અને ઝમીરે મરફૂઅ મુત્તસિલનો મરજઅ અહલે મખરૂસ છે. એટલે કે જેમના માટે અંદાજો લગાડવામાં આવ્યો એટલે ખરીદનાર. આ રીતે બંને લખાણોનો ભાવાર્થ સમાન થયો. **هوسواء**નો મતલબ એ જ છે.

انا غلام : સુફ્યાન ઈબ્ને ઉયયનાના આ ઈર્શાદનો હેતુ એ છે કે હું નાનપણ (કમસિની)થી જ હદીષ સાંભળ તો આવ્યો છું અને તે પણ સંપૂર્ણ તેહકીકની સાથે. અને હું નાની વયમાં જ મારા શયખોથી ઈલ્મી ચર્ચા કરી લેતો હતો. એ પોતાના દિમાગશક્તિને પ્રદર્શિત કરવા માટે ફર્માવ્યું. જરૂરતના સમયે પોતાનો કમાલ પ્રદર્શિત કરવું બુરુ નથી. સૈયદના યૂસુફ عليه السلامએ અઝીઝે મિસ્રને ફર્માવ્યું. **انى حفيظ عليم** (યૂસુફ–૫૫)

باب تفسير العرايا ص٢٩٢

"અરાયાની તફસીર" –(૨૯૨)

પ્રકરણની સ્પષ્ટતા : વર્ણન થઈ ચૂક્યું અરાયા અરિય્યહનું બહુવચન છે. એનો માદ્દો عُرْيٌ (ઉર્યુન) છે, જેનો અર્થ નગ્ન થવું છે. અહીં અતિય્યહના અર્થમાં છે. એ ખજૂરનું ઝાડ જે કોઈને એટલા માટે આપવામાં આવ્યું હોય કે તેનું ફળ ખાય લે.

ت ٤٠٧ وَقَالَ مَالِكٌ اَلْعَرِيَّةُ اَنْ يُّعْرِيَ الرَّجُلُ الرَّجُلَ النَّخْلَةَ ثُمَّ

"અને ઈમામ માલિકે ફર્માવ્યું, અરિય્યહ એ છે કે એક શખ્સ કોઈને **[તઅલીક : ૪૦૭]**

يَتَأَذَّى بِدُخُولِهٖ عَلَيْهِ فَيُخَرِّصَ لَهٗ اَنْ يَّشْتَرِيَهَا مِنْهُ بِتَمْرٍ

ખજૂરનું ઝાડ (ફળ ખાવા માટે) આપી દે પછી તેના બાગમાં આવવા જવાથી તકલીફ થાય તો તેને એ ઈજાઝત આપવામાં આવી કે તેના ફળોને સૂકી ખજૂરોના બદલામાં ખરીદી લે."

ت ٤٠٨ وَقَالَ ابْنُ اِدْرِيْسَ لَا تَكُوْنُ اِلَّا بِالْكَيْلِ مِنَ التَّمْرِ يَدًا بِيَدٍ وَلَا

"અને ઈબ્ને ઈદરીસે ફર્માવ્યું, એ તે સમયે જાઈઝ છે કે કિંમતમાં જે સૂકી ખજૂર આપવામાં **[તઅલીક : ૪૦૮]**

تَكُوْنُ بِالْجُذَافِ ـ

આવે તે માપીને આપવામાં આવે અને અકદ (સોદા)ની મજલિસમાં જ આપવામાં આવે, અંદાજાથી ન હોય."

તઅલીક : ૪૦૭–૪૦૮ની સમજૂતી ઈમામ માલિકના ઈર્શાદને અલ્લામા ઈબ્ને અબ્દુલબરે મુત્તસિલ સનદ સાથે ઈબ્ને વહબના તરીકાથી રિવાયત કર્યો છે. ઈબ્ને ઈદરીસથી કોણ બુઝુર્ગ મુરાદ છે એમાં મતભેદ છે. અલ્લામા ઈબ્ને તીને કહ્યું કે એનાથી મુરાદ અબ્દુલ્લાહ રાવી કૂફી છે. મોટાભાગના શરહકર્તાઓની એ જ રાય છે. અલ્લામા મઝીએ યકીનની સાથે કહ્યું કે એ હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ છે. આ પ્રમાણે હઝરત ઈમામ શાફઈનો ઉલ્લેખ સહીહ બુખારીમાં બે જગાએ થયો, એક અહીં અને એક કિતાબુઝ્ ઝકાતમાં. અલ્લામા ઈબ્ને બત્તાલને એમાં ઉલઝન છે કે એ કોણ સાહબ છે.

وَمِمَّا يُقَوِّيْهِ قَوْلُ سَهْلِ بْنِ اَبِى حَشْمَةَ بِالْاَوْسُقِ الْمُوَسَّقَةِ અને જે વાતોથી એને શક્તિ મળે છે. હઝરત સહલ બિન અબૂ હશ્માનો એ કૌલ પણ છે કે તે ખજૂર વસકથી માપેલી હોય.

આ કૌલ ઈબ્ને ઈદરીસનો છે અથવા ઈમામ બુખારીનો બંનેની સંભાવના છે. અલ્લામા ઈબ્ને બત્તાલની રાય છે કે એ ઈમામ બુખારીનો કૌલ છે. અને ઈમામ મઝીના કૌલથી જાહેર થાય છે કે એ હઝરત ઈમામ શાફઈનો ઈર્શાદ છે.

الاوسق الموسقةથી મુરાદ છે કે ઝાડના ફળના બદલામાં જે સૂકી ખજૂરો આપવામાં આવે તે વસક અથવા કોઈપણ માપિયાથી માપેલી હોય. આ તરકીબ (વાક્યરચના) એવી જ છે જેવું કે કુર્આન મજીદમાં ફર્માવવામાં આવ્યું : اَلْقَنَاطِيْرَ الْمُقَنْطَرَةِ مِنَ الذَّهَبِ وَالْفِضَّةِ [آل عمران:١٤] "અને તળે ઉપર ચાંદી સોનાના ઢગલા."
(આલિ ઈમરાન, આયત : ૧૪)

ت ٤٠٩ وَقَالَ ابْنُ اِسْحَاقَ فِي حَدِيْثِهٖ عَنْ نَّافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ

''અને ઈમામ ઈબ્ને ઈસ્હાક઼ે પોતાની હદીષમાં નાફ઼અ અન ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી [તઅલીક઼ : ૪૦૯]

اللّٰهُ تَعَالٰى عَنْهُمَا كَانَتِ الْعَرَايَا اَنْ يُّعْرِيَ الرَّجُلُ فِيْ مَالِهِ النَّخْلَةَ

રિવાયત કરતાં કહ્યું, અરાયાની સ્થિતિ આ પ્રમાણે હતી કે કોઈ પોતાના માલમાંથી એક

وَالنَّخْلَتَيْنِ ـ

બે ખજૂરનાં ઝાડ કોઈને ફ઼ળ ખાવા માટે આપી દે.''

ت ٤١٠ وَقَالَ يَزِيْدُ عَنْ سُفْيَانَ بْنِ حُصَيْنٍ اَلْعَرَايَا نَخْلٌ كَانَتْ

''અને સુફ઼યાન ઈબ્ને હુસૈનથી રિવાયત કરતાં યઝીદે કહ્યું કે અરાયા તે ખજૂરનાં ઝાડો [તઅલીક઼ : ૪૧૦]

تُوْهَبُ لِلْمَسَاكِيْنِ فَلَا يَسْتَطِيْعُوْنَ اَنْ يَّنْتَظِرُوْا بِهَا رُخْصَ

છે જે મિસ્કીનોને (ફ઼ળ ખાવા માટે) આપી દેવામાં આવતાં અને તે મિસ્કીન ફ઼ળને તૈયાર થવાની રાહ જોઈ

لَهُمْ اَنْ يَّبِيْعُوْهَا بِمَا شَاءُوْا مِنَ التَّمْرِ

શકતા ન હતા એટલા માટે એ લોકો એને જેટલી સૂકી ખજૂરોના બદલામાં ચાહતા વેચી દેતા.''

તઅલીક઼ : ૪૦૯ની સમજૂતી હઝરત ઈમામ બુખારીએ અરાયાની તફ઼સીરને હઝરત ઈમામ મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક઼ની હદીષનો ભાગ બતાવ્યો છે. શક્ય છે કે કોઈ સનદથી તેમને આ હદીષ સાથે એ તફ઼સીર મળી હોય. ઈમામ બુખારી સાથે જે આપણો એતેકાદ છે એના પ્રમાણે આપણે એ જ કહીશું પણ હદીષની કિતાબોની છાનબિનથી એ જાહેર થાય છે કે તેમની આ હદીષની સાથે આવી તફ઼સીર ક્યાંય વર્ણન થયેલ નથી. ઈમામ તિર્મિઝી (૧/૧૫૬ અલ્બુયૂઅ)એ આ હદીષ વર્ણવી છે એમાં આ તફ઼સીર નથી. ઈમામ અબૂ દાઊદે (૨/૧૨૨, અલ્બુયૂઅ) કેવળ તફ઼સીર વર્ણવી છે ન આ હદીષ વર્ણન કરી છે ન કોઈ અન્ય હદીષ.

ફ઼ાયદો : ઈમામ મુહમ્મદ બિન ઈસ્હાક઼ પર દેવબંદીઓના હકીમુલ ઉમ્મત મૌલાના અશરફ઼અલી થાનવીએ પોતાના લખાણમાં અતિશય નીચ વાંધા કર્યા છે જેના દલીલબદ્ધ જવાબો મસ્નદુલ વક઼્ત હઝરત મુફ઼્તીએ આ'ઝમે હિંદ મૌલાના શાહ અબુલ બરકાત મુહીયુદ્દીન મુસ્તફ઼ા રઝા رحمۃ اللہ علیہ એ વક઼ાયાએ અહલે સુન્નતમાં આપ્યા છે, જેનું જરૂરત જેટલુ લખાણ અઝીઝે સઈદ મૌલાના હાફ઼िઝ અબ્દુલહક્ક઼ રઝવી ઉસ્તાઝ જામિઆ અશરફ઼िયા મુબારકપુરે પોતાની કિતાબ ''અઝાને ખુત્બા કહાં હો ?''માં નક઼્લ કરી આપેલ છે. અહીં મારે એ બતાવવું છે કે ઈમામ ઈબ્ને ઈસ્હાક઼ એ પાયાના ઈમામ છે કે હઝરત ઈમામ બુખારીએ એમના ક઼ૌલને સનદ રૂપે વર્ણવ્યો છે, તે પણ અહકામમાં. એનાથી સાબિત કે ઈમામ ઈબ્ને ઈસ્હાક઼ તેમની નજીક કેવળ षિકહ જ નહીં હુજ્જત છે.

તઅલીક઼ : ૪૧૦ની સમજૂતી આ તઅલીક઼ને ઈમામ અહમદે પોતાની મુસ્નદ (૫/૧૯૨)માં મૌસૂલન્ રિવાયત કરી છે. આ યઝીદ એ યઝીદ ઈબ્ને હારૂન મશ્હૂર મુહદ્દિષ છે.

بَابُ بَيْعِ الثِّمَارِ قَبْلَ اَنْ يَّبْدُوَ وَصَلَاحُهَا ص ٢٩٢

"ખાવા લાયક થતાં પહેલાં ફળોનું ખરીદ વેચાણ" –(૨૯૨)

ت ٤١١ عَنْ سَهْلِ بْنِ اَبِىْ حَثْمَةَ الْاَنْصَارِيِّ مِنْ بَنِىْ حَارِثَةَ رَضِىَ اللّٰهُ

"હઝરત સહલ બિન અબૂ હષમહ્ જે બની હારષાના **[તઅલીક્ : ૪૧૧]**

تَعَالٰى عَنْهُ اَنَّهٗ حَدَّثَهٗ عَنْ زَيْدِ بْنِ ثَابِتٍ قَالَ كَانَ النَّاسُ فِىْ عَهْدِ

એક શખ્સ હતા. હઝરત ઝયદ બિન ષાબિત رضی اللہ عنہ થી રિવાયત કરતાં હદીષ બયાન કરી કે તેમણે ફર્માવ્યું,

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَتَبَايَعُوْنَ الثِّمَارَ فَاِذَا جَدَّ

નબી ﷺ ના જમાનમાં લોકો ફળોને ખરીદી લેતા અને જ્યારે ફળો કાપવામાં આવતાં અને ખરીદ વેચાણ

النَّاسُ وَحَضَرَ تَقَاضِيْهِمْ قَالَ الْمُبْتَاعُ اِنَّهٗ اَصَابَ الثَّمَرَ الدُّمَانُ

કરનાર માલ તથા કિંમત પર કબજો કરવા આવતા તો ખરીદનાર કહેતો કે ફળોને દમાન લાગી ગયું, એને

اَصَابَهٗ مُرَاضٌ اَصَابَهٗ قُشَامٌ عَاهَاتٌ يَحْتَجُّوْنَ بِهَا فَقَالَ رَسُوْلُ

બીમારી લાગી ગઈ, એને કુશામ લાગી ગયું છે. અને ફળોની બીમારીઓનો ઉલ્લેખ કરતા, નિશ્ચિત થયેલ ર

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَمَّا كَثُرَتْ عِنْدَهُ الْخُصُوْمَةُ فِىْ

કમતથી ઓછુ આપવા ઝઘડો કરતા. જ્યારે હુઝૂરની ખિદમતમાં આ ઝઘડા અધિક પ્રમાણમાં આવવા લાગ્યા

ذٰلِكَ فَاِمَّا لَا فَلَا تَبْتَاعُوْا حَتّٰى يَبْدُوَ صَلَاحُ الثَّمَرِ كَالْمَشُوْرَةِ

તો રસૂલુલ્લાહ ﷺ એ મશ્વરો આપતાં ફર્માવ્યું કે જો એ ખરીદ વેચાણ નથી છોડી શકતા તો જ્યાં સુધી ફળ

يُشِيْرُ بِهَا لِكَثْرَةِ خُصُوْمَتِهِمْ ـــ وَاَخْبَرَنِىْ خَارِجَةُ بْنُ زَيْدٍ

ઉપયોગને પાત્ર ન થઈ જાય ન વેચો. અને ખારિજહ બિન ઝયદે ખબર આપી કે

તઅલીક્ : ૪૧૧ની સમજૂતી

ઈમામ બુખારીએ આ તઅલીક્ને ઈમામ લયષ બિન સઅદથી અબઝ્ઝનાદના તરીક્થી વર્ણન કરી છે. હઝરત લયષ બિન સઅદનો વિસાલ હિ.સ. ૧૭૫માં થયો, અને ઈમામ બુખારીનો જન્મ ૧૩ શવ્વાલ હિ.સ. ૧૯૪માં થયો એટલા માટે એ મુસ્નદ નથી, મુઅલ્લક્ છે. એને ઈમામ અબૂ દાઉદે (૨/૧૨૨–અલ્બુયૂઅ) મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે, પણ એની સનદમાં ઈમામ લયષ નથી. દમાન, કુશામ એ ખાસ બીમારીઓ છે જે ખજૂરોના ફળોમાં તૈયાર થતાં પહેલાં લાગુ પડી જાય છે જેના કારણે ફળો ખરાબ થઈ જાય છે અથવા ખરી

اَنَّ زَيْدَ بْنَ ثَابِتٍ لَمْ يَكُنْ يَبِيْعُ ثِمَارَ اَرْضِهٖ حَتّٰى تَطْلُعَ

હઝરત ઝયદ બિન ષાબિત رضی اللہ عنہ જ્યાં સુધી સુરૈયા તુલૂઅ ન કરી લે ફળોને નથી વેચતા.

الثُّرَيَّا فَيَتَبَيَّنُ الْاَصْفَرُ مِنَ الْاَحْمَرِ -

તે વખતે પીળુ લાલથી અલગ પડી જતુ."

حديث ١٢٨٦ عَنْ نَّافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ رَسُوْلَ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઉપયોગને **[હદીષ : ૧૨૮૬]**

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَهٰى عَنْ بَيْعِ الثِّمَارِ حَتّٰى يَبْدُوَ صَلَاحُهَا

પાત્ર થતા પહેલાં ફળોને વેચવાથી મના ફર્માવ્યું.

જાય છે અથવા ખૂબ સારી પેઠે વધવા નથી પામતાં. **مراض** (મુરાઝ) મુત્લક્ન દરેક બીમારીને કહે છે. ઝઘડો એ થતો કે ખરીદનાર એવું કહેતો કે બીમારીના કારણે ફળો ઓછાં આવ્યાં છે, ખરાબ આવ્યાં છે એટલા માટે નિશ્ચિત કિંમત આપીશ નહીં, ઓછી આપીશ.

كالمشورة આ હઝરત ઝયદ બિન ષાબિતનો ઈજતેહાદ છે, નહીં તો અન્ય પુષ્કળ હદીષો એના માટે દલીલ છે કે ઉપયોગના પાત્ર થતાં પહેલાં ફળોના સોદાથી નિશ્ચિતપણે મના કરી આપેલ છે. જેમાંથી કેટલીયે હદીષો વર્ણન થઈ ચૂકી છે અને કેટલીક આગળ આવી રહી છે. અથવા શક્ય છે કે શરૂમાં મશ્વરારૂપે મના ફર્માવ્યું હોય અને બાદમાં ક્તઈ (નિશ્ચિતપણુ) મના કરી આપ્યું.

فَاِمَّا لَا : એમાં (ઈન) શર્તિયા સાથે (મા) તાકીદના માટે અધિક છે. એટલે કે જો ઝાડો પર ફળોનું વેચાણ નથી છોડી શક્તા.....છેવટ સુધી

حتى تطلع الثريا : એ **ثروىٰ** (ષરવા)ની તસ્ગીર (તુંકારવાચક) છે, જેનો અર્થ માલદાર સ્ત્રી છે બુર્જ, અને ષૌરની ગરદનમાં છ તારાઓના સમૂહનું નામ છે જેઓ ઝુમખા જેમ એકઠા છે જેને ફારસીમાં પરવીન કહે છે. એના તુલૂઅ થવાથી ફજરના સમયનું તુલૂઅ થવું મુરાદ છે. અરબનો એ જ ઉર્ફ છે કે તેઓ સિતારાના નીકળવાથી ફજરના સમયનું તુલૂઅ થવું મુરાદ લે છે. ષુરૈયા હિજાઝમાં હિંદી અષાઢના મહિનામાં ઉગે છે જ્યારે કે ત્યાં ગરમી પૂર જોશ હોય છે, એ સમય સુધીમાં ખજૂરો તૈયાર થઈ જાય છે અને બીમારીઓના ખતરાથી બહાર થઈ જાય છે. મુસ્નદે ઈમામે આ'ઝમમાં હઝરત અતાથી મરવી છે કે ફર્માવ્યું, જ્યારે ષુરૈયા તુલૂઅ થઈ જાય છે તો ફળોથી આફત ઉઠાવી લેવામાં આવે છે. અલ્લામા ઈબ્ને હજરે આ હદીષ મુસ્નદે ઈમામે આ'ઝમના હવાલાથી ફત્હુલ બારીમાં નક્લ કરી છે. એ દલીલ છે કે મુસ્નદે ઈમામે આ'ઝમ એમની નજીક પણ હુજ્જત છે.

અબૂ દાઉદ (ઉમ્દતુલ ક્વારી, ભાગ–૨, પેજ : ૪)માં અતાના તરીક્વાથી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરફૂઅ હદીષ છે કે ફર્માવ્યું, જ્યારે ષુરૈયા સવારના સમયે તુલૂઅ થાય છે તો દરેક શહેરથી આફત ઉઠાવી લેવામાં આવે છે. તેમજ મુસ્નદે ઈમામ અહમદ (૨/૩૪૧)માં પણ એક જગાએ છે.

من كل بلد : ના હઝફની સાથે છે, તેમજ એમાં જ બીજી રિવાયત (૨/૩૮૮)માં છે, જ્યારે પણ ષુરૈયા સવારે તુલૂઅ કરે (ઉગે) છે તો જો કોઈ આફત આવનારી હોય છે તો ઉઠાવી લેવામાં આવે છે અથવા એમાં ઘટાડો થઈ જાય છે.

نَهَى الْبَائِعَ وَالْمُبْتَاعَ ؏

વેચનાર તથા ખરીદનાર બંનેને મના ફર્માવ્યું." (મુસ્લિમ, અબૂ દાઊદ–બુયૂઅ)

حدیث ۱۲۸۷ ثَنَا سَعِيدُ بْنُ مِينَاءَ قَالَ سَمِعْتُ جَابِرَ بْنَ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ

[હદીષ : ૧૨૮૭] "હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે

تَعَالٰى عَنْهُمَا قَالَ نَهَى النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنْ تُبَاعَ

નબી ﷺ એ રંગ પકડવાથી પહેલાં ફળોને વેચવાથી મના ફર્માવ્યું. એટલે કે

الثَّمَرَةُ حَتّٰى تَشْقَحَ قَالَ تَحْمَارُّ اَوْ تَصْفَارُّ وَيُؤْكَلُ مِنْهَا ـ

લાલ થવા માંડે અથવા પીળા થવાં માંડે અને ખાવા લાયક થઈ જાય."

بَابُ بَيْعِ النَّخْلِ قَبْلَ اَنْ يَّبْدُوَ وَصَلَاحُهَا ص ۲۹۲

حدیث ۱۲۸۸ اَنَا حُمَيْدٌ ثَنَا اَنَسُ بْنُ مَالِكٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ

[હદીષ : ૧૨૮૮] "હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફળોના સોદાથી

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ نَهٰى عَنْ بَيْعِ الثَّمَرَةِ حَتّٰى يَبْدُوَ صَلَاحُهَا

જ્યાં સુધી ઉપયોગને પાત્ર ન થઈ જાય અને ઝાડ પર ખજૂરના સોદાથી જ્યાં સુધી રંગ ન પકડે મના

وَعَنِ النَّخْلِ حَتّٰى تَزْهُوَ قِيْلَ وَمَا يَزْهُوْ قَالَ تَحْمَارُّ اَوْ تَصْفَارُّ ؕ

ફર્માવ્યું. અર્ઝ કરવામાં આવી, રંગ પકડવાનો શો મતલબ ? તો ફર્માવ્યું, લાલ થવા માંડે અથવા પીળુ થવા

قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ كَتَبْتُ اَنَا عَنْ مُّعَلّٰى بْنِ مَنْصُوْرٍ اِلَّا اِنِّيْ لَمْ اَكْتُبْ

માંડે. અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, મેં મુઅલ્લા ઈબ્ને મન્સૂરની હદીષ લખી

હદીષ : ૧૨૮૭ની સમજૂતી હઝરત જાબિરની આ હદીષથી ષાબિત થયું કે ખજૂરના ઉપયોગને પાત્ર થવાની હદ એ છે કે તે રંગ પકડી લે. અને તે એ લાયક થઈ જાય કે લોકો તેને ખાવા લાગે. આ દરેક ફળમાં અલગ હોય છે જેને લોકો દરેક જગાએ પોતાને ત્યાં થતા ફળો વિશે જાણે છે.

હદીષ : ૧૨૮૮ની સમજૂતી હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ની આ હદીષમાં તફસીલ છે. ષમર એટલે સામાન્ય ફળોના બારામાં એ વર્ણન થયેલ છે કે ઉપયોગને પાત્ર થતા પહેલાં વેચવાં મના છે. એના માટે કોઈ ખાસ નિશાની નિશ્ચિત નથી કરી. એ દરેક ફળ અને દરેક સ્થળના લેહાઝથી અલગ છે. ખજૂર તેમના

هٰذَا الْحَدِيْثَ عَنْهُ -

પણ આ હદીષ એમનાથી નથી લખી.''

بَابُ إِذَا بَاعَ الثِّمَارَ قَبْلَ أَنْ يَبْدُوَ صَلَاحُهَا ثُمَّ أَصَابَتْهُ عَاهَةٌ فَهُوَ مِنَ الْبَائِعِ

''ઉપયોગને પાત્ર થતા પહેલાં ફળો વેચ્યાં પછી તેને કોઈ આફત આવી પહોંચી તો જે નુકસાન થયું તે વેચનારનું છે'' *–(૨૯૩)*

પ્રકરણનો ખુલાસો *: ઈમામ બુખારીના એ ફર્માવવાથી કે સોદા પછી કોઈ આફત આવી પહોંચી તો જે નુકસાન થયું તે વેચનારનું થયું. જાહેર થાય છે કે ઉપયોગને પાત્ર થતા પહેલાં ફળોનું ખરીદ વેચાણ તેમની નજીક સહીહ છે. કેમ કે એનો મતલબ એ થયો કે જો કોઈ આફત ન પહોંચી અથવા જે ફળો આફતથી બચી ગયાં તે ખરીદનારનાં છે. અને આ હુકમ તે વખતે સહીહ થશે જ્યારે ખરીદ વેચાણ દુરુસ્ત હોય.*

حديث ١٢٨٩ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أَرَأَيْتَ إِنْ **[હદીષ : ૧૨૮૯]**

''રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બતાવો ! (તમે લોકો ફળોને ઉપયોગને પાત્ર થતા પહેલાં વેચો છો) જો

مَنَعَ اللّٰهُ الثَّمَرَةَ بِمَ يَأْخُذُ أَحَدُكُمْ مَالَ أَخِيْهِ -

અલ્લાહ ફળોને તૈયાર થતા પહેલાં રોકી આપે તો તમે કઈ ચીજના બદલામાં તમારા ભાઈનો માલ લેશો ?''

શહેરોની વસ્તુ છે એની નિશાની વર્ણન કરી કે જ્યાં સુધી તે લાલ કે પીળાં ન થવા માંડે વેચવું મના છે અને ''તઝ્હૂ''નો અર્થ પૂછનાર ખૂદ હુમૈદ તવીલ હતા. જેમ કે પાંચ પ્રકરણો પછી બાબે બયઉલ મુખાદરામાં છે : **فقلنا لانس ومازهوها** ''અમે હઝરત અનસને કહ્યું એનું રંગ પકડવું શું છે ?''

હદીષ : ૧૨૮૯ની સમજૂતી

ઉપયોગને પાત્ર થતા પહેલાં ફળોના સોદાની મનાઈની આ ઈલ્લત (સબબ) છે. એટલે કે વેચનારે તો એવું સમજીને કિંમત નિશ્ચિત કરી હતી કે આ ઝાડ પર દા.ત. પાંચ વસક઼ ફળ તૈયાર થશે. તો જે કિંમત નિશ્ચિત થઈ તે પાંચ વસક઼ની નિશ્ચિત થઈ. જ્યારે કોઈ આફતને કારણે ફળો પૂરે પૂરાં કે અમુક નષ્ટ થઈ ગયાં તો પૂરી કિંમત કે અમુકની કોઈ બદલા વિના તેણે આપવી પડશે, એટલા માટે એ સોદો દુરુસ્ત નથી.

અને ઈમામ બુખારીએ એનો મતલબ એ સમજ્યો કે આ ઈર્શાદનો મતલબ એ છે કે જેટલાં ફળો તૈયાર થયાં એના હિસાબે કિંમત ઓછી કરી દેવામાં આવે. પણ એમાં કેટલો મતભેદ તથા ખેંચતાણ થશે એ જાહેર છે. એટલા માટે આ ઈર્શાદનો એ મતલબ હરગિઝ નથી કે સોદો સહીહ છે અને જે નુકસાન થયું તેની માત્રામાં કિંમત ઓછી કરી દેવામાં આવે અથવા એને વેચનાર પૂર્ણ કરે, બલ્કે એ સોદાના હરામ હોવાની ઈલ્લત (સબબ) છે અને આ સોદો મુદ્દલે સહી જ નથી.

ت ٤١٢ عَنِ ابْنِ شِهَابٍ قَالَ لَوْ اَنَّ رَجُلًا نِ ابْتَاعَ ثَمَرًا قَبْلَ اَنْ يَّبْدُوَ

"ઈબ્ને શહાબે કહ્યું, જો કોઈ ઉપયોગને પાત્ર થતા પહેલાં ફળોને ખરીદી લે [તઅલીક : ૪૧૨]

صَلَاحُهُ ثُمَّ اَصَابَتْهُ عَاهَةٌ كَانَ مَا اَصَابَهُ عَلٰى رَبِّهٖ -

પછી તેને કોઈ આફત પહોંચી જાય તો જેટલુ નષ્ટ થયું તે એના માલિકનું છે."

بَابُ اِذَا اَرَادَ بَيْعَ تَمْرٍ بِتَمْرٍ خَيْرٍ مِّنْهُ ص ٢٩٣

"જ્યારે ખજૂરને તેનાથી સારી ખજૂરના બદલામાં વેચવામાં આવે." –(૨૯૩)

حديث ١٢٩٠ عَنْ سَعِيْدِ بْنِ الْمُسَيَّبِ عَنْ اَبِىْ سَعِيْدِنِ الْخُدْرِيِّ وَعَنْ

"હઝરત અબૂ સઈદ ખુદરી તથા હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہما થી [હદીષ : ૧૨૯૦]

اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ખૈબર પર એક સાહબને

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اسْتَعْمَلَ رَجُلًا عَلٰى خَيْبَرَ فَجَاءَهٗ بِتَمْرٍ جَنِيْبٍ

આમિલ બનાવ્યા. તે ઉમદા ખજૂરો લાવ્યા. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,

فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَكُلُّ تَمْرِ خَيْبَرَ هٰكَذَا

શું ખૈબરની સર્વ ખજૂરો આવી જ છે ? અર્ઝ કરી, નહીં ! બખુદા યા રસૂલલ્લાહ !

قَالَ لَا وَاللّٰهِ يَا رَسُوْلَ اللّٰهِ اِنَّا لَنَاْخُذُ الصَّاعَ مِنْ هٰذَا بِالصَّاعَيْنِ

અમે એક સાઅ બે સાઅના બદલામાં, અને બે સાઅ ત્રણ સાઅના બદલામાં લઈએ છીએ. ફર્માવ્યું,

وَالصَّاعَيْنِ بِالثَّلٰثَةِ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

એવું ન કરો ! ભેગીને દિરહમના બદલામાં વેચો અને

તઅલીક : ૪૧૨ની સમજૂતી હનફીઓને ત્યાં આ સોદો ફાસિદ છે, પરંતુ જો સોદા પછી ખરીદનારે ઝાડ પર કબજો કરી લીધો અને જે બર્બાદ થઈ ગયું તો તે ખરીદનારનું ગયું, વેચનાર પર કોઈ તાવાન (બદલો) નથી. અને જો ખરીદનારના કબજાથી પહેલાં નષ્ટ થયું તો વેચનારનું નષ્ટ થયું અને જો પૂર્ણપણે નષ્ટ થઈ ગયું તો કિંમતનો હક્કદાર નથી.

હદીષ : ૧૨૯૦ની સમજૂતી અલ્એઅ્તેસામમાં અંતમાં આટલુ વધારે છે, "એવું ન કરો, સરખે સરખુ ખરીદો અથવા તેને વેચો અને તેની કિંમતથી એને ખરીદો અને એવું જ તોલમાં પણ કરો. જે સાહબને આમિલ

لَا تَفْعَلْ بِعِ الْجَمْعَ بِالدَّرَاهِمِ ثُمَّ ابْتَعْ بِالدَّرَاهِمِ جَنِيبًا ع ه

દિરહમના બદલામાં ઉમદા ખજૂરો ખરીદો.''

(બુખારી, ૧/૩૦૮, અલ્વકાલહ, ૨/૬૦૫ મગ્ઝી, ૨/૧૦૯૨ અલ્એઅ્તેસામ, મુસ્લિમ, નિસાઈ–બુયૂઅ)

بَابُ قَبْضِ مَنْ بَاعَ نَخْلًا قَدْ أُبِّرَتْ أَوْ أَرْضًا مَزْرُوعَةً أَوْ بِإِجَارَةٍ ص ٢٩٣

''જેણે ખજૂરનું ગાભા દીધેલ (કલમ કરેલ) ઝાડ અથવા ફસલ લાગેલુ ખેતર વેચ્યું અથવા ભાડે લીધું તો એ ઝાડનું ફળ અને એની ખેતી કોની છે.'' *–(૨૯૩)*

حديث ١٢٩١ عَنْ نَافِعٍ مَوْلَى ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَيُّمَا نَخْلٍ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના આઝાદ કરેલા ગુલામ નાફેઅથી મરવી છે **[હદીષ : ૧૨૯૧]**

بِيعَتْ قَدْ أُبِّرَتْ لَمْ يُذْكَرِ الثَّمَرُ فَالثَّمَرُ لِلَّذِي أَبَّرَهَا وَكَذٰلِكَ الْعَبْدُ

કે જે તાબીર થયેલ ખજૂરનું ઝાડ વેચવામાં આવ્યું અને ફળનો ઉલ્લેખ ન કરવામાં આવ્યો તો ફળ તાબીર

الْحَرْثُ سَمَّى لَهُ نَافِعٌ هٰؤُلَاءِ الثَّلَاثَ -

કરનારનું છે અને એ જ પ્રમાણે ગુલામ તથા ખેતર. નાફેએ આ ત્રણેવનું નામ લઈને ઉલ્લેખ કર્યો.

બનાવ્યો હતો તેનું નામ સવાદ બિન ગઝિયહ અથવા માલિક બિન સઅ્સઆ હતું. પ્રથમ વર્ણવેલ અન્સારના હલીફ (તરફદાર) છે અને બીજા સાહબ ખઝરજી માઝની અન્સારી છે. **جمع**થી દરેક પ્રકારની મિશ્ર ખજૂરો મુરાદ છે. નિયમ એવો જ હતો કે જેટલી પણ ખજૂરો વસૂલ થતી સારી ખરાબ તે મિશ્ર કરી દેવામાં આવતી, કેમ કે ખજૂરો સૌ એક જાતની છે. એટલા માટે વધઘટની સાથે એનું ખરીદ વેચાણ વ્યાજ છે. ભલે માલ ખરાબ હોય અને ષમન (કિંમત) ઉમદા હોય અથવા એથી ઉલ્ટુ હોય. આ હદીષથી સાબિત થયું કે જરૂરતના સમયે હીલો જાઈઝ છે, કેમ કે વધઘટની સાથે ખજૂરો ખજૂરોના બદલામાં વેચે અથવા રદ્દી ખજૂરોને રોકડના બદલે વેચીને એ રોકડ વડે ઉમદા ખજૂરો ખરીદી. બંનેનો સાર એક થયો એટલા માટે એની હૈસિયત હીલાની જ થઈ.

હદીષ : ૧૨૯૧ની સમજૂતી આ હદીષ ઈમામ બુખારીએ પોતાના શયખ ઈબ્રાહીમથી વાતચીતના તૌર પર સાંભળી છે એટલા માટે સનદના પ્રારંભમાં **قال لی ابراهیم** કહ્યું અને આ હદીષ નાફેઅ પર મૌકૂફ છે, ભલે એના ભાગો બીજી સનદો સાથે મરફૂઅન પર રિવાયત પામેલ છે. **باب بیع النخله باصله**માં તેનો પ્રથમ ભાગ મરફૂઅન રિવાયત થયેલ છે. **ثم باع باصلها** તાબીર પછી એ ઝાડને થડ સાથે વેચ્યું. આ હદીષથી સાબિત થયું કે તાબીર પછી જો કેવળ ઝાડ વેચ્યું તો માલ વેચનારનો છે જ્યારે કે સોદા વખતે એ સ્પષ્ટતા ન હોય કે ઝાડ ફળ સહિત, અને ખેતર ફસલ સહિત અને ગુલામ માલ સાથે ખરીદી રહ્યો છું. અને જો સ્પષ્ટતા કરી દેવામાં આવી હોય તો એ સૌ ખરીદનારનાં થશે.

قدابرت : તાબીરનો મતલબ એ થાય છે કે ખજૂરની કળીઓ બે પ્રકારનાં હોય છે, એકને માદા કહે છે અને એકને નર કહે છે. માદા કળીને થોડીક ચીરીને એમાં નર કળીનો થોડોક હિસ્સો નાખી દે છે જેને ઉર્દૂમાં ગાભા દેવું બોલે છે અને અરબીમાં તાબીર તથા તલ્ક़ીહ કહે છે.

حديث ١٢٩٢ عَنْ نَّافِعٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ [હદીષ : ૧૨૯૨]

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ بَاعَ نَخْلًا قَدْ اُبِّرَتْ فَثَمَرُهَا

ફર્માવ્યું, જેણે તાબીર થયેલ ખજૂરનું ઝાડ વેચ્યું તો એનુ ફળ વેચનારના માટે છે પણ એ કે

لِلْبَائِعِ اِلَّا اَنْ يَّشْتَرِطَ الْمُبْتَاعُ ـ ٤٥

ખરીદનાર શર્ત કરી લે કે ફળોની સાથે ખરીદુ છું." (બુખારી ૧/૨૯૩, ૧/૩૨૦ અલ્મસાક઼ાત, મુસ્લિમ, અબૂ દાઊદ–બુયૂઅ)

بَابُ بَيْعِ الزَّرْعِ بِالطَّعَامِ كَيْلًا ص ٢٩٣

"ફસલને માપેલા અનાજના બદલામાં વેચવું" –(૨૯૩)

حديث ١٢٩٣ عَنْ نَّافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ نَهٰى رَسُوْلُ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ [હદીષ : ૧૨૯૩]

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنِ الْمُزَابَنَةِ اِنْ يَّبِيْعَ ثَمَرَ حَائِطِهٖ

મુઝાબનતથી મના ફર્માવ્યું. દા.ત. પોતાના બાગનાં ખજૂરના ફળને સૂકી ખજૂરના બદલામાં

اِنْ كَانَ نَخْلًا بِتَمْرٍ كَيْلًا وَاِنْ كَانَ كَرْمًا اَنْ يَّبِيْعَهٗ بِزَبِيْبٍ كَيْلًا وَاِنْ

માપીને વેચે, અને જો દ્રાક્ષ છે તો એને કિસમિસના બદલામાં માપીને વેચે. અને જો ફસલ છે તો

كَانَ زَرْعًا اَنْ يَّبِيْعَهٗ بِكَيْلِ طَعَامٍ نَهٰى عَنْ ذٰلِكَ كُلِّهٖ ـ ٤٥

એને માપેલા અનાજના બદલામાં વેચે. એ બધાથી મના ફર્માવ્યું."

(મુસ્લિમ, અબૂ દાઊદ–બોયૂઅ, ઈબ્ને માજહ–અત્તિજારાત)

પ્રકરણથી સામ્યતા : આ હદીષ પ્રકરણના બે પહેલાવાળા ભાગથી સ્પષ્ટપણે મુતાબિક઼ છે અને ઈજારાની સાથે લાઝમી રીતે, કે જ્યારે સોદો થવા છતાં જે વેચનારની માલિકીની સંપૂર્ણપણે સમાપ્તિનું કારણ છે; ફળ તથા ફસલ વેચનારની છે તો ઈજારામાં તો અધિક કક્ષાએ વેચનારની થશે કેમ કે ઈજારામાં ઝાડ તથા ખેતર માલિકની મિલ્કિયતમાં જ રહે છે પણ કેમ કે માલિકે જાતે પોતે નિશ્ચિત મુદ્દત સુધી એનાથી ફાયદો ઉઠાવવાનો હક્ક઼ ઈજારા પર લેનારને આપી દીધો છે એટલા માટે તે એટલી મુદ્દત સુધી એનાથી નફો નથી હાંસલ કરી શકતો.

સમજૂતી : હદીષ : ૧૨૯૨–૧૨૯૩

اوكان زرعا ખેતરમાં ફસલ હોય અને અંદાજો કરીને કે એમાં આટલુ અનાજ છે, દા.ત. દસ વસક઼, તો એને દસ વસક઼ અનાજના બદલામાં વેચવાને મુહાક઼લા કહે છે. અહીં અતિશયોક્તિ રૂપે એને પણ મુઝાબનત કહેવામાં આવ્યું છે.

بَابُ بَيْعِ الْمُخَاضَرَةِ ص ٢٩٣

"બયએ મુખાદરાનુ બયાન" –(૨૯૩)

حديث ١٢٩٤ ثَنَا إِسْحٰقُ بْنُ أَبِي طَلْحَةَ الْأَنْصَارِيُّ عَنْ أَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે **[હદીષ : ૧૨૯૪]**

عَنْهُ أَنَّهُ قَالَ نَهٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنِ الْمُحَاقَلَةِ

રસૂલુલ્લાહ ﷺ એ મુહાક़લા તથા મુખાદરા, મુલાબસા,

وَالْمُخَاضَرَةِ وَالْمُلَامَسَةِ وَالْمُنَابَذَةِ وَالْمُزَابَنَةِ۔

મુનાબઝા અને મુઝાબનહથી મના કર્યું છે."

باب من اجرى امر الامصار على ما يتعارفون بينهم فى البيوع والاجارة والمكيال والوزن وسنتهم على نياتهم ومذاهبهم المشورة

"ખરીદ વેચાણ, ભાડુ તથા માપ તોલમાં દરેક શહેરનો મામલો ત્યાંના ઉર્ફ તથા તેના તરીક़ા અને મશ્હૂર તથા પ્રખ્યાત રિવાજ પર છે." –(પેજ : ૨૯૪)

ت ٤١٣ وَقَالَ شُرَيْحٌ لِلْغَزَّالِيْنَ سُنَّتُكُمْ بَيْنَكُمْ

"અને ક़ાઝી શુરૈહે સુતર વેચવાવાળાઓને કહ્યું, તમારો ફૈસલો તમારા **[તઅલીક़ : ૪૧૩]**

આપસના રિવાજના પ્રમાણે થશે."

ت ٤١٤ عَنْ مُحَمَّدٍ لَا بَأْسَ الْعَشَرَةُ بِأَحَدَ عَشَرَ وَيَأْخُذُ لِلنَّفَقَةِ رِبْحًا۔

"દસની ચીજને અગ્યારમાં વેચવામાં વાંધો નથી અને ખર્ચાઓ માટે નફો લઈ શકે છે." **[તઅલીક़ : ૪૧૪]**

હદીષ : ૧૨૯૪ની સમજૂતી મુખાદરા, ખુદરતુનથી બાબે મુફાએલતનો મસ્દર છે. એનાથી મુરાદ એ છે કે ઉપયોગને પાત્ર થતા પહેલાં ફળો તથા ફસલને વેચવું. આ પણ મના છે જેમ કે વારંવાર વર્ણન થઈ ચૂક્યું.

તઅલીક़ : ૪૧૩ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદની સાથે રિવાયત કરી છે. કેટલાક સૂતર વેચનારા ક़ાઝી શુરૈહની પાસે પોતાનો ઝઘડો લઈને આવ્યા, અને કહ્યું અમારો આપસનો રિવાજ એ છે કે.....તો ફર્માવ્યું તમારો આપસનો રિવાજ વિશ્વસનીય છે.

તઅલીક़ : ૪૧૪ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. મુહમ્મદથી મુરાદ ઈમામુલ મુઅબરીન મુહમ્મદ ઈબ્ને સીરીન છે. આ તઅલીક़નો મતલબ એ છે કે કોઈ ચીજ સો દીનારમાં ખરીદી હતી એના બારામાં એ વાત નક્કી થઈ ગઈ કે દરેક દસ દીનાર પર એક

ت ٤١٥ وَاكْتَرَى الْحَسَنُ مِنْ عَبْدِ اللّٰهِ بْنِ مِرْدَاسٍ حِمَارًا فَقَالَ بِكَمْ

"ઈમામ હસન બસરીએ અબ્દુલ્લાહ ઈબ્ને મિરદાસ رضی اللہ عنہ થી [તઅલીક : ૪૧૫]

فَقَالَ بِدَانِقَيْنِ فَرَكِبَهُ ثُمَّ جَاءَ مَرَّةً أُخْرٰى فَقَالَ الْحِمَارُ الْحِمَارُ

ભાડે ગધેડો લીધો. પૂછયું ભાડુ શું થશે ? બે દાંગ. ઈમામ હસન બસરી એના પર સવાર થઈ ગયા.

فَرَكِبَهُ وَلَمْ يُشَارِطْهُ فَبَعَثَ إِلَيْهِ بِنِصْفِ دِرْهَمٍ -

પછી બીજીવાર આવ્યા અને ફર્માવ્યું, ગધેડો લાવો ! અને સવાર થઈ ગયા,

ભાડુ નક્કી ન કર્યું અને એમની પાસે અડધો દિરહમ મોકલી આપ્યો."

حديث ١٢٩٥ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ هِنْدٌ أُمُّ مُعَاوِيَةَ لِرَسُوْلِ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે મુઆવિયહની [હદીષ : ૧૨૯૫]

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِنَّ أَبَا سُفْيَانَ رَجُلٌ شَحِيحٌ فَهَلْ

મા હિંદાએ રસૂલુલ્લાહ ﷺ થી અર્ઝ કરી કે અબૂ સુફ્યાન કંજૂસ માણસ છે, જો હું છાનીમાની એમના

દીનાર નફો લઈશ. ખરીદનારે કબૂલ કરી લીધું તો સોદો સહીહ છે. એને મુરાબહા કહે છે. એના સહીહ હોવાની શરત એ છે કે વેચનારે જે ભાવે ખરીદયો છે તેને સહીહ બતાવી આપે, ગલત બતાવશે તો એ ધોકો થશે. વેચનાર એ ચીજના સ્થળાંતર કરવામાં વગેરેમાં જે ખર્ચ કર્યો છે તે પણ રાખી શકે છે પણ એ સ્થિતિમાં એવું ન કહે કે મેં આટલામાં ખરીદયો છે બલ્કે એવું કહે કે આ ચીજ આટલામાં પડી છે જેથી જૂઠુ ન થાય.

તઅલીક : ૪૧૫ની સમજૂતી

આ તઅલીકને ઈમામ સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. دانق નૂનના ઝેર તથા ઝબર બંનેવ સાથે છે. દાંગને મુઅરબ એક દિરહમના છઠ્ઠા ભાગને કહે છે એટલે એક દિરહમ છ દાંગનો થાય છે. આ તઅલીકનો ફાયદો એ છે કે એ આમ રિવાજ છે કે એક શખ્સ કોઈ જાનવરને સવારના માટે કોઈ ખાસ જગાએ ભાડે લે છે અને કોઈ ભાડુ નક્કી થઈ જાય છે તો બીજીવાર ભાડુ નક્કી નથી કરતો ન પૂછે છે, વિના કાંઈ પૂછયે જાનવર પર સવાર થઈ જાય છે અને પહેલાવાળુ ભાડુ આપી દે છે. એમાં શરીઅતની રૂએ કાંઈ વાંધો નથી. વાંધો હોત તો ઈમામ હસન બસરી આવુ ન કરત, જ્યારે કે ભાડુ નક્કી કર્યા વિના જાનવર સવાર થવું જાઈઝ નથી. પણ કેમ કે એક રિવાજ છે તે એના સ્થાને છે કે ભાડુ નક્કી છે. હઝરત હસન બસરીએ બીજીવાર ભાડુ કાંઈક વધારે મોકલ્યું એ એમની મહેરબાની હતી.

હદીષ : ૧૨૯૫ની સમજૂતી

હિંદા رضی اللہ عنہا એ આ અરજ ફતહે મક્કાના મોકા પર પેશ કરી હતી જ્યારે ઈસ્લામ સ્વીકારવા આવ્યાં હતાં. એમના બાપ ઉત્બાને ગઝવએ બદરમાં શેરે ખુદા હઝરત હમ્ઝા رضی اللہ عنہ એ માર્યો હતો એના બદલામાં તેમણે ગઝવએ ઓહદમાં હઝરત હમ્ઝાનું પેટ ચીરીને તેમનુ કલેજે ચાવ્યું હતું, નાક કાન કાપીને હાર પહેર્યો હતો.

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ اَبَا سُفْيَانَ رَجُلٌ شَحِيْحٌ فَهَلْ

માલમાંથી કાંઈ લઈ લઉં તો કોઈ ગુનોહ છે ? ફર્માવ્યું, અને તારાં બાળકો એટલું લઈ શકે છે

عَلَيَّ جُنَاحٌ اَنْ اٰخُذَ مِنْ مَّالِهٖ سِرًّا قَالَ خُذِيْ اَنْتِ وَبَنِيْكِ مَا يَكْفِيْكِ

જે ઉર્ફના પ્રમાણે હોય." (બુખારી ૨/૮૦૮, ઈન્ફેક્વાત, ૨/૧૦૬૪, અલ્અહકામ)

એના લીધે હુઝૂરે અક્દસ ﷺએ જે સ્ત્રીને ક્તલ કરવાનો હુકમ આપ્યો હતો એમનામાંથી આ પણ હતાં. એ અતિશય દિમાગવાળાં અને બુદ્ધિશાળી સ્ત્રી હતાં. એટલા માટે ભાગવા છુપવાને બદલે જ્યારે સ્ત્રીઓ ઈસ્લામ સ્વીકારવા માટે હાજર થઈ તો એ પણ ટોળામાં સામેલ થઈને ખિદમતમાં હાજર થઈ ગયાં. ઈસ્લામ સ્વીકારીને બયઅત કબૂલ કરી લીધી. સ્ત્રીઓ પાસે એના પર પણ બયઅત લેવામાં આવી હતી કે ચોરી કરશે નહીં. તે વખતે એમણે આ અરજ પેશ કરી હતી.

ચર્ચા હેઠળની હદીષ એમના ઈસ્લામની અચ્છાઈની દલીલ છે. સ્ત્રીઓમાં વિના ઈજાઝતે પતિનો માલ ખર્ચ કરવાની આદત હોય છે અને એને અયબ પણ માનવામાં નથી આવતું. પણ ઈસ્લામે થોડીક મિનિટોમાં એ ખૌફે ખુદા પેદા કરી આપ્યો કે તેમને અંદેશો થયો કે ક્યાંક આ પણ ગુનોહ ન હોય.

આ હદીષથી સાબિત થયું કે પુરૂષ પર વાજિબ છે કે ઉર્ફ (આમ રિવાજ) પ્રમાણે પોતાનાં બીવી બચ્ચાંને ભરણપોષણ આપે ત્યાં સુધી કે જો તે ઉણપ વર્તે તો સ્ત્રી જરૂરત પૂરતુ તેની રજા વિના પણ લઈ શકે છે. જે લોકો કઝા અલલ ગાઈબના માનનારા છે તેઓ આ હદીષથી દલીલ લાવે છે. એમનું કહેવું એ છે કે હઝરત અબૂ સુફયાન ત્યાં મૌજૂદ ન હતા અને હુઝૂરે તેમની વિરુધ્ધ ફૈસલો આપી દીધો. એના પર ગુઝારિશ છે કે પ્રથમ તો એ કે ક્ઝા નથી, હઝરત હિંદાએ એક શરઈ હુકમ પૂછયો હતો અને હુઝૂરે વર્ણન કરી આપ્યો. બીજુ એ કે અમુક મુફસ્સલ રિવાયતોમાં છે કે હઝરત અબૂ સુફયાન તે વખતે ત્યાં મૌજૂદ હતા અને એ સાંભળીને કહ્યું, જાહેર તરીક્ા પ્રમાણે તું જેટલુ પણ લઈશ તે તારા માટે હલાલ છે.

હઝરત હિંદા رضی اللہ عنہا : એમનો વંશવેલો અબ્દેમુનાફ સુધી જઈને નબવી વંશથી મળી જાય છે. એ ઉત્બા બિન રબીઅહ બિન અબ્દુશશમ્સ બિન અબ્દે મનાફના પુત્રી હતાં. ખૂબ જ બુદ્ધિ કૌશલ્યવાન, નીડર ખાતૂન હતાં. એમની શાદી પહેલાં ફાકહા બિન મુગીરા હઝરત ખાલિદ બિન વલીદ સૈફુલ્લાહ رضی اللہ عنہ ના કાકા સાથે થઈ હતી. ફાકેહા ઘણો જ ઉદાર મહેમાનનવાઝ હતો. એના ઘરે લોકો વિના નિમંત્રણે ચાલ્યા જતા હતા. એક દિવસ ફાકેહા હિંદાને ઘરમાં એકલાં મૂકીને કોઈ કામના માટે ચાલ્યો ગયો. એ અરસામાં એક શખ્સ આવ્યો. અંદર જઈને જ્યારે જોયું કે હિંદા એકલાં છે તે નાઠો, એટલામાં ફાકેહા આવી ગયો. એને નાસતો જોઈને એને બદ્ગુમાની થઈ અને અંદર જઈને હિંદાને પગો વડે માર્યાં અને પૂછયું, તારી પાસે એ કોણ હતો ? હિંદાએ કહ્યું કે મને કાંઈ જ ખબર નથી ! એના પર ફાકહાએ કહ્યું કે તારા ઘરવાળાં પાસે ચાલી જા ! ફાકેહાએ લોકોમાં ફેલાવી દીધું. જ્યારે એ ખબર હિંદાના બાપ ઉત્બાને થઈ તો તેણે એકાંતમાં હિંદાને કહ્યું, હે બેટી ! તારા બારામાં અફવા ફેલાઈ છે જો સાચી છે તો બતાવ હું ફાકેહાને ખતમ કરાવી દઉં, અને જૂઠી છે તો યમનના કોઈ જ્યોતિષ પાસે જઈને ફૈસલો કરાવી લઈએ. હિંદાએ ક્સમ ખાઈને કહ્યું કે આ જૂઠ છે અને હું પાકદામન છું.

ઉત્બાએ ફાકેહાને કહ્યું, તેં મારી પુત્રી પર ઘણો જ મહાન આક્ષેપ લગાડયો છે, યમનના કોઈ જ્યોતિષ પાસે ચાલ. ફાખા રાજી થઈ ગયો. ફાખા પોતાના ક્બીલા બની મખ્ઝૂમના કેટલાક લોકો સાથે ચાલ્યો અને ઉત્બા કબીલાના લોકોની સાથે હિંદાને સાથે લઈને ચાલ્યો. હિંદાના સાથ માટે કેટલીક સ્ત્રીઓ પણ ચાલી. જ્યારે

યમન નજીક આવ્યું તો હિંદા ગભરાયાં અને ચહેરો ફિક્કો પડી ગયો. એના પર ઉત્બાએ કહ્યું, હે બેટી ! તારો હાલ એના કારણે થઈ શકે છે કે તારાથી બુરાઈ થઈ ગઈ છે ! હિંદાએ કહ્યું, બખુદા ! હે પિતા ! એવું નથી. હું એટલા માટે ગભરાઈ રહી છું કે આપણે એક એવા માણસ પાસે જઈ રહ્યા છીએ જે ઠીક વાતો પણ બતાવે છે અને ગલત પણ બતાવે છે, મને એ ડર છે કે એ ક્યાંક મારા પર ડાઘ ન લગાડી દે, પછી હું પૂરા અરબમાં બદ્નામ થઈ જઈશ ! ઉત્બાએ કહ્યું, હું જ્યોતિષની આજઈમાશ માટે એક ચીજ છુપાવી દઉં છું, પ્રથમ અજમાવી લઈશ પછી તારો મામલો રજૂ કરીશ. તેણે પોતાના ઘોડાને સીટી મારી જ્યારે તેણે ગુપ્તાંગ બહાર કાઢી નાખ્યું તો તેના કાણામાં ઘઉંનો દાણો નાખી આપ્યો. જ્યારે જ્યોતિષ પાસે પહોંચ્યા તો તેમની માનભેર મહેમાન નવાઝી કરી. ઊંટ ઝબહ કરીને તેમને ખવડાવ્યું. ઉત્બાએ પોતાનો મામલો એ રીતે પેશ કર્યો કે અમે લોકો એક મામલો લઈને તારી પાસે આવ્યા છીએ પણ તને પરખવા માટે એક ચીજ છુપાવી છે. બતાવ ! એ ક્યાં છે ? જ્યોતિષે કહ્યું, ઘઉંનો દાણો ગોલાઈમાં. ઉત્બાએ કહ્યું, જરા એનાથી સ્પષ્ટપણે કહો. જ્યોતિષે કહ્યું, ઘોડાના ગુપ્તાંગમાં ઘઉંનો દાણો.

હવે ઉત્બાએ જ્યોતિષને કહ્યું, આ સ્ત્રીઓને જુઓ ! જ્યોતિષ દરેક સ્ત્રીના ખભા પર હાથ રાખતો અને કહેતો, આ તે નથી, અને પરત કરતો. ત્યાં સુધી કે હિંદાના ખભા પર હાથ રાખ્યો તો કહ્યું, انهضى غير سبخاء ولازانية تلدملكا "ઊભી થઈ જા ! પાક સાફ ! તું ઝાનિયા નથી. તું એક બાદશાહને જન્મ આપીશ જેનું નામ મુઆવિયહ હશે."

આ સાંભળીને ફાકેહાએ હિંદાને જોઈ અને તેનો હાથ પકડી લીધો. તો હિંદાએ તેનો હાથ ઝટકી નાખ્યો અને કહ્યું, હટ ! હું એ કોશિશ કરીશ કે એ બાદશાહ તારા સિવાય કોઈ અન્યથી થાય. ત્યાર બાદ અબૂ સુફ્યાન સાથે શાદી કરી. *(તારીખુલ ખુલફા, પેજ : ૧૩૮, ૧૩૯)*

જ્યાં સુધી ઈમાનથી પાવન ન થયાં ત્યાં સુધી હુઝૂરે અકદસ ﷺના સખતતરીન વિરોધી હતાં પણ ઈમાન લાવ્યા બાદ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ પૃથ્વીના પટ પર કોઈનું બેઈજ્જત થવું મને એટલું પસંદ ન હતું જેટલું આપનુ અને આપના સંબંધીઓનું હતું. અને આજે એ હાલ છે કે આપનુ તથા આપના સંબંધીઓનું અઝીઝ હોવું સૌથી વિશેષ પસંદ છે. *(બુખારી ૧/૫૩૯ બાબુ ઝિકે હિંદા બિન્તે ઉત્બા)*

હિંદાની એક ખાસ મૂર્તિ હતી. ઈસ્લામ લાવ્યા બાદ તેને બસૂલા (લાકડુ છોલવા માટેનું સુથારી કામનું ઓજાર) વડે ટુકડે ટુકડા કરી નાખી અને કહ્યું, અમે તારા બારામાં ધોકામાં હતાં. *(ઈસાબા, ૪/૪૭૬)*

એમના દિલમાં ઈસ્લામ પ્રવેશવાનો એક સબબ એ પણ લખ્યો છે કે તેમણે ફતહે મક્કા પછી સહાબાએ કિરામને રાતમાં મસ્જિદે હરમમાં ઈબાદત કરતા જોયા અને એવું કહ્યું કે આ રાતથી પહેલાં જેવો કે હક્ક છે તેવી ઈબાદત આ મસ્જિદમાં નથી થઈ. બખુદા લોકોએ પૂરી રાત નમાઝ, કયામ, રુકૂઅ, સજદાઓમાં પસાર કરી. *(ઈસાબા, ૪/૪૭૫)*

ચાદરમાં મોં છુપાવીને સ્ત્રીઓની સાથે ખિદમતે અકદસમાં હાજર થયાં. હુઝૂરે અકદસ ﷺએ સ્ત્રીઓ પાસેથી જે વાતોમાં બયઅત લીધી એમાં આ પણ હતુ : "ચોરી નહીં કરીશું, ઝિના નહીં કરીશું, ઔલાદને કત્લ નહીં કરીએ." ચોરી ન કરવા પર હિંદાએ તે કહ્યું જે હદીષમાં વર્ણન થયેલ છે. "ઝિના કરીશુ નહીં" પર કહ્યું, શું શરીફ સ્ત્રી પણ ઝિના કરાવે છે ! "ઔલાદને કત્લ નહીં કરીએ" પર કહ્યું, બાળકો જ્યારે નાનાં હતાં અમે તેમને ઉછેર્યાં આપે બદરમાં એમને કત્લ કરી નાખ્યાં. સહીહ કૌલ પ્રમાણે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ ના ખિલાફતકાળ માં અલ્લાહને પ્યારાં થઈ ગયાં. *(ઈસાબા, પેજ : ૪૭૬)*

حديث ١٢٩٦ سَمِعْتُ هِشَامَ بْنَ عُرْوَةَ يُحَدِّثُ عَنْ أَبِيهِ أَنَّهُ سَمِعَ

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવતાં હતાં કે આ આયતે કરીમા : [હદીષ : ૧૨૯૬]

عَائِشَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهَا تَقُولُ وَمَنْ كَانَ غَنِيًّا فَلْيَسْتَعْفِفْ

''જે માલદાર હોય તે બચે અને મોહતાજ હોય તે ઉર્ફ (રિવાજ) પ્રમાણે ખાય.'' યતીમના એ વાલીના

وَمَنْ كَانَ فَقِيرًا فَلْيَأْكُلْ بِالْمَعْرُوفِ أُنْزِلَتْ فِي وَالِي الْيَتِيمِ الَّذِي يَقُومُ

બારામાં ઉતરી જે યતીમનો ઉછેર કરે છે અને તેના માલની દેખરેખ રાખે છે, જો મોહતાજ છે

عَلَيْهِ وَيُصْلِحُ فِي مَالِهِ إِنْ كَانَ فَقِيرًا أَكَلَ مِنْهُ بِالْمَعْرُوفِ ـ ع ـ

તો દસ્તૂર પ્રમાણે એના માલથી ખાય શકે છે.'' (બુખારી, ૨/૬૫૮ તફસીરે સૂરએ નિસાઅ)

بَابُ بَيْعِ الشَّرِيكِ مِنْ شَرِيكِهِ ص ٢٩٤

''એક ભાગીદારનો બીજા ભાગીદારના હાથે સંયુક્ત માલનું વેચવું'' –(૨૯૪)

حديث ١٢٩٧ عَنْ أَبِي سَلَمَةَ عَنْ جَابِرٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ جَعَلَ النَّبِيُّ

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ દરેક તે માલમાં [હદીષ : ૧૨૯૭]

હદીષ : ૧૨૯૬ની સમજૂતી

યતીમનો માલ ખાવો હરામ છે. કુર્આન મજીદમાં છે :–

إِنَّ الَّذِينَ يَأْكُلُونَ أَمْوَالَ الْيَتٰمىٰ ظُلْماً إِنَّمَا يَأْكُلُونَ فِي بُطُونِهِمْ نَاراً وَسَيَصْلَوْنَ سَعِيراً ''જે લોકો યતીમોનો માલ નાહક્ક ખાય છે તે **વિના શંકાએ પોતાના પેટોમાં આગ ખાય છે** અને તે લોકો **ખૂબ જ જલ્દી ભડકતી આગમાં સળગશે.** *(સૂ. નિસાઅ, આયત : ૫)*

પરંતું કોઈ યતીમનો વલી (વાલી) મુફલિસ તથા મોહતાજ છે તે પોતાનો પૂરો સમય તેની તથા તેની સંપત્તિની દેખરેખમાં ખર્ચ કરે છે, તેને ફુરસદ નથી કે પોતાના માટે કાંઈ કરી શકે, તો પ્રશ્ન એ ઉઠે છે કે તે ખાય શું ? આ આયતમાં એને ઈજાઝત આપવામાં આવી કે દસ્તૂર પ્રમાણે યતીમના માલથી ખાય શકે છે. આની જ રોશનીમાં ફકીહોએ ફર્માવ્યું : **المعروف كالمشروط** ઉર્ફ તથા દસ્તૂર (આમ રિવાજ) જે વાતોનો હોય તે વર્ણન કરેલ શર્તના સમાન છે.

હદીષ : ૧૨૯૭ની સમજૂતી

આ પ્રકરણ પછી મુસદ્દદના તરીકાથી જે રિવાયત છે એમાં **في كل مالم يقسم** છે એટલે **مال** નથી.

પ્રકરણથી સામ્યતા : અહીં પ્રકરણ એ છે કે ભાગીદારનુ પોતાના ભાગીદાર સાથે ખરીદ વેચાણ. અને હદીષમાં ભાગીદારના ખરીદ વેચાણનો કોઈ ઉલ્લેખ નથી. સામ્યતા આ રીતે છે કે આ હદીષનો ફાયદો એ છે કે જે માલ વહેંચાયો નહીં એમાં શુફઅહ છે. હવે સ્થિતિ એ થઈ કે એક મકાન ઝયદ તથા અમ્રના દરમ્યાન ભેગુ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَلشُّفْعَةُ فِيْ كُلِّ مَالٍ لَّمْ يُقْسَمْ فَاِذَا

શુફઅહ (સ્થાવર મિલ્કતને કોઈએ જેટલામાં ખરીદી એટલામાં જ એ મિલ્કતનો માલિક હોવાનો હક્ક જે

وَقَعَتِ الْحُدُوْدُ وَصُرِفَتِ الطُّرُقُ فَلَا شُفْعَةَ. عد

બીજાને પ્રાપ્ત થઈ જાય છે તેને શુફઆ કહે છે)નો હક્ક આપ્યો જે વહેંચાયેલ ન હોય. જ્યારે હદો સ્થાપિત થઈ ગઈ હોય અને રસ્તા બદલી નાખવામાં આવ્યા હોય તો શુફઅહ નથી."

(બુખારી ૧/૨૯૪, ૧/૩૦૦ અશ્શફઅહ ફીમા લમ્યુક્સમ, ૧/૩૩૯ અશ્શિરકહ, ૨/૧૦૩૨, અલહિયલ, અબૂ દાઊદ, તિર્મિઝી : બુયૂઅ–અલ્અહકામ, ઈબ્ને માજહ)

હતું અને આ ભાગીદારી અનિશ્ચિત રીતની હતી દા.ત. અડધી અડધી. હજી વહેંચણી થઈ ન હતી એવામાં ઝયદે પોતાનો હિસ્સો બકરના હાથે વેચી નાખ્યો. જ્યાં સુધી એ મકાન ઝયદ તથા બકર આપસમાં વહેંચણી નહીં કરે અમ્રને શફઅહનો હક્ક છે આ હક્કના આધારે અમ્રએ આ મકાનનો ઝયદવાળો હિસ્સો લઈ લીધો. આ પણ એક પ્રકારનું ખરીદ વેચાણ છે. હવે એવું થઈ ગયું કે અમ્રે જે શફીઅ છે અને ઝયદનો એ મકાનમાં ભાગીદાર છે તેણે પોતાના ભાગીદાર ઝયદથી તેને ખરીદી લીધુ.

શુફઅહના હુકમો : શુફઅહનો મતલબ એ છે કે પડોશી હોવાના કારણે જમીન, મકાન વગેરેમાં અથવા કોઈ ચીજમાં ભાગીદાર હોવાના કારણે જ્યારે તેનો માલિક વેચે તો જબરદસ્તી ખરીદારીનો હક્ક. શફઅહના બારામાં ઈમામોથી પહલેથી પુષ્કળ પ્રમાણમાં મતભેદો છે દા.ત. શફઅહ કેવળ મકાન, જમીન, ખેતર, બાગમાં છે કે દરેક ચીજમાં ? જાયદાદે મનકૂલા ગૈર મનકુલા સૌમાં, કેવળ મકાન વગેરે જાયદાદે ગૈર મન્કુલામાં છે ? તો શફઅહનો હક્ક કોનો છે ? પછી એ સૌમાં, વિવિધ પાસાંઓ છે. અને એ સૌના હુકમો ઈમામોની નજીક વિવિધ છે. આપણી તથા ઈમામ શાફઈ رضی اللہ عنہ ની એના પર એકમતિ છે કે શફઅહ કેવળ જમીન, ખેતી, મકાન, બાગમાં છે. અલબત્ત એમાં મતભેદ છે કે ક્યાં સુધી શફઅહનો હક્ક છે અને કોને કોને છે.

હઝરત ઈમામ શાફઈ ફર્માવે છે કે શફઅહનો હક્ક કેવળ શરીક તથા ખલીતને છે, જાર (પડોસી)ને નથી ભલે મુલાસિક હોય. આપણે ત્યાં શરીક તથા ખલીત (ભાગીદાર) સાથે પડોસીને પણ શફઅહનો હક્ક સામેલ છે જ્યારે કે તે જોડાયેલ હોય.

ખલીતનો મતલબ એ છે કે તે માલ (મબીઅ)માં ભાગીદાર હોય. દા.ત. જે મકાન તથા ખેતર વગેરે વેચવામાં આવ્યું તે વેચનાર તથા તેની માલિકીમાં હતું. શરીકનો મતલબ એ છે કે એ મબીઅ (માલ)માં ભાગીદાર નથી, તેનો હિસ્સો વેચનારના હિસ્સાથી અલગ છે. પણ મબીઅના હક્કમાં ભાગીદાર છે. દા.ત. બંનેનો રસ્તો એક છે અને એ રસ્તો ખાસ છે આમ રસ્તો નથી. અથવા ખેતર છે અને પાણી એક જ નીકમાંથી બંનેને આવે છે. (જાર) તે છે કે એના મકાનનો પાછળનો ભાગ બીજા મકાનમાં હોય. એની અધિક વિગત બહારે શરીઅત ભાગ–૧૧માં જુઓ. આ હદીષનો મતલબ એ છે કે જે મકાન વહેંચણી થયેલ હોય, દરેક ભાગીદારની હદ નક્કી હોય, સૌનો માર્ગ અલગ અલગ હોય તો શરીક તથા ખલીત (ભાગીદાર)ની હૈસિયતથી શફઅહનો હક્ક નથી. પરંતુ જો **ملاصق** હોય તો આ હૈસિયતથી એને શફઅહનો હક્ક છે. જેમ કે બીજી હદીષમાં ફર્માવ્યું, **جارالداراحق بالدار** ઘરનો પડોસી ઘરનો અધિક હક્કદાર છે.

بَابُ إِذَا اشْتَرَى شَيْئًا لِغَيْرِهِ بِغَيْرِ إِذْنِهِ فَرَضِيَ

"જ્યારે કોઈના માટે કોઈ ચીજ એની રજા વિના ખરીદી અને તે રાજી થઈ ગયો" –(૨૯૪)

حديث ૧૨૯૮ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૨૯૮]**

اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ خَرَجَ ثَلَاثَةُ نَفَرٍ يَمْشُونَ فَأَصَابَهُمُ الْمَطَرُ

ત્રણ શખ્સો નીકળ્યા તે ચાલતા જઈ રહ્યા હતા એવામાં વરસાદ આવી ગયો તો એ લોકો પહાડની એક ગુફામાં

فَدَخَلُوا فِي غَارٍ فِي جَبَلٍ فَانْحَطَّتْ عَلَيْهِمْ صَخْرَةٌ قَالَ فَقَالَ بَعْضُهُمْ لِبَعْضٍ

ચાલ્યા. ત્યારબાદ ગુફામાં દ્વાર પર એક ચટ્ટાન ગબડી પડી. હવે એમનામાં અમુકે અમુકને કહ્યું, સૌથી

ادْعُوا اللهَ بِأَفْضَلِ عَمَلٍ عَمِلْتُمُوهُ فَقَالَ أَحَدُهُمُ اللَّهُمَّ إِنِّي كَانَ

અફઝલ અમલ જે તમે કર્યો હોય તેના વસીલાથી અલ્લાહથી દુઆ કરો. તો એમનામાંથી એકે કહ્યું, હે

لِي أَبَوَانِ شَيْخَانِ كَبِيرَانِ فَكُنْتُ أَخْرُجُ فَأَرْعَى ثُمَّ أَجِيءُ فَأَحْلُبُ فَأَجِيءُ

અલ્લાહ ! મારાં વૃદ્ધ ઉમરવાળાં માબાપ હતાં. હું નીકળી જતો જાનવરોને ચરાવતો પછી પાછા આવીને તેમને

بِالْحِلَابِ فَآتِي بِهِ أَبَوَيَّ فَيَشْرَبَانِ ثُمَّ أَسْقِي الصِّبْيَةَ وَأَهْلِي وَامْرَأَتِي

દોહતો અને દૂધનું પૂરું વાસણ માબાપને આપતો. તે પી લેતાં તો બાળકોને અને મારા ઘરવાળાં તથા પત્નીને

فَاحْتَبَسْتُ لَيْلَةً فَجِئْتُ فَإِذَا هُمَا نَائِمَانِ قَالَ فَكَرِهْتُ أَنْ أُوقِظَهُمَا وَ

પીવડાવતો. એક રાત્રે હું ફસાઈ ગયો અને આવ્યો તો બંનેવ સૂઈ ગયા હતાં. મેં એવું પસંદ ન કર્યું કે હું

الصِّبْيَةُ يَتَضَاغَوْنَ عِنْدَ رِجْلَيَّ فَلَمْ يَزَلْ ذَلِكَ دَأْبِي وَدَأْبَهُمَا حَتَّى

એમને જગાડું અને બાળકો મારા પગોની પાસે ચીખતાં રહ્યાં. એ જ હાલ રહ્યો ત્યાં સુધી કે ફજર તુલૂઅ થઈ

طَلَعَ الْفَجْرُ اللَّهُمَّ إِنْ كُنْتَ تَعْلَمُ أَنِّي فَعَلْتُ ذَلِكَ ابْتِغَاءَ وَجْهِكَ

આવી. હે અલ્લાહ ! જો તારા ઈલ્મમાં એ છે કે મેં આવુ તારી રઝામંદી માટે કર્યું છે તો ગુફાને એટલી ખોલી

હદીષ : ૧૨૯૮ની સમજૂતી

અહીં આ હદીષ કાંઈક સંક્ષિપ્ત (ટૂંકાણ)માં છે. કિતાબુલ મુઝારિઅતમાં પૂરી વિગતવાર છે. અહીં ત્રીજા શખ્સના ક़ૌલમાં بفرق من ذرة છે અને મુઝારિઅત વગેરેમાં من الارز છે. એટલે એક ફરક़ (માપ છે) ડાંગરના

فَافْرُجْ عَنَّا فُرْجَةً نَرَى مِنْهَا السَّمَاءَ قَالَ فَفَرَجَ عَنْهُمْ فَقَالَ الْآخَرُ

આપ કે અમે આસમાન જોઈએ. એ દુઆ પર એટલુ ખોલી આપ્યું. હવે બીજાએ કહ્યું, હે અલ્લાહ !

اَللّٰهُمَّ اِنْ كُنْتَ تَعْلَمُ اَنِّيْ كُنْتُ اُحِبُّ اِمْرَاَةً مِّنْ بَنَاتِ عَمِّيْ كَاَشَدِّ

જો તારા ઈલ્મમાં છે કે હું મારા કાકાની છોકરીઓમાંથી એક છોકરી સાથે એટલી મહોબ્બત કરતો હતો જેટલી

مَا يُحِبُّ الرِّجَالُ النِّسَاءَ فَقَالَتْ لَا تَنَالُ ذٰلِكَ مِنْهَا حَتّٰى تُعْطِيَهَا

અધિક કોઈ પુરૂષ પત્નીઓ સાથે કરે છે. તેણીએ કહ્યું તમને કાંઈ નહીં મળે જ્યાં સુધી સો દીનાર નહીં

مِاْئَةَ دِيْنَارٍ فَسَعَيْتُ فِيْهَا حَتّٰى جَمَعْتُهَا فَلَمَّا قَعَدْتُ بَيْنَ رِجْلَيْهَا

આપો. તો મેં એના માટે કોશિશ કરી ત્યાં સુધી કે સો દીનાર જમા કરી લીધા. અને જ્યારે હું એના બંનેવ

قَالَتْ اِتَّقِ اللّٰهَ وَلَا تَفُضَّ الْخَاتَمَ اِلَّا بِحَقِّهٖ فَقُمْتُ وَتَرَكْتُهَا فَاِنْ

પગોની વચ્ચે બેઠો તો તેણીએ કહ્યું, અલ્લાહથી ડર અને હક્ક વિના મહેર ન તોડ ! આ સાંભળીને હું ઉઠીને

كُنْتَ تَعْلَمُ اَنِّيْ فَعَلْتُ ذٰلِكَ ابْتِغَاءَ وَجْهِكَ فَافْرُجْ عَنَّا فُرْجَةً

ઉભો થઈ ગયો અને તેણીને છોડી દીધી. હે અલ્લાહ ! જો તારા ઈલ્મમાં છે કે મેં આ તને રાજી કરવા માટે કર્યું

قَالَ فَفَرَجَ عَنْهُمُ الثُّلُثَيْنِ وَقَالَ الْآخَرُ اَللّٰهُمَّ اِنْ كُنْتَ تَعْلَمُ

હતું તો થોડુક અધિક ખોલી આપ. અલ્લાહે ૨/૩ ખોલી આપ્યું. અને ત્રીજાએ કહ્યું, હે અલ્લાહ ! જો તારા

اَنِّيْ اسْتَاْجَرْتُ اَجِيْرًا بِفَرَقٍ مِّنْ ذُرَةٍ فَاَعْطَيْتُهٗ فَاَبٰى ذٰلِكَ اَنْ

ઈલ્મમાં એ છે કે એક ફરક જુવાર પર એક મજૂર કર્યો હતો. મેં તેને આપ્યું તો તેણે તે વખતે લેવાની ના પાડી

يَّاْخُذَ فَعَمَدْتُّ اِلٰى ذٰلِكَ الْفَرَقِ فَزَرَعْتُهٗ حَتّٰى اشْتَرَيْتُ مِنْهُ بَقَرًا

દીધી. મેં તે જુવારને વાવી દીધી ત્યાં સુધી કે ગાય અને તેનો ચરાવનારો ખરીદયો. ત્યારબાદ તે શખ્સ આવ્યો

وَّرَاعِيَهَا ثُمَّ جَاءَ فَقَالَ يَا عَبْدَ اللّٰهِ اَعْطِنِيْ حَقِّيْ فَقُلْتُ اِنْطَلِقْ اِلٰى

અને કહ્યું, હે અલ્લાહના બંદા ! મારો હક્ક આપ ! તો મેં કહ્યું, જા ! આ ગાયો અને એને ચરાવનારને લઈ જા.

બદલામાં. સામાન્યતઃ اُرْز નો તર્જુમો ચોખા કરવામાં આવે છે, પણ આ હદીષના છેવટમાં છે કે મેં એને ખેતરમાં વાવી. મુઝારિઅતમાં છે કે હું તેને વારંવાર વાવતો રહ્યો. અને સૌને ખબર છે કે ચોખાને વાવવામાં નથી આવતા, અલબત્ત ડાંગરને વાવવામાં આવે છે. 'ફરક' ત્રણ સાઅનો હોય છે. અમે ભાગ–૨ પેજ–૭૯ (ગુજરાતીમાં પેજ નં. ૬૬) ઉપર મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ رضا قدس سرہ ના ફરકના બારામાં વિવિધ કથનોમાં

ذٰلِكَ الْبَقَرَ وَرَاعِيَهَا فَقَالَ اَتَسْتَهْزِئُ بِيْ قَالَ قُلْتُ مَا اَسْتَهْزِئُ بِكَ

તેણે કહ્યું, મારી સાથે મજાક કરે છે ! મેં કહ્યું, હું મજાક નથી કરતો આ બધું તારું જ છે.

وَلٰكِنَّهَا لَكَ، اَللّٰهُمَّ اِنْ كُنْتَ تَعْلَمُ اِنِّيْ فَعَلْتُ ذٰلِكَ اِبْتِغَاءَ وَجْهِكَ

હે અલ્લાહ ! જો તારા ઈલ્મમાં છે કે મેં તારી રઝા હાંસલ કરવા માટે કર્યું હતું

فَافْرُجْ عَنَّا فَكُشِفَ عَنْهُمْ ـ ع ـ

તો ગુફાનું મોં ખોલી આપ. હવે પૂરું ખોલી આપ્યું."

(બુખારી ૧/૩૧૩ અલ્મુઝારઅહ, ૧/૪૯૩ અલ્અંબિયા, ૧/૩૦૩ અલ્ઈજારહ, મુસ્લિમ–અઝ્ઝિક, નિસાઈ–રિકાક)

بَابُ الشِّرَاءِ وَالْبَيْعِ مَعَ الْمُشْرِكِيْنَ وَاَهْلِ الْحَرْبِ ٢٩٥

"હર્બી તથા મુશ્રિકોની સાથે ખરીદ વેચાણ" *(–૨૯૫)*

حديث ١٢٩٩ عَنْ عَبْدِ الرَّحْمٰنِ بْنِ اَبِيْ بَكْرٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ كُنَّا مَعَ

"હઝરત અબ્દુર્રહમાન બિન અબૂબકર رضی اللہ عنہما એ કહ્યું, અમે નબી ﷺ ની **[હદીષ : ૧૨૯૯]**

આ વર્ગીકરણ નકૂલ કરી આપ્યું છે કે સહીહ એ છે કે 'ફરક' સોળ રતલનો હોય છે જે હિજાઝી સાઅથી ત્રણ અને ઈરાકીથી બે સાઅ થાય છે. આ તકદીર પર એક 'ફરક' ૫૭૬ રૂપિયાભર થયો.

પ્રકરણથી સામ્યતા : પ્રકરણ સાથે મળતાપણુ અંતિમ હિસ્સાથી છે કે ત્રીજા શખ્સે મજૂરના અનાજની ખેતી કરી અને ઉપજથી ગાય તથા ચરાવનારને ખરીદયો. અને આ બધું મજૂરની રજા વિના થયું બલ્કે તેની જાણ બહાર થયું. પણ જ્યારે તેણે રઝામંદી જાહેર કરી આપી તો સહીહ થઈ ગયું. એને ફિકહની બોલીમાં ફુઝૂલી કહે છે.

આ હદીષથી જાણવા મળ્યું કે આગલી ઉમ્મતોના બનાવો જે વિશ્વાસપાત્ર સનદની સાથે રિવાયત થયા હોય તે વિશ્વસનીય છે, બલ્કે હુજ્જત પણ છે. એના પરથી આજકાલના કેટલાક મુહક્કિકોની જીદનો રદ થઈ ગયો જેઓ સહાબાએ કિરામ તથા તાબઈને એઝામની ઘણી બધી રિવાયતોને એવું કહીને રદ કરી આપે છે કે આ ઈસ્રાઈલિયાતમાંથી છે, જ્યારે કે ખૂદ હુઝૂર ﷺ એ એની ઈજાઝત આપી છે. ફર્માવ્યું :–

وحدثوا عن بنى اسرائيل ولاحرج "બની ઈસ્રાઈલની વાતો વર્ણવો એમાં કોઈ વાંધો નથી."

આ બારામાં સહીહ એ છે કે આગલી ઉમ્મતોની જે રિવાયતો ષિકહ વિશ્વાસુ સહાબા તથા તાબઈન તથા દીનના ઈમામો થકી રિવાયત પામી છે અને કુર્આન તથા હદીષથી વિરોધાભાસી નથી તે વિશ્વાસપાત્ર છે.

હદીષ : ૧૨૯૯ની સમજૂતી

અહીં આ હદીષ સંક્ષિપ્તમાં હતી એટલા માટે અમે કિતાબુલ હિબાની હદીષ વર્ણવી જે મુફસ્સલ હતી. ઈમામ બુખારીએ એના પર ત્રણ પ્રકરણો રચ્યાં છે. પ્રથમ એ જ કે હર્બી મુશ્રિકથી ખરીદ વેચાણ જાઈઝ છે. બીજુ એ કે મુશ્રિકનો તોહફો સ્વીકારવો. ત્રીજુ એ કે પેટ ભરીને ખાવું. એમાં બે હુઝૂરે અકરમ ﷺ ના આ

النَّبِيَّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ثَلٰثُوْنَ وَمِائَةٌ فَقَالَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ هَلْ مَعَ اَحَدٍ

સાથે એકસો ત્રીસ માણસો હતા. નબી ﷺએ ફર્માવ્યું, તમારામાંથી કોઈની સાથે અનાજ છે ?

مِنْكُمْ طَعَامٌ فَاِذَا مَعَ رَجُلٍ صَاعٌ مِّنْ طَعَامٍ اَوْ نَحْوُهُ فَعُجِنَ ثُمَّ جَاءَ رَجُلٌ مُّشْرِكٌ مُّشْعَانٌ

તો એક સાહબની પાસે એક સાઅ જેટલુ અનાજ હતું. (તેમણે રજૂ કર્યું) તેને ગુંદવામાં આવ્યું પછી એક

طَوِيْلٌ بِغَنَمٍ يَّسُوْقُهَا فَقَالَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَيْعًا اَمْ

વેરવિખેર માથાવાળો, ઉભા વાળોવાળો લાંબા કદનો મુશ્રિક પોતાની બકરીઓ હાંકતો હાંકતો આવ્યો.

عَطِيَّةً اَوْ قَالَ اَمْ هِبَةً قَالَ لَا بَلْ بَيْعٌ فَاشْتَرٰى مِنْهُ شَاةً فَصُنِعَتْ

એનાથી નબી ﷺએ ફર્માવ્યું, કિંમત પર આપીશ કે ભેટરૂપે કે સોગાતરૂપે ? તેણે કહ્યું, કિંમત પર.

وَاَمَرَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِسَوَادِ الْبَطْنِ اَنْ يُّشْوٰى وَ

તો એની પાસેથી એક બકરી ખરીદી લીધી અને એને ઝબહ કરવામાં આવી, અને નબી ﷺએ પેટની

اَيْمُ اللهِ مَا فِي الثَّلٰثِيْنَ وَالْمِائَةِ اِلَّا قَدْ حَزَّ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالٰى

અંદરના કાળા અંગને શેકવાનો હુકમ આપ્યો. બખુદા એકસો ત્રીસ માંથી નબી ﷺએ કાપી કાપીને

عَلَيْهِ وَسَلَّمَ لَهٗ حُزَّةً مِّنْ سَوَادِ بَطْنِهَا اِنْ كَانَ شَاهِدًا اَعْطَاهَا اِيَّاهُ

એક ટુકડો આપ્યો. જે હાજર હતો તેનો હિસ્સો આપી દીધો અને ગાયબ હતો તો તેનો

وَاِنْ كَانَ غَائِبًا خَبَّاَ لَهٗ فَجَعَلَ مِنْهَا قَصْعَتَيْنِ فَاَكَلُوْا اَجْمَعُوْنَ وَ

હિસ્સો રાખી દીધો તે સૌને બે પ્યાલાઓમાં કર્યા. સૌ લોકોએ પેટ ભરીને ખાધુ,

شَبِعْنَا فَفَضَلَتِ الْقَصْعَتَانِ فَحَمَلْنَاهُ عَلَى الْبَعِيْرِ - ع

તે બંનેવ પ્યાલાઓમાં ખાવા બચી રહ્યું જેને અમે ઊંટ પર લાદી આપ્યું."

(બુખારી ૧/૩૫૬, ૩૫૭ અલ્હિબા, ૨/૮૧૦ અલ્અત્ઈમહ, મુસ્લિમ–અત્ઈમહ)

ઈર્શાદથી સાબિત بيعا اوعطية اوهبة "વેચીશ કે આપીશ કે ભેટ ધરીશ." એટલા માટે કે જો મુશ્રિક હર્બીથી જો ખરીદ વેચાણ જાઈઝ ન હોત અથવા એનો હદીયો (તોહફો) સ્વીકારવો જાઈઝ ન હોત તો આ ઈર્શાદ બેકાર થાત. પછી તેણે બકરી વેચી અને હુઝૂરે ખરીદી એ આ ખરીદ વેચાણના સહીહ હોવા માટે દલીલ (નસ) છે.

بسواد البطن : એનો શાબ્દિક તર્જુમો એ છે કે પેટની અંદર કાળા રંગનાં અંગો હતાં, એનાથી જિગર, તલી વગેરે મુરાદ છે.

بَابُ شِرَى الْمَمْلُوكِ مِنَ الْحَرْبِيِّ وَهِبَتِهِ وَعِتْقِهِ ص ٢٩٥

"હર્બીથી ગુલામ ખરીદવો અને હર્બીનું ભેટ ધરવું અને આઝાદ કરવું" –(૨૯૫)

ت ٤١٦ وَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِسَلْمَانَ كَاتِبْ وَكَانَ

"અને નબી ﷺએ સલ્માનથી ફર્માવ્યું, મકાતિબત કરી લે અને એ આઝાદ **[તઅલીક્ : ૪૧૬]**

فَظَلَمُوهُ وَبَاعُوهُ۔

હતા. એમના પર કેટલાક લોકોએ જુલ્મ કર્યો અને એમને વેચી દીધા."

ففضلت القصعتان એનાથી મુરાદ એ છે કે બંને પ્યાલાઓમાં ખાવા બચી ગયું જેમ કે અત્ઈમહની રિવાયતમાં સ્પષ્ટ છે : **وفضل فی القصعتین** એ જ કારણે **فحملناه** માં ઝમીરે મફઉલ વાહિદ છે. જે તઆમે મફઝૂલ (બચેલા ખાવા)ની તરફ રાજેહ છે.

આ બનાવ દારુલ ઈસ્લામ તથા દારુલ હર્બની હદબંધી અને હર્બી કાફિરોના હુકમોના બયાનથી પહેલાંનો છે. અંતિમ હુકમ આ પ્રમાણે છે કે **ઝિમ્મીને હદિયો આપવો અને તેનો હદિયો (ભેટ, તોહફો) સ્વીકારવો જાઈઝ છે. અને હર્બીને ન આપવો જાઈઝ અને ન લેવો જાઈઝ. એના પર સૂરએ મુમ્તહિનાની આ આયતો દલીલ છે.** ઈર્શાદ છે :–

لَايَنْهٰكُمُ اللّٰهُ عَنِ الَّذِيْنَ لَمْ يُقَاتِلُوْكُمْ فِى الدِّيْنِ وَلَمْ يُخْرِجُوْكُمْ مِنْ دِيَارِكُمْ اَنْ تَبَرُّوْهُمْ وَتُقْسِطُوْا اِلَيْهِمْ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ . اِنَّمَا يَنْهٰكُمُ اللّٰهُ عَنِ الَّذِيْنَ قَاتَلُوْكُمْ فِى الدِّيْنِ وَاَخْرَجُوْكُمْ مِنْ دِيَارِكُمْ الاية

"અલ્લાહ તમને એમનાથી મના નથી કરતો જે તમારી સાથે દીનમાં ન લડ્યા અને તમને તમારા ઘરોએથી ન કાઢ્યા, કે એમની સાથે એહસાન કરો અને તેમની સાથે ઈન્સાફનો વર્તાવ વર્તો, બેશક ! ઈન્સાફવાળા અલ્લાહને મહબૂબ છે અને તમને એમનાથી મના કરતો જે તમારી સાથે દીનમાં લડ્યા અથવા તમને તમારા ઘરોએથી કાઢ્યા."

પ્રથમ આયતથી મુરાદ 'ઝિમ્મી' છે અને બીજી આયતથી મુરાદ 'હર્બી' છે. પૂરી તફસીલ અલ્હુજ્જતુલ મુઅતમિનહમાં અભ્યાસ કરો.

તઅલીક્ : ૪૧૬ની સમજૂતી

આ તઅલીક્ને ઈમામ ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં અને ઈમામ હાકિમે મુસ્તદરકમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે.

હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ : એમનો કિસ્સો ઘણો જ લાંબો તથા દિલચશ્પ અને બોધદાયક છે. એ અસ્ફહાનની એક વસ્તી જય્યના રહેવાસી હતા. તેમના પિતા ત્યાંના જમીનદાર હતા. (મુસ્નદે ઈમામ અહમદ, ૫/૪૪૧) એમણે એમનું નામ માબિહ અથવા બહબૂદ રાખ્યું હતું. (ઈસાબા, ૨/૬૨) બુખારીમાં છે કે અસલમાં રામહર્મઝના રહેવાસી હતા. (૧/૫૬૨ ઈસ્લામો સલમાન ફારસી) ઈસ્લામ લાવ્યા બાદ તેમનું નામ સલ્માન રાખવામાં આવ્યું. સલ્માનુલ ખૈર, સલ્માન બિન ઈસ્લામ એમના લકબો છે. કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ. બુખારીમાં જ છે કે તેમણે ફર્માવ્યું કે દસથી અધિક માલિકોના કબજાઓમાં રહ્યો છું. *(ઉપર મુજબ)*

આની તફસીલમાં વિવિધ રિવાયતો છે અને ઘણી લાંબી છે. તેમણે દીને હક્કની તલાશમાં ઘર છોડ્યું અને

વિવિધ રાહિબોની ખિદમતમાં રહ્યા. છેવટમાં અમૂદિયહના એક રાહિબ (પાદરી)ની પાસે રહ્યા જે હેરફેર વિનાના સહીહ દીને ઈસ્વી પર હતો. તે જ્યારે મરવા લાગ્યો તો તેણે એમના પૂછવા પર આ વસિયત કરી કે આજે પૃથ્વીના પટ પર મારા ઈલ્મમાં કોઈ શખ્સ એવો નથી જે અમારા તરીક़ા પર હોય. હા ! એક નબીનો જમાનો નજીક આવી ગયો છે તે અરબમાં બે પહાડીઓના વચ્ચે ખજૂરોવાળી ભૂમીમાં આગમન લાવશે. તેની ઉઘાડી નિશાનીઓ એ છે કે સદક़ો નહીં ખાય, હદિયો ખાશે. તેના બંનેવ ખભાઓ વચ્ચે મોહરે નબુવ્વત છે. જો તમારાથી થઈ શકે તો એમની ખિદમતમાં ચાલ્યા જાવ. આ વસિયત કરીને તે રાહિબ મૃત્યુ પામ્યો. કેટલાક દિવસો બાદ બની કલ્બના કેટલાક વેપારી આવ્યા તેમની સાથે તે અરબસ્તાન તરફ ચાલ્યા. તે ગદ્દારોએ વાદીયે કુર્રામાં લાવીને તેમને એક યહૂદીના હાથે વેચી દીધા. કેટલાક દિવસો પછી તે યહૂદીનો એક ભત્રીજો આવ્યો જે મદીના તયબહ પાસે કરીઝાનો રહેવાસી હતો. તે યહૂદીએ તેના હાથે વેચી આપ્યા. આ રીતે એ મદીના તયબહ પહોંચ્યા. મદીના આવતાં જ એ રાહિબની બતાવેલી નિશાનીઓથી ઓળખી લીધું કે આ જ શહેર એના હેતુનું કેન્દ્ર છે.

જ્યારે હુઝૂરે અક़દસ ﷺ હિજરત કરીને કુબા તશરીફ લાવ્યા તો તે યહૂદીના એક ભત્રીજાએ આવીને કહ્યું, બની ક़યલાને અલ્લાહ નષ્ટ કે એ સૌ એક શખ્સની પાસે ભેગા થયા છે જે આજે જ મક્કાથી આવ્યો છે. એમનું ગુમાન એ છે કે એ નબી છે. હઝરત સલ્માન ત્યાં જ ખજૂરોના ઝાડ પર કાંઈક કામ કરી રહ્યા હતા. આ સાંભળીને ઉત્સાહના આવેશમાં એમનો એ હાલ થયો કે તેમને ઝાડ પર રહેવું મુશ્કેલ થઈ ગયું. ઉતરીને નીચે આવ્યા અને તે યહૂદીને પૂછયું, તમે શું કહી રહ્યા હતા ? એના પર એમનો માલિક એટલો ગુસ્સે થયો કે એક સખત મુક્કો માર્યો અને કહ્યું, તારે એ વાતોથી શું લેવા દેવા ? તું જા અને તારું કામ કર ! મેં કહ્યું કે કાંઈ વાંધો નહીં. હું કેવળ એ જાણવા ચાહતો હતો કે તેણે જે કહ્યું છે તે સારી રીતે સાંભળી લઉં.

તેમની પાસે થોડીક ખાવાની ચીજ હતી તેને લઈને સાંજના ખિદમતે અક़દસમાં હાજર થયા. તે વખતે હુઝૂર કુબામાં રોકાયેલા હતા. અને અર્ઝ કરી કે આ સદક़ો છે. હુઝૂરે અક़દસ ﷺએ ખૂદ એમાંથી કાંઈ ન ખાધુ અને હાજરજનોને ખવડાવી આપ્યું. તેમણે મનમાં કહ્યું કે પ્રથમ નિશાની સહીહ નીકળી. પછી જ્યારે હુઝૂર મદીના આવ્યા તો ફરી તે કાંઈક લઈને હાજર થયા અને અર્ઝ કરી, આ હદિયો છે. એને હુઝૂરે પોતે પણ ખાધુ અને હાજરજનોને પણ ખવડાવ્યું. તેમણે મનમાં કહ્યું કે બે નિશાનીઓ થઈ. સલ્માન કહે છે, ત્યારબાદ હું હુઝૂરની પાછળ આવ્યો. હુઝૂર સમજી ગયા અને પીઠ મુબારકથી ચાદર સરકાવી દીધી. મેં મોહરે નબુવ્વતને જોઈ. જોતાં જ વાંકો વળીને તેને બોસો દેવા લાગ્યો અને ખુશીના આવેશમાં રડવા લાગ્યો. એના પર હુઝૂરે ફર્માવ્યું, સામે આવો ! સામે હાજર થઈને કલ્મએ શહાદત પઢીને મુસલમાન થઈ ગયો.

હુઝૂરે અક़દસ ﷺએ પૂછયું, તમે કોણ છો ? મેં મારી કહાની વર્ણવી આપી. હુઝૂર એના પર ઘણા જ ખુશ થયા કે સહાબાએ મારી દાસ્તાન સાંભળી. *(મુસ્નદે ઈમામ અહમદ, ૫/૪૪૧ થી ૪૪૪)*

એક રિવાયત (હવાલો ઉપર મુજબ, પેજ–૪૩૮)માં એ છે કે તે એ વખતે એક અન્સારી ખાતૂનના ગુલામ હતા. જ્યારે હુઝૂરે અક़દસ ﷺના મદીના તયબહ આગમનની ખબર સાંભળી તો પોતાની માલિકણને કહ્યું, એક દિવસ મને રજા આપો. તેણીએ રજા આપી. તે દિવસે તે જંગલથી લાકડીઓ લાવ્યા અને તેને વેચીને ખાવા તૈયાર કર્યું અને એ જ ખાણુ લઈને હાજર થયા. ત્યારબાદ ફરી એક દિવસ રજા માગી અને લાકડીઓ વેચીને ખાવા તૈયાર કર્યું. બીજીવાર તેને લઈને ખિદમતમાં હાજર થયા.

હઝરત સલ્માન ગુલામ હતા એટલા માટે બદર તથા ઓહદમાં શરીક ન થઈ શક્યા. એક દિવસે તેમને હુઝૂરે અક़દસ ﷺએ ફર્માવ્યું, હે સલ્માન ! તમારા માલિકથી મુકાતિબત કરી લો. એટલે કે એવું નક્કી કરી લો કે તમે મારાથી આટલો માલ લઈ લો એના બદલામાં આઝાદ કરી દો. તેમના આકાએ ત્રણસો કે પાંચસો ખજૂરનાં ઝાડ લગાડવા અને ચાલીસ ઔક़िયા સોના પર મામલો નક્કી કર્યો. કે જ્યારે એ ખજૂરનાં ઝાડ ફળ દેવા લાગે તો તમે

આઝાદ છો. મેં ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી આપ્યું. હુઝૂરે અકદસ ﺹﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તમારા ભાઈ સલ્માનને મદદ કરો ! એના પર કોઈકે વીસ, કોઈકે ત્રીસ, કોઈકે પંદર, કોઈએ દસ રોપા આપ્યા, ત્યાં સુધી કે ત્રણસો કે પાંચસો થઈ ગયા. તેમણે આવીને હુઝૂરને જણાવ્યું. હુઝૂરે અકદસે પોતાના દસ્તે મુબારકથી સૌ છોડવા લગાડી આપ્યા, કેવળ એક છોડવો હઝરત સલ્માને લગાડયો. તે એક સિવાયના સર્વ છોડો ખૂબ જ જલ્દી ફળ દેવા લાગ્યા. પછી ક્યાંકથી માલે ગનીમત આવ્યો એમાંથી મરઘીના ઈંડા સમાન સોનુ હઝરત સલ્માનને આપ્યું કે જાવ ! રોકડા પણ ચૂકવી દો. તેમણે અર્ઝ કરી આટલાથી શું થશે ? હુઝૂરે અકદસ ﺹﷺએ તેને જીભ મુબારક પર ફેરવ્યું અને ફર્માવ્યું, લઈ જાવ ! પૂરું થઈ જશે. એને લઈ જઈને વજન કર્યું તો ચાલીસ ઔકિયાભર પૂરું થયું. એક ઔકિયા ચાલીસ દિરહમનો અને એક દિરમ તીસ માશા ૧ $^{૧}/_{૫}$ રતીનો. અને એક રૂપિયો સવા અગ્યાર માશાનો. એ રીતે ચાલીસ ઔકિયા લગભગ ચારસો રૂપિયાભર થયું. એટલે લગભગ સાડા ચાર કિલોગ્રામ.

આઝાદી પછી હુઝૂરે અકદસ ﺹﷺએ તેમનામાં તથા હઝરત અબૂ દરદા رضی اللہ عنہ માં ભાઈચારો સ્થાપી આપ્યો. (મુસ્નદે ઈમામ અહમદ, ૫/૪૪૪, બુખારી, ૧/૨૬૪) બદર તથા ઓહદના જંગો વખતે એ ગુલામ હતા એટલા માટે એનામાં શરીક ન થઈ શક્યા. પ્રથમ ગઝવહ જેમાં આપ શરીક થયા એ ખંદક છે ત્યારબાદ તમામ જંગોમાં સાથે રહ્યા.

જ્યારે કુરૈશે અરબી કબીલાઓનું મોટુ લશ્કર લઈને મદીના તયબહ પર હુમ્લાનો ઈરાદો કર્યો અને આંત્રિક રીતે મદીનાના યહૂદી બની કુરેઝાથી મળીને કાવત્રુ કરી લીધું હતું. જેના પરિણામે ગઝવએ ખંદક થયો તો સલ્માન ફારસીના જ મશ્વરાથી ખંદક ખોદવામાં આવી જે જાહેરી રીતે મદીના તયબહની હિફાઝતનો સબબ બની.

ખંદકના ખોદકામ વખતે અન્સારે કહ્યું, સલ્માન અમારામાંથી છે અને મુહાજિરોએ કહ્યું, અમારામાંથી છે. હુઝૂરે અકદસ ﺹﷺએ સાંભળ્યું તો ફર્માવ્યું : سلمان منا اهل بيت "સલ્માન અમારા અહલે બયતમાંથી છે."

હુઝૂરે અકદસ ﺹﷺના વિસાલ બાદ અરસા સુધી મદીના તયબહમાં જ રહ્યા. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના આખરી કે હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ ના પ્રારંભિક ખિલાફત કાળમાં ઈરાકમાં વસવાટ કરી લીધો હતો.

ફારૂકી યુગમાં જ્યારે ઈરાન પર આમ લશ્કરકશી શરૂ થઈ ગઈ તો મુજાહિદોની એક ફોજની સાથે આપ એક શહેરના ઘેરાવમાં શરીક થયા. મુજાહિદોને ફર્માવ્યું, કે હમણા થોભો ! હું જાઉં છું, એમને ઈસ્લામની દાવત આપુ જેવું કે રસૂલુલ્લાહ ﺹﷺ કર્યા કરતા હતા, એ તશરીફ લઈ ગયા. હમ્દો ષના પછી શહેરવાસીઓને ફર્માવ્યું, હું પણ તમારો જાતિ ભાઈ છું, અલ્લાહે મને ઈસ્લામની હિદાયત આપી. તમે લોકો અરબવાસીઓની ફર્માંબરદારી જોઈ રહ્યા છો, તમે લોકો મુસલમાન થઈ જશો તો તમને તે સર્વ હક્કો મળી જશે જે અમને મળ્યા છે. અને જો ઈસ્લામ મંઝૂર નથી તો જિઝયો આપો, અને જો એ પણ મંઝૂર નથી તો પછી લડાઈ છે. ત્રણ દિવસ સુધી તેમને ઈસ્લામની દાવત આપતા રહ્યા. ચોથા દિવસે હુમ્લાની ઈજાઝત આપી અને તે શહેર ફતહ થઈ ગયું. (મુસ્નદે ઈમામ અહમદ, ૫/૪૪૦, ૪૪૧) જલૂલાના જંગમાં પણ શરીક રહ્યા, ત્યાં મુશ્કની એક થેલી મળી જેને મેહફૂઝ રાખી અને વફાતના સમયે કામમાં લાવ્યા.

હઝરત ફારૂકે આઝમ رضی اللہ عنہ એ એમને મદાઈનના વાલી (ગવર્નર) બનાવ્યા હતા અને એક અરસા સુધી એ હોદ્દા પર રહ્યા. સ્વભાવમાં ખૂબ જ સાદગી હતી અને એ સાદગી તે દિવસોમાં પણ બાકી રહી. લિબાસમાં એક ઊંચો પાયજામો અને અબા એટલે કંબલ રહેતું હતું. ઈરાની તેમની આ સ્થિતિ જોઈને તેમને આવતા જોતા તો કહેતા, વરૂ આવ્યું ! વરૂ આવ્યું ! એકવાર ચુસ્ત કુર્તો એટલો નાનો કે ટાંગો ખુલેલી હતી, તેને પહેરીને નોકરોના ગધેડા પર સવાર થઈને નીકળ્યા. બાળકોએ પીછો કર્યો અને શોર મચાવવા લાગ્યાં ! લોકોએ જોયું તો ધમકાવ્યાં

"અને અમ્માર, સુહૈબ અને બિલાલ ગુલામ બનાવવામાં આવ્યા." **[તઅલીક્ : ૪૧૭]**

કે જાણતા નથી ! આ અહીંના હાકિમ છે ! હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં બીમાર પડયા. હઝરત સઅદ બિન વક્કાસ رضی اللہ عنہ ખબર પૂછવા માટે આવ્યા તો આપ રડવા લાગ્યા. હઝરત સઅદે કહ્યું, શું વાત છે ? કેમ રડો છો ? રસૂલુલ્લાહ ﷺ તમારાથી રાજી રહેવાની હાલતમાં દુનિયાથી ગયા, હૌઝે કૌષર પર તેમને મળશો, તમારા સાથીઓ સાથે મુલાકાત થશે. ફર્માવ્યું, ખુદાની કસમ ! હું મૌતથી નથી ગભરાતો અને ન દુનિયાની ખ્વાહિશ છે. એટલા માટે રડુ છું કે રસૂલુલ્લાહ ﷺએ અહદ લીધો હતો કે દુનિયવી સાઝો સામાન એક મુસાફિરથી અધિક ન હોવો જોઈએ અને અત્યારે મારી આસપાસ સાપ ભેગા થયેલા છે, એટલે કે સરસમાન. હઝરત સઅદ કહે છે કે એ સાપોની કુલ સંખ્યા આ પ્રમાણે હતી : એક મોટો પ્યાલો, ટબ, થાળી. હઝરત સઅદે કહ્યું કે મને કોઈ નસીહત કરો. ફર્માવ્યું, જ્યારે કોઈ કામ કરવા ચાહો, કોઈ ફૈસલો કરવા ચાહો, કાંઈક વહેંચવા ચાહો તો ખુદાને યાદ રાખો. બીમારીની હાલતમાં અન્ય લોકોએ નસીહતની ખ્વાહિશ કરી તો ફર્માવ્યું, જો તમારાથી થઈ શકે તો હજ અથવા ઉમરા અથવા જેહાદ અથવા કુર્આનની તિલાવત કરતાં કરતાં જાન આપો. ફિસ્કોફુજૂર અને ખયાનતની હાલતમાં ન મરો. જ્યારે જિંદગીની ઉમ્મીદ તૂટી ગઈ તો પોતાનાં પત્ની પાસેથી તે મુશ્કની થેલી મંગાવી જે જલૂલામાં મળી હતી. તેને પોતાના હાથ વડે પાણીમાં ઓગાળી અને પોતાની ચારેવ બાજુ છંટાવ્યું અને સૌને બહાર કરી દીધાં. લોકો થોડીકવાર પછી અંદર આવ્યા તો અલ્લાહની રહમતમાં પહોંચી ચૂક્યા હતા. મદાઈનમાં હિ.સ. ૩૫ માં વિસાલ ફર્માવ્યો. ૨૫૦ અથવા ૩૫૦ વરસની ઉમર પામ્યા. એક ક્વૌલ એ છે કે હઝરત ઈસા عليہ السلام અથવા તેમના કોઈ હવ્વારી (સાથી)નો જમાનો પામ્યા, પણ એ સહીહ નથી. તેમની પ્રારંભિક હાલતો એને સમર્થન નથી કરતી. પાંત્રીસ વરસ ઈસ્લામનો જમાનો પામ્યા અને દસ વરસ નબુવ્વતકાળના પામ્યા.

પ્રકરણની સાબિતી : અહીં પ્રકરણ એ છે કે "હર્બીથી ગુલામ ખરીદવો અને હર્બીની ભેટ અને તેનો ગુલામ આઝાદ કરવો." પોતાની મોટાભાગે આદત મુજબ હઝરત ઈમામ બુખારીએ પોતાનો ખયાલ ન દર્શાવ્યો. પરંતું જે તઅલીક્રો તથા હદીષો લખી છે એનાથી સાબિત થાય છે કે તેમની નજીક આ ત્રણેવ સહીહ છે આ તઅલ્લુક્થી એ રીતે સાબિત છે કે ભલે હઝરત સલ્માન અસલમાં આઝાદ હતા પણ જ્યારે તે મુશ્રિક વેપારીએ વાદીયુલ કુર્રાના યહૂદીના હાથે તેમને વેચી કાઢયા અને એ યહૂદીએ મદીનાના યહૂદીના હાથે વેચ્યા અને નબી ﷺએ હઝરત સલ્માનથી ફર્માવ્યું કે મકાતિબત કરી લે, તો જાણવા મળ્યું કે હર્બીનું ખરીદ વેચાણ પણ સહીહ છે અને ખરીદારી પણ અને અતક્ પણ.

તઅલીક્ : ૪૧૭ની સમજૂતી

અમ્માર ક્યાંકથી ન કૈદ થઈને આવ્યા હતા ન કદી વેચાયા અને ખરીદવામાં આવ્યા. એટલા માટે એમનો ઉલ્લેખ અહીં અસ્થાને છે. એ અરબી વંશના બુઝુર્ગ હતા. એમના વાલિદ હઝરત યાસર યમનના રહેવાસી હતા. મક્કા આવીને વસી ગયા હતા. અને અબૂ હુઝૈફા ઈબ્ને મુગીરા મખ્ઝુમીના હલીફ બની ગયા. અને અબૂ હુઝૈફાએ તેમની શાદી હઝરત સુમૈયા સાથે કરી આપી હતી. જે એમનાં બાંદી હતાં. હઝરત અમ્માર જન્મ્યા તો અબૂ હુઝૈફાએ એમને આઝાદ કરી આપ્યા. જ્યાં સુધી અબૂ હુઝૈફા રહ્યો એ એની સાથે રહ્યા અને જ્યારે તે મૃત્યુ પામ્યો અને ઈસ્લામ આવ્યો તો આ ત્રણેવ ઈસ્લામથી મુશર્રફ થઈ ગયાં. એ ત્રણેવ કદીમુલ ઈસ્લામ (પ્રારંભથી મુસલમાન થનારાં) છે. ખાસ કરીને જે કમજોરોને પથ્થર હૃદયી કાફિરો ખૂબ જ સતાવતા હતા એમનામાં આ

ત્રણેવ પણ હતા. એકવાર એમને તકલીફો આપવામાં આવી રહી હતી એવામાં રસૂલુલ્લાહ ﷺ એમની પાસેથી પસાર થયા તો ફર્માવ્યું, હે આલે યાસર ! સબ્ર કરો તમારા વાયદાની જગા જન્નત છે.

અબૂ જહલ મરદૂદે હઝરત સુમૈયાની શર્મગાહમાં ભાલો ભોંકી દીધો હતો જેના સદમાથી શહીદ થઈ ગયાં. આ ઈસ્લામમાં પ્રથમ શહીદ થનારાં છે. હઝરત યાસર પણ રોજ રોજની જીવલેણ તકલીફોથી એક દિવસ દુનિયાથી રુખસદ થઈ ગયા.

હઝરત સુહૈબ رضی اللہ عنہ : આ પણ અરબી વંશના છે. તમર બિન ક़ાસિદના વ્યક્તિ છે. એમના પિતા કિસ્રાના તરફથી ઉબુલ્લાના આમિલ હતા. એ જગા મૌસૂલની આસપાસમાં ટાપુની નજીક ફુરાતના કિનારે છે. રૂમી એમની વસ્તી પર હુમ્લો કરીને તેમને ક़ૈદ કરીને લઈ ગયા. ક़ૈદ થતી વેળા સમજશક્તિ આવી ચૂકી હતી. જ્યારે તે યુવાન થઈ ગયા તો રોમીઓએ તેમને બની કલબના એક શખ્સના હાથે વેચી આપ્યા. તેણે મક્કા લાવીને અબ્દુલ્લાહ ઈબ્ને જુદઆનના હાથે વેચી દીધા. તેણે આપને આઝાદ કરી આપ્યા. જ્યારે ઈસ્લામ આવ્યો તો એ તથા હઝરત અમ્માર એક સાથે દારે અરકમમાં હાજર થઈને ઈસ્લામથી મુશર્રફ થયા. તેમના સાહબઝાદાની રિવાયત એ છે કે જાતે જ રોમથી ભાગી આવ્યા હતા અને મક્કા આવીને અબ્દુલ્લાહ ઈબ્ને જદઆનના હલીફ બની ગયા. જ્યારે એ હિજરતના ઈરાદાથી મક્કાથી નીકળ્યા તો મક્કાવાસીઓએ એમનો પીછો કર્યો અને નજીક પહોંચી ગયા. તેમણે મક્કાવાસીઓને કહ્યું મારુ કમંડળ તીરોથી ભરેલું છે, તમે જાણો છો કે હું તમારા સૌ કરતાં માહિર તીરંદાઝ છું તમો મારી નજીક તે સમય સુધી નથી આવી શક્તા જ્યાં સુધી કે તીરો ખત્મ ન થઈ જાય. અને નજીક જ્યારે આવશો તો તલ્વારથી ખબર લઈશ. બેહતર એ છે કે મારો સઘળો માલ લઈ લો અને પાછા વળી જાવ. એના પર તે જાલિમો રાજી થઈ ગયા. તેમણે પોતાના માલની જગા બતાવી આપી અને હઝરત અલીની સાથે કુબામાં હાજર થયા. તેમની દાસ્તાન સાંભળીને હુઝૂરે અક़્દસ ﷺએ ફર્માવ્યું, આ સોદો લાભદાયી છે હે અબૂ યહ્યા ! એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ :–

وَمِنَ النَّاسِ مَنْ يَشْرِىْ نَفْسَهُ ابْتِغَاءَ مَرْضَاتِ اللّٰهِ وَاللّٰهُ رَؤُفٌ بِالْعِبَادِ ''અને કેટલાક લોકો પોતાની જાતને અલ્લાહની મરજી હાંસલ કરવા માટે વેચે છે અને અલ્લાહ બંદાઓ પર ઘણો મહેરબાન છે.''

એ તથા હઝરત અલી એ વખતના છેલ્લા મુહાજિર છે. સર્વ જંગોમાં શરીક થયા. તે ખૂદ ફર્માવે છે : હુઝૂરે અક़્દસ ﷺ જ્યાં પણ તશરીફ લઈ ગયા, જે જંગમાં ગયા, જે પણ બયઅત કરી સૌમાં હું હાજર હતો. દરેક ગઝવહમાં હુઝૂરની જમણે ડાબે રહેતો. જ્યારે આગળથી અંદેશો હોતો આગળ રહેતો, પાછળથી હોતો તો પાછળ રહેતો. મેં કદી નબી ﷺને દુશ્મનની સામે નથી થવા દીધા. એલાને નબુવ્વત પહેલાં પણ ખાસ દોસ્તોમાંથી હતા. હુઝૂરે અક़્દસ ﷺએ ફર્માવ્યું, હું સબ્બાકુલ અરબ છું સુહૈબ સબ્બાકુર્રૂમ છે, સલ્માન સબ્બાકુલ ફારસ, બિલાલ સબ્બાકુલ હબ્શા છે.

રોમીઓમાં ઉછેર થયો હતો જેથી સંપૂર્ણપણે અરબી બોલી શક્તા ન હતા. એકવાર હઝરત ઉમર رضی اللہ عنہ અવાલીએ મદીના એમને મળવા ગયા. જ્યારે એમણે જોયું તો પોકારવા લાગ્યા, યા નાસ ! યા નાસ ! હે લોકો ! હઝરત ઉમરે સાથીઓને પૂછયું, એમને શું થઈ ગયું છે ? એ પોતાના ગુલામને નાસ નાસ કહીને પોકારે છે. હઝરત ઉમરે ફર્માવ્યું, હે સુહૈબ ! તમારામાં ત્રણ અયબો છે : તમે રૂમી છો અને અરબવાળાઓ જોડે વંશને જોડો છો, અને તોતડાવ છો એટલે અરબી સહીહ નથી બોલતા, અને ફુઝૂલ ખર્ચ કરનારા છો, અને નબીના નામ પર કુન્નિયત રાખો છો, એમની કુન્નિયત અબૂ યહ્યા હતી. ફર્માવ્યું, અસલમાં હું અરબી છું, રૂમી મને કેદ કરીને લઈ ગયા હતા અને એમનામાં જ ઉછર્યો એટલા માટે સહીહ અરબી નથી બોલી શક્તો. અને કેમ કે હુઝૂરે અક़્દસ ﷺએ ફર્માવ્યું કે ખૂબ ખાવા ખવડાવો, તો હું એના પર અમલ કરું છું. અને અબૂ યહ્યા ખૂદ હુઝૂરે જ મારી કુન્નિયત રાખી છે.

હઝરત બિલાલ رضی اللہ عنہ : એમના પિતાનું નામ રિબાહ અને માતાનું નામ હમામા છે. અબૂ અબ્દુલ્લાહ કુન્નિયત છે એ બની જમહના ખાનાઝાદ ગુલામ હતા. એટલે કે એ પોતાના આકા઼ની માલિકીની કનીઝના પેટથી હતા. એ પણ કદીમુલ ઈસ્લામ બુઝુર્ગોમાંથી છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, સૌથી પ્રથમ જે બુઝુર્ગોએ ઈસ્લામ જાહેર કર્યો તે રસૂલુલ્લાહ ﷺ અને હઝરત સિદ્દીકે અકબર અને હઝરત બિલાલ, અમ્માર, સુહૈબ, હઝરત અમ્માારનાં વાલિદા સુમૈયા અને હઝરત મિકદાદ બિન અસ્વદ છે. રસૂલુલ્લાહ ﷺ અને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ પર તો જાલિમોનો દાવ ન ચાલી શક્યો પણ બાકી઼ના હઝરાતને મક્કાના સિતમગરોએ વિવિધ રીતે સતાવ્યા.

ઉમૈયા બિન ખલફ બિલાલને સખત તાપમાં ઉઘાડા શરીરે ચટ્ટાપાટ સૂવડાવીને છાતી પર ભારે શીલા રાખી દેતો અને કહેતો, આ જ પ્રમાણે રહે ત્યાં સુધી કે મૃત્યુ પામે, અથવા મુહમ્મદ ﷺથી ફરી જાય. એ જ હાલતમાં હઝરત સિદ્દીકે અકબરે જોયું અને એક મજબૂત ગુલામના બદલામાં તેમને ખરીદીને આઝાદ કરી આપ્યા.

હુઝૂરે અકદસ ﷺને જાણ થઈ તો ફર્માવ્યું, મને પણ શરીક કરી લો. ફર્માવ્યું, હું એમને આઝાદ કરી ચૂક્યો. આઝાદી પછી એ હુઝૂર ﷺની સાથે રહેવા લાગ્યા. જ્યારે અઝાન મશ્રૂઅ (હુકમ આવ્યો) થઈ તો મોઅઝ્ઝિન નિયુક્ત થયા. તેમજ હુઝૂરે અકદસ ﷺના ખજાનચી પણ હતા. સર્વ જંગોમાં સાથે રહ્યા. હુઝૂરે અકદસ ﷺના પછી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના મુબારક યુગ સુધી મદીના રહ્યા અને અઝાન આપતા રહ્યા. પછી શામ (સીરિયા) જેહાદ માટે જવાનો ઈરાદો કર્યો. હઝરત ઉમર رضی اللہ عنہ એ રોકવા ચાહ્યા પણ રાજી ન થયા અને શામમાં જ હિ.સ. ૨૦ કે ૨૧ માં વિસાલ ફર્માવ્યો અને દમિશ્કમાં બાબે સગીરની પાસે દફન થયા.

એમની અડગતા તથા અઝીમતનો હાલ એ હતો કે હઝરત અમ્માર رضی اللہ عنہ એ ફર્માવ્યું, મુશ્રિકોએ જેવું ચાહ્યું અમારી પાસેથી કહેવડાવી લીધું સિવાય બિલાલના, કે અતિશય તકલીફ છતાં કદી જાલિમોના સમક્ષ હાર ન માની, અને કદી કોઈ વાત એમની મરજી પ્રમાણેની જીભ પર ન લાવ્યા, બલ્કે હમેશાં "અહદ અહદ" ફર્માવ્યું. જાલિમ મુશ્રિક કદીક એમને મારતાં મારતાં કાંકરીઓ પર સૂવાડતા ક્યારેક અંગારાઓ પર, ક્યારેક લોખંડનું બખ્તર પહેરાવીને અતિશય તેજ તાપમાં બેસાડતા. ક્યારેક ગળામાં રસ્સી બાંધીને છોકરાઓના હવાલે કરી આપતા, તેઓ ઘસેડતા પણ કોઈ જુલ્મ તેમને ઢીલા ન પાડી શક્યો.

જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ ફતહે બયતુલ મુકદ્દસના માટે શામ તશરીફ લઈ ગયા તો એમણે પણ "જાબિયહ"માં આવીને સ્વાગત કર્યું અને સાથે સાથે બયતુલ મુકદ્દસ પણ ગયા.

એક દિવસે હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, હે બિલાલ ! આજે અઝાન કહી દો ! અર્ઝ કરી, મેં અહદ કર્યો હતો કે રસૂલુલ્લાહ ﷺના પછી કોઈના માટે અઝાન કહીશ નહીં, પણ આપના ખાતર કહી દઉં છું. હઝરત બિલાલનો અવાજ ઘણો જ સૂરીલો દિલકશ અને બુલંદ પણ હતો. જ્યારે અઝાન શરૂ કરી તો નબવી યુગનો મન્ઝર આંખો સામે ફરી વળ્યો અને તમામ હાજરજનો બેકા઼બૂ થઈ ગયા અને દરેક આંખ અશ્રુમય થઈ ગઈ, હઝરત ઉમરનો રડતાં રડતાં બુરો હાલ થઈ ગયો, હઝરત મઆઝ, હઝરત અબૂ ઓબૈદા સૌ ચોધાર આંસૂએ રડવા લાગ્યા. એકવાર ખ્વાબ જોયો કે હુઝૂરે અકદસ ﷺ તશરીફ લાવ્યા છે અને ફર્માવી રહ્યા છે, હે બિલાલ ! શું બેમુરવ્વતી છે કે મારી ઝિયારત માટે નથી આવતા ?! ખ્વાબથી જાગૃત થતાં જ મદીનાની રાહ પકડી અને રોઝએ અકદસ પર પહોંચીને ઝબહ થનાર મરઘાની જેમ તડપવા લાગ્યા.

હઝરત હસ્નૈન કરીમૈન પર નજર પડી તો તેમની સાથે લપેટાઈ લપેટાઈને રડવા લાગ્યા. અને તેમને પ્યાર કરવા લાગ્યા. તે હઝરાતે અર્ઝ કરી કે આજે સવારે અઝાન કહી આપો ! સવારે જ્યારે હઝરત બિલાલે અઝાન શરૂ કરી તો પૂરા મદીનામાં કોહરામ મચી ગયો. જ્યારે અશહદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ કહ્યું તો મદીના કાંપી ઉઠ્યું. પર્દાનશીન સ્ત્રીઓ, નાના બાળકો ઘરોએથી નીકળી આવ્યાં, મદીનાના રહેવાસીઓની રડતાં રડતાં હિચકીઓ બંધાય ગઈ. રહમતે આલમ ﷺના સોનેરી યુગની યાદ તાજી થઈ ગઈ. આવુ રિક્કતઅંગેઝ, રડાવી

દેનાર વાતાવરણ મદીનામાં કદી ઉદ્‌ભવ નથી પામ્યું.

જ્યારે હિજરત કરીને મદીના તયબહ આવ્યા તો હુઝૂર ﷺએ તેમનામાં તથા હઝરત અબૂ રૂવૈહા અબ્દુલ્લાહ બિન અબ્દુર્રહમાન ખથ્અમીમાં ભાઈચારો સ્થાપિત કરી આપ્યો. એ સંબંધે એમનામાં ખૂબ જ પ્રમાણમાં મહોબ્બત તથા ઉલ્ફત પેદા કરી આપી. જ્યારે શામ જવા લાગ્યા તો હઝરત ફારૂકે આ'ઝમથી કહી ગયા કે મારો વઝીફો હઝરત અબૂ રૂવૈહાને આપતા રહેજો, અને એમને પણ શામ બોલાવી લીધા. હઝરત અબૂ બકરે કેમ કે એમને ખરીદીને આઝાદ કર્યા હતા એટલા માટે એમની સાથે પણ પુષ્કળ મહોબ્બત તથા એહતેરામ પણ કરતા હતા. હુઝૂરે અકદસ ﷺના વિસાલ બાદ તેમનાથી શામ જવાની રજા માગી તો હઝરત સિદ્દીકે અકબરે ફર્માવ્યું, બિલાલ ! હું તમને અલ્લાહ વ રસૂલનો વાસ્તો આપુ છું કે આ બુઢાપામાં મને જુદાઈનો ડાઘ ન આપો ! તો રોકાય ગયા. સર્વે ગઝવાતમાં સાથે સાથે રહ્યા, બલ્કે દરેક સફરમાં હુઝૂર ﷺની સાથે સાથે રહેતા. આગળ આગળ ભાલો લઈને ચાલતા. તેમને જ એ ગર્વ હાંસલ છે કે રસૂલુલ્લાહ ﷺ ફતહે મક્કા પછી કા'બાની અંદર ગયા તો એ સાથે હતા. ઈસ્લામના સૌથી પહેલા મોઅઝ્ઝિન છે. કા'બાની છત પર સૌ પ્રથમ અઝાન તેમણે આપી. એ કક્ષાના બુઝુર્ગ છે કે હઝરત ઉમરે ફર્માવ્યું, અબૂબક્ર અમારા સરદાર છે અને અમારા સરદારને આઝાદ કર્યા.

ઉમૈયા બિન ખલફે તેમને જાત જાતની રીતે સતાવ્યા. ગઝવએ બદરમાં તેમને મોકો મળી ગયો તો તેનુ માથુ ધડથી ઉડાવી દીધું. હઝરત અબૂબક્રે સાંભળ્યું તો ફર્માવ્યું, હે બિલાલ ! તમે તમારો બદલો લઈ લીધો. *(આ સર્વ વિગત ઈસાબા, અલ્ઈસ્તિઆબ, અસદુલગાબા, તબકાતે ઈબ્ને સઅદ, મુસ્તદરક લિલ હાકિમથી લેવામાં આવેલ છે)*

પ્રકરણની સામ્યતા : હઝરત સુહૈબ رضی اللہ عنہ ને રોમીઓ પાસેથી બની કલ્બના એક વ્યક્તિએ ખરીદયા અને એની પાસેથી અબ્દુલ્લાહ બિન જુદઆને. એ ત્રણેવ હર્બી હતા. એનાથી જાણવા મળ્યું કે હર્બીઓનું આપસમાં ખરીદ વેચાણ દુરુસ્ત છે.

હઝરત બિલાલ رضی اللہ عنہ બની જમહના ખાનાઝાદ ગુલામ હતા. તેમના માલિકથી હઝરત સિદ્દીકે અકબરે ખરીદયા. જેથી જાણવા મળ્યું કે મુસલમાનનું હર્બીથી કાંઈક ખરીદવું દુરુસ્ત છે.

આ પ્રકરણ પર ઈમામ બુખારીએ આ આયતથી પણ દલીલ રજૂ કરી છે :–

وَاللّٰهُ فَضَّلَ بَعْضَكُمْ عَلٰى بَعْضٍ فِى الرِّزْقِ فَمَا الَّذِيْنَ فُضِّلُوْا بِرَادِّىْ رِزْقِهِمْ عَلٰى مَامَلَكَتْ اَيْمَانُهُمْ فَهُمْ فِيْهِ سَوَآءٌ اَفَبِنِعْمَةِ اللّٰهِ يَجْحَدُوْنَ (تحل۔ ٨١)

"અને અલ્લાહે તમારામાંથી અમુકને અમુક પર ફઝીલત આપી જેમને અધિક રોજી આપવામાં આવી એ લોકો પોતાના ગુલામો તથા બાંદીઓને નહીં આપે કે સૌ સમાન થઈ જાય તો શું અલ્લાહની નેઅમતના મુન્કિર છે. *(નહલ–૭૧)*

દલીલ કરવાનું કારણ : આ સંબોધન મુશ્રિકોથી છે. અલ્લાહ عزوجل એ મુશ્રિકોની મિલ્કત તેમના ગુલામો તથા કનીઝો (બાંદીઓ) પર સાબિત કરી, જ્યારે કે તેમની મિલ્કત સામાન્યતઃ ગૈર શરઈ તરીકાઓથી હાંસલ થતી હતી છતાં તેમની મિલ્કતને સાબિત માની. જ્યારે મુશ્રિકોની જાયદાદ તેમની મિલ્કત છે તો તેમનું વેચવું, ભેટ ધરવું, આઝાદ કરવું સૌ દુરુસ્ત છે. હવે જો કોઈ મુસલમાન તેમની પાસેથી ખરીદી લે અથવા તે કોઈ મુસલમાનને કાંઈ વેચી આપે તો એ પણ દુરુસ્ત અને મુસલમાનનું માલિકીપણુ એનાથી સાબિત થશે.

મુશ્રિકો અલ્લાહ عزوجل ની આપેલી રોજીમાંથી અમુક અલ્લાહના માટે કરી આપતા અને અમુક બુતો (મૂર્તિઓ)ના માટે, આ રીતે મૂર્તિઓને અલ્લાહના ભાગીદાર ઠરાવતા. તેમના રદને માટે ફર્માવ્યું કે તમે તથા તમારા મમ્લૂક (ગુલામ–કનીઝ) બંને આદમની ઔલાદ છો અને અલ્લાહના બંદા હોવામાં સમાન છો પણ તમે એવું નથી પસંદ કરતા કે તમારા મમ્લૂક (ગુલામ, કનીઝ) માલમાં સમાનપણે હિસ્સેદાર થાય. તો પછી આ શું મૂર્ખામી છે કે અલ્લાહ عزوجل ની અતા ફર્માવેલ રોજીમાં મૂર્તિઓને ભાગીદાર બનાવો છો ! જ્યારે કે મૂર્તિ અલ્લાહની મખ્લૂક અને તેની મમ્લૂક છે.

حديث ١٣٠٠ عَنِ الْاَعْرَجِ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ النَّبِيُّ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું, ઈબ્રાહીમે સારહની સાથે [હદીષ : ૧૩૦૦]

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ هَاجَرَ اِبْرَاهِيْمُ بِسَارَةَ فَدَخَلَ بِهَا قَرْيَةً

હિજરત કરી, એક એવી વસ્તીમાં તશરીફ લઈ ગયા જેમાં એક બાદશાહ અથવા એક જાલિમ હતો. એને કહેવામાં

فِيْهَا مَلِكٌ مِّنَ الْمُلُوْكِ اَوْ جَبَّارٌ مِّنَ الْجَبَابِرَةِ فَقِيْلَ دَخَلَ اِبْرَاهِيْمُ بِامْرَاَةٍ

આવ્યું કે ઈબ્રાહીમ એક એવી સ્ત્રી સાથે આવ્યા જે હસીનતરીન સ્ત્રીઓમાંથી છે. એ બાદશાહે ઈબ્રાહીમને

هِيَ مِنْ اَحْسَنِ النِّسَاءِ فَاَرْسَلَ اِلَيْهِ اَنْ يَّا اِبْرَاهِيْمُ مَنْ هٰذِهِ الَّتِيْ مَعَكَ

બોલાવીને પૂછ્યું, હે ઈબ્રાહીમ ! તમારી સાથે આ કોણ સ્ત્રી છે ? ફર્માવ્યું, મારી બહેન છે. પછી ઈબ્રાહીમ

قَالَ اُخْتِيْ ثُمَّ رَجَعَ اِلَيْهَا فَقَالَ لَا تُكَذِّبِيْ حَدِيْثِيْ فَاِنِّيْ اَخْبَرْتُهُمْ اَنَّكِ

સારાની પાસે પરત થયા તો ફર્માવ્યું, ત્યાં જઈને મારી વાત જૂઠી ન પાડતી, મેં તેમને બતાવ્યું છે કે તું મારી

اُخْتِيْ وَاللّٰهِ اِنْ عَلَى الْاَرْضِ مِنْ مُّؤْمِنٍ غَيْرِيْ وَغَيْرِكِ فَاَرْسَلَ بِهَا اِلَيْهِ

બહેન છે. બખુદા આ જમીન પર અત્યારે તારા અને મારા સિવાય કોઈ અન્ય મોમિન નથી. તે બાદશાહે સારાને

فَقَامَ اِلَيْهَا فَقَامَتْ تَوَضَّاُ وَتُصَلِّيْ فَقَالَتْ اَللّٰهُمَّ اِنْ كُنْتُ اٰمَنْتُ بِكَ

પોતાને ત્યાં બોલાવ્યાં અને તેમની તરફ વધ્યો. સારા પણ ઉઠયાં અને વુઝૂ કર્યું અને નમાઝ પઢવા લાગ્યાં, અને

وَبِرَسُوْلِكَ وَاَحْصَنْتُ فَرْجِيْ اِلَّا عَلٰى زَوْجِيْ فَلَا تُسَلِّطْ عَلَيَّ الْكَافِرَ فَغَطَّ

આ દુઆ કરી, હે અલ્લાહ ! જો હું તારા પર અને તારા રસૂલ પર ઈમાન લાવી હોઉં પાક દામન રહી હોઉં તો

حَتّٰى رَكَضَ بِرِجْلِهٖ — قَالَ الْاَعْرَجُ قَالَ اَبُوْ سَلَمَةَ بْنُ عَبْدِ الرَّحْمٰنِ

કાફિરને મારા પર કાબૂ ન આપ. આ દુઆ કરતાં જ એ કાફિર જમીન પર પડી ગયો, નાકથી ખરખર અવાજ

હદીષ : ૧૩૦૦ની સમજૂતી

પ્રકરણથી સામ્યતા એ હિસ્સાથી છે કે એ કાફિર બાદશાહે હઝરત હાજરા હઝરત સારાને ભેટ ધર્યાં, અને હઝરત ઈબ્રાહીમ عليہ السلام એ તેને રદ ન ફર્માવ્યું, કબૂલ કર્યું.

હઝરત ઈબ્રાહીમ عليہ السلام મદયનથી જ્યારે હિજરત કરીને મિસર તશરીફ લઈ ગયા હતા તો આ બનાવ ઉપસ્થિત થયો હતો. ઈબ્ને કુતેબાએ કહ્યું કે આ બનાવ ઉર્દુનમાં ઉપસ્થિત થયો હતો અને એ બાદશાહનું નામ અમ્ર બિન ઈમરઉલ કૈસ બિન કાબિયૂન બિન સબા હતું. હઝરત સારા رضی اللہ عنہا હઝરત ઈબ્રાહીમ عليہ السلام ના કાકા

إِنَّ أَبَا هُرَيْرَةَ قَالَ - قَالَتِ اللّٰهُمَّ إِنْ يَمُتْ يُقَلْ هِيَ قَتَلَتْهُ فَأُرْسِلَ ثُمَّ

નીકળવા લાગ્યો અને પગો જમીન પર રગડવા લાગ્યો. આ જોઈને સારાએ કહ્યું, હે અલ્લાહ ! જો એ મરી જશે

قَامَ إِلَيْهَا فَقَامَتْ تَوَضَّأُ وَتُصَلِّي وَتَقُولُ اللّٰهُمَّ إِنْ كُنْتُ آمَنْتُ بِكَ وَ

તો કહેવામાં આવશે કે તેણીએ એને મારી નાખ્યો છે. હવે તે ઠીક થઈ ગયો. ફરી તે સારાની તરફ વધ્યો. સારાએ

بِرَسُولِكَ وَأَحْصَنْتُ فَرْجِي إِلَّا عَلَى زَوْجِي فَلَا تُسَلِّطْ عَلَيَّ هٰذَا الْكَافِرَ فَغَطَّ

ફરી વુઝૂ કર્યું અને નમાઝ પઢી અને આ દુઆ કરી, હે અલ્લાહ ! જો હું તારા પર અને તારા રસૂલ પર ઈમાન

حَتَّى رَكَضَ بِرِجْلِهِ - قَالَ عَبْدُ الرَّحْمٰنِ قَالَ أَبُو سَلَمَةَ قَالَ أَبُو هُرَيْرَةَ

લાવી હોઉં અને પાકદામન રહી હોઉં તો આ કાફિરને મારા પર ક़ાબૂ ન આપ ! હવે ફરી તે જમીન પર પડ્યો,

فَقَالَتِ اللّٰهُمَّ إِنْ يَمُتْ يُقَلْ هِيَ قَتَلَتْهُ فَأُرْسِلَ فِي الثَّانِيَةِ أَوْ فِي الثَّالِثَةِ

નાકથી ખરખર અવાજ નીકળવા લાગ્યો અને પગો જમીન પર રગળવા લાગ્યો. તો સારાએ કહ્યું હે અલ્લાહ ! જો

فَقَالَ وَاللّٰهِ مَا أَرْسَلْتُمْ إِلَيَّ إِلَّا شَيْطَانًا ارْجِعُوهَا إِلَى إِبْرَاهِيمَ وَأَعْطُوهَا

એ મૃત્યુ પામ્યો તો કહેવામાં આવશે કે તેણીએ એને ક़त્લ કરી આપ્યો ! હવે ફરી ઠીક થઈ ગયો. બીજીવાર કે

آجَرَ فَرَجَعَتْ إِلَى إِبْرَاهِيمَ فَقَالَتْ أَشَعَرْتَ أَنَّ اللّٰهَ كَبَتَ الْكَافِرَ

ત્રીજીવાર તેણે પોતાના ગુલામોને કહ્યું, તમે મારી પાસે શૈતાનને મોકલ્યો છે, એને ઈબ્રાહીમની પાસે પરત કરી

وَأَخْدَمَ وَلِيدَةً ع ه

દો. અને તેને હાજરા આપી દો. સારા ઈબ્રાહીમની પાસે આવ્યાં અને અર્ઝ કરી, શું તમને ખબર પડી કે

અલ્લાહે કાફિરને ઝલીલ કરી નાખ્યો અને એનાથી એક ખાદિમા અપાવી !''

(બુખારી ૧/૩૫૬ અલ્હિબા, ૧/૩૫૮, ૨/૧૦૨૮ અલ્ઈકરાહ)

હારાનનાં પુત્રી હતાં. બહેન દર્શાવવાનું એક કારણ એ પણ છે. બીજુ જે ખૂદ હદીષમાં છે કે એ વખતે એ ભૂમી પર એ બંનેવ સિવાય અન્ય કોઈ મોમિન ન હતું એ તક़દીર પર ઈસ્લામી ભાઈચારાના આધારે કહ્યું.

હઝરત લૂત عليه السلام એ વખતે બાહયાત હતા પણ ત્યાં મૌજૂદ ન હતા. હદીષમાં الارض (અલ્અર્ઝ) થી મુરાદ ખાસ તે જગા છે. પત્ની બતાવવાના બદલે બહેન બતાવવાનો ખુલાસો ઉલમાએ વિવિધ રીતે કર્યો છે. એક એ કે તે જાલિમની આદત હતી કે પત્નીઓને પતિઓથી છીનવી લેતો પણ બહેનોને ભાઈઓથી છીનવી લેતો ન હતો. આ જ ખુલાસો અધિક ફિટ બેસે છે. બીજો ખુલાસો એ કરવામાં આવ્યો છે કે તે જાલિમ દરેક ખૂબસૂરત સ્ત્રીને પડાવી લેતો હતો. હઝરત ઈબ્રાહીમ عليه السلام એ એ ખયાલ કર્યો કે જો તેના ઈલ્મમાં એ વાત આવી કે હું પતિ છું તો ક્યાંક મને ગૈરતના કારણે ક़त્લ ન કરી નાખે. અને બહેન બતાવવામાં તેને ગૈરત આવવાનો

પ્રશ્ન જ નથી والعلم عند الله تعالى اعلم

ઈબ્ને હિશામે તીજાનમાં લખ્યું કે હઝરત ઈબ્રાહીમ عليه السلام પણ હઝરત સારાની સાથે બાદશાહના મહેલમાં તશરીફ લઈ ગયા હતા. એમને મહેલથી બહાર કરી દેવામાં આવ્યા. અલ્લાહ عزوجل એ મહેલ સાફ કાચની જેમ કરી આપ્યો. તે બાદશાહ અને હઝરત સારાને જોતા રહ્યા અને એમની વાતો સાંભળતા રહ્યા. પણ અહીં બુખારીમાં فارسل بها اليه છે એટલે સારાને બાદશાહની પાસે મોકલ્યાં.

فرجعت : કિતાબુલ અંબિયામાં આ પ્રમાણે છે કે જ્યારે પરત થઈને આવ્યાં તો જોયું કે હઝરત ઈબ્રાહીમ عليه السلام નમાઝ પઢી રહ્યા છે, જાહેરી રીતે એવું જણાય છે કે જ્યારથી હઝરત સારા ગયાં હતાં એ સમયથી નમાઝ પઢી રહ્યા હતા.

فَغُطَّ : માઝી મજહૂલ છે. ગળુ દબાવવાથી નાકથી ખરખરાહટનો અવાજ નીકળવાને કહે છે. મુસ્લિમની રિવાયતમાં આ પ્રમાણે છે કે જ્યારે હઝરત સારા એ જાલિમની પાસે પહોંચ્યાં તો સબ્ર ન કરી શક્યો. તેમના તરફ હાથ લંબાવ્યો. તેનો હાથ બુરી રીતે જકડાઈ ગયો.

ત્રણેવ વાતો બની હશે. હાથ પણ જકડાઈ ગયો હશે, ગળુ પણ ઘૂંટાઈ ગયું હશે અને પગો પણ રગળવા લાગ્યો હશે. કિતાબુલ અંબિયામાં એટલુ વધારે છે કે પોતાની એ બુરી હાલત જોઈને એ જાલિમે હઝરત સારાને કહ્યું, અલ્લાહથી મારા માટે દુઆ કરો ! અને હું તમને કોઈ નુકસાન પહોંચાડીશ નહીં. તો હઝરત સારાએ એ દુઆ કરી. કિતાબુલ અંબિયામાં કેવળ બેવારનું વર્ણન છે અને અહીં શંકાની સાથે છે, બે વાર કે ત્રણ વાર એવું થયું.

قال الاعرج : اللهم ان يمت થી **فارسل** સુધી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ પર મૌકૂફ છે એટલા માટે ઈમામ બુખારીએ એને તફાવત કરવાના માટે **قال الاعرج** થી વર્ણવ્યું. **اعرج** થી મુરાદ અબ્દુર્રહમાન બિન હરમઝ છે. પગમાં લંગડાપણુ હતું એટલા માટે એમને "અઅરજ" (**اعرج**) કહે છે.

واعطوها آجر : અલિફ મમ્દૂદાની સાથે "આજિર" પણ છે અને હાએ હવ્વઝની સાથે **هاجر** પણ છે. આ સુર્યાની ભાષાનો શબ્દ છે. મિસ્રના એક શહેર હફ્નના બાદશાહનાં પુત્રી હતાં. હફ્ન નીલના પૂર્વી કિનારા પર એક શહેર હતું જેની નિશાનીઓ બુખારીના શરહકર્તાઓ અલ્લામા અસ્કલાની તથા અલ્લામા અયનીના સમય સુધી મૌજૂદ હતા. અત્યારે તે અન્સનાના ગામડાઓમાં છે. હઝરત ઈબ્રાહીમ عليه السلام જેનાથી ઘઉં ખરીદતા હતા એણે જ બાદશાહને ચુગલી કરી હતી અને એ બતાવ્યું હતું કે મેં સારાને આટો ગુંદતાં જોઈ છે.

એ જાલિમે જ્યારે સારાની આ રિફઅતે શાન જોઈ તો તેમની સેવા માટે હાજરાને આપ્યાં અને કહ્યું કે એમની શાન એ નથી એ ખૂદ કામ કરે.

મસાઈલ : આ હદીષથી આ મસાઈલ નીકળે છે : કાફિર અને જાલિમ બાદશાહનો તોહફો સ્વીકારવો જાઈઝ છે. જાન, માલ, આબરૂનો ખતરો હોય તો તૌરિયહની ઈજાઝત છે એટલે કે એવી વાત કહેવી જે જાહેરની વિરૂદ્ધ હોય અને એનો સહીહ અર્થ પણ થાય, બલ્કે એવા મોકા પર હકીકત વિરૂદ્ધ વાત કહેવાની પણ ઈજાઝત છે બલ્કે ક્યારેક વાજિબ થાય છે. મજબૂરીના સમયે જાલિમ સમક્ષ હથિયાર રાખી દેવાં જાઈઝ છે. પત્નીને બહેન કહેવાથી તલાક નથી પડતી. ખૂલુસ નિય્યત સાથેની દુઆ કબૂલ થાય છે. નેક અમલોને ઝરીયો બનાવીને દુઆ કરવાથી અલ્લાહ عزوجل બંદાની મદદ ફર્માવે છે.

حديث ૧૩૦૧ قَالَ عَبْدُ الرَّحْمٰنِ بْنُ عَوْفٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ لِصُهَيْبٍ

"હઝરત અબ્દુર્રહમાન બિન ઔફે હઝરત સુહૈબથી કહ્યું, અલ્લાહથી ડરો અને [હદીષ : ૧૩૦૧]

اِتَّقِ اللّٰهَ وَلَا تَدَّعِ اِلٰى غَيْرِ اَبِيْكَ فَقَالَ صُهَيْبٌ مَا يَسُرُّنِيْ اَنَّ لِيْ كَذَ

પોતાના બાપના સિવાય કોઈ અન્યની તરફ પોતાને સંબંધિત ન કરો ! તો સુહૈબે કહ્યું, મને એનાથી ખુશી

وَكَذَا وَاَنِّيْ قُلْتُ ذٰلِكَ وَلٰكِنِّيْ سُرِقْتُ وَاَنَا صَبِيٌّ

નહીં થાય કે મારા માટે આટલી અને આટલી દૌલત હોય અને હું એવું કરું,

પરંતું બનાવ એ છે કે હું બાળક હતો ત્યારે ચોરાવી લેવામાં આવ્યો."

بَابُ قَتْلِ الْخِنْزِيْرِ ص ૨૯૬

"સુવ્વરને ક़त्ल કરવાનુ બયાન" –(૨૯૬)

حديث ૧૩૦૨ عَنِ ابْنِ الْمُسَيَّبِ اَنَّهٗ سَمِعَ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, [હદીષ : ૧૩૦૨]

يَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَالَّذِيْ نَفْسِيْ بِيَدِهٖ

એ ઝાતની ક़સમ ! જેની ક़ુદરતના તાબા હેઠળ મારી જાન છે, નજીકમાં જ (ઈસા) ઈબ્ને મરયમ ઉતરશે તે

હદીષ : ૧૩૦૧ની સમજૂતી

વર્ણન થઈ ચૂક્યું કે હઝરત સુહૈબ رضی اللہ عنہ અસલમાં અરબ હતા. તમર બિન ક़ાસિતના સાહબઝાદાના સાહબઝાદા જે બની રબીઅહના વ્યક્તિ હતા. બચપનમાં રૂમી તેમને ઉઠાવીને લઈ ગયા હતા. એટલે એમની ભાષા રૂમી હતી. જેના કારણે લોકો તેમના અરબી હોવા પર શંકા કરતા હતા. એ જ કારણે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ આવુ ફર્માવ્યું અને હઝરત સુહૈબે તે જવાબ આપ્યો. મતલબ એ છે કે મારી ભાષાના કારણે મારા અરબી હોવા પર શંકા ન કરો, હું હક़ીક़તમાં અરબી છું. બચપનના સમયમાં જ રોમીઓના કબજામાં જતો રહ્યો હતો અને એમની ભાષા બોલવા લાગ્યો.

પ્રકરણથી સામ્યતા : બુયૂઅના પ્રકરણથી આ પ્રકરણની સામ્યતા એ રીતે છે કે સોદાનો મૂળ આધાર માલ છે અને ખિન્ઝીર (સુવ્વર) વાજિબુલ ક़त्ल છે તો શરીઅતની રૂએ માલ નથી. એનાથી લાઝિમ થયું કે એનું ખરીદ વેચાણ દુરુસ્ત નથી. એનાથી ઝિમ્મીઓનાં સુવ્વર અપવાદ છે કેમ કે એમની દૃષ્ટિમાં એ માલ છે. અને ફર્માવવામાં આવ્યું : وَاَمْوَالُهُمْ كَاَمْوَالِنَا "ઝિમ્મીઓના માલ આપણા માલ સમાન છે."

હદીષ : ૧૩૦૨ની સમજૂતી

હઝરત ઈસા عليہ السلام ને આસ્માન પર ઉઠાવવામાં આવવાની તફસીલમાં વિવિધ હિકાયતો રિવાયત થયેલી છે. ઈમામ નિસાઈ તથા ઈબ્ને અબી હાતિમે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે કે જ્યારે યહૂદીઓના

لَيُوْشِكَنَّ اَنْ يَّنْزِلَ فِيْكُمُ ابْنُ مَرْيَمَ حَكَمًا مُّقْسِطًا

ઈન્સાફ કરનારા હાકિમ હશે. ક્રોસ તોડશે, સુવ્વરને મારી નાખશે,

فَيَكْسِرُ الصَّلِيْبَ وَيَقْتُلُ الْخِنْزِيْرَ وَيَضَعُ الْجِزْيَةَ وَ

જિઝયો ખત્મ કરી આપશે અને તેમના જમાનામાં માલની એટલી

يَفِيْضُ الْمَالُ حَتّٰى لَا يَقْبَلَهٗ اَحَدٌ ع ه

અધિક્તા થશે કે કોઈ ખૈરાત લેશે નહીં." (મુસ્લિમ–ઈમાન, તિર્મિઝી–ફિતન)

બાદશાહે હઝરત ઈસાને શહીદ કરવાનો હુકમ આપી દીધો અને યહૂદી એમને તલાશ કરવાના માટે નીકળ્યા, તો હઝરત ઈસા પોતાના બાર સાથીઓની સાથે એક મકાનમાં રહેલા હતા. ફર્માવ્યું, તમારામાં કોણ એવું ચાહે છે કે જેને મારા જેવો કરી દેવામાં આવે અને મારા બદલે ક़त्ल કરવામાં આવે. તે મારી સાથે જન્નતમાં હશે. તેમાંથી એક સૌથી ઓછી નાની વયના યુવાને અર્ઝ કરી, હું હાજર છું. ત્રણ વાર એવું જ ફર્માવ્યું અને તેણે દરેકવાર હકારમાં જવાબ આપ્યો. તે હઝરત ઈસા عليه السلام ના જેવા દેખાવવાળો થઈ ગયો અને હઝરત ઈસાને આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યા. યહૂદી આવ્યા અને તે યુવાનને હઝરત ઈસા સમજીને પકડીને લઈ ગયા અને ફાંસી આપી દીધી. *(કમાલૈન)*

એનાથી ઉલ્ટુ સામાન્યત : આ મશહૂર છે : જ્યારે યહૂદીઓએ નક્કી કરી લીધુ કે હઝરત ઈસા عليه السلام ને ફાંસી આપી દેવામાં આવે અને તેમણે ફાંસીનો તખ્તો પણ ઉભો કરી લીધો તો હઝરત ઈસા عليه السلام છુપાઈ ગયા. તેમના હવ્વારીઓમાં યહૂઝા નામનો એક મુનાફિક હતો તેણે નિર્દેશ કર્યો. યહૂદીઓએ એ મકાનને જેમાં હઝરત ઈસા હતા તેને ઘેરી લીધું. યહૂઝા હઝરત ઈસા عليه السلام ની સાથે હતો. જિબ્રઈલે અમીન હમેશાં હઝરત ઈસા عليه السلام ની સાથે રહેતા હતા તે હઝરત ઈસાને લઈને આસ્માન પર ચાલ્યા ગયા અને યહૂઝાની શક્લ હઝરત ઈસા જેવી કરી દેવામાં આવી. યહૂદી તેને પકડીને લઈ ગયા અને ફાંસી આપી દીધી અને તેની લાશ ફાંસી પર રહેવા દીધી.

જ્યારે રોમના શહેનશાહને કોઈએ ખબર આપી કે એક સાહબ પોતાને ખુદાના રસૂલ કહેતા હતા. તેમનાથી અઝીમુશ્શાન મોજિઝા જાહેર થતા હતા, તે મુડદાં જીવંત કરતા હતા, માદરજાત આંધળાને દેખતો કરતા હતા અને કોઢીને સાજો કરતા હતા. તો તેણે પોતાના માણસોને મોકલીને સૂળીએ ચઢાવાયેલાને સૂળી (ક્રોસ) પરથી ઉતાર્યો અને એ સૂળી (ક્રોસ)ને રોમ લઈ ગયા. રોમના શાહે તેની તાઝીમ કરી અને એની જેવા અન્ય પણ ક્રોસ બનાવ્યા જેની પૂજા કરવા લાગ્યા.

ખાસ કરીને સલીબ (ક્રોસ)ને તોડવું લગભગ એ કારણે છે કે એમાં નસારાના બે અક़ીદાઓને બાતિલ ઠરાવવું છે. એક એ કે એમને ફાંસી આપવામાં આવી છે. બીજો એ કે એની પૂજા કરતા હતા. સુવ્વરનું ક़त्ल એ કારણે હશે કે ઈસાઈઓનો સૌથી પ્રિય ખોરાક છે, અને હક़ીક़ત નજીસુલ અયન અને દરેક જાનવરથી વિશેષ ગંદુ છે. ક़યામતની નજીક બે ફરિશ્તાઓના બાવડાઓ પર હાથ રાખીને સુબ્હ સાદિક તુલૂઅ થયા બાદ હઝરત ઈસા જામેઅ દમિશ્કના પૂર્વી સફેદ મીનારા પર ઉતરશે. (મુસ્લિમ, ૨/૪૦૧) યહૂદી તથા સર્વ કાફિરોને ક़त्ल કરશે. એમના જમાનામાં ઈસ્લામ અથવા ક़त्લનો ક़ાનૂન હશે. જિઝયો લઈને ઝિમ્મી બનાવવાનો હુકમ એમના સમયના અગાઉ સુધી છે. તેમના જમાનામાં ન કોઈ ઝિમ્મી હશે અને ન એમની ઈબાદતગાહો હશે.

بَابُ لَا يُذَابُ شَحْمُ الْمَيْتَةِ وَلَا يُبَاعُ وَدَكُهُ ص ٢٩٦

"મુરદારની ચરબી ન પીસવામાં અને ન એને વેચવામાં આવે" –(૨૯૬)

હદીષ ૧૩૦૩ اَنَّهُ سَمِعَ ابْنَ عَبَّاسٍ يَّقُوْلُ بَلَغَ عُمَرَ بْنَ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ تَعَالٰى

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહેતા હતા કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ને **[હદીષ : ૧૩૦૩]**

عَنْهُ اَنَّ فُلَانًا بَاعَ خَمْرًا فَقَالَ قَاتَلَ اللّٰهُ فُلَانًا اَلَمْ يَعْلَمْ اَنَّ رَسُوْلَ

એ ખબર પહોંચી કે ફલાણાએ શરાબ વેચી છે તો ફર્માવ્યું, અલ્લાહ એને મારી નાખે, શું એણે એ નથી જાણ્યું

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ قَاتَلَ اللّٰهُ الْيَهُوْدَ حُرِّمَتْ عَلَيْهِمُ

કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ યહૂદને મારી નાખે એમના પર ચરબી હરામ કરવામાં આવી

الشُّحُوْمُ فَجَمَلُوْهَا فَبَاعُوْهَا ـ ع ـه

હતી તો તેમણે ચરબીને ઓગાળીને વેચી."

(બુખારી, ૧/૪૯૧, અલ્અંબિયા, મુસ્લિમ–બુયૂઅ, નિસાઈ–અઝ્ઝબાએહ, ઈબ્ને માજહ–અલ્અશ્રેબહ)

હદીષ ૧૩૦૪ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ **[હદીષ : ૧૩૦૪]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ قَاتَلَ اللّٰهُ الْيَهُوْدَ حُرِّمَتْ عَلَيْهِمُ الشُّحُوْمُ فَبَاعُوْهَا وَ

ફર્માવ્યું, અલ્લાહ તઆલા યહૂદીઓ પર લઅનત કરે તેમના પર ચરબી હરામ કરવામાં આવી

اَكَلُوْا اَثْمَانَهَا ـ ع ـه

તો તેને વેચી અને તેની કિંમત ખાધી." (મુસ્લિમ–બુયૂઅ)

સમજૂતી : હદીષ : ૧૩૦૩–૧૩૦૪ એ સાહબ હઝરત સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہ હતા. જેમ કે મુસ્લિમમાં છે. આપ ખાસ પ્રખ્યાત સહાબીઓમાંથી છે. એ આશ્ચર્યજનક છે કે એમણે શરાબ કેવી રીતે વેચી ?! એની સ્પષ્ટતા ઈસ્માઈલીએ એ કરી છે કે શરાબ પીવાની હુર્મતની સ્પષ્ટતા કુર્આન મજીદમાં છે. તેની હુર્મત દરેક સહાબીને માલૂમ હતી. પરંતુ વેચવાની હુર્મત કુર્આન મજીદમાં નથી. હુઝૂરે અકૃદસ ﷺ એ એના વેપારથી જરૂર મના કર્યું છે પણ એ હદીષ એમના સુધી પહોંચી ન હતી એટલા માટે એને વેચ્યું. ખૂદ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ એને કૃયાસથી સાબિત કર્યું. એનાથી જાહેર કે હઝરત ઉમર رضی اللہ عنہ સુધી પણ તે હદીષ પહોંચી ન હતી નહીં તો એને રજૂ કરતા, ઈજતેહાદથી કામ ન લેતા. એટલા માટે અધિકતમ અનુમાન એ જ છે કે તે જાણતા ન હતા કે એને વેચવું પણ હરામ છે અને દરેક ચીજમાં અસલ મુબાહ હોવું છે એટલા માટે વેચ્યું.

بَابُ بَيْعِ التَّصَاوِيرِ الَّتِي لَيْسَ فِيهَا رُوحٌ وَمَا يُكْرَهُ مِنْ ذٰلِكَ ص ٢٩٦

"ગૈરજાનદારની તસ્વીર વેચવી અને એમાં શું મકરૂહ છે ?" –(૨૯૬)

حديث ١٣٠٥ عَنْ سَعِيْدِ بْنِ اَبِي الْحَسَنِ قَالَ كُنْتُ عِنْدَ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى

"સઈદ બિન અબુલ હસને કહ્યું, હું હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની ખિદમતમાં હતો **[હદીષ : ૧૩૦૫]**

عَنْهُمَا اِذْ اَتَاهُ رَجُلٌ فَقَالَ يَا اَبَا عَبَّاسٍ اِنِّي اِنْسَانٌ اِنَّمَا مَعِيْشَتِي مِنْ

એવામાં એક શખ્સ આવ્યો અને કહ્યું, હે અબૂ અબ્બાસ ! હું એક માણસ છું. મારી રોજીનો ઝરીયો હાથની

صَنْعَةِ يَدِي وَاِنِّي اَصْنَعُ هٰذِهِ التَّصَاوِيرَ فَقَالَ ابْنُ عَبَّاسٍ لَا اُحَدِّثُكَ

કારીગરી છે. હું આ તસ્વીરો બનાવું છું. તો હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, હું તમને તે જ બયાન

اِلَّا مَا سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ سَمِعْتُهُ يَقُوْلُ

કરીશ જે મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે. ફર્માવતા હતા, **જે શખ્સ કોઈ તસ્વીર બનાવશે એને**

مَنْ صَوَّرَ صُوْرَةً فَاِنَّ اللّٰهَ مُعَذِّبُهُ حَتّٰى يَنْفُخَ فِيهَا الرُّوحَ وَلَيْسَ بِنَافِخٍ

અલ્લાહ ﷻ જરૂર અઝાબ આપશે જ્યાં સુધી એમાં રૂહ ન નાખી આપે અને તે કદીપણ

فِيهَا اَبَدًا فَرَبَا الرَّجُلُ رَبْوَةً شَدِيْدَةً وَاصْفَرَّ وَجْهُهُ فَقَالَ وَيْحَكَ

એમાં જાન નાખી શકશે નહીં. એના પર એ શખ્સે લાંબો ઠંડો શ્વાસ લીધો અને એનો ચહેરો પીળો પડી

قال ابوعبدالله قاتلهم الله لعنهم قتل لعن الخراصون الكذابون અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, **قاتلهم الله**નો અર્થ છે અલ્લાહ એમના પર લઅનત કરે. કુર્આન મજીદમાં છે : **قتل الخراصون** જૂઠાઓ પર લઅનત થાય.

قاتل બાબે મુફાએલતનુ ભૂતકાળ છે જેનો અર્થ આપસમાં લડવું છે. અલ્લાહ ﷻ સાથે લડવાની કોની મજાલ છે ! એ અશક્ય છે કે કોઈ અલ્લાહ ﷻ થી લડાઈ કરી શકે. એટલા માટે જરૂરત થઈ કે એના અર્થને બતાવવામાં આવે. ઈમામ બુખારીની તફસીરનો સાર એ જ છે કે અહીં ક़ાતિલ મુશારિકતના માટે નથી બલ્કે મુજર્રદના અર્થમાં છે અને એનો લાઝિમ અર્થ મુરાદ છે. "લઅનત" એટલે પોતાની મહેરબાથી સંપૂર્ણપણે મેહરૂમ કરવું. માણસ કોઈને એ વખતે ક़ત્લ કરે છે જ્યારે એના માટે મહેરબાનીની કોઈ શક્યતા ન રહે. એટલા માટે ક़ત્લ કરવાને મહેરબાનીથી સંપૂર્ણપણે મેહરૂમ કરવું લાઝિમ છે.

હદીષ : ૧૩૦૫ની સમજૂતી

આ હદીષથી સાબિત થયું કે **જાનદારની તસ્વીર બનાવવી હરામ છે ચાહે પૂતલુ હોય કે કપડા, કાગળ વગેરે પર, ચાહે હાથથી બનાવે અથવા કેમેરા વગેરે યંત્રો વડે, અલ્બત્ત ઝાડ, પહાડ વગેરે નિર્જીવ ચીજોની તસ્વીર (ફોટો) બનાવવી જાઈઝ છે.** આ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ફત્વો છે જે

اِنْ اَبَيْتَ اِلَّا اَنْ تَصْنَعَ فَعَلَيْكَ بِهٰذَا الشَّجَرِ كُلِّ شَيْءٍ لَيْسَ فِيْهِ رُوْحٌ ؏

ગયો. તો હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, તારું બુરુ થાય ! જો તસ્વીરો બનાવવાથી દૂર નથી થઈ શક્તો તો આ ઝાડ તથા નિર્જીવની બનાવ." *(મુસ્લિમ–લિબાસ, નિસાઈ–અઝ્ઝીનત)*

بَابُ اِثْمِ مَنْ بَاعَ حُرًّا ص ٢٩٦

આઝાદને વેચવાનો ગુનોહ *–(૨૯૭)*

حديث ١٣٠٦ عَنْ سَعِيْدِ بْنِ اَبِىْ سَعِيْدٍ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું અલ્લાહ ﷻએ **[હદીષ : ૧૩૦૬]**

એમણે હુઝૂર ﷺના આ ઈર્શાદ પરથી કાઢયો છે. તસ્વીર બનાવવા પર અલ્લાહ ﷻ એને અઝાબ આપતો રહેશે જ્યાં સુધી એમાં જીવ ન પૂરે. એ ઈર્શાદ કે તે કદી પણ એમાં જાન નાખી શક્શે નહીં, એના પર ધારણા એ છે કે એના પર હમેશાં અઝાબ થતો રહેશે.

بدل الكل عن البعض થી બદલ છે બદલ **كل ليش شى فيه روح،الشجر** અમુક નહવીઓએ એને જાઈઝ કહ્યું છે. આ તક્દીર પર બદલના પાંચ પ્રકાર થઈ જશે. જેમ કે એક શાઈરે કહ્યું છે : **رحم الله اعظمادفنوها بسجستان طلحةالطلحات** "અલ્લાહ એ હાડકાંઓ પર રહમત નાઝિલ કરે, જેને લોકોએ સજિસ્તાનમાં દફન કરેલ છે તલ્હતુત્તલ્હાત પર"

قال ابوعبدالله عن محمد عن عبدة عن سعيد قال سمعت النضر بن انس قال كنت عندابن عباس رضى الله عنهما. الحديث

"અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, રિવાયત છે મુહમ્મદથી તે રિવાયત કરે છે અબ્દહથી તે રિવાયત કરે છે સઈદથી કે મેં નઝર બિન અનસથી સાંભળ્યું કે હું હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ના ત્યાં હતો.....છેવટ સુધી"

ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે વર્ણવેલ હદીષ એક અન્ય સનદ સાથે રિવાયત થયેલી છે જેમાં સઈદ બિન અબૂ અરૂબહ હઝરત અનસ બિન માલિકના સાહબઝાદા નઝર બિન અનસથી રિવાયત કરે છે. ઈમામ મુસ્લિમે આ સનદમાં સઈદ તથા નઝર બિન માલિકના દરમ્યાન ક્તાદાનો ઉલ્લેખ કર્યો છે એનાથી ખયાલ થાય છે કે સઈદ બિન અબૂ અરૂબહએ નઝરથી નથી સાંભળ્યું.

ઈમામ બુખારીએ આ શંકાને દૂર કરવા માટે ફર્માવ્યું કે સઈદ બિન અબૂ અરૂબહએ કેવળ આ એક હદીષ નઝર બિન માલિકથી સાંભળી છે. કિતાબુલ્ લિબાસ (૨/૮૮૧)માં ઈમામ બુખારીએ આ હદીષની સનદ આ પ્રમાણે વર્ણવી.

અમને સઈદ બિન અબૂ અરૂબહએ હદીષ બયાન કરી. મેં નઝર બિન અનસને ક્તાદાથી આ હદીષ બયાન કરતાં સાંભળી, લગભગ એનાથી મુસ્લિમના કોઈ રાવીને શંકા થઈ અને એણે સઈદ બિન અબૂ અરૂબહ તથા નઝર બિન અનસની દરમ્યાન ક્તાદાને વર્ણન કરી આપ્યા.

હદીષ : ૧૩૦૬ની સમજૂતી અલ્લાહ ﷻ દરેક મઝલૂમ (જુલ્મ પામેલા)ની ક્યામતના દિવસે તરફદારી કરશે. આ ત્રણેવમાં ખાસ કરીને પક્ષકાર બનવાનો ઉલ્લેખ અતિશયોક્તિ રૂપે છે, અને ત્રણેવની સખત બુરાઈ જાહેર કરવા માટે છે કેમ કે એ તે યુગમાં ખૂબ જ રિવાજ પામેલ હતું. અને **ક્સમ ખાઈને ફરી જવું એ**

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ قَالَ اللّٰهُ تَعَالٰى - ثَلٰثَةٌ اَنَا

ફર્માવ્યું, ત્રણ પ્રકારના લોકોનો ક્યામતના દિવસે હું ફરીક (પક્ષકાર) થઈશ,

خَصْمُهُمْ يَوْمَ الْقِيٰمَةِ رَجُلٌ اَعْطٰى بِيْ ثُمَّ غَدَرَ وَرَجُلٌ بَاعَ حُرًّا فَاَكَلَ

એક તે જેણે મારા નામની સાથે અહદ કર્યો હતો પછી તોડી કાઢયો. બીજો તે જેણે કોઈ આઝાદને

ثَمَنَهٗ وَرَجُلٌ اِسْتَاْجَرَ اَجِيْرًا فَاسْتَوْفٰى مِنْهُ وَلَمْ يُعْطِ اَجْرَهٗ ؏

વેચ્યો અને તેની કિંમત ખાધી. ત્રીજો તે જેણે નોકર કે મજૂર રાખ્યો અને એનાથી પૂરું કામ લીધું એન મજૂરી કે પગાર ન આપ્યો." (બુખારી ૧/૩૦૨ અલ્ઈજારા)

તો આજે પણ ચાલી રહ્યું છે.

તદ્ ઉપરાંત આ ત્રણેવ જુર્મ અતિશય કમજોરો સાથે થાય છે જેમનો દુનિયામાં કોઈ આધાર નથી હોતો. અતિશય મહેરબાનીથી ફર્માવ્યું કે હું એમનો હામી (તરફદાર) છું. પક્ષકાર થવા માટે સમર્થક બનવું જરૂરી છે. પ્રથમ સ્થિતિમાં મુરાદ એ છે કે જેની વિરૂદ્ધ વચનભંગ કર્યો છે તેનો સમર્થક (તરફદાર) થઈશ.

જેવી રીતે આઝાદ માનવીની આંખને વેચવું જાઈઝ નથી, ન એને જાઈઝ ન કોઈ બીજાને. એ જ પ્રમાણે કોઈપણ ભાગનું ખરીદ વેચાણ બાતિલ છે. એનાથી જાણવા મળ્યું કે આજકાલ જે રિવાજ છે કે લોકો લોહી, કીડની, આંખ વગેરે વેચે છે એ જાઈઝ નથી★. ★ *(લોહી કોઈની જાન બચાવવાના પ્રસંગે આપવાની ઈજાઝત હાલના ઉલમાએ આપેલી છે, અન્ય અંગો વેચવાં કે દાન કરવાનું નાજાઈઝ દર્શાવ્યું છે. –અનુવાદક)*

એટલા માટે કે સોદો માલિકીની ચીજનો થાય છે, માણસની જાતની જેમ તેનાં અંગો પણ કોઈની મિલ્કત નથી, ન ખૂદ પોતાની ન કોઈ અન્યની. જે રીતે વેચવું જાઈઝ નથી એવી રીતે ભેટ રૂપે તથા તોહફામાં આપવું જાઈઝ નથી.

بَابُ اَمْرِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ الْيَهُوْدَ بِبَيْعِ اَرَضِيْهِمْ حِيْنَ اَجْلَاهُمْ

નબી ﷺ નું યહૂદીઓને પોતાની જમીન વેચવાનો હુકમ આપવું જ્યારે તેમને વતનથી તડીપાર કર્યા હતા. –(૨૯૭)

આ પ્રકરણ કેવળ અબૂઝરના નુસ્ખામાં છે. અને ارضيهم એ را ના ઝબરની સાથે છે. એમાં બે વાતો કાયદા વિરૂદ્ધ છે એક એ کا ના ઝબરના કારણે વાહિદનું વજન સલામત ન રહ્યું, જ્યારે કે જમા મુઝક્કર સાલિમ છે. બીજુ એ કે ગૈર ઝવિલ ઊકૂલથી છે, જ્યારે કે જમા સાલિમ ગૈર ઝવિલ ઊકૂલની નથી આવતી.

فيه المقبرى عن ابى هريرة رضى الله عنه "આ બારામાં હઝરત અબૂ સઈદ મુકબરીએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી છે."

એનાથી ઈમામ બુખારીએ આ હદીષની તરફ ઈશારો કર્યો છે જે કિતાબુલ જેહાદ (૧/૪૪૯) **اجلاء اليهود من جزيرة العرب** "ઈજલાઉલ યહૂદે મિનજઝીરતિલે અરબ" પ્રકરણમાં વર્ણવી છે.

અબૂ સઈદ મુકબરી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે અમે મસ્જિદમાં હતા એવામાં નબી ﷺ બહાર તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, યહૂદીઓની પાસે ચાલો ! અમે ચાલ્યા અને બયતુલ મદારિસ પહોંચ્યા.

باب بيع العبيد با لعبيد والحيوان نسيئة

"કેટલાક ગુલામોને એક ગુલામના બદલામાં અને જાનવરને જાનવરના બદલામાં ઉધાર વેચવું." –(૨૯૭)

પ્રકરણનો હેતુ : ગુલામ તથા ગુલામ, જાનવર તથા જાનવર એક જાતિનાં છે. જાહેરી રીતે જણાય છે કે એમાં વધારો ઘટાડો તથા ઉધાર વ્યાજ થશે, એના નિવારણ માટે આ હેડિંગ રચવામાં આવ્યું કે એમાં વધારો પણ જાઈઝ છે અને ઉધાર પણ જાઈઝ એટલે કે એમાં વ્યાજ નથી. અને આ પ્રકરણમાં જાનવર આમ છે. એક જાતિના જાનવરને બીજી જાતિના જાનવર સાથે વેચે અથવા તે જ જાતિ સાથે, ઈમામ બુખારીની નજીક સૌ જાઈઝ છે. આપણે ત્યાં રોકડે જાઈઝ અને ઉધાર હરામ છે. એ હદીષ છે કે નબી ﷺએ જાનવરને જાનવરના બદલામાં ઉધાર વેચવાને મના કર્યું છે.

આ હદીષ ઈમામ તિર્મિઝીએ હઝરત સમુરહ બિન જુન્દુબ (૧/૧૪૮ બુયૂઅ), હઝરત ઈબ્ને ઉમર (ઉમ્દતુલ ક़ારી, ૧૨/૪૪) હઝરત ઈબ્ને અબ્બાસ (ઉમ્દતુલ ક़ારી, ૧૨/૪૪) رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ થી રિવાયત કરી.

ت ٤١٨ وَاشْتَرَى ابْنُ عُمَرَ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُمَا رَاحِلَةً بِاَرْبَعَةِ اَبْعِرَةٍ

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ એક સવારીના લાયક ઊંટ **[તઅલીક़ : ૪૧૮]**

مَضْمُوْنَةٍ عَلَيْهِ يُوَفِّيْهَا صَاحِبُهَا بِالرَّبَذَةِ ـ

ચાર ઊંટોના બદલે ખરીદયું જેના બારામાં જમાનત લઈ લીધી હતી કે એનો માલિક રબઝામાં આપશે."

ت ٤١٩ وَقَالَ ابْنُ عَبَّاسٍ قَدْ يَكُوْنُ الْبَعِيْرُ خَيْرًا مِّنَ الْبَعِيْرَيْنِ ـ **[તઅલીક़ : ૪૧૯]**

"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, ક્યારેક એક ઊંટ બે ઊંટથી બેહતર હોય છે."

ت ٤٢٠ وَاشْتَرَى رَافِعُ بْنُ خَدِيْجٍ رَّضِيَ اللهُ تَعَالٰى عَنْهُ بَعِيْرًا بِبَعِيْرَيْنِ

"અને રાફેઅ ઈબ્ને ખદીજ رضی اللہ عنہ એ એક ઊંટ બે ઊંટોના બદલામાં ખરીદયાં અને **[તઅલીક़ : ૪૨૦]**

હુઝૂરે અક્દસ ﷺએ (યહૂદીઓને) ફર્માવ્યું, ઈસ્લામ સ્વીકારી લો ! સલામત રહેશો. જાણી લો જમીન અલ્લાહ અને તેના રસૂલની છે. હું ઈરાદો ધરાવું છું કે તમને આ જમીન પરથી તડીપાર કરી દઉં, તમે એને વેચી દો, નહીં તો જાણી લો કે જમીન અલ્લાહ અને તેના રસૂલની છે.

તઅલીક़ : ૪૧૮ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ માલિકે મોઅત્તામાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે એનાથી ઉલ્ટી ઈબ્ને સીરીનથી રિવાયત થયેલ છે. તે કહે છે : મેં ઈબ્ને ઉમરને પૂછયું કે એક ઊંટ બે ઊંટના બદલામાં જાઈઝ છે જો અદાયગી માટે મર્યાદા નિશ્ચિત કરવામાં આવે ? એમણે એને નાપસંદ કર્યું.

તઅલીક़ : ૪૧૯ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ શાફઈ رضی اللہ عنہ એ મૌસૂલન રિવાયત કરી. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ઈર્શાદ હક્ક છે પણ એનાથી ઉધાર વેચવાનું જાઈઝ હોવું સાબિત નથી થતું.

તઅલીક़ : ૪૨૦ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ અબ્દુર્રઝ્ઝાક़ે પોતાના મુસન્નફમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે.

فَاَعْطَاهُ اَحَدُهُمَا وَقَالَ آتِيكَ بِالْآخَرِ غَدًا اَرْهُوَ اِنْ شَاءَ اللّٰهُ تَعَالٰى

એક ઊંટ તુરંત અને ફર્માવ્યું, બીજું કાલે ઈન્શાઅલ્લાહ ! મોડું કર્યા વિના આપી દઈશ."

ت ٤٢١ وَقَالَ ابْنُ الْمُسَيَّبِ لَا رِبَا فِي الْحَيَوَانِ الْبَعِيرِ بِالْبَعِيرَيْنِ وَالشَّاةِ

"અને હઝરત ઈબ્ને મુસૈયબે કહ્યું, જાનવરમાં વ્યાજ નથી, એક ઊંટ બે ઊંટોના [તઅલીક : ૪૨૧]

بِالشَّاتَيْنِ اِلٰى اَجَلٍ

બદલામાં, એક બકરી બે બકરીઓના બદલામાં નિશ્ચિત મર્યાદા સુધી વેચવી જાઈઝ છે."

ت ٤٢٢ وَقَالَ ابْنُ سِيرِينَ لَا بَاسَ بَعِيرٍ بِبَعِيرَيْنِ وَدِرْهَمٍ بِدِرْهَمَيْنِ

"ઈબ્ને સીરીને ફર્માવ્યું કે એક ઊંટ બે ઊંટના બદલામાં અને એક દિરહમ [તઅલીક : ૪૨૨]

نَسِيئَةً

એક દિરહમના બદલામાં ઉધાર વેચવામાં કોઈ વાંધો નથી."

حديث ١٣٠٧ عَنْ ثَابِتٍ عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَ فِي السَّبْيِ

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે ઉમ્મુલ મોમિનીન હઝરત સફિય્યહ [હદીષ : ૧૩૦૭]

صَفِيَّةُ فَصَارَتْ اِلٰى دِحْيَةَ الْكَلْبِيِّ ثُمَّ صَارَتْ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

કેદીઓમાં હતાં તે દહિયા કલ્બીના હિસ્સામાં આવ્યાં પછી

عَلَيْهِ وَسَلَّمَ

નબી ﷺ નાં થઈ ગયાં."

તઅલીક : ૪૨૧ની સમજૂતી

આ તઅલીકના પ્રથમ ભાગ **لاربو فی الحیوان** ને ઈમામ માલિકે મોઅત્તામાં અને **البعیر بالبعیرین** ને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે પોતાના મુસન્નફમાં મૌસૂલન રિવાયત કરેલ છે.

તઅલીક : ૪૨૨ની સમજૂતી

આ તઅલીકને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે પોતાના મુસન્નફમાં મૌસૂલન રિવાયત કરી છે. આ કથનનો બીજો ભાગ સ્પષ્ટ હદીષોની વિરૂદ્ધ છે.

હદીષ : ૧૩૦૭ની સમજૂતી

આ હદીષના અમુક તરીકાઓમાં (ઉમ્દતુલ કારી, ૧૨/૪૭) છે કે નબી ﷺ એ સફિય્યહને સાત વ્યક્તિઓના બદલામાં ખરીદયાં હતાં. એની સાથે પ્રકરણને સામ્યતા છે.

بَابُ بَيْعِ الرَّقِيْقِ صـ٢٩٦

(બાબુ બયઇર્રકીક़) "ગુલામનું ખરીદ વેચાણ" –(૨૯૭)

حديث ١٣٠٨ اَخْبَرَنِيْ ابْنُ مُحَيْرِيْزٍ اَنَّ اَبَا سَعِيْدِنِ الْخُدْرِيَّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ ખબર આપી કે તે નબી ﷺ ની **[હદીષ : ૧૩૦૮]**

اَخْبَرَهُ اَنَّهُ بَيْنَمَا هُوَ جَالِسٌ عِنْدَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ

ખિદમતમાં બેઠા હતા. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમે કેદી ઘરાવીએ છીએ

يَا رَسُوْلَ اللّٰهِ اِنَّا نُصِيْبُ سَبْيًا فَنُحِبُّ الْاَثْمَانَ فَكَيْفَ تَرٰى فِي الْعَزْلِ فَقَالَ

અને એની કિંમત ચાહીએ છીએ તો અઝ્લના બારામાં શું ફર્માવો છો ? ફર્માવ્યું, શું એવું તમે લોકો કરો છો ?

اَوَ اِنَّكُمْ تَفْعَلُوْنَ ذٰلِكَ لَا عَلَيْكُمْ اَنْ لَّا تَفْعَلُوْا ذٰلِكُمْ فَاِنَّهَا لَيْسَتْ نَسَمَةٌ كَتَبَ

જો ન કરો તો પણ કોઈ ફરક़ નથી પડતો. જેની પેદાઈશ

اللّٰهُ اَنْ تَخْرُجَ اِلَّا وَهِيَ خَارِجَةٌ ؕ ع

અલ્લાહે લખી આપી છે તે પેદા થઈને રહેશે."

(બુખારી ૧/૩૪૫ અલ્ઈતક़, ૨/૭૮૪ અન્નિકાહ, બાબુલ અઝ્લ, ૨/૫૯૩ મગ़ાઝી, ૨/૯૭૭ અલ્क़દર, ૨/૧૧૦૧ અત્તૌહીદ, મુસ્લિમ–નિકાહ, અબૂ દાઉદ–નિકાહ, નિસાઈ–ઈતક़, ઉશ્રતુન્નિસાઅ)

હદીષ : ૧૩૦૮ની સમજૂતી

આ સવાલ જવાબ ગઝવએ બનીલમુસ્તલક़ના મોક़ા પર થયા હતા જ્યારે કે ઘણી બધી લોંડીઓ કૈદ થઈ હતી. એ વખતે સહાબાએ કિરામ ઘણા જ તંગદસ્ત હતા. આ હદીષથી સાબિત થયું કે **અઝ્લ જાઈઝ** છે અલબત્ત પોતાની પત્ની સાથે અઝ્લ કરવું હોય તો એનાથી ઈજાઝત લેવી જરૂરી છે. અઝ્લ શાબ્દિક અર્થ અલગ કરવું છે, અહીં મુરાદ એ છે કે સંભોગ દરમ્યાન વિર્ય સ્ખલનના સમયે ગુપ્તાંગને બહાર કાઢી લેવું જેથી વિર્ય બહાર પડે. એના પર क़યાસ કરીને **એ પણ જાઈઝ છે કે ગર્ભ નિરોધક દવાઓ વાપરવામાં આવે** અથવા પુરૂષ પોતાના ગુપ્તાંગ પર અથવા સ્ત્રી ગર્ભના મુખ પર કવર વગેરે ચઢાવી લે.

પણ **ઓપરેશન ન પુરૂષને જાઈઝ છે ન સ્ત્રીને.** કેમ કે એ અલ્લાહની કુદરતી બનાવટમાં ફેરફાર છે જે કુર્આનના હુકમાનુસાર શૈતાની કામ છે. શૈતાન જ્યારે રબની બારગાહથી મરદૂદ થવા લાગ્યો તો તેણે ધમકી આપી હતી : وَلَاٰمُرَنَّهُمْ فَلَيُغَيِّرُنَّ خَلْقَ اللّٰهِ "હું જરૂર જરૂર એમને કહીશ કે તેઓ અલ્લાહની પેદા કરેલી ચીજો બદલી નાખે." *(અન્નિસાઅ–૧૧૯)*

એ જ પ્રમાણે **લુપ લગાડવું પણ હરામ છે,** કેમ કે એમાં વિના શરઈ જરૂરતે શર્મગાહ તથા સતરની (છુપાવવાની) જગાઓ અજનબી ડોક્ટરોને દેખાડવું અને તેમને સ્પર્શવા દેવું છે.

بَابُ بَيْعِ الْمُدَبَّرِ ص٢٩٧

"મુદબ્બરનું ખરીદ વેચાણ" –(૨૯૭)

حديث ١٣٠٩ عَنْ عَطَاءٍ عَنْ جَابِرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ بَاعَ النَّبِيُّ صَلَّى

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, નબી ﷺ એ **[હદીષ : ૧૩૦૯]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ الْمُدَبَّرَ ؏

મુદબ્બરને વેચ્યો." (અબૂ દાઉદ–અલ્ઈત્ક, નિસાઈ–બુયૂઅ–અલ્ફઝા, ઈબ્ને માજહ–અલ્અહકામ)

بَابُ هَلْ يُسَافِرُ بِالْجَارِيَةِ قَبْلَ اَنْ يَّسْتَبْرِئَهَا ص٢٩٧

"ઈસ્તબરાથી પહેલાં લોંડી સાથે સફર કરવી." –(૨૯૭)

ت ٤٢٣ وَلَمْ يَرَ الْحَسَنُ بَاْسًا اَنْ يُّقَبِّلَهَا اَوْ يُبَاشِرَهَا۔ **[તઅલીક : ૪૨૩]**

"ઈમામ હસન બસરી એવી લોંડીનો બોસો લેવા અથવા એને ચિપકાવવામાં વાંધો જાણતા ન હતા."

અલ્બત્ત **એ બીકથી ગર્ભ રોકવાની કોશિશ "ઈમાનની કમજોરી" છે કે અધિક બાળકો થઈ જશે તો તેનો ઉછેર કેવી રીતે થશે !** ઈર્શાદ છે : نَحْنُ نَرْزُقُكُمْ وَاِيَّاهُمْ "અમે તમને પણ રોજી દઈએ છીએ અને તેમને પણ." *(અન્આમ–૧૫૧)* نَحْنُ نَرْزُقُهُمْ وَ اِيَّاكُمْ "અમે તેમને પણ રોજી દઈએ છીએ અને તમને પણ." *(અલ્અસ્રાર–૩૧)*

હદીષ : ૧૩૦૯ની સમજૂતી

મુદબ્બર એ ગુલામને કહે છે જેના બારામાં તેના માલિકે કહી દીધું હોય કે મારા મૃત્યુ બાદ તું આઝાદ છે. એના બે પ્રકારો છે : મુત્લક (બિન શર્તી) જ્યારે એના આકાએ મુત્લક મરવા પર આઝાદી આધારિત રાખી હોય એને ન વેચવું જાઈઝ છે ન એને ભેટ આપવું જાઈઝ. બીજો પ્રકાર : **મુકૈયદ** (શર્તી) એ છે જેને એના માલિકે આ પ્રમાણે કહ્યું હોય, જો હું આ બીમારીમાં મૃત્યુ પામુ અથવા આ સફરમાં મૃત્યુ પામુ તો તું આઝાદ છે. અને માલિક એ બીમારીમાં સાજો થઈ ગયો. અથવા સફરથી પરત આવી ગયો, તો એને વેચવું જાઈઝ છે.

હઝરત ઈમામ શાફઈ, હઝરત ઈમામ અહમદ બંને પ્રકારના મુદબ્બરના ખરીદ વેચાણને જાઈઝ કહે છે. એમની દલીલ આ હદીષ છે. આ હદીષ અહીં ટૂંકાણમાં છે, 'બયઉલ મુઝાયદા'માં વિગતવાર વર્ણન થઈ ચૂકી છે અને ત્યાં હનફીઓની દલીલો પણ વર્ણન થયેલી છે.

તઅલીક : ૪૨૩ની સમજૂતી

આ તઅલીકને ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી પણ કેવળ ان يقبلها સુધી, અલ્બત્ત ઈમામ અબ્દુર્રઝ્ઝાકે આ શબ્દોમાં રિવાયત કરી છે : يصيب مادون الفرج "શર્મગાહ સિવાય હાથ લગાડી શકે છે."

બાંદીને ખરીદયા બાદ ઈસ્તબરા વાજિબ છે એટલે કે જ્યાં સુધી એક હૈઝ (માસિક) ન આવી જાય ત્યાં સુધી તેણી સાથે સંભોગ જાઈઝ નથી. સફરમાં કેમ કે એનો ખતરો રહે છે કે ક્યાંક સંભોગ ન કરી બેસે એટલા માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું પણ એમના નિયમાનુસાર કોઈ ફૈસલો નથી લખ્યો.

ت ٤٢٤ وَقَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا إِذَا وُهِبَتِ الْوَلِيدَةُ الَّتِي

''અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, જે બાંદી સાથે સંભોગ કરવામાં આવી **[તઅલીક્ : ૪૨૪]**

تُوطَأُ أَوْ بِيعَتْ أَوْ عَتِقَتْ فَلْيَسْتَبْرِأْ رَحِمَهَا بِحَيْضَةٍ وَلَا تُسْتَبْرَأُ الْعَذْرَاءُ

ચૂક્યો હોય અને તેને ભેટ ધરવામાં આવે અથવા વેચવામાં આવે અથવા તેને આઝાદ કરવામાં આવે

તો જરૂરી છે કે એક હૈઝ સુધી ઈસ્તબરા કરે અને કુંવારી પર ઈસ્તબરા નથી.''

ت ٤٢٥ وَقَالَ عَطَاءٌ لَا بَأْسَ أَنْ يُصِيبَ مِنْ جَارِيَةٍ إِلَى الْحَامِلِ مَا دُونَ الْفَرْجِ

''અને ઈમામ અતાએ કહ્યું, સગર્ભા બાંદીની શર્મગાહના સિવાયને હાથ લગાડી શકે છે, **[તઅલીક્ : ૪૨૫]**

وَقَالَ اللّٰهُ تَعَالٰى إِلَّا عَلٰى أَزْوَاجِهِمْ أَوْ مَا مَلَكَتْ أَيْمَانُهُمْ

અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું તે મોમિન પોતાની મુરાદે પહોંચ્યા જે પોતાની શર્મગાહોની

હિફાઝત કરે છે પણ પોતાની પત્નીઓ અને શરઈ બાંદીઓથી.'' (મુઅમિનૂન–૬)

તઅલીક્ : ૪૨૪ની સમજૂતી

આ તઅલીક્ને ઈમામ ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરેલ છે.

તઅલીક્ : ૪૨૫ની સમજૂતી

મુરાદ એ છે કે ગર્ભની હાલતમાં કોઈ બાંદીને ખરીદી તો જ્યાં સુધી ગર્ભ ન બહાર પડી જાય એનાથી સંભોગ જાઈઝ નથી. હદીષમાં ફર્માવ્યું : **لا يحل لامرى يومن بالله واليوم الاخر ان يسقى ماء ه زرع غيره** ''જે શખ્સ અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન ધરાવે છે તેને હલાલ નથી કે તેનું પાણી બીજાનુ ખેતર સીંચે.''

આયતે કરીમાથી દલીલ એ રીતે છે કે જ્યારે બાંદીઓ હલાલ છે તો એમની સાથે બોસો તથા ચિપકાવવું હલાલ છે, અલ્બત્ત ગર્ભ હોવાની હાલતમાં સંભોગ આ હદીષના કારણે હરામ છે ત્યાં સુધી કે જો એ ગર્ભ તેના હાલના માલિકનો હોય દા.ત. તેણે ખરીદતા પહેલાં તેણી સાથે ઝિના કર્યો હોય તો તેને સંભોગ પણ જાઈઝ છે.

પછી એના બાદ ઈમામ બુખારીએ ઉમ્મુલ મોમિનીન હઝરત સફિય્યહ رضی اللہ عنہا નો બનાવ આ શબ્દોમાં રિવાયત કર્યો કે રસૂલુલ્લાહ ﷺ એ તેમને પોતાના માટે પસંદ કરી લીધાં અને તેમને પોતાની સાથે લઈને ચાલ્યા જ્યારે સંદરૂર્રવહા પર પહોંચ્યા તો રોકાણ કર્યું અને મેળાપ કર્યો. હઝરત સફિય્યહને હુઝૂરે અકદસ ﷺ એ જ્યારે પોતાના માટે પસંદ કર્યાં તો એ હુઝૂરનાં બાંદી બની ગયાં અને ઈસ્તબ પહેલાં તેમને લઈને સફર કરી. આ જ પ્રકરણનું હેડિંગ છે, જો કે એમાં કલામ (ચર્ચા) છે.

મસાઈલ : આપણે ત્યાં બાંદી સાથે ઈસ્તબરાઅથી પહેલાં સંભોગ તથા ચૂમવું જાઈઝ નથી, કેમ કે એમાં સંભોગમાં સપડાવાનો મજબૂત ખતરો છે.

بَابُ بَيْعِ الْمَيْتَةِ وَالْاَصْنَامِ ص٢٩٨

"મુરદાર તથા મૂર્તિઓનું ખરીદ વેચાણ" –(૨૯૮)

حديث ١٣١٠ عَنْ عَطَاءِ بْنِ اَبِي رَبَاحٍ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી મરવી છે. તેમણે કહ્યું, **[હદીષ : ૧૩૧૦]**

اَنَّهٗ سَمِعَ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ عَامَ الْفَتْحِ وَهُوَ بِمَكَّةَ

રસૂલુલ્લાહ ﷺ ને ફતહે મક્કાના વરસે મેં એવું ફર્માવતાં સાંભળ્યા, બેશક ! અલ્લાહ અને તેના રસૂલે શરાબ,

اِنَّ اللّٰهَ وَرَسُوْلَهٗ حَرَّمَ بَيْعَ الْخَمْرِ وَالْمَيْتَةِ وَالْخِنْزِيْرِ وَالْاَصْنَامِ فَقِيْلَ

મુરદાર, સુવ્વર તથા મૂર્તિઓ વેચવા તથા ખરીદવાને હરામ કરી આપ્યું છે. એના પર અર્ઝ કરવામાં આવી,

يَا رَسُوْلَ اللّٰهِ اَرَاَيْتَ شُحُوْمَ الْمَيْتَةِ فَاِنَّهٗ تُطْلٰى بِهَا السُّفُنُ وَتُدْهَنُ بِهَا

યા રસૂલલ્લાહ ! મુરદારની ચરબીઓના બારામાં શું રાય મુબારક છે ? કેમ કે એને નાવડીઓ પર ઘસે છે

الْجُلُوْدُ وَيَسْتَصْبِحُ بِهَا النَّاسُ فَقَالَ لَا هُوَ حَرَامٌ ثُمَّ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى

અને ચામડાઓમાં ચીકાશ આપવામાં આવે છે અને તેને ચિરાગમાં સળગાવે છે. ફર્માવ્યું, ઈજાઝત નથી,

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عِنْدَ ذٰلِكَ قَاتَلَ اللّٰهُ الْيَهُوْدَ اِنَّ اللّٰهَ لَمَّا حَرَّمَ

હરામ છે. ત્યારબાદ રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ عزوجل યહૂદીઓને બર્બાદ કરે, જ્યારે અલ્લાહે

شُحُوْمَهَا اَجْمَلُوْهُ ثُمَّ بَاعُوْهُ فَاَكَلُوْا ثَمَنَهٗ ـ

મુરદારની ચરબીઓને હરામ ફર્માવી તો તેમણે એને પીગળાવી અને વેચી અને તેની કિંમત ખાધી."

હદીષ : ૧૩૧૦ની સમજૂતી આ હદીષ એની દલીલ છે કે મુરદાર, શરાબ, સુવ્વર તથા મૂર્તિઓનું ખરીદ વેચાણ સહીહ નથી, એટલા માટે કે આ સર્વ માલ નથી. રહી ગયું તેનાથી ફાયદો ઉઠાવવું તો એમાં વિગતે ચર્ચા છે. ચામડાને પકવ્યા પછી તેનાથી ફાયદો ઉઠાવવો જાઈઝ છે. જેમ કે હદીષ વર્ણન થઈ ચૂકી. એ જ પ્રમાણે મુરદારના અંગો વડે જેમાં જિંદગી નથી હોતી ફાયદો ઉઠાવવો જાઈઝ છે. દા.ત. વાળ, હાડકું, ધોળી નસો એક હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺ ની એક કાંસકી હાથીના દાંતની હતી. (ઉમ્દતુલ ક़ારી, ૧૨/૫૬) તેમજ એક હદીષ (મુસ્નદે ઈમામ અહમદ, ૫/૨૭૫)માં છે કે હુઝૂરે અક્દસ ﷺ એ હઝરત ષૌબાન رضی اللہ عنہ ને ફર્માવ્યું, જા અને ફાતિમાના માટે ધોળી નસોનો હાર અને હાથીદાંતના બે કાંસકા ખરીદી લાવ.

અને જે ચીજોથી ફાયદો ઉઠાવવો જાઈઝ છે તેનું ખરીદ વેચાણ પણ જાઈઝ છે. જેમ કે ભાગ–૨, પેજ નં. ૧૪૨, ૧૪૩ (ગુજરાતીમાં પેજ નં. ૧૨૭, ૧૨૮) પર વર્ણન થઈ ચૂક્યું.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

كِتَابُ السَّلَمِ ص ٢٩٨

(કિતાબુસ્સલમ) "એડવાન્સ રકમ લઈને વેચાણ કરવા વિશે પ્રકરણ"

بَابُ السَّلَمِ فِي وَزْنٍ مَّعْلُوْمٍ ص ٢٩٨

"સલમ જાણીતા વજનમાં છે" –(૨૯૮)

બયએ સલમ : તે જ સમયે કિંમત ચૂકવીને અમુક મુદત બાદ ખરીદ–વેચાણ થયેલ વસ્તુનું લેવું નક્કી થાય, તો એને બયએ સલમ કહે છે. તેના સહીહ થવા માટે ચૌદ શરતો છે. ષમન તથા ખરીદ–વેચાણ થયેલ વસ્તુ બંનેની જાતિ, પ્રકાર, વસ્ફ (ખૂબી), માત્રા નિશ્ચિત કરી દેવામાં આવે, આ આઠ શર્તો થઈ. ષમન (કિંમત) મજલિસે અક્દમાં (સોદા વેળા) પૂરી અદા કરી દેવામાં આવે. ખરીદ વેચાણ થયેલ વસ્તુની અદાયગીની મર્યાદા સન, મહિનો, તારીખ નિશ્ચિત હોય. જો ખરીદ–વેચાણ થયેલ વસ્તુના સ્થળાંતરમાં તકલીફ હોય તો ખરીદ–વેચાણ થયેલ વસ્તુની અદાયગીની જગ્યા પણ દર્શાવી દેવામાં આવે. અક્દના સમયથી લઈને અદાયગીના સમય સુધી ખરીદ–વેચાણ થયેલ વસ્તુ બજારમાં સરળતાથી મળતી રહે. એમાં ખિયારે શર્ત તથા ખિયારે રૂયત ન હોય. આ ચૌદ શર્તોમાંથી એક પણ છૂટી જાય તો એ બયઅ નાજાઈઝ તથા વ્યાજ છે.

حديث ١٣١١ عَنْ اَبِي الْمِنْهَالِ عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قَدِمَ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ મદીના તશરીફ લાવ્યા **[હદીષ : ૧૩૧૧]**

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ الْمَدِيْنَةَ وَهُمْ يُسْلِفُوْنَ بِالتَّمْرِ

તો એ વખતે એ લોકો ફળોનું બે વરસ ત્રણ વરસ માટે ઉધાર ખરીદ વેચાણ કરતા હતા તો ફર્માવ્યું,

السَّنَتَيْنِ وَالثَّلٰثَ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ اَسْلَفَ

જે ઉધાર ખરીદ વેચાણ કરવા ચાહે તેને લાઝિમ છે કે કયૂલે માલૂમ અને

હદીષ : ૧૩૧૧ની સમજૂતી આ હદીષમાં કયૂલ તથા વજનનો ઉલ્લેખ એ એતબારથી છે કે અધિકતર મકયૂલ તથા મવઝૂનમાં બયએ સલમ ચાલતી હતી. નહીં તો બયએ સલમ દરેક તે ચીજમાં જાઈઝ છે જેની માત્રા (માપ)ની નિશ્ચિતતા કોઈ પણ સ્થિતિ વડે એ રીતે થઈ જાય કે ઝઘડાનો ભય ન રહે. દા.ત. કપડાં, ઈંડાં વગેરેમાં કપડાંની માત્રા માપ વડે અને ઈંડાની માત્રા ગણત્રીથી નિશ્ચિત થઈ શકે છે.

فِيْ شَيْءٍ فَفِيْ كَيْلٍ مَّعْلُوْمٍ وَّوَزْنٍ مَّعْلُوْمٍ اِلٰى اَجَلٍ مَّعْلُوْمٍ ؏

વજને માલૂમ (નિશ્ચિત માપ અને નિશ્ચિત વજન)માં કરે."

(એ જ પ્રકરણના પહેલાં તથા બાદમાં, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી–બુયૂઅ, નિસાઈ–અશ્શુરૂત–અલ્બુયૂઅ, ઈબ્ને માજહ–અત્તિજારાત)

حديث ૧૩૧૨ اَخْبَرَنِيْ مُحَمَّدٌ اَوْ عَبْدُ اللّٰهِ بْنُ اَبِي الْجَعْدِ قَالَ اخْتَلَفَ عَبْدُ اللّٰهِ بْنُ

"મુહમ્મદ અથવા અબ્દુલ્લાહ બિન અબી મુજાલિદે કહ્યું, અબ્દુલ્લાહ ઈબ્ને શદ્દાદ બિન **[હદીષ : ૧૩૧૨]**

شَدَّادِ بْنِ الْهَادِ وَاَبُوْ بُرْدَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا فِي السَّلَفِ فَبَعَثُوْنِيْ اِلٰى

અલ્હાદ તથા અબૂ બુર્દા رضي الله عنهما એ બયએ સલફ (સલમ)ના બારામાં મતભેદ કર્યો તો એ લોકોએ મને

ابْنِ اَبِيْ اَوْفٰى رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فَسَاَلْتُهٗ فَقَالَ اِنَّا كُنَّا نُسْلِفُ عَلٰى عَهْدِ

ઈબ્ને અબૂ અવફા رضي الله عنه ની પાસે મોકલ્યો તો મેં એમને પૂછયું. તેમણે બતાવ્યું કે અમે લોકો

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاَبِيْ بَكْرٍ وَعُمَرَ فِي الْحِنْطَةِ وَ

રસૂલુલ્લાહ ﷺ અને અબૂબક્ર અને ઉમર رضي الله عنهما ના જમાનામાં બયએ સલફ ઘઉં, જવ,

الشَّعِيْرِ وَالزَّبِيْبِ وَالتَّمْرِ وَسَاَلْتُ ابْنَ اَبْزٰى فَقَالَ مِثْلَ ذٰلِكَ ؏

કિસમિસ તથા ખજૂરોમાં કરતા હતા. અને મેં ઈબ્ને અબ્ઝા رضي الله عنه થી પૂછયું તો તેમણે પણ એવું જ કહ્યું."

(એ જ ભેગા છ તરીકાથી, બાબુસ્સલમ ઈલા અજલિન મઅલૂમ, ૧/૩૦૦, અબૂ દાઊદ, નિસાઈ–બુયૂઅ, ઈબ્ને માજહ–અત્તિજારાત)

હદીષ : ૧૩૧૨ની સમજૂતી ઈમામ બુખારીએ આ હદીષને એકઠા છ તરીકાઓથી થોડાક ફેરફાર તથા વધારા ઘટાડા સાથે રિવાયત કરી છે. અબુલ મુજાલિદના નામમાં મતભેદ છે કે મુહમ્મદ હતું કે અબ્દુલ્લાહ. એટલા માટે અમ્ર બિન હફ્સના તરીકામાં શક છે. બાકીના તરીકામાં ઈબ્ને મુજાલિદ છે અથવા મુહમ્મદ બિન અબુલ મુજાલિદ છે. આપ અગ્રગણ્ય તાબઈનમાંથી છે. ઈમામ મુજાહિદના જમાઈ અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضي الله عنه ના ગુલામ હતા.

એના પછી **باب السلم الى من ليس عنده اصل** માં થોડીક તફસીલ છે. મુહમ્મદ બિન અબુલ મુજાલિદે કહ્યું, મને અબ્દુલ્લાહ બિન શદ્દાદ અને અબૂ બુર્દાએ અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ ઔફાની પાસે મોકલ્યો કે તેમને પૂછો. સહાબીઓ રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં ઘઉંમાં બયએ સલમ કરતા હતા તો અબ્દુલ્લાહ ઈબ્ને ઔફાએ ફર્માવ્યું, શામના ખેડૂતોમાંથી ઘઉં જે કિસમિસમાં વજને મઅલૂમ (નિશ્ચિત વજન) તથા મીઆદ મઅલૂમ (નિશ્ચિત મર્યાદા) સુધી બયએ સલમ કરતા હતા. મેં પૂછયું, એની સાથે જેની અસલ મૌજૂદ હોય ? ફર્માવ્યું, અમે એના બારામાં એમનાથી સવાલ જ કરતા ન હતા. પછી એ બંનેવ સાહબોએ અબ્દુર્રહમાન બિન અબ્ઝાની પાસે એ જ પૂછવા મોકલ્યો તો તેમણે પણ એવું જ કહ્યું કે અમે રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં બયએ સલમ કરતા હતા અને એવું પૂછતા ન હતા કે તેમની પાસે ખેતી છે કે નથી. અમુક તરીકાઓમાં **زبيب** ને બદલે **زيت** આવેલ છે, એટલે ઝયતૂન.

بَابُ السَّلَمِ إِلَى مَنْ لَيْسَ عِنْدَهُ أَصْلٌ ص ٢٩٩

"એનાથી બયએ સલમ કરવી જેની પાસે મુસલ્લમ ફીહની અસ્લ ન હોય" –(૨૯૯)

حديث ١٣١٣ سَمِعْتُ أَبَا الْبَخْتَرِيِّ الطَّائِيَّ قَالَ سَأَلْتُ ابْنَ عَبَّاسٍ عَنِ السَّلَمِ فِي النَّخْلِ فَقَالَ نَهَى

"અબુલ બખ્તરી તાઈએ કહ્યું, મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી ઝાડ પર **[હદીષ : ૧૩૧૩]**

النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ عَنْ بَيْعِ النَّخْلِ حَتَّى يُؤْكَلَ مِنْهُ وَحَتَّى يُوزَنَ فَقَالَ لِرَجُلٍ

લાગેલી ખજૂરોમાં સલમના બારામાં પૂછયું તો ફર્માવ્યું, નબી ﷺએ ઝાડ પર લાગેલાં ખજૂરોની બયઅ

وَأَيُّ شَيْءٍ يُوزَنُ فَقَالَ رَجُلٌ إِلَى جَانِبِهِ حَتَّى يُحْرَزَ -

(ખરીદ વેચાણ)થી મના ફર્માવ્યું જ્યાં સુધી તે ખાવા તથા તોલવાને લાયક ન થઈ જાય. એક શખ્સે પૂછયું, કઈ ચીજ વજન કરવામાં આવશે ? એના પર હઝરત ઈબ્ને અબ્બાસના બાજુમાં બેઠેલા એક શખ્સે કહ્યું, એવી થઈ જાય કે એની હિફાઝત કરવામાં આવે."

આ હદીષમાં **نبيط اهل الشام** આવ્યું છે. એ એક કૌમ હતી જે ગામડાંઓમાં રહેતી હતી. અને એમનો ધંધો ખેતી હતો. **نبط**નો અર્થ જમીનથી પાણી ઉભરાવું છે. એ કૌમ કૂવો ખોદીને પાણી કાઢવામાં નિષ્ણાત હતી એટલા માટે એમને **نبيط** (નબીત) કહેવામાં આવે છે. બયએ સલમ સહીહ થવા માટે એ જરૂરી નથી કે મુસલ્લમ ફિહ એટલે જે મબીઅ (માલ) નિશ્ચિત થયેલ છે તે મુસલ્લમ ઈલૈહ એટલે ખરીદનાર પાસે અકદના સમયે કે દરમ્યાનમાં મૌજૂદ હોય. કેવળ એ જરૂરી છે કે અકદના સમયથી લઈને અદાયગીના સમય સુધી બજારમાં આસાનીપૂર્વક મળતી હોય, દુર્લભ ન હોય.

આ જ પ્રકરણમાં જે રિવાયત મુહમ્મદ બિન મુકાતિલથી છે એમાં શરૂમાં આટલુ વધારે છે કે એ બંનેવ (અબ્દુલ્લાહ બિન શદાદ તથા અબૂ બુર્દા)એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺની સાથે ગનીમતનો માલ પામતા તો શામના નબતી આવતા અને તેમનાથી બયએ સલમ કરતા.

ચેતવણી : કેટલાક અનુવાદકોએ અસ્લનો તર્જુમો રાસુલ માલ કર્યો છે, એ સહીહ નથી. રાસુલ માલ એ કિંમતને કહે છે જે એડવાન્સ સોદા વખતે આપવામાં આવે છે. બલ્કે એનાથી મુરાદ ખેતી છે જેમ કે હદીષના અંતિમ હિસ્સાથી જાહેર છે જે હઝરત અબ્દુર્રહમાન બિન અબ્ઝાના ઈર્શાદમાં છે. તેમજ **باب السلم الى اجل معلوم**માં **اصل**ને બદલે **زرع** છે.

હદીષ : ૧૩૧૦ની સમજૂતી **પ્રકરણથી સામ્યતા** : અલ્લામા ઈબ્ને બતાલે કહ્યું કે આ હદીષને પ્રકરણ સાથે કોઈ સંબંધ નથી બલ્કે એના બાદવાળા પ્રકરણ સાથે છે. પણ કેટલાક લોકોએ આ પ્રમાણે મળતાપણુ કાઢયું છે કે જ્યારે ઝાડો પર લાગેલી ખજૂરોમાં સલમ જાઈઝ નથી તો એનું અસ્તિત્વ ન હોવા જેવું છે. આ રીતે જાણે એવા શખ્સની સાથે બયએ સલમ થઈ જેની પાસે તેની અસ્લ નથી. **હું કહું છું** : પણ જાહેર છે કે એ કાંઈ નથી, અસ્લ તો મૌજૂદ છે.

અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે આ હદીષમાં સલમથી મુરાદ શાબ્દિક અર્થ છે, એટલે કિંમત અત્યારે લઈ

بَابُ السَّلَمِ فِي النَّخْلِ ص ٢٩٩

"ઝાડ પર લાગેલી ખજૂરોનો વેપાર" –(૨૯૯)

حديث ١٣١٤ عَنْ اَبِي الْبَخْتَرِيِّ قَالَ سَاَلْتُ ابْنَ عُمَرَ عَنِ السَّلَمِ فِي النَّخْلِ

"અબુલ બખ્તરીએ કહ્યું, મેં ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી ઝાડ પર લાગેલી ખજૂરોમાં **[હદીષ : ૧૩૧૪]**

فَقَالَ نَهٰى عَنْ بَيْعِ النَّخْلِ حَتّٰى يَصْلُحَ وَعَنْ بَيْعِ الْوَرِقِ نَسَاءً بِنَاجِزٍ -

સલમના બારામાં પૂછ્યું તો ફર્માવ્યું, ફાયદો ઉઠાવવા પાત્ર થતા પહેલાં ફળોના ખરીદ વેચાણથી મના કરવામાં આવ્યું છે અને ચાંદીના રોકડના બદલામાં ઉધાર વેપારથી."

بَابُ السَّلَمِ اِلٰى اَجَلٍ مَّعْلُوْمٍ ص ٣٠٠

"બયએ સલમ જાણીતી મુદ્દત સુધી હોવી જરૂરી છે" –(૩૦૦)

ت ٤٢٥ [تعليق : ૪૨૫] وَبِهٖ قَالَ ابْنُ عَبَّاسٍ وَاَبُوْسَعِيْدٍ وَالْاَسْوَدُ وَالْحَسَنُ

અને એ જ હઝરત ઈબ્ને અબ્બાસ તથા હઝરત અબૂ સઈદ رضی اللہ عنہما તથા ઈમામ અસ્વદ તથા ઈમામ હસન બસરીનો કૌલ છે.

લો અને જ્યારે ખજૂરો થઈ જશે તો અમે લઈ લઈશું. આ બે કારણે નાજાઈઝ છે, વપરાશને પાત્ર થતા પહેલાં ફળ નું ખરીદ વેચાણ મના છે, જેમ કે હદીષો વર્ણન થઈ ચૂકી. બીજુ એ કે એમાં સોદાના તક્ઝાદાની વિરૂદ્ધ શર્ત છે. કેમ કે જ્યારે અક્દ (સોદો) સંપૂર્ણ થઈ ગયો તો એમાં ખરીદનારનું વેચનારની મિલ્કત એટલે ઝાડથી વિના બદલાએ નફો હાંસલ કરવું છે.

اقول وهو المستعان : જો સલમનો શરઈ અર્થ પણ મુરાદ લઈએ તો આ સોદો દુરુસ્ત ન થશે કેમ કે બયએ સલમ સહીહ થવાની શર્તોમાં મુસલ્લમ ફીહની તે માત્રા માલૂમ હોવી જરૂરી છે જેને મુસલ્લમ ઈલૈહને અદા કરવાની છે. અને ફળ હજી તૈયાર નથી, ખબર નહીં કેટલાં ખરાબ થશે કેટલાં ખરી પડશે. તદ્ઉપરાંત ખજૂરો કયૂલી છે તો કયૂલથી માત્રા માલૂમ હોવી જરૂરી છે અને એ માલૂમ નથી. બીજી શરત સમય મર્યાદાનું માલૂમ હોવું છે, એ પણ માલૂમ નથી, કેમ કે એ કોઈ નથી બતાવી શક્તું કે ફલાણા મહિનાની ફલાણી તારીખે ખજૂરો તૈયાર થશે, બલ્કે ત્રીજી શર્ત વસ્ફ (ક્વોલિટી) પણ માલૂમ નથી, કોને ખબર કે ખજૂરો કેવી તૈયાર થશે ?

અબુલ બખ્તરીનું નામ સઈદ બિન ફીરોઝ કૂફી તાઈ છે. હિ.સ. ૮૩ની મશહૂર જંગ દેરે જમાજમમાં ખારજીઓના હાથે શહીદ થયા.

હદીષ : ૧૩૧૪ની સમજૂતી એના બાદવાળી રિવાયતમાં આ પ્રમાણે છે :–

ونهى عن ورق بالذهب نسئا ચાંદીને સોનાના બદલામાં ઉધાર ખરીદ વેચાણથી કરવામાં આવ્યું ફર્માવ્યું છે.

પ્રથમ રિવાયત અર્થના એતબારથી આમ છે, ચાહે ચાંદીને ચાંદીના બદલામાં વેચે ચાહે સોનાના. બંનેમાં ઉધાર વ્યાજ છે.

તઅલીક્ : ૪૨૫ની સમજૂતી હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના કૌલને ઈમામ શાફઈ તથા ઈમામ

ت ٤٢٦ [તઅલીક : ૪૨૬] وَقَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا لَا بَأْسَ بِالطَّعَامِ الْمَوْصُوْفِ

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, અનાજનો ભાવ વર્ણવી દેવામાં આવ્યો હોય તો નિશ્ચિત મુદત

بِسِعْرٍ مَّعْلُوْمٍ اِلٰى اَجَلٍ مَّعْلُوْمٍ مَالَمْ يَكُ ذٰلِكَ فِيْ زَرْعٍ لَمْ يَبْدُ صَلَاحُهٗ ـ

સુધીના માટે સલમમાં વાંધો નથી જો એ અનાજ એ ખેતરમાં ન હોય જે ઉપયોગને પાત્ર ન થયું હોય."

بَابُ عَرْضِ الشُّفْعَةِ عَلٰى صَاحِبِهٖ قَبْلَ الْبَيْعِ ؕ

"શફઅહના હક્કદાર પર વેચતા પહેલાં શફઅહ રજૂ કરવું" *–(૩૦૦)*

પ્રકરણની સ્પષ્ટતા : વેચનારે બયઅથી પહેલાં જેને શફઅહનો હક્ક છે એને કહ્યું કે એને ખરીદી લો. એણે ઈન્કાર કર્યો તો વેચાણ કર્યા પછી તેને શફઅહનો હક્ક છે કે નથી ? એના બારામાં ઉલમામાં મતભેદ છે. આપણો મઝહબ છે કે એને હજી પણ શફઅહનો હક્ક છે એટલા માટે કે શફઅહનો હક્ક બયઅ પછી સાબિત થાય છે, જેમ કે બયઅ એનો સબબ છે. સબબના વાજિબ થયા વિના મુસબ્બબ (જેનો સબબ હોય તે)નું વજૂદ અશક્ય છે. એટલા માટે વેચવાથી પહેલાં ઈન્કાર કરવાથી એના પર કોઈ અસર નહીં પડે. આદત મુજબ ઈમામ બુખારીએ પોતાના કોઈ ફૈસલો લખ્યો નથી.

ت ٤٢٧ [તઅલીક : ૪૨૭] وَقَالَ الْحَكَمُ اِذَا اَذِنَ لَهٗ قَبْلَ الْبَيْعِ فَلَا شُفْعَةَ لَهٗ ـ

"અને હકમે કહ્યું, બયઅથી પહેલાં માલિકને વેચવાની ઈજાઝત આપી દીધી તો હવે તેને શફઅહનો હક્ક ન રહ્યો."

ઈબ્ને અબી શયબાએ રિવાયત કર્યો છે. છેવટના શબ્દો આ પ્રમાણે છે : અબૂ હિશામ ઈબ્ને મુસ્લિમ અઅરજ હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત કરે છે કે તેમણે ફર્માવ્યું, હું ગવાહી આપુ છું કે બયએ સલમમાં સમય મર્યાદા નિશ્ચિત હોવું જરૂરી છે. અલ્લાહ عزوجل એ એના માટે નિશ્ચિત મર્યાદા જરૂરી ઠરાવી આપી છે. ફર્માવ્યું : يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا تَدَايَنْتُمْ بِدَيْنٍ اِلٰۤى اَجَلٍ مُّسَمًّى فَاكْتُبُوْهُ ـ (بقرہ ـ ٢٨٢) "હે ઈમાનવાળાઓ ! જ્યારે નિશ્ચિત મુદત સુધી ઉધાર લેણ દેણ કરો તો એને લખી લો." *(બકરહ–૨૮૨)*

અને ઈમામ હાકિમે પણ એની તખરીજ કરી (કાઢયું) અને એને સહીહ કહ્યું. ઈમામ ઈબ્ને અબી શયબાએ બીજા તરીકાથી ઈકરમાંથી રિવાયત કરી કે હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે સલમમાં વઝીફો મળવા અથવા ખેતર (ફસલ) કપાવાની સમય મર્યાદા નિશ્ચિત કરવામાં આવે, બલ્કે સમય નિશ્ચિત કરી દેવામાં આવે, દા.ત. ફલાણો મહિનો ફલાણી તારીખ.

હઝરત અબૂ સઈદ ખુદરીની તઅલીકને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે પોતાના મુસન્નફમાં અને ઈમામ અસ્વદના કૌલને ઈમામ ઈબ્ને અબી શયબાએ રિવાયત કર્યો.

તઅલીક : ૪૨૬ની સમજૂતી હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના આ કૌલને ઈમામ માલિકે મોઅત્તામાં રિવાયત કર્યો છે.

તઅલીક : ૪૨૭ની સમજૂતી આ તઅલીકને ઈમામ ઈબ્ને અબી શયબા તથા ઈમામ વકીઅએ રિવાયત કરી છે. આ હકમ બિન ઉત્બા અબૂ મુહમ્મદ અથવા અબૂ અબ્દુલ્લાહ કૂફી તાબઈ છે. અને વર્ણન થઈ ચૂક્યું કે તાબઈનો કૌલ આપણા માટે હુજ્જત નથી. હઝરત ઈમામે આ'ઝમ તાબઈ છે.

ت ٤٢٨ وَقَالَ الشَّعْبِيُّ مَنْ بِيعَتْ شُفْعَتُهُ وَهُوَ شَاهِدٌ لَا يُغَيِّرُهَا فَلَا [તઅલીક : ૪૨૮]

"અને ઈમામ શઅબીએ ફર્માવ્યું, જ્યારે શફઅહનો હક્ક ધરાવનારની સમક્ષ તે ચીજ વેચવામાં આવી

سُفْعَةَ لَهُ

જેમાં તેને શફઅહનો હક્ક હાંસલ હતો અને તેણે માગણી ન કરી તો હવે તેને શફઅહનો હક્ક ન રહ્યો."

حديث ١٣١٥ أَخْبَرَنِي إِبْرَاهِيمُ بْنُ مَيْسَرَةَ عَنْ عَمْرِو بْنِ الشَّرِيدِ قَالَ وَقَفْتُ عَلَى [હદીષ : ૧૩૧૫]

"અમ્ર બિન ષરીદે કહ્યું, હું હઝરત સઅદ બિન અબી વક્કાસ પાસે ઉભો હતો એવામાં

سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ فَجَاءَ الْمِسْوَرُ بْنُ مَخْرَمَةَ فَوَضَعَ يَدَهُ عَلَى إِحْدَى مَنْكِبَيَّ

હઝરત મિસ્વર બિન મખ્રમા આવ્યા અને મારા એક ખભા પર પોતાનો હાથ રાખ્યો. એટલામાં અબૂ રાફેઅ

إِذْ جَاءَ أَبُو رَافِعٍ مَوْلَى النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ يَا سَعْدُ ابْتَعْ مِنِّي

નબી ﷺ ના ગુલામ આવ્યા અને કહ્યું, હે સઅદ ! મારાં આ બે મકાનોને ખરીદી લો જે આપના મહોલ્લામાં

بَيْتَيَّ فِي دَارِكَ فَقَالَ سَعْدٌ وَاللهِ مَا ابْتَاعُهُمَا فَقَالَ الْمِسْوَرُ وَاللهِ لَتَبْتَاعَنَّهُمَا

છે. તો હઝરત અઅદે કહ્યું, બખુદા ! હું એને ખરીદીશ નહીં. એના પર હઝરત મિસ્વરે કહ્યું, બખુદા ! તમો

فَقَالَ سَعْدٌ وَاللهِ لَا أَزِيدُكَ عَلَى أَرْبَعَةِ آلَافٍ مُنَجَّمَةٍ أَوْ مُقَطَّعَةٍ - قَالَ أَبُو رَافِعٍ

એને જરૂર ખરીદી લો. હઝરત સઅદે ફર્માવ્યું, હું ચાર હજાર (દિરહમ)થી વધુ આપીશ નહીં, તે પણ હપ્ત

لَقَدْ أُعْطِيتُ بِهِمَا خَمْسَ مِائَةِ دِينَارٍ وَلَوْلَا أَنِّي سَمِعْتُ رَسُولَ اللهِ صَلَّى اللهُ

ાવાર. એના પર હઝરત અબૂ રાફેએ કહ્યું, મને એના બદલામાં પાંચસો દીનાર આપવામાં આવી રહ્યા છે,

તઅલીક : ૪૨૮ની સમજૂતી ઈમામ શઅબીનું નામ આમિર બિન શરાહીલ છે. તાબઈન ઈમામોમાંથી છે. સેંકડો સહાબાએ કિરામની ઝિયારતથી મુશર્રફ છે. કેવળ એક હદીષ "અલી, તલ્હા તથા ઝુબેર જન્નતમાં છે" ના બારામાં ફર્માવ્યું, મેં આવું ફર્માવતાં પાંચસો સહાબીઓને જોયા. એમના આ ઈર્શાદને ઈમામ અબૂબક્ક બિન અબી શયબાએ રિવાયત કર્યો છે. આ જ આપણો પણ મઝહબ છે. આ કથનને પ્રકરણ સાથે સામ્યતા નથી. સોદા વખતે મૌજૂદ હોવામાં અને સોદા પહેલાં માહિતગાર હોવામાં ઘણો ફર્ક છે.

હદીષ : ૧૩૧૫ની સમજૂતી **પ્રકરણથી સામ્યતા :** હઝરત અબૂ રાફેઅ رضی اللہ عنہ એ પોતાનુ મકાન વેચતા પહેલાં હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ને કહ્યું કે આપ એને ખરીદી લો. બસ આટલુ મળતાપણુ પૂરતુ છે, એવું કરી લેવું બેહતર છે પરંતું એમાં એક પ્રકારનો વિરોધાભાસ છે. તઅલીકોથી જાહેર થાય છે કે પ્રકરણનો હેતુ એ છે કે ત્યારબાદ શફીઅને શુફઅહનો હક્ક રહે છે કે નહીં ? અને હદીષથી એ જાહેર છે કે

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ اَلْجَارُ اَحَقُّ بِسَقَبِهٖ مَا اَعْطَيْتُكَهُمَا بِاَرْبَعَةِ آلَافٍ

અને જો મેં રસૂલુલ્લાહ ﷺ ને એવું ફર્માવતાં ન સાંભળ્યા હોત તો તમને ચાર હજાર દિરહમમાં ન આપતો કે

وَاِنَّمَا اُعْطِيْ بِهِمَا خَمْسَ مِائَةِ دِيْنَارٍ فَاَعْطَاهَا اِيَّاهُ ؏

પડોસી પડોસનો સૌથી અધિક હક્કદાર છે જ્યારે કે મને એના પાંચસો દીનાર મળી રહ્યા છે, તો એમણે તે બંનેવ ઘર તેમને આપી દીધાં."

(બુખારી, ૨/૧૦૩૨, અલ્હિયલ, અબૂ દાઉદ–અલ્બુયૂઅ, ઈબ્ને માજહ–અલ્અહકામ)

بَابُ اَيُّ الْجِوَارِ اَقْرَبُ ضـ٣

"કયો પડોસી સૌથી નજીક છે ?" –(૩૦૦)

حديث ١٣١٦ سَمِعْتُ طَلْحَةَ بْنَ عَبْدِ اللّٰهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું. મેં અર્ઝ કરી, **[હદીષ : ૧૩૧૬]**

قُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ اِنَّ لِيْ جَارَيْنِ فَاِلٰى اَيِّهِمَا اُهْدِيْ قَالَ اَقْرَبُهُمَا مِنْكِ بَابًا ؏

યા રસૂલલ્લાહ ! મારા બે પડોસી છે તો કોને ભેટ આપું ? ફર્માવ્યું, જેનો દરવાજો તારાથી અધિક નજીક હોય."

(૧/૨૫૨ અલ્હિબા, ૨/૮૯૦ અલ્અદબ, અબૂ દાઉદ–અલ્અદબ)

પ્રકરણનો હેતુ એ છે કે એવું કરવું જોઈએ કે નહીં ?

باربعة آلاف : કિતાબુલ હીયલમાં **باربع مائة مثقال** છે. એનાથી માલૂમ થયું કે એ યુગમાં એક મિષ્કાલ બે દિરહમનો થતો હતો. એનાથી મુરાદ ચાંદી છે. એ જ એ જમાનાનો ઉર્ફ હતો કે જ્યારે સંખ્યાની સાથે દિરહમ અથવા દીનાર કાંઈ વર્ણન ન થતુ તો દિરહમ જ મુરાદ ગણાતો. તદ્ઉપરાંત **خمس مائة دنار** એના પર ક્રીનો પણ છે એટલા માટે કે દીનાર સોનાનો સિક્કો હતો જે એક મિષ્કાલનો થતો હતો. આ હદીષ આપણી દલીલ છે કે પડોસના કારણે પણ શફઅહનો હક્ક બને છે.

હદીષ : ૧૩૧૬ની સમજૂતી

પ્રથમવાળી હદીષથી એ સાબિત થઈ ગયું કે પડોસીના કારણે શફઅહનો હક્ક છે. આ પ્રકરણથી એ ફાયદો આપવા ચાહે છે કે જે પડોસી અધિક નજીક છે તેને અગ્રતાનો હક્ક છે. જો કે આ હદીષમાં હદિયો આપવાનો ઉલ્લેખ છે પણ કેમ કે આ હદિયો સગાઈના કારણે નથી પડોસી હોવાના કારણે છે અને એમાં અધિક નજીક દરવાજાને અગ્રતાનો હક્ક છે અને શફઅએ જવારનો પાયો પણ પડોસ જ છે એટલા માટે અધિક નિકટતાવાળાને અગ્રતાનો હક્ક હાંસલ થશે.

بسم الله الرحمن الرحيم

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

فی الاجـــارات ۳۰۱

(ફિલ્ ઈજારાત) "ઈજારા વિશે પ્રકરણ"

بَابُ اِسْتِيْجَارِ الرَّجُلِ الصَّالِحِ وَالْخَازِنِ الْاَمِيْنِ وَمَنْ لَّمْ يَسْتَعْمِلْ مَنْ اَرَادَهٗ

નેક ઈન્સાન અને અમાનતદાર ખજાનચીને નોકર રાખવો અને જે ખ્વાહિશમંદને કામ પર ન રાખે. –(૩૦૧)

حديث ۱۳۱۷ ثَنَا اَبُوْ بُرْدَةَ عَنْ اَبِيْ مُوْسٰى قَالَ اَقْبَلْتُ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ એ કહ્યું, હું નબી ﷺની ખિદમતમાં હાજર થયો અને **[હદીષ : ૧૩૧૭]**

عَلَيْهِ وَسَلَّمَ وَمَعِيْ رَجُلَانِ مِنَ الْاَشْعَرِيِّيْنَ قَالَ قُلْتُ مَا عَلِمْتُ

મારી સાથે કબીલા અશઅરના બે શખ્સો અધિક હતા જેમના બારામાં મને ખબર ન હતી કે એ બંનેવ આમિલ

اَنَّهُمَا يَطْلُبَانِ الْعَمَلَ قَالَ لَنْ اَوْ لَا نَسْتَعْمِلُ عَلٰى عَمَلِنَا مَنْ اَرَادَهٗ ؏

બનવાના ઈરાદાથી આવ્યા છે. (તેમની દરખાસ્ત પર) હુઝૂરે ફર્માવ્યું, હું કોઈ હોદ્દાના તલબગારને આમિલ નથી બનાવતો. અથવા એવું ફર્માવ્યું, કદીપણ નથી બનાવતો."

(બુખારી ૨/૧૦૨૩ ઈસ્તિતાબતુલ મુઆનદીન, ૨/૧૦૫૮ અલ્અહકામ, મુસ્લિમ–મગ્ઝી, અબૂ દાઊદ–હુદૂદ, નિસાઈ–તહારત–ફ઼ઝા)

હદીષ : ૧૩૧૭ની સમજૂતી

આ હદીષ વિગતવાર ઈસ્તિતાબતુલ મુઆનિદીનમાં આ મુજબ વર્ણન થયેલી છે : હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ એ કહ્યું, હું નબી ﷺની ખિદમતમાં હાજર થયો અને મારી સાથે બે શખ્સો અન્ય હતા. એક જમણે બીજો ડાબે. અને રસૂલુલ્લાહ ﷺ મિસ્વાક કરી રહ્યા હતા. બંનેવે (કોઈ હોદ્દાનો) સવાલ કર્યો, એના પર હુઝૂરે મને ફર્માવ્યું, હે અબૂ મૂસા અથવા હે અબ્દુલ્લાહ ઈબ્ને ક़ૈસ ! મે અર્ઝ કરી, એ જાતની ક़સમ ! જેણે હુઝૂરને હક્ક઼ની સાથે મોકલ્યા છે. એ બંનેવના દિલમાં જે હતું એને તેમણે મને નથી બતાવ્યું અને ન હું કોઈ અન્ય રીતે જાણી શક્યો કે એઓ કોઈ હોદ્દો માગવા આવ્યા છે. હવે તો એવું થઈ ગયું જાણે હું જોઈ રહ્યો છું કે હોઠના સંકોચવાના કારણે મિસ્વાક ઉપર ઉઠી ગઈ. ફર્માવ્યું, જે કોઈ હોદ્દાનો ઈચ્છુક હોય અમે હરગિઝ તેને નથી આપતા. અથવા અમે નથી આપતા. હે અબૂ મૂસા અથવા હે અબ્દુલ્લાહ ઈબ્ને ક़ૈસ ! તમે યમન જાવ ! પછી એમના બાદ હઝરત

بَابُ رَعْيِ الْغَنَمِ عَلٰى قَرَارِيْطَ ط٣

"ક़रारीत पर બકરીઓ ચરાવવી" –(૩૦૧)

حديث ١٣١٨ عَنْ اَبِيْ هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَا بَعَثَ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺ એ ફર્માવ્યું, અલ્લાહે કોઈ પણ **[હદીષ : ૧૩૧૮]**

اللّٰهُ نَبِيًّا اِلَّا رَعَى الْغَنَمَ فَقَالَ اَصْحَابُهٗ وَاَنْتَ فَقَالَ نَعَمْ كُنْتُ اَرْعَاهَا عَلٰى

એવો નબી નથી મોકલ્યો જેણે બકરીઓ ન ચરાવી હોય. એના પર સહાબાએ અર્ઝ કરી, અને હુઝૂરે પણ ?!

قَرَارِيْطَ لِاَهْلِ مَكَّةَ ع ه

ફર્માવ્યું, હા ! હું પણ. હું ક़રારીત પર મક્કાવાસીઓની બકરીઓ ચરાવતો હતો."

(ઈબ્ને માજહ–અત્તિજારાત, પેજ–૧૫૬)

મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ ને મોકલ્યા. જ્યારે એ હઝરત અબૂ મૂસાની પાસે પહોંચ્યા તો એમના માટે ગાદલો બિછાવ્યો અને કહ્યું, એના પર બેસો ! તેમણે એક શખ્સને જોયો કે તેના (મશ્કીં બાંધવું : બંને ખભાને પીઠ તરફ મિલાવીને બાંધવા) બાવડાં બાંધેલ છે પૂછયું, આ શું છે ? અબૂ મૂસાએ કહ્યું, આ પહેલાં યહૂદી હતો પછી મુસલમાન થયો ફરી યહૂદી થઈ ગયો, આપ બેસો ! તો ત્રણવાર ફર્માવ્યું, જ્યાં સુધી અલ્લાહ તથા રસૂલના ફૈંસલાના પ્રમાણે એને ક़त्ल નહીં કરવામાં આવે હું બેસીશ નહીં ! હવે તેને ક़त्ल કરવામાં આવ્યો, ત્યારબાદ બંનેવે ક़યામુલ્લૈલની ચર્ચા કરી.

પ્રકરણથી સામ્યતા : જે બે સાહબોએ માગણી કરી તેમને હોદ્દો ન આપ્યો. અને હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ એ માગણી નથી કરી તો તેમને અતા કર્યો અને એ સાલેહ, અમીન અને તેના પાત્ર હતા. અલ્લામા કુર્તબીએ ફર્માવ્યું કે આ મનાથી હરામ હોવું જાહેર છે અને હરામ ન પણ હોય તો એનાથી બચવું જરૂરી છે પણ એ ત્યારે છે જ્યારે એ કામને લાયક ઘણા લોકો છે, પરંતું જો એવી સ્થિતિ છે કે લાયક કેવળ એક જ શખ્સ હોય અને એને ખબર છે કે બીજો એને પાત્ર નથી તો સવાલ પણ વાજિબ અને ક़બૂલ કરવું પણ વાજિબ. સૈયદના યુસૂફ عليه السلام એ મિસરના બાદશાહને ફર્માવ્યું : اِجْعَلْنِيْ عَلٰى خَزَآئِنِ الْاَرْضِ اِنِّيْ حَفِيْظٌ عَلِيْمٌ (يوسف-٥٥) "મને જમીનના ખજાનાઓ પર વાલી બનાવી દે, બેશક ! હું હિફાઝત કરનારો અને ઈલ્મવાળો છું. *(યૂસુફ–૫૫)*

હદીષ : ૧૩૧૮ની સમજૂતી

غنم એવું બહુવચન છે કે એનું આ શબ્દથી એકવચન નથી આવતુ. એકવચનને માટે شاة આવે છે. قراريط قيراط નું બહુવચન પણ થઈ શકે છે જેનો અર્થ દિરહમ કે દીનારનો ટુકડો. અડધા દાંગ કે દીનારનો વીસમો હિસ્સો અથવા ચોવીસમો હિસ્સો. ક़ામૂસમાં છે કે એનું વજન વિવિધ હોય છે, મક્કા મોઅઝ્ઝમામાં દીનારનો ચોવીસમો હિસ્સો અને ઈરાકમાં વીસમો હિસ્સો. ક़ીરાતનો અસલ અર્થ ચાંદી સોનાના ટુકડા છે. એના એતબારથી હદીષમાં ફર્માવ્યું કે દરેક ક़ીરાત ઓહદના બરાબર છે. હવે મતલબ એ થશે કે ક़ીરાતોના બદલામાં બકરીઓ ચરાવતો હતો. ઈબ્ને માજહમાં بالقراريط છે. તેમજ સુવૈદ બિન સઈદ ઈબ્ને માજહના શયખનો ક़ૌલ પણ વર્ણન થયેલો છે કે દરેક બકરી એક ક़ીરાત પર. પરંતું ઈમામ મુહમ્મદ બિન નાસિર (શર્હે શિફા મુલ્લા

بَابُ اِسْتِئْجَارِ الْمُشْرِكِيْنَ عِنْدَ الضَّرُوْرَةِ اِذَا لَمْ يُوْجَدْ اَهْلُ الْاِسْلَامِ صـ ٣٠١

"જરૂરત પર મુશ્રિકોને મજૂર રાખવા જ્યારે મુસલમાન ન મળે" –(૩૦૧)

حديث ١٣١٩ عَنْ عُرْوَةَ بْنِ الزُّبَيْرِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا وَاسْتَاجَرَ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે. અને રસૂલુલ્લાહ ﷺ તથા **[હદીષ : ૧૩૧૯]**

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاَبُوْ بَكْرٍ رَّجُلًا مِّنْ بَنِي الدِّيْلِ ثُمَّ مِنْ

અબૂબક્રએ બની દીલની શાખા બની અબ્દ બિન અદીના એક શખ્સને જે રસ્તાનો જાણકાર હતો રસ્તો બતાવવા

بَنِيْ عَبْدِ بْنِ عَدِيٍّ هَادِيًا خِرِّيْتًا – وَالْخِرِّيْتُ الْمَاهِرُ بِالْهِدَايَةِ – قَدْ

માટે મજદૂર લીધો. ખિર્રિત રસ્તાના જાણકારને કહે છે. અને એ આલે આસ ઈબ્ને વાઈલનો હલીફ બની ચૂક્યો

غَمَسَ يَمِيْنَ حِلْفٍ فِيْ آلِ الْعَاصِ بْنِ وَائِلٍ وَهُوَ عَلٰى دِيْنِ كُفَّارِ قُرَيْشٍ

હતો અને કુરૈશના કાફિરોના દીન પર હતો. એ બંનેવ હઝરાતે એના પર ભરોસો કર્યો અને પોત પોતાની

અલી ક़ારી, ૨/૪૬૦)એ ફર્માવ્યું કે આ સુવૈદની ખતા છે. **નબી ﷺએ મજૂરી પર કદી બકરીઓ નથી ચરાવી.** હુઝૂર પોતાના ઘરની બકરીઓ ચરાવતા હતા. ઈમામ ઈબ્રાહીમ બિન ઈસ્હાક़ હર્બીએ કહ્યું કે ક़રારીત મક્કાના આસપાસમાં જિયાદના નજીક એક જગાનું નામ છે. તે વખતે ઉમર મુબારક વીસ વરસની હતી. (ઉમ્દતુલ ક़ારી, ૧૨/૮૦) અલ્લામા ઈબ્ને જવઝીએ એને જ અગ્રતા આપી છે. (શરહે શિફા મુલ્લા અલી ક़ારી, ૨/૪૬૦) મુલ્લા અલી ક़ારીએ એને સહીહ કહ્યું. (શર્હે શિફા મુલ્લા અલી ક़ારી, ૨/૪૬૦) અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયનીએ એની અગ્રતાના બે કારણો વર્ણવ્યા :

૧. હદીષમાં **على قراريط** છે. **على**નો હક़ીક़ી અર્થ ઈસ્તઅલા છે અને મુક़ાબલો મજાઝી. અને જ્યાં હક़ીક़ી અર્થ દુરુસ્ત થઈ શક્તો હોય ત્યાં મજાઝી અર્થ લેવું સાકિત થાય છે. ક़રારીતને જગા માનવામાં આવે તો **على**નો હક़ીક़ી અર્થ નિઃસંકોચ દુરુસ્ત છે.

૨. એક રિવાયતમાં આ પ્રમાણે છે : **كنت ارعى غنم اهلى بالجياد** "હું જિયાદમાં મારા ઘરની બકરીઓ ચરાવતો હતો, જિયાદ મક્કા મોઅઝ્ઝમાના નીચાણવાળા હિસ્સામાં એક જગાનું નામ હતું જેની નજીકમાં જ ક़રારીત પણ હતું.

જાનવર ચરાવવાનું કામ તે વખતે અરબસ્તાનમાં હલકુ સમજવામાં આવતુ ન હતું. મોટા મોટા શરીફ લોકોનાં બાળકો આ કામ કરતાં હતાં એનાથી સંયમ, સહનશીલતા, મહેનત, તા'લીમ તથા તર્બિયતના વિવિધ ઉતાર ચઢાવ તથા સુધારણા તથા સંસ્કારની બેહતરીન તર્બિયત થાય છે, એટલા માટે દરેક નબીના માટે નબુવ્વત પહેલાં એને જરૂરી ઠરાવવામાં આવ્યું.

હદીષ : ૧૩૧૯ની સમજૂતી આ હિસ્સો હદીષે હિજરતનો ભાગ છે જે વિગતવાર બાબે હિજરતમાં વર્ણન પામેલ છે. દીલ અને અબ્દ ઈબ્ને અદી, બની બક્રની શાખાઓ છે. આસ બિન વાઈલ એ ઈસ્લામનો મશહૂર દુશ્મન છે એ કુરૈશના એક બતન (નાનો કબીલો) બની સહમનો માણસ હતો. ઈમામ ઈસ્હાક़ે કહ્યું કે એ

فَأَمَّنَاهُ وَدَفَعَا إِلَيْهِ رَاحِلَتَيْهِمَا وَوَاعَدَاهُ غَارَ ثَوْرٍ بَعْدَ ثَلَاثِ لَيَالٍ فَأَتَاهُمَا

સવારીઓ એને આપી દીધી અને એ વાયદો લઈ લીધો કે ત્રણ રાતો પછી ગારે ષૌર પર તેમને લઈને

بِرَاحِلَتَيْهِمَا صُبْحَ لَيَالٍ ثَلَاثٍ فَارْتَحَلَا وَانْطَلَقَ مَعَهُمَا عَامِرُ بْنُ فُهَيْرَةَ

આવશે. તે વાયદા પ્રમાણે ત્રીજી રાતની સવારે આવ્યો. બંનેવે ત્યાંથી કૂચ કરી અને તેમની સાથે આમિર

وَالدَّلِيلُ الدِّيلِيُّ فَأَخَذَ بِهِمْ طَرِيقَ السَّاحِلِ ـ

બિન ફુહૈરા અને દીલી રસ્તો બતાવવાવાળો પણ ચાલ્યો. તેણે કિનારાનો માર્ગ અપનાવ્યો."

દીલીનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને અરકમ હતું. ઈબ્ને હિશામે કહ્યું, અબ્દુલ્લાહ ઈબ્ને ઉરીક़ત, ઈમામ માલિકે ફર્માવ્યું રક़ીત હતું. આમિર બિન ફુહીરા હઝરત સિદ્દીક़ે અકબરના ગુલામ હતા. એ પહેલાં તુફૈલ બિન અબ્દુલ્લાહના ગુલામ હતા. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ તેમને ખરીદીને આઝાદ કરી આપ્યા હતા. એ સાબિક़ીને અવ્વલીન (શરૂમાં ઈમાન લાવનારાઓ)માંથી છે. હુઝૂર ﷺ એ હજી દારે અરક़મમાં ગુપ્ત મજલિસ ઈર્શાદ તથા તબ્લીગની કાયમ કરી ન હતી તે વખતે એ ઈસ્લામથી મુશર્રફ થઈ ચૂક્યા હતા. હિજરતના મુક़દ્દસ સફરમાં તેમને સંગાથનો શરફ હાંસલ થયો. હિજરતના ત્રણ મુસાફરોમાં એક હતા. બીરે મઊનાની દર્દનાક ઘટનામાં શહાદતનો જામ પીધો.

قدغمس એનાથી મુરાદ હલીફ બનવું છે. જાહિલિયતના લોકોની આદત હતી કે જ્યારે તેઓ કોઈ ક़રાર કરતા તો બંને પક્ષો એક સાથે કોઈ વાસણમાં રાખેલા પાણી વગેરેમાં હાથ ડૂબાડતા. એટલા માટે એને **قدغمس**થી તાબીર કર્યું. **يمين** (યમીન)નો અર્થ ક़સમ **قسم** એટલે **حلف**.

راحلتيهما : હઝરત સિદ્દીક़ે અકબર رضی اللہ عنہ એ હિજરતના સફરના માટે આઠસો દિરહમમાં બે ઊંટણીઓ ચાર મહિના પહેલાં જ ખરીદી હતી જેને બાવળનાં પાંદડાં ખવડાવી ખવડાવીને તૈયાર કરી દીધી હતી. હિજરતની રાતથી પહેલાં બપોરના સમયે હુઝૂરે અક़્દસ ﷺ હઝરત સિદ્દીક़ે અકબરના ઘરે તશરીફ લાવ્યા અને તેમને જણાવ્યું કે હિજરતની ઈજાઝત મળી ગઈ છે. હઝરત સિદ્દક़ે અકબરે અર્ઝ કરી, મારાં માબાપ આપના પર કુર્બાન યા રસૂલલ્લાહ ! શું હું સાથે રહીશ ?! ફર્માવ્યું, હા ! તેમણે બે ઊંટણીઓ પેશ કરી. ફર્માવ્યું, કિંમત લો તો ક़બૂલ છે. હઝરત સિદ્દીક़ે અકબરે આગ્રહ કર્યો પણ હુઝૂરે અક़્દસ ﷺ એ કિંમત વિના લેવાનું માન્ય ન રાખ્યું તો મજબૂર થઈને કિંમત લીધી. અહીં એ જ ઊંટણીઓ મુરાદ છે.

ગારે ષૌર : આ ગુફા ષૌર પહાડની ટોચ પર છે. એ પહાડ મક્કા મોઅઝ્ઝમાથી ત્રણ માઈલના અંતરે જમણી બાજુ છે, તેની ઊંચાઈ એક માઈલ છે. એના પરથી સમુદ્ર દેખાય આવે છે. (ઝુર્કાની અલલ મવાહિબ, ૧/૩૮૦) એ ગુફામાં આ હઝરાત ત્રણ દિવસ રહ્યા.

طريق الساحل : કુરૈશે આમ એલાન કરી આપ્યું હતું કે જે શખ્સ હુઝૂરે અક़્દસ ﷺ અથવા સિદ્દીક़ે અકબર رضی اللہ عنہ નું માથુ કાપીને લાવે અથવા તેમને જીવતા કેદ કરી લાવે તો તેને એક જણ દીઠ સો ઊંટો ઈનામમાં આપવામાં આવશે. કુરૈશને એ પણ જાણ થઈ ચૂકી હતી કે મદીના તયબહમાં ઈસ્લામ ફેલાઈ રહ્યો છે એટલા માટે ક़યાસ કર્યો કે મદીના જ જશે, એટલા માટે નસીબ અજમાવનારાઓની અધિક ભાગદોડ સામાન્ય જાણીતા રસ્તાઓમાં રહી હશે એટલા માટે તે દીલી ખિર્રીતે કિનારાનો માર્ગ અપનાવ્યો.

મસાઈલ : એ હદીષથી સાબિત થયું કે કોઈ કાફિરને મજૂર રાખવો જાઈઝ છે. એ પણ જાઈઝ છે કે કામની

بَابُ اَجْرِ السَّمْسَرَةِ ص ٣٠٣

"દલાલીની મજૂરી" –(૩૦૩)

ت ٤٢٨ وَلَمْ يَرَ ابْنُ سِيْرِيْنَ وَعَطَاءٌ وَّاِبْرَاهِيْمُ وَالْحَسَنُ بِاَجْرِ السِّمْسَارِ بَأْسًا [તઅલીક્ : ૪૨૮]

"ઈબ્ને સીરીન, અતા ઈબ્રાહીમ અને હસન બસરીએ દલાલીની મજૂરીમાં કોઈ વાંધો નથી જાણ્યો."

ت ٤٢٩ وَقَالَ ابْنُ عَبَّاسٍ لَا بَأْسَ اَنْ يَّقُوْلَ بِعْ هٰذَا الثَّوْبَ فَمَا زَادَ عَلٰى كَذَا وَ

"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું, એમાં કોઈ વાંધો નથી કે કોઈને કહે **[તઅલીક્ : ૪૨૯]**

كَذَا فَهُوَ لَكَ ـ

આ કપડાને વેચી આપો, આટલા તથા આટલાથી, જે વધુ મળે તે તારું છે."

ت ٤٣٠ وَقَالَ ابْنُ سِيْرِيْنَ اِذَا قَالَ بِعْهُ بِكَذَا وَكَذَا فَمَا كَانَ مِنْ رِّبْحٍ فَهُوَ لَكَ

"ઈમામ ઈબ્ને સીરીને કહ્યું, જ્યારે કોઈને કહ્યું, આ ચીજને આટલા તથા આટલામાં **[તઅલીક્ : ૪૩૦]**

اَوْ بَيْنِيْ وَبَيْنَكَ فَلَا بَأْسَ بِهٖ ـ

વેચી આપો જે નફો થશે તે તારો છે અથવા તથા તારા વચ્ચે છે, તો કોઈ વાંધો નથી."

ت ٤٣١ وَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَلْمُسْلِمُوْنَ عِنْدَ شُرُوْطِهِمْ ـ

"અને નબી ﷺ એ ફર્માવ્યું, મુસલમાન પોતાની શર્તોના પાબંદ રહે." **[તઅલીક્ : ૪૩૧]**

મુદ્દત બે ચાર દિવસ પછી અથવા મહિના બે મહિના પછી નક્કી થાય. એ પણ સુન્નત છે કે જ્યાં સુધી બની શકે ખતરાથી બચવાની કોશિશ કરવામાં આવે, બચવાનો માર્ગ હોવા છતાં પોતે પોતાને ખતરામાં નાખવુ મના છે. જ્યારે ક્યાંક **પોતાની જાન, પોતાના માલ, પોતાના ઈમાનને મજબૂત ખતરાનુ અધિકતર ગુમાન હોય તો હિજરત ફર્ઝ છે.**

તઅલીક્ : ૪૨૮–૪૨૯–૪૩૦ની સમજૂતી

આ સર્વ તઅલીક્ોને ઈમામ ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે, હસન બસરીના ક્ૌલ સિવાય. એનો માખઝ ન મળી શક્યો. દલાલ નક્કી કરવો અને તેની મજૂરી જાઈઝ છે જ્યારે કે મજૂરી નિશ્ચિત તથા માલૂમ હોય.

તઅલીક્ : ૪૩૧ની સમજૂતી

આ હદીષને ઈમામ અબૂ દાઉદે ક્તાબમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી, તથા ઈમામ ઈબ્ને અબી શયબાએ અતાના તરીક્ાથી રિવાયત કરી છે. તેમની રિવાયતમાં **المومنون** છે. તેમજ ઈમામ દારકુત્ની તથા હાકિમે ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરી છે, એમાં આટલુ વધારે છે : **ماوافق الحق** અને

بَابُ مَا يُعْطَى فِي الرُّقْيَةِ عَلَى أَحْيَاءِ الْعَرَبِ بِفَاتِحَةِ الْكِتَابِ ٣٠٠٤

"સૂરએ ફાતિહા પઢીને અરબના કબીલાઓ પર દમ કરવા પર જે આપવામાં આવે"

ت ٤٣٢ وَقَالَ الشَّعْبِيُّ لَا يَشْتَرِطُ الْمُعَلِّمُ إِلَّا أَنْ يُعْطَى شَيْئًا فَيَقْبَلَهُ

[તઅલીક़ : ૪૩૨]

"અને ઈમામ શઅબીએ કહ્યું, મુઅલ્લિમ શર્ત ન કરે અને શાર્ગિદ કાંઈ આપી દે તો સ્વીકાર કરી લે."

ت ٤٣٣ وَقَالَ الْحَكَمُ لَمْ أَسْمَعْ أَحَدًا كَرِهَ أَجْرَ الْمُعَلِّمِ.

[તઅલીક़ : ૪૩૩]

"અને હકમે કહ્યું, મેં કોઈના બારામાં એવું નથી સાંભળ્યું કે મુઅલ્લિમની મજૂરીને મકરૂહ જાણતા હોય."

ઈમામ ઈસ્હાક़ે પોતાની મુસ્નદમાં કષીર ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને ઔફ અન્ અબિહિ અન્ જદ્દિહિના તરીક़ાથી રિવાયત કરી. છેવટમાં છે : **الاشرطاحرم حلالا اواحل حراما** પણ એવી શર્ત જે હલાલને હરામ કરી નાખે કે હરામને હલાલ કરી આપે.

ઈમામ બુખારીનો મક़સદ એ છે કે જ્યારે એ શર્ત કરી લીધી કે આ ચીજને આટલી કિંમતમાં વેચો, જે વધુ મેળવી શકો એ તમારું છે તો આ હદીષની રોશનીમાં એ જાઈઝ છે. અમારું એવું કહેવું છે કે કેમ કે મજૂરી મજહૂલ (નામાલૂમ) છે એટલા માટે એ જાઈઝ નથી. અને એ હરામને હલાલ કરે છે કેમ કે ઈજારામાં મજૂરી મજહૂલ (નામાલૂમ) હોય તો ફાસિદ છે અને એ જાઈઝ નથી. એટલા માટે આ દલીલ દુરુસ્ત નથી.

પ્રકરણની સ્પષ્ટતા : رُقْيَه દરેક તે કલામ જેનાથી બીમારી, જાદૂ, ખૌફ, જિન, શૈતાનની અસરથી શિફા ચાહવામાં આવે. એના અનુસંધાનમાં ઉલમાના દરમ્યાન મતભેદ છે કે કોઈની તકલીફ દૂર કરવા માટે કુર્આન મજીદ પઢીને દમ કરવા પર મજૂરી જાઈઝ છે કે નહીં ? આપણે ત્યાં જાઈઝ છે અને એ જ બાકી ત્રણેવ ઈમામોનો મઝહબ છે.

કુર્આન મજીદની તાલીમ પર મજૂરી લેવી આપણે ત્યાં જાઈઝ નથી, બીજા ઈમામોને ત્યાં જાઈઝ છે એ હઝરાતે رُقْيَه (રુક़્યા) પર क़ યાસ કર્યો. અમારું કહેવું છે કે રુક़્યામાં જાઈઝ હોવું क़ યાસની વિરૂદ્ધ છે એટલા માટે એના પર क़ યાસ દુરુસ્ત નથી. અસલ મઝહબ આપણો એ જ છે કે કુર્આન મજીદની તાલીમ અથવા કોઈ પણ ફર્માંબરદારી પર મજૂરી લેવી હરામ છે. પણ મુતઅખ્ખેરીને (પાછલા ઉલમાએ) જરૂરતને લીધે દીનની સલામતી તથા રક્ષાના માટે ઈજાઝત આપી દીધી છે તે પણ તે જ ફર્માંબરદારીમાં જેમાં જરૂરત છે. આજકાલ એ વબા સામાન્ય છે કે હાફિઝો તરાવીહના માટે મજૂરી નક્કી કરે છે અને મજૂરી પર સંભળાવે છે, એ કોઈ રીતે જાઈઝ નથી. કેમ કે એમાં જરૂરત નથી. જો હાફિઝ ન મળે તો સૂરતવાળી તરાવીહ પઢી શકે છે, એમાં કોઈ કરાહત નથી. તરાવીહમાં પૂરું કુર્આન મજીદ પઢવું સુન્નત છે અને તિલાવત પર મજૂરી હરામ છે. આવી સ્થિતિમાં અગ્રતા હરામને જ થશે ! (અર્થાત હરામને ત્યજવું પડશે)

તઅલીક़ : ૪૩૨ની સમજૂતી ઈમામ શઅબીના આ ફત્વાને ઈમામ ઈબ્ને અબી શયબાએ મૌસૂલન રિવાયત કર્યો છે. એનો સાર એ છે કે કુર્આન મજીદની તાલીમ પર મજૂરી લેવી તેમની નજીક જાઈઝ નથી. એટલા માટે શર્તનો મતલબ મજૂરી નક્કી કરવું છે. વિના કોઈ શર્ત પઢાવી આપ્યું અને શાર્ગિદે કાંઈ આપી દીધું તો એ મજૂરી ન થઈ હદિયો થશે કે (નફલ) સદક़ો ગણાશે.

તઅલીક़ : ૪૩૩ની સમજૂતી આ હકમ બિન ઉત્બા છે. એમની તઅલીક़ને ઈમામ બગવીએ

ت ٤٣٤ وَاَعْطَى الْحَسَنُ عَشَرَةَ دَرَاهِمَ

"અને ઈમામ હસન બસરીએ દસ દિરહમ આપ્યા." **[તઅલીક़ : ૪૩૪]**

ت ٤٣٥ وَلَمْ يَرَ ابْنُ سِيْرِيْنَ بِاَجْرِ الْقَسَّامِ بَاْسًا وَّقَالَ كَاَنَّ يُقَالُ السُّحْتُ

"અને ઈબ્ને સીરીન क़ુસ્સામની મજૂરીમાં વાંધો જાણતા ન હતા, અને ફર્માવ્યું, કહેવામાં **[તઅલીક़ : ૪૩૫]**

الرِّشْوَةُ فِي الْحُكْمِ وَكَانُوْا يُعْطُوْنَ عَلَى الْخَرْصِ۔

આવતુ હતું કે السُّحْتُ *ફૈસલામાં લાંચ છે, અને લોકો અંદાજો લગાડવા પર મજૂરી આપતા હતા."*

જઅદિયાતમાં રિવાયત કરી છે. ફર્માંબરદારી પર મજૂરી લેવી જાઈઝ નથી એ સહાબા તાબઈનમાંથી મોટાભાગનાનો મઝહબ છે. અબ્દુલ્લાહ ઈબ્ને શફીક़ે કહ્યું, મોઅલ્લિમની મજૂરી મકરૂહ છે, એટલા માટે કે સહાબાએ કિરામ એને મકરૂહ જાણતા હતા અને સખત જાણતા હતા. ઈમામ ઈબ્રાહીમ નખઈએ ફર્માવ્યું કે લોકો એને મકરૂહ જાણતા હતા કે મકતબમાં બાળકોથી મજૂરી લેવામાં આવે. ઈમામ ઝુહરી, ઈમામ ઈસ્હાક़નો મઝહબ એ જ છે કે જાઈઝ નથી. અને ઈમામ શઅબીનો क़ૌલ હમણા વર્ણન થઈ ચૂક્યો. હકમ બિન ઉત્બાએ પોતે સાંભળ્યાનું નકાર્યું છે. અને ન સાંભળવું એ ન હોવાનું સાંભળેલ નથી.

દલીલો : ફર્માંબરદારી પર મજૂરી લેવી તથા આપવી જાઈઝ નથી. એ હદીષોથી સાબિત છે. ઈમામ અહમદે (મુસ્નદે ઈમામ અહમદ, ૩/૪૨૮) અબ્દુલ્લાહ ઈબ્ને નશહલથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : اقرؤاالقرآن ولاتاكلوابه ولاتستكثروابه "કુર્આન પઢો અને એનો બદલો ન ખાવ અને પુષ્કળ પ્રમાણમાં માલ ભેગો કરવાનો ઝરીયો ન બનાવો."

એ ઉપરાંત અલ્લામા અયનીએ અધિક સાત હદીષો એના હરામ હોવા પર વર્ણવી છે.

તઅલીક़ : ૪૩૪ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ ઈબ્ને સઅદે તબક़ાતમાં રિવાયત કરી છે. ઈમામ હસન બસરીથી તેમના ભત્રીજાએ કહ્યું, જ્યારે હું પઢી ચૂક્યો તો મેં મારા કાકાને કહ્યું, મુઅલ્લિમ કાંઈક માગે છે ! તો ફર્માવ્યું, આ લોકો કાંઈ લેતા ન હતા, એને પાંચ દિરહમ આપી દો. હું વધુના માટે આગ્રહ કરતો રહ્યો તો ફર્માવ્યું કે દસ દિરહમ આપી દો. આ બનાવમાં એ વાત જાહેર છે કે પહેલેથી કાંઈ નિશ્ચિત ન હતું, પણ મુઅલ્લિમે જ્યારે માગ્યું તો આ એક પ્રકારની મજૂરી જ ગણાશે. શક્ય છે ઈમામ હસન બસરીનો મઝહબ જાઈઝનો હોય.

તઅલીક़ : ૪૩૫ની સમજૂતી قسام क़ાસિમનું અતિશયોક્તિ વાચક છે. અલ્લામા કિર્માનીએ કહ્યું કે એ क़ાસિમનું બહુવચન છે. તો क़ાફના પેશની સાથે થશે. خارص અંદાઝો લગાડનાર, એટલે ઝાડ પર જે ફળો હોય તેનો અથવા કોઈપણ ઢગલા વગેરેનો અંદાઝો લગાડનાર. એ બંનેવની મજૂરી જાઈઝ છે, જેવી રીતે તોલવાવાળા કે સિક્કાને પરખનારાની મજૂરી. આ બંનેવનો ઉલ્લેખ અહીં ઈમામ બુખારીએ કોઈ ક્રમનો લેહાઝ કર્યા વિના ઝિમનન (પ્રાસંગિક રીતે) કરી આપ્યો છે.

ઈમામ ઈબ્ને સીરીનથી એના બારામાં વિવિધ કથનો રિવાયત થયેલાં છે. એક તો એ જે વર્ણન થઈ ચૂક્યું, બીજુ એ કે એ તેને મકરૂહ જાણતા હતા. વર્ગીકરણ એ છે કે વાંધો ન જાણવાનો મતલબ એ છે કે હરામ ન જાણતા હતા, અને મકરૂહથી મુરાદ મકરૂહે તન્ઝીહી છે.

حديث ૧૩૨૦ عَنْ اَبِى الْمُتَوَكِّلِ عَنْ اَبِىْ سَعِيْدٍ رَّضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ اِنْطَلَقَ نَفَرٌ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ ફર્માવ્યું, સહાબાએ કિરામની એક જમાઅત [હદીષ : ૧૩૨૦]

مِّنْ اَصْحَابِ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِىْ سَفْرَةٍ سَافَرُوْهَا حَتّٰى نَزَلُوْا

એક સફરમાં ગઈ, અને અરબના કબીલાઓમાંથી એક કબીલા પર ઉતરી. તેમને કહ્યું, અમને મહેમાન બનાવી

عَلٰى حَىٍّ مِّنْ اَحْيَاءِ الْعَرَبِ فَاسْتَضَافُوْهُمْ فَاَبَوْا اَنْ يُّضَيِّفُوْهُمْ فَلُدِغَ سَيِّدُ

લો ! તેમણે ઈન્કાર કરી આપ્યો. તે કબીલાના સરદારને દંશી લેવામાં આવ્યો. તો લોકોએ દરેક શક્ય કોશિશ

ذٰلِكَ الْحَىِّ فَسَعَوْا لَهٗ بِكُلِّ شَىْءٍ لَّا يَنْفَعُهٗ شَىْءٌ فَقَالَ بَعْضُهُمْ لَوْ اَتَيْتُمْ هٰؤُلَاءِ

કરી પણ કોઈ ચીજે ફાયદો ન આપ્યો. તેઓમાંથી અમુકે કહ્યું, એ લોકો પાસે જાવ જેઓ રોકાયેલા છે, કદાચ

الرَّهْطَ الَّذِيْنَ نَزَلُوْا لَعَلَّهٗ اَنْ يَّكُوْنَ عِنْدَ بَعْضِهِمْ شَىْءٌ فَاَتَوْهُمْ فَقَالُوْا يَا اَيُّهَا

એમનામાંથી કોઈની પાસે કોઈ ઈલાજ હોય. કબીલાના કેટલાક લોકોએ આવીને કહ્યું, હે ગિરોહવાળાઓ !

الرَّهْطُ اِنَّ سَيِّدَنَا لُدِغَ وَسَعَيْنَا لَهٗ بِكُلِّ شَىْءٍ لَّا يَنْفَعُهٗ فَهَلْ عِنْدَ اَحَدٍ مِّنْكُمْ

અમારા સરદારને દંશી લેવામાં આવેલ છે. અમે દરેક શક્ય કોશિશ કરી પણ કોઈ ચીજે ફાયદો ન આપ્યો,

مِّنْ شَىْءٍ فَقَالَ بَعْضُهُمْ نَعَمْ وَاللّٰهِ اِنِّىْ لَاَرْقِىْ وَلٰكِنْ وَاللّٰهِ لَقَدِ اسْتَضَفْنٰكُمْ

તમારી પાસે કોઈ ઈલાજ છે ? તો એમનામાંથી એક જણે કહ્યું, બખુદા ! હું ઝાળુ છું પણ અમે તમારાથી

فَلَمْ تُضَيِّفُوْنَا فَمَا اَنَا بِرَاقٍ لَّكُمْ حَتّٰى تَجْعَلُوْا لَنَا جُعْلًا فَصَالَحُوْهُمْ عَلٰى

મહેમાન બનવા માટે કહ્યું તો તમે મહેમાન ન બનાવ્યા, એટલા માટે હું ત્યાં સુધી ઝાળીશ નહીં જ્યાં સુધી કે

السُّحْتُ : **سحت**ની એ તફસીર હઝરત ઉમર, હઝરત અલી, હઝરત ઈબ્ને મસ્ઊદ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ થી તબરીએ રિવાયત કરી છે બલ્કે એક મુર્સલ હદીષ પણ રિવાયત પામી છે કે ફર્માવ્યું, જે શરીરને "સુહ્ત" ઉઘાડે (ઉછેરે) તો જહન્નમ એની હક્કદાર છે. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! સુહ્ત શું છે ? ફર્માવ્યું, **નિર્ણય માટે લાંચ આપવી.**

હદીષ : ૧૩૨૦ની સમજૂતી

બુખારીમાં نَفَرٌ છે, એ ખાસ મર્દોની જમાઅત માટે બોલવામાં આવે છે, તે પણ ત્રણથી લઈને દસ સુધીના માટે. આ ઈસ્મે જમા છે. પણ તિર્મિઝી તથા ઈબ્ને માજહની રિવાયતમાં છે કે ત્રીસ વ્યક્તિઓ હતી. તિર્મિઝીમાં એ પણ છે કે ત્યાં રાતે પહોંચ્યા હતા. દારકુત્નીમાં છે કે એ સરિય્યાના અમીર હઝરત અબૂ સઈદ ખુદરી હતા. પણ એમાં કલામ (વાંધો) છે કેમ કે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم ના વિસાલના સમયે વિશ્વાસપાત્ર રિવાયતના આધારે તેમની ઉમર દસ વરસની હતી. ઈકમાલમાં છે કે હિ.સ. ૭૪ માં ચોર્યાસી વરસની ઉમરમાં વિસાલ ફર્માવ્યો.

قَطِيْعٍ مِّنَ الْغَنَمِ فَانْطَلَقَ يَتَفَلُ عَلَيْهِ وَيَقْرَأُ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ فَكَاَنَّمَا

એના પર કાંઈ બદલો ન આપો. બકરીઓના એક ટોળા પર મામલો નક્કી થઈ ગયો. એ ગયા અને એના પર

نُشِطَ مِنْ عِقَالٍ فَانْطَلَقَ يَمْشِيْ وَمَا بِهٖ قَلَبَةٌ قَالَ فَاَوْفَوْهُمْ جُعْلَهُمُ

ફૂંકવા લાગ્યા અને સૂરએ ફાતિહા પઢતા હતા. તે તદ્દન સારો થઈ ગયો, જાણે કે રસ્સીથી બંધાયેલો હતો તે

الَّذِيْ صَالَحُوْهُمْ عَلَيْهِ فَقَالَ بَعْضُهُمْ اقْسِمُوْا فَقَالَ الَّذِيْ رَقٰى لَا تَفْعَلُوْا

ખુલી ગયો અને ચાલવા લાગ્યો અને તેને કોઈ તકલીફ ન રહી. એ કબીલાના લોકોએ જે વળતર નક્કી કર્યું હતું

حَتّٰى نَاْتِيَ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَنَذْكُرَ لَهُ الَّذِيْ كَانَ فَنَنْظُرَ

તે આપ્યું. અમુકે કહ્યું, એને વહેંચી લો. એના પર ઝાળવાવાળાએ કહ્યું, એવું ન કરો ! નબી ﷺની ખિદમતમાં

مَا يَاْمُرُنَا فَقَدِمُوْا عَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرُوْا لَهٗ فَقَالَ

ચાલીએ અને પૂરો બનાવ વર્ણવીએ, જોઈએ હુઝૂર શું ઈર્શાદ ફર્માવે છે. તે લોકો જ્યારે હુઝૂરે અકદસ ﷺની

وَمَا يُدْرِيْكَ اَنَّهَا رُقْيَةٌ ثُمَّ قَالَ قَدْ اَصَبْتُمْ وَاقْسِمُوْا وَاضْرِبُوْا لِيْ مَعَكُمْ سَهْمًا

ખિદમતમાં હાજર થયા અને એને વર્ણવ્યું તો ફર્માવ્યું, તમને કેવી રીતે ખબર કે આ દુઆ છે ? પછી ફર્માવ્યું,

فَضَحِكَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ؕ

તમે ઠીક કર્યું, વહેંચી લો અને તમારી સાથે મારો પણ હિસ્સો નક્કી કરો. અને નબી ﷺ હસ્યા.''

(બુખારી ૨/૭૪૯, ફઝાઈલુલ કુર્આન, ૨/૮૫૪, ૮૫૫ અત્તિબ્બ, અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ–બુયૂઅ, ઈબ્ને માજહ–અત્તિજારત, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૮૩)

حی : અરબના માનવોના તબકાઓ છ છે. **شعب** એનું બહુવચન **شعوب** છે. જ્યારે કોઈ કૌમને સૌથી ઉપરના વંશજની પ્રતિ સંબંધિત કરવામાં આવે જે વિવિધ કબીલાઓના દાદા (જદ્દે આ'લા) હોય, જેમ કે બનૂ અદનાન, બનૂ કહતાન. **قبیلہ** એનું બહુવચન કબાઈલ છે. શુઉબના પ્રકારો જેમ કે બની મુઝર, બનૂ રબીઅહ. અમ્મારા કબીલાઓના પ્રકારો જેમ કે કુરૈશ, કનાના. એનું બહુવચન અમારાત અને અમાઈર છે. **بطن** અમ્મારના પ્રકારો જેમ કે અબ્દે મુનાફ મખ્ઝૂમ, એનું બહુવચન બતૂન તથા અબ્તન આવે છે. **فخذ بطون** ના પ્રકારો જેમ કે બની હાશિમ, બની ઉમૈયા. એનું બહુવચન અફખાઝ. ફસીલા અફખાઝના પ્રકારો જેમ કે બની અબ્બાસ, પરંતું અધિકતર એ સૌની તાબીરના માટે કબીલા તથા બતન છે. હય્ય આ છ પ્રકારો માટે બોલાય છે.

لُدِغَ : તિર્મિઝીમાં છે કે એને વિંછીએ ડંખ માર્યો હતો. ફઝાઈલુલ કુર્આનમાં આ જ હદીષમાં અને તિબ્બમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષમાં **سلیم** છે એનો અર્થ પણ ડંખ વાગેલો છે.

આ પ્રકારનો એક બનાવ અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈમાં ખારિજહ બિન સલતના તરીકાથી તેમના કાકા ઈલાકા બિન સહાર رضی اللہ عنہ થી રિવાયત થયેલી છે કે લોકો એક કૌમ પાસે થઈને પસાર થયા અને એમાં એક

بَابُ خِرَاجِ الْحَجَّامِ ص۳۰۴

"સેંગી લગાડનારની મજૂરી" –(૩૦૪)

حديث ١٣٢١ عَنْ عَمْرِو بْنِ عَامِرٍ سَمِعْتُ اَنَسًا يَقُوْلُ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવતા હતા કે નબી ﷺ સેંગી લગાડાવતા (લોહી ચૂંસાવતા) **[હદીષ : ૧૩૨૧]**

عَلَيْهِ وَسَلَّمَ يَحْتَجِمُ وَلَمْ يَكُنْ يَظْلِمُ اَحَدًا اَجْرَهٗ ع۵

હતા અને કોઈને મજૂરીથી વંચિત રાખતા ન હતા." (મુસ્લિમ–અત્તિબ્બ)

શખ્સ પાગલ સાંકળોમાં બંધાયેલો હતો. તે લોકોએ કહ્યું કે તમે લોકો એ સાહબ પાસેથી ભલાઈ લઈને આવ્યા છો, આ શખ્સ પર દમ કરી આપો. ઈલાકા બિન સહાર رضی اللہ عنہ એ ત્રણ દિવસ દરરોજ બે વાર સૂરએ ફાતિહા પઢીને તેના પર દમ કરી, તો તે સારો થઈ ગયો. તેમણે બસો બકરીઓ આપી. તે લોકોએ જ્યારે નબી ﷺ ને બનાવ સંભળાવ્યો તો ફર્માવ્યું, લઈ લો. અને ફર્માવ્યું : **ولعمری لمن اکل رقیة باطل فقداکلت برقیة حق** " ગુનાહ એના પર છે જે બાતિલ મંત્રના બદલામાં ખાય, તેં તો હક્ક દુઆ પર ખાધુ છે."

فقال بعضهم : એ સાહબ ખૂદ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ હતા. જેમ કે ઈમામ અઅ્મશ (ઈબ્ને માજહ–અત્તિજારાત, પેજ–૧૫૭)ની રિવાયતમાં છે : **قلت نعم اناولکن لاارقیه حتی تعطوناغنما** "મેં કહ્યું, હા ! હું છું. પણ જ્યાં સુધી બકરીઓ નહીં આપો દમ કરીશ નહીં." એમાં એ પણ છે કે સાતવાર પઢીને દમ કર્યું.

بقیطع من الغنم : કતીઅનો અર્થ ટોળુ છે, થોડાં હોય કે વધુ. નિસાઈની રિવાયતમાં છે કે ત્રીસ બકરીઓ માગી.

મસાઈલ : આ હદીષથી સાબિત થયું કે કુર્આન મજીદ અને તેના હુકમમાં હદીષોની દુઆઓ અને બુઝુર્ગાને દીનના કલમાઓને શિફાની નિય્યતથી અને ફ઼ઝાએ હાજતની નિય્યતથી પઢવું અને બીમાર પર દમ કરવું જાઈઝ છે. મના તે કલમાઓ છે જેમાં શયતાનો અથવા બાતિલ મઅબૂદોથી મદદ તલબ કરવું હોય અથવા તે હરામ હોય અથવા જેમના અર્થો ખબર ન હોય. અને એ જ પ્રમાણે એને લખીને પહેરાવું પણ જાઈઝ અને પાણી પર દમ કરીને પીવડાવવું પણ જાઈઝ છે. તેલ પર દમ કરીને શરીર પર માલિશ કરવું પણ. દવા અથવા ઝાળવા અથવા દમ કરવા અથવા તાવીઝ લખવા પર મજૂરી લેવી જાઈઝ છે. જરૂરતના સમયે જ્યારે કોઈ હુકમ કુર્આન હદીષમાં ન મળે તો બશર્તે ઈસ્તિઅદાદ (લાયકાતની શર્તે, લાયકાત હોય તો) ઈજતેહાદની ઈજાઝત છે અને એના પર અમલની પણ. જ્યારે કોઈ ચીજના હલાલ કે હરામ હોવામાં શંકા થાય અને શંકા કોઈ દલીલ પર આધારિત હોય તો એનાથી બચવું બેહતર છે.

بَابُ مَاجَاءَ فِي كَسْبِ الْبَغِيِّ وَالْإِمَاءِ ٣٠٤

"બદકાર સ્ત્રીઓ તથા બાંદીઓની કમાઈના બારામાં જે કાંઈ આવ્યું." –(૩૦૪)

પ્રકરણની સ્પષ્ટતા : *પ્રકરણના બે ભાગ છે : પ્રથમ બદકાર સ્ત્રીની કમાણી એ દરેક રીતે હરામ છે. બીજુ બાંદીની કમાઈ એ હલાલ પણ હોય શકે છે જ્યારે કે હલાલ કામની મજૂરી હોય. દા.ત. કે સીવવાની. અને હરામ પણ. પણ આ ફરક્ શબ્દના શાબ્દિક અર્થના એતબારથી છે ઉર્ફમાં કસબ જ્યારે અમતુનની તરફ મઝાફ હોય તો એનાથી હરામ કમાઈ જ મુરાદ હોય છે જેમ કે હમણા હદીષ આવી રહી છે.*

ت ٤٣٦ — وَكَرِهَ إِبْرَاهِيمُ أَجْرَ النَّائِحَةِ وَالْمُغَنِّيَةِ

[તઅલીક્ : ૪૩૬]

"અને હઝરત ઈબ્રાહીમ નખઈએ નોહા કરવા (રડવા પીટવા)વાળી અને ગાવાવાળીની મજૂરીને મકરૂહ જાણી."

તઅલીક્ : ૪૩૬ની સમજૂતી

આ તલઅીક્ને ઈમામ ઈબ્ને અબી શયબાએ રિવાયત કરી. એને પ્રકરણથી સામ્યતા એ છે કે ઝિનાના બદલાની જેમ નોહા કરવા તથા ગાવાની મજૂરી પણ હરામ છે કેમ કે ઝિનાની જેમ એ પણ હરામ તથા ગુનોહ છે. ફાયદો એ કરવા ચાહે છે કે એ કેવળ ઝિનાની મજૂરીની સાથે ખાસ નથી બલ્કે દરેક ગુનાહ પર મજૂરી લેવી હરામ છે.

وقول الله تعالى وَلَا تُكْرِهُوا فَتَيَاتِكُمْ عَلَى الْبِغَاءِ إِنْ أَرَدْنَ تَحَصُّنًا لِّتَبْتَغُوا عَرَضَ الْحَيٰوةِ الدُّنْيَا وَمَن يُكْرِهْهُنَّ فَإِنَّ اللّٰهَ مِنْ بَعْدِ إِكْرَاهِهِنَّ غَفُورٌ رَّحِيمٌ (نور-٣٣)

"અને અલ્લાહ ﷻનો ઈર્શાદ : "અને મજબૂર ન કરો તમારી કનીઝોને બદકારી માટે જ્યારે કે તેણીઓ બચવા ચાહે, જેથી તમે દુનિયવી જિંદગીનો કાંઈક માલ હાંસલ કરો. અને જે એમને મજબૂર કરશે તો બેશક ! અલ્લાહ એના પછી કે તે મજબૂરીની હાલતમાં રહે બખ્શનારો મહેરબાન છે. *(સૂ. નૂર–૩૩)*

وقول الله تعالى એમાં ફ઼ૌલના લામને પેશ તથા ઝેર બંને પઢવું દુરુસ્ત છે. આ વિષય પ્રકરણનો ભાગ છે. અને વિષયને માટે દલીલના સ્થાને છે એ રીતે કે જાહિલિયતના જમાનામાં આમ રિવાજ હતો કે લોંડીઓ પાસે કમાણી કરાવતા હતા અને એમની કમાણી લઈ લેતા. એનાથી મના કરવામાં આવ્યું. અને 'નહી' માં અસલ હરામ હોવું છે, જેથી સાબિત થયું કે બદકારીની મજૂરી હરામ છે.

શાને નુઝૂલ : આ આયતનું એ છે કે રાસુલ મુનાફિક્રીન ઈબ્ને ઉબય ઈબ્ને સલૂલની છ બાંદીઓ હતી. તે તેમને કમાણી કરવા મજબૂર કર્યા કરતો હતો. ઈસ્લામે જ્યારે ઝિના હરામ કરી આપ્યો તો તેમણે ઈન્કાર કર્યો. તેણે મજબૂર કરવા ચાહ્યું તો એક બાંદીએ હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં હાજર થઈને શિકાયત કરી આપી. એના પર આ આયત નાઝિલ થઈ.

فتيات : **فتاة**નું બહુવચન છે જે **فتى**નું મુઅન્નષ છે, એનો અર્થ યુવાન સ્ત્રી છે ચાહે તે આઝાદ હોય ચાહે બાંદી. પણ ઉર્ફમાં જ્યારે મુત્લક્ બોલે છે તો કનીઝ મુરાદ હોય છે, **ان اردن تحصنا** તઅરીઝના માટે છે એટલા માટે એનો ભાવાર્થનો એતેબાર નથી.

ت ٤٣٧ وَقَالَ مُجَاهِدٌ فَتَيَاتِكُمْ إِمَائِكُمْ

"અને ઈમામ મુજાહિદે ફર્માવ્યું, આ આયતમાં ફતયાતથી મુરાદ કનીઝો છે." **[તઅલીક़ : ૪૩૭]**

حديث ١٣٢٢ عَنْ أَبِي حَازِمٍ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ نَهَى النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ عَنْ كَسْبِ الْإِمَاءِ ٥٥

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ એ લૉંડીઓની કમાણીથી મના કર્યું છે." (બુખારી, ૨/૮૦૫ અત્તલાક़, અબૂ દાઉદ–બુયૂઅ) **[હદીષ : ૧૩૨૨]**

بَابُ عَسْبِ الْفَحْلِ ص٣٠٥

"નરની "જુફ્તી"ની મજૂરી" *–(પેજ : ૩૦૫)*

પ્રકરણની સ્પષ્ટતા : ઈજારાનો અર્થ છે ભાડા પર નફો હાંસલ કરવા માટે કોઈ ચીજ લેવી. ચીજના માલિકને જે ભાડે આપે છે 'મુજીર' કહે છે અને જે લે છે તેને 'મુસ્તાજિર' કહે છે. મજૂરી પર કામ કરનારને 'અજીર' કહે છે.

કોઈએ કાંઈ ચીજ એક નિશ્ચિત મર્યાદાની મુદત માટે ભાડે લીધી અને મુદત પૂર્ણ થતા પહેલાં મુજીર કે મુસ્તાજિરમાંથી કોઈ મૃત્યુ પામ્યુ તો એ ઈજારાનો અક़્દ બાકી રહ્યો કે તૂટી ગયો ? એના બારામાં ઉલમા વચ્ચે મતભેદ છે. હઝરત ઈમામ બુખારીએ આદત મુજબ પોતાની કોઈ રાય ન આપી, આપણો મઝહબ એ છે કે ઈજારાનો ક़રાર ફોગ થઈ જશે.

حديث ١٣٢٣ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا قَالَ نَهَى النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ عَنْ عَسْبِ الْفَحْلِ ـ ٥٥

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ એ નરની જુફ્તીની મજૂરીથી મના ફર્માવ્યું." (અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ–બુયૂઅ, ઈબ્ને માજહ–તિજારાત) **[હદીષ : ૧૩૨૩]**

હદીષ : ૧૩૨૨ની સમજૂતી

પ્રકરણના પ્રથમ ભાગ પર સ્પષ્ટપણે દલીલ કરનારી હઝરત અબૂ મસ્ઊદ رضی اللہ عنہ ની હદીષ પ્રથમ લાવ્યા જેમાં એ છે કે બદકાર સ્ત્રીના મહેર એટલે મજૂરીથી મના ફર્માવ્યું અને બીજા ભાગ પર સ્પષ્ટપણે દલીલ પૂરી પાડનારી હદીષ આ લાવ્યા. જો કે એની દલીલ પ્રથમ ભાગ માટે પણ છે કે એમાં الاماء થી મુરાદ હરામ કમાણી અને બદકારીની મજૂરી જ છે.

હદીષ : ૧૩૨૩ની સમજૂતી

આ હદીષથી જાણવા મળ્યું કે જુફ્તીની મજૂરી હરામ માલ છે, હા ! જો માદાવાળો ખુશી સાથે કાંઈ આપી દે તો જાઈઝ છે. એ શર્તે કે અલ્મઅરૂફુ કલ મશરૂતની જેમ સામાન્ય રિવાજ ન પડી ગયો હોય.

بَابُ إِذَا اسْتَأْجَرَ أَرْضًا فَمَاتَ أَحَدُهُمَا ٣٥

"જ્યારે કોઇ જમીનને ઈજારા પર આપી પછી (અફ્દ) ફ્રાર કરવાવાળાઓમાંથી એક મરી ગયો". *–(૩૦૫)*

ت ٤٣٨ وَقَالَ ابْنُ سِيرِينَ لَيْسَ لِأَهْلِهِ أَنْ يُخْرِجُوهُ إِلَى تَمَامِ الْأَجَلِ -

"અને ઈમામ ઈબ્ને સીરીને ફર્માવ્યું, મરનારના ઘરવાળાઓને એ હક્ક્ **[તઅલીક્ : ૪૩૮]**

હાંસલ નથી કે સમય મર્યાદા પૂરી થતા પહેલાં એને એમાંથી કાઢે."

ت ٤٣٩ وَقَالَ الْحَسَنُ وَالْحَكَمُ وَإِيَاسُ بْنُ مُعَاوِيَةَ تَمْضِي الْإِجَارَةُ إِلَى أَجَلِهَا -

"અને ઈમામ હસન અને હકમ અને અયાસ બિન મુઆવિયહએ કહ્યું, **[તઅલીક્ : ૪૩૯]**

ઈજારો એની નિયત મુદ્દત સુધી ચલાવવામાં આવશે."

ت ٤٤٠ وَقَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا أَعْطَى النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ એ ખૈબર અડધી **[તઅલીક્ : ૪૪૦]**

તઅલીક્ : ૪૩૮ની સમજૂતી

આ તઅલીક્માં لاهله ની ઝમીરે મજરૂર મુત્તસિલ અને يخرجوه ની ઝમીરે મન્સૂબ મુત્તસિલના મરજઅના બારામાં મતભેદ છે. મારી ગુઝારિશ એ છે કે હઝરત ઈમામ ઈબ્ને સીરીનનો આ ઈર્શાદ ક્યાં તો કોઈ સવાલ કરનારના જવાબમાં છે અથવા કોઈ લાંબા ઈર્શાદનો ભાગ છે. દા.ત. કોઈએ પૂછયું હોય કે મુજીર તથા મુસ્તાજિરમાંથી કોઈ મુત્યુ પામે અને હજી ઈજારાની મુદ્દત બાકી હોય તો શું હુકમ છે ? જેથી આવું ફર્માવ્યું. અથવા એવું જાતે પોતે ઈર્શાદ ફર્માવ્યું હોય કે મુજીર તથા મુસ્તજિરમાંથી કોઈ મુત્યુ પામે તો મૈયતનાં ઘરવાળાંને એ હક્ક્ નથી કે મુસ્તાજિરને નિયત મુદ્દત પહેલાં કાઢે. لاهله ની ઝમીરનો મરજઅ મૈયત છે જેના પર પ્રથમ શબ્દ કે સવાલનો શબ્દ "માત" દલીલ પૂરી પાડી રહેલ છે અને يخرجوه ની ઝમીરનો મરજઅ મુસ્તાજિર છે. જો અમારી ગુઝારિશને સ્વીકારવામાં ન આવે તો આ વાક્ય નિરર્થક થઈ જશે.

ઈમામ ઈબ્ને સીરીનના આ ઈર્શાદથી માલૂમ થયું કે મુજીર કે મુસ્તાજિરના મૃત્યુ પામવાથી ઈજારો અફ્દ (ફ્રાર) ફોગ નથી થતો.

તઅલીક્ : ૪૩૯ની સમજૂતી

આ તઅલીક્ને ઈમામ ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. એનો સાર પણ એ જ છે કે મુઆજિરીનમાંથી કોઈ એકના મૃત્યુથી ઈજારો ફોગ થશે નહીં.

તઅલીક્ : ૪૪૦ની સમજૂતી

અલ્લામા અયનીએ ફર્માવ્યું, આ તઅલીક્ને ઈમામ મુસ્લિમે રિવાયત કરી છે પણ એમાં ઈમામ બુખારીએ પોતાની વાત પણ ઉમેરી દીધી છે. મુસ્લિમ (૨/૧૪ કિતાબુલ મસાક્ત)ની રિવાયત આ પ્રમાણે છે રસૂલુલ્લાહ ﷺ એ ખયરવાળાઓ સાથે એ મામલો કર્યો કે જે પણ ફળો અથવા અનાજ પેદા થાય એનું અડધુ આપીશું. અને

وَسَلَّمَ خَيْبَرَ بِالشَّطْرِ فَكَانَ ذٰلِكَ عَلٰى عَهْدِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

પેદાવાર પર આપ્યું. નબી ﷺ અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના જમાનામાં અને

وَاَبِيْ بَكْرٍ وَصَدْرًا مِّنْ خِلَافَةِ عُمَرَ وَلَمْ يُذْكَرْ اَنَّ اَبَا بَكْرٍ وَّعُمَرَ جَدَّدَا الْاِجَارَةَ

હઝરત ઉમર رضی اللہ عنہ ના શરૂના દિવસોમાં એવું જ રહ્યું, અને એવું ક્યાંય વર્ણન નથી કે હઝરત અબૂબક્ર

بَعْدَ مَا قَبَضَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

તથા હઝરત ઉમર رضی اللہ عنہما એ નબી ﷺ ના વિસાલ બાદ નવો અક્દ (ક઼રાર) કર્યો હોય."

حديث ١٣٢٤ عَنْ نَافِعٍ عَنْ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ اَعْطٰى رَسُوْلُ اللّٰهِ

"હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ ફ઼ર્માવ્યું, નબી ﷺ એ ખયબર યહૂદીઓને [હદીષ : ૧૩૨૪]

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ خَيْبَرَ اَلْيَهُوْدَ اَنْ يَّعْمَلُوْهَا وَيَزْرَعُوْهَا وَلَهُمْ شَطْرُ

એ શર્ત પર આપ્યું હતું કે તેઓ એની જમીનમાં કામ કરે અને વાવે, અને તેમને ઉપજની આધ થશે. અને

مَا يَخْرُجُ مِنْهَا - وَاَنَّ ابْنَ عُمَرَ حَدَّثَهُ اَنَّ الْمَزَارِعَ كَانَتْ تُكْرٰى عَلٰى شَيْءٍ

ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ નાફ઼ેઅથી હદીષ બયાન કરી કે ખેતર ભાડે આપવામાં આવતા હતા. નાફ઼ેએ ભાડાની

એવું ફ઼ર્માવ્યું, અમે જ્યાં સુધી ચાહીશું તમને એના પર બાકી રાખીશું. તે એના પર રહ્યા ત્યાં સુધી કે હઝરત ઉમર رضی اللہ عنہ એ તેમને તૈમા તથા અરીહા તડીપાર કરી આપ્યા. એનાથી જાહેર થઈ ગયું કે فكان ذالك થી છેવટ સુધી ઈમામ બુખારીનું કલામ છે.

સામ્યતા : ઈમામ બુખારી એવું બતાવવા ચાહે છે કે હુઝૂરે અક઼્દસ ﷺ એ ખયબરની જમીન ત્યાંના વાસીઓને મુઝારેઅત પર આપી અને હુઝૂરે અક઼્દસ ﷺ ના વિસાલ પછી હઝરત અબૂબક્ર رضی اللہ عنہ અને તેમના વિસાલ પછી હઝરત ઉમર رضی اللہ عنہ એ અક઼્દને દોહરાવેલ નથી, અને તે અક઼્દ (ક઼રાર) બાકી રહ્યો. જેથી જાણવા મળ્યું કે મુઆજિરીનના મૃત્યુથી ઈજારાનો ક઼રાર ફોગ નથી થતો, બાકી રહે છે. અલ્લામા અયનીએ ફ઼ર્માવ્યું કે આ અક઼્દે મુઝારેઅત ન હતો અને એમનાથી જે અડધુ લેવામાં આવતુ હતું તે મુઝારેઅત રૂપ લેવામાં આવતુ ન હતું બલ્કે ખિરાજે મુક઼ાસિમહ હતું.

કોઈ દેશને જીતી લીધા પછી એનો માલિક ઈસ્લામનો સુલ્તાન હોય છે. તેને એ હક્ક઼ હાંસલ હોય છે કે પૂરો દેશ ખૂદ લઈ લે અને રહેવાસીઓને બેદખલ કરી આપે. અને એ પણ હક્ક઼ રહે છે કે એહસાન કરીને જમીન જીતનારાઓને આપી દે અને એમના પર ઉપજની ચોથાઈ કે આધ ખિરાજ નક્કી કરી આપે. એને 'ખિરાજે મુક઼ાસિમહ' કહે છે. આ સ્થિતિમાં જો કાંઈ ઉપજ ન થાય તો કાંઈ વાજિબ નહીં થાય.

હદીષ : ૧૩૨૪ની સમજૂતી

મુઝારેઅત જાઈઝ છે કે નથી, એના પર જરૂરત મુજબની ચર્ચા તેના પ્રકરણમાં વર્ણન થશે. وانرافع بن خديج الى آخره ઉપરોક્ત સનદ સાથે નાફ઼ેઅથી જ રિવાયત પામેલ છે.

سَمَّاهُ نَافِعٌ لَا اَحْفَظُهُ - وَاَنَّ رَافِعَ بْنَ خَدِيْجٍ حَدَّثَ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

માત્રા પણ બતાવી હતી હું ભૂલી ગયો. અને હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ એ હદીષ

عَلَيْهِ وَسَلَّمَ نَهٰى عَنْ كِرَاءِ الْمَزَارِعِ -

બયાન કરી કે નબી ﷺ એ ખેતરોને ભાડે આપવાથી મના ફર્માવ્યું."

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ بَابٌ فِي الْحَوَالَةِ وَهَلْ يَرْجِعُ فِي الْحَوَالَةِ ص ٣٠٥

"હવાલાનું બયાન અને શું હવાલાથી રુજૂઅ કરી શકે છે ?" –(૩૦૫)

ت ٤٤١ وَقَالَ الْحَسَنُ وَقَتَادَةُ إِذَا كَانَ يَوْمَ اَحَالَ عَلَيْهِ مَلِيًّا جَازَ **[તઅલીક़ : ૪૪૧]**

"અને ઈમામ હસન બસરી અને क़તાદાએ કહ્યું, જો હવાલાના દિવસે ખુશહાલ (માલદાર) હતો તો જાઈઝ છે."

ت ٤٤٢ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَتَخَارَجُ الشَّرِيْكَانِ وَاَهْلُ **[તઅલીક़ : ૪૪૨]**

"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, ભાગીદારો અથવા

الْمِيْرَاثِ فَيَاْخُذُ هٰذَا عَيْنًا وَهٰذَا دَيْنًا فَاِنْ تَوٰى لِاَحَدِهِمَا لَمْ يَرْجِعْ عَلٰى صَاحِبِهِ

વારસોએ એના પર સુલહ કરી લીધી કે અમુક લોકો માલ લે અને અમુક લોકો દૈન (કરજ).

હવે જો એમનામાંથી કોઈનો હિસ્સો વેડફાઈ ગયો તો બીજાથી વસૂલ નથી કરી શકતો."

તઅલીક़ : ૪૪૧ની સમજૂતી **હવાલા** : હૌલથી છે જેનો અર્થ ફેરવવું સ્થળાંતર કરવું છે. અહીં હવાલાનો અક़્દ (क़રાર) મુરાદ છે એટલે કે પોતાનો દૈન કોઈ અન્યની તરફ ફેરવવું. મદયુનને મુહીલ અને દાઈનને મુહતાલ, મુહતાલ લહુ હવીલ. અને જેની તરફ ફેરવવામાં આવ્યું તેને મુહતાલ અલૈહ અને મુહાલ અલૈહ અને દૈનને મુહાલ કહે છે.

ઈમામ હસન બસરી અને क़તાદાના આ ઈર્શાદને ઈમામ ઈબ્ને અબી શયબા તથા અષ્રમે રિવાયત કર્યો છે. એનો મતલબ એ છે કે જે દિવસે અક़્દે હવાલા થયો હતો એ દિવસે મુહતાલ અલૈહ ખુશહાલ (પૈસાપાત્ર) હતો તો ભલે બાદમાં મુફલિસ થઈ જાય લેણદાર (દાઈન) એનાથી વસૂલ કરવાનો હક़્ક़ ધરાવે છે.

આ ખાસ બાબતમાં આપણો મઝહબ એ છે કે જ્યારે હવાલો સહીહ થઈ ગયો તો મુહીલ અસલ મદયૂન દૈનથી મુક્ત થઈ ગયો. મુહતાલ લહૂ એટલે દાઈનને એ હક़્ક़ ન રહ્યો કે મુહીલથી માગણી કરે, જ્યાં સુધી કે એ દૈનના નષ્ટ થવાની સ્થિતિ ન પેદા થઈ જાય. એની બે સ્થિતિઓ છે : એક એ કે મુહતાલ લહુએ હવાલો क़બૂલ કરવાથી ઈન્કાર કરી આપ્યો અને કોઈ ગવાહ નથી અને તેણે क़સમ ખાધી. બીજુ એ કે મુહતાલ અલૈહ મુફલિસ (ગરીબ) થઈને મર્યો ન એની પાસે ઐન છે ન દૈન અને ન કફીલ. આ બંને સ્થિતિઓમાં મદયૂન એટલે મુહીલથી માગણી કરી શકે છે.

તઅલીક़ : ૪૪૨ની સમજૂતી

يتخارج બે કે વધુ વ્યક્તિઓ કેટલીક ચીજોમાં ભાગીદાર હોય. તો દરેક ભાગીદારનો એ તમામ સંયુક્તમાં

حديث ૧૩૨૫ عَنِ الْاَعْرَجِ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, [હદીષ : ૧૩૨૫]

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَطْلُ الْغَنِيِّ ظُلْمٌ فَاِذَا اُتْبِعَ اَحَدُكُمْ عَلٰى مَلِيٍّ فَلْيَتْبَعْ

માલદારનું કરજની અદાયગીમાં ટાળમટોળ કરવું જુલ્મ છે *અને તમારામાંથી કોઈનું કરજ કોઈ માલદારના હવાલે કરવામાં આવે તો એણે માની લેવું જોઈએ.''*

(બુખારી ૧/૩૦૫, ૧/૩૨૩ અલ્ઈસ્તિક્રાઝ, મુસ્લિમ, અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ–બુયૂઅ, ઈબ્ને માજહ–સદકાત)

ભાગ અનિશ્ચિત છે. જેમ કે એક મૂરિષના કેટલાક વારસો. જો મૂરિષે વારસામાં ઐનની સાથે દૈન (પરત લેવાનુ કરજ) પણ છોડયું વહેંચણી વખતે આપસી રઝામંદીથી કેટલાક ભાગીદારો અથવા વારસદારોએ ઐન લઈ લીધું તો કેટલાકે દૈન. હવે જો દૈન વસૂલ ન થાય અને ન ભવિષ્યમાં વસૂલ થવાની ઉમ્મીદ હોય એટલે દૈન નષ્ટ થઈ ગયું તો હવે તે એ લોકોથી જેમણે ઐન લીધુ હતું વસૂલ નથી કરી શક્તો. એ જ પ્રમાણે કેટલાક શખ્સો ભાગીદારીમાં કોઈ કારોબાર કરતા હતા હવે તેઓ પોતપોતાનો હિસ્સો વહેંચવા ચાહે છે. અમુક સામાન છે અને અમુક એમનું દૈન બીજાઓ પર છે. તે ભાગીદારોએ આપસમાં એવું નક્કી કરી લીધું કે અમુક લોકોએ માલ લીધો અને અમુક લોકોએ દૈન. હવે જો દૈન નષ્ટ થઈ જાય તો એ લોકો બીજા ભાગીદારોથી વસૂલ નથી કરી શક્તા.

ઈમામ બુખારીનો હેતુ એ છે કે જેવી રીતે અહીં ઐન દૈનની વહેંચણી બાદ રજૂઅ (પલટવાનો) હક્ક નથી એ જ પ્રમાણે હવાલામાં પણ છે.

હદીષ : ૧૩૨૫ની સમજૂતી

مَطَلٌ નો મૂળ અર્થ લોખંડને ટીપીને લાંબુ કરવું છે. અહીં ટાળમટોળ કરવાના અર્થમાં છે. **માલદારને એ જાઈઝ નથી કે વાયદાની મુદ્દત પૂર્ણ થવા પર ક૨જની અદાયગીમાં હીલા બહાનાં કરે. હા ! જો કોઈ તંગદસ્ત છે તો તે મજબૂર તથા મઅઝૂર છે.**

مَلِيٌّ આ મહમૂઝે લામ છે મુઅતલે લામ નથી. એની અસ્લ **مليئی** હતી. હમ્ઝાને ''યા''થી બદલીને ''યા''ને ''યા'' માં ઈદગામ કરી દેવામાં આવ્યો. એનો અર્થ માલદાર છે.

فاذاابتع એનો અર્થ એ છે કે જ્યારે દૈન કોઈ માલદારના હવાલે કરવામાં આવે તો દાઈને જોઈએ કે તેને કબૂલ કરી લે. ઈમામ અહમદની એક રિવાયત આ શબ્દોમાં છે : **اذااحيل فليحتل** ઈબ્ને માજહમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની હદીષમાં છે : **اذااحلته على ملى فاتبعه**

ઈમામ બુખારીએ એના બાદવાળા પ્રકરણમાં એનો અર્થ આ પ્રમાણે બતાવ્યો : જ્યારે કોઈનો હક્ક તમારા પર હોય અને તમે કોઈ માલદારના હવાલે કરી આપો અને તે તમારા તરફથી જામિન થઈ જાય, ત્યારબાદ તમે મુફલિસ થઈ જાવ તો કરજ માગનાર મુહતાલ અલૈહથી વસૂલ કરી શકે છે. પરંતું આ ઈમામ બુખારીની પોતાની રાય છે. દાઈન હવાલા પછી દેરક સ્થિતિમાં મોહતાલથી વસૂલ કરી શકે છે.

મદયૂન મુફલિસ હોય કે ન હોય, બલ્કે મુહીલથી માગણી કરવાનો તેને હક્ક ન રહ્યો જ્યાં સુધી કે દૈનના નષ્ટ થવાની સ્થિતિ પેદા ન થઈ જાય.

بَابُ إِذَا احَالَ دَيْنُ الْمَيِّتِ عَلَى رَجُلٍ جَازَ ۳۰۵

"મૈયતનું દૈન કોઈ શખ્સ પર હવાલો કરવામાં આવે તો જાઈઝ" –(૩૦૫)

حديث ١٣٢٦ ثَنَا يَزِيْدُ بْنُ اَبِىْ عُبَيْدٍ عَنْ سَلَمَةَ بْنِ الْاَكْوَعِ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

"હઝરત સલ્મા બિન અકૂવઅ رضی اللہ عنہ એ કહ્યું, અમે નબી ﷺ ની ખિદમતમાં [હદીષ : ૧૩૨૬]

كُنَّا جُلُوْسًا عِنْدَ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذْ اُتِىَ بِجَنَازَةٍ فَقَالُوْا صَلِّ

બેઠા હતા એવામાં એક જનાઝો લાવવામાં આવ્યો. લોકોએ અર્ઝ કરી, એની જનાઝાની નમાઝ પઢી આપો !

عَلَيْهَا فَقَالَ هَلْ عَلَيْهِ دَيْنٌ فَقَالُوْا لَا قَالَ فَهَلْ تَرَكَ شَيْئًا قَالَ لَا فَصَلّٰى عَلَيْهِ

ફર્માવ્યું, એના પર કરજ છે ? લોકોએ કહ્યું, નહીં ! ફર્માવ્યું, કાંઈ છોડયું છે ? લોકોએ અર્ઝ કરી, નહીં ! એની

ثُمَّ اُتِىَ بِجَنَازَةٍ اُخْرٰى فَقَالُوْا يَا رَسُوْلَ اللّٰهِ صَلِّ عَلَيْهَا قَالَ هَلْ عَلَيْهِ دَيْنٌ قِيْلَ

જનાઝાની નમાઝ પઢી આપી. ત્યારબાદ બીજો જનાઝો લાવવામાં આવ્યો. લોકોએ અર્ઝ કરી,

نَعَمْ قَالَ هَلْ تَرَكَ شَيْئًا قَالُوْا ثَلٰثَةَ دَنَانِيْرَ فَصَلّٰى عَلَيْهَا ثُمَّ اُتِىَ بِالثَّالِثَةِ فَقَالُوْا

યા રસૂલલ્લાહ ! એની જનાઝાની નમાઝ પઢી આપો ! ફર્માવ્યું, એના પર કરજ છે ? અર્ઝ કરવામાં આવી,

صَلِّ عَلَيْهَا قَالَ هَلْ تَرَكَ شَيْئًا قَالُوْا لَا قَالَ فَهَلْ عَلَيْهِ دَيْنٌ قَالُوْا ثَلٰثَةُ

હા ! ફર્માવ્યું, કાંઈ માલ છોડયો છે ? લોકોએ અર્ઝ કરી, ત્રણ દીનાર ! તો એની જનાઝાની નમાઝ પઢી.

دَنَانِيْرَ قَالَ صَلُّوْا عَلٰى صَاحِبِكُمْ قَالَ اَبُوْ قَتَادَةَ صَلِّ عَلَيْهِ

ત્યારબાદ ત્રીજો જનાઝો લાવવામાં આવ્યો અને લોકોએ અર્ઝ કરી, એની જનાઝાની નમાઝ પઢી આપો !

يَا رَسُوْلَ اللّٰهِ وَعَلَىَّ دَيْنُهٗ فَصَلّٰى عَلَيْهِ ؏ه

ફર્માવ્યું, શું એણે કાંઈ છોડયું છે ? લોકોએ અર્ઝ કરી, કાંઈ નહીં ! ફર્માવ્યું, તમારા સાથીની નમાઝે જનાઝા પઢો ! અબૂ કતાદાએ કહ્યું, યા રસૂલલ્લાહ ! તેની નમાઝે જનાઝા પઢો અને એનું કરજ મારા જિમ્મે છે, તો હુઝૂરે એની નમાઝે જનાઝા પઢી." (બુખારી ૧/૩૦૬ અલ્ કિફાલહ, નિસાઈ–જનાઈઝ)

હદીષ : ૧૩૨૬ની સમજૂતી

આ હદીષ બુખારીની સાતમી ષુલાષિયાતથી છે એ પણ હઝરત ઈમામે આ'ઝમના શાગિર્દ મક્કી ઈબ્ને ઈબ્રાહીમથી ઈમામ બુખારીને મળી.

આ પ્રકારના બનાવો હદીષોમાં વિવિધ આવ્યા છે કે કરજદારની જનાઝાની નમાઝ પઢવાથી રોકાય ગયા.

જ્યારે કોઈએ કરજ પોતાના માથે લઈ લીધું તો નમાઝ પઢાવી. દારકુત્નીએ એક બનાવ વર્ણન કર્યો છે જેમાં આ પ્રમાણે છે કે હઝરત અલી رضی اللہ عنہ એ પોતાના માથે લીધું અને ઈમામ તહાવીએ એક બનાવ વર્ણવ્યો જેમાં છે કે અબુલ યસર رضی اللہ عنہ અથવા કોઈ અન્ય સાહબે પોતાના માથે લીધું હતું. **કરજ લઈને અદા ન કરવાની બુરાઈ આના પરથી જાહેર થઈ કે રહમતે આલમ ﷺએ નમાઝે જનાઝા પઢાવવાથી ઈન્કાર કરી આપ્યો.** એનાથી જાહેર થયું કે અમુક ખુલ્લમ ખુલ્લા ગુનાહ કરનાર બેબાક ફાસિક્રોની જનાઝાની નમાઝ જો ઉલમા મશાઈખ એ નિય્યતથી ન પઢે કે અન્યોને ઈબ્રત થાય (બોધ લે) તો કાંઈ વાંધો નથી. પણ તે શખ્સ મુસલમાન છે તો એની નમાઝે જનાઝા ફર્ઝે કિફાયા છે. બીજા મુસલમાનોએ જોઈએ કે તેઓ નમાઝે જનાઝા પઢે. એટલા માટે કે હુઝૂરે અક્રદસ ﷺએ સહાબાએ કિરામને ફર્માવ્યું : صلواعلی صاحکم "તમે લોકો તમારા સાથીની નમાઝે જનાઝા પઢો."

આ હદીષથી જાણવા મળ્યું કે **મૈયત કરજ અદા કર્યા વિના મૃત્યુ પામે અને કોઈ શખ્સ એના તરફથી અદા કરી આપે તો મૈયત જિમ્મેદારીથી મુક્ત થઈ જશે.** જેમ કે આ જ હદીષની આ રિવાયતમાં જે દારકુત્નીએ કરી છે છેવટમાં છે કે, જ્યારે હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ એ એ ખબર આપી કે **મેં એનું કરજ અદા કરી આપ્યું.** તો ફર્માવ્યું, **"હવે તેં એની ચામડીને ઠંડક પહોંચાડી."**

بسم الله الرحمن الرحيم

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

كتاب الكفالة

(કિતાબુલ્ કફાલાહ્) "કફાલત વિશે પ્રકરણ" –(૩૦૫)

કફાલતનો અર્થ શરીઅતમાં આ પ્રમાણે છે : એક શખ્સ પોતાના જિમ્માને બીજાની સાથે માગણીમાં મિલાવી દે. એટલે માગણી ઝયદના જિમ્મે હતી બીજાએ પણ માગણી પોતાના માથે લઈ લીધી. આ માગણી નફસની હોય કે દૈનની હોય કે ઐનની હોય.

بَابُ الْكَفَالَةِ فِي الْقَرْضِ وَالدُّيُوْنِ بِالْاَبْدَانِ وَغَيْرِهَا ص٣٠٥

"કરજ તથા દૈનમાં કોઈની શખ્સી વગેરે દા.ત. માલી જમાનત લેવી" –(૩૦૫)

ت ٤٤٣ عَنْ مُحَمَّدِ بْنِ حَمْزَةَ بْنِ عَمْرٍو الْاَسْلَمِيِّ عَنْ اَبِيْهِ اَنَّ عُمَرَ رَضِيَ اللّٰهُ [તઅલીક્ : ૪૪૩]

"હઝરત હમ્ઝા બિન અમ્ર અસ્લમીથી રિવાયત છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ તેમને સદકો વગેરે વસૂલ કરવાના

تَعَالٰى عَنْهُ بَعَثَهُ مُصَدِّقًا فَوَقَعَ رَجُلٌ عَلٰى جَارِيَةِ امْرَأَتِهٖ فَاَخَذَ حَمْزَةُ مِنَ الرَّجُلِ

માટે મોકલ્યા. એક શખ્સે પોતાની પત્નીની લોંડી સાથે ઝિના કરી લીધો. હમ્ઝાએ એ શખ્સના તરફથી જામિન

كُفَلَاءَ حَتّٰى قَدِمَ عَلٰى عُمَرَ وَكَانَ عُمَرُ قَدْ جَلَدَهُ مِائَةً فَصَدَّقَهُمْ وَعَذَرَهُ بِالْجَهَالَةِ

લીધા ત્યાં સુધી કે હઝરત ઉમરની ખિદમતમાં હાજર થયા. હઝરત ઉમર એ શખ્સને સો કોરડા મારી ચૂક્યા હતા. હઝરત ઉમરે તેને સમર્થન કર્યું. અને અજાણતાના કારણે તેને માફી પાત્ર ઠરાવ્યો."

તઅલીક્ : ૪૪૩ની સમજૂતી

આ તઅલીક્ને ઈમામ અબૂ જઅફર તહાવી (શરહે મઆનિયુલ આષાર–અલ્હુદૂદ, પેજ–૮૩) એ વિસ્તારપૂર્વક આ પ્રમાણે રિવાયત કરી છે, કે હઝરત ઉમર رضی اللہ عنہ એ હમ્ઝા બિન અમ્ર અસ્લમીને સઅદ બિન હુઝૈમમાં સદકો વસૂલ કરવા માટે મોકલ્યા. હઝરત હમ્ઝાની ખિદમતમાં સદકાનો માલ હાજર કરવામાં આવ્યો કે સદકો લઈ લો. એક પુરૂષ પોતાની પત્નીને કહેવા લાગ્યો કે તારી બાંદીના માલનો તો સદકો આપ. તે સ્ત્રી કહી રહી હતી કે તું તારા પુત્રના માલનો સદકો આપ. હમ્ઝાએ એમનો કિસ્સો પૂછયો તો બતાવવામાં આવ્યું, આ શખ્સ તે સ્ત્રીનો પતિ છે, તેણીની લોંડી સાથે તેણે સંભોગ કર્યો હતો જેનાથી એક પુત્ર જન્મ્યો તે સ્ત્રીએ તે છોકરાને આઝાદ કરી આપ્યો, અને આ માલ એ જ છોકરાનો છે. આ સાંભળીને હમ્ઝાએ કહ્યું કે હું તેને સંગસાર

ت ٤٤٤ وَقَالَ جَرِيرٌ وَّالْاَشْعَثُ لِعَبْدِ اللّٰهِ بْنِ مَسْعُوْدٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فِيْ

''અને જરીર અને અશ્અષે અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ થી [તઅલીક : ૪૪૪]

الْمُرْتَدِّيْنَ اسْتَتَبْهُمْ وَكَفَّلَهُمْ فَتَابُوْا وَكَفَّلَهُمْ عَشَائِرُهُمْ

મુર્તદોના બારામાં કહ્યું, એમની પાસે તૌબાની માગણી કરો અને તેમનાથી કફીલ લો. એના પર એમણે

તૌબા કરી અને એમની જમાનત એમના કબીલાવાળાઓએ લીધી.''

ت ٤٤٥ وَقَالَ حَمَّادٌ اِذَا تَكَفَّلَ بِنَفْسٍ فَمَاتَ فَلَا شَيْءَ عَلَيْهِ قَالَ الْحَكَمُ يَضْمَنُ

''અને ઈમામ હમ્માદે કહ્યું કે જો કોઈ કોઈનો જામીન બન્યો હતો પછી મૃત્યુ પામ્યો [તઅલીક : ૪૪૫]

તો તેના પર કાંઈ નથી. હકમે કહ્યું, તેના પર જમાનત છે.''

કરીશ ! લોકોએ અર્ઝ કરી, એનો મામલો હઝરત ઉમરની પાસે રજૂ થઈ ચૂક્યો છે, તેમણે એને સો કોરડા માર્યા છે અને સંગસાર કરવું જરૂરી નથી જાણ્યું. આ સાંભળીને હઝરત હમ્ઝાએ એ શખ્સથી જામિન લીધા કે હઝરત ઉમર رضی اللہ عنہ ની પાસે ચાલે અને તેમને પૂછવામાં આવે. જ્યારે હઝરત ઉમરની ખિદમતમાં હાજર થયા તો એમણે એનું સમર્થન કર્યું અને ફર્માવ્યું, સંગસાર એટલા માટે નથી કર્યો કે એ શખ્સ જાણતો ન હતો અને અજાણતાના કારણે માફી પાત્ર સમજવામાં આવ્યો.

આ હદીષથી જાણવા મળ્યું કે માલના ઉપરાંત અન્ય હક્કોમાં પણ કફાલત દુરુસ્ત છે. હઝરત હમ્ઝા ખૂદ સહાબી છે અને હઝરત ઉમરે એના પર ઈન્કાર નથી કર્યો, ન તેમણે ન અન્ય કોઈ સહાબીએ ઈન્કાર કર્યો. તેમજ એ પણ સાબિત થયું કે શખ્સી જમાનત પણ દુરુસ્ત છે. **તે ઈસ્લામનો પ્રારંભિક દૌર હતો એટલા માટે જેહાલત ઉઝ્ર (મજબૂરી) હતી, હવે જેહાલત ઉઝ્ર નથી થઈ શક્તી જ્યારે કે મુજરિમ દારુલ ઈસ્લામમાં રહેતો હોય. તેના વારસામાંથી વસૂલ કરવામાં આવે અને હકમ બિન ઉત્બાના કથનનો મતલબ એ છે કે તેના પર જમાનત છે તેના વારસામાંથી વસૂલ કરવામાં આવે.**

તઅલીક : ૪૪૪ની સમજૂતી હારિષા બિન મુઝરબે કહ્યું, મેં સવારની નમાઝ અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ ની સાથે પઢી. જ્યારે તેમણે સલામ ફેરવી તો એક શખ્સે ઉભા થઈને બતાવ્યું કે તે બની હનફિયાની મસ્જિદની તરફ ગયો તો અબ્દુલ્લાહ ઈબ્ને નવાહાના મોઅઝ્ઝિનને એવું કહેતાં સાંભળ્યો કે તે ગવાહી આપે છે કે મુસૈલમા અલ્લાહનો રસૂલ છે. હઝરત ઈબ્ને મસ્ઊદે હુકમ આપ્યો કે ઈબ્ને નવાહા અને તેમના સાથીઓને મારી પાસે લાવો ! જ્યારે એ સૌને હાજર કરી દેવામાં આવ્યા તો હઝરત ઈબ્ને મસ્ઊદે કરઝા બિન કઅબને હુકમ આપ્યો, તેમણે ઈબ્ને નવાહાની ગરદન ઉડાડી મૂકી. પછી એમના સાથીઓના બારામાં મશ્વરો લીધો. હઝરત અદી ઈબ્ને હાતિમે મશ્વરો આપ્યો કે એ સૌને કત્લ કરી દેવામાં આવે. પણ હઝરત જરીર અને હઝરત અશ્અષ ઈબ્ને કૈસે કહ્યું, તેમને હુકમ આપો કે તૌબા કરી લે, અને એમના કબીલાવાળાઓને જામિન બનાવે. એઓ એકસો સિત્તેર માણસો હતા. *(ઉમ્દતુલ કારી ૧૨/૧૧૫, બહવાલા દારકુત્ની ઈબ્ને અબી શયબા)*

અહીં એ વાત પર કફાલત હતી કે ભવિષ્યમાં મુર્તદ નહીં થઈએ અને ઈસ્લામ પર કાયમ રહીશું.

તઅલીક : ૪૪૫ની સમજૂતી હઝરત ઈમામે હમ્માદ હઝરત ઈમામે આ'ઝમના મશાઈખમાંથી છે. હઝરત ઈમામે આ'ઝમની અધિકતમ રિવાયતો એમનાથી જ છે. હઝરત ઈમામ હમ્માદના કથનનો અર્થ એ છે

بَابُ قَوْلِ اللّٰهِ وَالَّذِيْنَ عَاقَدَتْ اَيْمَانُكُمْ فَاٰتُوْهُمْ نَصِيْبَهُمْ ص ۳۰۶

"અલ્લાહ ﷻના ઈર્શાદનું બયાન :
જેનાથી તમે ક़સમ ખાઈને વાયદો કર્યો તેનો હિસ્સો આપો" –(૩૦૬)

حديث ૧૩૨૭ عَنْ سَعِيْدِ بْنِ جُبَيْرٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا وَلِكُلٍّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે وَلِكُلٍّ جَعَلْنَا مَوَالِيَ *માં* مَوَالِيَ *થી મુરાદ* **[હદીષ : ૧૩૨૭]**

جَعَلْنَا مَوَالِيَ وَرَثَةً وَالَّذِيْنَ عَاقَدَتْ اَيْمَانُكُمْ كَانَ الْمُهَاجِرُوْنَ لَمَّا قَدِمُوْا

વારિસ છે અને وَالَّذِيْنَ عَاقَدَتْ اَيْمَانُكُمْ *થી મુરાદ એ છે કે મુહાજિરો જ્યારે મદીના તયબહ નબી ﷺની પાસે*

الْمَدِيْنَةَ عَلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَرِثُ الْمُهَاجِرُ الْاَنْصَارِيَ دُوْنَ

આવ્યા તો મુહાજિર અન્સારનો રિશ્તા (સગાઈ) વિના વારસ થતો હતો. આ ઈસ્લામી ભાઈચારાના આધાર

ذَوِيْ رَحِمِهٖ لِلْاُخُوَّةِ الَّتِيْ آخَى النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَيْنَهُمْ فَلَمَّا

પર જે રસૂલુલ્લાહ ﷺ થકી તેમના દરમ્યાન સ્થાપિત કરી આપી હતી. જ્યારે આ આયતે કરીમા નાઝિલ

نَزَلَتْ وَلِكُلٍّ جَعَلْنَا مَوَالِيَ نُسِخَتْ ثُمَّ قَالَ وَالَّذِيْنَ عَاقَدَتْ اَيْمَانُكُمْ اِلَّا

થઈ તો તે મન્સૂખ થઈ (ઉઠી) ગયો. પછી ફર્માવ્યું : وَالَّذِيْنَ عَاقَدَتْ اَيْمَانُكُمْ *ની રૂએ ઈમદાદ,*

النَّصْرَ وَالرِّفَادَةَ وَالنَّصِيْحَةَ وَقَدْ ذَهَبَ الْمِيْرَاثُ وَيُوْصٰى لَهٗ ـ عـه

મદદ કરવું, ખૈર ખ્વાહી બાક़ી છે. વારસો મન્સૂખ થઈ ગયો અને વસિયત બાક़ી છે જેના માટે ચાહો કરો."

(બુખારી, ૨/૬૫૫ તફ્સીરે નિસાઅ્, ૨/૯૯૯ અલ્ફરાઈઝ, અબૂ દાઊદ, નિસાઈ–અલ્ફરાઈઝ)

કે જો જામિન મૃત્યુ પામ્યો તો તેના પર જમાનત નથી. કે તેના વારસામાંથી વસૂલ કરવામાં આવે અને હકમ બિન ઉત્બાના કથનનો મતલબ એ છે કે તેના પર જમાનત છે. તેના વારસામાંથી વસૂલ કરવામાં આવે. પરંતુ ઈમામ બુખારીની પોતાની રાય છે. દાઈન હવાલા પછી દરેક સ્થિતિમાં મોહતાલથી વસૂલ કરી શકે છે.

હદીષ : ૧૩૨૭ની સમજૂતી સૂરએ નિસાઅ્ની તેત્રીસમી આયત આ છે :–

وَلِكُلٍّ جَعَلْنَا مَوَالِيَ مِمَّا تَرَكَ الْوَالِدَانِ وَالْاَقْرَبُوْنَ وَالَّذِيْنَ عَقَدَتْ اَيْمَانُكُمْ فَاٰتُوْهُمْ نَصِيْبَهُمْ "અને અમે સૌના માટે માલના મુસ્તહિક બનાવી આપ્યા છે. મા બાપ, સગાંઓ અને જેમની સાથે તમારો ભાઈચારાનો ક़રાર બંધાઈ ચૂક્યો હોય. જે કાંઈ છોડે તેમને તેમનો હિસ્સો આપો."

عَقَدَتْ اَيْمَانُكُمْમાં એક કિરઅત عاقدت પણ છે. ઈમામ બુખારીએ એને જ લીધેલ છે. એ પોતાના સામાન્યપણાના લેહાઝથી તે ભાઈચારાના ક़રારને પણ સમાવે છે જે હિજરતની વખતે મુહાજિરો તથા અન્સારમાં હુઝૂરે અક़્દસ ﷺએ સ્થાપ્યો હતો. જેની રૂએ મુહાજિરો અન્સારનો વારસો મેળવતા હતા. હઝરત ઈબ્ને

حديث ١٣٢٨ ثَنَا عَاصِمٌ قَالَ قُلْتُ لِاَنَسِ بْنِ مَالِكٍ اَبَلَغَكَ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

''આસિમે કહ્યું મેં હઝરત અનસ رضی اللہ عنہ ને પૂછયું, શું આપના સુધી આ હદીષ પહોંચી છે [હદીષ : ૧૩૨૮]

عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَاحِلْفَ فِي الْاِسْلَامِ فَقَالَ قَدْ حَالَفَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

કે નબી ﷺએ ફર્માવ્યું, ઈસ્લામમાં હલફ (શપથ, કરાર) નથી. તો હઝરત અનસે ફર્માવ્યું, નબી ﷺએ

عَلَيْهِ وَسَلَّمَ بَيْنَ قُرَيْشٍ وَّالْاَنْصَارِ فِيْ دَارِيْ - عه

કુરૈશ તથા અન્સારની વચ્ચે મારા ઘરમાં હલફ સ્થાપિત કર્યો.''

(મુસ્લિમ–અલ્ફઝાઈલ, અબૂ દાઉદ–અલ્ફરાઈઝ)

અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે આ આયત **وَلِكُلٍّ جَعَلْنَا مَوَالِيَ** થી મન્સૂખ (તેનો હુકમ ઉઠી ગયો) છે. એનો સાર એ થયો કે **وَالَّذِيْنَ عَقَدَتْ اَيْمَانُكُمْ فَاٰتُوْهُمْ نَصِيْبَهُمْ** પ્રથમ નાઝિલ થઈ છે અને **وَلِكُلٍّ جَعَلْنَا مَوَالِيَ مِمَّا تَرَكَ الْوَالِدَانِ وَالْاَقْرَبُوْنَ** બાદમાં નાઝિલ થઈ છે.

ثم قال : એનાથી મુરાદ એ છે કે કેવળ વારસાનો હક્ક જ ઉઠી ગયો (મન્સૂખ) છે બાકી મુસલમાનની હૈસિયતથી એક મુસલમાનનો હક્ક બીજા મુસલમાન પર છે, દા.ત. મદદ કરવી, સહકાર કરવો, ભલુ ઈચ્છવું એ બાકી છે.

હદીષ : ૧૩૨૮ની સમજૂતી

સવાલનો મક્સદ એ હતો કે જાહિલિયતના જમાનામાં કબીલાઓ આપસમાં મુહાલફત (કરાર) કરતા હતા હવે ઈસ્લામમાં એ અક્દ (કરાર) નથી થતો. શું હુઝૂરે અક્દસ ﷺએ એનાથી મના કર્યું છે ? હઝરત અનસ رضی اللہ عنہ ના આ ઈર્શાદનો મતલબ એ છે કે એ મના નથી. હુઝૂરે અક્દસ ﷺએ મારા ઘરમાં મુહાજિરો તથા અન્સારમાં ભાઈચારો કાયમ કર્યો હતો એ પણ એક પ્રકારની મુહાલફત જ છે. કારણ એ છે કે ઈસ્લામે પોતાના અનુયાયીઓમાં એવી મજબૂત તથા સ્ટ્રોંગ એક્તા પેદા કરી આપી છે કે જાહિલિયતના જમાનાની મુહાલફત (કરાર)ની જરૂરત જ ન રહી. જેમ કે મુસ્લિમ (૨/૩૦૮ ફઝાઈલ)માં હઝરત જુબેર બિન મુત્ઈમ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઈસ્લામમાં હલફ (કરાર) નથી, એ જાહિલિયતમાં હતી. ઈસ્લામે એમાં અધિક શક્તિ પેદા કરી આપી. એટલે કે મુહાલફતના કારણે આપસમાં સહકાર તથા હમદર્દીનો જે જઝબો પેદા થતો હતો ઈસ્લામે એનાથી વધીને પેદા કરી આપ્યો છે. હવે એની કોઈ જરૂરત નથી.

કોઈકે મૈયતના કરજની ઝમાનત લીધી તો તેનાથી ફરવાનો તેને હક્ક નથી. –(૩૦૬)

ت ٤٤٦ وَبِهٖ قَالَ الْحَسَنُ۔ **[તઅલીક : ૪૪૬]**

''અને આ જ ઈમામ હસન બસરીનો ક઼ૌલ છે. અને એ જ જમહૂર ઈમામોનો મઝહબ છે.''

حديث ١٣٢٩ سَمِعَ مُحَمَّدُ بْنُ عَلِيٍّ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا **[હદીષ : ૧૩૨૯]**

''હઝરત ઈમામ મુહમ્મદ ઈબ્ને અલી બાક઼િર رحمۃ اللہ علیہ એ હઝરત જાબિર બિન

قَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَوْ قَدْ جَاءَ مَالُ الْبَحْرَيْنِ قَدْ اَعْطَيْتُكَ

અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી રિવાયત કરી કે તેમણે કહ્યું, નબી ﷺ એ મને ફરમાવ્યું, જો બહરૈનનો માલ આવી જશે

هٰكَذَا وَهٰكَذَا فَلَمْ يَجِئْ مَالُ الْبَحْرَيْنِ حَتّٰى قُبِضَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

તો તમને આટલુ અને આટલુ જરૂર આપીશું. નબી ﷺ ની જાહેરી હયાત સુધી બહરૈનનો માલ ન આવ્યો,

وَسَلَّمَ فَلَمَّا جَاءَ مَالُ الْبَحْرَيْنِ اَمَرَ اَبُوْ بَكْرٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فَنَادٰى مَنْ كَانَ

જ્યારે આવ્યો તો હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એ મુનાદી (એલાન) કરવાનો હુકમ આપ્યો અને આ એલાન

لَهٗ عِنْدَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عِدَةٌ اَوْ دَيْنٌ فَلْيَاْتِنَا فَاَتَيْتُهٗ فَقُلْتُ

કરવામાં આવ્યું, નબી ﷺ એ જે કોઈને કોઈ વાયદો કર્યો હોય અથવા હુઝૂર પર કોઈનું દૈન હોય તે મારી

اِنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لِيْ كَذَا وَكَذَا فَحَثٰى لِيْ حَثْيَةً فَعَدَدْتُهَا

પાસે આવે. હઝરત જાબિરે કહ્યું કે હું એમની ખિદમતમાં હાજર થયો અને તેમને બતાવ્યું કે નબી ﷺ એ મને

فَاِذَا هِيَ خَمْسُ مِائَةٍ وَقَالَ خُذْ مِثْلَيْهَا ۔

આવું આવું ફરમાવ્યું હતું. તેમણે એક ખોબો ભરીને આપ્યું, મેં એને ગણ્યું તો તે પાંચસો હતા, અને ફરમાવ્યું

એનાથી બમણા અધિક લઈ લે.''

(બુખારી ૧/૩૫૪ અલ્હિબા, ૧/૪૪૩, ૪૪૮ અલ્જિહાદ, ૧/૩૬૯ અશ્શહાદાત, ૨/૬૨૯ મગ઼ાઝી, મુસ્લિમ–ફ઼ઝાઈલુન્નબી ﷺ)

હદીષ : ૧૩૨૯ની સમજૂતી અહીંની રિવાયતમાં હઝરત જાબિર رضی اللہ عنہ એ હુઝૂરે અક઼દસ ﷺ નો જે ઈર્શાદ વર્ણન કર્યો છે એમાં **هكذا هاكذا** બે વાર છે, પણ બુખારીના જ બીજા પ્રકરણની સર્વ રિવાયતોમાં ત્રણવાર છે. બલ્કે અશ્શહાદાતની રિવાયતમાં સ્પષ્ટતા છે : **فبسط يديه ثلث مرات** હુઝૂરે અક઼દસ ﷺ એ ત્રણવાર પોતાના બંનેવ દસ્તે મુબારકને ફેલાવ્યા, એટલે કે આ રીતે આ રીતે આપીશ. એ જ પ્રમાણે મગ઼ાઝીની

بَابُ جَوَارِ اَبِي بَكْرِ الصِّدِّيْقِ فِيْ عَهْدِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَعَقْدِهٖ ص ٣٠٧

"નબી ﷺના મુબારક યુગમાં અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ નું એક મુશ્રિકની અમાન ક़બૂલ કરવું અને ક़રાર કરવું" –(૩૦૭)

حديث ١٣٣٠ اَخْبَرَنِيْ عُرْوَةُ بْنُ الزُّبَيْرِ اَنَّ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ لَمْ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફ઼રમાવ્યું, હું જ્યારથી સમજણી થઈ **[હદીષ : ૧૩૩૦]**

اَعْقِلْ اَبَوَيَّ قَطُّ اِلَّا وَهُمَا يَدِيْنَانِ الدِّيْنَ وَلَمْ يَمُرَّ عَلَيْنَا يَوْمٌ اِلَّا يَاْتِيْنَا فِيْهِ رَسُوْلُ

તો મારા માબાપને દીનનાં પાબંદ જોયાં અને કોઈ દિવસ ન પસાર થતો કે રસૂલુલ્લાહ ﷺ અમારે ત્યાં સવાર

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ طَرَفَيِ النَّهَارِ بُكْرَةً وَعَشِيَّةً فَلَمَّا ابْتُلِيَ الْمُسْلِمُوْنَ

સાંજ ન આવતા. જ્યારે મુસલમાનો પર બલાઓ તોડવાનું શરૂ થઈ ગયું તો અબૂબક્ર હબ્શાની તરફ હિજરતના

خَرَجَ اَبُوْ بَكْرٍ مُهَاجِرًا قِبَلَ الْحَبَشَةِ حَتّٰى اِذَا بَلَغَ بَرْكَ الْغِمَادِ لَقِيَهُ ابْنُ الدَّغِنَةِ

ઈરાદાથી નીકળ્યા, ત્યાં સુધી કે બર્કલગુમાદ સુધી પહોંચી ગયા. ત્યાં ઈબ્ને દગ़िના બની क़ારહનો સરદાર

وَهُوَ سَيِّدُ الْقَارَةِ فَقَالَ اَيْنَ تُرِيْدُ يَا اَبَا بَكْرٍ فَقَالَ اَبُوْ بَكْرٍ اَخْرَجَنِيْ قَوْمِيْ وَاَنَا اُرِيْدُ

મળ્યો. પૂછયું, હે અબૂબક્ર ! ક્યાંનો ઈરાદો છે ? ફ઼રમાવ્યું, મારી क़ૌમે મને કાઢી મૂક્યો છે હું ચાહું છું કે જમીનમાં

اَنْ اَسِيْحَ فِي الْاَرْضِ وَاَعْبُدَ رَبِّيْ قَالَ ابْنُ الدَّغِنَةِ اِنَّ مِثْلَكَ لَا يَخْرُجُ وَلَا يُخْرَجُ

સફ઼ર કરું અને મારા રબની ઈબાદત કરું. ઈબ્ને દગ़िનાએ કહ્યું, તમારા જેવો ન નીકળશે ન કાઢવામાં આવશે, કેમ

રિવાયતમાં પણ ત્રણવારની સ્પષ્ટતા છે. મગ़ાઝીમાં ઈબ્ને મુન્કદિરના તરીક़ાથી જે રિવાયત છે એના છેવટમાં આ પ્રમાણે છે : હઝરત જાબિર કહે છે, મેં હઝરત અબૂબક્રની ખિદમતમાં ત્રણવાર હાજર થયો પણ તેમણે કાંઈ ન આપ્યું. ત્રીજીવાર મેં તેમને અર્ઝ કરી, ક્યાં તો મને અતા ફ઼રમાવો ક્યાં આપ મને આપવામાં બખીલી કરી રહ્યા છો ! ફ઼રમાવ્યું, તમે શું કહ્યું ?! મેં બખીલી કરી છે ?! બખીલીથી મોટી કઈ બીમારી છે ? મેં આપવા માટે જ તમને વારંવાર પરત કર્યા છે.

બહરૈનવાળાઓ સાથે સુલહ થયા પછી હુઝૂરે અક़્દસ ﷺએ હઝરત અલાઅ્ બિન હઝરમી رضی اللہ عنہ ને ત્યાંના હાકિમ નિયુક્ત કરી આપ્યા જે સમય પર ખિરાજ વસૂલ કરીને ખિદમતે અક़્દસમાં હાજર કરતા હતા. એકવાર ખિદમતે અક़્દસમાં પણ હાજર કર્યો હતો જેમાં હઝરત અબ્બાસ رضی اللہ عنہ નો મશહૂર કિસ્સો ઉપસ્થિત થયો હતો.

હદીષ : ૧૩૩૦ની સમજૂતી

આ હદીષનો અમુક ભાગ કિતાબુસ્સલાત પેજ ૬૮ પર વર્ણન થયેલ છે ત્યાં ટૂંકમાં હતી એટલા માટે છોડી આપી હતી, અહીં પૂરી તફ઼સીલ છે એટલા માટે અહીં વર્ણવી આપી. અહીં ઈમામ બુખારીએ આ હદીષની બે સનદો વર્ણવી છે : એક યહ્યા બિન બુકૈરના તરીક़ાથી, બીજી અબૂ સાલેહના તરીક़ાથી અલ્લામા અયનીએ ફ઼રમાવ્યું

فَإِنَّكَ تَكْسِبُ الْمَعْدُومَ وَتَصِلُ الرَّحِمَ وَتَحْمِلُ الْكَلَّ وَتَقْرِي الضَّيْفَ وَتُعِينُ عَلَى نَوَائِبِ الْحَقِّ

કે તમે નાદારોને કમાઈને આપો છો અને સિલએ રહમી કરો છો અને મજબૂરોનો બોજ ઉઠાવો છો અને

وَأَنَا لَكَ جَارٌ فَارْجِعْ فَاعْبُدْ رَبَّكَ بِبِلَادِكَ فَارْتَحَلَ ابْنُ الدَّغِنَةِ فَرَجَعَ مَعَ أَبِي

મહેમાનદારી કરો છો. અને હક્ક અપનાવવાના કારણે કોઈના પર મુસીબત આવે તો તેની મદદ કરો છો. અને

بَكْرٍ فَطَافَ فِي أَشْرَافِ كُفَّارِ قُرَيْشٍ فَقَالَ لَهُمْ إِنَّ أَبَا بَكْرٍ لَا يَخْرُجُ مِثْلُهُ وَلَا

હું તમને અમાન આપુ છું, પાછા ફરો અને તમારા પરવરદિગારની તમારા શહેરમાં ઈબાદત કરો. ઈબ્ને દગ્િના

يُخْرَجُ أَتُخْرِجُونَ رَجُلًا يَكْسِبُ الْمَعْدُومَ وَيَصِلُ الرَّحِمَ وَيَحْمِلُ الْكَلَّ وَيَقْرِي

પણ ચાલ્યો અને અબૂબક્ર પણ તેમની સાથે પરત થયા, અને ઈબ્ને દગ્િના કુરૈશના કાફિરોના રઈસોમાં ઘૂમ્યો

الضَّيْفَ وَيُعِينُ عَلَى نَوَائِبِ الْحَقِّ فَنَفَذَتْ قُرَيْشٌ جِوَارَ ابْنِ الدَّغِنَةِ وَآمَنُوا

અને તેમને કહ્યું, અબૂબક્ર ન નીકળશે અને ન કાઢવામાં આવશે. તમે લોકો એવા શખ્સને કાઢો છો જે નાદારને

أَبَا بَكْرٍ وَقَالُوا لِابْنِ الدَّغِنَةِ مُرْ أَبَا بَكْرٍ فَلْيَعْبُدْ رَبَّهُ فِي دَارِهِ فَلْيُصَلِّ وَلْيَقْرَأْ

કમાયને આપે છે અને સિલએ રહમી (સગાંથી સદવર્તાવ) કરે છે અને મજબૂરોનો બોજ ઉઠાવે છે, મહેમાનદારી

مَا شَاءَ وَلَا يُؤْذِينَا بِذَلِكَ وَلَا يَسْتَعْلِنْ بِهِ وَإِنَّا قَدْ خَشِينَا أَنْ يَفْتِنَ أَبْنَاءَنَا وَ

કરે છે. હક્ક પર અડગતાના કારણે જો કોઈના પર મુસીબત આવે છે તો મદદ કરે છે. કુરૈશે ઈબ્ને દગ્િનાની

نِسَاءَنَا قَالَ ذَلِكَ ابْنُ الدَّغِنَةِ لِأَبِي بَكْرٍ فَطَفِقَ أَبُو بَكْرٍ يَعْبُدُ رَبَّهُ فِي دَارِهِ وَلَا

અમાનને કબૂલ કરી લીધી અને અબૂબક્રને અમાન આપી દીધી. અલ્બત્ત ઈબ્ને દગ્િનાને કહ્યું કે અબૂબક્રને કહી

يَسْتَعْلِنُ بِالصَّلَاةِ وَلَا الْقِرَاءَةِ فِي غَيْرِ دَارِهِ ثُمَّ بَدَا لِأَبِي بَكْرٍ فَابْتَنَى مَسْجِدًا

દે પોતાના રબની ઈબાદત પોતાના ઘરમાં કરે નમાઝ અદા કરે, જે ચાહે પઢે અને અમને તકલીફ ન આપે, અને

بِفِنَاءِ دَارِهِ وَبَرَزَ فَكَانَ يُصَلِّي فِيهِ وَيَقْرَأُ الْقُرْآنَ فَيَتَقَصَّفُ عَلَيْهِ نِسَاءُ

જાહેરમાં નમાઝ તથા કાંઈ ન પઢે. અમને અંદેશો છે કે અમારાં બાળકો તથા સ્ત્રીઓ ફિત્નામાં ન પડી જાય. આ

કે આ તઅલીક છે.

ولم اعقل : હઝરત ઉમ્મુલ મોમિનીન رضی اللہ عنہا ની ઉમર મુબારક હિજરતના સમયે આઠ વરસની હતી. એટલા માટે એમનું હિજરતના સમયે સમજદાર હોવું શક્ય છે. આ હદીષમાં દીનથી મુરાદ દીને ઈસ્લામ છે. **الدين** પર અલિફ લામ અહદનો છે. પુનિત પત્નીઓમાં ઉમ્મુલ મોમિનીન હઝરત સિદ્દીકા رضی اللہ عنہا ની

اَلْمُشْرِكِيْنَ وَاَبْنَاءُهُمْ وَيَعْجَبُوْنَ مِنْهُ وَيَنْظُرُوْنَ اِلَيْهِ وَكَانَ اَبُوْبَكْرٍ رَجُلًا

વાતને ઈબ્ને દગ઼િનાએ અબૂબકને કહી આપી. ત્યારબાદ અબૂબક ઈબાદત પોતાના ઘરમાં કરતા, અને પોતાના

بَكَّاءً لَا يَمْلِكُ دَمْعَهُ حِيْنَ يَقْرَأُ الْقُرْاٰنَ فَاَفْزَعَ ذٰلِكَ اَشْرَافَ قُرَيْشٍ مِّنَ

ઘર સિવાય ક્યાંય ન નમાઝ અદા કરતા ન કુર્આન પઢતા. ત્યારબાદ તેમના દિલમાં આવ્યું અને તેમણે પોતાના

الْمُشْرِكِيْنَ فَاَرْسَلُوْا اِلٰى ابْنِ الدَّغِنَةِ فَقَدِمَ عَلَيْهِمْ وَقَالُوْا لَهٗ اِنَّا كُنَّا اَجَرْنَا

મકાનના વરંડામાં મસ્જિદ બનાવી લીધી એમાં નમાઝ પઢતા, કુર્આન મજીદની તિલાવત કરતા એના કારણે

اَبَابَكْرٍ عَلٰى اَنْ يَّعْبُدَ رَبَّهٗ فِيْ دَارِهٖ وَاِنَّهٗ جَاوَزَ ذٰلِكَ فَابْتَنٰى مَسْجِدًا بِفِنَاءِ دَارِهٖ وَ

મુશ્રિકોની સ્ત્રીઓ તથા બાળકો તેમની આસપાસ ભીડ કરીને આથડતાં પડતાં અને એને પસંદ કરતાં, અને

اَعْلَنَ الصَّلٰوةَ وَالْقِرَاءَةَ وَقَدْ خَشِيْنَا اَنْ يَّفْتِنَ اَبْنَاءَنَا وَنِسَاءَنَا فَاْتِهِ فَاِنْ اَحَبَّ

તેમને જોતાં. અને અબૂબક ખૂબ જ નાઝુક દિલના હતા, તિલાવત કરતા તો આંસૂંઓને રોકી ન શક્તા. આ વાતે

اَنْ يَّقْتَصِرَ عَلٰى اَنْ يَّعْبُدَ رَبَّهٗ فِيْ دَارِهٖ فَعَلَ وَاِنْ اَبٰى اِلَّا اَنْ يُّعْلِنَ ذٰلِكَ

કુરૈશના મુશ્રિકોના રઈસોને ગભરાટમાં નાખી દીધા. તેમણે ઈબ્ને દગ઼िનાને બોલાવ્યો, તે આવ્યો તો તેને કહ્યું કે

فَسْئَلْهُ اَنْ يَّرُدَّ اِلَيْكَ ذِمَّتَكَ فَاِنَّا كَرِهْنَا اَنْ نُّخْفِرَكَ وَلَسْنَا مُقِرِّيْنَ لِاَبِيْ بَكْرٍ

અમે અબૂબકને એ શર્ત પર અમાન આપી હતી કે તે પોતાના ઘરની અંદર પોતાના રબની ઈબાદત કરે. તે

الْاِسْتِعْلَانَ قَالَتْ عَائِشَةُ فَاَتَى ابْنُ الدَّغِنَةِ اَبَا بَكْرٍ فَقَالَ قَدْ عَلِمْتَ الَّذِيْ

આગળ વધી ગયો, તેણે પોતાના ઘરના સહનમાં મસ્જિદ બનાવી લીધી અને જાહેરમાં નમાઝ તથા કુર્આન પઢે છે. અને

عَاقَدْتُّ لَكَ عَلَيْهِ فَاِمَّا اَنْ تَقْتَصِرَ عَلٰى ذٰلِكَ وَاِمَّا اَنْ تَرُدَّ اِلَيَّ ذِمَّتِيْ فَاِنِّيْ

અમને ખતરો જણાય છે કે અમારી સ્ત્રીઓ તથા બાળકો ફિત્નામાં પડી જાય ! તમે એની પાસે જાવ અને જો એ

لَا اُحِبُّ اَنْ تَسْمَعَ الْعَرَبُ اَنِّيْ اُخْفِرْتُ فِيْ رَجُلٍ عَقَدْتُّ لَهٗ. قَالَ اَبُوْبَكْرٍ اِنِّيْ

પસંદ કરે કે પોતાના રબની ઈબાદત પોતાના ઘરમાં કરે, તો કરે. અને જો ન માને અને એલાન સાથે (જાહેરમાં)

વિશિષ્ટતા છે કે તેમના એક ક્ષણના માટે હુકમન્ પણ કુફ઼ છવાયું નથી. તેમનાં માબાપ તેમના જન્મ પહેલાંથી જ ઈસ્લામથી પાવન થઈ ચૂક્યાં હતાં, બલ્કે ધારો કે ઉમ્મુલ મોમિનીનના જન્મ સમયે વાલિદા માજિદા ઈસ્લામથી પાવન ન થયાં હતાં તો પણ હઝરત સિદ્દીક઼ે અકબર તો પહેલા દિવસથી જ ઈસ્લામથી પાવન થઈ ચૂક્યા હતા.

بَرْكُ الْغِمَاد : ગ઼યનને પેશ પણ છે અને ઝેર પણ. યમનના અતિ છેવાડે એક જગાનું નામ છે. મક્કા

اَرُدُّ اِلَيْكَ جِوَارَكَ وَاَرْضٰى بِجِوَارِ اللّٰهِ وَرَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

ઈબાદત કરવા પર આગ્રહી રહે તો એને કહે કે તે તારી અમાન પરત કરી આપે. અમે તારી અમાનને તોડવું

يَوْمَئِذٍ بِمَكَّةَ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَدْ اُرِيْتُ دَارَ

નાપસંદ કરીએ છીએ અને અબૂબક્રને એલાન સાથે નમાઝ તથા કુર્આન પઢવાના લીધે રહેવા દઈશું નહીં. ઈબ્ને

هِجْرَتِكُمْ رَاَيْتُ سَبِخَةً ذَاتَ نَخْلٍ بَيْنَ لَابَتَيْنِ وَهُمَا الْحَرَّتَانِ فَهَاجَرَ مَنْ

દગ્િના અબૂબક્રની પાસે આવ્યો અને અર્ઝ કરી, તમે જાણો છો મેં જે શર્ત પર અમાન આપી હતી, ક્યાં તો ઘરની

هَاجَرَ قِبَلَ الْمَدِيْنَةِ حِيْنَ ذَكَرَ ذٰلِكَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

અંદર નમાઝ તથા તિલાવત પર બસ કરો ક્યાં તો મારી અમાન પરત કરી આપો. એટલા માટે કે હું એ પસંદ

وَرَجَعَ اِلَى الْمَدِيْنَةِ بَعْضُ مَنْ كَانَ هَاجَرَ اِلٰى اَرْضِ الْحَبَشَةِ وَتَجَهَّزَ اَبُوْبَكْرٍ

નથી કરતો કે અરબ એવું સાંભળે કે એક શખ્સને મેં અમાન આપી હતી એને તોડી દેવામાં આવી. એના પર

مُهَاجِرًا فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَلٰى رِسْلِكَ فَاِنِّيْ اَرْجُوْ

અબૂબક્રએ કહ્યું, હું તારી અમાન રદ કરું છું અને અલ્લાહની અમાન પર રાજી છું. અને રસૂલુલ્લાહ ﷺ એ

اَنْ يُّؤْذَنَ لِيْ قَالَ اَبُوْبَكْرٍ هَلْ تَرْجُوْ ذٰلِكَ بِاَبِيْ اَنْتَ قَالَ نَعَمْ فَحَبَسَ اَبُوْبَكْرٍ نَفْسَهٗ

વખતે મક્કામાં જ હતા. ત્યારબાદ રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મને તમારી હિજરતની જગા દેખાડવામાં

عَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِيَصْحَبَهٗ وَعَلَفَ رَاحِلَتَيْنِ كَانَتْ

આવી છે. મેં બે પહાડીઓની વચ્ચે ખજૂરોવાળી બંજર (બિન ખેતીલાયક) જમીન જોઈ છે, હવે જેને હિજરત

મઓઝૂઝમાંથી પાંચ દિવસના અંતરે છે.

ઈબ્ને દગ્િના : તેનું નામ રબિઅહ બિન રફીઅ છે. આ ઈમામ ઈબ્ને ઈસ્હાક઼નું કથન છે. પણ મુગ્તાઈએ કહ્યું કે એનું નામ માલિક હતું. દગ્િના એની માનું નામ છે તેનો અર્થ વરસાદ અથવા વાદળ છે. દષિનહ્ અને દુષ્નહ્ પણ કહેવામાં આવ્યું છે. ઢીલી ઢાલી અધિક ગોશ્તવાળી સ્ત્રી. **القارہ** 'રા' (ر) વિના તશ્દીદની 'રા' સાથે ખુઝૈમા બિન મુદરકા બિન ઈલ્યાસ બિન મુઝરનું નામ ક़ારહ છે, તેનો અર્થ કાળા પથરીલા ટેકરા. બનૂ બકર (કબીલા)ની સાથે એક જંગમાં એ લોકોએ એવા જ ટેકરા પર સફબંધી કરી હતી એટલા માટે તેને ક़ારહ કહેવામાં આવે છે.

فابتنى مسجدا : આ શરફ (મહાનતા) પણ **હઝરત સિદ્દીક઼ અકબર**ને સૌમાં પ્રથમ હોવામાંથી છે કે **તેમણે ઈસ્લામમાં સૌથી પ્રથમ મસ્જિદ બનાવી.** મક્કા મોઅઝ્ઝમામાં મસ્ગલા શારેએ અબૂબક્રમાં એક મસ્જિદ અબૂબક્રના નામથી આજે પણ મૌજૂદ છે. શક્ય છે એ મસ્જિદ એ જ જગાએ બનાવવામાં આવી હોય.

عِنْدَهٗ وَرَقَ السَّمُرِ اَرْبَعَةَ اَشْهُرٍ ؕ ه

કરવી હતી મદીના તરફ હિજરત કરી જ્યારે નબી ﷺએ આ વર્ણન કર્યું અને હબ્શા હિજરત કરનારાઓમાંથી ઘણા લોકો મદીના ચાલ્યા ગયા. અબૂબકએ હિજરતની તૈયારી કરી લીધી. એના પર રસૂલુલ્લાહ ﷺએ તેમને ફર્માવ્યું, રોકાઈ જાવ, મને ઉમ્મીદ છે કે મને પણ હિજરતની ઈજાઝત આપવામાં આવશે. અબૂબકએ અર્ઝ કરી, આપ પર મારા બાપ કુર્બાન ! શું હુઝૂરને હિજરતની ઈજાઝત મળવાની ઉમ્મીદ છે ? ફર્માવ્યું, હા ! તો અબૂબકએ રસૂલુલ્લાહ ﷺના સંગાથના માટે પોતાને રોકી લીધા અને સવારીની બે ઊંટણીઓ તેમની પાસે હતી તેને ચાર મહિના સુધી બાવળનાં પાંદડાં ખવડાવ્યાં." (બુખારી ૧/૬૮ અસ્સલાત, ૧/૫૫૨, ૫૫૩ હિજરતુન્નબી ﷺ)

حديث ૧૩૩૧ عَنْ اَبِیْ سَلَمَةَ بْنِ عَبْدِ الرَّحْمٰنِ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺની ખિદમતમાં જ્યારે [હદીષ : ૧૩૩૧]

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ كَانَ یُؤْتٰی بِالرَّجُلِ الْمُتَوَفّٰی عَلَیْهِ الدَّیْنُ

કોઈ કરજદાર મૈયત લાવવામાં આવતુ તો પૂછતા કે પોતાના કરજની અદાયગી માટે કાંઈ માલ છોડયો છે ?

فَیَسْاَلُ هَلْ تَرَكَ لِدَیْنِهٖ فَضْلًا فَاِنْ حُدِّثَ اَنَّهٗ تَرَكَ لِدَیْنِهٖ وَفَاءً صَلّٰی وَاِلَّا قَالَ

અર્ઝ કરવામાં આવતું કે એટલો છોડયો છે કે કરજ અદા કરી શકાય, તો એના જનાઝાની નમાઝ પઢતા, નહીં

لِلْمُسْلِمِیْنَ صَلُّوْا عَلٰی صَاحِبِكُمْ فَلَمَّا فَتَحَ اللّٰهُ عَلَیْهِ الْفُتُوْحَ قَالَ اَنَا اَوْلٰی بِالْمُؤْمِنِیْنَ

તો મુસલમાનોને ફર્માવતા, તમારા ભાઈની નમાઝે જનાઝા તમે લોકો પઢી લો. જ્યારે ફતહો થઈ તો ફર્માવ્યું,

لابتين : لَابَتَةٌ છે એવા કાળા પથ્થરોવાળી જમીન જે જોવામાં એવા લાગતા હોય જાણે સળગેલા છે. **حرة**નો પણ એ જ અર્થ છે. મદીનાની પશ્ચિમ તથા પૂર્વમાં બે એવા જ પહાડો છે જેને હેરા શરકી અને હેરા ગ઼રબી કહેવામાં આવે છે. **السمرة** બાવળના જેવું એક કાંટાળુ ઝાડ જે ખૂબ જ મોટુ હોય છે. હિજરતના પ્રકરણમાં એના પછી **وهوالخبط** છે એનો અર્થ ઝાડથી ડંડા વગેરેથી તોડીને તોડવામાં આવતાં પાંદડાં.

મસાઈલ : આ હદીષથી જાણવા મળ્યું કે મુસલમાન પોતાની જાન, માલ, આબરૂ તથા દીન બચાવવાના માટે કાફિરની અમાન સ્વીકારી શકે છે. આ રુખસદ છે, અને અઝીમત એ છે કે અલ્લાહ ﷻ પર ભરોસો રાખે અને તેની હિમાયત પર વિશ્વાસ રાખે. જેમ કે સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ કર્યું કે ઈબ્ને દગ઼િયાની અમાન રદ કરી આપી.

હદીષ : ૧૩૩૧ની સમજૂતી આ હદીષને પ્રકરણ સાથે કોઈ સંબંધ નથી એ તદ્દન જાહેર છે. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ની અમાન તો ખૂબ જ દૂર છે કોઈ અમાનનો ઉલ્લેખ નથી. અબૂઝર અને અબુલ વક્તની રિવાયતમાં ન પ્રકરણ છે ન તર્જુમો કેવળ હદીષ છે. મુસ્તમલીની રિવાયતમાં હદીષ પણ નથી. નસફી અને ઈબ્ને શયવિયહની રિવાયતમાં વગર ટાઈટલનું પ્રકરણ છે, એમાં કાંઈ વાંધો નથી. ઈબ્ને બતાલે આ હદીષને **باب من تكفل عن ميت بدين** હેઠળ છેવટમાં વર્ણવી છે, અને એ જ યોગ્ય છે.

مِنْ اَنْفُسِهِمْ فَمَنْ تُوُفِّيَ مِنَ الْمُسْلِمِيْنَ فَتَرَكَ دَيْنًا فَعَلَيَّ قَضَاءُهُ وَ

હું મુસલમાનોનો તેમની જાનોથી અધિક માલિક છું, જે મુસલમાન કરજદાર મૃત્યુ પામે તો તેના કરજની

مَنْ تَرَكَ مَالًا فَلِوَرَثَتِهٖ ۔

અદાયગી મારા પર છે અને જે માલ છોડે તે એના વારસોનો છે."

(બુખારી ૨/૮૦૯ ઈન્ફેકાત, મુસ્લિમ–અલ્ફરાઈઝ, તિર્મિઝી–અલ્જનાઈઝ)

فترك دينا : મુસ્લિમની રિવાયતમાં **فترك دينا اوضيعة** છે. અને બીજી અન્ય રિવાયતમાં **ضياعًا** છે. આ **ضاع يضيع**નો મસ્દર છે, અયાલના અર્થમાં.

એ હુઝૂરે અકદસ ﷺનો ખાસ કરમ છે પોતાના ગરીબ કરજદાર ઉમ્મતીઓનો બોજ પોતાના ઉપર લીધો.

★ ★ ★

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

كِتَابُ الْوِكَالَةِ وَكَالَةِ الشَّرِيْكِ الشَّرِيْكَ فِى الْقِسْمَةِ وَ غَيْرِهَا

વકાલતનું બયાન : "એક ભાગીદારનું બીજા ભાગીદારનું વહેંચણી કરવા માટે વકીલનું હોવું અથવા કોઈ અન્ય વાતમાં" *–(૩૦૮)*

નસફીની રિવાયતમાં **وكالة الشريك**થી પહેલાં 'બાબ' શબ્દ નથી, અન્યોમાં છે. અધિક યોગ્ય બાબનું હોવું જ છે. વકાલતનો અર્થ શબ્દકોષમાં હિફાઝત છે એના પરથી વકીલ, અસ્માઉલ હુસ્નામાંથી છે. તેમજ એનો અર્થ કારસાઝ (કામો બનાવનાર) પણ છે. અહીં તફવીઝના અર્થમાં છે, પોતાનુ કામ અન્યોને સોંપવું જ્યારે કે તે સ્વીકારી લે.

حديث ૧૩૩૨ عَنْ اَبِى الْخَيْرِ عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ رَّضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ النَّبِىَّ صَلَّى

"હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺએ તેમને **[હદીષ : ૧૩૩૨]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَعْطَاهُ غَنَمًا يَّقْسِمُهَا عَلٰى صَحَابَتِهٖ فَبَقِىَ عَتُوْدٌ فَذَكَرَهُ

બકરીઓ આપી કે સહાબાએ કિરામમાં વહેંચી કાઢે. એક વરસભરનું બચ્ચુ બચી ગયું એનો ઉલ્લેખ

હદીષ : ૧૩૩૨ની સમજૂતી

બકરીનું બચ્ચુ ચરવા, ચુગવા તથા નરમાદા મિલન કરવા (જુફ્તી)ના પાત્ર થઈ જાય, વરસભરનું બચ્ચુ. કિતાબુલ અદાહી બઈહા જહનીના તરીકાથી જે રિવાયત છે એમાં **جزع** છે એટલે યુવાન બચ્ચુ. આ રિવાયતથી એ પણ જાહેર છે કે આ બકરીઓ કુર્બાની કરવાના માટે જ વહેંચી હતી.

સામ્યતા : હુઝૂરે અકદસ ﷺએ જે સહાબાએ કિરામ પર બકરીઓ વહેંચણી કરવા આપી હતી એમાં

لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ ضَحِّ بِهٖ اَنْتَ ع ه

નબી ﷺને કર્યો તો ફર્માવ્યું, એની તમે કુર્બાની કરી લો."

(બુખારી ૧/૩૪૦ અશ્શુરકા, ૨/૮૩૩ અદ્‌હાયા, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–અદ્‌હાયા)

بَابُ اِذَا وَكَّلَ الْمُسْلِمُ حَرْبِيًّا فِيْ دَارِ الْحَرْبِ اَوْ فِيْ دَارِ الْاِسْلَامِ جَازَ

"જ્યારે મુસલમાન કોઈ હર્બીને દારુલ હર્બ કે દારુલ ઈસ્લામમાં વકીલ બનાવે તો જાઈઝ છે."

حديث ١٣٣٣ عَنْ صَالِحِ بْنِ اِبْرَاهِيْمَ بْنِ عَبْدِ الرَّحْمٰنِ بْنِ عَوْفٍ عَنْ اَبِيْهِ عَنْ جَدِّهٖ

"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ એ ફર્માવ્યું, મેં તથા ઉમૈયા બિન **[હદીષ : ૧૩૩૩]**

عَبْدِ الرَّحْمٰنِ بْنِ عَوْفٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَاتَبْتُ اُمَيَّةَ بْنَ خَلَفٍ كِتَابًا

ખલફે આપસમાં એક કરાર લખ્યો હતો કે તે મક્કામાં મારી જાયદાદ (સંપત્તિ)ની નિગરાની કરે અને હું

بِاَنَّ يَحْفَظَنِيْ فِيْ صَاغِيَتِيْ بِمَكَّةَ وَاَحْفَظُهٗ فِيْ صَاغِيَتِهٖ بِالْمَدِيْنَةِ فَلَمَّا ذَكَرْتُ

મદીનામાં એની જાયદાદની નિગરાની કરીશ. જ્યારે મેં મારું નામ અબ્દુર્રહમાન લખ્યું તો તેણે કહ્યું, હું

الرَّحْمٰنَ قَالَ لَا اَعْرِفُ الرَّحْمٰنَ كَاتِبْنِيْ بِاسْمِكَ الَّذِيْ كَانَ فِي الْجَاهِلِيَّةِ

રહમાનને નથી માનતો, તમારું તે નામ લખો જે જાહિલિયતમાં હતું તો મેં અબ્દુર્રહમાનને બદલે અબ્દુલ અમ્મ

فَكَاتَبْتُهٗ عَبْدَ عَمْرٍو فَلَمَّا كَانَ يَوْمُ بَدْرٍ خَرَجْتُ اِلٰى جَبَلٍ لِاُحْرِزَهٗ حِيْنَ

લખાવ્યું. જ્યારે બદરના જંગનો દિવસ આવ્યો તો જ્યારે લોકો સૂઈ ગયા. હું પહાડની તરફ ગયો કે તેની

نَامَ النَّاسُ فَاَبْصَرَهٗ بِلَالٌ فَخَرَجَ حَتّٰى وَقَفَ عَلٰى مَجْلِسِ الْاَنْصَارِ فَقَالَ اُمَيَّةُ

હિફાઝત કરું. બિલાલે એને જોઈ લીધું. તે અન્સારની એક મજલિસમાં ગયા અને કહ્યું આ ઉમૈયા બિન

હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہ પણ હતા. એટલા માટે એ બાકીના સહાબાએ કિરામના શરીક (ભાગીદાર) થયા, અને તેમને વહેંચણી કરવાનો હુકમ આપ્યો જેથી ભાગીદારને ભાગીદારો વચ્ચે વહેંચણી કરવા માટે વકીલ બનાવવું ગણાશે.

હદીષ : ૧૩૩૩ની સમજૂતી

ઉમૈયા બિન ખલફ કુરૈશના કાફિરોના સરદારોમાં ઈસ્લામ તથા હુઝૂરે અકદસ ﷺનો ઘણો જ મહાન દુશ્મન હતો, અને તે બદ્‌બખ્તોમાં હતો જેની બર્બાદીના નામ લઈને દુઆ ફર્માવી હતી." (બુખારી ૧/૩૮) અને એ પણ બતાવી આપ્યું હતું કે સહાબીઓ એને કત્લ કરશે. (બુખારી, ૨/૫૮૩) એકવાર સડેલું હાડકું લઈને હુઝૂરે અકદસ ﷺની ખિદમતમાં આવ્યો. તેને તોડીને પોતાની થેલી પર રાખીને ફૂંક વડે ઉડાડી મૂક્યું અને કહ્યું, હે

بْنُ خَلَفٍ لَا نَجَوْتُ إِنْ نَجَا أُمَيَّةُ فَخَرَجَ مَعَهُ فَرِيقٌ مِّنَ الْأَنْصَارِ فِي آثَارِنَا فَلَمَّا

ખલફ છે, જો તે બચી ગયો તો હું બચીશ નહીં. બિલાલની સાથે અન્સારના લોકો ચાલ્યા. જ્યારે મને એ

خَشِيتُ أَنْ يَلْحَقُونَا خَلَّفْتُ لَهُمُ ابْنَهُ لِيَشْغَلَهُمْ فَقَتَلُوهُ ثُمَّ أَبَوْا حَتَّى يَتْبَعُونَا

અંદેશો થયો કે તે લોકો અમને પાડી આપશે, તો એમના માટે ઉમૈયાના પુત્રને પાછળ કરી આપ્યો કે તેમને

وَكَانَ رَجُلًا ثَقِيلًا فَلَمَّا أَدْرَكُونَا قُلْتُ لَهُ ابْرُكْ فَبَرَكَ فَأَلْقَيْتُ عَلَيْهِ نَفْسِي

ફસાએલા રાખે. અન્સારે તેને મારી નાખ્યો, ત્યારબાદ પણ તેઓ ન માન્યા, અમારો પીછો કરતા રહ્યા. તે

لِأَمْنَعَهُ فَتَخَلَّلُوهُ بِالسُّيُوفِ مِنْ تَحْتِي حَتَّى قَتَلُوهُ وَأَصَابَ أَحَدُهُمْ رِجْلِي بِسَيْفِهِ

ભારે શરીરવાળો માણસ હતો. જ્યારે તે લોકો અમારા તદ્દન નજીક આવી ગયા તો મેં ઉમૈયાને કહ્યું, જમીન

وَكَانَ عَبْدُ الرَّحْمٰنِ بْنُ عَوْفٍ يُرِينَا ذٰلِكَ الْأَثَرَ فِي ظَهْرِ قَدَمِهِ ؏

પર પડી જા ! જ્યારે તે જમીન પર ફેલાઈ ગયો તો મેં પોતાને તેના ઉપર નાખી દીધો જેથી કરીને એને બચાવી લઉં. પણ અન્સારે મારી નીચે તલ્વારો ખોસીને તેને મારી નાખ્યો અને કોઈની તલ્વારથી મારા પગો પર પણ ઝખ્મ લાગી ગયો. અબ્દુર્રહમાન બિન ઔફ પોતાના પગોની પીઠ પર એનું નિશાન પણ દેખાડતા હતા."

(બુખારી ૨/૫૬૪ મગ્ઝી)

મુહમ્મદ ! શું તું એવું ગુમાન કરે છે કે તારો રબ એને જીવંત કરી આપશે ?! એના પર સૂરએ યાસીનની આયત નાઝિલ થઈ. قَالَ مَنْ يُحْيِي الْعِظَامَ وَهِيَ رَمِيمٌ "તેણે કહ્યું એવો કોણ છે જે તદ્દન સડી ગયેલાં હાડકાંને જીવંત કરે." (આ. ૭૮)

પ્રારંભમાં જ્યારે મુશ્રિકો સાથે બોયકોટનો હુકમ ન થયો હતો ત્યારે મુસલમાનો તથા મુશ્રિકોમાં અંગત સંબંધો હતા. ખૂદ હઝરત સઅદ બિન મઆઝ رضی اللہ عنہ તથા ઉમૈયામાં આવન જાવન હતી. (ઉપર મુજબ) બલ્કે બનાવો એવા મળે છે કે ફતહે મક્કા સુધી ઘણા બધા મુસલમાનો અને મક્કાના કાફિરોની વચ્ચે સંબંધો હતા.

હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ ની મક્કા મોઅઝ્ઝમામાં ઘણી બધી સંપત્તિ હતી અને ઉમૈયાની મદીના તયબહમાં પોતાના માલની રક્ષા માટે એ ક઼રાર હતો. જો તે ઉમૈયાથી આ ક઼રાર ન કરત તો મક્કા મોઅઝ્ઝમાની તેમની સંપત્તિ બચી શકત નહીં.

ذكرت الرحمن : આ ક઼રારમાં હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ એ પોતાનું નામ અબ્દુર્રહમાન લખાવવા ચાહ્યું તો ઉમૈયાએ કહ્યું કે હું રહમાનને નથી જાણતો, તમારું જાહિલિયતના સમયવાળુ નામ લખાવો. એમનું નામ અબ્દે અમ્ર હતું. અને એક ક઼ૌલ એ છે કે અબ્દુલ કા'બા હતું. આ રિવાયતમાં અબ્દુલ અમ્ર છે એ જ લખાવ્યું.

ابنه : ઉમૈયાના એ પુત્રનું નામ અલી ઈબ્ને ઉમૈયા હતું એને આમિર رضی اللہ عنہ એ ક઼ત્લ કર્યો હતો. ઉમૈયાને કોણે ક઼ત્લ કર્યો એના બારામાં પાંચ કથનો છે : પ્રથમ ખોબૈબ બિન અસાફ઼ ખફીફા અન્સારી, આ ઈમામ વાક઼ેદીનો ક઼ૌલ છે. બીજુ, ઈમામ ઈબ્ને ઈસ્હાક઼ે કહ્યું કે એને બની માઝીનના એક અન્સારીએ ક઼ત્લ કર્યો હતો.

بَابُ إِذَا أَبْصَرَ الرَّاعِي أَوِ الوَكِيلُ شَاةً تَمُوتُ أَوْ شَيْئًا يَفْسُدُ ذَبَحَ وَأَصْلَحَ مَا يَخَافُ الفَسَادَ صـ٣٠٨

"ચરાવનાર કે વકીલ કોઈ બકરીને મરતી જુએ અથવા કોઈ ચીજને ખરાબ થતી જુએ તો ઝબહ કરી આપે, અને જેના ખરાબ થવાનો અંદેશો હોય તેને ઠીક કરી આપે" *–(૩૦૮)*

حديث ١٣٣٤ عَنْ نَافِعٍ أَنَّهُ سَمِعَ ابْنَ كَعْبِ بْنِ مَالِكٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ يُحَدِّثُ عَنْ

"હઝરત કઅબ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે (તેમણે બયાન કર્યું) મારી કેટલીક **[હદીષ : ૧૩૩૪]**

أَبِيهِ أَنَّهُ كَانَتْ لَهُ غَنَمٌ تَرْعَى بِسَلْعٍ فَأَبْصَرَتْ جَارِيَةٌ لَنَا بِشَاةٍ مِنْ غَنَمِنَا مَوْتًا فَكَسَرَتْ

બકરીઓ હતી જે સલઅમાં ચરતી હતી. અમારી એક કનીઝે એક બકરીને જોઈ કે મરી રહી છે તો તેણીએ

حَجَرًا فَذَبَحَتْهَا بِهِ فَقَالَ لَهُمْ لَا تَأْكُلُوا حَتَّى أَسْأَلَ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ

પથ્થર તોડયો અને તેના વડે બકરીને ઝબહ કરી નાખી. હઝરત કઅબે ઘરવાળાંઓને કહ્યું, એને કોઈ ન ખાય

وَسَلَّمَ أَوْ أَرْسَلَ إِلَى النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ مَنْ يَسْأَلُهُ وَإِنَّهُ سَأَلَ

જ્યાં સુધી હું નબી ﷺ થી પૂછી ન લઉં. અથવા એવું કહ્યું કે નબી ﷺ ની ખિદમતમાં મોકલીને પૂછાવી ન

النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ عَنْ ذَلِكَ أَوْ أَرْسَلَ فَأَمَرَهُ بِأَكْلِهَا قَالَ

લઉં. તેમણે ખૂદ નબી ﷺ થી પૂછયું અથવા કોઈને મોકલીને પૂછાવ્યું. તો હુઝૂરે ખાવાની ઈજાઝત આપી

ત્રીજુ, ઈબ્ને હિશામે કહ્યું, મઆઝ બિન અફરા, ખારિજહ બિન ઝયદ તથા ખોબૈબે ભેગા મળીને કૃત્લ કર્યો હતો. **فتخللوه بالسيوف** થી જાહેરી રીતે એ જ ફલિત થાય છે કે કેટલાક બુઝુર્ગોએ મળીને તલ્વાર ખોસી હતી. ચોથુ, ઈમામ હાકિમે મુસ્તદરકમાં રિવાયત કરી : રફાઆ બિન રાફેએ તલ્વાર ભોંકી હતી. પાંચમુ, એક કૌલ એ છે કે હઝરત બિલાલ رضی اللہ عنہ એ એને કૃત્લ કર્યો હતો. *(બુખારી, ૨/૫૬૪ મગ્ઝી)*

ઉમૈયા ઈબ્ને ખલફ કેમ કે રાતમાં જ મારી નાખવામાં આવ્યો હતો તે પણ જંગના મેદાનથી દૂર, એટલા માટે જ્યારે તેને બદરના કલીબ નામના કૂવામાં ફેંકવા માટે ઘસેડવા લાગ્યા તો તેના અંગો છૂટાં પડી ગયાં અને તેને ત્યાં જ કૃત્લના સ્થળે દબાવી દેવામાં આવ્યો.

મસાઈલ : હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ મદીના તયબહમાં હતા જે દારુલ ઈસ્લામ હતું. ઉમૈયા બિન ખલફ મક્કા મોઅઝ્ઝમામાં હતો જે તે સમયે દારુલ હર્બ હતું. હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ એ મક્કામાં ઉમૈયાને પોતાનો વકીલ બનાવ્યો અને તેણે તેમને મદીના તયબહમાં પોતાનો વકીલ બનાવ્યો. આ પરથી સાબિત થઈ ગયું કે હર્બી કાફિરને દારુલ હર્બમાં પોતાનો વકીલ બનાવવો અને હર્બીનું મુસલમાનને દારુલ ઈસ્લામમાં પોતાનો વકીલ બનાવવું જાઈઝ છે. એનો સાર એ થયો કે વકીલના માટે મુસલમાન હોવું શર્ત નથી. કાફિર તે પણ હર્બી મુસલમાનનો વકીલ થઈ શકે છે.

હદીષ : ૧૩૩૪ની સમજૂતી

સનદમાં છે : **سمع ابن مالك** નાફેઅએ કહ્યું કે તેમણે માલિક બિન કઅબના સાહબઝાદાથી સાંભળ્યું. આ

عُبَيْدُ اللّٰهِ فَيُعْجِبُنِيْ اَنَّهَا اَمَةٌ وَّاَنَّهَا ذَبَحَتْ ع

દીધી. ઓબૈદુલ્લાહે કહ્યું, મને એ વાત પસંદ આવી કે તે કનીઝ (લોંડી) હતી અને તેણીએ ઝબહ કર્યું."

(બુખારી, ૨/૮૨૭ ઝબાએહ, બે તરીકાથી, ઈબ્ને માજહ–ઝબાએહ)

بَابُ وَكَالَةِ الشَّاهِدِ وَالْغَائِبِ جَائِزَةٌ ص ٣٠٩

"હાજર તથા ગેરહાજરને વકીલ કરવો જાઈઝ" *–(૩૦૯)*

ت ٤٤٧ وَكَتَبَ عَبْدُ اللّٰهِ بْنُ عَمْرٍو رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اِلٰى قَهْرَمَانِهٖ وَهُوَ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہما એ પોતાના મેનેજરને લખ્યું અને તે ત્યાં **[તઅલીક : ૪૪૭]**

غَائِبٌ عَنْهُ اَنْ يُّزَكِّيَ عَنْ اَهْلِهِ الصَّغِيْرِ وَالْكَبِيْرِ .

મૌજૂદ ન હતો, કે તેમના નાનાં મોટાં ઘરવાળાં તરફથી ઝકાત અદા કરી આપે."

સાહબઝાદા કોણ હતા ? બુખારીમાં જ કિતાબુઝ્ઝબાએહની એક રિવાયતમાં અબ્દુલ્લાહની સ્પષ્ટતા છે. અને ઈમામ મઝીએ અતરાફમાં અબ્દુલ્લાહથી જ રિવાયત કરી છે. પણ ઈબ્ને વહબે અબ્દુર્રહમાન બિન માલિકથી રિવાયત કરી છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે ઈમામ બુખારીએ એક જગાએ અબ્દુર્રહમાનની સ્પષ્ટતા કરી છે. અલ્લામા અસ્કલાનીએ એને જાહેર બતાવ્યું કે એ અબ્દુર્રહમાન છે.

ઈમામ બુખારીનો હેતુ આ પ્રકરણ તથા આ હદીષના વર્ણનથી એ છે કે વકીલ પણ માલ પર અમીન હોય છે. અમીન જો અમાનતના બારામાં કોઈ ખબર આપે તો એને સાચી માનવામાં આવશે જ્યાં સુધી કે તેના જૂઠા હોવાની તથા ખયાનતની દલીલ ન સ્થાપિત થાય. આ હદીષથી નીચે પ્રમાણેના મસાઈલ નીકળ્યા : સ્ત્રી કનીઝનું ઝબીહા દુરુસ્ત છે. જે ધારદાર ચીજ વડે ઝબહ કરવામાં આવે દુરુસ્ત છે. દા.ત. વાંસનુ છીલકુ, પથ્થર, છરી વગેરે, દાંત તથા નખો સિવાય, એટલા માટે કે હદીષમાં એનાથી મનાઈ આવી છે.

તઅલીક : ૪૪૭ની સમજૂતી

આ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ છે અથવા અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما છે. અમુક નુસ્ખાઓમાં અમર 'વાવ'ની સાથે છે, અમુકમાં ઉમર 'વાવ' વિના, એટલા માટે એનો ફૈસલો મુશ્કેલ છે. **ان یزکی** થી મુરાદ સદકાએ ફિત્ર છે એટલે કે નાબાલિગ પર ઝકાત એકમતિએ વાજિબ નથી. તેમજ એના પર એકમતિ છે કે બાલિગની ઝકાત ખૂદ તેના પર વાજિબ છે તેના પિતા પર નહીં. અલ્બત્ત નાના બાળકો તરફથી પિતા પર સદકએ ફિત્ર વાજિબ છે. અને અમુક લોકોનો મઝહબ આ પણ છે કે બાલિગ બાળકો તરફથી પણ વાજિબ છે. આપણે ત્યાં બાલિગ ઔલાદ તરફથી બાપ પર વાજિબ નથી. તેની ચર્ચા ચોથા ભાગમાં વર્ણન થઈ ચૂકી છે. અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہما ના આ ઈર્શાદ પર આધારિત છે.

حديث ١٣٣٥ عَنْ اَبِىْ سَلَمَةَ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَ لِرَجُلٍ عَلَى

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, એક શખ્સનુ નબી ﷺ પર એક ખાસ ઉમરનું [હદીષ : ૧૩૩૫]

النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ سِنٌّ مِّنَ الْاِبِلِ فَجَاءَهُ يَتَقَاضَاهُ فَقَالَ

ઊંટ વાજિબ હતું. તે હુઝૂરની ખિદમતમાં આવીને માગણી કરવા લાગ્યો. હુઝૂરે હુકમ આપ્યો કે એનો હક્ક એને

اَعْطُوْهُ فَطَلَبُوْا سِنَّهُ فَلَمْ يَجِدُوْا لَهُ اِلَّا سِنًّا فَوْقَهَا فَقَالَ اَعْطُوْهُ فَقَالَ اَوْفَيْتَنِىْ

આપી દો ! લોકોએ શોધ્યું પણ તે ઉમરનું ઊંટ ન મળ્યું, તેનાથી મોટી ઉમરનું મળતુ હતું. ફર્માવ્યું, એ જ આપી

اَوْفَى اللّٰهُ بِكَ قَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ خِيَارَكُمْ اَحْسَنُكُمْ قَضَاءً

દો. એના પર તે શખ્સે અર્ઝ કરી, તમે મને પૂરું આપ્યું અલ્લાહ તમને પણ પૂરું આપે. તો નબી ﷺ એ ફર્માવ્યું,

તમારામાં સૌથી બેહતર તે છે જે હક્કોને સૌથી વધુ ઉમદા રીતે અદા કરે.''

(બુખારી ૧/૩૦૯ અલ્વકાલત, ૧/૩૨૧, ૩૨૨, ૩૨૩ અલ્ઈસ્તક્રાઝ,
૧/૩૫૫ અલ્હિબા, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ–બુયૂઅ, ઈબ્ને માજહ–અલ્અહકામ)

بَابُ اِذَا وَهَبَ شَيْئًا لِوَكِيْلٍ اَوْ شَفِيْعِ قَوْمٍ جَازَ ٣٠٩

''જ્યારે કોઈ ક્રૌમના વકીલ કે શફીઅને આપ્યું તો જાઈઝ'' –(૩૦૯)

لوكيل પર તન્વીન પણ સહીહ છે. અને એ દુરુસ્ત છે કે ક્રૌમની તરફ મઝાફ થાય, જેમ કે કહે છે : **انا بين ذراعى وجهة اسد اى بين ذراعى اسد وجهته** મુરાદ એ છે કે કોઈ ક્રૌમના વકીલ અથવા કોઈ ક્રૌમના શફીઅને કાંઈ આપવુ કે તેને પૂરી ક્રૌમ પર વહેંચી આપે એ જાઈઝ છે.

حديث ١٣٣٦ وَزَعَمَ عُرْوَةُ اَنَّ مَرْوَانَ بْنَ الْحَكَمِ وَالْمِسْوَرَ بْنَ مَخْرَمَةَ اَخْبَرَاهُ اَنَّ

''મરવાન ઈબ્ને હકમ અને મિસ્વર ઈબ્ને મખરમા رضی اللہ عنہ એ ખબર આપી. [હદીષ : ૧૩૩૬]

હદીષ : ૧૩૩૫ની સમજૂતી **સામ્યતા** : પ્રકરણના બે ભાગો હતા, પ્રથમ : હાજરને વકીલ બનાવવું, એ આ હદીષથી સાબિત થયું. **اعطوه** આ સંબોધનવાચક શબ્દ છે. બીજો ભાગ હતો, ગેરહાજરને વકીલ બનાવવું એ તઅલીક્રથી સાબિત છે. **પરિપૂર્ણતા** : એના બાદ મુત્તસિલ જ જે રિવાયત છે એમાં આટલુ વધારે છે કે એ શખ્સે કડકાઈથી વાત કરી. એના પર સહાબાએ કિરામ ગુસ્સે થઈ ગયા તો ફર્માવ્યું, એને છોડી આપો ! હક્કવાળાને કહેવાનો હક્ક છે. **سنا من الابل** : અરબવાસીઓ દસ વરસની ઉમરના ઊંટનાં વરસો વરસ નામ રાખતા હતા. જેમ કે બિન્તે મખાઝ, બિન્તે લબૂન, જેની વિગત ચોથા ભાગમાં વર્ણન થઈ ચૂકી છે. મતલબ એ છે કે દા.ત. બિન્ત લબૂન વાજિબ હતું અથવા જઝઆ વાજિબ હતું. સદવર્તાવ અને જૂદોસખા (સખાવત)ની અસર એ થઈ કે હમણા કડક બોલીમાં બોલતો હતો અને અને થોડીવાર બાદ આ ફઝલ તથા દુઆના શબ્દો કહ્યા.

હદીષ : ૧૩૩૬ની સમજૂતી હવાઝિન અને ષક્રીફ અરબના ઘણા જ લડાકુ અને બહાદુર ક્રબીલા

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَامَ حِيْنَ جَاءَهٗ وَفْدُ هَوَازِنَ مُسْلِمِيْنَ

જ્યારે હવાઝિનનું પ્રતિનિધિમંડળ મુસલમાન થઈને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયું અને એ સવાલ

فَسَأَلُوْهُ اَنْ يَّرُدَّ اِلَيْهِمْ اَمْوَالَهُمْ وَسَبْيَهُمْ فَقَالَ لَهُمْ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

કર્યો કે તેમના માલ તથા કેદી તેમને પરત કરી દેવામાં આવે તો હુઝૂર ઉભા થયા અને ફર્માવ્યું, મને સૌથી વધુ

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَحَبُّ الْحَدِيْثِ اِلَيَّ اَصْدَقُهٗ فَاخْتَارُوْا اِحْدَى الطَّائِفَتَيْنِ

સાચી વાત પસંદ છે. બે વાતોમાંથી એકને અપનાવો, કેદી અથવા માલ. અને મેં તેમની રાહ જોઈ. અને

اِمَّا السَّبْيَ وَاِمَّا الْمَالَ وَقَدْ كُنْتُ اِسْتَاْنَيْتُ بِهِمْ وَقَدْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

રસૂલુલ્લાહ ﷺ જ્યારે તાઈફથી પરત થયા તો દસ દિવસથી વધુ તેમની રાહ જોઈ હતી. જ્યારે હવાઝિનના

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ انْتَظَرَهُمْ بِضْعَ عَشْرَ لَيْلَةً حِيْنَ قَفَلَ مِنَ الطَّائِفِ فَلَمَّا

પ્રતિનિધિમંડળને યકીન થઈ ગયું કે રસૂલુલ્લાહ ﷺ બે ચીજોમાંથી કેવળ એક જ પરત કરશે. તો અર્ઝ કરી,

تَبَيَّنَ لَهُمْ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ غَيْرُ رَادٍّ اِلَيْهِمْ اِلَّا اِحْدٰى

અમારે કેદી જોઈએ છે. હવે રસૂલુલ્લાહ ﷺ મુસલમાનો સમક્ષ ઉભા થયા, પહેલાં અલ્લાહની ષના બયાન

الطَّائِفَتَيْنِ قَالُوْا فَاِنَّا نَخْتَارُ سَبْيَنَا فَقَامَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

કરી જેને એ લાયક છે, પછી ફર્માવ્યું, અમ્માબાદ ! તમારા આ ભાઈઓ તૌબા કરીને આવ્યા છે અને હું યોગ્ય

فِي الْمُسْلِمِيْنَ فَاَثْنٰى عَلَى اللّٰهِ بِمَا هُوَ اَهْلُهٗ ثُمَّ قَالَ اَمَّا بَعْدُ فَاِنَّ اِخْوَانَكُمْ

જાણુ છું કે એમના કેદી એમને પરત કરી દઉં, તમારાથી જે ખુશીપૂર્વક એને પસંદ કરે તે એવું જ કરે, અને જે

هٰؤُلَاءِ قَدْ جَاءُوْنَا تَائِبِيْنَ وَاِنِّيْ قَدْ رَاَيْتُ اَنْ اَرُدَّ اِلَيْهِمْ سَبْيَهُمْ فَمَنْ

ચાહતો હોય કે તેનો હિસ્સો બાકી રહે (તો એની સ્થિતિ એ છે કે અત્યારે આપી દે) એ શર્ત પર કે સૌથી પ્રથમ

હતા. તેમને જ્યારે મક્કા ફતહ થવાની ખબર મળી તો ખસિયાણા પડી ગયા અને ઘણા સાઝો સામાનની સાથે હુઝૂરે અકદસ ﷺ પર હુમ્લો કરવાની નિય્યતથી હુનૈનમાં જેને અવતાસ પણ કહે છે એકત્ર થઈ ગયા. આ જગા અરફાતથી ત્રણ દિવસના અંતરે પૂર્વમાં તાઈફની તરફ છે. છ શવ્વાલ હિ.સ. ૮ના બંને ફોજોનો મુકાબલો થયો. અમુક ઉસૂલી ગલતીઓ અને જરૂરતથી વધુ જોશના કારણે શરૂમાં મોટાભાગના મુસલમાનોના કદમ ઢીલા પડયા, પણ પછી અલ્લાહની મદદે સાથ આપ્યો અને ઈસ્લામના મુજાહિદોને ફતહ હાંસલ થઈ અને હવાઝિન તથા ષકીફ પોતપોતાનાં બાળકોને છોડીને ભાગી ગયા. આ જંગમાં એટલો માલે ગનીમત હાથ આવ્યો હતો જેનું દષ્ટાંત નથી. છ હજાર સ્ત્રીઓ અને બાળકો કેદી હતાં. ચાર હજાર વીસ ઊંટ, ચાલીસ હજારથી વધુ બકરીઓ

اَحَبَّ مِنكُمْ اَنْ يُّطَيِّبَ بِذٰلِكَ فَلْيَفْعَلْ وَمَنْ اَحَبَّ اَنْ يَّكُوْنَ مِنكُمْ عَلٰى حَظِّهٖ

જે માલે ગનીમત અલ્લાહ તઆલા અતા ફર્માવશે એમાંથી અમે તેને તેના બદલામાં આપી દઈશું તો એવું પણ

حَتّٰى نُعْطِيَهٗ اِيَّاهُ مِنْ اَوَّلِ مَا يُفِيْٓءُ اللّٰهُ عَلَيْنَا فَلْيَفْعَلْ فَقَالَ النَّاسُ قَدْ طَيَّبْنَا

કરી શકે છે. એના પર લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમે એમને ખુશી સાથે આપ્યાં. તો

ذٰلِكَ يَا رَسُوْلَ اللّٰهِ لَهُمْ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّا لَا

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અમે નથી જાણતા તમારામાંથી કોણે ઈજાઝત આપી અને કોણે નથી આપી, પરત

نَدْرِيْ مَنْ اَذِنَ مِنكُمْ فِيْ ذٰلِكَ مِمَّنْ لَّمْ يَاْذَنْ فَارْجِعُوْا حَتّٰى يَرْفَعَ اِلَيْنَا عُرَفَاؤُكُمْ

થઈ જાવ ત્યાં સુધી કે તમારા સરદાર આવીને અમને બતાવે. લોકો પરત થઈ ગયા અને એમના સરદારોએ

اَمْرَكُمْ فَرَجَعَ النَّاسُ فَكَلَّمَهُمْ عُرَفَاؤُهُمْ ثُمَّ رَجَعُوْا اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى

એમની સાથે વાતચીત કરી પછી રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા અને એ ખબર આપી કે સૌએ

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَاَخْبَرُوْهُ اَنَّهُمْ قَدْ طَيَّبُوْا وَاَذِنُوْا ع ه

ખુશી સાથે ઈજાઝત આપી દીધી."

(બુખારી ૧/૩૪૫ અલ્ઈતક, ૧/૩૫૨, ૩૫૫ અલ્હિબા, ૧/૪૪૨ અલ્જિહાદ, ૨/૬૧૮ મગ્ઝી, ૨/૧૦૬૪ અલ્અહકામ, અબૂ દાઊદ–જેહાદ, નિસાઈ–અસ્સિયર)

અને ચાર હજાર ઔકિયા ચાંદી.

હુનૈન તથા અવતાસ હાર પામેલી ફોજ તાઈફમાં ભાગી. હુઝૂરે અકદસ ﷺએ આગળ વધીને તાઈફનો ઘેરાવ કર્યો. વીસ દિવસના ઘેરાવ પછી જઅરાના પરત થયા. અહીં હુનૈનનો માલે ગનીમત જમા હતો. દસ દિવસથી વધુ હુઝૂરે અકદસ ﷺએ હવાઝિનની રાહ જોઈ, જ્યારે તેઓ ન આવ્યા તો એક રિવાયતના મુતાબિક તમામ માલે ગનીમત ખમ્સ કાઢયા બાદ મુજાહિદોમાં વહેંચી આપ્યો ત્યારબાદ હવાઝિનનું પ્રતિનિધિમંડળ આવ્યું.

ઈમામ મુહમ્મદ બિન ઈસ્હાકે વર્ણવ્યું કે તેમણે એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારા પર એહસાન ફર્માવો ! અલ્લાહ આપના પર એહસાન ફર્માવશે. હવાઝિન રઈસે આ'ઝમ હઝરત માલિક બિન ઔફ رضی اللہ عنہ ને તેમનાં બીવી બચ્ચાં ઉપરાંત સો ઊંટ અતા ફર્માવ્યાં, એના પર તેમણે એક પ્રશંસા કરતો કસીદો અર્ઝ કર્યો જેના બે શેઅર છે : **ماان رائيت ولا سمعت بواحد فه الناس كلهم كمثل محمد** "મેં આખા જગતમાં મુહમ્મદ ﷺના જેવો કોઈને નથી જોયો નથી સાંભળ્યો."

اوفى واعطى للجزيل لمجتد ومتى تشاء يخبرك عما فى غد "સૌથી અધિક વફા કરનારા, સૌથી અધિક સાઈલને અતા કરનારા અને જ્યારે તું ચાહે તને કાલની ભવિષ્યની ખબરો બતાવી આપશે !" *(અલ્અમ્નુ વલ્ઉલા બહવાલા ઈમામ ઈબ્ને ઈસ્હાક, પેજ–૧૪૦)*

بَابُ وَكَالَةِ الْمَرْأَةِ الْإِمَامَ فِي النِّكَاحِ ص٣١

"કોઇ સ્ત્રીનું ઈમામને નિકાહનો વકીલ કરવું" –(૩૧૦)

حديث ١٣٣٧ عَنْ اَبِيْ حَازِمٍ عَنْ سَهْلِ بْنِ سَعْدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ جَاءَتْ

"હઝરત સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہ એ ફર્માવ્યું, એક સ્ત્રી રસૂલુલ્લાહ ﷺ ની **[હદીષ : ૧૩૩૭]**

اِمْرَاَةٌ اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتْ يَا رَسُوْلَ اللّٰهِ اِنِّيْ قَدْ

ખિદમતમાં હાજર થઈ અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મેં પોતે પોતાને હુઝૂરને આપી દીધી. એના પર એક

وَهَبْتُ لَكَ مِنْ نَفْسِيْ فَقَالَ رَجُلٌ زَوِّجْنِيْهَا يَا رَسُوْلَ اللّٰهِ قَالَ قَدْ زَوَّجْتُهَا

સાહબે અર્ઝ કરી, મારી એની સાથે શાદી કરી આપો યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું, તારી સાથે જે કુર્આન છે એના

بِمَا مَعَكَ مِنَ الْقُرْاٰنِ ع

પર તારી સાથે તેણીની શાદી કરી આપી."

(બુખારી, ૨/૭૫૨, ૭૫૪ ફઝાઈલુલ કુર્આન, ૨/૭૬૧, ૭૬૭ અન્નિકાહ, ૨/૧૧૦૩ અત્તૌહીદ, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી–નિકાહ, નિસાઈ–નિકાહ વ ફઝાઈલુલ કુર્આન)

હુઝૂરે અકદસ ﷺએ તેમને હવાઝિનના કબીલાઓ શમાઈલ વસ લમહ વગેરે પર સરદાર નિયુક્ત કરી આપ્યા. એમાં છે કે હુઝૂરે તેમને ફર્માવ્યું, તમારાં બાળકો સ્ત્રીઓમાંથી જેટલાં મારા બની અબ્દુલ મુત્તલિબમાંથી છે તે સૌ મેં આપી દીધાં. એના પર મુહાજિરોએ કહ્યું, જે કાંઈ અમારો હિસ્સો છે તે રસૂલુલ્લાહનો છે, અને અન્સારે પણ એ જ અર્ઝ કર્યું. જે લોકો પ્રતિનિધિમંડળમાં આવ્યા હતા પૂરી કૌમના વકીલ અને સિફારશી હતા. હુઝૂરે અકદસ ﷺએ તે વકીલો અને શફીઓને તમામ કેદી અતા કરી આપ્યા જે પૂરી કૌમ પર વર્ચસ્વણી કરતા હતા. આ જ પ્રકરણ છે.

મરવાન બિન હકમ : એના બારામાં ચોથા ભાગમાં પેજ ૩૮૯–૩૯૦ પર દર્શાવી ચૂક્યા છીએ કે એ સહાબી નથી, અને તેની સેંકડો અયબો છતાં મુહદ્દિષો એની હદીષ સ્વીકારતા હતા. એને હદીષમાં તોહમત લગાડેલો નથી ગણતા.

હદીષ : ૧૩૩૭ની સમજૂતી

ઈમામ બુખારીએ કેવળ કિતાબુન્નિકાહમાં આ હદીષને છ તરીકાથી સંક્ષિપ્તમાં તથા વિગતવાર રિવાયત કરી. અહીં એ હદીષ ટૂંકાણમાં છે, વિસ્તારપૂર્વક એ હદીષ આ પ્રમાણે છે :

હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે અમે લોકો રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર હતા એવામાં એક ખાતૂન હાજર થયાં અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું એટલા માટે હાજર થઈ છું કે ખૂદને હુઝૂરને નઝર કરું. આ સાંભળીને રસૂલુલ્લાહ ﷺએ તેમના તરફ જોયું. તેમના તરફ નજર ઉઠાવી અને નીચે કરી લીધી. પછી માથુ મુબારક નમાવી લીધું. જ્યારે એ ખાતૂને ત્રણવાર આ દરખાસ્ત પેશ કરી તો હુઝૂરે ફર્માવ્યું, મને હવે અધિક સ્ત્રીઓની હાજત નથી. હવે એક સાહબ ઉભા થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! જો હુઝૂરને હાજત

ન હોય તો તેમની મારી સાથે શાદી કરી આપો ! ફર્માવ્યું, શું તારી પાસે કાંઈ છે ? અર્ઝ કરી, નહીં ! વલ્લાહ ! યા રસૂલલ્લાહ ! મારી પાસે કાંઈ નથી. ફર્માવ્યું, ઘરવાળાંઓ પાસે જાવ ! જુઓ, કાંઈ મળી જાય ! તે ગયા અને પરત થઈને આવ્યા તો અર્ઝ કરી, નહીં, વલ્લાહ ! યા રસૂલલ્લાહ ! મને કાંઈ ન મળ્યું. તો ફર્માવ્યું, જુઓ ! ચાહે લોખંડની વિંટી જ કેમ ન હોય. તે ગયા અને પરત થઈને આવ્યા તો અર્ઝ કરી, વલ્લાહ ! યા રસૂલલ્લાહ ! લોખંડની વિંટી પણ નથી. મારા આ તેહબંદ સિવાય કાંઈ નથી. હઝરત સહલે ફર્માવ્યું, એમની પાસે ચાદર ન હતી. રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારા તેહબંદને શું કરશો ? જો તમે એને પહેરશો એના ઉપર કાંઈ ન રહેશે. એના પર તે સાહબ બેસી ગયા અને મોડે સુધી બેસી રહ્યા. પછી ઉભા થયા. રસૂલુલ્લાહ ﷺએ તેમને પાછા જતાં જોયા તો તેમને બોલાવવાનો હુકમ આપ્યો. તેમને બોલાવવામાં આવ્યા. જ્યારે આવી ગયા તો ફર્માવ્યું, તને કેટલું કુર્આન યાદ છે ? તેમણે અર્ઝ કરી, ફલાણી, ફલાણી, ફલાણી સૂરતો. ફર્માવ્યું, એને યાદ શક્તિ વડે પઢી લો છો ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, જાવ ! જે તમને કુર્આન યાદ છે તેના બદલામાં મેં એના તમને માલિક બનાવ્યા, એટલે નિકાહ કરી આપ્યા.

મસાઈલ : તે ખાતૂનનું નામ ખૌલા બિન્તે હકીમ અથવા ઉમ્મે શરીક હતું. મોટાભાગની રિવાયતમાં **زَوَّجتكها** છે, પણ ઘણી બધી રિવાયતોમાં **مَلَّكتها** છે, એનાથી પણ મુરાદ નિકાહ કરવું જ છે. એટલા માટે ફકીહોએ ફર્માવ્યું કે નિકાહ, શબ્દ તજવીઝને તમ્લીકથી પણ સહીહ છે, એ જ પ્રમાણે હેબા (ભેટ, અર્પણ) શબ્દથી પણ.

જો કોઈ સ્ત્રી પોતે પોતાને કોઈને ભેટ રૂપે ધરી દે તો તેણીને વિના મહેરે પોતાની પત્નીરૂપે રાખવી એ હુઝૂરે અકદસ ﷺની વિશિષ્ટતાઓમાંથી છે. હુઝૂરે અકદસ ﷺ સિવાય અન્ય કોઈને એ જાઈઝ નથી. એ નિકાહ વિના મહેરે થયો. એ પણ હુઝૂરે અકદસ ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે જે સ્ત્રીને ચાહે વિના મહેરે નિકાહ ફર્માવી આપે. આ નિકાહ વિના મહેરે એટલા માટે છે કે મહેરનો માલ હોવું જરૂરી છે જે પતિ પોતાની પત્નીને આપે, કુર્આન મજીદની સૂરતો ન માલ છે અને ન એની ક્ષમતા ધરાવે છે કે તે કોઈને આપવામાં આવે. એટલા માટે એને મહેર ઠરાવવું કોઈ રીતે દુરૂસ્ત નથી.

ولوخاتم من حديد : એનાથી હઝરત ઈમામ શાફઈ વગેરેએ દલીલ રજૂ કરી છે કે ઓછા મહેરની કોઈ માત્રા નથી જે ચીજ પણ માલ તથા કિંમત થઈ શકે તે મહેર થઈ શકે છે. આપણો મઝહબ એ છે કે **મહેરની પ્રતિ નિશ્ચિત છે એ દસ દિરહમ છે, એનાથી ઓછી મહેર નિશ્ચિત કરવી સહીહ નથી,** જેમ કે ઈમામ ઈબ્ને અબી શયબાએ હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી કે ફર્માવ્યું : **لامهراقل من عشرة دراهم "દસ દિરહમથી ઓછી મહેર નથી."** એ કયાસી ચીજ નથી એટલા માટે મરફૂઅના હુકમમાં છે, એની સનદ પર જે કલામ કરવામાં આવ્યું એ સૌના જવાબો અલ્લામા અયની વગેરે હનફી ઉલમાએ આપ્યા છે. અને ખાતિમે હદીદનું વર્ણન અતિશયોક્તિ રૂપે છે. હેતુ એ હતો કે જુઓ કોઈપણ હલકીમાં હલકી ચીજ પણ તમારા ઘરમાં છે. જેમ કે ફર્માવ્યું, **تصدقواولوبظلف محرق۔ تصدقواولوبفرسن شاه** જ્યારે કે સળગી ગયેલી ખરી અથવા બકરીની ખરી ફાયદા આપવાને પાત્ર નથી.

હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ વગેરેએ આ હદીષથી દલીલ પકડી કે લોખંડની વિંટી પહેરવી જાઈઝ છે, પણ **આપણે ત્યાં જાઈઝ નથી, ન લોખંડની ન કોઈ અન્ય ધાતુની ચાંદી સિવાય.** અબૂ દાઉદમાં છે કે એક સાહબ હુઝૂરની ખિદમતમાં હાજર થયા અને તેમણે પિત્તળની વિંટી પહેરેલી હતી. ફર્માવ્યું, શું વાત છે, હું તારા પર મૂર્તિઓનું ઘરેણુ જોઈ રહ્યો છું ! તેમણે એને ફેંકી દીધી. પછી તે આવ્યા અને લોખંડની વિંટી પહેરેલી હતી. ફર્માવ્યું, શું વાત છે હું તમારા પર જહન્નમીઓનું ઘરેણુ જોઈ રહ્યો છું. તેમણે એને પણ ફેંકી દીધી.

بَابٌ إِذَا وَكَّلَ رَجُلًا فَتَرَكَ الْوَكِيلُ شَيْئًا فَأَجَازَهُ الْمُوَكِّلُ فَهُوَ جَائِزٌ وَإِنْ أَقْرَضَ إِلَىٰ

જ્યારે કોઈને વકીલ બનાવ્યો અને વકીલે કાંઇ છોડી આપ્યું તો જો મોવક્કિલે જાઈઝ

أَجَلٍ مُسَمًّى جَازَ ض٣١

કરી આપ્યું તો જાઈઝ છે અને નિશ્ચિત મુદ્દત સુધી કરજ આપ્યું તો જાઈઝ છે. –(૩૧૦)

حديث ١٣٣٨ عَنْ مُحَمَّدِ بْنِ سِيرِينَ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ تَعَالَىٰ عَنْهُ قَالَ وَكَّلَنِي

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ રમઝાનની ઝકાત **[હદીષ : ૧૩૩૮]**

رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ بِحِفْظِ زَكَوٰةِ رَمَضَانَ فَأَتَانِي آتٍ فَجَعَلَ

એટલે સદકાએ ફિત્રની હિફાઝત માટે મને નિયુક્ત કર્યો. એક આવનારો આવ્યો અને અનાજમાંથી ખોબા ભરી

يَحْثُو مِنَ الطَّعَامِ فَأَخَذْتُهُ وَقُلْتُ وَاللَّهِ لَأَرْفَعَنَّكَ إِلَىٰ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ

ભરીને લેવા માંડયો. મેં એને પકડી લીધો અને કહ્યું, ખુદાની કસમ ! હું તને રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં

تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ دَعْنِي فَإِنِّي مُحْتَاجٌ وَعَلَيَّ عِيَالٌ وَلِي حَاجَةٌ شَدِيدَةٌ

જરૂર રજૂ કરીશ. તેણે કહ્યું, હું મોહતાજ છું અને ઘણા બાળબચ્ચાં છે અને મને સખ્ત હાજત છે. મેં એને છોડી

قَالَ فَخَلَّيْتُ عَنْهُ فَأَصْبَحْتُ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ يَا أَبَا هُرَيْرَةَ

દીધો. સવાર થઈ તો રસૂલુલ્લાહ ﷺ એ પૂછયું, હે અબૂ હુરૈરહ ! રાતના તમારા કેદીનું શું થયું ?! મેં અર્ઝ કરી,

مَا فَعَلَ أَسِيرُكَ الْبَارِحَةَ قَالَ قُلْتُ يَا رَسُولَ اللَّهِ شَكَىٰ حَاجَةً شَدِيدَةً وَعِيَالًا

યા રસૂલલ્લાહ ! તેણે સખત હાજત અને બાળબચ્ચાંની શિકાયત કરી તો મેં એને છોડી મૂક્યો. ફર્માવ્યું,

فَرَحِمْتُهُ فَخَلَّيْتُ سَبِيلَهُ قَالَ أَمَا إِنَّهُ قَدْ كَذَبَكَ وَسَيَعُودُ فَعَرَفْتُ أَنَّهُ سَيَعُودُ

સાંભળો ! એ તમારાથી જૂઠ્ઠ બોલ્યો છે ! હજી ફરી આવશે. ***મેં રસૂલુલ્લાહ ﷺ ના ફર્માવવાના કારણે***

હદીષ : ૧૩૩૮ની સમજૂતી

આ હદીષની સનદ ઈમામ બુખારીએ આ પ્રમાણે શરૂ કરી છે : **قال عثمان الهيثم ابو عمرُ** પરંતુ ઈમામ નિસાઈએ અમલુલ યવમ વલ્લયલહમાં આ સનદ વર્ણન કરી છે **عن ابراهيم بن يعقوب عن عثمان بن الهيثم**. એટલા માટે શરહ કર્તાઓને એ ખયાલ થયો કે આ તઅલીક છે. ઈમામ બુખારીએ પોતાના શયખને વર્ણન ન કર્યા, પણ અલ્લિબાસ તથા અલ્ઈમાન વન્નુઝૂરમાં **حدثنا عثمان بن الهيثم** એ મૌજૂદ છે. જ્યારે ઉષ્માન હૈષમ ઈમામ બુખારીના મશાઈખમાંથી છે જેથી આ હદીષના મુન્કતઅ હોવા પર જઝમ કરવું દુરૂસ્ત નથી.

لِقَوْلِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ سَيَعُوْدُ فَرَصَدْتُّهٗ فَجَعَلَ يَحْثُوْ

યક્ીન કરી લીધું કે તે આવશે. હું તેની તાકમાં રહ્યો. તે આવ્યો અને ખોબા વડે અનાજ ઉઠાવવા લાગ્યો. મેં

مِنَ الطَّعَامِ فَاَخَذْتُهٗ فَقُلْتُ لَاَرْفَعَنَّكَ اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

એને પકડી લીધો અને કહ્યું, તને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં લઈ જઈશ ! તેણે કહ્યું, મને છોડી આપો ! હું

وَسَلَّمَ قَالَ دَعْنِىْ فَاِنِّىْ مُحْتَاجٌ وَعَلَىَّ عِيَالٌ لَا اَعُوْدُ فَرَحِمْتُهٗ فَخَلَّيْتُ سَبِيْلَهٗ

મોહતાજ છું અને મારે બાળબચ્ચાં છે. મેં દયા ખાઈને તેને છોડી મૂક્યો. સવારે ફરી રસૂલુલ્લાહ ﷺએ

فَاَصْبَحْتُ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَا اَبَا هُرَيْرَةَ مَا

ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ ! તમારા કેદીનું શું થયું ? મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! તેણે સખત હાજત અને બાળ

فَعَلَ اَسِيْرُكَ قُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ شَكٰى حَاجَةً شَدِيْدَةً وَعِيَالًا فَرَحِمْتُهٗ فَخَلَّيْتُ

બચ્ચાંની શિકાયત કરી, તો મેં ખાઈને તેને છોડી આપ્યો. ફર્માવ્યું તે જૂઠ્ઠુ બોલ્યો છે, હજી ફરી આવશે. હું એની

سَبِيْلَهٗ قَالَ اَمَا اِنَّهٗ قَدْ كَذَبَكَ وَسَيَعُوْدُ فَرَصَدْتُّهُ الثَّالِثَةَ فَجَعَلَ يَحْثُوْ مِنَ

તાકમાં ત્રીજીવાર પણ રહ્યો. તે આવ્યો અને ખોબા વડે અનાજ લેવા લાગ્યો. મેં એને પકડયો અને કહ્યું,

الطَّعَامِ فَاَخَذْتُهٗ فَقُلْتُ لَاَرْفَعَنَّكَ اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

તને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં પેશ કરીશ ! અને ત્રણવારનો આ છેલ્લો મોકો છે. તું કહે છે કે નહીં આવીશ

وَهٰذَا اٰخِرُ ثَلٰثِ مَرَّاتٍ اَنَّكَ تَزْعَمُ لَا تَعُوْدُ ثُمَّ تَعُوْدُ قَالَ دَعْنِىْ اُعَلِّمْكَ كَلِمَاتٍ

અને ફરી આવે છે. તેણે કહ્યું, મને છોડી આપો, હું તમને કેટલાક કલમા શીખવાડુ છું જેનાથી અલ્લાહ તને ફાયદો

يَنْفَعُكَ اللّٰهُ بِهَا قُلْتُ مَا هُوَ قَالَ اِذَا اَوَيْتَ اِلٰى فِرَاشِكَ فَاقْرَاْ اٰيَةَ الْكُرْسِىِّ اَللّٰهُ

આપશે. મેં કહ્યું, તે શું છે ? તેણે કહ્યું, જ્યારે પથારી પર સૂવા જાવ તો આયતુલ કુર્સી اَللّٰهُ لَا اِلٰهَ اِلَّا هُوَ الْحَيُّ الْقَيُّوْمُ

لَا اِلٰهَ اِلَّا هُوَ الْحَيُّ الْقَيُّوْمُ حَتّٰى تَخْتِمَ الْاٰيَةَ فَاِنَّكَ لَنْ يَّزَالَ عَلَيْكَ مِنَ اللّٰهِ حَافِظٌ

છેવટ સુધી પઢી લીધા કર, અલ્લાહના તરફથી એક મુહાફિઝ સવાર સુધી રહેશે અને શૈતાન તારી પાસે નહીં

قال એટલા માટે કહ્યું હશે કે શક્ય છે ચર્ચાના રૂપે આ હદીષ ઉષ્માનથી સાંભળી હોય.

بحفظ زكوة رمضان એનાથી મુરાદ સદકએ ફિત્ર છે, રિવાજ એ હતો કે ઈદુલ ફિત્રથી ત્રણ દિવસ પહેલાંથી સદકએ ફિત્ર જમા થતો અને ઈદુલ ફિત્રના દિવસે મિસ્કીનોમાં વહેંચતો હતો.

وَلَا يَقْرَبُكَ شَيْطَانٌ حَتّٰى تُصْبِحَ فَخَلَّيْتُ سَبِيْلَهٗ فَاَصْبَحْتُ فَقَالَ لِيْ رَسُوْلُ اللّٰهِ

આવે. હું તેના રસ્તામાંથી હટી ગયો. સવાર થઈ તો રસૂલુલ્લાહ ﷺએ પૂછયું, તને તારા રાતવાળા કેદીએ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَا قَالَ اَسِيْرُكَ الْبَارِحَةَ فَقُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ زَعَمَ

શું કહ્યું ? મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એણે કહ્યું કે તમને કેટલાક કલમા શીખવાડી દઉં છું જેનાથી અલ્લાહ તને

اَنَّهٗ يُعَلِّمُنِيْ كَلِمَاتٍ يَّنْفَعُنِيَ اللّٰهُ بِهَا فَخَلَّيْتُ سَبِيْلَهٗ قَالَ مَا هِيَ قَالَ قَالَ لِيْ اِذَا

લાભ આપશે. તો હું તેના રસ્તેથી હટી ગયો. પૂછયું, તે શું છે ? મેં કહ્યું, તેણે મને કહ્યું, જ્યારે તમે પથારી પર

اَوَيْتَ اِلٰى فِرَاشِكَ فَاقْرَاْ اٰيَةَ الْكُرْسِيِّ مِنْ اَوَّلِهَا حَتّٰى تَخْتِمَ الْاٰيَةَ اَللّٰهُ لَا اِلٰهَ

સૂવા માટે જાવ તો આયતુલ કુર્સી શરૂથી છેવટ સુધી પઢી લીધા કરો. اَللّٰهُ لَا اِلٰهَ اِلَّا هُوَ الْحَيُّ الْقَيُّوْمُ અને મને કહ્યું,

اِلَّا هُوَ الْحَيُّ الْقَيُّوْمُ وَقَالَ لِيْ لَنْ يَّزَالَ عَلَيْكَ مِنَ اللّٰهِ حَافِظٌ وَّلَا يَقْرَبُكَ شَيْطَانٌ

હવે સવાર સુધી અલ્લાહના તરફથી એક રક્ષક તારા પર રહેશે અને શૈતાન તારી નજીક નહીં આવે. અને સહાબા

حَتّٰى تُصْبِحَ وَكَانُوْا اَحْرَصَ شَيْءٍ عَلَى الْخَيْرِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

સારી વાતના સૌથી અધિક શોખિન હતા. એના પર નબી ﷺએ ફર્માવ્યું, તેણે એ સાચુ કહ્યું, જો કે તે ઘણો જ

وَسَلَّمَ اَمَا اِنَّهٗ قَدْ صَدَقَكَ وَهُوَ كَذُوْبٌ تَعْلَمُ مَنْ تُخَاطِبُ مُنْذُ ثَلٰثِ لَيَالٍ

મહાન જૂઠો છે. તમે હે અબૂ હુરૈરહ જાણો છો ત્રણ રાતોથી કોની સાથે વાત કરી રહ્યા છો ?!

يَا اَبَا هُرَيْرَةَ قَالَ لَا قَالَ ذَاكَ شَيْطَانٌ ؏

મેં કહ્યું, નહીં ! ફર્માવ્યું, એ શૈતાન હતો." (બુખારી ૧/૪૬૩, ૨/૭૪૯ ફઝાઈલુલ કુર્આન)

فجعل يحثو બંને હાથની હથેળીઓ મિલાવીને કોઈ ચીજ (ખોબામાં) લેવી. અબૂ મુતવક્કિલની રિવાયતમાં છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે તે સદકાની હિફાઝતમાં નિયુક્ત હતા. તેમણે ઢગલામાં હથેળીનું નિશાન જોયું એવું જાણે એમાંથી કોઈકે કાંઈ લઈ ગયું છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ એની નબી ﷺથી શિકાયત કરી તો ફર્માવ્યું, જો તેને પકડવા ચાહો છો તો આ દુઆ પઢી લો : **سُبْحَانَ مَنْ سَخَّرَكَ لِمُحَمَّدٍ** "એ જાત પાક છે જેણે તને મુહમ્મદ ﷺના કાબૂમાં કરી આપ્યો છે." હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ આ પઢયું તો તે સામે ઉભેલો દેખાયો અને તેમણે પકડી લીધો.

اَسِيْرُكَ કેદીને અસીર એટલા માટે કહે છે કેમ કે તેઓ સૈર એટલે તસ્મા અર્થાત ચામડાની રસ્સી વડે તેને બાંધ્યા કરતા હતા. ઈસ્માઈલની રિવાયતમાં છે કે તેણે પ્રથમવાર પણ કહ્યું હતું : **لااعود** ફરીવાર આવીશ નહીં.

اية الكرسى હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ ની હદીષમાં આ પણ છે. અને સૂરએ બકરહની છેવટની બે આયતો. એટલે કે આયતુલ કુર્સીની સાથે એને પણ પઢે.

بَابُ إِذَا بَاعَ الْوَكِيلُ شَيْئًا فَاسِدًا فَبَيْعُهُ مَرْدُودٌ ص ٣١٠

જ્યારે વકીલ કોઈ ચીજને ફાસિદ બયઅના તરીકા પર વેચે તો તેની બયઅ રદને પાત્ર છે. –(૩૧૦)

حديث ١٣٣٩ سَمِعْتُ عُقْبَةَ بْنَ عَبْدِ الْغَافِرِ أَنَّهُ سَمِعَ أَبَا سَعِيدِ بْنِ الْخُدْرِيِّ رَضِيَ اللهُ تَعَالَى

''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે બિલાલ رضی اللہ عنہ નબી ﷺની **[હદીષ : ૧૩૩૯]**

عَنْهُ قَالَ جَاءَ بِلَالٌ إِلَى النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ بِتَمْرٍ بَرْنِيٍّ فَقَالَ لَهُ رَسُولُ

ખિદમતમાં બર્ની ખજૂર લાવ્યા. તેમને રસૂલુલ્લાહ ﷺએ પૂછયું, આ ક્યાંથી લાવ્યા છો ? બિલાલ رضی اللہ عنہ એ

اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ مِنْ أَيْنَ هٰذَا قَالَ بِلَالٌ كَانَ عِنْدَنَا تَمْرٌ رَدِيٌّ

અર્ઝ કરી કે અમારી પાસે કેટલીક ખરાબ ખજૂરો હતી તેના બે સાઅને એક સાઅના બદલે વેચી કે જેથી

فَبِعْتُ مِنْهُ صَاعَيْنِ بِصَاعٍ لِنُطْعِمَ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ النَّبِيُّ

નબી ﷺને ખવડાવીએ. નબી ﷺએ એ વખતે ફર્માવ્યું, અવ્વહ ! અવ્વહ ! આ બિલકુલ વ્યાજ છે ! આ

صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ عِنْدَ ذٰلِكَ أَوَّهْ أَوَّهْ عَيْنُ الرِّبَا عَيْنُ الرِّبَا لَا تَفْعَلْ

બિલકુલ વ્યાજ છે ! એવું ન કર. પણ જો તમે ખરીદવા ચાહો તો ખરાબ ખજૂરને કોઈ

ذٰلِكَ وَلٰكِنْ إِذَا أَرَدْتَّ أَنْ تَشْتَرِيَ فَبِعِ التَّمْرَ بِبَيْعٍ آخَرَ ثُمَّ اشْتَرِ بِهِ

અન્ય ચીજના બદલામાં વેચો પછી તેનાથી (સારી ખજૂર) ખરીદો.'' (મુસ્લિમ, નિસાઈ–બુયૂઅ)

પ્રકરણથી સામ્યતા : પ્રકરણના બે ભાગ છે : એક એ કે વકીલે મુવક્કિલની રજા વિના જો મુવક્કિલની ચીજ કોઈને આપી દીધી અને મુવક્કિલે તેને લાગુ કરી આપ્યું તો વકીલનું આપવું દુરુસ્ત થઈ ગયું. આ એવી રીતે સાબિત કે શૈતાનથી કે જે ચોરના રૂપમાં આવ્યો હતો તેણે લઈ લીધું હતું તેને હઝરત અબૂ હુરૈરહએ છીનવી લીધું નથી. એના પર હુઝૂરે અકદસ ﷺએ મૌન ધારણ કર્યું જે ઈજાઝતના સ્થાને છે. બીજો ભાગ એ છે કે જો વકીલે નિશ્ચિત મુદત સુધી કરજ આપ્યું અને મુવક્કિલે મંજૂર કરી લીધું તો જાઈઝ છે. હદીષના કોઈ હિસ્સા સાથે આ ભાગને સામ્યતા નથી પણ એ કે એવું કહેવામાં આવે કે જ્યારે વકીલે વિના બદલે આપ્યું અને મુવક્કિલે સ્વીકારી લીધું, તો દુરુસ્ત થઈ ગયું. જેથી કરજ એથી અધિક કક્ષાએ દુરુસ્ત થશે કે એમાં સમય મર્યાદા બાદ રકમની વાપસી નિશ્ચિત હોય છે.

મસાઈલ : આ હદીષોથી સાબિત થયું કે જિનો તથા શૈતાનો ઈન્સાનના માલની ચોરી કરે છે અને એઓ પણ ખોરાકના મોહતાજ છે. અને તેમને કુદરત હાંસલ છે કે જ સ્વરૂપ ચાહે અપનાવે. આયતુલ કુર્સીની ફઝીલત એ છે કે તેને પઢનાર અલ્લાહ તરફથી દરેક આકસ્મિક બનાવ ખાસ કરીને શૈતાનની દખલથી મેહફૂઝ રહે છે. મુજરિમને હાકિમની પાસે લઈ જવું વાજિબ નથી, માફ પણ કરી શકાય છે.

હદીષ : ૧૩૩૯ની સમજૂતી આ હદીષની સનદના પ્રારંભમાં છે : **حدثنا اسحٰق** એ કોણ બુઝુર્ગ છે

بَابُ الْوَكَالَةِ فِي الْوَقْفِ وَنَفَقَتِهِ وَاَنْ يُّطْعِمَ صَدِيْقًا لَّهٗ وَيَاْكُلَ بِالْمَعْرُوْفِ صـ٣١١

વક્ફ અને એના આવક જાવક માટે વકીલ બનાવવો અને દસ્તૂરના પ્રમાણે એમાંથી દોસ્તને ખવડાવવું અને પોતે ખાવું. –(૩૧૧)

حديث ١٣٤٠ عَنْ عَمْرٍو قَالَ فِيْ صَدَقَةِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ لَيْسَ عَلَى الْوَلِيِّ

''અમ્ર બિન દીનારે હઝરત ઉમર رضی اللہ عنہ ના સદકાના બારામાં ફર્માવ્યું **[હદીષ : ૧૩૪૦]**

جُنَاحٌ اَنْ يَّاْكُلَ وَيُوْكِلَ صَدِيْقًا لَّهٗ غَيْرَ مُتَاَثِّلٍ مَالًا وَكَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ

(તેમણે એ ઈજાઝત આપી હતી) કે તેનો વ્યવસ્થાપક જો ખૂદ એમાંથી ખાય અથવા પોતાના દોસ્તને ખવડાવે

تَعَالٰى عَنْهُمَا هُوَ يَلِيْ صَدَقَةَ عُمَرَ يُهْدِيْ لِلنَّاسِ مِنْ اَهْلِ مَكَّةَ

તો એના પર કોઈ ગુનોહ નથી, એ શરત કે માલ જમા ન કરે. અને ઈબ્ને ઉમર رضی اللہ عنہ હઝરત ઉમરના

كَانَ يَنْزِلُ عَلَيْهِمْ -

સદકાઓના નિગરાં હતા. એ મક્કામાં જેમની પાસે જઈને રોકાતા હતા તેમને હદિયો આપ્યા કરતા હતા.''

بَابُ الْوَكَالَةِ فِي الْحُدُوْدِ صـ٣١١

''સજાઓમાં વકીલ કરવો'' –(૩૧૧)

حديث ١٣٤١ اَخْبَرَنِيْ عُبَيْدُ اللّٰهِ سَمِعَ اَبَا هُرَيْرَةَ وَزَيْدَ بْنَ خَالِدٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ તથા ઝયદ બિન ખાલિદ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે અમે **[હદીષ : ૧૩૪૧]**

નિશ્ચિત નથી થઈ શક્તું. અબૂ નુઐમે કહ્યું કે એ ઈસ્હાક઼ ઈબ્ને રાહવયહ છે. અબૂ અલી જુબ્બાઈ કહ્યું કે અમારા શયખોમાં કોઈકે તેમને તેમના પિતાના નામ સાથે વર્ણવ્યા નથી. શક્ય છે કે એ ઈસ્હાક઼ ઈબ્ને મન્સૂર હોય. એના પર એ ક઼રીનો (સંકેત નિર્દેશ) છે કે મુસ્લિમે એ જ પ્રમાણે વર્ણવેલ છે. આ હદીષ પણ હીલએ શરઈય્યહની દલીલ છે.

ردی એ અસલમાં رَدِیٌءٌ કરીમના વજન પર મહમૂઝ લામ છે હમ્ઝાથી પહેલાં 'યા' વધારે છે. ઘટાડાના માટે હમ્ઝાને 'યા'થી બદલી નાખ્યો અને 'યા'નો 'યા'માં ઈદગામ કરી નાખ્યો.

اَوَّهْ اَوَّهْ : આ કલ્મએ જઝ્ર, ગમ તથા અફસોસ, નારાજગી જાહેર કરવા માટે બોલાય છે. એનો અર્થ કોઈ નથી કે એનો તર્જુમો કરવામાં આવે ઉર્દૂનો જે પણ શબ્દ લાવશે તે તર્જુમો ન થશે તાબીર (અર્થઘટન) થશે.

હદીષ : ૧૩૪૦ની સમજૂતી આ હદીષ મુરસલ છે, એટલા માટે કે હઝરત અમ્ર બિન દીનારે હઝરત ઉમર رضی اللہ عنہ નો જમાનો નથી જોયો. અહીં વલી તથા વકીલથી વકફનો નાઝિર (દેખરેખ કરનાર) મુરાદ છે. જેમ કે મુતવલ્લીએ વકફની દેખભાળના માટે નોકર તરીકે રાખ્યો હોય.

હદીષ : ૧૩૪૧ની સમજૂતી આ હદીષ અહીં કિતાબુલ વકાલહ્માં ખૂબ જ ટૂંકમાં હતી. અલ્લામા

عَنْهُمَا قَالَا كُنَّا عِنْدَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَامَ رَجُلٌ فَقَالَ

લોકો નબી ﷺની ખિદમતમાં હાજર હતા એવામાં એક શખ્સ ઉભો થયો અને અર્ઝ કરી, હું આપને ક़સમ

اَنْشُدُكَ اِلَّا قَضَيْتَ بَيْنَنَا بِكِتَابِ اللّٰهِ فَقَامَ خَصْمُهُ وَكَانَ اَفْقَهَ مِنْهُ فَقَالَ

આપું છું, અમારા વચ્ચે કિતાબુલ્લાહથી ફૈસલો ફર્માવો. ત્યાર બાદ તેના સામે પક્ષવાળો ઉભો થયો અને તે

اِقْضِ بَيْنَنَا بِكِتَابِ اللّٰهِ وَائْذَنْ لِيْ قَالَ قُلْ قَالَ اِنَّ ابْنِيْ كَانَ عَسِيْفًا عَلٰى

એનાથી અધિક સમજદાર હતો અને અર્ઝ કરી, અમારા દરમ્યાન કિતાબુલ્લાહના પ્રમાણે ફૈસલો ફર્માવો અને

هٰذَا فَزَنٰى بِامْرَاَتِهٖ فَافْتَدَيْتُ مِنْهُ بِمِائَةِ شَاةٍ وَخَادِمٍ ثُمَّ سَاَلْتُ رِجَالًا مِّنْ

મને ઈજાઝત આપો. ફર્માવ્યું, કહો ! તો તેણે અર્ઝ કરી, મારો પુત્ર તેને ત્યાં નોકર હતો તેણે એની પત્ની સાથે

اَهْلِ الْعِلْمِ فَاَخْبَرُوْنِيْ اَنَّ عَلٰى ابْنِيْ جَلْدَ مِائَةٍ وَتَغْرِيْبَ عَامٍ وَعَلٰى امْرَاَتِهٖ

ઝિના કર્યો તો મેં સો બકરીઓ અને એક ખાદિમ ફિદિયામાં આપ્યો. પછી મેં કેટલાક ઈલ્મવાળાઓથી પૂછયું તો

الرَّجْمَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَالَّذِيْ نَفْسِيْ بِيَدِهٖ لَاَقْضِيَنَّ

તે લોકોએ બતાવ્યું કે મારા પુત્રની સજા સો કોરડા છે અને સાલભર તડીપાર કરવું છે અને તેની પત્નીની સજા

بَيْنَكُمَا بِكِتَابِ اللّٰهِ اَلْمِائَةُ الشَّاةُ وَالْخَادِمُ رَدٌّ عَلَيْكَ وَعَلٰى ابْنِكَ جَلْدُ مِائَةٍ

સંગસાર કરવું છે. આ સાંભળીને નબી ﷺએ ફર્માવ્યું, ક़સમ છે તે ઝાતની જેના કબજામાં મારી જાન છે, હું

وَّتَغْرِيْبُ عَامٍ وَاغْدُ يَا اُنَيْسُ عَلٰى امْرَاَةِ هٰذَا فَاِنِ اعْتَرَفَتْ فَارْجُمْهَا فَغَدَا

તમારા વચ્ચે કિતાબુલ્લાહ મુજબ જરૂર જરૂર ફૈસલો કરીશ, સો બકરીઓ અને ખાદિમ તને પરત કરવામાં

عَلَيْهَا فَاعْتَرَفَتْ فَرَجَمَهَا ـ قُلْتُ لِسُفْيٰنَ لَمْ تَقُلْ فَاَخْبَرُوْنِيْ اَنَّ عَلٰى ابْنِيْ

આવશે અને તારા પુત્રની સજા સો કોરડા અને તડીપાર કરવું છે. અને હે અનીસ તમે જાવ ! જો એ સ્ત્રી ઝિનાનો

અયનીએ કિતાબુલ મુહારિબીનથી વિગતવારની રિવાયત વર્ણવી હતી. તેમના પ્રમાણે કરવામાં મેં પણ એ જ મુફસ્સલ રિવાયત લખી આપી. હુદૂદ તથા ક़ેસાસમાં વકાલત સહીહ છે કે નહીં, આ બારામાં ઉલમા વચ્ચે મતભેદ છે. હઝરત ઈમામે આ'ઝમ અને ઈમામ અબૂ યૂસુફ़ ફર્માવ્યું કે દુરુસ્ત નથી બલ્કે જરૂરી છે, મુદ્દઈ તથા મુલ્ઝિમ હાકિમ સમક્ષ હાજર થાય. હઝરત ઈમામ શાફ઼ઈ તથા કેટલાક ઈમામોએ ફર્માવ્યું, જાઈઝ છે. એના અનુસંધાનમાં સંપૂર્ણ ચર્ચા કિતાબુલ હુદૂદમાં આવશે. કિતાબુશ્શુરૂતની રિવાયતના અંતમાં છે : واعترفت فامربها رسول اللّٰه ﷺفرجمها એ સ્ત્રીએ ઝિનાનો ઈકરાર કર્યો. તો રસૂલુલ્લાહ ﷺએ તેણીને સંગસાર કરવાનો હુકમ આપ્યો. તો તેને (ઉનૈસે) સંસગાર કરી.

الرَّجْمَ فَقَالَ اَشُكُّ فِيهَا مِنَ الزُّهْرِيِّ فَرُبَّمَا قُلْتُهَا وَرُبَّمَا سَكَتُّ ع ه

ઈકરાર કરી લે તો તેણીને સંગસાર કરો. હઝરત ઉનૈસ ગયા અને તેણીએ ઈકરાર કરી લીધો તો તેણીને સંગસાર કરી. મેં સુફ્યાનને પૂછયું, તમે فاخبرونى ان على ابنى الرجيم નથી કહ્યું ? સુફ્યાને જવાબ આપ્યો, આ બારામાં ઝુહરીથી રિવાયતમાં મને શક છે, કદીક કહું છું કદીક નહીં.''

(બુખારી, ૨/૧૦૦૮, અલ્મુહારિબીન, ૧/૩૧૧ અલ્વકાલત, ૧/૩૭૧, અસ્સલહ, ૧/૩૭૬, અશ્શરૂત, ૨/૧૦૬૮, અલ્અહકામ, ૧/૧૦૮૦ અલ્એઅ્તિસામ, ૨/૯૮૧, અલ્ઈમાન, ૨/૧૦૧૧ અલ્હારિબીન, ૨/૧૦૧૪, મુસ્લિમ, અબૂ દાઉદ, તિર્મિઝી–અલ્હુદૂદ, નિસાઈ, અલ્ફ઼ઝા, ઈબ્ને માજહ, દારમી, મોઅત્તા ઈમામ માલિક–હુદૂદ, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૧૧૫, ૧૧૬)

حديث ١٣٤٢

عَنِ ابْنِ اَبِي مُلَيْكَةَ عَنْ عُقْبَةَ بْنِ الْحَارِثِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

''હઝરત ઉકબા બિન હારિષ رضی اللہ عنہ એ ફર્માવ્યું, નુઐમાન અથવા ઈબ્ને નુઐમાનને નશાની **[હદીષ : ૧૩૪૨]**

جِئَ بِالنُّعَيْمَانِ اَوِابْنِ النُّعَيْمَانِ شَارِبًا فَاَمَرَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

હાલતમાં લાવવામાં આવ્યા તો રસૂલુલ્લાહ ﷺ એ એ લોકોને જેઓ એ વખતે ઘરમાં હતા હુકમ આપ્યો કે

مَنْ كَانَ فِي الْبَيْتِ اَنْ يَّضْرِبُوْا قَالَ فَكُنْتُ اَنَا فِيْمَنْ ضَرَبَهُ فَضَرَبْنَاهُ بِالنِّعَالِ وَالْجَرِيْدِ

એને મારો ! હું પણ મારનારાઓમાં હતો. અમે તેને ચપ્પલો તથા ખજૂરોની ડાળીઓ વડે માર્યો.''

(બુખારી ૨/૧૦૦૨ અલ્હુદૂદ, મુસ્લિમ, અબૂ દાઉદ, ઈબ્ને માજહ–હુદૂદ, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૧૧૫ વગેરે)

એનું જાહેર એ છે કે હઝરત ઉનૈસ رضی اللہ عنہ ની સમક્ષ જ્યારે તે સ્ત્રીએ ઝિનાનો ઈકરાર કરી લીધો તો તેમણે ખિદમતે અક્દસમાં હાજર થઈને ખબર આપી. ત્યાર બાદ રસૂલુલ્લાહ ﷺ એ રજમ (સંગસાર)નો હુકમ આપ્યો, તો તેમણે તેણીને સંગસાર કરી. આ હદીષથી સાબિત થયું કે હુદૂદ (શરીઅતની સજાઓ)માં ન ફિદિયો જાઈઝ છે ન સુલહ. એક વરસ તડીપાર થવું સજા (એ સજા જે ક़ાઝી મુનાસિબ સમજીને આપે અને હદમાં સજા નિશ્ચિત હોય છે) રૂપે હતું, એ હદ (સજા)માં દાખલ નથી. એની પણ સંપૂર્ણ ચર્ચા એના સ્થાને આવશે.

અહીં ''ખાદિમ'' છે, અને એક રિવાયતમાં ''જારિયહ'' છે અને બીજી રિવાયતોમાં وليدة છે જેનો ભાવાર્થ પણ ''કનીઝ'' જ છે, એ ખાદિમ હોવાના વિરુદ્ધ નથી. બીજા સાહબને افقه અધિક સમજદાર કહ્યા. એનું આ બનાવથી જાહેર છે કે, પ્રથમ સાહબે હુઝૂરે અક્દસ ﷺ થી ઈજાઝત પણ ન લીધી અને ક़સમ પણ અપાવી. એના પરથી એ સાહબના સ્વભાવની સખ્તી જાહેર છે. અને દરબારે નબુવ્વતમાં આ ગૈર મુનાસિબ (અયોગ્ય) વાત છે. બીજા સાહબથી ઉલ્ટુ કે તેમણે આ પ્રકારની કોઈ વાત ન કરી, અને કેસ રજૂ કરવાની ઈજાઝત માગી. એ પણ થઈ શકે છે કે હદીષના રાવીઓ બીજા સાહબથી વાકેફ રહ્યા હોય કે તે ખૂબ જ સમજદાર ઈન્સાન છે. આ ઉનૈસ અસ્લમી رضی اللہ عنہ કોણ છે ? એ જાણી ન શકાયું. ન ક્યાંય એનો ઉલ્લેખ મળ્યો, અને તેમની રિવાયત કરેલી કોઈ હદીષ મળી.

હદીષ : ૧૩૪૨ની સમજૂતી નુઐમાન બદરી સહાબી છે. ખુશમિજાઝ બુઝુર્ગ હતા. અલ્લામા ઈબ્ને અબ્દુલ બરે કહ્યું કે એ નેક ઈન્સાન હતા. આ બનાવ એમના પુત્રનો છે. નબવી તથા સિદ્દીક़ી યુગમાં **શરાબની સજા** (હદ) નિશ્ચિત ન હતી. હઝરત ફારૂક़ે આ'ઝમ رضی اللہ عنہ એ સહાબાએ કિરામથી મશ્વરો કરીને **૮૦ કોરડા** નિશ્ચિત કર્યા.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

أَبْوَابُ الْحَرْثِ وَالْمُزَارَعَةِ وَمَا جَاءَ فِيْهِ صـ ٣١١

"ખેતીવાડીનાં પ્રકરણો અને એના બારામાં જે કાંઇ આવ્યું છે." *–(૩૧૧)*

بَابُ فَضْلِ الزَّرْعِ وَالْغَرْسِ إِذَا أُكِلَ مِنْهُ صـ ٣١١

"ખેતી અને ઝાડ લગાડવાની ફઝીલત જ્યારે એનાથી ખાવામાં આવે." *–(૩૧૧)*

وَقَوْلِ اللّٰهِ أَفَرَأَيْتُمْ مَّا تَحْرُثُوْنَ أَأَنْتُمْ تَزْرَعُوْنَهُ أَمْ نَحْنُ الزَّارِعُوْنَ لَوْ نَشَاءُ لَجَعَلْنَاهُ حُطَاماً. અને અલ્લાહ ﷻનો ઈર્શાદ : જરા બતાવો તો તમે જે વાવો છો અને તમે ઉગાડો છો કે અમે ઉગાડીએ છીએ ! જો અમે ચાહીએ તો તેને ચૂર ચૂર કરીને રાખી દઈએ." *(સૂ. વાકિઆ, ૬૪–૬૫)*

حديث ١٣٤٣ عَنْ قَتَادَةَ عَنْ أَنَسِ بْنِ مَالِكٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ النَّبِيُّ صَلَّى

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું, મુસલમાન જે પણ **[હદીષ : ૧૩૪૩]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَا مِنْ مُّسْلِمٍ يَّغْرِسُ غَرْسًا أَوْ يَزْرَعُ زَرْعًا فَيَأْكُلُ مِنْهُ

ઝાડ લગાડે છે અથવા ખેતી વાવે છે એમાંથી પક્ષી અથવા માણસ અથવા ચોપગુ ખાય છે એ એના માટે

طَيْرٌ أَوْ إِنْسَانٌ أَوْ بَهِيْمَةٌ إِلَّا كَانَ لَهُ بِهِ صَدَقَةٌ عـه

સદકો (સવાબનુ કામ) છે." (બુખારી, ૨/૨૮૯ અલ્અદબ, મુસ્લિમ–બુયૂઅ, તિર્મિઝી–અલ્અહકામ)

હદીષ : ૧૩૪૩ની સમજૂતી

અમુક ઉલમાએ આ હદીષથી એ દલીલ કરી છે કે સર્વ કારોબાર (ધંધા)થી અફઝલ ખેતી છે એટલા માટે કે એનો લાભ માનવ જાનવર સૌને આમ છે અને એમાં ગૈર ઈખ્તિયારી તૌર પર (આપોઆપ) પણ સવાબ મળી જાય છે. એ જ અલ્લામા નવવીનો ક઼ૌલ છે. એક ક઼ૌલ એ છે કે સૌથી અફઝલ કારીગરી છે. અને એક ક઼ૌલ એ છે કે તિજારત (વેપાર) છે. કારીગરીના અફઝલ હોવા પર હદીષો પણ આવેલી છે. ઈમામ હાકિમે મુસ્તદરકમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ થી પૂછવામાં આવ્યું કે કઈ કમાઈ અફઝલ છે ? ફર્માવ્યું, હાથ વડે કામ કરવું અને હલાલ વેપાર (સોદો). આ હદીષથી એ લોકોએ પોતાની સુધારણા કરી લેવી જરૂરી છે કે વણાટકામના પૈસાને ઝલીલ (નીચ) સમજે છે.

અલ્લામા અયનીએ ફર્માવ્યું કે યોગ્ય એ છે કે સંજોગોના ફેરફાર સાથે એ હુકમ પણ વિવિધ બને. જ્યારે લોકો ખોરાકના જરૂરતમંદ હોય, ખોરાકની ઉણપ હોય તો ખેતી અફઝલ છે. અને હાથવણાટની ચીજોના લોકો જરૂરતમંદ હોય તો હસ્તકલા અફઝલ છે અને જ્યારે કોઈ કારણે વેપારમાં મુશ્કેલી તથા તક઼્લીફ હોય તો વેપાર અફઝલ છે.

بَابُ مَا يُحْذَرُ مِنْ عَوَاقِبِ الْاِشْتِغَالِ بِآلَةِ الزَّرْعِ اَوْ جَاوَزَ الْحَدَّ الَّذِىْ اُمِرَ بِهٖ ص ٣١٢

"ખેતીના ઓજારોમાં મશ્ગૂલ હોવાનાં પરિણામ અથવા મધ્યમ માર્ગથી આગળ વધવાથી જેને ઠરાવવામાં આવ્યો" –(૩૧૨)

حديث ١٣٤٤ عَنْ اَبِىْ اُمَامَةَ الْبَاهِلِىِّ قَالَ وَرَاٰى سِكَّةً وَّ شَيْئًا مِّنْ آلَةِ الْحَرْثِ فَقَالَ

"હઝરત અબૂ ઉમામા બાહિલી رضی اللہ عنہ એ હળનું (પાહ) તથા ખેતીનો કોઈ સામાન **[હદીષ : ૧૩૪૪]**

سَمِعْتُ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ لَا يَدْخُلُ هٰذَا بَيْتَ قَوْمٍ اِلَّا

જોયો તો ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને એવું ફર્માવતાં સાંભળ્યા કે આ જે ઘરમાં જશે અલ્લાહ

اَدْخَلَهُ اللّٰهُ الذُّلَّ.

એ ઘરમાં બેઈજ્જતી દાખલ કરશે."

હદીષ : ૧૩૪૪ની સમજૂતી

પ્રથમ હદીષથી ખેતીની ફઝીલત સાબિત થાય છે અને આનાથી બુરાઈ ! ઈમામ બુખારીએ પ્રકરણ વડે બંનેમાં વર્ગીકરણ પેદા કરી આપ્યું. ખેતી જરૂરત મુજબ તથા મધ્યમ માર્ગ સુધી પસંદીદા છે, હદથી આગળ વધવું બુરુ છે, અથવા અધિક મશ્ગૂલ રહેવાનો અંજામ સારો નથી.

અબૂ દાઉદ (૧/૩૪૦ જેહાદ)માં છે કે અબૂ અૈયૂબ અન્સારી رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે અન્સારે જ્યારે જેહાદ છોડીને ખેતીવાડીમાં ફસાવવા ચાહ્યું તો આ આયતે કરીમા નાઝિલ થઈ : يَآيُّهَاالَّذِيْنَ آمَنُوْا لَاتُلْقُوْابِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَة "હે ઈમાનવાળાઓ ! પોતે પોતાને તબાહીમાં ન નાખો."

મતલબ એ થયો કે જેહાદ ન છોડો, નહીં તો હલાક થઈ જશો. આ જ પ્રમાણે મુસલમાન જ્યારે ખેતી વગેરેમાં ફસાઈ જશે તો અનિવાર્યપણે જેહાદ છોડી બેસશે. અને આ બર્બાદીનો સબબ છે.

અથવા આ હદીષમાં ذل થી મુરાદ સ્વભાવમાં નમ્રતા છે જેનાથી કમજોરી લાઝિમ થાય છે જે જેહાદ ત્યજવાનો સબબ છે. એટલા માટે એ નાપસંદ ફર્માવ્યું. ખુલાસો એ નીકળ્યો કે ખેતી એવું કામ છે કે જ્યારે માણસ એમાં ફસાય છે તો તેના ફાયદાઓને જોઈને એમાં વ્યસ્તપણુ વધારતો જાય છે અને જેહાદ ત્યજી આપે છે કે જે બેઈજ્જતી તથા કમજોરીનો સબબ છે. અને ખેતીનું વર્ણન એ સમયના લેહાઝથી છે, નહીં તો દરેક કામનો આ જ હુકમ છે. કોઈ પણ કામમાં એટલા ડૂબી જવું કે જેહાદ ત્યજી દેવામાં આવે એ બેઈજ્જતીનો સબબ છે. જેમ કે આ જમાનામાં છે કે મુસલમાન એક કરોડથી વધુ છે પણ જેહાદ છોડી બેઠા છે એટલા માટે પૂરી દુનિયામાં ઝલીલો ખાર (બેઈજ્જત) છે.

بَابُ اقْتِنَاءِ الْكَلْبِ لِلْحَرْثِ ص ٣١٢

"ખેતી માટે કૂતરો પાળવો" –(૩૧૨)

حديث ١٣٤٥ عَنْ اَبِيْ سَلَمَةَ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, **[હદીષ : ૧૩૪૫]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ اَمْسَكَ كَلْبًا فَاِنَّهٗ يَنْقُصُ كُلَّ يَوْمٍ مِّنْ عَمَلِهٖ

જે પણ કૂતરો પાળશે તો તેના નેક અમલમાંથી દરરોજ એક ક़ીરાત ઘટતો રહેશે, *પણ ખેતી*

قِيْرَاطٌ اِلَّا كَلْبَ حَرْثٍ اَوْ مَاشِيَةٍ وَقَالَ ابْنُ سِيْرِيْنَ وَ اَبُوْصَالِحٍ عَنْ اَبِيْ هُرَيْرَةَ

તથા પાલતુ પશુઓની રક્ષા માટે પાળે. અને ઈબ્ને સીરીન તથા અબૂ સાલેહે કહ્યું કે હઝરત

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِلَّا كَلْبَ غَنَمٍ اَوْ حَرْثٍ

અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નબી ﷺ થી આ રિવાયત કરી, પણ બકરી કે ખેતર કે શિકારનો કૂતરો. અને અબૂ

اَوْ صَيْدٍ وَقَالَ اَبُوْحَازِمٍ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى

હાઝિમે કહ્યું કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નબી ﷺ થી આ પ્રમાણે રિવાયત કરી,

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَلْبَ صَيْدٍ اَوْ مَاشِيَةٍ ؕ

શિકાર અથવા પાલતુ પ્રાણીઓનો કૂતરો." (*મુસ્લિમ–બુયૂઅ*)

حديث ١٣٤٦ اَنَّ السَّائِبَ بْنَ يَزِيْدَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ حَدَّثَهٗ اَنَّهٗ سَمِعَ سُفْيٰنَ بْنَ

"હઝરત સુફ્યાન બિન અબી ઝુહૈર رضی اللہ عنہ એ ફર્માવ્યું, આ કબીલો અઝ્દિશનૂઆના **[હદીષ : ૧૩૪૬]**

اَبِيْ زُهَيْرٍ رَّجُلًا مِّنْ اَزْدِ شَنُوْءَةَ وَكَانَ مِنْ اَصْحَابِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

સભ્ય, સહાબીઓમાંથી હતા કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા છે, ***જેણે એવો***

قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ مَنِ اقْتَنٰى كَلْبًا لَّا يُغْنِيْ

કૂતરો પાળ્યો જેની જરૂરત ખેતી કે પશુપાલન માટે નથી તો તેના અમલથી

સમજૂતી : હદીષ : ૧૩૪૫–૧૩૪૬ મુસ્લિમની રિવાયતમાં અપવાદ ચીજોમાં શિકારી કૂતરો છે. બલ્કે અહીં જે રિવાયત ઈબ્ને સીરીન તથા અબૂ સાલેહના તરીક़ાથી છે એમાં પણ છે બલ્કે અબૂ હાઝિમની રિવાયતમાં પણ كلب صيد છે. એ ત્રણેવમાં હસ્ર (શર્ત, સીમા) નથી. મકાન વગેરેની હિફાઝતના માટે પણ પાળવો જાઈઝ છે. અમલ ઘટવાથી મુરાદ ભવિષ્યના અમલમાં ઉણપ છે, અથવા ખરેખર ઘટવું મુરાદ છે. કારણ એ છે કે જે

عَنْهُ زَرْعًا وَّلَا ضَرْعًا نَقَصَ كُلَّ يَوْمٍ مِّنْ عَمَلِهٖ قِيْرَاطٌ قُلْتُ اٰنْتَ سَمِعْتَ هٰذَا مِنْ

દરરોજ એક ક़ીરાત ઘટતો રહેશે. મેં પૂછયું, શું તમે રસૂલુલ્લાહ ﷺથી ખૂદ સાંભળ્યું છે ?

رَّسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِيْ وَرَبِّ هٰذَا الْمَسْجِدِ عه

કહ્યું, હા ! આ મસ્જિદના રબની ક़સમ !" (મુસ્લિમ–બુયૂઅ, નિસાઈ, ઈબ્ને માજહ–અસ્સીદ)

بَابُ اِسْتِعْمَالِ الْبَقَرِ لِلْحِرَاثَةِ صـ٣١٢

"ખેતી માટે બળદનો ઉપયોગ કરવો." –(૩૧૨)

حديث ١٣٤٧ سَمِعْتُ اَبَا سَلَمَةَ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફ઼માવ્યું, **[હદીષ : ૧૩૪૭]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ بَيْنَمَا رَجُلٌ رَاكِبٌ عَلٰى بَقَرَةٍ الْتَفَتَتْ اِلَيْهِ فَقَالَتْ لَمْ اُخْلَقْ

એક શખ્સ બળદ પર સવાર હતો તો બળદે પાછા વળીને કહ્યું, હું આના માટે નથી પેદા કરવામાં આવ્યો, હું

لِهٰذَا خُلِقْتُ لِلْحِرَاثَةِ قَالَ اٰمَنْتُ بِهٖ اَنَا وَاَبُوْ بَكْرٍ وَّعُمَرُ وَاَخَذَ الذِّيْبُ شَاةً

ખેતીના માટે પેદા કરવામાં આવ્યો છું ! હુઝૂરે ફ઼માવ્યું, હું એના પર ઈમાન લાવ્યો. અને અબૂબક઼ ઉમર પણ.

فَتَبِعَهَا الرَّاعِيْ فَقَالَ لَهُ الذِّيْبُ مَنْ لَّهَا يَوْمَ السَّبُعِ يَوْمَ لَا رَاعِيَ لَهَا غَيْرِيْ قَالَ

અને એક વરૂએ એક બકરી પકડી લીધી. ચરાવનારે તેનો પીછો કરીને તેને છીનવી લીધી તો વરૂએ તેને કહ્યું,

اٰمَنْتُ بِهٖ اَنَا وَاَبُوْ بَكْرٍ وَّعُمَرُ قَالَ اَبُوْ سَلَمَةَ وَمَا هُمَا يَوْمَئِذٍ فِي الْقَوْمِ عه

યૌમુસ્સબ્અ એનો કોણ રક્ષક થશે જે દિવસે મારા સિવાય કોઈ ચરાવનારો ન હશે. ફ઼માવ્યું, હું અને અબૂબક઼ તથા ઉમર એના પર ઈમાન લાવ્યા. અબૂ સલમાએ કહ્યું, અને અબૂબક઼ તથા ઉમર ક़ૌમમાં હાજર ન હતા."

(બુખારી ૧/૪૯૪ અલ્અંબિયા, ૧/૫૧૭ અલ્મનાક़िબ, ૧/૫૨૧ મનાક़िબે ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ)

ઘરમાં કૂતરો હોય છે એમાં રહમતના ફરિશ્તા નથી આવતા, કૂતરો નાપાકી ખાય છે, તેની લાળ નાપાક છે જે ઘરોમાં પડીને ઘરોને નાપાક કરી નાખે છે. એનો પણ ખતરો છે કે વાસણમાં મોં નાખીને પાણી અથવા ખોરાક નાપાક કરી આપે, ઘરવાળાંની જાણમાં ન આવે અને તેનો ઉપયોગ કરી લે. ક़ીરાતથી મુરાદ ભાગ છે જેની માત્રા અલ્લાહ عَزَّوَجَلَّ તથા રસૂલુલ્લાહ ﷺ જાણે.

હદીષ : ૧૩૪૭ની સમજૂતી પરિપૂર્ણતા : કિતાબુલ અંબિયામાં પ્રારંભિક હિસ્સામાં એ છે કે નબી ﷺએ (એક દિવસ) સવારની નમાઝ બાદ લોકોની તરફ઼ ચહેરો મુબારક ફેરવ્યો અને ઈર્શાદ ફ઼માવ્યો. એક શખ્સ બળદ હાંકતો હાંકતો એના પર સવાર થઈ ગયો અને તેને માર્યો. તે બળદે કહ્યું, હું એના માટે નથી પેદા

بَابٌ إِذَا قَالَ اكْفِنِي مُؤْنَةَ النَّخْلِ أَوْ غَيْرِهِ وَتُشْرِكُنِي فِي الثَّمَرِ صـ٣١٢

"ખજૂર અથવા કોઈપણ ઝાડના બારામાં માલિકે કોઈને કહ્યું, એના પર તમે મહેનત કરો અને ફળમાં મને ભાગીદાર રાખજો." –(૩૧૨)

حديث ١٣٤٨ عَنِ الْأَعْرَجِ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ قَالَتِ الْأَنْصَارُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, અન્સારે નબી ﷺ થી અર્ઝ કરી, **[હદીષ : ૧૩૪૮]**

لِلنَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ اقْسِمْ بَيْنَنَا وَبَيْنَ إِخْوَانِنَا النَّخِيلَ قَالَ لَا

અમારા અને અમારા ભાઈઓ વચ્ચે ખજૂરના બાગ વહેંચી આપો. ફર્માવ્યું, નહીં ! એના પર એ લોકોએ અર્ઝ

فَقَالُوا فَتَكْفُونَا الْمَؤُونَةَ وَنُشْرِكُكُمْ فِي الثَّمَرَةِ قَالُوا سَمِعْنَا وَأَطَعْنَا ـ ع ٥

કરી, તો કામ તેઓ કરે અને ફળમાં અમને શરીક રાખે. તો મુહાજિરોએ કહ્યું, મંઝૂર છે."

(બુખારી, ૧/૩૭૬, અશ્શરૂત, નિસાઈ)

કરવામાં આવ્યો, મને ખેતી માટે પેદા કરવામાં આવ્યો છે. તો લોકોએ કહ્યું, સુબ્હાનલ્લાહ ! બળદ વાત કરે છે ! ફર્માવ્યું, હું અને અબૂબક્ર તથા ઉમર એના પર ઈમાન લાવ્યા.

એ જ પ્રમાણે વરૂના કિસ્સા પછી લોકોએ કહ્યું, સુબ્હાનલ્લાહ ! વરૂ વાત કરે છે ! તો એવું જ ફર્માવ્યું.

يوم السبع : 'બા' પર જઝમ અને પેશની સાથે. એની શરહકર્તાઓએ છ સ્પષ્ટતાઓ કરી છે : સૌથી કરીબ (નજીક) તે છે જે અલ્લામા નવવીએ કરી છે કે એનાથી મુરાદ કોઈ મહાન ફિત્નો છે જેમાં લોકોને ચોપગાંનો પણ હોશ નહીં હોય અને તેઓ ચરાવનાર વિના જંગલોમાં ચરશે. ચોપગાંઓનું માણસો સાથે માણસની ભાષામાં વાત કરવું ઘણી બધી હદીષોમાં આવ્યું છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે. એક વરૂ એક બકરીના ટોળામાં આવ્યો અને એક બકરી પકડીને નાઠો. ચરાવનારે તેનો પીછો કર્યો અને વરૂથી છીનવી લીધી. વરૂ એક ટેકરા પર ચઢયો અને પોતાના આગલા પગો ઉભા કરીને બંને થાપાંની વચ્ચે પૂછડી દબાવીને આગળ કરીને બેઠો અને બોલ્યો, અલ્લાહે મને રોજી આપી હતી તેં તેને છીનવી લીધી ! તે શખ્સે કહ્યું, ખુદાની કસમ ! આજના જેવી વાત કદી નથી જોઈ ! વરૂ વાત કરે છે ! એના પર વરૂએ કહ્યું, આનાથી આશ્ચર્યમય વાત એ છે કે એ બંનેવ પહાડીઓના દરમ્યાન ખજૂરોના બાગમાં એક સાહબ છે જે તમામ ભૂતકાળની અને તમામ ભવિષ્યની ખબર આપે છે. એ ચરાવનારો યહૂદી હતો. એ નબી ﷺની ખિદમતમાં હાજર થયો અને આખો બનાવ સંભળાવ્યો અને મુસલમાન થઈ ગયો. નબી ﷺએ એને સમર્થન આપ્યું. *(મિશ્કાત, બાબુલ મુઅ્જિઝાત, પેજ–૫૪૧)*

હદીષ : ૧૩૪૮ની સમજૂતી **تكفونا المونة** : એટલે ઝાડની દેખભાળ, તેને પાણી આપવું, ખેડવું અને તેનાં બીજાં જરૂરી કામો જેમ કે હિફાઝત વગેરે મુહાજિરો કરે અને જે પેદા થાય તે અમારા અને તેમનામાં સંયુક્ત હોય. હુઝૂરે અકદસ ﷺએ એ પસંદ ન ફર્માવ્યું કે અન્સારને તેમની મિલ્કતથી અલગ કરી દેવામાં આવે, એટલે ઈન્કાર કરી આપ્યો પણ જ્યારે પેદાશમાંથી ભાગ વહેંચવાની તજવીઝ રાખવામાં આવી તો મંઝૂર કરી લીધું.

بَابُ قَطْعِ الشَّجَرِ وَالنَّخِيْلِ صـ٣١٢

"ખજૂર અથવા કોઈ ઝાડ કાપવું" –(૩૧૨)

حديث ١٣٤٩ عَنْ نَّافِعٍ عَنْ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત અબ્દુલ્લાહ (ઈબ્ને ઉમર) رضی اللہ عنہما એ નબી ﷺના બારામાં રિવાયત **[હદીષ : ૧૩૪૯]**

عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ حَرَّقَ نَخْلَ بَنِي النَّضِيْرِ وَ قَطَعَ وَهِيَ الْبُوَيْرَةُ وَلَهَا يَقُوْلُ حَسَّانُ

કરી કે હુઝૂરે બની નુઝૈરના ખજૂરોનાં ઝાડોને સળગાવી અપાવ્યાં અને કપાવી નાખ્યાં. આ બૂઅયરામાં થયું.

وَهَانَ عَلٰى سَرَاةِ بَنِيْ لُؤَيٍّ ۞ حَرِيْقٌ بِالْبُوَيْرَةِ مُسْتَطِيْرٌ ـ عـه

એના બારામાં હસ્સાને કહ્યું, બની લૂઅયના સરદારો પર બૂઅયરામાં ફેલાયેલી આગે ફતહને આસાન કરી આપી."

(બુખારી ૧/૪૨૪ જેહાદ, ૨/૫૭૫ મગ્ઝી, ૨/૭૨૫ તફસીરે સૂરએ હશ્ર, મુસ્લિમ, અબૂ દાઉદ, ઈબ્ને માજહ–જેહાદ, દારમી–સિયર, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૮)

હદીષ : ૧૩૪૯ની સમજૂતી મદીના તયબહમાં આગમન પછી હુઝૂરે અકદસ ﷺએ મદીનાના ત્રણેવ યહૂદી કબીલાઓ બની કુનયકા, બની નઝીર તથા બની કુરૈઝાથી કરાર કર્યો હતો કે બંને પક્ષોમાંથી કોઈના ઉપર દિયત (ખૂનના બદલે વળતર) લાઝિમ થશે તો સૌ મળીને અદા કરશે. સરિય્યાએ બીરે મઊનાથી પરત થતાં હઝરત અમ્ર ઈબ્ને ઉમૈયા ઝમીરી رضی اللہ عنہ એ કબીલા બની આમિરના બે શખ્સોને કત્લ કરી નાખ્યા જેમને રસૂલુલ્લાહ ﷺ અમાન આપી ચૂક્યા હતા તેની એમને ખબર ન હતી. હુઝૂરે અકદસ ﷺએ તેમની દિયત અદા કરવાનુ એલાન ફર્માવી આપ્યું. એ જ દિયતના અનુસંધાનમાં બની નઝીરમાં તશરીફ લઈ ગયા. વાતચીત દરમ્યાન હુઝૂરે અકદસ ﷺ એક દીવાલના સાયામાં ઉભેલા હતા. એ દગાબાઝોએ એક શખ્સને ઉપલા માળે મોકલ્યો કે હુઝૂર પર પથ્થર ફેંકી દે. પોતાના બાતિની ઈલ્મ વડે હુઝૂરને ખબર થઈ ગઈ અને પરત તશરીફ લઈ આવ્યા.

તેમજ તેઓ પર્દા પાછળ કુરૈશના કાફિરો સાથે કોન્ટેક્ટ રાખતા હતા એટલા માટે હુઝૂરે અકદસ ﷺએ બની નઝીરનો ઘેરાવ કરી લીધો. દરમ્યાનમાં ખજૂરોનો બાગ હતો જેના ઝુંડથી છુપાવાનુ કામ લઈ શક્તા હતા એટલા માટે એનાં અમુક ઝાડો કપાવી નાખ્યાં અને સળગાવી નખાવ્યાં. એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ : **وَمَا قَطَعْتُمْ مِنْ لِّيْنَةٍ اَوْتَرَكْتُمُوْهَا قَائِمَةً عَلٰى اُصُوْلِهَا فَبِاِذْنِ اللّٰهِ** "લીનાનાં કેટલાંક ઝાડો કપાવી નાખ્યાં અને કેટલાંકને છોડયાં, આ બધું અલ્લાહના હુકમથી થયું." *(હશ્ર–૧)*

આ ઘેરાવ પંદર દિવસ રહ્યો. થાકી હારીને બની નઝીરે એ શર્ત મૂકી કે અમને મદીનાની બહાર જવાની ઈજાઝત આપવામાં આવે અને શરતની સાથે કે અમે જેટલો માલ સામાન પોતાની સાથે લઈ જઈ શકીએ લઈ જઈએ. આ શર્ત મંઝૂર થઈ અને તેઓ ખૈબર ચાલ્યા ગયા. આ બનાવ રબીઉલ અવ્વલ હિ.સ. ૪માં થયો.

بنی لؤی : (બની લૂવય) હુઝૂરે અકદસ ﷺના જદ્દે આ'લા (દાદા) બની લુઅયથી મુરાદ કુરૈશ છે. બલ્કે (તેનાથી) અધિક ખાસ, હુઝૂરે અકદસ ﷺ તથા સહાબાએ કિરામ.

بويره : (બૂઅયરા) : બની નુઝૈર જ્યાં રહેતા હતા એ જગાનું નામ છે. લીબ્ના મામૂલી ખજૂરની એક જાત છે જેને સામાન્ય અરબો ખાતા ન હતા.

حديث ١٣٥٠ عَنْ حَنْظَلَةَ بْنِ قَيْسٍ الْاَنْصَارِيِّ سَمِعَ رَافِعَ بْنَ خَدِيْجٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى

"હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ એ ફર્માવ્યું, મદીનાવાસીઓમાં સૌથી અધિક [હદીષ : ૧૩૫૦]

عَنْهُ قَالَ كُنَّا اَكْثَرَ اَهْلِ الْمَدِيْنَةِ مَزْدَرَعًا كُنَّا نُكْرِى الْاَرْضَ بِالنَّاحِيَةِ مِنْهَا مُسَمًّى

ખેતરવાળા અમે લોકો હતા. અમે એ શરત પર ખેતર ભાડે આપતા કે ખેતરના એક નિશ્ચિત હિસ્સાની ઉપજ

لِسَيِّدِ الْاَرْضِ قَالَ فَمِمَّا يُصَابُ ذٰلِكَ وَتَسْلَمُ الْاَرْضُ وَمِمَّا تُصَابُ الْاَرْضُ

ખેતરનો માલિક લેશે. પરંતું એવું જતું હતું કે ક્યારેક તે હિસ્સાની ઉપજ નષ્ટ થઈ જતી અને ખેતર મેહફૂઝ રહેતુ.

وَيَسْلَمُ ذٰلِكَ فَنُهِيْنَا وَاَمَّا الذَّهَبُ وَالْفِضَّةُ فَلَمْ يَكُنْ يَوْمَئِذٍ

અને કેટલીકવાર ખેતરની ઉપજ નષ્ટ થઈ જતી અને તે હિસ્સો સલામત રહેતો. એટલા માટે

અમને એનાથી મના કરી આપ્યું. સોના ચાંદી તે વખતે ન હતાં."

હદીષ : ૧૩૫૦ની સમજૂતી

ચાર પ્રકરણો પછી **باب مايكره من الشروط فى المزارعة** માં એની વિગત આ પ્રમાણે વર્ણન થઈ છે કે નક્કી એવું થતુ હતું કે ખેતરના એ હિસ્સાની ઉપજ હું લઈશ અને એ હિસ્સાની ભાડુઆત લેશે. એમાં એ ગરબડ ખડી થતી કે ક્યારેક માલિકના હિસ્સામાં કાંઈ પેદા ન થતું અને ભાડુઆતના હિસ્સામાં ઉપજ થતી, અને ક્યારેક એનાથી ઉલ્ટુ થતું. એટલા માટે એનાથી મના કરી આપ્યું.

مزدرعا : આ પ્રકરણ ઈફ્તેઆલનું ઈસ્મેઝરફ અથવા મુસ્દરે મયમી છે. અસલમાં **مزترعاً** હતું, **تاء** (તા)ને **دال** (દાલ)થી બદલી નાખવામાં આવ્યું.

بالناحية منها : એટલે કે જમીનનો એક નિશ્ચિત હિસ્સો જમીન માલિક માટે દર્શાવવામાં આવે છે કે એની ઉપજ જમીન માલિક લેશે અને એક હિસ્સો ભાડુઆતના નામથી દર્શાવાય છે કે એની ઉપજ ભાડુઆત લેશે.

فمما يصاب : એટલે કે માલિકનો નામ સૂચવેલ હિસ્સો બર્બાદ થઈ જતો અને બાકીના ખેતરમાં પાકની ઉપજ થતી. અને ક્યારેક ભાડુઆતનો હિસ્સો બર્બાદ થઈ જતો અને માલિકનો મેહફૂઝ રહેતો. હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ ની આ હદીષ હઝરત ઈમામે આ'ઝમ તથા એ ઈમામોની દલીલ છે જેઓ એવું કહે છે કે બટાઈ (આધે) પર ખેતી જાઈઝ છે. આ ઉપરાંત અન્ય ઘણી બધી હદીષો એની મનાઈમાં આવેલી છે, જેમાં એ હદીષ કે મુહાકલત (ખેતીને કંતી–ડૂંડાં સાથે વેચવા)થી મના ફર્માવ્યું વર્ણન થઈ ચૂકી છે. મુહાકલત (ખેતીને કંતી–ડૂંડાં સાથે વેચવા)નો એક અર્થ એ પણ છે. બાકીની હદીષો આગળ આવી રહી છે. આપણા ઈમામોમાં હઝરત અબૂ યૂસુફ અને ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہما એ એને જાઈઝ કહેલ છે. ઉર્ફ અને આમ રિવાજના કારણે એના પર ફત્વો છે.

بَابُ الْمُزَارَعَةِ بِالشَّطْرِ وَنَحْوِهِ صـ٣١٣

"અડધી અથવા વધઘટ ઉપજ પર ખેતી" –(૩૧૩)

ت ٤٤٨ وَقَالَ قَيْسُ بْنُ مُسْلِمٍ عَنْ اَبِيْ جَعْفَرٍ قَالَ مَا بِالْمَدِيْنَةِ اَهْلُ بَيْتِ هِجْرَةٍ

"અને કૈસ બિન મુસ્લિમે ઈમામ અબૂ જઅફર સાદિક રહ.અ.થી રિવાયત કરી કે **[તઅલીક : ૪૪૮]**

اِلَّا يَزْرَعُوْنَ عَلَى الثُّلُثِ وَالرُّبُعِ ـ

તેમણે ફર્માવ્યું, મદીનામાં મુહાજિરોનું કોઈ ઘર એવું ન હતું જે ત્રીજો ભાગ કે ચોથાઈ પર ખેતી ન કરતો હોય."

ت ٤٤٩ وَزَارَعَ عَلِيٌّ وَّسَعْدُ بْنُ مَالِكٍ وَعَبْدُ اللّٰهِ بْنُ مَسْعُوْدٍ وَعُمَرُ بْنُ عَبْدِ

"હઝરત અલી અને હઝરત સઅદ બિન માલિક, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને **[તઅલીક : ૪૪૯]**

الْعَزِيْزِ وَالْقَاسِمُ وَعُرْوَةُ وَآلُ اَبِيْ بَكْرٍ وَّآلُ عُمَرَ وَآلُ عَلِيٍّ وَابْنُ سِيْرِيْنَ ـ

મસઊદ રદિ.અ. તથા ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ, કાસિમ ઉરવા, હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત અલી રદિ.અ.ની ઔલાદ અને ઈબ્ને સીરીને બટાઈ (આધે) પર ખેતી કરી છે."

ت ٤٥٠ وَقَالَ عَبْدُ الرَّحْمٰنِ بْنُ الْاَسْوَدِ كُنْتُ اُشَارِكُ عَبْدَ الرَّحْمٰنِ بْنِ يَزِيْدَ فِي الزَّرْعِ **[તઅલીક : ૪૫૦]**

"અને અબ્દુર્રહમાન બિન અસ્વદે કહ્યું, હું તથા અબ્દુર્રહમાન બિન યઝીદ ખેતીમાં એક બીજાના શરીક રહેતા હતા."

તઅલીક : ૪૪૮ની સમજૂતી

આ તઅલીકને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે પોતાના મુસન્નફમાં મુત્તસિલ સનદ સાથે વર્ણવી લે.

તઅલીક : ૪૪૯ની સમજૂતી

હઝરત અલી રદિ.અ. અને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ અને આલે અબૂબક્ર તથા આલે ઉમરની તઅલીકાતને ઈમામ ઈબ્ને અબી શયબાએ અને હઝરત સઅદ બિન માલિકની અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદની તઅલીકોને ઈમામ તહાવીએ, અને કાસિમ બિન મુહમ્મદની તઅલીકને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે, અને ઈબ્ને સીરીનની તઅલીકને ઈમામ સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે : અલ્લામા ઈબ્ને હજરે કહ્યું કે ઉરવા બિન ઝુબેરની તઅલીકને ઈમામ ઈબ્ને અબી શયબાએ મૌસૂલન વર્ણન કરેલ છે પણ અલ્લામા અયનીએ ફર્માવ્યું કે મેં નથી જોઈ. સઅદ બિન માલિકથી મુરાદ હઝરત સઅદ બિન અબી વક્કાસ રદિ.અ. છે.

તઅલીક : ૪૫૦ની સમજૂતી

આ તઅલીકને ઈમામ ઈબ્ને અબી શયબાએ રિવાયત કરી. એમાં આટલુ વધુ છે કે હું અનાજ ઉઠાવીને અલ્કમા અને અસ્વદની પાસે લઈ જતો, જો એમાં કોઈ વાંધો હોતો તો બંને મના કરતા. અબ્દુર્રહમાન બિન અસ્વદ મશહૂર ફકીહ મુહદ્દિષ અસ્વદ ઈબ્ને યઝીદના ભાઈ અને હઝરત અલ્કમાના ભત્રીજા છે.

ت ٤٥١ وَعَامَلَ عُمَرُ النَّاسَ عَلٰى اِنْ جَاءَ عُمَرُ بِالْبَذْرِ مِنْ عِنْدِهٖ فَلَهُ الشَّطْرُ وَ

"અને હઝરત ઉમર એ લોકો સાથે એ મામલો કર્યો કે જો ઉમર બીયારણ [તઅલીક્ : ૪૫૧]

اِنْ جَاءُوْا بِالْبَذْرِ فَلَهُمْ كَذَا۔

આપે તો એને અડધુ અને જો એ લોકો બીયારણ આપે તો એમને આટલુ."

ت ٤٥٢ وَقَالَ الْحَسَنُ لَا بَاْسَ اَنْ تَكُوْنَ الْاَرْضُ لِاَحَدِهِمَا فَيُنْفِقَانِ جَمِيْعًا

"અને ઈમામ હસન બસરીએ કહ્યું, એમાં કોઈ વાંધો નથી કે જમીન કોઈની [તઅલીક્ : ૪૫૨]

فَمَا خَرَجَ فَهُوَ بَيْنَهُمَا وَرَاٰى ذٰلِكَ الزُّهْرِيُّ ۔

હોય અને એની સાથે કોઈ અન્ય મળીને ખર્ચ કરે અને ઉપજ બંને લે. અને ઝુહરીની પણ એ જ રાય છે."

ت ٤٥٣ وَقَالَ الْحَسَنُ لَا بَاْسَ اَنْ يَّجْتَنِيَ الْقُطْنَ عَلَى النِّصْفِ [તઅલીક્ : ૪૫૩]

"અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું કે કોઈ રૂ એ શર્ત પર વણે (વણાટકામ) કે અડધું હું લઈશ તો કોઈ વાંધો નથી."

ت ٤٥٤ وَقَالَ اِبْرَاهِيْمُ وَابْنُ سِيْرِيْنَ وَعَطَاءٌ وَالْحَكَمُ وَالزُّهْرِيُّ وَقَتَادَةُ لَا بَاْسَ

"અને ઈબ્રાહીમ, ઈબ્ને સીરીન, અતાઅ્, હકમ, ઝુહરી તથા કતાદાએ [તઅલીક્ : ૪૫૪]

اَنْ يُّعْطِيَ الثَّوْبَ بِالثُّلُثِ اَوِ الرُّبُعِ اَوْ نَحْوِهٖ

કહ્યું કે ત્રીજાઈ કે ચોથાઈ વગેરેની શર્ત પર કપડુ વણવા માટે આપવામાં આવે કાંઈ વાંધો નથી."

તઅલીક્ : ૪૫૧ની સમજૂતી

ઈબ્ને અબી શયબાએ આ તઅલીક્ને વિગતવાર આ પ્રમાણે વર્ણવી છે કે હઝરત ઉમરે નજરાનના યહૂદી તથા ઈસાઈને તડીપાર કર્યા તો તેમની જમીનો અને દ્રાક્ષના વેલાઓ ખરીદી લીધા અને જેમને જમીનો આપી એમનાથી એ નક્કી કર્યું કે જો તે લોકો કુલ બિયારણ પોતાની પાસેથી લગાડે તો તેમને ૨/૩, અને ઉમરના માટે ૧/૩. અને જો ઉમર બિયારણ આપે તો એનું અડધુ અને ખજૂરોમાં એ નક્કી કર્યું કે કામ કરનારાઓને પાંચમો અને દ્રાક્ષની વેલોમાં તેમને ત્રીજો તથા ૨/૩ ઉમરને.

તઅલીક્ : ૪૫૨-૪૫૩-૪૫૪ની સમજૂતી

ઈમામ ઈબ્રાહીમ નખઈની તઅલીક્ને ઈમામ અબૂબક્ર અષરમે અને બાકીની તઅલીક્ો ઈમામ અબૂબક્ર ઈબ્ને શયબાએ રિવાયત કરી છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે ઈમામ અતાઅ્ અને હકમનો કૌલ મને ઈબ્ને અબી શયબામાં નથી મળ્યો અને ઈમામ ઝુહરીના કૌલની પણ તખરીજ (હવાલા)થી હું વાકેફ નથી થયો.

આ તઅલીક્ોનો સાર એ છે કે વણનારાને સુતર આપ્યું કે કપડુ વણી આપે, જે કપડુ તૈયાર થાય તેનું ત્રીજુ, ચોથાઈ, અડધુ મારું છે બાકીનું તમારું, એમાં કાંઈ વાંધો નથી.

ت ٤٥٥ وَقَالَ عُمَرُ لَا بَاسَ اَنْ تَكُوْنَ الْمَاشِيَةُ عَلَى الثُّلُثِ اَوِ الرُّبُعِ اِلٰى اَجَلٍ مُّسَمًّى

"અને મઅમરે કહ્યું, એમાં કોઈ વાંધો નથી કે પાલતુ પ્રાણીઓ નિશ્ચિત મુદ્દત સુધી [તઅલીક : ૪૫૫]

ત્રીજા ભાગ કે ચોથાઈ પર આપવામાં આવે."

حديث ١٣٥١ عَنْ نَّافِعٍ اَنَّ عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَخْبَرَهٗ اَنَّ النَّبِىَّ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ખબર આપી કે નબી ﷺ એ [હદીષ : ૧૩૫૧]

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَامَلَ اَهْلَ خَيْبَرَ بِشَطْرِ مَا يَخْرُجُ مِنْهَا مِنْ زَرْعٍ

ખૈબરવાળાઓ સાથે એ મામલો કર્યો હતો કે તેઓ ખેતી કે ફળ જે પણ પેદા થાય એનુ અડધુ આપશે. અને હુઝૂરે

اَوْ ثَمَرٍ وَّكَانَ يُعْطِىْ اَزْوَاجَهٗ مِائَةَ وَسْقٍ ثَمَانُوْنَ وَسْقَ تَمْرٍ وَّعِشْرُوْنَ وَسْقَ

અકદસ ﷺ પોતાની પત્નીઓને સો વસક અતા ફર્માવતા હતા, એંસી વસક ખજૂર અને વીસ વસક જવ. અને

شَعِيْرٍ وَقَسَمَ عُمَرُ خَيْبَرَ اَزْوَاجَ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنْ يُّقْطِعَ لَهُنَّ

જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ એ ખૈબરની જમીન વહેંચી તો અઝવાજે મુતહહરાત (નબી પાકની પવિત્ર બીબીઓ)ને

مِنَ الْمَاءِ وَالْاَرْضِ اَوْ يُمْضِىَ لَهُنَّ فَمِنْهُنَّ مَنِ اخْتَارَ الْاَرْضَ وَمِنْهُنَّ مَنِ اخْتَارَ

અધિકાર આપી દીધો, તેઓ ચાહે તો તેમને પાણી અને જમીનનો એક ટુકડો આપી દેવામાં આવે અથવા

الْوَسْقَ وَكَانَتْ عَائِشَةُ اخْتَارَتِ الْاَرْضَ ـ

પહેલાંનો અમલ યથાવત રાખવામાં આવે. એમાંથી અમુકે જમીન પસંદ કરી અને અમુકે વસકને, અને હઝરત

આઈશા رضی اللہ عنہا એ જમીન પસંદ કરી."

તઅલીક : ૪૫૫ની સમજૂતી એનો મતલબ એ છે કે કોઈને ચોપગુ આપ્યું કે તેને ભાડા પર ચલાવો, દા.ત. વજન વહેવા, અને જે ભાડા પેટે મળે તેનો અડધો કે ત્રીજો ભાગ મારો બાકીનો તમારો.

આ સર્વ કરારોમાં આપણો મઝહબ એ છે કે જાઈઝ નથી, કેમ કે મજૂરી પણ મજહૂલ છે (નક્કી નથી) અને મુદ્દત પણ. જેનાથી ઝઘડાનો પૂરો સંભવ છે. અને અમુકના સમર્થનમાં સહીહ હદીષો પણ આવેલી છે. અહીં ઈમામ બુખારીને પોતાના સમર્થનમાં હદીષો નથી મળી જેથી અકવાલે રિજાલનો સહારો લીધો, જ્યારે કે તાબઈનના બારામાં હઝરત ઈમામે આ'ઝમ ફર્માવી ચૂક્યા છે ينازعونا ننازعوهم તાબઈન સાથે અમારો મતભેદ ચાલતો રહે છે, એટલે કે એમનો ફત્વો અમારા માટે દલીલ નથી.

હદીષ : ૧૩૫૧ની સમજૂતી મુઝારેઅત અને મુસાકાત એટલે આધ પર ખેતી અને બાગમાં કામ કરવાના જાઈઝ રાખવાવાળાની બહુ મોટી દલીલ આ હદીષ છે. પણ વર્ણન થઈ ચૂક્યું કે એ ન મુઝારેઅત હતી ન મુસાકાત બલ્કે ખિરાજ હતું.

حديث ١٣٥٢ قَالَ عَمْرٌو قُلْتُ لِطَاوُسٍ لَوْ تَرَكْتَ الْمُخَابَرَةَ فَإِنَّهُمْ يَزْعُمُونَ أَنَّ النَّبِيَّ

''અમ્ર બિન દીનારે ઈમામ તાઉસને કહ્યું કે તમે મુખાબરા ('મુખાબરા'નો અર્થ [હદીષ : ૧૩૫૨]

صَلَّى اللهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ نَهَىٰ عَنْهُ قَالَ أَيْ عَمْرُو فَإِنِّي أُعْطِيهِمْ وَأُعِينُهُمْ

મુઝારઅત (ખેતી) જ છે.) છોડી આપો તો બેહતર છે. એટલા માટે કે લોકો ગુમાન કરે છે કે નબી ﷺએ

وَإِنَّ أَعْلَمَهُمْ أَخْبَرَنِي يَعْنِي ابْنَ عَبَّاسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ

એનાથી મના ફર્માવ્યું. તો તાઉસે કહ્યું, હે અમ્ર ! હું એમને આપુ છું અને એમની મદદ કરી આપુ છું અને એમાં

لَمْ يَنْهَ عَنْهُ وَلَكِنْ قَالَ أَنْ يَمْنَحَ أَحَدُكُمْ أَخَاهُ خَيْرٌ لَهُ مِنْ أَنْ يَأْخُذَ عَلَيْهِ

સૌથી વધુ ઈલ્મવાળા એટલે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ મને ખબર આપી કે નબી ﷺએ એનાથી મના

خَرْجًا مَعْلُومًا ـــ

નથી ફર્માવ્યું, હા ! એવું ફર્માવ્યું છે કે તમે તમારા ભાઈને આપી દો એ એનાથી બેહતર છે કે એ જમીન પર

એનાથી મેહસૂલ વસૂલ કરો.''

(બુખારી ૧/૩૧૫, મુસ્લિમ, અબૂ દાઉદ–બુયૂઅ, તિર્મિઝી–અલ્ અહકામ, નિસાઈ–અલ્મુઝારઅત, ઈબ્ને માજહ–અલ્અહકામ)

وقسم عمر : હઝરત ઉમર رضی اللہ عنہ એ યહૂદીઓને ખૈબરથી તડીપાર કર્યા તો ત્યાંની જમીનને હક્કદારોમાં વહેંચી કાઢી એ વખતે અઝવાજે મુતહ્હરાતનો મામલો પણ રજૂ થયો. કેમ કે હુઝૂરે અક્દસ ﷺ ખૈબરની જ ઉપજથી અઝવાજે મુતહ્હરાત (પુનિત પત્નીઓ)ને અતા કરતા હતા. હઝરત ઉમર رضی اللہ عنہ એ ઉમ્મહાતુલ મોમિનીનની મરજી પર છોડયું તો જેમને જે પસંદ હતું તે સ્વીકાર્યું.

ફાયદો : ખેતીના ચાર પ્રકાર છે : પ્રથમ ખેતર અથવા બાગના કોઈ ખાસ હિસ્સાને પોતાના માટે રાખી લે કે એની ઉપજ હું લઈશ બાકીની ઉપજ ખેડૂત લે. આ એકમતિએ નાજાઈઝ છે. બીજુ એ કે બદલામાં રોકડા નક્કી થાય, આ એકમતિએ જાઈઝ છે. બદલામાં અનાજની કોઈ માત્રા નક્કી થાય, દા.ત. દસ મણ, એ પણ નાજાઈઝ છે. એ નક્કી થાય કે અડધુ કે ચોથાઈ આપવામાં આવશે. આપણે ત્યાં પસંદીદા એ છે કે એ જાઈઝ છે.

હદીષ : ૧૩૫૨ની સમજૂતી

'મુખાબરા'નો અર્થ મુઝારઅત (ખેતી)જ છે. ફરક એ છે કે જો બિયારણ ખેડૂતનું હોય તો મુખાબરા કહેવાય છે અને જો માલિકનું હોય તો મુઝારઅત. આપણા હિંદુસ્તાનમાં સામાન્ય રિવાજ એ જ છે કે બિયારણ, હળ , બળદ સૌ ખેડૂતનું હોય છે. એ જ જોડે છે તથા વાવે પણ છે, ત્યાં સુધી કે કાપીને, અનાજને ભૂસાથી અલગ કરીને અડધુ ખેતરના માલિકને આપે છે. અલ્બત્ત ભૂસુ બધું ખેડૂત લે છે.

بَابُ أَوْقَافِ أَصْحَابِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَأَرْضِ الْخَرَاجِ وَمُزَارَعَتِهِمْ وَمُعَامَلَتِهِمْ

"સહાબાએ કિરામની વક્ફવાળી તથા ખિરાજવાળી જમીન, અને સહાબાની ખેતી તથા મામલાઓનું બયાન" *–(૩૧૪)*

حديث ૧૩૫૩ عَنْ زَيْدِ بْنِ أَسْلَمَ عَنْ أَبِيهِ قَالَ قَالَ عُمَرُ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُ لَوْلَا

"ઝયદ બિન અસ્લમ પોતાના પિતાથી રિવાયત કરે છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ **[હદીષ : ૧૩૫૩]**

آخِرُ الْمُسْلِمِيْنَ مَا فُتِحَتْ قَرْيَةٌ إِلَّا قَسَمْتُهَا بَيْنَ أَهْلِهَا كَمَا قَسَمَ النَّبِيُّ صَلَّى اللهُ

ફર્માવ્યું, જો ભવિષ્યના માટે મુસલમાનોનો મને ખયાલ ન હોત તો જે પણ વસ્તી ફતહ થાત તેના રહેવાસીઓ

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ خَيْبَرَ ـه

પર વહેંચી આપતો જેવી રીતે નબી ﷺ એ ખૈબરમાં કર્યું હતું."

(બુખારી ૧/૪૪૦ અલ્જિહાદ, ૨/૬૦૮ મગ્ઝી, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૪૦, અબૂ દાઊદ–ખિરાજ)

لم ينه عنه : એનાથી મુરાદ એ છે કે મુત્લક્ન (સદંતર) મના નથી ફર્માવ્યું બલ્કે એ મુઝારિઅતથી મના ફર્માવ્યું જેમાં કોઈ શર્ત છૂટી જતી હોય જેનાથી ઝઘડો થવાનો અંદેશો હોય. જેમ કે ઈમામ તહાવી (મઆનિયુલ આષાર, ૨/૨૫૯) વગેરેએ ઝયદ બિન ષાબિત رضی اللہ عنہ થી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું, અલ્લાહ રાફેઅ બિન ખદીજની મગફેરત ફર્માવે, હું એમના કરતાં અધિક આ હદીષને જાણુ છું. થયું એમ કે અન્સારના બે સાહબ રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયા જેઓ આપસમાં લડી રહ્યા હતા. ફર્માવ્યું, જ્યારે તમારો આ હાલ છે તો ભાડા પેટે ખેતર ન આપો. રાફેએ કેવળ આ સાંભળ્યું. એની પણ સંભાવના છે કે મનાઈ કરાહતે તન્ઝીહી (મકરૂહે તન્ઝીહી)ની હદ સુધી હોય અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ કરાહતે તહરીમીનો ઈન્કાર કરી રહ્યા છે.

ان يمنح اخاه : આ ઈર્શાદ અખ્લાકની ઉચ્ચતા તથા સદવર્તાવ તથા હમદર્દીનું સૂચન છે.

હદીષ : ૧૩૫૩ની સમજૂતી

આ હદીષના રાવી અસ્લમ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ગુલામ હતા. એ મૂળમાં યમનના રહેવાસી હતા. હિ.સ. ૧૧માં હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને પોતાની ખિલાફતના પ્રથમ વર્ષે અમીરે હજ બનાવીને મોકલ્યા હતા તો મક્કા મોઅઝ્ઝમામાં તેમણે અસ્લમને ખરીદયા હતા. ૧૧૪ વરસની વયે રબને પ્યારા થયા.

સામ્યતા : પ્રકરણના પ્રથમ ભાગ એટલે સહાબાએ કિરામના અવક્ાફની સાબિતીના માટે વસાયાની એક લાંબી હદીષનો એક ભાગ તઅલીક્ રૂપે વર્ણન કર્યો છે, જેમાં એ છે કે હુઝૂરે અક્દસ ﷺ એ હઝરત ઉમર رضی اللہ عنہ થી ફર્માવ્યું હતું કે એ બાગને સદક્ો કરી આપો કે એને વેચવામાં ન આવી શકે, અને એના ફળને ખાવામાં આવે. હઝરત ઉમર رضی اللہ عنہ એ એવું જ કર્યું. અને પ્રકરણના બાકીના હિસ્સાની સામ્યતા વર્ણવેલ હદીષથી જાહેર છે.

بَابُ مَنْ اَحْيَى اَرْضًا مَوَاتًا صـ ٣١٤

"જેણે કોઇ માલિકી વિનાની ઉજ્જડ જમીનને આબાદ કરી" –(૩૧૪)

મવાત અને મયતતહ એ જમીનને કહે છે કે જે કોઈની માલિકીમાં ન હોય અને ન વસ્તીની જરૂરિયાત માટે હોય. એનો હુકમ એ છે કે હાકિમે ઈસ્લામની ઈજાઝતથી જે શખ્સ એના પર કબજો કરી લે તેની છે.

ت ٤٥٦ وَرَأَى ذٰلِكَ عَلِيٌّ فِيْ اَرْضِ الْخَرَابِ بِالْكُوْفَةِ - [તઅલીક़ : ૪૫૬]

"હઝરત અલી رضی اللہ عنہ એ કૂફાની વિરાન જમીનના બારામાં આ જ હુકમ ઈર્શાદ ફર્માવ્યો છે."

ت ٤٥٧ وَقَالَ عُمَرُ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ مَنْ اَحْيٰى اَرْضًا مَّيْتَةً فَهِيَ لَهٗ - [તઅલીક़ : ૪૫૭]

"અને હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, જે શખ્સ બિન માલિકીની ઉજ્જડ જમીનને આબાદ કરે તે એની છે."

ت ٤٥٨ وَيُرْوٰى عَنْ عَمْرِو بْنِ عَوْفٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَ [તઅલીક़ : ૪૫૮]

"અને અમ્ર ઈબ્ને ઔફ رضی اللہ عنہ ના તરીક़ાથી નબી ﷺ થી મરવી છે :

قَالَ فِيْ غَيْرِ حَقِّ مُسْلِمٍ وَّلَيْسَ لِعِرْقِ ظَالِمٍ فِيْهِ حَقٌّ -

અને ફર્માવ્યું, જ્યારે કે તેનાથી કોઈ મુસલમાનની હક્ક़તલફી ન થતી હોય

અને જુલ્મની રીતે ઝાડ રોપનારનો એમાં કોઈ હક્ક़ નથી."

તઅલીક़ : ૪૫૬ની સમજૂતી એટલે કે જેણે એને આબાદ કરી, દા.ત. મકાન બનાવ્યું, બાગ લગાડી લીધો, ખેતર બનાવી લીધું તે તેની છે.

તઅલીક़ : ૪૫૭ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ માલિક رحمۃ اللہ علیہ એ મોઅત્તામાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે.

તઅલીક़ : ૪૫૮ની સમજૂતી **عن عمرو بن عوف** નો મતલબ એ થયો કે હઝરત અમ્ર બિન ઔફ رضی اللہ عنہ એ **من احیی ارضا میتة فهی له** ને મરફૂઅન રિવાયત કર્યું છે. અને અધિક આ પણ **فی غیر حق مسلم۔ الحدیث.**

આ તઅલીક़ને ઈમામ તિબ્રાની, ઈબ્ને અદી તથા બયહકીએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. આ અમ્ર બિન ઔફ અન્સારી બદરી رضی اللہ عنہ ના સિવાયના અન્ય બુઝુર્ગ છે જે મુઝની છે. એમની બુખારીમાં આના સિવાય અન્ય કોઈ હદીષ નથી.

عرق ظالم માં તન્વીન પણ દુરુસ્ત છે. એટલે કોઈ અન્યની માલિકીની જમીનમાં એની ઈજાઝત વિના ઝાડ લગાડનારા જાલિમને એ જમીનમાં ઝાડ રહેવા દેવાનો કોઈ હક્ક़ નથી. અને ઈઝાફતની સાથે તન્વીન વિના **لعرق ظالم** પણ દુરુસ્ત છે એટલે કે જાલિમે જે ઝાડ ક્યાંક લગાડયું. અને એ ત્યારે થશે કે જમીન માલિકની રજા વિના લગાડે. બંનેનો સાર એક જ થયો. એટલા માટે મેં તર્જુમો આ પ્રમાણે કર્યો : જુલ્મથી ઝાડ લગાડનારનો એ જમીનમાં કોઈ હક્ક़ નથી.

ت ٤٥٩ وَيُرْوٰى فِيْهِ عَنْ جَابِرٍ رَّضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ [તઅલીક : ૪૫૯]

"આ પ્રકરણમાં હઝરત જાબિર رضی اللہ عنہ ની એક હદીષ રિવાયત કરવામાં આવે છે કે તે નબી ﷺથી રિવાયત કરે છે."

حديث ١٣٥٤ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ નબી ﷺથી રિવાયત કરી કે [હદીષ : ૧૩૫૪]

عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ اَعْمَرَ اَرْضًا لَيْسَتْ لِاَحَدٍ فَهُوَ اَحَقُّ - قَالَ عُرْوَةُ قَضٰى بِهٖ

ફર્માવ્યું, જેણે એવી જમીનને આબાદ કરી જે કોઈની માલિકીમાં નથી તો તે એનો હક્કદાર છે.

عُمَرُ فِىْ خِلَافَتِهٖ -

ઉરવાએ કહ્યું, હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાની ખિલાફતમાં એના પ્રમાણે ફૈસલો કર્યો."

તઅલીક : ૪૫૯ની સમજૂતી

હઝરત જાબિર رضی اللہ عنہ ની આ હદીષ (પેજ–૧૬૬) ઈમામ તિર્મિઝીએ રિવાયત કરી છે. શબ્દો પણ એ જ છે અને તેને હસન સહીહ કહી.

હદીષ : ૧૩૫૪ની સમજૂતી

જાહેર હદીષ પર નજર કરતાં જમહૂર ઈમામો ત્યાં સુધી કે ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદે પણ કહ્યું કે એના માટે ઈસ્લામી બાદશાહથી ઈજાઝતની પણ જરૂરત નથી. પણ હઝરત ઈમામે આ'ઝમ અને અન્ય બીજા ઘણા ઈમામોએ ફર્માવ્યું કે એમાં ઈસ્લામી હાકિમની ઈજાઝત જરૂરી છે, જો કોઈ હાકિમે ઈસ્લામની રજા વિના કોઈ ઉજજડ માલિકી વિનાની જમીનને આબાદ કરશે તો તે એની માલિકીમાં થશે નહીં, કેમ કે હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું : **لاحمى الالله ولرسوله** બચેલી જમીન અલ્લાહ અને તેના રસૂલની છે. એમા **من احى ارضا ميتة** નું સામાન્યપણુ ખાસ છે.

قال عروة : આ તઅલીક છે જેને ઈમામ માલિકે મોઅત્તામાં મૌસૂલન રિવાયત કરી છે.

એના પછી ઈમામ બુખારીએ વિના હેડિંગે પ્રકરણ રચીને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની આ હદીષ વર્ણન કરી કે નબી ﷺ ઝુલ હલીફાની વાદીમાં બિરાજેલ હતા, એવામાં હુઝૂર ﷺને કહેવામાં આવ્યું, આપ બરકતવંત બતહામાં બિરાજેલ છો. તેમજ આ હદીષ કે **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર તલાશ કરીને ત્યાં ઊંટ બેસાડતા હતા જ્યાં હુઝૂરે અકદસ ﷺ બેસાડતા હતા.** તેમજ હઝરત ઉમર رضی اللہ عنہ ની તે હદીષ કે વાદીએ અકીકના બારામાં ફર્માવવામાં આવ્યું, આ મુતબર્રક વાદીમાં નમાઝ પઢો. આ ત્રણેવ હદીષો કિતાબુલ હજ્જમાં વર્ણન થઈ ચૂકી.

અલ્લામા અયનીએ ફર્માવ્યું કે આ વિના ટાઈટલનું પ્રકરણ ફસ્લના સ્થાને છે. ઈમામ બુખારીનો હેતુ એ છે કે ઝુલ હલીફા કોઈની મિલ્કત નથી બલ્કે જો તેને કોઈ આબાદ કરે તો પણ કોઈની મિલ્કત બનશે નહીં, એટલા માટે કે એ હાજીઓના ઉપયોગના માટે છે. એનાથી એ પણ જાણવા મળ્યું કે જે બિન માલિકીની ઉજજડ જમીનથી લોકોની જરૂરતો સંબંધિત હોય તેને આબાદ કરવાથી તે કોઈની મિલ્કત થઈ જશે નહીં, જેમ કે ગોચર વગેરે.

بَابٌ إِذَا قَالَ رَبُّ الْأَرْضِ أُقِرُّكَ مَا أَقَرَّكَ اللّٰهُ وَلَمْ يَذْكُرْ أَجَلًا مَعْلُومًا فَهُمَا عَلَى تَرَاضِيهِمَا

"જ્યારે જમીનનો માલિક કોઈને એવું કહે કે હું તમને જમીન પર ત્યાં સુધી રાખીશ જ્યાં સુધી અલ્લાહ રાખે અને કોઈ નિશ્ચિત મુદ્દત નક્કી ન કરે તો એ મામલો તે બંનેની રઝામંદી સુધી રહેશે. –(૩૧૪)

حديث ૧૩૫૫ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّ عُمَرَ بْنَ الْخَطَّابِ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ **[હદીષ : ૧૩૫૫]**

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَجْلَى الْيَهُودَ وَالنَّصَارٰى مِنْ أَرْضِ الْحِجَازِ وَكَانَ رَسُولُ

યહૂદી તથા ઈસાઈઓને હિજાઝની ભૂમી પરથી તડીપાર કરી દીધા અને રસૂલુલ્લાહ ﷺ એ જ્યારે ખૈબર

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَمَّا ظَهَرَ عَلٰى خَيْبَرَ أَرَادَ إِخْرَاجَ الْيَهُودِ مِنْهَا وَكَانَتِ

ફતહ કર્યું તો યહૂદીઓને ત્યાંથી કાઢવા ચાહ્યું અને જ્યારે કોઈ જમીનને રસૂલુલ્લાહ ﷺ ફતહ કરી લે તો તે

الْأَرْضُ حِينَ ظَهَرَ عَلَيْهَا لِلّٰهِ وَلِرَسُولِهِ وَلِلْمُسْلِمِينَ فَأَرَادَ إِخْرَاجَ الْيَهُودِ مِنْهَا

જમીન અલ્લાહ અને તેના રસૂલ અને મુસલમાનોની થઈ જાય છે એટલા માટે હુઝૂરે યહૂદીઓને ત્યાંથી

فَسَأَلَتِ الْيَهُودُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِيُقِرَّهُمْ بِهَا عَلٰى أَنْ

કાઢવા ચાહ્યું. તો યહૂદીઓએ રસૂલુલ્લાહ ﷺ થી સવાલ કર્યો કે તેમને અહીં રહેવા દે એ શર્ત પર કે તેઓ

يَكْفُوا عَمَلَهَا وَلَهُمْ نِصْفُ الثَّمَرِ وَقَالَ لَهُمْ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

કામ કરશે અને તેમને ફળોની આધ મળશે. અને તેમનાથી રસૂલુલ્લાહ ﷺ એ એ પણ ફર્માવી આપ્યું હતું,

وَسَلَّمَ نُقِرُّكُمْ بِهَا عَلٰى ذٰلِكَ مَا شِئْنَا فَقَرُّوا بِهَا حَتّٰى أَجْلَاهُمْ عُمَرُ إِلٰى

અમે તમને એના પર રહેવા દઈએ છીએ જ્યાં સુધી અમે ચાહીશું. યહૂદી એના પર રહ્યા ત્યાં સુધી કે હઝરત

تَيْمَاءَ وَأَرِيحَاءَ ؕ

ઉમર رضی اللہ عنہ એ એઓને તયમા તથા અરીહા તડીપાર કરી આપ્યા."

(મુસ્લિમ, અલ્મસાકાત વલ્મુઝારિઅહ, અબૂ દાઉદ–અલ્ઈમારહ્, મુઅત્તા ઈમામ માલિક–મસાક઼ાત, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૧૪૯)

હદીષ : ૧૩૫૫ની સમજૂતી હુઝૂરે અક઼્દસ ﷺ એ તો એહસાન કરીને યહૂદીઓને ખૈબરમાં જ રહેવા દીધા અને અતિશય કરમ (કૃપા) એ હતી કે તેમની જમીનો તેમને ખેતી કરવા માટે પણ આપી દીધી. પણ

بَابُ مَا كَانَ أَصْحَابُ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يُوَاسِي بَعْضُهُمْ بَعْضًا فِي الزِّرَاعَةِ وَالثَّمَرِ

"નબી ﷺના સાથીઓ ખેતી તથા ફળોમાં એકબીજાની કઈ રીતે મદદ કર્યા કરતા હતા" –(૩૧૫)

حديث ١٣٥٦ عَنْ أَبِي النَّجَاشِيِّ مَوْلَى رَافِعِ بْنِ خَدِيجٍ قَالَ سَمِعْتُ رَافِعَ بْنَ خَدِيجٍ

"હઝરત રાફેઅ બિન ખદીજ બિન રાફેઅ પોતાના કાકા ઝુહૈર બિન રાફેઅથી **[હદીષ : ૧૩૫૬]**

بْنِ رَافِعٍ عَنْ عَمِّهِ ظُهَيْرِ بْنِ رَافِعٍ قَالَ ظُهَيْرٌ لَقَدْ نَهَانَا رَسُولُ اللهِ صَلَّى اللهُ

રિવાયત કરે છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ અમને એ ચીજથી મના કર્યું જેમાં અમને આસાની હતી.

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ عَنْ أَمْرٍ كَانَ بِنَا رَافِقًا قُلْتُ مَا قَالَ رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى

રાફેએ કહ્યું, મેં કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ જે કાંઈ ફર્માવ્યું તે હક્ક છે. તેમણે બતાવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ

عَلَيْهِ وَسَلَّمَ فَهُوَ حَقٌّ قَالَ دَعَانِي رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ

મને બોલાવ્યો અને પૂછયું, તમે તમારાં ખેતરોને શું કરો છો ? મેં અર્ઝ કરી, અમે ખેતરોને એ શર્ત પર વાવવા

مَا تَصْنَعُونَ بِمَحَاقِلِكُمْ قُلْتُ نُؤَاجِرُهَا عَلَى الرَّبِيعِ وَعَلَى الْأَوْسُقِ مِنَ الثَّمَرِ وَ

આપીએ છીએ કે નહેરની નજીકની પેદાશ અને અમુક વસક્ર ખજૂર અને જવ અમે લઈશું. ફર્માવ્યું, એવું ન

એ ફિત્નાખોર ક્રૌમ પોતાની ફસાદી આદતના કારણે નિતનવા ફિત્ના ઉઠાવતી રહી.

ખૈબર ફતહ થયા બાદ હુઝૂરે અક્રદસ ﷺ હજી ત્યાં જ હાજર હતા. યહૂદીઓ થોડા દિવસો પહેલાં જ તલ્વારો સમક્ષ ઝુકી ગયા હતા પણ હરકત એ કરી કે હુઝૂરે અક્રદસ ﷺની દાવત કરી અને ખાવામાં ઝહેર મિલાવી દીધું. પણ હુઝૂરે અક્રદસ ﷺને પોતાના ઈલ્મે ગયબથી જાણ થઈ ગઈ અને બચી ગયા, પણ બશર બિન બરાઅ رضی اللہ عنہ એ પેટ ભરીને ખાધુ અને ઝહેરની અસરથી શહીદ થઈ ગયા.

એકવાર અબ્દુલ્લાહ ઈબ્ને સુહૈલ અને હઝરત મુહૈસા દુકાળના જમાનામાં ખૈબર ગયા. યહૂદીઓએ હઝરત અબ્દુલ્લાહને ક્રત્લ કરીને નહેરમાં ફેંકી દીધા. પણ રહમતે આલમે તેમને ખૈબરમાં જ રહેવા દીધા. હઝરત ઉમર رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં એકવાર તેમના સાહબઝાદા હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما ખૈબર ગયા તો યહૂદીઓએ તેમને સૂતેલી હાલતમાં છતથી નીચે ફેંકી દીધા જેના સદમામાં તેમના હાથ પગો તૂટી ગયા. હવે સબ્રનો પયમાનો છલકાઈ ગયો અને હઝરત ઉમર رضی اللہ عنہ એ તેમને તડીપાર કરી શામના કિનારાના વિસ્તાર તયમા તથા અરીહા મોકલી આપ્યા.

હદીષ : ૧૩૫૬ની સમજૂતી

ربيع નો અર્થ નહેર છે. એટલે એ શર્ત પર આપતા કે જે ખેતર નહેરની નજીક છે એની ઉપજ અમે લઈશું. એક રિવાયત **على الربيع** પણ છે. એટલે એ શર્ત પર આપતા કે ઉપજની ચોથાઈ અમારી હશે. આ રિવાયતના આધારે આ હદીષ મુત્લક્ર મુઝારેઅતથી મનાઈની દલીલ બનશે.

الشَّجِيْرِ قَالَ لَا تَفْعَلُوْا اِزْرَعُوْهَا اَوْ اَزْرِعُوْهَا اَوْ اَمْسِكُوْهَا قَالَ رَافِعٌ قُلْتُ سَمْعًا وَّطَاعَةً عـه

કરો. એને ખૂદ વાવો અથવા એને કોઈને બદલા વિના વાવવા આપો અથવા રોકી રાખો. રાફેએ કહ્યું, મંઝૂર છે."

(મુસ્લિમ–બુયૂઅ, નિસાઈ–અલ્મુઝારિઅહ, ઈબ્ને માજહ–અહકામ)

حديث ૧૩૫૭ عَنْ عَطَاءٍ عَنْ جَابِرٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانُوْا يَزْرَعُوْنَهَا بِالثُّلُثِ وَالرُّبُعِ

"હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે સહાબા ત્રીજો ભાગ, ચોથાઈ, આધ ઉપજ પર [હદીષ : ૧૩૫૭]

وَالنِّصْفِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ كَانَتْ لَهٗ اَرْضٌ فَلْيَزْرَعْهَا

બટાઈ (આધેભાગે)પર ખેતી કરતા હતા તો નબી ﷺ એ ફર્માવ્યું, જેની પાસે જમીન હોય તે ખૂદ વાવે

اَوْ لِيَمْنَحْهَا فَاِنْ لَّمْ يَفْعَلْ فَلْيُمْسِكْ اَرْضَهٗ عـه

અથવા કોઈને વિના બદલાએ વાવવા માટે આપી દે, અને જો એવું ન કરી શકે તો જમીન પડતર રહેવા દે."

(મુસ્લિમ–બુયૂઅ, નિસાઈ–મુઝારિઅહ, ઈબ્ને માજહ–અહકામ)

حديث ૧૩૫૮ عَنْ اَبِيْ سَلَمَةَ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું, [હદીષ : ૧૩૫૮]

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ كَانَتْ لَهٗ اَرْضٌ فَلْيَزْرَعْهَا اَوْ لِيَمْنَحْهَا اَخَاهُ فَاِنْ

જેની પાસે જમીન હોય તે ખૂદ વાવે અથવા વાવણી માટે પોતાના ભાઈને આપે

اَبٰى فَلْيُمْسِكْ اَرْضَهٗ عـه

અને જો એ પસંદ ન હોય તો પડતર છોડી આપે." (મુસ્લિમ બુયૂઅ, ઈબ્ને માજહ–અહકામ)

وعلى الاوسق : એટલે કે એ શર્ત પર આપતા કે આટલા વસક્, દા.ત. દસ વસક્ ગલ્લો અમે લઈશું. આ મામલો એટલા માટે મના છે કે શક્ય છે કુલ ઉપજ એટલી જ અથવા એથી પણ ઓછી થાય, બંને સ્થિતિમાં બટાઈ (આધેભાગે) પર લેનારનું નુકસાન છે.

સમજૂતી : હદીષ : ૧૩૫૭–૧૩૫૮

આ બંને હદીષો એની ઉઘાડી દલીલ છે કે બટાઈ (આધ પર) પર જમીન આપવી મના છે. એ જ સૈયદના ઈમામે આઝમ અબૂ હનીફાનો ક્વૌલ છે. સાહિબૈનનો ક્વૌલ આ છે : કારણ કે એના પર મુસલમાનોનો અમલ છે તેમજ અમુક હદીષોથી જાઈઝ હોવું પણ સાબિત છે એટલા માટે એ જાઈઝ છે, શર્ત એ કે એ નિશ્ચિત હોય કે પેદાવારનું અડધુ કે ત્રીજા ભાગનું વગેરે ખેડૂતને મળે અને બાકીનું ખેતરના માલિકનું હોય. અને ફત્વો એના પર છે, જેમ કે વર્ણન થઈ ચૂક્યું.

حديث ૧૩૫૯ عَنْ نَّافِعٍ اَنَّ ابْنَ عُمَرَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا كَانَ يُكْرِىْ مَزَارِعَهٗ عَلٰى

"નાફેઅથી મરવી છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નબી નબી ﷺ તથા [હદીષ : ૧૩૫૯]

عَهْدِ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاَبِىْ بَكْرٍ وَّعُمَرَ وَعُثْمَانَ وَصَدْرًا مِّنْ

હઝરત અબૂ બક્ર, હઝરત ઉમર, હઝરત ઉષ્માન, رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ના પણ જમાનામાં અને

اِمَارَةِ مُعَاوِيَةَ ثُمَّ حُدِّثَ عَنْ رَّافِعِ بْنِ خَدِيْجٍ اَنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

મુઆવિયહની અમારત (ખિલાફતકાળ)ના શરૂમાં પોતાનાં ખેતરો ભાડે આપતા હતા. પછી તેમને આ હદીષ

وَسَلَّمَ نَهٰى عَنْ كِرَاءِ الْمَزَارِعِ فَذَهَبَ ابْنُ عُمَرَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اِلٰى

વર્ણવવામાં આવી કે હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ કહે છે કે નબી ﷺ એ ખેતરો ભાડા પર આપવાથી

رَافِعٍ رَّضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ وَذَهَبْتُ مَعَهٗ فَسَاَلَهٗ فَقَالَ نَهَى النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

મના ફર્માવ્યું છે. તો હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما હઝરત રાફેઅ رضی اللہ عنہ ની પાસે ગયા અને હું પણ એમની સાથે

عَلَيْهِ وَسَلَّمَ عَنْ كِرَاءِ الْمَزَارِعِ فَقَالَ ابْنُ عُمَرَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَدْ عَلِمْتَ

ગયો. અને એમને પૂછ્યું તો તેમણે બતાવ્યું કે નબી ﷺ એ ખેતરોને ભાડે આપવાથી મના ફર્માવ્યું છે. એના

اِنَّا كُنَّا نُكْرِىْ مَزَارِعَنَا عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِمَا عَلٰى

પર હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, તમે જાણો છો કે રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં અમે ખેતરોને

الْاَرْبَعَاءِ وَشَىْءٍ مِّنَ التِّبْنِ ؕ

ભાડા પર આપતા હતા કે નહેરની નજીકની ઉપજ અને અમુક ભૂસુ અમારું હશે."

(મુસ્લિમ–બુયૂઅ, ઈબ્ને માજહ–અહકામ)

હદીષ : ૧૩૫૯ની સમજૂતી

كان يكرى એનો શાબ્દિક તર્જુમો એ જ છે કે તે જમીન ભાડે આપતા પણ મુરાદ બટાઈ (આધ પર) પર આપવું છે. એટલે કે ભાડે આપવાની ખાસ સ્થિતિ.

من امارة معاويه : સિબ્તે અકબર સૈયદના ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ એ જ્યારે હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ને ખિલાફત સોંપી તો તે ખલીફાએ બરહક્ક થઈ ગયા. એટલા માટે અમારતથી મુરાદ ખિલાફત છે. અને એ કહેવું સહીહ નથી કે હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ની ખિલાફત પર પૂરી ઉમ્મતે એકમતિ નથી કરી, કેમ કે તેમના યુગમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما એ ખિલાફતનો દાવો કર્યો, એ દુરુસ્ત નથી. સહીહ એ છે કે હઝરત ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہما એ હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ના વિસાલ બાદ ખિલાફતનો દાવો કર્યો હતો.

حديث ١٣٦٠ أَخْبَرَنِي سَالِمٌ أَنَّ عَبْدَ اللهِ بْنَ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا قَالَ كُنْتُ

"સાલિમે કહ્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضي الله عنهما એ ફર્માવ્યું, હું એવું જાણતો [હદીષ : ૧૩૬૦]

أَعْلَمُ فِي عَهْدِ رَسُولِ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ أَنَّ الْأَرْضَ تُكْرَى ثُمَّ

હતો કે રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં જમીન બટાઈ (આધ) પર આપવામાં આવે છે. પછી અબ્દુલ્લાહને

خَشِيَ عَبْدُ اللهِ أَنْ يَكُونَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَدْ أَحْدَثَ فِي ذٰلِكَ

અંદેશો થયો કે નબી ﷺ એ એના બારામાં કોઈ નવો હુકમ બહાર પાડયો હોય જેનો ઈલ્મ તેમને ન થયો

شَيْئًا لَمْ يَكُنْ عَلِمَهُ فَتَرَكَ كِرَاءَ الْأَرْضِ ـه

હોય. એટલા માટે તેમણે બટાઈ (આધ) પર જમીન આપવાનુ છોડી દીધું."

(મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ)

قد علمت : હઝરત ઈબ્ને ઉમર رضي الله عنهما ના આ ઈર્શાદનો મતલબ એ છે કે તમે જે કહો છો કે નબી ﷺ એ ખેતરોને ભાડે આપવાથી મના કર્યું છે. એનો મતલબ તો એ છે કે મુત્લક્ન (કોઈ અપવાદ વિના) મના ફર્માવ્યું, અને કોઈ રીતને જાઈઝ નથી રાખી. એવું નથી ! બલ્કે એ ખાસ તરીક્થી મના ફર્માવ્યું જે હુઝૂર ﷺ ના મુબારક યુગમાં રિવાજ પામેલ હતો. અને તે એ હતો કે જમીનના માલિક એ શર્ત કરી લેતા કે નહેરની નજીક જે ખેતર રહે છે તેની ઉપજ અને અમુક ભુસુ અમે લઈશું, એનાથી મના કર્યું. કેમ કે એમાં એ ખતરો રહે છે કે કેવળ એ જ હિસ્સામાં પેદાવાર થાય અને બાકી હિસ્સામાં કાંઈ ન થાય, અને ભૂસાની માત્રા પણ ઉઘાડી (નિશ્ચિત) ન હતી. સારાંશ એ કે મુત્લક્ન મુઝારેઅતથી મના નથી કર્યું, એ મુઝારેઅતથી મના ફર્માવ્યું જેમાં શર્ત ફાસિદ હોય.

على الاربعاء : **اربعاء** , **ربيع**નું બહુવચન છે જેનો અર્થ નાની નહેર. અમુક અનુવાદકોએ એનો તર્જુમો ચોથાઈ પર કર્યો છે. એ સહીહ નથી.

على التين : આમ અનુવાદકોએ એનો તર્જુમો ઘાસ કર્યો છે. એ પણ સહીહ નથી. એનો અર્થ ભૂસુ છે.

સામ્યતા : હઝરત રાફેઅ બિન ખદીજ رضي الله عنه ની હદીષથી એ જાણવા મળ્યું કે જમીનને ભાડે આપવી મના છે. એને લાઝિમ છે કે ખેતરનો માલિક ક્યાં તો ખૂદ ખેતી કરે અથવા કોઈને એ રીતે ખેતી કરવા આપે કે એનાથી પેદાવારમાંથી કાંઈ ન લે, આ જ ભાઈચારો તથા હમદર્દી છે.

હદીષ : ૧૩૬૦ની સમજૂતી

હઝરત ઈબ્ને ઉમર رضي الله عنهما ને એ અંદેશો હઝરત રાફેઅ બિન ખદીજ رضي الله عنه ની હદીષથી થયો. એનાથી જાણવા મળ્યું કે મહાન સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالَى عَلَيْهِمْ أَجْمَعِيْنَ પણ અમુક ઈર્શાદો પર માહિતગાર ન થયા. અને અન્ય એવા સહાબીઓ જેઓ ઈલ્મ તથા સમજમાં તેમનાથી કમ હતા તે માહિતગાર હતા. તેમજ એ પણ જાણવા મળ્યું કે અહકામમાં ખબરે વાહિદ હુજ્જત છે.

بَابُ كِرَاءِ الْاَرْضِ بِالذَّهَبِ وَالْفِضَّةِ صـ ٣١٥

"સોના ચાંદીના બદલામાં જમીન ભાડે આપવી." –(૩૧૫)

ت ٤٦٠ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اِنَّ اَمْثَلَ مَا اَنْتُمْ صَانِعُوْنَ

"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, જમીનના મામલામાં જે **[તઅલીક : ૪૬૦]**

اَنْ تُسَاجِرُوْا الْاَرْضَ الْبَيْضَاءَ مِنَ السَّنَةِ اِلَى السَّنَةِ ـ

તમે કરો છો એમાં સૌથી અફઝલ એ છે કે ખાલી જમીન વરસે વરસે લગાન (મહેસૂલ) પર આપ્યા કરો."

حديث ١٣٦١ عَنْ حَنْظَلَةَ بْنِ قَيْسٍ عَنْ رَّافِعِ بْنِ خَدِيْجٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ حَدَّثَنِيْ

"હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ થી મરવી છે કે તેમના કાકાઓએ **[હદીષ : ૧૩૬૧]**

عَمَّاىَ اَنَّهُمْ كَانُوْا يُكْرُوْنَ الْاَرْضَ عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

વર્ણવ્યું કે આ લોકો નબી ﷺ ના જમાનામાં જમીન બટાઈ (આધ) પર આપતા હતા, એ શર્ત પર કે જે

بِمَا يُنْبِتُ عَلَى الْاَرْبِعَاءِ اَوْ بِشَيْءٍ يَّسْتَثْنِيْهِ صَاحِبُ الْاَرْضِ فَنَهَانَا النَّبِيُّ صَلَّى اللّٰهُ

નહેરોની નજીકની ઉપજ થાય અથવા જમીનના કોઈ પણ હિસ્સાની ઉપજ જમીન માલિકની હશે.

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنْ ذٰلِكَ فَقُلْتُ لِرَافِعٍ فَكَيْفَ هِيَ بِالدِّيْنَارِ وَالدِّرْهَمِ فَقَالَ

તો નબી ﷺ એ એનાથી મના ફર્માવ્યું. (હન્ઝલાએ કહ્યું) મેં હઝરત રાફેઅને પૂછ્યું કે દીનાર તથા

رَافِعٌ لَيْسَ بِهَا بَاْسٌ بِالدِّيْنَارِ وَالدِّرْهَمِ وَكَانَ الَّذِيْ نُهِيَ عَنْ ذٰلِكَ مَا لَوْ نَظَرَ

દિરહમના બદલામાં હોય તો ? રાફેએ કહ્યું, એમાં કોઈ વાંધો નથી, અને જેમાં મના કરવામાં આવ્યું તેમાં

તઅલીક : ૪૬૦ની સમજૂતી

આ તઅલીકને ઈમામ વકીઅએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. એનો સાર એ છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની નજીક જમીનને બટાઈ (આધ) પર આપવી જાઈઝ છે. પણ અફઝલ એ છે કે રોકડ લગાન (મહેસૂલ) નક્કી કરીને આપવામાં આવે. જો એમની નજીક મતલબ એ જ છે કે એનાથી ઉલ્ટી રીત પણ જાઈઝ છે, અલ્બત્ત એ બેહતર નથી. બેહતર ન હોવાનો મતલબ નાજાઈઝ નથી થતો.

હદીષ : ૧૩૬૧ની સમજૂતી

اَوْبِشَيْءٍ يَّسْتَثْنِيْهِ એટલે કે જમીનનો માલિક પોતાના માટે કાંઈ અપવાદ કરે. بشیء ના ઉમૂમ (સામાન્યપણા)માં એ પણ સામેલ છે કે કુલ ઉપજનો ત્રીજો કે ચોથાઈ ભાગ અમારો હશે. અથવા વસક બે વસક દા.ત. મારો થશે. અથવા જમીનના ફલાણા હિસ્સાની ઉપજ મારી થશે. પરંતું આ હદીષના બીજા તરીકા પર

فِيْهِ ذَوُوْ الْفَهْمِ بِالْحَلَالِ وَالْحَرَامِ لَمْ يُجِيْزُوْهُ لِمَا فِيْهِ مِنَ الْمُخَاطَرَةِ — قَالَ

હલાલ તથા હરામની તમીઝ રાખનારા હઝરાત વિચારણા કરશે તો એની ઈજાઝત આપીશું નહીં, કેમ કે

اَبُوْعَبْدِاللّٰهِ مِنْ هٰهُنَا قَوْلُ اللَّيْثِ وَكَانَ الَّذِيْ نَهٰى عَنْ ذٰلِكَ -

એમાં ખતરો તદ્દન ઉઘાડો છે. અને અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ

કહ્યું, وكان الذى نهى عن ذلك થી ليث નો કૌલ છે."

باب صـ ٣١٥

حديث ١٣٦٢ عَنْ عَطَاءِ بْنِ يَسَارٍ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ النَّبِيَّ صَلَّى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક દિવસ હુઝૂરની ખિદમતમાં એક [હદીષ : ૧૩૬૨]

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَوْمًا يُحَدِّثُ وَعِنْدَهٗ رَجُلٌ مِّنْ اَهْلِ الْبَادِيَةِ اَنَّ رَجُلًا

ગામડાવાળા હાજર હતા અને હુઝૂરે અકૃદસ ﷺ આ બયાન ફર્માવી રહ્યા હતા કે એક જન્નતી પોતાના રબથી

مِّنْ اَهْلِ الْجَنَّةِ اِسْتَاْذَنَ رَبَّهٗ فِي الزَّرْعِ فَقَالَ لَهٗ اَلَسْتَ فِيْمَا شِئْتَ قَالَ بَلٰى

જન્નતમાં ખેતી કરવાની ઈજાઝત માગશે. તો અલ્લાહ عزوجل એવું ફર્માવશે, શું તમે એ હાલમાં નથી કે જે ચાહો છો

وَلٰكِنِّيْ اُحِبُّ اَنْ اَزْرَعَ قَالَ فَبَذَرَ فَبَادَرَ الطَّرْفَ نَبَاتُهٗ وَاسْتِوَاؤُهٗ وَاسْتِحْصَادُهٗ

મળે છે ? તે અર્ઝ કરશે, કેમ નહીં ! પણ હું ખેતી કરવા ચાહું છું. હુઝૂરે ફર્માવ્યું, તેણે બીજ રોપ્યું, પલક ઝપકતાં

નજર રાખતાં જાહેર એ જ છે કે મુરાદ ત્રીજી સ્થિતિ છે.

وكان الذى نهى : અહીંથી **لمافيه من المخاطرة** સુધી હદીષનો ભાગ છે આ મુદરજ(મુદરજ : તે હદીષ જેમાં રાવી પોતાનું અથવા કોઈ સહાબીનું અથવા તાબઈનું કથન હદીષના મતનમાં કોઈ લાભ હેતુ દા.ત. અર્થ બતાવવા, સ્પષ્ટતા કરવા અથવા અન્ય કોઈ હેતુસર વર્ણવે) છે, એના બારામાં મતભેદ છે. નસફી તથા ઈબ્ને શિબ્વયૂહની નજીક મુદરજ છે એટલા માટે એના નુસ્ખાઓમાં નથી. બયઝાવીએ કહ્યું કે વર્ણન શૈલીથી માલૂમ પડે છે કે હઝરત રાફેઅનો કૌલ છે. અલ્લામા તયબીએ કહ્યું, એ સ્પષ્ટ ન થઈ શક્યું કે આ કોઈ રાવીનો કૌલ છે કે ઈમામ બુખારીનો. અમુક હઝરાતે કહ્યું કે બુખારીના મોટાભાગના તરીકાઓથી એ જાહેર થાય છે કે આ ઈમામ લૈષનો કૌલ છે અને અહીં તો ઈમામ બુખારીએ સ્પષ્ટતા કરી આપી છે કે એ ઈમામ લૈષનો કૌલ છે. આ હિસ્સો મઝકૂર સનદની સાથે મૌસૂલન વર્ણન થયેલ છે.

હદીષ : ૧૩૬૨ની સમજૂતી

فبادر الطرف એટલે ખેતીના સર્વ દરજાઓ પલક ઝપકતાં પહેલાં જ પાર પડી ગયા. **قرشيا اوانصاريا** કુરૈશ

فَكَانَ أَمْثَالَ الْجِبَالِ فَيَقُوْلُ اللّٰهُ تَعَالٰى دُوْنَكَ يَا ابْنَ آدَمَ فَإِنَّهُ لَا يَشْبَعُكَ

તે ઉગી પણ ગયું અને તૈયાર પણ થઈ ગયું અને કાપી પણ લેવામાં આવ્યું. તેની પેદાવાર પહાડોના બરાબર

شَيْءٌ فَقَالَ الْأَعْرَابِيُّ وَاللّٰهِ لَا تَجِدُهُ إِلَّا قُرَشِيًّا أَوْ أَنْصَارِيًّا فَإِنَّهُمْ أَصْحَابُ

થઈ. હવે અલ્લાહ તઆલા તેને ફર્માવશે, એને લે ! તારું પેટ કોઈ ચીજ નથી ભરી શક્તું. આ હદીષ સાંભળીને

زَرْعٍ وَّأَمَّا نَحْنُ فَلَسْنَا بِأَصْحَابِ زَرْعٍ فَضَحِكَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

એ ગામડાવાસીએ અર્ઝ કરી, શું વલ્લાહ ! આપ એને કુરૈશી કે અન્સારી જ પામશો ?! એટલા માટે એ જ લોકો ખેડૂત છે અને અમે લોકો ખેડૂત નથી. એના પર રસૂલુલ્લાહ ﷺ હસી પડયા."

(બુખારી ૨/૧૧૨૧ અત્તૌહીદ, મુસ્નદે ઈમામ અહમદ ૨/૫૧૧)

વેપારના ધંધાવાળા હતા. મક્કા મોઅઝ્ઝમામાં ખેતીવાડી કરતા ન હતા, પણ જ્યારે મદીના તયબહ આવ્યા તો ખેતી પણ કરવા લાગ્યા, એના પર એ ગામડાવાળાએ અર્ઝ કરી.

સામ્યતા : જન્નતમાં ખેતીની ઈજાઝત એની દલીલ છે કે આ એક સારું કામ છે, આ રીતે આ હદીષની સાથે સામ્યતા છે. તેમજ એનાથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામ નબવી યુગમાં ખેતી કરતા હતા એ પણ જાઈઝની દલીલ છે. તેમજ સહાબાએ કિરામ મુઝારિઅત પણ કરતા હતા. આ રીતે કિતાબના બીજા ભાગ અલ્મુઝારિઅહ (المزارعة) સાથે પણ સામ્યતા થઈ ગઈ. પણ કેમ કે અહીં મુઝારિઅતનાં પ્રકરણો ચાલી રહ્યાં હતાં અને હદીષમાં સ્પષ્ટપણે મુઝારિઅતનો ઉલ્લેખ નથી એટલા માટે એના પર વિના ટાઈટલનું પ્રકરણ રચ્યું.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

كِتَابُ الْمُسَاقَاةِ

(કિતાબુલ્ મુસાક़ાત) "મુસાક़ાતનું બયાન" –(૩૧૬)

મુસાક़ાતનો માદ્દો સક़્યુન છે જેનો અર્થ પાણી પીવડાવવુ છે, અને મશાક़ાતનો અર્થ એકબીજાને પાણી પીવડાવવું. પણ એનો એક અર્થ એ પણ છે કે ઝાડ કે દ્રાક્ષના વેલાઓ કોઈને એ શર્તે આપવા કે તે એમાં કામ કરે અને ઉપજનો અમુક હિસ્સો લઈ લે. અને અહીં એ જ મુરાદ છે. મદીનાવાસીઓના ઉર્ફમાં એને મામલો કહે છે, જેમ કે મુઝારિઅતને મુખાબરહ, મુઝારિબતને મુક़ારિઝહ વગેરે.

بَابٌ فِىْ الشِّرْبِ وَقَوْلِ اللّٰهِ عَزَّوَجَلَّ وَجَعَلْنَا مِنَ الْمَاءِ كُلَّ شَىْءٍ حَيٍّ اَفَلَايُؤْمِنُوْنَ وَقَوْلِهٖ اَفَرَأَيْتُمُ الْمَاءَ الَّذِىْ تَشْرَبُوْنَ ءَ اَنْتُمْ اَنْزَلْتُمُوْهُ مِنَ الْمُزْنِ اَمْ نَحْنُ الْمُنْزِلُوْنَ ○ لَوْ نَشَاءُ جَعَلْنَاهُ اُجَاجًا فَلَوْلَا تَشْكُرُوْنَ ○ وَمَنْ رَأٰى صَدَقَةَ الْمَاءِ وَهِبَتَهٗ وَوَصِيَّتَهٗ جَائِزَةً مَّقْسُوْمًا كَانَ اَوْغَيْرَمَقْسُوْمٍ ثَجَّاجًا مُنْصَبًّا۔ اَلْمُزْن اَلسَّحَاب۔ وَالْاُجَاجُ الْمُرُّ فُرَاتًا عَذْبًا

"પાણીની વહેંચણીનું બયાન. અને અલ્લાહ ﷻના આ ઈર્શાદનું, અને અમે દરેક જાનદારને પાણી વડે બનાવ્યું તો એ લોકો કેમ ઈમાન નથી લાવતા ?" *(અંબિયા-૩૦)* **અને અલ્લાહ ﷻના આ ઈર્શાદનું બયાન : જરા બતાવો તો તમે જે પાણી પીવો છો એને વાદળોથી તમે ઉતાર્યું છે કે અમે ઉતારનાર છીએ. અમે ચાહીએ તો એને ખારુ કરી દઈએ, પછી કેમ શુક્ર નથી કરતા ?"** (વાકિઆ-આ. ૬૯, ૭૦) **"અને જે પાણીના સદક़ા તથા ભેટ તથા વસિયતને જાઈઝ જાણે ચાહે તે વહેંચણી થયેલ હોય કે ન હોય."** –(પેજ : ૩૧૬)

(ثَجَّاجًا = મૂશળધાર, المزن = વાદળ, الاجاج = ખારુ, فراتا = મીઠુ સ્વાદિષ્ટ)

اَلشِّرْبِ : શીનના ઝેરની સાથે = પાણીનો હિસ્સો. હેતુ એ છે કે જો કોઈ તળાવ અથવા કૂવાથી અમુક ખેતરો, અમુક બાગોમાં પાણી જતુ હોય તો કોને કેટલુ પાણી આપવામાં આવે.

وَجَعَلْنَا : પાણી અલ્લાહ ﷻની ઘણી જ મહાન નેઅમત છે, દરેક જીવંતની જિંદગીનો આધાર પાણી પર છે.

ઈન્સાન અને જાનવરો ઉપરાંત વનસ્પતિની પણ પેદાઈશ, ઉછેર તથા હયાત પાણી પર જ છે. એના માટે ઈમામ બુખારીએ આ બે આયતોને વર્ણવી છે. આ આયતોને વર્ણવીને ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે જ્યારે દરેક જાનદારની જિંદગીનો આધાર પાણી છે અને ખાલિસ અલ્લાહનો તોહફો (નેઅમત) છે તો એના પર કોઈકે પૂર્ણપણે હક્ક જતાવવો જાઈઝ નથી. જ્યાં સુધી શરઈ તરીકાથી કોઈની ખાસ માલિકીમાં ન આવી જાય. આ રીતે આયતોને પ્રકરણથી પણ સામ્યતા થઈ ગઈ.

ومن رأى : આપણે ત્યાં **مشاع** એટલે વહેંચણી ન થયેલ ચીજની ભેટ સહીહ નથી, એ રીતે સદકો પણ. વસિયત જાઈઝ છે. ઈમામ બુખારી એવું કહેવા ચાહે છે. પાણી ભલે વહેંચણી ન થયેલ હોય પણ એને ભેટ ધરવું, સદકો કરવું, વસિયત કરવી સૌ દુરુસ્ત છે. અને એ રીતે અન્ય ચીજોનું પણ છે. **مشاع** ની ભેટ તથા સદકો દુરુસ્ત નથી. એની તફસીલ કિતાબુલ હિબહમાં આવશે.

ثَجَّاجًا : અહીંથી છેવટ સુધી પાણી ખાસ કરીને વરસાદના પાણીની જે ખૂબીઓ છે બીજી આયતોમાં વર્ણન થયેલ છે તેની તફસીર વર્ણવી રહ્યા છે. એ અનુસંધાનમાં કે વર્ણવેલ આયતોમાં પાણીનુ વર્ણન આવી ગયું છે. સૂરએ નબાઅમાં છે : **وَاَنْزَلْنَا مِنَ الْمُعْصِرَاتِ مَاءً ثَجَّاجًا** "અને વાદળોથી મૂશળધાર વરસાદ વરસાવ્યો."

المزن તથા **اجاج** પ્રકરણમાં વર્ણવેલ બીજી ત્રીજી આયતમાં છે અને સૂરએ ફુર્કાન અને સૂરએ ફાતિરમાં છે : **هٰذَا عَذْابٌ فُرَاتٌ** "આ મીઠુ છે અતિશય મીઠુ."

ت ٤٦١ وَقَالَ عُثْمَانُ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ يَّشْتَرِيْ

"અને હઝરત ઉષ્માને કહ્યું, નબી ﷺએ ફર્માવ્યું, કોણ છે જે બીરે રૂમા (રૂમા કૂવો) **[તઅલીક : ૪૬૧]**

بِئْرَ رُوْمَةَ فَيَكُوْنُ دَلْوُهٗ فِيْهَا كَدِلَاءِ الْمُسْلِمِيْنَ فَاشْتَرَاهَا عُثْمَانُ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

ખરીદે અને પોતાની ડોલ મુસલમાનોની ડોલના સમાન કરી આપે ?

તો એને હઝરત ઉષ્માને ખરીદયો (અને મુસલમાનો માટે વક્ફ કરી આપ્યો.)"

તઅલીક : ૪૬૧ની સમજૂતી

બીરે રૂમા (રૂમા કૂવો) મદીના મુનવ્વરાના મશહૂર કૂવાઓમાંથી છે જે મદીનાના અવાલી (મદીના શરીફની ઊંચાણવાળી વસ્તી)માં વાદીએ અકીકમાં છે. ઈબ્ને બતાલે કહ્યું કે એનો માલિક એક યહૂદી હતો તે એમાં તાળુ મારીને ગાયબ થઈ જતો. મુસલમાન પાણી પીવા જતા તો હાજર ન રહેતો. એના પર હુઝૂરે અકદસ ﷺએ આ ફર્માવ્યું. અને હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ એને પાંત્રીસ હજાર દિરહમમાં ખરીદીને વક્ફ કરી આપ્યો. કલ્બીએ કહ્યું કે તેનો માલિક એક મશક પાણી એક દિરહમમાં આપતો હતો. આ તઅલીકને થોડાક ફેરફારની સાથે ઈમામ તિર્મિઝીએ (૨/૨૧૧ મનાકિબે ઉષ્માન رضی اللہ عنہ)એ રિવાયત કરી છે.

حديث ١٣٦٣ حَدَّثَنِيْ اَبُوْحَازِمٍ عَنْ سَهْلِ بن سَعْدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْه قَالَ

"હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺની ખિદમતમાં [હદીષ : ૧૩૬૩]

اُتِيَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِقَدَحٍ فَشَرِبَ مِنْه وَعَنْ يَمِيْنِهٖ غُلَامٌ

એક પ્યાલો પેશ કરવામાં આવ્યો. હુઝૂરે એમાંથી કાંઈ પીધુ અને હુઝૂરની જમણી બાજુ હાજરજનોમાંથી

اَصْغَرُ الْقَوْمِ وَالْاَشْيَاخُ عَنْ يَسَارِهٖ فَقَالَ يَا غُلَامُ اَتَاْذَنُ لِيْ اَنْ اُعْطِيَهٗ

સૌથી નાનો એક બાળક હતો અને ઉમરવાળા લોકો ડાબી તરફ હતા. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, હે બાળક ! શું તું

الْاَشْيَاخَ قَالَ مَا كُنْتُ لِاُوْثِرَ بِفَضْلِيْ مِنْكَ اَحَدًا يَا رَسُوْلَ اللّٰهِ فَاَعْطَاهُ اِيَّاهُ

એની ઈજાઝત આપે છે કે હું એને ઉમરવાળા લોકોને આપી દઉં ! તેણે અર્ઝ કર્યું, હું આપના તબર્રુકના

બારામાં કોઈને મારા પર અગ્રતા નથી આપી શકતો યા રસૂલલ્લાહ ! તો હુઝૂરે એ પ્યાલો તે

બાળકને અતા ફર્માવી આપ્યો."

(બુખારી ૧/૩૧૮, ૧/૩૩૧ મઝાલિમ, ૨/૮૪૦ અલ્અશ્રબા, મુસ્લિમ–અશ્રબ, મોઅત્તા–સિફતુન્નબી ﷺ)

حديث ١٣٦٤ عَنِ الزُّهْرِيِّ حَدَّثَنِيْ اَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهَا

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ એ હદીષ બયાન કરી કે રસૂલુલ્લાહ ﷺ ને [હદીષ : ૧૩૬૪]

حُلِبَتْ لِرَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ شَاةٌ دَاجِنٌ وَهُوَ فِيْ دَارِ اَنَسِ بْنِ

પીવાના માટે એક પાળેલી બકરી દોહવામાં આવી અને હુઝૂર અનસ બિન માલિકના ઘરમાં બેઠેલા હતા અને

مَالِكٍ وَشِيْبَ لَبَنُهَا بِمَاءٍ مِّنَ الْبِئْرِ الَّتِيْ فِيْ دَارِ اَنَسِ بْنِ مَالِكٍ فَاُعْطِيَ

એના દૂધમાં એ કૂવાનું પાણી મિલાવવામાં આવ્યું જે હઝરત અનસના ઘરમાં હતું. પછી રસૂલુલ્લાહ ﷺ ને

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ الْقَدَحَ فَشَرِبَ مِنْهُ حَتّٰى اِذَا نَزَعَ

પ્યાલો પેશ કરવામાં આવ્યો. હુઝૂરે એમાંથી પીધું અને હુઝૂરની ડાબી બાજુ હઝરત અબૂબક્ર હતા અને

الْقَدَحَ مِنْ فِيْهِ وَعَلٰى يَسَارِهٖ اَبُوْبَكْرٍ وَعَنْ يَمِيْنِهٖ اَعْرَابِيٌّ فَقَالَ عُمَرُ وَخَافَ اَنْ يُّعْطِيَهٗ

જમણી બાજુ એક અઅરાબી (ગામડાવાસી) હતા. જ્યારે હુઝૂરે પ્યાલો પોતાના મોઢેથી હટાવ્યો તો હઝરત

સમજૂતી : હદીષ : ૧૩૬૩–૧૩૬૪ **واجن** દરેક તે પાલતુ જાનવર જેને ઘરમાં રાખીને ચારો ખવડાવવામાં આવે, એ મુઝક્કર મુઅન્નષ (સ્ત્રીલિંગ, પુલિંગ) બંને માટે આવે છે. જેમ કે શબ્દ **شاة-واجنة** મુઅન્નષ પણ વપરાય છે.

الْاَعْرَابِيَّ اَعْطِ اَبَا بَكْرٍ يَا رَسُوْلَ اللّٰهِ عِنْدَكَ فَاَعْطَاهُ الْاَعْرَابِيَّ الَّذِيْ عَنْ يَمِيْنِهٖ ثُمَّ

ઉમરને અંદેશો થયો કે ક્યાંક આપ એઅરાબીને ન અતા કરી દે એટલા માટે એમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ !

قَالَ اَلْاَيْمَنَ فَالْاَيْمَنَ ۔

અબૂબકને અતા ફર્માવો ! જે હુઝૂરની પાસે હાજર છે. પણ હુઝૂરે તે અઅરાબીને આપ્યો જે જમણી બાજુ હતા. પછી ઈર્શાદ ફર્માવ્યો, જમણી બાજુવાળો મુસ્તહિક્ (હક્દાર) છે પછી ડાબી બાજુવાળો."

(બુખારી ૨/૮૪૦ અશ્રબહ, મુસ્લિમ, અબૂ દાઉદ, તિર્મિઝી, ઈબ્ને માજહ–અશ્રબહ)

بَابُ مَنْ قَالَ اِنَّ صَاحِبَ الْمَاءِ اَحَقُّ بِالْمَاءِ حَتّٰى يَرْوٰى ۔ ص ۳۱۷

જેણે એવું કહ્યું કે પાણીનો માલિક પાણીનો સૌથી અધિક હક્કદાર છે ત્યાં સુધી કે પોતાની હાજત પૂરી કરે. –(૩૧૭)

حديث ૧૩૬૫

عَنِ الْاَعْرَجِ عَنْ اَبِيْ هُرَيْرَةَ لَا يُمْنَعُ فَضْلُ الْمَاءِ لِيُمْنَعَ بِهِ الْكَلَاُ ۔

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બચેલા પાણીને ન રોકવામાં આવે કે એના પરિણામે ઘાસ ચરાવવાથી રોકવું લાઝિમ આવે." **[હદીષ : ૧૩૬૫]**

(બુખારી ૨/૧૦૩૦ અલ્હીયલ, તિર્મિઝી, ઈબ્ને માજહ)

حديث ૧૩૬૬

عَنِ ابْنِ الْمُسَيَّبِ وَاَبِيْ سَلَمَةَ عَنْ اَبِيْ هُرَيْرَةَ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا تَمْنَعُوْا فَضْلَ الْمَاءِ لِتَمْنَعُوْا بِهٖ فَضْلَ الْكَلَاُ ۔

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ફાજલ પાણીને ન રોકો કે જેના કારણે ફાજલ ચરાઈને રોકી દો." (અબૂ દાઉદ, તિર્મિઝી) **[હદીષ : ૧૩૬૬]**

જમણી બાજુ જે સાહબઝાદા હતા તે હઝરત ફઝ્લ બિન અબ્બાસ હતા. જેમ કે ઈબ્ને બતાલે લખ્યું છે, પણ ઈબ્ને તયને કહ્યું કે એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ હતા. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું છે કે એ જ સહીહ છે. આ હદીષથી સાબિત થયું કે મજલિસમાં કોઈ હદિયો પેશ કરવામાં આવે અને એમાં કોઈને ખાસ કરવામાં ન આવે તો તમામ શરીકોને એમાંથી આપવું મુસ્તહબ છે એ શર્તે કે ગુંજાઈશ હોય. અને **જમણી બાજુવાળાને પ્રથમ આપવામાં આવે ભલે ડાબી બાજુવાળા ઈલ્મો ફઝ્લ તથા ઉમરમાં વધારે હોય.** હદીષમાં ઉલ્લેખ જો કે પાણી તથા દૂધનો છે, પરંતું ખાવા પીવાની સર્વ ચીજો માટે એ આમ છે. જેમ કે મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત قدس سرہ એ 'અલ્મલ્ફૂઝ'માં એની સ્પષ્ટતા કરી છે.

સમજૂતી : હદીષ : ૧૩૬૫–૧૩૬૬ **સામ્યતા** : આ હદીષમાં બચેલા પાણીને રોકવાથી મના ફર્માવ્યું. અને પાણી એ વખતે બચશે જ્યારે જરૂરતમાં પોતાના બાગ તથા ખેતરને સંપૂર્ણપણે સીંચી લેશે. એનાથી સાબિત થયું કે માલિકનો પાણી પર સૌથી અધિક હક્ક છે. આ હદીષનો મતલબ એ છે કે જો કોઈ શખ્સનો કૂવો અથવા

بَابُ الْخُصُوْمَةِ وَالْقَضَاءِ فِيْهَا ؕ

"કૂવામાં ઝઘડો અને એમાં ફ़ઝાનું બયાન" –(૩૧૭)

حديث ١٣٦٧ عَنْ شَقِيْقٍ عَنْ عَبْدِ اللّٰهِ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફ઼રમાવ્યું, **[હદીષ : ૧૩૬૭]**

مَنْ حَلَفَ عَلٰى يَمِيْنٍ يَقْتَطِعُ بِهَا مَالَ امْرِئٍ مُّسْلِمٍ هُوَ عَلَيْهَا فَاجِرٌ لَقِيَ اللّٰهَ وَهُوَ عَلَيْهِ

જે શખ્સ એવી ક़સમ ખાય કે એના ઝરીયા કોઈ મુસલમાનનો માલ લઈ લે અને તે એ ક़સમમાં જૂઠો હોય તો

غَضْبَانُ فَأَنْزَلَ اللّٰهُ تَعَالٰى إِنَّ الَّذِيْنَ يَشْتَرُوْنَ بِعَهْدِ اللّٰهِ وَأَيْمَانِهِمْ ثَمَنًا قَلِيْلًا ؕ

અલ્લાહથી ક़યામતના દિવસે એ હાલતમાં મળશે કે અલ્લાહ ﷻ એના પર ગઝબનાક હશે. એના પર

فَجَاءَ الْأَشْعَثُ فَقَالَ مَا يُحَدِّثُكُمْ أَبُوْ عَبْدِ الرَّحْمٰنِ قِيْلَتْ هٰذِهِ الْآيَةُ

અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફ઼રમાવી, "જે લોકો અલ્લાહ અને તેની ક़સમોના બદલામાં થોડી પુંજી

كَانَتْ لِيْ بِئْرٌ فِيْ أَرْضِ ابْنِ عَمٍّ لِيْ فَقَالَ لِيْ شُهُوْدُكَ فَقُلْتُ مَا لِيْ شُهُوْدُ قَالَ

ખરીદે છે".....(છેવટ સુધી) ત્યારબાદ અશઅષ (બિન ક़ૈસ) رضی اللہ عنہ આવ્યા અને કહ્યું, અબૂ અબ્દુર્રહમાન જે

فَيَمِيْنُهُ قُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ إِذًا يَحْلِفُ فَذَكَرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

હદીષ બયાન કરે છે તે સહીહ છે. મારા બારામાં જ આ આયત નાઝિલ કરવામાં આવી છે. મારો એક કૂવો

તળાવ કોઈ જગાએ હોય અને તેની આસપાસ ઘાસ હોય તો ચારનારાઓ તથા પશુઓને પાણી પીવાથી ન રોકવામાં આવે જો પાણી માલિકનો જરૂરતથી વધારાનું ફાજલ હોય. કેમ કે જો ચારનારાઓ તથા પશુઓને પાણી નહીં પીવા દેવામાં આવે તો ત્યાં ચરાવનારા જાનવર ચરાવવા નહીં જાય. આ રીતે ચરવાથી રોકવું લાઝિમ ઠરશે. આ હુકમ ઈસ્તેહબાબી (જેનાથી કોઈ કામનું મુસ્તહબ હોવું સાબિત થાય) છે અને ઉચ્ચ અખ્લાક़ની તાલીમ છે.

હદીષ : ૧૩૬૭ની સમજૂતી હઝરત અશઅષ બિન ક़ૈસ કિંદી યમની رضی اللہ عنہ હિ.સ. ૧૦માં કિંદાના પ્રતિનિધિમંડળની સાથે ખિદમતે અક़્દસમાં હાજર થયા અને ઈસ્લામથી મુશર્રફ થયા. એ ચાલીસ સવાર હતા. હુઝૂરે અક़્દસ ﷺના વિસાલ બાદ એ પણ મુર્તદ થઈ ગયા હતા. હઝરત સિદ્દીક़ે અકબર رضی اللہ عنہ એ મુર્તદોની શોરિશ (હંગામા)ને ખત્મ કરવા માટે જે લશ્કર રવાના કર્યું હતું એમાંના એકે એમને ગિરફ઼્તાર કર્યા અને મદીના તયબહ હઝરત સિદ્દીક़ે અકબર رضی اللہ عنہ ની ખિદમતમાં પેશ કર્યા. તેમણે હઝરત સિદ્દીક़ે અકબરને અર્ઝ કરી, મને મારી લડાઈઓના લીધે જીવતો રાખો અને આપનાં બહેનથી મારો નિકાહ કરી આપો. હઝરત સિદ્દીક़ે અકબરે બંનેવ વાતો મંઝૂર કરી લીધી અને એ પછી ઈસ્લામથી મુશર્રફ થઈ ગયા. હઝરત સિદ્દીક़ે અકબરે પોતાનાં બહેન ઉમ્મે ફ઼રૂહનો તેમની સાથે નિકાહ કરી આપ્યો જેનો ક़િસ્સો ખૂબ લાંબો છે.

રિસાલતકાળમાં ઈસ્લામથી પાવન થયા બાદ પોતાની સાહબઝાદીને હુઝૂર ﷺના પત્ની તરીકે આપ્યાં

هٰذَا الْحَدِيْثَ فَاَنْزَلَ اللّٰهُ ذٰلِكَ تَصْدِيْقًا لَّهٗ ـــ

મારા કાકાના પુત્રની જમીનમાં હતો. (અમારી વચ્ચે ઝઘડો થઈ ગયો. હું હુઝૂરની ખિદમતમાં હાજર થયો) હુઝૂરે મને ફર્માવ્યું, તારી પાસે ગવાહ છે ? મેં કહ્યું, મારી પાસે ગવાહ નથી. ફર્માવ્યું કે હવે તારા કાકાના પુત્ર (પિત્રાઈભાઈ) પર ક़સમ છે. મેં કહ્યું, હવે એ ક़સમ ખાઈ લેશે ! એના પર નબી ﷺએ આ હદીષ બયાન ફર્માવી. પછી અલ્લાહ તઆલાએ આ આયતને તેના સમર્થન માટે નાઝિલ ફર્માવી.''

(બુખારી ૧/૩૬૭ અશ્શહાદાત, ૧/૩૨૬ કલામુલ ખસૂમ બઅદહુમ ફી બઅદ, ૨/૬૫૨ અત્તફ્સીરુ આલિ ઈમરાન, ૨/૯૮૭ અલ્ઈમાન ૧/૯૮૫ બાબ અહદુલ્લાહ, ૨/૧૦૬૫ અલ્અહકામ, ૨/૩૪૨, મુસ્લિમ–ઈમાન, અબૂ દાઊદ–અન્નુઝૂર, તિર્મિઝી–બુયૂઅ : તફ્સીર, નિસાઈ–અલ્ક़ઝા, ઈબ્ને માજહ–અહકામ, મુસ્નદે ઈમામ અહમદ ૧/૩૭૭, ૫/૨૧૧)

بَابُ اِثْمِ مَنْ مَنَعَ ابْنَ السَّبِيْلِ مِنَ الْمَآءِ ص٣١٧

"મુસાફરને પાણી પીવાથી મના કરવાનો ગુનોહ" –(૩૧૭)

حديث ١٣٦٨ سَمِعْتُ اَبَا صَالِحٍ يَّقُوْلُ سَمِعْتُ اَبَاهُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **ત્રણ શખ્સ** છે* **[હદીષ : ૧૩૬૮]**

يَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ثَلَاثَةٌ لَّا يَنْظُرُ اللّٰهُ اِلَيْهِمْ

જેમના પ્રતિ ક़યામતના દિવસે અલ્લાહ તઆલા રહમતની નજર ફર્માવશે નહીં અને તેમના ગુનાહોને માફ નહીં

પણ હજી ખિદમતે અક़દસમાં હાજર ન થયાં હતાં એવામાં હુઝૂરે અક़દસ ﷺનો વિસાલ થઈ ગયો.

ચિંતનની પળ : હઝરત અશઅષ નસ્સાજ (વણકર) હતા. એકવાર હઝરત અલી رضی اللہ عنہ તેમના પર નારાજ થયા તો જલાલમાં ફર્માવ્યું : **ايها الحائك ابن الحائك** (હે વણકરના પુત્ર વણકર !) પણ હુઝૂરે અક़દસ ﷺએ તેમને શરફ (બુઝુર્ગી) બખ્શી કે તેમનાં પુત્રીને ઉમ્મહાતુલ મોમિનીનનાં ગિરોહમાં સામેલ કરી લીધાં. અને હઝરત સિદ્દીક़ે અકબર رضی اللہ عنہએ પોતાનાં બહેનને તેમના પત્ની તરીકે આપ્યાં. આ પરથી એ લોકોએ પોતાની સુધારણા કરી લેવી વાજિબ છે જેઓ વણકરોને નીચ સમજે છે. હઝરત અશઅષ બિન ક़ૈસના એ પિત્રાઈ ભાઈનું નામ જેમની જમીનમાં એમનો કૂવો હતો મઅદાન બિન અસ્વદ બિન સઅદ બિન મઅદી કર્બ હતું.

મસાઈલ : આ હદીષથી સાબિત થયું કે સાબિતી રજૂ કરવી દાવેદારના માથે છે. અને જો દાવેદાર સાબિતી ન પેશ કરી શકે અને મુદ્દઆ અલૈહ (જેના સામે દાવો છે તે) દાવાથી ઈન્કાર કરે તો એના પર ક़સમ છે, દાવેદાર પર ક़સમ નથી અને એની ક़સમ નિરર્થક છે. તેમજ એ પણ સાબિત થયું કે હાકિમ જેના સામે દાવો છે તેની પાસે ક़સમની માગણી કરશે, ભલે દાવેદાર એની માગણી ન કરે.

હદીષ : ૧૩૬૮ની સમજૂતી

સામ્યતા : આ હદીષમાં વધારાનુ પાણી કોઈને ન આપવા પર ધમકી છે. એનાથી જાણવા મળ્યું કે જો પાણી ફાજલ (વધારાનું) ન હોય તો મના કરી શકે છે. આ હદીષથી જાણવા મળ્યું કે મુસાફરોને તથા પાલતુ પશુઓને પાણી પીવડાવવું વાજિબ છે જ્યારે કે તે તરસ્યાં હોય અને જો તરસથી તેમની જાન જવાનો ખતરો હોય

يَوْمَ الْقِيٰمَةِ وَلَا يُزَكِّيْهِمْ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ - رَجُلٌ كَانَ لَهٗ فَضْلُ

ફર્માવે અને એમના માટે દર્દનાક અઝાબ છે. **એક તે શખ્સ** જેની પાસે રસ્તામાં ફાજલ પાણી હતું અને એણે

مَاءٍ فِي الطَّرِيْقِ فَمَنَعَهٗ مِنَ ابْنِ السَّبِيْلِ وَرَجُلٌ بَايَعَ اِمَامًا لَا يُبَايِعُهٗ

પાણીને મુસાફરથી રોક્યું. અને **એક તે શખ્સ** જેણે કોઈ ઈમામથી કેવળ દુનિયાના માટે બયઅત કરી, હવે તે

اِلَّا لِدُنْيَا فَاِنْ اَعْطَاهُ مِنْهَا رَضِيَ وَاِنْ لَّمْ يُعْطِهٖ مِنْهَا سَخِطَ وَرَجُلٌ اَقَامَ

જો તેને કાંઈ આપે તો રાજી રહે અને જો કાંઈ ન આપે તો નારાજ થઈ જાય. અને **એક તે શખ્સ** જેણે અસ્ર બાદ

سِلْعَتَهٗ بَعْدَ الْعَصْرِ فَقَالَ وَاللّٰهِ الَّذِيْ لَا اِلٰهَ غَيْرُهٗ لَقَدْ اُعْطِيْتُ بِهَا كَذَا وَكَذَا

પોતાના સામાનને લગાડયો પછી કહ્યું, ક઼સમ છે અલ્લાહની ! જેના સિવાય કોઈ મઅબૂદ નથી, મારા આ

فَصَدَّقَهٗ رَجُلٌ ثُمَّ قَرَأَ هٰذِهِ الْاٰيَةَ ۔ اِنَّ الَّذِيْنَ يَشْتَرُوْنَ بِعَهْدِ اللّٰهِ وَاَيْمَانِهِمْ

સામાનની કિંમત આટલી આટલી લગાડવામાં આવી ચૂકી છે. કોઈએ એની વાત માની લીધી

ثَمَنًا قَلِيْلًا ۔

(અને સામાન એટલી કિંમતે ખરીદયો). ★ પછી હુઝૂરે આ આયત તિલાવત ફર્માવી :

"જે લોકો અલ્લાહના અહદ અને તેની ક઼સમોના બદલામાં થોડી કિંમત હાંસલ કરે છે."

(★ બુખારી ૧/૩૧૮, ૧/૩૬૭ શહાદાત, ૨/૧૦૭૧, અહકામ, ૨/૧૧૦૯ કિતાબુત્તૌહીદ, મુસ્લિમ–ઈમાન, નિસાઈ–બુયૂઅ, ઈબ્ને માજહ–તિજારાત : જેહાદ, મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૨/૨૫૧, ૪૮૦)

بَابُ سَكْرِ الْاَنْهَارِ ص ۳۱۷

"નહેરોને બંધ કરવું" –(૩૧૭)

حديث ૧૩૬૯ عَنْ عُرْوَةَ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ الزُّبَيْرِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهٗ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરે رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે હદીષ બયાન કરી કે **[હદીષ : ૧૩૬૯]**

حَدَّثَهٗ اَنَّ رَجُلًا مِّنَ الْاَنْصَارِ خَاصَمَ الزُّبَيْرَ عِنْدَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

એક અન્સારીએ હઝરત ઝુબેરની વિરુદ્ધ નબી ﷺ ની બારગાહમાં હર્રાના એ નાળાના બારામાં જેનાથી લોકો

તો પાણીનો માલિક સજાને પાત્ર ઠરશે. જો મુસાફરો પાસે કિંમત હોય તો મફત પીવડાવવું વાજિબ નથી અને જો કિંમત ન હોય તો જાન બચાવવા જેટલુ પાણી પીવડાવવું વાજિબ છે.

હદીષ : ૧૩૬૯ની સમજૂતી رجلا من الانصار : અમુક શરહકર્તાઓએ લખ્યું કે આ શખ્સ મુનાફિક઼

عَلَيْهِ وَسَلَّمَ فِي شِرَاجِ الْحَرَّةِ الَّتِي يَسْقُونَ بِهَا النَّخْلَ فَقَالَ الْأَنْصَارِيُّ

ખજૂરના બાગોને પાણી આપતા હતા, દાવો કર્યો. અન્સારીએ કહ્યું કે પાણીને છોડી આપ કે તે આગળ વધે,

سَرِّحِ الْمَاءَ يَمُرُّ فَأَبَى عَلَيْهِ فَاخْتَصَمَ عِنْدَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

હઝરત ઝુબેરે ઈન્કાર કરી આપ્યો. હવે બંનેવ નબી ﷺની ખિદમતમાં એ મામલો લઈ ગયા. તો રસૂલુલ્લાહ

قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِلزُّبَيْرِ اسْقِ يَا زُبَيْرُ ثُمَّ أَرْسِلِ

ﷺએ ફર્માવ્યું, હે ઝુબૈર ! સીંચીને પાણી પોતાના પડોસીના માટે છોડી આપ ! એના પર અન્સારી ગુસ્સે થઈ

الْمَاءَ إِلٰى جَارِكَ فَغَضِبَ الْأَنْصَارِيُّ فَقَالَ أَنْ كَانَ ابْنَ عَمَّتِكَ فَتَلَوَّنَ

ગયા અને એવું કહી દીધું, આપનાં ફોઈના પુત્ર છે ને ! એના પર રસૂલુલ્લાહ ﷺનો ચહેરો મુબારક બદલાઈ

وَجْهُ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ قَالَ اسْقِ يَا زُبَيْرُ ثُمَّ

ગયો. પછી ફર્માવ્યું, સીંચી લે પછી પાણીને રોક ત્યાં સુધી કે સેઢાના છેડા સુધી પહોંચી જાય. એના પર ઝુબૈરે

احْبِسِ الْمَاءَ حَتّٰى يَرْجِعَ إِلَى الْجَدْرِ فَقَالَ الزُّبَيْرُ وَاللّٰهِ إِنِّي لَأَحْسِبُ

કહ્યું, બખુદા ! હું ગુમાન કરું છું કે આ આયત એના બારામાં નાઝિલ થઈ : "તારા રબની કસમ ! એ લોકો

هٰذِهِ الْآيَةَ نَزَلَتْ فِي ذٰلِكَ ۔ فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُونَ حَتّٰى يُحَكِّمُوكَ

મોમિન નથી થઈ શકતા જ્યાં સુધી આપસી ઝઘડાઓમાં આપને હકમ ન માની લે. વળી આપના ફૈસલા પર

فِيمَا شَجَرَ بَيْنَهُمْ ۔

કોઈ તંગી મેહસૂસ ન કરે અને એને પૂર્ણપણે સ્વીકારી ન લે."

(બુખારી ૧/૩૧૮ બાબે શુરબ, ૧/૩૭૩ અસ્સુલહ, ૨/૬૬૦ તફ્સીર, મુસ્લિમ–ફઝાઈલ, અબૂ દાઉદ–અકૃદિયહ, તિર્મિઝી–અહકામ તફ્સીર, નિસાઈ–કુઝાત, ઈબ્ને માજહ–મુકૃદમા, મુસ્નદે ઈમામ અહમદ ૧/૧૬૫, ૪/૫)

હતો, પણ એ સહીહ નથી. પ્રથમ એટલા માટે કે ઈમામ બુખારીએ કિતાબુસ્સુલહમાં તેમના બારામાં ફર્માવ્યું. قد شهد بدراً અને એના પર એકમતિ છે કે બદરવાળાઓમાંથી કોઈપણ મુનાફિક્ નથી થયો. બીજુ કે સહાબાએ કિરામની આદત મુબારક હતી કે જ્યારે મુનાફિક્ોનો ઉલ્લેખ કરતા તો તેમને મુનાફિક્ોથી જ વર્ણવતા, તેમને અન્સારી ન કહેતા. અહીં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ એ તેમને અન્સારી કહ્યા. લોકોને એ શંકા એના લીધે થઈ કે તેમણે હુઝૂરે અકૃદસ ﷺની શાનમાં તે સખત શબ્દો કહી નાખ્યા હતા. એની તાવીલ ઉલમાએ એ કરી કે અત્યંત ગુસ્સાના કારણે આ શબ્દો એમની જીભેથી અનાયાસે નીકળી ગયા. શરૂ શરૂ ઈસ્લામનો મામલો હતો, લોકો નબુવ્વતના આદાબથી માહિતગાર થયા ન હતા. સ્થિતિ એવી હતી કે રણના ઉપરના હિસ્સાથી આ પાણી આવતુ હતું. ઉપરના હિસ્સા પર હઝરત ઝુબૈર બિન અવામ અને તેની સાથે

بَابُ مَنْ رَأَى أَنَّ صَاحِبَ الْحَوْضِ وَالْقِرْبَةِ أَحَقُّ بِمَائِهِ ص٣١٨

"હોજ અથવા મશકનો માલિક તેના પાણીનો સૌથી વિશેષ હક્દાર છે. –(૩૧૮)

حديث ١٣٧٠

عَنْ مُحَمَّدِ بْنِ زِيَادٍ قَالَ سَمِعْتُ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, કસમ એ જાતની **[હદીષ : ૧૩૭૦]**

عَنِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ وَالَّذِي نَفْسِي بِيَدِهِ لَأَذُودَنَّ رِجَالًا

જેની કુદરતના તાબામાં મારી જાન છે ! કેટલાક લોકોને મારા હોજથી હું ભગાવીશ જેવી રીતે અજનબી

નીચાણવાળા હિસ્સા પર એક અન્સારીનો બાગ હતો. ઉર્ફના દસ્તૂર અને રિવાજ મુજબ હઝરત ઝુબૈર رضی اللہ عنہ ને એ હક્ક હાંસલ હતો કે પોતાનો બાગ સંપૂર્ણપણે સીંચી લે પછી પાણી પોતાના પડોસીને આપે, એના પડોસી જે અન્સારી હતા તેમણે ઝઘડો કર્યો.

شراج الحرة : શિરાજ પાણી વહેવાના નાળાને કહે છે. **الحرة** પથરીલી જમીન જ્યાં એ રીતે પથ્થર પડયા હોય કે જોવામાં એવુ જણાતુ હોય કે એ ઉપરથી ફેંકવામાં આવ્યા હોય અને સળગેલા હોય.

મદીના તયબહના બે હર્રા મશહૂર છે, હર્રાએ શર્કિયા હર્રાએ ગર્બિયા (પૂર્વ–પશ્ચિમ) જેના વચ્ચે આખુ શહેર આબાદ છે.

الیالجدر : જઝ્રનો મૂળ અર્થ દીવાલ છે. અહીં તે સેઢુ મુરાદ છે, પાણી રોકવાના માટે ઝાડોની જડોની આસપાસ બાંધવામાં આવે છે. અમુક રિવાયતોમાં આ શબ્દ પણ આવ્યો છે.

الی الجذر : જઝ્ર ઝાડના તે મૂળને કહે છે જે જમીનની અંદર ફેલાયેલ હોય છે. મુરાદ એ જ છે કે ખેતરને જેટલા પાણીની જરૂરત છે, લોકો જેટલુ પાણી ભરે છે ભરી લે. કેમ કે અમુક રિવાયતોમાં આવ્યું છે કે ઝુબૈર رضی اللہ عنہ એ પોતાના બાગમાં એટલુ પાણી ભર્યું કે ઘૂંટીઓ સુધી પહોંચી ગયું.

મસાઈલ : આ હદીષથી સાબિત થયું કે જે ચીજ કોઈની માલિકીની ન હોય બલ્કે મુબાહ હોય એના પર જે કબજો કરી લે તે ચીજ તેની છે. ક્યાંકથી મુબાહ પાણી વહેતુ આવી રહ્યું હોય તો જેની તરફ પ્રથમ પહોંચે તેને હક્ક હાંસલ છે કે જરૂરત પ્રમાણે વાપરીને બીજાના માટે છોડી આપે.

قال محمد بن العباس મુહમ્મદ ઈબ્ને અબ્બાસ સલ્લમી અસ્બહાની, ઈમામ બુખારીના સમકાલિન મુહદ્દિષ છે. અલ્બત્ત તેમનો વિસાલ ઈમામ બુખારી પછી હિ.સ. ૨૬૬માં થયો છે. આ ક્વૌલનો મતલબ એ છે કે આ હદીષને ઈમામ ઝુહરીના શાગિર્દોમાંથી કેવળ ઈમામ લૈષે ઉરવાથી અને તેમણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہما થી કરી છે. બાકીના શાગિર્દોની રિવાયત મુજબ ઉરવાએ આ હદીષ પોતાના પિતા હઝરત ઝુબૈર બિન અવામ رضی اللہ عنہ થી રિવાયત કરી છે. પણ નિસાઈ (૨/૩૦૭ કિતાબુલ ક્ઝા)માં ઈમામ ઝુહરીના શાગિર્દ ઈબ્ને વહબ તથા યૂનુસે પણ આ જ રિવાયત કરી છે કે ઉરવાએ પોતાના ભાઈ હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما થી રિવાયત કરી છે.

હદીષ : ૧૩૭૦ની સમજૂતી **رجال** એ કોણ લોકો હશે ? એના બારામાં શરહકર્તાઓનાં વિવિધ કથનો છે. ઈબ્ને તયને કહ્યું છે કે એ મુનાફિક્ો છે. ઈબ્ને જવઝીએ કહ્યું કે એ બિદઅતી ગુમરાહ હશે. કુર્તબીએ કહ્યું, એ લોકો અન્ય એવી ઉમ્મતના માણસો હશે જેમનામાં આ ઉમ્મતનું કોઈ નિશાન નથી. મારા ખયાલમાં આ કથનોમાં વિરોધાભાસ નથી, આ સૌ હોય શકે છે. મુરાદ એ છે કે જે લોકો પોતે પોતાને મુસલમાન કહેતા હતા

عَنْ حَوْضِيْ كَمَا تُذَادُ الْغَرِيْبَةُ مِنَ الْإِبِلِ عَنِ الْحَوْضِ ـ

ઊંટને હોજથી ભગાડી મૂકવામાં આવે છે."

(મુસ્લિમ–તહારત–ફઝાઈલ, ઈબ્ને માજહ–ઝુહદ, મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ, ૨/૩૦૦, ૨/૪૫૪, ૨/૪૬૭)

بَابٌ لَا حِمٰى إِلَّا لِلّٰهِ وَلِرَسُوْلِهٖ ص ۳۱۹

"મેહફૂઝ ચરાગાહ કેવળ અલ્લાહ તથા તેના રસૂલના માટે છે. –(૩૧૯)

حدیث ۱۳۷۱ عَنِ ابْنِ عَبَّاسٍ اَنَّ الصَّعْبَ بْنَ جَثَّامَةَ قَالَ اِنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે સઅ્બ બિન જષ્ષામહએ કહ્યું કે **[હદીષ : ૧૩૭૧]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا حِمٰى اِلَّا لِلّٰهِ وَلِرَسُوْلِهٖ وَقَالَ بَلَغَنَا اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મહફૂઝ ચરાગાહ કેવળ અલ્લાહ અને તેના રસૂલના માટે છે (અને ઈમામ

عَلَيْهِ وَسَلَّمَ حَمَى النَّقِيْعَ وَاَنَّ عُمَرَ حَمَى الشَّرَفَ وَالرَّبَذَةَ ـ

ઝુહરીએ કહ્યું) અમારા સુધી એ વાત પહોંચી છે કે નબી ﷺએ નક્ઈઅને રમ્ના (મેહફૂઝ શાહી ચરાગાહ) બનાવ્યું અને હઝરત ઉમર رضی اللہ عنہએ શરફ અને રબઝાને રમ્ના બનાવ્યું."

(બુખારી, ૧/૪૨૩ જેહાદ, અબૂ દાઊદ–ખિરાજ, નિસાઈ–અલ્હમી, મુસ્નદે ઈમામ અહમદ ૪/૩૭૧–૭૮)

પણ હક઼ીક઼તમાં તેઓ મુસલમાન ન હતા, મુનાફિક઼ હતા કે મુર્તદ હતા કે ગુમરાહ હતા. એ લોકો પણ ઉમ્મતની સાથે હોજ પર આવી જશે, જેમને હુઝૂર ﷺ ધક્કો મારીને ભગાડશે.

હદીષ : ૧૩૭૧ની સમજૂતી **પરિપૂર્ણતા** : સઅ્બ બિન જષ્ષામહ رضی اللہ عنہ કહે છે કે હું અબ્વા કે વદાનમાં હતો એવામાં નબી ﷺ પસાર થયા. હુઝૂરને એ લોકોના બારામાં સવાલ થયો જેઓ મુશ્રિક છે અને ક્યાંક રાત પસાર કરે છે તેમની પત્નીઓ સાથે સંભોગ કરે અને જે ઔલાદ પેદા થશે તેમનો શું હુકમ છે ? ફર્માવ્યું, તે એમનામાંથી છે.

نقیع : મદીના તયબહથી બે દિવસના અંતરે બિલાદે મદીનામાં એક જગાનું નામ છે. 'શરફ' મદીનાથી લાગેલ પ્રદેશમાં એક જગાનું નામ છે. રબઝહ્ મદીના તયબહથી છ માઈલના અંતરે ઝાતેઅરક઼ની નજીક એક જગાનું નામ છે. અહીં હઝરત અબૂ ઝર ગફ઼્ફારી رضی اللہ عنہનો મઝારે પાક છે.

حمی રમ્નહ્ તે ચરવાની જગા જેને હુકૂમત પોતાનાં જાનવરોને ચરવાના માટે ખાસ કરી આપે.

بلغنا એટલે હદીષે બલાગ઼ાતે ઈમામ ઝુહરીથી છે. ઈમામ ઝુહરી કહે છે કે અમને ખબર પહોંચી છે કે નબી ﷺએ નક઼ીઅ્ને રમ્નહ બનાવ્યું. જ્યારે કે ઈમામ ઝુહરીએ હુઝૂરે અક઼્દસ ﷺની ઝિયારત નથી કરી. તેમનો જન્મ લગભગ ૫૩ હિ.સ.માં થયો. તેમણે વચ્ચે એક રાવીને છોડી આપેલ છે, એ ખૂદ સઅ્બ બિન જષ્ષામા છે અને અધિક અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما તથા ઓબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ, જેમ કે ઈમામ સઈદ બિન મન્સૂરે રિવાયત કરી છે.

بَابُ الْقَطَائِعِ ص٣٢٠

"જાગીરોનું બયાન" –(૩૨૦)

حديث ١٣٧٢ عَنْ يَحْيَى بْنِ سَعِيْدٍ قَالَ سَمِعْتُ أَنَسًا رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ أَرَادَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

"હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું નબી ﷺ એ ઈરાદો ફર્માવ્યો કે અન્સારને બહરૈન **[હદીષ : ૧૩૭૨]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أَنْ يُّقْطِعَ مِنَ الْبَحْرَيْنِ فَقَالَتِ الْأَنْصَارُ حَتّٰى تُقْطِعَ لِإِخْوَانِنَا مِنَ الْمُهَاجِرِيْنَ

જાગીરમાં આપી દે. અન્સારે અર્ઝ કરી કે જ્યાં સુધી અમારા મુહાજિર ભાઈઓને જાગીર આપશો નહીં (અમને

مِثْلَ الَّذِيْ تُقْطِعُ لَنَا قَالَ سَتَرَوْنَ بَعْدِيْ إِثْرَةً فَاصْبِرُوْا حَتّٰى تَلْقَوْنِيْ ـــه

સ્વીકાર્ય નથી) ફર્માવ્યું, તમે લોકો નજીકમાં જ મારા બાદ અગ્રતા આપતો વહેવાર જોશો,

એ વખતે સબ્ર કરજો ત્યાં સુધી કે મને મળો."

(બુખારી ૧/૪૪૮ કિતાબુલ જેહાદ, ૧/૩૨૦ બાબુ કિતાબતુલ કતાએઅ, ૧/૫૩૫ અલ્મનાકિબ, મુસ્નદે ઈમામ એહમદ ૩/૧૧)

હદીષ : ૧૩૭૨ની સમજૂતી

અમુક બીજી રિવાયતોમાં છે કે નબી ﷺ એ અન્સારે કિરામને બોલાવીને આવું ફર્માવ્યું હતું. પણ કેમ કે એટલી ગુંજાઈશ ન હતી કે મુહાજિરોને પણ આપે એટલા માટે ન અન્સારને કાંઈ આપ્યું ન મુહાજિરોને.

શંકા તથા નિવારણ : બહરૈન સુલહથી ફતહ થયું હતું અને જે દેશ સુલહથી એ શર્ત પર ફતહ થાય કે ત્યાંના રહેવાસીઓની મિલ્કતો તેમની માલિકીમાં બાકી રહેશે, એવી જગાઓને કોઈને જાગીરમાં આપવું જાઈઝ નથી. એનો જવાબ અમુક શરહકર્તાઓએ એ આપ્યો છે કે એનાથી મુરાદ એ છે કે ત્યાં જે ગૈર મુસ્લિમ ઝિમ્મી છે તેમને વહેંચી આપવામાં આવે, એમનો જિઝયો અન્સારે કિરામ લે.

બહરૈન : દક્ષિણ નજદનો એક હિસ્સો છે જેને આજકાલ લોકો અલઈહસાના નામથી જાણે છે, અહીં ખજૂરો પુષ્કળ પ્રમાણમાં થાય છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

كِتَابُ الْاِسْتِقْرَاضِ وَاَدَاءِ الدُّيُوْنِ وَالْحَجْرِ وَالتَّفْلِيْسِ ٣٢١

(કિતાબુલ્ ઈસ્તિક़રાદ્િ વઅદાઈદુયૂનિ વલ્હજરિ વત્તફ્લીસ)

"કરજ લેવા, અદા કરવા, તસર્રુફ (કોઈ પ્રકારના વ્યવહાર)થી રોકવા અને દેવાળિયો ઠરાવવાના બારામાં" –(૩૨૧)

بَابُ مَنْ اَخَذَ اَمْوَالَ النَّاسِ، يُرِيْدُ اَدَاءَهَا اَوْ اِتْلَافَهَا ٣٢١

"જેણે લોકોનો માલ લીધો અને નિય્યત એ હોય કે અદા કરી આપશે અથવા હજમ કરી જશે."

حديث ١٣٧٣ عَنْ اَبِي الْغَيْثِ عَنْ اَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, **જેણે લોકોનો** **[હદીષ : ૧૩૭૩]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ اَخَذَ اَمْوَالَ النَّاسِ يُرِيْدُ اَدَاءَهَا

માલ લીધો અને તે અદા કરવા ચાહે છે તો અલ્લાહ તેના તરફથી અદા કરી આપે છે અને

اَدَّى اللّٰهُ عَنْهُ وَمَنْ اَخَذَ يُرِيْدُ اِتْلَافَهَا اَتْلَفَهُ اللّٰهُ ؕ

જે હજમ કરવાના માટે લે છે, અલ્લાહ તઆલા તેને અદા કરવાની તૌફીક़ નથી આપતો."

(ઈબ્ને માજહ–સદક़ાત, મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૨/૩૮૧, ૪૧૭)

હદીષ : ૧૩૭૩ની સમજૂતી **من اخذ** એનાથી મુરાદ કેવળ ક़ર્ઝ નથી બલ્કે દરેક તે હક્ક़ છે જે બંદા પર કોઈ કારણે વાજિબ હોય, દા.ત. ખરીદ વેચાણ થકી.

ادی الله : આ હુસ્ને નિયત (સારી નિય્યત)ની બરકતનું બયાન છે અને બદ નિય્યતીની નહૂસતનું, કે જે શખ્સ ઉઘાડા દિલે વિશાળ દિલ સાથે અદા કરવા ચાહશે અલ્લાહ ﷻ તેની મદદ ફર્માવશે અને તેને કરજ અદા કરવાની તૌફીક़ અતા ફર્માવશે જેથી આખેરતની પૂછતાછથી બચી શકે. અને જેની નિય્યતમાં ખામી હોય છે તેને એ તૌફીક़થી મેહરૂમ રાખે છે અને કરજ અદા ન કરવાના વબાલમાં સપડાયેલો રહે છે. હઝરત ઈમામ મુહમ્મદ બિન બાક़િર رحمۃ اللہ علیہ થી મરવી છે કે તે કરજ લીધા કરતા હતા. પૂછવામાં આવ્યું, શા માટે વિના જરૂરતે કરજ લીધા કરો છો ? તેમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે કે અલ્લાહ કરજદાર સાથે રહે છે ત્યાં સુધી કે પોતાના કરજને અદા કરી આપે.

بَابُ اَدَاءِ الدُّيُوْنِ وَقَوْلِ اللّٰهِ تَعَالٰى اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمَانَاتِ اِلٰى اَهْلِهَا وَاِذَا حَكَمْتُمْ بَيْنَ النَّاسِ اَنْ تَحْكُمُوْا بِالْعَدْلِ اِنَّ اللّٰهَ نِعِمَّا يَعِظُكُمْ بِهٖ اِنَّ اللّٰهَ كَانَ سَمِيْعًا بَصِيْرًا (૩૨૧)

"કરજોને અદા કરવું અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "અલ્લાહ તઆલા તમને હુકમ આપે છે કે અમાનતો જેમની છે તેમને જરૂર સુપ્રત કરો અને જ્યારે તમે લોકોમાં ફૈસલો કરો તો ન્યાયપૂર્વક ફૈસલો કરો. અલ્લાહ તમને બેહતરીન નસીહત કરે છે. બેશક ! અલ્લાહ સાંભળનાર તથા જોનાર છે." –(૩૨૧)

حديث ૧૩૭૪ عَنْ زَيْدِ بْنِ وَهْبٍ عَنْ اَبِىْ ذَرٍّ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كُنْتُ مَعَ النَّبِىِّ

"હઝરત અબૂ ઝર ગફ્ફારી رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું નબી ﷺની ખિદમતમાં હાજર હતો.**[હદીષ : ૧૩૭૪]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا اَبْصَرَ يَعْنِىْ اُحُدًا قَالَ مَا اُحِبُّ اَنَّهٗ يُحَوَّلُ لِىْ ذَهَبًا يَمْكُثُ

જ્યારે હુઝૂરે એને એટલે ઓહદને જોયો તો ફર્માવ્યું, આ મારા માટે સોનાથી બદલી દેવામાં આવે તો મને એ

عِنْدِىْ مِنْهُ دِيْنَارٌ فَوْقَ ثَلٰثٍ لِيَالٍ اِلَّا دِيْنَارٌ اُرْصِدُهٗ لِدَيْنٍ ثُمَّ قَالَ اِنَّ الْاَكْثَرِيْنَ هُمُ

પસંદ નથી કે મારી પાસે એક દીનાર ત્રણ દિવસથી વધુ રહે સિવાય એ દીનારના કે જેને કરજ અદા કરવા માટે

الْاَقَلُّوْنَ اِلَّا مَنْ قَالَ بِالْمَالِ هٰكَذَا وَهٰكَذَا وَاَشَارَ اَبُوْ شِهَابٍ بَيْنَ يَدَيْهِ وَعَنْ يَمِيْنِهٖ وَ

બચાવી રાખુ. પછી ફર્માવ્યું, અધિક માલવાળા જ અધિક તંગદસ્ત (ગરીબ) છે, પણ જે માલ આવી રીતે આપે,

عَنْ شِمَالِهٖ وَقَلِيْلٌ مَا هُمْ وَقَالَ مَكَانَكَ وَتَقَدَّمَ غَيْرَ بَعِيْدٍ وَسَمِعْتُ صَوْتًا فَاَرَدْتُ

આવી રીતે આપે. અબૂ શહાબે પોતાની સામે પોતાની જમણે, પોતાની ડાબે ઈશારો કર્યો. અને એવા લોકો થોડા

اَنْ اٰتِيَهٗ ثُمَّ ذَكَرْتُ قَوْلَهٗ مَكَانَكَ حَتّٰى اٰتِيَكَ فَلَمَّا جَاءَ قُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ الَّذِىْ سَمِعْتُ

છે. અને ફર્માવ્યું, તમારી જગાએ રહો અને હુઝૂર આગળ વધ્યા. અને કાંઈ દૂર ન ગયા હતા, મેં એક અવાજ

اَوْ قَالَ صَوْتُ الَّذِىْ سَمِعْتُ قَالَ وَهَلْ سَمِعْتَ قُلْتُ نَعَمْ قَالَ اَتَانِىْ جِبْرَئِيْلُ فَقَالَ مَنْ

સાંભળ્યો. મેં ઈરાદો કર્યો કે ખિદમતે અક્દસમાં હાજર થઈ જાઉં. પછી મેં હુઝૂરના ઈર્શાદને યાદ કર્યો કે

હદીષ : ૧૩૭૪ની સમજૂતી

قال بالمال ક્વૌલ કદી કદી આમ ફેઅલના અર્થમાં પણ આવે છે ત્યારે તે દરેક ફેઅલની તાબીર બની શકે છે ભલે તે કલામ ન હોય, જીભથી ન બહાર પડયો હોય. અબૂ શિહાબનું નામ અબ્દે રબ્બહ છે.

પરિપૂર્ણતા : કિતાબુલ ઈસ્તીઝાન વગેરેમાં આ તફસીલ છે. ઝયદ બિન વહબે કહ્યું, અબૂ ઝરે રબઝહમાં આ હદીષ વર્ણવી કે હું નબી ﷺની સાથે હર્રા મદીનામાં ઈશાના સમયે ચાલી રહ્યો હતો. અમારી સમક્ષ

مَاتَ مِنْ اُمَّتِكَ لَا يُشْرِكُ بِاللّٰهِ شَيْئًا دَخَلَ الْجَنَّةَ قُلْتُ وَمَنْ فَعَلَ كَذَا وَكَذَا قَالَ نَعَمْ ـه

ફર્માવ્યું હતું, મારા આવતાં સુધી તમારી જગાએ રહેજો. જ્યારે હુઝૂર તશરીફ લાવ્યા તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મેં શું સાંભળ્યું હતું ? અથવા એ કયો અવાજ હતો જે મેં સાંભળ્યો હતો ? ફર્માવ્યું, શું તમે સાંભળ્યું ? મેં અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, મારી પાસે જિબ્રઈલ આવ્યા અને બતાવ્યું, ઉમ્મતમાંથી જે એ હાલમાં મરે કે અલ્લાહનો કોઈને શરીક ન ઠરાવતો હોય તો જન્નતમાં જશે. મેં અર્ઝ કરી, જે આવું આવું કરે, અને જે આવું આવું કરે ? ફર્માવ્યું, હા !''

(બુખારી, ૨/૯૨૭ અલ્ઈસ્તીઝાન, ૨/૯૫૩, કિતાબુર્રિકાક, ૨/૧૧૧૫ અત્તૌહીદ, મુસ્લિમ–કિતાબુઝ્ઝકાત, ઈબ્ને માજહ–કિતાબુઝ્ઝુહદ, મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ)

حدیث ۱۳۷۵ حَدَّثَنِيْ عُبَيْدُ اللّٰهِ بْنُ عَبْدِ اللّٰهِ بْنِ عُتْبَةَ قَالَ قَالَ اَبُوْهُرَيْرَةَ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જો મારી પાસે [હદીષ : ૧૩૭૫]

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَوْ كَانَ

ઓહદ પહાડના બરાબર સોનુ હોય તો મને એ ખુશ નહીં કરે કે મારા પર ત્રણ દિવસો ગુજરે અને

لِيْ مِثْلُ اُحُدٍ ذَهَبًا مَا يَسُرُّنِيْ اَنْ لَّا يَمُرَّ عَلَيَّ ثَلٰثٌ وَّعِنْدِيْ مِنْهُ شَيْءٌ

એમાંથી કાંઈ મારી પાસે રહે પણ એટલુ જેને કરજ અદા

اِلَّا شَيْءٌ اُرْصِدُهٗ لِدَيْنٍ ـه

કરવાના માટે બચાવેલ રાખું.'' (બુખારી ૧/૧૦૭૩ ક઼ૌલુન્નબી ﷺ)

ઓહદ આવ્યો તો ફર્માવ્યું.

غير بعيد : ઈસ્તીઝાનની રિવાયતમાં છે કે હુઝૂરે ફર્માવ્યું, તમે તમારી જગાએથી હટશો નહીં ત્યાં સુધી કે હું પરત ન આવું. હુઝૂર તશરીફ લઈ ગયા ત્યાં સુધી કે અમારી નજરથી ગાયબ થઈ ગયા. તો મેં એક અવાજ સાંભળ્યો અને ડર્યો કે ક્યાંક હુઝૂર પર કોઈ તકલીફ ન પડી હોય ! મેં જવાનો ઈરાદો કર્યો, પછી રસૂલુલ્લાહ ﷺના ઈર્શાદને (આદેશને) યાદ કર્યો કે ફર્માવ્યું હતું, હટશો નહીં !

ومن فعل كذا : બીજી રિવાયતોમાં એ સ્પષ્ટતા છે કે હઝરત અબૂ ઝરે એ અર્ઝ કર્યું હતું ભલે તે ઝિના કરે, ભલે તે ચોરી કરે, ભલે તે ઝિના કરે, ભલે તે ચોરી કરે, ભલે તે ઝિના કરે.

بَابٌ لِصَاحِبِ الْحَقِّ مَقَالٌ ص ٣٢٣

"હક્કવાળાના માટે ચર્ચાની ગુંજાઈશ છે" –(૩૨૩)

ت ٤٦٢ وَيُذْكَرُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ قَالَ لَيُّ الْوَاجِدِ

"અને નબી ﷺથી રિવાયત ઝિક્ર કરવામાં આવે છે કે ફર્માવ્યું, શક્તિવાળાને **[તઅલીક્ : ૪૬૨]**

يَحِلُّ عِرْضَهٗ وَعُقُوْبَتَهٗ.

ટાળવું તેની આબરૂ તથા તેની સજાને હલાલ કરી આપે છે."

بَابٌ اِذَا وَجَدَ مَالَهٗ عِنْدَ مُفْلِسٍ فِي الْبَيْعِ وَالْقَرْضِ وَالْوَدِيْعَةِ فَهُوَ اَحَقُّ بِهٖ

"જ્યારે પોતાનો માલ મુફ્લિસની પાસે પામે તો એ એનો હક્કદાર છે ચાહે તે માલનો મુસ્તહિક્ હોવું સોદા રૂપે હોય કે કરજ રૂપે હોય કે અમાનત હોય. –(૩૨૩)

પ્રકરણની સ્પષ્ટતા : મુફ્લિસથી મુરાદ તે શખ્સ છે જેના બારામાં હાકિમે ફૈસલો કરી દીધો હોય કે આ મુફ્લિસ છે જેને આપણા ઉર્ફમાં દેવાળિયો (નાદાર) કહે છે.

فى البيع : એની સ્થિતિ એ છે કે કોઈ ચીજ કોઈના હાથે વેચી. ખરીદનારે હજી કિંમત ન આપી હતી કે તે મુફ્લિસ થઈ ગયો. ત્યારબાદ વેચનારે માલ મુફ્લિસ પાસે પામ્યો તો વેચનાર માલનો અધિક મુસ્તહિક્ છે.

والقرض : એની સ્થિતિ એ છે કે કોઈએ કોઈને કરજ આપ્યું પછી કરજદાર મુફ્લિસ થઈ ગયો ત્યારબાદ કરજ આપનારે કરજ આપેલી રકમ કરજદાર પાસે જોઈ તો તે એનો અધિક મુસ્તહિક્ છે. આ બંને સ્થિતિઓમાં એ મતભેદ પણ છે, હમણા આવી રહ્યો છે.

والوديعة એની સ્થિતિ એ છે કે કોઈએ કોઈની પાસે અમાનત રાખી પછી અમાનતદાર મુફ્લિસ થઈ ગયો. પણ તેની પાસે અમાનત મૌજૂદ છે તો એકમતિએ તેનો હક્કદાર અમાનત મૂકવાવાળો છે.

ت ٤٦٣ قَالَ الْحَسَنُ اِذَا اَفْلَسَ وَتَبَيَّنَ لَمْ يَجُزْ عِتْقُهٗ وَلَا بَيْعُهٗ وَلَا شِرَاءُهٗ.

"હસન બસરીએ ફર્માવ્યું, જ્યારે કોઈ શખ્સ મુફ્લિસ થઈ ગયો અને મશ્હૂર પણ **[તઅલીક્ : ૪૬૩]**

થઈ ગયું તો તેનુ આઝાદ કરવું, ભેટ ધરવું તથા તેણે ખરીદ વેચાણ કરવું જાઈઝ નથી."

તઅલીક્ : ૪૬૨ની સમજૂતી આ તઅલીક્ને અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ હઝરત શદીદ رضی اللہ عنہ થી રિવાયત ફર્માવી છે. لَيُّ નો અર્થ ટાળમટોળ. વાજીદથી મુરાદ અહીં એ છે કે તે કરજ અદા કરવાની શક્તિ ધરાવતો હોય. હદીષનો ભાવાર્થ જાહેર છે. જ્યારે કરજ આપનાર વાયદાની મુદ્દત પર પોતાનું લેણુ નહીં પામે તો જેવુ ચાહશે બકી કાઢશે. એમાં શક્તિ હોવા પર તરત જ કરજની અદાયગીનું આકર્ષણ છે, અને ટાળ મટોળથી મનાઈ છે

તઅલીક્ : ૪૬૩ની સમજૂતી

تَبَيَّنَ થી મુરાદ હાકિમની નજીક તેનું મુફ્લિસ હોવું સાબિત થઈ જાય અને તે એનો હુકમ આપી દે.

ت ٤٦٤ وَقَالَ سَعِيْدُ بْنُ الْمُسَيَّبِ قَضٰى عُثْمَانُ مَنِ اقْتَضٰى مِنْ حَقِّهٖ قَبْلَ اَنْ يُّفْلِسَ

"સઈદ બિન મુસૈયબે કહ્યું, હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ એ ફૈસલો આપ્યો એ શખ્સના [તઅલીક : ૪૬૪]

فَهُوَ لَهٗ وَمَنْ عَرَفَ مَتَاعَهٗ بِعَيْنِهٖ فَهُوَ اَحَقُّ بِهٖ

બારામાં જેણે મુફલિસ થતા પહેલાં પોતાના હક્કને વસૂલ કરી લીધો તે એનો છે અને જે પોતાના

સામાનને ઓળખે તે એનો હક્કદાર છે."

حديث ١٣٧٦ اَنَّ اَبَا بَكْرِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ بْنِ الْحَارِثِ بْنِ هِشَامٍ اَخْبَرَهٗ اَنَّهٗ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺ એ [હદીષ : ૧૩૭૬]

سَمِعَ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

ફર્માવ્યું, જે એ જ સ્થિતિમાં પોતાના માલને કોઈ શખ્સની પાસે જુએ

اَوْ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ مَنْ اَدْرَكَ مَالَهٗ بِعَيْنِهٖ

અને તે મુફલિસ થઈ ગયો હોય તો તે

عِنْدَ رَجُلٍ اَوْ اِنْسَانٍ قَدْ اَفْلَسَ فَهُوَ اَحَقُّ بِهٖ مِنْ غَيْرِهٖ ـ

બીજા કરતાં અધિક મુસ્તહિક્ક છે."

તઅલીક : ૪૬૪ની સમજૂતી આ તઅલીકને અબૂ ઓબૈદે કિતાબુલ અમ્વાલમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. એનો મતલબ એ છે કે જો મુફલિસના માથે લોકોનું લેણુ છે અને તેની પાસે અમુક સામાન છે જેના બારામાં કોઈ એવું કહે છે આ ચીજ મારી છે, તેને સારી પેઠે ઓળખતો હોય તો તે ચીજ એની છે. બીજા લેણદારો તેને જબરદસ્તી નથી લઈ શક્તા.

હદીષ : ૧૩૭૬ની સમજૂતી આ હદીષમાં **મુફલિસથી તે શખ્સ મુરાદ છે જેના પર એટલો કરજનો બોજો હોય જેને તે અદા કરવાની શક્તિ ન ધરાવતો હોય, જેના કારણે ઈસ્લામી હાકિમે એના પર એ પાબંદી લગાડી આપી હોય કે તે કારોબાર નથી કરી શક્તો,** હઝરત ઈમામ માલિક, હઝરત ઈમામ શાફઈ વગેરેનો મઝહબ એ જ છે કે જો હાકિમે કોઈના બારામાં મુફલિસ (નાદાર) થવાનો હુકમ આપી દીધો પછી કોઈ લેણદારે પોતાની કોઈ ચીજ તે મુફલિસને ત્યાં જોયી અને એ ચીજમાં કોઈ એવો ફેરફાર ન થયો હોય જેનાથી એ ચીજ બદલાય ગઈ હોય, દા.ત. ચાંદી હતી એનું ઘરેણુ બનાવી લીધું છે, તો લેણદાર એ ચીજનો અન્યો કરતાં અધિક મુસ્તહિક્ક છે. એટલે તે ચાહે તો એ ચીજને ખૂદ લઈ લે. અન્ય લેણદારોને વાંધો ઉઠાવવાનો હક્ક ન રહેશે, ચાહે એ ચીજ મુફલિસે ખરીદી હોય અથવા પડાવી લીધી હોય અથવા તેને ત્યાં અમાનત રહી હોય.

આપણા મઝહબમાં તફસીલ છે. જો મુફલિસે કોઈ ચીજ ખરીદી હતી અને હજી કિંમત અદા કરવા પામ્યો ન હતો એવામાં મુફલિસ થઈ ગયો તો માલમાં વેચનાર તથા અન્ય સર્વ લેણદારોનો હક્ક સરખો છે, વેચનાર અન્ય

بَابُ إِذَا أَقْرَضَهُ إِلَى أَجَلٍ مُسَمًّى أَوْ أَجَّلَهُ فِي الْبَيْعِ ص ٣٢٣

જ્યારે નિશ્ચિત મુદ્દત સુધી કોઈને કરજ આપ્યું અથવા ખરીદ વેચાણમાં મુદ્દત નક્કી કરી. –(૩૨૩)

ت ٤٦٥ وَقَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا فِي الْقَرْضِ إِلَى أَجَلٍ لَا بَأْسَ

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ નિશ્ચિત મુદ્દત સુધી કરજના બારામાં ફર્માવ્યું, **[તઅલીક્ : ૪૬૫]**

بِهِ وَإِنْ أُعْطِيَ أَفْضَلَ مِنْ دَرَاهِمِهِ مَا لَمْ يَشْتَرِطْ -

એમાં કોઈ વાંધો નથી ભલે કરજદાર લેણદારના દિરહમોથી ઉમદા દિરહમ આપે જ્યાં સુધી એની શર્ત ન કરે."

ت ٤٦٦ وَقَالَ عَطَاءٌ وَعَمْرُو ابْنُ دِينَارٍ هُوَ إِلَى أَجَلِهِ فِي الْقَرْضِ - **[તઅલીક્ : ૪૬૬]**

"ઈમામ અતા અને ઈમામ અમ્ર બિન દીનારે ફર્માવ્યું, કરજદાર કરજમાં સમય મર્યાદાનો પાબંદ છે."

લેણદારોથી અધિક હક્કદાર નથી. અને એ આ હદીષ હેઠળ સામેલ જ નથી, એટલા માટે કે હદીષમાં એ છે કે જે પોતાનો માલ તેવો ને તેવો જ મુફલિસની પાસે જુએ. સોદા પછી માલ વેચનારની માલિકીમાંથી નીકળીને ખરીદનારની માલિકીમાં જતો રહ્યો. વેચાણ પછી માલ વેચનારનો રહ્યો જ નથી એટલા માટે એ આ હદીષના હેઠળ આવતુ જ નથી. આ હદીષથી મુરાદ પડાવી લેવુ, ચોરી વગેરે છે, જેમ કે તિબ્રાનીએ હઝરત સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જેનો કોઈ સામાન ચોરીથી જતો રહે અથવા નષ્ટ થઈ જાય. પછી એવો ને એવો જ પોતાના સામાનને કોઈ શખ્સ પાસે જુએ તો તે એનો સૌથી વધુ હક્કદાર છે અને ખરીદનાર વેચનારથી કિંમત વસૂલ કરે.

અને આ જ મઝહબ ઈબ્રાહીમ નખઈ, હસન બસરી તથા એક રિવાયતના પ્રમાણે શઅબી તથા ઈમામ શાફઈના ઉસ્તાદ વકીઅ બિન જર્રાહ તથા અબ્દુલ્લાહ બિન શબ્રમહ કૂફાના કાઝીનો પણ છે. બલ્કે ઘણા લોકોએ હઝરત અલી તથા હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદનો પણ આ જ મઝહબ બતાવ્યો છે.

આ મસ્અલા પર ઘણી લાભદાયક જોરદાર ચર્ચા અલ્લામા બદરુદ્દીન અયનીએ કરી છે જેની ઈચ્છા થાય અભ્યાસ કરે.

આ હદીષની સનદની વિશિષ્ટતા એ છે કે તેના તમામ રાવીઓ પોત પોતાના જમાનામાં મદીના તયબહના કાઝી હતા.

તઅલીક્ : ૪૬૫ની સમજૂતી

આ તઅલીક્ને ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે પોતાના મુસન્નફમાં રિવાયત કરી છે. એનાથી માલૂમ થયું કે દિરહમ સૌ એક પ્રકારના છે ભલે એમાં ચાંદીની માત્રા વધઘટ હોય. શર્ત પછી કેમ કે વ્યાજની શંકા ઉભી થઈ જાય છે એટલા માટે મના છે.

તઅલીક્ : ૪૬૬ની સમજૂતી

આ તઅલીક્ને ઈમામ અબ્દુર્રઝ્ઝાક્ પોતાના મુસન્નફમાં વર્ણવી છે. આ તઅલીક્નો મતલબ એ થયો કે કરજના માટે જે સમય મર્યાદા નક્કી કરી હતી એથી પહેલાં લેણદારે માગણી કરવાનો હક્ક નથી એટલે કે કરજદારને એના માટે મજબૂર નથી કરી શકાતો કે એનાથી પહેલાં અદા કરી આપે.

بَابُ مَا يُنْهٰى عَنْ اِضَاعَةِ الْمَالِ وَقَوْلُ اللّٰهِ تَعَالٰى وَاللّٰهُ لَا يُحِبُّ الْفَسَادَ ۔ وَلَا يُصْلِحُ عَمَلَ وَ الْمُفْسِدِيْنَ ۔ وَقَالَ اَصَلٰوتُكَ تَامُرُكَ اَنْ نَتْرُكَ مَا يَعْبُدُ اٰبَاءُ نَا اَوْاَنْ نَفْعَلَ فِىْ اَمْوَالِنَا مَانَشَاءُ ۔ وَقَالَ وَلَا تُؤْتُوا السُّفَهَاءَ اَمْوَالَكُمْ وَالْحَجْرِ فِىْ ذٰلِكَ وَمَا يُنْهٰى عَنِ الْخِدَاعِ (٣٢٤)

"માલ વેડફવાથી મના કરવામાં આવ્યું અને અલ્લાહ તઆલાના ઈર્શાદનું બયાન : "અને અલ્લાહ ઝઘડો પસંદ નથી કરતો અને અલ્લાહ ફસાદીઓનાં કામ નથી બનાવતો." અને ફર્માવ્યું, (ક઼ૌમે કહ્યું) શું તમારી નમાઝ તમને હુકમ આપે છે કે જેને અમારા બાપદાદા પૂજતા હતા તેને છોડી દઈએ અથવા અમારા માલમાં જેવું ચાહીએ કરીએ." અને ફર્માવ્યું, "મૂર્ખાઓને પોતાનો માલ ન આપો." અને આ બારામાં પાબંદી લગાડવા તથા ધોકા આપવાથી મનાઈનું બયાન." –(૩૨૪)

حديث ١٣٧٧

عَنْ وَرَّادٍ مَوْلَى الْمُغِيْرَةِ عَنِ الْمُغِيْرَةِ بْنِ شُعْبَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ اللّٰهَ حَرَّمَ عَلَيْكُمْ

''હઝરત મુગીરહ બિન શઅબા رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૩૭૭]**

બેશક ! અલ્લાહ તઆલાએ હરામ ફર્માવ્યું, માઓની નાફર્માની અને બાળકીઓને જીવંત દાટવું તથા

عُقُوْقَ الْاُمَّهَاتِ وَوَأْدَ الْبَنَاتِ وَمَنْعًا وَهَاتِ وَكَرِهَ لَكُمْ قِيْلَ وَقَالَ

મુસ્તહિક઼ો (હક઼દારો)ને માલ આપવાથી રોકાવું, અને નાહક્ક઼ માલ હાંસલ કરવો અને તમારા માટે નાપસંદ

وَكَثْرَةَ السُّؤَالِ وَاِضَاعَةَ الْمَالِ ـه

કર્યું. ક઼ીલો ક઼ાલ (વાંધા ઉઠાવવા) અને સવાલની અધિકતા અને માલને વેડફવું."

(બુખારી ૨/૮૮૪ અલ્અદબ, ૨/૮૫૮ અર્રિક઼ાક઼, ૨/૧૦૮૨ કિતાબુલ એઅતેસામ, મુસ્લિમ–અલ્અકઝિયહ, દારમી–ફ઼િર્રિક઼ાક઼)

હદીષ : ૧૩૭૭ની સમજૂતી

العقوق સંબંધ ખત્મ કરવો. અહીં આમ અર્થ મુરાદ છે જે નાફર્માનીને પણ સમાવે છે. હવે એના બે પ્રકાર છે, એક સંપૂર્ણપણે સંબંધ કટ કરી લેવો. બીજુ એ કે કોઈ જાઈઝ હુકમમાં નાફર્માની કરવી ભલે સંબંધો બાક઼ી હોય. આ બંનેવ ચીજો માબાપના હક્ક઼માં હરામ છે. કેવળ માને ખાસ બે કારણે દર્શાવ્યું, પ્રથમ એ કે માના હક્ક઼ો બાપથી વધુ છે, બીજુ એ કે અવામમાં માની નાફર્માની અને માની સાથે ગુસ્તાખી અને સંબંધ કટ કરવું બાપ કરતાં અધિક છે.

منعا : એટલે કે જે લોકોના હક્ક઼ો તમારા પર વાજિબ હોય તેને સંપૂર્ણપણે અદા કરો, એવું ન બને કે હક્ક઼દાર તેના હક્ક઼ની માગણી કરે તો મના કરો. **هات** થી મુરાદ એ છે કે નાહક્ક઼ લોકોથી માલ વસૂલ કરે, **قيل وقال** ફેઅલે માઝી (ભૂતકાળના કર્મનો સૂચક) સેગો છે, એક મજહૂલનો એક મઅરૂફનો. જેમ કે બોલે છે : ક઼ીલ ક઼ઝા વ ક઼ાલ ક઼ઝા. એનાથી એમનો ક઼ૌલ **الدنيا قيل وقال** આ બંનેવ મબ્ની અલલ ફતહ છે અસ્લનો લેહાઝ કરતાં.

મોઅરબ પણ થઈ શકે છે અસ્માના કાઈમ મુકામ માનીને, એના કારણે એના પર કદી કદી અલિફ લામ તઅરીફનો પણ આવે છે : **لانعرف القال من القيل** અને આ બંનેવ મસ્દર પણ થઈ શકે છે. અર્થના એતબારથી એ સંભાવના અધિક જાહેર છે.

સવાલની અધિકતા : એવું ઘણુ થયું છે કે એક ચીજ હલાલ તથા મુબાહ હતી પરંતું સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ના સવાલ કરવાના કારણે એનો હુકમ નાઝિલ કરી દેવામાં આવ્યો. પહેલાં રાહત હતી હવે તંગી કરી દેવામાં આવી. એ રિસાલતના યુગ સુધી ખાસ હતું. હવે જે લોકો નથી જાણતા તેમને ઈમાન તથા કુફ્ર હલાલ તથા હરામના બારામાં સવાલ કરવામાં કોઈ વાંધો નથી બલ્કે અમુક સ્થિતિઓમાં ફર્ઝ તથા વાજિબ છે.

હા ! એવા સવાલો મના છે જેના પર અકીદો રાખવો અથવા અમલ કરવો ફર્ઝ કે વાજિબ કે સુન્નત નથી. દા.ત. હઝરત આદમ عليه السلام એ સૌ પ્રથમ જન્નતમાં શું ખાધુ હતું ? દુનિયામાં આવ્યા તો સૌ પ્રથમ શું ખાધું ? ઝુલ્કરનૈન નબી હતા કે નહીં ? વગેરે વગેરે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

فِي الْخُصُوْمَاتِ

(ફિલ્ ખુસુમાતિ) "મુક઼દ્દમા (કેસો)ના વિશે બયાન"

بَابُ مَا يُذْكَرُ فِي الْاَشْخَاصِ وَالْخُصُوْمَةِ بَيْنَ الْمُسْلِمِ وَالْيَهُوْدِيِّ ص ٣٢٤

"મુજરિમ (ગુનેગાર)ને હાકિમની પાસે લઈ જવામાં, અને મુસલમાન યહૂદીના ઝઘડામાં શું વર્ણન કરવામાં આવ્યું છે ?"

حديث ١٣٧٨ سَمِعْتُ عَبْدَ اللّٰهِ يَقُوْلُ سَمِعْتُ رَجُلًا قَرَأَ اٰيَةً سَمِعْتُ مِنْ رَّسُوْلِ اللّٰهِ صَلَّى

"હઝરત અબ્દુલ્લાહ (ઈબ્ને મસઊદ) رضی اللہ عنہ એ કહ્યું, મેં એક શખ્સને એક [હદીષ : ૧૩૭૮]

اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ خِلَافَهَا فَاَخَذْتُ بِيَدِهٖ وَاَتَيْتُ بِهٖ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ

આયત પઢતાં સાંભળ્યો, અને મેં રસૂલુલ્લાહ ﷺથી એનાથી ઉલ્ટુ સાંભળ્યું હતું. મેં તેનો હાથ પકડયો અને

كِلَاكُمَا مُحْسِنٌ قَالَ شُعْبَةُ اَظُنُّهٗ قَالَ لَا تَخْتَلِفُوْا فَاِنَّ مَنْ كَانَ قَبْلَكُمُ اخْتَلَفُوْا فَهَلَكُوْا ١٢

તેને હુઝૂર ﷺની ખિદમતમાં લાવ્યો. હુઝૂરે ફર્માવ્યું, તમે બંનેવે સહીહ પઢયું. શોઅબાએ કહ્યું, મારું ગુમાન છે

કે આ પણ ફર્માવ્યું હતું, આપસમાં મતભેદ ન કરો, એટલા માટે કે તમારાથી

પહેલાવાળાઓએ મતભેદ કર્યો તો હલાક થઈ ગયા."

(બુખારી ૧/૪૯૪ અલ્અંબિયા, બની ઈસ્રાઈલ, ૨/૭૫૭ ફઝાઈલુલ કુર્આન, મુસ્નદે ઈમામ અહમદ ૧/૪૧૨)

હદીષ : ૧૩૭૮ની સમજૂતી સહીહ ઈબ્ને હબ્બાનમાં આ રિવાયત આ પ્રમાણે વિસ્તારપૂર્વક છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ મને સૂરએ રહમાન પઢાવી હતી. હું મસ્જિદે ગયો, કેટલાક લોકો પાસે બેઠો અને મેં એક શખ્સને કહ્યું, કુર્આન શરીફ પઢો. તેણે એવી ક઼િર્અત કરી જે મને રસૂલુલ્લાહ ﷺએ પઢાવી ન હતી. મેં તેને પૂછયું, તને કોણે પઢાવ્યું છે ? તેણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ. હવે અમે બંનેવ ખિદમતે અક઼્દસમાં હાજર થયા અને પૂરો બનાવ રજૂ કર્યો. હુઝૂર ﷺના ચહેરા મુબારકનો રંગ બદલાય ગયો અને ફર્માવ્યું, તમારાથી પહેલાં કિતાબુલ્લાહમાં મતભેદના કારણે લોકો હલાક થઈ ગયા.

આ હદીષથી સાબિત થયું કે કુર્આન મજીદ વિવિધ તરીક઼ાઓની સાથે નાઝિલ થયું છે. ઉમ્મતે તતબ્બુઅ (શોધખોળ)થી સાત ક઼િર્અતે મુતવાતિરા માલૂમ કરી લીધી છે એના ઉપરાંત અધિક પાંચ ક઼િરાઅત શાદ્દા (અપ્રચલિત) પણ છે. ક઼િર્અતે મુતવાતિરામાંથી જે ચાહે પઢે, પરંતુ એનો લેહાઝ કરે કે ક઼ૌમની સામે તે ક઼િરાઅત ન કરે જેનાથી લોકો માનૂસ (માહિતગાર) ન હોય.

حديث ١٣٧٩ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ اِسْتَبَّ رَجُلَانِ، رَجُلٌ مِّنَ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું, બે શખ્સોએ જેમનામાં એક મુસલમાન [હદીષ : ૧૩૭૯]

الْمُسْلِمِيْنَ وَرَجُلٌ مِّنَ الْيَهُوْدِ فَقَالَ الْمُسْلِمُ وَالَّذِى اصْطَفٰى مُحَمَّدًا عَلَى الْعَالَمِيْنَ

અને બીજો યહૂદી હતો, એક બીજાને બુરુ ભલુ કહ્યું. મુસલમાને કહ્યું, એ જાતની ક़સમ ! જેણે મુહમ્મદ

وَقَالَ الْيَهُوْدِى وَالَّذِى اصْطَفٰى مُوْسٰى عَلَى الْعَالَمِيْنَ فَرَفَعَ الْمُسْلِمُ يَدَهٗ عِنْدَ ذٰلِكَ

મુસ્તફા ﷺ ને તમામ આલમમાંથી પસંદ કરી લીધા. અને યહૂદીએ કહ્યું, ક़સમ છે એ જાતની જેણે

فَلَطَمَ وَجْهَ الْيَهُوْدِىِّ ، فَذَهَبَ الْيَهُوْدِىُّ اِلَى النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

મૂસા عليہ السلام ને તમામ આલમ પર પસંદ કર્યા. આટલી વાત પર મુસલમાને પોતાનો હાથ ઉઠાવ્યો અને યહૂદીના

فَاَخْبَرَهٗ بِمَا كَانَ مِنْ اَمْرِهٖ وَاَمْرِ الْمُسْلِمِ ، فَدَعَا النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ الْمُسْلِمَ

મોઢા પર થપ્પડ મારી. યહૂદી નબી ﷺ ની ખિદમતમાં ગયો અને આખો બનાવ સંભળાવ્યો. એના પર

فَسَأَلَهٗ عَنْ ذٰلِكَ فَاَخْبَرَهٗ ، فَقَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا تُخَيِّرُوْنِىْ عَلٰى مُوْسٰى

નબી ﷺ એ મુસલમાનને બોલાવ્યો અને તેને પૂછયું. મુસલમાને આખો બનાવ અર્ઝ કર્યો. તો નબી ﷺ એ

فَاِنَّ النَّاسَ يَصْعَقُوْنَ يَوْمَ الْقِيَامَةِ فَاَصْعَقُ مَعَهُمْ فَاَكُوْنُ اَوَّلَ مَنْ يُفِيْقُ ، فَاِذَا مُوْسٰى

ફર્માવ્યું, મને મૂસા પર ફઝીલત ન આપો, એટલા માટે કે ક़યામતના દિવસે લોકો પર બેહોશી છવાશે. અને

بَاطِشٌ بِجَانِبِ الْعَرْشِ فَلَا اَدْرِىْ كَانَ فِيْمَنْ صَعِقَ فَاَفَاقَ قَبْلِىْ اَوْ كَانَ مِمَّنِ اسْتَثْنَى اللّٰهُ ـــ

મારા પર પણ બેહોશી છવાશે. સૌ પ્રથમ મને રાહત થશે એ વખતે હું જોઈશ કે મૂસા عليہ السلام અર્શનો ખૂણો પકડેલા છે. હું નથી જાણતો કે શું એ બેહોશ થયા હતા અને મારાથી પહેલાં તેમને હોશ આવી ગયો. અથવા એ લોકોમાંથી હતા જેમને અલ્લાહ તઆલાએ અપવાદ કરી આપ્યા છે."

(બુખારી ૧/૪૮૪ અલ્અંબિયા, ૧/૪૮૫ અસ્સાફ઼ાત, ૨/૭૧૧ તફ઼સીરુઝ્ઝુમર, ૨/૯૬૫ અર્રિક़ાક, ૨/૧૧૦૪ અત્તૌહીદ, મુસ્લિમ–ફ઼ઝાઈલ, અબૂ દાઉદ–અસ્સુન્નહ, નિસાઈ–અન્નુઉત, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૬૪)

હદીષ : ૧૩૭૯ની સમજૂતી

કિતાબુલ અંબિયામાં આ ઝઘડાનો પાયો એ લખ્યો છે કે એક યહૂદી પોતાનો કોઈ સામાન કોઈના હાથે વેચવા ચાહતો હતો. મુસલમાને તેની કિંમત ખૂબ જ થોડી લગાડી, જેના પર એ યહૂદીએ કહ્યું **لا والذى اصطفى موسىٰ على البشر** એને એક અન્સારીએ સાંભળ્યું અને યહૂદીને એક તમાચો ચોડી આપ્યો. આમ રિવાયતથી જણાય છે કે પ્રથમ મુસલમાને ક़સમ ખાધી હતી. બંનેમાં વિરોધાભાસ નથી, શક્ય છે મુસલમાને

حديث ૧૩૮૦ عَنْ اَبِىْ سَعِيْدِ الْخُدْرِىِّ رَضِىَ اللّٰهُ تَعَالٰى عنه قَالَ بَيْنَمَا رَسُوْلُ اللّٰهِ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ કહ્યું, હું નબી ﷺ ની ખિદમતમાં બેઠેલો હતો [હદીષ : ૧૩૮૦]

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ جَالِسٌ جَاءَ يَهُوْدِىٌّ فَقَالَ يَا اَبَا الْقَاسِمِ ضَرَبَ وَجْهِىْ رَجُلٌ

એવામાં એક યહૂદી આવ્યો અને તેણે કહ્યું, હે અબુલ કાસિમ ! આપના સહાબામાંથી એક શખ્સે મને થપ્પડ

مِنْ اَصْحَابِكَ فَقَالَ مَنْ قَالَ رَجُلٌ مِنَ الْاَنْصَارِ قَالَ اُدْعُوْهُ فَقَالَ اَضَرَبْتَهٗ

મારી છે. પૂછયું, કોણ છે ? તેણે કહ્યું, એક અન્સારી શખ્સ. ફર્માવ્યું, એને બોલાવ. (તે હાજર થયા.) તો ફર્માવ્યું,

فَقَالَ سَمِعْتُهٗ بِالسُّوْقِ يَحْلِفُ وَالَّذِىْ اصْطَفٰى مُوْسٰى عَلَى الْبَشَرِ قُلْتُ اَىْ خَبِيْثُ

શું તે એને માર્યો છે ? તો એ સાહબે અર્ઝ કરી, કે મેં બજારમાં એને આ પ્રમાણે કસમ ખાતાં સાંભળ્યો, કસમ છે

عَلٰى مُحَمَّدٍ فَاَخَذَتْنِىْ غَضْبَةٌ فَضَرَبْتُ وَجْهَهٗ فَقَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

એ જાતની જેણે મૂસાને સર્વ માનવો પર પસંદ કર્યા. મેં કહ્યું, હે ખબીષ ! મુહમ્મદ ઉપર પણ ?! એનાથી મને

એ જ કહ્યું હોય કે આ સામાનની એ જ કિંમત છે એ જાતની કસમ ! જેણે મુહમ્મદ ﷺ ને તમામ આલમમાં પસંદ કર્યા. એના જવાબમાં યહૂદીએ તે કહ્યું. કેટલાક લોકોએ એવું કહ્યું કે એ મુસલમાન સિદ્દીકે અકબર رضی اللہ عنہ હતા, જો એ સહીહ છે તો બનાવ અલગ અલગ માનવો પડશે.

ممن استثنى الله :– અલ્લાહ તઆલાએ કુર્આને પાકમાં ઈર્શાદ ફર્માવ્યો :–

وَنُفِخَ فِى الصُّوْرِ فَصَعِقَ مَنْ فِى السَّمٰوٰتِ وَمَنْ فِى الْاَرْضِ اِلَّا مَنْ شَاءَ اللّٰهُ ثُمَّ نُفِخَ فِيْهِ اُخْرٰى فَاِذَا هُمْ قِيَامٌ يَّنْظُرُوْنَ

"સૂર ફૂંકવામાં આવશે તો બેહોશ થઈ જશે જેટલા આસ્માનોમાં છે અને જેઓ જમીન પર છે, પણ જેને અલ્લાહ ચાહે. પછી બીજીવાર ફૂંકવામાં આવશે તો તેઓ ઉભા ઉભા જોતા હશે." *(સૂ. ઝુમર, આ. ૬૮)*

જેઓ હોશ હવાસમાં રહેશે તે કોણ લોકો હશે એના બારામાં મુફસ્સિરીનના વિવિધ કથનો છે. કેટલાક લોકોએ કહ્યું કે એ જિબ્રઈલ, મીકાઈલ, ઈસ્રાઈલ, અઝાઝીલ છે. કેટલાક લોકોએ કહ્યું કે અર્શ ઉઠાવનારા ફરિશ્તા છે. કેટલાક લોકોએ કહ્યું કે જન્નત તથા દોઝખના ફરિશ્તા અને જન્નતની હૂરો અને જહન્નમના સાપ વિંછીઓ છે. કેટલાક લોકોએ કહ્યું, એનાથી મુરાદ શહીદો છે, જેઓ પોતાની તલ્વારો લટકાવી અર્શની આસપાસ રહેશે. એ સૌમાં હકીકતમાં કોઈ વિરોધાભાસ નથી. શક્ય છે એ સૌના અપવાદ હોય, અને એમનામાં હઝરત મૂસા عليہ السلام પણ સામેલ હોય. જેમ કે હઝરત જાબિર رضی اللہ عنہ નો એક કૌલ પણ છે. અને હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ની હદીષમાં જરા સ્પષ્ટ શબ્દોમાં છે કે હું નથી જાણતો કે બેહોશ પણ થયા કે કોહેતૂર પર પોતાની બેહોશીના બદલામાં આ બેહોશીથી મેહફૂઝ રહ્યા.

હદીષ : ૧૩૮૦ની સમજૂતી

رجل من الانصار હઝરત અમ્ર બિન દીનારે ફર્માવ્યું, એ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ હતા. આ તકદીર પર અન્સારથી એનો શાબ્દિક અર્થ મુરાદ થશે.

لَا تُخَيِّرُوْا بَيْنَ الْاَنْبِيَاءِ فَاِنَّ النَّاسَ يَصْعَقُوْنَ يَوْمَ الْقِيٰمَةِ فَاَكُوْنُ اَوَّلَ مَنْ تَنْشَقُّ

ગુસ્સો આવ્યો અને મેં એને થપ્પડ મારી. એના પર નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે અંબિયાના વચ્ચે એકને

عَنْهُ الْاَرْضُ فَاِذَا اَنَا بِمُوْسٰى اٰخِذٌ بِقَائِمَةٍ مِنْ قَوَائِمِ الْعَرْشِ فَلَا اَدْرِىْ

બીજા પર ફઝીલત ન આપો, એટલા માટે કે કયામતના દિવસે સર્વ લોકો બેહોશ થઈ જશે. પ્રથમ તે શખ્સ જે

كَانَ فِيْمَنْ صَعِقَ اَوْ حُوْسِبَ بِصَعْقَةِ الْاُوْلٰى ـــ

કબ્રથી બહાર નીકળશે તે હું હોઈશ, તો જોઈશ કે મૂસાએ અર્શના પાયાને પકડેલ છે. હું નથી જાણતો કે એ બેહોશ પણ થયા કે પહેલી બેહોશીના બદલામાં મેહફૂઝ રહ્યા."

(બુખારી ૧/૪૮૧ અલ્અંબિયા, ૨/૬૬૮ તફસીર, ૨/૧૦૨૧ અદ્દિયાત–બે તરીકાથી, ૨/૧૧૦૪ અત્તૌહીદ, મુસ્લિમ–અંબિયા ૨/૨૬૭, અબૂ દાઊદ–અસ્સુન્નહ, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૪૦, ૪૧)

لاتخيرونى على موسىٰ : **اى لا تفضلونى** એટલે કે મને હઝરત મૂસા પર ફઝીલત ન આપો. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની હદીષમાં છે : **لا تخيروا بين الانبياء** એટલે કે અંબિયાએ કિરામને એકબીજા પર ફઝીલત ન આપો. જ્યારે કે ખૂદ કુર્આને કરીમમાં ફર્માવવામાં આવ્યું :–

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ مِنْهُمْ مَنْ كَلَّمَ اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ "આ રસૂલો છે કે અમે એમનામાં એકને બીજા પર અફઝલ કર્યા. એમાં કોઈની સાથે અલ્લાહે વાત કરી અને કોઈ તે છે જેને અનેક દરજાઓ બુલંદ કર્યા. (બકરહ–૨૫૩)

ઉલમાએ હદીષના આ ઈર્શાદોની વિવિધ સ્પષ્ટતાઓ કરી છે, એમનામાં સૌથી યોગ્ય જવાબ આ છે : અંબિયાએ કિરામની એકની બીજા પર ફઝીલત કયાસથી નથી જાણી શકાતી બલ્કે એનો આધાર અલ્લાહ ﷻ અને એના રસૂલ ﷺના બતાવવા પર છે. કેમ કે એ સમય સુધી અલ્લાહ ﷻ કે હુઝૂરે અકદસ ﷺએ પોતાની ફઝીલતને સંબંધે અથવા અંબિયાએ કિરામની વચ્ચે ફઝીલતના દરજા બયાન કર્યા ન હતા. એ સહાબીએ જે કાંઈ ફર્માવ્યું હતું એ પોતાના કયાસથી ફર્માવ્યું હતું જેથી એને મના ફર્માવ્યું કે પોતાના કયાસ વડે એક નબીને બીજા નબી પર ફઝીલત ન આપો. જ્યારે એના બારામાં તમને કોઈ વિગત બતાવી દેવામાં આવે તો એ વખતે એના પ્રમાણેનો એતેકાદ રાખો. જેમ કે ખૂદ સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : **انا سيد ولد آدم ولا فخر** વગેરે વગેરે.

બીજો જવાબ એ પણ આપવામાં આવ્યો છે કે એ તવાઝોઅ (આજીજી દર્શાવવા) રૂપે ફર્માવ્યું. ત્રીજો જવાબ એ આપવામાં આવ્યો છે કે અસ્લ નબુવ્વતમાં અગ્રતાથી મનાઈ છે. ચોથો જવાબ એ આપવામાં આવ્યો છે કે એ રીતે અગ્રતા આપવાથી મનાઈ છે કે અન્ય નબીને નીચા દર્શાવવું લાઝિમ ઠરે.

فان الناس يصعقون : **صعق**નો અર્થ બેહોશ થવું છે. કદી કદી એ મૌતના અર્થમાં પણ બોલવામાં આવે છે. અલ્લામા નવવીએ ફર્માવ્યું : **الصعق والصعقة الهلاك. والموت**માં છે :–

قوله تعالى فصعق من فى السموات والارض (اى مات) હદીષમાં **يصعقون**નો અર્થ આમ છે જે બેહોશી તથા મૌત બંનેને સમાવે છે.

જેમ કે આયતે કરીમા : فَاِذَانُفِخَ فِی الصُّوْرِ فَصَعِقَ مَنْ فِی السَّمٰوٰتِ وَالْاَرْضِ اِلَّامَنْ شَاءَ اللّٰهُ "જ્યારે સૂર ફૂંકવામાં આવશે તો આ આસ્માન તથા જમીનમાં જેટલા લોકો છે સૌ બેહોશ થઈ જશે પણ જેને અલ્લાહ ચાહે." આ આયતમાં صعق પોતાના આમ (સામાન્ય) અર્થમાં આવેલ છે એટલા માટે કે نفخ اولیٰ (પહેલીવાર જે સૂર ફૂંકવામાં આવશે તે) પછી જે લોકો ઝિંદા મૌજૂદ હશે જેમના પર એક ક્ષણ માટે પણ મૌત નથી છવાઈ તેઓ સૌ મરી જશે અને તે લોકો જેમના પર મૌત છવાઈ અને ફરી તેઓને ઝિંદા કરી દેવામાં આવ્યા, જેમ કે હઝરાતે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُ કે અલ્લાહના વાયદાની પૂર્ણતા માટે એક ક્ષણ માટે તેમના પર મૌત છવાઈ અને પછી એ જ ક્ષણમાં હક़ીક़ી જિસ્માની, દુનિયવી હયાત અતા કરી દેવામાં આવી. જેમ કે ખૂદ ઈર્શાદ ફર્માવ્યો : ان الله حرم علی الارض ان تاکل اسادالانبیاء فنبی الله حی یرزق "અલ્લાહ તબારક વ તઆલાએ જમીન માટે અંબિયાએ કિરામના શરીરોને ખાવું હરામ કરી આપ્યું, તો અલ્લાહના નબી ઝિંદા છે એમને રોજી આપવામાં આવે છે." *(ઈબ્ને માજહ–જનાઈઝ–૧૧૯)*

એ હઝરાત કેવળ બેહોશ થશે. રહી ગયા તે લોકો જેઓ મૃત્યુ બાદ ફરી દફન કરવામાં આવી ચૂક્યા છે તેમના પર પ્રથમ સૂરની કોઈ અસર પડશે નહીં.

ફાયદો : ક़યામતના દિવસે બે નફખા થશે, એટલે બે વાર સૂર ફૂંકવામાં આવશે. પ્રથમવારના સૂરની અસરથી અલ્લાહ સિવાય સમગ્ર આલમ ફના થઈ જશે, મખ્સૂસ તબકા સિવાય. પછી ચાલીસ દિવસ પછી ફરીથી સૂર ફૂંકવામાં આવશે જેની અસરથી સર્વ લોકો જીવતા થઈને ઉભા થઈ જશે. જેમ કે ફર્માવવામાં આવ્યું : فَاِذَانُفِخَ فِيْهِ اُخْرٰى فَاِذَاهُمْ قِيَامٌ يَّنْظُرُوْنَ "જ્યારે બીજીવાર સૂર ફૂંકવામાં આવશે તો તે લોકો ઉભા ઉભા જોતા રહેશે."

اول من تنشق عنه الارض : આ હદીષમાં "અવ્વલ" હક़ીક़ી અર્થમાં છે એટલે કે ક़યામતના દિવસે આખી કાઈનાતથી પહેલાં હુઝૂરે અક़્દસ ﷺ જ ક़બ્રે અન્વરથી બહાર તશરીફ લાવશે ત્યાં સુધી કે હઝરત મૂસા عليه السلام થી પણ પહેલાં. હોશમાં આવતાં હઝરત મૂસા عليه السلام ને અર્શનો પાયો પકડેલ જોવા એનાથી લાઝિમ નથી થતુ કે તે હુઝૂર ﷺ થી પહેલાં હોશમાં આવશે. એની શક્યતા છે કે હોશ આવવું અને હઝરત મૂસાને જોવાના સમય દરમ્યાન કાંઈક અંતર હોય.

આ હદીષમાં "અવ્વલ" હક़ીક़ી મુરાદ હોવું એટલા માટે નિશ્ચિત છે કે હક़ીક़ી અર્થથી ફેરવનાર કોઈ ક़રીનો નથી. તેમજ એ કે અહીં હુઝૂરે અક़્દસ ﷺ પોતાની ખાસ મખ્સૂસિયત (વિશિષ્ટતા) વર્ણવી રહ્યા છે જેના પર હદીષની વર્ણનની આગળ પાછળની સ્થિતિ દલીલ છે. અને આ ખૂબી વિશિષ્ટતાઓમાંથી ત્યારે હશે જ્યારે કોઈ અન્ય એમાં શરીક ન હોય. એનું સમર્થન મુસ્લિમ શરીફની આ હદીષથી થાય છે જેને અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ રિવાયત કરી છે કે ફર્માવ્યું : **"હું સૌથી પ્રથમ છું જે લોકો ક़બરોથી નીકળશે, અને હું સૌ પ્રથમ શાફ़ેઅ (શફાઅત કરનાર) અને સૌ પ્રથમ મુશફ્ફઅ છું."** واول من ینشق عنه القبرواول شافع واول مشفع

એના પર સૌની એકમતિ છે કે અવ્વલ શાફ़ેઅ તથા અવ્વલ મુશફ્ફઅમાં અવ્વલિયત (પ્રાથમિકતા) હક़ીક़ી છે એ એને નિશ્ચિત કરે છે કે **اول من تنشق** માં પણ અવ્વલિયતે હક़ીક़ી હોય કે જેથી વર્ણનનું સમતોલપણુ જળ વાય રહે.

حوسب : એટલે કે કોહે તૂર પર રૂયતે બારી (ખુદાની તજલ્લીના દીદાર) પછી જે બેહોશી છવાઈ હતી એના બદલામાં પ્રથમ સૂર બાદની બેહોશીથી મેહફૂઝ રહ્યા.

એ યહૂદીને સહાબીએ થપ્પડ મારી હતી તે ક़રારવાળો તથા ઝિમ્મી હતો જેમ કે ખૂદ બુખારીની જ એક રિવાયતમાં છે કે તેણે એ અર્ઝ કરી કે હું ક़રારવાળો તથા ઝિમ્મી છું. તો જોઈતું હતું કે હુઝૂરે અક़્દસ ﷺ એને

بَابُ مَنْ رَدَّ اَمْرَ السَّفِيْهِ وَالضَّعِيْفِ الْعَقْلِ وَاِنْ لَّمْ يَكُنْ حَجَرَ عَلَيْهِ الْاِمَامُ

"જેણે બેવકૂફ અને કમજોર બુધ્ધિવાળાના મામલાને રદ કરી આપ્યો ભલે ઈમામે એના પર પાબંદી ન લગાડી હોય."

ت ٤٦٧ وَقَالَ مَالِكٌ اِذَا كَانَ لِرَجُلٍ عَلٰى رَجُلٍ مَالٌ وَلَهٗ عَبْدٌ لَا شَيْءَ لَهٗ

"ઈમામ માલિકે કહ્યું, જ્યારે કોઈ શખ્સનો કોઈ શખ્સ પર માલ હોય અને તેની **[તઅલીક : ૪૬૭]**

غَيْرُهٗ وَعَاتَقَهٗ لَمْ يَجُزْ عِتْقُهٗ ـ

પાસે એક ગુલામ સિવાય કાંઈ અન્ય ન હોય અને તે ગુલામને આઝાદ કરે તો તેનું આઝાદ કરવું દુરુસ્ત નથી."

بَابُ كَلَامِ الْخُصُوْمِ بَعْضِهِمْ فِيْ بَعْضٍ ص ٣٢٦

"મુદ્દઈ, મુદ્દઆ અલૈહનું આપસમાં વાત કરવું." *–(૩૨૬)*

حديث ١٣٨١ عَنْ عَبْدِ الرَّحْمٰنِ بْنِ عَبْدِ الْقَارِيِّ اَنَّهٗ قَالَ سَمِعْتُ عُمَرَ بْنَ الْخَطَّابِ

"હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ થી સાંભળ્યું તે વર્ણન કરતા હતા, મેં હિશામ બિન **[હદીષ : ૧૩૮૧]**

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُوْلُ سَمِعْتُ هِشَامَ بْنَ حَكِيْمِ بْنِ حِزَامٍ يَقْرَأُ سُوْرَةً

હકીમ બિન હિઝામને સૂરએ ફુર્કાન એના સિવાયના તરીકાથી પઢતા સાંભળ્યું જે રીતે હું પઢતો હતો અને

કેસાસ (બદલો) અપાવતા. એનો જવાબ એ છે કે ઈબ્ને બતાલે કહ્યું કે આ હદીષ એની દલીલ છે કે મુસ્લિમ તથા ઝિમ્મીના વચ્ચે કેસાસ નથી. તવઝીહમાં એ છે કે આ મસ્અલો ઈજમાઈ છે. આપણે ત્યાં તફસીલ છે. મુક્કો કે થપ્પડ વગેરેમાં કેસાસ નથી જ્યાં સુધી કે ઝખ્મ ન થાય. જ્યારે કોઈ ચૌટથી ઝખ્મ થઈ જાય તો એમાં કેસાસ કે દિયત (માલી બદલો) વાજિબ છે.

તઅલીક : ૪૬૭ની સમજૂતી ઈમામ માલિકનો આ ઈર્શાદ એમના મોઅત્તામાં વર્ણન થયેલ છે : સફીહ અને ઝઈફુલ અક્લ અમુક ઉલમાની દૃષ્ટિએ પોતે જ મહજૂર (વ્યવહાર ખરીદ વેચાણ વગેરે કરવાથી અટકાવેલ) છે ભલે હાકિમે તેને મહજૂર હોવાનો હુકમ ન આપ્યો હોય. અને અમુક ઉલમા એવું કહે છે કે હાકિમના હુકમ પછી મહજૂર થશે, નહીં તો નહીં. આપણે ત્યાં કમ અક્લી (કમ બુધ્ધિપણા)ના કારણે હજર (રોકવું) જાઈઝ નથી. અલ્બત્ત સાહિબૈને ફર્માવ્યું કે આવા તસર્રુફાતમાં હજર દુરુસ્ત છે જે હઝલની સાથે સહીહ નથી, જેમ કે બયઅ વગેરે. અને જે તસર્રુફાત હઝલની સાથે દુરુસ્ત છે જેમ કે તલાક વગેરે એમાં હજર સહીહ નથી.

હદીષ : ૧૩૮૧ની સમજૂતી ફઝાઈલુલ કુર્આનની રિવાયતોથી જાહેર છે કે હિશામ બિન હકીમ નમાઝમાં કુર્આન મજીદ પઢી રહ્યા હતા. હઝરત ઉમરે ફર્માવ્યું, મને એટલો ગુસ્સો આવ્યો કે નજીક હતું કે નમાઝમાં જ હું એમની સાથે લડી પડત, પરંતું મેં સબ્ર કરી ત્યાં સુધી કે જ્યારે સલામ ફેરવી ચૂક્યા તો હું તેમની ચાદર પકડીને હુઝૂરની ખિદમતમાં લાવ્યો.

الْفُرْقَانِ عَلٰى غَيْرِ مَا اَقْرَأُهَا وَكَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَقْرَأَنِيْهَا

રસૂલુલ્લાહ ﷺ એ મને પઢાવ્યું હતું. નજીક હતું કે હું જલ્દી કરી બેસતો પણ મેં એમને મોહલત આપી દીધી.

وَكِدْتُّ اَنْ اُعَجِّلَ عَلَيْهِ ثُمَّ اَمْهَلْتُهُ حَتّٰى انْصَرَفَ ثُمَّ لَبَّبْتُهُ بِرِدَائِهٖ فَجِئْتُ

જ્યારે તે ફારિગ થઈ ગયા તો મેં તેમની ચાદર પકડીને ખેંચ્યા અને તેમને રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં લઈને

بِهٖ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقُلْتُ اِنِّيْ سَمِعْتُ هٰذَا يَقْرَأُ عَلٰى غَيْرِ

આવ્યો અને મેં અર્ઝ કરી, હુઝૂર ! આપે જેવું મને કુર્આન પઢાવ્યું હતું એના સિવાયના અન્ય તરીકાથી

مَا اَقْرَأْتَنِيْهَا فَقَالَ لِيْ اَرْسِلْهُ ثُمَّ قَالَ لَهٗ اِقْرَأْ فَقَرَأَ فَقَالَ هٰكَذَا اُنْزِلَتْ

આ પઢી રહ્યો છે ! તો હુઝૂરે મને ફર્માવ્યું કે એને છોડી આપો ! પછી એને ફર્માવ્યું, પઢ ! તો તેણે પઢયું. ફર્માવ્યું,

ثُمَّ قَالَ لِيْ اِقْرَأْ فَقَرَأْتُ فَقَالَ هٰكَذَا اُنْزِلَتْ اِنَّ الْقُرْاٰنَ اُنْزِلَ عَلٰى

આ પ્રમાણે સૂરત નાઝિલ કરવામાં આવી છે. પછી મને ફર્માવ્યું તો હું પઢયો. ફર્માવ્યું, આ પ્રમાણે પણ નાઝિલ

سَبْعَةِ اَحْرُفٍ فَاقْرَأُوْا مَا تَيَسَّرَ مِنْهُ ـــ

કરવામાં આવી છે. બેશક ! કુર્આન સાત મુહાકલત (ખેતીને બાલી સાથે વેચવી)મુહાકલત (ખેતીને બાલી સાથે વેચવી) હરફો પર નાઝિલ કરવામાં આવ્યું છે એમાંથી જે તમને આસાન હોય પઢો."

(બુખારી ૨/૭૪૭, ૭૫૩, ૨/૧૦૨૫ ઈસ્તિતાબલ્ મુઆનિદીન, ૨/૧૧૨૬ કિતાબુત્તૌહીદ, મુસ્લિમ–મુસાફિરીન, અબૂ દાઊદ–વિત્ર, તિર્મિઝી–કુર્આન, નિસાઈ–ઈફ્તિતાહ, મોઅત્તા–કુર્આન, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૪૩)

على سبعة احرفٍ : એનાથી શું મુરાદ છે એના બારામાં ઉલમા દરમ્યાન સખત મતભેદ છે. અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયનીએ એના બારામાં દસ મઝહબ ગણાવ્યા છે.

પ્રથમ : એનાથી ક઼િર્અતે સબઆ (સાત ક઼િર્અતો) મુરાદ છે. આ ખાદિમનું મંતવ્ય પણ એવું જ છે, અલ્બત્ત એના પર એક શંકા છે. કુર્આન એકવાર નાઝિલ થયું છે અને એની કોઈ સ્પષ્ટતા નથી મળતી કે જિબ્રઈલ અમીન સાતેવ ક઼િર્અતો અર્ઝ કરતા હતા. એનો જવાબ અલ્લામા અયનીએ એ આપ્યો કે નાઝિલ તો એક જ ક઼િર્અત થઈ પરંતું દર વર્ષે રમઝાન મુબારકમાં દૌરએ કુર્આન (કુર્આનના દોર)ના સમયે જિબ્રઈલે અમીને બાક઼ીની ક઼િર્અતો પેશ કરી હશે.

على سبعة احرفٍ : જેવી રીતે એની કોઈ સાબિતી નથી કે કુર્આનના ઉતરાણ વખતે જિબ્રઈલે અમીન સાતેવ ક઼િર્અતો પેશ કરતા હતા એ જ પ્રમાણે એની પણ કોઈ સાબિતી નથી કે દૌરના સમયે બાક઼ીની ક઼િર્અતો પેશ કરી છે. બલ્કે **انزل على سبعة احرف** થી એ જ જણાય છે કે જિબ્રઈલે અમીન સાતેવ ક઼િર્અતો નુઝૂલ વખતે અર્ઝ કરતા હતા.

દૌરના વખતે કુર્આનનો નુઝૂલ થતો ન હતો બલ્કે **ماانزل** જે કુર્આન નાઝિલ થયું એની રજૂઆત થતી.

بَابُ اِخْرَاجِ اَهْلِ الْمَعَاصِى وَالْخُصُوْمِ مِنَ الْبُيُوْتِ بَعْدَ الْمَعْرِفَةِ ص٣٢٦

"ગુનાહ કરનારા તથા દુશ્મનને ઓળખ્યા બાદ ઘરોએથી કાઢી મૂકવું" –(૩૨૬)

ت ٤٦٨ وَقَدْ اَخْرَجَ عُمَرُ اُخْتَ اَبِىْ بَكْرٍ حِيْنَ نَاحَتْ. [તઅલીક : ૪૬૮]

"અને હઝરત ઉમર رضی اللہ عنہ એ અબૂબકરનાં બહેનને ઘરેથી કાઢી મૂક્યાં જ્યારે તેમણે નોહા કર્યો."

બીજુ : એનાથી મુરાદ લુગાત (શબ્દકોશ) છે. અરબી ભાષાનો જાણકાર જાણે છે કે અરબના કબીલાઓમાં શબ્દકોશનો કેટલો મતભેદ છે ત્યાં સુધી કે ખૂદ કુરૈશની વચ્ચે પણ. મુરાદ એ છે કે અરબની સાત સૌથી અધિક ફસીહ (ઉમદા વાણી) લુગાતમાં કુર્આન નાઝિલ થયું છે. કેટલાક લોકોએ એને કુરૈશની સાથે ખાસ કર્યું છે, એટલે કુરૈશની સાત લુગાતમાં, કેટલાક લોકોએ વિશાળતા આપીને તેને મુઝરની સાથે ખાસ કરેલ છે.

ત્રીજુ : એનાથી મુરાદ અદાયગીના સાત તરીકા છે, દા.ત. ઈમાલહ, ફતહ, તર્કીક, તફ્ખીમ, તહ્મીઝ, તસ્હીલ, ઈદગામ, ઈઝહાર. પરંતું એ ખૂદ આઠ થઈ ગયા, હજી એમાં મદ તથા ગુન્નાનો વધારો બાકી છે. અને લગભગ આ જ હાલ બાકીના (સાત) મઝહબોનો પણ છે, એટલા માટે અમે એનો ઉલ્લેખ નથી કરતા. બલ્કે અલ્લામા કુર્તબીએ પીસ્તાળીસ ખુલાસા નક્લ કર્યા છે પણ અમારી રજૂ કરેલ બે સ્પષ્ટતાઓ સિવાય કોઈ સ્પષ્ટતા અમારી નજીક યોગ્ય નથી.

તઅલીક : ૪૬૮ની સમજૂતી

આ તઅલીકને ઈબ્ને સઅદે તબકાતમાં રિવાયત કરી છે. જ્યારે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ નો વિસાલ થઈ ગયો તો ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ નોહાની મજલિસ સ્થાપિત કરી. હઝરત ઉમરે તેમને મના કર્યું પણ તે ન માન્યાં. એના પર હિશામ બિન વલીદને કહ્યું કે અબૂ કહાફાની પુત્રી ઉમ્મે ફરદાની પાસે જાવ, તે ગયા અને તેમણે કેટલાક કોરડા માર્યા એના પર સર્વ નોહા (રૂદન કરવું છાતી પીટવી) કરનારી વિખેરાઈ ગઈ.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

كِتَابُ اللُّقَطَةِ ص ٣٢٧

(કિતાબુલ્ લુક़્તા) "લુક़્તા (ગુમ થયેલ ચીજ) વિશે બયાન" –(૩૨૭)

بَابُ إِذَا أَخْبَرَهُ رَبُّ اللُّقَطَةِ بِالْعَلَامَةِ دَفَعَ إِلَيْهِ ص ٣٢٧

"જ્યારે લુક़્તા (ગુમ થયેલ ચીજ)નો માલિક નિશાની બતાવી આપે તો તે ચીજ એને આપી દે" –(૩૨૭)

حديث ١٣٨٢ سَمِعْتُ سُوَيْدَ بْنَ غَفَلَةَ قَالَ لَقِيتُ أُبَيَّ بْنَ كَعْبٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ

"સુવૈદ બિન ગફ़લહે કહ્યું મેં ઉબય બિન કઅબ رضی اللہ عنہ થી મુલાકાત કરી તો તેમણે કહ્યું, **[હદીષ : ૧૩૮૨]**

فَقَالَ أَخَذْتُ صُرَّةً فِيهَا مِائَةُ دِينَارٍ فَأَتَيْتُ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

મેં એક થેલી લઈ લીધી હતી જેમાં સો દીનાર હતા. હું નબી ﷺની ખિદમતમાં હાજર થયો તો ફ઼ર્માવ્યું, ***એની***

فَقَالَ عَرِّفْهَا حَوْلًا فَعَرَّفْتُهَا فَلَمْ أَجِدْ مَنْ يَعْرِفُهَا ثُمَّ أَتَيْتُهُ فَقَالَ عَرِّفْهَا

એક વરસ સુધી જાહેરાત કર ! *મેં કરી, પરંતું એનો જાણનારો મને કોઈ ન મળ્યો. ફ઼રી હું હુઝૂરની*

حَوْلًا فَعَرَّفْتُهَا فَلَمْ أَجِدْ ثُمَّ أَتَيْتُهُ ثَالِثًا فَقَالَ احْفَظْ وِعَاءَهَا وَعَدَدَهَا

ખિદમતમાં હાજર થયો તો ફ઼ર્માવ્યું, અધિક વરસભર જાહેરાત કર ! મેં કરી, ફ઼રી ન પામ્યો. હવે ત્રીજીવાર

وَوِكَاءَهَا فَإِنْ جَاءَ صَاحِبُهَا وَإِلَّا فَاسْتَمْتِعْ بِهَا فَاسْتَمْتَعْتُ فَلَقِيتُهُ بَعْدُ بِمَكَّةَ

ખિદમતે અક़્દસમાં હાજર થયો તો ફ઼ર્માવ્યું, એના વાસણ, એની સંખ્યા તથા એના બંધનને સલામત રાખ. હવે

હદીષ : ૧૩૮૨ની સમજૂતી સુવૈદ બિન ગફ़લહ્એ કહ્યું હું સુલૈમાન બિન રબીઅહ તથા ઝયદ બિન સુહાનની સાથે એક ગઝવામાં હતો તો મને એક કોરડો મળ્યો. તે બંનેવે મને કહ્યું, એને ફેંકી દે ! મેં કહ્યું, નહીં ફેંકુ ! પણ જો એનો માલિક મળી જશે તો એને આપી દઈશ, નહીં તો ખૂદ એનાથી ફાયદો હાંસલ કરીશ. જ્યારે અમે ગઝવહથી પરત થયા તો હજના ઈરાદાથી ચાલ્યા અને મદીનાથી પસાર થયા તો મેં ઉબય બિન કઅબને પૂછ્યું તો તેમણે આ પૂરી હદીષ બયાન કરી.

عَرِّفْهَا حَوْلًا : લુક़્તા (જડેલી ચીજ)ની વરસભર સુધી જાહેરાત કરવામાં આવશે, જો વરસ પૂર્ણ

قَالَ لَا أَدْرِي ثَلٰثَةَ أَحْوَالٍ أَوْ حَوْلًا وَاحِدًا ـ ؎

જો તેનો માલિક આવી જાય તો આપી દે, નહીં તો હવે તેને પોતાના કામમાં લાવ. મેં તેને ખર્ચી કાઢયું. (શઅબાએ કહ્યું) મેં ત્યારબાદ મક્કામાં સલમાથી મુલાકાત કરી તો સલમાએ કહ્યું, હું નથી જાણતો ત્રણ વરસ કે એક વરસ."

(બુખારી ૧/૩૨૯, મુસ્લિમ, અબૂ દાઊદ–લુક્તા તિર્મિઝી–અહકામ નિસાઈ–લુક્તા, ઈબ્ને માજહ–અહકામ, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૧૨૬)

بَابُ ضَالَّةِ الْإِبِلِ ص٣٢٧

"ગુમ થયેલ ઊંટનું બયાન" –(૩૨૭)

حديث ١٣٨٣

حَدَّثَنِي يَزِيدُ مَوْلَى الْمُنْبَعِثِ عَنْ زَيْدِ بْنِ خَالِدٍ الْجُهَنِيِّ

"હઝરત ઝયદ બિન ખાલિદ જહની رضی اللہ عنہ એ કહ્યું, એક અઅરાબી નબી ﷺ ની **[હદીષ : ૧૩૮૩]**

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ جَاءَ أَعْرَابِيٌّ إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

ખિદમતમાં હાજર થયા અને પડેલી ચીજના બારામાં પૂછયું કે શું કરવામાં આવે ? ફર્માવ્યું, એક વરસ સુધી

فَسَأَلَهُ عَمَّا يَلْتَقِطُهُ فَقَالَ عَرِّفْهَا سَنَةً ثُمَّ اعْرِفْ عِفَاصَهَا وَوِكَاءَهَا

એની જાહેરાત કર. અને તેની થેલી અને બંધનને મશહૂર કર. હવે જો તારી પાસે કોઈ આવે અને એના બારામાં

فَإِنْ جَاءَ أَحَدٌ يُخْبِرُكَ بِهَا وَإِلَّا فَاسْتَنْفِقْهَا قَالَ يَا رَسُولَ اللّٰهِ ضَالَّةُ

તને ખબર આપે તો ઠીક, નહીં તો તેને ખર્ચી કાઢ. તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ગુમ થયેલી બકરીનો શો હુકમ

الْغَنَمِ قَالَ لَكَ أَوْ لِأَخِيكَ أَوْ لِلذِّئْبِ فَقَالَ ضَالَّةُ الْإِبِلِ فَتَمَعَّرَ وَجْهُهُ

છે ? તારા માટે છે અથવા તારા ભાઈના માટે અથવા વરૂના માટે. પછી તેણે પૂછયું, ગુમ થયેલ ઊંટના બારામાં

થવા પર તેનો માલિક નહીં આવે તો જેને એ મળી છે તે એને સદકો કરી શકે છે અને જો ખૂદ ફકીર છે તો પોતાના કામમાં પણ લાવી શકે છે. પરંતું એના પછી એનો માલિક આવશે તો તેણે તાવાન (બદલો) આપવો પડશે. એક વરસથી વધુ જાહેરાત કરવી વાજિબ નથી. આ હદીષમાં ખૂદ રાવીથી શક થયો છે જેમ કે બાદમાં વર્ણન છે કે સલ્માએ કહ્યું મને યાદ નથી કે ત્રણ વરસો કહ્યાં હતાં કે એક વરસ. હમણા એના બાદ ઝયદ બિન ખાલિદ જહનીની હદીષ આવી રહી છે કે હુઝૂરે અકદસ ﷺ એ ફર્માવ્યું, عَرِّفْهَا سَنَةً ફકીહોની એના પર એકમતિ છે કે જાહેરાત કેવળ "એક વરસ" છે.

હદીષ : ૧૩૮૩ની સમજૂતી

ક્યાંકથી કોઈ પડેલી ચીજ મળી. જો તેને એ **ઈત્મિનાન છે કે હું તેના માલિકને તલાશ કરીને આપી દઈશ તો ઉઠાવી લેવી "મુસ્તહબ" છે** અને જો એવો અંદેશો હોય કે પોતે જ રાખી લઉં અને માલિક ન શોધું, તો બેહતર એ છે કે ન ઉઠાવે. અને **જો એ ગુમાન અધિક્તર હોય માલિકને દઈશ નહીં તો ઉઠાવવું**

النَّبِيِّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ مَا لَكَ وَ لَهَا مَعَهَا حِذَاءُهَا

શું આદેશ છે ? એના પર નબી ﷺ ના ચહેરા મુબારકનો રંગ બદલાઈ ગયો, અને ફર્માવ્યું, તમને એનાથી અને

وَسِقَاؤُهَا تَرِدُ الْمَاءَ وَتَاْكُلُ الشَّجَرَ ۔

એને તમારાથી શો મતલબ ?! એની સાથે એનાં પગરખા અને એની મશક છે, પાણી પર જશે, ઝાડ ખાશે."

(બુખારી, ૧/૩૨૭ ફ઼ાલતુલ્ ગ઼નમ, ૧/૧૯ અલ્ઈલ્મ, ૧/૩૨૯ અલ્મસાક઼ાત, બાબુ શરબુન્નાસ, ૧/૭૯૭ અત્તલાક઼, ૧/૯૦૨ અલ્અદબ, મુસ્લિમ, અબૂ દાઊદ–લુક઼્તા, તિર્મિઝી–અહકામ, ઈબ્ને માજહ–લુક઼્તા, મોઅત્તા–અલ્અક઼્ઝિયહ, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૧૧૬)

"નાજાઈઝ" છે. અને **એ નિશ્ચતે જ ઉઠાવવું પોતે જ રાખી લઈશ એ "હરામ" છે,** અને એ **ગસબ (કોઈનો માલ હડપ કરી જવો)**ની મંઝિલે છે. અને જો એ ગુમાન અધિક્તર (ગાલિબ) હોય કે ઉઠાવીશ નહીં તો આ ચીજ વેડફાઈ જશે કે નષ્ટ થઈ જશે તો જરૂર ઉઠાવી લેવી જોઈએ. દરેક પ્રકારની પડેલી ચીજને ઉઠાવવી જાઈઝ છે. દા.ત. સામાન, રૂપિયા, પૈસા, જાનવર ત્યાં સુધી કે આ જમાનામાં ઊંટને પણ, એટલા માટે કે હવે જમાનો એવો છે કે જો ઊંટને છોડી દેવામાં આવશે તો કોઈ ન કોઈ લઈ જશે અને હજમ કરી લેશે. લુક઼્તા (ખોવાયેલ ચીજ) મુલ્તક઼િત (ઉઠાવનાર)ના હાથમાં અમાનત છે, જો વેડફાઈ જાય તો તાવાન નથી શર્ત એ કે ઉઠાવનારો ઉઠાવતી વખતે કોઈને ગવાહ બનાવી લે ભલે તે હદ સુધી કે લોકોને કહી આપે કે જો કોઈ શખ્સ પોતાની ખોવાયેલી ચીજ શોધતો આવે તો મારી પાસે મોકલી આપજો. અને જો ગવાહ ન કર્યો તો નષ્ટ થવાની સ્થિતિમાં તાવાન (બદલો) આપવો પડશે, પણ જ્યારે કે ત્યાં કોઈ ન હોય અથવા એટલો મોક઼ો નથી મળ્યો કે ગવાહ બનાવતો અથવા એવો ડર હોય કે ગવાહ બનાવીશ તો જાલિમ પડાવી લેશે તો તાવાન નથી, જેને મળ્યું તેના પર જાહેરાત કરવી લાઝિમ છે. એટલે કે બજારો, આમ રસ્તાઓ તથા મસ્જિદોમાં એટલા દિવસો સુધી એલાન કરે કે અધિક્તર ગુમાન થઈ જાય કે માલિક હવે શોધતો નહીં હોય. **આપણે ત્યાં એની કોઈ મર્યાદા નિશ્ચિત નથી** અને હદીષમાં એક વરસની શર્ત એ સમયના લેહાઝથી હતી. જેટલા દિવસમાં વસ્તુ મેળવનારને એનું ગુમાન અધિક્તર (ગાલિબ) થઈ જાય એ પૂરતું છે. આ અધિક્તર ગુમાન પછી મુલ્તક઼િત (જેનું મળ્યું તેને)ને અધિકાર છે કે મળેલ ચીજને સંપૂર્ણ હિફાઝત સાથે રાખે અથવા કોઈ મિસ્કીન પર સદક઼ો કરી દે, બલ્કે જો ખૂદ ફક઼ીર છે તો પોતાના વપરાશમાં લાવે. સદક઼ો કર્યા બાદ જો માલિક આવી ગયો તો માલિકને અધિકાર છે ચાહે તો સદક઼ાને લાગુ કરી દે ચાહે ન લાગુ કરે. અને જો લાગુ ન કર્યો અને એ ચીજ મૌજૂદ છે તો એને લઈ લે અને જો નષ્ટ થઈ ગઈ છે તો તાવાન (બદલો) લઈ શકે છે.

مَالَكَ وَلَهَا : એનો મતલબ એ છે કે જો ગુમ થયેલ ઊંટ ક્યાંક મળે તો તેને પકડવામાં ન આવે, છોડી દેવામાં આવે. ઈલ્લત (સબબ) એ વર્ણવી કે એ ચાલવા ફરવા પર શક્તિમાન છે એના વેડફાવાનો અંદેશો નથી તે રખડી રઝળીને પોતાના માલિકની પાસે આવી જશે. પણ હવે જ્યારે કે ચોરો એટલા બદમાશ થઈ ચૂક્યા છે કે મોટર સુધ્ધાંને ગાયબ કરી દે છે તો ઊંટનું સલામત રહેવું અને માલિક સુધી પહોંચવું ઘણુ જ મુશ્કેલ છે, એટલા માટે ગુમ થયેલ ઊંટને પણ પકડી શકાય છે.

بَابُ كَيْفَ تُعَرَّفُ لُقَطَةُ أَهْلِ مَكَّةَ ص٣٢٨

"મક્કાવાસીઓના લુક્તાની જાહેરાત કેવી હોવી જોઈએ ?"

حديث ١٣٨٤ حَدَّثَنِي أَبُوسَلَمَةَ بْنُ عَبْدِ الرَّحْمٰنِ حَدَّثَنِي أَبُوهُرَيْرَةَ قَالَ لَمَّا فَتَحَ اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه એ કહ્યું કે જ્યારે અલ્લાહે પોતાના રસૂલ પર મક્કાને [હદીષ : ૧૩૮૪]

عَلٰى رَسُوْلِهٖ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَكَّةَ قَامَ فِي النَّاسِ فَحَمِدَ اللّٰهَ وَاَثْنٰى

ફતહ કરી આપ્યું તો હુઝૂર ખુત્બો આપવા માટે લોકો સમક્ષ ઉભા થયા. અલ્લાહની હમ્દોષના કરી પછી

عَلَيْهِ ثُمَّ قَالَ اِنَّ اللّٰهَ قَدْ حَبَسَ عَنْ مَكَّةَ الْقَتْلَ وَ سَلَّطَ عَلَيْهَا رَسُوْلَهٗ وَ الْمُؤْمِنِيْنَ

ફર્માવ્યું, અલ્લાહે મક્કાથી ક્તલને રોકી અને એના પર પોતાના રસૂલ અને મોમિનોને કબજો આપ્યો. મક્કા

فَاِنَّهَا لَا تَحِلُّ لِاَحَدٍ كَانَ قَبْلِيْ وَ اِنَّهَا اُحِلَّتْ لِيْ سَاعَةً مِّنْ نَّهَارٍ وَ اِنَّهَا لَنْ تَحِلَّ

મારાથી પહેલાં કોઈના માટે પણ હલાલ થયું ન હતું અને એ મારા માટે દિવસમાં થોડીવારના માટે હલાલ

لِاَحَدٍ مِّنْ بَعْدِيْ فَلَا يُنَفَّرُ صَيْدُهَا وَ لَا يُخْتَلٰى شَوْكُهَا وَ لَا تَحِلُّ سَاقِطَتُهَا اِلَّا

કરવામાં આવ્યું, અને મારા બાદ કદી કોઈના માટે કદાપિ હલાલ થશે નહીં. તેના શિકારને ભડકાવવામાં ન

لِمُنْشِدٍ وَ مَنْ قُتِلَ لَهٗ قَتِيْلٌ فَهُوَ بِخَيْرِ النَّظَرَيْنِ اِمَّا اَنْ يُّفْدِيَ وَ اِمَّا

આવે, કાંટાદાર ઝાડોને સાફ કરવામાં ન આવે, અને એની પડેલી ચીજને ઉઠાવવામાં ન આવે, પણ તે જે

اَنْ يُّقِيْدَ فَقَالَ الْعَبَّاسُ اِلَّا الْاِذْخِرَ فَاِنَّا نَجْعَلُهٗ لِقُبُوْرِنَا وَ بُيُوْتِنَا فَقَالَ

માલિકને શોધવાનો ઈરાદો ધરાવે. અને જેનો કોઈ માણસ કત્લ કરવામાં આવે એને બે વાતોમાંથી એકનો

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِلَّا الْاِذْخِرَ فَقَامَ اَبُوْشَاهٍ رَجُلٌ مِّنْ

ઈખ્તિયાર છે, ક્યાં તો ફિદિયો લે અથવા ક્સાસ. એના પર અબ્બાસે કહ્યું, પણ ઈઝખિર ?! એટલા માટે કે અમે

હદીષ : ૧૩૮૪ની સમજૂતી

કિતાબુલ ઈલ્મ તથા કિતાબુદ્દિયાતમાં એટલુ અધિક છે કે ફતહે મક્કાના વરસે બની ક઼ઝાઅહએ પોતાના એક કત્લ થયેલા (મક઼તૂલ)ના બદલામાં બની લૈષના એક શખ્સને ક઼ત્લ કરી નાખ્યો. જ્યારે એની નબી ﷺને ખબર આપવામાં આવી તો પોતાની સવારી પર સવાર થયા અને (ઉપરોક્ત) ખુત્બો આપ્યો.

કિતાબુલ ઈલ્મની રિવાયતમાં આ છે **حبس عن مكة القتل اوالفيل** અને કેટલીક રિવાયતોમાં કેવળ **الفيل** છે. અને અહીં કિતાબુલ લુક઼્તામાં કેવળ **اقتل** છે પણ બીજો નુસ્ખો આ જગાનો **الفيل** છે. જાહેર છે બંને

اَهْلِ الْيَمَنِ فَقَالَ اكْتُبُوْا لِيْ يَا رَسُوْلَ اللّٰهِ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

એને અમારી કબરો અને ઘરોને માટે વાપરીએ છીએ. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પણ ઈઝ્ખિર. યમનના

اُكْتُبُوْا لِاَبِيْ شَاهٍ قُلْتُ لِلْاَوْزَاعِيِّ مَا قَوْلُهٗ اُكْتُبُوْا لِيْ يَا رَسُوْلَ اللّٰهِ قَالَ هٰذِهِ الْخُطْبَةُ

એક સાહબ અબૂ શાહ નામના ઉભા થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એને મારા માટે લખાવી દો !

الَّتِيْ سَمِعَهَا مِنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ـــه

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અબૂ શાહના માટે લખી આપો. (વલીદ ઈબ્ને સલમા)એ કહ્યું, મેં અવઝાઈથી પૂછ્યું, اكتبوالي يارسول الله નો શો મતલબ ?! તેમણે કહ્યું, તે ખુત્બો જેને તેમણે રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યો છે.''

(બુખારી, ૧/૨૨ બાબુ કિતાબુલ ઈલ્મ, ૨/૧૦૧૬ અદ્દિયાત, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઉદ–મનાસિક : ઈલ્મ : દિયાત, નિસાઈ–ઈલ્મ, તિર્મિઝી–દિયાત, ઈબ્ને માજહ–દિયાત, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૩૮)

રિવાયતોમાં કોઈ વિરોધાભાસ નથી.

فهوبخيرالنظرين : એટલે કે કત્લ થનારના વાલીઓને ઈખ્તિયાર છે કે તેઓ આ બે વાતોમાંથી જેને બેહતર સમજે અપનાવી લે, દિયત કે કેસાસ. હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ વગેરેનો મઝહબ એ છે કે ઈરાદપૂર્વક કત્લમાં આ બે વાતોમાંથી એક વાજિબ છે, કેસાસ કે દિયત. કાતિલ દિયત આપવા પર રાજી હોય કે ન હોય. એ હઝરાતની દલીલ આ જ હદીષ છે.

અહનાફ (હનફીઓ)નો મસ્લક એ છે કે ઈરાદાપૂર્વક કત્લમાં વાજિબ કેવળ કેસાસ છે. કુર્આનમાં ફર્માવ્યું : كُتِبَ عَلَيْكُمُ الْقِصَاصُ فِي الْقَتْلٰى ''કત્લમાં તમારા પર કેસાસ ફર્ઝ કરવામાં આવેલ છે.'' *(બકરહ)*

તેમજ હઝરત અનસ બિન નઝર رضی اللہ عنہ થી મરવી છે કે તેમનાં ફોઈએ એક બાળકીને એટલા જોરથી પથ્થર માર્યો કે બાળકીનો દાંત તૂટી ગયો. તેમનાં ઘરવાળાંઓએ અરિશ (માલી તાવાન) પેશ કર્યો તો બાળકીના વાલીઓ રાજી ન થયા. તેમણે માફી માગી તો માફ પણ ન કર્યું અને મામલો રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં રજૂ કર્યો. હુઝૂરે અકદસ ﷺએ કેસાસનો હુકમ આપ્યો. હવે અનસ બિન નઝર આવ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! રબીઅનો દાંત તોડવામાં આવશે ? કસમ છે એ જાતની જેણે આપને હક્કની સાથે મોકલ્યા છે, એનો દાંત નહીં તોડવામાં આવે. હવે બાળકીનાં ઘરવાળાંએ માફ કરી આપ્યું. એના પર રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહના કેટલાક બંદાઓ એવા છે કે જો કસમ ખાય લે તો અલ્લાહ તેમની કસમ પૂરી કરી આપે છે.

આ હદીષથી સાબિત થયું કે ઈરાદાપૂર્વક કત્લ અને ઈરાદાપૂર્વકના ઝખ્મની સજા કેવળ કેસાસ છે. જો સજા કેસાસ અને દિયતના વચ્ચે રહેલી હોત તો જ્યારે લોકો અરિશ (માલી તાવાન) આપી રહ્યા હતા તો હુઝૂર બીજા પક્ષને મજબૂર કરતા, પણ એ લોકોના માલી તાવાન આપવા પર રાજી હોવા છતાં ફર્માવ્યું કે કિતાબુલ્લાહથી કેસાસ વાજિબ છે. આ દલીલ છે કે વાજિબ કેવળ કેસાસ છે. મકતૂલ (કત્લ થનાર)ના વાલીઓને ઈખ્તિયાર નથી કે ચાહે દિયત લે ચાહે કેસાસ લે. આ ઈર્શાદ અસલમાં સુલહની પ્રતિ રહનુમાઈ કરે છે કે કાતિલ જો દિયત આપવા પર રાજી છે તો વાલીઓએ વિચારણા કરવી જોઈએ કે કેસાસમાં બેહતરી છે કે દિયતમાં. જે એમને પોતાના હક્કમાં બેહતર જણાય તેને અપનાવી લે.

بَابُ لَا يُحْلَبُ مَاشِيَةُ أَحَدٍ بِغَيْرِ إِذْنِهِ ص ٣٢٩

"કોઈનુ પશુ તેની રજા વિના કોઈ ન દોહે." –(૩૨૯)

حديث ١٣٨٥ عَنْ نَافِعٍ عَنْ عَبْدِ اللهِ بْنِ عُمَرَ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُمَا أَنَّ رَسُوْلَ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૩૮૫]**

اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَحْلُبَنَّ أَحَدٌ مَاشِيَةَ امْرِئٍ بِغَيْرِ

કોઈ કોઈનુ પાલતુ જાનવર તેની ઈજાઝત વિના કદી પણ ન દોહે. શું તમારામાંથી કોઈને એ પસંદ છે કે કોઈ

إِذْنِهِ أَيُحِبُّ أَحَدُكُمْ أَنْ تُؤْتٰى مَشْرُبَتُهُ فَتُكْسَرَ خِزَانَتُهُ فَيُنْتَقَلَ طَعَامُهُ

તમારા ઉપલા માળે આવીને ખઝાનો (અલ્મારી) તોડીને તમારો ખોરાક ઉઠાવી લઈ જાય ?!

فَإِنَّمَا تُخْزَنُ لَهُمْ ضُرُوْعُ مَوَاشِيهِمْ أَطْعِمَاتِهِمْ فَلَا يَحْلُبَنَّ أَحَدٌ

પાલતુ પશુઓનાં બાવલાં માલિકોના ખાવાના ખજાના છે, એટલા માટે રજા વિના

مَاشِيَةَ أَحَدٍ إِلَّا بِإِذْنِهِ ص

કોઈનુ પાલતુ પશુ કોઈ કદી પણ ન દોહે." (મુસ્લિમ–અલ્ફઝા, અબૂ દાઉદ–જેહાદ)

بَابٌ ص ٣٢٩

حديث ١٣٨٦ عَنِ الْبَرَاءِ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُ عَنْ أَبِي بَكْرٍ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُ

"હિજરતની તફસીલ વર્ણવતાં હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ કહ્યું, હું ચાલ્યો તો એક બકરીના **[હદીષ : ૧૩૮૬]**

قَالَ انْطَلَقْتُ فَإِذَا أَنَا بِرَاعِي غَنَمٍ يَسُوْقُ غَنَمَهُ فَقُلْتُ لِمَنْ أَنْتَ قَالَ لِرَجُلٍ مِنْ قُرَيْشٍ

ચારનારને જોયો કે બકરી હાંકીને લઈ જઈ રહ્યો છે. મેં એને પૂછયું, તું કયા કબીલાનો છે ? તો તેણે કુરૈશના એક

હદીષ : ૧૩૮૫ની સમજૂતી આ હદીષ એની દલીલ છે કે **કોઈ મુસલમાનનો મામૂલી માલ પણ તેની ઈજાઝત વિના લેવો જાઈઝ નથી.** એના બારામાં સ્પષ્ટ હદીષો આવેલી છે. અને જે અમુક રિવાયતોથી દૂધનુ જાઈઝ હોવું જાહેર થાય છે તે ઈસ્લામના પ્રારંભના બનાવો છે અને તે એ સમયના અરબવાસીઓની આદત તથા રિવાજને લીધે હતું.

હદીષ : ૧૩૮૬ની સમજૂતી હુઝૂરે અકદસ ﷺ તથા હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ નું એ દૂધને લેવું અને પીવું એ જ ઉર્ફ તથા રિવાજને આધારિત હતું જે એ વખતે પૂરા અરબમાં ચાલતો હતો. આ હદીષ

فَسَمَّاهُ فَعَرَفْتُهُ، وَجِئْتُ هَلْ فِي غَنَمِكَ مِنْ لَبَنٍ قَالَ نَعَمْ فَقُلْتُ فَهَلْ أَنْتَ حَالِبٌ

શખ્સનું નામ લીધું, તો મેં એને ઓળખી લીધો. પછી મેં પૂછયું, શું તારી બકરીઓમાં દૂધ છે ? તેણે કહ્યું, હા

لِي قَالَ نَعَمْ فَأَمَرْتُهُ فَاعْتَقَلَ شَاةً مِنْ غَنَمِهِ ثُمَّ أَمَرْتُهُ أَنْ يَنْفُضَ ضَرْعَهَا مِنَ الْغُبَارِ

છે ! મેં કહ્યું, તું મારા માટે દૂધ દઈશ ? તેણે કહ્યું, જરૂર ! હવે મેં તેને હુકમ આપ્યો તો એણે એક બકરીની ટાંગો

ثُمَّ أَمَرْتُهُ أَنْ يَنْفُضَ كَفَّيْهِ فَقَالَ هٰكَذَا ضَرَبَ إِحْدٰى كَفَّيْهِ بِالْأُخْرٰى فَحَلَبَ كُثْبَةً مِنْ

રસ્સીથી બાંધી. પછી મેં તેને કહ્યું કે બકરીના બાવલાને ધૂળથી ખંખેરી લે. પછી મેં કહ્યું, તારી હથેળીઓને પણ

لَبَنٍ وَقَدْ جَعَلْتُ لِرَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِدَاوَةً عَلٰى فِيهَا خِرْقَةٌ فَصَبَبْتُ عَلَى

ખંખેરી લે. તો તેણે એ રીતે એક હથેળીને બીજી પર મારી અને એક પ્યાલો દૂધ દોહ્યું. મેં રસૂલુલ્લાહ ﷺ ના માટે

اللَّبَنِ حَتّٰى بَرَدَ أَسْفَلُهُ فَانْتَهَيْتُ إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقُلْتُ اشْرَبْ

એક ચામડાનુ પાત્ર ખાસ કરી લીધું હતું અને એના મુખ પર કપડુ રાખી દીધુ હતું. દૂધમાં પાણી નાખ્યું ત્યાં સુધી

يَا رَسُولَ اللّٰهِ فَشَرِبَ حَتّٰى رَضِيتُ.

કે તેનો નીચલો હિસ્સો ઠંડો થઈ ગયો. હવે તેને નબી ﷺ ની ખિદમતમાં લઈને હાજર થયો અને અર્ઝ કરી એને પીઓ યા રસૂલલ્લાહ ! હુઝૂરે પીધું ત્યાં સુધી કે મારું દિલ બાગ બાગ થઈ ગયું.''

(બુખારી, ૧/૫૧૦ અલ્મનાકિ઼બ : અલામાતે નબુવ્વત ૧/૫૧૫ ફ઼ઝાઈલે મુહાજિરીન, ૧/૫૫૫, ૫૫૭ બાબુ હિજરતુન્નબી ﷺ, ૨/૮૩૯ અલ્અશ્રબહ, મુસ્લિમ–અલ્અશ્રબહ, હિજરત, ઝુહદ)

હિજરતની લાંબી હદીષનો ટુકડો છે ઈમામ બુખારી આ હદીષને એ ફાયદો કરવા માટે લાવ્યા છે કે જો ક્યાંકની એ આદત (નિયમ) હોય કે મુસાફરો માટે એ ઈજાઝત હોય છે કે તે જરૂરતમંદ હોય તો પશુઓનું દૂધ પી શકે છે તો એમણે પશુઓનું દૂધ પીવું મના નથી.

સામ્યતા : આ હદીષ પર ઈમામ બુખારીએ વિના ટાઈટલનું પ્રકરણ રાખ્યું છે એ વિભાગના રૂપે છે આ તક઼દીર પર એને એનાથી પહેલાવાળા પ્રકરણ સાથે સામ્યતા હોવી જરૂરી છે પણ એની સાથે પણ તદ્દન કોઈ સામ્યતા નથી. જો કાંઈ સામ્યતા છે તો તેના ત્રણ પ્રકરણોથી આગલા પ્રકરણ **لا يحلب ماشية احدٍ** થી છે. આ તક઼દીર પર એનું એના સાથે જોડાયેલ હોવું લાઝિમ હતું. સારાંશ અહીં એનું હોવું કમેળનું (અયોગ્ય) છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَبْوَابُ الْمَظَالِمِ وَالْقِصَاصِ ص۳۳۰

(અબ્વાબુલ્ મઝાલિમ વલ્ ક़िસાસ) "જુલ્મ અને ક़ેસાસ વિશે બયાન"–*(૩૩૦)*

بَابُ فِى الْمَظَالِمِ وَالْغَصَبِ وَقَوْلِ اللّٰهِ عَزَّوَجَلَّ وَلَا تَحْسَبَنَّ اللّٰهَ غَافِلًا عَمَّا يَعْمَلُ الظَّالِمُوْنَ ۔ اِنَّمَا نُؤَخِّرُهُمْ لِيَوْمٍ تَشْخَصُ فِيْهِ الْاَبْصَارُ مُهْطِعِيْنَ مُقْنِعِىْ رُؤْسِهِمْ اَلْمُقْنِعِىْ وَالْمُقْمِحُ وَاحِدٌ ۔ لَا يَرْتَدُّاِلَيْهِمْ طَرْفُهُمْ وَاَفْئِدَتُهُمْ هَوَاءٌ جُوفًا لَاعُقُوْلَ لَهُمْ وَاَنْذِرِالنَّاسَ يَوْمَ يَا تِيْهِمْ الْعَذَابُ فَيَقُوْلُ الَّذِيْنَ ظَلَمُوْا رَبَّنَا اَخِّرْنَا اِلٰى اَجَلٍ قَرِيْبٍ نُجِبْ دَعْوَتَكَ وَ نَتَّبِعِ الرُّسُلَ (الى ق وله)..اِنَّ اللّٰهَ عَزِيْزٌ ذُوانْتِقَامٍ

"જુલ્મો અને હડપ કરવું તથા અલ્લાહ ﷻના એ ઈર્શાદોના બયાનમાં : જાલિમોના કામથી અલ્લાહને બેખબર કદીપણ ન માનશો ! એમને કેવળ એ દિવસના માટે ઢીલ આપી રહ્યો છે જે દિવસે આંખો ઉઘાડી ને ઉઘાડી જ રહી જશે. એકી શ્વાસે દોડતાં માથુ ઉઠાવીને નીકળશે એ હાલતમાં કે તેમની પાપણ તેમના તરફ પરત થતી નહીં હોય. અને તેમનાં દિલ હવા થશે. લોકોને એ દિવસથી ડરાવો જે દિવસે એમના પર અઝાબ આવશે, તો જાલિમ કહેશે, હે અમારા રબ ! થોડીવાર અમોને મોહલત આપ કે અમે તારી દાવત માની લઈએ અને રસૂલોની પયરવી કરીએ. (સુડતાલીસમી આયત સુધી) બેશક ! અલ્લાહ ગાલિબ (ચઢીયાતો) બદલો લેવાવાળો છે.

–(સૂરએ ઈબ્રાહીમ, આયત : ૪૨ થી ૪૭)

وَقَالَ مُجَاهِدٌ مُهْطِعِيْنَ مُدِ مُنِى النَّظَرِ وَيُقَالُ مُسْرِعِيْنَ

પ્રકરણની સ્પષ્ટતા : સામાન્ય નુસ્ખાઓમાં અબ્વાબુલ મઝાલિમ વ ક़िસાસ નથી અને મુસ્તમલીના નુસ્ખામાં બાબુ ફિલ્મઝાલિમ વલ્ગસબમાં બાબની કિતાબ છે. જુલ્મ તથા ગસબ (પચાવી પાડવું)ના ક़તઈ હરામની સાબિતીમાં અને એના પર સખત ધમકીને પ્રદર્શિત કરવા માટે સૂરએ ઈબ્રાહીમની પાંચ આયતો લખી આપી છે. આ આયતોના અમુક શબ્દોની ક્યાંક ક્યાંક તફસીર પણ કરી આપી છે. مقنعى رؤسهم ની તફસીર رافعى رؤسهم કરી છે, એટલે કે તેઓ કબ્રોએથી માથાં ઉઠાવેલા નીકળશે. પછી લખ્યું કે المقنعى અને المقمح એક જ છે, એટલે કે બંનેના અર્થ એક જ છે એટલે કે માથુ ઉઠાવનારા. ષઅલબે હિકાયત કરી કે અકનહ અઝદાદમાં (દ્વિઅર્થી શબ્દો)થી છે, એનો અર્થ માથુ ઉઠાવવુ પણ છે અને માથુ ઝુકાવવું પણ, અને અહીં બંનેવ બની શકે છે. ભય તથા ગભરાટમાં માણસ બંને હરકતો કરે છે, માથુ ઉઠાવે પણ છે અને ઝુકાવે પણ છે. અમારા

વપરાશમાં રશીદિયહનો જે નુસ્ખો છે એમાં المقنعى والمقمح છપાયું છે એટલે કે المقنعى બહુવચનના સેગા સાથે એ ગલત છે, સહીહ એક વચનનો સેગો 'યા' વિના اَلْمُقْنِعُ છે. وافدتهم هواء جوفا لاعقول لهم એ جوف નું બહુવચન છે كهكهل ચીજ. عقول એ મસ્દર છે સમજના અર્થમાં. એટલે હોશ હવાસ વિનાના હશે કે બુધ્ધિ બહેર મારી જશે, અને કાંઈ પણ સમજબુઝ બાકી નહીં રહે.

وقال مجاهد : مهطعين નો મસ્દર اهطاع છે. ઈમામ મુજાહિદે ફર્માવ્યું કે એનો અર્થ એ છે કે કોઈ ચીજને તાકી તાકીને જોવું કે પાપણ ન ઝપકે. અને એ પણ કહેવામાં આવ્યું છે કે એનો અર્થ ઝડપી દોડવું છે. المظالم. مظلمة નું બહુવચન છે. આ મસ્દરે મીમી છે જુલ્મના અર્થમાં તેમજ مظلمة એ ચીજને પણ કહે છે જે જુલ્મની રીતે લેવામાં આવી હોય. ظلمًا જુલ્મનો અર્થ મશહૂર એ છે કે કોઈ ચીજને તેની એ જગા સિવાય ક્યાંક બીજે રાખવી જે શરીઅતે નિશ્ચિત કરી છે. અને એક અર્થ એ પણ છે કે બીજાની માલિકીમાં તેની રજા વિના હેરફેર કરવી. ગઝબનો એક અર્થ એ છે કે કોઈનો માલ જુલ્મ તથા જબરદસ્તીથી લઈ લેવો. અને એક અર્થ એ છે કે ગૈરનો માલ જુલ્મથી લઈ લેવો. અને એક એ પણ છે કે ગૈરનો હક્ક઼ નાહક્ક઼ લેવો. અર્થના એતેબારથી સૌ એક જ છે.

بَابُ قِصَاصِ الْمَظَالِمِ ٣٣

"જુલ્મનો બદલો" –(૩૩૦)

حديث ١٣٨٧ عَنْ اَبِى الْمُتَوَكِّلِ النَّاجِىِّ عَنْ اَبِى سَعِيْدِ نِ الْخُدْرِيِّ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

[હદીષ : ૧૩૮૭] *"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺ થી રિવાયત કરે છે*

عَنْ رَّسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِذَا خَلَصَ الْمُؤْمِنُوْنَ مِنَ النَّارِ

કે ફર્માવ્યું કે જ્યારે મોમિન જહન્નમથી નજાત મેળવી લેશે તો જન્નત દોઝખની વચ્ચે એક પુલ પર રોકી દેવામાં

حُبِسُوْا بِقَنْطَرَةٍ بَيْنَ الْجَنَّةِ وَالنَّارِ فَيَتَقَاصُّوْنَ مَظَالِمَ كَانَتْ بَيْنَهُمْ فِى الدُّنْيَا

આવશે હવે તેઓની વચ્ચે જે હક્ક઼ો દુનિયામાં હશે તેમનો એકબીજાથી બદલો અપાવવામાં આવશે. જ્યારે પાક

حَتّٰى اِذَا مَا نُقُّوْا وَهُذِّبُوْا اُذِنَ لَهُمْ بِدُخُوْلِ الْجَنَّةِ فَوَالَّذِىْ نَفْسُ مُحَمَّدٍ بِيَدِهٖ

સાફ થઈ જશે તો તેમને જન્નતમાં પ્રવેશની ઈજાઝત આપવામાં આવશે. ક઼સમ છે એ જાતની જેના કબજામાં

لَاَحَدُهُمْ بِمَسْكَنِهٖ فِى الْجَنَّةِ اَدَلُّ بِمَسْكَنِهٖ كَانَ فِى الدُّنْيَا

મુહમ્મદની જાન છે તમે જન્નતમાં તમારા રહેઠાણને દુનિયાના રહેઠાણ કરતાં વિશેષ ઓળખશો."

હદીષ : ૧૩૮૭ની સમજૂતી اذا خلص પ્રથમ હદીષ વર્ણન થઈ ચૂકી છે કે જહન્નમ પર પુલસિરાત સ્થાપવામાં આવશે, સૌ મહશરવાળાઓએ એના પરથી પસાર થવું લાઝિમ થશે. જે લોકો જહન્નમના પાત્ર હશે તેઓ જહન્નમમાં ગબડી પડશે, અને જે લોકો જહન્નમના પાત્ર નહીં હોય તેઓ પુલસિરાત પાર કરી જશે. خلص પુલસિરાત પાર કરી લેવું મુરાદ છે. ત્યારબાદ એક બીજા પુલ પર રોકવામાં આવશે અને ત્યાં હુકૂકુલ એબાદ (બંદાઓના હક્ક઼ો)ના કારણે એકબીજાથી બદલો લેવામાં આવશે, ત્યારબાદ જન્નતમાં જવાનું નસીબ થશે.

بَابُ قَوْلِ اللهِ تَعَالٰى اَلَا لَعْنَةُ اللهِ عَلَى الظّٰلِمِيْنَ ص٣٣

અલ્લાહ ﷻના આ ઈર્શાદનું બયાન : સાંભળો ! જાલિમો પર અલ્લાહની લઅનત છે. –(૩૩૦)

حديث ١٣٨٨

عَنْ صَفْوَانَ بْنِ مُحْرِزِ نِ الْمَازِنِيِّ قَالَ بَيْنَمَا اَنَا اَمْشِيْ مَعَ ابْنِ

''સફ્વાન બિન મુહરિઝે કહ્યું, હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નો હાથ પકડીને તેમની સાથે **[હદીષ : ૧૩૮૮]**

عُمَرَ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُمَا اٰخِذٌ بِيَدِهٖ اِذْ عَرَضَ رَجُلٌ قَالَ كَيْفَ سَمِعْتَ

ચાલતો જઈ રહ્યો હતો એવામાં એક શખ્સ સામે આવ્યો અને કહ્યું, સરગોશી (કાનમાં વાત કહેવી)ના બારામાં

رَسُوْلَ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِي النَّجْوٰى فَقَالَ سَمِعْتُ رَسُوْلَ اللهِ

આપે રસૂલુલ્લાહથી શું સાંભળ્યું છે ? તેમણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે તે ફર્માવતા હતા કે

صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ اِنَّ اللهَ يُدْنِي الْمُؤْمِنَ فَيَضَعُ عَلَيْهِ كَنَفَهٗ

અલ્લાહ ﷻ મોમિનને પોતાની નજીક કરશે (જેવું એની શાનને લાયક છે) અને એના પર પોતાનો પર્દો

وَيَسْتُرُهٗ فَيَقُوْلُ اَتَعْرِفُ ذَنْبَ كَذَا اَتَعْرِفُ ذَنْبَ كَذَا فَيَقُوْلُ نَعَمْ اَيْ رَبِّ

નાખીને છુપાવશે અને ફર્માવશે, શું તું ફલાણો ગુનોહ જાણે છે ? શું તું ફલાણો ગુનોહ જાણે છે ? બંદો અર્ઝ કરશે,

فيتقاصون ઈબ્ને બતાલે કહ્યું, આ **مقاصه** એટલે એકબીજાથી બદલો લેવો અમુક લોકોની સાથે ખાસ છે. આ તે લોકો છે જેમની બુરાઈઓ નેકીઓથી વધુ હશે, તેઓ જહન્નમમાં જશે તે એના મવરિદ નથી, મુરાદ એ છે કે જેમના પર થોડા હક્કો વાજિબ હશે અથવા મામલો એવો હોય કે બંને પક્ષોમાં દરેકના હક્કો એક બીજા પર હોય એમનો મામલો અહીં નક્કી થશે. જે રીતે અલ્લાહ ﷻ ચાહે એકની નેકીઓ બીજાને આપીને અથવા એકની બુરાઈઓ બીજા પર નાખીને અથવા પોતાના ફઝ્લથી હક્કવાળાને કાંઈક આપીને રાજી કરીને. અહીં **يتقاصون** જો કે બાબે તફાઈલથી છે જેનો અર્થ મશારિક છે, પણ એ જરૂરી નથી, ક્યારેક વિના મશારિક મુજર્રદના અર્થમાં પણ આવે છે. અને એ પણ થઈ શકે છે કે અધિક્તર તથા અકસરના એતબારથી ફર્માવવામાં આવ્યું હોય. જાહેર એ જ છે કે અહીં જુલ્મોથી દરેક પ્રકારના જુલ્મો મુરાદ છે, ચાહે તે માલી હોય કે આબરૂરેઝી (બેઈજ્જતી), ગાળ ગલોચ વગેરે.

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું, **કોઈ જન્નતનો મુસ્તહિક્ (હક્દાર) એ હાલતમાં જન્નતમાં દાખલ ન થશે કે એના પર કોઈ બંદાનો કોઈ હક્ક હોય.**

હદીષ : ૧૩૮૮ની સમજૂતી **النجوى** આ મુનાજાતનું ઈસ્મે મસ્દર છે એનો અર્થ રાઝ (રહસ્ય) અને સરગોશી (કાનમાં વાત કહેવી) કરનાર અને સરગોશી પણ છે. એનો અર્થ માદ્દો **نجو** છે. એનો અર્થ રહસ્ય (ભેદ) જે બે માણસો વચ્ચે હોય. અહી મુરાદ તે **نجوى** (સરગોશી) છે જે કયામતના દિવસે અલ્લાહ અને તેના બંદાઓ વચ્ચે હશે, જે કેવળ અલ્લાહનો ફઝ્લ અને તેની મહેરબાની થશે. જેમાં અલ્લાહ તઆલા અતિશય ગુપ્તાવાળા તરીકાથી બંદાઓને ગુનાહો યાદ અપાવશે પછી માફ ફર્માવી આપશે, એ એનો ખાસ ફઝ્લ થશે જે

حَتّٰى قَرَّرَهٗ بِذُنُوْبِهٖ وَرَاٰى فِيْ نَفْسِهٖ اَنَّهٗ هَلَكَ قَالَ سَتَرْتُهَا عَلَيْكَ فِي الدُّنْيَا

હા ! હે રબ ! ત્યાં સુધી કે બંદાથી સર્વ ગુનાહોનો ઈકરાર કરાવી લેશે. બંદો એવું સમજશે કે તે હલાક (તબાહ)

وَاَنَا اَغْفِرُهَا لَكَ الْيَوْمَ فَيُعْطٰى كِتَابَ حَسَنَاتِهٖ وَاَمَّا الْكَافِرُوْنَ وَالْمُنَافِقُوْنَ

થયો ! એવામાં અલ્લાહ ﷻ ફર્માવશે, મેં દુનિયામાં તારા ગુનાહો પર પર્દો નાખી રાખ્યો હતો અને આજે

فَيَقُوْلُ الْاَشْهَادُ هٰٓؤُلَآءِ الَّذِيْنَ كَذَبُوْا عَلٰى رَبِّهِمْ اَلَا لَعْنَةُ اللّٰهِ عَلَى الظّٰلِمِيْنَ ۝

બખ્શી દઉં છું ! અને તેને તેની નેકીઓનું દફ્તર અતા ફર્માવશે. રહી ગયા કાફિર તથા મુનાફિક્ તો એમના

બારામાં એવું આવ્યું છે કે તેમના ગવાહ કહેશે, તેમણે પોતાના રબને જૂઠલાવ્યો. સાંભળો !

જાલિમો પર અલ્લાહની લઅનત છે !''

(બુખારી ૨/૬૭૮ તફ્સીર, સૂ. હૂદ, આ. ૧૮, ૨/૭૯૬ અલ્અદબ, ૨/૧૧૧૯ અત્તૌહીદ, મુસ્લિમ–તૌબા, નિસાઈ–તફ્સીર, ઈબ્ને માજહ–સુન્નત, મુસ્નદે ઈમામ અહમદ ૨/૭૪)

بَابُ لَا يَظْلِمُ الْمُسْلِمُ الْمُسْلِمَ وَلَا يُسْلِمُهٗ ص۳۳۰

''મુસલમાન કોઈ મુસલમાન પર જુલ્મ ન કરે અને ન તેના પર જુલ્મ થવા દે.'' *–(૩૩૦)*

حديث ૧૩૮૯ اِنَّ سَالِمًا اَخْبَرَهٗ اَنَّ عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ اَخْبَرَهٗ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺ એ **[હદીષ : ૧૩૮૯]**

પોતાના કેટલાક ગુનેહગાર બંદાઓ પર ફર્માવશે.

يدنى : એનો મસ્દર **اِدناء** છે, એનો અર્થ નજીક કરવું છે. અલ્લાહ ﷻ શહીદ તથા બસીર છે, બંદો ક્યાંય પણ હોય અલ્લાહ ﷻ એની નજીક છે. એટલા માટે શરહકર્તાઓએ **اِدناء**થી તક્રુબે રુત્બી (રુત્બાના આધારે) મુરાદ લીધેલ છે, ન કે તક્રુબે મક્ાની (સ્થળ જગાના આધારે નિકટતા).

اقول وهو المستعان : હું અલ્લાહની તૌફીક્થી કહું છું : આ ખાદિમની રાય એ છે કે એનાથી મુરાદ નિકટતાને પ્રદર્શિત કરવું છે. એટલે કે અલ્લાહ ﷻ પોતાની કોઈ ખાસ તજલ્લી જાહેર ફર્માવશે જેનાથી બંદો એ મેહસૂસ કરશે કે તે અલ્લાહ ﷻની નજીક છે. અને આ જ તાબીર **فيضع عليه كتفه ويستره**ની પણ છે. કે અલ્લાહ ﷻએ પોતાના ખાસ ફઝ્લથી આ ગુનેહગાર બંદાને પોતાની તજલ્લીમાં એવો છુપાવી લીધો કે અન્યોની નજરોથી છુપો રહેશે અને જે કલામ ફર્માવશે (વાત કહેશે) તેનાથી તેના બીજા બંદાઓ માહિતગાર થશે નહીં.

અલ્લાહ ﷻની શાને કરીમીનો આ એક જલ્વો છે કે પોતાના કોઈ ગુનેહગાર બંદા પર આ ખાસ ઈનાયત ફર્માવશે.

હદીષ : ૧૩૮૯ની સમજૂતી

اخوالمسلم : એનાથી મુરાદ ઈસ્લામી ભાઈચારગી છે. દરેક તે બે ચીજો જેમના વચ્ચે કોઈ ચીજ મુત્તફક અલૈહ (સહભાગી) હોય, એના પર **اَخُوَّت** બોલાય છે. જેમ કે વેપારીઓની એક બિરાદરી (જાતિ), **فلاحين**ની એક બિરાદરી. **لايسلمه** અરબવાળા બોલે છે : અસ્લમ ફલાં ફલાણા. જ્યારે કે કોઈને કોઈના રહમો કરમ પર

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَلْمُسْلِمُ اَخُو الْمُسْلِمِ لَا يَظْلِمُهٗ وَلَا يُسْلِمُهٗ وَمَنْ كَانَ

ફર્માવ્યું, મુસલમાન મુસલમાનનો ભાઈ છે ન એના પર જુલ્મ કરે ન એના પર જુલ્મ થવા દે. અને જે પોતાના

فِيْ حَاجَةِ اَخِيْهِ كَانَ اللّٰهُ فِيْ حَاجَتِهٖ وَمَنْ فَرَّجَ عَنْ مُّسْلِمٍ كُرْبَةً فَرَّجَ اللّٰهُ عَنْهُ كُرْبَةً

ભાઈની હાજતમાં રહેશે અલ્લાહ તેની હાજત પૂરી ફર્માવશે. અને જે કોઈ મુસલમાનની તકલીફ દૂર કરશે

مِّنْ كُرُبَاتِ يَوْمِ الْقِيٰمَةِ وَمَنْ سَتَرَ مُسْلِمًا سَتَرَهُ اللّٰهُ يَوْمَ الْقِيٰمَةِ ؕ

અલ્લાહ તઆલા તેની કયામતની તકલીફોમાંથી કોઈ તકલીફ દૂર કરશે, અને જે કોઈ

મુસલમાનની પર્દાપોશી કરશે અલ્લાહ તઆલા કયામતના દિવસે તેની પર્દાપોશી ફર્માવશે."

(બુખારી ૨/૧૦૨૮ અલ્ઈકરાહ, મુસ્લિમ, અબૂ દાઉદ, તિર્મિઝી, અલ્હુદૂદ, નિસાઈ–અર્હમ, મુસ્નદે ઈમામ અહમદ ૨/૯૧)

بَابٌ اَعِنْ اَخَاكَ ظَالِمًا اَوْ مَظْلُوْمًا ؁٣٣

"પોતાના ભાઈની મદદ કર જાલિમ હોય કે મઝલૂમ" –(૩૩૦)

اَنَا عَبْدُ اللّٰهِ بْنُ اَبِيْ بَكْرِ بْنِ اَنَسٍ وَّحُمَيْدٌ سَمِعَا اَنَسَ بْنَ مَالِكٍ يَّقُوْلُ قَالَ النَّبِيُّ

હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺ એ ફર્માવ્યું, પોતાના ભાઈની મદદ કર,

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اُنْصُرْ اَخَاكَ ظَالِمًا اَوْ مَظْلُوْمًا ـ

જાલિમ હોય કે મઝલૂમ (જુલ્મ પામેલ).

છોડી દેવામાં આવે, દા.ત. દુશ્મન અથવા કોઈ મૂઝીના હાલ પર. મતલબ એ થયો કે એને મુસીબત તથા જુલ્મથી બચાવ્યો નહીં. મુસલમાનની મદદ એ મદદ કરવાની સ્થિતિના એતબારથી ક્યારેક ફર્ઝ હોય છે ક્યારેક વાજિબ ક્યારેક મુસ્તહબ. અને આ જ વિગત બાદના આદેશોમાં પણ છે.

من ستر : એનાથી મુરાદ છે કે કદી ઈત્તેફાકથી (આકસ્મિક રીતે) કોઈ એવા શખ્સને જે ગુનાહનો આદી નથી છુપાઈ છુપાઈને ગુનાહ કરતાં જોયો તો આ ખાસ સ્થિતિમાં બેહતર એ જ છે કે એને છુપાવવામાં આવે, પરંતું જેઓ બેબાક એલાનિયા ફિસ્કોફુજૂર (ગુનાહિત કામો) કરે છે અથવા જેમની આદત છે કે તેઓ પોતાની ગુનાહિત પ્રવૃતિઓથી અન્યોને નુકસાન પહોંચાડે છે અથવા લોકોના અખ્લાક ખરાબ કરે છે એમના ફિસ્કોફુજૂરને બયાન કરવું વાજિબ છે. હદીષમાં ફર્માવવામાં આવ્યું :–

اترعون عن ذكر الفاجر متى يعرفه الناس اذكروه بمافيه يحذره الناس "બદકારના ઉલ્લેખથી બચો છો ?! ક્યારે લોકો એને ઓળખશે ? એમાં જે બુરાઈ છે બયાન કરો જેથી કરીને લોકો એનાથી બચે." *(ઉમ્દતુલ કારી ૧૨/૨૮૯)*

كربة :એનો શાબ્દિક અર્થ એ ગમ છે જે જાનની સાથે લાગી જાય. મુરાદ મહાન મુસીબત છે. અરબવાળા બોલે છે : **كَرَبَهُ الغم** જ્યારે કોઈ મુસીબત કઠિન થઈ જાય.

حديث ૧૩૯૦

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اُنْصُرْ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, પોતાના [હદીષ : ૧૩૯૦]

اَخَاكَ ظَالِمًا اَوْ مَظْلُوْمًا قَالَ يَا رَسُوْلَ اللّٰهِ هٰذَا نَنْصُرُهٗ مَظْلُوْمًا فَكَيْفَ نَنْصُرُهٗ

ભાઈની મદદ કર જાલિમ હોય કે મઝલૂમ. એક શખ્સે અર્ઝ કરી, આ મઝલૂમની મદદ છે જાલિમની કેવી રીતે

ظَالِمًا قَالَ تَاْخُذُ فَوْقَ يَدَيْهِ ؕ

થશે ? ફર્માવ્યું, તેના હાથને પકડી લે."

(બુખારી, ૨/૧૦૨૮ અલ્ઇકરાહ, તિર્મિઝી–ફિતન, દારમી–રિક़ાક़, મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૩/૯૯)

હદીષ : ૧૩૯૦ની સમજૂતી

આ ઈર્શાદ જવામેએ કલિમ અને ફસાહત તથા બલાગત (સમૃધ્ધતા, ઉમદા તથા મનમોહકવાણી)ના ઉચ્ચ પ્રકારોમાંથી છે જેનું દૃષ્ટાંત રજૂ કરવાથી દુનિયા લાચાર છે. જાલિમને જીભથી રોકવું પસંદીદા કામ છે પરંતુ કેટલા લોકો છે જેઓ જાલિમને જુલ્મથી રોકે છે ? જાલિમને જુલ્મથી રોકવાની તાબીર મદદથી તે તાબીર છે જેમાં આકર્ષણ (તર્ગીબ) પણ છે અને જાલિમના માટે પૂરેપૂરી તર્હીબ (ડરાવવું) પણ. ક્યારેક એક જાલિમ પોતાની કુબુધ્ધિથી એવું સમજે છે કે મારું કોઈ કાંઈ બગાડી નહીં શકે, પરંતું પછી તેનો એ જુલ્મ ક્રમે ક્રમે લડાઈઓ ઝઘડાઓનો સબબ બને છે જેમાં જાલિમ તબાહ તથા બર્બાદ થઈ જાય છે અને ક્યારેક ખત્મ પણ થઈ જાય છે.

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને શહીદ કરનાર જાલિમ એવું જ જાણતા હતા કે એમની શહાદત પર કાંઈ થશે નહીં, ત્યાં સુધી કે એક સાહબે એ પણ કહી આપ્યું હતું : **لاينتطح فيه عنزان** એમાં બે ઘેંટાંઓ પણ લડશે નહીં. પરંતું બનાવો સાક્ષી છે કે તેમની શહાદતે ફિત્નાઓનો એવો સતત ક્રમ શરૂ કરી આપ્યો કે ૧૪૦૦ વરસોથી અધિક થઈ ગયા પણ તેની અસરો હજી પણ બાકી છે. જંગે સિફ્ફીનમાં ખૂદ એ સાહબની જેમણે ઉપરોક્ત શબ્દો કહ્યા હતા તેમની એક આંખ જતી રહી. અમ્ન પછી તે હઝરત મુઆવિયહને ત્યાં આવ્યા તો તેમણે પૂછ્યું કે તમે જ તે શબ્દો કહ્યા હતા ?! **لاينتطح فيه عنزان** તેમણે કહ્યું, જી હા ! હઝરત અમીર મુઆવિયાએ કહ્યું, શું એ વિશે કોઈ ઘેટાએ શીંગ મારી ? તેમણે કહ્યું, હા ! ઘણા જ મોટાએ. એટલા માટે જાલિમને જુલ્મથી રોકવું જાહેરી તૌર પર પણ એની મદદ છે અને બાતિની (આંત્રિક) તૌર પર પણ કે એને અલ્લાહના ગઝબ અને જહન્નમથી બચાવવું છે.

بَابُ الْاِنْتِصَارِ مِنَ الظَّالِمِ لِقَوْلِهٖ عز وجلّ لَا يُحِبُّ اللّٰهُ الْجَهْرَ بِالسُّوْٓءِ مِنَ الْقَوْلِ اِلَّا مَنْ ظُلِمَ ۔ وَالَّذِيْنَ اِذَآ اَصَابَهُمُ الْبَغْيُ هُمْ يَنْتَصِرُوْنَ

ص ٣٣١

"જાલિમથી બદલો લેવો અલ્લાહ ﷻના આ ઈર્શાદના કારણે કે ફર્માવ્યું : અલ્લાહ ﷻ મોટાઈના એલાનને પસંદ નથી કરતો પણ એ કે મઝલૂમ જાલિમના જુલ્મને જાહેર કરે, જ્યારે તેમના પર જુલ્મ થાય બદલો લે છે. *સૂ. શૂરા–૩૯ –(૩૩૧)*

ت ٤٦٩ قَالَ اِبْرَاهِيْمُ كَانُوْا يَكْرَهُوْنَ اَنْ يُسْتَذَلُّوْا فَاِذَا قَدَرُوْا عَفَوْا.

"સહાબાએ કિરામ એ નાપસંદ કરતા હતા કે કોઈ તેમને ઝલીલ સમજે, **[તઅલીક़ : ૪૬૯]**

જ્યારે તેમને શક્તિ હાંસલ થઈ જતી તો માફ ફર્માવી આપતા."

بَابُ اَلظُّلْمُ ظُلُمَاتٌ يَوْمَ الْقِيٰمَةِ ص ٣٣١

"જુલ્મ ક़યામતના દિવસે કેટલાયે અંધારાં છે." *–(૩૩૧)*

حديث ١٣٩١ اَنَا عَبْدُ اللّٰهِ بْنُ دِيْنَارٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે **[હદીષ : ૧૩૯૧]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَلظُّلْمُ ظُلُمَاتٌ يَوْمَ الْقِيٰمَةِ ۔

ફર્માવ્યું, જુલ્મ ક़યામતના દિવસે અંધારાંઓ પર અંધારાં થશે."

(મુસ્લિમ–અદબ, તિર્મિઝી–અલ્બિર, મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૨/૧૩૭)

તઅલીક़ : ૪૬૯ની સમજૂતી

આ તઅલીક़ને ઈમામ અબ્દ બિન હુમૈદે પોતાની તફસીરમાં વર્ણવી છે. આ ઈર્શાદ આયતે કરીમા اذااصابهم البغي هم ينتصرون ની તફસીર છે. એટલે સલફ (પૂર્વજ બુઝુર્ગો) એ પસંદ કરતા ન હતા કે ગૈર મુસ્લિમ કાફિરો તેમને નીચ સમજે તથા ઝલીલ સમજે અથવા એમને ઝલીલ કરે. જ્યારે એવી કોઈ વાત બનતી તો દરગુઝર કરતા ન હતા બલ્કે ઝલીલ સમજનારાઓને એની મજા ચખાડતા હતા અને એવું સાબિત કરી આપતા કે ઈજ્જત એમનો હક્ક છે. હા ! જ્યારે દુશ્મન પર ક़ાબૂ મેળવી લેતા તો સામાન્યતઃ તેમને માફ કરી આપ્યા કરતા હતા.

હદીષ : ૧૩૯૧ની સમજૂતી

જાલિમ જુલ્મ કરવાના કારણે એક સાથે કેટલાયે ગુનાહોમાં સપડાય છે. અલ્લાહ ﷻ અને રસૂલ ﷺની નાફર્માની, એક કમજોર મુસલમાનને ઈજા પહોંચાડવી, ગાળ ગલોચ આપીને મારપીટ કરીને અથવા માલ છીનવીને અથવા એ સૌને એક સાથે કરવું જેમ કે મોટાભાગે એ જ જોવામાં આવ્યું. મુસલમાનની બેઈજ્જતી કરવી, સમાજમાં ઝઘડો ફસાદ ફેલાવવાની કોશિશ કરવી. એટલા માટે એની સજામાં ક़યામતના દિવસે જાલિમનો જુલ્મ અંધારાંઓ જ અંધારાં બનીને તેને ઘેરી લેશે.

بَابُ مَنْ كَانَتْ لَهُ مَظْلِمَةٌ عِنْدَ الرَّجُلِ فَحَلَّلَهَا لَهُ هَلْ يُبَيِّنُ مَظْلِمَتَهُ

"જેનો કોઈ હક્ક કોઈ શખ્સ પર હોય અને તે એને માફ કરાવવા ચાહે તો શું એ હક્કને પણ વર્ણવે ?"

حدیث ۱۳۹۲ حَدَّثَنَا سَعِيدٌ الْمَقْبُرِيُّ عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ تَعَالَى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૩૯૨]**

عَلَيْهِ وَسَلَّمَ مَنْ كَانَتْ لَهُ مَظْلِمَةٌ لِأَخِيهِ مِنْ عِرْضِهِ أَوْ شَيْءٍ فَلْيَتَحَلَّلْهُ مِنْهُ الْيَوْمَ قَبْلَ أَنْ لَا

જેના પર કોઈ મુસલમાન ભાઈનો કોઈ હક્ક હોય ચાહે આબરૂનો ચાહે કોઈ અન્ય ચીજનો તો એનાથી આજે

يَكُونَ دِينَارٌ وَلَا دِرْهَمٌ إِنْ كَانَ لَهُ عَمَلٌ صَالِحٌ أُخِذَ مِنْهُ بِقَدْرِ مَظْلِمَتِهِ وَإِنْ لَمْ تَكُنْ

માફ કરાવી લે એ પહેલાં કે ન એની પાસે દીનાર હોય અને ન દિરહમ. જો તેની પાસે નેક કામ હશે તો હક્કના

لَهُ حَسَنَاتٌ أُخِذَ مِنْ سَيِّئَاتِ صَاحِبِهِ فَحُمِلَ عَلَيْهِ ـــ

પ્રમાણમાં તેની પાસેથી લઈ લેવામાં આવશે. અને જો નેકીઓ નહીં હોય તો હક્કવાળાની બુરાઈઓ (ગુનાહો) લઈ લેવામાં આવશે અને એના પર લાદી દેવામાં આવશે."

(બુખારી, ૨/૯૬૭ અર્રિકાક, મુસ્નદે અહમદ બિન હંબલ ૨/૫૦૬)

હદીષ : ૧૩૯૨ની સમજૂતી

જો કોઈનો કોઈ હક્ક કોઈ મુસલમાન પર હોય એના પર વાજિબ છે કે હક્કવાળાને રાજી કરી આપે, ચાહે તેનો હક્ક આપીને ચાહે માફી માગીને. જો કોઈનો કોઈ માલ અથવા જમીન લીધી છે અને તે એ જ સ્થિતિમાં સલામત છે તો પરત કરવો વાજિબ છે. માફ કરાવવા માટે બેહતર એ છે કે માફી માગતી વખતે એ હક્કનો ઉલ્લેખ કરી આપે પરંતું જો એ હક્કનો ઉલ્લેખ ન કર્યો અને હક્કવાળાએ આ પ્રમાણે માફ કરી આપ્યું કે મેં બધું માફ કરી આપ્યું, તો આ વિશે ઉલમાનો મતભેદ છે. અમુક ઉલમાએ તફસીલ કરી છે કે જો એ હક્ક માલ છે તો માફ થઈ જશે પણ જો બેઈજ્જતી છે તો માફ થશે નહીં. અલ્લાહ બેહતર જાણનાર છે.

قَالَ اَبُوْعَبْدِ اللّٰهِ قَالَ اِسْمٰعِيْلُ بْنُ اَبِىْ اُوَيْسٍ اِنَّمَا سُمِّىَ الْمَقْبُرِىَّ لِاَنَّهٗ كَانَ

"અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું કે ઈસ્માઈલ બિન ઉવૈસે કહ્યું છે, એમનું નામ મકબુરી એટલા માટે

يَنْزِلُ نَاحِيَةَ الْمَقَابِرِ - قَالَ اَبُوْعَبْدِ اللّٰهِ وَسَعِيْدٌ الْمَقْبُرِىُّ هُوَ مَوْلٰى لِبَنِىْ لَيْثٍ

રાખવામાં આવ્યું કે એ કબ્રસ્તાનના કિનારે રહેઠાણ કરતા હતા. અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, સઈદ

وَهُوَ سَعِيْدُ بْنُ اَبِىْ سَعِيْدٍ وَاسْمُ اَبِىْ سَعِيْدٍ كَيْسَانُ

મકબુરી બની લયષના ગુલામ હતા. અને આ સઈદ બિન અબૂ સઈદ છે અને અબૂ સઈદનું નામ કેસાન છે."

સઈદ મકબુરીના પિતાનું નામ કેસાન હતું અને કુન્નિયત અબૂ સઈદ. એ મદીના તયબહમાં બની લયષ બિન અબૂબક્રની એક સ્ત્રીના ગુલામ હતા જેણે એમને બાદમાં મકાતિબ બનાવી આપ્યા હતા. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ તેમને કબરો ખોદવાના કામ પર લગાડી આપ્યા હતા એટલા માટે એમને મકબુરી કહેવા લાગ્યા. એનો મતલબ એ થયો કે મકબુરી એમના પિતાનો લકબ છે. અને ઈમામ બુખારીએ પોતાના ઉસ્તાદ ઈસ્માઈલ ઈબ્ને ઉવૈસથી જે નકલ કર્યું છે. એનો મતલબ એ થયો કે એ લકબ તેમના પુત્ર સઈદનો છે, તેમના પિતાનો નથી. બંનેમાં વિરોધાભાસ નથી થઈ શકતું, બંનેનો લકબ હોય, શક્ય છે અસલ લકબ બાપનો હોય કેમ કે તે કબરો ખોદયા કરતા હતા અને પછી પુત્રનો પણ પડી ગયો હોય.

بَابٌ اِذَا حَلَّلَهٗ مِنْ ظُلْمِهٖ فَلَا رُجُوْعَ فِيْهِ ص ٣٣١

"જ્યારે પોતાનો હક્ક માફ કરી આપ્યો તો પરત કરવાનો હક્ક નથી. –(૩૩૧)

حديث ١٣٩٣ اَنَا هِشَامُ بْنُ عُرْوَةَ عَنْ اَبِيْهِ عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا فِىْ هٰذِهِ الْاٰيَةِ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ નીચેની આયતના બારામાં ફર્માવ્યું, **[હદીષ : ૧૩૯૩]**

وَاِنِ امْرَاَةٌ خَافَتْ مِنْ بَعْلِهَا نُشُوْزًا اَوْ اِعْرَاضًا قَالَتِ الرَّجُلُ تَكُوْنُ عِنْدَ الْمَرْاَةِ لَيْسَ

જો કોઈ સ્ત્રી પોતાના પતિના જુલ્મ અથવા નિઃઆકર્ષણનો અંદેશો કરે એટલે કોઈ સ્ત્રી કોઈ પુરૂષ પાસે છે

بِمُسْتَكْثِرٍ مِنْهَا يُرِيْدُ اَنْ يُفَارِقَهَا فَتَقُوْلُ اَجْعَلُكَ مِنْ شَاْنِىْ فِىْ حِلٍّ فَنَزَلَتْ هٰذِهِ الْاٰيَةُ فِىْ ذٰلِكَ

પુરૂષ તેની પાસે ખૂબ જ ઓછો આવે જાય છે અને તેને છોડી આપવા ચાહે છે. તેના પર તે સ્ત્રી કહે છે, મેં મારો

હક્ક માફ કરી આપ્યો. એના પર આ આયત ઉતરી." (બુખારી ૨/૬૬૨ તફસીરે સૂરએ નિસાઅ)

હદીષ : ૧૩૯૩ની સમજૂતી ક્યારેક એવું પણ થાય છે કે સ્ત્રીની કડવી જીભ, કટુ સ્વભાવના કારણે પતિના દિલમાં તેનાથી નફરત પેદા થઈ જાય છે જેના પરિણામે તે સ્ત્રી પાસે આવવા જવાનું બંધ કરી દે છે અથવા ઓછુ કરી નાખે છે, તેને ભરણપોષણ નથી આપતો અને તેણીને તલાક આપી દેવા ચાહે છે. આ સંજોગોમાં સ્ત્રી પોતાના કુલ અથવા અમુક હક્કો છોડી દઈને સુલહ કરી લે તો એ બેહતર છે. એ જ વર્ણન થયેલ આયતનો પણ મતલબ છે.

بَابُ اِثْمِ مَنْ ظَلَمَ شَيْئًا مِّنَ الْاَرْضِ ص ۳۳۱

"જેણે નાહક્ક કાંઈપણ જમીન લીધી તેનો ગુનોહ –(૩૩૧)

حديث ١٣٩٤ اِنَّ عَبْدَ الرَّحْمٰنِ بْنَ عَمْرِو بْنِ سَهْلٍ اَخْبَرَهٗ اَنَّ سَعِيْدَ بْنَ زَيْدٍ رَّضِيَ اللّٰهُ

"હઝરત સઈદ બિન ઝૈદ رضی اللہ عنہ એ કહ્યું મેં રસૂલુલ્લાહ ﷺને એવું કહેતાં સાંભળ્યા, **[હદીષ : ૧૩૯૪]**

تَعَالٰى عَنْهُ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ مَنْ ظَلَمَ

જેણે નાહક્ક રજ માત્ર પણ જમીન લીધી એટલી જમીનના સાતેવ તબક્ા તેના ગળામાં તૌક્ (હાર, ફંદો)

مِنَ الْاَرْضِ شَيْئًا طُوِّقَهٗ مِنْ سَبْعِ اَرْضِيْنَ ـــه

બનાવીને પહેરાવી દેવામાં આવશે." (બુખારી ૧/૪૫૪ બદઉલ ખલ્ક, મુસ્લિમ–મસાક્ાત)

حديث ١٣٩٥ اَنَّ اَبَا سَلَمَةَ حَدَّثَهٗ اَنَّهٗ كَانَتْ بَيْنَهٗ وَبَيْنَ اُنَاسٍ خُصُوْمَةٌ فَذَكَرَ

"અબૂ સલમાએ હદીષ વર્ણવી કે તેમના અને અમુક લોકોના દરમ્યાન જમીનનો ઝઘડો **[હદીષ : ૧૩૯૫]**

لِعَائِشَةَ فَقَالَتْ يَا اَبَا سَلَمَةَ اجْتَنِبِ الْاَرْضَ فَاِنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

હતો તેનો હઝરત આઈશા رضی اللہ عنہا ને ઉલ્લેખ કરવામાં આવ્યો તો ફર્માવ્યું, ***હે અબૂ સલમા ! જમીનથી***

قَالَ مَنْ ظَلَمَ قِيْدَ شِبْرٍ مِّنَ الْاَرْضِ طُوِّقَهٗ مِنْ سَبْعِ اَرْضِيْنَ ـــه

બચ ! એટલા માટે કે નબી ﷺએ ફર્માવ્યું, જે કોઈની એક વેંત જમીન પણ નાહક્ક લેશે તેટલી જમીનના સાતેવ તબક્ા તેના ગળામાં તૌક્ (ફંદો) બનાવીને નાખવામાં આવશે."

(બુખારી ૧/૪૫૩ બદઉલ ખલ્ક, મુસ્લિમ મસાક્ાત)

જેમ કે જ્યારે ઉમ્મુલ મો'મિનીન હઝરત સૌદા رضی اللہ عنہا સન્ને અયાસ (૫૫ વર્ષ ઉપર) પર પહોંચી ગયાં અને તેમને એ અંદેશો થયો કે હુઝૂરે અક્દસ ﷺ તેમને જુદાં ન કરી દે, તો તેમણે દરખાસ્ત પેશ કરી કે મને પત્નીપણાથી અલગ ન કરશો, હું ચાહું છું કે ક્યામતના દિવસે હુઝૂરની પત્નીઓમાં સામેલ રહું. હું મારી વારી આઈશાને બખ્શી દઉં છું. હુઝૂરે અક્દસ ﷺએ એને મંઝૂર કરી લીધું. *(ઉમ્દતુલ ક્ારી ૧૨/૨૯૬, મુસ્લિમ અવ્વલ, અર્રિદ્અ)*

મસાઈલ : હુઝૂરે અક્દસ ﷺ પર અઝવાજે મુતહ્હરાત (પુનિત પત્નીઓ)ના દરમ્યાન વારી નિશ્ચિત કરવી વાજિબ ન હતું. હુઝૂર પોતાના અતિશય કરમથી વારી નિશ્ચિત કરતા હતા. જો કોઈ સ્ત્રી પોતાની વારી કોઈ શોક્યને આપી દે અથવા ભરણપોષણ ન ચાહે તો એમાં કોઈ વાંધો નથી એ શર્તે કે પતિ રાજી હોય. પણ બાદમાં એ તેનાથી રુજૂઅ કરી શકે છે (માગી શકે છે) રુજૂઅમાં પતિની રઝામંદી પણ શર્ત નથી.

હદીષ : ૧૨૯૪–૧૨૯૫–૧૨૯૬ની સમજૂતી હઝરત સઈદ બિન ઝયદ رضی اللہ عنہ ની હદીષનો પ્રારંભિક હિસ્સો એ છે કે ઉરવા બિન્તે અબી ઉવૈસે મરવાનને ત્યાં શિકાયત કરી હતી કે સઈદ બિન ઝયદે મારો

حديث ١٣٩٦ عَنْ سَالِمٍ عَنْ اَبِيْهِ قَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ اَخَذَ

''સાલિમ પોતાના પિતા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરે છે કે [હદીષ : ૧૩૯૬]

مِنَ الْاَرْضِ شَيْئًا بِغَيْرِ حَقِّهٖ خُسِفَ بِهٖ يَوْمَ الْقِيٰمَةِ اِلٰى سَبْعِ اَرَضِيْنَ ـه

નબી ﷺએ ફર્માવ્યું, જે શખ્સ કાંઈપણ જમીન નાહક્ક લેશે, સાતેવ જમીનો સુધી કયામતના દિવસે ધસાવી દેવામાં આવશે.'' (બુખારી, બદઉલ ખલ્ક)

હક્ક લઈ લીધો છે. એના પર હઝરત સઈદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું અને તેનો હક્ક લઈશ ?! હું ગવાહી આપુ છું કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે કે ફર્માવ્યું, **જે એક વેંત જમીન કોઈની લેશે તો કયામતના દિવસે એટલી જમીનના સાતેવ તબક્ક તેના ગળામાં તૌક (ફંદો) બનાવીને રાખી દેવામાં આવશે.** તેણે જેટલી જમીન પર દાવો કર્યો હતો હઝરત સઈદ બિન ઝયદે તેને છોડી આપી. અને એવી બદદુઆ ફર્માવી કે હે અલ્લાહ ! જો તેણી જૂઠી છે તો તેણીને ત્યાં સુધી મૌત ન આપતો જ્યાં સુધી તે આંધળી ન થઈ જાય અને તેની કબર એના જ કૂવામાં બનાવ ! રાવીએ ફર્માવ્યું કે તેણી આંધળી થઈને મરી અને તે પોતાના ઘરના કૂવામાં પડીને મરી. *(મુસ્લિમ, ૨/૩૩ મસાકાત)*

من ظلم : ઉલમાનો એમાં મતભેદ છે કે જમીન હડપ કરવું ષાબિત થશે કે નહીં. એનો મતલબ એ છે કે જો કોઈએ કોઈની જમીન પર ના હક્ક કબજો કરી લીધો અને જમીન પચાવી પાડવામાં આવી તો તાવાન છે કે નથી ? હઝરત ઈમામે આ'ઝમ તથા ઈમામ અબૂ યૂસુફનો કૌલ એ છે કે ગૈર મન્કલ જાયદાદ (એ વસ્તુઓ જે એક જગાએથી બીજે ન ખસેડી શકાય, જેમ કે જમીન, મકાન વગેરે સ્થાવર મિલ્કત) જમીન મકાનમાં ગસબ (હડપ કરવું)ના અર્થમાં વર્ણન થયેલ નથી. એટલા માટે કે કોઈના કબજાનું નિવારણ સ્થળાંતર કર્યા બાદ થશે, એટલા માટે જે ચીજ સ્થળાંતર નથી થઈ શક્તી એમાં ગસબ (પચાવી પાડવું) નથી. એટલે નષ્ટ થયા પછી તાવાન નથી. ઈમામ મુહમ્મદ અને હઝરત ઈમામ શાફઈ વગેરેએ ફર્માવ્યું કે જમીનમાં પણ પચાવી પાડવા પર નષ્ટ થયા પછી તાવાન છે. આ હઝરાતની દલીલ હદીષોનો જાહેરી શબ્દ છે જે અમુક રિવાયતોમાં આવેલો છે કે ફર્માવ્યું **من غصب** અમારું એ કહેવું છે કે સિહાહની રિવાયતોમાં ''ઉખૈઝ ઝુલ્મન'' છે. તદ્ઉપરાંત એ હદીષોમાં આખેરતના અઝાબનો ઉલ્લેખ કર્યો. મોકાનો તકાઝો એ હતો કે દુનિયવી સજા પણ વર્ણવતા, એટલા માટે કે અમ્ન (શાંતિ) સ્થાપવામાં દુનિયવી સજા અધિક અસરકારક છે. અને માગણી છતાં કોઈ ચીજ ન વર્ણવવું એ એના શરીઅતમાં હુકમ ન હોવાની દલીલ છે. એટલા માટે જે રિવાયતોમાં **من غصب** આવ્યું છે એમાં ગસબથી શાબ્દિક અર્થ મુરાદ છે.

طُوِّقَهٗ : સહીહ એ જ છે કે એ પોતાના હકીકી અર્થ પર છે અને ખરેખર એવું જ છે. **નાહક્ક જમીન લેનારાઓની ગરદનોમાં જમીનના સાતેવ તબક્ક નાખી દેવામાં આવશે અને તેમની ગરદનો લાંબી કરી દેવામાં આવશે, જેવી રીતે ઝકાત ન આપનારાઓનાં શરીર જરૂરત પ્રમાણે મોટાં કરી દેવામાં આવશે, અને જેવી રીતે કાફિરોની એક દાઢને ઓહદના જેટલી કરી દેવામાં આવશે.** એનું સમર્થન તિબરીની તહઝીબની એક રિવાયતથી થાય છે કે ફર્માવ્યું, જે શખ્સ એક વેંત જમીન નાહક્ક લેશે તો કયામતના દિવસે અલ્લાહ عزوجل તેને તકલીફ આપશે કે **સાતેવ જમીન સુધી ખોદે અને પછી એનો તૌક પહેરે ત્યાં સુધી કે બંદાઓ વચ્ચે ફૈસલો થઈ જશે.** એક રિવાયતમાં સ્પષ્ટતા છે કે **એને હુકમ થશે કે એ જ હાલતમાં મેહશરના મેદાનમાં જાય.** *(ઉમ્દતુલ કારી, ૧૨/૨૯૮)*

من سبع ارضين : આ હદીષ એના માટે ઉઘાડી દલીલ છે કે જમીન પણ સાત છે જેમ કે આસ્માન છે. કુર્આને કરીમે ફર્માવ્યું, **اَللّٰهُ الَّذِیْ خَلَقَ سَبْعَ سَمٰوٰتٍ وَّمِنَ الْاَرْضِ مِثْلَهُنَّ** "અલ્લાહ તે જ છે જેણે સાત આસ્માન બનાવ્યાં અને એના બરાબર જમીન." *(અત્તલાક્, આ. ૧૨)*

જમીનના સાતેવ તબક્ા ચિપકેલા છે અથવા એમનામાં એકબીજામાં અંતર છે. બંનેવ ક્ૌલ છે : **والعلم عندالله تعالى**

خُسِفَ بِهٖ : જાહેર એ છે કે એ પણ પોતાના હક્ીક્ી અર્થ પર છે. એના બે ખુલાસા છે, ક્યાં તો એ જ પહેલાવાળી કે એને કહેવામાં આવશે કે સાતેવ તબક્ સુધી જમીનને ખોદ. એને **خُسِفَ بِهٖ** થી તાબીર (અર્થઘટન) કરવામાં આવ્યું છે. **પછી તેના પછી તે સાતેવ તબક્ તેના ગળામાં નાખી દેવામાં આવશે.** અથવા એ કે આ બંનેવ સજાઓ અલગ અલગ વિવિધ હૈસિયતના જુર્મ પ્રમાણે વિવિધ વ્યક્તિઓને આપવામાં આવશે.

આ હદીષથી સાબિત થયું કે **જે શખ્સ જમીનની સપાટીનો માલિક થઈ ગયો તે તહતુષ્રા (પાતાળ) સુધી સાતેવ જમીનો અને આસ્માન સુધીના પૂરા વાતાવરણનો માલિક થઈ ગયો. જમીનની નીચે જે ચાહે હેરફેર કરે એ જ પ્રમાણે ઉપર જેટલી ઊંચી ચાહે ઈમારત બનાવે.** બલ્કે અમુક આલિમોએ લખ્યું છે કે **જમીનની અંદર જો કોઈ ખાણ કે ખજાનો દફન થયેલો મળે તે પણ એની મિલ્કત છે.**

عَنْ سَالِمٍ عَنْ اَبِیْهِ قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ مَنْ اَخَذَ

"અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, આ હદીષ ઈબ્ને મુબારકના ખુરાસાનની કિતાબોમાં નથી.

مِنَ الْاَرْضِ شَیْئًا بِغَیْرِ حَقِّهٖ خُسِفَ بِهٖ یَوْمَ الْقِیٰمَةِ اِلٰی سَبْعِ اَرْضِیْنَ ـه

આ હદીષ શાગિર્દોને બસરામાં લખાવી છે."

અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, આ હદીષ ઈબ્ને મુબારકના ખુરાસાનની કિતાબોમાં નથી. આ હદીષ શાગિર્દોને બસરામાં લખાવી છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક ખુરાસાનમાં રહેતા હતા. અધિક્તર હદીષો ખુરાસાનમાં જ વર્ણવી છે. અને એ જ એમની કિતાબો મશહૂર છે એ કિતાબોમાં આ હદીષ નથી. એનાથી કોઈને શંકા થઈ શક્તી હતી કે આ હદીષની નિસ્બત હઝરત અબ્દુલ્લાહ બિન મુબારકની તરફ સહીહ નથી, એના નિવારણના માટે હઝરત ઈમામ બુખારીએ એવું ફર્માવ્યું કે તેમણે આ હદીષ બસરામાં લખાવી હતી.

بَابٌ إِذَا أَذِنَ إِنْسَانٌ لِآخَرَ شَيْئًا جَازَ ص ٣٣٢

"જ્યારે માણસ બીજાના માટે ઈજાઝત આપી દે તો જાઈઝ" –(૩૩૨)

હદીષ ૧૩૯૭ عَنْ جَبَلَةَ قَالَ كُنَّا بِالْمَدِينَةِ فِي بَعْضِ أَهْلِ الْعِرَاقِ فَأَصَابَتْنَا سَنَةٌ فَكَانَ

"જબલાએ કહ્યું કે અમે મદીનામાં કેટલાક ઈરાક઼વાળાઓમાં હતા. સંજોગોવસાત દુકાળ **[હદીષ : ૧૩૯૭]**

ابْنُ الزُّبَيْرِ يَرْزُقُنَا التَّمْرَ فَكَانَ ابْنُ عُمَرَ يَمُرُّ بِنَا فَيَقُولُ إِنَّ رَسُولَ اللهِ صَلَّى اللهُ

પડયો. અને ઈબ્ને ઝુબૈર અમને ખજૂર ખાવા માટે આપતા હતા. ઈબ્ને ઉમર અમારી પાસેથી પસાર થતા તો

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنِ الْإِقْرَانِ إِلَّا أَنْ يَسْتَأْذِنَ الرَّجُلُ مِنْكُمْ أَخَاهُ ـه

ફર્માવતા કે રસૂલુલ્લાહ ﷺએ ખજૂરોને મિલાવીને ખાવાથી મના ફર્માવ્યું છે, પણ એ કે સાથી પોતાના ભાઈને ઈજાઝત આપી દે." (બુખારી ૧/૩૩૮ અશ્શિરકા બાબુલ ક़िરાન ફિત્તમર, ૨/૮૧૯ અલ્ઈત્અમહ, મુસ્લિમ–ઈત્અમહ, અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ : અલ્ઈત્અમહ, મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ ૨/૭)

بَابُ قَوْلِ اللهِ وَهُوَ أَلَدُّ الْخِصَامِ ص ٣٣٢

"અલ્લાહ તઆલાના આ ઈર્શાદના બયાનમાં –(૩૩૨)

હદીષ ૧૩૯૮ عَنِ ابْنِ أَبِي مُلَيْكَةَ عَنْ عَائِشَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે **[હદીષ : ૧૩૯૮]**

હદીષ : ૧૩૯૭ની સમજૂતી જ્યારે અમુક માણસો બેસીને ખાવા ખાય રહ્યા હોય તો સખત અયબદાર અને નાપસંદીદા છે કે જો કોઈ ખાસ ચીજ સૌના ખાવા માટે આવી હોય તો કોઈ શખ્સ વધુ માત્રામાં ખાય. એની એક સ્થિતિ આ છે, દા.ત. ખજૂરો છે તેને સૌ એક એક ખાય રહ્યા હોય અને કોઈ શખ્સ બે કે બેથી વધુ ખાય રહ્યો છે એ ખાનારની લાલચ તથા દિલની તંગી (સંકૂચિતપણુ), નીચતાની સાથોસાથ અન્ય શરીકોને તકલીફ પહોંચાડવું છે, એટલા માટે હદીષમાં એનાથી મનાઈ ફર્માવવામાં આવી. અને અહીં આ હદીષમાં ખાસ કારણ એ હતું કે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરે એ ખજૂરો સૌ શરીકોના માટે મોકલી હતી કેવળ ખાવાના માટે અને માલિકી હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરની હતી. બીજાની માલિકીની ચીજમાં પોતાની મરજી મુજબ વર્તવું સખ્ત અયબદાર ચીજ છે. તેમણે એ હેતુથી મોકલ્યું હતું કે તેને સર્વ લોકો જરૂરત પ્રમાણે તથા હિસ્સા અનુસાર ખાય, એટલા માટે ન મોકલ્યું હતું કે એક જ માણસ ડબલ ખાય જાય. હા ! જો ખાવા પોતાની માલિકીનું હોય તો ઈખ્તિયાર છે કે માણસ જે રીતે ચાહે ખાય.

હદીષ : ૧૩૯૮ની સમજૂતી સૂરએ બક़રહમાં ફર્માવવામાં આવ્યું :

وَمِنَ النَّاسِ مَنْ يُّعْجِبُكَ قَوْلُهٗ فِى الْحَيٰوةِ الدُّنْيَا وَيُشْهِدُ اللّٰهَ عَلٰى مَا فِىْ قَلْبِهٖ وَهُوَ اَلَدُّ الْخِصَامِ "અને અમુક માણસો તે છે જેની દુનિયાની જિંદગીમાં વાત તને ભલી લાગે અને પોતાના દિલની વાત પર અલ્લાહને ગવાહ લાવે, જ્યારે તે સૌથી મોટો ઝઘડાળુ છે."

قَالَ اِنَّ اَبْغَضَ الرِّجَالِ اِلَى اللّٰهِ الْاَلَدُّ الْخَصِمُ ؕ

ફર્માવ્યું, અલ્લાહ તઆલાને સૌથી વધુ નાપસંદ સખત ઝઘડાળુ છે."

(બુખારી ૨/૬૪૯ તફ્સીરે સૂ. બકરહ, ૨/૧૦૬૬ અહકામ, મુસ્લિમ–ઈલ્મ, તિર્મિઝી–તફ્સીર, નિસાઈ–કઝા, મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૬/૬૩)

بَابُ اِثْمِ مَنْ خَاصَمَ فِىْ بَاطِلٍ وَهُوَ يَعْلَمُهٗ صـ۳۳

"જાણીબુઝીને નાહક્ક ઝઘડો કરનારનો ગુનોહ" –(૩૩૨)

حديث ૧૩૯૯ ثَنِىْ عُرْوَةُ بْنُ الزُّبَيْرِ اَنَّ زَيْنَبَ بِنْتَ اُمِّ سَلَمَةَ اَخْبَرَتْهُ اَنَّ اُمَّهَا اُمَّ سَلَمَةَ

"ઝયનબ બિન્તે ઉમ્મે સલમાએ ખબર આપી કે તેમનાં વાલિદા હઝરત ઉમ્મે સલમાને **[હદીષ : ૧૩૯૯]**

زَوْجَ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَخْبَرَتْهَا عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

નબી ﷺનાં રફીક઼ાએ હયાતે ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺએ તેમને બતાવ્યું કે એકવાર હુઝૂરે પોતાના

اَنَّهٗ سَمِعَ خُصُوْمَةً بِبَابِ حُجْرَتِهٖ فَخَرَجَ اِلَيْهِمْ فَقَالَ اِنَّمَا اَنَا بَشَرٌ وَّاِنَّهٗ يَاْتِيْنِى الْخَصْمُ

ઓરડાના દરવાજા પર ઝઘડો સાંભળ્યો તો ઝઘડનારા પાસે તશરીફ લઈ ગયા અને ફર્માવ્યું, છેવટે તો હું

فَلَعَلَّ بَعْضَكُمْ اَنْ يَّكُوْنَ اَبْلَغَ مِنْ بَعْضٍ فَاَحْسِبُ اَنَّهٗ قَدْ صَدَقَ وَاَقْضِىْ لَهٗ بِذٰلِكَ

ઈન્સાન જ છું અને મારી પાસે ઝઘડનારા આવે છે, તમારામાંથી કેટલાક લોકો બીજાની સરખામણીએ અધિક

એક ક઼ૌલના પ્રમાણે આ આયતે કરીમા અને એના પછીની ત્રણ આયતો અખ્નસ બિન શરીક઼ ષક઼ફીના બારામાં નાઝિલ થઈ છે. અન્ય પણ કથનો (અક઼્વાલ) છે, અહીં આ મઅહૂદ ફિઝ્ઝહન (વાત કરનાર અથવા જેને સંબોધન હોય એના ઝહનમાં જે નિશ્ચિત હોય તે) ખયાલમાં રાખવી જરૂરી છે કે એનાથી મુરાદ અખ્નસ જેવા બદબાતિન મુરાદ મુનાફિક઼ મુરાદ છે અથવા પછી એવું ખાસ કરવું જરૂરી છે કે મુસલમાનોમાં સૌથી અધિક ઝઘડાળુ, બુરાઈ પસંદ કરનાર છે અથવા એ કે અતિશયોક્તિરૂપે થપકાના માટે આવું ફર્માવી આપ્યું છે.

હદીષ : ૧૩૯૯ની સમજૂતી

انما انا بشر : નો ફાયદો એ છે કે હું બશરની હિદાયતના માટે અલ્લાહની હિકમતથી બશરના રૂપમાં દુનિયામાં તશરીફ લાવ્યો છું જેથી લોકો મારું અનુસરણ કરે. એટલા માટે હું ઝઘડો કરવાવાળાનાં બયાનો અને દાવેદારની સાબિતીઓ વગેરે પરથી જે હક્ક જણાય છે તે કરું છું અને મારા બાતિની (આંત્રિક) ઈલ્મના પ્રમાણે ફૈસલા નથી કરતો. કેમ કે મારી ઉમ્મતના સર્વ ક઼ાઝીઓ ન બાતિની ઈલ્મ ધરાવશે અને ન તેમનો બાતિની ઈલ્મ શરઈ તૌર પર દલીલ ઠરશે. એટલા માટે તેઓ જાહેરી સાબિતી પર ફૈસલા કરશે. અને બે પક્ષો એ ફૈસલાને માનવા માટે મજબૂર છે. હવે જો હું બાતિની ઈલ્મના પ્રમાણે જાહેરી બયાનો તથા સાબિતીઓના વિરૂદ્ધ ફૈસલો આપું તો શક્ય છે કે એ ખુદાથી ન ડરનારા ક઼ાઝીઓને જુલ્મ તથા જોર અને હક્ક વિરૂદ્ધ ફૈસલા આપવાના માટે બહાનુ હાથ લાગી જાય, એટલા માટે હું બશરની હૈસિયતથી જાહેરી સબૂત તથા બયાન પર ફૈસલો આપુ છું.

فَمَنْ قَضَيْتُ لَهُ بِحَقِّ مُسْلِمٍ فَإِنَّمَا هِيَ قِطْعَةٌ مِنَ النَّارِ فَلْيَأْخُذْهَا أَوْ فَلْيَتْرُكْهَا ـه

પોતાના મંતવ્યને ખૂબ સારી રીતે રજૂ કરનાર હોય છે. હું ગુમાન કરી લઉં છું કે તેણે સાચુ કહ્યું અને એના હક્ક઼માં ફૈંસલો કરી આપું છું. જેના માટે કોઈ મુસલમાનના હક્ક઼નો ફૈંસલો કરી દઉં તો એ આગનો ટુકડો છે તો હવે ચાહે તો લે અથવા છોડી આપે."

(બુખારી, ૧/૩૬૮ શહાદાત, ૨/૧૦૦૩ અલ્હીયલ, ૨/૧૦૬૨, ૧૦૬૪ અલ્અહકામ, ૨/૧૦૬૫ અલ્ક઼ઝા, મુસ્લિમ–ક઼ઝા, અબૂ દાઊદ–અહકામ)

ابلغ : એટલે કે તે પોતાના ખયાલોને ખૂબસૂરતીની સાથે યોગ્ય શબ્દ પ્રયોગ તથા તરકીબની સાથે, અને દલીલના અંશોને હૃદયાકર્ષક ક્રમાનુસાર સાથે બયાન કરી આપે છે જેથી તેની વાત સાચી જણાય છે. બુખારીની અન્ય રિવાયતોમાં આ પ્રમાણે છે :–

ولعل بعضكم الحن بحجته من بعض فمن قضيت له بحق اخيه شيئا فانمااقطع له قطعة من النار "અને શક્ય છે કે તમારામાંના અમુક પોતાની દલીલ ઉમદાપણા સાથે સમજાવનાર હોય તો હું તેના પ્રમાણે તેના ભાઈના હક્ક઼માં ફૈંસલો કરું, એવી સ્થિતિમાં એના માટે આગના ટુકડાનો ફૈંસલો કરું છું."

આ રિવાયતમાં **اَبْلَغَ** ને બદલે **اَلْحَنَ** છે. **لحن، سمع يسمع**થી સમજદાર હોવાના અર્થમાં આવે છે. એ જ પ્રમાણે **لَحِنٌ** હોશિયાર, સમજદારના અર્થમાં આવે છે. **لحنٌ** સમજના અર્થમાં.

મસાઈલ : ઉલમાનો એમાં મતભેદ છે કે ક઼ાઝીની ક઼ઝા એટલે એનો ફૈંસલો કેવળ જાહેરમાં લાગુ થાય છે કે બાતિનમાં પણ. ઈમામ અબૂ યુસૂફ઼ે ફર્માવ્યું, બાતિનમાં લાગુ નથી કેવળ જાહેરમાં લાગુ છે. હવે જો કોઈએ જૂઠો દાવો કરીને બનાવટી સાબિતીઓ રજૂ કરીને પોતાના ફેવરમાં ફૈંસલો કરાવી લીધો તો પણ તે ચીજ તેની માલિકીની નથી. પણ ઈમામે આ'ઝમ તથા ઈમામ મુહમ્મદની દૃષ્ટિએ અહીં તફસીલ છે. માલોમાં એ જ હુકમ છે કે બાતિનમાં લાગુ નથી, પરંતું નિકાહ, તલાક઼માં બાતિનમાં પણ લાગુ છે. (બાતિની ઈલ્મ હેઠળ લાગુ કરી શકાય)

اقول وهوالمستعان : આ તે મસાઈલમાંથી છે જેની ગલત રીતે રજૂઆત કરીને મુસલમાનોમાં લડાઈ, ઝઘડા, ફસાદ ફેલાવવાની પૂરાણી આદતવાળા ગૈર મુક઼લ્લિદો, હનફીઓ (અહનાફ઼)ને બદનામ કરે છે, એટલા માટે એની થોડી સ્પષ્ટતા કરવી જરૂરી છે.

એને એક દૃષ્ટાંતથી સમજો. ઝયદે હિંદા પર દાવો કર્યો કે આ મારી પત્ની છે, જ્યારે કે એ બંનેવમાં નિકાહ કદી નથી થયો. ઝયદે ગવાહો થકી સાબિત કરી આપ્યું કે નિકાહ થયો છે. ક઼ાઝીએ ફૈંસલો કરી આપ્યો કે હિંદા ઝયદની પત્ની છે. જો હવે આ ફૈંસલાને બાતિની તૌર પર લાગુ ન માને તો હિંદા પર ફર્ઝ છે કે ઝયદથી અલગ રહે, પણ તેણી કોઈ અન્ય સાથે નિકાહ નથી કરી શક્તી, ઝયદ વિધ્ન થશે. અને જો હિંદા કોઈ અન્ય સાથે નિકાહ કરીને તેની સાથે સંભોગ કરે તો ઝયદ તેના પર ઝિનાનો આરોપ લગાડીને સંગસાર પણ કરાવી શકે છે. અને આખા કિસ્સામાં હિંદાનો કોઈ વાંક પણ નથી, અને સજા એટલી સખ્ત કે તેની જિંદગી બર્બાદ થઈ રહી છે. આ નિર્દોષ મઝલૂમાની જિંદગીને તબાહી તથા બર્બાદીથી બચાવવાના માટે તે ક઼ઝા (ફૈંસલા)ને બાતિની રીતે પણ લાગુ માની અને ક઼ાઝીના ફૈંસલાને (નિકાહના બંધારણ)ના સ્થાને રાખ્યો જેમ કે નિકાહના બંધારણ બાદ અજનબી પુરૂષ તથા સ્ત્રી પતિ પત્ની થઈ જાય છે એ જ પ્રમાણે ક઼ાઝીના ફૈંસલા પછી પણ પતિ પત્ની થઈ ગયાં.

ગૈર મુકલ્લિદોને એની સાથે કોઈ લેવા દેવા નથી કે કોઈની જિંદગી બર્બાદ થઈ રહી છે, તે પણ વિના વાકે !

بَابُ تِقَاصِ الْمَظْلُومِ إِذَا وَجَدَ مَالَ ظَالِمِهِ ص٣٣٢

"જાલિમનો માલ જો મળી જાય તો મઝલૂમ પોતાનો બદલો લઈ શકે છે." –(૩૩૨)

ت ٤٧٠ وَقَالَ ابْنُ سِيرِينَ يُقَاصُّهُ وَقَرَءَ وَإِنْ عَاقَبْتُمْ فَعَاقِبُوا بِمِثْلِ مَا عُوقِبْتُمْ بِهِ-

"ઈબ્ને સીરીને કહ્યું, એનાથી બદલો વસૂલ કરી લે, અને સબૂતમાં આ આયત **[તઅલીક़ : ૪૭૦]**

તિલાવત ફર્માવી : જો કોઈને જુલ્મની સજા આપો તો એટલી જ જેટલી તમને તકલીફ આપવામાં આવી હોય."

حديث ١٤٠٠ عَنْ أَبِي الْخَيْرِ عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ قُلْنَا

"હઝરત ઉક़્બા બિન આમિર رضی اللہ عنہ થી રિવાયત છે કે અમે નબી ﷺ ની **[હદીષ : ૧૪૦૦]**

لِلنَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ إِنَّكَ تَبْعَثُنَا فَنَنْزِلُ بِقَوْمٍ لَا يَقْرُونَنَا فَمَا تَرَى فِيهِ

ખિદમતમાં અર્ઝ કરી, હુઝૂર અમને મોકલ્યા કરો છો, ક્યારેક અમે એવા લોકો પાસે ઉતરીએ છીએ જેઓ

તેમને ફસાદ ફેલાવવા તથા હનફીઓને ગલત તરીક़ાથી બદનામ કરવાથી જ કામ છે. નિકાહના જેમ તલાક़માં પણ આ જ પ્રકારની મુશ્કેલી છે.

આ મસ્અલાની શાખ એ પણ છે કે બયાન તથા સાબિતીની વિરૂદ્ધ પોતાના ઈલ્મના પ્રમાણે ક़ાઝીને ફૈસલો કરવાની ઈજાઝત છે કે નથી ? એમાં ઘણી તફસીલ છે એટલા માટે એને મુલ્તવી રાખીએ છીએ.

ઈમામ બુખારીએ આગળ કિતાબુશ્શહાદતમાં આ જ હદીષ પર આ પ્રકરણ રચ્યું છે : **من اقام البينة بعد اليمين** જેણે **યમીન** (ક़સમ) પછી **બૈયિનહ** (સુબૂત) પેશ કર્યું. આદત પ્રમાણે ઈમામ બુખારીએ કોઈ હુકમ વર્ણવ્યો નથી. જમહૂરનો મઝહબ એ છે કે તે **બૈયિનહ** મક़બૂલ (સબૂત સ્વીકાર્ય) છે અને એના પ્રમાણે ક़ાઝી પોતાના ફૈસલાને તબદીલ કરે. અને હદીષથી પણ આ જ જણાય છે.

કેમ કે હદીષથી એ સ્પષ્ટતાથી સાબિત છે કે જૂઠી ક़સમ હક્ક़વાળાના હક્ક़ને સાક़િત નથી કરતી (ઉઠાવી નથી લેતી), બલ્કે જૂઠી ક़સમ પર ફૈસલા પછી તેને લેવાથી મના ફર્માવ્યું. એનો સાર એ થયો કે જૂઠી ક़સમના પછી પણ એ જ સ્થિતિ રહી જે જૂઠી ક़સમ પહેલાં હતી. એટલા માટે જેવી ક़સમ પહેલાં **બૈયિનહ** (સુબૂત) રજૂ થઈ શકે છે એવી રીતે જૂઠી ક़સમ પછી પણ. એને સૈયદના ફારૂક़ે આ'ઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યું, **البينة العادلة خير من اليمين الفاجرة** "હક़ીક़તના પ્રમાણે બૈયિનહ જૂઠી ક़સમ કરતાં બેહતર છે."

તઅલીક़ : ૪૭૦ની સમજૂતી આ તઅલીક़ને ઈમામ અબ્દુલ્લાહ બિન હુમૈદે પોતાની તફસીરમાં વર્ણવેલ છે. એના બારામાં ઉલમાનાં વિવિધ કથનો છે. મૂળ મઝહબ એ છે કે જો મઝલૂમ ઠીક તે જ પોતાનો માલ પામે અથવા તે જાતિનો પામે તો લઈ શકે છે. બલ્કે જમાનાની હાલતને જોતાં હવે એની પણ ઈજાઝત છે, એના માલની જાતિમાંથી ન હોય તો પણ તેની માત્રા જેટલો લઈ શકે છે.

હદીષ : ૧૪૦૦ની સમજૂતી બળજબરી મહેમાનદારી એ યુગમાં ખાસ હતી, હવે જાઈઝ નથી. એના પર વિગત ચર્ચા થઈ ચૂકી છે. પ્રકરણ **فخذوا مِنْهُمْ حَقَّ الضَّيْف** થી સાબિત છે.

فَقَالَ لَنَا اِنْ نَّزَلْتُمْ بِقَوْمٍ فَاُمِرَ لَكُمْ بِمَا يَنْبَغِيْ لِلضَّيْفِ فَاقْبَلُوْا فَاِنْ

અમારી મહેમાનદારી નથી કરતા. એવા સંજોગોમાં અમને શો હુકમ આપો છો ? તો અમને ફર્માવ્યું, તમે જ્યારે

لَّمْ يَفْعَلُوْا فَخُذُوْا مِنْهُمْ حَقَّ الضَّيْفِ. ؕ

કોઈ કૌમ પર ઉતરો અને તેઓ તમારી સાથે આવો વર્તાવ કરે જે મહેમાનના લાયક છે તો કબૂલ કરી લો અને જો એવું ન કરે તો તેમનાથી મહેમાનનો હક્ક વસૂલ કરી લો."

(બુખારી ૨/૯૦૬, અલ્અદબ, મુસ્લિમ–અલ્લુકતા, અબૂ દાઉદ–અલ્ઈત્અમહ, તિર્મિઝી–અસ્સિયર, ઈબ્ને માજહ–અલ્અદબ)

بَابٌ لَا يَمْنَعُ جَارٌ جَارَةَ اَنْ يَغْرِزَ خَشَبَةً فِيْ جِدَارِهٖ

"એક પડોસી પોતાના પડોસીને પોતાની દીવાલમાં ખૂંટી ખોસવાથી મના ન કરે." –(૩૩૩)

حديث ١٤٠١ عَنِ الْاَعْرَجِ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કોઈ **[હદીષ : ૧૪૦૧]**

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَمْنَعُ جَارٌ جَارَهٗ اَنْ يَّغْرِزَ خَشَبَهٗ

પડોસી કોઈ પડોસીને પોતાની દીવાલમાં લાકડી ખોસવાથી મના ન કરે. ત્યારબાદ અબૂ હુરૈરહ કહે છે,

فِيْ جِدَارِهٖ ثُمَّ يَقُوْلُ اَبُوْ هُرَيْرَةَ مَالِيْ اَرَاكُمْ عَنْهَا مُعْرِضِيْنَ وَاللّٰهِ لَاَرْمِيَنَّ

હું તમને લોકોને એનાથી મોઢું ફેરવતા જોઈ રહ્યો છું. બખુદા ! હું આ હદીષને તમારી સમક્ષ

بِهَا بَيْنَ اَكْتَافِكُمْ ؕ

એલાનિયા બયાન કરતો રહીશ."

(અબૂ દાઉદ–કઝા, તિર્મિઝી–અહકામ, ઈબ્ને માજહ, મોઅત્તા–અકદિયહ, મુસ્નદે ઈમામ–અહમદ, ૨/૨૪૦)

હદીષ : ૧૪૦૧ની સમજૂતી

જમહૂરની નજીક આ હુકમ મુસ્તહબ હોવાના માટે છે અને મનાઈ તન્ઝીહીના સ્થાને ગણાશે. નહીં તો સહીહ હદીષોના સ્પષ્ટ અહકામથી વિરૂદ્ધ છે. આ પડોસીની સાથે સદ્વર્તાવ અને ઉચ્ચ અખ્લાકની તાલીમના માટે ફર્માવ્યું. જેમ કે ફર્માવવામાં આવ્યું, مازال جبرئيل يوصيني بالجار حتى ظننت انه سير رشه **જિબ્રઈલ પડોશીના બારામાં મને વસિયત કરતા રહ્યા, ત્યાં સુધી કે મેં ગુમાન કર્યું કે તે પડોસીને વારસદાર બનાવી આપશે.** તથા ماامن من نام شبعان وجاره طاد **તે ઈમાન નથી લાવ્યો જે પેટ ભરીને સૂએ અને તેનો પડોસી ભૂખ્યો હોય.**

بَابُ صَبِّ الْخَمْرِ فِي الطَّرِيقِ ص ٣٣٥

"રસ્તામાં શરાબ વહાવવી" –(૩૩૫)

حديث ١٤٠٢ حَدَّثَنَا ثَابِتٌ عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كُنْتُ سَاقِيَ الْقَوْمِ

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું અબૂ તલ્હાના ઘરે ક઼ૌમનો સાક઼ી (શરાબ પીવડાવનાર) **[હદીષ : ૧૪૦૨]**

فِي مَنْزِلِ اَبِي طَلْحَةَ وَكَانَ خَمْرُهُمْ يَوْمَئِذٍ الْفَضِيخَ فَاَمَرَ رَسُولُ اللّٰهِ

હતો. તે દિવસે તેમની શરાબ ફ઼ઝીખ હતી. એવામાં રસૂલુલ્લાહ ﷺ એ એક મુનાદી (પોકારનાર)ને હુકમ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مُنَادِيًا يُنَادِي اَلَا اِنَّ الْخَمْرَ قَدْ حُرِّمَتْ فَقَالَ

આપ્યો કે તે એવું એલાન કરી આપે, સાંભળો ! બેશક ! શરાબ હરામ કરી દેવામાં આવી. એના પર અબૂ

لِي اَبُوطَلْحَةَ اُخْرُجْ فَاَهْرِقْهَا فَخَرَجْتُ فَهَرَقْتُهَا قَالَ فَجَرَتْ فِي سِكَكِ الْمَدِينَةِ

તલ્હાએ મને કહ્યું, બહાર નીકળીને શરાબને વહાવી આપ ! મેં બહાર નીકળીને શરાબને વહાવી આપી. અને

فَقَالَ بَعْضُ الْقَوْمِ قَدْ قُتِلَ قَوْمٌ وَّهِيَ فِي بُطُونِهِمْ فَاَنْزَلَ اللّٰهُ لَيْسَ عَلَى الَّذِينَ

તે મદીનાની ગલીઓમાં વહેવા લાગી. કેટલાક લોકોએ કહ્યું કે કેટલાક લોકો એ હાલમાં ઈન્તેકાલ કરી ગયા છે

اٰمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ جُنَاحٌ فِيمَا طَعِمُوا - الْاٰيَةَ

કે એમનાં પેટોમાં શરાબ હતી. એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ : એ લોકો પર જેઓ ઈમાન લાવ્યા અને નેક અમલ કર્યા, પોતાની ખાધેલી ચીજોમાં કોઈ ગુનોહ નથી."

(બુખારી ૨/૬૬૪ તફ઼સીર સૂરએ માએદા, ૨/૮૩૬ અશ્રેબહ, બે તરીક઼ાથી ૨/૮૪૧ ખિદમતુસ્સગારિલ કેબાર, ૨/૧૦૭૭ અખ્બારુલ આહાદ, મુસ્લિમ, અબૂ દાઉદ–અશ્રેબહ)

હદીષ : ૧૪૦૨ની સમજૂતી

અબૂ તલ્હા એ હઝરત અનસનાં માતા હઝરત ઉમ્મે સુલૈમના પતિ હતા. તેમનું નામ ઝયદ બિન સહલ અન્સારી છે એ બયઅતે ઉક઼બામાં હાજર હતા. અને નુકબામાંથી એક હતા. બદર, ઓહદ વગેરે સર્વ જંગોમાં શરીક રહ્યા. હુઝૂરે અક઼દસ ﷺ પછી ચાલીસ વરસ જીવતા રહ્યા. હઝરત અનસે બતાવ્યું કે એ દરિયાઈ લશ્કરની સાથે જેહાદમાં હતા એવામાં વિસાલ થઈ ગયો. સાત દિવસ સુધી કોઈ ટાપુ ન મળ્યો કે તેમને દફ઼ન કરવામાં આવે. સાત દિવસ સુધી જનાઝો આમ જ રહ્યો પણ તેમાં કોઈ ફેરફાર કે ખરાબી ન થઈ. **સાત દિવસ બાદ જ્યારે ટાપુ મળ્યો તો ત્યાં દફ઼ન કરવામાં આવ્યા.** એ મજલિસમાં અગ્રેસર સહાબામાંથી હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ, હઝરત ઉબય બિન કઅબ, હઝરત અબૂ અૈયૂબ, હઝરત મઆઝ બિન જબલ, હઝરત અબૂ દજાના, હઝરત અબૂ સહલ બિન બયઝા رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِينَ પણ હતા અને ઘરના અન્ય સભ્યો હતા.

وكان خمرهم : **خمرٌ**નો શાબ્દિક અર્થ છુપાવવું છે, એનાથી **خمار** (ખેમાર) ઓઢણી તથા દુપટ્ટાના અર્થમાં આવે છે. આમ બોલીમાં **خمر**નો અર્થ દરેક નશાકારક પીણુ થાય છે અને આપણા હનફી ફ઼ક़ીહોની નજીક **خمر** (ખમર) કેવળ તે નશાકારક પીણાને કહે છે કે દ્રાક્ષના કાચા **રસને** આમ જ છોડી દેવામાં આવે છે ત્યાં સુધી કે એમાં નશો આવી જાય. **આ ઉમ્મતના ઈજમાઅથી ક़તઈ હરામ છે. એનું ટીપેટીપુ પેશાબની જેમ નાપાક તથા હરામ છે.**

فَضِيْخَ_فَضْخનો અર્થ પાણી છલકાવું છે. **فضيخ**એ શરાબને કહે છે જે અધપાકી ખજૂર થકી એ રીતે તૈયાર કરવામાં આવે કે તે આગ ન જુએ. ખજૂરને પાણીમાં બોળીને છોડી આપે ત્યાં સુધી કે નશો આવી જાય.

منادیاینادی : બીજી રિવાયતોમાં એ છે કે એક સાહબે આવીને જણાવ્યું કે મુનાદી એવું પોકારી રહ્યો છે કે શરાબ નાપાક છે અને રસ્તાઓને વિના જરૂરત તથા મજબૂરી નાપાક કરવા મના છે. આજે એની ઈજાઝત નથી પણ તે ઈસ્લામના શરૂની વાત હતી, તેમજ એમાં શરાબની હુર્મત (હરામ હોવા)નું આમ એલાન સંપૂર્ણપણે છે, સાથોસાથ શરાબની તુચ્છતાનું પ્રદર્શન છે. આ પરથી જાણવા મળ્યું કે સુલ્તાનના મુનાદીનું એલાન ક़બૂલ કરવું વાજિબ છે. ઈબ્ને હઝમ ઝાહેરીએ આ જ હદીષથી દલીલ કરી છે કે શરાબ પાક છે નહીં તો આ પ્રમાણે રસ્તાઓમાં વહાવવામાં ન આવત, અને વહાવવામાં આવી તો હુઝૂર ﷺ એના પર ચેતવણી જરૂર આપતા. અલ્લામા અયનીએ ફર્માવ્યું, ઈબ્ને હઝમની આ ભારે નિરર્થક હિંમત છે. **કુર્આને કરીમે ખૂદ એના નાપાક હોવાની નસ (દલીલ) ફર્માવી આપી છે.**

اقول هوالمستعان અલ્લાહની તૌફીક़થી હું કહું છું : અલ્લામા અયનીની મુરાદ આ આયતે કરીમા છે : **انما الخمروالميسر والانصاب والازلام رجس من عمل الشيطان "શરાબ અને જૂગાર અને મૂર્તિ તથા પાસા નાપાક શૈતાની કામ છે."** *(માઈદા–૯)*

પરંતું એના પર એવું કહી શકાય છે કે رجس જાહેરી નાપાકીના અર્થમાં નિશ્ચિત નથી, બાતિની મુરાદ છે. એ જ રીતે શરાબના બારામાં પણ કહી શકાય છે.

بَابُ اَفْنِيَةِ الدُّوْرِ وَالْجُلُوْسِ فِيْهَا وَالْجُلُوْسُ عَلَى الصُّعُدَاتِ

"ઘરનાં સહેન અને એમાં તથા રસ્તાઓ પર બેસવાનો હુકમ." –(૩૩૩)

افنيه فنا ફનાનું બહુવચન છે. ઘરથી લાગીને જે જગા છૂટેલી હોય જેને સહન (વરંડો) કહે છે. **صعدات** એ صعيدનું બહુવચન છે. જેમ કે **طريق** (તરીક)નું બહુવચન **طرقات** (તુરકાત) રસ્તાના અર્થમાં છે. અમુક લોકોએ કહ્યું, صَعِيْدનું બહુવચન صُعُدُ તથા صُعُدُ નું બહુવચન **صعدات**. આ કૌલ મુજબ એ જમઉલ જમા છે.

حديث ١٤٠٣ عَنْ عَطَاءِ بْنِ يَسَارٍ عَنْ اَبِىْ سَعِيْدِ نِ الْخُدْرِىِّ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, રસ્તાઓ **[હદીષ : ૧૪૦૩]**

عَنِ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِيَّاكُمْ وَالْجُلُوْسَ عَلَى الطُّرُقَاتِ

પર બેસવાથી બચો ! લોકોએ અર્ઝ કરી, એના વિના ચારો નથી, રસ્તા જ અમારા બેસવાની જગાઓ છે જ્યાં

فَقَالُوْا مَا لَنَا بُدٌّ اِنَّمَا هُوَ مَجَالِسُنَا نَتَحَدَّثُ فِيْهِ قَالَ فَاِذَا اَبَيْتُمْ اِلَّا الْمَجَالِسَ

અમે વાતચીત કરીએ છીએ. ફર્માવ્યું, જ્યારે તમે નથી માનતા અને બેસવું જ જરૂરી છે તો રસ્તાને તેનો હક્ક

فَاَعْطُوا الطَّرِيْقَ حَقَّهَا قَالُوْا وَمَا حَقُّ الطَّرِيْقِ قَالَ غَضُّ الْبَصَرِ وَكَفُّ الْاَذٰى

આપો ! લોકોએ અર્ઝ કરી, ***રસ્તાનો હક્ક શું છે ? ફર્માવ્યું, નજર નીચી રાખવી, તકલીફદાયક ચીજને***

وَرَدُّ السَّلَامِ وَاَمْرٌ بِالْمَعْرُوْفِ وَنَهْىٌ عَنِ الْمُنْكَرِ ـــه

હટાવવી, સલામનો જવાબ આપવો, સારી વાતનો હુકમ આપવો, બુરી વાતથી રોકવું."

(બુખારી ૨/૯૧૯ અલ્ઈસ્તીઝાન, મુસ્લિમ–લિબાસ, અબૂ દાઊદ–અદબ, તિર્મિઝી, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૩૬)

હદીષ : ૧૪૦૩ની સમજૂતી

અબૂ દાઊદમાં આટલું વધારે છે : **وارشاد السبيل وتشميت العاطس** રસ્તો બનાવવો, છીંકનારને જવાબ આપવો જ્યારે તે હમ્દ કરે (અલ્હમ્દુલિલ્લાહ કહે). હઝરત ઉમર رضی اللہ عنہ થી તિબ્રાનીમાં જે હદીષ મરવી છે એમાં **اغاثة الملهوف** અધિક છે. મુસીબતઝદાની ફરિયાદ સાંભળવી. **રસ્તામાં બેસવાથી મનાઈ એ કારણે હતી કે એ સમયમાં સ્ત્રીઓ પર્દા વિના નીકળતી હતી. શરીફ સ્ત્રીઓ પુરૂષોને જોઈને ખચકાટ અનુભવતી હતી અને ચરીત્ર હિન સ્ત્રીઓથી ફિત્નાનો અંદેશો હતો.** તેમજ રસ્તામાં દોસ્ત તથા દુશ્મન સર્વ ચાલે છે અને કોઈ મામલા પર ઉશ્કેરણી પણ થઈ શકે છે, એટલા માટે મનાઈ ફર્માવી. અને આ મનાઈ મુસ્તહબ હતી. સહાબાએ કિરામે પોતાની મજબૂરી વર્ણવી કે એના વિના કોઈ ઉપાય નથી, જેથી ઈજાઝત આપી દીધી. તેમ છતાં પણ સહાબાએ કિરામ રસ્તાઓમાં બેસવાથી બચતા હતા. જ્યારે હઝરત ઉષ્માન رضی اللہ عنہ ની શહાદત થઈ અને ઠેકઠેકાણે ફિત્ના ઉઠયા તો લોકો ખબરોને માટે રસ્તામાં બેસવા લાગ્યા.

حديث ١٤٠٤ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ لَمْ أَزَلْ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું, હું લાંબા સમયથી એનો ખ્વાહિશમંદ (ઈચ્છુક) [હદીષ : ૧૪૦૪]

حَرِيصًا عَلٰى أَنْ أَسْئَلَ عُمَرَ عَنِ الْمَرْأَتَيْنِ مِنْ أَزْوَاجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

હતો કે હઝરત ઉમર رضی اللہ عنہ થી એવું પૂછું અઝવાજે મુતહ્હરાતમાંથી તે બે કોણ કોણ હઝરાત હતાં જેમના

عَلَيْهِ وَسَلَّمَ اللَّتَيْنِ قَالَ اللّٰهُ لَهُمَا إِنْ تَتُوبَا إِلَى اللّٰهِ فَقَدْ صَغَتْ قُلُوبُكُمَا فَحَجَجْتُ

બારામાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, તમે બંનેવ અલ્લાહની તરફ રુજૂઅ કરો તમારાં દિલ રાહથી કાંઈક હટી

مَعَهُ فَعَدَلَ وَعَدَلْتُ مَعَهُ بِالْإِدَاوَةِ فَتَبَرَّزَ ثُمَّ جَاءَ فَسَكَبْتُ عَلٰى يَدَيْهِ مِنَ الْإِدَاوَةِ

ગયાં છે. મેં એમની સાથે હજ કરી તે ક઼ઝાએ હાજતના માટે આમ રસ્તાથી વળ્યા તો હું પણ પાણીનું વાસણ

فَتَوَضَّأَ فَقُلْتُ يَا أَمِيرَ الْمُؤْمِنِينَ مَنِ الْمَرْأَتَانِ مِنْ أَزْوَاجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

લઈને વળ્યો. તે ક઼ઝાએ હાજતના માટે ચાલ્યા ગયા. પછી આવ્યા તો મેં વાસણથી તેમના બંનેવ હાથો પર પાણી

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اللَّتَانِ قَالَ اللّٰهُ عَزَّ وَجَلَّ لَهُمَا إِنْ تَتُوبَا إِلَى اللّٰهِ فَقَدْ صَغَتْ

નાખ્યું તો તેમણે વુઝૂ કર્યું. મેં પૂછ્યું, અઝવાજે મુતહ્હરાત (પુનિત પત્નીઓ)માં તે બે કોણ છે જેમના બારામાં

قُلُوبُكُمَا فَقَالَ وَاعَجَبًا لَكَ يَا ابْنَ عَبَّاسٍ عَائِشَةُ وَحَفْصَةُ ثُمَّ اسْتَقْبَلَ عُمَرُ

અલ્લાહ عزوجل એ ફર્માવ્યું : તમે બંનેવ અલ્લાહની તરફ રુજૂઅ કરો તમારાં દિલ રાહથી કાંઈક હટી ગયાં છે.

الْحَدِيثَ يَسُوقُهُ فَقَالَ إِنِّي كُنْتُ وَجَارٌ لِي مِنَ الْأَنْصَارِ فِي بَنِي أُمَيَّةَ بْنِ زَيْدٍ

ફર્માવ્યું, આશ્ચર્ય છે, હે ઈબ્ને અબ્બાસ ! એ આઈશા તથા હફ઼સા છે ! ત્યારબાદ હઝરત ઉમરે પૂરી હદીષ વર્ણન

وَهِيَ مِنْ عَوَالِي الْمَدِينَةِ وَكُنَّا نَتَنَاوَبُ النُّزُولَ عَلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

કરી કે હું તથા મારો એક અન્સારી પડોસી બની ઉમૈયા બિન ઝયદના મહોલ્લામાં રહેતા હતા જે અવાલી

عَلَيْهِ وَسَلَّمَ فَيَنْزِلُ يَوْمًا وَأَنْزِلُ يَوْمًا فَإِذَا نَزَلْتُ جِئْتُهُ مِنْ خَبَرِ ذٰلِكَ الْيَوْمِ

(મદીના શરીફના ઊંચાણવાળી વસ્તી) મદીનામાંથી છે. અમે બંનેવ વારાફરતી નબી ﷺ ની ખિદમતમાં આવજા

હદીષ : ૧૪૦૪ની સમજૂતી અઝવાજે મુતહ્હરાત (પુનિત પત્નીઓ)થી અલગ મહિના સુધી બાલાખાના (ઉપલા માળે) તશરીફ઼ રાખવાનો બનાવ બે વાર ઉપસ્થિત થયો છે. એકવાર હિ.સ. ૫માં જ્યારે કે પગ મુબારકમાં ઘોડા પરથી પડી જવાથી ચોટ આવી હતી. બીજીવાર હિ.સ. ૯માં જ્યારે અઝવાજે મુતહ્હરાતથી

مِنَ الْاَمْرِ وَغَيْرِهٖ وَاِذَا نَزَلَ فَعَلَ مِثْلَهٗ وَكُنَّا مَعْشَرَ قُرَيْشٍ نَغْلِبُ النِّسَاءَ فَلَمَّا

કર્યા કરતા હતા. એક દિવસ તે હાજર થતો અને એક દિવસ હું હાજર થતો. જે દિવસે હું હાજર થતો એ દિવસની

قَدِمْنَا عَلَى الْاَنْصَارِ اِذَا هُمْ قَوْمٌ تَغْلِبُهُمْ نِسَاءُهُمْ وَطَفِقَ نِسَاؤُنَا يَاْخُذْنَ

પૂરી ખબર લઈને આવતો, તે કોઈ હુકમ હોતો અથવા અન્ય કાંઈ. અને જે દિવસે તે જતો તો તે પણ એવું જ

مِنْ اَدَبِ نِسَاءِ الْاَنْصَارِ فَصِحْتُ عَلٰى اِمْرَاَتِيْ فَرَاجَعَتْنِيْ فَاَنْكَرْتُ اَنْ تُرَاجِعَنِيْ

કરતો. અને અમે કુરૈશના લોકો સ્ત્રીઓ પર ગાલિબ રહેતા. જ્યારે અન્સારમાં આવ્યા તો અમે એ જોયું કે

فَقَالَتْ وَلِمَ تُنْكِرُ اَنْ اُرَاجِعَكَ فَوَاللّٰهِ اِنَّ اَزْوَاجَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

અન્સાર પર તેમની સ્ત્રીઓ ગાલિબ છે. અમારી સ્ત્રીઓ પણ અન્સારની સ્ત્રીઓના રંગ ઢંગ શીખવા લાગી.

وَسَلَّمَ لَيُرَاجِعْنَهٗ وَاِنَّ اِحْدٰاهُنَّ لَتَهْجُرُهُ الْيَوْمَ حَتّٰى الَّيْلِ فَاَفْزَعَنِيْ فَقُلْتُ

એકવાર મારી પત્નીને ધમકાવી તો તેણીને પલટીને જવાબ આપી દીધો. તેનું પલટીને જવાબ આપવું મને

خَابَتْ مَنْ فَعَلَ مِنْهُنَّ بِعَظِيْمٍ ثُمَّ جَمَعْتُ عَلَيَّ ثِيَابِيْ فَدَخَلْتُ عَلٰى حَفْصَةَ

નાપસંદ પડયું. તેણીએ કહ્યું, મારા જવાબ આપવાને નાપસંદ શા માટે કરો છો ? વલ્લાહ ! અઝવાજે મુતહ્હરાત

فَقُلْتُ اَيْ حَفْصَةُ اَتُغَاضِبُ اِحْدَاكُنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ الْيَوْمَ

રસૂલલ્લાહ ﷺને પલ્ટીને જવાબ આપે છે અને તેણીઓ દિવસ દિવસભર રસૂલુલ્લાહ ﷺ સાથે બોલવાનું

حَتَّى الَّيْلِ فَقَالَتْ نَعَمْ فَقُلْتُ خَابَتْ وَخَسِرَتْ اَفَتَاْمَنُ اَنْ يَّغْضَبَ اللّٰهُ لِغَضَبِ

છોડી આપે છે. આ વાતે મને ગભરાવી આપ્યો. મેં કહ્યું, એમાંથી જેણે પણ આવું કર્યું છે તે ખૂબ જ નુકસાનવાળી થઈ.

رَسُوْلِهٖ فَتَهْلِكِيْنَ لَا تَسْتَكْثِرِيْ عَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَلَا تُرَاجِعِيْهِ

પછી મેં મારાં કપડાં ઠીક કર્યાં અને હફ્સાની પાસે ગયો, અને મેં કહ્યું, હે હફ્સા ! તમારામાંથી અમુક રસૂલુલ્લાહ

فِيْ شَيْءٍ وَلَا تَهْجُرِيْهِ وَسَلِيْنِيْ مَا بَدَا لَكِ وَلَا يَغُرَّنَّكِ اَنْ كَانَتْ جَارَتُكِ هِيَ

ﷺથી દિવસ દિવસભર નારાજ રહો છો ?! તેમણે બતાવ્યું કે હા ! એવું થાય છે ! મેં કહ્યું, જેણે આવું કર્યું

નારાજ થઈને એ ક़સમ ખાય લીધી હતી કે તેણીઓ પાસે એક મહિના સુધી જઈશ નહીં. જેમ કે મેં ભાગ–૨, પેજ–૩૬૭ (ગુજરાતીમાં પેજ : ૩૨૯) પર વિસ્તાપૂર્વક વર્ણન કર્યું છે. ઘણા રાવીઓને એ ગુમાન થઈ ગયું કે આ બંનેવ એક જ બનાવ છે, પણ હક़ીક़ત એ છે કે આ બંનેવ બે બનાવો છે. હઝરત ઈબ્ને અબ્બાસે હઝરત ઉમર رضی اللہ عنہ થી મરૂઝ્ઝહરાનમાં પૂછયું હતું. અમુક રિવાયતમાં એ છે કે ખૂદ હઝરત ઉમરે તેમને ફર્માવ્યું,

اَوْضَأُ مِنْكِ وَاَحَبُّ اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُرِيْدُ عَائِشَةَ وَكُنَّا

તે નુકસાન ઉઠાવનાર થઈ, શું તમને એનાથી સંતોષ છે કે રસૂલુલ્લાહ ﷺની નારાઝગીના કારણે અલ્લાહ

نَتَحَدَّثُ اَنَّ غَسَّانَ تُنْعِلُ النِّعَالَ لِغَزْوِنَا فَنَزَلَ صَاحِبِيْ يَوْمَ نَوْبَتِهٖ فَرَجَعَ عِشَاءً

ગઝબ ફર્માવે અને તમો બર્બાદ થઈ જાવ ! હવે પછીથી રસૂલુલ્લાહ ﷺને વધુ ફર્માઈશ ન કર્યા કરો અને તેમને

فَضَرَبَ بَابِيْ ضَرْبًا شَدِيْدًا وَّ قَالَ اَنَائِمٌ هُوَ فَفَزِعْتُ فَخَرَجْتُ اِلَيْهِ وَقَالَ حَدَثَ

પલ્ટીને (વળતો) જવાબ ન આપ્યા કરો અને બોલવાનું ન ત્યજ્યા કરો. તમારે જે જરૂરત હોય તે મારાથી માગી

اَمْرٌ عَظِيْمٌ فَقُلْتُ مَا هُوَ اَجَاءَتْ غَسَّانُ قَالَ لَا بَلْ اَعْظَمُ مِنْهُ وَاَطْوَلُ طَلَّقَ

લીધા કરો અને તમારી પડોસી (આઈશા)થી ધોકો ન ખાશો, તે તમારા કરતાં કેટલીય અધિક હસીન છે અને

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نِسَاءَهٗ قَالَ قَدْ خَابَتْ حَفْصَةُ وَخَسِرَتْ

રસૂલુલ્લાહ ﷺને અધિક મહબૂબ છે. તે હઝરત આઈશાને મુરાદ લેતા હતા. અને અમારામાં એ વાત મશહૂર

كُنْتُ اَظُنُّ اَنَّ هٰذَا يُوْشِكُ اَنْ يَّكُوْنَ فَجَمَعْتُ عَلَيَّ ثِيَابِيْ فَصَلَّيْتُ صَلٰوةَ الْفَجْرِ

હતી કે ગસ્સાન અમારા પર હુમ્લો કરવા માટે ઘોડાઓની નઅલબંદી કરાવી રહ્યો છે. મારો સાથી એની વારીમાં

مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَدَخَلَ مَشْرُبَةً لَّهٗ فَاعْتَزَلَ فِيْهَا

ખિદમતે અકદસમાં હાજર થયો અને ઈશાના સમયે પરત થયો અને મારા દરવાજા પર જોર જોરથી ઠોક્યું અને

فَدَخَلْتُ عَلٰى حَفْصَةَ فَاِذَا هِيَ تَبْكِيْ قُلْتُ مَا يُبْكِيْكِ اَوَلَمْ اَكُنْ حَذَّرْتُكِ اَطَلَّقَكُنَّ

કહ્યું, શું તે સૂઈ ગયો છે ! હું ગભરાઈ ગયો અને તેની પાસેથી બહાર આવી ગયો. તેણે કહ્યું, એક ભારે અકસ્માત

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَتْ لَا اَدْرِيْ هُوَ ذَا فِي الْمَشْرُبَةِ فَخَرَجْتُ

બની ગયો. મેં કહ્યું, શું ગસ્સાન આવી ગયો. તેણે કહ્યું, નહીં ! બલ્કે એનાથી ગંભીર ! અધિક મોટો ! રસૂલુલ્લાહ

فَجِئْتُ الْمِنْبَرَ فَاِذَا حَوْلَهٗ رَهْطٌ يَّبْكِيْ بَعْضُهُمْ فَجَلَسْتُ مَعَهُمْ قَلِيْلًا ثُمَّ غَلَبَنِيْ

ﷺએ પોતાની અજવાઝે મુતહ્હરાત (પુનિત પત્નીઓ)ને તલાક આપી દીધી છે ! હઝરત ઉમરે ફર્માવ્યું,

પાણી લઈને તે એક ઝાડીમાં કુઝાએ હાજતના માટે તશરીફ લઈ ગયા અને એ બહાર ઉભા રહ્યા, જ્યારે વુઝૂ કરવા માટે પાણી નાખવા લાગ્યા તો પૂછયું.

كنت وجارلى : એ કૂફીઓના મઝહબના પ્રમાણે છે. એ ઝમીર મજરૂર મુત્તસિલ પર અતફને જાઈઝ માને

مَا اَجِدُ فَجِئْتُ الْمَشْرُبَةَ الَّتِيْ هُوَ فِيْهَا فَقُلْتُ لِغُلَامٍ لَّهٗ اَسْوَدَ اِسْتَأْذِنْ لِعُمَرَ

હફસા નામુરાદ થઈ ગઈ ! હું ગુમાન કરતો હતો કે આ ખૂબ જ જલ્દી થશે. મેં મારાં પૂરાં કપડાં પહેર્યાં અને

فَدَخَلَ فَكَلَّمَ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ خَرَجَ فَقَالَ ذَكَرْتُكَ لَهٗ

ફજરની નમાઝ રસૂલુલ્લાહ ﷺની સાથે પઢી. હુઝૂર તો નમાઝ બાદ પોતાના ઉપલા માળની અંદર તશરીફ

فَصَمَتَ فَانْصَرَفْتُ حَتّٰى جَلَسْتُ مَعَ الرَّهْطِ الَّذِيْنَ عِنْدَ الْمِنْبَرِ ثُمَّ غَلَبَنِيْ

લઈ ગયા અને સૌથી અલગ રહ્યા. હું હફસાની પાસે ગયો તે રડી રહી હતી. મેં કહ્યું, કઈ ચીજે તને રડાવી ? શું

مَا اَجِدُ فَجِئْتُ فَقُلْتُ لِلْغُلَامِ فَذَكَرَ مِثْلَهٗ فَجَلَسْتُ مَعَ الرَّهْطِ الَّذِيْنَ عِنْدَ الْمِنْبَرِ

હું તને ડરાવતો ન હતો ? શું રસૂલુલ્લાહ ﷺએ તમને લોકોને તલાક આપી દીધી ? તેમણે કહ્યું, હું નથી જાણતી.

ثُمَّ غَلَبَنِيْ مَا اَجِدُ فَجِئْتُ الْغُلَامَ فَقُلْتُ اِسْتَأْذِنْ لِعُمَرَ فَذَكَرَ مِثْلَهٗ فَلَمَّا وَلَّيْتُ

હુઝૂર આ બાલાખાનામાં (ઉપલા માળે) છે. હું હફસાના ઘરથી બહાર આવ્યો અને મિમ્બરની પાસે ગયો.

مُنْصَرِفًا اِذَا الْغُلَامُ يَدْعُوْنِيْ قَالَ اُذِنَ لَكَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

મિમ્બરની આસપાસ કેટલાક લોકો બેઠા હતા એમાંથી કેટલાક લોકો રડી રહ્યા હતા. હું એમની સાથે થોડીવાર

فَدَخَلْتُ عَلَيْهِ فَاِذَا هُوَ مُضْطَجِعٌ عَلٰى رِمَالِ حَصِيْرٍ لَيْسَ بَيْنَهٗ وَبَيْنَهٗ فِرَاشٌ قَدْ

બેઠો. પછી મારા પર મારો અંદેશો સવાર થયો. એના લીધે હું એ બાલાખાના પાસે આવ્યો જેમાં હુઝૂર હતા. મેં

اَثَّرَ الرِّمَالُ بِجَنْبِهٖ مُتَّكِئٌ عَلٰى وِسَادَةٍ مِّنْ اَدَمٍ حَشْوُهَا لِيْفٌ فَسَلَّمْتُ عَلَيْهِ ثُمَّ قُلْتُ

હુઝૂરના હબ્શી ગુલામને કહ્યું, ઉમરના માટે ઈજાઝત તલબ કરો. તે અંદર ગયો અને નબી ﷺથી વાત કરી.

وَاَنَا قَائِمٌ طَلَّقْتَ نِسَاءَكَ فَرَفَعَ بَصَرَهٗ اِلَيَّ فَقَالَ لَا ثُمَّ قُلْتُ وَاَنَا قَائِمٌ اَسْتَاْنِسُ

પછી બહાર આવીને બતાવ્યું, મેં આપનો ઉલ્લેખ હુઝૂરથી કર્યો પણ હુઝૂર ચુપ રહ્યા. હું પરત થયો, તે ગિરોહની

يَا رَسُوْلَ اللّٰهِ لَوْ رَاَيْتَنِيْ وَكُنَّا مَعْشَرَ قُرَيْشٍ نَغْلِبُ النِّسَاءَ فَلَمَّا قَدِمْنَا عَلٰى قَوْمٍ تَغْلِبُهُمْ

પાસે બેઠો જે મિમ્બર પાસે હતા. ફરી મારો અંદેશો મારા પર સવાર થયો, હવે ફરી હું બાલાખાના પાસે આવ્યો

છે અને કિતાબુલ્ ઈલ્મમાં બસરીય્યીનના મઝહબના પ્રમાણે **كنت وجارلي** ઝમીર મુત્તસિલની મુન્ફસ્લની તાકીદની સાથે. એ અન્સારી હઝરત અત્બાન બિન માલિક બિન ઉમર અજલાની ખુઝરજી رضی اللہ عنہ હતા.

من الامر અહીં બંનેવ સંભાવનાઓ છે કે આ અમ્ર હુકમના અર્થમાં હોય, એટલે શરઈ હુકમો અને એ પણ

نِسَاءُهُمْ فَذَكَرَهُ فَتَبَسَّمَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ قُلْتُ لَوْ رَأَيْتَنِي

અને ગુલામને કહ્યું, ગુલામે ફરી એવી જ વાત કરી. હવે ફરી મિમ્બરવાળા ગિરોહ પાસે બેઠો. ફરી મારી ઉલ્ઝન

وَدَخَلْتُ عَلٰى حَفْصَةَ فَقُلْتُ لَا يَغُرَّنَّكِ اَنْ كَانَتْ جَارَتُكِ هِيَ اَوْضَأَ مِنْكِ وَ

મારા પર સવાર થઈ એટલા માટે ગુલામની પાસે ફરી આવ્યો અને તેને કહ્યું, ઉમરના માટે ઈજાઝત તલબ કરો.

اَحَبُّ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُرِيْدُ عَائِشَةَ فَتَبَسَّمَ اُخْرٰى

હવે ફરી ગુલામે પહેલાં જેવી જ વાત કરી. એના પર પરત થવા વળ્યો જ હતો કે ગુલામ મને બોલાવવા લાગ્યો

فَجَلَسْتُ حِيْنَ رَاَيْتُهُ تَبَسَّمَ ثُمَّ رَفَعْتُ بَصَرِيْ فِيْ بَيْتِهٖ فَوَاللّٰهِ مَا رَاَيْتُ فِيْهِ شَيْئًا

અને કહ્યું રસૂલુલ્લાહ ﷺએ આપને ઈજાઝત આપી દીધી. હવે હું હુઝૂરની ખિદમતમાં હાજર થયો. હુઝૂર

يَرُدُّ الْبَصَرَ غَيْرَ اَهَبَةٍ ثَلٰثَةٍ فَقُلْتُ اُدْعُ اللّٰهَ فَلْيُوَسِّعْ عَلٰى اُمَّتِكَ فَاِنَّ فَارِسَ وَالرُّوْمَ

ચટાઈ પર સૂતેલા હતા જેના પર કોઈ ફર્શ ન હતું. ચટાઈની ગડીઓએ હુઝૂરના પાસા પર નિશાન કરી આપેલ

وُسِّعَ عَلَيْهِمْ وَاُعْطُوا الدُّنْيَا وَهُمْ لَا يَعْبُدُوْنَ اللّٰهَ وَكَانَ مُتَّكِئًا فَقَالَ اَوَفِيْ شَكٍّ

છે. ચામડાના તકીયા પર ટેક લગાડેલ જેમાં ખજૂરના રેસા ભરેલા હતા. મેં હુઝૂરને સલામ કરી પછી અર્ઝ કરી

اَنْتَ يَا ابْنَ الْخَطَّابِ اُولٰئِكَ قَوْمٌ عُجِّلَتْ لَهُمْ طَيِّبَاتُهُمْ فِي الْحَيٰوةِ الدُّنْيَا فَقُلْتُ

અને હું ઉભેલો હતો, શું હુઝૂરે આપની અઝવાજ (પુનિત પત્નીઓ)ને તલાક આપી દીધી છે ? હુઝૂરે પોતાની

يَا رَسُوْلَ اللّٰهِ اسْتَغْفِرْ لِيْ فَاعْتَزَلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنْ اَجْلِ

નજર મારા પ્રતિ ઉઠાવી અને ફર્માવ્યું, નહીં ! મેં ઉભા ઉભા જ રસૂલુલ્લાહ ﷺને આકર્ષિત કરવા માટે અર્ઝ

ذٰلِكَ الْحَدِيْثِ حِيْنَ اَفْشَتْهُ حَفْصَةُ اِلٰى عَائِشَةَ وَكَانَ قَدْ قَالَ مَا اَنَا بِدَاخِلٍ

કરી, યા રસૂલલ્લાહ ! અમે કુરૈશના લોકો ઔરતો પર ગાલિબ રહેતા હતા, હવે આપણે એવી કૌમમાં છીએ

عَلَيْهِنَّ شَهْرًا مِنْ شِدَّةِ مَوْجِدَتِهٖ عَلَيْهِنَّ حِيْنَ عَاتَبَهُ اللّٰهُ فَلَمَّا مَضَتْ تِسْعٌ وَّ

જેમની સ્ત્રીઓ એમના પર ગાલિબ રહે છે ! મેં જ્યારે આ વર્ણન કર્યું તો નબી ﷺ મુસ્કુરાઈ ઉઠયા. પછી મેં

હોઈ શકે છે કે અમ્ર ફેઅલે આમના અર્થમાં હોય, એટલે કે કોઈ પણ વાત કોઈ પણ ચીજ. અને એના પર અલિફ લામ અહદનો હોય અને મુરાદ વહી હોય. અને અહીં જાહેર એ જ છે. કિતાબુન્નિકાહની રિવાયતમાં من الامر ને બદલે من الوحى છે.

عِشْرُوْنَ دَخَلَ عَلٰى عَائِشَةَ فَبَدَأَ بِهَا فَقَالَتْ لَهٗ عَائِشَةُ اِنَّكَ اَقْسَمْتَ اَنْ لَّا تَدْخُلَ

અર્ઝ કર્યું, ફર્માવો કેટલું સારું થાત હું હફ્સાની પાસે જઉં અને કહું કે એ વાતને ઘમંડમાં ન લાવે કે તારી પડોસણ

عَلَيْنَا شَهْرًا وَّاِنَّا اَصْبَحْنَا بِتِسْعٍ وَّعِشْرِيْنَ لَيْلَةً اَعُدُّهَا عَدًّا فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

તારાથી વધુ ખૂબ સૂરત અને નબી ﷺને અધિક મહબૂબ છે. તેમની મુરાદ આઈશા હતી. એના પર હુઝૂર બે

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَلشَّهْرُ تِسْعٌ وَّعِشْرُوْنَ وَكَانَ ذٰلِكَ الشَّهْرُ تِسْعًا وَّعِشْرِيْنَ قَالَتْ

વાર મુસ્કુરાયા. જ્યારે મેં હુઝૂરને મુસ્કુરાતા જોયા તો બેસી ગયો. પછી મેં હુઝૂરના મકાનમાં નજર નાખી તો

عَائِشَةُ فَاُنْزِلَتْ اٰيَةُ التَّخْيِيْرِ فَبَدَأَ بِيْ اَوَّلَ اِمْرَأَةٍ فَقَالَ اِنِّيْ ذَاكِرٌ لَّكِ اَمْرًا وَّلَا عَلَيْكِ

વલ્લાહ ત્રણ ઢગલા સિવાય કાંઈ ન જોયું. મેં અર્ઝ કરી, અલ્લાહથી દુઆ ફર્માવો કે આપની ઉમ્મતને વિશાળતા

اَنْ لَّا تَعْجَلِيْ حَتّٰى تَسْتَاْمِرِيْ اَبَوَيْكِ قَالَتْ قَدْ عَلِمَ اَنَّ اَبَوَيَّ لَمْ يَكُوْنَا يَاْمُرَانِّيْ

અતા ફર્માવે. કેમ કે ફારસ અને રોમ પર વિશાળતા કરવામાં આવી છે અને તેમને દુનિયા આપવામાં આવી છે,

بِفِرَاقِكَ ثُمَّ قَالَ اِنَّ اللّٰهَ عَزَّوَجَلَّ قَالَ يٰاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ ۔اِلٰى۔عَظِيْمًا۔

જ્યારે કે તેઓ અલ્લાહની ઈબાદત નથી કરતા. હુઝૂર ટેક લગાડેલ હતા. ફર્માવ્યું, શું તું શકમાં છે હે ઈબ્ને

تُثِيْبُ مِنْهُنَّ هٰذَا اَسْتَاْمِرُ اَبَوَيَّ فَاِنِّيْ اُرِيْدُ اللّٰهَ وَرَسُوْلَهٗ وَالدَّارَ الْاٰخِرَةَ

ખત્તાબ ! આ તે કૌમ છે જેમની સુખ સગવડ દુનિયાની જિંદગીમાં જ જલ્દી પૂરી પાડવામાં આવી

فَصَخِتُ મુસ્લિમમાં છે : કે તેમના પત્ની બિન્તે ખારિજાએ ખાસ હઝરત હફ્સાનું નામ લઈને કહ્યું હતું કે તે રસૂલુલ્લાહ ﷺથી સવાલ તથા જવાબ કરે છે, નારાજ થઈ જાય છે, દિવસ દિવસભર વાત નથી કરતી. હઝરત ઉમર رضی اللہ عنہએ આવીને ઉમ્મુલ મોમિનીન હઝરત હફ્સાથી પૂછતાછ કરી તો તેમણે ફર્માવ્યું, અમે હુઝૂરથી સવાલ તથા જવાબ કરીશું ! એના પર હઝરત ઉમરે ફર્માવ્યું : **لايغرنك جارتك** એ પણ ફર્માવ્યું કે હું ન હોત તો તને તલાક આપી દેત. પછી તે ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاની ખિદમતમાં આવ્યા. તેમની સાથે હઝરત ઉમર رضی اللہ عنہની સગાઈ હતી. તેમણે જલાલમાં ફર્માવ્યું, હે ઈબ્ને ખત્તાબ ! તમારા પર આશ્ચર્ય છે ! તમે દરેક વાતમાં દખલ દેવા લાગ્યા ! ત્યાં સુધી કે રસૂલુલ્લાહ ﷺ અને અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)ના દરમ્યાન પણ દખલ દેવા લાગ્યા ! એ વાત મને એવી લાગી કે મારો ગમ કાંઈક ઓછો થઈ ગયો. બલ્કે એક રિવાયતમાં છે કે પ્રથમ ઉમ્મુલ મોમિનીન હઝરત સિદ્દીકાની પાસે ગયા અને ફર્માવ્યું, કે હે અબૂબકની પુત્રી ! તારી શાન એટલી વધી ગઈ છે કે રસૂલુલ્લાહ ﷺને તકલીફ આપે છે ! ઉમ્મુલ મોમિનીને ફર્માવ્યું, તમે તમારી પુત્રીને જુઓ !

ગ઼સ્સાન : એ શામમાં એક તળાવ કે કૂવાનું નામ છે જ્યાં બની અઝ્દની એક શાખ બની હફ્નહએ વસવાટ અપનાવી લીધો હતો પછી કબીલાનું નામ જ ગ઼સ્સાન પડી ગયું.

ثُمَّ خَيَّرَ نِسَاءَهُ فَقُلْنَ مِثْلَ مَا قَالَتْ عَائِشَةُ ۔

છે. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારા માટે ઈસ્તિગફાર ફર્માવો. એ વાતને લીધે નબી ﷺ સૌથી અલગ થઈ ગયા હતા. જ્યારે હફ્સાએ આઈશાને આ વાત બતાવી હતી. અને હુઝૂરે ફર્માવ્યું કે હું તેમની પાસે એક મહિના સુધી જઈશ નહીં એમના પર સખ્ત નારાઝગીના કારણે જ્યારે કે અલ્લાહે હુઝૂર પર એતાબ ફર્માવ્યો. જ્યારે ૨૯ દિવસો વહી ગયા તો આઈશા પાસે હુઝૂર તશરીફ લઈ ગયા અને એમનાથી શરૂઆત કરી. આઈશાએ અર્ઝ કરી, આપે તો ક़સમ ખાધી હતી કે એક મહિના સુધી અમારી પાસે નહીં આવો ! અને હજી ૨૯ રાતો થઈ છે જેને મેં ગણી ગણીને કાપી છે ! એના પર નબી ﷺએ ફર્માવ્યું, મહિનો ૨૯ દિવસનો છે અને એ મહિનો ૨૯ જ દિવસનો થયો. હઝરત આઈશાએ ફર્માવ્યું, પછી આયતે તખ્યીર નાઝિલ કરવામાં આવી તો સૌથી પ્રથમ હુઝૂરે મારાથી શરૂઆત કરી. અને ફર્માવ્યું, હું તમને એક વાત કહેવાનો થયો અને એમાં કોઈ વાંધો નથી કે ફૈસલો કરવામાં જલ્દી ન કરશો ત્યાં સુધી કે તમારાં માબાપથી મશ્વરો કરી લો. ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, હુઝૂરને યક़ીન હતું કે મારાં વાલિદૈન હુઝૂરથી જુદાઈનો મને હુકમ નહીં આપે. પછી ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : હે નબી ! તમારી પત્નીઓને ફર્માવી દો. عَظِيمًا *સુધી. **મેં અર્ઝ કરી, શું આ મામલામાં માબાપથી મશ્વરો માગીશ ?! હું અલ્લાહ અને તેના રસૂલ અને આખેરતના ઘરને ચાહું છું ! પછી બાકીની પત્નીઓને ઈખ્તિયાર આપ્યો, એઓ સૌએ એના જેમ જ કહ્યું જેવું આઈશાએ કહ્યું હતું."***

(બુખારી ૧/૧૯ કિતાબુલઈલ્મ, ૨/૭૮૦ નિકાહ, ૨/૭૮૪ હિજરતુન્નબી ﷺ, ૨/૭૯૧, ૭૯૨ અત્તલાક़, ૨/૭૨૯, ૭૩૦, ૭૩૧ તફ્સીર, મુસ્લિમ–તલાક़, ૪૮૧)

بغلام له : એ હઝરત રિબાહ رضی اللہ عنہ હતા, જેમ કે મુસ્લિમની રિવાયતમાં છે.

فَصَمَتَ : મુસ્લિમમાં છે : જ્યારે હાજરીની ઈજાઝત ન મળી તો મેં બુલંદ અવાજમાં કહ્યું, હે રિબાહ મારા માટે ઈજાઝત હાંસલ કર ! હુઝૂરને એ ગુમાન છે કે હું હફ્સાની સિફારિશના માટે આવ્યો છું, વલ્લાહ ! જો હુઝૂર હુકમ આપે તો તેણીની ગરદન ઉડાડી દઉં ! હવે રિબાહે ઈશારો કર્યો, ઉપર આવો ! અને હું ઉપલા માળે દાખલ થયો.

બુખારી અને બીજી હદીષની કિતાબોની અમુક રિવાયતોમાં **آيت شهراً** અથવા **آلى شهرا** આવ્યું છે. એનાથી શાબ્દિક અર્થ મુરાદ છે, એટલે ક़સમ ખાવું. જેમ કે ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ની હદીષમાં **خلف** આવ્યું છે. અને ખૂદ આ હદીષમાં ઝુહરીના તરીક़ાથી કિતાબુન્નિકાહની રિવાયતમાં આ પ્રમાણે છે. **وكان قال ماانابداخل عليهن شهرا** એટલા માટે કે લગભગ એના પર એકમતિ છે કે ફિક़્હી ઈલા એ જ વખતે થશે જ્યારે કે એ ક़સમ ખાય કે એનાથી વતી કરીશ નહીં. અને આપણે ત્યાં એ પણ જરૂરી છે કે ચાર મહિના અથવા એનાથી અધિકની મુદ્દત પણ હોય. આ હદીષના કોઈ તરીક़ામાં એ નથી કે હુઝૂરે અક़્દસ ﷺએ વતી ન કરવાની ક़સમ ખાધી હોય, જેથી આ ઈલાથી ફિક़્હી ઈલા મુરાદ નથી થઈ શકતું. જેથી માનવું પડશે કે ઈલાથી મુરાદ તેનો શાબ્દિક અર્થ ક़સમ ખાવું મુરાદ છે.

فاعتزل હુઝૂરે અક़્દસ ﷺએ અઝવાજે મુતહ્હરાત પર આ ધમકી કેમ કરી ? એનું કારણ શરહકર્તાઓએ અલગ અલગ લખેલ છે. ૧. અઝવાજે મુતહ્હરાત (પુનિત પત્નીઓ) ભરણ પોષણમાં કાંઈક વધારો તથા

બેહતરી માટે હઠ પર હતી, જેમ કે મુસ્લિમમાં છે કે ફર્માવ્યું : هُنَّ حَوْلِى كَمَاتَرىٰ تَسْأَلْنَنِىْ النفقة "આ બીવીઓ મારી આસપાસ તમે જોઈ રહ્યા છો, મારાથી ભરણપોષણ માગી રહી છે." *(૧/૪૮૦)*

આનાથી મુત્લક़ (બિનશર્તી) ભરણપોષણનો સવાલ નથી, એ તો હુઝૂર ﷺ અતા કરતા જ હતા, એનાથી મુરાદ વધારો તથા ઉમદાપણુ છે. અલ્લામા અયનીએ કોઈનો क़ૌલ નક़્લ કર્યો છે કે અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ) એક દિવસે સામૂહિક રીતે હાજર થયાં અને એ અરજ રજૂ કરી કે અમે હુઝૂરથી એની ઈચ્છુક છીએ જેની દરેક પત્ની પોતાના પતિથી ઈચ્છુક હોય છે, ત્યાં સુધી કે અમુકે એ પણ કહી આપ્યું કે અમે કોઈ અન્યના પત્નીપણામાં હોત તો અમારી શાન અલગ હોત ! કપડાં હોત અને ઝવેરાત હોત !

૨. હુઝૂરે અક़્દસ ﷺને શહદ (મધ) ખૂબ જ પ્રિય હતું. હુઝૂરે અક़્દસ ﷺની આદતે કરીમા હતી કે દરરોજ તમામ અઝવાજે મુતહ્હરાતની પાસે તશરીફ લઈ જતા હતા. ઉમ્મુલ મોમિનીન ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہا ના ત્યાં જ્યારે તશરીફ લઈ જતા તો તે મધ પેશ કરતાં જેને પીવામાં ત્યાં થોડીકવાર સુધી બેસતા. અઝવાજે મુતહ્હરાતમાં બે ગૃપ હતા, એક હઝરત આઈશા તથા હફ્સાનું બીજુ ઝયનબનું. હઝરત ઝયનબને ત્યાં મોડે સુધી બેસવાનું સૌને નાપસંદ હતું પણ તેને હઝરત આઈશા તથા હફ્સાએ કાંઈક સખ્તીથી મેહસૂસ કર્યું. બંનેવે આપસમાં નક્કી કરી લીધું કે આપણામાંથી જેની પાસે પણ હુઝૂર તશરીફ લાવે તો એવું કહી આપે કે હુઝૂરના મુખ મુબારકથી એક પ્રકારનો ગુંદર જે અમુક વૃક્ષોમાંથી નીકળે છે. તેની બૂ આવી રહી છે. જેથી એના પ્રમાણે એ બંનેવમાં જેમની પાસે તશરીફ લાવ્યા તો તેણીએ તે અર્ઝ કર્યું. ફર્માવ્યું, મેં ઝયનબને ત્યાં મધ પીધુ છે આ તેની બૂ છે અને હવે મધ મારા પર હરામ કરું છું.

જેમ કે મુસ્લિમમાં ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી જ મરવી છે. એના અનુસંધાનમાં એમનાથી એકબીજી રિવાયત આ છે : રસૂલુલ્લાહ ﷺ મીઠી ચીજ અને મધ પસંદ કરતા હતા. અસ્ર બાદ દરરોજ તમામ અઝવાજને ત્યાં તશરીફ લઈ જતા હતા. એકવાર હફ્સાને ત્યાં કાંઈક વધારે વાર રોકાયા. મેં એના બારામાં માલૂમાત કરી તો માલૂમ પડ્યું કે ત્યાં મધ પી રહ્યા હતા. તેણી કહે છે મેં એનો સૌદાને ઉલ્લેખ કર્યો અને મેં કહ્યું, જ્યારે હુઝૂર તમારી પાસે તશરીફ લાવે તો અર્ઝ કરજો, યા રસૂલલ્લાહ ! હુઝૂરે (એક પ્રકારનો ગુંદર) ખાધો છે ? એના જવાબમાં ફર્માવશે, નહીં ! તો તમે અર્ઝ કરજો કે તો પછી આ બૂ કેવી છે ? અને રસૂલુલ્લાહ ﷺ એને સખત નાપસંદ કરતા હતા કે હુઝૂરના શરીરથી બૂ મેહસૂસ કરવામાં આવે. એટલા માટે ફર્માવશે કે હફ્સાએ મને મધ પીવડાવી આપ્યું છે. તો તમે અર્ઝ કરજો, એ મધની માખીએ અરફત ચૂસીને મધ ભેગુ કર્યું છે. અને હું પણ એ જ અર્ઝ કરીશ, અને હે સફિય્યહ ! તમે પણ એવું જ કહેજો. જેથી એના પ્રમાણે સૌએ કહ્યું. ત્યારબાદ ફરી જ્યારે હુઝૂર હફ્સાની પાસે તશરીફ લઈ ગયા અને તેમણે મધ પેશ કરવા ચાહ્યું તો ફર્માવ્યું કે મને એની જરૂરત નથી. હઝરત સૌદાને એના પર કાંઈક તકલીફ પણ થઈ કે આપણે હુઝૂરને એક પ્રિય ચીજથી રોકી આપ્યા. તેમણે હઝરત આઈશાને કહ્યું, સુબ્હાનલ્લાહ ! વલ્લાહ ! આપણે હુઝૂરને મધથી વંચિત કરી આપ્યા ! તો તેમણે કહ્યું કે ચુપ રહો !

૩. હઝરત હફ્સાની વારીનો દિવસ હતો. હઝરત હફ્સાએ હુઝૂરથી ઈજાઝત લીધી અને પોતાના વાલિદને ત્યાં તશરીફ લઈ ગયાં. હુઝૂરે પોતાનાં બાંદી મારિયા क़िબ્તિયાને બોલાવ્યાં. જ્યારે હઝરત હફ્સા આવ્યાં તો દરવાજાને બંધ જોયો. જ્યારે હુઝૂર બહાર તશરીફ લાવ્યા તો હુઝૂરના ચહેરેથી પાણી પટકી રહ્યું હતું અને હફ્સા રડી રહ્યાં હતાં. એના પર હુઝૂરે ફર્માવ્યું, હું તને ગવાહ બનાવું છું કે મારિયા મારા પર હરામ છે ! જુઓ ! કોઈને બતાવશો નહીં અને એ તારી પાસે અમાનત છે. જ્યારે હુઝૂર બહાર તશરીફ લઈ ગયા તો હઝરત હફ્સાએ એ દીવાલને ઠોકી જે એમના તથા હઝરત આઈશાના ઓરડાની વચ્ચે હતી અને કહ્યું, તમને ખુશખબરી આપુ છું કે રસૂલલ્લાહ ﷺએ મારિયાને પોતાના પર હરામ કરી લીધેલ છે.

મારિયા ક़िબ્તિયાનો જ કિસ્સો એક અન્ય તરીક़ાથી પણ મરવી છે. હઝરત હફ઼સા જ્યારે એના પર માહિતગાર થઈ ગયાં તો હુઝૂરે તેમને ફ઼ર્માવ્યું કે આ આઈશાને ન બતાવશો, હું તમને બશારત આપુ છું કે દુનિયાથી તશરીફ઼ લઈ જઈશ તો અબૂબક્ર પછી તમારા પિતા ખલીફ઼ા થશે, પણ તેમણે હઝરત આઈશાને બતાવી આપ્યું. હઝરત આઈશાએ હુઝૂરને બતાવ્યું અને વિનંતિ કરી કે મારિયાને પોતાના પર હરામ કરી લો. હુઝૂરે એ અરજ ક़બૂલ કરી લીધી. ત્યારબાદ હઝરત હફ઼સા પાસે તશરીફ઼ લાવ્યા અને એમનાથી એની પૂછતાછ કરી અને એતાબ (ચેતવણી) પણ.

અલ્લામા ઈબ્ને હજરે ફ઼ર્માવ્યું કે એક તિબ્રાનીએ અવસત અને ઉશ્રતુન્નિસાઅ્માં એને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કર્યું છે અને એ પણ ફ઼ર્માવ્યું કે એની દરેક રિવાયતમાં ઝોઅફ઼ છે.

૪. ઈબ્ને સઅદે આ બધું રિવાયત કર્યું છે કે એકવાર હુઝૂરે અક़્દસ ﷺએ કોઈ જાનવર ઝબહ કર્યું અથવા ક્યાંકથી કોઈક હદિયો આવ્યો હતો. હુઝૂરે અક़્દસ ﷺએ સર્વ અઝવાજે મુતહ્હરાત (પુનિત પત્નીઓ)ને સરખે સરખો વહેંચીને મોકલ્યો. હઝરત ઝયનબે પાછો મોકલ્યો. ફ઼ર્માવ્યું, એને થોડોક વધારે આપી દો ! ત્રણવાર એવું જ થયું. એના પર હઝરત આઈશાએ કહ્યું, તેણીએ હુઝૂરને ઝલીલ કરી આપ્યા ! આપના હદિયાને પરત કરે છે ! ફ઼ર્માવ્યું, તારામાં એટલી શક્તિ ક્યાં કે મને ઝલીલ કરે ?! તમારી પાસે એક મહિનો આવીશ નહીં. એના અનુસંધાનમાં જે રિવાયતો વર્ણન થઈ છે તે અમે રજૂ કરી આપી. બનાવ શું હતો એનો સહીહ ઈલ્મ અલ્લાહ ﷻ અને તેના રસૂલ ﷺને છે. જ્યાં સુધી મારા શોખને સંબંધ છે એમાંથી કોઈ બનાવ એનો આધાર બનવાને પાત્ર નથી. અલ્બત્ત અલ્લામા ઈબ્ને હજરની આ રાય ફીટ થતી છે કે આ સર્વ (બનાવ) થોડા થોડા સમયના અંતરે બન્યા અને એ સર્વ મળીને સબબ બન્યા. તેમ છતાં આયતે તખ્યીરથી જાહેર એ જ છે કે નારાઝગીનો સબબ ભરણપોષણમાં વિશાળતા તથા ઉમદાપણાનો સવાલ જ હતો. એટલા માટે એહતેયાતવાળા મુફ઼સ્સિરોએ આ આયતના શાને નુઝૂલમાં એનું જ વર્ણન કર્યું.

فانزلت : એટલે કે જ્યારે હુઝૂરે અક़્દસ ﷺ મહિનો પૂરો થતાં બાલાખાના(ઉપરના માળ)થી નીચે તશરીફ઼ લાવ્યા તો અઝવાજે મુતહ્હરાતમાં સૌ પ્રથમ હઝરત આઈશા رضی اللہ عنہا ની પાસે તશરીફ઼ લાવ્યા પછી આયતે તખ્યીર નાઝિલ થઈ. ઈર્શાદ છે :–

يايها النبى قل لازواجك ان كنتن تردن الحيوٰة الدنيا وزينتها فتعالين امتعكن واسرحكن سراحا جميلا ۔

وان كنتن تردن الله ورسوله والدار الاخرة فان الله اعد للمحسنت منكن اجرا عظيما ۔

"હે નબી ! તમારી બીવીઓને ફ઼ર્માવી દો જો તેણીઓ દુનિયાની જિંદગી અને સુખ સગવડ ચાહે છે તો આવો ! હું તમને માલ આપું અને ખૂબસૂરતીની સાથે છોડી આપું, અને જો તમે અલ્લાહ અને તેના રસૂલ અને આખેરતનું ઘર ચાહતી હોઉ તો અલ્લાહે તમારામાંથી નેકોકારોના માટે મહાન બદલો તૈયાર કરી રાખ્યો છે." *(સૂ. અહઝાબ–૨૮, ૨૯)*

ઉલમાનો એના બારામાં મતભેદ છે કે આ તખ્યીર (ઈખ્તિયાર આપવુ) કઈ બે વાતોમાં હતી ? એક ક़ૌલ એ છે કે એ તખ્યીર એના બારામાં હતી કે તે પત્નીપણામાં રહેવા ચાહે છે કે તલાક़ની ઈચ્છુક છે ? બીજો એ કે એના બારામાં ઈખ્તિયાર આપવામાં આવ્યો હતો કે દુનિયા અપનાવે છે કે આખેરત ? જો દુનિયા અપનાવે છે તો પછી તેણીથી જુદાઈ અપનાવી લો અને જો આખેરત અપનાવે છે તો તેમને પત્નીપણામાં રોકી રાખો. જાહેર છે કે આ મતભેદ કેવળ શાબ્દિક છે, નહીં તો સાર બંનેનો એક જ છે કેમ કે એક બીજાનાં પૂરક છે.

فانى اريدالله ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ એ પણ અર્ઝ કરી હતી કે બાકી અઝવાજે મુતહ્હરાત જો મારા ફ઼ૈસલાને પૂછે તો હુઝૂર તેમને બતાવે નહીં, પણ હુઝૂરે અક़્દસ ﷺએ એવું કહીને ઈન્કાર

કરી આપ્યો કે જે પણ પૂછશે હું બતાવીશ. અલ્લાહે મને મુશ્કેલીમાં નાખનાર નથી બનાવ્યો બલ્કે આસાની પેદા કરનાર મુઅલ્લિમ અને મુબલ્લિગ બનાવીને મોકલ્યો છે. ત્યારબાદ હુઝૂરે અકદસ ﷺ તમામ અઝવાજના હુજરામાં તશરીફ લઈ ગયા અને એ આયત તિલાવત ફર્માવી, સૌએ પૂછયું, આઈશાએ શું કહ્યું ?! હુઝૂરે એમને બતાવી આપ્યું અને સૌએ રસૂલલ્લાહ તથા આખેરતને અપનાવ્યાં. એના પર અલ્લાહ ﷻએ અઝવાજે મુતહ્હરાતને દુનિયામાં ઈનામ એ આપ્યું કે ફર્માવ્યું : **لَا يَحِلُّ لَكَ النِّسَاءُ مِنْ بَعْدُ وَلَا اَنْ تَبَدَّلَ بِهِنَّ مِنْ اَزْوَاجٍ** ''આના પછી આપના માટે અન્ય સ્ત્રીઓ હલાલ નથી અને ન એ કે એમના બદલામાં બીજી સાથે નિકાહ કરી લો.'' *(અહઝાબ–૫૨)*

એ વખતે અઝવાજે મુતહ્હરાત (પુનિત પત્નીઓ) આઠ હતી, ન એની ઈજાઝત હતી કે અધિક કોઈ અન્યથી નિકાહ કરી લે અને ન એની કે એમનામાંથી કોઈને તલાક આપીને એના બદલામાં બીજીથી નિકાહ કરી લે.

પરંતું આ પાબંદી અમુક જ દિવસો સુધી રહી, ફરીથી અધિક નિકાહની ઈજાઝત આપી દેવામાં આવી. ઈર્શાદ છે : **يَاَيُّهَاالنَّبِيُّ اِنَّااَحْلَلْنَا لَكَ اَزْوَاجَكَ اللّٰتِى اٰتَيْتَ اُجُوْرَ هُنَّ وَمَامَلَكَتْ يَمِيْنُكَ** ''હે નબી ! અમે તમારા માટે એ સર્વ બીબીઓને હલાલ ફર્માવી દીધી છે જેમનાં મહેર તમે આપી ચૂક્યા છે, અને જે તમારી બાંદી છે.'' *(અહઝાબ–૪૯)*

હઝરત આઈશા અને હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે છેવટમાં હુઝૂર ﷺને ઈખ્તિયાર આપી દેવામાં આવ્યો હતો જેટલી સ્ત્રીઓ સાથે ચાહે નિકાહ કરે, બલ્કે અમુક રિવાયતોથી સાબિત છે કે હુઝૂરે અકદસ ﷺએ અધિક નિકાહ કર્યો, જો કે ખલ્વત (એકાંતમાં મેળાપ) નથી થઈ શકી.

શરીઅતનો હુકમ : જો કોઈએ પોતાની પત્નીને કહ્યું, **اختاری نفسَكِ** તો શું હુકમ છે ? અમારો મઝહબ એ છે કે જો પતિએ તેણીને તલાક સોંપવાની નિય્યત કરી છે તો જો પોતાના નફસને ઈખ્તિયાર કરે તો તેણી પર એક તલાકે બાઈન પડી જશે અને જો પતિને અપનાવ્યો તો કાંઈ નહીં. અને પતિ ત્રણ તલાકની નિય્યત પણ કરી લે તો પણ ત્રણ લાગુ થશે નહીં.

بَابٌ اِذَااخْتَلَفُوْا فِىْ الطَّرِيْقِ الْمِيْتَاءِ وَهِىَ الرَّ حْبَةُ تَكُوْنُ بَيْنَ الطَّرِيْقِ ثُمَّ يُرِيْدُ اَهْلُهَاالْبُنْيَانَ نَتْرُكَ مِنْهَالِلطَّرِيْقَ سَبْعَةَاَذْرُعٍ

"જ્યારે એવી કોઇ વિસ્તારવાળી જમીનના બારામાં મતભેદ થાય જે આમ રસ્તો હોય અને તેના માલિક ઈમારત બનાવવા ચાહે તો રસ્તા માટે સાત હાથ છોડી આપે."

حديث ١٤٠٥ عَنْ عِكْرِمَةَ قَالَ سَمِعْتُ اَبَاهُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَضٰى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે જ્યારે લોકો રસ્તાના બારામાં ઝઘડતા તો **[હદીષ : ૧૪૦૫]**

النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا تَشَاجَرُوْا فِى الطَّرِيْقِ بِسَبْعَةِ اَذْرُعٍ ـه

સાત હાથ પહોળાઈ છોડવાનો નબી ﷺ એ ફૈસલો ફર્માવતા."

(તિર્મિઝી–અહકામ, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૪૨૯, ૪૭૪)

હદીષ : ૧૪૦૫ની સમજૂતી

ઈમામ બુખારીએ પ્રકરણમાં અત્તરીક્રની સાથે **الميتاء** નો વધારો કર્યો છે. એ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષમાં નથી પરંતું હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષમાં છે જેને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે લીધી છે. તદ્ઉપરાંત હઝરત ઓબાદા બિન સામિત અને હઝરત અનસની હદીષોમાં પણ છે.

بسبعة اذرع એટલે કે બંને પક્ષની જમીનોમાંથી સાડા ત્રણ સાડા ત્રણ હાથ જમીન લેવામાં આવે.

بَابُ النُّهْبَةِ بِغَيْرِ اِذْنِ صَاحِبِهٖ ص٣٣٦

"કોઇનો માલ તેની રજા વિના લેવો." *–(૩૩૬)*

ت ٤٧١ وَقَالَ عُبَادَةُ بَايَعْنَا النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنْ لَّا نَنْتَهِبَ **[તઅલીક : ૪૭૧]**

"હઝરત ઓબાદાએ ફર્માવ્યું, અમે નબી ﷺ થી એ વાત પર બયઅત કરી કે કોઈનો માલ લૂટીશું નહીં."

તઅલીક : ૪૭૧ની સમજૂતી

આ એક લાંબી હદીષનો ભાગ છે જે કિતાબુલ ઈમાનમાં વર્ણન થઈ ચૂકી છે. ત્યાં **ان لا ننتهب** ન હતું '૨૨ક્રહ' અને 'નહબહ'માં ફરક એ છે કે માલિકની જાણ વિના કોઈનો માલ લેવો ૨૨ક્રહ ચોરી છે, અને માલિકની જાણમાં હોવા છતાં જબરદસ્તી કોઈનો માલ લેવો, છીનવી લેવો, લૂટી લેવો એ 'નહબહ' અને લૂટ છે.

حديث ١٤٠٦ حَدَّثَنَا عَدِيُّ بْنُ ثَابِتٍ سَمِعْتُ عَبْدَ اللّٰهِ بْنَ يَزِيْدَ الْاَنْصَارِيَّ رَضِيَ اللّٰهُ

''અબ્દુલ્લાહ ઈબ્ને યઝીદ અન્સારીએ કહ્યું કે નબી ﷺએ લૂટવા અને ચહેરો [હદીષ : ૧૪૦૬]

تَعَالٰى عَنْهُ وَهُوَ جَدُّهٗ اَبُوْ اُمِّهٖ قَالَ نَهَى النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنِ النُّهْبٰى وَالْمُثْلَةِ

બગાડવાથી મના કર્યું છે.'' (બુખારી ૨/૮૨૯ અઝ્ઝબાએહ)

حديث ١٤٠٧ عَنْ اَبِيْ بَكْرِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺએ ફર્માવ્યું, કોઈ ઝાની મોમિન [હદીષ : ૧૪૦૭]

قَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَا يَزْنِي الزَّانِي حِيْنَ يَزْنِي وَهُوَ مُؤْمِنٌ وَلَا يَشْرَبُ

રહીને ઝિના નથી કરી શક્તો. કોઈ શરાબી મોમિન રહીને શરાબ નથી પીતો. કોઈ ચોર

الْخَمْرَ حِيْنَ يَشْرَبُ وَهُوَ مُؤْمِنٌ وَلَا يَسْرِقُ حِيْنَ يَسْرِقُ وَهُوَ مُؤْمِنٌ وَّلَا يَنْتَهِبُ

મોમિન રહીને ચોરી નથી કરતો અને કોઈ લૂટારો મોમિન રહીને એ રીતે માલ નથી લૂટતો

نُهْبَةً يَرْفَعُ النَّاسُ اِلَيْهِ فِيْهَا اَبْصَارَهُمْ حِيْنَ يَنْتَهِبُهَا وَهُوَ مُؤْمِنٌ ـه

જેના પ્રતિ લોકોની નજરો ઉઠે.★

(બુખારી ૨/૮૩૮, અલ્અશ્રેબહ, ૨/૧૦૦૧ અલ્હુદૂદ, મુસ્લિમ–ઈમાન, નિસાઈ–અશ્રેબહ, અર્જમ, ઈબ્ને માજહ–ફિતન)

હદીષ : ૧૪૦૬ની સમજૂતી એટલે અબ્દુલ્લાહ ઈબ્ને યઝીદ અન્સારી અદી ઈબ્ને ષાબિતના નાના છે. અબ્દુલ્લાહ ઈબ્ને યઝીદ અન્સારીના બારામાં અબૂ દાઉદે કહ્યું છે કે તેમણે નબી ﷺની ઝિયારત કરી છે. અબૂ હાતિમે કહ્યું કે તેમણે નબી ﷺથી રિવાયત પણ કરી છે અને હુઝૂરના જમાનામાં કમસિન (નાની વયના) હતા. પરંતું મુસ્અબ બિન ઝુબૈરે કહ્યું કે તેમને સોહબત નસીબ નથી થઈ.

'મુષ્લહ'નો હક़ીક़ી અર્થ અંગોને બગાડવું (વિકૃત કરવું) છે. જેમ કે ફ઼ક़ીહોએ ફર્માવ્યું કે માણસને ખસ્સી કરવી જાઈઝ નથી. એટલા માટે કે એ મુષ્લહ કરવું છે. અલ્લામા અયનીએ એનો તર્જુમો કર્યો છે કે **هي العقوبة في الآلة** એટલા માટે કે એ પોતાના ઉમૂમ (સામાન્યપણા)ના લેહાઝથી નસબંધીને પણ સમાવે છે. હક़ીક़તમાં એ પણ અંગને બગાડવું છે એટલા માટે કે અંગ જે લાભ માટે બનાવવામાં આવ્યું છે અને ઓપરેશન બાદ તે લાભ પામવાથી વંચિત થઈ જાય છે તો એ હક़ીક़તમાં અંગને બગાડવું જ છે.

હદીષ : ૧૪૦૭ની સમજૂતી

કિતાબુલ મુહારિબીનની રિવાયતના છેવટમાં છે : **والتوبةمعروضةبعد** એટલે કે તૌબાનો દરવાજો ખુલ્લો છે તે ચાહે તો તૌબા કરી લે. કિતાબુલ હુદૂદની રિવાયતમાં **نهبة**ની સાથે સાથે **ذات شرف** પણ છે એટલે ક़દરે અઝીમ (મહાન માત્રા–કિંમત) એમાં બંને સંભાવનાઓ છે કે માત્રા અધિક હોય, અને એ પણ કે કિંમત વધારે હોય ભલે માત્રા ઓછી હોય. અને અહીં આ ઈર્શાદનો મતલબ પણ એ જ છે : **يرفع الناس اليه فيها ابصارهم**

قَالَ الْفِرَبْرِيُّ وَجَدْتُ بِخَطِّ اَبِيْ جَعْفَرٍ قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ قَالَ ابْنُ

ફરબરીએ કહ્યું કે મેં અબૂજઅફરના હાથનું લખેલું જોયું કે અબૂ અબ્દુલ્લાહ (બુખારી)એ કહ્યું કે ઈબ્ને અબ્બાસે

عَبَّاسٍ تَفْسِيْرُهٗ اَنْ يَّنْزِعَ مِنْهُ نُوْرَ الْاِيْمَانِ۔

એની તફસીરમાં ફર્માવ્યું, એનાથી ઈમાનનું નૂર છીનવી લેવામાં આવે છે (એટલે કાઢી લેવામાં આવે છે)"

(બુખારી ૨/૮૩૬, અલ્અશ્રેબહ્, ૨/૧૦૦૧, અલ્હુદૂદ, મુસ્લિમ–ઈમાન, નિસાઈ–અશ્રેબહ્, અર્જૂમ, ઈબ્ને માજહ ફિતન)

قال الفربری : આ ઈમામ બુખારીથી સહીહ બુખારીના મશહૂર રાવી અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન યૂસુફ બિન મતર છે. અબૂ જઅફર એ ઈબ્ને અબી હાતિમ ઈમામ બુખારીના વર્રાક઼ એટલે કાતિબ છે. તેમનો ઉલ્લેખ મુક઼દ્દમા (પ્રસ્તાવના)માં વર્ણન થઈ ચૂક્યો છે. અહલે સુન્નતનો એના પર ઈત્તેફાક઼ (એકમતિ) છે કે ગુનાહ કરવાથી ભલે તે કબીરા હોય મુસલમાન કાફિર નથી થતો. પૂર્વજ બુઝુર્ગોથી લઈને આજ સુધી આ હદીષની તાવીલ કરતા રહ્યા છે. આ હદીષ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી પણ મરવી છે અને એમનાથી બે તાવીલો પણ નક઼્લ થયેલ છે. એક એ જે અહીં વર્ણન થયેલ છે કે મુરાદ એ છે કે ઈમાનનું નૂર નીકળી જાય છે. એને ઈમામ અબૂબક્ર ઈબ્ને શયબાએ કિતાબુલ ઈમાનમાં રિવાયત કરી છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પોતાના એક ગુલામને બોલાવતા અને ફર્માવતા, શું તમારી શાદી ન કરી આપું ? એટલા માટે કે **જે બંદો ઝિના કરે છે તો અલ્લાહ તઆલા તેના ઈમાનના નૂરને છીનવી લે છે.** બલ્કે ઈમામ બિન જરીર તબરીએ ખૂદ હઝરત ઈબ્ને અબ્બાસથી જ મુજાહિદના તરીક઼ાથી મરફૂઅ હદીષ પણ રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે ઝિના કરે છે તો અલ્લાહ તઆલા તેના ઈમાનના નૂરને છીનવી લે છે. હવે એના બાદ એની મહેરબાની છે ચાહે તો પરત કરી આપે ચાહે ન પરત કરે.** *(ફત્હુલ બારી, કિતાબુલ હુદૂદ, ૧૨/૫૯)*

બીજી કિતાબુલ મહારિબીનમાં છે કે ઈકરમાના સવાલ પર ફર્માવ્યું, "આ રીતે" અને બંને હાથોની આંગળીઓ આપસમાં ભેગી કરી આપી, પછી અલગ કરી નાખી. **હવે જો તૌબા કરે છે તો ઈમાન પરત થાય છે. એ જ રીતે ફરી આંગળી મિલાવી.** ★ આ તાવીલનું સમર્થન અબૂ દાઊદ અને હાકિમની એક હદીષથી થાય છે જે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જ્યારે કોઈ ઝિના કરે છે તો ઈમાન તેનાથી નીકળીને છાયડા જેમ અદ્ધર થઈ જાય છે, જ્યારે પરવારી જાય છે તો પરત આવી જાય છે.** એ જ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી ઈમામ હાકિમે એક અન્ય હદીષ રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **જે ઝિના કરે છે અથવા શરાબ પીએ છે તો તેનું ઈમાન એ પ્રમાણે અલગ થઈ જાય છે જેમ કે માણસ પોતાનો કુર્તો ઉતારી નાખે છે.**

اقول وھوالمستعان : પણ આ તાવીલ ખૂદ ખુલાસાની મોહતાજ છે. એટલા માટે કે એનો મતલબ એ થયો કે તે કાર્ય કરતી વખતે તે મોમિન નથી રહેતો, કાફિર થઈ જાય છે, જ્યારે તૌબા કરે છે તો મોમિન થઈ જાય છે, જેવી રીતે દરેક કાફિર કુફ઼્ર કર્યા બાદ તૌબા કરવાથી મોમિન થઈ જાય છે. અનાયાસે કહેવું પડશે કે અહીં ઈમાનથી મુરાદ કામિલ ઈમાન છે એટલા માટે જમહૂરે પ્રારંભથી આ જ તાવીલ કરી. એમાં કોઈ ખલેલ નથી અને એ ઉર્ફ તથા મુહાવરાના પ્રમાણે છે કે લોકો રોજબરોજ વાત વાતમાં કોઈ ચીજનો નકાર કરી દે છે અને હેતુ કમાલનો નકાર હોય છે. મશહૂર કહાવત છે : **لافتی الاعلی لاسیف الاذوالفقار** "સિવાય અલી કોઈ જવાન નથી અને સિવાય ઝુલ્ફિકારના કોઈ તલ્વાર નથી." એ જ પ્રમાણે અહીં પણ મુરાદ એ છે કે ગુનાહમાં પડતી વખતે મોમિન નથી, એટલે કામિલ મોમિન નથી.

بَابٌ هَلْ تُكْسَرُ الدِّنَانُ اللَّتِيْ فِيْهَا الْخَمْرُ وَتُخَرَّقُ الزِّقَاقُ

"જે માટલામાં શરાબ હોય તો શું એને તોડી નાખવામાં આવે અને તે મશકોને ફાડી નાખવામાં આવે." –(૩૩૬)

فَإِنْ كَسَرَ صَنَمًا اَوْصَلِيْبًا اَوْ طُنْبُوْرًا اَوْ مَا لَا يُنْتَفَعُ بِخَشَبِهٖ ۔ وَاُتِيَ شُرَيْحٌ فِيْ طُنْبُوْرٍ كُسِرَ فَلَمْ يَقْضِ فِيْهِ بَشَيْءٍ

વળી જો મૂર્તિ તોડી નાખે અથવા સલીબ, સારંગી અથવા એવો માલ જેની લાકડીથી ફાયદો ઉઠાવી શકાય, શુરૈહની પાસે આ મામલો લાવવામાં આવ્યો કે સારંગી તોડી નાખી હતી તો કાંઈ પણ તાવાનનો હુકમ ન કર્યો.

حديث ١٤٠٨ عَنْ يَزِيْدَ بْنِ اَبِيْ عُبَيْدٍ عَنْ سَلَمَةَ بْنِ الْاَكْوَعِ اَنَّ النَّبِيَّ

"હઝરત સલ્મા ઈબ્ને અકવઅ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ખૈબરના દિવસે **[હદીષ : ૧૪૦૮]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ رَاٰى نِيْرَانًا تُوْقَدُ يَوْمَ خَيْبَرَ فَقَالَ

આગ જોયી જે સળગાવવામાં આવી રહી હતી. પૂછયું, આ આગ શાના પર સળગાવવામાં આવી રહી છે ?

عَلٰى مَا تُوْقَدُ هٰذِهِ النِّيْرَانُ قَالُوْا عَلَى الْحُمُرِ الْاَنْسِيَّةِ قَالَ اِكْسِرُوْهَا

ફર્માવ્યું, દેશી (પાલતુ) ગધેડાઓ પર. ફર્માવ્યું, (હાંડલીઓ) તોડી નાખો અને ગોશ્ત ફેંકી દો. લોકોએ અર્ઝ

وَاَهْرِيْقُوْهَا قَالُوْا اَلَا نُهْرِيْقُهَا وَنَغْسِلُهَا قَالَ اغْسِلُوْا ۔ قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ

કરી, શું એવું ન કરીએ કે ગોશ્ત ફેંકી દઈએ અને હાંડલીઓ ધોઈ લઈએ ?!★ ફર્માવ્યું, ધોઈ લો. અબૂ

كَانَ ابْنُ اَبِيْ اُوَيْسٍ يَقُوْلُ اَلْحُمُرُ الْاَنْسِيَّةُ بِنَصْبِ الْاَلِفِ وَالنُّوْنِ ۔

અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, ઈબ્ને અબી ઉવૈસ કહ્યા કરતા હતા اَلْحُمُرُ الْاَنْسِيَّةُ

અલિફ તથા નૂનના ઝબરની સાથે." (★ બુખારી ૨/૬૦૩ મગાઝી, ૨/૮૨૭ અસ્સૈદ, ૨/૯૦૮ અલ્અદબ, ૨/૯૩૭ અદ્અવાત, મુસ્લિમ–મગાઝી, અઝ્ઝબાએહ, ઈબ્ને માજહ–ઝબાએહ)

હદીષ : ૧૪૦૮ની સમજૂતી આ એક લાંબી હદીષનો મધ્ય ભાગ છે જે ગઝવએ ખૈબર વગેરેમાં વર્ણન થયેલ છે. આ હદીષ પણ ઈમામ બુખારીની ષલાષિયાતમાંથી છે. અહીં અબૂ આસિમ ઝહાકથી તખરીજ કરી છે અને કિતાબુઝ્ઝબાએહમાં મક્કી બિન ઈબ્રાહીમ ઈમામે આ'ઝમના શાગિર્દથી પ્રારંભિક હિસ્સો આ છે : અબૂ સલ્મા કહે છે, જ્યારે અમે ખૈબર પહોંચીને એનો ઘેરાવ કરી લીધો તો અમને સખત ભૂખ લાગી પછી અલ્લાહે ખૈબર ફતહ કરી આપ્યું. જે દિવસે ખૈબર ફતહ થયો તો તેની સાંજે અમે ખૂબ જ અધિક આગ સળગાવી.

قال ابوعبدالله : ઈબ્ને અબી ઉવૈસથી મુરાદ ઈમામ બુખારીના ઉસ્તાદ ઈસ્માઈલ છે જેમનું નામ અબ્દુલ્લાહ હતું. એ હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ની હમશીરા (દૂધ બહેન)ના સાહબઝાદા છે.

اَلْاَنْسِيَّةِમાં ત્રણ લુગાત દુરુસ્ત છે. اَنَسِيَّة એ اُنْسٌથી દહશતનું વિરૂદ્ધાર્થી. અને اُنْسِيَّة اُنس થી એ જ અર્થમાં اِنْسِيَّه એ اِنْسٌથી બની આદમ (માનવી)થી છે. ઈબ્ને અબી ઉવૈસે એ ફાયદો કર્યો કે મશહૂર રિવાયત اَنَسِيَّة છે.

حديث ١٤٠٩ عَنْ اَبِىْ مَعْمَرٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُوْدٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہما એ કહ્યું, **નબી ﷺ મક્કામાં તશરીફ લઈ** [હદીષ : ૧૪૦૯]

دَخَلَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَكَّةَ وَحَوْلَ الْكَعْبَةِ ثَلٰثُ مِائَةٍ وَّسِتُّوْنَ

ગયા અને કાબાની આસપાસ ત્રણસો સાઈઠ મૂર્તિઓ હતી. હુઝૂર પોતાના હાથની લાકડી વડે

نُصُبًا فَجَعَلَ يَطْعَنُهَا بِعُوْدٍ فِىْ يَدِهٖ وَجَعَلَ يَقُوْلُ جَاءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ الْاٰيَةَ ـــ

તેને મારતા હતા અને ફર્માવતા હતા, હક્ક આવ્યું અને બાતિલ નષ્ટ થઈ ગયું.....પૂરી આયત.''

(બુખારી ૨/૬૧૪ મગ્ઝી)

حديث ١٤١٠ عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّهَا كَانَتِ اتَّخَذَتْ عَلٰى سَهْوَةٍ

''ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે તેમણે પોતાના એક [હદીષ : ૧૪૧૦]

لَهَا سِتْرًا فِيْهِ تَمَاثِيْلُ فَهَتَكَهُ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَاتَّخَذَتْ مِنْهُ

ચબૂતરા પર એક એવો પર્દો નાખી આપ્યો હતો જેમાં તસ્વીરો હતી. તો તેને નબી ﷺ એ ફાડી નાખ્યો અને

ઈમામ બુખારીએ હમ્ઝાને અલિફથી અને ઝબરને નસબથી તાબીર કર્યું. આ એમનો તસામોહ (ચૂક) છે. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે મુતક્દ્દિમીન નુહાત (પૂર્વજ નહવીઓ)ની ઈસ્તેલાહમાં એ દુરુસ્ત છે કે હમ્ઝાને અલિફથી અને ફતહ (ઝબર)ને નસબથી તાબીર કરવામાં આવે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે આ દાવો દલીલ વિનાનો છે.

હદીષ : ૧૪૦૯ની સમજૂતી نصبا ઈબ્ને તયને કહ્યું કે અબુલ હસનની રિવાયતમાં نُصُبٌ છે નૂન અને સ્વાદ બંનેના પેશની સાથે. આ તક્દીર પર નિસાબનું બહુવચન છે, જે મૂર્તિ અથવા એ પથ્થરના અર્થમાં છે જેને નસબ કરવામાં આવે છે. એક ક્વૌલ એ પણ છે કે આ نُصُبٌ નૂનના પેશ અને સ્વાદના જઝમની સાથે છે. તે પથ્થર જેને જાહિલિયતના જમાનામાં નસબ (સ્થાપિત) કરીને મૂર્તિ બનાવી લેતા હતા જેની પૂજા કરતા હતા. એનું બહુવચન અન્સાબ છે. એક રિવાયતમાં **نصبا**ને બદલે **صنما** પણ આવ્યું છે. **મક્કા ૧૦ રમઝાન હિ.સ. ૮માં ફતહ થયું હતું.** બયહક્વીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી છે કે **રસૂલુલ્લાહ ﷺ જ્યારે મક્કામાં દાખલ થયા તો ત્યાં ત્રણસો સાઈઠ મૂર્તિઓ જોઈ તો લાકડી વડે દરેક મૂર્તિ તરફ ઈશારો કરતા અને આ આયત તિલાવત કરતા હતા, હક્ક આવ્યું અને બાતિલ નષ્ટ થયું અને બાતિલ નષ્ટ થનાર જ હતું. જે મૂર્તિ તરફ ઈશારો કરતા તે પડી જતી એના વિના કે લાકડી મુબારક તેને સ્પર્શતી.**

હદીષ : ૧૪૧૦ની સમજૂતી કિતાબુલ લિબાસમાં આ હદીષ પૂરી આ પ્રમાણે છે : ઉમ્મુલ મોમિનીન ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એકવાર (તબૂક કે ખૈબરના) સફરથી તશરીફ લાવ્યા અને મેં અમારા ચબૂતરાને તસ્વીરવાળા પર્દાથી છુપાવી દીધો હતો. જ્યારે એને રસૂલુલ્લાહ ﷺ એ જોયો તો ફાડી નાખ્યો અને ફર્માવ્યું, **ક્યામતના દિવસે સૌથી સખત અઝાબ તે લોકોને થશે જેઓ અલ્લાહની તખ્લીક્ (સર્જન) સાથે મુશાબેહત (મળતાપણુ) કરે છે.** તેમાં બીજી રિવાયતમાં **قواما**ને બદલે **درنوكا** છે. રૂ વાળુ છપાયેલ કપડુ. સાર એ જ છે કેમ કે આગળ સ્પષ્ટતા છે. **فيه تماثيل** એમાં

ثُمَّ فَتَيْنَ فَكَانَتَا فِي الْبَيْتِ يَجْلِسُ عَلَيْهِمَا ـ

તેનાં બે પાથરણા બનાવી કાઢયાં જેમાં ઘરમાં રાખેલ રહેતા જેના પર બેસતાં હતાં."

(બુખારી ૨/૮૮૦ લિબાસ, બે તરીકાથી ૨/૯૦૨ અલ્અદબ)

بَابُ مَنْ قُتِلَ دُوْنَ مَالِهٖ ص٣٣٧

"જે પોતાના માલને બચાવવામાં માર્યો જાય." –(૩૩૭)

حديث عَنْ عِكْرِمَةَ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ سَمِعْتُ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું કે **[હદીષ : ૧૪૧૧]**

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ مَنْ قُتِلَ دُوْنَ مَالِهٖ فَهُوَ شَهِيْدٌ ـ

ફર્માવતા હતા, જે પોતાનો માલ બચાવવાના માટે માર્યો ગયો તે શહીદ છે."

તસ્વીરો (ફોટા) હતા. છેવટમાં આ છે : **من اشدالناس عذابايوم القيمة الذين يصورون هٰذِهِ الصُّور** **"કયામતના દિવસે જે લોકોને સખ્ત અઝાબ થશે એમાં આ તસ્વીરોને બનાવનાર (ફોટોગ્રાફરો) પણ છે."**

સામ્યતા : મઝાલિમથી આ હદીષને મળતાપણુ એ છે કે જુલ્મની વ્યાખ્યા છે : **وضع الشى فى غير محله** તસ્વીર બનાવવામાં જે રંગરોગન વપરાય છે એ એના અસ્થાને વપરાય છે એટલા માટે એ જુલ્મ થયો. પ્રકરણથી સામ્યતા એ છે કે પ્રકરણથી એ માલૂમ પડયું કે **જે ચીજોનો ઉપયોગ નાજાઈઝ છે એને હિફાઝત સાથે રાખવી હરામ છે તેને નષ્ટ કરી દેવી વાજિબ છે. કેમ કે હુઝૂરે અકદસ ﷺએ તસ્વીરવાળા પર્દાને ફાડી નાખ્યો.**

મસાઈલ : કેટલાક લોકો એવું કહે છે કે હરામ કેવળ એ તસ્વીર (ફોટો) છે જે પૂતળુ હોય જેનો પડછાયો હોય એટલા માટે કે છબી (આકૃતિ) કેવળ પૂતળાને જ કહે છે. પણ **આ હદીષથી સાબિત થયું કે પૂતળા સિવાય એ તસ્વીરો (ફોટા) પણ હરામ છે જેમનો પડછાયો ન હોય, અને જે કપડા પર કે કાગળ પર કે દીવાલ પર બનેલી હોય. એટલા માટે કે એ તસ્વીરો (ફોટોગ્રાફ) જે આ હદીષથી વર્ણન થયેલ છે તે પર્દા પર બનેલી હતી.** ઉમ્મુલ મોમિનીનના શબ્દો અમુક રિવાયતમાં (બુખારી ૨/૮૮૦) **فيه تماثيل** આવેલ છે. એનાથી સાબિત છે કે કપડા વગેરે પર બનેલ તસ્વીરો પર પણ બોલાય છે જે પૂતળુ નથી.

હદીષ : ૧૪૧૧ની સમજૂતી **دون** અસલમાં **تحت**ના અર્થમાં ઝર્ફે મકાન છે. મજાઝન સબબના અર્થમાં વપરાય છે. હવે તર્જુમો આ પ્રમાણે છે : જે પોતાના માલના કારણે માર્યો ગયો, એટલે હિફાઝતના કારણે. અમુક નુસ્ખાઓમાં **باب من قاتل دون ماله** એને શહીદ હોવું લાઝિમ નથી. એટલા માટે ઈમામ બુખારીએ જવાબ વર્ણવ્યો નથી. જવાબ એ થશે કે તે માજૂર (અજરને પાત્ર) છે સવાબનો મુસ્તહિક છે. સામ્યતાની તકરીર એ થશે કે જ્યારે માલની હિફાઝતમાં કત્લ થઈ જનાર શહીદ છે તો જે માલ બચાવવાના માટે લડે તે કેવળ સવાબનો જરૂર હક્કદાર છે ભલે શહીદ ન થાય. જવાબ વર્ણન ન કરવાનું બીજુ કારણ એ પણ છે કે અહીં રિવાયતો વિવિધ છે, અમુક રિવાયતોમાં છે : **من قتل دون ماله مظلومًا فله الجنة** એટલે જે પોતાનો માલ બચાવવામાં મઝલૂમ થઈને મારી નાખવામાં આવ્યો એના માટે જન્નત છે. અને જાહેર છે કે જન્નતના માટે શહીદ થવું લાઝિમ નથી.

بَابٌ إِذَا كَسَرَ قَصْعَةً أَوْ شَيْئًا لِغَيْرِهِ ص ٣٣٠

"જ્યારે કોઇ બીજાનો પ્યાલો અથવા કાંઇ બીજુ તોડી નાખ્યું" –(૩૩૭)

حديث ١٤١٢ عَنْ حُمَيْدٍ عَنْ أَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ પોતાની અઝવાજ (પાક બીવીઓ)ને **[હદીષ : ૧૪૧૨]**

وَسَلَّمَ كَانَ عِنْدَ بَعْضِ نِسَائِهِ فَأَرْسَلَتْ إِحْدَى أُمَّهَاتِ الْمُؤْمِنِينَ مَعَ خَادِمٍ بِقَصْعَةٍ

ત્યાં બિરાજેલ હતા. અમુક ઉમ્મહાતુલ મોમિનીને એક ખાદિમાના હાથે એક પ્યાલામાં ખાવા મોકલ્યું તો જેમના

فِيهَا طَعَامٌ فَضَرَبَتْ بِيَدِهَا فَكَسَرَتِ الْقَصْعَةَ فَضَمَّهَا وَجَعَلَ فِيهَا الطَّعَامَ وَقَالَ كُلُوا وَحَبَسَ

ત્યાં હુઝૂર હતા તેમણે ખાવા પર પોતાનો હાથ મારી દીધો, પ્યાલો (પડી ગયો) અને તૂટી ગયો. હુઝૂરે પ્યાલાને

الرَّسُولُ وَالْقَصْعَةَ حَتَّى فَرَغُوا فَدَفَعَ الْقَصْعَةَ الصَّحِيحَةَ وَحَبَسَ الْمَكْسُورَةَ ـه

જોડયો અને ખાવાને પ્યાલામાં કર્યું અને ફર્માવ્યું, ખાવ ! લાવનાર અને પ્યાલાને રોકી લીધો. જ્યારે સર્વ લોકો ખાવાથી ફારિગ થઈ ગયા તો સહીસલામત પ્યાલો પરત કર્યો અને તૂટલો રોકી લીધો." (બુખારી ૨/૭૮૬ નિકાહ)

હદીષ : ૧૪૧૨ની સમજૂતી

કિતાબુન્નિકાહમાં એ તફસીલ છે કે જેમના કાશાનાએ અક્દસ (ઘર)માં હુઝૂરે અક્દસ ﷺ બિરાજમન હતા તેમણે ખાદિમાના હાથને માર્યો જેના કારણે પ્યાલો પડીને તૂટી ગયો. નબી ﷺએ પ્યાલાના ટુકડાઓને ભેગા કર્યા પછી ખાવા તેમાં ભેગુ કર્યું. ફર્માવવા લાગ્યા, તમારી માને ગૈરત આવી ગઈ છે ! પછી જેમના ત્યાં બિરાજમાન હતા તેમનાથી સહી સલામત પ્યાલો લઈને આપ્યો અને તૂટેલો એમને આપી દીધો.

મોકલનાર હઝરત ઝયનબ બિન્તે જહશ હતાં અથવા હઝરત ઉમ્મે સલમા અથવા હઝરત સફિય્યહ. એ પણ હોઈ શકે છે કે વિવિધ બનાવો બન્યા હોય.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

بَابُ الشَّرِكَةِ فِي الطَّعَامِ وَالنَّهْدِ وَالْعُرُوْضِ وَكَيْفَ قِسْمَةُ مَا يُكَالُ وَيُوْزَنُ مُجَازَفَةً اَوْ قَبْضَةً قَبْضَةً لِمَّا لَحْ يَرَ الْمُسْلِمُوْنَ فِي النَّهْدِ بَأْسًا اَنْ يَّاْكُلَ هٰذَا بَعْضًا وَهٰذَا بَعْضًا وَكَذٰلِكَ مُجَازَفَةً الذَّهَبِ وَالْفِضَّةِ وَالْقِرَانِ فِي التَّمْرِ ص ٣٣٣

"ખાવા તથા ઝાદે રાહ (માર્ગનુ ભાથુ) અને સામાનમાં ભાગીદારનું બયાન. અને વજન કરવામાં આવતી વસ્તુને અંદાજાથી વહેંચવામાં આવે અથવા મુઠ્ઠી મુઠ્ઠીભર. કેમ કે માર્ગના ભાથામાં મુસલમાન એમાં કોઈ વાંધો ન જાણતા હતા કે કોઈ કાંઈક ખાય લે અને કોઈ કાંઈક. અને એ જ પ્રમાણે સોના ચાંદીને અંદાજાથી વહેંચવું અને થોડીક ખજૂરો સાથે સાથે ખાવી. –(૩૩૩)

પ્રકરણની સ્પષ્ટતા : شركة માં ચાર લુગાત છે : شَرِكَةٌ شِرْكَةٌ شَرَكَةٌ ـ شِرْك વિના تاء. શરીઅતમાં શિર્કતનો અર્થ આ પ્રમાણે છે :

એક અથવા એકથી અધિક ચીજો પર કેટલાક માણસોનો હક્ક સાબિત થઈ જાય કોઈ પણ આધારે. એના બે પ્રકારો છે : માલિકીની ભાગીદારી અને **સોદાની ભાગીદારી.** માલિકીની ભાગીદારી આ પ્રમાણે છે કે, અમુક શખ્સો કોઈ ચીજના માલિક હોય પણ તેમનામાં અક્દે શિર્કત (સોદામાં ભાગીદારી) ન થયો હોય. એના બે પ્રકાર છે : ઈખ્તિયારી (સ્વેચ્છીક) અને જબરી (બળપૂર્વકની). ઈખ્તિયારી એ છે કે ભાગીદારોના અમલ તથા ઈખ્તિયારથી ભાગીદારી થઈ હોય, દા.ત. ભાગીદારીની નિય્યતથી અમુક માણસોએ કોઈ ચીજ ખરીદી અથવા એમને કોઈ ભેટ ધરી કે સદક્ો કર્યો અને તેમણે ક્બૂલ કરી લીધું. અથવા એક જણે ઈરાદા પૂર્વક પોતાની ચીજ બીજાની ચીજમાં ભેળવી દીધી કે તફાવત બાકી ન રહ્યો. જબરી એ છે કે તેમના માલમાં તેમના ઈરાદા તથા ઈખ્તિયાર વિના એવું મિશ્રણ થઈ જાય કે એકની ચીજ બીજાથી અલગ ન પડી શકે, જેમ કે વારસો. અથવા અલગ પડી શકે પણ ખૂબ જ મુશ્કેલીની સાથે, જેમ કે એકના ઘઉંમાં બીજાના જવ મિક્સ થઈ જાય.

શિર્કતે અક્દ (ક્રારથી ભાગીદારી) : એ છે કે આપસમાં ભાગીદારીનો ક્રાર થયો હોય, દા.ત. એકે કહ્યું, હું ફલાણી ચીજમાં તારો ભાગીદાર છું અને બીજાએ કહ્યું મને મંઝૂર છે. એના ત્રણ પ્રકાર છે : શિર્કત બિલમાલ, શિર્કત બિલ્અમલ, શિર્કતે વજૂહ (માલથી ભાગીદારી, અમલથી ભાગીદારી, પ્રભાવથી ભાગીદારી.) માલથી ભાગીદારી એટલે બંનેવે માલ આપ્યો હોય. અમલથી ભાગીદારી એટલે કે તમામ ભાગીદારો કામ લાવીને મળીને કામ કરે અને મજૂરી આપસમાં વહેંચી લે. શિર્કતે વજૂહ એ છે કે તમારા ભાગીદારો પોતાના પ્રભાવ (પ્રેસ્ટિઝ) તથા વિશ્વાસ પર ઉધાર માલ લાવીને વેચશે અને નફામાં ભાગીદાર રહેશે. વળી તેના બે પ્રકાર છે : શિર્કતે મુફાવિઝહ અને શિર્કતે એનાન.

શિર્કતે મુફ़ાવિઝહ : એ છે કે કેટલાક શખ્સો આપસમાં એવું કહે કે અમે શિર્કતે મુફ़ાવિઝહ કરી અને અમને અધિકાર છે કે એક સામટુ ખરીદ વેચાણ કરીએ કે અલગ અલગ, રોકડે વેચીએ કે ઉધાર અને દરેક પોત પોતાની રાયથી કામ કરશે. જે કાંઈ નફો નુકસાન થશે તેમાં બંનેવ સમાન ભાગીદાર રહેશે. એની શર્ત એ છે કે બંનેના માલ સરખા હોય, નફા નુકસાનમાં પણ સરખા હોય, અને દખલ દેવાનો હક્ક પણ બંનેનો સમાન હોય. હુકમ એ છે કે એમાં દરેક ભાગીદાર બીજાનો વકીલ તથા કફીલ હોય છે એટલે કે દરેક બીજાનુ લેણુ વસૂલ કરી શકે છે અને દરેક પર જે લેણુ વાજિબ થશે તેનો બીજો પણ જામિન છે.

શિર્કતે અનાન : એ છે કે અમુક વ્યક્તિઓ કોઈ ખાસ પ્રકારના વેપાર અથવા દરેક પ્રકારના વેપારમાં ભાગીદારી કરે પણ એમાં કોઈ બીજાનો જામિન ન હોય કેવળ વકીલ હોય. એની શર્ત એ છે કે જે લોકો વકીલ થવાને પાત્ર છે એમનામાં એ જાઈઝ છે. ઓળખના માટે પ્રાથમિક વ્યાખ્યા રજૂ કરી આપી છે, તફ્સીલના માટે ફિક્હની કિતાબો ખાસ કરીને 'બહારે શરીઅત' ભાગ–૧૦ થી માલૂમ કરે.

نَهْد એ નૂનના ઝબર તથા ઝેર બંને સાથે છે, માર્ગનું ભાથુ. સફરમાં સામાન્યતઃ એવું થાય છે કે કેટલાક સાથીઓ પોતપોતાની ખાવાની ચીજો ભેગી કરીને ખાય છે. ચીજો કોઈની ઓછી હોય છે કોઈની વધારે, કોઈ ઉમદા કોઈની સામાન્ય, કોઈ વધુ ખાય છે કોઈ ઓછું. પણ કેમ કે ભેગા થઈને ખાવાનો મતલબ એ જ હોય છે કે એક બીજાના માટે પોતાની ચીજ મુબાહ કરી આપી છે એટલા માટે એ વિના શંકાએ જાઈઝ છે. એ જ પ્રમાણે ભેગા અનાજ વગેરેમાં પણ એ રિવાજ છે કે લોકો અંદાજાથી પણ વહેંચણી કરી લે છે અને હાથ વડે માપીને પણ વહેંચે છે જેથી એમાં પણ કાંઈ વાંધો નથી.

مجازفة الذهب والفضة : એનો મતલબ એ છે કે સોનુ ભેગુ છે તો ભાગીદારો એને અંદાજાથી પણ વહેંચી શકે છે, એ જ પ્રમાણે ચાંદીને પણ. પરંતું ઈબ્ને બતાલે કહ્યું કે એ ઈજમાઅ સાથે જાઈઝ નથી. એ જ પ્રમાણે ઘઉં વગેરે ચીજોમાં પણ એવી વહેંચણી જાઈઝ નથી જેમાં વ્યાજ છે. હા ! જો જાતિ વિવિધ હોય તો જાઈઝ છે અથવા તે એવી ચીજો છે જેમાં વ્યાજ નથી.

والقران فی التمر : એટલે એમાં પણ વાંધો નથી પણ હદીષોમાં એનાથી મનાઈ આવી છે. થોડાક પ્રકરણો પછી હદીષ વર્ણન થયેલી છે. ઉલમાનો એમાં મતભેદ છે કે એ મનાઈ તેહરીમી છે કે તન્ઝીહી. બઝ્ઝાર તથા તિબ્રાનીએ પોતાના મોઅજમે અવસતમાં રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મેં તમને ખજૂરો મિલાવીને ખાવાથી મના ફર્માવ્યું હતું, અલ્લાહ ﷻએ તમને વિશાળતા આપી છે હવે મિલાવીને ખાવ ! આ હદીષે આગલી મનાઈઓને મન્સૂખ કરી આપી (ઉઠાવી લીધી). પણ આ હદીષ પર ચર્ચા ઉઠેલી છે એટલા માટે અમુક ઉલમા નસ્ખને (મન્સૂખ થવું) સ્વીકારતા નથી. સારાંશ એહતિયાત (સાવધાની) એમાં જ છે કે ખજૂર અથવા ફળોને મિલાવીને ન ખાવામાં આવે એનાથી લાલચ તથા હવસ ટપકે છે.

حديث ١٤١٣ عَنْ وَهْبِ بْنِ كَيْسَانَ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللهِ رَضِيَ اللهُ عَنْهُمَا اَنَّهُ قَالَ

"હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ [હદીષ : ૧૪૧૩]

بَعَثَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ بَعْثًا قِبَلَ السَّاحِلِ فَاَمَّرَ عَلَيْهِمْ اَبَا عُبَيْدَةَ

એક લશ્કર કિનારા તરફ મોકલ્યું અને એ લશ્કરના અમીર હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ رضی اللہ عنہ ને

بْنَ الْجَرَّاحِ وَهُمْ ثَلٰثُ مِاَئَةٍ وَاَنَا فِيْهِمْ فَخَرَجْنَا اِذَا كُنَّا بِبَعْضِ الطَّرِيْقِ فَنِيَ الزَّادُ

બનાવ્યા અને એ ત્રણસો માણસો હતા. હું પણ એમનામાં હતો. અમે મદીનાથી નીકળ્યા. રસ્તામાં જ હતા ને

فَاَمَرَ اَبُوْ عُبَيْدَةَ بِاَزْوَادِ ذٰلِكَ الْجَيْشِ فَجُمِعَ ذٰلِكَ كُلُّهُ فَكَانَ مِزْوَدَيْ تَمْرٍ وَكَانَ يُقَوِّتُنَا

તોશો (માર્ગનું ભાથુ) ખત્મ થઈ ગયો. એના પર હઝરત અબૂ ઓબૈદાએ હુકમ આપ્યો કે પૂરા લશ્કરના તોશાને

كُلَّ يَوْمٍ قَلِيْلًا قَلِيْلًا حَتّٰى فَنِيَ فَلَمْ يَكُنْ يُصِيْبُنَا اِلَّا تَمْرَةٌ تَمْرَةٌ فَقُلْتُ وَمَا تُغْنِيْ تَمْرَةٌ فَقَالَ

એકત્ર કરવામાં આવે જે કુલ ખજૂરોના બે થેલા થયા. તે દરરોજ અમને થોડો થોડો તોશો આપતા, ત્યાં સુધી કે

لَقَدْ وَجَدْنَا فَقْدَهَا حِيْنَ فَنِيَتْ قَالَ ثُمَّ اِنْتَهَيْنَا اِلَى الْبَحْرِ فَاِذَا حُوْتٌ مِثْلُ الظَّرِبِ فَاَكَلَ

તે પણ ખત્મ થઈ ગયો અને હવે અમને કેવળ એક એક ખજૂર મળતી હતી. (વહબ બિન કેસાને) કહ્યું, એક

مِنْهُ ذٰلِكَ الْجَيْشُ ثَمَانِيْ عَشْرَةَ لَيْلَةً ثُمَّ اَمَرَ اَبُوْ عُبَيْدَةَ بِضِلْعَيْنِ مِنْ اَضْلَاعِهٖ فَنُصِبَا

ખજૂરથી શું થતુ હતું ? તો હઝરત જાબિરે ફર્માવ્યું કે જ્યારે એ પણ ખત્મ થઈ ગઈ તો અમને એની કદર માલૂમ

ثُمَّ اَمَرَ بِرَاحِلَةٍ فَرُحِلَتْ ثُمَّ مَرَّتْ تَحْتَهُمَا فَلَمْ تُصِبْهُمَا

થઈ. ત્યારબાદ અમે દરિયા સુધી પહોંચ્યા તો એક માછલી નાના પહાડ સમાન સુકી જગા પર મળી જેના થકી

એ લશ્કરે અઢાર દિવસ ખાધુ અથવા પછી તેના પાસાની હાડકીઓમાંથી બે હાડકાંને મિલાવીને ઉભી કરવાનો

હુકમ આપ્યો. પછી ઊંટ પર કાઠલો કસવાનો હુકમ આપ્યો એ ઊંટ એ બંનેની નીચેથી પસાર થયું પણ

તેનો છેડો હાડકાં સુધી ન પહોંચી શક્યો."

(બુખારી ૧/૪૧૯ જેહાદ, ૨/૬૨૫ મગ્ઝી, મુસ્લિમ–અસ્સૈદ, તિર્મિઝી–ઝુહદ, નિસાઈ–અસ્સૈદ, અસ્સિયર)

હદીષ : ૧૪૧૩ની સમજૂતી

આ સરિય્યા (જંગ) હિ.સ. ૮ની રજબમાં થયો હતો. એને 'સરિયતુલ ખબ્ત' અને "સરૈયા સિયફુલ બહર" પણ કહે છે. ખબ્ત એ પાંદડાને કહે છે જે ઝાડ પરથી ઝાડીને પાડવામાં આવેલ હોય. કેમ કે આ સરિય્યા (જંગ)માં સહાબાએ કિરામે ઝાડનાં પાંદડાં ઝાડીને ખાધાં હતાં એટલા માટે આ નામ પડયું. સિયફનો અર્થ કિનારો છે. આ સરિય્યા કુરૈશના એક કાફલાના માટે મોકલવામાં આવ્યો હતો. હઝરત શયખ અબ્દુલ હક્ક़

મુહદ્દિષ દહેલ્વીએ મદારિજમાં ફર્માવ્યું, ક़બીલાએ જહીનાની તરફ મોકલવામાં આવ્યો હતો જેનું અંતર મદીનાથી પાંચ દિવસની સફર જેટલુ હતું.

مزودی تمر : **مزود** તોશો રાખવાની થેલી, ટોપલી વગેરે. મુસ્લિમમાં છે કે હુઝૂરે અક़દસ ﷺએ તેમને એક ટોપલી ખજૂરો આપ્યાં હતાં. હવે સવાલ એ પેદા થાય છે કે તો પછી ખત્મ થવાના સમયે બે ટોપલીઓ કેવી રીતે ભેગી થઈ ગઈ. શક્ય છે મુજાહિદો પોતાની રીતે અમુક તોશો લેતા ગયા હોય. અને મુસ્લિમમાં જે વર્ણન થયેલ છે તે સરકારી તોહફો હતો. સૌનાં ખજૂરો ભેગાં કરીને દરેકને એક એક ખજૂર આપવા પર કેમ કે સર્વ હમરાહી રાજી હતા એટલા માટે એમાં કોઈ વાંધો નથી. હુઝૂરે અક़દસ ﷺએ સફરમાં એવું કેટલીયે વાર કર્યું છે. એટલા માટે અમુક ઉલમાએ ફર્માવ્યું કે એ સુન્નત છે.

فاذا حُوتٌ : એ માછલીનું નામ અંબર હતું એના સુકાવાથી ઢાલ બનતી હતી એ ઢાલને પણ અંબર જ કહેતા હતા. મશહૂર ખુશ્બુ અંબર એક અલગ ચીજ છે. કોઈ દરિયાઈ જાનવરના પેટથી નીકળે છે 'હૂત' એકવચન તથા બહુવચન બંને પર બોલવામાં આવે છે, મોટી માછલીને કહે છે.

مثل الظرب : **ظراب**એ **ظرب**નું બહુવચન છે. નાની પહાડી. મુસ્લિમમાં છે : અમે તેની આંખના ખાડામાં મટકાં નાખીને ચરબી કાઢતા હતા. એમાં તેર વ્યક્તિઓને હઝરત ઓબાદાએ બેસાડયા અને સિલના બરાબર તેના ટુકડા કાપતા હતા.

ثمانی عشرلیلة અમુક રિવાયતોમાં **نصف شهر** (નિસ્ફ શહર) છે અને અમુક રિવાયતોમાં **شهر** (શહર) પણ આવેલ છે.

ثمانی عشر અને **نصف شهر**માં ટકરાવ નથી. એવું થાય છે. પંદર દિવસથી એક બે દિવસ વધઘટને અડધા મહિનાથી તાબીર કરી આપે છે. અને શહરની ઈમામ ક़ાઝી અયાઝે તાવીલ એ કરી કે અડધા મહિના સુધી ખાધી અને સૂકવીને રાખી લીધી. પંદર દિવસ સુધી તેને ખાધી. મુસ્લિમમાં છે : મદીના તયબહ પરત આવીને હુઝૂરે અક़દસ ﷺને આ બનાવ વર્ણવ્યો તો ફર્માવ્યું, એ તમારું રિઝ્ક़ (રોજી) હતું જે અલ્લાહ ﷻએ મોકલ્યું હતું. શું એના ગોશતમાંથી કાંઈક છે તો અમને પણ ખવડાવો. સહાબાએ હાજર કર્યું તો હુઝૂરે અક़દસ ﷺએ પણ એને ખાધુ.

એ સરિય્યામાં એ સમય પણ આવ્યો કે **માર્ગનુ ભાથુ તદ્દન ખત્મ થઈ ગયું તો સહાબાએ કિરામ જંગલી ઝાડોનાં પાંદડાં ખાતા હતા જેના કારણે તેમના હોઠ ઊંટના હોઠ જેવા થઈ ગયા હતા.**

بضلعین : **ضلع** પાંસળીના હાડકાને કહે છે, અહીં મુરાદ એના કાંટા છે. આ હદીષમાં સહાબાએ કિરામની કરામત જાહેર છે. **દરરોજ કેવળ એક ખજૂર ખાઈને હરવા ફરવાની શક્તિ, બલ્કે જેહાદનો હોસલો બાકી રહેવો ફિતરત વિરૂદ્ધની વાત છે. આ કેવળ અલ્લાહની તરફથી મદદ છે.**

حدીث ૧૪૧૪ عَنْ يَزِيْدَ بْنِ اَبِىْ عُبَيْدٍ عَنْ سَلَمَةَ بْنِ الْاَكْوَعِ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

"હઝરત સલમા બિન અકવઅ رضی اللہ عنہ એ કહ્યું, ફ઼ૌમના તોશા ખત્મ થઈ ગયા અને લોકો [હદીષ : ૧૪૧૪]

خَفَّتْ اَزْوَادُ الْقَوْمِ وَاَمْلَقُوْا فَاَتَوُا النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِىْ نَحْرِ اِبِلِهِمْ

પર ફાક઼ાની નોબત આવી ગઈ તો નબી ﷺની ખિદમતમાં હાજર થયા ઊંટોને ઝબહ કરવાની ઈજાઝત

فَاَذِنَ لَهُمْ فَلَقِيَهُمْ عُمَرُ فَاَخْبَرُوْهُ فَقَالَ مَا بَقَاءُكُمْ بَعْدَ اِبِلِكُمْ فَدَخَلَ عَلَى النَّبِىِّ

લેવા. હુઝૂરે ઈજાઝત આપી. ત્યારબાદ હઝરત ઉમર મળ્યા. લોકોએ તેમને બતાવ્યું તો તેમણે ફ઼ર્માવ્યું, ઊંટો

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ مَا بَقَاءُهُمْ بَعْدَ اِبِلِهِمْ فَقَالَ رَسُوْلُ

પછી તમે લોકો કેવી રીતે જીવતા રહેશો ? પછી નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, ઊંટો

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَادِ فِى النَّاسِ يَاْتُوْنَ بِفَضْلِ اَزْوَادِهِمْ فَبُسِطَ لِذٰلِكَ

પછી લોકો કેવી રીતે જીવશે ? એના પર રસૂલુલ્લાહ ﷺએ ફ઼ર્માવ્યું, એલાન કરાવી દો કે સર્વ લોકો પોતાના

نِطَعٌ وَّجَعَلُوْهُ عَلَى النِّطَعِ فَقَامَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَدَعَا وَبَرَّكَ

બચેલા તોશા લાવે. તેના માટે એક ચામડાનું દરસ્તરખાન બિછાવવામાં આવ્યું, લોકોએ એના પર લાવીને

عَلَيْهِ ثُمَّ دَعَاهُمْ بِاَوْعِيَتِهِمْ فَاحْتَثَى النَّاسُ حَتّٰى فَرَغُوْا ثُمَّ قَالَ رَسُوْلُ اللّٰهِ

નાખી આપ્યું. હવે રસૂલુલ્લાહ ﷺએ ઉભા થઈને તેની બરકતના માટે દુઆ કરી, પછી પોત પોતાનાં

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَنِّىْ رَسُوْلُ اللّٰهِ ؕ

વાસણો સાથે સૌને બોલાવ્યાં. સૌ લોકોએ ખોબા ભરી ભરીને વાસણો ભરી લીધાં. ત્યારબાદ રસૂલુલ્લાહ ﷺએ

ફ઼ર્માવ્યું, હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને હું અલ્લાહનો રસૂલ છું."

(બુખારી ૧/૪૧૮ જેહાદ)

તિબ્રાનીની રિવાયતથી માલૂમ થાય છે કે એ બનાવ ગઝવએ હવાઝિનના પ્રસંગે ઉપસ્થિત થયો હતો.

حدીث ૧૪૧૫ عَنْ اَبِىْ بُرْدَةَ عَنْ اَبِىْ مُوْسٰى قَالَ قَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ

"હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺએ ફ઼ર્માવ્યું, અશઅરી લોકો [હદીષ : ૧૪૧૫]

સમજૂતી : હદીષ : ૧૪૧૪-૧૪૧૫

અબૂ બુર્દા એ હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ ના સાહબઝાદા છે એમનું નામ હારિષ હતું અથવા આમિર. અને એક ક઼ૌલ એ છે કે અબૂ બુર્દા જ એમનું નામ હતું.

الْاَشْعَرِيِّيْنَ اِذَا اَرْمَلُوْا فِى الْغَزْوِ اَوْ قَلَّ طَعَامُ عِيَالِهِمْ بِالْمَدِيْنَةِ جَمَعُوْا مَا كَانَ عِنْدَهُمْ

જ્યારે ગઝવહમાં મોહતાજ થઈ જાય છે અથવા મદીનામાં તેમના બીવીબચ્ચાંનું અનાજ ઘટી જાય છે તો જે કાંઈ

فِىْ ثَوْبٍ وَاحِدٍ ثُمَّ اقْتَسَمُوْا بَيْنَهُمْ فِىْ اِنَاءٍ وَاحِدٍ بِالسَّوِيَّةِ فَهُمْ مِنِّىْ وَاَنَا مِنْهُمْ ؕ

એમની પાસે હોય છે સૌને એક કપડામાં ભેગુ કરે છે પછી એક વાસણ વડે સરખે સરખુ વહેંચી લે છે. તેઓ

મારાથી છે અને હું એમનાથી છું." (મુસ્લિમ–ફઝાઈલ, નિસાઈ–સિયર)

بَابُ قِسْمَةِ الْغَنَمِ ص۲۲۸

"બકરીઓને (ગણીને) વહેંચવી" –(૩૩૮)

حديث ١٤١٦ عَنْ عَبَايَةَ بْنِ رِفَاعَةَ بْنِ رَافِعِ بْنِ خَدِيْجٍ عَنْ جَدِّهٖ قَالَ كُنَّا مَعَ النَّبِىِّ

"હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ એ કહ્યું કે અમે નબી ﷺની સાથે ઝુલહુલૈફામાં હતા [હદીષ : ૧૪૧૬]

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِذِى الْحُلَيْفَةِ فَاَصَابَ النَّاسَ جُوْعٌ فَاَصَابُوْا اِبِلًا وَّ

એવામાં લોકો ભૂખ્યા થઈ ગયા અને લોકોને ઘણા ઊંટો અને બકરીઓ મળી અને નબી ﷺ લશ્કરના અંતિમ

غَنَمًا قَالَ وَكَانَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِىْ اُخْرِيَاتِ الْقَوْمِ فَعَجِلُوْا وَذَبَحُوْا

હિસ્સામાં હતા. લોકોએ ઉતાવળ કરી નાખી તેમને ઝબહ કરી નાખ્યાં અને હાંડલીઓ ચઢાવી દીધી.

وَنَصَبُوْا الْقُدُوْرَ فَاَمَرَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِالْقُدُوْرِ فَاُكْفِئَتْ ثُمَّ قَسَمَ

નબી ﷺએ હાંડલીઓને ઉલ્ટાવી દેવાનો હુકમ આપ્યો. ત્યારબાદ વહેંચણી કરી તો દસ બકરીને એક ઊંટના

فَعَدَلَ عَشَرَةً مِّنَ الْغَنَمِ بِبَعِيْرٍ فَنَدَّ مِنْهَا بَعِيْرٌ فَطَلَبُوْهُ فَاَعْيَاهُمْ وَكَانَ فِى الْقَوْمِ

બરાબર રાખી. તેમાંથી એક ઊંટ નાસી છૂટયું. લોકોએ પકડવા ચાહ્યું પણ તેણે લોકોને થકવી દીધા. અને લશ્કરમાં

اذا ارملوا : જ્યારે એમનો તોશો ખત્મ થઈ જતો એટલે કે ખત્મ થવા નિકટ થઈ જતો. એનો શાબ્દિક તર્જુમો એ છે કે જ્યારે રમલ એટલે રેતીમાં મળી જતા, એટલે ફાકા (ભૂખમરા)થી હાલત એ થઈ જતી કે તેઓ રેતીમાં મળી જશે. જેમ કે ذَامَتْرَبَةٍ નો શાબ્દિક તર્જુમો ધોઈ નાખ્યું છે, પણ ઉર્ફી અર્થ મોહતાજ તથા તંગદસ્ત છે.

فهم منى وانا منهم એટલે તેઓ મારાથી જોડાયેલા છે. આ મિનને ઈત્તેસાલિયા કહે છે. આ શબ્દ અતિશય મહોબ્બતના પ્રદર્શન માટે કહેવામાં આવે છે જેમ કે ફર્માવ્યું : **الحسين منى وانا من حسين**

હદીષ : ૧૪૧૬ની સમજૂતી રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ મશહૂર સહાબીના સાહબઝાદા રિફાઅહ છે અને એમના સાહબઝાદા અબાયહ છે. અબાયહ પોતાના પિતા રિફાઅહથી પણ રિવાયત કરે છે અને પોતાના દાદા હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ થી પણ. ખૂદ આ જ હદીષ એ જ બુખારી કિતાબુઝ્ઝબાએહમાં

خَيْلٌ يَسِيْرَةٌ فَاَهْوٰى رَجُلٌ مِّنْهُمْ بِسَهْمٍ فَحَبَسَهُ اللّٰهُ ثُمَّ قَالَ اِنَّ لِهٰذِهِ الْبَهَائِمِ

ઘોડા ઓછા હતા. એક સાહબે તે ઊંટને તીર માર્યું જેના પર અલ્લાહે તેને રોકી આપ્યું. ત્યારબાદ નબી ﷺ એ

اَوَابِدَكَاَوَابِدِ الْوَحْشِ فَمَا غَلَبَكُمْ مِنْهَا فَاصْنَعُوْا بِهٖ هٰكَذَا فَقَالَ جَدِّيْ اِنَّا نَرْجُوْا اَوْ

ફર્માવ્યું, આ ચોપગાંઓમાં પણ જંગલી જાનવરની જેમ ભાગવાની લત હોય છે જે ભાગીને બેકાબૂ થઈ જાય

نَخَافُ الْعَدُوَّ غَدًا وَلَيْسَ مَعَنَا مُدًى اَفَنَذْبَحُ بِالْقَصَبِ قَالَ مَا اَنْهَرَ الدَّمَ وَذُكِرَ اسْمُ

એને આ જ પ્રમાણે કરો. (અબાયહ)એ કહ્યું, મારા દાદાએ અર્ઝ કર્યું, અમને અંદેશો છે કે કાલે સવારે દુશ્મન

اللّٰهِ عَلَيْهِ فَكُلُوْهُ لَيْسَ السِّنَّ وَالظُّفُرَ وَسَاُحَدِّثُكُمْ عَنْ ذٰلِكَ اَمَّا السِّنُّ فَعَظْمٌ وَاَمَّا

સાથે ટકરાવ થઈ જશે અને આપણી પાસે છરી નથી તો શું વાંસથી ઝબહ કરીશું ? ફર્માવ્યું, જે લોહી વહાવી

الظُّفُرُ فَمُدَى الْحَبَشَةِ ـ ٥

આપે અને એના પર અલ્લાહનું નામ લેવામાં આવે એને ખાવ, અલ્બત્ત તે દાંત તથા નખો ન હોય અને હું એનો

સબબ વર્ણવું છું, દાંત હાડકું છે અને નખો હબ્શીઓની છરી."

(બુખારી ૧/૩૪૧, ૧/૪૩૨ જેહાદ, ૨/૮૨૬, ૮૨૭, ૮૩૧ ઝબાએહ, મુસ્લિમ–અલ્અઝાહી, અબૂ દાઊદ–અઝ્ઝબાએહ, તિર્મિઝી–અસૈદ–અસ્સિયર, નિસાઈ–હજ્જ–અસૈદ–અઝ્ઝબાએહ–અલ્અઝાહી, ઈબ્ને માજહ–અલ્અઝાહી–અઝ્ઝબાએહ)

તેમના પિતાના વાસ્તાથી તેમના દાદાથી મરવી છે. باب من عدل عشرة من الغنم અને કિતાબુઝ્ઝબાએહની એક રિવાયતમાં افنذبح بالقصب પછી આટલુ વધારે છે : اعجل اوارن ماانهرالدم જે પણ લોહી વહાવી આપે તેના થકી ઝબહમાં જલ્દી કરી આપે. મતલબ એ થયો કે ધારદાર લોખંડ સિવાય કોઈ અન્ય ચીજ વડે ઝબહ કરશો તો જરા સરખી ગફલતમાં મોડુ થઈ શકે છે અને જાનવર તકલીફ થવાથી કે ગળુ ઘોંટાવાને કારણે મૃત્યુ પામી શકે છે.

ارن એમાં એક રિવાયત ارنى 'રા'ના જઝમ અને 'યા'ની સાથે પણ છે જે નૂનના ઝેરના ઈશ્બાઅ (હરકત ઝબર, ઝેર, પેશ)ને એ રીતે ઉચ્ચારવું કે ઝબરથી "અલિફ", ઝેરથી "યા" અને પેશથી "વાવ"નો ઉચ્ચાર ઉત્પન્ન થાય)થી પેદા થઈ. અલ્લામા ખિતાબીએ કહ્યું કે સહીહ اِئْرَنْ છે મહમુઝેફા.

ارنيأرن થી اعجل ના અર્થમાં. આ રાવીનો શક છે.

نذى الحليفة : આ ઝુલહુલૈફા તે નથી જે મદીના તયબહથી જોડાયેલ છે તેની મીકાત છે જેને અબ્યારે અલી પણ કહે છે બલ્કે તહામા ઈલાકામાં ઝાતેઅરકની પાસે એક અન્ય જગા છે. મુસ્લિમમાં છે કે અમે તહામાના ઝુલહુલૈફામાં હતા. અલ્લામા ઈબ્ને તયને ફર્માવ્યું કે આ બનાવ હિ.સ. ૮માં ગઝવએ હુનૈનના મોકા પર ઉપસ્થિત થયો હતો.

فاكفئت : એ હાંડીઓને ઉલ્ટાવી દેવાનો હુકમ એટલા માટે આપ્યો કે એ લોકો એ વખતે દારુલ ઈસ્લામમાં પહોંચી ચૂક્યા હતા અને દારુલ ઈસ્લામમાં પહોંચ્યા બાદ વહેંચણી વિના માલે ગનીમતને ખાવું જાઈઝ નથી

بَابُ تَقْوِيْمُ الْاَشْيَاءِ بَيْنَ الشُّرَكَاءِ بِقِيْمَةِ عَدْلٍ ص۳۳۹

"ભાગીદારોની વચ્ચે ચીજોને યોગ્ય કિંમત લગાડીને વહેંચવી" –(૩૩૯)

حديث ١٤١٧ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જેણે પોતાના **[હદીષ : ૧૪૧૭]**

અને એનું અધિકતર ગુમાન છે કે કેવળ રસો ફેંકવાનો હુકમ આપ્યો હતો એટલા માટે કે એ ગોશ્ત ન નાપાક હતો ન હરામ, હલાલ તથા પાક હતો, એને વેડફી દેવો દુરુસ્ત ન હતું. ખૂદ હુઝૂરે અકદસ ﷺ એ માલ વેડફવાથી મના કર્યું છે.

اَوَابِد : એ آبِدَة નું બહુવચન છે, اَبَدَ અથવા بُدُ થી. પરિચિત થઈ ગયા બાદ ભાગવું, ભડકવું.

نرجوااونخاف : આ રાવીનો શક છે. અહી **نخاف** **ترجو** ના અર્થમાં છે, જેમ કે ફર્માવ્યું : فَمَنْ كَانَ يَرْجُوْا لِقَاءَ رَبِّهٖ સૂરએ કહફની છેલ્લી આયત. તો જેને પોતાના રબથી મળવાનો ડર હોય.

لَيْسَ السِّنَّ وَالظُّفُرُ : અહીં **لَيْس** એ **اِلَّا** ના અર્થમાં છે અને તેનો માબઅદ (તેના બાદમાં આવતો શબ્દ) મન્સૂબ છે.

اماالسن فعظم ـ الخر : હાડકા તથા નખોમાં એટલી ધાર નથી હોતી કે ચામડા તથા ગોશ્તમાં સરળતાપૂર્વક ચીરી શકે અને દમે મસ્ફૂહ (વહેતુ લોહી) પૂર્ણપણે તરત નીકળી જાય, હાડકા તથા નખો વડે ચામડા તથા ગોશ્તમાં ઝખ્મ લાગશે, તે ચુંથાઈ જશે અને જાનવર એની પીડાથી મૃત્યુ પામશે જેના કારણે દમે મસ્ફૂહ (વહેતા લોહી)નો મોટા ભાગની હિસ્સો ગોશ્તમાં શોષાય જશે એટલા માટે એનાથી ઝબહે શરઈ હાંસલ થશે નહીં. **مُدَى الْحَبَشَه** થી પણ આ તરફ નિર્દેશ છે. મતલબ એ છે કે એ અસભ્ય તરીકો છે. ઝબહની હકીકત નથી જાણતા, ગમે તે રીતે જાનવરને મારી ખાય છે એના માટે એનાથી બચો. એ મતલબ નથી કે ખરેખર જો હબ્શીઓની લોખંડની છરી હોય તો એનાથી ઝબહ હરામ છે. એના પર એકમતિ છે કે કાફિરની છરી વડે ઝબહ કરવાથી પણ ઝબહ દુરુસ્ત છે. દાંત અને નખો વડે એ વખતે ઝબહ દુરુસ્ત નથી જ્યારે કે તે શરીરમાં હોય. શરીરથી અલગ થયા બાદ જો એમનામાં ધાર હોય, તે ચામડુ તથા ગરદન કાપી શકે તો દુરુસ્ત છે, ભલે મકરૂહ છે.

આ બંને હુકમોમાં ઈન્સાન તથા જાનવર સૌના દાંત તથા નખોનો એક હુકમ છે.

મસાઈલ : દારુલ ઈસ્લામમાં પહોંચ્યા બાદ જ્યાં સુધી ઈસ્લામનો હાકિમ માલે ગનીમત વહેંચણી કરીને મુજાહિદોને ન આપી દે ત્યાં સુધી તેને ઉપયોગમાં લેવું જાઈઝ નથી. પાલતુ જાનવર જ્યારે ભડકીને બેકાબૂ થઈ જાય તો ઝબહના મામલામાં તે શિકારના હુકમમાં છે. ગમે ત્યાં ઝખ્મ લગાડીને લોહી વહાવી દે તો હલાલ થઈ જશે. **ઝબહ વખતે અથવા શિકાર પર તીર ચલાવતી વખતે બિસ્મિલ્લાહ પઢવી જરૂરી છે, યાદ હોવા છતાં બિસ્મિલ્લાહ નહીં પઢે તો જાનવર મુરદાર થશે.**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ اَعْتَقَ شِقْصًا لَهٗ مِنْ عَبْدٍ اَوْ شِرْكًا اَوْ قَالَ نَصِيْبًا

ગુલામનો એક હિસ્સો આઝાદ કરી આપ્યો અને એની પાસે એટલો માલ હોય કે જે યોગ્ય કિંમતના બરાબર હોય

وَكَانَ لَهٗ مَا يَبْلُغُ ثَمَنُهٗ بِقِيْمَةِ الْعَدْلِ فَهُوَ عَتِيْقٌ وَاِلَّا فَقَدْ عُتِقَ مِنْهُ مَا عُتِقَ

તો તે સંપૂર્ણપણે આઝાદ છે, નહીં તો જેટલો હિસ્સો એ શખ્સે આઝાદ કર્યો છે.

قَالَ لَا اَدْرِىْ قَوْلُهٗ عُتِقَ مِنْهُ قَوْلٌ مِّنْ نَّافِعٍ اَوْ فِى الْحَدِيْثِ عَنِ النَّبِىِّ صَلَّى اللّٰهُ

એયૂબે કહ્યું, હું નથી જાણતો કે عُتِقَ مِنْهُ નાફેઅનો કૌલ છે કે

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ـه

નબી ﷺની હદીષ છે.''

(બુખારી ૧/૩૪૦ ૧/૩૪૩, ૩૪૨ અલ્ઈતક્, મુસ્લિમ, અબૂ દાઊદ, અલ્ઈતક્, તિર્મિઝી–અહકામ, નિસાઈ–બુયૂઅ–ઈતક્)

حديث ١٤١٨ عَنْ بَشِيْرِ بْنِ نَهِيْكٍ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِىِّ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું જેણે પોતાના [હદીષ : ૧૪૧૮]

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ اَعْتَقَ شِقِيْصًا مِّنْ مَّمْلُوْكِهٖ فَعَلَيْهِ خَلَاصُهٗ فِىْ مَالِهٖ اِنْ

મમ્લૂક (ગુલામ)નો કોઈ હિસ્સો આઝાદ કર્યો તો તે મમ્લૂકને તેના માલિકથી સંપૂર્ણપણે આઝાદી અપાવવામાં

لَّمْ يَكُنْ لَّهٗ مَالٌ قُوِّمَ الْمَمْلُوْكُ قِيْمَةَ عَدْلٍ ثُمَّ اسْتُسْعِىَ غَيْرَ مَشْقُوْقٍ عَلَيْهِ ـه

આવે જો તેની પાસે માલ હોય. અને જો તેની પાસે માલ ન હોય તો તેની યોગ્ય કિંમત લગાડીને તેની કમાણીથી

કિંમત વસૂલ કરવામાં આવે, પણ તેને તકલીફમાં ન નાખવામાં આવે''

(બુખારી ૧/૩૪૦, ૧/૩૪૩ અલ્ઈતક્ બે તરીકાથી, મુસ્લિમ–અલ્ઈતક્–અન્નુઝુર, અબૂ દાઊદ–અલ્ઈતક્, તિર્મિઝી–અલ્અહકામ, અલ્ઈસ્તિસ્આ, નિસાઈ–અલ્ઈતક્, ઈબ્ને માજહ–અહકામ)

સમજૂતી : હદીષ : ૧૪૧૭–૧૪૧૮ شقصًا · نصيب તથા شرك સમઅર્થી છે. હિસ્સાના અર્થમાં છે. રાવીને એમાં શક છે કે આ ત્રણ શબ્દોમાંથી કયો શબ્દ વાપર્યો હતો. અમુક મુહદ્દિષો રિવાયત બિલ્મઅનાને જાઈઝ નથી જાણતા, રિવાયત બિલ્લફ્ઝને વાજિબ જાણે છે. અને એના પર સૌની એકમતિ છે કે રિવાયત બિલ્લફ્ઝ મુસ્તહબ છે. રાવીએ એટલા માટે એનો લેહાઝ કર્યો.

عبدا એ કનીઝને પણ સમાવે છે એટલા માટે કે عبد જ્યારે મુત્લક્ બોલાય છે તો કનીઝ માટે પણ સામાન્ય હોય છે. તદ્ઉપરાંત આ પ્રકરણમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષમાં عبد ને બદલે مملوك છે એ નિઃસંકોચ કનીઝને પણ આમ છે. તેમજ આ જ બુખારીમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما આ હદીષના રાવીનો ફત્વો વર્ણન થયેલો છે : انه كان يفتى فى العبداوالامة એટલા માટે ઈસ્હાક્ બિન રાહવિયહનું એ કહેવું કે આ

بَابُ هَلْ يُقْرَعُ فِي الْقِسْمَةِ وَالْإِسْتِهَامِ فِيهِ ص٣٣٩

"શું વહેંચણીમાં ડ્રો કરવો પડશે, અને વહેંચણીમાં ડ્રો કરવું" –(૩૩૯)

حديث ١٤١٩ سَمِعْتُ عَامِرًا يَقُوْلُ سَمِعْتُ النُّعْمَانَ بْنَ بَشِيْرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ النَّبِيِّ

"હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہما એ નબી ﷺ થી રિવાયત કરી કે ફર્માવ્યું, **[હદીષ : ૧૪૧૯]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَثَلُ الْقَائِمِ عَلٰى حُدُوْدِ اللّٰهِ عَزَّوَجَلَّ وَالْوَاقِعِ فِيْهَا

અલ્લાહની હદો પર કાયમ રહેનારાઓ અને તેને તોડનારાઓનું દૃષ્ટાંત એવું છે જેવું કે એક કશ્તીમાં સવાર

كَمَثَلِ قَوْمٍ اسْتَهَمُوْا عَلٰى سَفِيْنَةٍ فَأَصَابَ بَعْضُهُمْ أَعْلَاهَا وَبَعْضُهُمْ أَسْفَلَهَا

થનારાઓએ ડ્રો કર્યો. અમુકના નામમાં ઉપરનો હિસ્સો આવ્યો અને અમુકના નામમાં નીચેનો. જે લોકો નીચેના

હુકમ ગુલામ સાથે ખાસ છે બાંદી માટે નથી, સાકિત થઈ ગયું.

وكان له : એટલે કે આઝાદ કરનાર પાસે એટલો માલ હોય કે ગૈર આઝાદ કરેલ હિસ્સાની કિંમતે પહોંચી જાય તો તે ગુલામ આઝાદ છે. અને જો એટલો માલ નથી તો કુલ ગુલામ આઝાદ ન થશે, જે એણે આઝાદ કર્યો છે એટલો જ આઝાદ થશે. બાકીના હિસ્સાના માટે તેને કહેવામાં આવશે કે કમાયને માલિકને આટલી કિંમત આપી દો. જ્યારે એટલી કિંમત અદા કરી આપશે તો પૂરો આઝાદ થઈ જશે. દા.ત. ઝયદે પોતાના અડધા ગુલામને આઝાદ કર્યો અને ગુલામની વાજિબી કિંમત દસ હજાર છે તો જો ઝયદની પાસે પાંચ હજાર મૌજૂદ છે તો કુલ ગુલામ તરત જ આઝાદ થઈ જશે, અને જો એની પાસે પાંચ હજાર નથી તો ગુલામ જ્યારે કમાયને પાંચ હજાર ઝયદને અદા કરી આપશે તો આઝાદ થશે.

قال لا ادری : આ હદીષના રાવી નાફેઅના શાગિર્દનો ક़ૌલ છે જેમ કે તરફીએ કહ્યું અને ખૂદ બુખારી કિતાબુલ ઈતક़માં સ્પષ્ટતા છે : **قال ايوب لا ادری.**

استعی આ ક़તાદાનો ક़ૌલ છે અથવા હુઝૂરે અક़દસ ﷺનો ઈર્શાદ છે ? એના બારામાં મુહદ્દિષોમાં મતભેદ છે. હઝરત ઈમામ શાફ઼ઈ رضی اللہ عنہ વગેરે ફર્માવે છે કે આ ક़તાદાનો ક़ૌલ છે. હુઝૂરે અક़દસ ﷺનો ઈર્શાદ નથી. તેમનું કહેવું એ છે કે આ હદીષને ક़તાદાથી શોઅબા અને તેમના અન્ય શાગિર્દો હમામ, હિશામે રિવાયત કરી પણ એમાં આ નથી. પણ સહીહ એ છે કે આ પણ હદીષ છે એટલા માટે કે ક़તાદાથી તેમના અન્ય શાગિર્દોએ એને રિવાયત કરી છે. દા.ત. સઈદ બિન અબૂ અરવિયહ, યહ્યા બિન સબીહ, હજ્જાજ, અબાન, મૂસા બિન ખલફ઼ તથા જરીર બિન હાઝિમ આ સૌ ષિક़હ છે અને ષિકાતનો કરેલ વધારો એકમતિએ સ્વીકાર્ય છે.

غير مشقوق عليه : એટલે કે ન તો ગુલામને એના માટે મજબૂર કરવામાં આવે કે તે શક્તિથી વિશેષ કામ કરીને શક્ય તેટલા જલ્દી તે રકમ અદા કરી આપે અને કિંમતથી વધુ વસૂલ કરવામાં આવે, અને ન એના માટે મજબૂર કરવામાં આવે કે તે દસ્તૂર પ્રમાણે માલિકની સેવા કરે. તે એક રીતે આઝાદ છે, તેનો માલિક ન તેનાથી ખિદમત લઈ શકે છે ન પોતાને ત્યાં રહેવા મજબૂર કરી શકે છે ન તેને વેચી શકે છે.

હદીષ : ૧૪૧૯ની સમજૂતી આ હદીષથી સાબિત થયું કે **ગુનાહોના કારણે દુનિયવી બલાઓ પણ નાઝિલ થાય છે** તેમજ એ પણ માલૂમ પડયું કે **એક તબક़ાના ગુનાહોના કારણે પૂરી ક़ૌમ બલામાં સપડાય શકે છે.** એ પણ માલૂમ પડયું કે **શક્તિ હોવાની શર્ત સાથે "સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવું" વાજિબ છે, શક્તિ હોવા છતાં એનાથી દૂર રહેવું ગુનોહ છે.**

فَكَانَ الَّذِيْ فِيْ اَسْفَلِهَا اِذَا اسْتَقَوْا مِنَ الْمَاءِ مَرُّوْا عَلٰى مَنْ فَوْقَهُمْ فَقَالُوْا لَوْ اَنَّا

હિસ્સામાં હતા તે લોકો પાણી લઈને ઉપરવાળાઓ પર પસાર થતા હતા. નીચેના હિસ્સાવાળાઓએ કહ્યું,

خَرَقْنَا فِيْ نَصِيْبِنَا خَرْقًا وَلَمْ نُؤْذِ مَنْ فَوْقَنَا فَاِنْ يَّتْرُكُوْهُمْ وَمَا اَرَادُوْا هَلَكُوْا جَمِيْعًا

જો આપણે આપણા હિસ્સામાં નાવને ફાડીને કાણુ કરી લઈએ તો ઉપરવાળાઓને તકલીફ આપવાથી બચી

وَاِنْ اَخَذُوْا عَلٰى اَيْدِيْهِمْ نَجَوْا وَنَجَّوْا جَمِيْعًا ـه

જઈશું. હવે જો ઉપરવાળાઓએ તેમને છોડી આપ્યા તો સૌ તમામે તમામ હલાક થઈ જશે અને જો તેમનો હાથ પકડી લીધો તો પોતે પણ નજાત મેળવી લીધી અને સૌએ હાંસલ કરી લીધી."

(બુખારી ૧/૩૬૯ અશ્શહાદાત, તિર્મિઝી–ફિતન)

بَابُ شِرْكَةِ الْيَتِيْمِ وَاَهْلِ الْمِيْرَاثِ ص٣٣٩

"યતીમ અને વારસોની ભાગીદારી" –(૩૩૯)

حديث ١٤٢٠ اَخْبَرَنِيْ عُرْوَةُ بْنُ الزُّبَيْرِ اَنَّهٗ سَاَلَ عَائِشَةَ عَنْ قَوْلِ اللّٰهِ عَزَّوَ

"ઉરવા બિન ઝુબૈરે ખબર આપી કે તેમણે ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી **[હદીષ : ૧૪૨૦]**

جَلَّ وَاِنْ خِفْتُمْ اَنْ لَّا تُقْسِطُوْا فِي الْيَتٰمٰى فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِّنَ النِّسَاءِ

આ આયતના બારામાં પૂછ્યું (કે ફર્માવ્યું) જો તમને અંદેશો હોય કે યતીમ છોકરીઓના બારામાં ઈન્સાફ નહીં

مَثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ قَالَتْ يَا ابْنَ اُخْتِيْ هِيَ الْيَتِيْمَةُ تَكُوْنُ فِيْ حَجْرِ وَلِيِّهَا تُشَارِكُهٗ.

કરી શકો તો સ્ત્રીઓમાં તમને જે પસંદ હોય તેમની સાથે નિકાહ કરી લો, બે બે અને ત્રણ ત્રણ અને ચાર ચાર.

فِيْ مَالِهٖ فَيُعْجِبُهٗ مَالُهَا وَجَمَالُهَا فَيُرِيْدُ وَلِيُّهَا اَنْ يَّتَزَوَّجَهَا بِغَيْرِ اَنْ يُّقْسِطَ فِيْ صَدَاقِهَا

ઉમ્મુલ મોમિનીને ફર્માવ્યું, આ તે યતીમ બાળકીના બારામાં નાઝિલ થઈ છે જે પોતાના વલીની પરવરિશમાં

فَيُعْطِيْهَا مِثْلَ مَا يُعْطِيْهَا غَيْرُهٗ فَنُهُوْا اَنْ يَّنْكِحُوْهُنَّ اِلَّا اَنْ يُّقْسِطُوْا لَهُنَّ وَيَبْلُغُوْا بِهِنَّ

હોય અને તે માલમાં તેની ભાગીદારી હોય. પોતાના માલ તથા હુસ્નના કારણે તેણી તે વલીને પસંદ આવી ગઈ

હદીષ : ૧૪૨૦ની સમજૂતી સૂરએ નિસાઅ્ની બીજી આયત આ છે :–

وَاِنْ خِفْتُمْ اَلَّا تُقْسِطُوْا فِي الْيَتٰمٰى فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِّنَ النِّسَاءِ مَثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ "જો તમને અંદેશો હોય કે યતીમોના બારામાં ઈન્સાફ નહીં કરી શકો તો જે સ્ત્રીઓ તમને પસંદ હોય એમની સાથે નિકાહ કરી લો બે બે, ત્રણ ત્રણ અને ચાર ચાર."

اَعْلٰى سُنَّتِهِنَّ مِنَ الصَّدَاقِ وَ اُمِرُوْا اَنْ يَّنْكِحُوْا مَاطَابَ لَهُمْ مِّنَ

હોય અને તેનો વલી તેણી સાથે નિકાહ કરવા ચાહતો હોય, તેની મહેરમાં ઈન્સાફ કરવા ન ચાહતો હોય કે જેટલી

النِّسَاءِ سِوَاهُنَّ قَالَ عُرْوَةُ قَالَتْ عَائِشَةُ ثُمَّ اِنَّ النَّاسَ اِسْتَفْتَوْا

બીજો મહેર આપતો એટલી આપતો. એટલા માટે લોકોને એ યતીમ બાળકી સાથે શાદી કરવાથી મના કરી

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَعْدَ هٰذِهِ الْاٰيَةِ فَاَنْزَلَ

દેવામાં આવ્યું. પણ એ કે મહેરમાં ઈન્સાફ કરે અને તેમને તેમની હૈસિયત પ્રમાણે ઊંચી મહેર આપે. અને તેમને

اللّٰهُ عَزَّ وَجَلَّ وَيَسْتَفْتُوْنَكَ فِى النِّسَاءِ قُلِ اللّٰهُ يُفْتِيْكُمْ فِيْهِنَّ. وَمَا يُتْلٰى

હુકમ આપવામાં આવ્યો એમના સિવાય જે સ્ત્રી પસંદ હોય તેનાથી નિકાહ કરે. ઉરવાએ કહ્યું, આઈશાએ કહ્યું,

عَلَيْكُمْ فِى الْكِتَابِ فِىْ يَتٰمَى النِّسَاءِ اِلٰى قَوْلِهٖ وَ تَرْغَبُوْنَ اَنْ تَنْكِحُوْهُنَّ

આ આયત પછી લોકોએ રસૂલુલ્લાહ ﷺ ને પૂછ્યું, તો અલ્લાહ ﷻ એ આ આયત નાઝિલ ફર્માવી : તમને

وَالَّذِىْ ذَكَرَ اللّٰهُ اَنَّهٗ يُتْلٰى عَلَيْكُمْ فِى الْكِتَابِ اَلْاٰيَةُ الْاُوْلَى الَّتِىْ

લોકો સ્ત્રીઓના બારામાં પૂછે છે, "ફર્માવી દો ! અલ્લાહ એમના બારામાં તમને બતાવે છે અને તે તમારા પર

قَالَ اللّٰهُ فِيْهَا وَاِنْ خِفْتُمْ اَلَّا تُقْسِطُوْا فِى الْيَتَامٰى فَانْكِحُوْا مَاطَابَ

કુર્આનમાં તિલાવત કરવામાં આવે છે એ યતીમ છોકરીઓના બારામાં જેમને એમનો નિશ્ચિત હક્ક નથી આપતા

لَكُمْ مِنَ النِّسَاءِ قَالَتْ عَائِشَةُ وَقَوْلُ اللّٰهِ فِى الْاٰيَةِ الْاُخْرٰى

અને તેમને નિકાહમાં લાવવાથી મોં ફેરવો છો." અલ્લાહ ﷻ એ આ વર્ણવ્યું કે તે કિતાબમાં તિલાવત કરવામાં

وَ تَرْغَبُوْنَ اَنْ تَنْكِحُوْهُنَّ هِىَ رَغْبَةُ اَحَدِكُمْ لِيَتِيْمَتِهِ الَّتِىْ تَكُوْنُ

આવે છે એનાથી મુરાદ પ્રથમ આયત છે જેમાં એવું ફર્માવવામાં આવ્યું કે, "જો તમને અંદેશો હોય કે યતીમ

فِىْ حَجْرِهٖ حِيْنَ تَكُوْنُ قَلِيْلَةَ الْمَالِ وَالْجَمَالِ فَنُهُوْا اَنْ يَّنْكِحُوْا مَا رَغِبُوْا

છોકરીઓના બારામાં ઈન્સાફ ન કરી શકશો તો જે સ્ત્રીઓ પસંદ હોય તેમની સાથે નિકાહ કરી લો."

આ આયતમાં પ્રથમ હિસ્સો فى اليتمى શર્ત છે અને ત્યારબાદ જઝા, શર્તે જઝામાં ઈલાક્રો હોવો જરૂરી છે અને અહીં જાહેરી રીતે કોઈ ઈલાક્રો નથી. હઝરત ઉરવાના સવાલનો એ જ મક્સદ હતો. હઝરત ઉમ્મુલ મોમિનીનના જવાબનો સાર એ છે કે આ તે વખતના અમુક વ્યક્તિઓની સુધારણા માટે ફર્માવવામાં આવ્યું. એવું થતું હતું કે કોઈ માલદાર યતીમ છોકરી હોતી જેનો ન કોઈ ભાઈ હોતો ન કાકા ન દાદા, કેવળ કાકાનો પુત્ર

فِي مَالِهَا وَجَمَالِهَا مِنْ يَتَامَى النِّسَاءِ إِلَّا بِالْقِسْطِ مِنْ أَجْلِ

અલ્લાહ ﷻ નો બીજી આયતમાં ઈર્શાદ છે, "તમે એમની સાથે નિકાહ કરવામાં મોં ફેરવો છો." આ તે યતીમ

رَغْبَتِهِمْ عَنْهُنَّ ـه

છોકરીના બારામાં છે જે તમારી પરવરિશમાં હોય અને માલ તથા જમાલમાં કમ હોય તો તમે તેણીથી નિકાહ કરવામાં મોં ફેરવો છો, એટલા માટે જે યતીમ છોકરીઓના માલ તથા જમાલના કારણે લોકો એમના નિકાહના ઈચ્છુક હોય તેમને મના કરવામાં આવ્યું, પણ એ કે મહેરમાં ઈન્સાફથી કામ લે."

(બુખારી ૧/૩૮૭ અલ્વસાયા, ૨/૬૫૮, ૬૬૧ અત્તફસીર સૂ. નિસાઅ, બે તરીક़ાથી ૨/૭૫૮, ૭૬૩, ૭૭૦, ૭૭૨ નિકાહ, ૨/૧૦૩૦ અલ્હીયલ, મુસ્લિમ–આખરુલ્કિતાબ, અબૂ દાઊદ, નિસાઈ–નિકાહ)

હોતો, એ જ તેણીનો વલી હોતો. છોકરી તેની પરવરિશમાં રહેતી. વલીની હૈસિયતથી તેને હક્ક़ હાંસલ છે કે જેનાથી ચાહે તે યતીમ છોકરીના નિકાહ કરી આપે. એ તે છોકરી સાથે ખૂદ નિકાહ કરી લેતો અને મહેર ખૂબ જ ઓછી રાખતો એમાં છોકરીનો હક્ક़ મારવું હતું એ મહેરે મિષ્લની મુસ્તહિક़ છે, એ એનાથી ઓછી આપતો. છોકરી પોતાની ફિતરી (પ્રાકૃતિક) હયા તથા તેના દબાવના કારણે કાંઈ ન બોલતી અને સ્વીકારી લેતી. એના નિવારણ માટે ફર્માવવામાં આવ્યું :

"જ્યારે તમે એ તદ્દન લાચાર મજબૂર બચ્ચીઓને મહેરે મિષ્લ ન આપી શકો તો એમના પર જુલ્મ ન કરો, તેમની સાથે તમારા નિકાહ ન કરો બલ્કે એની સાથે તેણીઓના નિકાહ કરો કે તે તેના માલના એતબારથી પણ કુફ્ફૂ હોય અને તેણીઓને મહેરે મિષ્લ આપે. તમને નિકાહની હાજત છે તો સ્ત્રીઓ ઘણી છે. ચાર સુધી જેટલી પસંદ આવે તેમની સાથે નિકાહ કરી લો.

ان الناس استفتوا તેનું બીજુ પાસુ આ હતું : જો એ યતીમ છોકરી નાદાર તથા બદસૂરત હોતી તો તેણી સાથે નિકાહ ન કરતા અને ત્રીજી સ્થિતિ એ હતી કે તે બદસૂરત અને માલદાર હોતી તો ન પોતે તેણી સાથે નિકાહ કરતા અને ન અન્યો સાથે (કરાવતા). ઈબ્ને અબી હાતિમે પોતાની તફ્સીરમાં સદીના તરીક़ાથી રિવાયત કરી છે કે જાબિરની એક કાકાની છોકરી હતી પણ તેના બાપથી વારસામાં તેને ખૂબ જ માલ મળ્યો હતો જેના લીધે તેણી માલદાર હતી તે તેણીની શાદી ક્યાંય કરતા ન હતા. એના અનુસંધાનમાં સહાબાએ કિરામે પૂછયું તો આ આયત નાઝિલ થઈ :

يَسْتَفْتُوْنَكَ فِي النِّسَاءِ قُلِ اللّٰهُ يُفْتِيكُمْ فِيهِنَّ وَمَا يُتْلٰى عَلَيْكُمْ فِي الْكِتَابِ فِي يَتٰمَى النِّسَاءِ لَا تُؤْتُوْ هُنَّ مَا كُتِبَ لَهُنَّ وَتَرْغَبُونَ اَنْ تَنْكِحُوهُنَّ

"આપનાથી સ્ત્રીઓના બારામાં ફત્વા પૂછે છે, ફર્માવી દો ! અલ્લાહ તેણીઓના બારામાં ફત્વો આપે છે, અને તે જ કિતાબમાં તિલાવત થાય છે તે યતીમ સ્ત્રીઓના બારામાં જેમને તેમનો નિશ્ચિત હક્ક़ નથી આપતા અને તેમને નિકાહમાં લાવવાથી મોં ફેરવો છો. *(નિસાઅ–૧૩૬)*

સાર એ નીકળ્યો કે જે યતીમ છોકરી વલી હોવાને લીધે તમારી પરવરિશમાં છે તેમની સાથે ઈન્સાફ કરો, કેવળ પોતાના ફાયદાને સામે રાખીને તેમની સાથે વહેવાર ન કરો. જો તમે ખૂદ નિકાહ કરવા ચાહો છો તો મહેરે મિષ્લ પર કરો અને જો તમને એની શક્તિ નથી તો સ્ત્રીઓ ઘણી છે તેમની સાથે નિકાહ કરી લો. અને જો તમને એમની સાથે નિકાહનું આકર્ષણ નથી તો જ્યારે તે નિકાહને લાયક થઈ જાય તેમના નિકાહ બીજા સાથે કરી આપો. તેમના માલથી લાભ હાંસલ કરવા માટે તેમને પોતાની પાસે રોકીને ન રાખો. **تَرْغَبُونَ اَنْ تَنْكِحُوهُنَّ** મહઝૂફ છે, અસલ લખાણ આ છે : **ترغبون عن ان تنكحوهن**

بَابٌ إِذَا قَسَّمَ الشُّرَكَاءُ الدُّوْرَ وَغَيْرَهَا فَلَيْسَ لَهُمْ رُجُوْعٌ وَّلَا شُفْعَةٌ ص ٣٣٩

"જ્યારે ભાગીદારો ઘર વગેરે વહેંચી લે તો તેમને રુજૂઅ તથા શુફ્અહનો હક્ક નથી" –(૩૩૯)

પ્રકરણથી સામ્યતા : એના હેઠળ ઈમામ બુખારી હઝરત જાબિર رضی اللہ عنہ ની તે હદીષ લાવ્યા છે જેમાં છે : કે નબી ﷺ એ દરેક તે જમીન તથા મકાનમાં શુફ્અહનો હક્ક આપ્યો જે વહેંચવામાં ન આવી હોય અને જ્યારે હદબંધી થઈ ગઈ અને રસ્તા ફેરવી દેવામાં આવ્યા તો શુફ્અહ નથી.

જાહેરી રીતે જોતાં આ હદીષને પ્રકરણ સાથે કોઈ સંબંધ નથી. અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયની رحمہ اللہ એ સામ્યતાની એ તક્રીર કરી કે શુફ્અહના ઈન્તેફાઅ્ને રુજૂઅનો ઈન્તેફાઅ્ લાઝિમ છે. એટલા માટે જો વર્ણવેલ સ્થિતિમાં વહેંચણીથી રુજૂઅનો હક્ક માની લેવામાં આવે અને બીજો પક્ષ એટલે ખરીદનાર રુજૂઅ કરી લે તો તેનો હિસ્સો એ જમીન તથા મકાનમાં અનિશ્ચિત થઈ જશે અને હવે તેને એકમતિએ શુફ્અહનો હક્ક હાંસલ થશે.

بَابُ الشَّرِكَةِ فِي الطَّعَامِ وَغَيْرِهٖ ص ٣٤٠

"અનાજ વગેરેમાં ભાગીદારનું બયાન" –(૩૪૦)

ت ٤٧٢ وَيُذْكَرُ اَنَّ رَجُلًا سَاوَمَ شَيْئًا فَغَمَزَهُ اٰخَرُ فَرَاٰى عُمَرُ اَنَّ لَهٗ شَرِكَةً

"વર્ણવવામાં આવે છે કે એક શખ્સે એક ચીજનો ભાવ નક્કી કર્યો તો બીજાએ **[તઅલીક્ : ૪૭૨]**

આંખ વડે ઈશારો કર્યો. હઝરત ઉમરની રાય છે કે એ એનો ભાગીદાર છે."

حديث ١٤٢١ عَنْ زُهْرَةَ بْنِ مَعْبَدٍ عَنْ جَدِّهٖ عَبْدِ اللّٰهِ بْنِ هِشَامٍ وَكَانَ قَدْ اَدْرَكَ

"અબ્દુલ્લાહ ઈબ્ને હિશામ رضی اللہ عنہ થી રિવાયત છે અને તેમણે નબી ﷺ નો જમાનો **[હદીષ : ૧૪૨૧]**

النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَذَهَبَتْ بِهٖ اُمُّهٗ زَيْنَبُ بِنْتُ حُمَيْدٍ اِلَى

મેળવ્યો છે. તેમનાં વાલિદા ઝયનબ બિન્તે હુમૈદ તેમને લઈને રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતે અક્દસમાં હાજર

તઅલીક્ : ૪૭૨ની સમજૂતી આ તઅલીક્ને ઈમામ સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. આ તઅલીક્ એની દલીલ છે કે ભાગીદાર માટે સ્પષ્ટપણે ઈજાબ તથા કુબૂલ શર્ત નથી. એક પક્ષનુ ચુપ રહેવુ તથા ઈશારો પણ પૂરતો છે. પરંતું સહીહ એ છે કે કેવળ ઈશારા તથા મૌનથી ભાગીદારી સાબિત થશે નહીં, ઈજાબ તથા કબૂલનો સ્પષ્ટ નિર્દેશ (સેગો) શર્ત છે, નહીં તો ઘણા પ્રસંગો પર ઝઘડા પેદા થઈ જશે. આપણે ત્યાં દરેક જગાએ મૌન, રાજી હોવાના હુકમમાં નથી. ફક્ીહોએ ચોત્રીસ સ્થિતિઓને અપવાદ કરી છે જે ફિક્હની કિતાબોમાં વિગતવાર વર્ણન થયેલ છે.

હદીષ : ૧૪૨૧ની સમજૂતી

ઝહરા : ની કુન્નિયત અબૂ અક્ીલ છે. કિતાબુદ્અવાતમાં ઝહરાના બદલે عن ابی عقیل જ છે.

قدادرك : એટલે કે અબ્દુલ્લાહ બિન હિશામે નબુવ્વતકાળ પામ્યો. એમનો બાપ હિશામ ફતહે મક્કાથી પહેલાં કાફિર મર્યો. તેમનાં માતા હઝરત ઝયનબ બિન્તે હુમૈદ સહાબિયા છે. ફતહે મક્કાના પ્રસંગે તેમનાં વાલિદા તેમને લઈને ખિદમતે અક્દસમાં હાજર થયાં હતાં. ઈબ્ને મુંદાએ કહ્યું કે તેમણે છ વરસ નબુવ્વતકાળ

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتْ يَا رَسُوْلَ اللّٰهِ بَايِعْهُ فَقَالَ هُوَ

થયાં હતાં, અને અર્ઝ કરી હતી કે આનાથી બયઅત લો યા રસૂલલ્લાહ ! તો હુઝૂરે ફર્માવ્યું, એ નાનો છે ! હુઝૂરે

صَغِيْرٌ فَمَسَحَ رَاْسَهٗ وَدَعَالَهٗ ۔ وَعَنْ زُهْرَةَ بْنِ مَعْبَدٍ اَنَّهٗ كَانَ يَخْرُجُ بِهٖ جَدُّهٗ

એમના માથા પર હાથ ફેરવ્યો અને તેમના માટે બરકતની દુઆ ફર્માવી. ઝહ્રા બિન મઅબદથી રિવાયત છે કે

عَبْدُ اللّٰهِ بْنُ هِشَامٍ اِلَى السُّوْقِ فَيَشْتَرِى الطَّعَامَ فَيَلْقَاهُ ابْنُ عُمَرَ وَابْنُ الزُّبَيْرِ

એમના પિતા અબ્દુલ્લાહ બિન હિશામ તેમને લઈને બજારમાં જતા અને અનાજ ખરીદતા. ઈબ્ને ઉમર અને

رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا فَيَقُوْلَانِ لَهٗ اَشْرِكْنَا فَاِنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَدْ

ઈબ્ને ઝુબૈર رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ મળતા તો કહેતા, અમને પણ ભાગીદાર કરી લો ! કેમ કે નબી ﷺએ

دَعَالَكَ بِالْبَرَكَةِ فَيُشْرِكُهُمْ فَرُبَّمَا اَصَابَ الرَّاحِلَةَ كَمَا هِىَ فَيَبْعَثُ بِهٖ اِلَى

તમારા માટે બરકતની દુઆ ફર્માવી છે. તે એમને ભાગીદાર કરી લેતા. ક્યારેક આખુ ઊંટ નફામાં પામતા અને

الْمَنْزِلِ ـــ قَالَ اَبُوْعَبْدِ اللّٰهِ اِذَا قَالَ الرَّجُلُ لِلرَّجُلِ اَشْرِكْنِىْ فَاِذَا سَكَتَ

તેને ઘરે મોકલી આપતા.★ અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, જ્યારે કોઈએ કોઈને કહ્યું, મને શરીક

فَيَكُوْنُ شَرِيْكُهٗ بِالنِّصْفِ ۔

કરી લે અને તે ચુપ રહ્યો તો અડધાનો ભાગીદાર થઈ ગયો."

(★ બુખારી ૨/૯૪૦ અદ્અવાત, ૨/૧૦૭૦ અલ્અહકામ, અબૂ દાઊદ–ખિરાજ)

પામ્યો. ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં ઈબ્ને લુહૈઆથી રિવાયત કરી કે એ રિસાલત કાળામાં બાલિગ થઈ ગયા હતા, પણ ઈબ્ને લુહૈઆ ઝઈફ છે. જો એ રિવાયત સહીહ છે તો એ અક્લ્લે સન્નેબલૂગમાં બાલિગ થઈ ગયા હતા એટલે બાર વરસની ઉમરમાં. આ રિવાયત કિતાબુલ અહકામમાં પણ છે એના છેવટમાં આટલુ વધારે છે : **وكان يضحى بالشاة الواحدة عن جميع اهله** અને પોતાનાં તમામ ઘરવાળાંઓ તરફથી એક બકરીની કુર્બાની કરતા હતા. આ ક્યાં તો એમની વિશિષ્ટતાઓમાંથી છે કે એમને હુઝૂરે અક્દસ ﷺએ એની ઈજાઝત આપી હોય અથવા તેમનો ઈજ્તેહાદ રહ્યો હોય. કેમ કે હુઝૂર ﷺએ પોતાની ઉમ્મતના તે સર્વ લોકોના માટે એક મેંઢાની કુર્બાની કરી જેઓ શક્તિ ન હોવાને કારણે કુર્બાની ન કરી શક્યા હતા અથવા ભવિષ્યમાં થશે અને નહીં કરે. તેમણે એનો ક્યાસ કર્યો હોય અને તેમને એનો ઈલ્મ ન રહ્યો હોય કે આ હુઝૂરે અક્દસ ﷺની વિશિષ્ટતાઓમાંથી છે.

اقول وهوالمستعان : આ ખાદિમનો ખયાલ છે કે આનો મતલબ એ છે કે એમને વેપારમાં એટલી આવક થતી હતી કે શરૂમાં એક બકરી ખરીદતા અને પછી તેને વેચતા. અને ફરી તેની કિંમતથી દા.ત. બે બકરીઓ ખરીદતા પછી એ જ પ્રમાણે ઉલટફેર (લે વેચ) કરતા અને નફામાં એટલી બકરીઓ ભેગી થઈ જતી, એટલે એક બકરીના બદલે એટલી બકરીઓ હાંસલ કરી લેતા જે તેમના તમામ ઘરવાળાંની કુર્બાની માટે પૂરતી થઈ જતી.

આ ભાવાર્થ હદીષની રજૂઆતની શૈલીના પ્રમાણે પણ છે, જેમ કે ઉરવા બારક્રીને નબી ﷺએ એક દીનાર

આપ્યો કે તેના બદલામાં કુર્બાનીનું જાનવર ખરીદી લાવે. તેમણે એક દીનારમાં બે બકરીઓ ખરીદી, એમાંથી એક એક દીનારમાં વેચી દીધી અને તે દીનાર અને એક બકરી લાવીને ખિદમતે અક્દસ ﷺમાં પેશ કરી આપી. એના પર હુઝૂર ﷺએ તેમના માટે બરકતની દુઆ કરી, આ દુઆની બરકત એ હતી કે એ બજાર જતા અને ચાલીસ હજાર નફો કમાઈ લેતા. *(ફત્હુલ બારી, ૫/૧૩૭)*

فمسح راسه : સહાબાએ કિરામની આદત હતી કે બાળકોને ખિદમતે અક્દસમાં હાજર લાવતા અને હુઝૂર ﷺ તેમના માથાં પર દસ્ત મુબારક ફેરવતા અને તેમના માટે બરકતની દુઆ કરતા. કદી કદી ખજૂર ચાવીને તેમના મોઢામાં નાખતા જેને "તહનીક" કહે છે. એ યુગથી આજ સુધી મુસલમાનોમાં એ રિવાજ છે કે બાળકોને ઉલમા, મશાઈખની ખિદમતમાં લાવે છે અને આ હઝરાત માથા પર હાથ ફેરવે છે અને બરકતની દુઆ કરે છે.

بَابُ الْاِشْتِرَاكِ فِي الْهَدْيِ وَالْبُدْنِ وَاِذَا اَشْرَكَ الرَّجُلُ رَجُلًا فِيْ هَدْيِهٖ بَعْدَ مَا اَهْدٰى

"હદી અને ઊંટમાં ભાગીદાર થવું, અને જ્યારે કોઇ શખ્સ કોઇને પોતાની હદીમાં ભાગીદાર કરે હદી બનાવ્યા બાદ"

સામ્યતા : હદી કેવળ તે જાનવરને કહે છે જે હરમમાં કુર્બાનીના માટે હોય. જ્યારે કોઈ જાનવરના બારામાં એ નિય્યત કરી લીધી કે હું તેની હરમમાં કુર્બાની કરીશ. તો હવે એ દુરુસ્ત નથી કે તેમાં કોઈ અન્યને ભાગીદાર કરે, ભલે ગાય ઊંટમાં એક જ માણસની તરફથી કુર્બાની કરવાની નિય્યત હોય. અને એ નિય્યતથી પહેલાં ગાય ઊંટમાં ભાગીદાર કરી શકે છે.

પ્રકરણની સાબિતીમાં ઈમામ બુખારીએ બે હદીષો વર્ણવી છે. એમાં પહેલી હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષ છે, જે ભાગ : ૩, પેજ : ૪૫૭ પર વર્ણન થયેલી છે. ત્યાં છેવટમાં આ વર્ણન થયેલ છે : હુઝૂરે અક્દસ ﷺએ હમરાહીઓને હુકમ આપ્યો કે જેની સાથે હદી ન હોય તે એને ઉમરો કરી આપે. અહીં આ છે : નબી ﷺ ચાર ઝીલ હજ્જની સવારે મક્કા હજ્જના માટે તલબિયા કહેતા પહોંચ્યા. એમાં અન્ય કાંઈ મિલાવેલ ન હતું. અમે જ્યારે મક્કા આવી ગયા તો હુકમ આપ્યો કે એને ઉમરા કરી આપો. અને સ્ત્રીઓના માટે હલાલ થઈ જાવ. એના પર લોકોમાં આપસમાં વાતો થવા લાગી. જાહેર છે કે આનાથી પ્રકરણની સાબિતી નથી થતી.

બીજી હદીષ હઝરત જાબિરની છે, જે ભાગ–૪, પેજ–૩૫૭ (ગુજરાતીમાં પેજ નં. .....) પર વર્ણન થઈ ચૂકી છે. અહીં તેના આખરમાં આ પ્રમાણે છે : **واشركه فى الهدى** હુઝૂરે અક્દસ ﷺએ તેમને એટલે હઝરત અલી رضی اللہ عنہ ને હદીમાં શરીક કરી લીધા.

પ્રકરણની સાબિતી એ રીતે છે કે હુઝૂરે અક્દસ ﷺ મદીના તયબહથી હદીનાં જાનવર સાથે લાવ્યા હતા એટલા માટે એ ભાગીદારી એમાં જ થઈ, જેથી સાબિત થઈ ગયું કે હદીની નિય્યત બાદ બીજાને શરીક કરવો દુરુસ્ત છે.

આપણો જવાબ એ છે કે હઝરત જાબિરની આ રિવાયત (બુખારી–મનાસિક, ૨૨૪)માં એ પણ છે કે હઝરત અલી رضی اللہ عنہ યમનથી હદીનાં જાનવર પોતાની સાથે લાવ્યા હતા. મગ્ઝી (૨/૬૨૪)માં હઝરત જાબિરની હદીષમાં છે : **واهدى له على هديا** અને હઝરત અલીએ હુઝૂરની ખિદમતમાં હદી પેશ કરી. હવે **اشركه فى الهدى**નો મતલબ એ થયો કે તેમના હદિયાને કબૂલ કરીને આ હદીને પોતાની હદીના જાનવરોમાં સામેલ કરીને હઝરત અલીને હદીમાં શરીક કરી લીધા. એટલે આ કિનાયા (ઈશારો, સૂચક) છે, આ પેશકશને કબૂલ કરવાથી. તદ્ઉપરાંત એ નિશ્ચિત છે કે હુઝૂરે અક્દસ ﷺ મદીના તયબહથી હદીનાં જાનવર લઈને ચાલ્યા હતા અને હઝરત અલી યમનથી, તો જે હદી વાજિબ હતી તે તો નિશ્ચિત હતી એમાં શિર્કત (ભાગીદારી) નથી થઈ, જો ભાગીદારી થઈ તો નફલમાં થઈ, અને નફલમાં ભાગીદારી દરેક રીતે દુરુસ્ત છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

بَابُ الرَّهْنِ فِي الْحَضَرِ

(બાબુર્ રિહ્નિ ફિલ્ હદ્ર)

"હઝરમાં (મક્ામ પર) રહન (ગીરો રાખવા)નું બયાન" *–(૩૪૧)*

પ્રકરણની સ્પષ્ટતા : રહનનો અર્થ મુત્લક્ન (બિનશર્તી) રોકવું છે. જેમ કે અલ્લાહ ﷻએ ફર્માવ્યું : كُلُّ امْرِئٍ بِمَا كَسَبَ رَهِيْنٌ-الطور(٢١) "દરેક શખ્સ પોતાના કરેલા માટે ગિરફતાર છે." *(સૂ. તૂર–૨૧)*

ફિક્હમાં રહનનો અર્થ આ છે : બીજાના માલને પોતાના હક્કમાં એટલા માટે રોકવો કે એના થકી પોતાના હક્કને પૂર્ણપણે કે અંશિકપણે વસૂલ કરવો શક્ય હોય, જેને ઉર્ફમાં ગીરો રાખવું બોલે છે. જે ચીજ ગીરો રાખવામાં આવી તેને 'મરહૂન' કે 'રહન' કહે છે અને રહન (ગીરો) મૂકનારાને 'રાહિન' કહે છે અને જેની પાસે રાખી છે એને 'મુરતહિન' કહે છે.

ભાગીદારી સાથે રહન (ગીરો ચીજ)ને એ નિસ્બત છે કે ભાગીદારીમાં એક ચીજ પર અમુક માણસોને માલિકીપણાનો હક્ક હાંસલ હોય છે અને રહનમાં શયએ મરહૂન (ગીરો મૂકેલ ચીજ)માં બે શખ્સોનો હક્ક સંયુક્ત, રાહિન (મૂકનાર)નો એમાં માલિકીપણાનો હક્ક છે અને મુરતહિન (ગીરો રાખનાર)ને રોકવાનો હક્ક છે. એક ચીજમાં બે શખ્સોના હક્ક સાબિત થાય છે જેવી રીતે ભાગીદારીમાં, ફરક એ છે કે ભાગીદારીમાં સમાન હક્ક સાબિત છે અને અહીં હક્કો અલગ અલગ છે.

રહન (ગીરો)નું જાઈઝ હોવું (જવાઝ) કુર્આન મજીદથી સાબિત છે, પણ તેનો ઉલ્લેખ સફરની હાલતમાં છે. ઈર્શાદ છે : وَاِنْ كُنْتُمْ عَلٰى سَفَرٍ وَّلَمْ تَجِدُوْا كَاتِبًا فَرِهٰنٌ مَّقْبُوْضَةٌ-(بقرة-٢٨٣) "અને જો તમે સફરમાં હોઉ અને કાતિબ (લહિયો) ન પામો તો કબજામાં આપેલ ગીરો થાય." *(બક્રહ–૨૮૩)*

એનાથી શંકા થઈ શકે છે કે હઝરમાં (મક્ામ પર, ઘરે) કદાચ જાઈઝ નથી. એટલા માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું છે.

حديث ١٤٢٢ حَدَّثَنَا قَتَادَةُ عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ وَلَقَدْ رَهَنَ

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબીએ કરીમ ﷺએ પોતાનું બખ્તર અમુક જવના **[હદીષ : ૧૪૨૨]**

النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ دِرْعَهُ بِشَعِيْرٍ وَّمَشَيْتُ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ

બદલામાં ગિરો મૂક્યું અને હું નબીએ કરીમ ﷺની ખિદમતમાં જવની રોટી અને ગંધરહિત ચરબી લઈ હાજર

હદીષ : ૧૪૨૨ની સમજૂતી હદીષનો પ્રારંભિક હિસ્સો કિતાબુલ બુયૂઅ પ્રકરણ **شراء النبی ﷺ بالنسيئة**ના શરૂમાં વર્ણન થઈ ચૂક્યો છે અને તેનો સંપૂર્ણ ખુલાસો વર્ણન થયેલો છે. શરૂમાં વાવ

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِخُبْزِ شَعِيْرٍ وَّ اِهَالَةٍ سَنِخَةٍ وَ لَقَدْ سَمِعْتُهٗ يَقُوْلُ مَا اَصْبَحَ

થયો અને મેં હુઝૂર ﷺ ને એ ફરમાવતાં સાંભળ્યા કે આલે મુહમ્મદ પાસે આજકાલ કેવળ એક સાઅ

لِاٰلِ مُحَمَّدٍ اِلَّا صَاعٌ وَّلَا اَمْسٰى وَاِنَّهُمْ لَتِسْعَةُ اَبْيَاتٍ

(૨૩૪ તોલાનું એક વજન, આશરે બે કિલો સાતસો પચ્ચીસ ગ્રામનું વજન) અનાજ જ્યારે કે તે નવ ઘરો છે."

بَابُ رَهْنِ السِّلَاحِ ص ٣٤١

"હથિયારને ગીરો મૂકવું" –(૩૪૧)

حديث ١٤٢٣ قَالَ عَمْرٌو سَمِعْتُ جَابِرَ بْنَ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَقُوْلُ

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما ફરમાવતા હતા કે રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું, **[હદીષ : ૧૪૨૩]**

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ لِكَعْبِ بْنِ الْاَشْرَفِ فَاِنَّهٗ

કોણ છે ?! કઅબ બિન અશરફના માટે. એટલા માટે કે એણે અલ્લાહ તથા તેના રસૂલને ઈજા (તકલીફ) આપી

قَدْ آذَى اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَالَ مُحَمَّدُ بْنُ مَسْلَمَةَ اَنَا فَاَتَاهُ فَقَالَ اَرَدْنَا اَنْ تُسْلِفَنَا

છે. આ સાંભળીને મુહમ્મદ બિન મુસ્લિમાએ કહ્યું, હું છું ! અને તે કઅબની પાસે આવ્યા અને કહ્યું, અમે તારી

وَسْقًا اَوْ وَسْقَيْنِ قَالَ ارْهَنُوْنِيْ نِسَاءَكُمْ قَالُوْا كَيْفَ نَرْهَنُكَ نِسَاءَنَا وَاَنْتَ

પાસેથી એક બે વસક઼ અનાજ ઉધાર લેવા ચાહીએ છીએ ! તો તેણે કહ્યું, તમારી સ્ત્રીઓને મારી પાસે ગીરો મૂકી

આતિફા છે. આ હદીષનો પ્રારંભિક હિસ્સો આ છે : **ان يهوديادعاالنبى ﷺفاجابه ولقد** એક યહૂદીએ નબી ﷺને દાવત આપી હુઝૂરે ક઼બૂલ કરી લીધી.

એ યહૂદીનું નામ અબુશશહમ હતું અને એ બની ઝફરનો હતો જે અવસની એક શાખ છે. લગભગ વીસ કે ત્રીસ સાઅ જવ હતા જેની કિંમત એક દીનાર હતી. અને આ છેવટના મુબારક સમયની વાત છે. વિસાલ સુધી તે બખ્તર એ જ યહૂદીના ત્યાં ગીરો રહ્યું.

ومشيت : યહૂદીની દાવત ક઼બૂલ કરવાનો તથા તેને ત્યાં બખ્તર ગીરો રાખવાના કારણને હઝરત અનસ رضی اللہ عنہ વર્ણવે છે કે જાહેરી ગરીબીનો એ આલમ હતો કે એ હાલતમાં ઉમ્મતની આસાનીના માટે યહૂદીની દાવત પણ ક઼બૂલ ફરમાવી અને બખ્તર પણ ગીરો મૂક્યું. **આ ફક઼ીરી ઇખ્તિયારી હતી જેથી ઉમ્મતના માટે નમૂનો બને, નહીં તો સહીહ હદીષોમાં છે કે ફરમાવ્યું અને ખૂદ બુખારીમાં છે કે, "જમીનના સર્વ ખજાનાઓની ક઼ૂંચીઓ મને આપી દેવામાં આવી."**

હદીષ : ૧૪૨૩ની સમજૂતી કઅબ બિન અશરફ યહૂદી પોતાની ક઼ૌમનો રઈસ (સરદાર) અને વર્ચસ્વવાળો શખ્સ હતો. એ શાયર પણ હતો. પોતાના શેઅરોમાં રસૂલુલ્લાહ ﷺ અને મુસલમાનોની મઝાકો કર્યા કરતો (ઠેકડી ઉડાવતો) હતો. બદરના પ્રસંગથી તેને સખત તકલીફ થઈ હતી, જેથી તેણે કહ્યું હતું, તમારા

أَجْمَلُ الْعَرَبِ قَالَ فَارْهَنُونِي أَبْنَاءَكُمْ قَالُوا كَيْفَ نَرْهَنُكَ أَبْنَاءَنَا فَيُسَبُّ

દો ! એ લોકોએ કહ્યું, અમે અમારી સ્ત્રીઓને તમારી પાસે કેવી રીતે ગીરો રાખી શકીએ ?! તમો સર્વ અરબો

أَحَدُهُمْ فَيُقَالُ رُهِنَ بِوَسْقٍ أَوْ وَسْقَيْنِ هٰذَا عَارٌ عَلَيْنَا وَلٰكِنَّا نَرْهَنُكَ اللَّأْمَةَ

કરતાં અધિક ખૂબ સૂરત છો. હવે તેણે કહ્યું, સારું તમારાં બાળકોને ગીરો મૂકી દો ! એ લોકોએ કહ્યું, અમે અમારાં

قَالَ سُفْيَانُ يَعْنِي السِّلَاحَ فَوَعَدَهُ أَنْ يَأْتِيَهُ فَقَتَلُوهُ ثُمَّ أَتَوُا النَّبِيَّ صَلَّى اللهُ

બાળકોને તારી પાસે કેવી રીતે ગીરો મૂકીએ, કોઈપણ અયબ જોઈ (ટીકા) કરશે કે એક બે વસક઼ના બદલામાં

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَأَخْبَرُوهُ ـــ

બાળકોને ગીરો મૂકવામાં આવ્યાં ! એ અમારા માટે શરમજનક છે. હા ! અમે હથિયાર ગીરો મૂકી શકીએ છીએ.

મુહમ્મદ બિન મુસ્લિમાએ વાયદો કર્યો કે તેની પાસે આવશે. તે વાયદા પ્રમાણે ગયા અને તેને ક઼ત્લ કરી

નાખ્યો, પછી નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને ખબર આપી.''

(બુખારી–૧/૪૨૫, જેહાદ, ૨/પાની મગ઼ાઝી, મુસ્લિમ–મગ઼ાઝી, અબૂ દાઊદ–જેહાદ, નિસાઈ–સિયર)

માટે ખરાબી થાય, શું આ સાચુ છે કે મુહમ્મદ (ﷺ) એ અરબના સરદારોને ક઼ત્લ કરી નાખ્યા. જો એ સાચુ છે તો જમીનનું પેટ તેની પીઠ કરતાં બેહતર છે.

એના અસરને લઈને મક્કા કુરૈશના આશ્વાસન માટે ગયો. ત્યાં જઈને બદરના ક઼ત્લ થનારાઓ પર નોહા તથા બકા (હાયપીટ) કરી અને એક ક઼સીદો પણ કહ્યો. કુરૈશે પૂછયું, અમારો દીન સારો છે કે મુહમ્મદ (ﷺ)નો? તો એ બદબખ્તે પોતાના મઝહબની પણ વિરૂદ્ધ કહ્યું, તમારો દીન તેમના દીનથી બેહતર છે. ત્યાં કુરૈશ સાથે મુસલમાનો સાથે લડવાનો ક઼રાર કર્યો.

જ્યારે તેની શરારતો ખૂબ જ વધી ગઈ તો હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, કઅબ બિન અશરફના માટે કોણ છે ? હઝરત મુહમ્મદ બિન મુસ્લિમાએ અર્ઝ કરી, હુઝૂરની ઈચ્છા એ છે કે એને ક઼ત્લ કરી દેવામાં આવે ? ફર્માવ્યું, હા ! તેમણે અર્ઝ કરી, અમને કાંઈ કહેવાની ઈજાઝત આપો ! ફર્માવ્યું, ઈજાઝત છે. હઝરત મુહમ્મદ બિન મુસ્લિમા, અબૂ નાઈલા અને કોઈ એક સાહબને લઈને કઅબની પાસે ગયા. અબૂ નાઈલા એના (કઅબ બિન અશરફના) દૂધભાઈ અને મુહમ્મદ બિન મુસ્લિમા તેના ભાણ્યા હતા. ત્યાં જઈને તેમણે કઅબને કહ્યું, અમને એ શખ્સે લાચાર કરી આપેલ છે, અમારાથી સદક઼ો માગતો રહે છે, અને હું એટલા માટે આવ્યો છું કે તમારાથી કાંઈક ઉધાર લઉં. કઅબે કહ્યું, હજી શું છે ?! તમે તેનાથી ઉકતાઈ જશો ! મુહમ્મદ બિન મુસ્લિમાએ કહ્યું, શું કરીએ ! અમે એની ઈત્તેબાઅ (અનુસરણ) કરી લીધું છે ! એવું અમે નથી ચાહતા કે એને ત્યજી દઈએ. અમને ઈંતેઝાર છે કે એનો અંજામ શું થાય છે. અમે ચાહીએ છીએ કે એક કે બે વસક઼ ઉધાર આપી દો.

તેણે કહ્યું, તમારી સ્ત્રીઓને ગીરો મૂકી દો ! તે લોકોએ કહ્યું, અમારી સ્ત્રીઓ કેવી રીતે ગીરો મૂકીએ અને તમે અજમલુલ્ અરબ છો ! તેણે કહ્યું, તો પછી તમારાં બાળકોને ગીરો રાખી દો ! તે લોકોએ કહ્યું, બાળકોને કેવી રીતે ગીરો મૂકીએ, લોકો ટીકા ટીપ્પણ કરશે ! કહેશે કે એક બે વસક઼ના બદલામાં બાળકોને ગીરો મૂકી દીધાં ! એ અમારા માટે શરમનો સબબ છે. હા ! અમે હથિયાર ગીરો મૂકી શકીએ છીએ. એના પર તે રાજી થઈ ગયો. અને તેમણે વાયદો કરી લીધો કે તેઓ હથિયાર લઈને આવશે.

રાતમાં મુહમ્મદ બિન મુસ્લિમા, અબૂ નાઈલા, ઓબાદ બિન બશર, અબૂ અયસ ઈબ્ને જુબૈર અને હારિષ બિન અવસની સાથે કઅબની પાસે ગયા અને તેને અવાજ આપ્યો કે કિલ્લાની નીચે આવો ! તેની પત્નીએ કહ્યું, આ સમયે ક્યાં જઈ રહ્યા છો ?! હું એમાં બુરાઈની બૂ સૂંઘી રહી છું ! કઅબે કહ્યું, આ મુહમ્મદ બિન મુસ્લિમા અને મારો ભાઈ નાઈલા છે, અને શરીફ ઈન્સાનને જો રાતમાં નેઝાબાઝી માટે બોલાવવામાં આવે તો પણ જાય છે.

હઝરત મુહમ્મદ બિન મુસ્લિમાએ સાથીઓને કહ્યું, જ્યારે તે આવી જશે તો હું તેના વાળ સુંઘવાના બહાને પકડીશ, જ્યારે તમે લોકો જોઈ લો કે મેં તેને સંપૂર્ણપણે પકડમાં લઈ લીધો છે તો તમે એને ખત્મ કરી દેજો.

કઅબ કિલ્લાથી ઉતરીને ચાદરમાં લપેટાયેલો તેમની પાસે આવ્યો અને તેનામાંથી ખુશ્બુની લહેરખીઓ ઉઠી રહી હતી. મુહમ્મદ બિન મુસ્લિમાએ કહ્યું, આવી ખુશ્બુ મેં કદી નથી જોઈ ! કઅબે કહ્યું, મારા નિકાહમાં અરબની સરદાર અને સૌથી વિશેષ ખુશ્બુદાર અને કામિલ સ્ત્રી છે. મુહમ્મદ બિન મુસ્લિમાએ કહ્યું, શું તું ઈજાઝત આપે છે કે હું તારા માથાને સૂંઘુ અને મારા સાથીઓને સૂંઘાડું ? એણે કહ્યું, જરૂર ! આ સાંભળતાં જ મુહમ્મદ બિન મુસ્લિમાએ તેને પોતાની પૂર્ણ તાકત સાથે પકડી લીધો અને સાથીઓને કહ્યું, હા ! તે લોકોએ તેને ક़त्ल કરી નાખ્યો. ત્યારબાદ નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને બતાવ્યું.

કઅબ બિન અશરફના ક़त्લની હદીષ બુખારીમાં ચાર જગાએ છે. સૌથી વિગતવાર મગ़ાઝીમાં છે અને બનાવની વિગત અમે ત્યાંથી જ લીધી છે. એના પર ઈમામ બુખારીએ ચાર પ્રકરણો રચ્યાં : ૧. હથિયાર ગીરો મૂકવું. એની સાબિતી હઝરત મુહમ્મદ બિન મુસ્લિમાના આ ક़ૌલથી છે, હા ! અમે હથિયાર ગીરો રાખી શકીએ છીએ, કેમ કે જો હથિયારનું ગીરો મૂકવું જાઈઝ ન હોત તો તો તે કદી આવી રજૂઆત ન કરતા.

બીજુ પ્રકરણ આ છે : "લડાઈમાં જૂઠ બોલવું" એની સાબિતી આ શબ્દો વડે થાય છે કે તેમણે અર્ઝ કરી કે, કાંઈક કહેવાની ઈજાઝત આપો ! એનાથી મુરાદ એ જ છે કે સત્યથી વિરૂદ્ધ કાંઈ કહેવાની ઈજાઝત આપો. તબ્ક़ાતે ઈબ્ને સઅદમાં છે કે તેમણે એને એવું કહ્યું હતું. "એ શખ્સનું અહીં આવવું બલા છે ! પૂરા અરબમાં લડાઈ છેડી આપી છે. અને સૌએ નિશાનો બનાવી લીધો છે." ઈબ્ને ઈસ્હાક़ની રિવાયતમાં એ પણ છે કે હુઝૂરે અક़દસ ﷺ બક़ીઅ સુધી તેમની સાથે ગયા પછી તેમને મોકલ્યા અને ફર્માવ્યું, "અલ્લાહના નામ પર જાવ ! હે અલ્લાહ ! એમની મદદ ફર્માવ !" જૂઠ્ઠ બોલવું હરામ છે પણ અમુક સ્થિતિઓમાં એની ઈજાઝત છે. જેમ કે પતિ પત્નીમાં સુલહ કરાવવામાં, બે વિખુટા પડી ગયેલા લોકોમાં મેળ કરાવવામાં અને લડાઈમાં. પરંતું જ્યાં સુધી શક્ય હોય સ્પષ્ટ જૂઠથી બચે. દ્વિઅર્થી શબ્દો બોલે. અને જ્યારે ચોખ્ખુ જૂઠ્ઠ બોલ્યા વિના કામ ન ચાલે તો એમાં પણ વાંધો નથી, બલ્કે અમુક સંજોગોમાં વાજિબ છે. દા.ત. એક મઝલૂમ ઘરમાં છુપાયેલો છે, જાલિમ આવીને પૂછે છે. એનો અંદેશો છે કે જો સાફ ઈન્કાર નહીં કરે તો જાલિમને શંકા થઈ જશે. મુસલમાનની જાન બચાવવાના માટે સ્પષ્ટ અજાણતા જાહેર કરી આપવી વાજિબ છે. એના અનુંસંધાનમાં મૂળ કાયદો (સિદ્ધાંત) એ છે કે જલબ મનાફેઅ પર દફએ મુઝરત મુક़દ્દમ છે. એટલે એક જ સમયમાં બે વિરોધીભાસી વાતો સામે આવી છે અને તે પણ એવી કે તે બંનેમાંથી કેવળ એક પર જ અમલ થઈ શકે છે એકમાં ફાયદો છે અને બીજીમાં નુકસાન છે, તો નુકસાનથી બચવું વાજિબ છે.

દા.ત. દુશ્મને ઘેરેલા છે અને નમાઝનો સમય થઈ રહ્યો છે, પણ ગુમાન અધિક્તર એ છે કે નમાઝ પઢવા જશે તો દુશ્મન ક़त्ल કરી નાખશે, તો નમાઝને મોડી કરવી વાજિબ છે. જેમ કે ગઝવએ ખંદકના પ્રસંગે ખૂદ હુઝૂરે અક़દસ ﷺ અને સહાબાએ કિરામની ત્રણ સમયની નમાઝો ક़ઝા થઈ ગઈ. જ્યારે કે નમાઝને છોડવી એ તો જૂઠ બોલવા કરતાં પણ મોટો ગુનોહ છે. જૂઠ બોલવાવાળાના બારામાં فقد كفر ની કોઈ રિવાયત નથી પણ નમાઝ છોડવાવાળાના બારામાં આ રિવાયત આવેલી છે.

بَابُ الرَّهْنُ مَرْكُوبٌ وَّ مَحْلُوبٌ ص ٣٤١

"ગીરો ચીજ પર સવાર થઈ શકીએ, તેનું દૂધ દોહી શકીએ છીએ" –(૩૪૧)

પ્રકરણના શબ્દો બેઠા જ હદીષે મરફૂઅ છે જેને ઈમામ હાકિમ અને ઈબ્ને અદી બયહકી, દારકુત્નીએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરેલ છે.

ت ٤٧٣ [تઅલીક़ : ૪૭૩] وَقَالَ الْمُغِيْرَةُ عَنْ اِبْرَاهِيْمَ تُرْكَبُ الضَّالَّةُ بِقَدْرِ عَلَفِهَا

"અને મુગીરહએ કહ્યું કે ઈબ્રાહીમ નખઈથી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, ગુમ થયેલા જાનવર પર તેના

وَتُحْلَبُ بِقَدْرِ عَلَفِهَا وَالرَّهْنُ مِثْلُهُ ـ

ચારાની માત્રામાં સવારી કરી શકાય છે અને તેને ચારાના પ્રમાણમાં દોહી શકાય છે અને ગીરો એના સમાન છે."

حديث ١٤٢٤ عَنِ الشَّعْبِيِّ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સવારીનું જાનવર **[હદીષ : ૧૪૨૪]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَلظَّهْرُ يُرْكَبُ بِنَفَقَتِهٖ اِذَا كَانَ مَرْهُوْنًا وَلَبَنُ الدَّرِّ

જ્યારે ગીરોનું હોય તો તેના ખર્ચના પ્રમાણે તેના પર સવારી કરવામાં આવશે અને દૂધવાળુ જાનવર મરહૂન

يُشْرَبُ بِنَفَقَتِهٖ اِذَا كَانَ مَرْهُوْنًا وَّعَلَى الَّذِيْ يَرْكَبُ وَيَشْرَبُ النَّفَقَةَ ـ

(ગીરો મૂકેલ) હોય તો તેના ખર્ચના પ્રમાણે તેનું દૂધ પીવામાં આવે. એનો ખર્ચો એના પર છે જે એના પર સવારી કરે અને એનું દૂધ પીએ."

તઅલીક़ : ૪૭૩ની સમજૂતી

આ તઅલીક़ને ઈમામ સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. આ મુગીરા બિન મક़સમ છે, અને ઈબ્રાહીમથી મુરાદ ઈમામ નખઈ છે. એનો મતલબ એ છે કે કોઈએ ખોવાયેલ જાનવર મેળવ્યું, તો તે તેને એટલા સવારીના કામમાં લાવી શકે છે જેની મજૂરી એના ચારાની કિંમતના સમાન હોય અને એ જ પ્રમાણે એટલુ દૂધ પણ કાઢી શકે છે, અને ગીરોનો પણ એ જ હુકમ છે.

والرهن مثله : આ અલગ તઅલીક़ છે જેને ઈમામ સઈદ બિન મન્સૂરે જ વર્ણવેલ સનદ સાથે રિવાયત કરી.

હદીષ : ૧૪૨૪ની સમજૂતી

હઝરત ઈબ્રાહીમ નખઈ તથા હઝરત ઈમામ શાફ઼ઈ رضی اللہ عنہما અને ઝાહિરિય્યા (દાઉદ બિન ખલ્ફ઼ ઝાહિરીના અનુયાયી જે કુર્આન તથા હદીષના જાહેરી અર્થને જ જુએ છે, તાવીલ અને ક़યાસને નથી માનતા)ના કેટલાક લોકોનો મઝહબ એ છે કે ગીરો મૂકનાર (રાહિન) પર ગીરો ચીજનુ ભરણપોષણ વાજિબ છે એટલા માટે તે ભરણપોષણની માત્રામાં ગીરો ચીજથી સવારીનું કામ લઈ શકે છે અને તેનું દૂધ પી શકે છે. તે હઝરાતની દલીલ આ હદીષ છે.

بَابُ إِذَا اخْتَلَفَ الرَّاهِنُ وَالْمُرْتَهِنُ أَوْ نَحْوُهُ فَالْبَيِّنَةُ عَلَى الْمُدَّعِي ص ٣٤٢

"જ્યારે ગીરો મૂકનાર અને ગીરો રાખનારો વગેરે મતભેદ કરે તો સુબૂત (દલીલ) દાવેદાર પર છે. –(૩૪૨)

حديث ١٤٢٥ عَنِ ابْنِ مُلَيْكَةَ قَالَ كَتَبْتُ إِلَى ابْنِ عَبَّاسٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا فَكَتَبَ

"ઈબ્ને મુલૈકાએ કહ્યું કે મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને લખ્યું તો તેમણે લખ્યું કે **[હદીષ : ૧૪૨૫]**

النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَضَى أَنَّ الْيَمِينَ عَلَى الْمُدَّعَى عَلَيْهِ ـه

નબી ﷺ એ ફૈસલો ફર્માવી આપ્યો કે ક़સમ જેના વિરુદ્ધ દાવો કરવામાં આવ્યો હોય તેની પર છે."

(બુખારી ૧/૩૬૭ અશ્શહાદાત, ૨/૬૫૩ અત્તફ્સીર સૂ. આલિ ઈમરાન, મુસ્લિમ–અહકામ, અબૂ દાઊદ–અલ્કઝ़ાયા, તિર્મિઝી–અલ્અહકામ, નિસાઈ–અલ્ક઼ઝા, ઈબ્ને માજહ–અહકામ)

હઝરત ઈમામ સુફ્યાન ષૌરી, હઝરત ઈમામે આ'ઝમના સાહિબૈન, હઝરત ઈમામ માલિકનો મઝહબ એ છે કે ગીરો મૂકનાર (રાહિન) ગીરો રાખેલ ચીજ (રહન)થી ન સવારીનું કામ લઈ શકે છે ન તેનું દૂધ પી શકે છે. એટલા માટે કે ગીરો મૂકનારને એ હક્ક़ આપવો ગીરોના અર્થની વિરૂદ્ધ છે જે કુર્આની નસ (આયત)થી સાબિત છે. ઈર્શાદ છે : فَرِهٰنٌ مَّقْبُوْضَةٌ એનો સ્પષ્ટ ભાવાર્થ એ છે કે ગીરો ચીજ ગીરો રાખનારના કબજામાં હોય. અને જાહેર છે કે ગીરો મૂકનારને સવારી તથા દૂધ કાઢવાનો હક્ક़ આપવો ગીરો રાખનારના કબજાની વિરૂદ્ધ છે.

રહી ગઈ આ હદીષ તો એ મુજમલ છે. એમાં એ નથી કે સવારી તથા દૂધ પીવાનો હક્ક़ ગીરો મૂકનારનો છે કે ગીરો રાખનારનો. જો એનાથી ગીરો મૂકનારના માટે આ હક્ક़ સાબિત માનીએ તો فَرِهٰنٌ مَّقْبُوْضَةٌની વિરૂદ્ધ છે. અને ગીરો રાખનારના માટે માનીએ તો વ્યાજની આયતની વિરૂદ્ધ થશે. કેમ કે એમાં કરજથી નફો હાંસલ કરવું થયું અને એ યક़ીનન વ્યાજ છે.

એની સંભાવના છે કે આ હદીષ આયતે રહન અને આયતે રિબા અથવા એમાંથી કોઈ એકથી મન્સૂખ હોય. ખાસ વાત એ છે કે આ હદીષના રાવી ઈમામ શઅબીનો મઝહબ એ હતો કે ગીરો ચીજથી ફાયદો ઉઠાવવો જાઈઝ નથી અને હદીષના રાવીનો મઝહબ જ્યારે તેની રિવાયત કરેલ હદીષની વિરૂદ્ધ હોય તો એ એની દલીલ હોય છે કે એની નજીક આ હદીષ ન મન્સૂખ હોવું સાબિત છે.

હદીષ : ૧૪૨૫ની સમજૂતી

ઈબ્ને મુલૈકા એ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અબી મુલૈકા છે. એમનું નામ ઝહીર ઈબ્ને અબ્દુલ્લાહ અને કુન્નિયત અબૂ મુહમ્મદ છે. મક્કા મોઅઝ્ઝમાના રહેવાસી અને અહવલ હતા. હઝરત ઈબ્ને ઝુબેરના ક़ાઝી અને મોઅઝ્ઝિન હતા.

كتب કિસ્સો એવો બન્યો કે બે સ્ત્રીઓ ઘરમાં બેસીને મોજા કે ચપ્પલ સીવી રહી હતી. એકની પિન તેની હથેળીમાં ભોંકાઈ ગઈ. તેણીએ બીજી સ્ત્રી પર આરોપ લગાડયો કે એણે ભોંકી આપ્યું છે. મામલો ઈબ્ને મુલૈકાની પાસે આવ્યો તો તેમણે હઝરત ઈબ્ને અબ્બાસને લખ્યું. તેના જવાબમાં લખી મોકલ્યું કે જો લોકોના કેવળ દાવા પર તેમને આપી દેવામાં આવે તો પછી કેટલાક લોકોની જાનો તથા માલો મફ્તમાં ચાલ્યા જશે. તે સ્ત્રીને અલ્લાહની યાદ અપાવો અને આ આયત તિલાવત કરો, "બેશક ! જે લોકો અલ્લાહના અહદ અને

ક઼સમોના બદલામાં થોડી પૂંજી ખરીદે છે એમનો આખેરતમાં કોઈ હિસ્સો નથી. અને એમનાં માટે દર્દનાક અઝાબ છે.'' લોકોએ તે સ્ત્રીને અલ્લાહની યાદ અપાવી તો તેણે ઈકરાર કરી લીધો. ઈબ્ને અબ્બાસે એ પણ લખ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ક઼સમ જેની વિરુદ્ધ દાવો કરવામાં આવે તેના પર છે.

આ હદીષથી જાણવા મળ્યું કે પત્રના ઝરીયા રિવાયતનો એ જ દરજ્જો છે જે સાંભળવાનો છે. બયહકીમાં આ હદીષ પૂરી આ પ્રમાણે છે, જો કેવળ દાવો કરવામાં પર દઈ દેવામાં આવે તો લોકો ખૂન અને માલનો દાવો કરવા માંડશે. સુબૂત દાવેદાર પર છે અને ક઼સમ પ્રતિવાદી પર.

હુદૂદમાં ક઼સમ નથી : એના પર સૌની એકમતિ છે કે દરેક દાવામાં પ્રતિવાદીના ઈન્કાર પછી સાબિતી દાવેદારના માથે છે. સાબિતી વિના ફૈસલો હરામ. જ્યારે દાવેદાર (વાદી) પાસે સાબિતી ન હોય તો માલોમાં પ્રતિવાદી પર ક઼સમ છે. હદોમાં આપણે ત્યાં ક઼સમ નથી. આપણી દલીલ એ છે કે ફર્માવ્યું, સુબૂત દાવેદાર પર છે અને ક઼સમ પ્રતિવાદી પર, પણ ક઼યામતમાં. એને ઈબ્ને અદીએ કામિલમાં અને દારકુત્નીએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી છે. (ઉમ્દતુલ ક઼ારી, ૧૩/૭૫) વિગતે ચર્ચા આગળ આવી રહી છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

فِي الْعِتْقِ وَفَضْلِهِ

"ગુલામ આઝાદ કરવો અને એની ફઝીલતના બયાનમાં"

وَقَوْلِ اللّٰهِ تَعَالٰى فَكُّ رَقَبَةٍ اَوْ اِطْعَامٌ فِيْ يَوْمٍ ذِيْ مَسْغَبَةٍ يَتِيْمًا ذَا مَقْرَبَةٍ۔

"અને અલ્લાહ ﷻ ના આ ઈર્શાદના બયાનમાં "ગરદન છોડાવવી કે ભૂખના દિવસે ખાવા ખવડાવવું સગાં, યતીમને." (સૂ. બલદ, આ. ૧૩, ૧૪, ૧૫)

فَلَا اقْتَحَمَ الْعَقَبَةَ وَمَا اَدْرٰىكَ مَا الْعَقَبَةُ۔

"આ આયતો પહેલાં ઈર્શાદ ફર્માવ્યો, પછી વિના સંકોચે ઘાટીમાં નથી કૂદયો, અને તું શું જાણે છે ઘાટી (માં કૂદવું) શું છે, ગરદન છોડાવવી."

એટલે કે જેણે નિઃસંકોચ આ નેક અમલો કર્યા અને મોમિન સાલેહ છે તો તે રહમતે ઈલાહીના મુસ્તહિક્ક (પાત્ર) છે. એનાથી ગુલામ આઝાદ કરવાની ફઝીલત સાબિત થઈ ગઈ.

આ આયતો વલીદ બિન મુગીરહના બારામાં નાઝિલ થઈ છે. તેણે ગર્વના રૂપે કહ્યું હતું, મેં મુહમ્મદ (ﷺ)ની અદાવતમાં પુષ્કળ માલ ખર્ચ્યો છે. ઘાટીમાં કૂદવાથી મુરાદ તકલીફ વેઠવું છે. **يوم ذى مسغبة** *થી મુરાદ દુકાળ અને મોંઘવારીનો સમય છે. ગુલામ આઝાદ કરવામાં અને દુકાળ તથા મોંઘવારીના સમયમાં યતીમો તથા મિસ્કીનોને ખવડાવવું નફ્સ પર બોજરૂપ હોય છે એટલા માટે એને ઘાટીમાં કૂદવા સાથે સરખાવ્યું છે. મતલબ એ થયો કે એ બદબખ્તે હુઝૂરે અક્દસ ﷺની અદાવતમાં માલ બર્બાદ કર્યો, તેને એ નેક કામોમાં ખર્ચ કરવાની તૌફીક્ ન મળી.*

حدثنى سعيد بن مرجانة صاحب على بن الحسين قال قال لى — حديث ١٤٢٦

હઝરત ઝયનુલ આબિદીન સૈયદના અલી ઈબ્ને હુસૈન رضی اللہ عنہما ના શાગિર્દ સઈદ **[હદીષ : ૧૪૨૬]**

ابوهريرة رضى الله تعالى عنه قال النبى صلى الله تعالى عليه وسلم ايما رجل

બિન મરજાનાએ હદીષ બયાન કરી કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ મને વર્ણવ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું, જે

હદીષ : ૧૪૨૬ની સમજૂતી કિતાબુલ ઈમાનમાં આટલુ વધારે છે : **حتى فرجه بفرجه** ત્યાં સુધી કે તેની શર્મગાહને એની શર્મગાહના બદલામાં.

સઈદ બિન મરજાના : આ સઈદ બિન અબ્દુલ્લાહ બની આમિરના આઝાદ કરેલા ગુલામ હતા. એ

اِعْتَقَ اِمْرَأً مُّسْلِمًا اِسْتَنْقَذَ اللّٰهُ بِكُلِّ عُضْوٍ مِّنْهُ عُضْوًا مِّنْهُ مِنَ النَّارِ - قَالَ

મુસલમાન કોઈ મુસલમાન (ગુલામ)ને આઝાદ કરશે તો અલ્લાહ عزوجل એના દરેક અંગના બદલામાં તેના

سَعِيْدُ بْنُ مَرْجَانَةَ فَانْطَلَقْتُ بِهٖ اِلٰى عَلِيِّ بْنِ الْحُسَيْنِ فَعَمَدَ عَلِيُّ بْنُ الْحُسَيْنِ

દરેક અંગને જહન્નમથી આઝાદ ફર્માવશે. સઈદ બિન મરજાનાએ કહ્યું, હું હઝરત અલી ઈબ્ને હુસૈનની

اِلٰى عَبْدٍ لَّهٗ قَدْ اَعْطَاهُ بِهٖ عَبْدُ اللّٰهِ بْنُ جَعْفَرٍ عَشَرَةَ آلَافِ دِرْهَمٍ

ખિદમતમાં આ હદીષ લઈને પહોંચ્યો તો તેમણે પોતાના એક એવા ગુલામને આઝાદ કરી આપ્યો, જેની

اَوْ اَلْفَ دِيْنَارٍ فَاَعْتَقَهٗ - صـ

કિંમત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર દસ હજાર દિરહમ કે એક હજાર દીનાર લગાડી ચૂક્યા હતા."

(બુખારી ૨/૯૯૪ અલ્ઈમાન વન્નુઝૂર, મુસ્લિમ–અલ્ઈતક़, તિર્મિઝી–ઈમાન)

بَابُ اَيُّ الرِّقَابِ اَفْضَلُ صـ ٣٤٢

"કયો ગુલામ આઝાદ કરવો અફઝલ છે ?" –(૩૪૨)

حديث ١٤٢٧ عَنْ اَبِيْ مُرَاوِحٍ عَنْ اَبِيْ ذَرٍّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ سَاَلْتُ النَّبِيَّ

"હઝરત અબૂઝર رضی اللہ عنہ એ ફર્માવ્યું, મેં નબી ﷺ થી પૂછયું, કયો અમલ અફઝલ છે ? **[હદીષ : ૧૪૨૭]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَيُّ الْعَمَلِ اَفْضَلُ قَالَ اِيْمَانٌ بِاللّٰهِ وَجِهَادٌ فِيْ سَبِيْلِهٖ

ફર્માવ્યું, અલ્લાહ પર ઈમાન લાવવું અને તેના માર્ગમાં જેહાદ કરવો. મેં અર્ઝ કરી, કયો ગુલામ આઝાદ કરવો

હઝરત ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہ ના ખાસ ખાદિમ હતા. સૌથી સંબંધ કટ કરીને તેમના થઈને રહી ગયા હતા. એટલા માટે સાહિબે અલી બિન હુસૈનની સાથે મશહૂર થયા.

હઝરત અબ્દુલ્લાહ બિન જઅફર ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ : પ્રથમ તે ફરઝંદ છે જે હબ્શામાં મુહાજિરોને ત્યાં પેદા થયા. સહાય કરવામાં, સખાવતમાં આ'લા દરજ્જે બિરાજમાન હતા એટલા માટે એમને 'બહરુલજૂદ' (સખાવતનો સમંદર) કહેવામાં આવે છે. આપ સહાબી છે. હિ.સ. ૮૧માં જન્નતનશીન થયા.

મસાઈલ : આ હદીષોથી ઉલમાએ ઈસ્તંબાત ફર્માવ્યો (મસાઈલ કાઢયા) કે એવા ગુલામ જે સારા અંગોવાળા તંદુરસ્ત હોય તેમને આઝાદ કરવામાં આવે ન કે લંગડા, લુલા, આંધળા, બહેરા, અપંગ, નકામાને. સહીહ એ છે કે બાંદીઓ કરતાં ગુલામોને આઝાદ કરવા અફઝલ છે, કેમ કે ગુલામમાં અધિક ફાયદો છે તેમજ કનીઝો આઝાદીની ઈચ્છુક પણ નથી રહેતી અને આઝાદ કરવામાં તેણીઓને લાવારિસ છોડી દેવું છે જે ફિત્નાનો પણ સબબ થઈ શકે છે.

હદીષ : ૧૪૨૭ની સમજૂતી આ હદીષ જો કે રૂબાઈય્યાતમાંથી છે પણ દરજામાં ષુલાષિય્યાતના છે, એટલા માટે કે એના ત્રણ રાવી છે. ઉરવા, અબૂ મુરાવિહ તાબઈ છે જેમાં ઉરવા અને અબૂ મુરાવિહ એક

قُلْتُ فَاَیُّ الرِّقَابِ اَفْضَلُ قَالَ اَعْلَاهَا ثَمَنًا وَاَنْفَسُهَا عِنْدَ اَهْلِهَا قُلْتُ فَاِنْ لَّمْ اَفْعَلْ

અફઝલ છે ? ફર્માવ્યું, તે જેની કિંમત સૌથી અધિક ઊંચી હોય અને જે માલિકને સૌથી અધિક પસંદ હોય. મેં

قَالَ تُعِيْنُ صَانِعًا اَوْ تَصْنَعُ لِاَخْرَقَ قُلْتُ فَاِنْ لَّمْ اَفْعَلْ قَالَ تَدَعُ النَّاسَ مِنَ

અર્ઝ કરી, જો એવું ન કરી શકું ? ફર્માવ્યું, કોઈ કારીગરની મદદ કરો. અર્ઝ કરી, એ પણ ન કરી શકું ? તો

الشَّرِّ فَاِنَّهَا صَدَقَةٌ تَتَصَدَّقُ بِهَا عَلٰى نَفْسِكَ ـــه

ફર્માવ્યું, કોઈ બેહુનરનું કામ બનાવી દો. અર્ઝ કરી, જો એ પણ ન કરી શકું ? તો ફર્માવ્યું, લોકોને પોતાની બુરાઈથી બચાવો એટલા માટે કે એ સદકો છે જે તમે તમારા ઉપર કરશો.''

(મુસ્લિમ–ઈમાન, નિસાઈ અલ્ઈતક–જેહાદ, ઈબ્ને માજહ–અહકામ)

દરજાના છે.

وجهاد فی سبیله : એ યુગમાં ઈમાન પછી જેહાદ અફઝલુલ આમાલ (અમલોમાં શ્રેષ્ઠ) હતો. મુસલમાન થોડા અને કમજોર હતા અને ચોતરફથી દુશ્મનોની ચઢાઈ હતી. **اعلاها ثمنا**માં અન્ય રિવાયતો **اغلاها** પણ છે. એટલે સૌથી મોંઘી કિંમતવાળો. **تعین صانعا**માં એક રિવાયત **ضائعا** પણ છે, બલ્કે ઘણા બધા મુહદ્દિષોએ ફર્માવ્યું કે **صانعا**ની રિવાયત ગલત છે, પરંતું સહીહ એ છે કે અહીં **اخرق**ની સાથે સરખામણીના કારણે **صانعا** અધિક યોગ્ય છે. **ضائع** અહીં ફકીરના અર્થમાં છે.

بَابُ الْخَطَاءِ وَالنِّسْيَانِ فِي الْعِتَاقَةِ وَالطَّلَاقِ
وَنَحْوِهِ وَلَا عِتَاقَةَ إِلَّا لِوَجْهِ اللهِ وَقَالَ النَّبِيُّ
صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ لِكُلِّ امْرِئٍ
مَا نَوَى وَلِاَنَّهُ لِلنَّاسِيْ وَالْمُخْطِئِ ص ٣٤٣

"ગુલામ આઝાદ કરવા અને તલાક઼ વગેરેમાં ભૂલચૂકનું બયાન અને આઝાદ કરવું કેવળ અલ્લાહની રઝાના માટે છે અને નબી ﷺએ ફ઼ર્માવ્યું, દરેક શખ્સના માટે તે જ છે જે એની નિય્યત હોય, અને ભૂલનારા ચૂકનારાની કોઈ નિય્યત નથી હોતી." –(૩૪૩)

પ્રકરણનો ખુલાસો : خَطَأ *વિના મુકમ્મલ ઈરાદે કોઈ કામ કરવું. જેમ કે કોગળો કરી રહ્યો હતો અને પાણી ગળા નીચે જતુ રહ્યું.* نسيان *ઘણી ચીજોના યાદ હોવા છતાં કોઈ ખાસ ચીજને ભૂલી જવી, દા.ત. ઝયદનો હુલિયો (દેખાવ) યાદ છે, એની કેટલીક સ્થિતિ યાદ છે, પણ નામ યાદ નથી આવતુ.* نحوه *તઅલીક઼ો તથા ક઼સમ વગેરે મુરાદ છે. ઈતાક઼ અને તલાક઼માં નિસ્યાનના તહક્કુકની કેવળ એ જ સ્થિતિ છે કે ઈતાક઼ અથવા તલાક઼ને કોઈ ચીજ પર આધારિત કર્યું પછી તે આધારિત ચીજ વિશે ભૂલી ગયો અને શરત કરી બેઠો. દા.ત. આ પ્રમાણે કહ્યું, જો હું ફ઼લાણુ કામ કરું તો મારી પત્ની પર તલાક઼ અથવા મારો ફ઼લાણો ગુલામ આઝાદ ! અને યાદ ન રહ્યું અને તે કામ કરી બેઠો.*

ઈમામ બુખારીનો મઝહબ એ છે કે ખતા તથા નિસ્યાન (ભૂલ થવાથી તથા ભૂલી જવાથી)ની સ્થિતિમાં તલાક઼ લાગુ નહીં થાય ન ગુલામ આઝાદ થશે, કેમ કે કામનો આધાર નિય્યત પર છે અને ભૂલ કરનારો અને ભૂલી જનારાની નિય્યત એ કામની નથી હોતી. આપણે ત્યાં (હનફ઼ીઓમાં) ભૂલી જનાર, ભૂલ કરનાર, ગમ્મત તથા મજાક મશ્કરી કરનાર એ સૌની આપેલી તલાક઼ લાગુ થશે અને તેમનો આઝાદ કરેલો ગુલામ આઝાદ છે. આપણી દલીલ આ હદીષ છે કે ફ઼ર્માવ્યું : ثلث جد هن جدوهزلهن جد ـ النكاح ـ والطلاق ـ والرجعة *ત્રણ ચીજો છે કે તેમની ગંભીર વાત પણ ગંભીર છે અને મશ્કરી મજાક પણ ગંભીર છે, નિકાહ, તલાક઼ અને રજઅત." (અબૂ દાઊદ–તલાક઼, પેજ–૨૯૮, તિર્મિઝી–તલાક઼, પેજ–૧૪૨, ઈબ્ને માજહ–તલાક઼, પેજ–૧૪૮)*

બીજી હદીષમાં છે : ثلث ليس فيهن لعب النكاح والطلاق والعتق *"ત્રણ ચીજોમાં ખેલ નથી : નિકાહ, તલાક઼ તથા ઈતાક઼" (મોઅત્તા ઈમામ માલિક–નિકાહ, પેજ–૨૦૮)*

જાહેર છે કે મશ્કરી મજાકમાં નિય્યત નથી હોતી છતાં તલાક઼ લાગુ થાય છે, પણ કેમ કે એણે ઈક઼્રા (લાગુ કરવા)નો સેગો વાપર્યો છે. અને આ હદીષોથી સાબિત થયું કે એ અક઼્દો (ક઼રારો)માં એતબાર મોઢાથી નીકળેલા શબ્દોનો છે, નિય્યતનો નથી. એટલા માટે કે જ્યારે કોઈ તલાક઼, ઈતાક઼ના શબ્દો મજાકની રૂએ બોલે અથવા ભૂલીને અથવા ચૂકથી તો તલાક઼ લાગુ પડી જશે અને ગુલામ આઝાદ થઈ જશે. દરેક વ્યક્તિને ખબર છે કે જો કહેલ વાતની વિરૂદ્ધ બોલનારના બયાન પર આધાર રાખવામાં આવે તો અમાન ઉઠી જશે અને જેના જીવમાં આવે તલાક઼ આપી દઈને તથા ગુલામ આઝાદ કરીને કહી દે કે મારી નિય્યત ન હતી કે તલાક઼ પડી જાય અને ગુલામ આાઝાદ થઈ જાય !

حديث ١٤٢٨ عَنْ زُرَارَةَ بْنِ اَوْفٰى عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું, નબી ﷺ એ ફર્માવ્યું, બેશક ! મારા કારણે [હદીષ : ૧૪૨૮]

قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ اللّٰهَ تَجَاوَزَ لِيْ عَنْ اُمَّتِيْ مَا وَسْوَسَتْ

અલ્લાહે મારી ઉમ્મતના સીનાઓમાં પેદા થનારા વસવસાઓને માફ ફર્માવી આપ્યા છે જ્યાં સુધી એના પર

بِهٖ صُدُوْرُهَا مَا لَمْ تَعْمَلْ اَوْ تَكَلَّمْ بِهٖ

અમલ ન કરે અને કલામ ન કરે.''

(બુખારી ૨/૭૯૪ અત્તલાક़, ૨/૯૮૬ ઈમાન, મુસ્લિમ–ઈમાન, અબૂ દાઉદ–નિસાઈ, ઈબ્ને માજહ–તલાક़)

بَابٌ اِذَا قَالَ لِعَبْدِهٖ هُوَ لِلّٰهِ وَنَوَى الْعِتْقَ وَالْاِشْهَادُ فِي الْعِتْقِ ۔ صـ٣٤٣

''જ્યારે પોતાના ગુલામને કહે તે અલ્લાહના માટે છે અને આઝાદ કરવાની નિય્યત કરી લે. અને આઝાદ કરવા પર ગવાહ બનાવવું.''

حديث ١٤٢٩ عَنْ قَيْسٍ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهٗ لَمَّا اَقْبَلَ يُرِيْدُ الْاِسْلَامَ

''ક़ૈસથી મરવી છે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ જ્યારે ઈસ્લામ સ્વીકારવાના [હદીષ : ૧૪૨૯]

હદીષ : ૧૪૨૮ની સમજૂતી આ હદીષથી ઈમામ બુખારીનો હેતુ કેવી રીતે સાબિત થાય છે તે ગુપ્ત પર્દા હેઠળ છે. ભૂલી જનાર, ભૂલ કરનાર, તલાક લાગુ કરવાના સેગા અને ગુલામ આઝાદ કરવાના સેગા જીભ વડે અદા કરે છે, આ વસવસો નથી ક़ૌલ છે.

આ હદીષનો ફાયદો એ છે કે જો કોઈના દિલમાં તલાક़ આપવાનો, ગુલામ આઝાદ કરવાનો, ગુલામ આઝાદ કરવાની નિય્યત છે તો તલાક़ લાગુ ન થશે, ગુલામ આઝાદ ન થશે. આ હદીષથી સાબિત થયું કે ગુનોહ કરવાના ખયાલ પર પકડ નથી જ્યાં સુધી ગુનોહ ન કરી લે અથવા જીભ વડે ગુનાહના શબ્દો બોલી ન કાઢે. અલ્બત્ત ગુનાહના ઈરાદા તથા એવા ઈરાદા પર કે જરૂર કરીશ અને તેને ન કરવાનો દિલમાં અંશ પણ ન હોય તો પકડ છે. જેમ કે કોઈ શરાબી શરાબ પીવાના ઈરાદાથી ઘરેથી નીકળ્યો પણ કોઈ કારણે ન પી શક્યો, તો ગુનાહ પર આવો પાકો ઈરાદો પણ ગુનોહ છે. એ જ કારણે હસદ, કીનો ગુનોહ છે. ફર્માવવામાં આવ્યું

اِنَّ الَّذِيْنَ يُحِبُّوْنَ اَنْ تَشِيْعَ الْفَاحِشَةُ فِي الَّذِيْنَ اٰمَنُوْا لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ''જે લોકો એવું પસંદ કરે છે કે મુસલમાનોમાં બેહયાઈ ફેલાય તેમના માટે દર્દનાક અઝાબ છે.'' (નૂર)

પસંદ કરવું દિલનું કામ છે અને કેમ કે એમની ઈચ્છા ચોક્કસ નિશ્ચિત ઈરાદાની હદ સુધી હતી એટલા માટે ગુનોહ થયો અને તે જહન્નમની આગનો સબબ બન્યું. આ હદીષ અને આ પ્રકારની અન્ય હદીષોનો મતલબ એ છે કે વસવસો નિશ્ચિત ઈરાદાની હદ સુધી ન પહોંચેલ હોય.

હદીષ : ૧૪૨૯ની સમજૂતી પ્રકરણમાં **والاشهادفی العتق** માં **والاشهاد** પર ઝમ્મા (પેશ) નિશ્ચિત છે અને એ પ્રકરણ પર મઅતૂફ છે. લખાણની તક़દીર આ થઈ. **باب الاشهاد فی العتق** ''જો કોઈએ

وَمَعَهُ غُلَامُهُ ضَلَّ كُلُّ وَاحِدٍ مِّنْهُمَا مِنْ صَاحِبِهِ فَأَقْبَلَ بَعْدَ ذٰلِكَ وَأَبُوْ هُرَيْرَةَ

ઈરાદાથી આવી રહ્યા હતા તો એમની સાથે એમનો ગુલામ પણ હતો. રસ્તામાં એ બંનેનો સંગાથ છૂટી ગયો

جَالِسٌ مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

ત્યારબાદ ગુલામ આવી ગયો. અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺની સાથે બેઠેલા હતા. ગુલામને જોઈને

يَا أَبَا هُرَيْرَةَ هٰذَا غُلَامُكَ قَدْ أَتَاكَ فَقَالَ أَمَا إِنِّيْ أُشْهِدُكَ أَنَّهُ حُرٌّ قَالَ فَهُوَحِيْنَ يَقُوْلُ -

નબી ﷺએ ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ ! આ તારો ગુલામ આવી ગયો ! એના પર અબૂ હુરૈરહએ કહ્યું, હું

يَا لَيْلَةً مِّنْ طُوْلِهَا وَعَنَائِهَا عَلَى أَنَّهَا مِنْ دَارَةِ الْكُفْرِ نَجَّتِ

આપને ગવાહ બનાવું છું કે તે આઝાદ છે. તે કહેતા હતા હાય ! તે રાત કેટલી લાંબી અને પીડાજનક હતી

પણ એણે દારુલ કુફ્રથી નજાત આપી દીધી."

بَابُ بَيْعِ الْوَلَاءِ وَهِبَتِهٖ ص ٣٤٣

"વિલાની બયઅ અને હિબા" –(૩૪૪)

حديث ١٤٣٠ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ دِيْنَارٍ سَمِعْتُ ابْنَ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવતા હતા કે નબી ﷺએ 'વિલાની' બયઅ **[હદીષ : ૧૪૩૦]**

عَنْهُمَا يَقُوْلُ نَهَى النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنْ بَيْعِ الْوَلَاءِ وَعَنْ هِبَتِهٖ

(આઝાદ કરેલ ગુલામનો તેના માલિક સાથેનો સંબંધ) અને તેને હિબા કરવાથી (ભેટ ધરવાથી) મના ફર્માવ્યું છે."

(અબૂ દાઉદ, ૨/૧૦૦ ફરાઈઝ, મુસ્લિમ–અલ્ઈતક્)

પોતાના ગુલામના બારામાં એવું કહ્યું, **هوللّٰه** અને તેની નિય્યત આઝાદ કરવાની હોય તો તે આઝાદ થઈ જશે. આ હદીષને ઈમામ બુખારીએ ત્રણ તરીકાથી રિવાયત કરી છે. ત્રીજા તરીકામાં છે કે જ્યારે હુઝૂર ﷺએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ને ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ ! આ તારો ગુલામ છે ! તો તેમણે આવું કહ્યું, **اشهدك انه للّٰه**

حين يقول : એનાથી મુરાદ એ છે કે મદીના તયબહ પહોંચીને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ આ શેઅર પઢ યા કરતા હતા. બાદવાળી રિવાયતમાં જે આ પ્રમાણે છે : **قلت فى الطريق** એનાથી મુરાદ એ છે કે મદીના તયબહની હદોમાં પ્રવેશ પછી બારગાહે કુદ્સ સુધી જે રસ્તો હતો એમાં આ પ્રમાણે પઢતા હતા. એના પર ક્રીનો એનાથી આગલુ વાક્ય છે કે ફર્માવ્યું, જ્યારે હું મદીના પહોંચી ગયો તો માર્ગમાં આ પ્રમાણે કહેતો હતો.

હદીષ : ૧૪૩૦ની સમજૂતી **ولاء** તે સંબંધ છે જે આઝાદ કરેલ ગુલામ અને તેના માલિક દરમ્યાન આઝાદીથી પેદા થઈ જાય છે ત્યાં સુધી કે એકબીજાના વારસદાર પણ થાય છે જો તેમના ઝવિલ ફુરૂઝ અસ્બાત ન હોય. બલ્કે એક હદીષમાં ફર્માવ્યું : **الولاء لحمة كلحمة النسب** "વિલા નસબ (વંશ)ની લોહીની સગાઈની

જેમ એક સંબંધ છે. (ઉમ્દતુલ ક़ારી, ૧૩/૯૫)

એને વેચવું તથા ખરીદવું એટલા માટે જાઈઝ નથી કે એમાં માલિકની તબદીલી છે અને એ સખત મના છે. કેમ કે જ્યારે એ નસબના સમાન છે તો એની તબદીલી નસબની તબદીલી સમાન થઈ. તદ્ઉપરાંત આ કેવળ એક હક્ક છે કોઈ માલ નથી, અને હુકૂકે મુજર્રદા (ખાલિસ હક્કો)નું ખરીદવેચાણ (બયઅ) બાતિલ છે.

بَابُ اِذَا اَسَرَ اَخُو الرَّجُلِ اَوْ عَمُّهُ هَلْ يُفَادٰى اِذَا كَانَ مُشْرِكًا ص٣٤٤

"જ્યારે કોઈનો મુશ્રિકભાઈ અથવા કાકો પકડાય જાય તો શું તેનો ફિદિયો આપી શકાય છે ?" –(૩૪૪)

પ્રકરણની સ્પષ્ટતા : يفادى નો માદ્દો فداء છે. ક़ૈદીને માલના બદલામાં અથવા ક़ૈદીને ક़ૈદીના બદલામાં છોડાવવો. પ્રકરણનો સાર આ છે : જો કોઈ પોતાના ભાઈ અથવા કાકાને ગિરફ્તાર કરે તો તે તેના પર આઝાદ થશે કે નહીં. જો આઝાદ થઈ જશે તો ફિદિયો આપવાનો નથી અને જો આઝાદ ન થશે તો ફિદિયો આપવો પડશે. પ્રકરણમાં ફિદિયો આપવો આઝાદ ન થવા પ્રતિ ક઼િનાયો (નિર્દેશ) છે. ઈમામ બુખારીએ પોતાનો કોઈ નિર્ણય જાહેર ન કર્યો, સવાલ કરીને છોડી આપ્યું. તેમજ કેવળ ભાઈ અને કાકાનો ઉલ્લેખ કર્યો એટલા માટે કે આ મસ્અલાની તફ્સીલમાં મતભેદ છે જેનો સાર એ છે કે સગાંઓના ત્રણ પ્રકાર છે : ઝૂરહમ મહરમ, ગૈર ઝી રહમ મહરમ અથવા ઝૂરહમ ગૈર મહરમ.

ઝૂરહમ મહરમ : એ બે સગાંઓને ઝૂરહમ મહરમ કહે છે કે તેમનામાંથી જે કોઈને પુરૂષ અને બીજાને સ્ત્રી ધારવામાં આવે તો એમનામાં હમેશાં હમેશાં માટે નિકાહ હરામ થાય, જેમ કે બે ભાઈ, કાકા ભત્રીજા, મામા ભાણીયા.

ગૈર ઝૂરહમ મહરમ : જેમાં કોઈ સગાઈ જ ન થઈ હોય અને મેહરમ હોય, જેમ કે સેહરિય્યત (કોઈ સ્ત્રી સાથે સંભોગ કરવાના કારણે તેની પુત્રી, બહેન વગેરે હરામ થઈ જાય)ના કારણે જે હરામ થાય. જેમ કે موطوءة "મવતુઅહ્' ના ઉસૂલ તથા ફુરૂઅ "વાતી" والى, પર.

ઝૂરહમ ગૈર મહરમ : જેમનામાં સગાઈ હોય પણ હુર્મતનો સબબ ન હોય જેમ કે કાકા, મામા, ફોઈ, માસીના પુત્રો. પછી તેના ત્રણ પ્રકારો છે : અસ્હાબે ફરાઈઝ, અસ્બાત તથા ઝુલ્અરહામ.

અસ્હાબે ફરાઈઝ : તે છે જેમના વારસાનો હિસ્સો કુર્આન મજીદમાં નિશ્ચિત છે, જેમ કે મા બાપ, પત્ની, પતિ વગેરે. ***અસ્બાત :*** તે છે કે ઝુલ ફરાઈઝથી જે બચે તે સૌના હક્કદાર છે. અને અસ્હાબે ફરાઈઝના ન હોવાની સ્થિતિમાં પૂરા વારસાના હક્કદાર છે.

ઝુલ અરહામ : તે સગાં છે જેમનો લગાવ કોઈની સાથે કોઈ સ્ત્રીના કારણે જ હોય, જેમ કે નવાસા, ભાણ્યા વગેરે.

હઝરત ઈમામ માલિક ફર્માવે છે, જો કોઈ અસ્હાબે ફરાઈઝનો માલિક હશે તો તે એના પર આઝાદ થઈ જશે. આ ખાસ બાબતમાં પુત્રો અસ્હાબે ફરાઈઝમાંથી છે અને એ જ હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ નો પણ મઝહબ છે એટલા માટે જંગેબદરમાં હઝરત અક़ીલ ગિરફ્તાર થયા જે હઝરત અલી رضی اللہ عنہ ના ભાઈ હતા અને તે આઝાદ ન થયા તેમનાથી ફિદિયો લેવામાં આવ્યો, જ્યારે કે ભાઈ અસ્બા છે.

આપણે ત્યાં અસ્હાબે ફરાઈઝની તખ્સીસ (ખાસ કરવુ) નથી બલ્કે ઝૂર હમ મહરમની સાથે સામાન્ય છે. એટલા માટે કે હુઝૂરે અક઼્દસ ﷺ એ ફર્માવ્યું : **من ملك ذا رحم منه فهو حر** "જે પોતાના ઝૂરહમ મહરમનો

માલિક થયો તે આઝાદ છે." (અબૂ દાઉદ, ૨/૧૯૪, તિર્મિઝી ૧/૧૬૩, ઈબ્ને માજહ–અલ્ઈતક઼, પેજ–૧૮૪)

આ હદીષ પર અલ્લામા ઈબ્ને હજરે જે ચર્ચા કરી છે એ સૌના સંતોષકારક જવાબો અલ્લામા અયનીએ આપી દીધા છે અને સાબિત ફર્માવ્યું કે આ હદીષ હુજ્જત (દલીલ) છે.

ت ٤٧٤ قَالَ أَنَسٌ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُ قَالَ الْعَبَّاسُ لِلنَّبِيِّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَادَيْتُ نَفْسِي وَفَادَيْتُ عَقِيلًا

"અને હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, અબ્બાસે અર્ઝ કરી, મેં મારો [તઅલીક઼ : ૪૭૪]

وَكَانَ عَلِيُّ بْنُ أَبِي طَالِبٍ لَهُ نَصِيبٌ فِي تِلْكَ الْغَنِيمَةِ الَّتِي أَصَابَ مِنْ أَخِيهِ

ફિદિયો આપ્યો છે અને અક઼ીલનો ફિદિયો આપ્યો છે. અને હઝરત અલી رضی اللہ عنہ નો પણ એ માલે ગનીમતમાં

عَقِيلٍ وَعَمِّهِ عَبَّاسٍ -

હિસ્સો હતો જે તેમના ભાઈ અક઼ીલ અને તેમના કાકા અબ્બાસથી મળ્યો હતો."

તઅલીક઼ : ૪૭૪ની સમજૂતી

આ એક લાંબી હદીષનો ટુકડો છે જે કિતાબુસ્સલાતમાં વર્ણન થઈ ચૂકી છે જેમાં એવું છે કે ખિદમતે અક઼દસમાં બહરૈનનો માલ આવ્યો તો હઝરત અબ્બાસ رضی اللہ عنہ હાજર થયા અને અર્ઝ કરી, મને અતા ફર્માવો એટલા માટે કે મેં મારો ફિદિયો આપ્યો છે અને અક઼ીલનો આપ્યો છે. હઝરત અબ્બાસે આ મોક઼ા પર પોતાના અને હઝરત અક઼ીલ અને નોફલ બિન હારિષ બિન અબ્દુલ મુત્તલિબ તથા ઉત્બહ બિન અમ્રનો ફિદિયો આપ્યો હતો.

અહીં એને ઈમામ બુખારી એ સાબિત કરવા માટે લાવ્યા છે કે ભાઈ જો ભાઈનો માલિક થાય તો તે એના પર આઝાદ થશે નહીં. હઝરત અક઼ીલ હઝરત અલી رضی اللہ عنہ ના ભાઈ હતા પણ તેમનો પણ ફિદિયો લેવામાં આવ્યો, જો તે આઝાદ થઈ જાત તો ફિદિયો શાથી લેવામાં આવતો. એનાથી સાબિત થયું કે આ હુકમથી ભાઈ ખારિજ (બહાર) છે, જ્યારે કે તે ઝૂ રહમ મહરમ છે. તો જાણવા મળ્યું કે આ હુકમ દરેક ઝૂ રહમ મહરમને માટે સામાન્ય નથી બલ્કે અસ્હાબે ફરાઈઝની સાથે ખાસ છે. وكان علی ابن ابی طالب

સ્પષ્ટતા : આ ઈમામ બુખારીની દલીલ છે. તે એવું ફર્માવવા ચાહે છે કે જો ભાઈ અને કાકા જે ઝૂર હમ મહરમ છે, કોઈની માલિકીમાં થઈ જાત તો ભાઈની કે઼દમાં આવ્યા બાદ તેમનાથી ફિદિયો લેવામાં ન આવત અને એ ફિદિયામાં ભાઈનો હક્ક઼ ન હોતો, જ્યારે કે હઝરત અબ્બાસ અને હઝરત અક઼ીલના ફિદિયામાં હઝરત અલી رضی اللہ عنہ ને પણ ભાગ મળ્યો.

અમારો જવાબ એ છે કે માલે ગનીમત મુજાહિદોની મિલ્કત તે સમય સુધી નથી જ્યાં સુધી કે તે વહેંચણી કરીને તેમને આપી દેવામાં ન આવે. વહેંચણી પહેલાં તે હુકૂમતની માલિકી હોય છે. એટલા માટે એવું કહેવું સહીહ નથી કે કે઼દ થયા પછી હઝરત અબ્બાસ અને હઝરત અક઼ીલ હુઝૂરે અક઼દસ ﷺ અથવા હઝરત અલી رضی اللہ عنہ ની માલિકી થઈ ગયા. તદ્ઉપરાંત હર્બી કાફિર કે઼દ થયા બાદ તરત માલિકી નથી થતો બલ્કે સુલ્તાને ઈસ્લામને એ ઈખ્તિયાર હોય છે કે ચાહે તેને ક઼ત્લ કરી દે ચાહે તો ફિદિયો લઈને છોડી આપે, ચાહે તો ગુલામ બનાવી લે. એ લોકો પાસેથી ફિદિયો લેવામાં આવ્યો જે માલિકીમાં ન થયા.

حديث ١٤٣١ عَنِ ابْنِ شِهَابٍ ثنى اَنَسُ بْنُ مَالِكٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رِجَالًا

"હઝરત અનસ رضی اللہ عنہ એ હદીષ વર્ણવી કે અન્સારના કેટલાક હઝરાતે [હદીષ : ૧૪૩૧]

مِّنَ الْاَنْصَارِ اِسْتَاذَنُوْا رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالُوْا ائْذَنْ

રસૂલુલ્લાહ ﷺથી ઈજાઝત તલબ કરી અને અર્ઝ કરી, ઈજાઝત આપો કે અમે અમારા ભાણીયા અબ્બાસનો

فَلْنَتْرُكْ لِابْنِ اُخْتِنَا عَبَّاسٍ فِدَاءَهٗ فَقَالَ لَا تَدَعُوْنَ مِنْهُ دِرْهَمًا ؕ

ફિદિયો છોડી દઈએ તો ફર્માવ્યું, એમનાથી એક દિરહમ પણ ન છોડશો."

(બુખારી ૧/૪૨૮ જેહાદ, ૨/૫૭૨ મગ઼ાઝી)

હદીષ : ૧૪૩૧ની સમજૂતી

સામ્યતા : આ હદીષના વર્ણનથી ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે અસ્બાતની જેમ ઝલિ અરહામ પણ કોઈના જો માલિક થાય તો તે એમના પર આઝાદ થશે નહીં. દલીલની (તક़રીર) ચર્ચા અને એનો જવાબ એ જ છે જે ઉપર વર્ણન થયો.

لابناختنا : આ એ કારણે છે કે હુઝૂરે અક़દસ ﷺ અને હઝરત અબ્બાસના જદ્દે કરીમ (દાદા) હઝરત હાશિમે મદીના તયબહ બની નજ્જારમાં સલમા નામની સ્ત્રી સાથે નિકાહ કર્યા હતા જેમના પેટથી અબ્દુલ મુત્તલિબ પેદા થયા.

આ અન્સારે કિરામનો હુસ્ને અદબ (સારો અદબનો તરીક़ો) છે કે એવું અર્ઝ કર્યું કે ઈજાઝત આપો, અમે અમારા ભાણીયાનો ફિદિયો છોડી દઈએ. એવું ન અર્ઝ કર્યું કે હુઝૂરના કાકાનો ફિદિયો છોડી આપીએ. મઝકૂર અર્ઝમાં એહસાનમંદી અન્સાર પર થઈ અને બીજી અરજથી હુઝૂરે અક़દસ ﷺ પર. તેમણે એ પસંદ ન કર્યું કે એવી વાત કહીએ જેનાથી હુઝૂર પર એહસાન કરવું જાહેર થાય.

ઈન્સાફના કમાલની ઉચ્ચતા એ છે કે હઝરત અબ્બાસ કાકા હતા અને હુઝૂર ﷺના જીવ જાનથી તરફદાર અને મક્કા મોઅઝ્ઝમામાં રહીને ત્યાં કમજોર મુસલમાનોનો સહારો હતા, મક્કાની મહત્વની ખબરો પહોંચાડતા રહેતા, જંગે બદરમાં જબરદસ્તીમાં ગયા હતા પણ તેમની સાથે જરા સરખી રિઆયત (છૂટ) ન પસંદ કરી અને ઈર્શાદ ફર્માવ્યો : તેમની પાસેથી એક દિરહમ પણ ન છોડશો.

ચેતવણી : હિંદુસ્તાન પ્રિન્ટ થયેલ બુખારીમાં **لايستوون** બે વાવની સાથે છે એટલા માટે અમે પણ બે વાવ સાથે લખી. મુસ્હફ શરીફનો રસ્મુલખત એક વાવની સાથે છે : **لا يستؤن**.

بَابُ مَنْ مَلَكَ مِنَ الْعَرَبِ رَقِيقًا فَوَهَبَ وَبَاعَ وَجَامَعَ وَفَدَى وَسَبَى

"જે શખ્સ અરબના કોઈ ગુલામનો માલિક થયો તો તેને હિબા કર્યો (ભેટ આપ્યો) અને વેચ્યો

الذُّرِّيَّةَ - وَقَوْلِ اللّٰهِ تَعَالٰى ضَرَبَ اللّٰهُ مَثَلًا عَبْدًا مَمْلُوكًا لَا يَقْدِرُ عَلٰى شَيْءٍ وَمَنْ رَزَقْنَاهُ

અને તેની સાથે હમબિસ્તરી કરી અને ફિદિયો આપ્યો અને અરબની પ્રજાને કેદી બનાવી. અને

مِنَّا رِزْقًا حَسَنًا فَهُوَ يُنْفِقُ مِنْهُ سِرًّا وَجَهْرًا هَلْ يَسْتَوُونَ اَلْحَمْدُ لِلّٰهِ بَلْ

અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અલ્લાહે પોતાની મષલ (કહાવત) વર્ણવી. એક બંદો છે

اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ - نحل آیت ۷۵

કોઈની માલિકીમાં અને પોતે કાંઈ શક્તિ નથી ધરાવતો અને એક તે છે જેને અમે અમારી બારગાહથી સારી રોજી આપી જેને તે એલાનિયા તથા છુપી રીતે ખર્ચ કરે છે, શું આ બંને બરાબર થઈ જશે ? સર્વ તારીફ અલ્લાહના માટે છે બલ્કે એમના મોટાભાગના ઈલ્મવિહોણા છે." *(સૂ. નહલ–૭૫)*

પ્રકરણની સ્પષ્ટતા *: એમાં ઉલમાનો મતભેદ છે કે અરબવાસીઓને ગુલામ બનાવવા જાઈઝ છે કે નહીં ? આપણો તથા જમહૂરનો મઝહબ એ છે કે જાઈઝ છે અને એના તરફ ઈમામ બુખારીનો પણ ઝુકાવ છે. હઝરત સઈદ બિન જુબૈર, ઈમામ ષૌરી, ઈમામ અવઝાઈ, ઈમામ અબૂ ષૌરનો મઝહબ છે કે જાઈઝ નથી. જો ધારો કે કોઈ અરબી બાંદી કોઈના કબજામાં આવી જાય તો તેની સાથે સંભોગ જાઈઝ નથી બલ્કે બજાર ભાવથી તેની કિંમત લગાડીને તેના બાપથી વસૂલ કરીને આઝાદ કરી દેવામાં આવે. તેમની દલીલ હઝરત ઉમર رضی اللہ عنہ નો હઝરત ઈબ્ને અબ્બાસથી આ ઈર્શાદ છે કે બાંદીનો બાળક જે કોઈ અરબથી હોય તેને ગુલામ બનાવવામાં આવશે નહીં. અને હઝરત ઉમર رضی اللہ عنہ થી જે મરવી છે કે અમુક અરબ કૈદીઓથી ફિદિયો લીધો છે, એ જાહિલિયતમાંના મુશ્રિકોમાંથી હતા.*

આપણી દલીલ આ પ્રકરણમાં ઉપરોક્ત હદીષો છે. આ પ્રકરણમાં પાંચ હદીષો વર્ણન થયેલી છે : એક હઝરત મિસ્વર બિન મુખરમા رضی اللہ عنہ ની હવાઝિનના કેદીઓવાળી હદીષ જેનાથી હિબા (ભેટ) કરવું સાબિત થાય છે. બીજી હઝરત અનસ رضی اللہ عنہ ની તે હદીષ જે હમણા વર્ણન થઈ. હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના ફિદિયાવાળ ી જેનાથી ફિદિયો લેવું સાબિત છે. ત્રીજી હઝરત ઈબ્ને ઉમરની હદીષ જેનાથી કૈદી બનાવવું સાબિત છે. ચોથી ગઝવતુલ બની મુસ્તલિકવાળી હઝરત અબૂ સઈદની હદીષ જેનાથી સંભોગ સાબિત છે. પાંચમી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની જેનાથી બયઅ (ખરીદ વેચાણ) સાબિત થાય છે.

عبدامملوکًا *: આ આયતના કેવળ આટલા હિસ્સાને પ્રકરણથી મળતાપણુ છે, તે એ રીતે છે કે* عبدًا *મુત્લક (બિનશર્તી) છે જે અરબી કે અજમી સૌને સમાવે છે.*

حديث ١٤٣٢ أَنَا ابْنُ عَوْنٍ قَالَ كَتَبْتُ إِلَى نَافِعٍ فَكَتَبَ إِلَيَّ أَنَّ النَّبِيَّ صَلَّى اللهُ

''ઈબ્ને ઔને કહ્યું, મેં નાફેઅને લખ્યું, તેમણે જવાબમાં લખ્યું કે નબી ﷺએ [હદીષ : ૧૪૩૨]

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ أَغَارَ عَلَى بَنِي الْمُصْطَلِقِ وَهُمْ غَارُّونَ وَأَنْعَامُهُمْ تُسْقَى عَلَى

બની મુસ્તલિક પર હુમ્લો કર્યો, અને તેઓ ગાફેલ હતા. તેમનાં ચો પગાંઓને પાણી પીવડાવાય રહ્યું હતું.

الْمَاءِ فَقَتَلَ مُقَاتِلَتَهُمْ وَسَبَى ذَرَارِيَّهُمْ وَأَصَابَ يَوْمَئِذٍ جُوَيْرِيَةَ ثُنِّيَ بِهَا عَبْدُ اللهِ

તેમાંથી લડવાવાળાઓને કત્લ કર્યા અને તેમની પ્રજાને કૈદ કરી અને ઉમ્મુલ મોમિનીન જુવૈરિયહને હાંસલ

بْنُ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا وَكَانَ فِي ذٰلِكَ الْجَيْشِ ـــ

કર્યાં. એને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ મને વર્ણન કર્યું અને તે એ લશ્કરમાં હતા.''

(મુસ્લિમ–જેહાદ, અબૂ દાઉદ–જેહાદ, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૧, નિસાઈ–સિયર)

حديث ١٤٣٣ عَنْ عُمَارَةَ بْنِ الْقَعْقَاعِ عَنْ أَبِي زُرْعَةَ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું હમેશાં બની તમીમથી મહોબ્બત [હદીષ : ૧૪૩૩]

હદીષ : ૧૪૩૨ની સમજૂતી كتبت الى نافع મુસ્લિમમાં છે કે ઈબ્ને ઔને નાફેઅને એવું લખ્યું હતું કે લડાઈથી પહેલાં કાફિરોને ઈસ્લામની દાવત આપવાના બારામાં શું આવેલ છે ? તો એમણે તે લખ્યું. જવાબનો સાર એ નીકળ્યો કે જો પહેલેથી તેમને દાવત પહોંચી ચૂકી છે તો લડાઈ શરૂ કરવાથી પહેલાં દાવત આપવી જરૂરી નથી. જેમ કે બની મુસ્તલિકની સાથે હુઝૂરે અકદસ ﷺએ કર્યું હતું.

બની મુસ્તલિક બની ખુઝાઅહની એક શાખ છે. **مصطلق**નો માદ્દો **صلق** છે, જેનો અર્થ ઊંચો અવાજ થાય છે તેમજ એનો અર્થ કોઈ કૌમની મોટાભાગની વ્યક્તિઓને કત્લ કરવી છે. મસ્તલિક લકબ છે. તેનું નામ હુઝૈમા હતું. આ ગઝવહ હિ.સ. ૪ અથવા હિ.સ. ૬માં થયો છે. ઉમ્મુલ મોમિનીન હઝરત જુવૈરિયહ رضی اللہ عنہ આ કબીલાના સરદાર હારિષ બિન દિરારનાં સાહબઝાદી હતાં.

બની મુસ્તલિક મદીના તયબહ પર હુમ્લાની તૈયારી કરી રહ્યા હતા. જ્યારે એની ખબર બારગાહે નબુવ્વતમાં પહોંચી તો હુઝૂર ﷺ ખૂદ આગળ વધીને અચાનક તેમના માથા પર પહોંચી ગયા પરિણામે તેમના દસ માણસો માર્યા ગયા અને આખો કબીલો કૈદ થયો. પણ હુઝૂરે અકદસ ﷺએ ઉમ્મુલ મોમિનીન હઝરત જુવૈરિયહ رضی اللہ عنہا ને પોતાના નિકાહમાં લઈ લીધાં તો મુજાહિદોએ એવું કહીને કે આ લોકો રસૂલુલ્લાહ ﷺના સગા થઈ ગયા ! સૌને આઝાદ કરી આપ્યા. ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, જુવૈરિયહથી અધિક પોતાની કૌમના માટે બરકતવાળી કોઈ ખાતૂન નથી થઈ. આ હદીષથી સાબિત થયું કે અરબવાસીઓને ગુલામ બનાવવા દુરુસ્ત છે.

હદીષ : ૧૪૩૩ની સમજૂતી આ હદીષને પ્રકરણના બે ભાગો સાથે સામ્યતા છે, એક બયઅથી. એટલા માટે કે હઝરત ઉમ્મુલ મોમિનીને એને ખરીદી હતી, જેમ કે એના તે અમુક તરીકાઓમાં છે જેને ઈસ્માઈલીએ

يَقُوْلُ فِيْهِمْ سَمِعْتُهُ يَقُوْلُ هُمْ اَشَدُّ اُمَّتِيْ عَلَى الدَّجَّالِ قَالَ وَجَاءَتْ صَدَقَاتُهُمْ

કરતો રહ્યો ત્રણ કારણે. મેં રસૂલલ્લાહ ﷺથી એમના બારામાં સાંભળ્યું છે, ફર્માવતા હતા : આ દજ્જાલ પર

فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ هٰذِهٖ صَدَقَاتُ قَوْمِنَا وَكَانَتْ

મારા ઉમ્મતમાંથી સૌથી સખ્ત છે. બની તમીમના સદકાઓ ખિદમતે અકદસમાં આવ્યા તો ફર્માવ્યું, આ

سَبِيَّةٌ مِنْهُمْ عِنْدَ عَائِشَةَ فَقَالَ اَعْتِقِيْهَا فَاِنَّهَا مِنْ وَلَدِ اِسْمٰعِيْلَ

અમારી કૌમના સદકાઓ છે. અને ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ની પાસે એમનામાંની એક

કૈદી સ્ત્રી હતી, તો ફર્માવ્યું, એને આઝાદ કરી દે એટલા માટે કે એ ઔલાદે ઈસ્માઈલથી છે."

(બુખારી ૨/૬૨૬ મગ્ઝી, મુસ્લિમ–ફઝાઈલ)

રિવાયત કર્યા છે અને સહીહ અબૂ અવાનામાં પણ છે કે ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા પર ઔલાદે ઈસ્માઈલથી એક કૈદી આઝાદ કરવું વાજિબ હતું. બની ખૌલાનના કેટલાક કૈદી આવ્યા તો તેમણે હુઝૂર ﷺથી પૂછયું કે એમને ખરીદી લઉં ? ફર્માવ્યું, નહીં ! જ્યારે બની અંબરના કૈદી આવ્યા તો ફર્માવ્યું, ખરીદી લે આ ઔલાદે ઈસ્માઈલ છે. બની અંબર બની તમીમની એક શાખ છે. બની તમીમનો નસબ રબીઅહના વાસ્તાથી અદનાન સુધી પહોંચે છે. બીજી સામ્યતા એમને કૈદી બનાવવાથી થાય છે.

બની તમીમની જેવી રીતે અહીં ફઝીલત વર્ણન થયેલી છે તેવી જ રીતે તેમની કઠણ હૃદયતા, ગંવારપણુ, લાલચ તથા બદઝબાનીની રિવાયતો પણ પુષ્કળ છે. બુખારી, મગ્ઝીમાં છે કે બની તમીમનું પ્રતિનિધિમંડળ આવ્યું તો હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું, "બની તમીમ ! બશારત કબૂલ કરો !" તો તેમણે કહ્યું, બશારત બહું જ આપી ચૂક્યા ! કાંઈ માલ આપો ! એ જ્યારે હાજર થયા તો હુઝૂરે અકદસ ﷺ કાશાનએ અકદસ ﷺ ની અંદર આરામ ફર્માવી રહ્યા હતા. તેમણે બહારથી જ બૂમો પાડવાનુ શરૂ કરી આપ્યું, તે પણ નામ લઈને ! હે મુહમ્મદ ! હે મુહમ્મદ ! બહાર નીકળો ! અમારી પ્રશંસા શોભા અને અમારી ટીકા અયબ ! એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ : اِنَّ الَّذِيْنَ يُنَادُوْنَكَ مِنْ وَّرَاءِ الْحُجُرَاتِ اَكْثَرُهُمْ لَا يَعْقِلُوْنَ "જે લોકો આપને હુજરાના બહારથી બૂમો પાડે છે એમાંથી મોટાભાગના મૂર્ખ છે." એ જ કબીલાનો સમયનો બદનામ ઝુલ્ખુવૈસરહ્ હતો જેણે જિઅર્રાનામાં માલે ગનીમતની વહેંચણી કરતી વખતે આ ગુસ્તાખીમય શબ્દો કહ્યા હતા, "હે મુહમ્મદ ! ઈન્સાફ કર !"

આ દૌરમાં ઈસ્લામી મિલ્લતના ટુકડે ટુકડા કરનાર ઈબ્ને વહ્હાબ નજદી પણ એ જ કબીલાનો છે જેના મઝહબના પાબંદ અંગ્રેજોના પેદા કરેલ સઊદી રાજાઓ છે.

بَابُ اَلْعَبْدُ اِذَا اَحْسَنَ عِبَادَةَ رَبِّهٖ عَزَّوَجَلَّ وَنَصَحَ سَيِّدَهٗ ص ٣٢٦

"ગુલામ જ્યારે પોતાના પરવરદિગારની સારી ઈબાદત અને પોતાના આક़ાની ખૈરખ્વાહી (શુભેચ્છા) કરે." –(૩૪૬)

حديث ١٤٣٤ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૪૩૪]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَلْعَبْدُ اِذَا نَصَحَ سَيِّدَهٗ وَاَحْسَنَ عِبَادَةَ رَبِّهٖ

ગુલામ જ્યારે પોતાના આક़ાનો શુભેચ્છક અને પોતાના રબ عزوجل ની સારી રીતે ઈબાદત કરે તો

عَزَّوَجَلَّ كَانَ لَهٗ اَجْرُهٗ مَرَّتَيْنِ ـه

તેને ડબલ સવાબ છે." (બુખારી ૧/૩૪૬)

حديث ١٤٣٥ سَمِعْتُ سَعِيْدَ بْنَ الْمُسَيَّبِ يَقُوْلُ قَالَ اَبُوْهُرَيْرَةَ رَضِيَ اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૪૩૫]**

تَعَالٰى عَنْهُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِلْعَبْدِ الْمَمْلُوْكِ الصَّالِحِ

નેક ગુલામ માટે બે અજર (સવાબ) છે. તે જાતની ક़સમ ! જેના કબ્ઝામાં મારી જાન છે જો રાહે ખુદામાં

اَجْرَانِ وَالَّذِيْ نَفْسِيْ بِيَدِهٖ لَوْلَا الْجِهَادُ فِيْ سَبِيْلِ اللّٰهِ وَالْحَجُّ وَبِرُّ اُمِّيْ لَاَحْبَبْتُ

જેહાદ અને હજ્જ અને પોતાનાં વાલિદાની ખિદમત ન હોતી તો હું પસંદ કરતો કે હું એ જ હાલમાં

اَنْ اَمُوْتَ وَاَنَا مَمْلُوْكٌ ـ

દુનિયાથી જાઉં કે મમ્લૂક (ગુલામ) રહું."

حديث ١٤٣٦ ثَنَا اَبُوْصَالِحٍ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ النَّبِيُّ صَلَّى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું તેઓ (ગુલામો) **[હદીષ : ૧૪૩૬]**

સમજૂતી : ૧૪૩૪–૧૪૩૫–૧૪૩૬

اجره مرتين એનાથી જાહેર થઈ જાય છે કે એવા નેક ગુલામ તે આઝાદ વ્યક્તિઓથી જે દીનદાર, મુત્તક़ી, ફર્ઝો વાજિબોના પાબંદ હોય તે અધિક અજર (સવાબ)ના હક્ક़દાર છે. એમાં શરીઅતની અને બૌધ્ધિક દષ્ટિએ કોઈ અશક્ય નથી જ્યારે કે ગુલામ તથા આઝાદ વ્યક્તિઓ ફર્માંબરદારી કરવામાં સમાન દરજે હોય. એની પણ સંભાવના છે કે આ સવાબની અધિક્તા એ ગુલામોની સરખામણીમાં હોય જેઓ એમાં કમી કરતા હોય.

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نِعْمَ مَالِاَحَدِهِمْ يُحْسِنُ عِبَادَةَ رَبِّهٖ وَ يَنْصَحُ لِسَيِّدِهٖ ۔

માટે કેટલી સારી વાત છે કે પોતાના પરવદિગારની સારી રીતે ઈબાદત કરે અને પોતાના માલિકની ભલાઈ ઈચ્છે."

المملوك الصَّالح : સાલેહ (નેક) ગુલામ તે જ છે જે અલ્લાહના હક્કોની સાથે પોતાના આકાના હક્કો પણ પૂરેપૂરા અદા કરતો હોય, અને જે એનામાં કમી કરી તે સાલેહ નથી.

والذى نفسى بيده : સહીહ એ છે કે આ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નો કૌલ છે એની દલીલ **وَبِرُّاُمِّیْ** છે કેમ કે હુઝૂરે અકદસ ﷺનાં વાલિદા માજિદાનો વિસાલ બચપનમાં જ થઈ ચૂક્યો હતો.

ઈસ્માઈલીએ બીજા તરીકાથી હઝરત ઈબ્ને મુબારકથી અને હસન મરૂઝીએ કિતાબુલ બિર્રે વસ્સિલામાં ઈબ્ને મુબારકથી જ જે તખરીજ કરી છે, એમાં આ પ્રમાણે છે : **والذى نفس ابى هريرة بيده** એને ઈમામ મુસ્લિમે અબ્દુલ્લાહ ઈબ્ને વહબના તરીકાથી અને અબૂ સફવાન ઉમવી અને ખૂદ ઈમામ બુખારીએ અલ્અદબુલ મુફરદમાં સુલૈમાન ઈબ્ને બિલાલના તરીકાથી અને ઈસ્માઈલીએ સઈદ બિન યહ્યા લહમીના તરીકાથી અને અબૂ અવાનાએ ઉષ્માન બિન અમ્રના તરીકાથી તે સૌએ યૂનુસથી રિવાયત કરી.

મુસ્લિમમાં અબ્દુલ્લાહ ઈબ્ને વહબના તરીકાથી છે કે ઈમામ ઝુહરીએ ફર્માવ્યું, અમને એ ખબર પહોંચી છે કે જ્યાં સુધી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નાં વાલિદા મૃત્યુ ન પામ્યાં ત્યાં સુધી તેમણે હજ્જ ન કરી. અબૂ અવાના અને ઈમામ અહમદની રિવાયત સઈદના તરીકાથી એ છે કે હઝરત અબૂ હુરૈરહ એવું કહ્યા કરતા હતા, જો બે વાતો ન હોત તો હું ગુલામ હોવાનુ પસંદ કરતો.

પણ અલ્લામા ખિતાબીની રાય એ છે કે આ હુઝૂરે અકદસ ﷺનો ઈર્શાદ છે. અલ્લામા કિર્માનીએ એની એ સ્પષ્ટતા કરી કે આ ઈર્શાદ ઉમ્મતની તાલીમ માટે છે (કે તેઓ ગુલામોને હલકા ન જાણે) અથવા બર સબીલે ફર્ઝ (ધારવાના આધારે) છે, અથવા એનાથી મુરાદ રઝાઈ (દૂધ)મા હઝરત હલીમા છે.

اقول وهوالمستعان હઝરત હલીમાનું મુરાદ હોવું એટલા માટે અશક્ય છે કે તે હુઝૂરે અકદસ ﷺની પાસે રહેતાં ન હતાં બલ્કે એમાં જ કલામ છે કે તેણી નબુવ્વતના દિવસોમાં ઝિયારત પણ કરવા પામ્યાં હતાં કે નહીં. અને ધારવાના આધારેનો કૌલ આ શબ્દોને અનર્થ બનાવે છે. હા ! ઉમ્મતની તાલીમની સ્પષ્ટતા ચાલી શકે છે. પણ જ્યારે બીજી સહીહ રિવાયતો તેના મુદરજ હોવા પર નાતિક છે તો એની કોઈ હાજત નથી કે તે ન રસૂલેપાક ﷺનો ઈર્શાદ માનીને એક નવી ચર્ચાનો દરવાજો ખોલવામાં આવે કે નબી ગુલામ થઈ શકે છે કે નહીં !

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ આ ત્રણેવ ચીજોને અપવાદ એટલા માટે કરી કે આકાની ઈજાઝત વિના ગુલામને હજ્જ તથા જેહાદની ઈજાઝત નથી અને જાહેર છે કે જ્યારે તે પોતાના આકાની માલિકીમાં છે તો તેની ખિદમતમાં રહેશે, માની ખબરગીરી કરવા માટે તેણે માલિકથી ઈજાઝત લેવાની રહેશે. બાકીના ફર્ઝો તથા વાજિબોની અદાયગી માટે માલિકની ઈજાઝતની જરૂર નથી. કેમ કે તે વખતે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ પર ઝકાત ફર્ઝ ન થઈ હતી એટલા માટે એનો ઉલ્લેખ ન કર્યો.

نعم ما : એમાં ચાર લુગાત છે : **نعما ـ نعما** અને **نعم ما ـ نعم ما** ના અર્થમાં છે, એટલે એ સારી વાત છે.

بَابُ كَرَاهِيَةِ التَّطَاوُلِ فِي الرِّقِّيقِ وَقَوْلِهِ عَبْدِي وَأَمَتِي ص ٣٤٦

ગુલામના વિશે મોટાઈ જાહેર કરવી અને એવું કહેવું, મારો ગુલામ, મારી લોંડી, (એ) મકરૂહ છે. (૩૪૬)

وَقَوْلِ اللهِ وَالصَّالِحِيْنَ مِنْ عِبَادِكُمْ وَإِمَائِكُمْ وَقَالَ عَبْدًا مَّمْلُوْكًا

"અને અલ્લાહ عزوجل નો એ ઈર્શાદ, પોતાના લાયક ગુલામો તથા લોંડીઓનો નિકાહ કરો. અને

وَأَلْفَيَا سَيِّدَهَا لَدَى الْبَابِ - وَقَالَ عَزَّ وَجَلَّ مِنْ فَتَيَاتِكُمُ الْمُؤْمِنٰتِ - وَقَالَ

ફર્માવ્યું, અબ્દે મમ્લૂક યૂસુફ અને ઝુલૈખાએ ઝુલૈખાના આકાને દરવાજા પર પામ્યો. અને ફર્માવ્યું,

النَّبِيُّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قُوْمُوْا إِلٰى سَيِّدِكُمْ - وَاذْكُرْنِيْ عِنْدَ رَبِّكَ

પોતાની મો'મિન લોંડીઓને, અને નબી صلى الله عليه وسلم એ ફર્માવ્યું, ઊભા થઈ પોતાના સરદાર તરફ વધો.

يَعْنِيْ عِنْدَ سَيِّدِكَ

અને હઝરત યૂસુફ عليه السلام એ ફર્માવ્યું હતું પોતાના રબ એટલે આકાને ત્યાં મારું વર્ણન કરજે."

પ્રકરણની સ્પષ્ટતા : *હમણા હદીષ આવી રહી છે કે અબદી અમતી ન કહો, જ્યારે કે વિવિધ આયતો તથા હદીષોમાં આકા અને કબીલાના ઈજ્જતદારને સૈયદ કહેવામાં આવેલ છે અને તમારા ગુલામ, તમારી લોંડી ફર્માવવામાં આવ્યું છે. ઈમામ બુખારી વર્ગીકરણમાં ફર્માવે છે કે પોતાની મોટાઈ જાહેર કરવા અને બડાઈના રૂપે મના છે અને તે પણ કરાહતની હદ સુધી. ઉલમાની એમાં એકમતિ છે કે આ કરાહત તન્ઝીહી છે. એટલે ખિલાફે ઉલા. અને મોટાઈના માટે ન હોય, હકીકત દર્શાવવા માટે હોય તો તન્ઝીહી કરાહત પણ નથી.*

પ્રથમ આયત સૂરએ નૂરની જ છે : وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ وَالصّٰلِحِيْنَ مِنْ عِبَادِكُمْ وَاِمَائِكُمْ *"અને પોતાની અપરણીત સ્ત્રીઓ અને નેક ગુલામો તથા લોંડીઓના નિકાહ કરો." (નૂર–૩૨)*

આ આયતમાં અમારા ગુલામો અને લોંડીઓને, તમારા ગુલામ, તમારી લોંડીઓ ફર્માવવામાં આવ્યું. એનાથી માલૂમ થયું કે ગુલામોને મારા ગુલામ તથા લોંડીઓને મારી લોંડીઓ કહેવું જાઈઝ છે.

બીજી આયત સૂરએ નહલની છે : ضَرَبَ اللّٰهُ مَثَلًا عَبْدًا مَّمْلُوْكًا *"અલ્લાહે અબ્દે મમ્લૂકનું દૃષ્ટાંત વર્ણવ્યું." (આ. ૭૫)*

ત્રીજી આયત સૂરએ યૂસુફની છે : وَاَلْفَيَا سَيِّدَهَا لَدَى الْبَابِ *"આ બંને (યૂસુફ તથા ઝુલૈખા)એ તે સ્ત્રીના પતિને દરવાજા પર પામ્યો." (યૂસુફ–૨૫) આ આયતમાં પતિને પત્નીનો સૈયદ કહવામાં આવ્યો. ત્રીજી આયત સૂરએ નિસાઅની છે :* فَمِنْ مَّا مَلَكَتْ اَيْمَانُكُمْ مِنْ فَتَيَاتِكُمُ الْمُؤْمِنٰتِ *"તો પોતાની માલિકીની (મમ્લૂકા) લોંડી સાથે નિકાહ કરો જે મોમિના હોય." (સૂરએ નિસાઅ, આ. ૨૫)*

ચોથી આયત પણ સૂરએ યૂસુફની છે એમાં હઝરત યૂસુફ عليه السلام નો ઈર્શાદ વર્ણન થયેલો છે જે તેમણે એ કૈદીને ફર્માવ્યો જેને તેમણે મુક્તિ તથા પોતાના હોદા પર ફરી ચાલુ થવાની બશારત આપી હતી. وَاذْكُرْنِيْ عِنْدَ رَبِّكَ *"તારા બાદશાહ પાસે મારો ઉલ્લેખ કરજે."*

આ મુબારક આયતોથી એ જાણવા મળ્યું કે ગુલામ તથા લોંડીનો માલિક પોતાના ગુલામને 'અબદી' મારો ગુલામ અને પોતાની લોંડીને 'અમતી' એટલે મારી લોંડી કહી શકે છે. તેમજ એ પણ જાણવા મળ્યું કે ગુલામ તથા લોંડી પોતાના આકાને સૈયદી કહી શકે છે. બલ્કે દરેક તે શખ્સને કહી શકાય છે જેને ઉચ્ચતા હાંસલ થયેલ હોય, જેમ કે પત્નીના માટે પતિ. રહી ગયો રબ શબ્દ બોલવું તો એ ઈઝાફતની સાથે જાઈઝ છે અને વિના ઈઝાફતે મના છે.

એના અનુસંધાનમાં તે હદીષ (બુખારી ૨/૮૯૧ મગ્ાઝી) પણ વર્ણન કરી કે જ્યારે હઝરત સઅદ બિન મઆઝ رضی اللہ عنہ ખિદમતે અકદસમાં બની કુરૈઝાના બારામાં ફૈસલો કરવા હાજર થઈ રહ્યા હતા તો તેમને જોઈને અન્સારે કિરામને ફર્માવ્યું : **قوموا الی سیدکم** "ઉભા થઈને તમારા સરદારની તરફ વધો."

આ હદીષમાં હઝરત સઅદ બિન મઆઝ رضی اللہ عنہ ને અન્સારના સૈયદ કહ્યા. નસફી, અબૂઝર તથા અબુલવકતના ઉપરાંત બાકીના નુસ્ખાઓમાં તે હદીષ (ઉમ્દતુલ કારી ૧૩/૧૧૧) અધિક છે જે ખૂદ ઈમામ બુખારીએ અલ્અદબુલ મુફરદમાં હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત કરી છે. હુઝૂરે અકદસ ﷺ એ બની સલમાથી પૂછયું : **من سیدکم** "તમારો સરદાર કોણ છે ? તે લોકોએ અર્ઝ કરી જદ બિન કૈસ. અલ્બત્ત અમે તેમનામાં કંજૂસી જોઈએ છીએ. ફર્માવ્યું, કંજૂસીથી વધીને કઈ બીમારી છે ? **بل سیدکم عمر وبن الجموح** એ (જદ બિન કૈસ) નથી, તમારા સરદાર અમ્ર બિન જમૂહ છે. હાકિમે એના જેમ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી.

આ આયતો તથા હદીષોથી એ સાબિત થયું કે જેને પોતાના હેઠળનાંઓ પર સત્તા હાંસલ હોય અને તે પોતાનાથી નાનાઓનાં કામ બનાવતો હોય, લોકો તેની વાત સ્વીકારતા હોય, તેનું આજ્ઞાપાલન કરતા હોય તેને સૈયદ કહી શકીએ છીએ. જેમ કે પત્ની પોતાના પતિને, ગુલામ પોતાના આકાને, આમ લોકો કબીલાના સરદારને, પ્રજા હાકિમને, ઉમ્મતી પોતાના નબીને, શાગિર્દ પોતાના ઉસ્તાદને, મુરીદ પોતાના પીરને. જેમ કે અલ્લાહ عزوجل એ ઝુલેખાના પતિને તેણીનો સૈયદ કહ્યો. હઝરત યહ્યા علیہ السلام ના બારામાં ફર્માવ્યું :–

اِنَّ اللّٰہ یُبَشِّرُکَ بِیَحْیٰی مُصَدِّقاً بِّکَلِمَۃٍ مِّنَ اللّٰہِ وَسَیِّدا وَّحَصُوْرا "બેશક ! અલ્લાહ આપને યહ્યાની બશારત આપે છે, જે અલ્લાહના એક કલમાનું સમર્થન કરશે અને સરદાર થશે અને સ્ત્રીઓથી હમેશાં બચવાવાળો થશે." (આલિ ઈમરાન–૩૯)

અને ખૂદ હુઝૂર ﷺ એ હઝરત ઈમામ હસન મુજતબાના બારામાં ફર્માવ્યું : **ابنی ھذا سید** "મારો આ પુત્ર સૈયદ (સરદાર) છે."

અને હઝરત સઅદ બિન મઆઝને અન્સારે કિરામનો અને હઝરત અમ્ર બિન જમૂહને પોતાના કબીલાના સૈયદ બનાવ્યા. દુનિયવી સયાદત (સરદારી) અને ઉચ્ચતાની બિના પર કોઈના પર સૈયદ બોલાવુ જાહિલિયતના જમાનાથી રિસાલતકાળ સુધી બલ્કે ત્યાર પછી પણ ચાલુ છે. હદીષ વર્ણન થઈ ચૂકી કે ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ઈબ્ને દગિ્નાને સૈયદ બનીલ કારહ કહ્યા. અને જાહિલિયતના યુગના શેઅરોમાં પણ મળે છે.

اذا مات منا سید قام سید۔ قوول لماقال الکرام فعول "અમારામાંથી જ્યારે કોઈ સરદાર મરી જાય છે તો એની જગાએ બીજો ઉભો થઈ જાય છે. ખૂબ જ બોલકણો અને શરીફોના કહેવા પર અમલ કરનાર."

પણ નજદી પોતાની જેહાલત અને અદાવતે રસૂલમાં આ પ્રમાણે કહે છે કે, "હુઝૂરે અકદસ ﷺ ને સૈયદના કહેવું શિર્ક છે." અને દલીલમાં આ હદીષ (અબૂ દાઉદ ૨/૩૦૬ અદબ) રજૂ કરે છે કે હઝરત મુત્રરફ رضی اللہ عنہ કહે છે કે હું બની આમિરના પ્રતિનિધિમંડળ સાથે ખિદમતે અકદસમાં હાજર થયો અને અમે આ અર્ઝ કર્યું : **انت سیدنا فقال السید اللہ**

મુસ્નદે ઈમામ અહમદની રિવાયતમાં છે કે એક સાહબ આવ્યા અને અર્ઝ કરી : انت سيد قريش فقال السيد الله "આપ કુરૈશના સરદાર છો." તો ફર્માવ્યું : સૈયદ અલ્લાહ છે.

આ નજદીઓએ افتومنون ببعض الكتاب وتكفرون ببعض "અમુક કિતાબ પર ઈમાન લાવો છો અને અમુકથી કુફ્ર કરો છો ?!" પર અમલ કરનારાઓને આ હદીષ નજર આવી પણ ઉપરોક્ત હદીષો નજર ન આવી ! તેમજ પુષ્કળ હદીષો જેમાં હુઝૂરે અકદસ ﷺને સૈયદુલ મુરસલીન, સૈયદે વુલ્દે આદમ, સૈયદુન્નાસ, સૈયદના ફર્માવવામાં આવ્યા છે તે નજર ન આવી ! ઈમાનવાળાઓ સાંભળે અને ઈમાન તાજુ કરે. હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું : انا سيدولدآدم ولافخر **"હું ઔલાદે આદમનો સૈયદ (સરદાર) છું અને ફખ્રરૂપે નથી કહેતો."** (અબૂ દાઊદ, ૨/૨૮૬ અસ્સુન્નહ, ઈબ્ને માજહ–અઝ્ઝુહદ, પેજ–૩૨૯)

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ થી જે હદીષે શફાઅત રિવાયત થયેલ છે એમાં છે કે હઝરત ઈસા عليه السلام મેહશરવાળાઓને ફર્માવશે : لكن اذهبوا الى سيدولدآدم **"હા ! આદમની ઔલાદના સૈયદ (સરદાર)ની પાસે જાવ !"** (મુસ્નદે ઈમામ અહમદ, ૧/૮)

ખૂદ હુઝૂરે અકદસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : انا سيد الناس يوم القيٰمة **"હું ક્યામતના દિવસે તમામ લોકોનો સૈયદ (સરદાર) છું."** (બુખારી ૧/૪૭૦ અલ્અંબિયા, ૨/૬૮૪ તફસીરે સૂરએ બની ઈસ્રાઈલ, મુસ્લિમ–ઈમાન, તિર્મિઝી ૨/૬૬ શફાઅત, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૪૩૫)

મુસ્નદે ઈમામ અહમદ (૨/૨૦૨)માં છે કે અબ્દુલ્લાહ ઈબ્ને અમ્વર અઅશીનાં પત્ની મઆઝા જ્યારે ભાગીને મુતરફ બિન બહસલની પાસે ચાલ્યા ગયાં અને મુતરફે આપવાથી ઈન્કાર કરી આપ્યો તો અઅશીએ હુઝૂરે અકદસ ﷺની ખિદમતમાં નઝમમાં ફરિયાદ પેશ કરી જેનો પ્રથમ શેઅર આ છે : ياسيد الناس وديان العرب اليك اشكوذربةمن لذرب "હે સર્વ લોકોના સરદાર ! (સૈયદ !) અને અરબના હાકિમ ! આપની બારગાહમાં એક તેજ ઝબાન સ્ત્રીની શિકાયત લાવ્યો છું."

હુઝૂરે અકદસ ﷺએ મુતરફને લખ્યું અને તેમણે મઆઝાને અઅશીની પાસે પરત મોકલી આપ્યાં. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ઈર્શાદ ફર્માવ્યો : ابوبكرسيدنا واعتق سيدنا يعنى بلال "અબૂબક્ર અમારા સરદાર છે અને અમારા સરદારને આઝાદ કર્યા, એટલે બિલાલને."

જ્યારે હુઝૂરે અકદસ ﷺએ ખૂદ ફર્માવ્યું કે હું તમામ ઔલાદે આદમનો સરદાર છું, હું તમામ લોકોનો સરદાર છું. અને સહાબાએ કિરામને હુઝૂરે અકદસ ﷺને સંબોધીને સૈયદુન્નાસ કહ્યા, તો જો ઉમ્મતી હુઝૂરે અકદસ ﷺને પોતાના સરદાર કહે તો શું વાંધો છે ?! એ કેવી રીતે શિર્ક તથા કુફ્ર છે ?! બલ્કે ઈન્સાફની દ્રષ્ટિએ જોવામાં આવે તો આ હદીષોની રોશનીમાં હુઝૂરે અકદસ ﷺને પોતાના સૈયદ તથા સરદાર કહેવા અજરો સવાબનો સબબ થશે, કેમ કે એમાં હુઝૂરે અકદસ ﷺની તાઝીમ તથા અદબ છે અને અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ની સુન્નતનું અનુસરણ પણ છે. બલ્કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના આ ઈર્શાદથી કે તેમણે હઝરત સિદ્દીકે અકબર તથા હઝરત બિલાલ رضی اللہ عنہما ને પોતાના સરદાર (સૈયદ) કહ્યા. સાબિત થાય છે કે એમાં હુઝૂરે અકદસ ﷺ ખાસ નથી દરેક મુક્તદા તથા પેશવા બલ્કે દીની ઈજ્જતદારને આપણો સૈયદ કહી શકીએ છીએ.

આ દલીલોની રોશનીમાં સલફથી લઈને ખલફ સુધી પૂરી ઉમ્મતનો એના પર અમલ છે કે હુઝૂરે અકદસ ﷺ તથા સહાબાએ કિરામ તથા મુજતહિદ ઈમામો અને ઉલમા તથા મશાઈખને સૈયદના કહે છે. પણ

નજદીઓનો મઝહબ મુસલમાનોથી અલગ છે. અને તેમના મઝહબનો પાયો જ એના પર રચાયો છે કે તમામ સલફ તથા ખલફ (આગલા પાછલા બુઝુર્ગો) કાફિર મુશ્રિક છે અને બસ એ મુઠ્ઠીભર લોકો જ મુસલમાન છે. (રદ્દુલ મુહતાર, ૪/૨૬૨)

ઉલમાએ સ્પષ્ટતા કરી છે કે નમાઝમાં દુરૂદે ઈબ્રાહીમમાં નામ નામી અને હઝરત ઈબ્રાહીમ عليه السلام ના ઈસ્મે ગિરામીની સાથે શબ્દ "સૈયદના"નો વધારો મુસ્તહબ છે. દુર્રે મુખ્તારમાં છે :–

ندب السيادة لان زيادة الاخبار بالواقع حين سلوك طريق الادب فهوافضل من تركه ذكره الرملى الشافعى وغيره

"અને સૈયદનાનો વધારો મુસ્તહબ છે અને પ્રસંગના પ્રમાણે વધારો અદબની નિય્યતથી તેને ત્યજવા કરતાં અફઝલ છે. એને અલ્લામા રમલી શાફઈ વગેરેએ ઝિક્ર કરેલ છે. (દુર્રે મુખ્તાર, ૧/૫૧૩ સિફતુસ્સલાત)

એના હેઠળ રદ્દુલ મુહતારમાં છે :–

ذكره الرملى الشافعى اى فى شرحه على منهاج النووى ونصه والافضل الاتيان بالسيادة كما قاله ابن ظهريه وصرح به جمع وانه ياتى مع ابراهيم عليه السلام

"અલ્લામા ખૈરુદ્દીન રમલી શાફઈએ મિન્હાજે નવવીની શરહમાં એને વર્ણવી. એમનુ લખાણ આ પ્રમાણે છે : અને સૈયદનાને વધારવું અફઝલ છે જેમ કે ઈબ્ને ઝહીરિયહએ કહ્યું અને એક જમાઅતે એની સ્પષ્ટતા કરી છે, અને હઝરત ઈબ્રાહીમ عليه السلام ના નામની સાથે પણ લાવે." (ઉપર મુજબ)

حديث ١٤٣٧ عَنْ هَمَّامِ بْنِ مُنَبِّهٍ اَنَّهٗ سَمِعَ اَبَاهُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يُحَدِّثُ

"હઝરત અબૂ હુરૈરહ નબી ﷺ થી હદીષ બયાન કરે છે કે હુઝૂરે ફર્માવ્યું, **[હદીષ : ૧૪૩૭]**

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ قَالَ لَا يَقُلْ اَحَدُكُمْ اَطْعِمْ رَبَّكَ

તમે એવું ન કહો, તમારા રબને ખવડાવો, તમારા રબને વુઝૂ કરાવો,

وَضِّئْ رَبَّكَ اِسْقِ رَبَّكَ وَلْيَقُلْ سَيِّدِىْ وَمَوْلَاىَ وَلَا يَقُلْ اَحَدُكُمْ

તમારા રબને પીવડાવો અને સૈયદી તથા મૌલાઈ કહો. અને

عَبْدِىْ اَمَتِىْ وَلْيَقُلْ فَتَاىَ وَفَتَاتِىْ وَغُلَامِىْ ـ

અબ્દી અમતી ન કહો ફતાય ફતાતી ગુલામી કહો."

હદીષ : ૧૪૩૭ની સમજૂતી

ઉપર સૂરએ યૂસુફની આયત વર્ણન થઈ ચૂકી કે હઝરત યૂસુફ عليه السلام એ કૈદીથી ફર્માવ્યું હતું : **واذكرنى عند ربك** "તમારા રબ એટલે બાદશાહને ત્યાં મારો ઉલ્લેખ કર્યા કરજો." એનાથી સાબિત થયું કે રબનો ઈઝાફત (નિસ્બત)ની સાથે ગૈરે ખુદા માટે ઈત્લાક (બોલવુ) દુરુસ્ત છે. એ જ પ્રમાણે સૂરએ નૂરની આયત વર્ણન થઈ, અલ્લાહ عزوجل એ આપણા ગુલામો તથા લોંડીઓને **عبادكم اماءكم** ફર્માવ્યું. એનાથી અબ્દી તથા અમતી કહેવું જાઈઝ હોવું સાબિત છે. એટલા માટે આ હદીષમાં મનાઈ કરાહતે તન્ઝીહી પર આધારિત છે.

بَابٌ اِذَا اَتٰى خَادِمُهٗ بِطَعَامِهٖ ص۳۴۷

"જ્યારે કોઈનો ખાદિમ તેની પાસે તેનું ખાવા લાવે." –(૩૪૭)

حديث ١٤٣٨ اَخْبَرَنِيْ مُحَمَّدُ بْنُ زِيَادٍ قَالَ سَمِعْتُ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી હદીષ **[હદીષ : ૧૪૩૮]**

عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا اَتٰى اَحَدَكُمْ خَادِمُهٗ بِطَعَامِهٖ

રિવાયત કરે છે કે ફર્માવ્યું, જ્યારે તમારો ખાદિમ તમારી પાસે ખાવા લાવે તો જો તેને

فَاِنْ لَمْ يُجْلِسْهُ مَعَهٗ فَلْيُنَاوِلْهُ لُقْمَةً اَوْ لُقْمَتَيْنِ اَوْ اُكْلَةً اَوْ اُكْلَتَيْنِ

પોતાની સાથે બેસાડે નહીં તો તેને એક બે લૂકમા આપી દે,

فَاِنَّهٗ وَلِيَ عِلَاجَهٗ ؕ

કેમ કે એણે જ એને તૈયાર કર્યું છે." (બુખારી ૨/૮૨૦ અલ્અત્ઈમહ, મુસ્લિમ, ભાગ–૨, અલ્બિર્રહ)

તે પણ ત્યારે જ્યારે કે ગર્વ તથા પોતાની મહાનતા તથા ઉચ્ચતા જાહેર કરવાના માટે હોય. અને હકીકત દર્શાવવા માટે હોય તો મકરૂહે તન્ઝીહી પણ નથી. આ હદીષમાં તવાઝોઅ તથા ઈન્કેસારી (નમ્રતા તથા આજીજી)ની તાલીમનો હેતુ છે. અલ્બત્ત રબનો ઈત્લાક ઈઝાફત વિના કોઈના પર કરવો (કોઈને રબ બોલવું) જાઈઝ નથી. ફરક એ છે કે ઈઝાફતથી ખાસપણુ થઈ જાય છે. અને ઈઝાફત વિના સામાન્યપણુ જાહેર થાય છે. કેમ કે ફેઅલ તથા શિબ્હે ફેઅલનો મુતઅલ્લિક જ્યારે મહઝૂફ હોય છે તો તે ઉમૂમ (સામાન્યપણા)નો ફાયદો કરે છે. એ અરબનો મુહાવરો હતો કે રબનો ઈત્લાક ગૈરે ખુદા પર ઈઝાફત સાથે કરતા હતા, પણ આપણા ઉર્ફમાં ઈઝાફતની સાથે પણ રબનો ઈત્લાક ગૈરે ખુદા માટે કરવાની ઈજાઝત નથી.

هذاماعندی والعلم بالحق عندر بی وعلمه جل مجده اتم واحکم وهواعلم

હદીષ : ૧૪૩૮ની સમજૂતી

فان لم يُجْلِسْهُ : એનાથી જાહેર થાય છે કે બેહતર એ છે કે એને સાથે બેસાડીને ખવડાવે અને જો એવું ન કરી શકે તો એમાંથી કોળિયા બે કોળિયા પણ ખાદિમને આપી દે, કેમ કે તેણે તેને પકાવવાની તકલીફ ઉઠાવી છે, તેની ખુશ્બુ સૂંઘી, યકીનન ! એના જીવમાં એની ઈચ્છા હશે, એ કાંઈ ન આપવું મુરવ્વતની વિરૂદ્ધ છે. આ ઉચ્ચ અખ્લાકની તાલીમ છે. વાજિબ હોવાનો હુકમ નથી.

بَابٌ إِذَا ضَرَبَ الْعَبْدَ فَلْيَجْتَنِبِ الْوَجْهَ ص ٣٤٠

"જ્યારે ગુલામને મારે તો ચેહરાથી બચે" –(૩૪૭)

حديث ١٤٣٩ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَىٰ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَىٰ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, **[હદીષ : ૧૪૩૯]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِذَا قَاتَلَ أَحَدُكُمْ فَلْيَجْتَنِبِ الْوَجْهَ.

જ્યારે તમે લડો તો ચેહરાથી બચો."

હદીષ : ૧૪૩૯ની સમજૂતી

પ્રકરણથી મળતાપણુ એ રીતે છે કે લડાઈમાં જ્યાં મોકો હોય છે ત્યાં મારવું જરૂરી હોય છે. જ્યારે કાફિરના ચહેરા પર મારવાથી બચવાનો હુકમ આપવામાં આવ્યો, તે પણ લડાઈના મોકા પર તો સામાન્ય સંજોગોમાં ગુલામને જે મોમિન પણ હોઈ શકે છે, ચહેરા પર મારવું એથી અધિક અંશે મના થશે. ચહેરા પર મારવાથી મનાઈનું કારણ આ હદીષ (મુસ્લિમ ૨/૩૨૭)ના અમુક તરીકામાં આ પ્રમાણે વર્ણવેલ છે : **فان الله خلق اٰدم على صورته** એટલે કે અલ્લાહે આદમને પોતાની સૂરત પર પેદા કર્યા. અલ્લાહ ﷻની તરફ સૂરતની નિસ્બત મુતશાબેહાતમાંથી છે, પણ એટલું તો નિશ્ચિત છે કે આ હદીષની રોશનીથી એ સાબિત થાય છે કે ઈન્સાનનો ચહેરો ખાસ તજલ્લીગાહ છે.

અલ્લામા નવવીએ એની ઈલ્લત (સબબ) એ બયાન ફર્માવી કે ચહેરો મહાસિન (ખૂબીઓ)નો સમૂહ છે, ચહેરો જોઈને માણસની અંગત ખૂબીઓનો અંદાજો લગાડી શકાય છે. મારવાથી ચહેરો બગડી જવાનો અંદેશો છે. જો ચહેરો બગડી ગયો તો માણસનું હુસ્ન ખત્મ થઈ જશે અને તેના સ્વભાવને જાણવાનો ઝરીયો ખત્મ થઈ જશે. જાહેર એ જ છે કે આ મનાઈ તહરીમના માટે છે એટલા માટે કે મુસ્લિમ (૨/૩૨૭ અલ્બિર્ર)માં છે : **સુવૈદ બિન મકરન رضی اللہ عنہ એ એક શખ્સને જોયો કે તેણે પોતાના ગુલામને થપ્પડ મારી. તો ફર્માવ્યું, શું તું નથી જાણતો કે ચહેરા પર મારવું હરામ છે ? મા બાપ તથા ખાસ કરી મુઅલ્લિમો (ઉસ્તાદો)એ પોતાની સુધારણા કરી લેવી જોઈએ.** આ હદીષ (ઉમ્દતુલ ક્વારી ૧૩/૧૧૬)ના અમુક તરીકામાં આ પ્રમાણે છે : **فلايلطم وجهه** તેના **ચહેરા પર થપ્પડ હરગિઝ ન મારે.**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

كِتَابُ الْمُكَاتَبِ ص۳۴۷

(કિતાબુલ્ મુકાતબ)"મુકાતબ અને તેના હપ્તા વિશે પ્રકરણ" *(પેજ–૩૪૭)*

بَابُ الْمُكَاتَبِ وَنُجُوْمِهٖ فِيْ كُلِّ سَنَةٍ نَجْمٌ ص۳۴۷

"મુકાતબ અને તેના હપ્તાનું બયાન કે વરસમાં એક હપ્તો છે" *–(૩૪૭)*

પ્રકરણની સ્પષ્ટતા *: હુઝૂરે અકદસ ﷺ રહમતે આલમ હતા એનાથી દુનિયાની સૌથી અધિક પડી ચૂકેલી ક઼ૌમ ગુલામ તથા લોંડીને પણ બહોળો હિસ્સો મળ્યો. એ સમયના દુનિયવી સંસ્કૃતિ અને મજબૂરીના કારણે ગુલામીનો રિવાજ સંપૂર્ણપણે ખત્મ ન કરી શક્યા પણ ગુલામોના છૂટકારાની ઘણી રીતો કાઢી આપી. તદ્દન ખત્મ કરવામાં ઘણી મહાન મુશ્કેલી એ હતી કે પૂરી દુનિયામાં એ રિવાજ હતો કે વિજયી ક઼ૌમ હારનારી ક઼ૌમને ગુલામ બનાવી લેતી. જો હુઝૂરે અકદસ ﷺ મુસલમાનોને એના પાબંદ કરતા કે એઓ કોઈ ક઼ૌમને ગુલામ ન બનાવે, તો મુસલમાન તો એની પાબંદી કરતા અને તેઓ બીજી ક઼ૌમને ગુલામ ન બનાવતા, પણ અન્ય ક઼ૌમો જો મુસલમાનો પર વિજય મેળવતી તો તેમને ગુલામ બનાવતી, એમાં મુસલમાનોની એક તરફી બેઈજ્જતી હતી. એટલા માટે એ સમયે ગુલામી પર સંપૂર્ણ પાબંદી કોઈ રીતે યોગ્ય ન હતી. અલબત્ત એમાં માનવ સન્માનનો લેહાઝ કરીને ઘણી સુધારણા કરી. એમની સાથે માનવીય વ્યવહાર માટે પ્રોત્સાહન આપ્યું. ફર્માવ્યું, જે ખાવ તેમને પણ ખવડાવો, જે પહેરો તેમને પણ પહેરાવો, શક્તિથી વધુ કામ ન લો, તે ઉપરાંત ગુલામ આઝાદ કરવા પર મહાન સવાબો દર્શાવ્યા. ખાસ ખાસ મોક઼ાઓ પર આઝાદ કરવાનો ખાસ કરીને હુકમ આપ્યો. ઘણી બધી ખતાઓ (ગુનાહો) પર ગુલામ આઝાદ કરવાને કફ્ફારો રાખ્યો. તદ્ઉપરાંત આઝાદ થવા માટે સરળ ઉસૂલ ઈર્શાદ ફર્માવ્યા એમાંનો એક મુકાતિબત છે.*

જેનો મતલબ એ છે કે ગુલામ તથા આક઼ા આપસમાં નક્કી કરી લે કે ગુલામ આટલો માલ કમાય અને અદા કરી આપે તો તે આઝાદ છે. આ ક઼રારની રૂએ ગુલામને મુકાતબ અને આક઼ાને મુકાતિબ કહે છે.

આથી પહેલાં અમુક નુસ્ખાઓમાં આ પ્રકરણ લખેલ છે : **بَابُ اِثْمِ مَنْ قَذَفَ مَمْلُوْكَهُ الْمُكَاتَبَ** *પણ એના હેઠળ કોઈ હદીષ લખેલી નથી. જાહેરી રીતે એ કોઈ કાતિબનો છે અને મુકાતિબતના પ્રકરણો સાથે સામ્યતા પણ નથી. કિતાબુલ હુદૂદમાં આ પ્રકરણ વર્ણન થયેલ છે અને ત્યાંના મુનાસિબ પણ છે. એનાથી જાહેર છે કે ઈમામ અતાને વુજૂબ (વાજિબ હોવા)નુ યક઼ીન ન હતું, કાંઈક વસવસો હતો.*

ت ٤٧٥ وَقَالَ رَوْحٌ عَنِ ابْنِ جُرَيْجٍ قُلْتُ لِعَطَاءٍ أَوَاجِبٌ عَلَيَّ إِذَا عَلِمْتُ لَهُ

''ઈબ્ને જુરૈજે કહ્યું, મેં ઈમામ અતાથી પૂછયું, જ્યારે મને માલૂમ થયું કે ગુલામની [તઅલીક : ૪૭૫]

مَالًا أَنْ أُكَاتِبَهُ قَالَ مَا أُرَاهُ إِلَّا وَاجِبًا۔

પાસે માલ છે તો મારા પર વાજિબ છે કે એનાથી મુકાતિબત કરી લઉં. ફર્માવ્યું, મારી રાય એ જ છે કે વાજિબ જ છે.''

ت ٤٧٦ وَقَالَ عَمْرُو بْنُ دِينَارٍ قُلْتُ لِعَطَاءٍ تُؤَثِّرُهُ عَنْ أَحَدٍ قَالَ لَا ثُمَّ أَخْبَرَنِي

''અને અમ્ર બિન દીનારે કહ્યું, મેં ઈમામ અતાથી પૂછયું, મુકાતિબતનું વાજિબ હોવું [તઅલીક : ૪૭૬]

أَنَّ مُوسَى بْنَ أَنَسٍ أَخْبَرَهُ أَنَّ سِيرِينَ سَأَلَ أَنَسَ بْنَ مَالِكٍ الْمُكَاتَبَةَ وَكَانَ كَثِيرَ

આપ કોઈનાથી રિવાયત કરો છો ? ફર્માવ્યું, નહીં ! પછી આ હદીષ વર્ણવી કે મૂસા બિન અનસે ખબર આપી

الْمَالِ فَأَبَى فَانْطَلَقَ إِلَى عُمَرَ رَضِيَ اللَّهُ تَعَالَى عَنْهُ فَقَالَ كَاتِبْهُ فَأَبَى فَضَرَبَهُ

છે કે સીરીને હઝરત અનસ رضی اللہ عنہ થી મુકાતિબતનો સવાલ કર્યો અને તે ઘણા માલદાર હતા. હઝરત અનસે

بِالدِّرَّةِ وَيَتْلُو عُمَرُ فَكَاتِبُوهُمْ إِنْ عَلِمْتُمْ فِيهِمْ خَيْرًا فَكَاتَبَهُ۔

ઈન્કાર કરી આપ્યો તો સીરીન હઝરત ઉમર رضی اللہ عنہ ની ખિદમતમાં હાજર થયા. હઝરત ઉમરે હઝરત અનસથી ફર્માવ્યું કે મુકાતિબત કરી લો. હઝરત અનસે ઈન્કાર કર્યો તો તેમને કોરડા વડે માર્યા. હઝરત ઉમર આ આયત તિલાવત કરતા : તેમની સાથે મુકાતિબત કરી લો જો તમે એમાં ભલાઈ જાણો. હવે હઝરત અનસે તેમનાથી મુકાતિબત કરી લીધી.''

તઅલીક : ૪૭૫ની સમજૂતી આ તઅલીકને ઈબ્ને હઝમે રિવાયત કરી છે. ઈબ્ને જુરૈજથી અબ્દુલ મલિક બિન અબ્દુલ અઝીઝ મુરાદ છે અને રવહથી ઈબ્ને ઓબાદા.

તઅલીક : ૪૭૬ની સમજૂતી **فربری**થી મુરાદ દરેક નુસ્ખાઓમાં **قال عمرو** છે. એનો મતલબ એ થયો કે **قلت لعطاء**થી છેવટ સુધી અમ્ર બિન દિનારનો કૌલ છે. જ્યારે કે એવું નથી. આ ઈબ્ને જરૈજનો કૌલ છે જેમ ઈસ્માઈલીની રિવાયતમાં છે **قاله لی ایضا عمرو بن دینار** એટલે જે ઈમામ અતાએ કહ્યું તે જ મને અમ્ર બિન દીનારે પણ કહ્યું. એટલે કે મારું ગુમાન એ છે કે મુકાતિબત વાજિબ છે. નસફીના એક ભરોસાપાત્ર નુસ્ખામાં **قال عمرو** છે. એના બે મતલબ થાય છે. એક એ કે જે ઈમામ અતાએ કહ્યું તે જ અમ્ર બિન દીનારે પણ કહ્યું. બીજુ એ કે અમ્ર બિન દીનારે વર્ણવેલ સ્થિતિમાં મુકાતિબતને વાજિબ કહ્યું.

જ્યારે ગુલામની પાસે માલ હોય અને મુકાતિબતની માગણી કરે તો માલિક પર મુકાતિબત વાજિબ છે કે નહીં ? જમહૂરનો કૌલ એ છે કે હજી પણ વાજિબ નથી, મુસ્તહબ જરૂર છે. એટલા માટે કે એના પર ઈજમાઅ છે કે કોઈ માલિકને એના માટે મજબૂર નથી કરી શકાતો કે પોતાના ગુલામને વેચી દે ભલે બમણી ત્રણ ગણી કિંમત મળે. પછી મુકાતિબત પર કેવી રીતે મજબૂર કરી શકાય. જે હકીકતમાં વિના બદલાએ આઝાદ કરવું છે.

એટલા માટે ગુલામ, ગુલામ રહીને જે કાંઈ કમાય છે તે તેના માલિકની મિલ્કત છે એની રૂએ મુકાતિબત પછી પણ જે કમાશે તે આકા઼ની મિલ્કત ગણાશે, એટલા માટે કે મુકાતિબતની ગુલામી હજી બાકી છે એ જ પ્રમાણે બદલે કિતાબત અદા કરવું એવું છે જાણે ગુલામ મૌલાનો માલ મૌલાને સોંપી રહ્યો છે.

જે લોકો વાજિબ હોવાના માનનારા છે તેઓ હઝરત ઉમરના ઉપરોક્ત અમલથી દલીલ લાવે છે, કેમ કે જો મુકાતિબત વાજિબ ન હોત તો હઝરત ઉમર દુર્રા (કોરડા) ન મારતા. વળી કુર્આન મજીદમાં فَكَاتِبُوهُمْ સેગાએ અમ્ર છે અને અમ્ર વાજિબ હોવા માટે છે.

اقول وهوالمستعان : હું કહું છું :–

وَالَّذِيْنَ يَبْتَغُوْنَ الْكِتَابَ مِمَّا مَلَكَتْ اَيْمَانُكُمْ فَكَاتِبُوْهُمْ اِنْ عَلِمْتُمْ فِيْهِمْ خَيْرًا وَّاٰتُوْهُمْ مِّنْ مَّالِ اللّٰهِ الَّذِىْٓ اٰتٰىكُمْ

"તમારા ગુલામોમાં જેઓ કિતાબત (માલ આપી આઝાદ થવા) ચાહતા હોય તેમની સાથે મુકાતિબત કરી લો જો તમે એમાં ભલાઈ જાણો અને તેમને અલ્લાહના એ માલથી આપો જે એણે તમને આપ્યું." *(સૂ. નૂર)*

આયતના આગળ પાછળના વર્ણનમાં જે પણ વિચારણા કરશે તેના પર સ્પષ્ટ થઈ જશે કે આ અમ્ર વુજૂબ માટે નથી ઈસ્તિહબાબ (મુસ્તહબ હોવા) માટે છે. એટલા માટે કે આ આયતમાં **خيرا** થી મુરાદ માલ નથી સલાહ (નેકી) તથા તકવો છે. કેમ કે જ્યારે એ મોકા઼ પર **فى** લાવે છે તો માલ મુરાદ નથી હોતો. જ્યારે માલ મુરાદ હોય છે તો 'લામ' અથવા 'મઅ' લાવે છે. અને ગુલામ તથા કનીઝમાં નેકી તથા દીનદારી છે કે નથી એનો ફૈસલો માલિક પર છે અને આ શર્ત છે. અને શર્ત ઈખ્તેયારી હોય તો બદલાનું ઈખ્તેયારી હોવું લાઝિમ છે.

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નો અમલ પણ વાજિબ હોવાની દલીલ નથી. તેમણે હઝરત અનસ رضی اللہ عنہ ને હુકમ આપ્યો કે કિતાબત કરી લો તો તેમણે એનાથી ના પાડી, આ હુકમની અવગણના પર એમની સાથે સખ્તી વર્તી, નહીં તો જો વાજિબ હોત તો ખૂદ હઝરત અનસ પહેલાં જ એનાથી ઈન્કાર ન કરતા. અને એ સંભાવના કે શક્ય છે એમને વાજિબ હોવાનો ઈલ્મ ન રહ્યો હોય એ શક્ય નથી જણાતું.

بَابُ بَيْعِ الْمُكَاتَبِ اِذَا رَضِىَ - ص٣٤٨

"મુકાતબ રાજી હોય તો તેનું ખરીદ વેચાણ" –(૩૪૮)

પ્રકરણની સ્પષ્ટતા *: મુકાતબની બયઅ (ખરીદ વેચાણ) જાઈઝ છે કે નહીં એના બારામાં મતભેદ છે. ઈમામ અહમદ, ઈમામ માલિક, ઈમામ અવઝાઈ, ઈમામ લયષ એને જાઈઝ કહે છે અને ઈમામ શાફઈનો પણ એક કૌલ આ જ છે. ઈમામ બુખારીનો પોતાનો મઝહબ શું છે તે આદત પ્રમાણે તેમણે વર્ણન નથી કર્યો પણ એના હેઠળ જે આષાર લાવ્યા છે એનાથી એવું જ જણાય છે કે તેમનો મઝહબ જાઈઝ હોવું છે.*

ت ٤٧٧ وَقَالَتْ عَائِشَةُ وَهُوَ عَبْدٌ مَا بَقِىَ عَلَيْهِ شَىْءٌ **[તઅલીક઼ : ૪૭૭]**

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, મુકાતબ પર જ્યાં સુધી કાંઈ બાકી રહે તે ગુલામ જ છે."

તઅલીક઼ : ૪૭૭ની સમજૂતી આ તઅલીક઼ને ઈમામ અબૂ બક્ર બિન શયબા, ઈમામ ઈબ્ને સઅદ તથા ઈમામ તહાવીએ રિવાયત કરી. સુલૈમાન બિન યસારે ઉમ્મુલ મોમિનીનથી ઈજાઝત માગી તો પૂછયું, કિતાબતનો બદલ ચૂકવવાનો હજી કેટલો રહી ગયો છે ? તેમણે અર્ઝ કરી, દસ ઔકિ઼યા. ફર્માવ્યું, અંદર આવી જાવ, કાંઈ પણ તારા માથે બાકી રહે તો તું ગુલામ જ છે.

ت ٤٧٨ وَقَالَ زَيْدُ بْنُ ثَابِتٍ مَا بَقِيَ دِرْهَمٌ۔ [તઅલીક़ : ૪૭૮]

"અને હઝરત ઝયદ બિન ષાબિતે ફ઼ર્માવ્યું, એક દિરહમ પણ બાકી રહે તો તે ગુલામ છે."

ت ٤٧٩ وَقَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا إِنْ عَاشَ وَإِنْ مَاتَ وَإِنْ جَنٰى حَتّٰى مَا بَقِيَ عَلَيْهِ شَيْءٌ۔ [તઅલીક़ : ૪૭૯]

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફ઼ર્માવ્યું, જીવે ચાહે મરી જાય, ચાહે જુર્મ કરે ગુલામ જ છે, જ્યાં સુધી એના પર કાંઈ બાકી છે."

તઅલીક़ : ૪૭૮ની સમજૂતી

આ તઅલીક़ને હઝરત ઈમામ શાફ઼ઈએ રિવાયત કરી છે.

તઅલીક़ : ૪૭૯ની સમજૂતી

આ તઅલીક़ને ઈમામ માલિક, ઈમામ અબૂબક્ર બિન શયબા, ઈમામ તહાવીએ રિવાયત કરી છે. બલ્કે ઈમામ અબૂ દાઊદ તથા ઈમામ નિસાઈ (फ़त्हुल બારી, ૫/૧૯૫)એ મરફ઼ૂઅન રિવાયત કરી છે. જે લોકો મુકાતબની બયઅ (ખરીદ વેચાણ) જાઈઝ કહે છે, તેમનું કહેવું એ છે કે જ્યારે તે ગુલામ છે તો તેની બયઅ (ખરીદ વેચાણ)દુરુસ્ત છે.

આપણુ કહેવું એ છે કે જ્યારે એનો કોઈ ભાગ ગુલામ છે તો એના પર ગુલામનો ઈત્લાક (તેને ગુલામ કહેવું) સહીહ છે પણ જ્યારે તેના આક़ાએ તેને મુકાતબ બનાવી દીધો તો આક़ાનો તેના પર માલિકીના કંટ્રોલનો હક્ક़ બાકી ન રહ્યો એટલા માટે મુકાતબની કમાણી ખૂદ મુકાતબની મિલ્કત છે, તે મુકાતિબતના દિવસોની કમાઈ પોતાના ઉપર ખર્ચી શકે છે. અને જ્યારે માલિકને એના પર માલિકીના કંટ્રોલનો હક્ક़ ન રહ્યો જે ખરીદ વેચાણ (બયઅ)થી ઉતરતી કક્ષાનો છે તો પછી બયઅનો એથી અધિક કક્ષાએ હક્ક़ ન રહ્યો.

એના અનુસંધાનમાં જાઈઝ હોવાની દલીલ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ની મશહૂર હદીષ હઝરત બુરીરા رضی اللہ عنہا ના કિસ્સાવાળી છે, કે બુરીરાને તેમના આક़ાએ મુકાતિબહ બનાવી દીધા હતા. તે બદલે કિતાબતની અદાયગીના અનુસંધાનમાં ઉમ્મુલ મોમિનીન رضی اللہ عنہا ની ખિદમતમાં મદદના માટે હાજર થયા. ઉમ્મુલ મોમિનીને હુઝૂરે અક़્દસ ﷺ ની ઈજાઝતથી તેમને ખરીદી લીધા પછી આઝાદ કરી આપ્યા.

પણ અહીં એક પ્રશ્ન એ છે કે શું હઝરત બુરીરા رضی اللہ عنہا એ કાંઈ બદલે કિતાબત અદા કર્યો હતો ? ઈમામ બુખારીએ باب مايجوز من شروط المكاتب માં આ હદીષનું જે મતન (અસલ લખાણ) રિવાયત કર્યું છે એમાં સ્પષ્ટતા છે : ولم يكن قضت من كتابتها شيئاً બુરીરાએ બદલે કિતાબતમાંથી કાંઈ અદા કર્યું ન હતું, બલ્કે જે રિવાયત એનાથી પહેલાવાળા પ્રકરણમાં વર્ણન થયેલ છે તેનો જાહેરી અર્થ પણ એ જ છે. ઉમ્મુલ મોમિનીન ફ઼ર્માવે છે, અને બુરીરા પર પાંચ ઔક़િયા વરસના હપ્તા પર હતું. મેં કહ્યું, તમારી શું રાય છે ? જો હું સર્વ એક સામટુ ગણી દઉં અને તમને ખરીદીને આઝાદ કરી આપું ?! અલ્હદીષ

بَابُ إِذَا قَالَ الْمُكَاتَبُ اشْتَرِنِي وَأَعْتِقْنِي فَاشْتَرَاهُ لِذَلِكَ ص ٣٤٩

"મુકાતબે કોઈને કહ્યું, મને ખરીદી લે અને આઝાદ કરી આપ !

તો તેણે એના માટે ખરીદયો" –(૩૪૯)

حديث ١٤٤٠ ثَنِي أَبِي أَيْمَنُ قَالَ دَخَلْتُ عَلَى عَائِشَةَ فَقُلْتُ كُنْتُ غُلَامًا

"મારા પિતા અયમને કહ્યું, હું હઝરત આઈશા رضی اللہ عنہا ની ખિદમતમાં હાજર થયો **[હદીષ : ૧૪૪૦]**

لِعُتْبَةَ بْنِ أَبِي لَهَبٍ وَمَاتَ وَوَرِثَنِي بَنُوهُ وَإِنَّهُمْ بَاعُونِي مِنَ ابْنِ

અને અર્ઝ કરી, હું ઉત્બા બિન અબૂ લહબનો ગુલામ હતો અને તે મરી ગયો, તેના પુત્રો મારા વારિસ થયા અને

أَبِي عَمْرٍو الْمَخْزُومِيِّ فَأَعْتَقَنِي ابْنُ أَبِي عَمْرٍو وَاشْتَرَطَ بَنُو عُتْبَةَ الْوَلَاءَ فَقَالَتْ

તે લોકોએ મને ઈબ્ને અબી અમ્ર મખ્ઝૂમીના હાથે વેચી દીધો. મને તેણે આઝાદ કરી આપ્યો. અને ઉત્બાના

الحديث -

પુત્રોએ પોતાના માટે વિલાની શરત કરી દીધી. એના પર ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ તે હદીષ વર્ણન કરી કે બુરીરાને ખરીદીને મેં આઝાદ કરવા ચાહ્યો તો બુરીરાના માલિકોએ પોતાના માટે વિલાની શરત લગાડી. મેં રસૂલુલ્લાહ ﷺ થી અર્ઝ કરી તો ફર્માવ્યું, વિલા તેના માટે છે જે આઝાદ કરે, ભલે લોકો સો શર્ત લગાડે."

હદીષ : ૧૪૪૦ની સમજૂતી

કોઈ ગુલામનું એ કહેવું કે મને એ શર્ત પર ખરીદો કે આઝાદ કરી દેજો, સોદાના તક़ાઝાની વિરૂદ્ધ છે. એટલા માટે જો કોઈએ આ શર્તની સાથે કોઈ ગુલામ કે લોંડીને ખરીદી તો અક़્દ (સોદો) સહીહ છે અને શર્ત બાતિલ. ખરીદનાર પર આઝાદ કરી દેવો વાજિબ નથી. આઝાદ કરી આપે તો એ તેનું એહસાન છે.

હદીષથી એ હરગિઝ સાબિત નથી થતું કે હઝરત બુરીરાએ એ શર્ત કરી હતી. એમણે એક વિનંતિ કરી હતી જેને હઝરત ઉમ્મુલ મોમિનીન رضی اللہ عنہا એ પોતાના કરમથી મંજૂર કરી લીધી અને એના પર અમલ કર્યો.

ઉત્બા બિન અબૂ લહબ : એ ફતહે મક્કાના પ્રસંગે ઈસ્લામથી પાવન થયા. એ પણ અને તેમના ભાઈ મોઅતબ બંનેવ મક્કામાં જ રહ્યા, હિજરત ન કરી. તેમના ભાઈ ઉતૈબાને ઈસ્લામ નસીબ ન થયો તે કાફિર મર્યો. ઈબ્ને અબી અમ્ર મખ્ઝૂમીનું નામ અબ્દુલ્લાહ હતું. ઉત્બા رضی اللہ عنہ ના ચાર પુત્રો હતા, અબ્બાસ, અબૂ ખરાશ, હિશામ અને યઝીદ.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

كِتَابُ الْهِبَةِ وَفَضْلِهَا وَالتَّحْرِيْضِ عَلَيْهَا

ص ૩૪૧

"હિબાની ફઝીલત અને તેના માટે પ્રોત્સાહિત કરવાનું બયાન" –(૩૪૯)

હિબાનો શાબ્દિક અર્થ આ પ્રમાણે છે : કોઈને કાંઈ આપવું કે તેનાથી લાભ ઉઠાવે. આ શાબ્દિક અર્થના એતબારથી હિબાનો ઈત્લાક़ ابراء એટલે કરજ માફ કરવું અને સદક़ો એટલે કે આખેરતના સવાબના માટે કાંઈ આપવું. અને هديه એટલે કોઈને વિના બદલાએ તેના માનમાં કે મહોબ્બતમાં આપવું. ઈમામ બુખારીએ એમાં هدايا ને પણ વર્ણવેલ છે. એનાથી જાહેર છે કે એમની મુરાદ હિબાથી એનો શાબ્દિક અર્થ છે.

શરીઅતની ઈસ્તેલાહ (બોલી)માં હિબા તેને કહે છે કે કોઈ ચીજનો કોઈને વિના બદલાએ માલિક બનાવવો. તેના સહીહ તથા સંપૂર્ણ થવા માટે બે શર્તો છે, જે ચીજ વહેંચવા પાત્ર હોય તેને વહેંચી દેવામાં આવી હોય. જમીન મકાન હોય તો હદો નિશ્ચિત કરી દેવામાં આવી હોય. એના પરથી પોતાનો કબજો ઉઠાવીને હિબા કરેલ વ્યક્તિને કબજો આપી દેવો. એટલા માટે મુશાઅનું હિબા સહીહ નથી. એટલે એવી ચીજનું જેના દરેકે દરેક ભાગના કેટલાક ભાગીદારો માલિક હોય. એ જ પ્રકાર હિબા લેનારે જો કબજો ન કર્યો અથવા કબજો કર્યો પણ તેના પર હિબા કરનાર (વાહિબ)નો પાછલો કબજો એ જ પ્રમાણે છે તો પણ સંપૂર્ણ ન થયું. દા.ત. મકાન હિબા કરીને હિબા લેનાર વ્યક્તિને કબજામાં આપી દીધું પણ તેમાં હિબા કરનારનો સામાન મૌજૂદ છે તો સંપૂર્ણ ન થયું.

حديث ١٤٤١ عَنِ الْمَقْبُرِيِّ عَنْ اَبِيْهِ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ

"હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه એ નબી ﷺ થી રિવાયત કરી કે ફર્માવ્યું, **[હદીષ : ૧૪૪૧]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ يَا نِسَاءَ الْمُسْلِمٰتِ لَا تَحْقِرَنَّ جَارَةٌ لِّجَارَتِهَا

હે મુસલમાન સ્ત્રીઓ ! એક પડોસણ બીજી પડોસણને નીચ ન સમજે (કે તેને કદી કાંઈ ન આપે), પોતાની

وَلَوْ فِرْسِنَ شَاةٍ ـه

પડોસણને કાંઈ ન કાંઈ આપ્યા કરો, ભલે બકરીની ખરી જ હોય."

(બુખારી ૨/૮૮૯ અલ્અદબ, મુસ્લિમ, તિર્મિઝી)

હદીષ : ૧૪૪૧ની સમજૂતી

આ હદીષનો એક મતલબ એ પણ થઈ શકે છે કે એક પડોસણ જો હદિયો (ભેટ) આપે તો તેને હલકાં ન સમજો ભલે તે ખૂબ જ મામૂલી ચીજ હોય. આ તક़દીર (આધાર) પર لجارة નો મુતઅલ્લિક़ મહઝૂફ़ هديه થશે. બકરીની ખરીથી એનો મજાઝી અર્થ મુરાદ છે કે તે ગમે તેટલી મામૂલી ચીજ કેમ ન હોય. તિર્મિઝીના શરૂમાં આટલુ વધારે છે : એક બીજાને હદિયો (તોહફો) આપો કેમ કે એ સીનાના કીનાને દૂર કરી આપે છે.

حديث ١٤٤٢ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّهَا قَالَتْ لِعُرْوَةَ ابْنَ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ઉરવાને ફર્માવ્યું, [હદીષ : ૧૪૪૨]

اُخَيَّ اِنْ كُنَّا لَنَنْظُرُ اِلَى الْهِلَالِ ثُمَّ الْهِلَالِ ثَلَاثَةَ اَهِلَّةٍ فِي شَهْرَيْنِ وَمَا اُوْقِدَتْ

હે મારી બહેનના પુત્ર ! અમે એક ચાંદથી બીજા ચાંદ ત્રીજા ચાંદ સુધી બે મહિના રાહ જોતાં અને

فِيْ اَبْيَاتِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَارٌ فَقُلْتُ يَا خَالَةُ مَا كَانَ

રસૂલુલ્લાહ ﷺનાં ઘરોમાં આગ ન સળગાવવામાં આવતી. (ઉરવાએ) કહ્યું, હે માસી ! તમને લોકોને કઈ

يُعِيْشُكُمْ قَالَتِ الْاَسْوَدَانِ التَّمْرُ وَالْمَاءُ اِلَّا اَنَّهُ قَدْ كَانَ لِرَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ

ચીજ જીવતાં રાખતી હતી ? બે કાળી ચીજો, ખજૂર અને પાણી. પણ એ કે રસૂલુલ્લાહ ﷺના અમુક અન્સાર

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ جِيْرَانٌ مِّنَ الْاَنْصَارِ كَانَتْ لَهُمْ مَنَائِحُ وَكَانُوْا يَمْنَحُوْنَ رَسُوْلَ

પડોશી હતા જેમની પાસે દૂધવાળાં જાનવર હતાં, તેઓ રસૂલુલ્લાહ ﷺને દૂધ પેશ

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنْ اَلْبَانِهِمْ فَيَسْقِيْنَاهُ ـــ

કરી આપતા હતા તો અમે એ દૂધ પી લેતાં."

(બુખારી ૨/૯૫૬ અર્રિકાક, મુસ્લિમ અખીર કિતાબ)

بَابُ الْقَلِيْلِ مِنَ الْهِبَةِ ص٣٤٩

"થોડા સરખા હિબા (હદિયા)નું બયાન" –(૩૪૯)

حديث ١٤٤٣ عَنْ اَبِيْ حَازِمٍ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, જો એક [હદીષ : ૧૪૪૩]

હદીષ : ૧૪૪૨ની સમજૂતી

منائح ـ منيحةનું બહુવચન છે. તે ઊંટણી કે બકરી જે કોઈને દૂધ પીવા માટે આપવામાં આવે. દૂધવાળુ જાનવર મુત્લક્ન (કોઈ પણ) ઊંટણી તથા બકરી. અહીં એ જ મુરાદ છે. એનો માદ્દો **منح** છે, બખ્શિશ કરવાના અર્થમાં.

પાણીનો રંગ શું છે ? ફિલોસોફરો એમાં ઉલઝેલા છે, આ હદીષથી જણાયું કે પાણીનો રંગ કાળો છે. એના પર એ અનુભવ દલીલ છે કે સફેદ કપડા પર પાણી પડી જાય તો કાળા ધબ્બા દેખાય આવે છે.

હદીષ : ૧૪૪૩ની સમજૂતી

ذراع (દસ્ત) જાનવરના ગુથણની ઉપરનો હિસ્સો. **كراع** (પાયા) ગુથણોની નીચેનો હિસ્સો અથવા ખરી. દસ્તનો ગોશ્ત ઉમદા હોય છે અને હુઝૂરે અક્દસ ﷺને ખૂબ જ પસંદ હતો. એનાથી મુરાદ ઉમદા સારી ચીજ છે અને પાયા ખૂબ જ મામૂલી માનવામાં આવે છે. એનાથી મુરાદ હક્ીર

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَوْ دُعِيْتُ اِلٰى ذِرَاعٍ اَوْ كُرَاعٍ لَاَجَبْتُ وَلَوْ اُهْدِيَ اِلَيَّ ذِرَاعٌ

દસ્ત કે એક પાયા માટે મને દાવત આપવામાં આવે તો તશરીફ લઈ જઈશ, અને જો એક દસ્ત અથવા એક

اَوْ كُرَاعٌ لَقَبِلْتُ ؕ

પાયો મને હદીયો આપવામાં આવે તો કબૂલ કરીશ." (બુખારી, ૨/૭૭૮ નિકાહ)

بَابُ قَبُوْلِ هَدِيَّةِ الصَّيْدِ ص ٣٥٠

"શિકારનો હદિયો કબૂલ કરવો" –(૩૫૦)

حديث ١٤٤٤ عَنْ هِشَامِ بْنِ زَيْدِ بْنِ اَنَسِ بْنِ مَالِكٍ عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મરૂઝ્ઝહરાનમાં અમે સસલાને દોડાવ્યું. **[હદીષ : ૧૪૪૪]**

قَالَ اَنْفَجْنَا اَرْنَبًا بِمَرِّ الظَّهْرَانِ فَسَعَى الْقَوْمُ فَلَغَبُوْا فَاَدْرَكْتُهَا فَاَخَذْتُهَا فَاَتَيْتُ بِهَا

લોકો થાકી ગયા. મેં પકડી લીધું અને તેને અબૂ તલ્હાની પાસે લાવ્યો તો તેમણે ઝબહ કર્યું. અને નબી صلی اللہ علیہ وسلم ની

اَبَا طَلْحَةَ فَذَبَحَهَا وَبَعَثَ اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِوَرِكِهَا اَوْ فَخِذَيْهَا

ખિદમતમાં તેની બેઠકનો ભાગ અથવા બંને જાંગો પેશ કરી. બંને જાંગોના બારામાં શક નથી. તો હુઝૂરે એને

قَالَ فَخِذَيْهَا لَا شَكَّ فِيْهِ فَقَبِلَهُ قُلْتُ وَاَكَلَ مِنْهُ قَالَ وَاَكَلَ مِنْهُ ثُمَّ قَالَ بَعْدُ قَبِلَهُ ؕ

કબૂલ કર્યું. હિશામે પૂછ્યું, અને એમાંથી ખાધુ ? હઝરત અનસે ફર્માવ્યું, અને એમાંથી ખાધુ. પછી એના બાદ ફર્માવ્યું, એને કબૂલ ફર્માવ્યું."

(બુખારી, ૨/૮૨૫ અઝ્ઝબાએહ, ૨/૮૩૦ બાબુલ અર્નબ, અબૂ દાઊદ, તિર્મિઝી–અલ્અત્ઈમહ, નિસાઈ, ઈબ્ને માજહ, અસ્સૈદ)

મામૂલી ચીજ છે. દાવત તથા હદિયો રદ કરવામાં દાવત આપનાર તથા હદિયો પેશ કરનારાના દિલને તોડવું છે એટલા માટે ઉચ્ચ અખ્લાકમાંથી એ છે કે રદ કરવામાં ન આવે.

હદીષ : ૧૪૪૪ની સમજૂતી

انفجنا એનો માદો **فجء** છે જેનો અર્થ ભડકવું છે. **فجء** ભડકાવ્યું. મુરાદ એ છે કે સસલાને ભડકાવીને દરમાંથી કાઢયું. **ارنب** સસલુ. હદીષથી માલૂમ પડે છે કે **ارنب** શાબ્દિક રીતે મુઅન્નષ (સ્ત્રીલીંગ વાચક) છે એટલા માટે કે એના માટે મુઅન્નષની ઝમીરો લાવ્યા છે. સાહિબે મુહકમે કહ્યું કે **ارنب** માદાને કહે છે અને નરને **خرز** (ખઝ્ર) કહે છે. મરૂઝ્ઝહ્રાન, મક્કા મોઅઝ્ઝમાથી મદીના તયબહની તરફ ૧૮ માઈલના અંતરે એક વસ્તીનું નામ છે.

لاشك فيه : અહીં 'ફાલ'ના ફાઈલ શોઅબા છે. તેમને પ્રથમ એ શંકા થઈ કે જાંગની ઉપરનો ગોશ્ત

بَابُ قَبُوْلِ الْهَدِيَّةِ ص٣٥٠

"હદિયાને ક़બૂલ કરવો" –(૩૫૦)

حديث ١٤٤٥ حَدَّثَنَا هِشَامٌ عَنْ اَبِيْهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ النَّاسَ كَانُوْا

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે સહાબીઓ **[હદીષ : ૧૪૪૫]**

يَتَحَرَّوْنَ بِهَدَايَاهُمْ يَوْمَ عَائِشَةَ يَتَّبِعُوْنَ اَوْ يَبْتَغُوْنَ بِذٰلِكَ مَرْضَاةَ رَسُوْلِ

ઈરાદાપૂર્વક આઈશાની વારી હોય તે દિવસે પોતાના હદિયા ખિદમતે અક़દસમાં પેશ કરતા.

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ـه

એનાથી રસૂલુલ્લાહ ﷺની ખુશ્નુદી ચાહતા હતા."

(બુખારી ૧/૩૫૧ ૧/૫૩૨ મનાક़िબ, મુસ્લિમ, ફ઼ઝાઈલ, નિસાઈ–ઉશ્રતુન્નિસા)

حديث ١٤٤٦ سَمِعْتُ سَعِيْدَ بْنَ جُبَيْرٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફ઼ર્માવ્યું, હઝરત ઈબ્ને અબ્બાસનાં માસી **[હદીષ : ૧૪૪૬]**

મોકલ્યો હતો જાંગ, પછી તેમને યક़ીન થયું કે જાંગ મોકલી હતી જેથી કહ્યું કે જાંગમાં કોઈ શક નથી. અને એક મતલબ એ પણ થઈ શકે છે કે એ તો યક़ીની છે કે જાંગ મોકલી હતી પણ એમાં શક છે કે જાંગની ઉપરનો હિસ્સો મોકલ્યો હતો કે નહીં. એ જ પ્રમાણે એ શક થયો કે તેને ખાધુ કે નહીં ? પણ એના પર યક़ીન છે કે ક़બૂલ ફ઼ર્માવ્યું. એટલા માટે રિવાયત આ પ્રમાણે થઈ કે પ્રથમ ખાવા વિશે પૂછયું, તેના જવાબમાં કહ્યું, ખાધુ. પછી બાદમાં કેવળ એ વર્ણન કર્યું કે ક़બૂલ કર્યું. સાર એ નીકળ્યો કે ક़બૂલ ફ઼ર્માવવા પર યક़ીન છે એમાં શંકા નથી, અલ્બત્ત ખાવાના બારામાં શંકા છે.

આ હદીષથી સાબિત થયું કે સસલુ હલાલ છે, નહીં તો હુઝૂરે અક़દસ ﷺ તેને ક़બૂલ ન કરતા, અને ખાનારાઓને બલ્કે પકડનારાઓને ધમકાવતા. તેમજ આ હદીષથી જાણવા મળ્યું કે આકસ્મિક રીતે કે જરૂરતના સમયે શિકાર કરવામાં કાંઈ વાંધો નથી. અલ્બત્ત તેની આદત પાડવી અને તેમાં ખોવાયેલા રહેવું મના છે. ફ઼ર્માવ્યું : من اتبع الصيد غفل "જેણે શિકારનો પીછો કર્યો તે ગાફ઼ેલ થયો."

હદીષ : ૧૪૪૫ની સમજૂતી એટલે કે સહાબાએ કિરામ ઈંતેઝારમાં રહેતા કે ક્યારે ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ની વારીનો દિવસ આવે અને અમે ખિદમતે અક़દસમાં અમારાં નઝરાણા પેશ કરીએ. એમાં હુઝૂરે અક़દસ ﷺની ખુશ્નુદી હતી. એનાથી ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ની એ ખાસ ફ઼ઝીલત સાબિત થઈ કે એ સર્વ અઝવાજે મુતહ્હરાત કરતાં પ્રિય હતાં.

હદીષ : ૧૪૪૬ની સમજૂતી જે લોકો ગોહને જાઈઝ કહે છે તેમની દલીલ આ અને આના જેવી અન્ય હદીષો છે એનો આશય એ જ છે કે જો હરામ હોત તો રસૂલુલ્લાહ ﷺના દસ્તરખાન પર ખાવામાં ન આવત. આપણે ત્યાં ગોહ હલાલ નથી. આપણી દલીલ અબૂ દાઊદની તે હદીષ છે જે હઝરત અબ્દુર્રહમાન

اَهْدَتْ اُمُّ حُفَيْدٍ خَالَةُ ابْنُ عَبَّاسٍ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَقِطًا وَسَمْنًا

ઉમ્મે હુફૈદે પનીર, ઘી અને ગોહ નબી ﷺની ખિદમતમાં હદિયા (નઝરાણા) રૂપે રજૂ કર્યું. નબી ﷺએ

وَاَضُبًّا فَاَكَلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنَ الْاَقِطِ وَالسَّمْنِ وَتَرَكَ الْاَضُبَّ

પનીર અને ઘી ખાધુ અને અણગમા (ઘૃણા) મેહસૂસ કરતાં ગરોળીના પ્રકારનું એનાથી મોટુ એક પ્રાણી

تَقَذُّرًا قَالَ ابْنُ عَبَّاسٍ فَاُكِلَ عَلٰى مَائِدَةِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

ગોહને છોડી આપ્યું. ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺના દસ્તરખાન પર ગોહ ખાવામાં આવી.

وَلَوْ كَانَ حَرَامًا مَا اُكِلَ عَلٰى مَائِدَةِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

અને જો હરામ હોત તો રસૂલુલ્લાહ ﷺના દસ્તરખાન પર ન ખાવામાં આવત."

(બુખારી ૨/૮૧૧, ૮૧૩ અલ્અત્ઈમહ, ૨/૧૦૯૪ અલ્અહકામ, મુસ્લિમ–અઝ્ઝબાએહ,
અબૂ દાઉદ–અલ્અત્ઈમહ, નિસાઈ–અસ્સૈયદ અલ્વલીમા)

حديث ١٤٤٧ عَنْ مُحَمَّدِ بْنِ زِيَادٍ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં જ્યારે **[હદીષ : ૧૪૪૭]**

બિન શિબલ رضی اللہ عنہ થી મરવી છે. તેમણે કહ્યું નબી ﷺએ ગોહ ખાવાથી મના ફર્માવ્યું. ઈમામ અબૂ દાઉદે આ હદીષ પર સુકૂત (મૌન) ફર્માવ્યું. આ હદીષના સહીહ અથવા કમસે કમ હસન હોવાની દલીલ છે. *(અબૂ દાઉદ, ૨/૧૭૬, અલ્અત્ઈમહ)*

તેમજ હઝરત અબ્દુર્રહમાન બિન હસના رضی اللہ عنہ એ કહ્યું, અમે એકવાર ખૂબ જ પ્રમાણમાં ગોહવાળી જમીનમાં ઉતર્યા અને અમોને ભૂખ લાગી તો અમે ગોહને પકડવાનુ શરૂ કર્યું. હાંડલીઓ એના પર જોશ મારવા લાગી એવામાં રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને પૂછયું, આ શું છે ? અમે અર્ઝ કરી, ગોહ છે. ફર્માવ્યું કે બની ઈસ્રાઈલની એક જમાઅતને મસ્ખ (બેડોળ) કરીને જમીનના કીડા બનાવી દેવામાં આવ્યા. મારો અંદેશો છે કે ક્યાંક આ તે જ ન હોય ! હાંડલીઓને પલ્ટાવી દો ! *(શરહે મઆનિયુલ આષાર, ૨/૩૧૪)*

તેમજ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે નબી ﷺની ખિદમતમાં ગોહ પેશ કરવામાં આવી. હુઝૂરે તેને ખાધી નહીં. એટલામાં એક સાઈલ આવ્યો. ઉમ્મુલ મોમિનીને ચાહ્યું કે તેને આપી દે તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું સાઈલને એ ચીજ આપીશ જે ખૂદ ખાતી નથી ! *(ઉપર મુજબ, ૨/૩૧૬)*

આ હદીષ તથા તેના સમઅર્થી સર્વ હદીષો જેનાથી ગોહને ખાવાનુ જાઈઝ સાબિત થાય છે મનાઈની હદીષો થકી મન્સૂખ થયેલ છે. (તેનો જાઈઝનો હુકમ ઉઠી ગયો છે.)

હદીષ : ૧૪૪૭ની સમજૂતી

સદકૃો ફકીરો (ગરીબો)નો હક્ક છે અને હુઝૂરે અકૃદસ ﷺ અગ્નિયુલ અગ્નિયા (ગનીઓના ગની) છે. ઈર્શાદ છે : **ووجدك عائلا فاغنى** "અને અલ્લાહે તમને તંગદસ્ત પામ્યા તો ગની કરી આપ્યા." તેમજ સદકૃા

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِذَا أُتِيَ بِطَعَامٍ سَأَلَ عَنْهُ أَهَدِيَّةٌ أَمْ صَدَقَةٌ فَإِنْ قِيْلَ

ખાણુ પેશ કરવામાં આવતું તો તેના બારામાં પૂછતા કે આ હદિયો છે કે સદકો જો કહેવામાં આવતું કે સદકો

صَدَقَةٌ قَالَ لِأَصْحَابِهٖ كُلُوْهُ وَلَمْ يَأْكُلْ وَإِنْ قِيْلَ هَدِيَّةٌ ضَرَبَ بِيَدِهٖ فَأَكَلَ مَعَهُمْ

છે તો પોતાના અસ્હાબને ફર્માવતા તમે લોકો ખાવ અને પોતે ન ખાતા. અને જો કહેવામાં આવતું કે

હદિયો છે તો તુરંત જ વિના વિલંબે સહાબા સાથે બેસીને ખાવા લાગતા."

بَابُ مَنْ أَهْدٰى إِلٰى صَاحِبِهٖ وَتَحَرّٰى بَعْضَ نِسَائِهٖ دُوْنَ بَعْضٍ ص ٣٥١

"જ્યારે પોતાના દોસ્તને હદિયો આપે અને તેની અમુક પત્નીઓના વારીના દિવસની રાહ જુએ"

حديث ١٤٤٨ عَنْ هِشَامِ بْنِ عُرْوَةَ عَنْ أَبِيْهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا أَنَّ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ નાં [હદીષ : ૧૪૪૮]

نِسَاءَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كُنَّ حِزْبَيْنِ فَحِزْبٌ فِيْهِ عَائِشَةُ وَحَفْصَةُ

અઝવાજ બે ગિરોહમાં હતાં, એક ગિરોહમાં આઈશા, હફસા, સફિય્યહ, તથા સૌદા હતાં, અને બીજા

وَصَفِيَّةُ وَسَوْدَةُ وَالْحِزْبُ الْآخَرُ أُمُّ سَلَمَةَ وَسَائِرُ نِسَاءِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

ગિરોહમાં ઉમ્મે સલમા તથા બાકીનાં અઝવાજે મુતહ્હરાત હતાં, અને મુસલમાન રસૂલુલ્લાહ ﷺ ની

عَلَيْهِ وَسَلَّمَ وَكَانَ الْمُسْلِمُوْنَ قَدْ عَلِمُوْا حُبَّ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

આઈશાની સાથે મહોબ્બતને જાણતા હતા. જ્યારે કોઈ સાહબ રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં કોઈ હદિયો

عَائِشَةَ فَإِذَا كَانَتْ عِنْدَ أَحَدِهِمْ هَدِيَّةٌ يُرِيْدُ أَنْ يُّهْدِيَهَا إِلٰى رَسُوْلِ اللّٰهِ

પેશ કરવાનો ઈરાદો રાખતો તો તેને લેટ કરી આપતો, જ્યારે રસૂલુલ્લાહ ﷺ આઈશાના ઘરમાં હોતા તો તે

લોકોના મેલ છે અને હુઝૂરે અકદસ ﷺ સર્વાધિક પવિત્ર તથા તૈયબ છે. તેમજ સદકો ખાવામાં એક નીચાપણુ છે. ફર્માવ્યું : اليد العليا خيرمن اليد السفلى "ઉપરનો હાથ નીચેવાળાથી બેહતર છે."

હદીષ : ૧૪૪૮ની સમજૂતી

મુસ્લિમ (ફઝાઈલે આઈશા رضی اللہ عنہا, પેજ–૩૮૫)માં આ હદીષની છેવટનો હિસ્સો આ પ્રમાણે છે કે ઉમ્મે સલમાના ગિરોહે હઝરત ફાતિમાને ખિદમતે અકદસમાં મોકલ્યાં. તેમણે ઈજાઝત ચાહી. રસૂલુલ્લાહ ﷺ એ તેમને ઈજાઝત આપી દીધી અને રસૂલુલ્લાહ તે વખતે મારી સાથે મારી એક ચાદરમાં (શરીર લંબાવીને) સૂતેલા હતા. તે આવ્યાં અને અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! આપની પુનિત પત્નીઓએ મને મોકલેલ છે, તેણીઓ બિન્તે અબી કહાફાના બારામાં આપની પાસે અદ્લનો સવાલ કરી રહી છે. હઝરત આઈશા કહે છે કે હું ચૂપ હતી.

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اٰخِرَهَا حَتّٰى اِذَا كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

હદિયો રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં પેશ કરતા. એના પર ઉમ્મે સલમાના ગિરોહે આપસમાં ચર્ચા કરી

عَلَيْهِ وَسَلَّمَ فِيْ بَيْتِ عَائِشَةَ بَعَثَتْ صَاحِبُ الْهَدِيَّةِ بِهَا اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ

અને તેમણે ઉમ્મે સલમાને કહ્યું કે તમે રસૂલુલ્લાહ ﷺથી વાત કરો કે હુઝૂર લોકોને કહી આપે કે જે પણ

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِيْ بَيْتِ عَائِشَةَ فَكَلَّمَ حِزْبُ اُمِّ سَلَمَةَ فَقُلْنَ لَهَا كَلِّمِي

રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હદિયો પેશ કરવા ચાહે તો તેને પેશ કરે, હુઝૂર કોઈપણ પત્નીની પાસે

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُكَلِّمُ النَّاسَ فَيَقُوْلُ مَنْ اَرَادَ

હોય. ઉમ્મે સલમાએ હુઝૂરથી વાત કરી તો હુઝૂરે કાંઈ ન ફર્માવ્યું. બીજી અઝવાજે મુતહ્હરાતે (પુનિત

اَنْ يُّهْدِيَ اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ هَدِيَّةً فَلْيُهْدِهَا اِلَيْهِ

પત્નીઓએ) તેમને પૂછયું તો તેમણે બતાવ્યું કે હુઝૂરે કોઈ જવાબ ન આપ્યો. તેમણે ફરીવાર કહ્યું, ફરી વાત

حَيْثُ كَانَ مِنْ نِسَائِهٖ فَكَلَّمَتْهُ اُمُّ سَلَمَةَ بِمَا قُلْنَ فَلَمْ يَقُلْ لَهَا شَيْئًا

કરો. જ્યારે ઉમ્મે સલમાની વારીમાં તેમના ત્યાં તશરીફ લાવ્યા તો બીજીવાર વાત કરી. હજીપણ હુઝૂરે કોઈ

فَسَاَلْنَهَا فَقَالَتْ مَا قَالَ لِيْ شَيْئًا فَقُلْنَ لَهَا كَلِّمِيْهِ قَالَتْ فَكَلَّمَتْهُ حِيْنَ

જવાબ ન આપ્યો. અઝવાજે મુતહ્હરાતે પૂછયું તો બતાવી આપ્યું કે કાંઈ ન ફર્માવ્યું. એના પર અઝવાજે

دَارَ اِلَيْهَا فَلَمْ يَقُلْ لَهَا شَيْئًا فَسَاَلْنَهَا فَقَالَتْ مَا قَالَ لِيْ شَيْئًا فَقُلْنَ لَهَا

મુતહ્હરાતે તેમને કહ્યું, ફરી વાત કરો ! ત્યાં સુધી કે હુઝૂર તમને જવાબ આપે. જ્યારે હુઝૂર તેમની એટલે

كَلِّمِيْهِ حَتّٰى يُكَلِّمَكِ فَدَارَ اِلَيْهَا فَكَلَّمَتْهُ فَقَالَ لَهَا لَا تُؤْذِيْنِيْ فِيْ عَائِشَةَ

ઉમ્મે સલમાની વારીમાં તેમને ત્યાં તશરીફ લાવ્યા તો ઉમ્મે સલમાએ ફરી વાત કરી. હુઝૂરે ફર્માવ્યું, તમે મને

فَاِنَّ الْوَحْيَ لَمْ يَاْتِنِيْ وَاَنَا فِيْ ثَوْبِ اِمْرَاَةٍ اِلَّا عَائِشَةَ قَالَتْ فَقَالَتْ

આઈશાના બારામાં ઈજા ન આપો ! એટલા માટે કે કોઈ પત્નીના કપડાંમાં હોવાની હાલતમાં વહી નથી

રસૂલુલ્લાહ ﷺએ ફાતિમાને ફર્માવ્યું, શું હું જેની સાથે મહોબ્બત કરું છું તેના સાથે તમે મહોબ્બત નથી કરતા ?! તેમણે અર્ઝ કરી જરૂર કરું છું ! તો ફર્માવ્યું, આ (આઈશા) સાથે મહોબ્બત કર ! આ સાંભળીને ફાતિમા ઉઠીને ચાલ્યા ગયાં અને અઝવાજે મુતહ્હરાત પાસે ગયાં, અને તેમને પૂરી વાતચીત દર્શાવી આપી. તેમણે કહ્યું, તમે અમારું કાંઈપણ કામ ન બનાવ્યું, ફરીથી જાવ ! અને અર્ઝ કરો કે આપની બીવીઓ આપને બિન્તે અબી

أَتُوبُ إِلَى اللّٰهِ عَزَّ وَجَلَّ مِنْ أَذَاكَ يَا رَسُوْلَ اللّٰهِ ثُمَّ إِنَّهُنَّ دَعَوْنَ فَاطِمَةَ

આવતી સિવાય આઈશાના. ઉમ્મે સલમાએ કહ્યું, યા રસૂલુલ્લાહ ! હું હુઝૂરને ઈજા પહોંચાડવાથી તૌબા કરું

بِنْتَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَأَرْسَلْنَ إِلَى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ

છું. ત્યારબાદ અઝવાજે મુતહ્હરાતે ફાતિમા બિન્તે રસૂલુલ્લાહ ﷺ ને બોલાવ્યા. તેમને રસૂલુલ્લાહ ﷺની

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ تَقُوْلُ إِنَّ نِسَاءَكَ يَنْشُدُنَكَ اللّٰهَ الْعَدْلَ فِيْ بِنْتِ أَبِيْ بَكْرٍ

ખિદમતમાં અર્ઝ કરવા માટે મોકલ્યાં કે હુઝૂરની પત્નીઓ અબૂબકરની પુત્રીના બારામાં ઈન્સાફની માગણી

فَكَلَّمَتْهُ فَقَالَ يَا بُنَيَّةُ أَلَا تُحِبِّيْنَ مَا أُحِبُّ فَقَالَتْ بَلٰى فَرَجَعَتْ إِلَيْهِنَّ فَأَخْبَرَتْهُنَّ

કરે છે. હુઝૂરે ફર્માવ્યું, હે પ્યારી બેટી ! હું જેનાથી મહોબ્બત કરું છું શું તું એનાથી મહોબ્બત નથી કરતી ?!

فَقُلْنَ ارْجِعِيْ إِلَيْهِ فَأَبَتْ أَنْ تَرْجِعَ فَأَرْسَلْنَ زَيْنَبَ بِنْتَ جَحْشٍ فَأَتَتْهُ

તેમણે અર્ઝ કરી, જરૂર ! હવે અઝવાજે મુતહ્હરાત પાસે પરત થયાં અને સર્વ કાંઈ બતાવ્યું. પછી એ લોકોએ

فَأَغْلَظَتْ وَقَالَتْ إِنَّ نِسَاءَكَ يَنْشُدُنَكَ اللّٰهَ الْعَدْلَ فِيْ بِنْتِ ابْنِ أَبِيْ قُحَافَةَ

હઝરત ફાતિમાને કહ્યું કે બીજીવાર જાવ ! તો તેમણે ઈન્કાર કરી આપ્યો. હવે અઝવાજે મુતહ્હરાતે ઝયનબ બિન્તે

કહાફાના બારામાં અલ્લાહના વાસ્તે અદ્લનો સવાલ કરે છે. એના પર ફાતિમાએ કહ્યું, બખુદા ! હવે હું કદી આ બારામાં રસૂલુલ્લાહથી કાંઈ અર્ઝ કરીશ નહીં ! ત્યારબાદ તે લોકોએ ઝયનબ બિન્તે જહશને મોકલ્યાં. આ તે હતાં કે અઝવાજમાં મારી બરાબરી કરતાં હતાં. ઝયનબથી વધુ દીનદાર અલ્લાહથી ડરનારી સાચી, સિલએ રહમી (સગાંથી સદ્વર્તાવ) કરનારી, અધિક સદકા આપનારી અને જે કામ અલ્લાહના કુર્બનો સબબ હોય તેને લગનથી કરનારી કોઈ સ્ત્રીને નથી જોયી, સિવાય કે સ્વભાવમાં તેજી હતી. જે ખૂબ જ જલ્દી ખત્મ થઈ જતી. ઝયનબે રસૂલુલ્લાહ ﷺથી ઈજાઝત માગી, હુઝૂરે તેમને ઈજાઝત આપી દઘી. તેમણે અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! હુઝૂરની બીવીઓએ મને મોકલી છે, અને તેણીઓ બિન્તે અબી કહાફાના બારામાં અદ્લનો સવાલ કરે છે. પછી તે મારા બારામાં બોલવા લાગ્યાં અને હદથી આગળ વધી ગયાં. હું રસૂલુલ્લાહ ﷺની આંખોના ઈશારાને જોઈ રહી હતી કે મને બોલવાની ઈજાઝત આપે છે કે નહીં ?! ઝયનબ એ જ પ્રમાણે બોલતાં રહ્યાં. જ્યારે મેં એ જાણી લીધું કે રસૂલુલ્લાહ ﷺ એને નાપસંદ નહીં કરે કે હું એમને જવાબ આપું, તો મેં બોલવાનું શરૂ કર્યું ત્યાં સુધી કે તેમણે ચૂપ થવું પડયું. રસૂલુલ્લાહ ﷺ મુસ્કુરાયા અને ફર્માવ્યું, અબૂબકરની પુત્રી છે ને !

મસાઈલ : આ હદીષથી ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની ખાસ ફઝીલત સાબિત થઈ કે તે સર્વે અઝવાજે મુતહ્હરાત કરતાં વધુ હુઝૂરે અકદસ ﷺને મહબૂબ હતાં. કેટલીક પત્નીઓમાં મહોબ્બતમાં બરાબરી વાજિબ નથી અને ન એ શક્ય છે. ખૂદ હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : **اللهم انى اعدل فيما املك فلا تواخذنى بمالااملك** "હે અલ્લાહ ! જેનો હું માલિક છું એમાં હું અદ્લ કરું છું, એના બારામાં મારી પૂછતાછ ન કરીશ જેનો હું માલિક નથી."

فَرَفَعَتْ صَوْتَهَا حَتّٰى تَنَاوَلَتْ عَائِشَةَ وَهِيَ قَاعِدَةٌ فَسَبَّتْهَا حَتّٰى اَنَّ

જહશને ખિદમતે અક્દસમાં મોકલ્યાં. તેમણે હાજર થઈને સખત અંદાઝમાં કહ્યું, હુઝૂર આપની પત્નીઓ

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِيَنْظُرَ اِلٰى عَائِشَةَ هَلْ تُكَلِّمُ قَالَ

ઈબ્ને અબૂ કહાફાની પુત્રીના બારામાં અલ્લાહના વાસ્તે ઈન્સાફની માગણી કરે છે ! તેમણે અવાજ પણ મોટો

فَتَكَلَّمَتْ عَائِشَةُ تَرُدُّ عَلٰى زَيْنَبَ حَتّٰى اَسْكَتَتْهَا قَالَتْ فَنَظَرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

કરી આપ્યો, અને આઈશાને ઘણુ બધું કહી આપ્યું. એ બેઠેલાં હતાં. કાંઈક બુરૂ પણ કહી આપ્યું. ત્યાં સુધી કે

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِلٰى عَائِشَةَ وَقَالَ اِنَّهَا بِنْتُ اَبِيْ بَكْرٍ

રસૂલુલ્લાહ ﷺ એ આઈશાની તરફ જોયું કે કાંઈ બોલતાં નથી ?! આઈશાએ ઝયનબને ભરપુર જવાબ આપ્યો

ત્યાં સુધી કે તેમને ચૂપ કરી દીધાં. રસૂલુલ્લાહ ﷺ એ આઈશાને જોયાં અને ફર્માવ્યું, એ અબૂબકની પુત્રી છે ને !"

وَقَالَ اَبُوْ مَرْوَانَ الْغَسَّانِيُّ عَنْ هِشَامٍ عَنْ عُرْوَةَ كَانَ النَّاسُ يَتَحَرَّوْنَ بِهَدَايَاهُمْ

છે મરવી અબૂ ગરવાન ગસ્સાનીએ કહ્યું كان الناس يتحرون الحديث۔ عن هشام عروه "અને

يَوْمَ عَائِشَةَ وَعَنْ هِشَامٍ عَنْ رَجُلٍ مِنْ قُرَيْشٍ وَرَجُلٍ مِنَ الْمَوَالِيْ عَنِ الزُّهْرِيِّ

અને આ હદીષ قالت عائشة كنت عند النبي ﷺ فاستاذنت فاطمة عن هشام عن رجل من قريشي ورجل

عَنْ مُحَمَّدِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ بْنِ الْحَارِثِ بْنِ هِشَامٍ قَالَتْ عَائِشَةُ كُنْتُ عِنْدَ

من الموالي عن الزهري محمد بن عبدالرحمن بن الحارث هشام

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَاسْتَاْذَنَتْ فَاطِمَةُ ۔

મરવી છે."

કોઈને ખુશીના મોકા પર તેને હદિયો (નઝરાણુ) પેશ કરવું મુસ્તહસન (સારું) છે. **પત્નીઓ અને એ જ પ્રમાણે અન્ય સંબંધીઓ આપસમાં લડે તો સમજદારીનો તકાઝો એ છે કે ખામોશ રહેવામાં આવે.** અઝવાજે મુતહ્હરાતે પોતાના ખાસ રિશ્તાની બિના પર હુઝૂરે અક્દસ ﷺ ની સમક્ષ જે અમુક નામુનાસિબ વાતો અર્ઝ કરી છે એના પર એમનાથી કોઈ પૂછતાછ નથી. આ નાઝ તથા બનાવટી વિરોધ કરવાના કુબીલાથી છે. અને નાઝ તથા અદા જેનો હક્ક છે તે નાઝ તથા અદા રૂપે કાંઈક કહે તો તેનાથી તકલીફ નહીં લિજજત મળે છે.

એટલે અબૂ મરવાન ગસ્સાનીએ વર્ણવેલ હદીષને એ રીતે રિવાયત કરી છે કે તે બે હદીષો જણાય છે. તેમણે كانوا يتجرون بهداياهم يوم عائشة ને بુખારીમાં મઝકૂર સનદ عن هشام بن عروه عن ابيه عن عائشة સાથે રિવાયત કરી છે અને ان فاطمة استاذنت ને બીજી સનદ સાથે વર્ણવેલ છે. એનાથી માલૂમ થાય છે કે આ બીજી હદીષ છે.

بَابُ مَالَا يُرَدُّ مِنَ الْهَدِيَّةِ ص٣٥١

"કયો હદિયો (તોહફો) પરત કરવો ન જોઈએ" –(૩૫૧)

حديث ١٤٤٩ حَدَّثَنَا عَزْرَةُ بْنُ ثَابِتٍ الْاَنْصَارِيُّ ثِنِي ثُمَامَةُ بْنُ عَبْدِ اللهِ قَالَ

"અઝ્રહ બિન ષાબિત અન્સારીએ કહ્યું, હું ષુમામહ બિન અબ્દુલ્લાહની **[હદીષ : ૧૪૪૯]**

دَخَلْتُ عَلَيْهِ فَنَاوَلَنِي طِيبًا قَالَ كَانَ اَنَسٌ لَا يَرُدُّ الطِّيبَ قَالَ وَزَعَمَ اَنَسٌ اَنَّ

પાસે ગયો તો તેમણે મને ખુશ્બુ આપી અને કહ્યું, હઝરત અનસ رضی اللہ عنہ ખુશ્બુ પરત કરતા (પાછી કાઢતા) ન

النَّبِيَّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ لَا يَرُدُّ الطِّيبَ ـه

હતા. તેમણે કહ્યું કે હઝરત અનસે ફર્માવ્યું કે નબી ﷺ ખુશ્બુ પરત કરતા ન હતા."

(બુખારી ૨/૮૭૮–લિબાસ, તિર્મિઝી–ઈસ્તીઝાન, નિસાઈ–અલ્વલીમા વઝ્રઝનીયતુ)

હદીષ : ૧૪૪૯ની સમજૂતી

طا طيب ના ઝબરની સાથે, ખુશ્બુ જે શરીર કે કપડાં પર ઘસવામાં આવે. જેમ કે અત્તર, અથવા સુગંધદાર તેલ. طيب સારી ચીજ, ખબીષ ગંદાની સરખામણીમાં. તિર્મિઝી (ઈસ્તીઝાન–૧૦૨)માં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે ફર્માવ્યું : **ثلاث لايرد الوسائد والدهن واللبن** "ત્રણ ચીજોને પાછી ન કાઢવામાં આવે, તકિયો, તેલ અને દૂધ.

અબૂ દાઊદ (૨/૨૧૯) તથા નિસાઈ (૨/૨૯૩)એ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે ફર્માવ્યું : **من عرض عليه طيب فلايرده فانه خفيف الحمل** "જેની સમક્ષ ખુશ્બુ રજૂ કરવામાં આવે તો તેને પરત ન કરે એટલા માટે કે તે ઉઠાવવામાં હલકી છે અને ખુશ્બુદાર છે."

મુસ્લિમ (૨/૨૩૯)માં طيب ને બદલે **ريحان** છે એટલે ફૂલ.

પણ તિર્મિઝી (ઈસ્તીઝાન–૧૦૨)માં હઝરત અબૂ ઉષ્માન નહદી رضی اللہ عنہ થી મરવી છે કે ફર્માવ્યું :

اذااعطى احدكم الريحان فلايرده فانه خرج من الجنة "જ્યારે તમને ફૂલ આપવામાં આવે તો પરત ન કરો એટલા માટે કે તે જન્નતથી આવેલ છે."

આ ચાર ચીજો થઈ : તકિયો, ખુશ્બુ, ફૂલ, દૂધ. અને આ મનાઈ મકરૂહે તન્ઝીહીની હદી સુધી છે. અલ્લામા ઈબ્ને હજરે રયહાનના ઝિકને મરજૂહ (પસંદીદા) ઠરાવેલ છે.

بَابُ الْمُكَافَاةِ فِى الْهِبَةِ ص٣٥٢

"હિબાનો બદલો આપવો" –(૩૫૨)

حديث ١٤٥٠ عَنْ هِشَامٍ عَنْ اَبِيْهِ عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كَانَ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ હદિયો **[હદીષ : ૧૪૫૦]**

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقْبَلُ الْهَدِيَّةَ وَيُثِيْبُ عَلَيْهَا ؕ

કબૂલ ફર્માવતા અને તેનો બદલો અતા કરતા." (અબૂ દાઊદ–બુયૂઅ, તિર્મિઝી–અલ્બિર્–શમાઈલ)

بَابُ الْهِبَةِ لِلْوَلَدِ وَاِذَا اَعْطٰى بَعْضَ وَلَدِهٖ شَيْئًا لَمْ يَجُزْ حَتّٰى يَعْدِلَ بَيْنَهُمْ

"ઔલાદ હિબા કરવી, અને પોતાની અમુક ઔલાદને કાંઇ આપે તો જાઈઝ નથી

وَيُعْطِى الْاٰخِرِيْنَ مِثْلَهٗ وَلَا يُشْهَدُ عَلَيْهِ. وَهَلْ لِلْوَالِدِ اَنْ يَرْجِعَ فِىْ عَطِيَّتِهٖ

ત્યાં સુધી કે અન્યોને પણ એના બરાબર આપે એના પર ગવાહ ન બનાવે. શું

وَمَا يَأْكُلُ مِنْ مَالِ وَلَدِهٖ بِالْمَعْرُوْفِ وَلَا يَتَعَدّٰى. ص٣٥٢

બાપને જાઈઝ છે કે ઔલાદને જે કાંઇ આપે તેને પાછુ લઈ લે અને ઔલાદનો માલ પ્રચલિત તરીકાથી ખાય, હદથી આગળ ન વધે –(૩૫૨)

હદીષ : ૧૪૫૦ની સમજૂતી

હિબાનો બદલો આપવો સુન્નત છે, વાજિબ નથી. અને જો હિબા કરનાર બદલાની શર્ત પર કોઈ ચીજ હિબા કરે તો હકીકતમાં બયઅ છે. હવે જો બદલો માલૂમ તથા નિશ્ચિત હોય તો બયઅ સહીહ છે અને જો અધ્યાહન (ગુપ્ત) હોય તો ફાસિદ. હિબા જો મુત્લક (બિન શર્તી) હોય તો હઝરત ઈમામ માલિક બદલો આપવો વાજિબ કહે છે.

بَابُ الْهِبَةِ لِلْوَلَدِ وَإِذَا أَعْطَى بَعْضَ وَلَدِهِ شَيْئًا لَمْ يَجُزْ حَتَّى يَعْدِلَ بَيْنَهُمْ

"ઔલાદ હિબા કરવી, અને પોતાની અમુક ઔલાદને કાંઇ આપે તો જાઇઝ નથી

وَيُعْطِي الْآخَرِيْنَ مِثْلَهُ وَلَا يُشْهَدُ عَلَيْهِ. وَهَلْ لِلْوَالِدِ أَنْ يَرْجِعَ فِي عَطِيَّتِهِ

ત્યાં સુધી કે અન્યોને પણ એના બરાબર આપે એના પર ગવાહ ન બનાવે. શું

وَمَا يَأْكُلُ مِنْ مَالِ وَلَدِهِ بِالْمَعْرُوْفِ وَلَا يَتَعَدَّى. ص ٣٥٢

બાપને જાઇઝ છે કે ઔલાદને જે કાંઇ આપે તેને પાછુ લઈ લે અને ઔલાદનો માલ પ્રચલિત તરીકાથી ખાય, હદથી આગળ ન વધે –(૩૫૨)

પ્રકરણનો ખુલાસો : આ પ્રકારના ચાર ભાગ છે : ઔલાદને હિબા કરવું, અને કોઈને કાંઈ આપે તો સૌને સરખે સરખુ આપે, એ જાઈઝ નથી કે કોઈને કાંઈ આપે અને કોઈને કાંઈ ન આપે, અને ન વધઘટ જાઈઝ છે. બાપ ઔલાદને કાંઈ આપીને પાછુ લઈ શકે છે કે નહીં ? અને ઔલાદના માલને ઉર્ફના પ્રમાણે વાપરી શકે છે ? ઈબ્ને માજહ (અત્તિજારાત, પેજ–૧૬૭)માં હઝરત જાબિરથી અને મુસ્નદે ઈમામ અહમદ (૨/૧૦૪)માં મરવી છે કે હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું : **انت ومالك لابيك عن عمرو بن شعيب عن ابيه عن جده** "તમે અને તમારો માલ તમારા બાપનો છે."

એનાથી ફલિત થાય છે કે પુત્રનો માલ બાપની મિલ્કત છે. હવે જો બાપે પુત્રને કાંઈ આપ્યું તો જાણે પોતે પોતાને જ આપ્યું એટલા માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચીને ફાયદો કરવા ચાહ્યું કે બાપ પોતાની ઔલાદને હિબા કરે તો એ સહીહ છે. ઈબ્ને માજહની હદીષની તાવીલ એ છે કે જરૂરતના સમયે જરૂરત જેટલો પુત્રનો માલ વાપરી શકે છે. પ્રકરણના પહેલાવાળા ભાગ પર બે હદીષો થકી દલીલ કરી. પ્રથમ આ હદીષ : **اعدلوابين اولادكم فى العطية** "પોતાની ઔલાદના દરમિયાન આપવામાં સમાનતા રાખો." આ હદીષ એના બાદવાળા પ્રકરણમાં ખૂદ ઈમામ બુખારીએ રિવાયત કરી છે, પણ તેમની રિવાયતમાં **فى العطية** નથી. અલ્બત્ત ઈમામ તહાવી (શરહે મઆનિયુલ આષાર, પેજ–૨૪૪) એ આ શબ્દોની સાથે **فى العطية** ના વધારા સાથે રિવાયત કરી છે : **سووابين اولادكم فى العطية كماتحبون ان يسووابينكم فى البر** "પોતાની ઔલાદની વચ્ચે લેવડ દેવડમાં બરાબરી કરો જેવી રીતે તમે ચાહો છો કે તેઓ સુલૂકમાં તમારી સાથે બરાબરી કરે.

બીજી હદીષ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની હદીષ છે જેમાં એવું છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઉમર رضی اللہ عنہ થી ઊંટ ખરીદીને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને આપી દીધું અને ફર્માવ્યું, જે ચાહો કરો. જો હુઝૂર ﷺ હઝરત ઉમરને ફર્માવતા કે આ ઊંટ ઈબ્ને ઉમરને આપી દો તો તે જરૂર આપી દેત પણ પોતાની સર્વ ઔલાદને એક એક ઊંટ ન આપી શકત અને ઔલાદમાં અદ્લ ન થાત એટલા માટે હુઝૂરે અકદસ ﷺએ ખરીદીને હઝરત ઈબ્ને ઉમરને આપી દીધું. આ અલ્લામા ઈબ્ને બતાલે સ્પષ્ટતા કરી છે. **فيه ما فيه** બાકીના બંને ભાગો પર પ્રકરણમાં વર્ણવેલ હદીષોથી દલીલ પૂરવાર કરી છે.

بَابُ الْإِشْهَادِ فِي الْهِبَةِ ص٢٥٢

"હિબા પર ગવાહ બનાવવું" –(૩૫૨)

حديث ١٤٥١ سَمِعْتُ النُّعْمَانَ بْنَ بَشِيرٍ وَهُوَ عَلَى الْمِنْبَرِ يَقُولُ أَعْطَانِي أَبِي عَطِيَّةً

"મેં હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہما થી સાંભળ્યું, તે મિમ્બર પર ફર્માવી **[હદીષ : ૧૪૫૧]**

فَقَالَتْ عَمْرَةُ بِنْتُ رَوَاحَةَ لَا أَرْضَى حَتَّى تُشْهِدَ رَسُولَ اللهِ صَلَّى اللهُ تَعَالَى

રહ્યા હતા કે મારા પિતાએ મને કાંઈ આપ્યું એના પર અમરા બિન્તે રવાહાએ કહ્યું, જ્યાં સુધી

عَلَيْهِ وَسَلَّمَ فَأَتَى رَسُولَ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ إِنِّي أَعْطَيْتُ

રસૂલુલ્લાહ ﷺ ગવાહ ન થઈ જાય હું રાજી થઈશ નહીં. તે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા

ابْنِي مِنْ عَمْرَةَ بِنْتِ رَوَاحَةَ عَطِيَّةً فَأَمَرَتْنِي أَنْ أُشْهِدَكَ يَا رَسُولَ اللهِ

અને અર્ઝ કરી, શું મેં મારા પુત્રને જે અમરા બિન્તે રવાહાના પેટથી છે કાંઈ આપ્યું છે. તેણે મને હુકમ

قَالَ أَعْطَيْتَ سَائِرَ وَلَدِكَ مِثْلَ هٰذَا قَالَ لَا قَالَ فَاتَّقُوا اللهَ وَاعْدِلُوا بَيْنَ

આપ્યો કે રસૂલુલ્લાહ ﷺને ગવાહ બનાવી દો. પૂછયું, બાકીની ઔલાદને પણ એના બરાબર આપ્યું છે ?

أَوْلَادِكُمْ قَالَ فَرَجَعَ وَفَرَدَّ عَطِيَّتَهُ ؕ

અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, અલ્લાથી ડરો અને તમારી ઔલાદમાં ન્યાય કરો ! તે પલ્ટીને પરત આવ્યા અને અતિયો પાછો લઈ લીધો." *(બુખારી ૧/૨૫૨, અલ્હિબતુલ્લિલવલદ, ૧/૪૮૧ અશ્શહાદાત, મુસ્લિમ–ફરાઈઝ, તિર્મિઝી–અહકામ, નિસાઈ–નહલ–અલ્ફઝા, ઈબ્ને માજહ–અહકામ, અબૂ દાઊદ–બુયૂઅ)*

હદીષ : ૧૪૫૧ની સમજૂતી

કિતાબુશ્શહાદાતની રિવાયતમાં છે. હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہما એ કહ્યું, મારાં માએ મારા પિતાને મને કાંઈક આપવા કહ્યું અને તેમણે મને આપ્યું. છેવટમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

لاتشهدني على جور "મને જુલ્મ પર ગવાહ ન બનાવો." ઈમામ માલિક અને ઈમામ બુખારી વગેરેનો મઝહબ એ છે કે જો ઔલાદને બરાબર ન આપે અથવા કોઈને આપે કોઈને ન આપે તો હિબા બાતિલ છે. ઈમામ અહમદે ફર્માવ્યું, હિબા સહીહ છે પણ એનાથી રુજૂઅ (પરત લેવું) વાજિબ છે. એ હઝરાતની દલીલ આ હદીષ છે. આપણો મઝહબ એ છે કે આ હિબા સહીહ છે. અલ્બત્ત જો બાપે અમુક ઔલાદને નુકસાન પહોંચાડવાની નિય્યતે કર્યું તો ગુનેહગાર છે, પણ જેને જે આપી દીધું તે તેનો માલિક થઈ ગયો. અને અમુક ઔલાદમાં અગ્રતા આપવામાં કોઈ દીની કારણ હોય તો ગુનેહગાર થશે નહીં. દા.ત. એક પુત્ર આલિમ છે તો તે ઈલ્મના પ્રચારમાં વ્યસ્તતાને કારણે રોજી કમાવા ધંધો નથી કરી શકતો. અને આ ખાસ કરવામાં પુત્રો તથા પુત્રીઓ બંનેવ એક જ હુકમમાં છે, બંનેને સમાન

بَابُ هِبَةِ الرَّجُلِ لِامْرَأَتِهِ وَالْمَرْأَةِ لِزَوْجِهَا ص ٢٥٢

"પતિનુ પત્નીને અને પત્નીનું પતિને હિબા કરવુ." –(૨૫૨)

ت ٤٨٠ قَالَ إِبْرَاهِيمُ جَائِزَةٌ۔

"ઈબ્રાહીમે કહ્યું કે જાઈઝ છે." **[તઅલીક़ : ૪૮૦]**

ت ٤٨١ وَقَالَ عُمَرُ بْنُ عَبْدِ الْعَزِيزِ لَا يَرْجِعَانِ

"અને ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે કહ્યું, બંનેમાંથી કોઈ રુજૂઅ નથી કરી શકતું." **[તઅલીક़ : ૪૮૧]**

આપે. આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ હોવાના સ્થાને) છે અને નેહી તન્ઝીહીના સ્થાને છે.

આપણી દલીલ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ નો અમલ છે. તેમણે વિસાલ વેળાની બીમારી વખતે ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ને ફર્માવ્યું, મેં તમને એક અતિયો (તોહફો) આપ્યો હતો તેના પર જો તમે કબજો કરી લીધો હોત તો એ તમારો હતો, અને આજે વારસો માટે છે. *(શરહે મઆનિયુલ આષાર, ૨/૨૪૫)* એ જ રીતે હઝરત ઉમર رضی اللہ عنہ એ તેમના સાહબઝાદા આસિમને આપ્યું, અન્ય ઔલાદને ન આપ્યું. તેમજ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ એ પણ ઉમ્મે કુલ્થૂમને અન્ય ઔલાદ કરતાં વધુ આપ્યું. *(શરહે મઆનિયુલ આષાર, ૨/૨૪૫)*

આ હદીષની અમુક રિવાયતોમાં આ પ્રમાણે છે : **فان اذنت ان اجيزه له اجزت** જો હુઝૂર ઈજાઝત આપે કે હું એને લાગુ કરી દઉં તો લાગુ કરી દઉં. (ઉપર મુજબ) આ પરથી સમજમાં આવે છે કે તેમણે હજી હિબા લાગુ પાડેલ ન હતો અને ખિદમતે અક़દસમાં મશ્વરા માટે હાજર થયા હતા.

એના પર ઈજમાઅ છે કે ઔલાદ હોવા છતાં જો કોઈ શખ્સ પોતાનો કુલ માલ કોઈને હિબા કરી આપે તો એ સહીહ છે, પછી જો ઔલાદમાંથી કોઈને કુલ માલ આપી દીધો તો એથી અધિક કક્ષાએ સહીહ થશે.

ઔલાદના વચ્ચે વહેંચણીમાં સમાનતાની હક़ીક़ત એ છે કે જો કોઈને આપશે અને કોઈને કાંઈ નહીં આપે અથવા ઓછુ વત્તુ આપશે તો તેમના વચ્ચે બગાડ અને અદાવત પેદા થશે અને બાપથી નફરતનો અંદેશો પણ છે, આ પરથી સમજમાં આવ્યું કે ઔલાદ સાથે એવો વર્તાવ કરવો જોઈએ નહીં કે જેનાથી તેમનામાં મતભેદો ઉદ્ભવે અને બાપથી નફરત ઉદ્ભવે.

તઅલીક़ : ૪૮૦ની સમજૂતી પતિ પત્નીમાં લાભો સંયુક્ત હોય છે અને એનો રિવાજ છે કે દરેક એકબીજાની ચીજ વિના સંકોચે વાપરે છે એટલા માટે પતિ પત્નીનું એકબીજાને કાંઈક હિબા કરવું જાણે કે પોતાને જ હિબા કરવું છે એટલા માટે એના જાઈઝ તથા નાજાઈઝ હોવાનો સવાલ પેદા થાય છે, એટલા માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું છે અને સમર્થનમાં હઝરત ઈબ્રાહીમ નખઈ અને અન્ય તાબઈનનો ક़ૌલ નક़્લ કર્યો. હઝરત ઈબ્રાહીમ નખઈના આ ઈર્શાદને ઈમામ અબ્દુર્રઝ્ઝાક़ અને ઈમામ તહાવીએ મૌસૂલન રિવાયત કર્યો છે. ઈમામ તહાવીના તરીક़ામાં આટલુ વધારે છે કે એમાંથી કોઈને રુજૂઅનો હક્ક़ નથી અને ઈમામે આ'ઝમના તરીક़ાથી જે રિવાયત છે એના શબ્દો આ પ્રમાણે છે : પતિ પત્ની ઝૂરહમ મહરમના સ્થાને છે જ્યારે એકબીજાને કાંઈ હિબા કરે તો રુજૂઅનો હક્ક़ નથી.

તઅલીક़ : ૪૮૧ની સમજૂતી

આ તઅલીક़ને ઈમામ અબ્દુર્રઝ્ઝાક़ે સનદે મુત્તસિલની સાથે રિવાયત કરી.

ت ٤٨٢ وَقَالَ الزُّهْرِيُّ فِيمَنْ قَالَ لِامْرَأَتِهِ هِبِي لِي بَعْضَ صَدَاقِكِ أَوْ

'ઈમામ ઝુહ્રીએ એ શખ્સના બારામાં ફર્માવ્યું, જેણે પોતાની પત્નીને કહ્યું, [તઅલીક : ૪૮૨]

كُلَّهُ ثُمَّ لَمْ يَكُنْ إِلَّا يَسِيرًا حَتَّى طَلَّقَهَا فَرَجَعَتْ فِيهِ قَالَ يَرُدُّ إِلَيْهَا إِنْ كَانَ خَلَبَهَا

તારી કુલ મહેર અથવા અમુક મને હિબા કરી આપ. પછી તેણીને તલાક આપી દીધી અથવા સ્ત્રીએ રુજૂઅ

وَإِنْ كَانَتْ أَعْطَتْهُ عَنْ طِيبِ نَفْسٍ لَيْسَ فِي شَيْءٍ مِنْ أَمْرِهِ خَدِيعَةٌ جَازَ قَالَ

કરી લીધું, તો પતિ મહેર પરત કરે. જો તેણે એને ધોકો આપ્યો છે તો. અને જો તેણીએ ખુશી સાથે આપેલ છે

تَعَالَى فَإِنْ طِبْنَ لَكُمْ عَنْ شَيْءٍ مِنْهُ نَفْسًا فَكُلُوهُ هَنِيئًا مَرِيئًا -

તો તેને પરત લેવાનો હક્ક નથી. જ્યારે કે તેમાં કોઈ ધોકો ન હોય. અલ્લાહ ﷻ એ ફર્માવ્યું : જ્યારે તમારી પત્નીઓ પોતાના મહેરમાંથી તમને કાંઈક ખુશીપૂર્વક આપી દે તો તેને મજાથી ખાવ.''

حديث ١٤٥٢ حَدَّثَنَا ابْنُ طَاوُسٍ عَنْ أَبِيهِ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું, [હદીષ : ૧૪૫૨]

قَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ الْعَائِدُ فِي هِبَتِهِ كَالْكَلْبِ يَقِيءُ ثُمَّ

હિબા પાછુ લેનાર એ કૂતરા સમાન છે જે ઉલ્ટી કરીને

તઅલીક : ૪૮૨ની સમજૂતી

આ તઅલીકને અબ્દુલ્લાહ ઈબ્ને વહબે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. આપણે ત્યાં સ્ત્રીને રુજૂઅનો હક્ક નથી ભલે પતિએ ધોકાથી મહેર વસૂલ કરી હોય, શર્ત એ છે કે પતિએ કબજો કરી લીધો હોય અને જો પતિએ કબજો કર્યો ન હતો અને સ્ત્રીએ રુજૂઅ કરી લીધું તો હિબા ખત્મ થઈ ગયો, કેમ કે કબજો ન હોવાના કારણે સંપૂર્ણ ન થયું હતું.

સામ્યતા : ઈમામ બુખારીએ પ્રકરણની સાબિતીમાં હદીષ–૧૪૫ વર્ણવી જે ભાગ–૨ના પેજ નં. ૭૨ થી ૭૫ પર લખવામાં આવી ચૂકી છે. એમાં એ છે કે જ્યારે નબી ﷺની બીમારી સખ્ત થઈ ચૂકી તો અઝવાજે મુતહ્હરાતથી તેની ઈજાઝત ફર્માવી કે ''આઈશા''ના ઘરે બીમારીના દિવસો પસાર કરે. અઝવાજે મુતહ્હરાતે તેની ઈજાઝત આપી દીધી. એનો સાર એ નીકળ્યો કે અઝવાજે મુતહ્હરાતે પોતાનો હક્ક હુઝૂરને હિબા કરી આપ્યો. અને પ્રકરણ એ જ હતું, પતિનું પોતાની પત્નીને અને પત્નીનું પોતાના પતિને હિબા કરવું. આ તકદીર પર પ્રકરણમાં હિબાનો શાબ્દિક અર્થ મુરાદ હશે.

હદીષ : ૧૪૫૨ની સમજૂતી

باب لايحل لاحد انيرجع فى هبته માં આ હદીષના પ્રારંભમાં આટલું અધિક છે : **ليس لنا مثل السوء الذى يعودفى هبته** અમારો આવો બુરો હાલ ન હોવો જોઈએ જે હિબાને પાછુ લે છે,

يَعُوْدُ فِيْ قَيْئِهٖ ـه

પરત લે." (બુખારી, ૧/૩૭૫ બે તરીક़ાથી, ૨/૧૦૩૨ અલ્હીયલ, મુસ્લિમ, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ)

بَابُ هِبَةِ الْمَرْاَةِ لِغَيْرِ زَوْجِهَا وَعِتْقِهَا اِذَا كَانَ لَهَا زَوْجٌ فَهُوَ جَائِزٌ اِذَا لَمْ تَكُنْ

"પત્નીનું પતિના સિવાય કોઈ અન્યને હિબા કરવું અને આઝાદ કરવું જ્યારે કે એનો

سَفِيْهَةً ۔ فَاِذَا كَانَتْ سَفِيْهَةً لَمْ يَجُزْ قَالَ اللّٰهُ تَعَالٰى وَلَا تُؤْتُوا السُّفَهَاءَ اَمْوَالَكُمْ ۝۵

પતિ હોય અને તે ખફીફુલ્અક़્લ ન હોય. અને જ્યારે કે કમ અક़્લ હોય તો જાઈઝ નથી. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, અને કમ અક્ક़્લવાળાઓને તેમનો તે માલ ન આપો જે તમારી પાસે હોય." –(૩૫૩)

પ્રકરણની સ્પષ્ટતા : سفيهه થી મુરાદ કમઅક़્લ અથવા પાગલ છે અને આયત આ બંને સિવાય નાબાલિગ બાળકોને પણ સમાવે છે ચાહે છોકરો હોય કે છોકરી.

حديث ١٤٥٣ عَنْ كُرَيْبٍ مَوْلَى ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ مَيْمُوْنَةَ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما ના આઝાદ કરેલા ગુલામ કુરૈબથી રિવાયત છે કે [હદીષ : ૧૪૫૩]

بِنْتَ الْحَارِثِ اَخْبَرَتْهُ اَنَّهَا اَعْتَقَتْ وَلِيْدَةً وَلَمْ تَسْتَاْذِنِ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

ઉમ્મુલ મોમિનીન હઝરત મૈમૂના رضي الله عنها એ એક કનીઝને આઝાદ કરી આપી અને નબી ﷺ થી ઈજાઝત ન

عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا كَانَ يَوْمُهَا الَّذِيْ يَدُوْرُ عَلَيْهَا فِيْهِ قَالَتْ اَشَعَرْتَ يَا رَسُوْلَ

લીધી. જ્યારે એમની વારીનો દિવસ આવ્યો તો તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂરની જાણમાં એ વાત

કૂતરાની જેમ કે ઉલ્ટીને પાછી લે છે.

સામ્યતા : પ્રકરણથી સામ્યતા તેના સામાન્યપણા સાથે છે જેમાં પતિ પત્ની પણ સામેલ છે. ઈબ્ને તાઉસથી મુરાદ અબ્દુલ્લાહ છે.

હદીષ : ૧૪૫૩ની સમજૂતી وليدة ઉમ્મુલ મોમિનીન હઝરત મૈમૂના رضي الله عنها એ નબી ﷺ થી એક ખાદિમ તલબ કર્યો હતો. હુઝૂરે તેમને એક હબ્શી કનીઝ અતા ફર્માવી જે તેમણે આઝાદ કરી આપી.

اخوالك : અને ઉસૈલીની રિવાયત اخواتك છે. ઈમામ ક़ાઝી અયાઝે ફર્માવ્યું, શક્ય છે, આ રિવાયત સહીહ હોય, એટલા માટે કે મોઅત્તામાં اخيك છે. અલ્લામા ઈબ્ને બતાલે કહ્યું, કે સગાંઓને સદક़ો આપવો ગૈર સગાં કરતાં અફઝલ છે જેમકે ઈમામ અહમદ (મુસ્નદ ૪/૧૭, ૧૮), તિર્મિઝી (ઝકાત), નિસાઈ (બાબુસ્સદક़ાતિ અલલ્અક़ારિબ–૨૬૧) એ રિવાયત કર્યું કે ફર્માવ્યું,

الصدقة على المسكين صدقة وعلى ذى الرحم ثنتان صدقة وصلة "મિસ્કીનને સદક़ો આપવો કેવળ સદક़ો છે અને સગાંને આપવું એ સદક़ો તથા સિલએ રહમ (સગાંથી સદવર્તાવ) બંનેવ છે."

اللّٰهِ اَنِّيْ اَعْتَقْتُ وَلِيْدَتِيْ قَالَ اَوَ فَعَلْتِ قَالَتْ نَعَمْ قَالَ اَمَا اَنَّكِ لَوْ اَعْطَيْتِهَا

આવી હશે કે મેં મારી કનીઝને આઝાદ કરી દીધી. ફર્માવ્યું, શું ખરેખર તેં એવું કર્યું છે ? અર્ઝ કરી, જી ! ફર્માવ્યું,

اَخْوَالَكِ كَانَ اَعْظَمَ لِاَجْرِكِ ؕ

કાશ ! કે તું તારા મામાઓને આપી દેત તો તારા માટે વધારે સવાબ થાત."

(બુખારી ૧/૩૫૩, અબૂ દાઊદ–નિકાહ, નિસાઈ–ઉશ્રતુન્નિસાઅ્)

حديث ١٤٥٤ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كَانَ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ [હદીષ : ૧૪૫૪]

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا اَرَادَ سَفَرًا اَقْرَعَ بَيْنَ

જ્યારે સફરનો ઈરાદો ફર્માવતા તો પોતાની પત્નીઓ દરમ્યાન કુર્આ (ચિઠ્ઠી) નાખતા,

نِسَائِهٖ فَاَيَّتُهُنَّ خَرَجَ سَهْمُهَا خَرَجَ بِهَا مَعَهٗ وَكَانَ يَقْسِمُ لِكُلِّ

જેનો હિસ્સો નીકળતો તેને સાથે લઈ જતા અને દરેક પુનિત પત્ની માટે એક દિવસ

اِمْرَاَةٍ مِّنْهُنَّ يَوْمَهَا وَلَيْلَتَهَا غَيْرَ اَنَّ سَوْدَةَ بِنْتَ زَمْعَةَ وَهَبَتْ يَوْمَهَا

અને એક રાતની વારી હતી, સિવાય એના કે સૌદા બિન્તે જમ્અહએ પોતાની વારી નબી ﷺ ની

وَلَيْلَتَهَا لِعَائِشَةَ زَوْجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ تَبْتَغِيْ بِذٰلِكَ رِضٰى

પત્ની આઈશાને હિબા કરી આપી હતી. એનાથી એમનો હેતુ

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ؕ

નબી ﷺ ની રઝા હતી."

(બુખારી, ૧/૩૬૩ અશ્શહાદાત, ૧/૩૭૦ બાબુ કુર્અહ ફિલ મુશ્કિલાત ૧/૪૦૩ જેહાદ, ૨/૫૯૪ મગ્ઝી, ૨/૬૯૬ તફસીર, ૨/૭૮૫ અન્નિકાહ, અબૂ દાઊદ–નિકાહ, નિસાઈ–ઉશ્રતુન્નિસાઅ્)

પણ આ હુકમ મુત્લક્ન દુરુસ્ત નથી. જો કોઈ મિસ્કીન સગા કરતાં વધુ મોહતાજ તથા જરૂરતમંદ છે તો એ સ્થિતિમાં મિસ્કીનને આપવો અફઝલ થશે. નિસાઈની રિવાયતમાં છે કે ફર્માવ્યું, "કેમ ન તેને આપીને પોતાની ભત્રીજીને બકરી ચરાવવાથી છૂટકારો અપાવ્યો ?!" આ પરથી જાણવા મળ્યું કે તેમનાં કેટલાંક સગાં અધિક જરૂરતમંદ હતાં એટલે એવું ફર્માવ્યું.

હદીષ : ૧૪૫૪ની સમજૂતી પ્રકરણથી સામ્યતા એ છે કે ઉમ્મુલ મોમિનીન હઝરત સૌદા رضی اللہ عنہا એ પોતાની વારી હઝરત ઉમ્મુલ મોમિનીન સિદ્દીક્ન رضی اللہ عنہا ને આપી દીધી. આ સ્ત્રીનુ પતિ સિવાય

بَابُ مَنْ لَمْ يَقْبَلِ الْهَدِيَّةَ لِعِلَّةٍ ص ٣٥٣

"જેણે હદિયો કોઈ કારણે ક़બૂલ ન કર્યો" –(૩૫૩)

ت ٤٨٣ وَقَالَ عُمَرُ بْنُ عَبْدِ الْعَزِيزِ كَانَتِ الْهَدِيَّةُ فِي زَمَنِ رَسُولِ

"અને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺના **[તઅલીક़ : ૪૮૩]**

اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ هَدِيَّةً وَالْيَوْمَ رِشْوَةً -

જમાનામાં હદિયો હતો અને આજે રિશ્વત (લાંચ) છે."

بَابُ إِذَا وَهَبَ هِبَةً أَوْ وَعَدَ ثُمَّ مَاتَ قَبْلَ أَنْ يَصِلَ إِلَيْهِ - ص ٣٥٣

"જ્યારે કોઈ ચીજ હિબા કરી અથવા હિબા કરવાનો વાયદો કર્યો પછી જેને હિબા કરી તેના સુધી તે ચીજ પહોંચતા પહેલાં મરી ગયો. –(૩૫૩)

ت ٤٨٤ وَقَالَ عُبَيْدَةُ إِنْ مَاتَ وَكَانَتْ فُصِلَتِ الْهَدِيَّةُ وَالْمُهْدِي لَهُ

"અને ઓબૈદાએ કહ્યું, જો હિબા કરનાર મરી જાય અને જેને હદિયો કરવામાં **[તઅલીક़ : ૪૮૪]**

حَيٌّ فَهِيَ لِوَرَثَتِهِ وَإِنْ لَمْ تَكُنْ فَصَلَتْ فَهِيَ لِوَرَثَةِ الَّذِي أَهْدَى -

આવ્યો તેની જિંદગીમાં જ હિબા અલગ કરી લેવામાં આવ્યું હોય તો તેના વારસોના માટે છે, અને જો અલગ ન કરવામાં આવ્યું હોય તો હદિયો આપનારનાં વારસોનું છે."

કોઈને હિબા કરવું થયું. આ લાંબી હદીષે ઈફ્કનો ટુકડો છે જેને ઈમામ બુખારીએ ૧૩–૧૪ પ્રકરણોમાં વર્ણન કરેલ છે, ક્યાંક પૂરી હદીષ ક્યાંક તેના અમુક ભાગો. કિતાબુશશહાદાતમાં એના પર જરૂરત મુજબની ચર્ચા થશે. પતિને અધિકાર છે કે જ્યારે સફરમાં જાય તો જે પત્નીને ઈચ્છે લઈ જાય, અને બેહતર એ છે કે કુર્અહ અંદાઝી કરે (ચિટ્ઠીથી ડ્રો કરે). પરત થતાં બેહતર એ છે કે બીજી સ્ત્રીઓને ત્યાંથી વારી શરૂ કરે. એક સ્ત્રીએ પોતાની વારી કોઈ શોકયને હિબા કરી આપી તો તેને ત્યાં તેની વારીમાં રહે, તેણીને પોતાની વારી પરત લેવાનો અધિકાર છે.

તઅલીક़ : ૪૮૩ની સમજૂતી આ તઅલીક़ને ઈબ્ને સઈદે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી. પૂરી તઅલીક़ આ પ્રમાણે છે. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝને એક દિવસે સફરજનની ખ્વાહિશ થઈ. તેને ખરીદવા માટે ઘરમાં કાંઈ ન હતું. અમે તેમની સાથે સવાર થઈને ચાલ્યા તો દૈરેસમ્આનનાં બાળકોએ સફરજનનો તબાક़ પેશ કર્યો તેમાંથી એકને હાથમાં લઈ લીધુ સૂંઘયું પછી પરત કરી આપ્યું. મેં (ફુરાત બિન મુસ્લિમે) તેમનાથી આના બારામાં અર્ઝ કરી તો ફર્માવ્યું કે મને જરૂરત નથી. મેં અર્ઝ કરી રસૂલુલ્લાહ ﷺ હદિયો ક़બૂલ કરતા હતા ! ફર્માવ્યું, એ લોકો માટે હદિયો હતો પણ આજે સરકારી કર્મચારીઓના માટે રિશ્વત (લાંચ) છે.

તઅલીક़ : ૪૮૪ની સમજૂતી આપણા તથા ઈમામ શાફઈ رضی اللہ عنہ ની નજીક હિબા સંપૂર્ણ થવા માટે કબજો શર્ત છે. અને પ્રકરણમાં જે સ્થિતિ વર્ણવી છે એમાં કબજો નથી, એટલા માટે હિબા કરનાર તથા હિબા લેનારના મૃત્યુ બાદ હિબા બાતિલ થઈ ગયો અને ચીજ હિબા આપનારના વારસોની મિલ્કત થઈ ગઈ. અને

ت ٤٨٥ وَقَالَ الْحَسَنُ اَيَّتُهُمَا مَاتَ قَبْلُ فَهِيَ لِوَرَثَةِ الْمُهْدٰى لَهٗ

"અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, એ બંનેમાં જે પણ પ્રથમ મરી જાય તો **[તઅલીક્ : ૪૮૫]**

إِذَا قَبَضَهَا الرَّسُولُ۔

તે હિબા પામનારના વારસોનું છે જ્યારે કે ક્બાસિદે તેના પર કબજો કરી લીધો હોય."

વાયદો કર્યો હતો હજી એના પર અમલ કર્યો ન હતો એવામાં મરી ગયો, જેથી વાત જ ખત્મ થઈ ગઈ. વાયદો કરનારાના વારસો પર તેને પૂરો કરવું વાજિબ નથી, કેમ કે એ બંનેવ મસ્અલાઓમાં મતભેદ છે, એટલા માટે ઈમામ બુખારીએ કોઈ હુકમ વર્ણન નથી કર્યો.

وقال عبيدة : તેમના ક્વૌલનો મતલબ એ છે કે જેને હિબા કરવામાં આવ્યું તેની હયાતમાં કોઈકે તેને હિબા કર્યું અને તેની હયાતમાં જ પોતાની માલિકીથી અલગ કરી નાખ્યું. દા.ત. કોઈને આપ્યું કે ફલાણાને દઈ આવો. અને ત્યારબાદ બંનેવ મૃત્યુ પામ્યા તો હિબા સહીહ છે, અને જો હિબા પામનારની હયાતીમાં અલગ કર્યું ન હતું તો હિબા સહીહ નથી. જાણે એમની નજીક હિબા સંપૂર્ણ થવા માટે કબજો શર્ત નથી, કેવળ ગૈર હિબા કરેલથી અલગ કરવું પૂરતુ છે.

અને એક રિવાયતમાં **فصلت**ને બદલે **وصلت** છે. એટલે હિબા પામનાર સુધી પહોંચી જાય, પણ જમહૂરની નજીક હિબા પામનાર અથવા તેના વકીલનો કબજો, હિબા સંપૂર્ણ થવા માટે જરૂરી છે. શરહકર્તાઓએ એને જમહૂરના મઝહબના પ્રમાણે કરવાના માટે એ સ્પષ્ટતા કરી છે કે **فصلت**થી મુરાદ એ છે કે કોઈને પહોંચાડવા માટે આપી દીધું. હવે એ કાસિદનો કબજો હિબા પામનારનો કબજો છે. આ સ્પષ્ટતા જેવી છે તેવી જાહેર છે એના પર **فصلت**ની દલીલ નિશ્ચિત રૂપે નથી. બીજી મિલ્કતથી અલગ કરીને પોતાના ઘરે રાખવું એ પણ જુદા કરવું છે અલ્બત્ત **وصلت**ની દલાલત કબજા માટે દુરુસ્ત છે કેમ કે હક્ીક્ી વસૂલ (વાસ્તવમાં પહોંચવું) એ જ છે કે હદિયો પામનાર તેને પોતાના કબજામાં કરી લે.

તઅલીક્ : ૪૮૫ની સમજૂતી

ઓબૈદે હિબા કરનારની બીજી મિલ્કતોથી અલગ કરવા અથવા હિબા પામનાર સુધી પહોંચવા પર તફાવત કર્યો હતો અને હઝરત ઈમામ હસન બસરીએ ક્બાસિદના કબજો કરવા ન કરવા પર હુકમમાં તફાવત કર્યો છે. એટલે કે જો ક્બાસિદે કબજો કરી લીધો હતો તો હિબા પામનારના વારસોનો છે એટલે હિબા સંપૂર્ણ થઈ ગયો. અને જો ક્બાસિદે કબજો કર્યો ન હતો તો હિબા કરનારના વારસોની છે, એટલે કે આ સ્થિતિમાં હિબા પૂર્ણ ન થયો. પ્રકરણના બીજા હિસ્સા વાયદાના બારામાં હઝરત જાબિર رضی اللہ عنہ ની તે હદીષ લાવ્યા છે જેમાં એ વર્ણન છે કે હુઝૂરે અક્દસ ﷺના વિસાલ પછી જ્યારે બહરૈનનો માલ આવ્યો તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ એલાન કરાવી આપ્યું કે જો કોઈને કાંઈ આપવાનો રસૂલુલ્લાહ ﷺએ વાયદો ફર્માવ્યો હતો તો એ આવે ! હું હાજર થયો કે મને રસૂલુલ્લાહ ﷺએ વાયદો ફર્માવ્યો હતો, તો મને ત્રણ ખોબા આપ્યા.

ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે વાયદો કરીને કોઈ વફાત પામી જાય તો વારસોએ તેને પૂરો કરવો જરૂરી છે. પરંતું જમહૂર કહે છે કે હુઝૂરે અક્દસ ﷺની ઉચ્ચ શાનને લક્ષમાં રાખીને હઝરત સિદ્દીક્ અકબરે એને મુસ્તહબ અથવા નફ્લી રીતે પૂરો ફર્માવ્યો. એમાં કોઈને શક નથી કે વાયદો વફા કરવું એ ઉચ્ચ અખ્લાક્માંથી છે. આ હદીષમાં વાજિબ હોવા માટે દલીલ પૂરો પાડનાર કોઈ શબ્દ નથી. દૈન (કર્ઝ)ની સાથે વર્ણન વાજિબ થવાની દલીલ નથી એટલા માટે કે એ નિશ્ચિત છે કે ઈક્તરાન બિઝ્ઝિક ઈક્તરાન ફિલ્હુકમને મુસ્તલઝિમ (લાઝિમ) નથી.

بَابٌ كَيْفَ يُقْبَضُ الْعَبْدُ وَالْمَتَاعُ صـ٣٥٤

"ગુલામ તથા સામાન પર કબજો કેવી રીતે કરવામાં આવે છે" –(૩૫૪)

حديث ١٤٥٥ عَنِ ابْنِ اَبِىْ مُلَيْكَةَ عَنِ الْمِسْوَرِ بْنِ مَخْرَمَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهٗ

"હઝરત મિસ્વર બિન મખ્રમા رضی اللہ عنہما એ કહ્યું કે નબી ﷺ એ કુબાઓ (જભ્ભા) **[હદીષ : ૧૪૫૫]**

قَالَ اِقْتَسَمَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَقْبِيَةً وَلَمْ يُعْطِ مَخْرَمَةَ

વહેંચી અને મખ્રમાને એમાંથી કાંઈ ન આપ્યું તો મખ્રમાએ કહ્યું કે હે બેટા ! મને રસૂલુલ્લાહ ﷺ ની

مِّنْهَا شَيْئًا فَقَالَ مَخْرَمَةُ يَا بُنَىَّ اِنْطَلِقْ بِنَا اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

ખિદમતમાં 'લઈ ચાલો ! હું એમની સાથે ગયો તો કહ્યું, અંદર જઈને હુઝૂરને બોલાવો ! મેં હુઝૂરને બોલાવ્યા.

وَسَلَّمَ فَانْطَلَقْتُ مَعَهٗ فَقَالَ اُدْخُلْ فَادْعُهٗ لِىْ قَالَ فَدَعَوْتُهٗ لَهٗ فَخَرَجَ اِلَيْهِ

હુઝૂર મખ્રમા પાસે તશરીફ લાવ્યા અને હુઝૂરના ખભા પર એમાંથી એક કુબા (જભ્ભો) હતી. ફર્માવ્યું, મેં

وَعَلَيْهِ قَبَاءٌ مِّنْهَا فَقَالَ خَبَأْنَا هٰذَا لَكَ قَالَ فَنَظَرَ اِلَيْهِ فَقَالَ رَضِىَ مَخْرَمَةُ ؕ

તમારા માટે છુપાવી રાખી હતી. મખ્રમાએ એને જોઈ અને અર્ઝ કરી, મખ્રમા ખુશ થઈ ગયો !"

(બુખારી ૧/૩૬૩ અશ્શહાદત, ૧/૧૪૦ જેહાદ, ૨/૮૬૩, ★ ૮૭૧ બાબુલ મુઝર્રદ બિઝ્ઝહબ ★ લિબાસ, ૨/૯૦૫ અલ્અદબ, મુસ્લિમ–ઝકાત, અબૂ દાઉદ–લિબાસ, તિર્મિઝી–ઈસ્તીઝાન, નિસાઈ–અઝ્ઝીનત)

હદીષ : ૧૪૫૫ની સમજૂતી

કિતાબુશ્શહાદાતમાં છે કે હઝરત મખ્રમાએ દરે અકૂદસ પર ઉભા રહીને કાંઈક વાત કરી તો હુઝૂરે અકૂદસ ﷺ એ તેને સાંભળી લીધી અને હઝરત મખ્રમાની પાસે તશરીફ લાવ્યા. શક્ય છે એ તરફ અવાજ સાંભળીને હુઝૂરે બહાર આવવાનો ઈરાદો કર્યો હોય અને આ બાજુ મિસ્વર અંદર ગયા હોય. કિતાબુલ્ લિબાસની રિવાયતમાં છે કે જ્યારે હઝરત મખ્રમાએ હઝરત મિસ્વરને કહ્યું કે અંદર જઈને હુઝૂરને બોલાવી લાવો ! તો એ વાત એમને નાપસંદ પડી. હઝરત મખ્રમાએ કહ્યું, જાવ ! હુઝૂરે અકૂદસ ﷺ જબ્બાર એટલે સખ્તી કરનાર નથી ! તેમનો એ કૌલ એ વાતની દલીલ છે કે તે મુખ્લિસ મોમિન હતા, મુનાફિક્ ન હતા. કિતાબુલ અદબની રિવાયતમાં છે કે હઝરત મખ્રમાના મિજાઝમાં કાંઈ હતું, એટલે સખ્તી હતી. સખ્ત વાત કરનાર તથા જલ્દી નારાઝ થનાર હતા.

قباء منها : કિતાબુલ લિબાસની રિવાયતમાં છે : **من ديباج مزر بالذهب** એ કુબા દીબાની હતી જે સોનાથી સજાવેલ હતી. દીબા રેશમી કપડુ છે. લગભગ આ રેશમ હરામ થવા પહેલાંનો બનાવ છે. અથવા એમને એટલા માટે આપ્યું હતું કે તેઓ સ્ત્રીઓને પહેરાવે અથવા વેચીને કિંમત ખર્ચમાં લે.

مخرمه بن نوفل : એ બની ઝુહરાના સરદારોમાંથી હતા. ફતહે મક્કાના મોકા પર ઈસ્લામથી પાવન થયા. હિ.સ. ૨૦માં ૧૧૫ વરસની વયે વાસિલ બહક્ક્ (ખુદાને પ્યારા) થયા.

بَابٌ اِذَا وَهَبَ دَيْنًا عَلٰى رَجُلٍ صـ٣٥٤

"કરજદાર પર જે કરજ હતું તે જ તેને હિબા કરી આપ્યું." –(૩૫૪)

ت ٤٨٦ قَالَ شُعْبَةُ عَنِ الْحَكَمِ هُوَ جَائِزٌ۔

"શઅબાએ હકમથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું, એ જાઈઝ છે." **[તઅલીક़ : ૪૮૬]**

ت ٤٨٧ وَوَهَبَ الْحَسَنُ بْنُ عَلِيٍّ لِرَجُلٍ دَيْنَهٗ

"અને હઝરત ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ નું એક શખ્સ પર કરજ હતું **[તઅલીક़ : ૪૮૭]**
તેમણે એ તેને હિબા (બખ્શિશ) કરી આપ્યું."

ت ٤٨٨ وَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ كَانَ عَلَيْهِ حَقٌّ فَلْيُعْطِهٖ

"અને નબી ﷺએ ફર્માવ્યું કે જેનો કોઈના પર હક્ક़ હોય તો ક્યાં તો તેને **[તઅલીક़ : ૪૮૮]**

اَوْ لِيَتَحَلَّلْهُ مِنْهُ

આપી દે અથવા માફ કરાવી લે."

તઅલીક़ : ૪૮૭ની સમજૂતી

એના જવાઝ (જાઈઝ હોવા)માં કોઈને કહેવાપણુ નથી, પણ એ હિબા (બખ્શિશ) નથી, બરી કરવું અને હક્ક़ જતો કરવું છે એટલા માટે એમાં કબજાની હાજત (જરૂરત) નથી. એની પણ શક્યતા છે કે તે મૌજૂદ ન હોય, પછી હિબા (બખ્શિશ) કઈ ચીજ થશે ?! અને જો બખ્શિશ માનીએ તો બખ્શિશ પામનારનો બખ્શિશ થયેલ ચીજ પર કબજો તો અગાઉથી જ થઈ ગયેલો છે. આ તઅલીક़ને ઈમામ અબૂબક્ર બિન શયબાએ મૌસૂલન રિવાયત કરી.

તઅલીક़ : ૪૮૮ની સમજૂતી

આ તઅલીક़ને ઈમામ મુસદ્દદે પોતાની મુસ્નદમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. એની સમાનાર્થી કિતાબુલ મઝાલિમમાં હદીષ વર્ણન થઈ ચૂકી છે. એને પ્રકરણથી સામ્યતા એ છે કે હુઝૂરે અક़્દસ ﷺએ માફીના માટે કબજાની શર્ત નથી લગાડી અને જો એના માટે કબજો શર્ત હોત તો મોકો એવો હતો કે એને જરૂર વર્ણન કરતા. આ પ્રકરણમાં ઈમામ બુખારી હઝરત જાબિરની તે હદીષ લાવ્યા છે જેમાં એ વર્ણન છે કે મારા પિતા ગઝવએ ઓહદમાં શહીદ થઈ ગયા અને એમના પર કરજ હતું. મેં રસૂલુલ્લાહ ﷺથી અર્ઝ કરી કે તેમના લેણદારથી મદદ ફર્માવી આપે કે આ વરસે મારા બાગની ખજૂરો લઈ લે અને બાક़ીનું મારા પિતાનું કરજ માફ કરી આપે. અને જો તેઓ એવું કબૂલ કરી લેતા તો કરજથી છૂટકારો થઈ જતો. અને જેને માફ કરતા એના પર કબજો પણ ન થાત. એ જો જાઈઝ ન હોત તો હઝરત જાબિર હુઝૂરે અક़્દસ ﷺથી આવી અરજ ન કરતા, અને જો અરજ પણ કરી દેવામાં આવ્યું હતું તો હુઝૂર એને મના કરી આપતા. તેમજ એ કે હુઝૂરે અક़્દસ ﷺ લેણદારોને એવું ન ફર્માવતા.

بَابُ هِبَةِ الْوَاحِدِ لِلْجَمَاعَةِ صـ٣٥٣

"એક શખ્સનું પૂરી જમાઅતને હિબા (બખ્શિશ) કરવું." –(૩૫૪)

ت ٤٨٩ قَالَتْ أَسْمَاءُ لِلْقَاسِمِ بْنِ مُحَمَّدٍ وَابْنِ أَبِي عَتِيقٍ وَرِثْتُ عَمِّي

"હઝરત અસ્મા رضی اللہ عنہا એ કાસિમ બિન મુહમ્મદ તથા (અબૂબકર અબ્દુલ્લાહ) **[તઅલીક : ૪૮૯]**

أُخْتِي عَائِشَةَ بِالْغَابَةِ وَقَدْ أَعْطَانِي مُعَاوِيَةُ مِائَةَ أَلْفٍ فَهُوَ لَكُمَا ـ

બિન અબી અતીકથી કહ્યું, મને ગાબામાં મારાં બહેન (ઉમ્મુલ મોમિનીન) આઈશાથી વારસામાં જે જમીન મળી હતી અને મુઆવિયહએ જે એક લાખ આપ્યા છે તે તમારા બંનેવ માટે છે."

તઅલીક : ૪૮૯ની સમજૂતી

ઉમ્મુલ મોમિનીન **હઝરત આઈશા** رضی اللہ عنہا **નો વિસાલ ૧૭ રમઝાન હિ.સ. ૫૭ મંગળવારે થયો છે.** અને હઝરત અસ્માનો વિસાલ હિ.સ. ૭૩ જમાદિઉલ આખરમાં થયો હતો.

હઝરત ઉમ્મુલ મોમિનીનના વારસદારો તેમની બે સગી બહેનો હઝરત અસ્મા અને હઝરત કુલ્થૂમ અને તેમના સગા ભાઈ હઝરત અબ્દુર્રહમાનના પુત્ર હતા. એટલા માટે ઉમ્મુલ મોમિનીનની સર્વ સંપત્તિ તેમને મળી. અને હઝરત મુહમ્મદ બિન અબૂબકર رضی اللہ عنہا કેમ કે હઝરત ઉમ્મુલ મોમિનીનના સગા ભાઈ ન હતા બલ્કે બાપ સરીખા ભાઈ હતા એટલા માટે મુહમ્મદ બિન અબૂબકરની ઔલાદને કાંઈ ન મળ્યું. અને ઈબ્ને અબી અતીક એટલે અબૂબકર અબ્દુલ્લાહ ઈબ્ને અબી અતીક, મુહમ્મદ બિન અબ્દુર્રહમાન બિન અબૂબકર رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ أَجْمَعِيْنَ ને પણ કાંઈ ન મળ્યું. કેમ કે એ વખતે એમના વાલિદ અબૂ અતીક મુહમ્મદ બિન અબ્દુર્રહમાન જીવતા હતા તેમને મળ્યુ હતું. જો તેમના પિતા તે વખતે જો જીવંત ન પણ રહેત તો પણ એમને કાંઈ ન મળત. એટલા માટે કે ભત્રીજાની મૌજૂદગીમાં ભત્રીજાની ઔલાદ વંચિત રહેશે. કાસિમ બિન મુહમ્મદ ઉમ્મુલ મોમિનીનના ભત્રીજા હતા અને અબૂબક અબ્દુલ્લાહ ભત્રીજાની ઔલાદ. હઝરત અસ્માએ તે બંનેને ખુશ કરવા માટે ઉપરોક્ત હિબા (બખ્શિશ) કર્યું.

પ્રકરણથી ઈમામ બુખારીનો હેતુ એ છે કે મુશાઅ (જેમાં કેટલાક લોકોનો ભાગ હોય)નું હિબા (બખ્શિશ) સહીહ છે એ આ હદીષથી એ રીતે સાબિત કે જ્યારે એક જમાઅતને હિબા કર્યું તો તેમનો હિસ્સો શાએઅ રહ્યો, એના પરથી સાબિત થયું કે મુશાઅનું હિબા (બખ્શિશ) દુરુસ્ત છે.

અમારું એ કહેવું છે કે મુશાઅનું હિબા એ વખતે બાતિલ છે જ્યારે તે વહેંચવાને પાત્ર હોય, જો તે વહેંચવા પાત્ર ન હોય તો હિબા સહીહ છે. શક્ય છે કે એ જમીન વહેંચવા પાત્ર ન રહી હોય. તેમજ વહેંચવા પાત્ર મુશાઅનું હિબા તે વખતે સહીહ નથી જ્યારે કે કબજાના સમય સુધી મુશાઅ જ રહે, અને જો કબજાના સમયે વહેંચણી કરી લેવામાં આવ્યું અને શુયુઅ ખત્મ થઈ ગયું તો હિબા સહીહ છે.

غابه (ગાબા) : એનો અર્થ જંગલનો ગાઢ હિસ્સો એટલે ઝાડી, અને અહીં એક ખાસ જંગલ મુરાદ છે જે મદીના તય્યબહની અવાલીમાં હતું જ્યાં મદીનાવાસીઓની જમીનો હતી.

بَابُ مَنْ اُهْدِىَ لَهٗ هَدِيَّةً وَعِنْدَهٗ جُلَسَاءُهٗ فَهُوَ اَحَقُّ بِهٖ ص ۳۵۵

"જ્યારે કોઈની સાથે લોકો બેઠેલા હોય અને તેને હદિયો આપવામાં આવે તો તે સૌથી વધુ હક્કદાર છે. *–(૩૫૫)*

ت ٤٩٠ وَيُذْكَرُ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ جُلَسَاءَهٗ

"અને વર્ણન કરવામાં આવે છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે **[તઅલીક્ : ૪૯૦]**

شُرَكَاءُهٗ وَلَمْ يَصِحَّ ـ

તેની સાથે બેસનારા તેના હદિયામાં ભાગીદાર છે. અને આ સહીહ નથી."

તઅલીક્ : ૪૯૦ની સમજૂતી

આ તઅલીક્ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મૌકૂફન્ અને મરફૂઅન બંને રીતે મરવી છે પણ સૌ ઝઈફ છે. અલ્બત્ત મૌકૂફ, મરફૂઅ કરતાં સેહતની અધિક નજીક છે. બયહક્કીએ એને મરફૂઅન રિવાયત કર્યું એમાં મુન્દલ બિન અલી ઝઈફ છે. એ જ પ્રમાણે ઈમામ અબ્દ બિન હુમૈદે મરફૂઅન્ રિવાયત કર્યું છે પણ તે પણ ઝઈફ છે. ઈમામ અબ્દુર્રઝ્ઝાક્થી મરફૂઅન્ અને મૌકૂફન્ બંને રીતે રિવાયત છે પણ એમનાથી સહીહતરીન રિવાયત મૌકૂફ જ છે. એની શાહિદ રિવાયતો મુસ્નદે ઈમામ ઈસ્હાક્ બિન રાહવિયહમાં હઝરત ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ થી અને ઓક્કેલીએ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી પણ મરફૂઅન રિવાયત કરી છે, પણ બંનેની સનદો ઝઈફ છે.

હઝરત ઈબ્ને અબ્બાસની હદીષ વિવિધ તરીક્આોથી ભરપાઈ પામીને હસનના દરજા સુધી જરૂર પહોંચી છે, ખાસ કરીને જ્યારે કે તેની શાહિદ બે હદીષો અન્ય પણ છે.

અલ્લામા ઈબ્ને બતાલે ફર્માવ્યું કે આ આદેશ મુસ્તહબ હોવાના રૂપે છે તે પણ થોડા હદિયાઓમાં જેમાં ઉર્ફ એ જ હોય કે તે હાજરજનો પર વહેંચી દેવામાં આવતો હોય, પણ પુષ્કળ માલ તથા કિંમતી ચીજોના બારામાં નહીં. હઝરત ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہ ની ખિદમતમાં હારૂન રશીદે મોટી રકમ મોકલી તે પોતાના સાથીઓ સાથે બેઠેલા હતા. કોઈએ ઉપરોક્ત હદીષ પઢી તો ફર્માવ્યું, એના માટે એ આવેલ નથી, એ ખાવા પીવાની ચીજોમાં છે.

આ જ હિકાયત એ રીતે પણ મરવી છે કે ત્યાં હઝરત ઈમામ અહમદ બિન હંબલ તથા ઈમામ યહ્યા બિન મોઈન મૌજૂદ હતા. તે હઝરાતે તે હદીષ સંભળાવી તો ઈમામ અબૂ યૂસુફે ફર્માવ્યું, એ ખજૂરો તથા અજવાના બારામાં છે. પછી પોતાના ખજાનચીને કહ્યું, આ રકમ ઉઠાવી લો.

لم يصح : કેમ કે ઈમામ બુખારીએ જે પ્રકરણ રચ્યું હતું આ અષર તેની વિરૂદ્ધ છે એટલા માટે એની હેસિયત સ્પષ્ટ કરી આપી કે એ સહીહ નથી. આ સહીહ ગલતની (ખરા ખોટાની) સરખામણીમાં નથી બલ્કે સહીહથી મુરાદ હદીષનો તે ઉચ્ચ પ્રકાર છે જે હસન તથા ઝઈફની સરખામણીમાં છે. મુકદ્દમા (પ્રસ્તાવના, ભાગ–૧, પેજ–૩૨, ૩૩, ૩૪)માં વિગત વર્ણન થઈ ચૂકી છે.

ત્યારબાદ ઈમામ બુખારીએ આ પ્રકરણમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની તે હદીષ વર્ણન કરી જેમાં આ

بَابُ هَدِيَّةِ مَا يُكْرَهُ لُبْسُهَا ص٣٥٦

"એવી ચીજનો હદિયો જેને પહેરવું નાપસંદ હોય"

حديث ١٤٥٦ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ اَتَى النَّبِيُّ صَلَّى اللّٰهُ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ ફાતિમા رضی اللہ عنہا ના ઘરે [હદીષ : ૧૪૫૬]

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَيْتَ فَاطِمَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا فَلَمْ يَدْخُلْ عَلَيْهَا وَجَاءَ

આવ્યા અને અંદર તશરીફ ન લઈ ગયા. જ્યારે હઝરત અલી رضی اللہ عنہ આવ્યા તો તેમને હઝરત ફાતિમા رضی اللہ عنہا એ

عَلِيٌّ فَذَكَرَتْ لَهُ ذٰلِكَ فَذَكَرَهُ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ

ઉલ્લેખ કર્યો. તેમણે નબી ﷺ ને અર્ઝ કર્યું તો ફર્માવ્યું, મેં એના દરવાજા પર નક્શ (છાપકામ)વાળો પર્દો જોયો

اِنِّيْ رَاَيْتُ عَلٰى بَابِهَا سِتْرًا مَّوْشِيًّا فَقَالَ مَالِيْ وَلِلدُّنْيَا فَاَتَاهَا عَلِيٌّ فَذَكَرَ

તો મેં કહ્યું, મારે દુનિયાથી શું કામ ?! હઝરત અલીએ આવીને હઝરત ફાતિમાને બતાવ્યું તો હઝરત ફાતિમાએ

વર્ણન છે કે હુઝૂરે અક્દસ ﷺએ એક અઅરાબી (ગામડાવાળા)થી ઊંટ કરજ લીધુ હતું અને તેમની માગણી પર ઉમદા ઊંટ આપ્યું.

અને ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની તે હદીષ વર્ણવી છે જેમાં એ છે કે હુઝૂરે અક્દસ ﷺએ હઝરત ઉમર رضی اللہ عنہ થી ઊંટ ખરીદયું હતું જે હઝરત ઉમરે તેમને સવારી માટે આપ્યું હતું અને ખરીદયા પછી તેને અતા ફર્માવી આપ્યું.

પ્રથમ હદીષની પ્રકરણ સાથે સામ્યતા બાબતે વધુમાં વધુ એટલુ કહી શકાય છે કે હુઝૂરે અક્દસ ﷺએ તે અઅ્રાબીને વાજિબુલ અદા ઊંટ કરતાં ઉચ્ચ કક્ષાનું ઊંટ અતા કર્યું. એ આ'લા ઊંટની કિંમત વાજિબુલ અદા ઊંટ કરતાં જેટલી અધિક રહી હશે તે હદિયો થયું. પણ તેમણે હાજરજનોમાં વહેંચ્યું નથી. એ જ પ્રમાણે બીજી હદીષની સામ્યતામાં એ કહી શકાય છે કે હુઝૂરે અક્દસ ﷺએ હઝરત ઉમર رضی اللہ عنہ થી ઊંટ ખરીદીને તેમના પુત્ર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરને અતા ફર્માવ્યું. પણ તેમણે હાજરજનોમાંથી કોઈને તેમાં ભાગીદાર નથી કર્યો અને આ હુઝૂરે અક્દસ ﷺની સમક્ષ થયું પણ હુઝૂરે અક્દસ ﷺએ એના પર મૌન રાખ્યું. એનાથી સાબિત થયું કે **જેને હદિયો આપવામાં આવે તે એકલો જ એનો મુસ્તહિક્ છે અન્ય મજલિસના હાજરજનો નહીં.**

હદીષ : ૧૪૫૬ની સમજૂતી

موشيا થી ઈસ્મે મફઊલ છે. અસલમાં **موشوى** હતું. **سيد** ના ક્વાઈદાથી "વાવ"ને "યા"થી બદલીને "યા"નો "યા"માં ઈદ્ગામ કરી દેવામાં આવ્યો અને શીનના પેશને ઝેરથી બદલી નાખવામાં આવ્યો. **وشى يشى** એનો મસ્દર **وشيا** અને **وشاية** છે. કપડાને અંકિત કરવાના અર્થમાં.

શરહકર્તાઓના બયાનથી માલૂમ પડે છે કે એ પર્દો રેશમી હતો. મકાનના દરવાજામાં રેશમી કે નક્શીદાર પર્દો લટકાવવો હરામ નથી. અને હઝરત સૈયદા ફાતેમાને આ હિદાયત એ કારણે હતી કે હુઝૂરે અક્દસ ﷺએ

ذٰلِكَ لَهَا فَقَالَتْ لِيَأْمُرْنِيْ فِيْهِ بِمَا شَاءَ قَالَ تُرْسِلُ بِهَا إِلٰى فُلَانٍ

કહ્યું, હુઝૂર ! એના બારામાં જે ચાહે મને હુકમ આપે ! ફર્માવ્યું, ફલાણાની પાસે મોકલી આપો, એવાં ઘરવાળાં

اَهْلِ بَيْتٍ بِهِمْ حَاجَةٌ ۔ ع ـه

જે એનાં મોહતાજ હતાં." (અબૂ દાઉદ–લિબાસ)

حديث ١٤٥٧ عَنْ عَلِيٍّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ أُهْدِيَ إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ

"સૈયદના હઝરત અલી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ એ મને રેશમી હુલ્લો [હદીષ : ૧૪૫૭]

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ حُلَّةٌ سِيَرَاءَ فَلَبِسْتُهَا فَرَأَيْتُ الْغَضَبَ فِيْ وَجْهِهٖ

(જભ્ભો) હદિયા રૂપે અતા કર્યો અને મેં તેને પહેરી લીધો તો ચેહરાએ અન્વારમાં ગઝબ જોયો તો એને

فَشَقَقْتُهَا بَيْنَ نِسَاءِيْ ۔ ه

ફાડીને મારી ઔરતોમાં વહેંચી આપ્યો."

(બુખારી ૨/૮૦૮ અન્નફકાત, ૨/૮૬૮ લિબાસ, મુસ્લિમ–લિબાસ, નિસાઈ–ઝીનત)

તેમના માટે એ દુનિયવી શણગારને પસંદ ન કર્યું, એ ઝુહદ તથા સાદગીની સૂચના માટે હતું. એ જ કબીલથી હઝરત સફિય્યહની તે હદીષ છે જેને ઈમામ ઈબ્ને હબ્બાને રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ઘરમાં તશરીફ નથી લઈ જતા જેમાં નક્શો નિગાર રહેતું.

قال ترسل : માં "કાલ"ની ઝમીરે મરફૂઅ ફાઈલનો મરજઅ હુઝૂરે અકદસ ﷺ છે.

હદીષ : ૧૪૫૭ની સમજૂતી

حلة سيراء 'સિયરા' ક્યાં તો અતફે બયાન છે અથવા સિફત, અને એક અન્ય રિવાયત ઈઝાફતની પણ છે. 'હુલ્લા' જોડને કહે છે, દા.ત. ચાદર તથા લુંગી. 'સિયરા' રેશમી મુખત્તતનું એક ખાસ કપડુ હતું.

بين نسائي : એનાથી મુરાદ પત્ની તથા કુટુંબી સ્ત્રીઓ છે. મુસ્લિમની એક રિવાયતમાં છે : **بين الفواطم** ઈબ્ને અબી દુન્યાની રિવાયતમાં છે કે હઝરત અલી رضی اللہ عنہ એ ફર્માવ્યું, મેં એની ચાર ઓઢણીઓ બનાવી કાઢી : એક ફાતિમા બિન્તે અસદ મારાં માના માટે, એક ફાતિમા બિન્તે રસૂલ મારી પત્ની માટે અને એક ફાતિમા બિન્તે હમ્ઝાના માટે. રાવી ચોથી ખાતૂનનું નામ ભૂલી ગયા. ઈમામ કાઝી અયાઝે ફર્માવ્યું, અધિકતર નજીક છે કે ફાતિમા, અકીલ ઈબ્ને અબી તાલિબ હોય, અને અબુલ અલાઅ્ બિન સુલૈમાનના ખયાલમાં આ ફાતમા બિન્તે અબી તાલિબ ઉમ્મે હાની છે. મુસ્લિમમાં છે કે આ હુલ્લો દુમતુલ્ઝુન્દલના વાલીએ ખિદમતે અકદસમાં પેશ કર્યો હતો.

بَابُ قُبُوْلِ الْهَدِيَّةِ مِنَ الْمُشْرِكِيْنَ صـ٣٥٦

"મુશ્રિકોનો હદિયો ક़બૂલ કરવો." –(૩૫૬)

حديث ١٤٥٨ عَنْ قَتَادَةَ قُلْنَا لِاَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ اُهْدِيَ لِلنَّبِيِّ

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફ़રમાવ્યું કે નબી ﷺની ખિદમતમાં કુરૈબ (બારીક રેશમ)નો **[હદીષ : ૧૪૫૮]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ جُبَّةُ سُنْدُسٍ وَّكَانَ يَنْهٰى عَنِ الْحَرِيْرِ

જબ્બો નઝર કરવામાં આવ્યો અને હુઝૂર રેશમથી મના ફ़રમાવતા હતા. લોકો એની ખૂબી

فَعَجِبَ النَّاسُ مِنْهَا فَقَالَ وَالَّذِيْ نَفْسُ مُحَمَّدٍ بِيَدِهٖ لَمَنَادِيْلُ سَعْدِ

પર આશ્ચર્ય કરવા લાગ્યા તો ફ़રમાવ્યું, તે ઝાતની ક़સમ જેના કબ્ઝામાં મુહમ્મદની જાન છે,

بْنِ مُعَاذٍ فِي الْجَنَّةِ اَحْسَنُ مِنْ هٰذَا – وَقَالَ سَعِيْدٌ عَنْ قَتَادَةَ عَنْ

જન્નતમાં સઅદ બિન મઆઝના રૂમાલ એનાથી ઉત્તમ છે અને સઈદ બિન અરૂબાએ

اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ اُكَيْدِرَ دُوْمَةَ اَهْدٰى اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ

عن قتادہ عن انس رضی اللہ تعالیٰ عنہ *રિવાયત કરતા કહ્યું, દૂમતુલ જંદલના ઉકૈદિરે આ નઝૂર*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ صـ

નબી ﷺની ખિદમતમાં રજૂ કરી હતી." (સિફ़્તુલ જન્નત, પેજ–૪૬૦, મુસ્લિમ–ફ़ઝાઈલ)

હદીષ : ૧૪૫૮ની સમજૂતી

سندس "બારીક રેશમ જેને કુરૈબ કહે છે તેની સરખામણીમાં ઈસ્તબરક છે, જાડુ રેશમ. લોકોને આશ્ચર્ય એ જબ્બાની ખૂબસૂરતી અને નરમી હતું."

وقال سعيد : આ તઅલીક़ છે જેને ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરે છે. આ ઉકૈદિર નસરાની અને દુમતુલ્જુન્દલનો બાદશાહ હતો. ગઝવએ તબૂક़ના મોક़ા પર હુઝૂરે અક़દસ ﷺએ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ને એની તરફ़ મોકલ્યા હતા. એ ગિરફ઼્તાર થયો અને તેનો ભાઈ હસ્સાન ક़ત્લ થયો. હઝરત સૈફ઼ુલ્લાહે તેને મદીના તય્યબહ ખિદમતે અક़દસમાં હાજર કર્યો, તેણે જિઝિયો આપવા પર સુલહ કરી લીધી. તો રહમતે આલમ ﷺએ તેને છોડી મૂક્યો. હુઝૂરે અક़દસ ﷺના વિસાલ પછી તેણે નાફ઼રમાની કરી. જ્યારે હઝરત સૈફ઼ુલ્લાહ ઈરાક़થી શામ જઈ રહ્યા હતા તો માર્ગમાં તેને ક़ત્લ કરી નાખ્યો.

દુમતુલ્જુન્દલ મદીના તય્યબહ અને દમિશ્કની વચ્ચે મદીના તય્યબહથી ૨૦ મંઝિલ અને દમિશ્કથી આઠ મંઝિલના અંતરે તબૂક़ની નજીક એક શહેર હતું "દુમતુન"નો અર્થ ગોળ અને જુન્દલનો અર્થ પથ્થર છે. અહીં ગોળ ચટ્ટાનો ઘણી છે એટલા માટે એનું આ નામ પડ્યું. આ જ તે મક़ામ છે જ્યાં શેરે ખુદા હઝરત અલી رضی اللہ عنہ અને હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ના વિવાદમાં ફ઼ૈસલો કરવા માટે બંનેવ પક્ષો પોતપોતાના હકમ સાથે ભેગા થયા હતા.

حديث ١٤٥٩ عَنْ هِشَامِ بْنِ زَيْدٍ عَنْ أَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ أَنَّ

"હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે એક યહૂદી સ્ત્રીએ નબી ﷺની ખિદમતમાં [હદીષ : ૧૪૫૯]

يَهُودِيَّةً أَتَتِ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ بِشَاةٍ مَسْمُومَةٍ

એક ઝહેર મિશ્રિત બકરી પેશ કરી. હુઝૂરે તેમાંથી થોડુક ખાધુ. પછી તેને ખિદમતે અકદસમાં લાવવામાં આવી.

فَأَكَلَ مِنْهَا فَجِيءَ بِهَا فَقِيلَ أَلَا نَقْتُلُهَا قَالَ لَا قَالَ فَمَا زِلْتُ أَعْرِفُهَا فِي

અર્ઝ કરવામાં આવી, શું હુઝૂર એને કત્લ નહીં ફર્માવે ? ફર્માવ્યું, નહીં ! હઝરત અનસે કહ્યું, હમેશાં એની

لَهَوَاتِ رَسُولِ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

અસરને ગળાના કવ્વા (ગોશતનો એ નાનો ટુકડો જે મનુષ્યના ગળામાં હોય છે, કાકડો)એ મેહસૂસ કર્યા કર્યું."

(મુસ્લિમ–અત્તિબ્બ, અબૂ દાઉદ–અદ્વિયાત)

بَابُ الْهَدِيَّةِ لِلْمُشْرِكِينَ ص٣٥٧

"મુશ્રિકોને હદિયો આપવો" –(૩૫૭)

حديث ١٤٦٠ عَنْ هِشَامٍ عَنْ أَبِيهِ عَنْ أَسْمَاءَ بِنْتِ أَبِي بَكْرٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا

"હઝરત અસ્માઅ رضی اللہ عنہا એ કહ્યું, મારી મુશ્રિકા મા નબી ﷺના જમાનામાં [હદીષ : ૧૪૬૦]

હદીષ : ૧૪૫૯ની સમજૂતી આ યહૂદી સ્ત્રીનું નામ 'ઝયનબ' હતું. એ સલામ બિન મિશ્કમની પત્ની હતી, મુરહ્હિબની બહેન કે ભત્રીજી હતી. આ હદીષમાં "શાતુન" (બકરી)થી મુરાદ બકરીનો ગોશ્ત છે. ઈમામ ઈબ્ને ઈસ્હાકે ફર્માવ્યું કે એણે પૂછયું કે કયું અંગ સૌથી અધિક હુઝૂરને પસંદ છે. બતાવવામાં આવ્યું કે દસ્ત. તો તેણીએ એમાં અધિક ઝહેર મિલાવી આપ્યું. હુઝૂરે અકદસ ﷺએ એક લૂકમો મોઢામાં લીધો અને પાછો કાઢી નાખ્યો. ફર્માવ્યું, આમાં ઝહેર છે કોઈ ન ખાય ! પણ હઝરત બિશર બિન બરાઅ رضی اللہ عنہ એ મનાઈથી પહેલાં જ ખાય લીધું હતું જેની અસરથી ત્રણ દિવસ બાદ અલ્લાહને પ્યારા થઈ ગયા. તેણીને પૂછવામાં આવ્યું કે તેં આવું શા માટે કર્યું ? તો તેણીએ કહ્યું, તમે મારા પિતા, કાકા, ભાઈ તથા પતિને મારી નાખ્યા. મેં એટલા માટે આવું કર્યું કે આપ નબી બરહક્ક હશો તો અલ્લાહ તઆલા આપને વાસ્તવિક સ્થિતિથી માહિતગાર કરી આપશે. અને જૂઠા હશો તો અમે તમારાથી છૂટકારો પામીશું. એ સમયે એનાથી દરગુઝર કર્યું, પણ બિશર બિન બરાઅની જાન ચાલી ગયા પછી કેસાસમાં તેણીને કત્લ કરાવી આપી. અમુક રિવાયતોમાં છે કે તેણી મુસલમાન થઈ ગઈ હતી પણ કેમ કે ઈસ્લામ લાવવાથી કુફ્રના જમાનાનો જુર્મનો કેસાસ બાકી હોય તો તે સાકિત નથી થતો, એટલા માટે તેણીને સજા મળી.

હદીષ : ૧૪૬૦ની સમજૂતી

હઝરત અસ્માનાં વાલિદાનું નામ કુતૈલા અથવા કુતલા હતું. હઝરત સિદ્દીકે અકબરે તેમની સાથે ઈસ્લામ પહેલાં નિકાહ કર્યા હતા અને પછી તલાક આપી દીધી હતી. અદબમાં છે કે એ જ મોકા પર સૂરએ મુમ્તહિનાની

قَالَتْ قَدِمَتْ عَلَيَّ أُمِّيْ وَهِيَ مُشْرِكَةٌ فِيْ عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

મારી પાસે આવી, તો મેં રસૂલુલ્લાહ ﷺથી પૂછયું અને એ પણ અર્ઝ કરી કે તે ઈસ્લામની પ્રતિ

عَلَيْهِ وَسَلَّمَ فَاسْتَفْتَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قُلْتُ وَهِيَ

આકર્ષિત છે, શું તેણીની સાથે સિલએ રહમી કરી શકું છું ? ફર્માવ્યું,

رَاغِبَةٌ أَفَأَصِلُ أُمِّيْ قَالَ نَعَمْ صِلِيْ أُمَّكِ ـــ

તારી મા સાથે સિલએ રહમી કર." (બુખારી, ૧/૪૫૧ જેહાદ, ૨/૮૮૪ અલ્અદબ, મુસ્લિમ, અબૂ દાઊદ, ઝકાત)

بَابٌ ص ٣٥٧

حديث ١٤٦١ أَخْبَرَنِيْ عَبْدُ اللّٰهِ بْنُ عُبَيْدِ اللّٰهِ بْنِ أَبِيْ مُلَيْكَةَ أَنَّ بَنِيْ صُهَيْبٍ

"અબ્દુલ્લાહ ઈબ્ને ઓબૈદુલ્લાહ ઈબ્ને અબૂ મુલૈકાએ ખબર આપી કે ઈબ્ને જુદઆનના **[હદીષ : ૧૪૬૧]**

આ આયતો નાઝિલ થઈ હતી :–

لَا يَنْهٰكُمُ اللّٰهُ عَنِ الَّذِيْنَ لَمْ يُقَاتِلُوْكُمْ فِي الدِّيْنِ وَلَمْ يُخْرِجُوْكُمْ مِنْ دِيَارِكُمْ اَنْ تَبَرُّوْهُمْ وَتُقْسِطُوْا اِلَيْهِمْ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ اِنَّمَا يَنْهٰكُمُ اللّٰهُ عَنِ الَّذِيْنَ قَاتَلُوْكُمْ فِي الدِّيْنِ وَاَخْرَجُوْكُمْ مِنْ دِيَارِكُمْ وَظَاهَرُوْا عَلٰى اِخْرَاجِكُمْ اَنْ تَوَلَّوْهُمْ وَمَنْ يَتَوَلَّهُمْ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ

"અલ્લાહ તમને એ લોકોની સાથે એહસાન તથા ઈન્સાફ કરવાથી મના નથી કરતો, જેઓ ન દીનના મામલામાં તમારી સાથે લડયા અને ન તમને તમારાં ઘરોએથી કાઢયા. બેશક ! અલ્લાહ ઈન્સાફ કરનારાઓને મહબૂબ રાખે છે. અલ્લાહ તમને કેવળ એ જ લોકો સાથે દોસ્તી કરવાથી મના કરે છે જે તમારી સાથે દીનના મામલામાં લડે અને જેમણે તમોને તમારા ઘરોએથી કાઢયા અને તમોને કાઢવાના માટે મદદ કરી, જે એમની સાથે દોસ્તી કરશે તે જ જાલિમ છે." *(આયત : ૮, ૯)*

કિતાબુલ અદબમાં જ છે કે પોતાના પુત્રને લઈને આવી હતી જેનું નામ હારિષ હતું અને એ સુલહે હુદૈબિયહ અને ફતહે મક્કાના દરમ્યાન આવી હતી. મુસ્તગફરીએ એમની સહાબિયાતમાં ગણત્રી કરી છે. એ પણ હદિયા માટે કિસમિસ (સૂકી દ્રાક્ષ), ઘી અને સલમનાં પાદડાં સાથે લાવ્યાં હતાં. હઝરત અસ્માએ તેમને ઘરમાં પ્રવેશવા ન દીધાં. તેમના સવાલનો મક્સદ એ હતો કે તેમનો હદિયો કબૂલ કરું કે નહીં ? અને એના બદલામાં તેણીને કાંઈ હદિયો આપુ કે નહીં ?

અહકામ : ઝિમ્મી કાફિરોને હદિયો આપવો અને તેમનો હદિયો કબૂલ કરવો જાઈઝ છે. અને આ જ આ આયતનો હેતુ છે. હર્બી કાફિરને ન હદિયો આપવું જાઈઝ ન તેમનો હદિયો કબૂલ કરવું દુરુસ્ત. હિંદુસ્તાનના કાફિરો હર્બી છે ભલે હિંદુસ્તાન દારુલ ઈસ્લામ છે. પણ અહીં આજના માહોલમાં બુરાઈને દફેઅ કરવા માટે બુરાઈ દૂર થાય તેટલી જરૂરત જેવો હદિયો લેવો જાઈઝ છે.

હદીષ : ૧૪૬૧ની સમજૂતી હઝરત સુહૈબ رضی اللہ عنہ ને અબ્દુલ્લાહ બિન જદઆને ખરીદીને આઝાદ

مَوْلَى ابْنِ جُدْعَانَ اِدَّعَوْا بِبَيْتَيْنِ وَحُجْرَةً اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

આઝાદ કરેલા ગુલામ હઝરત સુહૈબની ઔલાદે એવો દાવો કર્યો કે રસૂલુલ્લાહ ﷺએ સુહૈબને બે ઘર અને એક

عَلَيْهِ وَسَلَّمَ اَعْطٰى ذٰلِكَ صُهَيْبًا فَقَالَ مَرْوَانُ مَنْ يَّشْهَدُ لَكُمَا عَلٰى ذٰلِكَ

ઓરડો અતા કર્યો હતો. મરવાને કહ્યું, એની કોણ ગવાહી આપશે ? એ લોકોએ કહ્યું કે ઈબ્ને ઉમર. મરવાને તેમને

قَالُوْا ابْنُ عُمَرَ فَدَعَاهُ فَشَهِدَ لَاَعْطٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

બોલાવ્યા, તેમણે એ વાતની ગવાહી આપી કે બેશક ! રસૂલુલ્લાહ ﷺએ સુહૈબને બે ઘર તથા એક ઓરડો અતા

صُهَيْبًا بَيْتَيْنِ وَحُجْرَةً فَقَضٰى مَرْوَانُ بِشَهَادَتِهٖ لَهُمْ۔

કર્યા હતાં. એમની ગવાહી પર મરવાને તેમના હક્કમાં ફૈસલો કરી આપ્યો."

بَابُ مَا قِيْلَ فِى الْعُمْرٰى وَالرُّقْبٰى اَعْمَرْتُهُ الدَّارَ فَهِىَ لِعُمْرٰى جَعَلْتُهَا لَهٗ

"ઉમરા તથા રુકબાના બારામાં શું કહેવામાં આવ્યું છે ? મેં એને જિંદગીભર રહેવાના

اِسْتَعْمَرَكُمْ فِيْهَا جَعَلَكُمْ عُمَّارًا ص ۳۵۷

માટે ઘર આપી દીધું એ ઉમરા છે, મેં ઘર એના માટે કરી આપ્યું : استعركم فيها **મેં એને રહેવા માટે જમીન આપી.** –(૩૫૭)

કરી આપ્યા હતા. એટલા માટે એમને મૌલા ઈબ્ને જદઆન કહ્યા. હઝરત સુહૈબના આઠ સાહબઝાદા હતા. શક્ય છે કે મરવાનની પાસે એમનામાંથી બે સાહબ જ ગયા હોય એટલા માટે એણે ગવાહીની માગણીના સમયે لكما (લકુમા) કહ્યું.

ઉમર બિન શયબાએ અખ્બારે મદીનામાં વર્ણવ્યું છે કે હઝરત સુહૈબને એ ઘર ઉમ્મુલ મોમિનીન હઝરત સલ્મા رضی اللہ عنہاએ આપ્યું હતું અને અતાની નિસ્બત હુઝૂરે અકદસ ﷺની તરફ એ આધારે છે કે તેમણે હુઝૂરે અકદસ ﷺની ઈજાઝત અથવા હુકમથી આપ્યું હતું. અલ્લામા અયનીએ ફર્માવ્યું, જાહેર એ છે કે એ કોઈ અન્ય ઘર હતું.

મરવાને કેવળ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہની ગવાહી પર બની સુહૈબને તે ઘર આપી દીધું, જ્યારે કે જરૂરી એ છે કે બે ગવાહો હોય. જવાબ એ છે કે :

મરવાન ન ખુદાથી ડર રાખવાવાળો હતો ન આદિલ હાકિમ હતો ન તેનો કોઈ ભરોસો ! એટલા માટે જો તેનો કોઈ ફૈસલો ગૈર શરઈ થઈ જાય તો કોઈ વાત નથી, પણ અહીં એની પણ શક્યતા છે કે તે મકાનના કોઈ અન્ય સાહબ દાવેદાર નહીં રહ્યા હોય. ખૂદ મરવાને પોતાની શરારતથી કોઈ શાખસાન (ખામી, દોષ, બાધા, અડચણ, શક) ન ખડો કર્યો હોય, એના પર એણે ગવાહી માગી હોય. આમ તો ઘણા ઉલમા ખૂબ જ આદિલ અને ખૌફેખુદાવાળા એકલી એક ગવાહી પર ફૈસલો કરવાને જાઈઝ સમજે છે.

حديث ١٤٦٢ عَنْ اَبِىْ سَلَمَةَ عَنْ جَابِرٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَضَى

"હઝરત જાબિર رضی اللہ عنہ એ ફરમાવ્યું કે નબી ﷺ એ એ ફૈસલો ફરમાવ્યો કે ઉમરા [હદીષ : ૧૪૬૨]

النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِالْعُمْرٰى اَنَّهَا لِمَنْ وُهِبَتْ لَهٗ ـه

એનો છે જેના માટે હિબા કરવામાં આવે."

(મુસ્લિમ–ફરાઈઝ, અબૂ દાઉદ–બુયૂઅ, તિર્મિઝી–અહકામ, નિસાઈ–ઉમરા, ઈબ્ને માજહ–અહકામ)

حديث ١٤٦٣ عَنْ بَشِيْرِ بْنِ نَهِيْكٍ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફરમાવ્યું કે નબી ﷺ થી [હદીષ : ૧૪૬૩]

عَنِ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَلْعُمْرٰى جَائِزَةٌ ـه

રિવાયત છે કે ફરમાવ્યું, ઉમરા જાઈઝ છે." (અબૂ દાઉદ–બુયૂઅ, નિસાઈ–ઉમરા)

ت ٤٩١ وَقَالَ عَطَاءٌ ثَنِىْ جَابِرٌ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِىِّ

"અને ઈમામ અતાએ કહ્યું કે મને હઝરત જાબિર رضی اللہ عنہ એ નબી ﷺ થી [તઅલીક : ૪૯૧]

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَحْوَهٗ ـ

એના જ સમઅર્થી રિવાયત કર્યું છે."

સમજૂતી : હદીષ : ૧૪૬૨–૧૪૬૩

عمرى (ઉમરા) એ છે કે કોઈ કોઈને એવું કહી આપે કે મેં મારું મકાન તમને જિંદગીભર માટે આપ્યું. એના માટે અરબીમાં અધિકતર આ સેગાઓ વપરાય છે : **اعمرته الدار ـ استعمرتك** રૂકબા એ છે કે એ કહે મેં તમને મારું ઘર આપ્યું એ શર્ત પર કે જો હું તમારાથી પહેલાં મરી ગયો તો એ તમારું છે, અને જો તમે પ્રથમ મૃત્યુ પામ્યા તો મારું છે. અરબીમાં **ارقبتك**નો શબ્દ રિવાજ પામેલ હતો એટલા માટે એને **رقبى** કહે છે 'ઉમરા' જાઈઝ છે, અલ્બત્ત જેને આપ્યું તેનો તે માલિક થશે નહીં. મુઅમ્મિરની જિંદગીભર એનાથી લાભ ઉઠાવી શકે છે. મુઅમ્મિરના મૃત્યુ બાદ તે મુઅમ્મિરના વારસોનું છે. "રૂકબા" જાઈઝ નથી. હદીષમાં કેવળ 'ઉમરા'નો ઉલ્લેખ છે. અન્ય ઈમામોએ એના પર કયાસ કરીને રૂકબાને પણ જાઈઝ કહ્યું છે, જ્યારે કે બંનેની હકીકતમાં ઉઘાડો ફરક છે એટલા માટે એકને બીજા પર કયાસ કરવું સહીહ હોવાનું વિચારવા પાત્ર છે.

ચેતવણી : અહીંથી ઈમામ બુખારીએ આરિય્યતના પ્રકરણો શરૂ કરી આપ્યાં છે ભલે કોઈ નુસ્ખામાં 'કિતાબુલ્આરિયહ' નથી, અલ્બત્ત અમુક નુસ્ખાઓમાં 'તસ્મિયહ' છે. હિબાની સાથે 'આરિયહ'ના પ્રકરણો એટલા માટે વર્ણવ્યાં કે હિબામાં બદલા વિના ચીજ આપવું છે અને આમાં બદલા વિના કોઈ ચીજથી ફાયદો હાંસલ કરવાની ઈજાઝત આપવું છે.

بَابُ مَنِ اسْتَعَارَ مِنَ النَّاسِ الْفَرَسَ وَالدَّابَّةَ وَغَيْرَهَا. صـ ٣٥٧

"જેણે લોકો પાસેથી ઘોડો અને ચોપગુ અથવા કાંઇ બીજુ (થોડા સમય માટેનું, માંગીને લેવું) ઉછીનું લીધું" *–(૩૫૭)*

حديث ١٤٦٤ عَنْ قَتَادَةَ قَالَ سَمِعْتُ أَنَسًا رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُوْلُ كَانَ

"હઝરત અનસ رضی اللہ عنہ કહેતા હતા કે એકવાર મદીનામાં ગભરાહટ પેદા થઈ **[હદીષ : ૧૪૬૪]**

فَزَعٌ بِالْمَدِيْنَةِ فَاسْتَعَارَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَرَسًا مِنْ

ગઈ તો નબી ﷺએ અબૂ તલ્હાના એક ઘોડાને ઉછીનો લીધો જેનું નામ મન્દૂબ હતું,

أَبِيْ طَلْحَةَ يُقَالُ لَهُ الْمَنْدُوْبُ فَرَكِبَ فَلَمَّا رَجَعَ قَالَ مَا رَأَيْنَا مِنْ

એના પર સવાર થયા. જ્યારે પરત થઈને આવ્યા તો ફર્માવ્યું, મેં કાંઈ નથી જોયું

شَيْءٍ وَإِنْ وَجَدْنَاهُ لَبَحْرًا ۝

અને આ (ઘોડાને) દરિયો પામ્યો."

(બુખારી, ૧/૪૦૦ જેહાદ, ૪૦૧ રુકૂબ અલદ્દાબ્બહ, ૪૧૭ મુબાદિરતલ ઈમામ, ૨/૯૧૭ અદબ, મુસ્લિમ–ફઝાઈલ, અબૂ દાઉદ–અદબ, તિર્મિઝી–જેહાદ, નિસાઈ–સિયર)

હદીષ : ૧૪૬૪ની સમજૂતી

અબૂ તલ્હાનું નામ બિન ઝયદ સહલ હતું. એ હઝરત અનસનાં વાલિદા માજિદા હઝરત ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا ના પતિ હતા.

ان وجدناه لبحراً : કૂફીઓની બિના પર આ અન્ નાફિયહ, માના અર્થમાં છે, અને **لبحرا** નો લામ **إلا** ના અર્થમાં છે. હવે તર્જુમો આ પ્રમાણે થશે : "અમે એને નથી પામ્યો પણ સમુદ્ર." એનું દૃષ્ટાંત આ આયત છે :–

ان هذان لساحران ની તખફીફની કિરાઅત પર. અને બસરીઓની નજીક આ **ان** મુષક્કલાથી મુખફ્ફફા તેહક્કીક્ના માટે છે અને લામ તાકીદના માટે છે.

ઘોડાનાં નામોમાંથી **بحر** પણ છે. 'બહર' તે ઘોડાને કહે છે જે કદી થાકતો ન હોય. તેમજ હુઝૂરે અક્દસ ﷺના ઘોડાઓમાંથી એક ઘોડાનું નામ 'બહર' હતું. એક રિવાયતમાં હઝરત અબૂ તલ્હાના એ ઘોડાની સિફત 'કૃતૂફ' આવી છે એટલે સુસ્ત રફતાર. બીજી રિવાયતમાં 'બતી' પણ આવી છે એટલે સુસ્ત. આ હુઝૂરે અક્દસ ﷺની બરકત હતી કે તે એટલો તેજ રફતાર થઈ ગયો કે તેને 'બહર' ફર્માવ્યો.

بَابُ الْاِسْتِعَارَةِ لِلْعَرُوْسِ عِنْدَ الْبِنَاءِ ص٣٥٨

"નિકાહના સમયે દુલ્હન માટે મંગની માગવું." –(૩૫૮)

حديث ١٤٦٥ حَدَّثَنَا عَبْدُ الْوَاحِدِ بْنُ اَيْمَنَ ثَنِيْ اَبِيْ قَالَ دَخَلْتُ عَلٰى عَائِشَةَ

"અયમને કહ્યું, હું હઝરત આઈશાની ખિદમતમાં હાજર થયો. તેમણે ક़િત્રનો **[હદીષ : ૧૪૬૫]**

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا وَعَلَيْهَا دِرْعُ قِطْرٍ ثَمَنُ خَمْسَةِ دَرَاهِمَ فَقَالَتْ اِرْفَعْ

કુર્તો પહેરેલો હતો જેની કિંમત પાંચ દિરહમ હતી. ઉમ્મુલ મોમિનીને ફર્માવ્યું, નજર ઉઠાવીને મારી બાંદીને

بَصَرَكَ اِلٰى جَارِيَتِيْ اُنْظُرْ اِلَيْهَا فَاِنَّهَا تُزْهٰى اَنْ تَلْبَسَهٗ فِي الْبَيْتِ وَقَدْ كَانَ

જુઓ આ ઘરમાં આ કુર્તાને પહેરવાને નાપસંદ કરે છે જ્યારે કે રસૂલુલ્લાહ ﷺના મુબારક સમયમાં

لِيْ مِنْهُنَّ دِرْعٌ عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَمَا كَانَتْ

એમાંનો એક કુર્તો મારી પાસે હતો, જ્યારે મદીનામાં કોઈ સ્ત્રીને દુલ્હન બનાવવાની હોતી તો માણસ

امْرَاَةٌ تُقَيَّنُ بِالْمَدِيْنَةِ اِلَّا اَرْسَلَتْ اِلَيَّ تَسْتَعِيْرُهٗ.

મોકલીને મારી પાસે આરિયતન (થોડા સમય માટે) મંગાવી લેવામાં આવતો."

હદીષ : ૧૪૬૫ની સમજૂતી

قِطر બેહરૈનમાં 'ક़િત્ર' એક જગાનું નામ છે, ત્યાં જે કપડાં તૈયાર થતાં હતાં તેને ક़િતર કહેવાતુ હતું. કાફ઼નો ઝેર નિસ્બતના માટે છે એ સુતર વગેરેનું જાડુ સામાન્ય કપડુ હતું.

ثمن خمسة دراهم : એમાં ચાર તરીક़ા જાઈઝ છે. **ثمن** બાબે તફ઼ઈલથી માઝી મજહૂલ. અને **خمسة** (ખમ્સત) ઝબરની સાથે મન્સૂબ. બનઝએ ખાફ઼िઝ એટલે **ثمن ای قوم بخمسة** –**ثمن** મન્સૂબ બનઝએ ખાફ઼िઝ **ثمن خمسة دراهم**–**ای بثمن خمسة دراهم** ઈઝાફ઼તની સાથે. **ثمن** મરફ઼ૂઅ મુબ્તદા **خمسة** પણ મરફ઼ૂઅ ખબર. અલ્બત્ત એમાં ઝમીર મક़્દર થશે, એટલે **ثمنه خمسة دراهم**.

تزهی : એનો અર્થ નાપસંદ કરવું છે. અમુક અનુવાદકોએ એ તર્જુમો કર્યો છે, "એ ઘરમાં મને આવો કુર્તો પહેરવાથી મના કરે છે." આ તર્જુમો સહીહ નથી. **ان تلبسه** એક વચન મુઅન્નષ (સ્ત્રીવાચક) ગાઈબનો સેગો છે. એનો તર્જુમો એ છે કે તે લોંડી આ કુર્તો પહેરવાને નાપસંદ કરે છે. ઉમ્દતુલ ક़ારીમાં એની શરહ **تنکراوتانف** કરી છે.

تقین : જ્યારે કોઈ દુલ્હનને નિકાહ (સુહાગરાત) માટે સંવારવામાં આવે છે તો એ કુર્તો મારી પાસેથી માગીને લઈ જતા હતા. આ તે મુબારક સમયની ગરીબી અને તંગદસ્તીને જાહેર કરી રહેલ છે, અને જે વખતે ફ઼ર્માવી રહ્યાં હતાં એ વખતની ખુશહાલીને દર્શાવે છે કે આજે લોકો એટલા માલદાર થઈ ગયા છે કે આ કુર્તાને ઘરની અંદર લોંડી પણ પહેરવાનું પસંદ નથી કરતી ! અને તે સમય હતો કે વિદાય વેળા લોકો એને દુલ્હનનો લિબાસ બનાવતા અને તે પણ સામાન્ય લોકોને મયસ્સર ન હતો તો મારી પાસે ઉછીના તરીકે લઈ જતા હતા.

بَابُ فَضْلِ الْمَنِيْحَةِ ص٣٥٨

"લાભ ઉઠાવવા માટે તોહફો !" –(૩૫૮)

حديث ١٤٦٦ عَنِ الْأَعْرَجِ عَنْ أَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُ أَنَّ رَسُوْلَ

"હઝરત અબૂ હુરૈરહ رضی الله عنه થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, [હદીષ : ૧૪૬૬]

اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ نِعْمَ الْمَنِيْحَةُ اللِّقْحَةُ الصَّفِيُّ مِنْحَةً

બેહતરીન તોહફો (અતિયો) ખૂબ દૂધ આપનાર ઊંટણી અને ખૂબ દૂધ આપનાર બકરી છે. સવારે પણ વાસણ

وَالشَّاةُ الصَّفِيُّ تَغْدُوْ بِإِنَاءٍ وَتَرُوْحُ بِإِنَاءٍ

ભરી આપે અને સાંજે પણ." (બુખારી ૨/૮૩૯ અલ્અશ્રબા)

حديث ١٤٦٧ عَنِ ابْنِ شِهَابٍ عَنْ أَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُ قَالَ

"હઝરત અનસ رضی الله عنه એ ફર્માવ્યું, જ્યારે મુહાજિરો મક્કાથી મદીના આવ્યા [હદીષ : ૧૪૬૭]

لَمَّا قَدِمَ الْمُهَاجِرُوْنَ الْمَدِيْنَةَ مِنْ مَكَّةَ وَلَيْسَ بِأَيْدِيْهِمْ شَيْءٌ وَكَانَتِ

અને હાલ એ હતો કે એમની પાસે કાંઈ ન હતું અને અન્સાર જમીન જાયદાદવાળા હતા. તો અન્સારે

હદીષ : ૧૪૬૬ની સમજૂતી

المنيحة મનહ્ યમ્નહુ મિન્હ્તનૂથી આવે છે, એનો અર્થ અતિયો તથા બખ્શિશ છે. એ અઝીમતુનૂના વજન પર ઈસ્મે મફઊલના અર્થમાં છે પ્રકરણમાં منيحه થી મુરાદ લાભ હાંસલ કરવા માટે કોઈ પણ ચીજને આપવું છે. ઉર્ફમાં એનો અર્થ તે દૂધ આપનાર જાનવર છે જે કોઈને એટલા માટે આપવામાં આવે કે તે તેના દૂધ તથા વાળ વડે ફાયદો હાંસલ કરે, ચાહે તે ઊંટ હોય કે ગાય કે બકરી. અને હદીષમાં منيحه પોતાના શાબ્દિક અર્થમાં છે, એટલે અતિયો (નઝરાણુ). لقحة તે દૂધ આપવાવાળી ઊંટણી જેણે જલ્દી જ બચ્ચુ પેદા કર્યું હોય. الصفى સાફ સુથરી ખૂબ જ દૂધ આપનારી. અશ્રેબાની રિવાયતમાં نعم الصدقة છે, અહીં પણ સદકૃાનો શાબ્દિક અર્થ મુરાદ છે, એટલે અતિયો (નઝરાણુ) જેમ કે ઈબ્ને તયને કહ્યું, અને સિયાક્ (વર્ણનની સ્થિતિ) પણ એને સમર્થન કરે છે.

હદીષ : ૧૪૬૭ની સમજૂતી

આ હદીષ એની દલીલ છે કે પ્રકરણમાં અતિયાથી મુરાદ સામાન્ય છે, કોઈપણ ચીજ કોઈને પણ એટલા માટે આપવામાં આવે કે તે એનાથી ફાયદો પ્રાપ્ત કરે અને પછી પરત કરી આપે. આ હદીષમાં છે કે ખયબરના ફતહ થયા પછી મુહાજિરોએ અન્સારના અતિયા પરત કર્યા. પણ હઝરત અનસ رضی الله عنه ની બીજી હદીષથી માલૂમ થાય છે કે બની નઝીરના તડીપાર અને બની કુરૈઝાના ઈસ્તેસાલ (નિયંત્રણ) પછી જ્યારે તેમની જમીનો મુહાજિરોને અતા થઈ તો તેમણે અન્સારે કિરામને તેમના અતિયા પરત કરી આપ્યા. બનાવ આ પ્રમાણે છે કે

الْاَنْصَارُ اَهْلَ الْاَرْضِ وَالْعَقَارِ فَقَاسَمَهُمُ الْاَنْصَارُ عَلٰى اَنْ يُّعْطُوْهُمْ

મુહાજિરોને એ શર્ત પર પોતાના બાગો આપ્યા કે તે તેમના ફળોમાંથી થોડાક દર વર્ષે

ثِمَارَ اَمْوَالِهِمْ كُلَّ عَامٍ وَيَكْفُوْهُمُ الْعَمَلَ وَالْمُؤْنَةَ وَكَانَتْ اُمُّهٗ اُمَّ

અમને આપી દીધા કરે અને અન્સારોને કામ તથા મેહનતથી બચાવી રાખે. અને હઝરત અનસ તથા

اَنَسٍ اُمُّ سُلَيْمٍ كَانَتْ اُمَّ عَبْدِ اللّٰهِ بْنِ اَبِيْ طَلْحَةَ فَكَانَتْ اَعْطَتْ اُمُّ اَنَسٍ

અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ તલ્હાનાં વાલિદા ઉમ્મે સુલૈમએ નબી ﷺ ને ખજૂરનાં અમુક ઝાડો

بْنِ مَالِكٍ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عِذَاقًا فَاَعْطَاهُنَّ النَّبِيُّ

નઝર કર્યાં (ભેટ ધર્યાં) હતાં. નબી ﷺ એ આ ઝાડ ઓસામા બિન ઝયદનાં વાલિદા ઉમ્મે અયમનને

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اُمَّ اَيْمَنَ مَوْلَاتَهٗ اُمَّ اُسَامَةَ بْنِ زَيْدٍ ـــ

અતા ફર્માવી આપ્યાં. ઈબ્ને શિહાબે કહ્યું કે મને હઝરત અનસ رضی اللہ عنہ એ ખબર આપી કે નબી ﷺ જ્યારે

قَالَ ابْنُ شِهَابٍ فَاَخْبَرَنِيْ اَنَسٌ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

જંગે ખયબરથી ફારિગ થયા અને મદીના પરત તશરીફ લાવ્યા તો મુહાજિરોએ અન્સારના

لَمَّا فَرَغَ مِنْ قَتْلِ اَهْلِ خَيْبَرَ وَانْصَرَفَ اِلَى الْمَدِيْنَةِ رَدَّ الْمُهَاجِرُوْنَ اِلَى

અતિયાઓ પરત કરી આપ્યા. અને નબી ﷺ એ હઝરત અનસનાં વાલિદાને તેમની ખજૂરના

الْاَنْصَارِ مَنَائِحَهُمُ الَّتِيْ كَانُوْا مَنَحُوْهُمْ مِنْ ثِمَارِهِمْ فَرَدَّ النَّبِيُّ صَلَّى اللّٰهُ

બાગ પરત કરી આપ્યા. રસૂલુલ્લાહ ﷺ એ તેમની જગાએ ઉમ્મે અયમનને

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِلٰى اُمِّهٖ عِذَاقَهَا فَاَعْطٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

પોતાના બાગમાંથી અતા ફર્માવ્યું અને અહમદ બિન શબીબના તરીકા

وَسَلَّمَ اُمَّ اَيْمَنَ مَكَانَهُنَّ مِنْ حَائِطِهٖ وَقَالَ اَحْمَدُ بْنُ شَبِيْبٍ اَخْبَرَنَا

યૂનુસથી જે રિવાયત છે એમાં حائطه ની જગાએ خالصه છે

આ અમલ ક્રમે ક્રમે થયો છે. બની નઝીર તથા બની કુરૈઝાની જમીનો મળ્યા પછી જ મુહાજિરોએ પરત આપવાનું શરૂ કરી આપ્યું હતું. જેને જમીનો મળતી ગઈ તે પરત કરતો ગયો. અને ખયબરની ફતહ થયા પછી પૂર્ણ થઈ ગયું. ક્યારેક પ્રારંભિક પ્રસંગોને વર્ણન કર્યા ક્યારેક પૂર્ણતાને, એટલા માટે એમાં કોઈ ટકરાવ નથી.

اَبِیْ عَنْ یُوْنُسَ بِهٰذَا وَقَالَ مَكَانَهُنَّ مِنْ خَالِصِهٖ ؕ

એટલે કેવળ પોતાના માલથી." (મુસ્લિમ–મગ્ઝી, નિસાઈ–મનાકિબ)

حديث ١٤٦٨ عَنْ اَبِیْ كَبْشَةَ السَّلُوْلِیِّ قَالَ سَمِعْتُ عَبْدَاللّٰهِ بْنَ عَمْرَ رَضِیَ اللّٰهُ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, [હદીષ : ૧૪૬૮]

تَعَالٰی عَنْهُمَا یَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اَرْبَعُوْنَ

ચાલીસ આદતો એવી છે કે સવાબની ઉમ્મીદ અને જન્નતના વાયદાને સાચો જાણીને જે શખ્સ એમાંથી એક

خَصْلَةً اَعْلَاهُنَّ مَنِیْحَةُ الْعَنْزِ مَا مِنْ عَامِلٍ یَعْمَلُ بِخَصْلَةٍ مِّنْهَا رِجَاءَ ثَوَابِهَا

આદત પર અમલ કરશે, અલ્લાહ તેને જન્નતમાં દાખલ ફર્માવશે, એમાં સૌથી ઉમદા બકરીની ભેટ છે.

وَتَصْدِیْقَ مَوْعُوْدِهَا اِلَّا اَدْخَلَهُ اللّٰهُ بِهَا الْجَنَّةَ قَالَ حَسَّانُ فَعَدَدْنَا مَا دُوْنَ

(હદીષના રાવી) હસ્સાન બિન અતિયહએ કહ્યું કે અમે બકરીના અતિયા સિવાય એમાં સલામ તથા છીંકનો

مَنِیْحَةِ الْعَنْزِ مِنْ رَّدِّ السَّلَامِ وَتَشْمِیْتِ الْعَاطِسِ وَاِمَاطَةِ الْاَذٰی عَنِ الطَّرِیْقِ

જવાબ આપવાને અને રસ્તામાંથી તકલીફદાયક ચીજોને હટાવવાને અને તેના સમાન અન્ય ચીજાને ગણી,

وَنَحْوِهٖ فَمَا اسْتَطَعْنَا اَنْ نَبْلُغَ خَمْسَ عَشْرَةَ خَصْلَةً ؕ

અમે પંદરથી વધુ પર અમલ ન કરી શક્યા." (અબૂ દાઊદ–ઝકાત)

હદીષ : ૧૪૬૮ની સમજૂતી

આ ચાલીસ આદતો કઈ કઈ છે ? હુઝૂરે અકદસ ﷺએ બયાન નથી ફર્માવ્યું. અલ્લામા અયનીએ ફર્માવ્યું, શક્ય છે એ કારણે બયાન ન કર્યું કે ક્યાંક એ અન્ય નેક અમલોને છોડવાનો સબબ ન બની જાય. અલ્લામા બતાલે ફર્માવ્યું કે અમારા જમાનાના અમુક લોકોએ એ સૌને એકત્ર કરવાની કોશિશ કરી તો સંખ્યા ચાલીસથી અધિક પહોંચી ગઈ, અલ્લામા કિર્માનીએ કહ્યું કે આ અનુમાન તથા અટકળ છે.

અલ્હમ્દુલિલ્લાહ !
ભાગ–૫નો તર્જુમો ૨૭ રમઝાન શરીફ હિ.સ. ૧૪૩૩ (તા. ૧૭–૦૮–૨૦૧૨ જુમ્આની સવારે) ૦૭:૨૦ સમયે પૂર્ણ થયો. સુબ્હાનલ્લાહ ! મારી તથા મારાં કુટુંબના તમામ મર્હૂમો માટે દુઆએ મગફેરત કરશો.